## -: સંપાદકીય :-

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની શ્રીમદ્ ભાગવત સાંભળવાની અંતરની ઈચ્છાનું પ્રગટીકરણ થવું. શ્રી હરિએ કહેલું કથાશ્રવણના મહાત્મ્યનું શ્રીમત્ સત્સંગિજીવનમાં આ ચતુર્થ પ્રકરણ વર્ણન છે. આ પ્રકરણમાં શ્રીજીમહારાજે કથાશ્રવણ, પુરશ્ચરણ, દાનની વિધિ અને પુરાણોના વર્ણનની વાત કરી. શ્રોતાઓ અને વકતાઓના લક્ષણોની વિસ્તારર્પૂવકની ચર્ચા. ભકતજનોની વિનવણીથી સારંગપુરમાં શ્રી હરિ - જન્માષ્ટમીના ઉત્સવની ઉજવણી માટે આગમનની વાત વણેલી છે. વ્રત અને ઉદ્યાપની વિધિ અને પાળવાના નિયમોની વિસ્તારપૂર્વક સમજણ આપી. શ્રીકૃષ્ણ ભગવાન અને ગુરુ રામાનંદ સ્વામીનો ધામધૂમથી ઉત્સવની ઉજવણી. રાધાષ્ટમીની ઉજવણી માટે કારીયાણીમાં પધરામણી. સ્વર્ગ-નરક સંબંધી પૂછેલા ઉત્તમરાજાના સવાલોના જવાબો અને સ્વર્ગ નરકે જનારના લક્ષણોનું સુંદર નિરુપણ. હેમંતસિંહ રાજા તથા ઉત્તમરાજા વચ્ચે થયેલા મીઠા પ્રેમના કલહનું વર્ણન, સુરાભક્તને આનંદ ઉપજાવતું લોયા-નાગડકામાં ભગવાન શ્રીહરિનું આગમન, લોયામાં શાકોત્સવલીલા અલૌલિક વાત. શુકાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ માઘસ્નાન વિધિનું કરેલું વર્ણન. ગઢપુરમાં એકાંત સ્થળે બેસી શ્રીહરિએ કરેલા ગૂઢ ત્રણ સંકલ્પો, જેમાં મંદિરો બાંધવા, આચાર્યની સ્થાપના અને સદ્‌ગ્રંથોની રચના કરવાના સંકલ્પોની રજુઆત. અમદાવાદ, ભુજ અને વડતાલના ભકતજનોની શ્રી હરિને મંદિરો બાંધવા માટેની પ્રાર્થના અને શ્રી હરિની સહમતી અને ભુજમાં શ્રીનરનારાયણદેવની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા અને ભવ્ય ઉજવણીની વાત વણેલી છે. મનુષ્યમાં બે પ્રકારના દૈવી લક્ષણો અને આસુરી વૃત્તિ લોકોના આચરણની ઉત્તમ રજુઆત. બન્ને આચાર્યોએ શ્રીહરિને દીક્ષાવિધિ સંબંધી પૂછેલો પ્રશ્ન, 'દીક્ષા' શબ્દનો અર્થ, સામાન્ય અને મહા દીક્ષાના પ્રકાર, સામાન્યદીક્ષા ગ્રહણનો શુભ અવસર, મુમુક્ષુનાં લક્ષણ, ધર્મવંશી આચાર્યનાં લક્ષણ, સામાન્યદીક્ષાનો વિધિ, ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાની રીતનું અભૂતપૂર્વ વર્ણન. અન્નકૂટ તથા ગોવર્ધન મહોત્સવ, રામનવમી ઉત્સવ, ચૈત્રી ડોલોત્સવ, માસિક હિંડોળા મહોત્સવની નયનરમ્ય વાતોનું વર્ણન. ભુજ નરનારાયણ દેવનો આવો જ આજે ભુજ મંદિરનો ઉત્સવ થઈ રહ્યો છે. જેના હર્ષથી આ આખો ગ્રંથનું પ્રકાશન થયું છે. જેનો લાભ દરેક સત્સંગીઓ લઈને લીલાચરિત્રો વાગોળવાનું અને જીવનનું ભાથું બાંધવાનું આ શ્રેષ્ઠ અવસર છે. એમાં જ સર્વેનું શ્રેય છે.

લી. સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

## સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણ

# વિષયાનુક્રમણિકા


| વિષય | પાના નં. |
| --- | --- |
| **અધ્યાય - ૧** | ૧૩ |
| ★ ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત સાંભળવાની અંતરમાં ઈચ્છા કરી. ★ શ્રીહરિએ કહેલું કથાશ્રવણનું માહાત્મ્ય. ★ ઉત્તમરાજાના પૂછવાથી શ્રીહરિએ કહેલો કથાશ્રવણનો વિધિ. ★ સભામાં બેસવાની મર્યાદા. ★ વક્તાનાં લક્ષણો. ★ કોની આગળ કથા કરવી અને ન કરવી ? | |
| **અધ્યાય - ૨** | ૨૫ |
| ★ શ્રીમદ્ભાગવત મહાપુરાણના કથાશ્રવણ, પુરશ્ચરણ અને દાનનો વિધિ. ★ લઘુ અને મહા, બે પ્રકારનાં પુરાણો. ★ વ્યાસજીનો સંતાપ દૂર કરવા નારદજીના અંતરમાં ભગવાનની પ્રેરણા. | |
| **અધ્યાય - ૩** | ૩૧ |
| ★ ભગવાન શ્રીહરિએ રહસ્યનું ઉદ્ઘાટન કરી શ્રીમદ્ભાગવતના માહાત્મ્યનું વર્ણન કર્યું. | |
| **અધ્યાય - ૪** | ૩૯ |
| ★ ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજાને કહેલો શ્રીમદ્ભાગવતની કથામાં પૂજાવિધિનો વિસ્તાર. ★ ધ્યાન. ★ ષોડશોપચારથી પૂજા. | |
| **અધ્યાય - ૫** | ૪૬ |
| ★ ભગવાન શ્રીહરિએ ઉત્તમ ભૂપતિને કહેલાં વક્તાનાં લક્ષણો, પાળવાના નિયમો. ★ ભાગવતકથામાં વિરામના નિષેધ-અધ્યાયો. | |
| **અધ્યાય - ૬** | ૫૨ |
| ★ શ્રોતાઓનાં લક્ષણો અને પાળવાના નિયમો. ★ નિયમો. ★ વક્તાને | |

અપાતાં દાનનો વિધિ.

**અધ્યાય - ૭** ૫૭

★ ભગવાન શ્રીહરિએ કહેલો શ્રીમદ્ ભાગવત પુસ્તકના દાનનો વિધિ. ★ ભગવાન શ્રીહરિએ કહેલો શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો વિધિ.

**અધ્યાય - ૮** ૬૧

★ ભગવાન શ્રીહરિએ કહેલો શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો વિધિ.

**અધ્યાય - ૯** ૬૬

★ શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત આદિ સત્શાસ્ત્રોના શ્રવણનો કરેલો પ્રારંભ.

**અધ્યાય - ૧૦** ૭૧

★ સારંગપુરના ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીહરિનું જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવા સારંગપુરમાં આગમન. ★ સારંગપુરમાં દિવ્ય સત્સંગસભાનું આયોજન.

**અધ્યાય - ૧૧** ૭૭

★ ભગવાન શ્રીહરિએ કહેલો જન્માષ્ટમીના વ્રતનો અને ઉદ્યાપનના વિધિનો નિર્ણય. ★ વ્રતવિધિ સાથે પાળવાના નિયમો. ★ જન્માષ્ટમીવ્રતનું ઉદ્યાપન.

**અધ્યાય - ૧૨** ૮૬

★ શ્રીહરિએ જન્માષ્ટમીનું યથાર્થ આચરણ કરી શ્રીકૃષ્ણ ભગવાનના તથા ગુરુ રામાનંદ સ્વામીના પ્રાગટ્યનો ઉત્સવ ઉજવ્યો.

**અધ્યાય - ૧૩** ૮૯

★ સારંગપુરમાં રાધાષ્ટમીનો ઉત્સવ કરવા પધારેલા કારીયાણીના ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીહરિ કારીયાણી ગામે પધાર્યા.

**અધ્યાય - ૧૪** ૯૨

★ સ્વર્ગ અને નરક સંબંધી ઉત્તમરાજાએ પૂછેલા પ્રશ્નનો ભગવાન શ્રીહરિએ ઉત્તર કર્યો. ★ નરકે જનારનાં લક્ષણો. ★ સ્વર્ગે જનારનાં લક્ષણો.

**અધ્યાય - ૧૫** ૧૦૧

★ હેમંતસિંહરાજા તથા સુરાખાચરે પોતપોતાના પ્રાંતમાં પધારવાની શ્રીહરિને કરેલી પ્રાર્થના. ★ વ્યવહારકુશળ બન્ને સદ્‌ગુરુઓની શ્રીહરિએ સલાહ લીધી.

**અધ્યાય - ૧૬** ૧૦૬

★ હેમંતસિંહ રાજા તથા ઉત્તમરાજા વચ્ચે થયેલા મીઠા પ્રેમના કલહનું વર્ણન.

**અધ્યાય - ૧૭** ૧૧૩

★ સુરાભક્તને આનંદ ઉપજાવતું લોયા-નાગડકામાં ભગવાન શ્રીહરિનું આગમન.

લોયામાં શાકોત્સવલીલા.

**અધ્યાય - ૧૮** ૧૧૯

★ શુકાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ માઘસ્નાન વિધિનું કરેલું વર્ણન.

**અધ્યાય - ૧૯** ૧૨૪

★ ભગવાન શ્રીહરિએ કહેલો ચાંદ્રાયણવ્રતનો વિધિ.

**અધ્યાય - ૨૦** ૧૨૭

★ ભગવાન શ્રીહરિનું હેમંતસિંહ રાજાના પંચાળાપુરે આગમન અને અનેક ઉત્સવની કરેલી ઉજવણી.

**અધ્યાય - ૨૧** ૧૩૨

★ અખંડાનંદ બ્રહ્મચારીના પ્રશ્નથી શ્રીહરિએ દ્વૈત અને અદ્વૈત, જીવ અને ઈશ્વરનું વેદોની શ્રુતિઓ પ્રમાણે પ્રતિપાદન કર્યું. ★ શુદ્ધાદ્વૈતમત. ★ વિશિષ્ટાદ્વૈતમત. ★ બન્ને મતનું સત્યપણું સમજાવવા દૃષ્ટાંત. ★ પ્રથમકોટીના મહામુક્ત. ★ દ્વિતીય મધ્યમ કોટીના મહામુક્ત. ★ તૃતીય ઉત્તમકોટીના મહામુક્ત.

**અધ્યાય - ૨૨** ૧૪૩

★ પંચાળામાં શ્રીજીમહારાજ રસીયો રાસ રમે. ★ સંતોને થયું શ્રીહરિનું દિવ્યદર્શન. ★ રાધા અને લક્ષ્મીજીનું દિવ્યદર્શન. ★ ધર્મભક્તિનું સપરિવાર દિવ્યદર્શન. ★ દિવ્યદર્શનવિષે સંતોનો અનુપમ પ્રશ્ન. ★ સંતોએ માગ્યાં મનોવાંછિત વરદાન.

**અધ્યાય - ૨૩** ૧૫૨

★ હેમંતસિંહ રાજાએ કરેલી સ્તુતિ (અષ્ટક). ★ સંતો-ભક્તોની સાથે શ્રીહરિની જુનાગઢમાં પધરામણી. ★ અષ્ટપદી આરતીનું ગાન.

**અધ્યાય - ૨૪** ૧૬૦

★ ગઢપુરમાં એકાંત સ્થળે બેસી શ્રીહરિએ કરેલા ગૂઢ ત્રણ સંકલ્પો. ★ મંદિરો બાંધવાનો પહેલો સંકલ્પ. ★ આચાર્યની સ્થાપના કરવાનો બીજો સંકલ્પ. ★ સદ્‌ગ્રંથની રચના કરવાનો ત્રીજો સંકલ્પ.

**અધ્યાય - ૨૫** ૧૬૩

★ ભગવાન શ્રીહરિના ગૂઢ સંકલ્પોથી અમદાવાદના ભક્તજનોએ મંદિર બાંધવાની કરેલી પ્રાર્થના. ★ અમદાવાદમાં મંદિર બાંધવા આનંદાનંદ સ્વામીનું આગમન. ★ શ્રીહરિએ વાલ્મિકીરામાયણનું શ્રવણ કર્યું. ★ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા શ્રીહરિનું શ્રીનગરમાં આગમન. ★ શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા. ★ શ્રીનરનારાયણ ભગવાનનો પ્રતિષ્ઠાવિધિ. ★ શ્રીનરનારાયણ ભગવાનનો મહિમા.

**અધ્યાય - ૨૬** ૧૭૮

★ ભુજનગરના ભક્તજનોએ ભુજમાં મંદિર કરવાની ભગવાન શ્રીહરિની કરેલી પ્રાર્થના. ★ ભુજમાં મંદિર કરવાની વૈષ્ણવાનંદ સ્વામીને આજ્ઞા. ★ શ્રીહરિએ સંપૂર્ણ મહાભારતની કથાનું શ્રવણ કર્યું. ★ ભુજમાં પધારી શ્રીહરિએ કરેલી શ્રીનરનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા.

**અધ્યાય - ૨૭** ૧૮૨

★ વડતાલમાં મંદિર કરવાની ભક્તજનોની પ્રાર્થના. ★ ભાષ્યે સહિત

ઉપનિષદોની કથાનું શ્રીહરિએ શ્રવણ કર્યું. ★ શ્રીહરિના મુખે ભાઈબીજનું મહત્ત્વ. ★ દેવપ્રતિષ્ઠા માટે શ્રીહરિનું વડતાલપુરમાં આગમન. ★ શ્રીલક્ષ્મીનારાયણ આદિક મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા. ★ મૂર્તિઓનો મહિમા. ★ શાસ્ત્રાર્થની ચર્ચા માટે વડોદરા સંત મોકલવા નાથભક્તની પ્રાર્થના. ★ શાસ્ત્રાર્થની ચર્ચા કરવા સ. મુક્તાનંદ સ્વામીને આજ્ઞા.

**અધ્યાય - ૨૮** ૧૯૨

★ ભગવાન શ્રીહરિએ નારાયણજી સુથાર પાસે પૂજાની પ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું. ★ શ્રીહરિએ કહેલું તીર્થયાત્રાનું માહાત્મ્ય. ★ અયોધ્યાવાસીઓને દ્વારિકાની યાત્રા કરવાની શ્રીહરિની પ્રેરણા. ★ ભોમીયા તરીકે જવા સચ્ચિદાનંદ સ્વામીને પ્રેરણા.

**અધ્યાય - ૨૯** ૧૯૯

★ સચ્ચિદાનંદ સ્વામીની સાથે અયોધ્યાવાસીઓનું ગોમતી તીર્થે આગમન. ★ સચ્ચિદાનંદ સ્વામીને સમાધી. ★ સ્વામીને બીજે દિવસે જ સમાધી ઉતરી ગઈ. ★ જેવું ગણીયે ગોમતી, તેવુંજ આરંભડું ગામ.

**અધ્યાય - ૩૦** ૨૦૮

★ સચ્ચિદાનંદ સ્વામીની બેટ દ્વારિકામાં પણ અસહ્ય અવદશા.

**અધ્યાય - ૩૧** ૨૧૨

★ સચ્ચિદાનંદ સ્વામીએ કરેલી દ્વારિકાધીશની સ્તુતિ. ★ સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકાધીશનું પ્રત્યક્ષ દર્શન. ★ સચ્ચિદાનંદ સ્વામીએ માગેલ વરદાન.

**અધ્યાય - ૩૨** ૨૨૦

★ ગોમતીતીરે સચ્ચિદાનંદ સ્વામીની શોધ કરતા અયોધ્યાવાસીઓ. ★ અયોધ્યાવાસીઓને સચ્ચિદાનંદ સ્વામીનું મિલન. ★ યાત્રાવાસીઓનું ગઢપુરમાં આગમન. ★ ભક્ત સમુદાય સાથે શ્રીહરિનું વડતાલપુરમાં આગમન.

**અધ્યાય - ૩૩** ૨૨૬

★ વડતાલપુરમાં દ્વારિકાપુરી, ગોમતીતીર્થ, ચક્રાદિછાપો વગેરેનું પણ

ભગવાન શ્રીદ્વારિકાધીશની સાથે આગમન અને શ્રીહરિએ વડતાલનું દ્વારિકાતીર્થ જેટલું જ કહેલું માહાત્મ્ય.

**અધ્યાય - ૩૪** ૨૩૧

★ 'શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્'ની કથાનો પ્રારંભ. ★ પાંચે પંડિતોનું મુક્તાનંદ સ્વામી પાસે આગમન.

**અધ્યાય - ૩૫** ૨૩૫

★ પંડિતોના પ્રશ્ન સામે મુક્તાનંદ સ્વામીના પ્રતિ પ્રશ્નથી શાસ્ત્રાર્થોની શરૂઆત.

**અધ્યાય - ૩૬** ૨૪૫

★ 'ત્રિયુગ' શબ્દ ઉપર રામચંદ્ર વૈદ્યનો વધુ એક પ્રશ્ન અને સ્વામીનો ઉત્તર. ★ માનવના મનમાં ચાલતા ચારયુગોની વ્યાખ્યા.

**અધ્યાય - ૩૭** ૨૫૪

★ દશ અવતારોની મધ્યે તમારા ગુરુ કયા અવતારમાં ગણાય છે. ★ મનુષ્યરૂપમાં રહેલા ભગવાનનાં લક્ષણો. ★ બે પ્રકારના અસુરોને હણવાની રીત પણ બે પ્રકારની. ★ દૈવીસંપત્નાં લક્ષણો. ★ આસુરી-સંપત્નાં લક્ષણો. ★ આસુરીસંપત્તિવાળાનાં આચરણ.

**અધ્યાય - ૩૮** ૨૫૭

★ પંડિતો મુક્તાનંદ સ્વામીના શરણે અને સંપ્રદાયનો થયેલો દિગ્વિજય. ★ સયાજીરાવ મહારાજા મુક્તાનંદસ્વામીનાં દર્શને આવ્યા. ★ રાજાને સ્વામીનો સદુપદેશ. ★ વિદ્વાનો સાથે મુક્તાનંદસ્વામીનું વડતાલપુરે આગમન.

**અધ્યાય - ૩૯** ૨૭૪

★ ધોલેરાથી પૂંજાભાઈ અને જુનાગઢથી હેમંતસિંહ રાજા પોતાને ત્યાં મંદિર કરવાની શ્રીહરિને પ્રાર્થના કરી. ★ બ્રહ્માનંદ સ્વામીને જુનાગઢ અને અદ્ભૂતાનંદ સ્વામીને ધોલેરા મંદિર નિર્માણની આજ્ઞા. ★ શ્રી હરિનું વડતાલપુરે આગમન.

**અધ્યાય - ૪૦** ૨૮૦

★ ભગવાન શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની આચાર્યપદે સ્થાપના કરી. ★ દેશ વિભાગના લેખ. ★ આચાર્યપદને લાયક ગુણો.

**અધ્યાય - ૪૧** ૨૯૪

★ સયાજીરાવ રાજાના મંત્રી નારુપંતનું નિમંત્રણ સાથે વડતાલમાં આગમન. ★ પધારે વટપત્તન સ્વામી. ★ નવગજા હાથી ઉપર શ્રીહરિ વિરાજમાન.

**અધ્યાય - ૪૨** ૨૯૯

★ મહારાજા સયાજીરાવે ભગવાન શ્રીહરિનું કરેલું બહુ સન્માન અને શ્રીહરિએ કરેલો તેમને સદુપદેશ. ★ સયાજીરાવ મહારાજને શ્રીહરિનો સદુપદેશ.

**અધ્યાય - ૪૩** ૩૦૩

★ શ્રીહરિએ એકાંત સ્થળમાં બેસી દશમસ્કંધનું શ્રવણ કરતાં કરતાં શિક્ષાપત્રી લખવાનો સંકલ્પ કર્યો. ★ શિક્ષાપત્રી લખતા શ્રીહરિનું ધ્યાન. ★ શિક્ષાપત્રી. ★ હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે.

**અધ્યાય - ૪૫** ૩૩૦

★ ફુલડોલનો ઉત્સવ કરવા અમદાવાદ શહેરમાં ભગવાન શ્રીહરિનું આગમન. ★ કમીયાળા ગામે(ભાલપ્રદેશમાં) રામનવમી ઉત્સવની ઉજવણી. ★ શ્રીહરિનું ધોલેરાપુરે આગમન. ★ ધોલેરામાં મદનમોહનજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા.

**અધ્યાય - ૪૬** ૩૩૪

★ બન્ને આચાર્યોએ શ્રીહરિને દીક્ષાવિધિ સંબંધી પૂછેલો પ્રશ્ન. ★ 'દીક્ષા' શબ્દનો અર્થ. ★ સામાન્ય અને મહા દીક્ષાના બે પ્રકાર. ★ સામાન્યદીક્ષા ગ્રહણનો શુભ અવસર. ★ મુમુક્ષુનાં લક્ષણ. ★ ધર્મવંશી આચાર્યનાં લક્ષણ. ★ સામાન્યદીક્ષાનો વિધિ. ★ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાની રીત.

**અધ્યાય - ૪૭** ૩૪૮

★ મહાદીક્ષા ક્યારે આપવી અને ક્યારે ન આપવી તે સમયનું શ્રીહરિએ કરેલું નિરૂપણ. ★ મહાદીક્ષાને યોગ્ય શિષ્યનાં લક્ષણો. ★ મહાદીક્ષાના અનધિકારીનાં લક્ષણો.

**અધ્યાય - ૪૮** ૩૫૧

★ મહાદીક્ષા લેવાને ઈચ્છતા ત્રણ વર્ણવાળા ગૃહસ્થો માટે દીક્ષાવિધિનું નિરૂપણ. ★ નવીનજીમૂત.....સ્ત્રોત. ★ મહાદીક્ષા પામેલા શિષ્યને ઉપદેશ. ★ ઈશ્વરબુધ્ધિથી ગુરુસેવાનના પ્રતાપે પ્રાપ્ત થતા ગુણોનું વર્ણન. ★ મહાદીક્ષા ગ્રહણનું ફળ.

**અધ્યાય - ૪૯** ૩૬૪

★ અનાશ્રમી પુરુષો માટે ભગવાન શ્રીહરિએ કહેલો મહાદીક્ષાનો વિધિ.

**અધ્યાય - ૫૦** ૩૬૮

★ ભગવાન શ્રીહરિએ કહેલો નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો મહાદીક્ષા વિધિ.

**અધ્યાય - ૫૧** ૩૭૧

★ ભગવાન શ્રીહરિએ ત્યાગી સાધુઓ માટેના મહાદીક્ષાવિધિનું કરેલું વર્ણન.

**અધ્યાય - ૫૨** ૩૭૭

★ ભગવાન શ્રીહરિએ સામાન્ય કે મહાદીક્ષા પ્રાપ્ત કરનારાથી ભગવાનનો અપરાધ ન થાય તે માટે કહેલા સાધારણ ધર્મો. ★ અપરાધ થવાનાં ભયસ્થાનો.

**અધ્યાય - ૫૩** ૩૮૨

★ ભગવાન શ્રીહરિએ કહેલો સ્ત્રીઓ માટેનો દીક્ષાવિધિ. ★ કેવી ગુરુપત્ની શિષ્યાઓને દીક્ષા આપી શકે ? ★ ગુરુપત્નીએ શિષ્યાને ઉપદેશ કરવાનાં વાક્યો. ★ મહાદીક્ષાની અધિકારી સ્ત્રીઓનાં લક્ષણો. ★ દીક્ષિતસ્ત્રીએ શ્રીહરિને કરવાની પ્રાર્થના. ★ મંત્રદીક્ષા પછી આપવાનો ઉપદેશ.

**અધ્યાય - ૫૪** ૩૯૩
★ શ્રીહરિએ પ્રથમ આચાર્યોને દીક્ષિત કરી તે બન્ને દ્વારા સંપ્રદાયની દીક્ષાદાનની કરેલી શુભ પ્રવૃત્તિ.

**અધ્યાય - ૫૫** ૩૯૭
★ ઉદ્ધવસંપ્રદાય માટે ભગવાન શ્રીહરિએ કહેલો વ્રતો અને ઉત્સવનો નિર્ણય. ★ ગોકુળાષ્ટમીવ્રતનો નિર્ણય. ★ ઉત્સવનો નિર્ણય.

**અધ્યાય - ૫૬** ૪૦૭
★ ભગવાન શ્રીહરિએ કહેલો ભાદરવા માસમાં ઉજવાતા ઉત્સવનો વિધિ. ★ નરભગવાનનો જન્મોત્સવ. ★ ગણપતિ જન્મોત્સવ. ★ રાધાજી જન્મોત્સવ. ★ દાણલીલા મહોત્સવ. ★ વામન જન્મોત્સવ.

**અધ્યાય - ૫૭** ૪૧૪
★ આસોમાસમાં આવતા ઉત્સવોના વિધિનું શ્રીહરિએ કરેલું નિરૂપણ. ★ વિજયાદશમી ઉત્સવ. ★ શરદપૂનમનો ઉત્સવ. ★ ધનતેરસનો અલંકાર માર્જનનો ઉત્સવ. ★ ચૌદશ અને દીપાવલી ઉત્સવ. ★ કાળી ચૌદશે હનુમાનજીની પૂજા. ★ દીપોત્સવ તથા લક્ષ્મીપૂજન.

**અધ્યાય - ૫૮** ૪૨૦
★ ભગવાન શ્રીહરિએ કાર્તિક માસમાં આવતા અન્નકૂટાદિ ઉત્સવોનું કરેલું નિરૂપણ. ★ અન્નકૂટ તથા ગોવર્ધન મહોત્સવ. ★ ગોપાષ્ટમીનો ઉત્સવ. ★ પ્રબોધનીનો ઉત્સવ. ★ શ્રીધર્મદેવ જન્મોત્સવ. ★ હાટડી ઉત્સવ. ★ તુલસી વિવાહ મહોત્સવ. ★ દેવદીવાળી ઉત્સવ.

**અધ્યાય - ૫૯** ૪૨૯
★ માગસર, પોષ અને મહા માસમાં આવતા ઉત્સવોનું ભગવાન શ્રીહરિએ કરેલું નિરૂપણ. ★ ધનુર્માસોત્સવ. ★ મકરસંક્રાંતિ ઉત્સવ. ★ વસંતોત્સવ. ★ શિવરાત્રી ઉત્સવ.

**અધ્યાય - ૬૦** ૪૩૩

★ ભગવાન શ્રીહરિએ ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આવતા ઉત્સવોનું કરેલું નિરૂપણ. ★ ફૂલડોલોત્સવ. ★ ચૈત્રમાં મત્સ્યાવતાર જન્મોત્સવ. ★ રામનવમી ઉત્સવ. ★ ચૈત્રી ડોલોત્સવ. ★ વૈશાખ માસમાં કૂર્માવતાર જન્મોત્સવ. ★ શ્રીપરશુરામ જન્મોત્સવ અને ચંદનયાત્રા ઉત્સવ. ★ શ્રીનૃસિંહજયન્તી ઉત્સવ.

**અધ્યાય - ૬૧** ૪૪૧

★ ભગવાન શ્રીહરિએ જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં આવતા વ્રતો અને ઉત્સવોનું કરેલું નિરૂપણ. ★ સ્નાનયાત્રા ઉત્સવ. ★ રથયાત્રા ઉત્સવ. ★ માસિક હિંડોળા મહોત્સવ. ★ શ્રી વરાહ જયંતિ ઉત્સવ. ★ પવિત્રાં અર્પણ ઉત્સવ. ★ શ્રીરામાનંદ સ્વામી પાદુર્ભાવોત્સવ.

**અધ્યાય - ૬૨** ૪૪૭

★ ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નથી શ્રીહરિએ કહેલું સાધુના પંચવર્તમાનરૂપ ધર્મામૃત. ★ નિર્લોભી વર્તમાન. ★ લોભને જીતવાના ઉપાય. ★ સાધુને રાખવાના વસ્ત્રોનું નિરૂપણ. ★ નિયમભંગના પ્રાયશ્ચિતની રીત.

**અધ્યાય - ૬૩** ૪૫૬

★ ત્યાગી સાધુનું નિષ્કામી વર્તમાન. ★ કામદોષને જીત્યાના ઉપાયો. ★ નિયમભંગનાં પ્રાયશ્ચિતો.

**અધ્યાય - ૬૪** ૪૭૪

★ ત્યાગી સાધુનું નિઃસ્વાદિ વર્તમાન. ★ રસદોષને જીતવાના ઉપાયો. ★ ગૃહસ્થના ઘેર જમવા જવાની ત્યાગીસાધુની રીત. ★ નિઃસ્વાદી નિયમભંગના પ્રાયશ્ચિતની રીત.

**અધ્યાય - ૬૫** ૪૭૮

★ ત્યાગી સાધુના નિઃસ્નેહી વર્તમાન. ★ સ્નેહરૂપદોષને જીતવાના ઉપાયો. ★ નિઃસ્નેહના નિયમભંગનું પ્રાયશ્ચિત.

**અધ્યાય - ૬૬** ૪૮૪
★ ત્યાગી સાધુનું નિર્માની વર્તમાન. ★ માનરૂપ દોષને જીતવાના ઉપાયો. ★ નિર્માનીવ્રતના ભંગનું પ્રાયશ્ચિત.

**અધ્યાય - ૬૭** ૪૯૨
★ ભગવાન શ્રીહરિએ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિકના લક્ષણોનું કરેલું નિરૂપણ. ★ જ્ઞાનનું લક્ષણ. ★ વૈરાગ્યનું લક્ષણ. ★ ભક્તિનું લક્ષણ. ★ એકાંતિકધર્મનું સ્વરૂપ.

**અધ્યાય - ૬૮** ૪૯૮
★ 'ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ' એ શ્રુતિ વિષયક નિત્યાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને પૂછેલો પ્રશ્ન.

**અધ્યાય - ૬૯** ૫૦૫
ત્રણ પ્રકારના અહંકારમાંથી ઉત્પન્ન થયેલા ચોવીસ તત્ત્વોનાં શ્રીહરિએ કહેલાં લક્ષણો.

**અધ્યાય - ૭૦** ૫૧૩
★ ભગવાન શ્રીહરિએ કહેલા પ્રાણ, ઈન્દ્રિયો અને અવસ્થાનાં ગુણરૂપ લક્ષણો. ★ દશ ઈન્દ્રિયોનાં લક્ષણો.

**અધ્યાય - ૭૧** ૫૨૩
★ ભગવાન શ્રીહરિએ આત્માના અધ્યાત્મ આદિક ભેદોનું કરેલું નિરૂપણ.

**અધ્યાય - ૭૨** ૫૨૬
★ શ્રીહરિએ જ્ઞાનના ફળરૂપ ભગવાનના ધામની પ્રાપ્તિનું નિરૂપણ કર્યું. ★ હવે ઉદ્ધવ સંપ્રદાયનો સિદ્ધાંત કહે છે.

**અધ્યાય - ૭૩** ૫૩૩
★ ભગવાન શ્રીહરિએ કહેલું જ્ઞાન પ્રાપ્તિનું ફળ તથા તેના અધિકારી અને અનધિકારીનું કરેલું વર્ણન.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શ્રીમત્ સત્સંગિજીવન ॥

# ॥ ચતુર્થ પ્રકરણમ્ ॥

## प्रथमोऽध्यायः - १

**सुव्रत उवाच –**

स्वगृहे निवसन्तं तं निर्दम्भोऽभयनन्दनः । सिषेधे परया भक्त्या सकुटुम्बोऽन्वहं नृप ! ॥ १
तत्प्रीतये स कृतवानन्नकूटमहोत्सवम् । प्रबोधन्युत्सवं चापि पूर्ववद्विस्मयावहम् ॥ २
भक्तं सपरिवारं तं सुखयन्भगवानपि । भक्तान्देशान्तरेभ्यः स्वानाह्वाय्यचीकरञ्च तौ ॥ ३

---

## શ્રીમત્ સત્સંગિજીવન
## ચતુર્થ પ્રકરણ સરળ ગુજરાતી ભાષાંતર
## અધ્યાય - ૧

### ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત સાંભળવાની અંતરમાં ઈચ્છા કરી

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પોતાના કુટુંબ પરિવારે સહિત અભયનંદન ઉત્તમરાજા પોતાના રાજભવનમાં નિવાસ કરતા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિની નિષ્કપટભાવે પરમ ભક્તિભાવની સાથે પ્રતિદિન સેવા કરવા લાગ્યા.[1] હે રાજન્! તે ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સૌને વિસ્મય પમાડે તેવા સંવત ૧૮૭૬ના વર્ષના અન્નકૂટ મહોત્સવ તથા પ્રબોધની ઉત્સવ પણ પૂર્વની માફક જ ઉજવ્યા.[2] સકલ ઐશ્વર્યે સંપન્ન ભગવાન શ્રીહરિ પણ દેશદેશાંતરમાંથી પોતાના અનંત ભક્તજનોને તે ઉત્સવો ઉપર બોલાવી પોતાના પરિવારે સહિત

प्रबोधन्युत्सवेऽतीते स्वस्वदेशं गतेषु च । देशान्तरीयलोकेषु भगवान् लोकभावनः ॥ ४
वेदोक्तां स्थापयन्नेव मर्यादां स्वाश्रितेषु सः । पुराणश्रवणारम्भमचिकीर्षच्च सर्ववित् ॥ ५
उषस्युत्थाय षष्ठयां च प्रातःकृत्यं विधाय सः । आकारयत्पुराणज्ञं प्रयागजितमीश्वरः ॥ ६
स्वमन्दिरबहिर्वेद्यामासने स उपाविशत् । तत्र पौराणिकश्चान्ये पार्षदाद्या उपाययुः ॥ ७
यथोचितं सभायां ते निषेदुश्च व्यवस्थया । ततः स भगवानूचे मयराममद्विजं प्रति ॥ ८

**श्रीनारायणमुनिरुवाच–**

शृणु त्वं ब्राह्मणश्रेष्ठ ! ज्योतिः शास्त्रविशारद ! । मासोऽयं मार्गशीर्षोऽस्तिमासानामुत्तमः किल ॥ ९
विभूतिर्वासुदेवस्य कथितोऽसौ महर्षिभिः । पुराणश्रवणं कर्तुमत्रेच्छास्ति मम द्विज ! ॥ १०
तदारम्भमुहूर्तं त्वं यथाशास्त्रं वदाधुना । निरन्तराया सिद्धिः स्याद्यत्रारम्भे कृते सति ॥ ११

---

**એકાંતિક ભક્ત એવા ઉત્તમ રાજાને ખૂબ જ આનંદ પમાડી તેના દ્વારા તે બન્ને મહોત્સવો ઉજવાવ્યા.[૩] હે રાજન્ ! પ્રબોધનીનો મહોત્સવ જ્યારે પૂર્ણ થયો ત્યારે દેશાંતરમાંથી આવેલા ભક્તજનો પોતપોતાના દેશ પ્રત્યે જવા રવાના થયા અને વેદોક્ત ધર્મનું પોતાના જીવનમાં આચરણ કરીને લોકોના જીવનમાં પ્રચાર પ્રસાર કરી સમગ્ર લોકોનું પાલનપોષણ કરતા ભગવાન શ્રીહરિએ વેદોક્ત ધર્મમર્યાદાનું પોતાના ભક્તજનોમાં સ્થાપન કરવા માટે સ્વયં સર્વજ્ઞ હોવા છતાં પણ શ્રીમદ્ ભાગવત પુરાણનું શ્રવણ કરવાનો પ્રારંભ કરવાની ઈચ્છા કરી.[૪-૫]**

**હે રાજન્ ! પરમેશ્વર ભગવાન શ્રીહરિએ સંવત ૧૮૭૭ ના માગસર સુદ છઠ્ઠના દિવસે પ્રાતઃકાળે જાગ્રત થઈ સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મ કરી પુરાણોના જાણકાર પ્રાગજી પુરાણીને બોલાવ્યા.[૬] અને સ્વયં શ્રીહરિ પોતાના મંદિરથી બહાર આવી સ્થાપન કરેલા આસન ઉપર વિરાજમાન થયા. ત્યારે તે સ્થળે પ્રાગજી પુરાણી તથા અન્ય પાર્ષદો અને ભક્તજનો પણ આવી પોતપોતાની મર્યાદા પ્રમાણે બેસી ગયા. ત્યારે શ્રીહરિ મયારામ વિપ્રને કહેવા લાગ્યા કે, હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! હે જ્યોતિષ શાસ્ત્ર વિશારદ ! તમે મારું વચન સાંભળો. આ માગશર માસ સર્વે માસમાં ઉત્તમ કહેવાય છે.[૭-૯] હે દ્વિજ ! વ્યાસાદિ મહર્ષિઓએ આ માગસર મહિનાને શ્રીવાસુદેવ ભગવાનની વિભૂતિ સ્વરૂપ કહ્યો છે. આવા સર્વોત્તમ મહિનામાં મારે ભાગવત પુરાણ શ્રવણ કરવાની ઈચ્છા વર્તે છે.[૧૦] તેથી જે મુહૂર્તમાં પ્રારંભ કરવાથી પુરાણ શ્રવણની નિર્વિઘ્ન સિદ્ધિ થાય તેવું મુહૂર્ત તમે અત્યારે જ શાસ્ત્રાનુસાર નિર્ણય કરીને મને જણાવો.[૧૧]**

पञ्चाङ्गपत्रं निष्कास्य स तदा स्थूलवेष्टनात् । दृष्ट्वा प्राह हरिं स्वामिन् ! मुहूर्तः श्वोऽस्ति तादृशः ॥ १२
योगोऽस्ति मित्रसंज्ञो यद्धनिष्ठाबुधवारयोः । पुराणश्रवणारम्भस्तत्र कार्यस्त्वया प्रभो ! ॥ १३
इत्युक्ते तेन भगवान् प्राह पौराणिकं वचः । प्रारम्भः श्वोऽस्ति कर्तव्यः श्रीमद्भागवतस्य मे ॥ १४
उषस्युत्थाय कर्तव्यं दिनाद्यप्रहरावधि । त्वयाऽस्माभिश्च विप्रर्षे ! नैत्यकं कर्म चान्वहम् ॥ १५
ततः कथायाः प्रारम्भं कृत्वा मध्याह्न एव सा । समापनीया च ततः कार्यो माध्याह्निको विधिः ॥ १६
पुनस्तृतीययामान्ते सायंसन्ध्यावधि द्विज ! । प्रारभ्य च समाप्या सा भवतो रुचिरस्ति चेत् ॥ १७

**पौराणिक उवाच —**

एवमेव करिष्यामि कृपानाथाहमन्वहम् । वाचयिष्ये यथाकालं कथामत्र दृढासनः ॥ १८
विश्रान्तिर्या कृता मध्ये त्वया स्वामिंस्तया मम । जातं मनः प्रसन्नं वै देहक्लेशोऽन्यथा भवेत् ॥ १९

---

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનું વચન સાંભળી મયારામ વિપ્ર પોતાની મોટી પાઘડીમાંથી પંચાગપત્ર કાઢી મુહૂર્તનો નિર્ણય કરીને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! એવું મુહૂર્ત તો આવતી કાલે જ છે.[૧૨] હે પ્રભુ ! જે મુહૂર્તમાં ધનિષ્ઠા નક્ષત્ર અને બુધવારનો યોગ વર્તતો હોય તે યોગને "મિત્ર" નામનો યોગ કહેલો છે. સપ્તમી તિથિ અને બુધવારનો યોગ હોવાથી સિદ્ધિયોગ પણ છે. આવા સુંદર યોગમાં તમારે પુરાણ શ્રવણનો પ્રારંભ કરવો યોગ્ય છે.[૧૩] હે રાજન્ ! મયારામ વિપ્રે આ પ્રમાણે કહ્યું તેથી ભગવાન શ્રીહરિ પોતાની આગળ જ સભામાં બેઠેલા પ્રાગજી પુરાણી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પુરાણી ! આવતી કાલે મારે શ્રીમદ્‌ભાગવત પુરાણની કથા સાંભળવાનો પ્રારંભ કરવો છે.[૧૪] હે વિપ્ર ! આપણે બન્નેને પ્રાતઃકાળમાં ઉઠીને દિવસના પ્રારંભ પ્રહર સુધીમાં સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ પ્રતિદિન કરી લેવું.[૧૫] ત્યારપછી કથાનો પ્રારંભ કરવો ને મધ્યાહ્ન સમયે સમાપ્તિ કરવી. ત્યારપછી મધ્યાહ્નકાલિન વિધિ કરવો.[૧૬] હે દ્વિજ ! ફરી ત્રીજા પ્રહરને અંતે કથાનો પ્રારંભ કરવો ને સાયંકાળની સંધ્યા સુધી કથા વાંચવી. ત્યારપછી કથાની સમાપ્તિ કરવી. આ બાબતમાં તમારી કેવી રુચિ છે ? તે જણાવો.[૧૭]**

**હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે પ્રાગજી પુરાણીને કહ્યું ત્યારે અત્યંત ઉત્સાહમાં આવેલા પુરાણી કહેવા લાગ્યા કે, હે કૃપાનાથ ! તમારા કહેવા પ્રમાણે જ હું પ્રતિદિન દૃઢ સ્થિર આસને બેસી સમયને અનુસારે તમારી આગળ કથા વાંચીશ.[૧૮] હે સ્વામિન્ ! તમે કથાના મધ્યભાગે જે વિશ્રાંતિનો અવકાશ રાખ્યો છે. તેનાથી મારું મન અત્યંત પ્રસન્ન છે. નહીં તો શરીરને કષ્ટ થાય એ નિશ્ચિત વાત**

आगम्यतां श्व इत्युक्त्वा ततस्तं भगवान्निजान् । भक्तान् पुराणश्रोतृंश्च जगादानन्दयन् वचः ॥ २०

**श्रीनारायणमुनिरुवाच—**

भक्ताः ! शृणुत भद्रं वः सर्वेषां हितमुच्यते । पुराणश्रवणं कार्यं सर्वैरेव मदाश्रितैः ॥ २१
चतुर्णामपि वर्णानां तथैवाश्रमिणामपि । अधिकारो भवत्येव पुराणश्रवणे सदा ॥ २२
एष साधारणः पन्थाः साक्षात्सर्वार्थसिद्धिदः । महामुनिजनैः प्रोक्तो देवैरपि सुपूजितः ॥ २३
स्वरूपबोधो न हरेः कथायाः श्रवणं विना । भवेन्नृणां विना तं च कथं स्यात्संसृतिक्षयः ॥ २४
तस्माद्व्यासकृतानां हि पुराणानां निरन्तरम् । श्रवणं भारतस्यापि कार्यं रामायणस्य च ॥ २५
अज्ञानतिमिरान्धानां दीपोऽयं ज्ञानसिद्धिदः । पुराणश्रवणं विष्णोरौषधं भवरोगिणाम् ॥ २६

---

છે.[૧૯] આ પ્રમાણે પુરાણીનું વચન સાંભળી ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું કે, આવતી કાલથી કથા વાંચવા આવજો. ને ત્યારપછી કથા સાંભળવાની ઈચ્છાવાળા પોતાના ભક્તજનો પ્રત્યે આનંદ ઉપજાવતા ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા.[૨૦]

**શ્રીહરિએ કહેલું કથાશ્રવણનું માહાત્મ્ય :-** ભગવાન શ્રી નારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! મારું વચન તમે સાંભળો, તમારું સર્વેનું કલ્યાણ થાઓ. હું તમારા સર્વેને માટે હિતકારી વચન કહું છું કે, મારા આશ્રિત સર્વે ભક્તજનોએ પુરાણનું શ્રવણ અવશ્ય કરવું.[૨૧] બ્રાહ્મણાદિ ચારે વર્ણના તથા બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમના મનુષ્યોને શ્રીમદ્ભાગવત આદિ સર્વ પુરાણોના શ્રવણનો સદાય અધિકાર રહેલો છે.[૨૨] આ કથા શ્રવણના માર્ગને સર્વ સાધારણ જનતા માટે મહામુનિજનોએ સકલ પુરુષાર્થની પ્રત્યક્ષ સિદ્ધિ માટે ધોરીમાર્ગ કહેલો છે. અને દેવતાઓ પણ આ માર્ગનો અતિ આદર કરે છે.[૨૩] કારણ કે કથાશ્રવણ વિના મનુષ્યને ભગવાન શ્રીહરિના સ્વરૂપનું મહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થજ્ઞાન થતું નથી. અને ભગવાનના જ્ઞાન વિના જન્મમરણના પ્રવાહરૂપ સંસૃતિની નિવૃત્તિ કેમ થાય ? ન જ થાય.[૨૪] હે ભક્તજનો ! તેટલા માટે જ ભગવાન વ્યાસજીએ રચેલા શ્રીમદ્ભાગવતાદિ પુરાણો તથા મહાભારત અને વાલ્મીકમુનિએ રચેલા રામાયણાદિ ઈતિહાસોનું પણ શ્રવણ નિરંતર કરવું જોઈએ.[૨૫] કારણ કે, પુરાણોનું શ્રવણ ભગવદ્સ્વરૂપના અજ્ઞાનરૂપી અંધકારથી અંધદશામાં જીવતા મનુષ્યોને માટે ભગવાનના જ્ઞાનની સિદ્ધિ કરાવનાર દીપસ્વરૂપ છે. તેમજ સંસૃતિરૂપ મહારોગમાં ઘેરાયેલા મનુષ્યોને માટે મહા ઔષધીરૂપ છે.[૨૬] જે દેહધારી મનુષ્યો સર્વપ્રકારે પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તેમણે આ પુરાણોની પવિત્ર કથાઓ નિરંતર

सर्वथैवात्मनः श्रेयो येऽभिवाच्छन्ति देहिनः । ते शृण्वन्तु सदा भक्त्या कथां पौराणिकीं शुभाम् ॥ २७
अशक्तो यः सदा श्रोतुं कथां भगवतः स तु । मुहूर्तं वापि शृणुयान्नियतात्मा दिनेदिने ॥ २८
यस्तु प्रतिदिनं श्रोतुमशक्तः सोऽपि मानवः । पुण्यमासेषु शृणुयात्पुण्यासु च तिथिष्वति ॥ २९
मुहूर्तं वा तदर्धं वा क्षणं वा पावनीं कथाम् । ये शृण्वन्ति नरा भक्त्या न तेषांमस्ति दुर्गतिः ॥ ३०
यत्फलं सर्वयज्ञेषु सर्वदानेषु यत्फलम् । भक्त्या पुराणश्रवणात्तत्फलं विन्दते नरः ॥ ३१
कलौ युगे विशेषेण पुराणश्रवणादृते । नास्ति धर्मः परः पुंसां नास्ति मोक्षपथः परः ॥ ३२
कलौ हीनायुषो मर्त्या दुर्बलाः श्रमपीडिताः । दुर्मेधसो दुःखभाजो धर्माचारविवर्जिताः ॥ ३३
इति सञ्चिन्त्य कृपया भगवान्बादरायणः । हिताय तेषां विदधे पुराणाख्यं रसायनम् ॥ ३४
पिबन्नेवामृतं यत्नादेकः स्यादजरामरः । पुराणामृतपः कुर्यात्कुलमप्यजरामरम् ॥ ३५

સાંભળવી.[૨૭] જે મનુષ્યો ભગવાનની આ કથા પ્રતિદિન નિરંતર સાંભળવા માટે અસમર્થ હોય તેમણે સ્થિર મન કરીને દિવસમાં માત્ર એક મુહૂર્ત કે અર્ધમુહૂર્ત પણ કથા શ્રવણ કરવું.[૨૮]

હે ભક્તજનો ! જે મનુષ્યો આ રીતે પ્રતિદિન કથા શ્રવણ કરવા અસમર્થ હોય તેમણે પવિત્રમાસ કે એકાદશી જેવી પવિત્ર તિથિએ પણ કથાનું શ્રવણ કરવું.[૨૯] જે મનુષ્યો મુહૂર્ત કે અર્ધમુહૂર્ત કે માત્ર ક્ષણવારનો પણ સમય કાઢીને ભક્તિભાવ પૂર્વક આ પાવનકારી ભગવદ્‌કથાનું શ્રવણ કરે છે. તે મનુષ્યોની ક્યારેય પણ દુર્ગતિ થતી નથી.[૩૦] જે ફળ સર્વ યજ્ઞો કરવાથી કે સર્વ પ્રકારનાં દાન આપવાથી પ્રાપ્ત થાય છે. તે ફળ મનુષ્યોને ભાવપૂર્વક માત્ર પુરાણોની કથા સાંભળવાથી પ્રાપ્ત થાય છે.[૩૧] હે ભક્તજનો ! આ કળિયુગમાં તો વિશેષપણે કરીને મનુષ્યોને માટે પુરાણશ્રવણ સિવાય અન્ય કોઈ શ્રેષ્ઠ ધર્મ કહ્યો નથી. તેમજ મોક્ષનો માર્ગ પણ આનાથી બીજો કોઈ કહ્યો નથી.[૩૩] સાધારણપણે બીજા યુગની અપેક્ષાએ કલિયુગમાં મનુષ્યો અલ્પ આયુષ્યવાળા અને અલ્પ સામર્થ્યવાળા હોય છે. અનેક પ્રકારના પરિશ્રમથી પીડિત હોય છે. કુબુદ્ધિવાળા અને આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ કષ્ટને ભોગવનારા હોય છે. તેમજ પોતપોતાના વર્ણાશ્રમને ઉચિત સદાચારનું પાલન કરતા હોતા નથી. આવા પ્રકારનો પોતાના મનમાં વિચાર કરીને જ ભગવાન વેદવ્યાસજીએ આવા મનુષ્યોના કલ્યાણને માટે કૃપા કરીને શ્રીમદ્‌ભાગવત આદિ પુરાણોરૂપી ઔષધનું નિર્માણ કરેલું છે.[૩૪]

હે ભક્તજનો ! મહા પ્રયત્ને કોઈ મનુષ્ય અમૃતપાન કરે, તો તે પાનકરનારો

विना पुराणश्रवणं नरः पशुसमो मतः । तस्मादवश्यं यत्कार्यं विधिना स्वहितार्थिभिः ॥ ३६

**सुव्रत उवाच –**

इत्युक्तवन्तं तं नत्वा हरिमुत्तमभूपतिः । पप्रच्छ प्राञ्चलिर्भक्त्या पुराणश्रवणोत्सुकः ॥ ३७

**राजोवाच–**

पुराणश्रवणस्येश ! श्रोतुमिच्छाम्यहं विधिम् । कस्मिन्काले च तत्कार्यं देशे कीद्दग्विधे तथा ॥ ३८

वक्ता पुराणस्य विभो ! कीद्दशः परिकीर्तितः । श्रोतारः कीद्दशाश्च स्युः किं देयं तैः समापने ॥ ३९

एतन्मे ब्रूहि भगवन्निति पृष्टो नृपेण सः । सर्वेषां शृण्वतामूचे तच्छुश्रूषां विदन् विभुः ॥ ४०

**श्री नारायणमुनिरुवाच –**

सर्वपापविनिमुक्तिकरणे यस्य मानसम् । भवेत्तेनादरान्नित्यं पुराणं श्रव्यमुत्तमम् ॥ ४१

---

**માત્ર એક મનુષ્ય જ અજર અમર થાય છે. પરંતુ પુરાણોની કથામૃતનું પાન કરનારો તો પોતાના સમગ્ર કુળને પણ અજર અમર કરે છે.[૩૫] પુરાણોની કથા વિનાનું મનુષ્યનું જીવન પશુ સમાન કહેલું છે. તેથી પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યોએ વિધિપૂર્વક કથાનું શ્રવણ તો અવશ્ય કરવું.[૩૬]**

**ઉત્તમરાજાના પૂછવાથી શ્રીહરિએ કહેલો કથાશ્રવણનો વિધિ :-** સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે જ્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું ત્યારે પુરાણોની કથા શ્રવણની ઉત્કંઠા ધરાવતા ઉત્તમરાજા ભગવાન શ્રીહરિને બેહાથ જોડી નમસ્કાર કરી ભક્તિભાવપૂર્વક પૂછવા લાગ્યા.[૩૭] હે ઈશ્વર ! હું પુરાણશ્રવણનો વિધિ સાંભળવા ઈચ્છુ છું. તો તે પુરાણોની કથાનું શ્રવણ ક્યારે કરવું જોઈએ ? તથા ક્યાં બેસીને કરવું ?[૩૮] હે વિભુસ્વરૂપ શ્રીહરિ ! પુરાણોની કથાના વક્તા અને શ્રોતાઓ કેવા હોવા જોઈએ ? પુરાણ કથાની સમાપ્તિમાં શ્રોતાઓએ વક્તાને શું આપવું જોઈએ ?[૩૯] હે ભગવાન ! મને આવા પ્રશ્નો થાય છે તો આપ મને યથાર્થ ઉત્તર આપો. હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાએ જ્યારે પૂછ્યું, ત્યારે પ્રશ્નોના ઉત્તર આપવામાં સમર્થ ભગવાન શ્રીહરિ તેમની શ્રવણ ઈચ્છાને બરાબર જાણતા હોવાથી સભામાં બેઠેલા સર્વે ભક્તજનોના સાંભળતાં કહેવા લાગ્યા.[૪૦]

શ્રીનારાયણમુનિ કહે છે, હે ઉત્તમભૂપતિ ! જેનું મન સર્વપ્રકારના પાપોથકી મુક્તિ ઈચ્છતું હોય તે મનુષ્યે નિરંતર આદરપૂર્વક પુરાણ કથાનું શ્રવણ કરવું.[૪૧] હે નૃપ ! જો નિરંતર કથા શ્રવણ કરવાની અનુકુળતા ન હોય તો મનુષ્યે

आनुकूल्यं न चेन्नित्यं तदावश्यं पुमान्नृप ! । पुराणश्रवणं कुर्याच्चातुर्मास्ये च पर्वसु ॥ ४२
विधानं तस्य यद्राजन्यथोक्तफलदायकम् । तत्स्कान्दादिपुराणोक्तं कथयामि समासतः ॥ ४३
कृताह्निकः समाहूय वक्तारं शास्त्रकोविदम् । सम्भाव्यासनदानेन नमस्कुर्यात्तमादरात् ॥ ४४
उच्चासने पुस्तकं च संस्थाप्यैव ततोऽवरे । व्यासासनेऽतिमृदुले वक्तारमुपवेशयेत् ॥ ४५
सम्पूज्य पुस्तकं त्वादौ ततो वक्तारमर्चयेत् । चन्दनेनाक्षतैः पौष्पैर्हाराद्यैर्धूपदीपकैः ॥ ४६
नैवेद्यफलताम्बूलदक्षिणाभिश्च भक्तितः । सम्पूज्यारात्रिकं कृत्वा नमस्कुर्वीत सादरम् ॥ ४७
नमस्ते भगवन्व्यास ! वेदशास्त्रार्थकोविद ! । ब्रह्मविष्णुमहेशानां मूर्ते ! सत्यवतीसुत ! ॥ ४८
मन्त्रेणानेन वक्तारं नमस्कृत्य ततो नृप ! । श्रोतृन्विप्रान्सतश्चार्चेन्मुख्यः श्रोता यथोचितम् ॥ ४९
आसनादवरे वक्तुरुपविश्यासने ततः । पुराणं शृणुयुः सर्वे नत्वा तं स्वस्थमानसाः ॥ ५०

---

**ચાતુર્માસમાં કે પર્વના દિવસોમાં અવશ્ય શ્રવણ કરવું.[૪૨] હે રાજન્ ! યથાર્થ ફળને આપનારું જે જે પુરાણનું શ્રવણ ફળ તે તે સ્કંદાદિ પુરાણોમાં વિધાન કરેલું છે. તે હું તમને સંક્ષેપથી સંભળાવું છું.[૪૩] હે રાજન્ ! શ્રોતાજનોએ પ્રથમ આહ્નિક વિધિ પૂર્ણ કરીને સકલ શાસ્ત્રોના અર્થને જાણનારા પુરાણી વક્તાને આમંત્રણ આપવું. અને તે પધારે ત્યારે આદરપૂર્વક તેમને નમસ્કાર કરવા.[૪૪] પછી સર્વથી ઊંચી પીઠ ઉપર પુસ્તકને પધરાવવું અને તેનાથી થોડી નીચેની અતિશય કોમળ વ્યાસપીઠ ઉપર વક્તા-પુરાણીને બેસાડવા.[૪૫] પ્રથમ પુસ્તકનું પૂજન કરી પછીથી વક્તાનું પૂજન કરવું, તે પૂજનમાં પ્રથમ ચંદન, ચોખા, સુગંધીમાન પુષ્પોના હાર, તોરા, બાજુબંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફુલ, તાંબૂલ અને દક્ષિણાવડે ભક્તિભાવપૂર્વક પૂજન કરીને આરતી ઉતારવી ને ત્યારપછી પ્રથમ પુસ્તકને નમસ્કાર કરીને વક્તાને નમસ્કાર કરીને મંત્ર બોલવો કે, હે ભગવાન ! હે વેદવ્યાસસ્વરૂપ વક્તા મહોદયશ્રી! હે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની મૂર્તિ સ્વરૂપ ! હે સત્યવતીના પુત્રસ્વરૂપ ! તમને અમારા નમસ્કાર છે.[૪૬-૪૮]**

**સભામાં બેસવાની મર્યાદા :- હે ઉત્તમભૂપ ! આ પ્રમાણેનો મંત્ર બોલી વક્તાને નમસ્કાર કરવા ને ત્યારપછી મુખ્ય શ્રોતાએ કથા સાંભળવા બેઠેલા વિપ્રો અને સંતોનું યથાયોગ્ય પ્રમાણે પૂજન કરવું.[૪૯] ત્યારપછી વક્તાના આસનથી નીચે આસને બેસી સર્વ શ્રોતાજનોએ સ્વસ્થ મને વક્તાશ્રીને નમસ્કાર કરવા અને પુરાણની કથા સાંભળવી.[૫૦] તે સભામાં બ્રાહ્મણોને સર્વ કરતાં આગળ બેસાડવા અને તેમની પાછળ ક્ષત્રિયોએ બેસવું .તેમની પાછળ વૈશ્યોને બેસાડવા અને તેમની**

उपवेश्यं ब्राह्मणानां पृष्ठतस्तत्र बाहुजैः । तेषां च पृष्ठतो वैश्यैस्तेषां शूद्रैश्च संसदि ॥ ५१
ये च सङ्करजातीयाः शूद्राणां पृष्ठतस्तु तैः । मर्यादयैवोपविश्य श्रोतव्या भगवत्कथाः ॥ ५२
ज्ञानवृद्धास्तपोवृद्धा ब्रह्मनिष्ठाश्च ये द्विजाः । उपवेश्याः श्रोतृभिस्ते सर्वेषामग्रतो नरैः ॥ ५३
धनुर्मानान्तरे पुम्भ्यः स्त्रीभिश्चापि महीपते ! । मर्यादयैवोपवेश्यं तत्र श्रोतुं हरेः कथाः ॥ ५४
पत्रं पुष्पं फलं वापि रौप्यकं ताम्रढब्बुकम् । निवेद्य वा धान्यमुष्टिं वक्रे तु शृणुयात्कथाम् ॥ ५५
बालो युवाऽथवा वृद्धो दरिद्रो दुर्बलोऽपि वा । पुराणज्ञः सदा वन्द्यः पूज्यश्च सुकृतार्थिभिः ॥ ५६
न प्राकृतमतिः कार्या पुराणज्ञे कदाचन । यस्य वक्त्रोद्ग वाणी कामधेनुः शरीरिणाम् ॥ ५७
गुरवः सन्ति लोकस्य जन्मतो गुणतश्च ये । तेषामपि च सर्वेषां पुराणज्ञः परो गुरुः ॥ ५८
भवकोटिसहस्रेषु भूत्वा भूत्वावसीदते । यो ददाति हरेर्ज्ञानं कोऽन्यस्तस्मात्परो गुरुः ॥ ५९
पुराणज्ञः शुचिः शान्तो दान्तो विजितमत्सरः । साधुः कारुण्यवान्वाग्मी जात्या विप्रः कथां वदेत् ६०

---

પાછળ શૂદ્રોને બેસાડવા અને જે વર્ણસંકર જાતિના હોય તેમણે શૂદ્રોથી પણ પાછળ બેસવું, આ પ્રમાણેની પોતપોતાની મર્યાદામાં બેસીને કથા સાંભળવી.[૫૧-૫૨] હે રાજન્ ! સર્વ શ્રોતાઓની મધ્યે જે બ્રાહ્મણો જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ અને બ્રહ્મનિષ્ઠ હોય તેમને સર્વ કરતાં આગળ બેસાડવા.[૫૩] હે મહિપતિ ! સ્ત્રીઓએ પણ તે સભામાં પુરુષો કરતાં એક ધનુષ-ચારહાથ દૂર પ્રદેશમાં મર્યાદાપૂર્વક બેસવું.[૫૪] અને જ્યારે કથા સાંભળવા બેસવું ત્યારે વક્તાને પત્ર, પુષ્પ, ફુલ, રૂપિયો, તામ્રનો ઢબુ, ધનની મૂઠી કે જે કાંઈ પણ ભેટ મૂકીને સર્વે શ્રોતાઓએ કથા સાંભળવી.[૫૫]

હે રાજન્ ! પુરાણનો વક્તા બાળક હોય, વૃદ્ધ કે યુવાન હોય અથવા દરિદ્ર કે શરીરે દુર્બળ હોય છતાં પણ પુણ્યની ઈચ્છાવાળા શ્રોતાઓએ સદાય તેમને વંદન કરવા અને પૂજા કરવી.[૫૬] તે પુરાણીમાં ક્યારેય પણ સાધારણ મનુષ્યની બુદ્ધિ ન કરવી. કારણ કે, પુરાણી વક્તાના મુખથકી નીકળતી ભગવાનની કથારૂપ સરસ્વતી, કથા સાંભળવા બેઠેલા શ્રોતાઓને માટે કામધેનુની જેમ સમગ્ર પુરુષાર્થનું દોહન કરનારી છે.[૫૭] જે જન્મથી, જાતિમાત્રથી કે વિદ્યા આદિક ગુણો વડે મનુષ્યોના ગુરુ સ્થાને વિરાજતા હોય છે. તેવા ગુરુઓની મધ્યે પણ જે પુરાણી વક્તા હોય તે શ્રેષ્ઠ ગુરુ કહેલો છે.[૫૮] કારણ કે તે પુરાણી ચોરાસી લાખ યોનિમાં જન્મ ધારણ કરીને દુઃખ ભોગવતા મનુષ્યોને ભગવાનનું જ્ઞાન આપે છે. તેથી તેનાથી બીજો શ્રેષ્ઠ ગુરુ કોણ હોઈ શકે ? કોઈ નહીં.[૫૯]

**વક્તાનાં લક્ષણો :-** હે રાજન્ ! જે વક્તા બહાર તથા અંદર પવિત્ર

द्विजातिरन्यो यः प्राप्तो दीक्षां भागवतीं स तु । अष्टाङ्गब्रह्मचर्याढ्यो निर्लोभश्चेद्वदेत्कथाम् ॥ ६१
व्यासासनं समारूढो यदा पौराणिको भवेत् । आसमाप्तेस्तदा कञ्चिन्नमस्कुर्यान्न भूपते ! ॥ ६२
एकान्तिका हरेर्भक्ता हरिर्वा मानुषाकृतिः । तत्रागच्छेद्यदि तदा नमस्कुर्वीत तांश्च तम् ॥ ६३
ये धूर्ता ये च दुर्वृत्ता ये चान्यविजिगीषवः । तेषां कुटिलवृत्तीनामग्रे नैव वदेत्कथाम् ॥ ६४
न दुर्जनसमाकीर्णे न शूद्रश्वापदाकुले । देशे न द्यूतसदने वदेत्पुण्यकथां सुधीः ॥ ६५
सद्ग्रामे सद्भिराकीर्णे सुक्षेत्रे देवतालये । नदीतटे शुचौ गेहे कथा वाच्याऽशनालये ॥ ६६
श्रद्धाभक्तिसमायुक्ता नान्यकार्येषु लालसाः । वाग्यताः शुचयोऽव्यग्राः श्रोतारः पुण्यभागिनः ॥ ६७

---

હોય, અંદર તથા બહાર ઈન્દ્રિયોને વશ કરી શાંત વર્તતા હોય, મત્સરને જીતી લીધો હોય, સદાચારવાળો હોય, લોકો ઉપર દયાળુ સ્વભાવે વર્તતા હોય, વાચાળ અને જાતિએ કરીને વિપ્ર હોય, એવા પુરાણીએ કથાનું વાંચન કરવું.[૬૦] અથવા અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી લોભને છોડી દેનારા, તેમજ ભાગવતી દીક્ષાને પામેલા અન્ય કોઈ પણ ત્રણ વર્ણના દ્વિજાતિ પુરુષોએ પણ કથાનું વાંચન કરવું.[૬૧] હે રાજન્ ! ઉપરોક્ત પ્રકારના કોઈ પણ પુરાણી વક્તા જ્યારે વ્યાસઆસન ઉપર આરુઢ થાય ત્યારથી માંડીને કથાની સમાપ્તિ સુધી વચ્ચે કોઈને પણ નમસ્કાર ન કરવા.[૬૨] કદાચ કોઈ વખત ભગવાનના એકાંતિક મોટા ભક્તો આવે કે મનુષ્યાકૃતિ ધરી રહેલા સ્વયં પરમેશ્વર ભગવાન શ્રીહરિ સભામાં પધારે તો તેઓને વક્તાએ નમસ્કાર કરવા અને જો ન કરે તો બળભદ્રના આગમન વખતે વક્તા રોમહર્ષની જે દશા થઈ હતી તેવી દશા થવાની શક્યતા રહે તેથી નમસ્કાર કરવા.[૬૩]

**કોની આગળ કથા કરવી અને ન કરવી ? :-** હે રાજન્ ! જે મનુષ્યોને છેતરનારા ધૂર્તજનો હોય, દુરાચારી હોય, કથા સાંભળ્યા પછી તે જ્ઞાન દ્વારા બીજાને જીતીને દબાવી દેવાની મનમાં ઈચ્છા ધરાવતો હોય, કુટિલ વર્તન રાખતા હોય, તેવા મનુષ્યોની આગળ ક્યારેય કથા ન કરવી.[૬૪] વળી બુદ્ધિમાન વક્તાએ દુર્જનોથી ઘેરાયેલા પ્રદેશમાં આવી પવિત્ર ભગવદ્કથા ન કરવી. તેમજ નીચ જાતિના હલકા સ્વભાવના મનુષ્યોથી ઘેરાયેલા પ્રદેશમાં કે દ્યુતભવનમાં કથા ન કરવી.[૬૫] પરંતુ સદાચારનિષ્ઠ પુરુષોના ગામમાં, કોઈ પુણ્યક્ષેત્રમાં, કોઈ દેવાલયમાં, ગંગાઆદિ નદીના તટ ઉપર, પવિત્ર ઘરે, ભોજનશાળામાં કથાનું વાંચન કરવું.[૬૬] જે શ્રોતા શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત હોય, કથા સમયે અન્ય કાર્ય

पुराणं ये त्वसम्पूज्य गन्धाद्यैर्नमनेन वा । शृण्वन्ति च कथां भक्त्या दरिद्राः स्युर्नरास्तु ते ॥ ६८
कथायां कीर्त्यमानायां ये गच्छन्त्यन्यतो नराः । भोगकाले प्रणश्यन्ति तेषां दाराश्च सम्पदः ॥ ६९
सोष्णीषैर्न कथा श्रव्या पूगताम्बूलभक्षणम् । श्रोतृभिर्नैव कर्तव्यं न तमालादिसेवनम् ॥ ७०
तुङ्गासने नोपवेश्यं न च वक्तृसमासने । प्रौढपादैर्नोपवेश्यं नैव वीरासनेन च ॥ ७१
वस्त्रवेष्टितपादैश्च नोपवेश्यं तथा क्वचित् । न शयानैः कथा श्रव्या दैहिकापदमन्तरा ॥ ७२
स्त्रीणां मुखानि पश्यन्तो ये शृण्वन्ति कथां हरेः । कामिनस्ते तु पुरुषा भवन्ति ग्रामशूकराः ॥ ७३
कथायां वर्तमानायामन्या वाचो वदन्ति ये । ते गर्दभाः प्रजायन्ते तथा वाददुराग्रहाः ॥ ७४
कथायां श्रूयमाणायां विघ्नं कुर्वन्ति ये शठाः । पिशाचत्वं प्रपद्यन्ते ते नूनं नृपसत्तम ! ॥ ७५
ये निन्दन्ति पुराणज्ञान्कथां वा पापनाशिनीम् । ते तु जन्मशतं मर्त्याः शुनकाः सम्भवन्ति हि ॥ ७६

---

કરવાની લાલસાનો ત્યાગ કરી, વાણીને નિયમમાં રાખીને બહાર અંદર પવિત્રપણે વર્તીને સ્થિર મને જે કથા સાંભળતા હોય તે જ શ્રોતાઓ પુણ્યના ભાગીદાર થાય છે.[૬૭] જે મનુષ્યો ચંદન પુષ્પાદિક ઉપહાર વડે કે નમસ્કાર વડે પુરાણીનું પૂજન કર્યા વગર ભલેને ભક્તિભાવપૂર્વક કથા સાંભળે છે તે મનુષ્યો દરિદ્રી થાય છે.[૬૮]

હે રાજન્ ! જે મનુષ્યો કથા વંચાતી હોય તે દરમ્યાન બીજી જગ્યાએ ચાલ્યો જાય છે, તે મનુષ્યોની પત્ની અને સંપત્તિ તેના ઉપભોગના સમયે જ નાશ પામે છે.[૬૯] માથા ઉપર પાઘડી બાંધી રાખીને કથા ન સાંભળવી, પાન સોપારી આદિ ચાવતાં ચાવતાં પણ કથા ન સાંભળવી, તમાકુ, ભાંગ, ગાંજો આદિ કેફ કરનાર દ્રવ્યોનું સેવન કરતાં કરતાં કથા ન સાંભળવી.[૭૦] શ્રોતાજનોએ વક્તાથી ઊંચા આસન ઉપર બેસવું નહિ, તેમજ વક્તાના સરખા આસન ઉપર બેસવું નહિ, પગ લાંબા કરીને કે પગ ઉપર પગ ચઢાવીને કે પછી વીર આસને તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને પણ ક્યારેય બેસવું નહિ, તથા કોઈ દૈહિક આપત્તિ વિના સૂતાં સૂતાં પણ કથાનું શ્રવણ કરવું નહિ.[૭૧-૭૨]

હે રાજન્ ! જે પુરુષો સ્ત્રીઓનાં મુખ જોતાં જોતાં હરિ કથા સાંભળે છે, તે પુરુષો ગામનાં ભૂંડ થાય છે.[૭૩] જે મનુષ્યો કથા વંચાતી હોય એ દરમ્યાન બીજા સાથે વાતો કરે છે. તે પુરુષો બીજા જન્મે ગધેડાના જન્મને પામે છે. તેવીજ રીતે જે પુરુષો વક્તા સાથે વાદ કરવાનો દુરાગ્રહ સેવે છે, તે પણ બીજા જન્મે ગધેડાના જન્મને પામે છે.[૭૪] હે રાજન્ ! જે શઠ પુરુષો ચાલુ કથાની વચ્ચે વિઘ્ન કરે છે, તે પુરુષો પિશાચપણાને પામે છે, એ નક્કી વાત છે.[૭૫] હે રાજન્ ! જે મનુષ્યો પુરાણીની

तस्मात्सविनयं राजन्सादरं च हरेः कथा । श्रोतव्या नियमेनैव यथा वक्तुः सुखं तथा ॥ ७७
तैलेन गात्रं सम्मर्द्य स्नापनीयः पुराणवित् । अन्नैः सुमृष्टैः सरसैर्भोजनीयस्तथान्वहम् ॥ ७८
देयं तस्मै च पूर्वाह्ने प्रत्यहं स्वरशुद्धये । सशर्करं तु गोक्षीरं गालितं कथितं तथा ॥ ७९
खण्डपर्वस्कन्धपूर्तौ व्रताहेषु च पर्वसु । विशिष्टपूजा कर्तव्या देया शक्त्या च दक्षिणा ॥ ८०
समाप्तौ तु पुराणस्य कर्तव्यं पूजनं महत् । यथाशक्त्याखिलैर्देया श्रोतृभिर्हेमदक्षिणा ॥ ८१
रौप्यं वा ताम्रमुंद्रा वा वस्त्रं वान्नं च वाहनम् । काष्ठं दरिद्रोऽपि मृदं तस्मै दद्यात्स्वशक्तितः ॥ ८२
आरोप्य वाहने रम्ये वस्त्रालङ्कारपूजितम् । गीतवाद्यैर्नयेयुस्तं श्रोतारस्तद्गृहं ततः ॥ ८३
इति सामान्यतः प्रोक्तः सर्वेषामेव भूपते ! । पुराणोपपुराणानां श्रवणस्य विधिर्मया ॥ ८४
विधिनानेन शृणुयुर्ये पुराणानि भूपते ! । सम्पूर्णं स्यात्फलं तेषां पुराणोक्तं न संशयः ॥ ८५

નિંદા કરે છે, અથવા પાપનો નાશ કરનારી કથાની જ નિંદા કરે છે. તે મનુષ્યો તો સો જન્મ સુધી કૂતરાના અવતારને પામે છે. એ નક્કી વાત છે.[૭૬] તેથી વિનયસહિત આદરપૂર્વક વક્તાને જેમ સુખ થાય તેમ સમય અને સાવધાનીમાં વર્તીને,પ્રતિદિન શરીરપર તૈલમર્દન કરી સ્નાન કરાવવું અને પવિત્ર સ્વાદુ અન્નવડે ભોજન કરાવવું.[૭૭-૭૮] પ્રતિદિન સવારે વક્તાના સ્વરની શુદ્ધિને માટે ગાળેલું અને સાકર નાખીને ઉકાળેલું ગાયનું દૂધ વક્તાને આપવું.[૭૯] ખંડ, પર્વ, અંશ, સંહિતા કે કાંડ આદિકની સમાપ્તિ થાય ત્યારે કે વચ્ચે આવતા વ્રત કે પર્વના દિવસોમાં પણ વક્તાનું વિશેષ પૂજન કરવું. ને નિત્યપૂજન કરી વિશેષમાં પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા પણ આપવી.[૮૦]

હે રાજન્ ! પુરાણ શ્રવણની જ્યારે સમાપ્તિ થાય ત્યારે તો સર્વે શ્રોતાઓએ પોતપોતાની શક્તિ અનુસારે સુવર્ણની દક્ષિણા આપીને મોટી પૂજા કરવી.[૮૧] દક્ષિણામાં રૂપાની મુદ્રા, તાંબાની મુદ્રા, કે ઉત્તમ વસ્ત્ર, અન્ન કે વાહન પણ પોતપોતાની શક્તિ પ્રમાણે આપી શકાય છે. કોઈ દરિદ્ર શ્રોતા હોય તો, તે રસોઈ પકાવવા માટે કાષ્ઠ અર્પણ કરી શકે અથવા કર શુદ્ધિ માટે કે વાસણ શુદ્ધિ માટે ઉપયોગી માટી પણ આપી શકે છે.[૮૨] હે રાજન્ ! આ રીતની વક્તાની વસ્ત્ર તેમજ આભૂષણોથી પૂજા કર્યા પછી શ્રોતાઓએ શણગારેલા વાહન ઉપર બેસાડીને ગીત વાજિંત્રોનો ધ્વનિ કરતાં કરતાં તેમના ઘર સુધી વળાવવા જવું.[૮૩] હે રાજન્ ! આ પ્રમાણે મેં સર્વે પુરાણો તથા ઉપપુરાણોના કથાશ્રવણનો વિધિ સર્વને માટે સામાન્યપણે કહ્યો.[૮૪] હે રાજન્ ! જે મનુષ્યો મેં કહેલા વિધિ પ્રમાણે કથાનું શ્રવણ

आदौ विधिमिमं श्रुत्वा पुराणश्रवणं ततः । कर्तव्यं विधिनानेन ततः सिद्ध्यति वाञ्छितम् ॥ ८६
श्रीमद्भागवतं नाम पुराणं यन्महन्नृप ! । अस्ति तस्य तु सर्वेभ्यो विशेषोऽप्यस्ति कश्चन ॥ ८७
विधिना श्रवणं तस्य पुरश्चर्यो च शक्तितः । दानं वा येऽत्र कुर्वन्ति तेषां सुकृतमक्षयम् ॥ ८८

**सुव्रत उवाच –**

आश्रुत्य नारायणवाचमित्थं विशुद्धबुद्धिः स पुनर्नरेशः ।
जिज्ञासितं स्वस्य हरिं तमीशं पप्रच्छ नत्वा विनयेन राजन् ! ॥ ८९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे सामान्यतः सकलपुराणोपपुराणश्रवणविधिनिरूपणनामा प्रथमोऽध्यायः ॥ १ ॥*

---

**કરશે તેને પુરાણોક્ત સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થશે, તેમાં કોઇ સંશય નથી.[૮૫] પ્રથમ આ વિધિનું શ્રવણ કરવું, ત્યારપછી કહેલા વિધિ પ્રમાણે પુરાણશ્રવણ કરવું. તેનાથી ઈચ્છિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૮૬]**

**હે રાજન્ ! શ્રીમદ્ ભાગવત નામે જે મહાપુરાણ છે. એ પુરાણની અન્ય સર્વ પુરાણો કરતાં કાંઇક વધુ વિશેષતા છે.[૮૭] જે મનુષ્યો તે શ્રીમદ્ભાગવત મહાપુરાણનું વિધિપૂર્વક શ્રવણ, એકસો ને આઠ પારાયણના લક્ષણવાળું પુરશ્ચરણ, તથા ગ્રંથનું દાન એ આદિક પોતપોતાની શક્તિ પ્રમાણે આલોકમાં જે કાંઈ કરે છે, તે મનુષ્યોને અવિનાશી પુણ્યની પ્રાપ્તિ થાય છે.[૮૮] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણનું વચન સાંભળી વિશુદ્ધમનવાળા ઉત્તમનરેશ પરમેશ્વર ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી, પોતાને વધુ જાણવાની મનમાં ઈચ્છા થતાં ફરી વિનયપૂર્વક શ્રીહરિને પૂછવા લાગ્યા.[૮૯]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજાના પૂછવાથી સાધારણ રીતે સકલ પુરાણો તથા ઉપપુરાણોના કથા શ્રવણનો વિધિ કહ્યો એ નામે પહેલો અધ્યાય પૂર્ણ થયો. --૧--**

द्वितीयोऽध्यायः - २

राजोवाच –

श्रीमद्भागवतस्यापि श्रवणस्य विधिं प्रभो । पुरश्चर्याप्रकारं च विधिं दानस्य मे वद ॥ १

त्वमेवैतद्यथावद्वै वेत्सि सर्वमशेषतः । अतः शुश्रूषवे मह्यं वक्तुमर्हसि तत्त्वतः ॥ २

सुव्रत उवाच –

इति भूपतिना पृष्टः स पुराणमुनिस्तदा । श्रीमद्भागवतस्योचे श्रवणादिविधिं च तम् ॥ ३

श्रीनारायणमुनिरुवाच –

शृणु राजन्प्रवक्ष्यामि श्रीमद्भागवतस्य ते । श्रवणादिविधिं सम्यक् स्ववाञ्छितफलप्रदम् ॥ ४

पुराणानि द्विधा सन्ति लघूनि च महान्ति च । लघून्युपपुराणानि पुराणानि महान्ति च ॥ ५

महापुराणान्यकरोत्स्वयं व्यासो दशाष्ट च । अन्ये तूपपुराणानि चक्रुस्तावन्ति चर्षयः ॥ ६

ब्राह्मं पाद्मं वैष्णवं च शैवं भागवतं तथा । मार्कण्डेयं नारदीयमाग्नेयं च भविष्यकम् ॥ ७

---

# અધ્યાય - ૨

## શ્રીમદ્‌ભાગવત મહાપુરાણના કથાશ્રવણ, પુરશ્ચરણ અને દાનનો વિધિ.

ઉત્તમ રાજા પૂછે છે, હે પ્રભુ ! શ્રીમદ્‌ભાગવતના કથાશ્રવણનો વિધિ, તેના પુરશ્ચરણનો અને તેના દાનનો વિધિ મને સંભળાવો.[૧] કારણ કે મેં જે પૂછ્યું છે તે સર્વેનું તમે યથાર્થ જ્ઞાન ધરાવો છો. અને તેને સાંભળવાની મારા અંતરમાં ઇચ્છા વર્તે છે તેથી તેનો વિધિ મને સંભળાવો.[૨]

**લઘુ અને મહા, બે પ્રકારનાં પુરાણો :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે ઉત્તમરાજા પુરાણપુરુષ પરમાત્મા ભગવાન શ્રીહરિને પ્રશ્ન કર્યો ત્યારે શ્રીહરિ તેમને શ્રીમદ્‌ભાગવતના શ્રવણાદિકનો વિધિ કહેવા લાગ્યા.[૩] ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે રાજન્ ! પોતે ઇચ્છેલા મનોવાંછિત ફળને આપનારા શ્રીમદ્‌ભાગવત પુરાણના શ્રવણાદિકનો વિધિ તમને હું સારી રીતે કહું છું. તમે આદરપૂર્વક સાંભળો.[૪] પુરાણો લઘુ અને મહાન એમ બે પ્રકારનાં છે. તેમાં ઉપપુરાણો છે તે લઘુપુરાણો છે અને પુરાણો છે તે મહાન કહેલાં છે.[૫] તેમાં સ્વયં ભગવાન વ્યાસજીએ અઢાર મહાપુરાણોની રચના કરી છે. જ્યારે અન્ય ઋષિઓએ પણ તેટલાં જ ઉપપુરાણોની રચના કરી છે .[૬]

હે રાજન્ ! તેમાં મહાન પુરાણોનાં નામ આ પ્રમાણે છે, બ્રહ્મપુરાણ,

लैङ्गं च ब्रह्मवैवर्तं वाराहन स्कान्दवामने । कौर्मं मात्स्यं गारुडं च ब्रह्माण्डं चाथ भूपते ! ॥ ८
महापुराणसंज्ञानि प्रागक्तान्यष्टदशेति हि । नामान्युपपुराणानां कथयाप्रोथ तेऽनघ ! ॥ ९
सानत्कुमारं नान्दं च नारसिंहं च कापिलम् । दौर्वाससं नारदीयं शैवधर्मं च मानवम् ॥ १०
ब्रह्माण्डाख्यं चौशनसं वारुणं कालिकाह्वयम् । वासिष्ठलिङ्गं वासिष्ठं तथा माहेश्वराभिधम् ॥ ११
पाराशरं साम्बसौरे इत्यष्टादश भूपते ! । मारीचभार्गवादीनि सन्त्यन्यान्यपि कानिचित् ॥ १२
इतिहास इति प्रोक्तं यन्महाभारतं तु तत् । रामायणं तु काव्याख्यं कथितं मुनिसत्तमैः ॥ १३
एतेषां च सवेदानां सारो भागवताभिधम् । महापुराणं कथितं भवरोगरसायनम् ॥ १४
नदीनां तु यथा गङ्गा देवानामच्युतो यथा । वैष्णवानां यथा शम्भुः पुराणानामिदं तथा ॥ १५
सर्ववेदपुराणेभ्यः श्रेष्ठत्वेऽस्य तु कारणम् । कथयामि च ते राजन्नुचिस्तत्रास्ति ते यतः ॥ १६

---

પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, શ્રીમદ્‌ભાગવત પુરાણ, માર્કંડેય પુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, લિંગપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, વરાહપુરાણ, સ્કંદપુરાણ, વામનપુરાણ, કૂર્મપુરાણ, મત્સ્યપુરાણ, ગરુડપુરાણ અને બ્રહ્માંડ પુરાણ આ અઢાર મહાપુરાણો છે. હે નિષ્પાપ રાજન્ ! હવે ઉપપુરાણોનાં નામ કહું છું.[૭-૯] સાનત્કુમાર, નાન્દ, નારસિંહ, કાપિલ, દૌર્વાસસ, નારદીય, શૈવધર્મ, માનવ, બ્રહ્માંડ, ઔશનસ, વારુણ, કાલિક, વાસિષ્ઠલિંગ, વાસિષ્ઠ, માહેશ્વર, પારાશર, સાંબ અને સૌર આ અઢાર ઉપપુરાણો છે. હે રાજન્ ! મારીચ, ભાર્ગવ એ આદિ અન્ય કેટલાંક ઉપપુરાણો પણ રહેલાં છે.[૧૦-૧૨] અને જે મહાભારત છે તેને તો મહાપુરુષોએ ઈતિહાસ ગ્રંથ કહેલો છે. જ્યારે રામાયણને કાવ્યગ્રંથ કહ્યો છે.[૧૩] ચારે વેદોએ સહિત આ સર્વ પુરાણો તથા ઉપપુરાણોની મધ્યે શ્રીમદ્ ભાગવત નામનું જે મહાપુરાણ છે તે સમગ્ર દહીંના સમૂહમાંથી માખણની જેમ સર્વ શાસ્ત્રના સારરૂપ છે. અથવા મણિઓની મધ્યે ચિંતામણિ જેમ સારરૂપ છે, તેમજ ભવરોગને ભગાડનારું મહા ઔષધીરૂપ આ મહાપુરાણ કહેલું છે.[૧૪] જેવી રીતે ભારતવર્ષમાં ચંદ્રભાગા આદિ પવિત્ર નદીઓની મધ્યે ગંગાનદી સર્વ શ્રેષ્ઠ છે. વળી સર્વે બ્રહ્માદિક દેવતાઓની મધ્યે વિષ્ણુ ભગવાન શ્રેષ્ઠ છે. વળી સર્વે ભગવાનના એકાંતિક ભક્તોની મધ્યે શંભુ શ્રેષ્ઠ છે, તેવી રીતે સર્વે મહાપુરાણો અને ઉપપુરાણોની મધ્યે આ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ સર્વશ્રેષ્ઠ છે.[૧૫]

હે રાજન્ ! ચારેવેદ તથા સર્વે પુરાણો ઉપપુરાણોની મધ્યે આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણની જે શ્રેષ્ઠતા છે તેનું કારણ હું તમને કહું છું. જેનું શ્રવણ

यदाऽसृज्जागदिदं ब्रह्मा लोकपितामहः । तदानीं श्रेयसे नृणां वेदं प्रावर्तयत्स तु ॥ १७
एक एव पुरा वेदः कृतादावभवद्युगे । अधीयते स्म सार्थं तं समग्रमपि सद्धियः ॥ १८
द्वापारान्ते त्वल्पधियो बभूवुः कालवेगतः । तं नाध्येतुं नराः शेकुर्बोद्धुमर्थे च तस्य ते ॥ १९
नारायणावतारोऽभूत्तदा द्वैपायनो मुनिः । वेदार्थबोधनेनैव श्रेयसेऽयतताऽऽत्मनाम् ॥ २०
वेदमेकं चतुर्धैव व्यभजत्स महामुनिः । चक्रे दोद्धुं तदर्थे च पुराणैः सह भारतम् ॥ २१
चतुर्णामपि वर्णानामाश्रमाणां च सर्वशः । धर्मार्थकाममोक्षांश्च तत्र सोऽवर्णयत्स्फुटम् ॥ २२
आत्यन्तिकश्रेयसे च धर्मानेकान्तिनामपि । क्वचित्क्वचित्प्रसङ्गेन वर्णयामास तत्र सः ॥ २३
ऋग्वेदाचार्यमकरोत्ततः पैलमृषिं मुनिः । यजुर्वेदस्य चाचार्यं स वैशंपायनं मुनिम् ॥ २४
सामवेदस्य चाचार्यं चकार स तु जैमिनिम् । अथर्ववेदाचार्यं च सुमन्तुमकरोद्दषिम् ॥ २५

---

કર્યા પછી તમને તેમાં વધુ રુચિ થશે.[૧૬] સમસ્ત જગતના પિતામહ બ્રહ્માજીએ જ્યારે આ જગતનું સર્જન કર્યું, ત્યારે સર્વજનોના પુરુષાર્થની સિદ્ધિ કરી આપે તેવા વેદની પ્રવૃત્તિ કરી.[૧૭] પૂર્વે આદિ સત્યુગની અંદર માત્ર એક વેદ જ હતા. અને તે સમયે કુશાગ્ર બુદ્ધિવાળા પુરુષો એ સમગ્ર વેદનો અર્થ સહિત અભ્યાસ પણ કરતા.[૧૮] કાળક્રમે મનુષ્યો અલ્પ બુદ્ધિવાળા થયાં, ત્યારે દ્વાપરયુગના અંત સુધીમાં તો કોઈ પુરુષો પણ વેદનું અધ્યયન કરવા અને તેના અર્થને સમજવા સમર્થ થઈ શક્યા નહિ.[૧૯] તે સમયે સાક્ષાત્ નારાયણના અવતાર સ્વરૂપ ભગવાન વેદવ્યાસજી પ્રગટ થયા. તેમણે વેદોના અર્થોનું જ્ઞાન કરાવી જીવાત્માઓના કલ્યાણ કરવાનો પ્રયત્ન કર્યો.[૨૦] તેમાં તેણે એક વેદના ચાર વિભાગ કર્યા, તેમજ તે વેદોના અર્થોને સમજવા બ્રહ્મપુરાણ આદિ સત્તર પુરાણોની અને મહાભારત ગ્રંથની રચના કરી.[૨૧] તેમાં ચારે વર્ણ અને ચારે આશ્રમ માટેના ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું તેમણે સ્પષ્ટપણે વર્ણન કર્યું.[૨૨] તેમજ વ્યાસજીએ સત્તર પુરાણોમાં અને મહાભારતમાં જીવાત્માઓના આત્યંતિક કલ્યાણને માટે એકાંતિક ધર્મોનું પણ પ્રસંગોચિત ક્યાંક ક્યાંક વર્ણન કર્યું.[૨૩]

હે રાજન્ ! ત્યારપછી મહામુનિ વ્યાસજીએ પોતાના શિષ્ય પૈલમહર્ષિને ઋગ્વેદના આચાર્ય કર્યા. વૈશંપાયન મહર્ષિને યજુર્વેદના આચાર્ય કર્યા, જૈમિનિ મહર્ષિને સામવેદના આચાર્ય કર્યા, અને સુમંતુ મહર્ષિને અથર્વવેદના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા.[૨૪-૨૫] ત્યારપછી બાદરાયણ મહામુનિ વ્યાસજીએ સર્વજનોના હિતને માટે રોમહર્ષણને ઇતિહાસ અને પુરાણોના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા.[૨૬]

इतिहासपुराणानामाचार्ये रोमहर्षणम् । स बादरायणश्चक्रे हितायैव नृणामृषिः ॥ २६
सरस्वतीनदीतीरे शम्याप्रासाभिधाश्रमे । इत्थं कृत्वापि स मुनिर्नैवातुष्यन्निजान्तरे ॥ २७
तस्यासन्तोषहेतुं ते ब्रवीमि नृपते ? शृणु । निःश्रेयसाय लोकानां तस्य जन्मास्ति भूतले ॥ २८
तस्य हेतुस्तु सद्धर्मो ज्ञानं वैराग्यमेव च । माहात्म्यज्ञानयुग्भक्तिर्भूम्नश्चेति चतुष्टयम् ॥ २९
स तु तेनाल्पको ह्येव वर्णितोऽप्यतिविस्तृतैः । मिश्रत्वाद्धर्मकामार्थैर्बोद्धुं शक्यो न तत्त्वतः ॥ ३०
स्वर्गादिफलदेष्वेव ततः कर्मसु मानवाः । सक्ता आसन्बहुविधैर्वाक्यैस्तत्प्रतिपादकैः ॥ ३१
तदा तु तस्य श्रेयोर्था पुराणादिकृतिर्मुनेः । आसीदेवाकृतप्राया तत्फलानुदयात्किल ॥ ३२
तदान्तर्यामिणा साक्षाद्वासुदेवेन तद्धृदि । अपूर्णकामता प्रैरि तया तापो महानभूत् ॥ ३३

---

આટલું કર્યા પછી પણ સરસ્વતી નદીના તીરે પોતાના શમ્યાપ્રાસ નામના આશ્રમમાં બિરાજેલા મહામુનિ વ્યાસજીને પોતાના અંતરમાં શાંતિ પ્રાપ્ત થઈ નહિ.[૨૭] તેનું કારણ તમને કહું છું. તેને તમે સાંભળો. આ ભૂતળ ઉપર વ્યાસજીનો જન્મ કેવળ લોકોના આત્યંતિક કલ્યાણ કરવા માટે જ થયો હતો.[૨૮] અને લોકોના આત્યંતિક કલ્યાણનો હેતુ તો માત્ર સદ્ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભગવાન શ્રીવાસુદેવનારાયણની માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ કરવી; આ ચાર સાધનમાંજ છે.[૨૯] અને વ્યાસજીએ પુરાણો તથા મહાભારતાદિકમાં તેનું પ્રસંગોચિત વર્ણન પણ કર્યું હતું. તે કેવળ શાકમાં મીઠાં જેટલું અલ્પ પ્રમાણમાં હોવાથી તે આત્યંતિક મોક્ષનું સાધન અતિશય વિસ્તારથી વર્ણન કરેલા ધર્મ, અર્થ અને કામની વ્યાખ્યા સાથે મિશ્ર થવાથી યથાર્થ સમજવા જનસમુદાય માટે શક્ય ન હતું.[૩૦]

હે રાજન્ ! ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિનું સ્થાપન કરનારાં બહુ પ્રકારનાં વાક્યોને મધ્યે મોક્ષનાં વાક્યો ક્યાંય દબાઈ ગયાં તેથી મનુષ્યો સ્વર્ગાદિક ફળની પ્રાપ્તિ કરાવી આપનારા યજ્ઞયાગાદિ કર્મોમાં જ કેવળ આસક્ત થયાં.[૩૧] તેમાં ભગવાનની ભક્તિ કરવાનું તો કોઈને હાથ આવ્યું નહિ. તેના કારણે વ્યાસમુનિએ જે જનોના આત્યંતિક કલ્યાણનો ઉદ્દેશ રાખીને તે પુરાણાદિકની રચના કરી હતી, તે સફળ ન થતાં તે ન રચ્યા જેવાં નિરર્થક થયાં. કારણ કે તેનાથી આત્યંતિક કલ્યાણના હેતુભૂત સદ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની લોકમાં પ્રવૃત્તિ થઈ નહિ.[૩૨] તે હેતુથી જ એ સમયે અંતર્યામી, સાક્ષાત્ સર્વાવતારી પરમાત્મા પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણે વ્યાસમુનિના અંતરમાં અકૃતાર્થતાની ભાવના પ્રેરી, તેનાથી તે મહાસંતાપને પામ્યા.[૩૩] એ સંતાપના શોકમાં દુઃખી થયેલા વ્યાસમુનિનું જ્ઞાન સંકુચિત થયું. તેથી તે કોઈ પ્રકારની શાંતિ પામ્યા નહિ. અને અન્ય કોઈ ગ્રંથ રચવા પણ સમર્થ થયા નહિ.[૩૪]

तदुत्थया शुचा तस्य ज्ञानं सङ्कुचितं ह्यभूत् । अतः शान्तिं स न प्राप ग्रन्थं कर्तुं न चाशकत् ॥ ३४
ततो दयालुर्भगवान्नारायण ऋषीश्वरः । नारदं प्रैषयत्तस्मै निपुणं परबोधने ॥ ३५
विचारेणापि तापस्य हेतोरनुपलम्भनात् । शोचन्तं तमुपेयाय नारदः सर्वदुःखहा ॥ ३६
व्यासेन पूजयित्वाऽथ स्वासन्तोषस्य कारणम् । सम्पृष्टः स मुनिः प्रोचे सर्वज्ञो भगवत्प्रियः ॥ ३७

नारद उवाच –

यदर्थमवतारस्ते सम्यक् तन्न त्वया कृतम् । अपूर्णकामता तस्माद्धृदये तव वर्तते ॥ ३८
आत्यन्तिकश्रेयसे त्वं जनानां रचयानघ ! । त्वत्कृतग्रन्थसर्वस्वं पुराणं केवलं रसम् ॥ ३९
यशः श्रीवासुदेवस्य तद्भक्तानां च तत्त्वतः । तत्र वर्णयतः शान्तिर्भविष्यति तवान्तरे ॥ ४०
श्रीमद्भागवतं नाम पुराणं रचयाधुना । तेन निःश्रेयसं नृणां त्वत्सन्तोषश्च सेत्स्यति ॥ ४१

---

**વ્યાસજીનો સંતાપ દૂર કરવા નારદજીના અંતરમાં ભગવાનની પ્રેરણા :-** હે રાજન્ ! તે સમયે દયાળુ, ઋષિઓના સ્વામી, નરભ્રાતા, ભગવાન શ્રીનારાયણઋષિએ બીજાને બોધ આપવામાં નિપુણ એવા નારદજીના અંતરમાં વ્યાસજીને બોધ આપવાની પ્રેરણા કરી.[૩૫] અનેક પ્રકારના વિચાર કરવા છતાં સંતાપનું કારણ નહિ જાણી શકવાથી શોકસાગરમાં ડૂબેલા વ્યાસમુનિ પાસે સર્વ દુઃખનું નિવારણ કરનારા નારદજી પધાર્યા.[૩૬] વ્યાસજીએ અર્ઘ્યાદિકથી નારદજીનું પૂજન કર્યું. ત્યારપછી પોતાના અસંતોષનું કારણ પૂછ્યું ત્યારે સર્વજ્ઞ તેમજ ભગવાનને વહાલા નારદમુનિ વ્યાસજી પ્રત્યે કહેવા લાગ્યા.[૩૭] નારદજી કહે છે, હે વ્યાસમુનિ ! જીવોને આત્યંતિક કલ્યાણનો બોધ કરાવવા માટે તમારો આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ થયો છે. જેને માટે તમે પ્રગટ થયા છો. તે કામ તમે સારી રીતે કર્યું નથી. તેથી તમારા અંતરમાં અપૂર્ણતાનો સંતાપ થઇ રહ્યો છે.[૩૮] હે નિષ્પાપ મહર્ષિ ! તમે જીવાત્માઓના કેવળ આત્યંતિક કલ્યાણને માટે સમસ્ત ગ્રંથોના સારભૂત અને કેવળ ભગવદ્ રસપરાયણ પુરાણની રચના કરો.[૩૯] તે પુરાણમાં કેવળ શ્રીવાસુદેવ ભગવાન અને તેમના ભક્તોના યશનું જ તત્ત્વપૂર્વક યથાર્થ નિરૂપણ કરો. તો તમારા અંતરમાં શાંતિ થશે.[૪૦]

હે મહામુનિ ! તમે અત્યારે જ શ્રીમદ્ભાગવત નામના મહાપુરાણની રચના કરો. તેનાથી જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ થશે. જે તમારા સંતોષનું કારણ સિદ્ધ થશે.[૪૧] આવી બદરિપતિ ભગવાન શ્રીનારાયણની આજ્ઞા છે. હે ઉત્તમ નૃપતિ ! આ પ્રમાણેનો વ્યાસજીને ઉપદેશ આપી નારદજી ત્યાંથી વિદાય

आज्ञा नारायणस्येत्थं भवतीत्युपदिश्य तम् । जगाम नारदः सोऽथ तद्व्यधित्सत्समाधिना ॥ ४२
वेदान्स्मृतीश्चेतिहासान्पुराणानि च सर्वशः । सूत्राणि काव्यान्यामथ्य बुद्ध्या तत्सारमाददे ॥ ४३
स्वानुभूतिसहायेन तेन भागवताभिधम् । स चकार महायोगी पुराणं मुक्तवाञ्छितम् ॥ ४४
क्षीराब्धावोषधीः सर्वा मथित्वा मन्दराद्रिणा । यथोदपादयद्विष्णुः पीयूषं स तथैव तत् ॥ ४५
अन्तर्हिते भूमिप ! वासुदेवे भुवस्तलादाश्रय एतदासीत् ।
सहान्वयस्यापि निराश्रयस्य धर्मस्य लोकेषु पुराणमेव ॥ ४६

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे सहेतुकभागवतोत्पत्तिनिरूपणनामा द्वितीयोऽध्यायः ॥ २ ॥*

---

થયા. ત્યારપછી વ્યાસજીએ સમાધિદ્વારા શ્રીમદ્ભાગવત મહાપુરાણ રચવાની ઈચ્છા કરી.[૪૨] સૌ પ્રથમ વ્યાસજીએ ચાર વેદ, સર્વે સ્મૃતિઓ, મહાભારત આદિક ઈતિહાસો, સમગ્ર પુરાણો, શારીરિક બ્રહ્મસૂત્રો, તેમજ રામાયણાદિ મહાકાવ્યોનું પોતાની બુદ્ધિથી વારંવાર મંથન કરીને તેના સારરૂપ અર્થનું તારણ બહાર કાઢ્યું.[૪૩] ત્યારપછી મહાયોગી વ્યાસજીએ પોતાની અનુભૂતિના જ્ઞાનની સાથે વેદાદિના સારરૂપ તારણ કરેલા જ્ઞાનને સાથે મેળવીને બ્રહ્મભાવને પામેલા ભગવાનના એકાંતિક મુક્તોને સદાય ઈચ્છવા યોગ્ય અને સેવન કરવા યોગ્ય શ્રીમદ્ ભાગવત નામના મહાપુરાણની રચના કરી.[૪૪] જેવી રીતે ભગવાન વિષ્ણુએ મંદ્રાચળના રવૈયાથી મંથન કરી અગાધ સમુદ્રમાંથી સર્વે ઔષધીઓ સહિત અમૃતનું પણ સંપાદન કર્યું હતું. તેવી જ રીતે મહામુનિ વ્યાસજીએ સર્વશાસ્ત્રોરૂપ સમુદ્રમાંથી શ્રીમદ્ભાગવતરૂપ સારનું સંપાદન કર્યું.[૪૫]

હે રાજન્ ! શ્રીવાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વી પરથી જ્યારથી અંતર્ધાન થયા ત્યાર પછીથી મનુષ્યોમાં પોતાના વંશે સહિત ધર્મ નિરાધાર થયો હતો. તે ધર્મને આ શ્રીમદ્ભાગવતની રચના થતાં આશરો પ્રાપ્ત થયો. અત્યારે ધર્મ આ પુરાણને આશરે રહેલો છે.[૪૬]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે શ્રીમદ્ભાગવત મહાપુરાણની ઉત્પત્તિના કારણનું નિરૂપણ કર્યું, એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. ––૨––**

## तृतीयोऽध्यायः - ३

**श्री नारायणमुनिरुवाच –**

सारेऽस्मिन्सर्वशास्त्राणां श्रीमद्भागवताभिधे । साङ्ख्यसूत्रोदितो ह्यर्थो योगसूत्रोदितस्तथा ॥ १
ब्रह्मसूत्रोदितश्चार्थो वेदान्तार्थश्च भूपते ! । विस्तराद्वर्णितोऽस्त्येव भगवद्भक्तिवृद्धये ॥ २
श्रीकृष्णो हि चतुर्व्यूहो वासुदेवादिसंज्ञकः । वर्णितः पञ्चरात्रेण पुरुषाद्यवतारधृत् ॥ ३
तस्य स्वरूपविज्ञानं तस्मिन्भक्तिश्च नैष्ठिकी । नैष्कर्म्ये कर्म तत्प्रीत्यै वैराग्यमितरत्र च ॥ ४
तथा तस्यावताराणां जन्मकर्माणि यान्यपि । तेषां दिव्यतया ज्ञानं तद्भक्तेष्वेव सौहृदम् ॥ ५
तथात्मरूपविज्ञानं सम्यङ्नृणां भवेदिति । एतान्येवात्र विस्तार्य बहुधाऽवर्णयन्मुनिः ॥ ६
एतं गुह्यतमं त्वर्थं श्रीमद्भागवतस्थितम् । न हि सर्वे विजानन्ति जानन्ति विरला बुधाः ॥ ७

---

# અધ્યાય - ૩

## ભગવાન શ્રીહરિએ રહસ્યનું ઉદ્‍ઘાટન કરી શ્રીમદ્‌ભાગવતના માહાત્મ્યનું વર્ણન કર્યું.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે ઉત્તમ ભૂપતિ ! સર્વ શાસ્ત્રના સારભૂત આ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણને વિષે સાંખ્યસૂત્રમાં, યોગસૂત્રમાં, બ્રહ્મસૂત્રમાં અને ઉપનિષદોમાં વર્ણન કરેલો વેદાંતનો અર્થ એક ભગવાનની ભક્તિની વૃદ્ધિ થાય તે માટે જ વિસ્તારથી વર્ણન કરેલ છે.[૧-૨] શ્રીવાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ આ નામથી પ્રસિદ્ધ ચતુર્વ્યૂહ સ્વરૂપવાળા તેમજ પુરુષાવતારને ધારણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનનું પંચરાત્રશાસ્ત્રમાં જે વર્ણન કરેલું છે. તેનું અહીં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.[૩]

હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું વિજ્ઞાન અને તેમને વિષે એક નિષ્ઠાવાળી દૃઢ ભક્તિ તેમ જ તેમને જ રાજી કરવા માટે તેમની પૂજા આદિકના લક્ષણવાળું નિષ્કામ કર્મ, શ્રીકૃષ્ણ ભગવાન સિવાય ઈતર વસ્તુમાં વૈરાગ્ય, તેમના જ અવતારોના જન્મ અને કર્મનું દિવ્યજ્ઞાન, તેમના ભક્તોમાં સખાભાવ, તેમજ આત્મસ્વરૂપનું વિજ્ઞાન મનુષ્યોને સારી રીતે થાય તે હેતુથી આ ઉપરોક્ત સર્વે બાબતોનું બહુ પ્રકારે આ શ્રીમદ્‌ભાગવતને વિષે વ્યાસમુનિએ વિસ્તારથી વર્ણન કર્યું છે.[૪-૬] શ્રીમદ્ ભાગવતને વિષે રહેલા ઉપરોક્ત ગુપ્ત રહસ્યના અર્થને સર્વે વક્તાઓ કે શ્રોતાઓ જાણી શકતા નથી. પરંતુ ભગવાનના એકાંતિક ભક્તો જ આ રહસ્યને જાણી શકે છે.[૭] તેમાં જે શ્રોતા કે વક્તા પોતપોતાના ધર્મમાં દૃઢ વર્તતા

श्रोतारो वापि वक्तारो ये स्वधर्मेषु संस्थिताः । पञ्चस्वपि विरक्ता ये विषयेष्वात्मवेदिनः ॥ ८
नराकृतिं वासुदेवमनन्तैश्वर्यमण्डितम् । ज्ञात्वैव तत्र भक्तिं ये नैष्ठिकीं कुर्वते नराः ॥ ९
सौहार्दे सात्त्वतेष्वेव निर्दम्भं ये च कुर्वते । त एवैतद्रहस्यं हि जानन्ति नृप ! नेतरे ॥ १०
एतैस्तु लक्षणैर्युक्ता अदक्षा अपि लौकिके । अनधीतानेकशास्त्रा अप्येतच्छ्रवणाद्विदुः ॥ ११
एतल्लक्षणहीना येऽधीतशास्त्रचया अपि । निपुणा व्यवहारेषु कुर्वन्तो गुरुतामपि ॥ १२
यावज्जीवमधीयानाः शृण्वन्तो वै तदन्वहम् । रहस्यं नैव जानन्ति लभन्ते प्रेम न प्रभौ ॥ १३
ज्ञात्वा वै तत्सतां वक्त्रान्न वर्तन्ते तथा च ये । तेऽप्यज्ञतुल्या विज्ञेया भक्त्या सेव्यमिदं ततः ॥ १४
पुराणस्येदृशस्यास्य ज्ञानादज्ञानतोऽपि वा । श्रवणं पठनं वापि ये कुर्युर्मानवा भुवि ॥ १५

---

હોય, શબ્દાદિ પાંચ વિષયોમાં વિરક્ત હોય, જે આત્માના સ્વરૂપને જાણનારા હોય અને આત્મનિષ્ઠામાં વર્તતા હોય તેમજ મનુષ્યાકૃતિમાં રહેલા શ્રીકૃષ્ણ ભગવાનને અનંત ઐશ્વર્યોથી સુશોભિત જાણી તેમની જ એક નિષ્ઠાવાળી ભક્તિ કરતા હોય અને વળી જે શ્રોતા અને વક્તા એ જ શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક ભક્તોને વિષે નિર્દંભપણે મિત્રતા કરતા હોય, તે જ શ્રીમદ્‌ભાગવતના પૂર્વોક્ત ગૂઢ અભિપ્રાયને જાણી શકે છે.[૭-૧૦]

હે રાજન્ ! આ ધર્મનિષ્ઠા આદિક લક્ષણોવાળા મનુષ્યો ભલેને લૌકિક વ્યવહારમાં નિપુણ ન હોય તેમજ અનેક શાસ્ત્રોનો અભ્યાસ પણ ન કર્યો હોય છતાં પણ તેઓ આ શ્રીમદ્‌ભાગવતના રહસ્યને શ્રવણમાત્રથી જ જાણી શકે છે.[૧૧] તેમ જ પૂર્વે કહેલા ધર્મનિષ્ઠા આદિક લક્ષણોથી રહિત હોય ને તે પછી વેદાદિ શાસ્ત્રોને ભણેલા હોય તથા લોકવ્યવહારમાં પણ બહુ ચતુર હોય, તેમ જ મનુષ્યોના ગુરુ સ્થાને બેઠા હોય, જીવન પર્યંત પ્રતિદિન આ મહાપુરાણનું અધ્યયન કે શ્રવણ કરતા હોય તે પુરુષો પણ આના રહસ્યને જાણી શકતા નથી. અને તેઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રેમરૂપ એકાંતિકી ભક્તિ પણ પ્રાપ્ત થતી નથી.[૧૨-૧૩] હે રાજન્ ! જે પુરુષો ઉપરોક્ત શ્રીમદ્ ભાગવતના રહસ્યને ભગવાનના એકાંતિક સંતોના મુખથકી જાણીને તેને અનુસાર વર્તન કરતા નથી, તે પુરુષો વિદ્વાન હોવા છતાં અજ્ઞાની પુરુષો જ કહેલા છે. તેથી ભગવાનને વિષે ગાઢ અનુરાગપૂર્વકની ભક્તિથી જ આ શ્રીમદ્‌ભાગવતનું સેવન, પઠન, પાઠન, શ્રવણ કરવું.[૧૪] આવા મહિમાવાળા આ મહાપુરાણનો જાણે કે અજાણે જે કોઈ મનુષ્યો પાઠ કે શ્રવણ કરે છે.[૧૫] તે મનુષ્યો આ પૃથ્વી પર તત્કાળ સમગ્ર પાપથકી મુક્ત થઈ જાય છે. અને જો ફરી પાપ ન કરે તો ભવબંધનમાંથી પણ મુક્ત થઈ જાય છે.[૧૬]

सद्यस्ते पापनिर्मुक्ता भवेयुर्यदि ते पुनः । न कुर्युः पातकं तर्हि मुक्ताः स्युर्भवबन्धनात् ॥ १६
चिरन्तनाया वृद्धाया महापापभहारुजः । त्यक्ताया निष्कृतैर्वैद्यैरिदमेवामृतं हितम् ॥ १७
रहस्यमेतत्परमं कृत्वा व्यासो निजात्मजम् । पुराणं श्रेयसे नृणां शुकं स त्वध्यजीगपत् ॥ १८
दयालुः स शुकः प्राह गङ्गातीरे परीक्षितम् । प्रायोपविष्टं नृपतिं महर्षिगणसंसदि ॥ १९
ततः प्रवृत्तिरभवद्भूतलेऽस्य नराधिप ! । श्रीमद्भागवतस्येति श्रेष्ठमेतत्प्रकीर्तितम् ॥ २०
आकृष्णनिर्गमात्त्रिंशद्वर्षावधि गते कलौ । नवमीतो नमस्ये च कथारम्भं शुकोऽकरोत् ॥ २१
सप्तभिर्दिवसैः सर्वे सार्थं चाचकथत्स तत् । प्रौष्ठपद्यां पौर्णमास्यां पुराणं तत्समापयत् ॥ २२
वेदादीनां साररूपा यतो भागवती कथा । अत्युत्तमा ततो भाति सेवनीयैव सर्वथा ॥ २३

---

આ શ્રીમદ્‌ભાગવત એક અમૃતરૂપ ઔષધિ છે. તે બહુ કાળથી ઉદ્‌ભવેલા અને તેથી જ જૂનાં થઇ ગયેલાં તેમજ પ્રાયશ્ચિતરૂપી વૈદ્યોએ બતાવેલા ઉપાયોથી પણ નિવૃત્ત ન થવાથી છોડી દીધેલાં મહાપાપરૂપ રોગનું નિવારણ કરે છે.[૧૭] ભગવાન વ્યાસજીએ પરમ રહસ્યરૂપ આ મહાપુરાણની રચના કરી મનુષ્યોના કલ્યાણને માટે પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું.[૧૮] દયાળુ એવા શુકદેવજીએ ગંગાના કાંઠે મહર્ષિઓના સમૂહોએ યુક્ત મહાસભામાં અનશન વ્રત લઈને બેઠેલા પરીક્ષિત રાજાને સંભળાવ્યું.[૧૯] ત્યારપછી આ શ્રીમદ્‌ભાગવત પુરાણની આ પૃથ્વીપર પ્રવૃત્તિ થઈ. આવો આનો મહિમા હોવાથી તે પૃથ્વીપર સર્વ કરતાં શ્રેષ્ઠ કહેલું છે.[૨૦] હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે આ પૃથ્વીપરથી અંતર્ધાન થયા પછી કળિયુગનાં ત્રણસો વર્ષ પસાર થઇ ગયાં પછી, ભાદરવા મહિનાની શુક્લ નવમીએ શુકદેવજીએ પરીક્ષિત આગળ આ કથાનો પ્રારંભ કર્યો હતો.[૨૧] આ રીતે શુકદેવજીએ સાત દિવસમાં અર્થે સહિત પ્રથમ સ્કંધથી બારમા સ્કંધ સુધીની સમગ્ર કથા કરી ભાદરવા મહિનાની પૂનમના દિવસે તેમની સમાપ્તિ કરી હતી.[૨૨]

આ ભાગવતની કથા વેદાદિ સકલ શાસ્ત્રના સારરૂપ છે. તેથી અતિશય ઉત્તમ છે. અને સર્વજનોને સર્વપ્રકારે સેવવા યોગ્ય છે.[૨૩] જેવી રીતે દૂધમાં રહેલા ઘીનો અલગથી સ્વાદ માણવો મનુષ્યને માટે શક્ય નથી. પરંતુ એ ઘીને જ્યારે દૂધમાંથી જુદૂં કરવામાં આવે છે ત્યારે કર્પૂરની જેમ રમણીય દિવ્ય ભાવને પામી દેવતાઓના સ્વાદરસમાં વૃદ્ધિ કરનારું થાય છે. તો પછી મનુષ્યોની તો શું વાત કરવી ?[૨૪] વળી તેવી જ રીતે શેરડીના સાંઠામાં આદિ, મધ્યે અને અંતે સર્વત્ર વ્યાપીને સાકર રહેલી છે. પરંતુ જ્યારે તે સાંઠાથી અલગ થાય છે, ત્યારે જ અતિશય મીઠાશને ધારણ કરે છે. તેવીજ રીતે આ શ્રીમદ્‌ભાગવતની કથારૂપ અલગ થયેલો

यथा दुग्धे स्थितं सर्पिर्नास्वादायोपकल्पते । पृथग्भूतं तु तद्दिव्यं देवानां रसवर्धनम् ॥ २४
इक्षूणामादिमध्यान्तं शर्करा व्याप्य तिष्ठति । पृथग्भूतैव सा मिष्टा तथा भागवती कथा ॥ २५
कालव्यालमुखग्रासत्रासनिर्नाशहेतवे । श्रीमद्भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ॥ २६
एतस्मादपरं किञ्चिन्मनः शुद्ध्यै न विद्यते । जन्मान्तरीयपुण्यौघै शुश्रूषा तस्य सम्भवेत् ॥ २७
परीक्षिते कथां वक्तुं सभायां संस्थिते शुके । सुधाकुम्भं गृहीत्वैव देवास्तत्र समाययुः ॥ २८
शुकं नत्वावदन्सर्वे स्वकार्यकुशलाः सुराः । कथासुधां प्रयच्छ त्वं गृहीत्वैव सुधामिमाम् ॥ २९
एवं विनिमये जाते सुधा राज्ञा प्रपीयताम् । प्रपास्यामो वयं सर्वे श्रीमद्भागवतामृतम् ॥ ३०
क्व कथा क्व सुधा लोके क्व काचः क्व महामणिः । ब्रह्मरातो विचार्येत्थं ततो देवान् जहास सः ॥ ३१
अयोग्यांस्तांस्तु विज्ञाय न ददौ स कथामृतम् । एवं भागवती वार्ता देवानामपि दुर्लभा ॥ ३२

---

વેદાદિ સત્શાસ્ત્રનો સાર સર્વોત્તમ છે.[૨૫] હે રાજન્ ! આ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર છે તે કાળરૂપી મહાઅજગરના મુખમાં પડેલા મનુષ્યોના ત્રાસનો વિનાશ કરવામાં હેતુભૂત છે. તેથી આ કળિયુગને વિષે શુકદેવજીએ તેનું ગાન કર્યું છે.[૨૬] મનની શુદ્ધિને માટે આ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર સમાન બીજું કોઇ શાસ્ત્ર જ નથી. જન્મોજન્માંતરથી ભેળાં થયેલાં પુણ્યના પ્રતાપથી જ આ શ્રીમદ્ભાગવતની કથાશ્રવણ કરવાની ઇચ્છા જન્મે છે.[૨૭]

હે રાજન્ ! બ્રહ્મર્ષિ, દેવર્ષિ, રાજર્ષિ, આદિક અઠ્યાશીહજાર મહર્ષિઓની સભામાં જ્યારે શુકદેવજી પરીક્ષિતરાજાને કથા કહેવા લાગ્યા, ત્યારે અમૃતનો કળશ લઇ દેવતાઓ ત્યાં આવ્યા.[૨૮] પોતાના સ્વાર્થનું કાર્ય કરવામાં કુશળ સર્વે દેવતાઓ શુકદેવજીને પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે અમારી પાસેથી આ અમૃતકુંભનો સ્વીકાર કરો અને અમને કથારૂપી અમૃતનું દાન કરો.[૨૯] આવા પ્રકારનો વિનિમય કરવાથી અમે આપેલા અમૃતનું પાન પરીક્ષિત રાજા કરશે અને અમે શ્રીમદ્ભાગવતામૃતનું પાન કરીશું.[૩૦] હે રાજન્ ! દેવતાઓનું આવા પ્રકારનું વચન સાંભળી આલોકમાં ક્યાં કાચનો કટકો અને ક્યાં ચિંતામણિ જેવો મહામણિ ? તેવી જ રીતે ક્યાં સુધામૃત અને ક્યાં શ્રીમદ્ ભાગવતનું કથામૃત ? આ બેની તુલના કેમ કરી શકાય ? આવા પ્રકારનો વિચાર કરીને બ્રહ્મરાત શુકદેવજી દેવતાઓના મુખ સામે જોઇ તેની હાંસી કરવા લાગ્યા, ને દેવતાઓને વિષયાસક્ત ચિત્તવાળા જોઇ કથામૃત પાનને અયોગ્ય જાણી તેણે કથામૃત કરવા આપ્યું નહિ. આ રીતે આ શ્રીમદ્ભાગવતની કથા દેવતાઓને પણ દુર્લભ છે.[૩૧-૩૨]

राज्ञो मोक्षं ततो वीक्ष्य स्वयं ब्रह्मापि विस्मितः । सत्यलोके तुलां बध्वा शास्त्रजातमतोलयत् ॥ ३३
लघून्यन्यानि जातानि गुरु त्वेकमिदं महत् । तदा ऋषिगणाः सर्वे विस्मयं परमं ययुः ॥ ३४
मेनिरे ते हरे रूपं शास्त्रं भागवतं ततः । पठनाच्छ्रवणात्सद्यो वैकुण्ठफलदायकम् ॥ ३५
एतं वृत्तन्तमाश्रुत्य सर्वे त्रैलोक्यवासिनः । श्रेयस्कामास्तदेवैकमाद्रियन्त न चापरम् ॥ ३६
निवृत्तिमार्गस्याचार्याः कपिलः सनकादयः । इदमेवान्द्रियन्ते स्म पुराणं परया मुदा ॥ ३७
प्रवृत्तिमार्गस्याचार्या मरीचिप्रमुखास्तथा । इदमेवादरान्नित्यं जगृहुः शुभकर्मसु ॥ ३८
श्वेतद्वीपे निरन्ना ये मुक्ताश्च बदरीवने । ऋषयस्तेऽप्येतदेव प्राधान्येन सिषेविरे ॥ ३९
श्रुतिस्मृतिपुराणानि निराधाराणि तर्हि तु । ब्रह्माणमेत्य शरणं प्रोचुः शोककृशानि च ॥ ४०
देवदेव ! जगद्धातस्त्वमस्माकमधीश्वरः । भवसीति परं कष्टमस्माकं श्रोतुमर्हसि ॥ ४१

---

હે રાજન્ ! પછી પરીક્ષિત રાજાનો શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાથી મોક્ષ થયેલો જોઈને સ્વયં બ્રહ્માજી પણ દેવતાઓએ સહિત અતિશય આશ્ચર્ય પામ્યા ને સત્યલોકમાં તુલા બાંધીને સર્વે શાસ્ત્રના સમૂહને તોલવામાં આવ્યો.[૩૩] તે સમયે અન્ય શાસ્ત્રો વજનમાં અતિશય થોડા વજનવાળાં થયાં અને શ્રીમદ્ભાગવતશાસ્ત્ર તો બહુ ભારે વજનવાળું સાબિત થયું. તે જોઈ બ્રહ્મલોક નિવાસી સર્વે મુનિઓ પણ અતિશય વિસ્મય પામ્યા.[૩૪] પછી સર્વે ઋષિમુનિઓ શ્રીમદ્ભાગવત શાસ્ત્રને ભગવાન શ્રીહરિનું મૂર્તિમાન અપર સ્વરૂપ માનવા લાગ્યા. તેમ જ તેમના અધ્યયનથી તથા કથાશ્રવણથી તત્કાળ વૈકુંઠલોકની પ્રાપ્તિરૂપ ફળને આપનારું માનવા લાગ્યા.[૩૫] સત્યલોકમાં બ્રહ્માજીએ સર્વ શાસ્ત્રની કરેલી તુલનાનું વૃત્તાંત સાંભળીને પોતાનું કલ્યાણ ઈચ્છતા ત્રિલોકવાસી સર્વે જનો એક શ્રીમદ્ભાગવતને જ આદર આપવા લાગ્યા.[૩૬] નિવૃત્તિમાર્ગના આચાર્યો કપિલદેવજી તથા સનકાદિકો પણ પરમ હર્ષથી આ શ્રીમદ્ભાગવતનો જ આદર કરવા લાગ્યા.[૩૭] તેમજ પ્રવૃત્તિ માર્ગના આચાર્યો મરિચ્યાદિ સર્વે મુનિઓ પણ શુભ કાર્યમાં આદરપૂર્વક નિત્ય સ્વીકાર કરવા લાગ્યા.[૩૮]

હે રાજન્ ! શ્વેતદ્વિપધામ નિવાસી નિરન્નમુક્તો તથા બદરિકાશ્રમવાસી ઋષિમુનિઓ પણ આ જ શ્રીમદ્ભાગવત મહાપુરાણનું જ પ્રધાનપણે અધ્યયન તથા શ્રવણ કરી સેવન કરવા લાગ્યા.[૩૯] તેના કારણે નિરાધાર થયેલાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણો, રામાયણ, પંચરાત્ર આદિ શાસ્ત્રો શોકથી કૃશ થયાં, અને બ્રહ્માજીને શરણે જઈ કહેવા લાગ્યાં કે હે દેવોના દેવ ! હે જગતના વિધાતા ! તમે જ એક અમારા

श्रीमद्भागवतस्यैव गुरुत्वात्सर्वशास्त्रतः । जाता प्रवृत्तिस्त्रैलोक्ये सर्वत्र शुभकर्मसु ॥ ४२
अस्मांस्तु कोऽपि दृष्ट्यापि न पश्यत्यादरात्प्रभो ! । अतो नामापि नो लोके न स्थातेत्येव भाति नः ४३
जीविताशां विहायैव ततस्त्वां शरणं गतान् । पातुमर्हसि नो धातर्यतस्त्वं लोकभावनः ॥ ४४
तान्याश्वास्य ततो ब्रह्मा श्रीमद्भागवतं प्रति । उवाचेमा ज्ञातयः स्वा नातिक्रम्यास्त्वयानघ ! ॥ ४५
त्वयैवैकाकिना तात ! विहायैतान्निजान्क्वचित् । न गम्यमिति मद्वाक्यं त्वं पालयितुमर्हसि ॥ ४६
तदा भागवतं प्राह तं प्रणम्य पितामहम् । अद्यप्रभृति वात्स्यामि पुराणानां हि मण्डले ॥ ४७
आधिक्यं न स्वतोऽभीष्टं ममास्तीत्यवगच्छ भोः । किन्तु त्वया तोलनेन व्यासेन च कृतं हि तत् ४८
साम्प्रतं च यथाऽऽज्ञा ते करिष्यामि तथा विभो ! । इति तस्य वचः श्रुत्वा प्रसन्नोऽभवदात्मभूः ४९
पुराणानां तु सङ्ख्यायां पञ्चम्यामेव तद्विधिः । पुराणं स्थापयामास श्रुतिदानार्चनादिषु ॥ ५०

---

અધીશ્વર છો. તેથી અમારું મહાદુઃખ તમે સાંભળો.[૪૦-૪૧] હે દેવ ! સર્વ શાસ્ત્રો કરતાં શ્રીમદ્ભાગવત શાસ્ત્રની શ્રેષ્ઠતા સિદ્ધ થતાં ત્રિલોકીને વિષે સર્વ પ્રકારના શુભકર્મોમાં હવે તેમની જ પ્રવૃત્તિ થાય છે.[૪૨] હે પ્રભુ ! અમારી સામે કોઈ પણ મનુષ્યો દૃષ્ટિ માંડીને આદરથી જોતાં પણ નથી. તેથી લોકમાં અમારા નામનું અસ્તિત્ત્વ પણ નહિ રહે, આવો અમારા મનમાં મોટો ભય ઉત્પન્ન થયો છે.[૪૩] હે ધાતા ! તેથી અમે જીવવાની આશા છોડી તમારે શરણે આવ્યાં છીએ. અમારું રક્ષણ કરો, કારણ કે, તમે લોકપાલક પિતા છો.[૪૪] હે રાજન્ ! સર્વે શાસ્ત્રોનાં વચન સાંભળી બ્રહ્માજીએ તેઓને આશ્વાસન આપ્યું અને શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર પ્રત્યે કહેવા લાગ્યા કે, હે નિષ્પાપ ! તમારે આ તમારા જ્ઞાતિજનોની મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.[૪૫] હે તાત ! તમારે આ પોતાના આત્મીયજનોનો ત્યાગ કરી એકલા ક્યાંય જવું નહિ. આટલું મારું વચન તમે પાલન કરો. તે સમયે પોતાનો મહિમા વધારનાર પિતામહ બ્રહ્માજી પ્રત્યે પ્રણામ કરી શ્રીમદ્ ભાગવતે કહ્યું કે, હે બ્રહ્મન્ ! આજ દિવસથી આરંભીને હું પુરાણોના મંડલ મધ્યે જ નિવાસ કરીને રહીશ.[૪૬-૪૭] સર્વ શાસ્ત્ર કરતાં અધિક શ્રેષ્ઠપણું મને પણ સ્વાભાવિક રીતે પ્રિય લાગતું નથી, એમ તમે નક્કી માનો. પરંતુ તમે જ તુલા કરીને મને સર્વ શાસ્ત્ર કરતાં શ્રેષ્ઠ જાહેર કર્યું છે. અને વ્યાસજી પણ મારી રચના કરી શાંતિને પામ્યા હોવાથી મારો અધિક મહિમા જાહેર થયો છે.[૪૮] છતાં હે પ્રભુ ! અત્યારે તમારી જેવી આજ્ઞા છે, તે પ્રમાણે જ હું વર્તન કરીશ. હે રાજન્ ! આવી રીતનું શ્રીમદ્ભાગવતનું વચન સાંભળી બ્રહ્માજી અતિશય પ્રસન્ન થયા.[૪૯] ત્યારપછી બ્રહ્માજીએ શ્રીમદ્

श्रुतिस्मृतिपुराणानि तदेवालम्ब्य तद्दिनात् । सर्वाणि पोषणं प्रापुः सर्वदा च तदन्वयुः ॥ ५१
श्रीमद्भागवतस्यास्य संश्रयाद्भूतलेऽखिले । विख्याता पञ्चमी सङ्ख्या शतादिभ्योऽप्यभूद्वरा ॥ ५२
तदिदं श्रीभागवतं पुराणं ब्रह्मसम्मितम् । सेव्यते पुरुषैर्धन्यैर्भूतलेऽत्र नराधिप ! ॥ ५३
धन्या भागवती वार्ता प्रेतपीडाविनाशिनी । सप्ताहोऽपि तथा धन्यः कृष्णलोकफलप्रदः ॥ ५४
रुदन्ति सर्वपापानि सप्ताहश्रवणक्षणे । अस्माकं प्रलयं सद्यः कथेयं हा !! करिष्यति ॥ ५५
आर्द्रे शुष्कं लघु स्थूलं वाङ्मनःकायसम्भवम् । श्रवणं प्रदहेत्पापं पावकः समिधो यथा ॥ ५६
अस्मिन्वै भारते वर्षे सूरिभिर्देवसंसदि । अकथाश्राविणां पुंसां निष्फलं जन्म कीर्तितम् ॥ ५७

---

ભાગવતપુરાણને અન્ય પુરાણોની મધ્યે અનુક્રમે શ્રવણ, દાન, પૂજન અને પુરશ્ચરણાદિકની બાબતમાં પાંચમા પુરાણ તરીકેની સ્થાપના કરી.[૫૦] તે દિવસથી આરંભીને સર્વે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણો તે શ્રીમદ્ ભાગવતનો આશ્રય કરી પોષણ પામવા લાગ્યાં ને અખંડ તેમનું અનુસરણ કરવા લાગ્યાં. (આ રીતે શ્રીમદ્ ભાગવતના સમગ્ર અર્થને જાણવા ઇચ્છતા વિદ્વાનોએ વેદ, ઇતિહાસ અને અન્ય પુરાણોનું પણ અવલોકન અવશ્ય કરવું જોઇએ એવો ભાવ અહીં પ્રગટ થાય છે).[૫૧]

હે રાજન્ ! આવા પ્રકારના અતિશય પ્રભાવશાળી શ્રીમદ્ ભાગવતનો આશ્રય કરવા માત્રથી સમસ્ત ભૂમંડળમાં પાંચની સંખ્યા પ્રસિદ્ધને પામીને એ સંખ્યા સો આદિકની સંખ્યા કરતાં પણ અતિશય શ્રેષ્ઠ મનાવા લાગી, ને લોકોમાં કહેવત પડી કે પાંચ ત્યાં પરમેશ્વર.[૫૨] હે રાજન્ ! પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને માન્ય કરેલાં આ શ્રીમદ્ ભાગવતપુરાણનું આ લોકમાં ભાગ્યશાળી પુરુષો જ સેવન કરી શકે છે.[૫૩] પ્રેતપીડાનો વિનાશ કરનારી શ્રીમદ્ ભાગવતની કથાને ધન્ય છે. તેમજ શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોકધામની પ્રાપ્તિરૂપ ફળને આપનારી આની સપ્તાહ-પારાયણને પણ ધન્ય છે.[૫૪] હે રાજન્ ! માનવને સાત દિવસ પર્યંત આ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાનો જ્યારે અવસર પ્રાપ્ત થાય છે ત્યારે તેનાં સર્વે પાપો અત્યંત ખેદ પામી રુદન કરે છે, કે હા ! ! ! હા ! ! ! આ કથા આપણો પ્રલય કરી નાખશે.[૫૫] અગ્નિ જેવી રીતે કાષ્ઠને બાળે છે, તેમજ આ શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ જાણે અજાણે કાયા, મન, વાણીથી થયેલાં નાનાં મોટાં પાપના સમૂહને બાળી નાખે છે.[૫૬] આ ભારત દેશમાં જન્મ મળ્યા પછી શ્રીમદ્ ભાગવતકથાનું શ્રવણ નહિ કરનારા મનુષ્યોના જન્મને દેવતાઓની સભામાં નારદાદિ મુનિઓએ નિષ્ફળ કહ્યો છે.[૫૭]

किं मोहतो रक्षितेन सुपुष्टेन बलीयसा । अध्रुवेण शरीरेण शुकशास्त्रकथां विना ॥ ५८
अस्थिस्तम्भं स्नायुबद्धं मांसशोणितलेपितम् । चर्मावनद्धं दुर्गन्धं पात्रं मूत्रपुरीषयोः ॥ ५९
जराशोकविपाकार्तं रोगाणां मन्दिरं परम् । दुष्पूरं च कृतघ्नं च सदोषं क्षणभङ्गुरम् ॥ ६०
कृमिविड्भस्मसंज्ञान्तं शरीरमिति वर्णितम् । तेन संसाधयेद्धीमान्स्वकार्ये यः स पण्डितः ॥ ६१
यत्प्रातः संस्कृतं चान्नं सायं तत्तु विनश्यति । तदीयरससम्पुष्टे काये का नाम नित्यता ॥ ६२
बुद्बुदा इव तोयेषु मशका इव जन्तुषु । जायन्ते मरणायैव कथाश्रवणवर्जिताः ॥ ६३
श्रीमद्भागवतं पुराणममलं यद्वैष्णवानां प्रियं यस्मिन् पारहंस्यमेकममलं ज्ञानं परं गीयते ।
यत्र ज्ञानविरागभक्तिसहितं नैष्कर्म्यमाविष्कृतं तच्छृण्वन् विपठन् विचारणपरो भक्त्या विमुच्येन्नरः ६४

---

હે રાજન્ ! જે શરીરથી શુકદેવજીએ કહેલી શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ ન થાય તો ખાનપાનાદિકથી પુષ્ટ કરેલા અને તેથી જ અતિશય બળવાન થયેલા તેમ જ વિનાશી સ્વભાવવાળા અને મોહથી લાલન-પાલન કરાતા આ માનવ શરીરનું શું પ્રયોજન છે ? કોઈ નહિ.[૫૮] આ શરીર અસ્થિ સ્થંભવાળું સ્નાયુથી બંધાયેલું તેમ જ માંસ અને રુધિરથી ભરેલું, ઉપરથી ચામડાથી મઢેલું, દુર્ગંધ મારતું, અંદર મળ અને મૂત્રથી ભરપૂર છે.[૫૯] જરા, શોક અને સતત પરિણામ પામવાના સ્વભાવથી પીડા પામનારું છે. રોગોનું તો મોટું ઘર છે. અંદર નિરંતર અન્ન જળાદિક નાખવા છતાં ભરાતું નથી. કૃતઘ્ની છે. કફ, વાત અને પિત્ત આ ત્રણ દોષોથી યુક્ત છે, ક્ષણભંગુર છે.[૬૦] અવસાન સમયે તે કીડા, વિષ્ટા, અને ભસ્મ આ ત્રણમાંથી કોઈ એક નામમાં પરિવર્તિત થનારૂં છે. આવા પ્રકારે શાસ્ત્રથી કે સ્વાનુભવથી આ શરીરનું વર્ણન કરી શકાય છે. આવા નાશવંત શરીરથી જે મનુષ્યો પોતાના આત્મકલ્યાણરૂપ પ્રયોજનને સિદ્ધ કરે એને જ શાસ્ત્રોમાં બુદ્ધિમાન અને પંડિત કહેલા છે.[૬૧]

હે રાજન્ ! જે અન્ન પ્રાતઃકાળે રાંધ્યું હોય તે સાયંકાળે વિનાસ પામે છે, તે ખાવા લાયક ન રહે તેવું વિકારી થઈ જાય છે. આવા અન્નરસથી જેનું પોષણ થતું હોય તેવા શરીરમાં શાશ્વત શું હોઈ શકે ?[૬૨] તેથી કથાનું શ્રવણ નહીં કરતા મનુષ્યો પાણીમાં થતા પરપોટા જેવા અને જંતુઓમાં મચ્છર જેવા છે કે જે જન્મવા ખાતર માત્ર જન્મે છે ને માત્ર વ્યર્થ મૃત્યુ પામી જાય છે.[૬૩]

હે રાજન્ ! આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણ નિર્દોષ છે. ભગવાનના એકાંતિક ભક્તોને અતિશય પ્રિય છે. જેમાં આત્મ સાક્ષાત્કાર પામેલા પરમહંસોને પણ પ્રાપ્ત કરવા યોગ્ય અનુપમ, વિશુદ્ધ અને પરમ ઉત્કૃષ્ટ એવું પરમાત્મા શ્રીકૃષ્ણ

इत्थं मया भागवतस्य तुभ्यं माहात्म्यमुक्तं नृपते ! तु तत्स्यात् ।
महाफलप्रापकमेव नृणां स्वधर्मयुग्भक्तिमतां सदैव ॥ ६५

*इति श्री सत्संङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे विशेषतः श्रीमद्भागवतमाहाग्म्यनिरूपणनामा तृतीयोऽध्यायः ॥ ३ ॥*

---

## चतुर्थोऽध्यायः - ४

**श्रीनारायणमुनिरुवाच –**

अथैतस्य पुराणस्य विधानं श्रवणस्य ते । कथयामि नृपश्रेष्ठ ! श्रोतृणां हितकारकम् ॥ १
आरम्भणीया स्वगृहे धनिकैः पुरुषैः कथा । अन्यैर्नरैस्तु संहत्य देवतामन्दिरादिषु ॥ २

---

ભગવાનના સ્વરૂપ સંબંધી જ્ઞાનનું વ્યાસમુનિએ પ્રતિપાદન કરેલું છે. વળી જેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત નિષ્કામ કર્મયોગનું સારી રીતે વર્ણન કરેલું છે. આવા મહિમાવાળા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનું ભક્તિભાવ પૂર્વક શ્રવણ, પાઠ કે ચિંતવન કરનાર મનુષ્ય સંસૃતિના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.[૬૪]

હે રાજન્ ! આ પ્રમાણે મેં તમને ભાગવતનું માહાત્મ્ય કહ્યું, તે માહાત્મ્ય સદાયને માટે ધર્મે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરનારા મનુષ્યોને જ મહાફળ આપનારૂં થાય છે. જેવી રીતે પથ્ય પાળનારા રોગીઓને જ ઔષધિ અસર કરે છે. તેમ ધર્મ પાળીને ભક્તિ કરે તો જ ફળદાયી થાય છે.[૬૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ શ્રીમદ્ભાગવત શ્રવણનું વિશેષ માહાત્મ્ય કહ્યું એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. --૩--**

---

## અધ્યાય - ૪

### ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજાને કહેલો શ્રીમદ્ભાગવતની કથામાં પૂજાવિધિનો વિસ્તાર.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે ઉત્તમ ભૂપતિ ! હવે હું તમને શ્રોતા જનોનું હિત કરતો પુરાણ-શ્રવણનો વિધિ કહું છું.[૧] ધનવાન પુરુષોએ પોતાના ઘરમાં કથા કરાવવી અને બીજા ભક્તજનોએ સાથે મળીને દેવમંદિર આદિકને

विवाहे यादृशं चित्तं स्वपुत्रस्य नृणां भवेत् । कथाप्रारम्भणे तादृक् कार्यमुत्साहितं नृप ! ॥ ३
निर्विघ्नेन समाप्यर्थमादौ गणपतिं यजेत् । सिन्दूरेण च दूर्वाभिः शुभैश्च गुडलड्डुकैः ॥ ४
प्रत्यहं संहितापाठं शृणुयाद्यदि पूरुषः । तदा तु भोजनात्पूर्वे सार्थं चेद्भोजनोत्तरम् ॥ ५
आनुकूल्यं यदि श्रोतुं नित्यं न स्यात्तदा नृप ! । अवश्यमेव शृणुयाच्चातुर्मास्ये तु पूरुषः ॥ ६
पौषमासं विनैकं तु प्रारम्भेऽस्याखिला अपि । मासाः पुण्यावहाः सन्ति मलमासश्च भूपते ! ॥ ७
मासेष्वेतेषु यत्र स्यात्स्वस्थता स्वस्य चेतसः । तस्मिन्भागवतं श्रव्यं पुराणं पापसङ्घहृत् ॥ ८
मासद्वयं वा शृणुयादुक्तमासेषु मानवः । भाद्रे नवम्यां वारभ्य कातकीपूर्णिमावधि ॥ ९
प्रारभ्योर्जनवम्यां वा माघ्यां तत्तु समापयेत् । तपोनवम्यां वारभ्य चैत्र्यन्तं शृणुयान्नरः ॥ १०

---

વિષે આ શ્રીમદ્ ભાગવતની કથા કરાવવી.[૨] હે રાજન્ ! પોતાના પુત્રના વિવાહમાં મનુષ્યને જેવો પોતાના મનમાં આનંદ અને ઉત્સાહ વર્તતો હોય તેવો ઉત્સાહ કથાના પ્રારંભમાં રાખવો.[૩] કથાની નિર્વિઘ્ન સમાપ્તિ થાય તેના માટે પ્રથમ સિંદૂર, દુર્વા, અને ઘી, સાકર યુક્ત લાડુથી ગણપતિજીનું પૂજન કરવું.[૪] હે રાજન્ ! શ્રોતાજનોએ પ્રતિદિન કેવળ જો અર્થ વિના શ્રીમદ્ ભાગવતના શ્લોકોનો પાઠ સાંભળવો હોય તો ભોજન પૂર્વે સાંભળવો અને અર્થે સહિત શ્લોકો સાંભળવા હોય તો ભોજન કર્યા પછી સાંભળવા. અને જો પોતાના સ્વાસ્થ્યમાં કોઈ વાંધો આવે તેમ ન હોય તો ભોજન પહેલાં કે પછી રાત્રી દિવસ જ્યારે પોતાનું ચિત્ત સ્વસ્થતા અનુભવતું હોય તેવા સમયે કથાનું શ્રવણ કરવું.[૫] જો દરરોજ કથા સાંભળવાની અનુકૂળતા ન હોય તો ચાતુર્માસમાં તો અવશ્ય કથા સાંભળવી.[૬] હે રાજન્ ! એક પોષમાસ વિના સર્વે મહિનાઓ ભાગવતની કથા-પ્રારંભમાં પુણ્ય આપનારા કહેલા છે. અધિકમાસ પણ પુણ્યદાયી કહેલો છે.[૭] આ સર્વે મહિનાઓની મધ્યે જે માસમાં પોતાનું ચિત્ત સ્વસ્થતા અનુભવતું હોય તે એક માસમાં પાપના સમૂહોને હરનારી આ મહાપુરાણની કથા સાંભળવી.[૮]

હે રાજન્ ! કહેલા મહિનાઓની મધ્યે બે મહિના સુધીની કથા મનુષ્યે સાંભળવી. અથવા ભાદરવા માસની સુદ નવમી તિથિથી પ્રારંભ કરાવીને કાર્તિકી પૂર્ણિમા સુધી છાસઠ દિવસ પર્યંતની કથાનું શ્રવણ કરવું.[૯] અથવા કાર્તિક સુદ નવમી તિથિથી પ્રારંભ કરાવીને માઘ મહિનાની પૂર્ણિમાની સમાપ્તિ કરાવવી. તથા માઘ સુદ નવમીની તિથિએ પ્રારંભ કરાવીને ચૈત્રમાસની પૂર્ણિમાની તિથિ સુધીની કથા સાંભળવી, જો એક સપ્તાહની જ કથા સાંભળવી હોય તો કહેલા મહિનાઓની

सप्ताहं शृणुयाद्यर्हि तदा तूक्तेषु मास्सु च । नवम्यादि पूर्णिमान्तमेकस्मिञ्छूणुयान्नरः ॥ ११
देशान्तरान्निजान् ज्ञातीनाह्वायेच्च सुहृज्जनान् । येषां तच्छ्रवणे श्रद्धा तांश्चारम्भदिनात्पुरा ॥ १२
देशे देशे विरक्ता ये वैष्णवा दम्भवर्जिताः । पत्रं तेभ्योऽपि संलेख्यमागतांस्तांश्च मानयेत् ॥ १३
अर्वाक्पञ्चाहतो यत्नादासनादीनि मेलयेत् । विशाला वसुधा यत्र कुर्यात्तत्र कथास्थलम् ॥ १४
कुर्वीत मण्डपं तत्र शुचौ स्थाने मनःप्रियम् । रम्भास्तम्भैश्च सद्वस्त्रैः फलैः पुष्पैश्च शोभनम् ॥ १५
तत्रोपवेशस्थानानि स्त्रीणां पुंसां यथोचितम् । व्यासासनं च रुचिरं रचयेच्चतुरो नरः ॥ १६
तस्मिन्पीठे पृथावुच्च मृदुले तु पुराणिनम् । संस्थापयेत्पुस्तकं च चतुरङ्गे निधारयेत् ॥ १७
ततः पुराणाधिदेवं कृष्णं भागवताकृतिम् । मन्त्रैः समर्चयेदेतैर्मुख्यः श्रोता कृताह्निकः ॥ १८
प्रथमादिद्वादशान्ताः स्कन्धा यस्य पदादयः । प्रोक्ता अवयवा दिव्यास्तं कृष्णं चिन्तयाम्यहम् ॥ १९

**મધ્યે કોઈ એક મહિનાની સુદ નવમી તિથિએ પ્રારંભ કરાવી પૂર્ણિમાની તિથિ સુધી મનુષ્યે કથા સાંભળવી.[૧૧] હે રાજન્ ! જે પોતાના જ્ઞાતિજનોને અને મિત્રજનોને શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવામાં શ્રદ્ધા હોય તેવા સૌને કથા પ્રારંભના પહેલા દિવસે જ દેશાંતરોમાંથી બોલાવી લેવા. તેમજ કથા સાંભળવાની શ્રદ્ધા ધરાવતા અન્ય જનોને પણ આમંત્રણ આપી કથાનો લાભ આપવો.[૧૨] તે સમયે જુદા જુદા દેશોમાં નિવાસ કરતા, વૈરાગ્યવાન તેમજ દંભે રહિત વર્તતા જે વૈષ્ણવ ભક્તો હોય કે સંતો હોય તેમને પણ પત્ર લખીને બોલાવવા, અને કથાનું શ્રવણ કરવા આવેલા તે સર્વેને અન્ન જળ નિવાસાદિ અર્પણ કરીને સત્કારવા.[૧૩]**

**હે રાજન્ ! કથાના પ્રારંભ દિવસથી પાંચ દિવસ પહેલાં પ્રયત્નપૂર્વક આસન આદિ કથામાં ઉપયોગી સર્વે સામગ્રી ભેળી કરવી, જે પ્રદેશમાં વિશાળ ભૂમિ હોય ત્યાંજ કથા સ્થળનું આયોજન કરવું.[૧૪] તે પવિત્ર વિશાળ જગ્યામાં કેળાના સ્તંભ, સુંદર વસ્ત્રો, ફળ, પુષ્પાદિક વડે સુશોભિત કરાયેલા અને મનને ગમે તેવા કથામંડપની રચના કરવી.[૧૫] તે વિશાળ સભામંડપમાં ચતુર પુરુષોએ, સ્ત્રીઓ અને પુરુષોને બેસવાનાં સ્થાનો ગોઠવવાં તેમજ વ્યાસપીઠની પણ મનોહર રચના કરવી.[૧૬] હે રાજન્ ! સર્વશ્રોતાજનોના આસનથી ઊંચી વિશાળ અને કોમળ એવી વ્યાસપીઠ ઉપર પુરાણીને બેસાડવા અને વ્યાસાસનથી પણ થોડા ઊંચા ચાર પાયાવાળા વસ્ત્ર બિછાવેલા બાજોઠ ઉપર પુસ્તક પધરાવવું.૧૭ ત્યારપછી સવારનો સ્નાનાદિ નિત્ય વિધિ પૂર્ણ કરીને આવેલા મુખ્ય શ્રોતાએ શ્રીમદ્ ભાગવત પુરાણના અધિદેવતા અને ભાગવત સ્વરૂપે રહેલા શ્રીકૃષ્ણ ભગવાનનું આગળ કહેલા મંત્રોથી પૂજન કરવું.[૧૮]**

नवीननीरदोद्रिक्तश्यामसुन्दरविग्रहम् । शरत्पार्वणचन्द्राभाविनिन्दास्यमनुत्तमम् ॥ २०
शरत्सूर्योदयाब्जानां प्रभामोचनलोचनम् । स्वाङ्गसौन्दर्यशोभामी रत्नभूषणभूषणम् ॥ २१
गोपीलोचनकोणैश्च प्रसन्नैरतिवक्रितैः । शश्वन्निरीक्ष्यमाणं तत्प्राणैरिव विनिर्मितम् ॥ २२
स्वार्चापररमाराधादृक्चकोरसुधाकरम् । सद्रत्नसारनिर्माणकिरीटोज्ज्वलशेखरम् ॥ २३
विनोदमुरलीहस्तं सेवितं च सुरासुरैः । कौस्तुभोद्भासितोरस्कं तमीश्वरमहं भजे ॥ २४
कलिकल्मषनाशाय प्रादुर्भूतं कृपाभरात् । श्रीमद्भागवताकारं कृष्णमावाहयाम्यहम् ॥ २५
सिंहासनमिदं कृष्ण ! स्वर्णरत्नविनिर्मितम् । तव प्रीतिकरं दत्तं गृहाण कृपया प्रभो ! ॥ २६
अनन्य भावाश्रयिणां संसारार्णवतारक ! । पाद्यं गृहाण देवेश ! श्रीकृष्ण ! कृपया मयि ॥ २७

---

**ધ્યાન** :– હે રાજન્ ! સૌ પ્રથમ ધ્યાન કરવું કે પ્રથમ સ્કંધથી આરંભીને બારમા સ્કંધ સુધીના સર્વે સ્કંધોને શ્રીકૃષ્ણ ભગવાનનાં સુંદર ચરણાદિક અવયવો કહ્યાં છે. તે બારે સ્કંધ સ્વરૂપે રહેલા શ્રીકૃષ્ણ ભગવાનનું હું ધ્યાન કરૂં છું.[૧૯] તે શ્રીકૃષ્ણ ભગવાનનું શરીર નવીન મેઘની સમાન શ્યામ સુંદર છે. મુખની શોભા શરદઋતુના પૂર્ણિમાના ચંદ્રની કાંતિનો પણ તિરસ્કાર કરે તેવી સર્વોત્તમ છે.[૨૦] બન્ને નેત્રકમળ શરદઋતુમાં સૂર્યોદયથી વિકાશ પામતા કમળ પાંખડીની શોભાને પણ શરમાવે તેવાં સુંદર છે. પોતાના અંગેઅંગના સૌંદર્યની શોભા ધારણ કરેલાં રત્નજડિત આભૂષણોને પણ શોભાવે છે.[૨૧] આવા અનુપમ સૌંદર્યનું દર્શન અતિશય પ્રસન્ન ચિત્તે તથા વક્ર દૃષ્ટિથી ગોપીઓ વારંવાર કરી રહી છે. જેથી ગોપીજનોના પ્રાણથી જ જાણે એમના અંગોમાં લાવણ્યતા સર્જાતી હોય તેમ શોભે છે.[૨૨] પોતાનું પૂજન કરવા તત્પર થયેલી રાધા અને લક્ષ્મીજીના નેત્રોરૂપી ચકોરને આકર્ષવામાં એ લાવણ્યતા ચંદ્રમાની જેમ શોભી રહી છે. વળી સુંદર રત્નજડિત મુગટમાં ધારણ કરેલા તોરાઓથી એ ભગવાનનું સ્વરૂપ અતિશય શોભી રહ્યું છે.[૨૩] વિનોદને માટે મોરલી હાથમાં ધારણ કરી છે, ભક્તિથી દેવતાઓ અને ભયથી અસુરો સદાય એમનું સેવન કરે છે. જેમનું વક્ષઃસ્થળ કૌસ્તુભ મણિથી શોભી રહ્યું છે. આવા સકલ ઐશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ ભગવાનનું હું કાયા, મન, વાણીથી ભજન કરું છું.[૨૪]

**ષોડશોપચારથી પૂજા** :– હે પ્રભુ ! કળિયુગના દોષના વિનાશને માટે અતિશય દયાભાવથી પ્રાદુર્ભાવ પામેલા શ્રીમદ્ભાગવત શાસ્ત્રરૂપી આપ શ્રીકૃષ્ણ ભગવાનનું હું આવાહન કરું છું.[૨૫] હે શ્રીકૃષ્ણ ! હે પ્રભુ ! સુવર્ણનું રત્ન જડિત અને તમને પ્રીતિ ઉપજાવે તેવું આ સિંહાસન અર્પણ કરૂં છું. તેનો તમે

नानावतारचरितैः साधुसंकष्टनाशन ! । अर्घ्यं गृहाण श्रीकृष्ण ! गन्धाद्यष्टाङ्गसंयुतम् ॥ २८
गोकुलक्रीडनानन्द ! महेन्द्रादिमदापह ! । श्रीवृन्दावनपूर्णेन्दो ! गृहाणाचमनीयकम् ॥ २९
यमुनाजलसञ्चारिकालीयफणमर्दन ! । जलक्रीडारते ! कृष्ण ! स्नानीयं प्रतिगृह्यताम् ॥ ३०
पीताम्बरभिदं कृष्ण ! नवीनं स्वर्णवर्णकम् । तवैव परिधानार्हं गृह्यतां नन्दनन्दन ! ॥ ३१
सावित्रीग्रन्थिसंयुक्तं स्वर्णतन्तुविनिर्मितम् । गृह्यतां देवदेवश ! ब्रह्मसूत्रमिदं शुभम् ॥ ३२
आभूषणानि दिव्यानि कुण्डलादीनि सत्पते ! । गृहाण कृपया कृष्ण ! दत्तानीमानि भक्तितः ॥ ३३
घनसाररसोपेतं कुंकुमेन सुशोभितम् । गृहाण चन्दनं दिव्यं देवकीनन्दन ! प्रभो ! ॥ ३४
नानासुगन्धिपुष्पाणां हारापीडौ तथैव च । तुलसीवनमालां च श्रीकृष्ण ! स्वीकुरु प्रभो ! ॥ ३५

---

સ્વીકાર કરો.[૨૬] હે એકાંતિક ભાવે પોતાનો આશ્રય કરનારા ભક્તજનોનો સંસારરૂપી સાગરમાંથી ઉદ્ધાર કરનારા ! હે દેવેશ ! હે શ્રીકૃષ્ણ ! મારા ઉપર કૃપા કરી મેં અર્પણ કરેલા પાદપ્રક્ષાલન માટેના જળનો સ્વીકાર કરો.[૨૭] હે અનંત અવતારોના ચરિત્રોથી સાધુઓના સંકટને નાશ કરનારા ! હે શ્રીકૃષ્ણ ! ચંદન આદિ આઠ પ્રકારનાં દ્રવ્યો યુક્ત તૈયાર કરેલા હસ્ત ધોવા માટેના અર્ઘ્ય જળનો સ્વીકાર કરો.[૨૮] હે ગોકુળવાસી જનોને અનંત પ્રકારની લીલા કરી આનંદ ઉપજાવનારા ! હે ઈન્દ્રના મદને હરનારા ! હે વૃંદાવનચંદ્ર ! મેં અર્પણ કરેલું આચમનીય જળનો સ્વીકાર કરો.[૨૯]

હે યમુનાના જળમાં ગરૂડના ભયથી નિવાસ કરતા કાલીયનાગની ફણાઓનું ચરણના પ્રહારથી મર્દન કરનારા ! હે જળક્રીડા કરવામાં પ્રીતિ ધરાવનારા ! હે શ્રીકૃષ્ણ ! મેં અર્પણ કરેલા આ સ્નાન કરવા યોગ્ય જળનો સ્વીકાર કરો.[૩૦] હે શ્રીકૃષ્ણ ! હે નંદનંદન ! સુવર્ણના વર્ણ સમાન પીળું આ નવીન વસ્ત્ર તમને ધારણ કરવા માટે અર્પણ કરું છું. તેનો તમે સ્વીકાર કરો.[૩૧] હે દેવદેવેશ ! ગાયત્રીમંત્રથી પૂજન કરવા પૂર્વક બાંધેલી ત્રણ ગ્રંથિવાળી અને સુવર્ણના ત્રણ તંતુમાંથી નિર્માણ કરવામાં આવેલી શોભાયમાન આ યજ્ઞોપવિતનો સ્વીકાર કરો.[૩૨] હે સત્પતિ ! હે શ્રીકૃષ્ણ ! મેં ભક્તિપૂર્વક અર્પણ કરેલાં આ દિવ્ય કુંડળ આદિક આભૂષણોનો પ્રેમથી સ્વીકાર કરો.[૩૩] હે દેવકીનંદન ! હે પ્રભુ ! કર્પૂરરસથી મિશ્રિત કુંકુમથી સુશોભિત એવા દિવ્ય ચંદન અને ચોખા અર્પણ કરું છું તેનો સ્વીકાર કરો.[૩૪] હે શ્રીકૃષ્ણ ! હે પ્રભુ ! અનેક પ્રકારના પુષ્પોની માળા, તોરા, કડાં, બાજુબંધ આદિ અર્પણ કરું છું તેમજ તુલસીની વનમાલા અને સૌભાગ્ય દ્રવ્યનો પણ સ્વીકાર

सुगन्धिद्रव्यवासाढ्यं विष्णुतैलं मनोहरम् । वाञ्छितं सर्वलोकानां भगवन्प्रतिगृह्यताम् ॥ ३६
बालक्रीडाविनोदेन पूतनाप्राणहारक ! कंसादिदुष्टशमन ! धूपः स्वीक्रियतां त्वया ॥ ३७
स्वयंप्रकाशमानेश ! नैकभास्करभास्वर ! । गृहाण कृपया दीपमन्धकारनिवारकम् ॥ ३८
नानापक्वान्ननैवेद्यं रसैः षड्भिर्मनोहरम् । विश्वम्भर ! गृहाणेदं प्रीत्या मे वरदो भव ॥ ३९
पवित्रं निर्मलं तोयमुशीरैलादिवासितम् । जीवनं सर्वजीवानां पानार्थं गृह्यतां हरे ! ॥ ४०
निर्मलं यामुनं तोयं सुपवित्रं सुवासितम् । पुनराचमनीयं च गृह्यतां मधुसूदन ! ॥ ४१
ताम्बूलं पूगसंयुक्तं लवङ्गैलाविमिश्रितम् । जातीफलादिसंयुक्तं श्रीकृष्ण ! प्रतिगृह्यताम् ॥ ४२
दिव्यं फलानां सर्वेषां सर्वदेवप्रियङ्करम् । नालिकेरीफलमिदं गृहाण मधुरापते ! ॥ ४३
यथाशक्ति मया दत्ताः स्वर्णरूप्यादिमुद्रिकाः । श्रीद्वारिकापुराधीश ! दक्षिणा गृह्यतां त्वया ॥ ४४
नीराजयामि देवेश ! नमस्ते ज्योतिषांपते ! आरार्त्रिकं मया दत्तं गृहाण कमलापते ! ॥ ४५

કરો.[૩૫] હે ભગવાન ! સુગંધીમાન દ્રવ્યોથી સુગંધીત કરેલું તેમજ સર્વજનોને માટે મનોહર અને પ્રિય એવું આ અત્તર તમને અર્પણ કરું છું. તેનો સાદર સ્વીકાર કરો.[૩૬]

હે બાળક્રીડાના વિનોદમાત્રમાં પુતનાના પ્રાણને હરનારા ! હે કંસાદિ દુષ્ટોનો વિનાશ કરનારા ! તમે આ ધૂપનો સ્વીકાર કરો.[૩૭] હે સ્વયં પ્રકાશમાન ! હે ઈશ્વર ! હે અનેક સૂર્યોને પણ પ્રકાશને આપનારા ! તમને હું આ અંધકારનું નિવારણ કરનારો દીપ અર્પણ કરૂં છું તેનો કૃપા કરીને સ્વીકાર કરો.[૩૮] હે વિશ્વંભર ! છ પ્રકારના રસથી મનોહર, અનેક પ્રકારના પકવાન્નોનું નૈવેદ્ય અર્પણ કરું છું. પ્રેમથી તેનો સ્વીકાર કરી મને વરદાન આપનારા થાઓ.[૩૯] હે શ્રીહરિ ! પવિત્ર અને નિર્મળ તથા વિરણના વાળાથી તેમજ એલચી, ગુલાબ આદિથી સુગંધીમાન કરેલું અને સર્વ જીવોના જીવનરૂપ આ જળ તમને અર્પણ કરૂં છું તેનાથી જમતાં મધ્યે પાન કરો. અંતે ચળુ કરો. હસ્ત ધુઓ અને મુખની શુદ્ધિ કરો.[૪૦]

હે મધુસુદન ! નિર્મળ યમુનાનું સુગંધીમાન પવિત્ર જળ ફરી આચમન માટે અર્પણ કરું છું. તેનો તમે સ્વીકાર કરો.[૪૧] હે શ્રીકૃષ્ણ ! સોપારીનો ચૂરો, લવિંગ, એલાયચી તેમજ જાયફળ, તજ મિશ્રિત આ પાનબીડું તમને અર્પણ કરૂં છું તેનો તમે સ્વીકાર કરો.[૪૨] હે મથુરાપતિ ! સર્વ ફળના મધ્યે દિવ્ય અને દેવતાઓને પણ પ્રિય એવું આ નાળિયેરનું ફળ તમને અર્પણ કરૂં છું, તેનો તમે સ્વીકાર કરો.[૪૩] હે દ્વારિકાપુરીના અધીશ્વર ! મારી શક્તિ પ્રમાણે અર્પણ કરેલી આ સુવર્ણમુદ્રા તેમજ રૂપાની મુદ્રાની દક્ષિણા તમે ગ્રહણ કરો.[૪૪]

હે દેવેશ ! હે પ્રકાશમાનોના પણ અધિપતિ ! હે કમલાપતિ ! હું તમારી

नमस्ते देवदेवेश ! शङ्खचक्रगदाधर ! त्वत्प्रदक्षिणया कृष्ण ! ब्रह्माण्डानां प्रदक्षिणा ॥ ४६
उद्धारणाय सर्वेषां प्रादुर्भूतं धरातले । श्रीभागवतरूपं त्वां श्रीकृष्णं प्रणामाम्यहम् ॥ ४७
निजकर्मविपाकेन भवाब्धौ पतितोऽस्म्यहम् । ते मामुद्धर देवेश ! कृपया करुणानिधे ! ॥ ४८
श्रीमद्भागवताख्यस्त्वं प्रत्यक्षः कृष्ण एव हि । मयि त्वच्छरणायाते कृपां कुरु जगत्पते ! ॥ ४९
इत्थं सम्पूज्य विधिना कृष्णं भागवतात्मकम् । वक्तारं पूजयक्त्या गन्धपुष्पस्रगादिभिः ॥ ५०
नवीनवस्त्राभरणैर्दत्त्वा सम्पूज्य दक्षिणाम् । ततः पूर्वोक्तमन्त्रेण नत्वा तं प्रार्थयेत्पुमान् ॥ ५१
व्यासरूप ! प्रबोधज्ञ ! सर्वशास्त्रविशारद ! । एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय ॥ ५२
सम्प्रार्थ्य पौराणिकमित्थमन्यान् श्रोतृंश्च विप्रान्स यथार्हमर्चेत् ।
श्रोता स्वकीयैर्नियमैरुपेतः शृणोतु भूपाल ! पुराणमेतत् ॥ ५३

---

**આરતી ઉતારૂં છું તમને વારંવાર નમસ્કાર પણ કરૂં છું. મેં અર્પણ કરેલી આ આરતીનો સ્વીકાર કરો. તેમજ મંત્ર પુષ્પાંજલી પણ સ્વીકાર કરો.[૪૫] હે દેવોના પણ દેવ ! હે શંખ, ચક્ર, ગદાધર ! હે શ્રીકૃષ્ણ ! તમને નમસ્કાર કરી હું પ્રદક્ષિણા કરૂં છું. તમારી પ્રદક્ષિણા કરવાથી આખા અનંત બ્રહ્માંડોની પ્રદક્ષિણા થઇ જાય છે.[૪૬] આ પૃથ્વી પર સર્વજનોના ઉદ્ધારને માટે પ્રાદુર્ભાવ પામેલા શ્રીમદ્ભાગવત સ્વરૂપી હે શ્રીકૃષ્ણ ! તમને હું પ્રણામ કરૂં છું.[૪૭] હે દેવેશ ! હે કરૂણાનિધિ ! હું મારા કર્મના પરિપાકના કારણે આ સંસારસાગરમાં પડ્યો છું તમે કૃપા કરીને મારો ઉદ્ધાર કરો. હે જગત્પતિ ! તમે શ્રીમદ્ભાગવતસ્વરૂપે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ વિરાજો છો. હું તમારા શરણે આવ્યો છું. તમે મારા ઉપર કૃપા કરો.[૪૮]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભાગવતગ્રંથ સ્વરૂપી શ્રીકૃષ્ણ ભગવાનનું ચંદન પુષ્પાદિક ષોડશોપચાર વડે વિધિપૂર્વક પૂજન કરીને ભક્તિભાવથી વક્તા પુરાણીનું પણ પૂજન કરવું, નવીન વસ્ત્રો અને આભૂષણોથી વક્તાનું પૂજન કરી તેમને દક્ષિણા આપવી. ત્યારપછી "નમસ્તે ભગવન્વ્યાસ" આ પૂર્વોક્ત મંત્રથી વક્તાને નમસ્કાર કરી મુખ્ય શ્રોતા પુરુષે વક્તાની પ્રાર્થના કરતાં કહેવું કે હે વ્યાસસ્વરૂપ ! હે શ્રોતાઓને બોધ આપવામાં નિપુણ ! હે સર્વ શાસ્ત્રના વિશારદ ! આ કથાના પ્રકાશથી મારૂં અજ્ઞાન દૂર કરો.[૫૦-૫૨]**

**હે રાજન્ ! આ પ્રમાણે વક્તા પુરાણીની પ્રાર્થના કરી પોતાના નિયમોએ યુક્ત થઇ તે મુખ્ય શ્રોતાએ અન્ય શ્રોતા એવા વિપ્રોનું યથાયોગ્ય પ્રમાણે પૂજન કરવું. ત્યારપછી આ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવા બેસવું.[૫૩]**

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे श्रीमद्भागवतश्रवणविधौ पूजाविधिनिरूपणनामा चतुर्थोऽध्यायः ॥ ४ ॥*

---

*पञ्चमोऽध्यायः*

**श्रीनारायणमुनिरुवाच –**

अथ ये नियमा राजन् श्रोतृवक्तृहितावहाः । कथयामि यथावत्तान्पुराणप्रथितानहम् ॥ १
गुणभेदाद्वाचकाश्च श्रोतारस्त्रिविधा मताः । उत्तमाः सात्त्विका एव यथोक्तफलभागिनः ॥ २
असङ्गतमविस्पष्टं बिस्तरं रसवर्जितम् । पदच्छेदविहीनं च तत्तद्भावविर्जितम् ॥ ३

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવતની કથાના શ્રવણ વિધિમાં પ્રથમ પૂજાવિધિ કર્યાનું નિરૂપણ કર્યું એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. –૪–**

---

# અધ્યાય - ૫

## ભગવાન શ્રીહરિએ ઉત્તમ ભૂપતિને કહેલાં વક્તાનાં લક્ષણો, પાળવાના નિયમો.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ઉત્તમરાજા ! પુરાણોમાં પ્રસિદ્ધ શ્રોતા અને વક્તાઓનાં હિતકારી લક્ષણો તથા નિયમો હું તમને યથાર્થ કહું છું.[૧] હે રાજન્ ! વક્તા અને શ્રોતા સત્ત્વાદિ ત્રણ ગુણના ભેદને કારણે ત્રણ ત્રણ પ્રકારના મનાયેલા છે. તેમાં સાત્વિક ગુણવાળા ઉત્તમ છે, અને શાસ્ત્રમાં કહેલા યથાર્થ ફળને તે પામે છે. તેમાં ત્રણ પ્રકારના શ્રોતાઓનાં લક્ષણ આગલા અધ્યાયમાં કહેવામાં આવશે, પરંતુ ત્રણ પ્રકારના વક્તાઓનાં લક્ષણ હું તમને કહું છું.[૨]

**તામસ વક્તાનાં લક્ષણ :–** જે વક્તા પૂર્વાપર પ્રસંગની સંગતિનો મેળ રાખ્યા વગર કથાનું વાંચન કરતા હોય, અર્થની સ્પષ્ટતા કર્યા વગર વાંચન કરતા હોય, કથાનો બહુ વિસ્તાર કરી રસરહિતની કથા કરતા હોય, પદના છેદનું જાણે જ્ઞાન ન હોય તે રીતે વાચતા હોય, તે તે શ્લોકના ભાવને પ્રગટ કરે તેવો સ્પષ્ટ અર્થ કરતા ન હોય.[૩] તેમ જ જે વક્તા ઉત્સાહ વગર કથા વાંચતા હોય, જેવું પોતાના મનમાં આવે તેવું બોલી ગ્રંથને પણ દૂષણ પમાડતા હોય, પોતાને કોઈ

उत्साहवर्जितं यश्च वाचयेद्ग्रन्थदूषकः । क्रोधनोऽप्रियवादी च लोभिष्ठः स्त्रीसमीक्षकः ॥ ४
सम्यग्ग्रन्थार्थमविदन्भगवद्भक्तिवर्जितः । वाचकस्तामसो ज्ञेयः स चाधम इतीरितः ॥ ५
स्पष्टाक्षरपदं शान्तं क्वचिद्दीर्घतरं तथा । कालस्वरसमायुक्तं रसभावविवर्जितम् ॥ ६
अद्भुतं वाचयेद्यश्च लुब्धः क्रुद्धः क्वचित् क्वचित् । प्रीतिमांश्च रसास्वादे वस्त्रालङ्कारधारणे ॥ ७
अबुध्यमानो ग्रन्थार्थं भक्तो भगवतोऽपि सन् । वाचकः स तु विज्ञेयो राजसो मध्यमश्च सः ॥ ८
सरसं सुखरं धीरं तत्तद्भावसमन्वितम् । स्पष्टाक्षरविभेदं च सोत्साहं नातिविस्तृतम् ॥ ९
शान्तं च वाचयेद्यस्तु श्रद्धालुर्दृढनिश्चयः । सम्प्रदायाध्ययनवान् ग्रन्थार्थं कृत्स्नशो विदन् ॥ १०
जितेन्द्रियः सुशीलश्च दुराग्रहविर्जितः । यथार्थवादी वाग्मी च श्रोतृबोधननैपुणः ॥ ११

સાચો અર્થ સમજાવે તો તેના પર પણ ક્રોધ કરતા હોય, અપ્રિયવાણી બોલતા હોય, ધનના લોભી હોય, કથા સાંભળવા આવેલી સ્ત્રીઓની સામે વારંવાર જોઇ તેઓને ઉદ્દેશીને કથા વાંચતા હોય.[૪] વળી જે વક્તા ગ્રંથના અર્થને સારી રીતે સમજી ન શકતા હોય, ભગવાનની ભક્તિથી રહિત હોય. હે રાજન્ ! આવા લક્ષણવાળો વક્તા તમોગુણી અને અધમ કહેલો છે.[૫]

**રાજસ વક્તાનાં લક્ષણ :–** હે રાજન્ ! જે વક્તા ક્યારેક સ્પષ્ટ અક્ષરોનું ઉચ્ચારણ કરતા હોય, ક્યારેક વધુ પડતી શાંતિથી કથા વાંચતા હોય, ક્યારેક બહુ જ ઊંચા સ્વરથી તાણીને બોલતા હોય, જે સમયે જે સ્વરની જરૂર હોય તે સ્વર સહિત વાંચન કરતા હોય, કરૂણાદિ છ રસોના ભાવ પ્રગટ કરતા ન હોય,[૬] ક્યારેક શ્રોતાઓને રસ પડે તેવી પૂર્વાપરની સંગતિ રાખીને બોલતા હોય, વળી લોભ, ક્રોધ, રસાસ્વાદી અને વસ્ત્રાલંકારાદિ ધારણ કરવામાં પ્રીતિ ધરાવતા હોય,[૭] જે વક્તા ભગવાનનો ભક્ત તો હોય પરંતુ ગ્રંથના અર્થને યથાર્થ ન જાણી શકતો હોય, તેવો વક્તા રજોગુણી અને મધ્યમ કક્ષાનો કહેલો છે.[૬-૮]

**સાત્વિક વક્તાનાં લક્ષણ :–** હે રાજન્ ! જે વક્તા જ્યાં જેવા હાસ્ય અને કરૂણાદિ રસે યુક્ત કથાનું વાંચન કરતા હોય, સુંદર સ્વરાલાપથી અને ધીરજતાથી વાંચતા હોય, ક્યાંય ખોટો લાંબો વિસ્તાર કરે નહિ, જેવો ભાવ હોય તેવા ભાવને પ્રગટ કરતા હોય, સ્પષ્ટ અક્ષરો, પદો અને વાક્યોના વિભાગથી સરસ વાંચન કરતા હોય, અતિશય ઉત્સાહપૂર્વક વાંચન કરતા હોય, અતિશય વિસ્તાર કરીને વાંચતા ન હોય.[૯] ક્યાંય ક્રૂરતા પ્રગટ નહિ કરતાં શાંત સ્વરૂપ અને શ્રદ્ધાવાન હોય, પુરાણોમાં જે કહ્યું હોય તેમાં દઢ નિશ્ચયવાળા હોય, સત્સંપ્રદાયની મર્યાદામાં રહી ગ્રંથોનું અધ્યયન કરેલું હોય, અને તેથી જ ગ્રંથના અર્થને સર્વ રીતે

यदृच्छालाभसन्तुष्टः करुणो निरहङ्कृतिः । मृदुस्वभावः शान्तश्च भगवद्भक्तिसंयुतः ॥ १२
लोकापवादरहितः प्रतिग्रहपराङ्मुखः । जितकामो जितक्रोधो जितलोभश्च निःस्पृहः ॥ १३
मैत्रो धीरः साधुवृत्तिर्निर्दम्भोऽकिञ्चनस्तथा । उपकारी वाचकस्तु सात्त्विकश्चोत्तमो मतः ॥ १४
सात्त्विकैर्लक्षणैर्युक्तः श्रीभागवतवाचकः । प्रत्यहं स्वाह्निकं कुर्यादुषस्युत्थाय बुद्धिमान् ॥ १५
ततः श्रोतृभिराहूतः स कथामण्डपं व्रजेत् । प्रक्षाल्य पाणिपादास्यं कुर्यादाचमनत्रयम् ॥ १६
धौतश्वेताम्बरधरः सदुरुं हृदये स्मरन् । विप्रान्साधून्नमस्कृत्य श्रीमद्भागवतं नमेत् ॥ १७
ततः स्वपूज्यगुर्वादेराज्ञया विनयान्वितः । उदङ्मुखः प्राङ्मुखो वा व्यासासनमुपाविशेत् ॥ १८
श्रोतृभिः पूजितः सोऽथ कुर्यान्मङ्गलमादितः । यं प्रव्रजन्तमित्यादिश्लोकत्रमुदीरयेत् ॥ १९
कस्मै येनेति पद्यं च स्वेष्टपद्यान्यतः परम् । पठित्वा पुस्तकं नत्वा ततः पद्यमिदं पठेत् ॥ २०

---

જાણતા હોય.[૧૦] વળી જે જીતેન્દ્રિય હોય, સુશીલ સ્વભાવના હોય, સદ્વર્તનવાળા હોય, દુરાગ્રહી ન હોય, પરંતુ સરળ સ્વભાવના હોય, જેવું ગ્રંથમાં હોય તેવું યથાર્થ વાંચનારા હોય, કોઇ પ્રશ્ન પૂછે તેનો ઉત્તર આપવામાં શાસ્ત્રની મર્યાદા પ્રમાણે પ્રતિભાયુક્ત ઉત્તર આપી શકતા હોય, શ્રોતાઓને બોધ આપવામાં નિપુણ હોય.[૧૧] જે કાંઇ મળે તેનાથી સંતુષ્ટ અને દયાળુ સ્વભાવના હોય, નિરહંકારી, કોમળ અને શાંત સ્વભાવના હોય, ભગવાનની ભક્તિયુક્ત[૧૨] તેમજ લોકાપવાદથી રહિત હોય, ક્યારેય પણ પ્રતિગ્રહ ન કરતા હોય, કામ, ક્રોધ અને લોભ ઉપર વિજયી હોય, નિસ્પૃહી,[૧૩] ધીરજશાળી અને સર્વની સાથે મિત્રભાવે વર્તતા હોય, નિર્દંભપણે સાધુવૃત્તિથી જીવતા હોય, અકિંચન, ભગવાન સિવાય કોઇને અધિક માનતા ન હોય અને પરોપકારી હોય આવા વક્તા સાત્વિક અને ઉત્તમ કહેલા છે.[૧૪]

હે રાજન્ ! આવા સાત્ત્વિક લક્ષણોથી યુક્ત જે બુદ્ધિમાન શ્રીમદ્ભાગવતનો વક્તા હોય તેમણે પ્રતિદિન પાંચ ઘડી રાત્રિ બાકી રહે ત્યારે પ્રાતઃકાળે જાગ્રત થઇને પોતાનો સ્નાનસંધ્યાદિ નિત્યકર્મનો વિધિ પૂર્ણ કરીને શ્રોતાજનો જ્યારે બોલાવે ત્યારે વક્તાએ સભામંડપમાં જવું. હાથ, પગ, મુખ ધોઇ ત્રણ વખત આચમન કરવું.[૧૫-૧૬] ધોયેલાં શ્વેત વસ્ત્રને ધારણ કરેલા તે વક્તાએ પ્રથમ પોતાના હૃદયમાં અધ્યાપક ગુરુ અને ભાગવતી દીક્ષા પ્રદાન કરનાર આચાર્યનું સ્મરણ કરવું, ત્યારપછી વિપ્રો અને સંતોને નમસ્કાર કરી શ્રીમદ્ ભાગવત પુરાણને નમસ્કાર કરવા.[૧૭] પછી નમ્ર થઇ પોતાના પૂજ્ય ગુરુ આદિકની આજ્ઞા લઇ ઉત્તરમુખે અથવા પૂર્વમુખે વ્યાસાસન ઉપર બેસવું.[૧૮] હે રાજન્ ! શ્રોતાજનો પૂજન કરી લે પછી વક્તાએ મંગલાચરણ કરવું તેમાં પ્રથમ "યં પ્રવ્રજન્તમ્" "યઃ સ્વાનુભાવમ્"

श्रूयतां देव ! देवेश ! नारायण ! जगत्पते ! । त्वदीयेनावधानेन कथयिष्ये शुभाः कथाः ॥ २१
इति पद्यं पठित्वैव वाचयेत्स कथां बुधः । साधून्विप्रान्विलोक्यैव कुर्यादर्थं न योषितः ॥ २२
समाप्तिरन्तेऽध्यायस्य यस्य यस्य न सम्मता । न तत्र तत्र विरमेदध्यायांस्तानपि ब्रुवे ॥ २३
तत्राद्ये स्कन्ध आद्यश्च ह्यष्टमो दशमस्तथा । चतुर्दशः षोडशश्च निषिद्धा विरताविमे ॥ २४
तृतीयश्चाष्टमश्चेति द्वौ द्वितीये निषेधितौ । सप्तर्षिभिस्ततः कार्या तदन्ते विरतिर्नहि ॥ २५ ॥
दशमः सप्तमश्चाद्यस्तृतीयेऽष्टादशस्तथा । त्रयोविंशश्च विरतौ सम्मता न बुधैर्नृप ! ॥ २६
आद्यस्तृतीयो दशमस्तुर्ये सप्तदशस्तथा । अष्टाविंशश्च नाध्याया विरतौ शुभदा नृणाम् ॥ २७
पञ्चमे पञ्चमोऽध्यायो निषिद्धश्च त्रयोदशः । षष्ठे षष्ठः पञ्चमश्च प्रथमो दशमस्तथा ॥ २८
सप्तमे प्रथमस्तुर्यः षष्ठः स्कन्धेऽथ चाष्टमे । आद्योऽष्टमो द्वितीयश्च दशमश्चैकविंशकः ॥ २९

---

અને ''નારાયણં નમસ્કૃત્ય'' આ ત્રણ શ્લોકનું ગાયન કરવું.[૧૯] ત્યારપછી ''કસ્મૈ યેન'' એ શ્લોકનું ઉચ્ચારણ કરીને પોતાના પ્રિય ઈષ્ટદેવના ગુણ ચરિત્રોવાળા શ્લોકનું ઉચ્ચારણ કરી શ્રીમદ્ ભાગવત પુસ્તકને નમસ્કાર કરીને આ શ્લોક બોલવો.[૨૦] હે દેવોના દેવેશ ! હે નારાયણ ! હે જગત્પતિ ! હું તમારાં ચરિત્ર અને ગુણ સંબંધી પવિત્ર કથા કહું છું.[૨૧] આ શ્લોકનું ઉચ્ચારણ કરી જાણે ભગવાનને સંભળાવવા બુદ્ધિમાન વક્તાએ કથાનું વાંચન શરૂ કરવું. વાંચતાં વાંચતાં શ્રોતા એવા સાધુ બ્રાહ્મણોની સામે જોતાં જોતાં શ્લોકના અર્થોની વ્યાખ્યા કરવી, પરંતુ સ્ત્રીઓની સામે જોઈને શ્લોકાર્થ કરવો નહિ.[૨૨]

**ભાગવતકથામાં વિરામના નિષેધ-અધ્યાયો :-** હે રાજન્ ! જે જે અધ્યાયને અંતે કથાવિરામની સંમતિ આપવામાં આવી નથી, ત્યાં કથાનો વિરામ કરવો નહિ. તે વિરામના નિષેધ અધ્યાયો હું તમને કહું છું.[૨૩] તેમાં પ્રથમ સ્કંધનો પહેલો, આઠમો, દશમો, ચૌદમો, અને સોળમો અધ્યાય નિષેધના કહેલા છે. તેમાં વક્તાએ વચ્ચે કથાને વિરામ આપવો નહિ.[૨૪] તેમજ દ્વિતીય સ્કંધમાં ત્રીજો અને આઠમો આ બે અધ્યાય વિરામમાં ઋષિમુનિઓએ નિષેધ કરેલા છે. તેથી ત્યાં કથાનો વિરામ કરવો નહિ.[૨૫] તૃતીય સ્કંધમાં પહેલો, સાતમો, દશમો, અઢારમો, અને ત્રેવીસમો આ અધ્યાયને બુદ્ધિમાન પુરુષો વિરામમાં નિષેધ કરેલા છે.[૨૪] ચતુર્થ સ્કંધમાં પહેલો, ત્રીજો, દશમો, સત્તરમો, અને અઠ્યાવીસમો, આ અધ્યાયોમાં કથાવિરામ કરવામાં શ્રોતાવક્તાઓને શુભ ફળ પ્રાપ્ત થતું નથી. એથી એ અધ્યાયોના અંતે કથાવિરામ કરવો નહિ.[૨૭] પંચમ સ્કંધમાં પાંચમો, અને તેરમો, તેમજ છઠ્ઠા સ્કંધમાં પહેલો, પાંચમો, છઠ્ઠો અને દશમો આ અધ્યાયો વિરામમાં

नवमे पञ्चदशको दशमस्तुर्य आदिमः । अध्याया बिरतौ नैते गृहीता मुनिभिर्नृप ! ॥ ३०
दशमे दशमश्चाद्यो द्वाविंशो नवमस्तथा । त्रय एकानत्रिंशाच्च द्विषष्टितम एव च ॥ ३१
षट्सप्ततितमः सप्तसप्ततितम इत्यमी । निषिद्धा विरतौ सन्ति षड्भिः पौराणिकैरपि ॥ ३२
एकादशे तु दशमो द्वाविंशस्त्रिंश एव च । द्वादशे नवमस्त्वेक इत्यध्याया मयोदिताः ॥ ३३
एषामन्ते न विरतिः कार्या पौराणिकैः क्वचित् । नित्यैकाध्यायपाठानामप्येष विधिरिष्यते ॥ ३४
मासपक्षादिनियतदिनसङ्ख्यानुरूपतः । अध्यायान्वाचयेन्नित्यं ततः कुर्यात्समापनम् ॥ ३५
मुहूर्तं घटिकां वापि कथान्ते नामकीर्तनम् । कुर्यात्प्रतिदिनं विष्णोरुत्तरेदासनात्ततः ॥ ३६
पुनर्नत्वा स गुर्वादीन् गच्छेद्विद्वान्निजं गृहम् । कथासमाप्तिपर्यन्तं नित्यमेवं समाचरेत् ॥ ३७
कथारम्भदिनाद्यावत्समाप्त्यन्यस्य नाऽऽददेत् । अन्नं प्रतिग्रहं वापि पापभीरुः स पण्डितः ॥ ३८

---

નિષેધ કરેલા છે.[૨૮] સાતમા સ્કંધમાં પહેલો, ચોથો અને છઠ્ઠો તેમજ આઠમા સ્કંધમાં પહેલો, બીજો, આઠમો, દશમો અને એકવીસમો આ અધ્યાયો નિષેધ કહેલા છે.[૨૯] નવમા સ્કંધમાં પહેલો, ચોથો, દશમો અને પંદરમો અધ્યાય સંતોએ કથાવિરામમાં વર્જ્ય કહ્યા છે.[૩૦] દશમા સ્કંધમાં પહેલો, નવમો, દશમો, બાવીસમો, ઓગણત્રીસમો, ત્રીસમો, એકત્રીસમો, બાસઠમો, છોત્તેર અને સીતોતેરમો અધ્યાય ત્રય્યારુણિ કશ્યપ આદિ છ પુરાણીઓએ કથાવિરામ માટે નિષેધ કરેલા છે.[૩૧-૩૨] અગિયારમા સ્કંધમાં દશમો, બાવીસમો અને ત્રીસમો, જ્યારે બારમા સ્કંધમાં નવમો એક જ અધ્યાય કથાવિરામમાં નિષેધ કરેલો છે. આ પ્રમાણે મેં તમને નિષેધના અધ્યાયો ગણાવ્યા.[૩૩]

હે રાજન્ ! આ બતાવેલા નિષેધના અધ્યાયોના અંતે વક્તાએ ક્યારેય પણ કથાનો વિરામ ન કરવો. પ્રતિદિન એક અધ્યાયનો પાઠ કરવાના નિયમવાળા માટે પણ આ જ વિધિ જાણવો, જ્યારે નિષેધનો અધ્યાય આવે ત્યારે ત્યાં વિરામ ન કરતાં આગળના અનિષેધ અધ્યાયે વિરામ કરવો.[૩૪] માસ-પારાયણમાં કે પક્ષ-પારાયણમાં એક દિવસની નક્કી સંખ્યા પ્રમાણે પ્રતિદિન અધ્યાયોનું વાંચન કરવું ત્યાર પછી કથાની સમાપ્તિ કરવી.[૩૫] અને કથાના વિરામ સમયે વક્તાએ બે ઘડી કે એક ઘડી પર્યંત ભગવાનના નામની ધૂન્ય કરવી. ત્યારપછી જ આસન ઉપરથી નીચે ઉતરવું.[૩૬] ફરી વક્તાએ ગુરુ આદિકને વંદન કરી પછી પોતાને ઘેર જવું આ પ્રમાણે વક્તાએ કથા-સમાપ્તિ સુધી પ્રતિદિન આચરણ કરવું.[૩૭]

હે રાજન્ ! પાપભીરુ પંડિત વક્તાએ કથાના પ્રારંભના દિવસથી લઇ

न दद्युः स्वस्य पर्याप्तं श्रोतारः प्रत्यहं यदि । अन्नं तदा त्वन्यदत्तं गृहणीयान्नात्र पातकम् ॥ ३९
सप्ताहे वा दशाहे च पक्षपारायणे तथा । मासपारायणेऽप्येष विधिस्तस्य प्रकीर्तितः ॥ ४०
वातुलं नैव भुञ्जीत न कुर्याच्चातिभोजनम् । न रोगकृच्च शाकादि तैलं कटु च वर्जयेत् ॥ ४१
ब्रह्मचर्यमहिंसां च सत्यास्तेये च पालयेत् । कथाविघ्नकरं यत्तत्कर्म कुर्यान्न कर्हिचित् ॥ ४२
पुराणवक्तुर्नृपते ! मयेत्थं प्रोक्तानि लक्ष्माणि यमाश्च सर्वे ।
लक्ष्माणि वक्ष्याम्यधुना च तुभ्यं तच्छ्रोतृपुंसां नियमांश्च पाल्यान् ॥ ४३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे भागवतश्रवणविधौ वक्तृलक्षणनियमनिरूपणनामा पञ्चमोऽध्यायः ॥ ५ ॥*

---

કથાની સમાપ્તિના દિવસ સુધી અન્યનું અન્ન જમવું નહિ. તેમ જ ગાયનું દાન પણ સ્વીકારવું નહિ.[૩૮] પરંતુ જો પ્રતિદિન પોતાના કુટુંબનું પોષણ થાય તેટલા પ્રમાણમાં શ્રોતાઓ અન્ન ન આપી શકે તો શ્રોતા સિવાયના જનોએ આપેલું અન્ન ગ્રહણ કરવું. આવી પરિસ્થિતિમાં અન્ય અન્ન ગ્રહણનો દોષ લાગતો નથી.[૩૯] આ અન્ન સ્વીકારવાનો વિધિ સપ્તાહ, દશાહ, પક્ષ તથા માસ-પારાયણમાં પણ જાણવો.[૪૦] હે રાજન્ ! વક્તાએ પેટમાં વાયુ થાય તેવું ભોજન ન કરવું, અતિ ભોજન ન કરવું, પિત્ત આદિ રોગ ઉત્પન્ન કરનારાં શાક આદિનું પણ ભોજન ન કરવું, તેલવાળું,કડવું તથા તીખું ન ખાવું.[૪૧] બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય અને અસ્તેયનું યથાર્થ પાલન કરવું, તેમજ જે ક્રિયા કથામાં વિઘ્ન કરે તેમ હોય તેવી કોઈ પણ ક્રિયા ન કરવી.[૪૨]

હે રાજન્ ! આ પ્રમાણે કથા કરનાર વક્તાનાં લક્ષણો યમો અને નિયમો પણ મેં તમને કહ્યાં. હવે કથા સાંભળનારા શ્રોતાઓનાં લક્ષણો અને તેઓએ પાલન કરવા યોગ્ય નિયમો હું તમને કહું છું.[૪૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ-શ્રવણના ઉત્સવ પ્રસંગે ભાગવત કથાના શ્રવણવિધિમાં ભગવાન શ્રીહરિએ વક્તાનાં લક્ષણો અને કથાવિરામમાં નિષેધ અધ્યાયોનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. --૫--**

---

## षष्ठोऽध्यायः - ६

**श्रीनारायणमुनिरुवाच--**

श्रद्धाभक्तिविहीनो यो लोभिष्टो दूषकस्तथा । हेतुवादपरो राजन्नभ्यसूयासमन्वितः ॥ १
वक्त्रे न दक्षिणां दद्यात्पुण्याहे च समापने । अतिप्रश्नांश्च यः कुर्यात्स श्रोता तामसोऽधमः ॥ २
कथां प्रसङ्गाच्छृणुयाच्छ्रद्धाहीनोऽपि यः पुमान् । दधाद्दश शतस्थाने स्वपाण्डित्यं च दर्शयेत् ॥ ३
दाम्भिको मत्सरग्रस्तो मानी चाप्यस्थिरासनः । क्षणं रुष्टः क्षणं तुष्टः श्रोता राजसमध्यमः ॥ ४
सन्त्यज्य सर्वकार्याणि भक्तिश्रद्धासमन्वितः । पुराणं शृणुयान्नित्यं विनयेनान्वितश्च यः ॥ ५
वाचकं पूजयेन्नित्यं काले काले च दक्षिणाम् । यथोचितं प्रदद्याच्च श्रोतॄन्सर्वांश्च मानयेत् ॥ ६
निर्मत्सरो भगवति प्रेमवृद्धीप्सुरादृतः । शृणुयाच्चैकचित्तो यः स श्रोता सात्त्विकोत्तमः ॥ ७

---

# અધ્યાય - ૬

## શ્રોતાઓનાં લક્ષણો અને પાળવાના નિયમો.

**તમોગુણી શ્રોતાઓનાં લક્ષણો :–** ભગવાન શ્રી નારાયણમુનિ કહે છે, હે ઉત્તમ ભૂપતિ ! જે શ્રોતાજનો કથા સાંભળવામાં શ્રદ્ધા અને ભક્તિથી રહિત હોય, લોભી હોય, ગ્રંથના અર્થમાં પૂર્વાપરના પ્રસંગને જાણ્યા વિના ગ્રંથને દૂષણ આપતા હોય, ગ્રંથના અર્થમાં કલ્પિત હેતુવાદ ઊભા કરી સંશય કરતા હોય, બીજા શ્રોતાઓની સાથે ઈર્ષ્યા કરતા હોય.[૧] વળી જે શ્રોતાઓ પર્વના પવિત્ર દિવસોમાં કે સમાપ્તિમાં વક્તાને દક્ષિણા ન આપતા હોય, શ્લોકના ભાવ તથા સ્વરૂપનું બરાબર ચિંતવન કર્યા વિના અતિશય પ્રશ્નો કર્યા રાખતા હોય, તે શ્રોતાને તમોગુણી અને અધમ કહેલા છે.[૨]

**રજોગુણી શ્રોતાઓનાં લક્ષણો :–** જે શ્રોતાઓ સ્વભાવમાં શ્રદ્ધાએ રહિત હોય છતાં પણ શ્રદ્ધાવાળાના પ્રસંગથી કથા સાંભળતા હોય, શક્તિ હોવા છતાં દશમા ભાગનું ધન આપતા હોય, પોતે જાણે વિદ્વાન હોય તેવું દેખાડતા હોજ.[૩] દંભી, મત્સરી, માની અને એક આસને સ્થિર બેસી શકતા ન હોય, ક્ષણવારમાં ક્રોધ અને ક્ષણમાં રાજીપો જણાવે તેવા શ્રોતા રજોગુણી મનાયેલા છે અને તે મધ્યકક્ષાના કહેલા છે.[૪]

**સાત્વિક શ્રોતાઓનાં લક્ષણો :–** જે શ્રોતાઓ કથાના પ્રસંગે પોતાના સર્વે વ્યવહારિક કાર્યોનો ત્યાગ કરી શ્રદ્ધા અને ભક્તિએ સહિત વિનયયુક્ત થઈને શ્રીમદ્ ભાગવત પુરાણનું નિત્ય શ્રવણ કરતા હોય.[૫] વળી જે શ્રોતા નિત્યે ચંદન પુષ્પાદિક વડે વક્તાની પૂજા કરતા હોય, સમયે સમયે સ્કંધની સમાપ્તિ વખતે કે વ્રત

सात्त्विकैर्लक्षणैर्युक्तः श्रोता पुस्तकवाचकौ । पूर्वोक्तेन विधानेन सम्पूज्य शृणुयात्कथाम् ॥ ८
अनुष्णीषोऽप्रौढपादो न गच्छंश्च स्थलान्तरम् । पूगाद्यनश्नंश्च शुचिर्वाग्यतः शृणुयात्कथाम् ॥ ९
वीरासनेनोपविशेन्न च पश्येदितस्ततः । वार्तो कुर्याच्च नान्योन्यं तदेकाग्रमना भवेत् ॥ १०
संशये सति वक्तारं पृच्छेच्च शनकैर्नमन् । करपादादिचापल्यं श्रोता कुर्यान्न संसदि ॥ ११
पालयेद्ब्रह्मचर्यादीन्नियमान्विजितेन्द्रियः । स्कन्धान्त उत्सवादौ च दद्याच्छक्त्या च दक्षिणाम् ॥ १२
स्कन्धे स्कन्धे समाप्ते च विप्रा भोज्याः शतं शतम् । दक्षिणा च यथाशक्ति तेभ्यो देया नराधिप ! ॥ १३
अशक्तस्तु पुराणस्य समाप्तौ भोजयेच्छतम् । तदिष्टभोजनैर्विप्रान्दक्षिणाभिश्च तोषयेत् ॥ १४
कथाप्रारम्भदिवसे सम्पूज्यादौ गणाधिपम् ॥ ब्राह्मणं वरयेदेकं गायत्रीजपहेतवे ॥ १५
स सहस्रत्रयं नित्यं समाप्तयवधि सञ्जपेत् । वरणीयास्तथा चान्ये ब्राह्मणाः पञ्च वैष्णवाः ॥ १६

---

ઉત્સવના પ્રસંગમાં વક્તાને યથાયોગ્ય દક્ષિણા આપતા હોય, અન્ય સર્વે શ્રોતાઓને માન આપતા હોય.[૬] વળી જે મત્સર રહિત હોય, ભગવાનમાં પ્રેમની વૃદ્ધિ થાય તેવી ઈચ્છા રાખીને આદરપૂર્વક એક ચિત્તે કથાનું શ્રવણ કરતા હોય, તે શ્રોતા સાત્વિક અને ઉત્તમ કહેલા છે.[૭] આવાં સાત્વિક લક્ષણોએ યુક્ત ઉત્તમ શ્રોતાઓએ પુસ્તકની અને પુરાણીની પૂર્વોક્ત વિધિ પ્રમાણે પૂજા કરીને કથા સાંભળવી.[૮]

**શ્રોતાઓ માટે નિયમો :-** હે રાજન્ ! શ્રોતાઓએ મસ્તક ઉપર પાઘ બાંધી રાખીને કે પગ લાંબા કરીને કથા ન સાંભળવી. કથા દરમ્યાન કથા સ્થળથી આઘાપાછા ન થવું, પાન, સોપારી ચાવતાં કથા ન સાંભળવી, બહાર અંદર પવિત્ર રહી વાણીને નિયમમાં રાખીને કથા સાંભળવી.[૯] કથામાં શ્રોતાએ પગ ઉપર પગ ચડાવીને વીરઆસને ન બેસવું, કથા સાંભળતાં આડું અવળું ન જોવું, પરસ્પર વાતો ન કરવી, ગ્રામ્ય વાતો પણ ન કરવી અને એકાગ્ર મને કથાનું શ્રવણ કરવું.[૧૦] જો કથા સાંભળતાં કોઈ સંશય ઉત્પન્ન થાય તો વક્તાને નમસ્કાર કરી ધીરેથી પૂછવું. કથામાં બેઠા હોઈએ ત્યારે હાથ, પગ આદિકની ચંચળતાનો ત્યાગ કરવો.[૧૧] શ્રોતાઓએ ઈન્દ્રિયોને જીતી બ્રહ્મચર્યાદિક નિયમોનું પાલન કરવું, સ્કંધની સમાપ્તિ વખતે કે કોઈ ઉત્સવના દિવસે વક્તાને પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી.[૧૨] દરેક સ્કંધની સમાપ્તિ વખતે સો બ્રાહ્મણો જમાડવા અને તે બ્રાહ્મણોને યથાશક્તિ દક્ષિણા પણ આપવી, તેમાં અશક્ત શ્રોતાએ તો શ્રીમદ્ ભાગવત કથાની જ્યારે સંપૂર્ણ પૂર્ણાહુતિ થાય ત્યારે સો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન અને દક્ષિણાવડે સંતોષ પમાડવા.[૧૨-૧૪]

હે રાજન્ ! કથાના પ્રારંભના દિવસે પ્રથમ ગણપતિની પૂજા કરવી અને

सहस्रपञ्चकं नित्यं मन्त्रस्तु द्वादशाक्षरः । वासुदेवस्य सम्प्रीत्यै जप्तव्यस्तैर्दढव्रतैः ॥ १७
अन्नवस्त्राणि तेभ्योऽपि दद्यादन्ते च दक्षिणाम् । श्रोतृभ्यश्चापि विप्रेभ्यः शक्त्या दद्याश्च दक्षिणाम् १८
मलमूत्रजयार्थं च स्वल्पाहारः सुखावहः । हविष्यान्नेनैकभक्तं श्रोता कुर्यात्ततो नृप ! ॥ १९
उपवासाः प्रकर्तव्याः सप्ताहे सप्तवासरान् । फलाहारमशक्तस्तु कुर्याद्वापि पयः पिबेत् ॥ २०
अद्यान्निर्लवणं वान्नमेकभक्तं च वा चरेत् । सुखसाध्यं भवेद्यत्तत्कर्तव्यं श्रवणार्थिना ॥ २१
भोजनं तु वरं मन्ये कथाश्रवणकारकम् । नोपवासो मतः श्रेष्ठः कथाविघ्नकरो यदि ॥ २२
स्थिरा तु प्रतिमा विष्णोर्यदि न स्यात्तदा चलाम् । अग्रे संस्थापयेद्वक्तुः कथारम्भे दिने दिने ॥ २३
सौवर्णीमेव सप्ताहे कारयेत्प्रतिमां हरेः । संस्थाप्य पूजयेन्नित्यं तत्रैव दिनसप्तकम् ॥ २४

---

ગાયત્રીમંત્રનો જપ કરવા એક બ્રાહ્મણની વરણી કરવી.[૧૫] તે બ્રાહ્મણે કથાની સમાપ્તિ સુધીમાં પ્રતિદિન ત્રણ હજાર ગાયત્રીમંત્રનો જપ કરવો. તેમજ મુખ્ય શ્રોતાએ અન્ય પાંચ બ્રાહ્મણોની પણ વરણી કરવી.[૧૬] અને તે બ્રહ્મચર્યવ્રતનું દૃઢ પાલન કરનારા વૈષ્ણવ પાંચ વિપ્રો દ્વારા શ્રીવાસુદેવ ભગવાનને રાજી કરવા માટે બાર અક્ષરનો "ૐ નમો ભગવતે વાસુદેવાય" એ મંત્રનો પ્રતિદિન પાંચ હજાર મંત્રની સંખ્યામાં જપ કરાવવો.[૧૭] તેમજ તે જપ કરનારા વિપ્રોને મુખ્ય શ્રોતાએ અન્ન વસ્ત્રો અર્પણ કરવાં અને કથાની સમાપ્તિમાં દક્ષિણા આપવી. અન્ય શ્રોતા વિપ્રો હોય તેમને પણ શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી.[૧૮] કથા દરમ્યાન મળમૂત્ર ઉપર વિજય મેળવવા માટે અલ્પાહાર કરવો સુખકારી છે. તેથી શ્રોતાએ હવિષ્યાન્નવડે એકવાર જ ભોજન કરવું, ચોખા, જવ, ઘઉં, મગ, તલ, ગાયનું દૂધ, દહીં, ઘી, ખાંડ, સાકર, મીઠું, કેળા, આંબલી, આંબાના ફળ, જીરું, સૂંઠ, નાળિયેર, સામો, રાજગરો આદિ હવિષ્યાન્ન કહેલાં છે.[૧૯] જો થઇ શકે તો સાત દિવસની પારાયણમાં સાત ઉપવાસ કરવા, અને જો તેમ સમર્થ ન હોય તેણે ખજૂર, ફળ આદિનું એકવાર ફલાહાર કરવું, અથવા માત્ર દૂધનું જ સાત દિવસ પર્યંત પાન કરવું.[૨૦] અથવા મીઠા વિનાનું એકવાર ભોજન કરવું, અથવા એકવાર ભોજન કરવું, તેમાં બીજીવાર ફલાહાર પણ કરવું નહિ. આ બધા વિકલ્પોમાંથી પોતાનાથી જે સુખસાધ્ય હોય તેનો આશ્રય કરી કથાનું શ્રવણ કરવું.[૨૧]

હે રાજન્ ! જો એકવારનું ભોજન કથાશ્રવણ કરવામાં સહાયક થાય અને નિદ્રા કે આળસ ઉત્પન્ન કરનારૂં ન થાય તો તે વિકલ્પ સર્વ કરતાં શ્રેષ્ઠ છે. અને જો ઉપવાસ નિદ્રા, આળસ આદિ વડે કથામાં વિઘ્નકારક થાય તો તે શ્રેષ્ઠ નથી.[૨૨] જો ભગવાનની સ્થિર પ્રતિમા ન હોય તો કથાના આરંભના દિવસથી

कथासमाप्तौ तां दयाद्ब्राह्मणाय सदक्षिणाम् । अशक्तस्तु यथाशक्ति विधिं कुर्यात्समाहितः ॥ २५
प्रातः कार्यः कथारम्भः सार्धयामत्रयावधि । वाच्यात्र विरतिः कार्या मध्याह्ने घटिकाद्वयम् ॥ २६
पौराणिके तु विश्रान्ते मध्याह्ने श्रोतृभिर्नरैः । नामसङ्कीर्तनं कार्यं मुहूर्तंरुक्मिणीपतेः ॥ २७
समाप्ते श्रीभागवते गीता भगवतोदिता । सहार्था संहिता वापि श्रव्या सर्वार्थपूरिका ॥ २८
समाप्तिदिवसे कार्या महापूजा यथाधनम् । सर्वेऽपि श्रावकाः कुर्युर्वक्तुः पूजां यथोचितम् ॥ २९
नूत्नकौशेयवस्त्राणि कुण्डले कटकादि च । दधाच्छ्रोताग्रिमो वक्त्रे सहस्रस्वर्णदक्षिणाम् ॥ ३०
अशक्तस्तु सुवर्णानां दद्यादष्टाधिकं शतम् । तत्राप्यशक्तः पुरुषो धनं दधात्स्वशक्तितः ॥ ३१
अन्येऽपि शक्तितो दद्युर्वस्त्रालङ्कारदक्षिणाः । गृहस्थधर्मौपयिकं देयं यत्किञ्चिदेव वा ॥ ३२

---

દરરોજ વક્તાની આગળના ભાગમાં ચલપ્રતિમાનું સ્થાપન કરવું.[૨૩] જો કે સપ્તાહ પારાયણમાં પ્રથમથી જ ભગવાન શ્રીહરિની સુવર્ણની પ્રતિમા તૈયાર કરાવવી અને સાત દિવસ સુધી વક્તાની આગળ સ્થાપન કરી પૂજન કરવું.[૨૪] જ્યારે કથાની સમાપ્તિ થાય ત્યારે દક્ષિણાની સાથે એ સુવર્ણની મૂર્તિનું પણ પવિત્ર પાત્ર બ્રાહ્મણને દાન આપી દેવું. અને આવી રીતે કરવા અશક્ત હોય તેમણે સાવધાની રાખી પૂર્વોક્ત વિધિ પ્રમાણે યથાશક્તિ દાન કરવું.[૨૫] સપ્તાહ પારાયણમાં વક્તાએ પ્રાતઃકાળે કથાનો પ્રારંભ કરવો ને સાડા ત્રણ કલાક સુધી કથા વાંચવી, બપોરના બે કલાક વિરામ કરવો.[૨૬] મધ્યાહ્ને જ્યારે પુરાણી વિરામ કરતા હોય ત્યારે સર્વે શ્રોતાજનોએ મુહૂર્ત પર્યંત રૂક્મણિપતિનું નામ સંકીર્તન કરી ભજન કરવું.[૨૭] જ્યારે શ્રીમદ્ ભાગવતની સંપૂર્ણ સમાપ્તિ થાય ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન પ્રત્યે કહેલી ગીતાનું અર્થે સહિત અથવા મૂળશ્લોકનું શ્રવણ કરવું. કારણ કે શ્રીમદ્ ભગવદ્ગીતા છે તે શ્રોતા અને વક્તા બન્નેના સર્વે મનોરથ પૂર્ણ કરે છે.[૨૮]

**વક્તાને અપાતાં દાનનો વિધિ :–** હે રાજન્ ! કથાની સમાપ્તિ થાય ત્યારે મુખ્ય શ્રોતાએ પુસ્તકની અને વક્તાની પોતાની પાસે ધનને અનુસારે મહાપૂજા કરવી, અને અન્ય શ્રોતાએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે વક્તાનું મહાપૂજન કરવું.[૨૯] તેમાં શક્તિમાન મુખ્ય શ્રોતાએ વક્તાને નવીન રેશમી વસ્ત્રો સુવર્ણનાં કુંડળ, કડાં, બાજુબંધ, આદિ આભૂષણ તથા હજાર સોનામહોરની દક્ષિણા આપવી.[૩૦] આવી રીતનું દાન કરવા અશક્ત મુખ્ય શ્રોતાએ એકસોને આઠ સોનામહોરનું દાન કરવું. તેથી વધુ અશક્ત હોય તેમણે પોતાની શક્તિ પ્રમાણે ધન અર્પણ કરીને વક્તાને રાજી કરવા.[૩૧] અને અન્ય શ્રોતાઓએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રો, અલંકારો અને દક્ષિણાનું વક્તાને દાન કરવું, અથવા વક્તાના

स्वर्णमासो रौप्यको वा दक्षिणोक्ता महर्षिभिः । श्रोतॄणामल्पवित्तानां वक्त्रे देयाः पृथक् पृथक् ॥ ३३
मुख्यः श्रोता ततो दद्याद्धेमसिंहं पलोन्मितम् । सम्पूज्य वाचकायैव मंत्रमेनमुदीरयन् ॥ ३४
कान्तारवनदुर्गेषु चोरव्यालाकुले पथि । हिंसको मां न हिंसन्तु सिंहदानप्रभावतः ॥ ३५
असद्गतेश्चापमृत्युसम्भवायाः प्रशान्तये । राजा परीक्षित्प्रददौ हेमसिंहं पुरा नृप ! ॥ ३६
शृङ्गिदंष्ट्र्यादिहिंस्राणामधिपः सिंह एव हि । अतस्तद्दायिनां न स्याद्दुर्गतिर्ह्यपमृत्युजा ॥ ३७
धेनुं प्रयत्नतो दद्यात्ततो वक्त्रे पयस्विनीम् । दशांशेनैव गायत्र्या होमं कुर्यात्ततः परम् ॥ ३८
द्रव्येण पायसाज्येन ततो व्याहृतिभिर्नरः । तिलव्रीहिद्रव्यहोमं कुर्वीत च यथाविधि ॥ ३९
हेमानुकूल्यं न स्याच्चेत्तन्निष्क्रयधनं पुमान् । दद्यात्तेनापि सम्पूर्णं फलं स्यान्नात्र संशयः ॥ ४०
विशेष इति ते प्रोक्तः श्रीमद्भागवतश्रुतौ । प्रागुक्तोऽन्योऽपि च विधिर्ज्ञातव्योऽत्र त्वया नृप ! ॥ ४१

---

ગૃહસ્થ ધર્મને ઉપયોગી જે કોઈ વસ્તુ હોય તે શ્રોતાઓએ અર્પણ કરવી.[૩૨] સાત મહર્ષિઓએ અલ્પ ધનવાળા શ્રોતાઓને માટે વક્તાને અલગ અલગ આપવાની દક્ષિણામાં અડદના દાણા જેટલું સુવર્ણ કે રૂપાની મુદ્રા કહેલી છે.[૩૩] હે રાજન્ ! મુખ્ય શ્રોતાએ આગળ કહું એવો મંત્ર બોલીને એક પલ સુવર્ણ અર્થાત્ ત્રણથીચાર તોલાભાર સુવર્ણમાંથી તૈયાર કરેલા સિંહની પૂજા કરીને વક્તાને અર્પણ કરવો.[૩૪] આપતી વખતે મંત્ર આ પ્રમાણે બોલવો કે, નાનાં મોટાં વનમાં, કિલ્લાને વિષે કે ચોર, અજગર આદિકથી ભયંકર માર્ગમાં સિંહનું દાન કરવાના પ્રભાવથી હિંસક પ્રાણીઓ કે મનુષ્યો મારી હત્યા ન કરે.[૩૫]

હે રાજન્ ! પૂર્વે પરિક્ષિત રાજાએ અપમૃત્યુથી થતી અસદ્ગતિને રોકવા માટે સુવર્ણના સિંહનું દાન કર્યું હતું.[૩૬] શિંગડાં કે ઉગ્ર દાંતથી ભયંકર એવા હિંસક કે ઘાતક પ્રાણીઓનો અધિપતિ સિંહ જ કહેલો છે. તેથી તેનું દાન કરનાર મનુષ્યોને અપમૃત્યુનો કે દુર્ગતિનો સંભવ રહેતો નથી.[૩૭] સિંહના દાન પછી વક્તાને દૂઝણી ગાયનું પ્રયત્નપૂર્વક દાન કરવું, પછી ગાયત્રી મંત્રથી અને દ્વાદશાક્ષર મંત્રથી જપના દશમા ભાગે હોમ કરવો.[૩૮] દૂધપાક યુક્ત ઘીથી હોમ કર્યા પછી શ્રોતાએ આહુતિથી તલ અને ડાંગરના દ્રવ્યોવડે વિધિ પ્રમાણે હોમ કરવો.[૩૯] જો હોમ કરવાની અનુકૂળતા ન હોય તો તેમાં થતા ખર્ચ જેટલું ધન દાનમાં અર્પણ કરવું, તેનાથી પણ સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. તેમાં કોઈ સંશય નથી.[૪૦]

હે રાજન્ ! આ પ્રમાણે મેં કથા શ્રવણ વિધિમાં જે વિશેષતા હતી તે કહી. તેમજ પૂર્વોક્ત અન્ય વિધિ પણ અહીં શ્રીમદ્ ભાગવત કથા વિધિમાં જાણી લેવો.[૪૧]

इत्थं विधानेन पुराणमेतच्छृण्वन्ति ये भूमिपते ! नरास्ते ।
फलं पुरोक्तं सकलं लभन्ते स्वाभीष्टमत्रापि परत्र नूनम् ॥ ४२ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे भागवतश्रवणविधौ श्रोतृधर्मनिरूपणनामा षष्ठोऽध्यायः ॥ ६ ॥*

---

**सप्तमोऽध्यायः - ७**

**श्री नारायणमुनिरुवाच –**

श्रीमद्भागवतस्याथ विधिं दानस्य वच्मि ते । सम्पूर्णं स्यात्फलं येन भुवि तद्दानकारिणाम् ॥ १
पौर्णमासी प्रौष्ठपदी मुख्यः कालोऽत्र कीर्तितः । पौर्णमास्योऽखिला वापि व्रतोत्सवादिनान्यपि ॥ २
पुस्तकं लेखयेदादौ श्रीमद्भागवतस्य तु । दृढपत्रं स्पष्टवर्णमसम्मिश्रितपंक्ति च ॥ ३

---

આ વિધિ પ્રમાણે જે જનો આ શ્રીમદ્ ભાગવતની કથાને સાંભળશે તે પૂર્વોક્ત પોતે ઈચ્છેલા સર્વે મનોરથોનું ફળ આલોકમાં તથા પરલોકમાં નિશ્ચય પ્રાપ્ત કરશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.[૪૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત કથાના શ્રવણ વિધિમાં શ્રોતાઓનાં લક્ષણ અને નિયમ ધર્મનું નિરૂપણ કર્યું એ નામે છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો. --૬--**

---

## અધ્યાય - ૭

## ભગવાન શ્રીહરિએ કહેલો શ્રીમદ્ ભાગવત પુસ્તકના દાનનો વિધિ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ઉત્તમભૂપતિ ! હવે તમને હું શ્રીમદ્ ભાગવતના દાનનો વિધિ કહું છું તે વિધિ પ્રમાણે દાન કરનાર મનુષ્યને સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.[૧] ભાગવતનું દાન આપવા માટેનો ભાદરવા મહિનાની પૂનમનો સમય મુખ્ય કહેલો છે. અથવા દરેક પૂર્ણિમાઓ કે વ્રત તથા ઉત્સવોના દિવસો પણ તેમાં ઉત્તમ કહેલા છે.[૨] હે રાજન્ ! શ્રીમદ્ ભાગવત પુરાણનું દાન

नवीनं शोधयित्वा तन्नूत्नैः फलकवेष्टनैः । निबध्य स्थापनीयं च लक्षणं तस्य ते ब्रुवे ॥ ४
वेदान्तसूत्रैर्गायत्र्या परब्रह्मनिरूपकैः । यस्यारम्भो भवेज्ज्ञेयं श्रीमद्भागवतं हि तत् ॥ ५
वृत्रासुरबधो यत्र वर्णितः स्यात्सविस्तरम् । यच्च प्रोक्तं शुकेनैव श्रीमद्भागवतं च तत् ॥ ६
अष्टादशसहस्राणि श्लोका यस्य च कीर्तिताः । ब्राह्मवाराहपाद्मानां कल्पानां यत्र सत्कथाः ॥ ७
आदिमध्यावसानेषु वैराग्याख्यानसंयुतम् । हरिलीलाकथाव्रातामृतानन्दितसत्सुरम् ॥ ८
वासुदेवपरं तद्वै श्रीमद्भागवतं नृप ! । हैमे सिंहासने रम्ये स्थापयेद्दानवासरे ॥ ९
पुरा राजा परीक्षित्तु हैमं सिंहासनं महत् । अमूल्यं रत्ननिचितं पुस्तकार्थमचीकरत् ॥ १०
श्रीमद्भागवतं तस्मिन्निधाय भगवाञ्छुकः । वाचयित्वा सप्तमेऽह्नि श्वेतद्वीपं जगाम ह ॥ ११

---

આપવાના સમયે પ્રથમ મજબૂત કાગળમાં પરસ્પર પંક્તિઓનું મિશ્રણ ન થાય તે રીતે સ્પષ્ટ અક્ષરોમાં તેમનું લેખન કરાવવું. તત્કાળ લખાવાયેલ નૂતન શ્રીમદ્ ભાગવત પુસ્તકનું સંશોધન કરાવીને કાષ્ટના પાટિયાની વચ્ચે નૂતન વસ્ત્રથી મજબૂત રીતે બાંધી બાજોઠ પર સ્થાપન કરવું. હવે એ શ્રીમદ્ ભાગવતનું લક્ષણ તમને કહું છું.[૪] હે રાજન્ ! પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ કરતાં ''જન્માદ્યસ્યયતઃ'' ઈત્યાદિ વેદાંતસૂત્રોથી તેમજ ''ધીમહિ'' આ પ્રમાણેના ગાયત્રી મંત્રના પદથી જે શાસ્ત્રનો પ્રારંભ થતો હોય તેને જ શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર જાણવું.[૫] જેમાં વૃત્રાસુરવધની કથા વિસ્તારે સહિત વર્ણન કરેલી હોય, તેમજ શુકદેવજીએ જેમનું ગાન કરેલું હોય, તેને જ શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર જાણવું.[૬] જેના અઢાર હજાર શ્લોકો હોય, જેમાં બ્રાહ્મકલ્પ, શ્વેતવરાહકલ્પ અને પાદ્મકલ્પની સત્ય કથાઓનું વર્ણન કરેલું હોય.[૭] જે આદિ, મધ્યે અને અંતે વૈરાગ્યસભર આખ્યાનોથી ભરપૂર હોય, વળી જેમાં વર્ણન કરેલાં શ્રીકૃષ્ણ ભગવાનનાં લીલાચરિત્રોના સમૂહરૂપ અમૃતનું પાન કરવાથી સંતો તથા દેવતાઓ અતિશય આનંદ પ્રાપ્ત કરતા હોય.[૮] આવા ભગવાન શ્રીવાસુદેવ પરાયણ ભાગવત પુસ્તકને દાન આપવાના સમયે પ્રથમ સુવર્ણના રમણીય સિંહાસન પર સ્થાપન કરવું.[૯]

હે રાજન્ ! પૂર્વે પરીક્ષિત રાજાએ પણ શ્રીમદ્ ભાગવત ગ્રંથને સ્થાપન કરવા માટે અનેક પ્રકારનાં રત્નો જડિત સુવર્ણનું બહુ મૂલ્યવાળું મોટું સિંહાસન શિલ્પીઓ દ્વારા તૈયાર કરાવ્યું હતું.[૧૦] એ સિંહાસન ઉપર શ્રીમદ્ ભાગવત પુસ્તકનું સ્થાપન કરી શ્રીશુકદેવજી મહારાજે તેમની કથાનું વાંચન કર્યું, તેનું શ્રવણ કરી સાતમે દિવસે પરીક્ષિત રાજા ધામમાં ગયા.[૧૧] તે પહેલાં, નિર્લોભી અને નિઃસ્પૃહી

निर्लोभे निःस्पृहे तस्मिञ्छुकदेवे गते ततः । आनर्च हेमपीठस्थं तच्छ्रीभागवतं नृपः ॥ १२
कृपाचार्याय तत्प्रादात्ततो राजा च दक्षिणाम् । लक्षमेकं सुवर्णानां दत्त्वा वैकुण्ठमाप सः ॥ १३
तथा कर्तुमशक्तस्तु स्वस्य शक्त्यानुसारतः । हैमं सिंहासनं रम्यं कारयेच्छाठ्यवर्जितः ॥ १४
कुर्याद्धैमं पत्रमेकमल्पवित्तस्तु मानवः । पलत्रयोन्मितं तत्र पुस्तकं स्थापयेत्तु तत् ॥ १५
कुर्यादत्यल्पवित्तस्तु पलार्धस्वर्णपत्रकम् । सिंह चित्रं तत्र कृत्वा स्थापयेत्पुस्तकं पुमान् ॥ १६
ततः पूर्वोदितैर्मन्त्रैर्गीतवाद्यपुरः सरम् । उपचारैर्यथालब्धैः पूजयेत्तदुदारधीः ॥ १७
ततः प्रतिग्रहीतारं पूजयेद्ब्राह्मणं नरः । श्रीमद्भागवतस्निग्धं हरेर्भक्तं जितेन्द्रियम् ॥ १८
वस्त्रार्नवीनैः कौशेयैः स्वर्णमुक्तादिभूषणैः । गन्धपुष्पोपहारैस्तं सम्पूज्य प्रणमेत्पुमान् ॥ १९
निषीदेत्पाङ्मुखो दाता ग्रहीतोदङ्गमुखस्तथा । सङ्कल्प्य दद्यात्तदधोमन्त्रानेतानुदीरयन् ॥ २०

શુકદેવજીએ ત્યાંથી વિદાય લીધી. પછીથી પરીક્ષિત રાજાએ એ સુવર્ણના સિંહાસન ઉપર પધરાવેલાં શ્રીમદ્ ભાગવત પુસ્તકનું પૂજન કર્યું. અને તેનું કૃપાચાર્યને દાન કર્યા પછી સુવર્ણના સિંહાસને સહિત કૃપાચાર્યને એકલાખ સોનામહોરોનું દાન આપ્યું. પછી પરીક્ષિત રાજા વૈકુંઠધામ સીધાવ્યા ને શુકદેવજીએ કહેલા શ્રીમદ્ ભાગવતના મહિમાના સંપૂર્ણ ફળને પામ્યા.[૧૩]

હે ઉત્તમ રાજા ! ઉપરોક્ત પરીક્ષિત રાજાના કરવા પ્રમાણે કોઈ સમર્થ પુરુષો હોય તેમણે પણ ધનનો લોભ નહીં કરીને પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણનું રમણીય સિંહાસન તૈયાર કરાવવું.[૧૪] અલ્પ ધનવાળા મનુષ્યોએ તો ત્રણ પલ-બારતોલાં સુવર્ણમાંથી એક પત્ર તૈયાર કરાવી તેના પર શ્રીમદ્ભાગવત ગ્રંથની સ્થાપના કરવી.[૧૫] અને તેનાથી પણ ઓછા ધનવાળા મનુષ્યોએ તો તોલા જેટલા સોનામાંથી તૈયાર કરેલા પત્ર ઉપર સિંહનું ચિત્ર તૈયાર કરાવી તેમના પર પુસ્તકની સ્થાપના કરવી.[૧૬] હે રાજન્ ! ત્યાર પછી ઉદાર બુદ્ધિવાળા દાતા પુરુષે ગીત વાજિંત્રોનું ગાન કરાવી પૂર્વોક્ત ચોથા અધ્યાયમાં કહેલા મંત્રોના ઉચ્ચારણ સહ યથાસમયે પ્રાપ્ત થયેલા ઉપચારોથી તેનું પૂજન કરવું.[૧૭] ત્યારપછી દાન કરનારા પુરુષે શ્રીમદ્ ભાગવતને વિષે અત્યંત પ્રેમ ધરાવતા જીતેન્દ્રિય એવા એ દાન ગ્રહણ કરનારા બ્રાહ્મણની પૂજા કરવી.[૧૮] પૂજામાં રેશમીવસ્ત્ર, સુવર્ણ અને મોતીઓનાં આભૂષણ, ચંદન, પુષ્પોના હાર અર્પણ કરી તેનું પૂજન કરી દાતાએ તે બ્રાહ્મણને નમસ્કાર કરવા.[૧૯] દાન આપતી વખતે દાતાએ પૂર્વમુખે બેસવું અને પુસ્તકનું દાન ગ્રહણ કરનાર વિપ્રે ઉત્તરમુખે બેસવું. ત્યારપછી દેશ-કાળાદિકનું સ્મરણ

अनेककोटिजन्मोत्थं कृष्णभक्त्यन्तरायकृत् । दुरितं नाशमायातु दानेनानेन मेऽखिलम् ॥ २१
श्रीमद्भागवतं दिव्यं पुराणं वेदसम्मितम् । ददामि विप्रवर्याय वासुदेवः प्रसीदतु ॥ २२
मास्तु कृष्णवियोगे मे मा वियोगोऽस्तु तत्सताम् । दानेनानेन सुप्रीतो हरिर्दत्तां मदीप्सितम् ॥ २३
इत्युच्चार्य स तद्दत्वा ततो दद्याच्च दक्षिणाम् । सुवर्णानां शतं वापि शतं वा रूप्यमुद्रिकाः ॥ २४
अष्टादश द्वयं वापि शक्त्या दधात्तु दक्षिणाम् । दक्षिणायाश्चानुरूपं भोजयेद्ब्राह्मणांस्ततः ॥ २५
य एतेन विधानेन दधाद्भागवतं पुमान् । स भास्वता विमानेन वैकुण्ठं प्रतिपद्यते ॥ २६
मनोभिवाञ्छितांस्तत्र भोगान् प्राप्नोति सर्वशः । नाप्राप्यं विद्यते किञ्चित्तस्य कृष्णप्रसादतः ॥ २७
अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । श्रीभागवतदानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥ २८

---

કરી સંકલ્પનું જળ મૂકી આ કહ્યું એ મંત્રોનું ઉચ્ચારણ કરતાં કરતાં દાતાએ પુસ્તકનું દાન કરવું.[૨૦] મંત્રોનું ઉચ્ચારણ આ પ્રમાણે કરવું કે, અનેક જન્મોથી ઉદ્‌ભવ પામેલાં અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં અંતરાય કરતાં મારાં સમગ્ર પાપો આ દાન કરવાથી નાશ પામો.[૨૧] હે વિપ્રવર્ય ! તમને આ વેદ તુલ્ય દિવ્ય શ્રીમદ્ ભાગવત પુરાણનું દાન કરું છું. તેનાથી શ્રીવાસુદેવ ભગવાન મારા ઉપર સદાય પ્રસન્ન રહો.[૨૨] આ દાનના પ્રભાવથી મારા મનને શ્રીકૃષ્ણ ભગવાનનો વિયોગ ન થાઓ. તેમજ તેમના સંતોનો પણ વિયોગ ન થાઓ. તથા આ દાન આપવાથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ મારા ઇચ્છિત મનોરથને પૂર્ણ કરનારા થાઓ.[૨૩] હે રાજન્ ! આ પ્રમાણેના મંત્રોનું ઉચ્ચારણ કરી શ્રીમદ્‌ભાગવતનું દાન કરવું અને ઉપરાંત સો સોનામહોરો અથવા રૂપામહોરોની શક્તિ અનુસાર દક્ષિણા આપવી.[૨૪] શક્તિના અભાવે અઢાર રૂપામહોરોની દક્ષિણા આપવી ને બ્રાહ્મણોને ભોજન કરાવવું.[૨૫] હે રાજન્ ! જે પુરુષો આ વિધિ પ્રમાણે શ્રીમદ્‌ભાગવતનું દાન કરે છે. તે અતિશય પ્રકાશમાન દિવ્ય વિમાનમાં બેસીને વૈકુંઠધામને પામે છે.[૨૬] તેમજ ત્યાં મનોવાંછિત સર્વે દિવ્ય ભોગોને પ્રાપ્ત કરે છે. ત્યાં શ્રીમદ્ ભાગવતનું દાન આપનાર દાતાને શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાથી કાંઈ અપ્રાપ્ય રહેતું નથી.[૨૭]

હે રાજન્ ! આ શ્રીમદ્‌ભાગવતના પુસ્તકનું દાન કરવાથી અપુત્રવાળાને પુત્રની પ્રાપ્તિ થાય છે. નિર્ધનને ધનની પ્રાપ્તિ થાય છે અને વિદ્યાર્થીને વિદ્યાની પ્રાપ્તિ થાય છે.[૨૮] હે રાજન્ ! આ પ્રમાણે મેં તમને શાસ્ત્રોમાં કહેલો શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના દાનનો વિધિ યથાર્થ કહ્યો. તેને અનુસારે જે પુરુષો ભાગવતનું દાન કરશે, તેને આલોક તથા પરલોકમાં કોઈ ઇચ્છાઓ દુર્લભ રહેશે નહિ.[૨૯]

इति दानविधिर्मयोदितस्ते नृपते ! भागवतस्य शास्त्रदृष्टः ।
यमिहाचरतां न कापि वाञ्छा भुवि चामुत्र च शिष्यते दुरापा ॥ २९ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे श्रीमद्भागवतदानविधिनिरूपणनामा सप्तमोऽध्यायः ॥७॥*

---

## अष्टमोऽध्यायः - ८

**श्रीनारायणमुनिरुवाच –**

श्रीमद्भागवतस्याथ पुरश्चर्याविधिं ब्रुवे । यया सिद्ध्यति राजर्षे ! पुरुषार्थचतुष्टयम् ॥ १
श्लोकार्धे श्लोकपादं वा नित्यं भागवतं पठेत् । यः पुमान्सोऽपि संसारान्मुच्यते किमुताखिलम् ॥ २
एषा बुद्धिमतां बुद्धिर्यद्भागवतमादरात् । नित्यं पठेद्यथाशक्ति यतः स्यात्संसृतिक्षयः ॥ ३
अशक्तो नित्यपठने मासे वर्षेऽपि वैकदा । पालयन्नियमान्भक्तय श्रीमद्भागवतं पठेत् ॥ ४

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ભાગવત પુસ્તકના દાનવિધિનું નિરૂપણ કર્યું એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. --૭--**

---

## અધ્યાય - ૮

## ભગવાન શ્રીહરિએ કહેલો શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો વિધિ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે ઉત્તમ ભૂપતિ ! હવે હું તમને શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો વિધિ કહું છું. જે પુરશ્ચરણ કરવાથી ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[૧] જે પુરુષ પ્રતિદિન અર્ધા શ્લોકનો કે શ્લોકના એકજ પાદનો પાઠ કરે છે, તે પુરુષ પણ સંસારમાંથી મૂકાઈ જાય છે. સમગ્ર ભાગવતનો જે પાઠ કરે તેની તો વાત જ શું કરવી ?[૨] માટે જે નિરંતર આદરપૂર્વક પોતાની શક્તિને અનુસારે આ ભાગવતનો પાઠ કરે છે તે બુદ્ધિશાળીઓની બુદ્ધિ શ્રેષ્ઠ કહેલી છે. કારણ કે એ બુદ્ધિથી સંસૃતિનો નાશ થાય છે.[૩] જે પ્રતિદિન પાઠ કરવામાં અશક્ત હોય તેમણે મહિનામાં કે વર્ષમાં એકવાર પણ નિયમોનું પાલન કરીને

एकाहेनैव शक्तस्तु द्व्यहेनाथ त्र्यहेण वा । पञ्चभिर्दिवसैः षड्भिसप्तभिर्वा पठेत्पुमान् ॥ ५
दशाहेनाथ पक्षेण मासेन ॠतुनापि वा । पठेद्भागवतं यस्तु भुक्तिं मुक्तिं स विन्दति ॥ ६
एतेष्वप्युत्तमः पक्षः सप्ताहो बहुसम्मतः । सकामैर्वापि निष्कामैः श्रयणीयः स एव हि ॥ ७
तत्रापि पठनीयानामध्यायानां दिनेदिने । जमदग्निप्रणीतां ते सङ्ख्यां वच्मि सुखावहाम् ॥ ८
अष्टचत्वारिंशदुक्ताः प्रथमेऽह्नि द्वितीयके । एकपञ्चाशदेकोनपञ्चाशच्च तृतीयके ॥ ९
अध्यायाश्च चतुर्थेऽहि त्रिपञ्चारादुदीरिताः । ततश्चैकोनपञ्चाशत् पठनीया हि पञ्चमे ॥ १०
एकचत्वारिंशदुक्ताः षष्ठेऽध्यायाश्च सप्तमे । चतुश्चत्वारिंशदित्थं वाचनीयाः क्रमेण वै ॥ ११
सर्वे मासा विना पौषं पुरश्चरणकर्मणि । मताः सन्ति तथा वाराः शनिभौमौ विनाऽखिलाः ॥ १२
आद्याचतुर्थ्यष्टमीश्च विहाय च चतुर्दशीम् । श्रीमद्भागवतारम्भे तिथयोऽप्यखिलाः शुभाः ॥ १३
अश्विनी रेवती हस्तः पुष्यो मृगपुनर्वसू । अनुराधाभिजित्स्वाती रोहिणी श्रवणात्त्रयम् ॥ १४

---

ભક્તિભાવપૂર્વક આ શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવો.[૪] તેમાં સમર્થ પુરુષ તો એકજ દિવસ અથવા બે દિવસમાં સંપૂર્ણ પાઠ કરે છે. અથવા ત્રણ દિવસ, ચાર દિવસ કે પાંચ દિવસમાં અથવા સાત દિવસમાં અથવા જે પુરુષ દશ દિવસમાં સમગ્ર ભાગવતનો પાઠ કરે છે. અથવા પંદર દિવસમાંઅથવા એક મહિનામાં કે બે મહિનામાં આખા ભાગવતનો પાઠ કરે છે તે પુરુષ ભુક્તિ અને મુક્તિ બન્ને પ્રાપ્ત કરે છે.[૫-૬] આ સર્વે વિકલ્પોની મધ્યે સપ્તાહ પારાયણરૂપ વિકલ્પ છે, તે ઉત્તમ છે. એમ ઘણા જનો માને છે. તેથી સકામી ભક્તે કે નિષ્કામી ભક્તે સપ્તાહ પારાયણવાળા વિકલ્પનો સ્વીકાર કરવો.[૭] તે સપ્તાહ પારાયણમાં પ્રતિદિન વાંચવાના અધ્યાયોની સંખ્યા જમદગ્નિમુનિએ નક્કી કરેલી છે. તે સંખ્યા સર્વેને માટે સુખકારી છે, તે તમને હું જણાવું છું.[૮] તેમાં પ્રથમ દિવસે અડતાલીસ અધ્યાયો વાંચવાના કહેલા છે. બીજા દિવસે એકાવન, ત્રીજા દિવસે ઓગણપચાસ, ચોથા દિવસે ત્રેપન, પાંચમા દિવસે ઓગણપચાશ, છઠ્ઠા દિવસે એકતાલીસ અને સાતમે દિવસે ચુમાલીસ અધ્યાયો વાંચવાના કહેલા છે. આ પ્રમાણેના ક્રમથી સપ્તાહ પારાયણમાં વાંચન કરવું.[૯-૧૨]

હે રાજન્ ! શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણના કે કથાના પ્રારંભમાં પડવો, ચોથ, આઠમ અને ચૌદશ આટલી તિથિઓ છોડીને બાકી સર્વે તિથિઓ શુભ કહેલી છે.[૧૩] તેવીજ રીતે અશ્વિની, રેવતી, હસ્ત, પુષ્ય, મૃગશીર્ષા, પુનર્વસુ, અનુરાધા, અભિજિત, સ્વાતિ, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા અને શતતારકા આ સર્વે

ऋक्षाण्येतानि पुण्यानि ग्राह्याण्यत्रोदितानि वै । पुरश्चर्यासमारम्भः कर्तव्यस्तेषु भूपते ! ॥ १५
शुभे मुहूर्ते वरयेत्पूर्वोक्तैर्वक्तृलक्षणैः । सम्पन्नान्ब्राह्मणान्पञ्च चतुर्वर्गस्य सिद्धये ॥ १६
श्वेतानि नित्यधार्याणि तेभ्यो वस्त्राणि चोर्मिकाः । हैमीर्दद्याच्चासनानि जलपात्राणि कम्बलान् ॥ १७
शुश्रूषायां नियुञ्जीत तेषामन्यान्द्विजांस्ततः । उष्णोदकं च पाकादि कुर्युस्ते चाङ्गमर्दनम् ॥ १८
देवालये प्रसिद्धे वा पुण्यक्षेत्रे पुरातने । पुरश्चरणस्यारम्भः कर्तव्यो हरिमन्दिरे ॥ १९
स्थापयित्वाथ वा हैमीं श्रीकृष्णप्रतिमां गृहे । कुर्युः पारायणं विप्रा यथानियतमन्वहम् ॥ २०
अष्टाधिकशतेनैव पुरश्चरणमीरितम् । पारायणानां नृपते ! श्रीमद्भागवतस्य हि ॥ २१
पूर्वोक्ताध्यायपूर्तौ च कार्यैव विरतिश्च तैः । स्पष्टाक्षरं वाचनयं भाषणीयं न केनचित् ॥ २२
न वृतैर्ब्राह्मणैर्ग्राह्या दक्षिणान्यस्य कस्यचित् । न चान्नवस्त्राद्यपि वा ग्रहीतव्यं कदाचन ॥ २३

---

નક્ષત્રો પણ પુરશ્ચરણના પ્રારંભમાં પવિત્ર કહેલાં છે. તેથી તે નક્ષત્રોમાં પુરશ્ચરણનો પ્રારંભ કરવો.[૧૪-૧૫] પૂર્વોક્ત સાત્ત્વિક લક્ષણવાળા પાંચ પવિત્ર બ્રાહ્મણોનું ચારે પુરુષાર્થની સિદ્ધિને માટે શુભ મુહૂર્તમાં વરણ કરવું.[૧૬] વરણ કરાયેલા તે વિપ્રોને નિત્યે ધારણ કરવા યોગ્ય શ્વેત ધોતી આદિ વસ્ત્રો, સુવર્ણની વીંટી, આસન, જલપાત્ર અને કામળો અર્પણ કરવાં.[૧૭] ત્યાર પછી તેની સેવામાં અન્ય બ્રાહ્મણોની નિયુક્તિ કરવી, નિયુક્ત કરાયેલા તે વિપ્રોએ પુરશ્ચરણમાં વરણી કરાયેલા વિપ્રોને ગરમ જળથી સ્નાન કરાવવું, પગચંપી આદિથી અંગમર્દન કરવું, રસોઈ કરી જમાડવા, વસ્ત્રો ધોઈ દેવાં, પાત્રો માંજી દેવાં, આદિક સેવા કરવી.[૧૮]

હે રાજન્ ! પ્રસિદ્ધ દેવાલયોમાં પુરાતન પવિત્ર તીર્થોમાં કે હરિમંદિરમાં આ શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો પ્રારંભ કરાવવો.[૧૯] ઉપરોક્ત સગવડ ન થાય તેમ હોય તો પોતાને જ ઘેર પવિત્ર સ્થળે શ્રીકૃષ્ણ ભગવાનની સુવર્ણની પ્રતિમાનું સ્થાપન કરી ત્યાં વરણી કરાયેલા વિપ્રો દ્વારા પ્રતિદિન નિયત સંખ્યા પ્રમાણે પારાયણ કરાવવી.[૨૦] તેમાં એકસો ને આઠ પારાયણ કરવાથી જ આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું પુરશ્ચરણ પૂર્ણ થાય છે.[૨૧] વરણ કરાયેલા વિપ્રોએ પૂર્વોક્ત અનિષેધના અધ્યાયોની સમાપ્તિમાં જ પારાયણનો વિરામ કરવો. તેમાં પણ જમદગ્નિમુનિએ કહેલા નિશ્ચિત અધ્યાયોમાં જ વિરામ કરવો, વચ્ચે ન કરવો. વાંચતી વખતે સ્પષ્ટ અક્ષરોના ઉચ્ચારણ સાથે વાચવું, તે પારાયણ દરમ્યાન વચ્ચે કોઈની સાથે બાલવું નહિ.[૨૨] વરણ પામેલા બ્રાહ્મણોએ યજમાન સિવાયના અન્ય કોઈ પણ મનુષ્ય થકી દક્ષિણા સ્વીકારવી નહિ, અથવા અન્ન વસ્ત્રાદિક પણ ક્યારેય

एकैकस्मिंश्च सप्ताहे समाप्ते सति दक्षिणाम् । सुवर्णसप्तकं दद्यादेकैकस्मै पृथक् पृथक् ॥ २४
नियतानां संहितानां पाठान्ते वाखिला अपि। एकीकृत्यैव दद्यात्ता दक्षिणास्तु पृथक् पृथक् ॥ २५
सुवर्णसप्तकं दातुमसमर्थस्तु पूरुषः । दद्यात्तदर्धं विप्रेभ्यस्तदर्धं वाल्पवित्तवान् ॥ २६
कनिष्ठां दक्षिणां दातुमपि शक्तो न यो भवेत्। स विप्राच्छ्रमयेन्नैव कुर्यादन्यत्स्वशक्तितः ॥ २७
विष्णोर्नामसहस्रस्य पुरश्चरणमादरात् । स्वयमेव प्रकुर्वीत तेनाऽऽपच्छान्तिमाप्नुयात् ॥ २८
पुरश्चरणकर्ताथ दिने यस्मिन्द्विजोत्तमान् । वृणुयात्तद्दिने चासौ गायत्र्यादिजपाय च ॥ २९
पूर्ववद्वृणुयाद्विप्रान् जपस्य च दशांशतः । होमं कुर्याद्ब्राह्मणांश्च भोजयेत्तद्दशांशतः ॥ ३०
कृतो मन्त्रविभागोऽस्ति श्रीमद्भागवतस्य तु । कश्यपेनैव मुनिना जपहोमादिसिद्धये ॥ ३१

ગ્રહણ કરવાં નહિ.[૨૩] એક એક સપ્તાહ સમાપ્ત થાય ત્યારે યજમાને વરણી પામેલા એક એક વિપ્રને અલગ-અલગ સાત સાત સોનામહોરોની દક્ષિણા આપવી.[૨૪] અથવા એકસોને આઠની નિશ્ચિત સંખ્યામાં પારાયણ પૂર્ણ થાય ત્યારે સંપૂર્ણ દક્ષિણા ભેળી કરીને એક એક વિપ્રને અલગ અલગ અર્પણ કરવી.[૨૫] એક વિપ્રને સાત સોનામહોરો આપવામાં અસમર્થ યજમાને તેમની અર્ધી સાડાત્રણ સોનામહોરો અર્પણ કરવી, તેનાથી પણ અસમર્થ હોય તેમણે તેનાથી અર્ધી એટલે પોણા બે સોનામહોરો સપ્તાહે અર્પણ કરવી.[૨૬]

હે રાજન્ ! જે યજમાન છેલ્લામાં છેલ્લી પણ દક્ષિણા આપી ન શકે તેને બ્રાહ્મણો પાસે ખોટો પરિશ્રમ કરાવવો નહિ. પરંતુ પોતાની શક્તિને અનુસારે બીજું કોઈ સત્કાર્ય કરીને રાજી રહેવું.[૨૭] સ્વયં યજમાન પુરુષે પણ વિષ્ણુસહસ્રનામનું વિધિ પ્રમાણે નિશ્ચિત સંખ્યામાં પુરશ્ચરણ કરવું તેનાથી પણ આપત્કાળનું દુઃખ દૂર થશે અને શાંતિ પ્રાપ્ત થશે.[૨૮] પુરશ્ચરણ કરાવનાર યજમાન જે દિવસે પુરશ્ચરણ કરવા માટે બ્રાહ્મણોની વરણી કરે તેજ દિવસે ગાયત્રી મંત્રનો જપ કરવા માટે તથા દ્વાદશાક્ષરમંત્રનો જપ તથા અષ્ટાક્ષર કે ષડાક્ષર મંત્રનો જપ કરવા માટે પૂર્વોક્ત રીત પ્રમાણે બ્રાહ્મણોની વરણી કરવી. ત્યારપછી જેટલી સંખ્યામાં મંત્રજપ કર્યો હોય તેના દશમા ભાગે હોમ કરવો અને તેના દશમા ભાગે બ્રાહ્મણોને ભોજન જમાડી તૃપ્ત કરવા. તેમાં જે સમર્થ હોય તેમણે મુખ્ય વિકલ્પનો આશ્રય કરવો, અને અશક્ત હોય તેમણે ઉત્તરોત્તર જપસંખ્યાના દશમા ભાગે હોમ કરવો, તેના દશમા ભાગે તર્પણ, તેના દશમા ભાગે માર્જન, તેના દશમા ભાગે બ્રાહ્મણોને ભોજન કરાવવું. આ રીતે બીજા શાસ્ત્રોમાં કહેલા વિકલ્પોનું અહીં ગ્રહણ કરવું.[૨૯-૩૦]

तैरेव मन्त्रैर्होतव्यं कर्तुः शक्तिर्भवेद्यदि । दशमस्कन्धमन्त्रैर्वा विभक्तैस्तेन भूपते ! ॥ ३२
होमं केचित्तु गायत्र्या मन्त्रेणैवर्षयोऽवदन् । द्वादशाक्षरमन्त्रेण वासुदेवस्य केऽपि च ॥ ३३
पायसं च घृतं ज्ञेयं होमद्रव्यमिहाधन ! । होमानुकूल्याभावे तु तावान्मन्त्रजपो मतः ॥ ३४
पारायणानि कुर्वीरन् श्रीमद्भागवतस्य वा । होमार्थानि द्वादशैव त एव ब्राह्मणा वृताः ॥ ३५
पुरश्चर्यारम्भदिनात्समाप्तिदिवसावधि । पालनीयं ब्रह्मचर्यं विप्रैः सयजमानकैः ॥ ३६
यथोक्तं तु फलं न स्यादन्यथेत्यस्ति निश्चयः । तस्मिंस्तु पालिते सर्वे सिद्ध्यन्त्येव मनोरथाः ॥ ३७
इति संक्षेपतः प्रोक्तः पुरश्चर्याविधिर्मया । राजन् ! स्कन्दपुराणोक्तो भुक्तिमुक्तिफलप्रदः ॥ ३८

इति भागवतस्य ते मया निखिलं भूमिपते ! विधानमुक्तम् ।
त्वमपि श्रवणादि तस्य कुर्याः सह तेनैव यदा तदानुकूल्यम् ॥ ३९ ॥

---

હે રાજન્ ! કશ્યપમુનિએ જપ સંબંધી હોમની સિદ્ધિને માટે શ્રીમદ્ભાગવતના મંત્રોનો વિભાગ કરેલો છે.[૩૨] જો પુરશ્ચરણ કરાવનાર ધન શક્તિથી સમર્થ હોય તો તેમણે તે વિભાગ કરાયેલા મંત્રોદ્વારા જ હોમ કરવો. અથવા તે કશ્યપમુનિએ વિભાગ કરેલા દશમસ્કંધના માત્ર મંત્રોથી હોમ કરવો.[૩૩] કોઈ ઋષિએ તો ગાયત્રીમંત્રથી જ હોમ કરવાનું કહેલું છે. કેટલાક ઋષિઓએ તો શ્રીવાસુદેવ ભગવાનના બાર અક્ષરના મંત્રથી હોમ કરવાનું કહેલું છે.[૩૪] હે નિષ્પાપ રાજન્ ! આ હોમ કર્મમાં દૂધપાક અને ઘીને હોમદ્રવ્ય તરીકે ગ્રહણ કરવાં, જો આવી રીતની હોમ કરવાની અનુકૂળતા ન હોય તો તેટલી સંખ્યામાં વધુ જપ કરવા, એવો મત છે. અથવા વરણી કરાયેલા તે વિપ્રોએ જ હોમ નિમિત્તની બાર વધુ પારાયણ કરવી.[૩૫] હે રાજન્ ! પુરશ્ચરણના પ્રારંભના દિવસથી તેની સમાપ્તિ સુધી યજમાને સહિત વરણી પામેલા વિપ્રોએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.[૩૬] જો બ્રહ્મચર્યવ્રતનું પાલન ન કરે તો શાસ્ત્રમાં કહેલું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થતું નથી. કારણ કે આ શ્રીમદ્ ભાગવત પરમહંસોની સંહિતા છે. તેના પુરશ્ચરણમાં બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવામાં આવે તો જ સર્વે મનોરથો પૂર્ણ થાય છે.[૩૭] હે રાજન્ ! આ પ્રમાણે મેં સ્કંદપુરાણમાં કહેલા પુરશ્ચરણ કરવા રૂપ ભુક્તિ અને મુક્તિ બન્નેનું પ્રદાન કરનાર, પુરશ્ચરણ વિધિનું સંક્ષેપથી વર્ણન કર્યું.[૩૮] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીમદ્ભાગવતના કથાશ્રવણાદિનો સમગ્ર વિધિ કહ્યો. દેશકાળાદિકની અનુકૂળતા થાય ત્યારે તમે પણ શ્રીમદ્ ભાગવત પુરાણનું વિધિએ સહિત શ્રવણાદિ સર્વે અનુષ્ઠાન કરજો.[૩૯]

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे श्रीमद्भागवतपुरश्चरणविधिनिरूपणनामाष्टमोऽध्यायः ॥८ ॥*

---

## नवमोऽध्यायः - ९

**सुव्रत उवाच –**

इति श्रुत्वा भगवतो वाक्यं राजा स उत्तमः । प्रहृष्टमानसो भूप ! प्रणनाम तमीश्वरम् ॥ १
देशकालानुकूल्ये च पुरश्चर्यां द्विजोत्तमैः । स्वयमैच्छत्कारयितुं श्रीमद्भागवतस्य सः ॥ २
ततः स भगवांस्तत्र कारयामास मण्डपम् । विचित्रवर्णैर्वसनै रम्भास्तम्भैश्च शोभितम् ॥ ३
ततो द्वितीये दिवसे विधाय प्रातराह्निकम् । तस्मिन्व्यासासनं रम्यं कारयामास मण्डपे ॥ ४
पौराणिकं समाहूय पूर्वोक्तविधिनैव तम् । उपवेश्यासने चार्चत्पुस्तकार्चनपूर्वकम् ॥ ५

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ ભાગવતના પુરશ્ચરણનો વિધિ કહ્યો એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. –૮–**

---

## અધ્યાય – ૯

## શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત આદિ સત્શાસ્ત્રોના શ્રવણનો કરેલો પ્રારંભ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણેનાં ભગવાન શ્રીહરિનાં વાક્યો સાંભળી ઉત્તમ ભૂપતિનું મન ખૂબજ પ્રસન્ન થયું ને પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને મનમાં દેશકાળની અનુકૂળતાએ શ્રીમદ્ ભાગવતનું પુરશ્ચરણ કરાવવાની ઇચ્છા કરી. તેમ જ કથાશ્રવણ અને પુસ્તકદાન કરવાની પણ ઇચ્છા કરી.[૧-૨] ત્યારે શ્રીહરિએ અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર રંગોવાળાં વસ્ત્રોથી અને કેળાના સ્તંભોથી સુશોભિત કરાયેલા મંડપની પોતાના નિવાસસ્થાનની સમીપે રચના કરાવી.[૩] ત્યારપછી સંવત ૧૮૭૬ ના માગસર સુદ સાતમના પ્રાતઃકાળે આહ્નિકવિધિ પૂર્ણ કરી રચના કરાયેલા મંડપની મધ્યે રમણીય વ્યાસાસન તૈયાર કરાવ્યું.[૪] ત્યારપછી પાર્ષદો દ્વારા પ્રાગજી પુરાણીને બોલાવ્યા ને વ્યાસાસન ઉપર બેસાડી શ્રીમદ્ ભાગવતના પુસ્તકની પૂજા કર્યા બાદ પુરાણીની પૂજા કરી.[૫] પછી

तस्मै वासांसि नूत्नानि बहुमूल्यानि स प्रभुः । कौशेयानि च सूक्ष्माणि प्रारम्भसमये ददौ ॥ ६
कुण्डले कटके हैमे प्रादाद्धैमोर्मिकाः शुभाः । ततः पुराणप्रारम्भं कारयामास स प्रभुः ॥ ७
रामप्रतापेच्छारामौ हरेरन्तिक आसने । निषेदतुरुभौ बन्धू श्रोतृधर्मस्थितौ नृप ! ॥ ८
यथोचितं सभायां च निषेदुस्तत्र पार्षदाः । उत्तमप्रमुखा भूषा मुकुन्दाद्याश्च वर्णिनः ॥ ९
मुक्तानन्दाद्या मुनयो निषेदुस्तत्र संसदि । जयारमादयो योषा निषेदुश्चैकतोऽखिलाः ॥ १०
सर्वेऽपि तत्र श्रोतारः सात्त्विकैर्लक्षणैर्युताः । आसन्सुशिक्षितास्ते वै प्रागेव हरिणा निजाः ॥ ११
सर्वज्ञोऽपि हरिस्तत्र नृनाट्यमनुशीलयन् । सुश्रावेतरवत्साक्षात्स्वयं धर्मप्रवर्तकः ॥ १२
अध्यात्मभागं कठिनं तत्र स्वानुभवेन सः । क्वचित्क्वचिद्विशदयन् वक्तृश्रोतृनमूमुदत् ॥ १३
कथान्ते कीर्तनं कृत्वा श्रोतृभिः सह स प्रभुः । नाम्नां भगवतोऽथाह तं पौराणिकमुत्तमम् ॥ १४
अस्मन्मोदिवणिग्गेहादामान्नं स्वेप्सितं त्वया । ग्रहीतव्यं द्विजश्रेष्ठ घृतं सितशर्करा ॥ १५

---

શ્રીહરિએ કથાના પ્રારંભ સમયે વક્તા પ્રાગજી પુરાણીને બહુ મૂલ્યવાળાં સૂક્ષ્મ નવીન રેશમી વસ્ત્રો અર્પણ કર્યાં.[૬] ત્યારપછી શ્રીહરિએ સુવર્ણનાં કુંડળ, કડાં અને વીંટીઓ અર્પણ કરીને કથાનો પ્રારંભ કરાવ્યો.[૭] અને શ્રોતાઓના ધર્મમાં રહેલા રામપ્રતાપભાઇ અને ઇચ્છારામભાઇ પણ શ્રીહરિની સમીપે આસન ઉપર વિરાજમાન થયા.[૮] સોમલાખાચર આદિ પાર્ષદો, ઉત્તમ આદિ રાજાઓ અને મુકુન્દાનંદ બ્રહ્મચારિ આદિ વર્ણીઓ તે સભામાં પોતપોતાના યોગ્ય સ્થાને બેઠા.[૯]

તેવીજ રીતે મુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ તે સભામાં બેઠા. જયાબા, રમાબા અને લલિતાબા આદિ સ્ત્રી ભક્તજનો પણ સભાના એક વિભાગમાં મર્યાદાપૂર્વક બેઠાં.[૧૦] તે સભાને વિષે બેઠેલા સર્વે શ્રોતાજનો ભગવાન શ્રીહરિ થકી પૂર્વે સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કરેલું હોવાથી સાત્વિક લક્ષણોથી યુક્ત હતા.[૧૧] તે સભામાં શ્રીહરિ સ્વયં સાક્ષાત્ સર્વજ્ઞ હોવા છતાં પણ મનુષ્ય-નાટ્યનું અનુકરણ કરી પુરાણ શ્રવણના ધર્મનું પૃથ્વી પર પ્રવર્તન કરવા માટે અન્ય મુમુક્ષુ શ્રોતાઓની જેમ શ્રવણ કરવા લાગ્યા.[૧૨] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કથા પ્રસંગમાં કોઇ કોઇ વારે કઠિન જણાતા અધ્યાત્મના વિભાગને પોતાના અનુભવસિદ્ધ જ્ઞાનથી વિસ્તારપૂર્વક બોધ આપી સર્વે શ્રોતાઓ તથા વક્તાને પણ આનંદ ઉપજાવતા હતા.[૧૩] ભગવાન શ્રીહરિએ કથાની સમાપ્તિ વખતે શ્રોતાજનોની સાથે ભગવાનના નામ સંકીર્તન કર્યા બાદ સાત્ત્વિક લક્ષણવાળા વક્તા પ્રાગજી પુરાણીને કહેવા લાગ્યા.[૧૪] હે દ્વિજોત્તમ ! તમે અમારા મોદીવણિકની દુકાનેથી તમને ગમતું કાચું

नित्यं च लडुकाद्येव यथेष्टं भोजनं त्वया । कर्तव्यं हि श्रमो यस्मात्कर्तव्योऽस्ति तवान्वहम् ॥ १६
प्रातः कर्तुं पयःपानं धेनुद्वन्द्वं गृहाण च । इत्युक्त्वा स पयस्विन्यौ धेनू तस्मै ददादुभे ॥ १७
ततः पौराणिकः प्राह स्वामिन्नाज्ञां तवान्वहम् । एवमेव कृपानाथ ! पालयिष्ये न संशयः ॥ १८
किञ्चिद्व्यञ्जनसामग्र्या आनुकूल्यं भवेद्यदि । तदा तु सम्यगाज्ञायाः पालनं स्यात्तव प्रभो ! ॥ १९
तदान्तिकस्थं स प्राह प्रहसन्वृद्धमालिकम् । अस्येप्सितं त्वया शाकं नित्यं देयमिति प्रभुः ॥ २०
तदा स ब्राह्मणो हृष्टो जातं जातं प्रभोऽखिलम् । वदन्नित्थं तमानम्य जगाम स्वालयं ततः ॥ २१
कथां स प्रत्यहं शृण्वन्भक्तानान्दयन् हरिः । समाप्ते श्रीभागवते प्रागुक्तमकरोद्विधिम् ॥ २२
वस्त्रदाने वाचकाय हेममुद्रार्पणे च सः । स्वयं स्वसदृशो नूनमुल्लङ्घ्यैव विधि बभौ ॥ २३
कृतं भगवता तेन सन्मानं वाचकस्य तु । श्रुत्वाऽऽपुर्विस्मयं सर्वे भुवि भूपतयोऽपि च ॥ २४
अन्यानपि द्विजांस्तत्र समायातान् स ईश्वरः । कामवर्षीव पर्जन्यो दक्षिणाभिरतोषयत् ॥ २५

---

અન્ન, ઘી, સાકર આદિ ગ્રહણ કરવું.[૧૫] હે પુરાણી, તમે નિરંતર ચૂરમાના કે મોતિયા લાડુનું ઈચ્છિત ભોજન કરો. કારણ કે તમારે પ્રતિદિન પરિશ્રમ કરવાનો છે.[૧૬] પ્રાતઃકાળે દૂધનું પાન કરવા આ બે ગાયનો સ્વીકાર કરો. એમ કહીને બહુ દૂધવાળી બે ગાયો વક્તાને અર્પણ કરી.[૧૭]

ત્યારે પ્રાગજી પુરાણી ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હે કૃપાનાથ ! તમારી આજ્ઞાનું હું નિરંતર પાલન કરીશ તેમાં કોઈ સંશય નથી.[૧૮] હે પ્રભુ ! જો શાક વગેરે સામગ્રીની કંઈક અનુકૂળતા થાય તો ઈચ્છાનુસાર લાડુ આદિ જમવાની તમારી આજ્ઞાનું સારી રીતે પાલન થઈ શકે.[૧૯] તે સાંભળી ભગવાન શ્રીહરિ હસવા લાગ્યા ને પોતાની સમીપે જ ઊભેલા હરનાથ નામના વૃદ્ધ માળી પ્રત્યે કહેવા લાગ્યા કે, આ પ્રાગજી પુરાણીને તેમની ઈચ્છા પ્રમાણે તમારે દરરોજ શાક આપવું.[૨૦] તે સમયે વક્તા પ્રાગજી પુરાણી હસતા હસતા ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! મારી સમગ્ર ઈચ્છા પૂરી થઈ. આ પ્રમાણે વારંવાર બોલી શ્રીહરિને નમસ્કાર કરી ત્યાંથી પોતાના નિવાસસ્થાન પ્રત્યે ગયા.[૨૧] પ્રતિદિન કથાનું શ્રવણ કરતા અને ભક્તજનોને આનંદ ઉપજાવતા ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત કથાની સમાપ્તિ વખતે સભામાં પૂર્વોક્ત ઉત્તમરાજાને કહેલ સમગ્ર વિધિનું પાલન કર્યું.[૨૨] અને ભગવાન શ્રીહરિ પુરાણીને વિધિ કરતાં ઉપર જઈ અધિકાધિક સોનામહોરોનું અને વસ્ત્રોનું દાન કરી સર્વ કરતાં શ્રેષ્ઠ શોભવા લાગ્યા.[૨૩] શ્રીહરિએ કરેલું પુરાણીનું સન્માન સાંભળી સર્વે રાજાઓ પણ અતિશય વિસ્મય

श्रीमद्भागवतं श्रुत्वा मासेनैकेन स प्रभुः । शुश्राव दशमं स्कन्धं पञ्चमं च विशेषतः ॥ २६
मासद्वयेन तौ श्रुत्वा ततः फाल्गुनमासि सः । सम्भारेणैव महता चक्रे दोलोत्सवं हरिः ॥ २७
ततः स भगवद्गीतां भाष्योपेतां नृपाशृणोत् । तावच्च नवमी प्राप्ता चैत्रशुक्लातिपावनी ॥ २८
देशान्तरेभ्यो बहवस्तत्राजग्मुस्तदुत्सवे । पुरुषाः सस्त्रियो भक्ता मुनयश्च सहस्रशः ॥ २९
महद्भिरेव सम्भारैरुत्सवं प्रीतये प्रभोः । उत्तमः कारयामास राजा निष्कपटान्तरः ॥ ३०
समाप्तेऽथोत्सवे तस्मिन्स्वदेशान्प्रति प्रभुः । भक्तान्प्रस्थाप्य च पुनः कथारम्भमचीकरत् ॥ ३१
विष्णोः सहसनामाख्यं स्तोत्रं भाष्योपबृंहितम् । शुश्रावाथ त्रयोदश्यां कृष्णायां तत्समापयत् ॥ ३२
वैशाखाद्यप्रतिपदि कूर्मजन्ममहोत्सवम् । कृत्वा पुनर्द्वितीयायां कथारम्भमचीकरत् ॥ ३३
स्कान्दवैष्णवखण्डस्थं शुश्राव सकलं मुदा । श्रीवासुदेवमाहात्म्यं मासेनैकेन स प्रभुः ॥ ३४
आद्यज्येष्ठद्वितीयातो मासेनैकेन सांघ्रिणा । शुश्राव सामवेदस्य पारायणमसौ हरिः ॥ ३५

---

પામી ગયા.[૨૪] તેમજ શ્રીહરિએ કથા શ્રવણ કરવા પધારેલા અન્ય બ્રાહ્મણોને પણ ઈચ્છાનુસાર વરસાદની જેમ દક્ષિણા આદિક અર્પણ કરી સંતોષ પમાડ્યા.[૨૫]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ એક મહિના સુધી શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરીને દશમ તથા પંચમ સ્કંધનું વિશેષ શ્રવણ કર્યું.[૨૬] બે માસમાં બન્ને સ્કંધનું શ્રવણ કરી ફાગણ માસમાં મોટી સામગ્રીવડે ફૂલડોલનો ઉત્સવ કર્યો.[૨૭] પછી શ્રીહરિ શ્રીરામાનુજાચાર્યના ભાષ્યે સહિત શ્રીમદ્ ભગવદ્ગીતાનું શ્રવણ કર્યું. ત્યાં સુધીમાં ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવની ચૈત્રસુદી નવમી તિથિ પ્રાપ્ત થઈ.[૨૮] હે રાજન્ ! તે હરિજયંતીના મહોત્સવમાં દુર્ગપુર પ્રત્યે હજારો નરનારી ભક્તજનો તથા હજારો સંતો દેશાંતરમાંથી પધાર્યા.[૨૯] નિષ્કપટ અંતરવાળા ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે મોટી સામગ્રીથી શ્રીહરિજયંતીનો મહાન ઉત્સવ ઉજવ્યો અને ઉત્સવની સમાપ્તિમાં શ્રીહરિએ આવેલા ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે મોકલી ફરી કથા સાંભળવાનો પ્રારંભ કર્યો.[૩૦-૩૧] તેમાં રામાનુજાચાર્યના કૃપાપાત્ર શિષ્ય પરાશર ભટ્ટ દ્વારા રચાયેલ ભાષ્યે સહિત વિષ્ણુસહસ્રનામ સ્તોત્રની કથા સાંભળી અને તેની ચૈત્રસુદ તેરસના દિવસે સમાપ્તિ કરી.[૩૨]

હે રાજન્ ! શ્રીહરિ વૈશાખસુદ પડવાને દિવસે કૂર્મ ભગવાનનો જન્મોત્સવ પણ ધામધૂમથી ઉજવીને ફરી વૈશાખસુદ બીજના દિવસે કથા સાંભળવાનો પ્રારંભ કર્યો.[૩૩] તે સમયે સ્કંદપુરાણની અંદર વિષ્ણુખંડમાં રહેલા શ્રીવાસુદેવમાહાત્મ્યનું

ज्येष्ठशुक्लदशम्यां स कृत्वा गङ्गार्चनोत्सवम् ॥ मध्याह्नेऽथापराह्नेऽस्य समापनमकारयत् ॥ ३६
एकादश्यां निर्जलायां प्रारम्भन्मिताक्षराम् । शृण्वंस्तां च नभःशुक्लतृतीयायां समापयत् ॥ ३७
चतुर्थ्यो श्रीवराहस्य प्रादुर्भावमहोत्सवम् । कृत्वा मध्याह्नसमये साधून्विप्रानभोजयत् ॥ ३८
ततश्च नागपञ्चभ्यां नयं वैदुरिकं हरिः । श्रोतुमारम्भयामास भक्तानानन्दयन्नृप ! ॥ ३९
श्रावण्यां पौर्णमास्यां तं रक्षाबन्धोत्तरं हरिः । समाप्य वस्त्रभूषाद्यैस्तोषयामास वाचकम् ॥ ४०

इत्थं श्री वासुदेवो निजजननयनानन्दपूर्णेन्दुवक्त्रो,
मानुष्यं नाटयन्स्वं सकलमपि भुवि स्थापयन्नेव धर्मम् ।
स्वीयानां हृद्दरीभ्यः कलिबलसहितं दुर्जयं चाप्यधर्मं,
मूलादुत्पाटयंश्चाप्रथत मुनिगुरुः स्वामिनारायणाख्यः ॥ ४१ ॥

---

એક મહિના સુધી અતિશય હર્ષપૂર્વક શ્રવણ કર્યું.[૩૪] ત્યારપછી પ્રથમ જેઠસુદ બીજથી આરંભીને સવા મહિના સુધી પોતાના સામવેદની અમદાવાદના પંડિત હેમંતરામવિપ્રના મુખથકી પારાયણ સાંભળવા લાગ્યા.[૩૫] તે બીજા જેઠસુદ દશમીની તિથિએ મધ્યાહ્ને ગંગાર્ચનોત્સવ ઉજવીને બપોર પછી સામવેદની પારાયણની સમાપ્તિ કરી.[૩૬] પછી સંવત ૧૮૭૬ ના જેઠ સુદ નિર્જલા એકાદશીની તિથિએ મિતાક્ષરાટીકાએ યુક્ત યાજ્ઞવલ્ક્યસ્મૃતિની કથા સાંભળવાનો પ્રારંભ કર્યો. તેનું શ્રવણ કરતાં કરતાં સંવત ૧૮૭૭ ના નવાવર્ષના શ્રાવણસુદ ત્રીજની તિથિએ તેની પૂર્ણાહુતિ કરી.[૩૭] બીજે દિવસે શ્રાવણ સુદ ચતુર્થીને દિવસે શ્રીહરિએ મધ્યાહ્ને વરાહ ભગવાનનો પ્રાદુર્ભાવ મહોત્સવ ઉજવ્યો અને સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં.[૩૮] આ પ્રમાણે ભક્તજનોને આનંદ ઉપજાવતા ભગવાન શ્રીહરિ શ્રાવણ સુદ નાગપંચમીની તિથિએ વિદુરનીતિ સાંભળવાનો પ્રારંભ કર્યો.[૩૯] ને શ્રાવણ માસની પૂર્ણિમાને દિવસે રક્ષાબંધનનું કાર્ય પૂર્ણ કર્યા પછી વિદુરનીતિની સમાપ્તિ કરી વસ્ત્ર, આભૂષણાદિક વડે વક્તાને સંતોષ પમાડ્યા.[૪૦]

હે રાજન્ ! આ પ્રમાણે પોતાના આત્મીય ભક્તજનોના નેત્રોને આનંદ ઉપજાવવામાં પૂર્ણિમાના ચંદ્રમાની સમાન મુખકમળવાળા, મનુષ્યનાટ્યનું અનુકરણ કરી પોતાના ભક્તજનોમાં ભાગવતધર્મનું સ્થાપન કરતા અને હૃદયરૂપી ગુફામાંથી જીતવા અશક્ય એવા અને કલિયુગના બળથી અજેય થઈ ફરતા અધર્મ સર્ગને મૂળમાંથી ઉખેડીને વિનાશ કરતા અને સંતોના ગુરુ સ્વરૂપે વિરાજતા શ્રીવાસુદેવ ભગવાન સ્વયં આ પૃથ્વી પર શ્રીસ્વામિનારાયણ સ્વરૂપે પ્રસિદ્ધિને પામ્યા.[૪૧]

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुराणश्रवणोत्सवे श्रीमद्भागवतादिसच्छास्त्रश्रवणावाचकसन्माननिरूपणनामा नवमोऽध्यायः ॥ ९ ॥*

---

## दशमोऽध्यायः - १०

**सुव्रत उवाच -**

पौराणिकं प्रापयित्वा गीतवाद्यपुरःसरम् । तद्गृहं स प्रभुर्वेद्यां निम्बाधस्तादुपाविशत् ॥ १
तत्राजगाम तावत्तु सारङ्गपुरभूपतिः । जीववर्मा च तत्पुत्री देविकाख्या दृढव्रता ॥ २
क्षत्रवीरस्तथा राठो मालत्या सुतया सह । तत्रागच्छच्च पुञ्जाख्यो भक्तो भगवतो महान् ॥ ३
प्रणम्य भगवन्तं ते मानितास्तेन सादरम् । निषेदुस्तस्य पुरतस्तद्दर्शनमहामुदः ॥ ४

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પુરાણ શ્રવણના ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ ભાગવતાદિ સચ્છાસ્ત્રોનું શ્રવણ કર્યું અને વિધિ પ્રમાણે વક્તાનું પૂજન કર્યાનું નિરૂપણ કર્યું એ નામે નવમોઅધ્યાય પૂર્ણ થયો. --૯--**

---

## અધ્યાય - ૧૦

## સારંગપુરના ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીહરિનું જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવા સારંગપુરમાં આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ગીત વાજિંત્રો વગાડવા પૂર્વક પ્રાગજી પુરાણીને તેમના નિવાસ સ્થાને વળાવ્યા ને સ્વયં ઉત્તમરાજાના દરબારમાં લીંબતરુ નીચે વેદિકા ઉપર વિરાજમાન થયા.[૧] તે સમયે સારંગપુરના રાજા જીવાખાચર શ્રીહરિની સમીપે આવ્યા તેની સાથે પતિવ્રતાના ધર્મવાળી દેવિકા નામની તેમની પુત્રી અને તેમના ભાઈઓ તથા પુત્રો અમરાખાચર અને વાઘાખાચર પણ હતા.[૨] તેમજ ક્ષત્રિયોની મધ્યે શૂરવીર રાઠોડ ભક્ત પણ તેમની પુત્રી માલતીની સાથે ત્યાં પધાર્યા. તથા અતિશય શ્રેષ્ઠ ભક્ત પૂંજાભાઈ પણ પધાર્યા.[૩] હે રાજન્ ! જીવાખાચર આદિ સર્વે સારંગપુરવાસી ભક્તજનોએ શ્રીહરિને નમસ્કાર કર્યા અને શ્રીહરિ પણ તેમને આદર આપી સત્કાર્યા. તે સમયે તે સર્વે ભક્તજનોને

सम्पृष्टाः स्वागतं तेन प्रभुणा विनयानताः । त ऊचुस्तं नमस्कृत्य बद्धाञ्जलिपुटा वचः ॥ ५
भगवन्भवबन्धघ्न ! त्वद्भक्ता वयमीश्वर ! । नेतुं सारङ्गनगरं त्वामत्र स्म उपागताः ॥ ६
आढ्येऽनाढ्येऽपि वा भक्ते विशेषो नास्ति ते किल । समदर्शिन ईशस्य ततोऽस्मासु दयास्तु ते ॥ ७
जन्माष्टम्युत्सवं नाथ ! पुरे नः कर्तुमर्हसि । अस्माकं यद्धनं किञ्चित्तत्तवैवास्ति निश्चितम् ॥ ८
एतावद्याचितं स्वामिन्नस्माकं भक्तवत्सलः । दातुमर्हसि नाथ ! त्वं वयं हि त्वत्परायणाः ॥ ९
इति तैः प्रार्थितः स्वामी तान्निष्कपटचेतसः । जानन्नुवाच भो भक्तास्तत्राऽऽयास्यामि निश्चितम् ॥ १०
कुरुतोत्सवसम्भारान् यूयं गत्वाग्रतोऽनघाः ! । पञ्चम्यामागमिष्यामि तत्राहं नात्र संशयः ॥ ११
इति वाक्यं प्रभोः श्रुत्वा तेऽतिसंहृष्टमानसाः । प्रोचुस्तं भगवन् ! भक्तैरागन्तव्यं सहाखिलैः ॥ १२

---

ભગવાન શ્રીહરિના દર્શનથી મહા આનંદ પ્રાપ્ત થયો ને સૌ શ્રીહરિની આગળ બેઠા.[૪] ત્યારે શ્રીહરિએ સ્વાગત પ્રશ્નો પૂછ્યા. તેથી વિનયથી નમ્ર થયેલા તે સર્વે ભક્તજનો બે હાથ જોડી ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે, હે ભગવાન ! હે ભવબંધનને તોડનારા ! હે પરમેશ્વર ! તમારા ભક્તો અમે તમને સારંગપુર લઈ જવા માટે આવ્યા છીએ.[૫-૬]

હે શ્રીહરિ ! ઉત્તમરાજા જેવા ધનાઢ્ય ભક્ત કે અમારા જેવા નિર્ધન ભક્તોમાં સમાન દૃષ્ટિ રાખતા પરમેશ્વર એવા તમને કોઈના વિષે ન્યૂનાધિક ભાવ નથી એ નિશ્ચિત વાત છે. માટે તમે અમારી ઉપર દયા કરો ને અમારા સારંગપુરમાં પધારી ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવો. હે નાથ ! અમારૂં જે કાંઈ ધન છે તે તમારૂં જ છે એ નક્કી વાત છે.[૭-૮] હે સ્વામિન્ ! હે નાથ ! અમારી આટલી પ્રાર્થના છે, તેને તમે પૂર્ણ કરો. કારણ કે તમો તો ભક્તવત્સલ છો અને અમે તમારા આશ્રિત ભક્તજનો છીએ.[૯] આ પ્રમાણે સારંગપુરના ભક્તજનોએ પ્રાર્થના કરી, ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન તે ભક્તોને નિષ્કપટ અંતરવાળા જાણી કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! અમે તમારા સારંગપુર નગરમાં ચોક્કસ આવશું.[૧૦] હે નિષ્પાપ ભક્તજનો ! તમે સર્વે ત્યાં જઈ ઉત્સવની સામગ્રી ભેળી કરવા લાગો. હું શ્રાવણવદ પાંચમના રોજે ત્યાં જરૂર આવીશ. તેમાં કોઈ સંશય નથી.[૧૧] આવી રીતનાં શ્રીહરિનાં વચનો સાંભળી અતિશય રાજી થયેલા તે જીવાખાચર આદિક સારંગપુરના ભક્તજનો ભગવાન પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભગવાન ! તમે સમગ્ર ભક્તજનોને સાથે લઈને પધારજો.[૧૨] ત્યારે શ્રીહરિએ તથાસ્તુ કહ્યું. અને

तथेत्युक्ते भगवता जीववर्मोत्तमं नृपम् । आमन्त्रयामास भक्तानपरांश्चागमाय सः ॥ १३
ततस्तदैव स्वपुरं गन्तुकामं समुत्सुकम् । उत्तमो जीववर्माणं राठार्दींश्चाप्यभोजयत् ॥ १४
भुक्त्वा ते स्वपुरं गत्वा सम्भारांश्चक्रुरादरात् । अन्नोदपात्रास्तरणकाष्ठशाकघृतादिकान् ॥ १५
भगवानपि पञ्चम्यामुत्तमेन च पार्षदैः । भक्तैश्चान्यैः परिवृतस्तत्पुरं प्रययौ ततः ॥ १६
समारूढो वाहं जविनमरुणं मञ्जुलगतिं दधद्वल्गां वामे करकमलकोशेऽतिमृदुले ।
परे वेत्रं चेशः सितसकलवासाः परिवृतो हयारूढैः सोमप्रभुखनिजभक्तैश्च स ययौ ॥ १७
रामप्रतापो वडवां समारुह्याशु कैसरीम् । तमन्वगाद्रोहिताश्वमिच्छारामोऽधिरुह्य च ॥ १८
जयारमादयो योषा अपृष्ट्वात्मानमेव तम् । यान्तं दृष्ट्वैवानुययुस्तच्चिरस्थितिशङ्किताः ॥ १९

---

જીવાખાચરે ઉત્તમરાજાને તથા અન્ય સર્વે ભક્તજનોને પણ શ્રીહરિની સાથે સારંગપુર આવવા આમંત્રણ આપ્યું.[૧૩] પછી પોતાના પુર પ્રત્યે જવા તૈયાર થયેલા જીવાખાચર તથા રાઠોડ ભક્ત આદિ સર્વેને ઉત્તમ રાજાએ ભોજન કરાવ્યું.[૧૪]

હે રાજન્ ! તે ભક્તજનો ભોજન સ્વીકારી પોતાના પુરમાં પાછા આવ્યા ને ઉત્સવ માટે અન્ન, જળપાત્રો, પાથરણાં, કાષ્ઠ, શાક, ઘી, સાકર અને ગોળ આદિક અનેક પ્રકારની સામગ્રી આદરપૂર્વક ભેળી કરી.[૧૫] પછી ભગવાન શ્રીહરિ પણ ઉત્તમરાજા, સોમલાખાચર આદિક પાર્ષદો તથા અન્ય અનેક ભક્તજનોની સાથે સંવત ૧૮૭૭ ના શ્રાવણવદ નાગપંચમીને દિવસે સારંગપુર પ્રત્યે જવા નીકળ્યા.[૧૬] તે સમયે ભગવાન શ્રીહરિ અતિશય વેગવાન લાલરંગના તેમજ મંજુલગતિએ ચાલતા અશ્વ ઉપર આરુઢ થયા. ડાબા હાથમાં ઘોડાની લગામ પકડી અને જમણા હાથમાં છડી ધારણ કરી સમગ્ર શ્વેતવસ્ત્રોમાં શોભી રહેલા ને ઘોડાઓ ઉપર આરુઢ થયેલા સોમલાખાચર આદિ પાર્ષદોની સાથે વીંટાઈને સારંગપુર જવા નીકળ્યા.[૧૭] રામપ્રતાપભાઈ કેસરજાતિના ઘોડા ઉપર બેસીને તત્કાળ ભગવાન શ્રીહરિની પાછળ પાછળ ચાલવા લાગ્યા, તેમજ ઈચ્છારામભાઈ પણ લાલવર્ણના ઘોડા ઉપર બેસીને ચાલવા લાગ્યા.[૧૮] તે સમયે જયાબા, રમાબા, લલિતાબા વગેરે બહેનો પોતાને પૂછ્યા વિના ચૂપચાપ નીકળી ગયેલા શ્રીહરિ લાંબો સમય સુધી સારંગપુર રોકાઈ જશે, એવી શંકાથી તેમની પાછળ ચાલવા લાગી.[૧૯]

ભગવાન શ્રીહરિ સારંગપુર પધારે છે એવા સમાચાર સાંભળી

श्रुत्वाऽऽयान्तं हरिं राजन् ! सारङ्गपुरवासिनः । गीतवादित्रनिर्घोषैस्तत्सन्मुखमुपाययुः ॥ २०
दूराद्दृष्ट्वा हरिं प्रेम्णा स्रवदश्रव एव ते । प्रणेमुर्दण्डवद्भक्त्या ततोऽभिमुवमद्रवन् ॥ २१
सम्भाव्य तान् यथायोग्यं साकं तैर्भगवान् पुरम् । प्रविश्यावासमकरोज्जीववर्मालये हरिः ॥ २२
राठालये निवासार्थं जयाद्याश्चादिशत्स्त्रियः । अन्येभ्योऽपि यथायोग्यं वासस्थानान्यदापयत् ॥ २३
जीववर्मा च पौराश्च हरिं भागवतांश्च तान् । यथोचितेनातिथ्येन प्रीणयामासुरुत्सुकाः ॥ २४
गृहिणां त्यागिनां चापि तत्र यूथानि भूरिशः । देशान्तरेभ्य आजग्मुः पौरास्तानि न्यवासयन् ॥ २५
भगवद्दर्शनं कृत्वा सर्वे, ते परमां मुदम् । लेभिरे सोऽपि तान् सर्वान् यथोचितमानयत् ॥ २६
तत्पुरं हरिभक्तानां यूथैः पुंसां च योषिताम् । तपस्विनां मुनीनां च बभूवातीव संकुलम् ॥ २७
तत फल्गोस्तटान्नद्या धवलायास्तटावधि । कारयामास स सभां विशाले वसुधातले ॥ २८

---

સારંગપુરના સર્વે ભક્તજનો ગીત વાજિંત્રોનો નાદ કરતા કરતા શ્રીહરિની સન્મુખ આવ્યા.[20] દૂરથી શ્રીહરિનાં દર્શન થતાં જ અતિશય પ્રેમના કારણે તેમના નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ વહેવા લાગ્યાં ને ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યાં. ત્યારપછી ભગવાન શ્રીહરિ સન્મુખ દોટ મૂકી અને શ્રીહરિ પણ દોડીને સન્મુખ પધારેલા તે સર્વે ભક્તજનોને માન આપી આવકાર્યા ને તેઓની સાથે પુરમાં પ્રવેશ કરીને જીવાખાચરના દરબારમાં પોતાનો ઉતારો કર્યો.[21-22] તેમજ ભગવાન શ્રીહરિએ જયાબા આદિક સ્રી ભક્તજનોને રાઠોડ ભક્તને ઘેર નિવાસ કરવાની આજ્ઞા આપી, અને સાથે આવેલા બીજા ભક્તજનોને પણ યથાયોગ્ય રીતે નિવાસ સ્થાન અપાવ્યાં.[23] હે રાજન્ ! તે સમયે જીવાખાચર આદિ પુરવાસી ભક્તજનો અતિશય ઉત્સાહમાં આવી ભગવાન શ્રીહરિ તથા તેમની સાથે પધારેલા ભક્તજનોને યથાયોગ્ય આતિથ્ય સત્કાર કરી બહુ જ પ્રસન્ન કર્યા.[24] પછી ગૃહસ્થ ભક્તજનોના સંઘો તથા સંતોનાં અનેક મંડળો દેશાંતરોમાંથી સારંગપુરમાં આવવા લાગ્યાં ને પુરવાસી ભક્તજનો સર્વેને માટે ઉતારાની વ્યવસ્થા કરવા લાગ્યા.[25] ભગવાન શ્રીહરિનાં દર્શન કરી તે દેશાંતરવાસી ભક્તજનો અતિશય આનંદ પામ્યા ને શ્રીહરિએ પણ સર્વેને યથાયોગ્ય માન આપી બોલાવ્યા.[26] ગૃહસ્થ નરનારી ભક્તજનો તથા મહા તપસ્વી સંતોના સમૂહોથી સારંગપુરમાં બહુજ ભીડ જામી.[27] પછી ભગવાન શ્રીહરિએ ફલ્ગુ નદીના તટથી આરંભીને ધવલાનદીના તટ પર્યંત અતિશય વિશાળ ભૂમિમાં મોટી સભાનું આયોજન કર્યું.[28]

उच्चं सिंहासनं तत्र सप्तम्या निशि स प्रभुः । अध्यारुरोहाथ भक्ता निषेदुस्तस्य चाग्रतः ॥ २९
तत्र ज्ञानपतोवृद्धा मुनयः पुरतः प्रभोः । निषेदुः पृष्ठस्तेषां वयोवृद्धास्तपस्विनः ॥ ३०
तेषां च पृष्ठतः सर्वे मुनयस्तरुणास्तथा । तेषां पृष्ठे किशोराश्च निषेदुर्मुनयोऽखिलाः ॥ ३१
रामप्रतापस्तस्यैव पुरतः सानुजः प्रभोः । सिंहासनं च निकषा न्यषीदत्पीठ उत्तमे ॥ ३२
प्रभोश्च दक्षिणे भागे शास्त्रज्ञानतपोधिकाः । विप्रा निषेदुस्तत्पश्चाद्वयोवृद्धा द्विजातयः ॥ ३३
वामभागे भगवतः सोमाद्या मुख्यपार्षदाः । निषेदुः पृष्ठस्तेषां जीववर्मादयो नृपाः ॥ ३४
मुकुन्दानण्दमुख्याश्च नैष्ठिकब्रह्मचारिणः । प्रान्ते सिंहासनस्यैव तस्थुस्तत्सेवने रताः ॥ ३५
भृगुजिन्नाञ्जभीमाद्याः क्षत्रियाः शस्त्रपाणयः । तस्थुर्भगवतः पश्चात्सर्वतः प्रसरद्दृशः ॥ ३६
मुनीनां पार्षदानां च मध्येऽथ ब्रह्मचारिणः । निषेदुर्वासुदेवाद्या नैष्ठिकं व्रतमाश्रिताः ॥ ३७

---

**સારંગપુરમાં દિવ્ય સત્સંગસભાનું આયોજન :–** હે રાજન્ ! સંવત ૧૮૭૭ ના શ્રાવણ વદ સાતમની રાત્રીએ તે સભામાં રત્નજડિત ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા તે સમયે સર્વે સંતો તથા ભક્તજનો પણ ભગવાન શ્રીહરિની સન્મુખ બેઠા.[૨૯] તે સભામાં જ્ઞાનવૃદ્ધ તપસ્વી જે સંતો હતા તે શ્રીહરિની આગળ જ બેઠા. તેમની પાછળ વયોવૃદ્ધ તપસ્વી સંતો હતા તે બેઠા.[૩૦] તેમની પાછળ સર્વે યુવાન સંતો અને તેમની પાછળ કિશોર સંતો બેઠા.[૩૧] નાનાભાઈ ઈચ્છારામજીની સાથે મોટાભાઈ રામપ્રતાપજી શ્રીહરિના આગળના ભાગમાં સિંહાસનની સમીપે જ ઉત્તમ બિછાવેલાં આસન ઉપર વિરાજમાન થયા.[૩૨] હે રાજન્ ! શાસ્ત્રજ્ઞાન તેમજ તપથી શ્રેષ્ઠ બ્રાહ્મણો શ્રીહરિના જમણા ભાગમાં બેઠા. તેમની પાછળ વયોવૃદ્ધ બ્રાહ્મણો બેઠા.[૩૩] અને સોમલાખાચર વગેરે શ્રીહરિના પાર્ષદો તેમની ડાબી બાજુએ બેઠા. તેમની પાછળ સારંગપુરના જીવાખાચર આદિ સર્વે રાજાઓ બેઠા.[૩૪] ભગવાન શ્રીહરિની સેવામાં સદાય તત્પર એવા મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ શ્રીહરિના સિંહાસનની નજીકના ભાગમાં બેઠા.[૩૫] હાથમાં શસ્ત્રો ધારણ કરી ભગુજી, નાંજા, ભીમ અને રતનજી વિગેરે ક્ષત્રિય ભક્તજનો ચારે તરફ દૃષ્ટિ ફેરવતા ફેરવતા શ્રીહરિની પાછળ ઊભા રહ્યા.[૩૬] નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરી રહેલા વાસુદેવાનંદ આદિક સર્વે બ્રહ્મચારીઓ, સંતો અને પાર્ષદોના વચ્ચેના ભાગમાં બેઠા.[૩૭] આ રીતે સર્વે સંતો તથા ભક્તજનો પોતાના અંગની ચપળતાનો ત્યાગ કરી સભામાં સ્વસ્તિક આસને

स्वस्तिकासनमेवैकमाश्रित्यैतेऽखिला अपि । अकुर्वन्तोऽङ्गचापल्यं निषेदुस्तत्र संसदि ॥ ३८
एतेषामथ सर्वेषां पृष्ठतः क्षत्रजातयः । उपाविशंश्च तत्पश्चाद्भक्ता भगवतो विशः ॥ ३९
तेषां च पृष्ठतः शूद्रास्तत्पश्चादपरे जनाः । मर्यादया निषेदुस्ते तदेकार्पितदृष्टयः ॥ ४०
स्त्रीणां वृन्दानि दूरे च स्वस्वमर्यादयैव हि । निषेदुर्विक्षमाणानि प्रभुं सिंहासनस्थितम् ॥ ४१

तेषूपविष्टेष्वखिलेषु राजन्नित्थं सभायां निजसंश्रितेषु ।
आनन्दयंस्तानमृतायमानं वचो जगादेत्थमृषिः पुराणः ॥ ४२ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे सारङ्गपुरे जन्माष्टम्युत्सवे भगवतः सभोपवेशननिरूपणनामा दशमोऽध्यायः ॥१०॥*

---

**સ્થિર બેઠા હતા.[૩૮] અને ક્ષત્રિય ભક્તજનો હતા તે પૂર્વોક્ત સંતો ભક્તોની પાછળના ભાગે બેઠા. તેમની પાછળ વૈશ્ય ભક્તજનો અને તેની પાછળ શૂદ્ર ભક્તજનો બેઠા. તેથી પાછળના ભાગમાં પંચમવર્ણના ભક્તજનો બેઠા આ રીતે સર્વે ભક્તજનો એક શ્રીહરિના મુખારવિંદ ઉપર દૃષ્ટિ રાખીને સ્થિર આસને બેઠા.[૩૯-૪૦] અને સર્વે સ્ત્રી ભક્તજનોના વૃંદો પુરુષોની સભાથી થોડે દૂર પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠાં હતાં.[૪૧]**

**હે રાજન્ ! આ પ્રમાણે સર્વે પોતાના આશ્રિત ભક્તજનો સભામાં બેસી ગયા ત્યારે પુરાણપુરુષ પરમાત્મા ભગવાન શ્રીનારાયણઋષિ સર્વેને આનંદ ઉપજાવતા અમૃતની સમાન વચનો કહેવા લાગ્યા.[૪૨]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે સત્સંગ સભાના સ્વરૂપનું નિરૂપણ કર્યું એ નામે દશમો અધ્યાય પૂર્ણ થયો. --૧૦--**

## एकादशोऽध्यायः - ११

### श्री नारायणमुनिरुवाच –

सर्वे शृणुत भो भक्ता ! मम वाक्यं हितावहम् । श्वोऽस्ति जन्मतिथिः साक्षाद्वासुदेवस्य विश्रुता ॥ १ ॥
तस्या व्रतं प्रकर्तव्यं सर्वैरेव मदाश्रितैः । श्रीकृष्णो हि यथास्माकमिष्टोऽस्त्येषापि तादृशी ॥ २
विधानमस्याः सकलं यथाशास्त्रं च वो जनाः ! । कथयामि तदाश्रुत्य कर्तव्यं तद्व्रतं तथा ॥ ३
सप्तमीवेधरहिता रोहिणीबुधसंयुता । निशीथगाष्टमी या सा कृष्णजन्माष्टमी मता ॥ ४
अष्टमी रोहिणीयुक्ता निशीथे यत्र दृश्यते । मुख्यः कालः स विज्ञेयस्तत्र जातो यतो हरिः ॥ ५
जन्माष्टमीव्रतस्यास्य निर्णये बहवो द्विजाः । विवदन्ते हि विद्वांसः स्वमतस्थापनोद्यताः ॥ ६
जन्माष्टमी जयन्ती च व्रते द्वे इति केचन । एकमेवेति केचिच्च विद्वांसः कथयन्ति हि ॥ ७

---

## અધ્યાય – ૧૧

## ભગવાન શ્રીહરિએ કહેલો જન્માષ્ટમીના વ્રતનો અને ઉદ્યાપનના વિધિનો નિર્ણય.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે ભક્તજનો ! તમો સર્વે તમારા હિતને કરનારૂં મારૂં વચન સાંભળો. આવતી કાલે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનની લોક અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ જન્મતિથિ ગોકુળાષ્ટમી છે.[૧] મારા આશ્રિત સર્વે ભક્તજનોએ તેનું વ્રત અવશ્ય કરવું. કારણ કે અમને જેવા શ્રીકૃષ્ણ ભગવાન વહાલા છે તેવી જ તેમની જન્મતિથી પણ વહાલી છે.[૨] તો હે ભક્તજનો ! એ તિથિનો સમગ્ર વ્રત કરવાનો વિધિ તમને હું શાસ્ત્રને અનુસારે કહું છું. તમારે તે વિધિ સાંભળ્યા પછી તે પ્રમાણે જન્માષ્ટમીનું વ્રત અવશ્ય કરવું.[૩] હે ભક્તજનો ! સપ્તમીના વેધ રહિતની રોહિણી નક્ષત્રને બુધવારે યુક્ત અષ્ટમી હોય, તેમજ મધ્યરાત્રીએ પ્રાપ્ત હોય એવી અષ્ટમી તિથિ જન્માષ્ટમીના વ્રત માટે યોગ્ય મનાયેલી છે. સપ્તમીના વેધ રહિતની હોવાનો અહીં એ ભાવ છે કે, શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાદુર્ભાવ પછી એક મુહૂર્ત બાદ દુર્ગાદેવીની જન્મતિથિ નવમી હોવી જરૂરી છે.[૪] જે રાત્રીના સમયે રોહિણી નક્ષત્ર યુક્ત અષ્ટમી હોય તે જ જન્મનો મુખ્ય કાળ સમજવો. કારણ કે તે કાળમાં ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયેલો છે.[૫] આ જન્માષ્ટમીવ્રતના નિર્ણયમાં અનેક વિદ્વાનો તથા અનેક બ્રાહ્મણો પોતપોતાના મતનું સ્થાપન કરવા તત્પર થઈ વાદ-વિવાદ કરે છે.[૬] કેટલાક વિદ્વાનો જન્માષ્ટમી અને જયંતી એ બે વ્રતને જુદાં ગણે છે. અને કેટલાક વિદ્વાનો એક ગણે છે.[૭] ત્યારે વળી

कृष्णजन्मनिशामेव जयन्तीं केचिदूचिरे । अष्टमीरोहिणीयोगं जयन्त्याख्यं तु केचन ॥ ८
उदये चाष्टमी किञ्चिदित्यत्रेन्दूदयं बुधाः । केचिद्वदन्ति केचिच्च सूर्यस्यैवोदयं द्विजाः ॥ ९
तिथ्यन्तपारणापक्षं गृहीत्वा केऽपि वादिनः । अष्टमीं सप्तमीविद्धां प्रशंसन्ति व्रते किल ॥ १०
गृहीत्वा पारणापक्षमुत्सवान्तेऽथ केचन । नाद्रियन्ते पूर्वयुक्तां प्राशस्त्यान्नवमीयुजेः ॥ ११
सूर्योदयस्य सम्बन्धमुपवासितिथेर्जगुः । मुख्यं केचिच्च केचित्तु कर्मकालं विचक्षणाः ॥ १२
नाद्रियन्ते द्विजाः केचिद्विद्धां शुद्धां च वाष्टमीम् । आलम्ब्य रोहिणीमेव विद्वांसः कुर्वते व्रतम् ॥ १३
इत्यादयो बहुविधा वादाः सन्त्यत्र हि व्रते । अवलम्ब्यार्षवाक्यानि विद्वद्भिर्ग्रथिताश्च ते ॥ १४
सप्रमाणा हि ते सर्वे तेषु शिष्टैः सुनिश्चितम् । पक्षं प्रदर्शयाम्यद्य सर्वसंशयनुत्तये ॥ १५

---

કેટલાક વિદ્વાનો જન્માષ્ટમીની રાત્રીને જ જયંતી કહે છે. અને કેટલાક અષ્ટમી અને રોહિણી નક્ષત્રના યોગને જ જયંતી કહે છે.[૮]

કેટલાક પંડિત બ્રાહ્મણો ''ઉદયે ચાષ્ટમી કિઞ્ચિત્'' આ રીતના સ્કંદપુરાણના વાક્યમાં ઉદય શબ્દથી ચંદ્રોદય માને છે. અર્થાત્ ચંદ્રોદય સમયે વર્તતી અષ્ટમી વ્રતમાં ગ્રહણ કરવી, એમ કહે છે. અને કેટલાક વિદ્વાનો ઉદય શબ્દથી સૂર્યોદય માને છે.[૯] કોઇ વિદ્વાનો તિથિના અંતે જ પારણા કરવા જોઇએ. એવો પક્ષ લઇને સપ્તમીના વેધવાળી અષ્ટમી જ વ્રતમાં શ્રેષ્ઠ છે. એવી પ્રશંસા કરે છે.[૧૦] કોઇ વિદ્વાનો કાલાદર્શમાં કહેવા પ્રમાણે ઉત્સવની સમાપ્તિ વખતે પારણાં કરવાં જોઇએ એવા પક્ષનો સ્વીકાર કરી નવમી તિથિના યોગવાળી અષ્ટમી તિથિની પ્રશંસા કરતા હોવાથી પૂર્વોક્ત સપ્તમીના વેધવાળી અષ્ટમીને આદર કરતા નથી.[૧૧] કોઇ વિચક્ષણ પુરુષો ઉપવાસ તિથિનો ને સૂર્યોદયનો સંબંધ મુખ્ય કહે છે. કેટલાક પૂજન- ઉત્સવ ઉજવવાના મધ્યરાત્રીરૂપ સમયને જ મુખ્ય કહે છે.[૧૨] કોઇ સપ્તમીના વેધવાળી અષ્ટમી કે વેધ વગરની અષ્ટમીનો આદર કરતા નથી. પરંતુ એક રોહિણી નક્ષત્રનો આશ્રય રાખીને વ્રત કરે છે.[૧૩]

આ પ્રમાણે અનેક પ્રકારના વાદ-વિવાદો આ જન્માષ્ટમીના વ્રતમાં રહેલા છે. તે પણ વિદ્વાનો આર્ષ પુરુષોના વાક્યોનો આધાર લઇને જ નિર્ણય સિંધુ, સમયમયૂખ, હરિભક્તિવિલાસ આદિ ગ્રંથોમાં લખ્યા છે.[૧૪] એ સર્વે વિવાદો ઋષિમુનિઓના વાક્યોના પ્રમાણોથી યુક્ત છે. આ સર્વે પક્ષોની મધ્યે શિષ્ટ પુરુષોએ સારી રીતે સુનિશ્ચિત કરેલો પક્ષ તમારા સર્વેના સંશયોનું નિવારણ કરવા અત્યારે હું તમને કહું છું.[૧૫] હે ભક્તજનો ! જો સપ્તમીના દિવસે જ રોહિણી નક્ષત્ર અને

यदा पूर्वदिने ह्येव रोहिणीबुधसंयुता । निशीथगाष्टमी सम्यक् नोत्तरा तु निशीथगा ॥ १६
तदा विद्धाऽपि सप्तम्या ग्रहीतव्याष्टमी व्रते । परेद्युः पारणा कार्या तिथ्यन्ते व्रतचारिभिः ॥ १७
प्रोक्ता योगविशेषेण सप्तमीसहिताष्टमी । ग्राह्येत्यग्निपुराणादौ नान्यथा केवलाष्टमी ॥ १८
पूर्वेद्युरेव योगश्च प्रागुक्तः सकलो यदि । भवेदथ परेद्युस्तु निशीथे केवलाष्टमी ॥ १९
उपवासद्वयं कुर्यात्तदा शक्तस्तु पूरुषः । उपवासमशक्तस्तु कुर्यादेकं परेऽहनि ॥ २०
बुधाष्टमीरोहिणीनां निशीथे योगमन्तरा । पूर्वविद्धा न कर्तव्या बुधैर्जन्माष्टमी क्वचित् ॥ २१
बुधवारो न चेत्तर्हि रोहिणीसहितामपि । पूर्वविद्धां विहायैव शुद्धा ग्राह्याष्टमी मता ॥ २२
विना ऋक्षेणापि कार्या नवमीसंयुताष्टमी । सऋक्षापि न कर्तव्या सप्तमीसंयुताष्टमी ॥ २३

---

બુધવાર યુક્ત મધ્યરાત્રીએ અષ્ટમીનો સારી રીતે યોગ વર્તતો હોય તો અને બીજે દિવસે અષ્ટમી મધ્યરાત્રીએ વ્યાપ્તિ ન હોય તો સપ્તમીના વેધવાળી જ અષ્ટમીનો વ્રત કરવામાં સ્વીકાર કરવો. અને વ્રત કરનાર મનુષ્યોએ બીજે દિવસે અષ્ટમીતિથિના અંતે પારણાં કરવાં.[૧૬-૧૭] આવી રીતના યોગ વિશેષના કારણે સપ્તમીના વેધવાળી અષ્ટમીતિથિ પણ અગ્નિપુરાણ આદિકમાં ગ્રહણ કરવાની કહી છે. પરંતુ તેનાથી વિપરીત કેવળ મધ્યરાત્રીએ અષ્ટમી વ્યાપ્તિ હોય અને બુધવાર કે રોહિણી નક્ષત્રનો યોગ ન હોય તો તે સાતમના વેધવાળી અષ્ટમીનો સ્વીકાર કરવો નહિ.[૧૮]

જો સપ્તમીની તિથિએ પૂર્વોક્ત રોહિણી નક્ષત્ર, બુધવાર અને મધ્યરાત્રીએ અષ્ટમીની વ્યાપ્તિનો યોગ વર્તતો હોય અને બીજે દિવસે અષ્ટમીની તિથિએ કેવળ અષ્ટમી તિથિ વ્યાપ્તિ હોય તો તેમાં સમર્થ પુરુષે બે ઉપવાસ કરવા અને અસમર્થ પુરુષે બીજે દિવસે કેવળ અષ્ટમીની તિથિએ જ એક ઉપવાસ કરવો.[૧૯-૨૦] મધ્યરાત્રીએ બુધવાર, અષ્ટમી અને રોહિણી નક્ષત્રનો યોગ ન હોય તો ડાહ્યા જનોએ સપ્તમીના વેધવાળી અષ્ટમી તિથિ વ્રતમાં ક્યારેય પણ લેવી નહીં.[૨૧] હે ભક્તજનો ! જો બુધવારનો યોગ ન હોય પરંતુ મધ્ય રાત્રીએ અષ્ટમી અને રોહિણી નક્ષત્રનો યોગ હોય, છતાં પણ સપ્તમીના વેધવાળી અષ્ટમી વ્રતમાં લેવી નહિ. ને બીજે દિવસે સપ્તમીના વેધ વગરની શુદ્ધ અષ્ટમી વ્રતમાં સ્વીકારવી.[૨૨] બીજું કે રોહિણી નક્ષત્રનો યોગ ન હોય એવી પણ નવમીના વેધવાળી અષ્ટમી વ્રતમાં સ્વીકારવી, પરંતુ રોહિણી નક્ષત્રવાળી હોય છતાં સપ્તમીના વેધવાળી અષ્ટમી સ્વીકારવી નહિ.[૨૩] જો આ વદપક્ષની અષ્ટમી તિથિ બેઘડી એકઘડી કે પળ માત્ર વર્તતી હોય

पलं घंट मुहूर्तं वा यदा कृष्णाष्टमी ततः । नवमी सैव ग्राह्या स्यात्सप्तमीसंयुता न तु ॥ २४
विद्धायाश्च क्षयः स्याच्चेत्सप्तमीसंयुताष्टमी । तदा परा ग्रहीतव्या व्रते जन्मतिथिः प्रभोः ॥ २५
शुद्धाऽधिकाष्टमी यर्हि तदापि नवमीयुजेः । प्राशस्त्यादुत्तरा ग्राह्येत्यूचुः केचन वैष्णवाः ॥ २६
बहुकालव्यापकत्वाद्वेधाभावाच्च सर्वथा । पूर्वा ग्राह्येति गोस्वामिमतं तद्ग्राह्यमस्ति नः ॥ २७
इति सङ्क्षेपतो ह्येष सर्वसारो निरूपितः । निश्चित्यैतन्मतं ज्ञेयो जन्माष्टम्यास्तु निर्णयः ॥ २८
व्रतं करिष्यन्पुरुषः सप्तम्यां लघुभुग्भवेत् । जितेन्द्रियः स्वपेद्रात्रौ कृष्णमेव विचिन्ययतन् ॥ २९

અને ત્યારપછી નવમી તિથિ આવી જતી હોય તો નવમીના વેધવાળી અષ્ટમી વ્રતમાં સ્વીકારવી. પરંતુ સપ્તમીના એક પલમાત્રના વેધવાળી અષ્ટમી વ્રતમાં સ્વીકારવી નહિ.[૨૪]

હે ભક્તજનો ! જો સપ્તમીના વેધવાળી અષ્ટમીનો ક્ષય હોય અર્થાત્ એકજ દિવસે સૂર્યોદય સમયે સપ્તમી તિથિ હોય પછીથી અષ્ટમી બેસે પરંતુ તે અષ્ટમી બીજે દિવસે સૂર્યોદયના પ્રારંભ સમયે ન હોય. ત્યારે નવમી બેસી ગઇ હોય તો અષ્ટમી તિથિ સાતમના વેધવાળી જ થઇ, માટે આવી પરિસ્થિતિમાં તો શ્રીકૃષ્ણ ભગવાનનું જયંતી વ્રત કેવળ નવમી તિથિએ જ ગ્રહણ કરવું.[૨૫] જો શુદ્ધ અષ્ટમીતિથિની વૃદ્ધિ હોય અર્થાત્ પહેલી અષ્ટમી સાઠ ઘડીની પૂર્ણ હોય અને બીજે દિવસે સૂર્યોદય સમયે એક, બે કે ત્રણ ઘડી જેટલી અષ્ટમી હોય પછીથી નવમી તિથિ બેસી જતી હોય છતાં પણ બીજા દિવસે નવમીના વેધવાળી અષ્ટમી તિથિનું વ્રત પ્રશંસનીય છે. તેથી બીજી અષ્ટમી વ્રતમાં ગ્રહણ કરવી, એમ કેટલાક વૈષ્ણવો કહે છે.[૨૬] હે ભક્તજનો ! વિઠ્ઠલેશ ગોસ્વામીનો મત એવો છે કે આવી રીતની જ્યારે બે અષ્ટમી હોય ત્યારે પહેલી શુદ્ધ અષ્ટમી બહુકાળ વ્યાપ્તિની હોવાથી અને જન્મ સમયે તેનો યોગ હોવાથી અને સપ્તમીનો તેમાં વેધ ન હોવાથી શુદ્ધ સાઠ ઘડીની એ પહેલી અષ્ટમીનો જ વ્રત કરવામાં સ્વીકાર કરવો. આ રીતનો ગોસ્વામી વિઠ્ઠલનાથજીનો અભિપ્રાય છે. તે મતનો આપણે પણ સ્વીકાર કરીએ છીએ.[૨૭] આ પ્રમાણે સમગ્ર નિર્ણયનો સારાંશ જે હોય તે મેં તમને સંક્ષેપથી કહ્યો છે. મારા આશ્રિત ભક્તજનોએ આ સારાંશનો જ આશ્રય કરી જન્માષ્ટમીના વ્રતનો નિર્ણય કરવો.[૨૮]

**વ્રતવિધિ સાથે પાળવાના નિયમો :–** હે ભક્તજનો ! ગોકુલાષ્ટમીનું વ્રત કરનાર પુરુષે સાતમના દિવસે મિતાહારી રહેવું અને ઈન્દ્રિયોને જીતી શ્રીકૃષ્ણ

ब्राह्मे मुहूर्त उत्थाय कृत्वा नित्यविधिं ततः । मध्याह्ने च नदीं गत्वा विधिना स्नानमाचरेत् ॥ ३०
कृत्वापामार्गसमिधा दन्तधावनमादितः । तिलामलककल्केन स्नायान्मृत्स्नानपूर्वकम् ॥ ३१
ततो माध्याह्निकं कृत्वा गृहमेत्य शुचिर्व्रती । मण्डपं कारयेद्रम्यं कदलीस्तम्भशोभितम् ॥ ३२
विचित्रवस्त्रैः पुष्पैश्च मण्डितं चाम्रपल्लवैः । शुभैर्नानाविधै रङ्गैस्तत्र तत्र सुचित्रितम् ॥ ३३
सितैः पीतैस्तथा रक्तैः कर्बुरैर्हरितैरपि । वासोभिः शोभितं कुर्यात्समन्तात्कलशैर्नवैः ॥ ३४
पत्रैः फलैरनेकैश्च दीपालिभिरितस्ततः । पुष्पमालाविचित्रं च चन्दनागुरुधूपितम् ॥ ३५
तन्मध्ये सूतिकागारं देवक्या विदधीत च । धात्रीं कुर्यात्तत्र चैकां नालच्छेदनकर्तरीम् ॥ ३६
तन्मध्ये मञ्चके रम्ये स्थापयेद्देवकीं ततः । तदुत्सङ्गे बालकृष्णं स्थापयेच्च स्तनन्धयम् ॥ ३७
यशोदां तत्र चैकस्मिन्प्रदेशे सूतिकागृहे । स्थापयेद्गोकुले तद्वत्प्रसूतवरकन्यकाम् ॥ ३८
नन्दश्च वसुदेवश्च गोपा गोप्यश्च धेनवः । बाललीला च कृष्णस्य तत्र कल्प्या यथोचितम् ॥ ३९

---

ભગવાનનું ભજન કરતાં કરતાં રાત્રીએ શયન કરવું.[૨૯] અષ્ટમીએ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને પોતાનો નિત્યવિધિ કરવો. ત્યારપછી મધ્યાહ્ને નદીએ જઇ વિધિપૂર્વક સ્નાન કરવું.[૩૦] તેમાં પ્રથમ અઘેડાના કાષ્ઠથી દાતણ કરી તીર્થની માટી શરીરે લગાવી સ્નાન કરવું ને ફરી તલ અને આમળાના ચૂર્ણથી અંગમર્દન કરી સ્નાન કરવું.[૩૧] પછી મધ્યાહ્ન સંધ્યાવિધિ કરવો. બહાર અને અંદર પવિત્રપણે રહેતા વ્રત કરનાર પુરુષે ઘેર આવી કેળાના સ્તંભથી સુશોભિત કરાયેલા રમણીય મંડપની રચના કરાવવી.[૩૨] હે ભક્તજનો ! અનેક પ્રકારનાં રંગીન વસ્ત્રો તથા પુષ્પોથી અને આમ્રપત્રના તોરણોથી સુશોભિત કરી તે મંડપની મધ્યે રંગોથી રંગોળી પૂરાવવી.[૩૩] તેમજ શ્વેત, પીળા, લાલ, કાબરા અને લીલા વસ્ત્રોથી અને નૂતન કળશોથી મંડપને સુશોભિત કરવો.[૩૪] તથા આસોપાલવ આદિનાં પત્રો તથા લીંબુ આદિકનાં ફળોથી અને દીવાની પંક્તિથી તેમજ પુષ્પોની માળાથી મંડપને રંગબેરંગી કરવો, અને ચંદન તથા અગરુના ધૂપથી સુગંધીમાન કરવો.[૩૫] આવા રમણીય મંડપની મધ્યે દેવકીમાતાના સૂતિકાગૃહની રચના કરવી તેમાં એક ધાત્રી અર્થાત્ ઉપમાતાની અને એક નાળી છેદન કરનારી સ્ત્રીની રચના કરવી.[૩૬] પછી તે સૂતિકા ગૃહની મધ્યે રમણીય સુંદર પલંગ ઉપર દેવકીમાતાની સ્થાપના કરવી, તેમના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણને બેસાડવા.[૩૭] વળી તે મંડપના એક ભાગમાં ગોકુળ ગામની રચના કરી, તેમાં સૂતિકાગૃહની રચના કરી, પલંગ ઉપર એક કન્યા ખોળામાં સ્તનપાન કરતી હોય તેવા યશોદામાતાની સ્થાપના કરવી.[૩૮]

હે ભક્તજનો ! તે મંડપમાં નંદરાય, વસુદેવજી, ગોવાળો, ગોપીઓ, ગાયો

रोहिणी बलदेवश्च षष्ठी देवी वसुन्धरा । ब्रह्मा च रोहिणीऋक्षं तथा कृष्णाष्टमी तिथिः ॥ ४०
मार्कण्डेयो बलिर्व्यासो हनुमांश्च विभीषणः । कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः ॥ ४१
नृत्यन्तश्चाप्सरोवृन्दैर्गन्धर्वा गीततत्पराः । लेखनीयाश्च तत्रैव कालियो यमुनाह्रदे ॥ ४२
इत्येवमादि यत्किञ्चद्यथाशक्ति यथामति । लेखयित्वा प्रयत्नेन पूजयेद्भक्तितत्परः ॥ ४३
यथाशक्ति प्रकर्तव्या कृष्णादीनां तु मूर्तयः । सौवर्ण्याद्याश्च तत्पूजा कर्तव्या निशि भक्तितः ॥ ४४
उपहारैर्यथालब्धैः शुद्धैः श्रीकृष्णमर्चयेत् । सहाङ्गदेवतं मन्त्रैर्व्रतग्रन्थोदितैः पुमान् ॥ ४५
देवक्यादियुतं कृष्णं गीतवाद्यसमन्वितम् । सम्पूज्य विधिना भक्तः पार्षदांस्तस्य चार्चयेत् ॥ ४६
सम्पूज्य सर्वदेवांश्च प्रणम्य दण्डवत् भुवि । ब्राह्मणान् पूजयित्वाथ तेभ्यो दद्याच्च दक्षिणाम् ॥ ४७
ततो मुहूर्ते दोलायां बालकृष्णं तमादरात् । सम्पूज्य नीराजयित्वा शनैरान्दोलयेत्पुमान् ॥ ४८
कथां च जन्माध्यायोक्तां शृणुयाद्भक्तिभावतः । ततः कुशासने स्थित्वा कुर्याज्जागरणं व्रती ॥ ४९

---

અને ભગવાન બાલકૃષ્ણને રમવા લાયક રમકડાંઓની યથાયોગ્ય કલ્પના કરીને સ્થાપવાં.[૩૯] રોહિણી, બળદેવ, ષષ્ઠીદેવી, પૃથ્વી, બ્રહ્મા, રોહિણી નક્ષત્ર, કૃષ્ણાષ્ટમી તિથિ તેમજ માર્કંડેય, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ આ સાત ચિરંજીવીઓ, અપ્સરાઓનાં વૃંદોએ સહિત નાચ-ગાન કરી ગીત ગાવામાં તત્પર વર્તતા ગંધર્વો, તેમજ યમુનાના ધરામાં કાળિનાગ હોય એમ આ સર્વેનાં મંડપમાં ચિત્રો દોરાવવાં.[૪૦-૪૨] આ પ્રમાણે જે કાંઇ યથાશક્તિ અને યથાબુદ્ધિ અનુસારે ચિત્રોનું આલેખન કરાવી ભક્તિમાં તત્પર વર્તતા વ્રત કરનારા પુરુષોએ પ્રયત્નપૂર્વક પૂજન કરવું.[૪૩] તેમાં શ્રીકૃષ્ણ ભગવાનની બાલસ્વરૂપ મૂર્તિ યથાશક્તિ સુવર્ણની કરાવીને રાત્રેના તેમની ભાવથી પૂજા કરવી.[૪૪] પછી વ્રત કરનારા પુરુષે યથા સમયે પ્રાપ્ત થયેલા શુદ્ધ ઉપચારોથી વ્રતના ગ્રંથોમાં કહેલા મંત્રોથી અંગદેવતાઓએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું.[૪૫] પૂજનમાં ભક્તે દેવકીએ સહિત ભગવાન શ્રીકૃષ્ણનું ગીત-વાજિંત્રો વગાડવા પૂર્વક પૂજન કરી પછી ભગવાનના પાર્ષદોની અને સર્વે દેવતાઓની પૂજા કરવી. અને પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરવા. ત્યારપછી બ્રાહ્મણોની પૂજા કરી તેઓને દક્ષિણા આપવી, પછી બાલકૃષ્ણને પારણિયામાં પધરાવી પૂજા કરીને આરતી ઉતારવી, અને એક મુહૂર્ત પર્યંત ધીરે ધીરે ઝુલાવવા.[૪૮]

ત્યારપછી વ્રત કરનારા પુરુષે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણવેલા શ્રીકૃષ્ણ ભગવાનના જન્મના અધ્યાયોની કથા દર્ભાસન ઉપર બેસીને ભાવથી સાંભળવી ને જાગરણ કરવું. પ્રાતઃકાળે નિત્યવિધિ કરી ઉત્તર પૂજન કરી મૂર્તિનું

प्रातः कुर्यान्मूर्तिदानं कृत्वैवोत्तरपूजनम् । ब्राह्मणान्भोजयित्वाथ स्वयं कुर्वीत पारणाम् ॥ ५०
सर्वेष्वेवोपवासेषु दिवा पारणमिष्यते । न रात्रौ पारणं कूर्यादाश्यात् पञ्चामृतं हरेः ॥ ५१
एतेनैव विधानेन प्रतिमासं च यः पुमान् । कृष्णाष्टमीव्रतं कुर्यात्प्राप्नुयात्स्वेप्सितं हि सः ॥ ५२
एवं संवत्सरं पूर्णे व्रतं कृत्वा जितेन्द्रियः । महापूजां विधायान्ते दद्याच्छय्यां च गाः पुमान् ॥ ५३
आदावन्तेऽथवा मध्ये कुर्यादुद्यापनं व्रती । तेन साङ्गं व्रतं सर्वान्कामान् फलति निश्चितम् ॥ ५४
वार्षिकं तु व्रतं कार्यं प्रतिवर्षे यथाविधि । कृष्णः प्रसन्नो भवति व्रतिभ्यस्तेन निश्चितम् ॥ ५५
उद्यापनं व्रतस्यास्य कथयामि समासतः । मण्डलं सर्वतोभद्रं कर्तव्यं मण्डपोत्तमे ॥ ५६
तस्योपरि प्रतिष्ठाप्य ताम्रकुम्भं जलान्वितम् । वेष्टयेच्छ्वेतवस्त्रेण नवरत्नसमन्वितम् ॥ ५७
पञ्चपल्लवसंयुक्तं पूर्णपात्रसमन्वितम् । कार्यः सुवर्णेनैकेन देवकीसहितो हरिः ॥ ५८
अशक्तस्तु तदर्धेन कुर्यात्प्रतिकृतिं हरेः । रोहिण्या सहितं चेन्दुं रौप्यं कृत्वार्चयेद्व्रती ॥ ५९

---

દાન કરવું ને બ્રાહ્મણોને જમાડી સ્વયં પારણાં કરવાં.[૫૦] સર્વે ઉપવાસોમાં દિવસે જ પારણાં કરવાનું કહેલું છે. તેથી રાત્રીએ પારણાં કરવાં નહિ પરંતુ ભગવાનના પંચામૃતનું થોડું પાન કરવું.[૫૧] જે પુરુષો મેં કહેલા આ વિધાન પ્રમાણે દર મહિને વદ પક્ષની અષ્ટમીની તિથિએ આવી રીતે જન્માષ્ટમીનું વ્રત કરે છે તે ઈચ્છિત ફળને પ્રાપ્ત કરે છે.[૫૨] આ પ્રમાણે જીતેન્દ્રિય વ્રત કરનારે એક વર્ષ સુધી આ વ્રતનું અનુષ્ઠાન કરી સમાપ્તિને અંતે મહાપૂજા કરવી ને ગાય અને શય્યાનું દાન આપી ઉદ્યાપન કરવું.[૫૩] અને વ્રતની આદિમાં, મધ્યમાં અને અંતમાં પણ ઉદ્યાપન કરવું. એમ કરવાથી વ્રત સાંગોપાંગ સર્વે ઈચ્છાઓને પૂર્ણ કરનારૂં થાય છે.[૫૪] આ જન્માષ્ટમીનું વાર્ષિક વ્રત દર વર્ષે વિધિપૂર્વક કરવું તેનાથી શ્રીકૃષ્ણ ભગવાન અતિશય પ્રસન્ન થાય છે.[૫૫]

**જન્માષ્ટમીવ્રતનું ઉદ્યાપન :–** હે ભક્તજનો ! હવે હું તમને જન્માષ્ટમીના વ્રતનો ઉદ્યાપન વિધિ સંક્ષેપથી કહું છું. સૌ પ્રથમ શ્રેષ્ઠ મંડપમાં સર્વતોભદ્ર મંડલની રચના કરવી.[૫૬] તેના મધ્ય ભાગમાં સ્વચ્છ જળ ભરેલા અને તેમાં નવરત્ન પધરાવેલા તાંબાના કળશની શ્વેત વસ્ત્ર વીંટાળીને સ્થાપના કરવી.[૫૭] તેમાં પાંચ પલ્લવ પધરાવી ધાન્ય ભરેલા પૂર્ણપાત્રને ઉપર મૂકવું. એક તોલા જેટલા સોનામાંથી તૈયાર કરેલી દેવકીએ સહિત બાલસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પધરાવવી.[૫૮] અને જે અશક્ત હોય તો તેના અર્ધા ભાગના સુવર્ણમાંથી ભગવાનની પ્રતિમા કરાવીને રોહિણી આદિ નક્ષત્રો સહિત ચંદ્રમાની પ્રતિમા ચાંદીની

चतुर्विंशतिसङ्ख्याकाः स्थालीः पायससम्भृताः । निवेदयित्वा हरये दधाद्विप्रेभ्य एव ताः ॥ ६०
दीपमाला घृतेनैव कर्तव्या हरिमन्दिरे । होमः पुरुषसूक्तेन कार्यो वा नाममन्त्रतः ॥ ६१
चतुर्विंशतिसङ्ख्याकान्ब्राह्मणान्भोजयेत्ततः । यथाशक्त्यर्चयेत्तांश्च गन्धवस्त्रविभूषणैः ॥ ६२
सोपस्करं ताम्रकुम्भं सुवर्णं गाश्च शक्तितः । यथाविधि ब्राह्मणेभ्यो दद्याच्छ्रीकृष्णतुष्टये ॥ ६३
घृतपात्रं तिलपात्रं मुद्रिकां च कमण्डलुम् । उपानहौ च वस्त्राणि शय्यां दधाद्विशेषतः ॥ ६४
श्राद्धे दाने तथा होमे तीर्थयात्राव्रतेषु च । वित्तशाठ्यं न कुर्वीत यदीच्छेद्विपुलं धनम् ॥ ६५
पात्रेषु धर्मकार्येषु वित्तशाठ्यं करोति यः । सर्वधर्मविनिर्मुक्तो नरके स निमज्जति ॥ ६६
सर्वव्रतेषु सामान्या ब्रह्मचर्यादयो यमाः । पालनीयाः प्रयत्नेन स्त्रीभिः पुम्भिश्च सर्वशः ॥ ६७
व्रतं प्रोक्तमिदं पुण्यं श्रीहरेर्मथुराभुवः । कामदं रुक्मिणीभर्तुः सर्वेषां द्वारिकापतेः ॥ ६८

---

કરાવવી ને તેનું પૂજન કરવું.[૫૯] પૂજનમાં ખીર ભરેલી ચોવીસ થાળીઓ બાલકૃષ્ણ ભગવાનને નૈવેદ્યમાં ધરવી ને પછી તે બ્રાહ્મણોને દાનમાં આપી દેવી.[૬૦] મંદિરમાં ઘીની દીપમાળા પૂરવી, પુરુષસૂક્તથી અથવા નામમંત્રથી હોમ કરવો.[૬૧] પછી ચોવીસની સંખ્યામાં બ્રાહ્મણોને ભોજન કરાવવું, ને પોતાની શક્તિ પ્રમાણે ચંદન, વસ્ત્ર, આભૂષણાદિકથી તેઓનું પૂજન કરવું.[૬૨] તેમાં ઉપહારોએ સહિત તાંબાનો કળશ, સુવર્ણ અને ગાયનું વિધિ પ્રમાણે બ્રાહ્મણોને ભગવાનની પ્રસન્નતાર્થે દાન આપવું.[૬૩] તેવીજ રીતે ઘી ભરેલું પાત્ર, સુવર્ણની મુદ્રાઓ, કમંડલું, પગરખાં, વસ્ત્રો અને શય્યાનું પણ વિશેષપણે દાન કરવું.[૬૪]

હે ભક્તજનો ! જે મનુષ્યો પુષ્કળ ધન મેળવવા ઈચ્છતા હોય તેમણે શ્રાદ્ધમાં, દાનમાં, હોમમાં, વ્રતમાં કે તીર્થયાત્રામાં ધનનો લોભ કરવો નહિ.[૬૫] કારણ કે જે પુરુષ દાન આપવા યોગ્ય પાત્રમાં કે ધર્મકાર્યમાં ધનનો લોભ કરે છે. તે પુરુષ સર્વધર્મથી પતિત થઈ અંતે રૌરવ નરકમાં પડે છે. એથી આવા વ્રતના ઉદ્યાપનાદિ ધર્મકાર્યમાં ધનનો લોભ ન કરવો.[૬૬] અને બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું એ સર્વે વ્રતોમાં સાધારણ એક સરખો નિયમ છે. તેથી સર્વે વ્રત કરનારા સ્ત્રી પુરુષોએ વ્રતમાં પ્રયત્નપૂર્વક બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.[૬૭] હે ભક્તજનો ! મથુરાપુરીમાં પ્રગટેલા રૂક્મિણીના પતિ અને દ્વારિકાના નાથ એવા શ્રીકૃષ્ણ ભગવાનનું આ પુણ્યકારી વ્રત સર્વજનોના મનોરથોને પૂર્ણ કરનારૂં કહેલું છે.[૬૮] જે પુરુષો ભગવાનના આ જન્મ દિવસે અન્નનો આહાર કરે છે તે નરાધમ છે અને તેને માતૃગમન કર્યા તુલ્ય પાપ લાગે છે.[૬૯] આ વ્રતના દિવસે જે મનુષ્યો ઉપવાસ

श्रीकृष्णजन्मदिवसे यश्च भुङ्क्ते नराधमः । स भवेन्मातृगामी च ब्रह्महत्यां लभेत च ॥ ६९
उपवासासमर्थश्चेत् फलाहारादिना व्रतम् । यथाशक्ति प्रकुर्वीत हापयेन्न त्विदं क्वचित् ॥ ७०
इति प्रोक्तो मया भक्ता ! युष्मभ्यं हि समासतः । जन्माष्टमी व्रतविधिः कर्तव्यो यो मदाश्रितैः ॥ ७१
य इति शृणुयाद्भक्त्या पठेद्वापि समाहितः । पुमान् सोऽपि व्रतफलं प्राप्नुयान्नात्र संशयः ॥ ७२

सुव्रत उवाच –

इत्यादिश्य निजान्भक्तान्प्रहृष्टैस्तैः स वन्दितः । स्वावासं पुनरागच्छत्स्वस्वस्थानं ययुर्जनाः ॥ ७३

सान्ध्यं विधिं तत्र विधाय सर्वे श्रीकृष्णनामानि पठन्मुखेन ।
समास्तृतायां भुवि मध्ययामद्वये स सुष्वाप निशो नरेन्द्र ! ॥ ७४ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे सारङ्गपुरे जन्माष्टम्युत्सवे व्रतविधिरूपणनामैकादशोऽध्यायः ॥ ११ ॥*

---

**કરવા અસમર્થ હોય તો ફલાહારાદિકથી યથાશક્તિ વ્રત કરવું પરંતુ આ વ્રતને ક્યારેય પણ છોડી દેવું નહિ.[૭૦] હે ભક્તજનો ! આ પ્રમાણે મેં તમને જન્માષ્ટમીતિથિનો વ્રતવિધિ સંક્ષેપથી કહ્યો. તે વિધિનું મારા આશ્રિત ભક્તજનોએ અવશ્ય પાલન કરવું.[૭૧] જે પુરુષ મનને એકાગ્ર કરી ભક્તિભાવપૂર્વક આ જન્માષ્ટમીના વ્રતવિધિનું શ્રવણ કરશે અથવા પાઠ કરશે એ પુરુષ પણ વ્રતના ફળને પ્રાપ્ત કરશે, તેમાં કોઈ જાતનો સંશય નથી.[૭૨]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના ભક્તજનોને જન્માષ્ટમીના વ્રત વિધિનો ઉપદેશ કર્યો. તે સાંભળી સર્વે ભક્તજનો ખૂબજ રાજી થયા ને શ્રીનારાયણ ભગવાનને વંદન કર્યા અને શ્રીહરિ પણ પોતાના નિવાસસ્થાને પધાર્યા અને ભક્તજનો પણ પોતપોતાના નિવાસસ્થાને ગયા.[૭૩] હે નરેન્દ્ર ! પોતાના ઉતારે આવી ભગવાન શ્રીહરિએ સમગ્ર સંધ્યાવિધિ કર્યો ને મુખેથી શ્રીકૃષ્ણ ભગવાનના નામ ઉચ્ચારણ કરતાં કરતાં સપ્તમી તિથિના મધ્યના બીજા પ્રહરમાં પૃથ્વી પર બિછાવેલા તૃણના આસન ઉપર યોગનિદ્રાનો સ્વીકાર કર્યો.[૭૪]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં સારંગપુર ગામે જન્માષ્ટમીના ઉત્સવ અને વ્રતવિધિનું નિરૂપણ કર્યું એ નામે અગીયારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૧--**

---

द्वादशोऽध्यायः - १२

सुव्रत उवाच –

उषस्युत्थाय भगवानष्टम्यामाह्निकं नृप ! कृत्वा चकार स्वाचार्यसमर्चनमहोत्सवम् ॥ १
उद्धवस्वामिनः पूजां समाप्याभ्यर्च्य वर्णिनः । ततः स मण्डपं रम्यं बन्धयामास पार्षदैः ॥ २
विचित्रवस्त्रशोभाढ्ये कदलीस्तम्भमण्डिते । तस्मिंश्च देवतापीठं कारयामास शोभनम् ॥ ३
सर्वैर्भक्तजनैः साकं निराहारः स तद्दिने । प्रतिमाः कारयामास हैमीः पूजयितुं निशि ॥ ४
दिनं तु सकलं निन्ये कृष्णकीर्तनगायनैः । निशि स्नात्वा महापूजां पूर्वोक्तविधिनाकरोत् ॥ ५
कृष्णं च देवकीं नन्दं यशोदाद्याश्च देवताः । पञ्चामृतेन संस्नाप्य सोऽभ्यषिञ्चत्सदम्बुभिः ॥ ६
महाभिषेकं कृत्वैव नवीनैर्वस्त्रभूषणैः । सुगन्धिना चन्दनेन कौंकुमेनाक्षतैः शुभैः ॥ ७
नानाविधैः सुरभिभिः पुष्पैश्च तुलसीदलैः । दूर्वया बिल्वपत्रैश्च पूजयामास केतकैः ॥ ८

---

# અધ્યાય – ૧૨

## શ્રીહરિએ જન્માષ્ટમીવ્રતનું યથાર્થ આચરણ કરી શ્રીકૃષ્ણ ભગવાનના તથા ગુરુ રામાનંદ સ્વામીના પ્રાગટ્યનો ઉત્સવ ઉજવ્યો.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ જન્માષ્ટમીને દિવસે પાંચ ઘડી રાત્રી બાકી હતી ત્યારે જાગ્રત થયા અને સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ કરી પોતાના ગુરુ શ્રીરામાનંદ સ્વામીના પ્રાગટ્યનો મહાપૂજા મહોત્સવ ઉજવ્યો.[૧] ઉધ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીની પૂજાની સમાપ્તિ કરી, નૈષ્ઠિક બ્રહ્મચારીઓની પૂજા કરી, અને પોતાના પાર્ષદો પાસે અતિશય રમણીય મંડપ બંધાવ્યો.[૨] રંગબેરંગી વસ્ત્રોથી શોભાયુક્ત કેળાના સ્તંભથી રચેલા તે મંડપની મધ્યે શ્રીકૃષ્ણ ભગવાનની અને દેવતાઓની સ્થાપના કરવા રમણીય પીઠની સ્થાપના કરી.[૩] તે દિવસ સર્વ ભક્તજનોની સાથે ઉપવાસી રહીને શ્રીહરિએ રાત્રે પૂજા કરવા માટે ભગવાનની સુવર્ણની પ્રતિમા તૈયાર કરવી.[૪] તેમજ ભગવાન શ્રીહરિએ આજનો આખો દિવસ શ્રીકૃષ્ણ ભગવાનના સંકીર્તનોનું ગાન કરાવવામાં જ પસાર કર્યો અને રાત્રીએ ફલ્ગુ નદીના નિર્મળ જળમાં સ્નાન કરી પૂર્વોક્ત વિધિ પ્રમાણે મહાપૂજા કરી.[૫] શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાન, દેવકીજી, નંદજી અને યશોદાજી વગેરેને પંચામૃતથી સ્નાન કરાવ્યું ને શુદ્ધજળથી અભિષેક કર્યો.[૬] પછી નવીન વસ્ત્રો, આભૂષણો, સુગંધીમાન કેસર, અને કુંકુમયુક્ત ચંદન, ચોખા, અનેક પ્રકારના સુગંધીમાન પુષ્પો, તુલસીપત્ર, દૂર્વા, બિલીપત્રો અને કેતકીથી પૂજન કર્યું.[૭-૮] હે રાજન્ !

उच्चारयन्नाममन्त्रं प्रतिपत्रं स वैष्णवम् । कृष्णमानर्च रुचिरैः सहस्रतुलसीदलैः ॥ ९
धूपं दीपं ततः कृत्वा नैवेद्यं स चतुर्विधम् । समर्प्य फलताम्बूलदक्षिणाभिरपूजयत् ॥ १०
महानीराजनं कृत्वा दत्त्वा पुष्पाञ्जलिं ततः । नत्वाभ्यर्च्य ब्राह्मणांश्च स पूजां तां समापयत् ॥ ११
कृष्णमान्दोलयन् प्रेङ्खे तज्जन्मचरितं स च । शृण्वन्भागवतप्रोक्तं निनाय रजनीं तु ताम् ॥ १२
प्रातः पुनर्नित्यकृत्यं विधायोत्तरपूजनम् । कृत्वा मूर्तीर्ब्राह्मणाय दत्त्वा विप्रानभोजयत् ॥ १३
स्वं दृष्ट्वा पारणां कर्तुमीहमानेभ्य आत्मनः । भक्तेभ्यो दर्शनं दत्त्वा ततश्चक्रे स पारणाम् ॥ १४
अपराह्ने सभायां च नदीतीरे सुशोभने । स्थितः परिवृतो भक्तैः सद्धर्मांस्तानशिक्षयत् ॥ १५
प्रश्नोत्तरैरनेकैश्च भक्तानां विदुषामपि । उदच्छिनत्संशयांश्च प्रथयन्स्वं यशोऽमलम् ॥ १६
सर्वेऽपि तं भक्तजनाः पूजयन्ति स्म सादरम् । सितैः पीतैस्तथा रक्तैर्वस्त्रैर्हैमैर्विभूषणैः ॥ १७
चन्दनैः पुष्पहारैश्च मुक्ताशेखरपङ्क्तिभिः । उपहारैर्बहुविधैस्तं सम्पूज्य ववन्दिरे ॥ १८

---

શ્રીહરિએ પૂજન વિધિમાં એક એક તુલસીપત્રના અર્પણ સમયે શ્રીકૃષ્ણ ભગવાનના નામ મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં એક હજાર તુલસી પત્રોથી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરી.[૯] પછી ધૂપ, દીપ અર્પણ કરી ચાર પ્રકારના પક્વાનોનું નૈવેદ્ય અર્પણ કરીને ફળ, પાનબીડું તથા દક્ષિણાથી પૂજન કરી, મહા આરતી કરી, પુષ્પાંજલી અર્પણ કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બ્રાહ્મણોનું પૂજન કર્યું ને પૂજાની સમાપ્તિ કરી.[૧૦-૧૧]

હે રાજન્ શ્રીબાલકૃષ્ણ ભગવાનને પારણિયામાં પધરાવી શ્રીહરિ ઝુલાવવા લાગ્યા, ને શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી ભગવાનના જન્મ ચરિત્રોની કથા સાંભળતાં રાત્રીને જાગરણ કરતાં પસાર કરી.[૧૨] અને નવમીના પ્રાતઃકાળે સ્નાન સંધ્યાદિ નિત્યવિધિ કરી ઉત્તરપૂજા કરી ભગવાનની મૂર્તિનું બ્રાહ્મણોને દાન કર્યું ને અનંત વિપ્રોને ચાર પ્રકારનાં અન્ન જમાડી તૃપ્ત કર્યા.[૧૩] હે રાજન્ ! શ્રીહરિના દર્શન કરીને જ ભોજન કરવાના નિયમવાળા ભક્તજનોને શ્રીહરિ પોતાનું દર્શન આપી ત્યારપછી પારણાં કર્યાં.[૧૪] અને બપોર પછી દિવસના ચોથા મુહૂર્તમાં રમણીય ફલ્ગુ નદીને તીરે કરેલી મહાસભામાં પોતાના ભક્તજનોની સાથે વિરાજતા શ્રીહરિએ તેઓને ભાગવતધર્મની શિક્ષા આપી.[૧૫] આ પૃથ્વી પર પોતાના નિર્મળ યશને વિસ્તારતા ભગવાન શ્રીહરિએ વિદ્વાન ભક્તજનોએ પૂછેલા અનેક પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપી તેઓને નિઃસંશય કર્યા.[૧૬] હે રાજન્ ! તે સર્વે ભક્તજનોએ શ્રીહરિને આદરપૂર્વક શ્વેત, પીળા, લાલ વસ્ત્રો તથા સુવર્ણના આભૂષણો ધારણ કરાવ્યા.[૧૭] ને ચંદન, પુષ્પનાહાર, મોતીઓના તોરાની પંક્તિ તથા અનેક પ્રકારના ઉપહારોથી શ્રીહરિનું પૂજન કરી નમસ્કાર કર્યા.[૧૮] આ રીતે નિષ્કપટ ભાવવાળા

पौराः सर्वेऽपि तं भक्त्या सेवमानाश्च तज्जनान् । प्रभुं सन्तोषयामासुः सस्त्रियो दम्भवर्जिताः ॥ १९
देशान्तरीयाः शतशो जनास्तं भक्तवत्सलम् । मुनिभिः पार्षदै साकं सम्भोजयितुमार्थयन् ॥ २०
ततस्तेषां स भगवान्पूर्णं कर्तुं मनोरथम् । इच्छंस्तत्प्रार्थनां राजंस्तदानीमन्वमोदत ॥ २१
ततः क्रमेण धनिका भक्तास्तं मुनिभिः सह । पार्षदाद्यैश्च भक्त्यैव भोजयन्ति स्म तेऽन्वहम् ॥ २२
एवं निवसतस्तस्य भक्तानन्दनिधेर्हरेः । व्यतीयाय नभोमासः प्राप्ता च ऋषिपञ्चमी ॥ २३
सप्तर्षिपूजासहितं स तत्तु स्त्रीः कारयामास व्रतं च सर्वाः ।
तासां रजोदूषणमब्दजातं संशोधयन् निर्मलधर्मपोष्टा ॥ २४

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे सारङ्गपुरे जन्माष्टम्युत्सवे व्रताचरणनिरूपणनामा द्वादशोऽध्यायः ॥ १२ ॥*

---

સર્વે સારંગપુરવાસી ભક્તજનોએ પોતાની સ્ત્રીઓને સાથે રાખી શ્રીહરિની તથા સાથે આવેલા તથા દર્શને આવેલા સર્વે ભક્તજનોની સેવા કરી પ્રસન્ન કર્યા.[૧૯] તે સમયે દેશાંતર નિવાસી સેંકડો હરિભક્તોએ સંતો તેમજ પાર્ષદોની સાથે ભક્તવત્સલ ભગવાન શ્રીહરિને પોતાને ત્યાં ભોજન કરવા પધારવા પ્રાર્થના કરી.[૨૦] હે રાજન્ ! તે પ્રાર્થના સાંભળી શ્રીહરિને તેઓના મનોરથો પૂર્ણ કરવાની ઈચ્છા થઈ તેથી એ જ સમયે તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.[૨૧] ત્યાર પછી ધનવાન ભક્તજનો સંતો તથા પાર્ષદોએ સહિત ભગવાન શ્રીહરિને અનુક્રમે દરરોજ ભક્તિભાવ પૂર્વક રસોઈ આપી ભોજન કરાવવા લાગ્યા.[૨૨]

હે રાજન્ ! આ પ્રમાણે સારંગપુરમાં નિવાસ કરી રહેલા ભક્તજનોના આનંદનિધિ ભગવાન શ્રીહરિનો શ્રાવણ મહિનો પ્રસાર થયો ને ભાદરવા સુદની ઋષિપંચમી તિથિ પ્રાપ્ત થઈ.[૨૩] વિશુદ્ધ ધર્મના ઉપદેશક શ્રીહરિએ સ્ત્રીઓના રજસ્વલા ધર્મપાલનમાં કોઈ રહી ગયેલા દોષનું નિવારણ કરવા માટે વર્ષમાં એકવાર આવતા આ ઋષિપંચમીના વ્રતના અનુષ્ઠાનથી સ્ત્રીઓની શુદ્ધિને માટે તેમની પાસે સપ્તર્ષિઓનું પૂજન કરાવી, ઋષિપંચમીના વ્રતનું પાલન કરાવ્યું. આ વ્રત સ્ત્રીઓને અવશ્ય કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે.[૨૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ- જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમીના વ્રતનું પાલન કર્યાનું નિરૂપણ કર્યું એ નામે બારમો અધ્યાય પૂર્ણ થયો. -૧૨**

त्रयोदशोऽध्यायः - १३

सुव्रत उवाच –

अथ राधाष्टमी प्राप्ता तस्यां कृष्णं च राधिकाम् । पूजयित्वोत्सवं चक्रे मध्याह्ने नृपते ! प्रभुः ॥ १
भोजयित्वा ततो विप्रान् भगवान्स सहस्रशः । भुक्त्वा भक्तजनैः साकं न्यषीदत्पीठ उत्तमे ॥ २
तस्मिन्पुरे तदीक्षार्थे कार्यायननिवासिनः । भक्तास्तस्य प्रतिदिनमाजग्मुश्च पुनर्ययुः ॥ ३
नित्यं ते प्रार्थयन्ति स्म स्वग्रामागमनाय तम् । आगमिष्यामि वो ग्राममित्युवाच च तान्प्रभुः ॥ ४
एकचिताः प्रभुं नेतुं स्वग्रामं दृढनिश्चयाः । तद्ग्राममुख्या आजग्मुस्तद्दिने तत्र पत्तने ॥ ५
क्षत्रवीरो वास्तुनामा तत्पत्नी च सिताभिधा । अन्या तत्स्त्रीस्वमर्याख्यामानशूरश्च तत्सुतः ॥ ६
वेलाख्यक्षत्रियश्चान्यो वीरः कामश्च राघवः । एते वैश्यास्तथैतेषां भगिनी देविकाभिधा ॥ ७
कर्णो देवादयश्चान्ये भगवतो दृढम् । तत्रैत्य प्रार्थमायासुर्भगवन् ! ग्राममेहि नः ॥ ८

---

# અધ્યાય – ૧૩

## સારંગપુરમાં રાધાષ્ટમીનો ઉત્સવ કરવા પધારેલા કારીયાણીના ભક્તજનોની પ્રાર્થનાથી શ્રીહરિ કારીયાણી ગામે પધાર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ સારંગપુરમાં રહેલા છે તેવામાં રાધાષ્ટમી આવી. તે દિવસે ભગવાન શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનનું તથા રાધિકાજીનું મધ્યાહ્ને પૂજન કરી ઉત્સવ ઉજવ્યો.[૧] તે નિમિત્તે હજારો બ્રાહ્મણોને ભોજન જમાડી તૃપ્ત કર્યા અને સ્વયં ભોજન કરી ભક્તજનોની સાથે ઉત્તમ સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા.[૨] તે અવસરે કારીયાણી ગામના ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા માટે સારંગપુર પ્રતિદિન આવતા ને ફરી પાછા જતા.[૩] તે ભક્તજનો શ્રીહરિને કારીયાણી ગામે લઈ જવા પ્રતિદિન તેમની પ્રાર્થના કરતા અને ભગવાન શ્રીહરિ તેમને કહેતા કે, ચોક્કસ હું તમારે ગામ આવીશ.[૪] પરંતુ આજે શ્રીહરિને કારીયાણી લઈ જવાનો પાકો નિશ્ચય કરીને તે ગામના મુખ્ય ભક્તજનો રાધાષ્ટમીના ઉત્સવ ઉપર સારંગુપર આવ્યા.[૫] તેમાં ક્ષત્રિયોમાં શૂરવીર વસ્તાખાચર, તેમનાં પત્ની સીતાદેવી ને બીજાં પત્ની અમરીદેવી તથા પુત્ર માનશૂરખાચર તેમજ અન્ય ક્ષત્રિય ભક્તોમાં વેલોખાચર તથા વીરો, કામો અને રાઘવ આ ત્રણ વૈશ્ય ભક્તો તથા ત્રણેની બહેન દેવીકા.[૬-૭] તથા કર્ણ, દેવો આદિ અન્ય ભક્તો સારંગપુર આવ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવાન ! હવે તો

तेषां निष्कपटं भावं दृष्ट्वोवाच हरिः स तान् । यूयं मदीया भो भक्ता ! ग्रामो वोऽपि ममैव हि ॥ ९
युष्माकं प्रीतये तत्र सह मुन्यादिभिः किल । आगमिष्याम्यहं प्रातर्यूयमद्यैव गच्छथ ॥ १०
इत्युक्तास्तेऽतिसंहृष्टा जग्मुः स्वं ग्राममुत्सुकाः । तदर्थे यच्च साहित्यं तत्तु तैः प्रागुपार्जितम् ॥ ११
ततो नवम्यामखिलैः परीतः स्वभक्तसङ्घैर्हरिरप्ययासीत् ।
नंनम्यमानोऽश्रुकलाकुलाक्षैः पौरैः स कार्यायनमाप शीघ्रम् ॥ १२
वादित्रनिध्वानिनादिताशास्तं वास्तुमुख्या हरिमभ्युपेत्य ।
भक्ताश्च सस्त्रीतनयाः प्रणम्य ग्रामं नयन्ति स्म तमात्मनाथम् ॥ १३
वास्तोर्गृहे स भगवानुत्ततार सपार्षदः । भक्तानन्यान् यथायोग्यमुदतारयदात्मनः ॥ १४
उत्सवोऽभून्महांस्तेषां ग्रामस्थानां गृहे गृहे । भक्तांस्तान्सेवमानानां तत्र निष्कपटात्मनाम् ॥ १५

---

તમે અમારા ગામે પધારો જ.[૮] આ પ્રમાણે પ્રાર્થના કરતા કારીયાણી ગામના ભક્તજનોનો નિષ્કપટ ભાવ જોઈ ભગવાન શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે, હે ભક્તો ! તમે મારા છો અને તમારું ગામ પણ મારું છે.[૯] આવા તમે આત્મનિવેદી ભક્તો છો, તેથી હું તમને રાજી કરવા માટે મુક્તાનંદ સ્વામી આદિ સંતોને સાથે લઈ આવતી કાલે પ્રાતઃકાળે ચોક્કસ કારીયાણી ગામે પધારીશ. તમે અત્યારે જાઓ અને તૈયારી કરો.[૧૦]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિના કહેવાથી સર્વે રાજી થયા ને ઉત્સાહમાં આવી પોતાના ગામે પધાર્યા. શ્રીહરિ પધારે તેમની સેવામાં ઉપયોગી સામગ્રી તો તેઓએ પહેલેથીજ તૈયારી કરી રાખી હતી.[૧૧] આ બાજુ શ્રીહરિ પણ ભાદરવા સુદ નવમીના દિવસે પોતાના સમગ્ર સંતો તથા ભક્તજનોના સમૂહ સાથે સારંગપુરથી નીકળી કારીયાણી ગામે જવા રવાના થયા. ત્યારે નેત્રોમાં વહેતી અશ્રુઓની ધારાઓ સાથે સારંગપુરવાસી ભક્તજનોએ નમસ્કાર કરી શ્રીહરિને વળાવ્યા ને શ્રીહરિ તત્કાળ કારીયાણી ગામે પધાર્યા.[૧૨] હે રાજન્ ! તે સમયે સ્ત્રી, પુત્ર આદિ પરિવારજનોની સાથે વસ્તાખાચર તથા અન્ય સર્વે ભક્તો ગીત વાજિંત્રોના શબ્દોનો ધ્વનિ કરતા કરતા દશે દિશાઓને ગજાવતા શ્રીહરિની સન્મુખ આવ્યા ને પ્રણામ કરી પ્રાણનાથને ગામમાં પધરાવ્યા.[૧૩] સોમસુરાદિ પાર્ષદોની સાથે રહેલા શ્રીહરિએ વસ્તાખાચરના ભવનમાં પોતાનો ઉતારો કર્યો ને અન્ય સર્વે ભક્તોને યથાયોગ્ય સ્થાને ઉતારા કરાવ્યા.[૧૪] શ્રીહરિની સાથે આવેલા સંતો-ભક્તોને પોતાને ઘેર ઉતારા કરાવી શ્રીહરિને રાજી કરવા માટે તેઓની નિષ્કપટભાવે સેવા કરવા

ये ये भक्ता यत्र यत्र ह्युत्तीर्णास्तत्र तत्र ते । आसन् गृहेशा गृहिणस्त्वागन्तुकसमा बभुः ॥ १६
पत्नीभ्यां सह वास्तुश्च स्वगृहं सपरिच्छदम् । समर्प्य हरये तस्थौ स्वयमागन्तुको यथा ॥ १७
दूरदेशस्थलोकेभ्यः पाकदानाज्ञया प्रभोः । लेभिरे नावकाशं वै तत्कर्तुं ग्रामवासिनः ॥ १८
न्यवसद्भगवांस्तत्र मुनिभिः सह सर्वशः । आरभ्य भाद्रनवमीं प्रबोधन्युत्सवावधि ॥ १९
स च तत्रापि निवसन्प्रत्यहं भक्तसंसदि । दिव्यमासनामारूढः सद्वार्ता बहुशोऽकरोत् ॥ २०
सतां धर्मानशेषेण योगं चाष्टाङ्गमप्यसौ । कथयामास सर्वे च ज्ञानमात्मपरात्मनोः ॥ २१
श्रीभाष्येण सहैवासौ व्याससूत्राणि तत्र च । अपराह्णेऽन्वहं राजन् ! शुश्राव परया मुदा ॥ २२
रामानुजाचार्यकृतिं प्रशंसंस्तत्कथां हरिः । तिथौ धनत्रयोदश्यां समाप्याऽऽर्चश्च वाचकम् ॥ २३
दीपोत्सवं ततश्चक्रे तत्र दुर्गपुरे यथा अन्नकूटोत्सवं चेशः प्रबोधिन्युत्सवं तथा ॥ २४

---

લાગ્યા, તે સમયે ઘેર ઘેર મોટો આનંદનો ઉત્સવ થયો.[૧૫] જે જે ભક્તજનો જે જે ઘરમાં ઉતર્યા હતા તે તે ઘરમાં તે તે ભક્તજનો જાણે ઘરના ધણી હોય તેમ રહેવા લાગ્યાં ને ઘરના ધણી હતા તે મહેમાનની જેમ વર્તવા લાગ્યા.[૧૬] વસ્તાખાચર અને તેમનાં પત્નીઓએ સર્વે સામગ્રી સહિત પોતાનું ભવન શ્રીહરિને સમર્પિત કરી દીધું, ને સ્વયં જાણે મહેમાન હોય તેમ રહેવા લાગ્યા.[૧૭] દૂર દેશાંતરથી આવેલા ભક્તોને મુનિમંડળો સહિત પોતાને રસોઇ આપવાની શ્રીહરિએ છૂટ આપી દીધી હોવાથી ભગવાન શ્રીહરિને માટે રસોઇ આપવાનો કારીયાણી ગામવાસી ભક્તજનોને અવકાશ ન મળ્યો.[૧૮] ભાદરવા સુદ નવમીથી આરંભીને પ્રબોધની એકાદશી સુધી શ્રીહરિ સમગ્ર સંતોની સાથે કારીયાણી ગામમાં નિવાસ કરીને રહેવાના હતા.[૧૯]

હે રાજન્ ! કારીયાણી ગામમાં વિરાજતા શ્રીહરિ ભક્તજનોની સભામાં રમણીય આસન ઉપર વિરાજમાન થઇ નિરંતર બહુ પ્રકારની વાતો કરતા.[૨૦] તેમાં તે સાધુઓના ધર્મની, અષ્ટાંગયોગની, આત્મા પરમાત્માના સમગ્ર જ્ઞાનની વાતો કરતા.[૨૧] શ્રીહરિ કારીયાણી ગામે પ્રતિદિન બપોર પછીના સમયે શ્રીરામાનુજાચાર્યકૃત શ્રીભાષ્ય સહિત વ્યાસસૂત્રોનું પ્રેમથી શ્રવણ કરતા.[૨૨] રામાનુજાચાર્યની આ કૃતિની શ્રીહરિએ ખૂબજ પ્રશંસા કરીને ધનતેરસને દિવસે તેમની સમાપ્તિ કરાવીને વાંચનારા મુક્તાનંદ સ્વામીની ચંદન, પુષ્પાદિક વડે પૂજા કરી.[૨૩] ત્યારપછી શ્રીહરિએ તે કારીયાણી ગામમાં જે રીતે ગઢપુરમાં ઉત્સવો ઉજવ્યા હતા તે જ રીતે દીપોત્સવ, અન્નકૂટોત્સવ અને પ્રબોધનીનો ઉત્સવ

तमार्चिचन् भक्तजनाश्च सर्वे वस्त्रैरनर्घ्यैर्विविधैश्च हैमैः ।
विभूषणैश्चन्दनपुष्पहारैरापीडवर्यैश्च महोपदाभिः ॥ २५

*इति श्रीसत्सङ्गि जीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे भगवतः कार्यायनग्रामे संस्थित्युत्सवनिरूपणनामा त्रयोदशोऽध्यायः ॥ १३ ॥*

---

## चतुर्दशोऽध्यायः - १४

**सुव्रत उवाच –**

प्रबोधिन्या निशि हरिर्महत्यां भक्तसंसदि । शुश्राव जागरं कुर्वन्प्रबोधिन्याः कथां नृपः ! ॥ १ ॥
कथान्ते बहुधा चक्रे सत्कर्मातिप्रशंसनम् । स्वीयानां शिक्षणायैव सचासत्कर्मगर्हणाम् ॥ २
तमुत्तमो नरपतिः प्रणम्य विनयान्वितः । बद्धाञ्जलिपुटोऽप्राक्षीत्प्रश्नावसरवित्तदा ॥ ३

---

ઉજવ્યો.[૨૪] તે ઉત્સવમાં પધારેલા સર્વે ભક્તજનોએ બહુ મૂલ્યવાળાં અનેક પ્રકારનાં વસ્ત્રો, સુવર્ણનાં આભૂષણો ચંદન અને પુષ્પના હારો તથા તોરા આદિ અનેક મહા ઉપચારોથી ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું.[૨૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ– જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિ કારીયાણી પધાર્યા ને ત્યાં દીપાવલી, અન્નકૂટ અને પ્રબોધનીના ઉત્સવો ઉજવ્યા એ નામે તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૩--**

---

## અધ્યાય - ૧૪

## સ્વર્ગ અને નરક સંબંધી ઉત્તમરાજાએ પૂછેલા પ્રશ્નનો ભગવાન શ્રીહરિએ ઉત્તર કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ પ્રબોધનીની રાત્રીએ ભક્તજનોની મોટી સભામાં જાગરણ કરતાં પ્રબોધનીની કથા સાંભળી.[૧] શ્રીહરિએ કથાની સમાપ્તિમાં ભક્તજનોની શિક્ષાને માટે સત્કર્મોની ખૂબજ પ્રશંસા કરી અને અસત્કર્મોની ખૂબજ ભર્ત્સના કરી.[૨] તે સમયે પ્રશ્ન પૂછવાના અવસરને જાણતા દુર્ગપુરપતિ ઉત્તમરાજા ભગવાન શ્રીહરિને પ્રણામ કરી બહુજ વિનયથી બે હાથ જોડી પૂછવા લાગ્યા.[૩] હે ભગવાન ! આલોકમાં લૌકિક વ્યવહારના કર્મમાં

**राजोवाच –**

देहिनामत्र भगवन् ! प्रवृत्तिः कर्मसु ध्रुवम् । सर्वेषां दृश्यते लोकेव्यवहारक्रियात्मनाम् ॥ ४
नरकाप्तिर्भवेत्तत्र कर्मभिः कैः क्रियावताम् । स्वर्गप्राप्तिर्भवेत्कैश्च तन्मे त्वं वक्तुमर्हसि ॥ ५

**सुव्रत उवाच –**

इति पृष्टो नरेन्द्रेण तेन बुद्धिमता प्रभुः । द्विविधान्यपि कर्माणि प्रोवाच सफलानि सः ॥ ६

**श्री नारायणमुनिरुवाच –**

परदाराभिहर्तारः परदाराभिमर्शिनः । परदारप्रयोक्तारो ये ते निरयगा मताः ॥ ७
ये परस्वापहर्तारः परस्वानां च नाशकाः । सूचकाश्च परेषां ये ते वै निरयगा मताः ॥ ८
प्रपाणां च सभानां च सङ्क्रमाणां च भूपते ! । अगाराणां च भेत्तारो नरा निरयगा मताः ॥ ९
अनाथां प्रमदां बालां वृद्धां मीतां तपस्विनीम् । वञ्चयन्ति नरा ये च ते वै निरयगा मताः ॥ १०

---

આસક્ત મનવાળા સર્વે દેહધારીઓની અનેક પ્રકારના કર્મમાં નિશ્ચિત પ્રવૃત્તિ જોવામાં આવે છે.[૪] તે કર્મોની મધ્યે કેવાં કર્મો કરનાર મનુષ્યોને નરકની પ્રાપ્તિ થાય છે ? અને કેવાં કર્મો કરનારને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે ? તે તમે મને જણાવો.[૫]

**નરકે જનારનાં લક્ષણો :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે બુદ્ધિમાન ઉત્તમરાજાએ પ્રશ્ન કર્યો તેથી સમર્થ ભગવાન શ્રીહરિ સ્વર્ગ અને નરકની પ્રાપ્તિરૂપ બે પ્રકારનાં કર્મો કહેવા લાગ્યા.[૬] તેમાં સૌ પ્રથમ નરક પ્રાપ્તિને કરાવનારાં કર્મો કહે છે. જે પુરુષોએ પરસ્ત્રીનું અપહરણ કર્યું હોય, જેણે પરસ્ત્રી સાથે બળાત્કાર કર્યો હોય, જે કોઈની પાસેથી પૈસાની દલાલી લઈ કોઈ પરસ્ત્રીને રૂપિયા આદિકનું પ્રલોભન આપીને કોઈ અન્ય પુરુષની સાથે વ્યભિચાર કરવા પ્રેરણા કરતા હોય, આ ત્રણ પ્રકારના પુરુષો નરકમાં જાય છે.[૭] વળી જે પુરુષો પરધનની ચોરી કરી હોય, જેણે પર સંપત્તિનો અગ્નિદાહ આદિકથી નાશ કર્યો હોય, અને જે અન્ય જનો ઉપર ચાડીચુગલી દ્વારા દોષોનું આરોપણ કરતા હોય તે મનુષ્યો પણ નરકને પામે છે.[૮] જે મનુષ્યો પાણીના પરબનો, સભાસ્થળનો, સેતુનો અને ઘરોનો વિનાશ કરે છે, તે ચારે પ્રકારના મનુષ્યો નરકમાં જાય છે.[૯] અનાથ સ્ત્રી, બાલિકા, વૃદ્ધા, ભયથી દુઃખી અને તપસ્વિની સ્ત્રી; આ પાંચ પ્રકારની સ્ત્રીઓને ધનથી ધર્માદિકનો લોપ કરાવી છેતરે છે, તે પુરુષો નરકમાં જાય છે.[૧૦] જે મનુષ્યો કોઈની આજીવિકા વૃત્તિનો વિનાશ કરે, કોઈની ઘરઉપયોગી વસ્તુનો વિનાશ કરે, કોઈના સગપણ કે વિવાહનો વિચ્છેદ કરાવી નાખે, પરસ્પર એક

वृत्तिच्छेदं गृहच्छेदं दारच्छेदं च ये नराः । मित्रच्छेदं तथा कुर्युस्ते वै निरयगा मताः ॥ ११
सूचकाः सन्धिभेत्तारः परवृत्त्युपजीवकाः । अकृतज्ञाश्च मित्राणां ते वै निरयगा मताः ॥ १२
पाषण्डा दूषकाश्चैव समयानां च दूषकाः । ये प्रत्यवसिताश्चैव ते वै निरयगा मताः ॥ १३
विषमव्यवहाराश्च विषमाश्चैव वृद्धिषु । लाभेषु विषमाश्चैव ते वै निरयगा मताः ॥ १४
द्यूतव्यवहाराश्च निष्परीक्षाश्च मानवाः । प्राणिहिंसाप्रवृत्ताश्च ते वै निरयगा मताः ॥ १५
कृताशं कृतनिर्देशं कृतभक्तं कृतश्रमम् । भेदैर्ये व्यपकर्षन्ति ते वै निरयगा मताः ॥ १६
पर्यश्नन्ति च ये दारानग्निभृत्यातिथींस्तथा । उत्सन्नपितृदेवेज्यास्ते वै निरयगा मताः ॥ १७

પ્રાણ અને એક મનથી જીવતા મિત્રોમાં સાચી ખોટી એક બીજાની વાતો કરીને બન્નેમાં ભેદ ઉત્પન્ન કરે, તે મનુષ્યો નરકમાં જાય છે.[૧૧] હે રાજન્ ! જે મનુષ્યો રાજમાં ચાડી કરનારા હોય, કોઈ કાર્ય માટે પરસ્પર સંધિ કરેલી હોય તેને તોડાવી નાખનારા હોય, જે બીજાની વૃત્તિ ઉપર લાંચ આદિક ગ્રહણ કરીને જીવતા હોય, જે મિત્રોનો ઉપકાર ભૂલીને તેમના પર અપકાર કરતા હોય, તે ચાર પ્રકારના મનુષ્યો પણ નરકમાં જાય છે.[૧૨] જે વેદ વિરોધી પાખંડ ધર્મનો આશ્રય કરનારા હોય, જે સંતોની નિંદા કરી તેમના જીવનમાં દૂષણનું દોષારોપણ કરતા હોય, જે ધર્મના સંકેતો હોય તેમાં પણ દોષનું આરોપણ કરી દૂષણ પમાડતા હોય, જે અનુકૂળમાં પણ પ્રતિકૂળનું વાતાવરણ ઊભું કરી પરને છેતરતા હોય, તેવા મનુષ્યો નરકમાં જાય છે.[૧૩] જે મનુષ્યો લોક વિરૂદ્ધ ઉલટો વ્યવહાર કરતા હોય, વ્યાજે આપેલા રૂપિયાનું બમણું વ્યાજ લેતા હોય, વેપારમાં મૂળ ધન કરતાં બમણો લાભ (નફો) લેતા હોય, તે ત્રણે પ્રકારના મનુષ્યો નરકમાં જાય છે.[૧૪] જે જુગાર રમાડીને આવેલા નાણાંથી પોતાનું જીવન ચલાવતા હોય, પરીક્ષા કર્યા વગર એમને એમ કોઈના ઉપર દોષ ઢોળી દેતા હોય, પ્રાણીઓની હિંસા કરવામાં સતત પ્રવૃત્ત રહેતા હોય, તે ત્રણે પ્રકારના મનુષ્યો નરકમાં જાય છે.[૧૫] હે રાજન્ ! કોઈ મનુષ્ય પોતાના માલિક પાસે કોઈ આશા સાથે આવેલો હોય, માલિકે અમુક કામ માટે આટલું ધન આપીશ એવી જેની સાથે પ્રતિજ્ઞા કરેલી હોય, વેતન લઈને કામ કરનારા હોય, અને કોઈ આશા રાખીને માલિક માટે પરિશ્રમ કર્યો હોય, આ ચાર પ્રકારના જનો અને માલિકની વચ્ચે જે મનુષ્યે ભેદના ઉપાયો કર્યા હોય અર્થાત્ ધણીના કાનમાં અવળું સમજાવીને નિરાશા પેદા કરી જુદા પાડ્યા હોય. તેવા ચાર પ્રકારના મનુષ્યો નરકમાં જાય છે.[૧૬] જે પુરુષ પોતાની પત્નીને છોડીને બહાર કાંઈક સારૂં

वेदविक्रयिणश्चैव वेदानां चैव दूषकाः । वेदानां लेखकाश्चैव ते वै निरयगा मताः ॥ १८
केशविक्रयका राजन्विषविक्रयकाश्च ये । विकर्मभिर्ये जीवन्ति ते वै निरयगा मताः ॥ १९
शस्त्रविक्रयिकाश्चैव शस्त्राणां कर्तृकास्तथा । शल्यानां धनुषां ये च ते वै निरयगा मताः ॥ २०
शिलाभिः शङ्कुभिर्वापि श्वभ्रैर्वा तीक्ष्णकण्टकैः । ये मार्गमनुरुन्धन्ति ते वै निरयगा मताः ॥ २१
उपाध्यायांश्च भृत्यांश्च भक्तांश्च स्वसमाश्रितान् । ये त्यजन्त्यत्र निर्दोषांस्ते वै निरयगा मताः ॥ २२
अदान्तदमकाश्चैव नसानां वेधकाश्च ये । बन्धकाश्च पशूनां ये ते वै निरयगा मताः ॥ २३
अगोप्तारश्च राजानो बलिषड्भागतस्कराः । समर्थाश्चाप्यदातारस्ते वै निरयगा मताः ॥ २४

---

સારું જમી લેતો હોય, અગ્નિ, નોકરો અને અતિથિને જમાડ્યા વગર જમી લેતો હોય, પિતૃશ્રાદ્ધ અને દેવપૂજાનો જેણે ત્યાગ કરી દીધો હોય, તેવા છ પ્રકારના જનો નરકમાં જાય છે.[૧૭]

જે જનો મૂલ્ય લઈને વેદપારાયણના ફળને વહેંચી દેતા હોય, જે વેદનો અભિપ્રાય જાણ્યા વિના તેનાં વચનને દૂષિત કરતા હોય, જે વેદોનું અશુદ્ધિ લેખન કરતા હોય, તે ત્રણે જનો નરકમાં જાય છે.[૧૮] જે મનુષ્યો ચામર, કમ્બલ આદિકના માધ્યમથી કેશનો વેપાર કરતા હોય, જે ઝેરનો વેપાર કરતા હોય, શાસ્ત્રનિષેધ કર્મો દ્વારા પોતાની આજીવિકા ચલાવતા હોય, તે તથા જે મનુષ્યો શસ્ત્રોનો વેપાર કરતા હોય, ઉત્પાદન કરતા હોય, બાણો તથા ધનુષ્યો આદિકનું નિર્માણ કરતા હોય, તે મનુષ્યો નરકમાં જાય છે.[૧૮-૨૦] હે રાજન્ ! જે મનુષ્યો પથ્થર, ખીલ્લા, તીક્ષ્ણ કાંટા આદિક વડે મનુષ્યોને જવા આવવાના માર્ગને રોકતા હોય, જે મનુષ્યો લોભાદિ દોષોથી રહિત અને પોતાના આશરે રહેલા વિદ્યાનો અભ્યાસ કરાવનારા ગુરુજનોનો ત્યાગ કરી દે છે. વળી કામાદિ દોષથી રહિત પોતાને આશરે રહેલા નોકરોનો ત્યાગ કરી દે છે, દંભ કે કપટથી રહિત પોતાને શરણે રહેલા ભક્તો કે પરિચારકોનો ત્યાગ કરી દે છે, તે મનુષ્યો નરકમાં જાય છે.[૨૧-૨૨]

જે મનુષ્યો બળદના વૃષણનો ઉચ્છેદ કરી વીર્યનો વિનાશ કરતા હોય, જે વાછરડાના નાકને વીંધતા હોય, જે અસમયે ગાય આદિ પશુને બાંધી રાખતા હોય, તે તથા જે રાજાઓ પ્રજાનું ચોર આદિકથી રક્ષણ ન કરતા હોય, ને બલાત્કારે પ્રજા પાસેથી છઠ્ઠા ભાગનો કર ઉઘરાવતા હોય, ધન ધાન્યાદિકથી સમૃદ્ધ હોય છતાં પાત્રમાં દાન આપતા ન હોય, તે સર્વે નરકમાં જાય છે.[૨૩-૨૪] જે બહુકાળ પર્યંત પોતાને રાજી કરવા પોતાની સમીપે રહેતા હોય, જે ક્ષમાશીલ સ્વભાવના

क्षान्तान्दान्तांस्तथा प्राज्ञान्दीर्घकालं सहोषितान् । त्यजन्ति कृतकृत्यान् ये ते वै निरयगा मताः ॥ २५
एते निरयगाः प्रोक्ताः नरा दुष्कृतकारिणः । भागिनः स्वर्गलोकस्य ये तान् वच्म्यथ भूपते ! ॥ २६
दानेन तपसा चैव सत्येन श्रद्धयापि च । ये धर्ममनुवर्तन्ते ते नराः स्वर्गगामिनः ॥ २७
शुश्रूषाभिस्तपोभिश्च विद्यामादाय वा धनैः । ये प्रतिग्रहनिःस्नेहास्ते नराः स्वर्गगामिनः ॥ २८
भयाल्लोभात्तथा क्रोधाद्दारिद्याद्व्याधिघर्षणात् । सत्कृत्यं न विमुञ्चन्ति ते नराः स्वर्गगामिनः ॥ २९
क्षमावन्तश्च धीराश्च धर्मकार्येषु चोत्थिताः । मङ्गलाचारसम्पन्नास्ते नराः स्वर्गगामिनः ॥ ३०
निवृत्ताः सर्वमांसेभ्यः परदारेभ्य एव च । सुराभ्यो ये च मद्येभ्यस्ते नराः स्वर्गगामिनः ॥ ३१
आश्रमाणां च पातारः कुलसत्कर्मणां तथा । देशानां नगराणां च ते नराः स्वर्गगामिनः ॥ ३२

હોય, જેણે ઈન્દ્રિયો ઉપર દમન કરી નિયમમાં રાખી હોય, જે પ્રતિભાયુક્ત હોય, અન્યના કામ કરી કૃત્યભાવમાં વર્તતા હોય આવા સજ્જનોનો ત્યાગ કરનારા મનુષ્યો નરકમાં જાય છે. આ પ્રમાણે મેં તમને દુષ્ટ કર્મ કરનારા મનુષ્યો જે નરકમાં જાય છે તેની વિક્તિ કહી, હવે દેવલોકના ભાગીદાર જે જનો છે તે તમને કહું છું.[૨૫-૨૬]

**સ્વર્ગે જનારનાં લક્ષણો :–** હે રાજન્ ! જે મનુષ્યો દાન, તપ, સત્ય, શ્રદ્ધાથી ધર્મનું પાલન કરે છે, જે મનુષ્યો ગુરુની સેવા કરીને તથા વિદ્યાર્થીને ઉચિત તપનું આચરણ કરીને તેમજ ગુરુને પુષ્કળ ધન અર્પણ કરીને વિદ્યા ભણે છે અને બીજા પાસેથી જે અનુદાન સ્વીકારતા નથી, તે મનુષ્યો સ્વર્ગમાં જાય છે, જે મનુષ્યો ભય, લોભ, ક્રોધ, દરિદ્રતા તથા શરીરના રોગની પીડાના કારણે પણ સત્કર્મો છોડતા નથી, તે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૨૭-૨૯] જે જનો ક્ષમાવાન હોય, ધીરજધારી હોય, ધર્મકાર્યમાં સદાય તત્પર રહેતા હોય, જે સર્વેને મંગલ કરનારૂં આચરણ કરતા હોય, સર્વે પ્રકારના માંસભક્ષણથી નિવૃત્ત હોય, પરદારાના સંગથી વિમુખ હોય, કોઈ પણ પ્રકારની સુરા કે માદકપીણાના પાનથી નિવૃત્ત હોય, બ્રહ્મચર્યાદિ આશ્રમોનું અધર્મનો ત્યાગ કરવા પૂર્વક રક્ષણ કરતા હોય, કુળ પરંપરાગત આવતા સદાચારનું જે રક્ષણ કરતા હોય, પોતાના દેશ અને દેશવાસીઓના રક્ષણમાં તત્પર હોય, પોતાના નગરના જનોના રક્ષણમાં તત્પર હોય, તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૩૦-૩૨]

હે રાજન્ ! જે મનુષ્યો કાયા, મન, વાણીથી સર્વપ્રકારે હિંસાથી રહિત હોય, પોતાના ધર્મની પુષ્ટિ માટે સર્વ પ્રકારના દુઃખોને સહન કરનારા હોય, ધર્મનિષ્ઠ

सर्वहिंसानिवृत्ताश्च नराः सर्वसहाश्च ये । सर्वस्याश्रयभूताश्च ते नराः स्वर्गगामिनः ॥ ३३
मातरं पितरं चैव शुश्रूषन्ति गुरूंश्चये । जितेन्द्रिया मिताहारास्ते नराः स्वर्गगामिनः ॥ ३४
आख्याश्च बलवन्तश्च यौवनस्था अपीह ये । भवन्ति निर्मदा नित्यं ते नराः स्वर्गगामिनः ॥ ३५
अपराद्धेषु सस्नेहा मृदवो मृदुवत्सलाः । आराधनासुखाश्चापि पुरुषाः स्वर्गगामिनः ॥ ३६
सहस्त्रपरिवेष्टारस्तथैव च सहस्रदाः । त्रातारश्च सहस्राणां ते नराः स्वर्गगामिनः ॥ ३७
सुवर्णस्य च दातारो गवां च नृपसत्तम ! । अन्नाम्बुवाहनानां च ते नराः स्वर्गगामिनः ॥ ३८
वैवाहिकानां द्रव्याणामन्नानां च यथोचितम् । दातारो वाससां चैव पुरुषाः स्वर्गगामिनः ॥ ३९
विहारावसथोद्यानकूपारामसभाप्रपाः । कारयन्ति स्वशक्तया ये ते नराः स्वर्गगामिनः ॥ ४०
निवेशनानां क्षेत्राणां वसतीनां च भूपते ! । दातारः प्रार्थितानां च ते नराः स्वर्गगामिनः ॥ ४१

---

સર્વજનોના આશ્રયભૂત થઈ તેમના દુઃખોનું નિવારણ કરતા હોય, જે માતા પિતા અને ગુરુની યથાયોગ્ય સેવા કરતા હોય, જે મિતાહાર કરી ઈન્દ્રિયોને જીતીને વર્તતા હોય, જે મનુષ્ય આલોકમાં ધનવાન હોય, શરીરે મહાબલવાન હોય અને યુવાનીના જોરમાં હોય છતાં હમેશાં નિર્માનીપણે વર્તતા હોય, તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૩૩-૩૫] જે મનુષ્યો પોતાનો અપરાધ કરનારા પર પણ સ્નેહ રાખતા હોય, બીજાનું દુઃખ દેખીને જેનું હૃદય દ્રવી જતું હોય, સ્વભાવથી કોમળ મનુષ્યો સાથે પ્રીતિ રાખતા હોય, સ્વધર્મનિષ્ઠ મનુષ્યોની કારણ વિના સેવા કરીને સુખી કરતા હોય, જે મનુષ્યો હજારો સાધુ બ્રાહ્મણાદિકને જમાડી તૃપ્ત કરતા હોય, જે હજારો રૂપિયાનું સત્પાત્રમાં દાન કરતા હોય, જે મનુષ્યોને અન્નજળ આપી રક્ષણ કરતા હોય, તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૩૬-૩૭]

હે રાજન્ ! જે મનુષ્યો સુવર્ણ, ગાય, અન્ન, જળ અને વાહનનું પાત્રમાં દાન આપે, જે પુરુષો વિપ્ર આદિકની કન્યાઓના વિવાહમાં ઉપયોગી ધન, અન્ન અને વસ્ત્રોનું દાન કરે છે, જે પુરુષો અગ્નિહોત્રશાળા, ઘર, ઉદ્યાન, કૂવા, આરામગૃહ અને સભાશાળા તથા પાણીનું પરબ પોતાની શક્તિ પ્રમાણે કરાવે છે તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૩૮-૪૦] જે પુરુષો વટેમાર્ગુને રહેવાનાં સ્થળો, ક્ષેત્રો, સામગ્રીએ સહિત ઘરો અર્પણ કરે છે. તેમજ વટેમાર્ગુ કોઈ સુવિધા માગે તો તેને આપે છે, જે મનુષ્યો ભૂતપ્રાણીમાત્ર ઉપર દયા કરે છે, જે સર્વે જનો પોતાના ઉપર વિશ્વાસ કરે તેવું વર્તન રાખે છે, હિંસક આચારને છોડીને વર્તે છે, વળી જે મનુષ્યો પરધનમાં હમેશાં મમત્વ રહિત તેમજ પરસ્ત્રીના સંગે રહિત વર્તે છે અને જે મનુષ્ય ધર્મમાં

सर्वभूतदयावन्तो विश्वास्याः सर्वदेहिनाम् । त्यक्तहिंसासमाचारास्ते नराः स्वर्गगामिनः ॥ ४२
परस्वे निर्ममा नित्यं परदारविवर्जिताः । धर्मलब्धान्नभोक्तारस्ते नराः स्वर्गगामिनः ॥ ४३
मातृवत्स्वसृवच्चैव नित्यं दुहितृवच्च ये ॥ परदारेषु वर्तन्ते ते नराः स्वर्गगामिनः ॥ ४४
स्तैन्यान्निवृत्ताः सततं सन्तुष्टाः स्वधनेन च । स्वभाग्यान्युपजीवन्ति ते नराः स्वर्गगामिनः ॥ ४५
परदारेषु ये नित्यं चरितावृत्तलोचनाः । जितेन्द्रियाः शीलपरास्ते नराः स्वर्गगामिनः ॥ ४६
श्लक्ष्णां वाणीं निराबाधां मधुरां दोषवर्जिताम् । स्वागतेनाभिभाषन्ते ते नराः स्वर्गगामिनः ॥ ४७
परुषं ये न भाषन्ते कटुकं निष्ठुरं तथा । अपैशुन्यरताः सन्तस्ते नराः स्वर्गगामिनः ॥ ४८
पिशुनां ये न भाषन्ते मित्रभेदकरीं गिरम् । ऋतं मैत्रं तु भाषन्ते ते नराः स्वर्गगामिनः ॥ ४९
ये वर्जयन्ति पारुष्यं परद्रोहं च ये नराः । सर्वभूतसमा दान्तास्ते नराः स्वर्गगामिनः ॥ ५०

---

**અવિરોધી અન્નનો જ આહાર કરે છે તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૪૧-૪૩] હે રાજન્ ! જે પુરુષો પોતાથી અધિક ઉંમરવાળી બીજી સ્ત્રી સાથે નિત્યે માતાના સરખો, પોતાના સરખી ઉંમરવાળી સ્ત્રી સાથે બહેનના સરખો અને પોતાનાથી નાની ઉંમર વાળી સ્ત્રી સાથે દિકરીના જેવો વ્યવહાર રાખે છે તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે. જે મનુષ્યો ચોરીના કર્મથી સદાય નિવૃત્ત હોય, પોતાની કમાણીમાંથી સંતુષ્ટ હોય, પોતાના ભાગ્યપ્રમાણે જ જીવન જીવતા હોય તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૪૪-૪૫]**

**જે મનુષ્યો જીતેન્દ્રિય હોય, પરસ્ત્રી સામે દૃષ્ટિ પણ ન કરતા હોય, જે બ્રહ્મચર્યાદિ શીલવ્રત પરાયણ હોય, વળી જે મનુષ્યો અતિશય સ્નેહાળ, અને કોઈને દુઃખ ન થાય તેવી દોષે રહિત, મધુર અને પ્રિય વાણી બોલીને જનોનું સ્વાગત કરતા હોય, જે મનુષ્યો કોઈના છિદ્રોની ચાડીચૂગલી દ્વારા અન્યજનોને ક્યારેય વાત ન કરતા હોય, તેમજ તીક્ષ્ણ, કઠોર અને નિષ્ઠુર વાણી ક્યારેય ન બોલતા હોય તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૪૬-૪૮] જે મનુષ્યો ખળયુક્ત વાણી ન બોલતા હોય, જે મિત્રોમાં પરસ્પર ભેદ ઉત્પન્ન થઈ જાય તેવી વાણી ન બોલતા હોય, સત્ય અને મિત્ર ભાવે યુક્ત જ સદાય વચનો બોલતા હોય તે મનુષ્યો સ્વર્ગમાં જાય છે.[૪૯] જે મનુષ્યો સર્વ ભૂતપ્રાણી માત્રમાં પોતાના જેવી ભાવના રાખી સમભાવે વર્તતા હોય, ઈન્દ્રિયોનું દમન કરી ચતુરાઈપૂર્વક વર્તતા હોય અને જેણે કઠોર વાણીનો ત્યાગ કરી દીધો હોય, જે પરનો દ્રોહ થાય તેવું વર્તન ક્યારેય ન કરતા હોય તે સર્વે પુરુષો સ્વર્ગમાં જાય છે.[૫૦]**

न कोपाद्व्याहरन्ते ये वाचं हृदयदारिणीम् । सान्त्वं वदन्त्यपि क्रुद्धास्ते नराः स्वर्गगामिनः ॥ ५१
ग्रामे गृहे वा यद्द्रव्यं पारक्यं विजने स्थितम् । नाभिनन्दन्ति ये नित्यं ते नराः स्वर्गगामिनः ॥ ५२
तथैव परदारान् ये कामवृत्तान् रहोगतान् । मनसापि नहीच्छन्ति ते नराः स्वर्गगामिनः ॥ ५३
शत्रुं मित्रं च ये नित्यं तुल्येन मनसा नराः । भजन्ति मैत्राः सङ्गम्य ते नराः स्वर्गगामिनः ॥ ५४
श्रुतवन्तो दयावन्तः शुचयः सत्यसङ्गराः । स्वैरर्थैः परिसन्तुष्टास्ते नराः स्वर्गगामिनः ॥ ५५
श्रद्धावन्तो मैत्रवन्तश्चोक्षाश्चोक्षजनप्रियाः । धर्माधर्मविदो नित्यं ते नराः स्वर्गगामिनः ॥ ५६
न्यायोपेता गुणोपेता देवद्विजपराः सदा । यथोचितोद्योगपरास्ते नराः स्वर्गगामिनः ॥ ५७
एवं सत्कर्मसंस्था ये भवन्ति पुरुषा इह । स्वर्गे यान्ति त एवेति जानीहि नृपसत्तम ! ॥ ५८

---

જે પુરુષો ક્રોધ ઉત્પન્ન થાય છતાં પરના હૃદયને ભેદી નાખે તેવી દુઃખકર વાણીનો ત્યાગ કર્યો હોય, વળી કોઈના ઉપર ક્રોધ ઉત્પન્ન થયો હોય છતાં તેમને જાણે સમજાવતા હોય તેવી શાંત વાણી બોલતા હોય, જે મનુષ્યો ગામમાં, ઘરમાં કે જંગલમાં કે કોઈ એકાંત સ્થળમાં પણ પડેલા પારકા ધનને ક્યારેય પણ ઈચ્છે નહિ તે સ્વર્ગમાં જાય છે.[૫૧-૫૨] જે પુરુષો એકાંત સ્થળમાં પણ પોતાની સાથે ઉપભોગ કરવાની બુદ્ધિથી આવેલી પરસ્ત્રીઓને મનથી પણ ઈચ્છે નહિ, તે પુરુષો સ્વર્ગમાં જાય છે.[૫૩] જે સર્વની સાથે મિત્રભાવે વર્તી મિત્ર કે શત્રુને મળે ત્યારે એક સરખો ભાવ વ્યક્ત કરે પરંતુ ખેદભાવે ન વર્તે, જે મનુષ્યો હમેશાં શાસ્ત્રના અધ્યયન, પરાયણ રહેતા હોય, દયાવાન, બહાર અંદર પવિત્રપણે વર્તતા હોય, સત્ય પ્રતિજ્ઞાવાળા હોય, પોતાની આજીવિકા વૃત્તિથી જે ધન પ્રાપ્ત થાય તેનાથી સદાય સંતુષ્ટ રહેતા હોય તે સ્વર્ગમાં જાય છે.[૫૪-૫૫]

જે સદાય શ્રદ્ધાવાન હોય, સર્વની સાથે મિત્રભાવ રાખતા હોય, વ્યવહારમાં પોતે શુદ્ધ વર્તે અને બીજા શુદ્ધ વર્તતા હોય તે પોતાને હમેશાં ગમતા હોય, અને ધર્મ તથા અધર્મને બરાબર સમજી જાણતા હોય તે અને યોગ્ય વર્તન કરતા હોય, સદ્ગુણોએ યુક્ત હોય, સદાય સાધુ, બ્રાહ્મણની સેવામાં તત્પર રહેતા હોય, પોતાના ધર્મમાં બાધ ન આવે એ રીતે સદાય ઉદ્યોગ પરાયણ રહેતા હોય તે પુરુષો સ્વર્ગમાં જાય છે.[૫૬-૫૭] હે રાજન્ ! આ પ્રમાણે જે મનુષ્યો આલોકમાં સત્કર્મ પરાયણ વર્તે છે. તે સર્વે મનુષ્યો સ્વર્ગમાં જાય છે. એમ તમે નક્કી માનો.[૫૮] જે મનુષ્યો હજારો ઉપાયોથી પણ ન મળે તેવા આ દુર્લભ મનુષ્ય શરીરને પામીને બીજાં દુષ્કર્મોનો ત્યાગ કરી, કહ્યાં એવાં સત્કર્મો કરે છે તે સર્વે આ પૃથ્વી પર

मानुष्यं दुर्लभं प्राप्य सत्कर्माण्येव ये नराः । हित्वेतराणि कुर्वन्ति ते धन्याः सन्ति भूतले ॥ ५९

**सुव्रत उवाच –**

इत्याश्रुत्य प्रभोर्वाक्यं स राजा मुदितो नृप ! । अन्येऽपि भक्ताः सकलाः संहृष्टास्तं ववन्दिरे ॥ ६०
ततो द्वितीये दिवसे ब्राह्मणान्स सहस्रशः । भोजयामास भगवांस्तदिष्टैर्मिष्टभोजनैः ॥ ६१
दूरदेशागताँल्लोकान् व्यसृजत्स ततः प्रभुः । शतक्रोशीयलोकास्तु प्रायशो न ययुस्ततः ॥ ६२
श्रवणं गुणकीर्तनं हरेः स्मरणं चार्चनवन्दने तथा ।
सततं नृप ! कुर्वतां ययुः क्षणसाम्येन दिनानि तन्नृणाम् ॥ ६३

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे कार्यायनग्रामे स्वर्गनरकगामिपुरुषलक्षण-निरूपणनामा चतुर्दशोऽध्यायः ॥ १४*

---

ખરેખર ધન્યભાગ્યશાળી છે.[૫૯]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનું અમૃતની સમાન વચન સાંભળી અતિશય આનંદ પામેલા ઉત્તમરાજા તથા સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિની ખૂબજ પ્રશંસા કરી વંદન કર્યાં.[૬૦] ત્યારપછી બીજે દિવસે બારસના શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને ઇચ્છિત મિષ્ટાન્ન ભોજન કરાવી તૃપ્ત કર્યા.[૬૧]

હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ બહુ દૂર દૂરના દેશોમાંથી પોતાને દર્શને આવેલા હજારો ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી તેથી તે જવા નીકળ્યા, પરંતુ સો સો કોશ સુધીના પ્રદેશોમાં જે ભક્તજનો રહેતા હતા તે ભગવાન શ્રીહરિની સમીપે જ રહ્યા.[૬૨] શ્રીહરિનાં ચરિત્રોનું નિત્ય શ્રવણ, ગુણ કીર્તન, સ્મરણ, પૂજન અને વંદન કરતા ભક્તજનો શ્રીહરિનું સાંનિધ્ય હોવાને કારણે એક ક્ષણની માફક દિવસો પસાર કરતા હતા.[૬૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં કારીયાણી ગામે ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજાના પ્રશ્નથી સ્વર્ગ અને નરકગામી પુરુષોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે ચૌદમો અધ્યાય પૂર્ણ થયો. –૧૪–**

## पंचदशोऽध्यायः - १५

**सुव्रत उवाच –**

प्रबोगधिन्युत्सवेऽतीते ततो देशं निजं निजम् । दूरदेशीयलोकेषु गच्छत्स्वेवाज्ञया प्रभोः ॥ १
हेमन्तसिंहो नृपतिर्भक्तवात्सल्यमीशितुः । तत्र दृष्ट्वा निजगृहे व्यधित्सत्तादृशोत्सवम् ॥२
सह स्वदेशीयजनैः परिवारेण चात्मनः । तत्रैवोवास नगरं निनीषुः स निजं हरिम् ॥ ३
वास्तोरेव गृहे सख्युर्वसंस्तेनातिमानितः प्रार्थनावसरं पश्यन् व्यत्यक्रामद्दिनत्रयम् ॥ ४
गङ्गाख्या तस्य माता च भार्या जवहराभिधा । भ्राता चानूपसिंहाख्यतद्भार्या पंणसंज्ञिका ॥ ५
अदितिर्भगिनी तस्य मोटिन्याख्या च बन्धुजा । इत्यादिभिश्च स्वजनैः सहितः स नराधिपः ॥ ६
मयरामप्रभृतिभिस्तद्देशीयैश्च पूरुषैः । लाडिनीप्रमुखाभिश्च तद्देशस्त्रीभिरन्वितः ॥ ७
चतुर्थे दिवसे प्रातः सभायामास्थितं प्रभुम् । प्रणम्य प्रार्थयामास प्रसन्नं समवेक्ष्य तम् ॥ ८

---

## અધ્યાય – ૧૫

## હેમંતસિંહરાજા તથા સુરાખાચરે પોતપોતાના પ્રાંતમાં પધારવાની શ્રીહરિને કરેલી પ્રાર્થના.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પ્રબોધનીનો ઉત્સવ પૂર્ણ થતાં ભગવાન શ્રીહરિની આજ્ઞાથી દૂર દૂર દેશના ભક્તજનો પોતપોતાના દેશ પ્રત્યે જવા તત્પર થયા.[૧] ત્યારે હેમંતસિંહ રાજાએ કારીયાણી ગામે વસ્તાખાચર આદિ ભક્તજનો ઉપર શ્રીહરિના ભક્તવત્સલપણાના ભાવને નિહાળીને પોતાના ભવનમાં પણ એવા જ ઉત્સવો ઉજવવાની મનમાં ઈચ્છા કરી.[૨] તેથી પોતાના જુનાગઢ નગરમાં ભગવાન શ્રીહરિને લઈ જવાની મનમાં ઈચ્છા રાખી હેમંતસિંહ રાજા પોતાના સોરઠદેશના અન્ય ભક્તજનો તથા પરિવારના જનોની સાથે કારીયાણીમાં ભગવાન શ્રીહરિની સમીપે જ રોકાઈ ગયા.[૩] પોતાના મિત્ર રાજા વસ્તાખાચરના ભવનમાં જ નિવાસ કર્યો, તેમણે અતિશય માન આપ્યું. પછી શ્રીહરિને પોતાના નગર પ્રત્યે લઈ જવાની પ્રાર્થના કરવાનો અવસર જોતાં હેમંતસિંહરાજાને ત્રણ દિવસ વ્યતિત થઈ ગયા.[૪]**

**હે રાજન્ ! હેમંતસિંહરાજાનાં માતા ગંગાબા, પત્ની જવેરબા, ભાઈ અનુપસિંહ તથા તેનાં પત્ની પ્રાણબા, બહેન અદિબા અને કાકાઈભાઈનાં પુત્રી મોટીબા આદિ સંબંધી જનોની સાથે તથા સોરઠદેશના મયારામ ભટ્ટ આદિ ભક્તજનો તથા લાડકીબાઈ આદિ સ્ત્રીઓની સાથે હેમંતસિંહ રાજા ચોથા દિવસે કાર્તિક વદ પડવાના પ્રાતઃકાળે સભામાં વિરાજમાન શ્રીહરિને વિનયપૂર્વક વંદન**

**हेमन्तसिंह उवाच –**

भगवन्सर्वलोकेश ! भक्तवत्सल ! सत्पते ! । दासे मयि कृपां कर्तुं त्वत्पदैकाश्रयेऽर्हसि ॥ ९
उत्सवोऽत्र यथा स्वामिन् ! कृतस्तद्वन्ममालये । कर्तव्यो भवता भूमन्सद्धर्माध्वप्रवर्तक ! ॥ १०
भक्तप्रियस्य ते नाथ ! स्वभक्तेष्वखिलेष्वपि । समाना वृत्तिरेवास्ति निर्धनेषु धनिष्यपि ॥ ११
अस्मद्देशीयलोकास्तु जीर्णदुर्गागमं तव । भृशमिच्छन्ति भगवन्वृद्धेयं जननी च मे ॥ १२
तदा बद्धाञ्जलिपुटो मयरामद्विजोऽब्रवीत् । भगवन्नेवमेव त्वं कर्तुमर्हसि सर्वथा ॥ १३
प्रतीक्षन्ते जनाः सर्वे देशेऽस्माकं तवागमम् । भक्तकल्पद्रुमस्तेषां पूरय त्वं मनोरथम् ॥ १४
त्वदर्थमेव सम्भाराः सम्भृताः सन्त्येनन च । राज्ञातोऽस्य प्रभो ! तूर्णं कुरु पूर्णं मनोरथम् ॥ १५
इत्यर्थितस्तेन राज्ञा वृद्धभट्टेन तेन च । तन्निष्कपटभावज्ञः प्रीतो भूपावदत्प्रभुः ॥ १६
आगमिष्यामि नृपते ! त्वत्पुरं मुनिभिः सह । तव निष्कपटं भावमहं जानामि निश्चितम् ॥ १७
इत्थं वदत्येव हरौ नागटङ्कपुराधिपः । सूरो बद्धाञ्जलिपुटस्तत्रागच्छत्त्वरान्वितः ॥ १८

---

કરી પ્રાર્થના કરવા લાગ્યા.[૫-૮] હેમંતસિંહરાજા કહે છે, હે ભગવાન ! હે સર્વલોકના સ્વામી ! હે ભક્તવત્સલ ! હે સંતોના પતિ ! તમારા જ એક ચરણકમળનો અનન્ય આશ્રય કરનારા આ દાસ એવા મારા ઉપર કૃપા કરો.[૯] હે સ્વામિન્ ! હે ભૂમન્ ! હે સદ્ધર્મમાર્ગ પ્રવર્તક ! આ કારીયાણી ગામમાં તમે જે રીતે ઉત્સવ ઉજવ્યો તે જ રીતે મારા ભવનમાં પણ ઉત્સવ ઉજવો.[૧૦]

હે નાથ ! તમે ભક્તપ્રિય છો. તમને નિર્ધન કે ધનવાન સમગ્ર ભક્તજનોમાં સમભાવ વર્તે છે. હે ભગવાન ! અમારા સોરઠદેશના ભક્તજનો અને આ મારી માતા પણ આપનું જુનાગઢમાં આગમન થાય તેવું ઈચ્છે છે.[૧૧-૧૨] હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે હેમંતસિંહ રાજાએ પ્રાર્થના કરી તે જ સમયે મયારામ વિપ્ર પણ હાથ જોડી કહેવા લાગ્યા કે, હે ભગવાન ! તમે આ અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો.[૧૩] હે શ્રીહરિ ! આપના સર્વે ભક્તો આપના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા છે. તેથી કલ્પવૃક્ષની સમાન આપ તેઓના મનોરથને પૂર્ણ કરો.[૧૪] હે પ્રભુ ! આ હેમંતસિંહ રાજાએ તમારી સેવા માટે સર્વે સામગ્રી ભેળી કરી રાખી છે. તેથી તેમનો મનોરથ તમારે જલદી પૂર્ણ કરવો જોઈએ.[૧૫] આ પ્રમાણે હેમંતસિંહ રાજા તથા વૃદ્ધ મયારામ વિપ્રે પ્રાર્થના કરી. તેમના નિષ્કપટભાવને જાણતા પ્રભુ અત્યંત પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે, હે હેમંતસિંહ રાજા ! હું સંતોની સાથે તમારા નગર પ્રત્યે જરૂર આવીશ, તમારા નિષ્કપટભાવને જાણું છું.[૧૬-૧૭]

શ્રીહરિ આ પ્રમાણે વાત કરતા હતા તેવામાં જ નાગડકાના ગામધણી

नाम्ना सातिश्च तत्पत्नी धन्या वल्लूश्च तत्सुते । नाथाख्यस्तत्सुतश्चैते तत्पश्चादाययुर्द्रुतम् ॥ १९
तत्पुराधिकृतो वैश्यो नाम्ना सिंहः सभार्यकः । सोऽप्यागतोऽथ तैः साकं नत्वा सूरोऽब्रवीद्धरिम् ॥ २०
भगवन्स्वपुरं नेतुं त्वामहं समुपागतः । बहून्यहान्यतीतानि स्थितस्यात्र मम स्वकैः ॥ २१
तस्मिन्मयि कृपां कर्तुं त्वमर्हसि निजाश्रिते । इति सम्प्रार्थयन्तं तं दृष्ट्वा सोऽचिन्तयद्धृदि ॥ २२
उभावेतावपि दृढं भक्तौ निष्कपटौ मम । सह प्रार्थयतश्च द्वौ प्रेष्टौ चोभौ समौ मम ॥ २३
अवश्यमेव हि मया प्रियं कार्ये द्वयोरपि । आदौ कस्य पुरं यामि भेदो न स्याद्यथोभयोः ॥ २४
चिन्तयन्निति तिष्ठ त्वं विचार्य कथयामि ते । इत्युक्त्वा वासभवनं जगाम सत्वरं हरिः ॥ २५
मञ्चमास्थाय तत्प्रष्टुं सर्वज्ञोऽपि नृनाट्यधृत् । ब्रह्मानन्दं मुनिं नित्यानन्दं चाऽह्वास्त सोऽनघ ! ॥ २६
उपविश्य रहःस्थाने साकं ताभ्यां स ईश्वरः । पप्रच्छ तौ वरीयांसौ निजभक्तौ महामती ॥ २७
युवां प्रेष्ठतमौ मे स्थो नेत्रे एव हि सद्धियौ । अतीव निपुणौ सर्वकार्याकार्यावबोधने ॥ २८

---

**સુરાખાચર બે હાથ જોડી અતિ ઉતાવળા થઈ શ્રીહરિની સમીપે આવ્યા.[૧૮] તેમની સાથે તેમનાં પત્ની શાંતાબા, ધન્યા અને વલ્લુ નામની બે પુત્રીઓ, નાથખાચર નામે પુત્ર પણ તેમની પાછળ તત્કાળ પોતાને ગામ પધારવાની પ્રાર્થના કરવા શ્રીહરિની સમીપે આવ્યા.[૧૯] નાગડકાના પટેલ મુખી વૈશ્યજાતિના સિંહજીભાઈ (સંઘાપટેલ) પણ પોતાનાં પત્ની તેજસ્વતીબાઈની સાથે ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા. ત્યારપછી તે સર્વેની સાથે રહી નૃપતિ સુરાખાચર ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા.[૨૦] હે ભગવાન્ ! હું તમને મારા પુર પ્રત્યે લઈ જવા માટે આવ્યો છું. આ મારા સંબંધીજનોની સાથે અહીં તમારી સમીપે રોકાયો તેને ઘણા દિવસો થઈ ગયા. હું તમારે શરણે છું. તમે મારા ઉપર કૃપા કરો. આ પ્રમાણે પ્રાર્થના કરતા સુરાખાચરને નિહાળી શ્રીહરિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા.[૨૧-૨૨] કે આ બન્ને સુરાખાચર અને હેમંતસિંહરાજા મારા નિષ્કપટ અને નિષ્ઠાવાન ભક્તો છે. બન્ને મને સરખા પ્રિય છે.[૨૩] અને એક જ સમયે મારી પ્રાર્થના કરી છે. તેથી મારે બન્નેનું પ્રિય અવશ્ય કરવું જોઈએ. જે રીતે બન્નેને એક બીજા ઉપર ક્રોધ ન થાય અને મારે વિષે વિષમતાબુદ્ધિ ન સર્જાય તે રીતે ગોઠવણ કરી મારે પ્રથમ કોના પુર પ્રત્યે જવું જોઈએ ? આ પ્રમાણે વિચાર કરીને તમે અહીં બેસો હું વિચાર કરીને તમને કહું છું. આ પ્રમાણે સુરાખાચરને કહીને તત્કાળ પોતાના નિવાસસ્થાને પધાર્યા.[૨૪-૨૫] ત્યાં પલંગ ઉપર વિરાજમાન થઈ સર્વજ્ઞ હોવા છતાં મનુષ્યનાટ્ય કરતા શ્રીહરિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને પોતાની સમીપે બોલાવ્યા.[૨૬]**

अतः पृच्छामि वामद्य जातं संशयमात्मनः । सूरहेमन्तयोर्मध्ये प्राग्गम्यं कस्य वा पुरम् ॥ २९
गते स्वेकस्य नगरं द्वितीयाप्रियता भवेत् । गन्तव्यं तु ममावश्यमतो युक्तमिहोच्यताम् ॥ ३०
इत्थं त्रिलोकीगुरुणा सर्वज्ञेनापि मुग्धवत् । सम्पृष्टौ तौ स्वहृदये विचारं चक्रतुर्मुनी ॥ ३१
यं हि भगवान् ! साक्षान्मानुष्यमनुशीलयन् । अनुग्रहं करोत्येव सम्पृच्छनभिषेण नौ ॥ ३२
देवा ब्रह्मादयोऽप्यत्र दूरादेवास्य दर्शनम् । लाभन्ते क्वापि न क्वापि स नौ पृच्छत्यहो रहः ॥ ३३
गमनस्य निषेधस्तु कर्तुं शक्योऽस्य नाधुना । उत्कण्ठितो यतोऽस्त्येष गन्तुं नूनं स्वतः प्रभुः ॥ ३४
निषेधस्यावयोर्युक्तीर्मंस्यते नैष साम्प्रतम् । अतोऽनुमोद्य गमनं कार्यं प्रश्नोत्तरं किल ॥ ३५
इति निश्चित्य मनसा ब्रुवाते स्म तमीश्वरम् । यत्पृष्टं भवता स्वामिंस्तत्रेत्त्थं भाति नौ किल ॥ ३६

---

**વ્યવહારકુશળ બન્ને સદ્‌ગુરુઓની શ્રીહરિએ સલાહ લીધી :–** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ એકાંત સ્થળમાં બેસી પોતાની પાસે આવેલા શ્રેષ્ઠ બુદ્ધિવાળા બન્ને સંતોને પૂછવા લાગ્યા કે, હે સંતો ! તમે સર્વે કાર્ય અને અકાર્યના વિવેકને જાણવામાં નિપુણ છો. અને તમે બન્ને મને અતિશય વ્હાલા અને ડાબા-જમણા નેત્ર સમાન છો.[૨૭-૨૮] એથી આજ મને નિર્ણય લેવામાં એક સંશય ઉત્પન્ન થયો છે, તે વિષે તમને પૂછુ છું, કે સુરાખાચર અને હેમંતસિંહરાજાની મધ્યે કોના પુર પ્રત્યે મારે પ્રથમ જવું જોઈએ ?[૨૯] બન્નેમાંથી કોઈ એકના નગર પ્રત્યે જઈએ ત્યારે બીજાની ચોક્કસ અપ્રસન્નતા થાય. મને તો બન્નેના પુર પ્રત્યે અવશ્ય જવું છે. તેથી આ સંકટમાં જે કરવું યોગ્ય હોય તે મને જણાવો. કારણ કે બન્ને જણા એક સાથે મને પોતાના પુર પ્રત્યે લઈ જવાની પ્રાર્થના કરે છે.[૩૦] આ પ્રમાણે ત્રિલોકીનું માર્ગદર્શન કરનારા ભગવાન શ્રીહરિએ પોતે સર્વજ્ઞ હોવા છતાં પણ મુગ્ધ મનુષ્યની જેમ પૂછ્યું. ત્યારે બન્ને સંતો અંતરમાં વિચાર કરવા લાગ્યા કે, આ શ્રીહરિ સ્વયં ભગવાન હોવા છતાં મનુષ્યભાવનું અનુકરણ કરી પૂછવાના બહાને આપણા બન્ને ઉપર ખરેખર અનુગ્રહ કરી રહ્યા છે.[૩૧-૩૨] આ શ્રીહરિનાં દર્શન જગતપિતા બ્રહ્માદિ દેવતાઓને પણ ક્યારેક દૂરથી થાય છે. અને ક્યારેક થતાં પણ નથી. એવા આ શ્રીહરિ આપણને એકાંત સ્થળમાં પોતાની સમીપે બેસાડી સમસ્યાનું સમાધાન પૂછી રહ્યા છે. તે આશ્ચર્યની વાત છે.[૩૩] પોતે નિર્ધારિત કરેલા બન્ને પુર પ્રત્યે જવાના નિર્ણયને અત્યારે કોઈ ફેરવી શકે તેમ નથી. કારણ કે પોતે જ જવા માટે અત્યારે ઉત્કંઠાવાળા થયા છે.[૩૪] તેથી બન્ને પુર પ્રત્યે નહીં જવાની આપણી યુક્તિ તે સ્વીકારશે પણ નહિ. માટે તેમણે જવાના નક્કી કરેલા નિર્ણયનું અનુમોદન કરીને તેને અનુરૂપ

उभौ भक्तौ समानौ ते प्रियं कार्यं द्वयोरपि । सूरं सम्भाव्य गन्तव्यं जीर्णदुर्गे प्रति त्वया ॥ ३७
पुरं सूरस्य मार्गेऽस्ति तदुल्लङ्घ्य त्वया प्रभो ! । जीर्णदुर्गं कथं गन्तुं शक्येत च कदध्वना ॥ ३८
तत आदौ नागटङ्कं गन्तव्यमिति नौ मतिः । अतःपरं यादृशीच्छा भवेत्तव तथा कुरु ॥ ३९

**सुव्रत उवाच –**

इति तयोर्वचनानि निशम्य तौ मतिमतां प्रवरौ स सभाजयन् ।
मुदितमानस एत्य महासभां हरिरुषाविशदासन आत्मनः ॥ ४० ॥

***इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थ प्रकरणे कार्यायनग्रामे हेमन्तसिंहसूरामन्त्रणे तत्पुरगमनसम्मन्त्रणनिरूपणनामा पञ्चदशोऽध्यायः ॥ १५ ॥***

---

**જ પ્રશ્નનો ઉત્તર કરવો, આવું મનમાં નક્કી કર્યું.[૩૫]**

**હે રાજન્ ! આ પ્રમાણે નક્કી કરી બન્ને સંતો શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે જે સમસ્યા પૂછી છે. તે બાબતમાં તો અમને આ પ્રમાણે જણાય છે કે, હે મહાપ્રભુ ! બન્ને ભક્તો તમારે માટે સમાન છે અને તમારે બન્નેનું અવશ્ય પ્રિય કરવું જોઈએ. છતાં પણ પ્રથમ તમારે નાગડકા પધારી સુરાખાચરનો સત્કાર સ્વીકારી પછીથી જુનાગઢ પ્રત્યે જવું જોઈએ.[૩૬-૩૭] કારણ કે નાગડકાપુર જુનાગઢ માર્ગમાં વચ્ચે આવે છે. તેને છોડીને કોઈ બીજા આડે રસ્તે જુનાગઢ જવું તે કેટલું યોગ્ય જણાય છે ? માર્ગમાં આવતા ગામને છોડીને આગળ જવું બરાબર નથી.[૩૭] તેથી પ્રથમ તમારે નાગડકાપુર જવું એવી અમારી બુદ્ધિનો નિર્ણય કહે છે. છતાં પણ જેવી તમારી ઈચ્છા હોય તેમ કરો.[૩૯] આ પ્રમાણે બન્ને સંતોનાં વચનો સાંભળી શ્રીહરિ અતિશય વખાણવા લાયક બુદ્ધિવાળાઓની મધ્યે શ્રેષ્ઠ એવા તે બન્ને સંતોની પ્રશંસા કરી તેમનું સન્માન કર્યું, અને અતિશય પ્રસન્ન ચિત્તે મહાસભાના સ્થળે પધારી પોતાના આસન ઉપર વિરાજમાન થયા.[૪૦]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં કારીયાણી ગામે હેમંતસિંહ રાજા તથા સુરાખાચરે પોતપોતાના પુર પ્રત્યે પધારવા આમંત્રણ આપ્યું ત્યારે પ્રથમ ક્યાં જવું તેનું નિરૂપણ કર્યું એ નામે પંદરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૫--**

## षोडशोऽध्यायः - १६

**सुव्रत उवाच –**

हेमन्तसिंहं सोऽथाह स्वदेशीयजनैः सह । स्वपुरं गच्छ तत्राहमायामि पृष्ठतो हि ते ॥ १ ॥
इत्युक्तः स तदा हृष्टो गन्तुं सज्जोऽभवन्नृप ! । ततः सूरं हरिः प्राह गच्छ त्वं स्वपुरं द्रुतम् ॥ २
आयास्यामि प्रातरहं तत्र श्वो नात्र संशयः । कारयित्वा द्विजैः पाकं कुर्या ह्यस्मत्प्रतीक्षणम् ॥ ३
इत्युक्तः सोऽतिसंहृष्ट सह स्वैः स्वपुरं ययौ । वृत्तान्तमेतं सकलं जयामचकथद्रतिः ॥ ४
ससभ्रमं समुत्थाय तदा ललितया सह । स्नात्वा नित्यं प्रकुर्वन्तमुत्तमं प्राह सत्वरम् ॥ ५
दिनाद्ययामोऽपि गतो दीर्घसूत्रो भवान्किमु । घण्टां वादयतेऽद्यापि सर्वस्वं ह्रियते हि नः ॥ ६
किं किं कथं कथमिति वदन्तं तमुवाच सा । नारायणमुनिर्याति जीर्णदुर्गे सहर्षिभिः ॥ ७

---

# અધ્યાય - ૧૬

## હેમંતસિંહ રાજા તથા ઉત્તમરાજા વચ્ચે થયેલા મીઠા પ્રેમકલહનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ હેમંતસિંહ રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમે તમારા સંબંધીજનોની સાથે તમારા પુર પ્રત્યે જાઓ, હું તમારી પાછળ જ તમારા નગર પ્રત્યે આવું છું, એ નક્કી વાત છે.[૧] આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ હેમંતસિંહરાજાને કહ્યું તેથી તે ખૂબજ રાજી થયા અને તે જ સમયે પોતાના પુર પ્રત્યે જવા તૈયાર થયા. ત્યાર પછી ભગવાન શ્રીહરિએ સુરાખાચરને કહ્યું કે, હે સુરાભક્ત ! તમે તમારા પુર પ્રત્યે પધારો અને હું આવતી કાલે પ્રાતઃકાળે તમારા નાગડકાપુરે પધારું છું. આ મારા વચનમાં કોઈ સંશય કરશો નહિ. એથી બ્રાહ્મણો પાસે રસોઈ તૈયાર કરાવી મારા આગમનની પ્રતિક્ષા કરો.[૨-૩]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તેથી સુરાભક્ત પણ અતિશય પ્રસન્ન થયા ને પોતાના સંબંધીજનોની સાથે પોતાના પુર પ્રત્યે જવા પ્રયાણ કર્યું. આ સમગ્ર વૃત્તાંત શ્રીહરિ જુનાગઢ અને નાગડકા પ્રત્યે જવાના છે, તે રતિદેવીએ જયાબાને કહ્યું.[૪] તે સમયે જયાબા લલિતાબાની સાથે એકદમ ઊભાં થયાં ને સ્નાન કરી પોતાનું નિત્યકર્મ કરી રહેલા પોતાના ભાઈ ઉત્તમરાજાની પાસે જઈ કહેવા લાગ્યાં.[૫] હે ભાઈ ! દિવસનો એક પ્રહર વીતી ગયો, છતાં પણ દીર્ઘસૂત્રીની જેમ અત્યાર સુધી તમે શું ઘંટડી બજાવી રહ્યા છો ? આપણું સર્વસ્વ લૂટાઈ રહ્યું છે. માછલાંઓને જળની જેમ આપણા જીવનપ્રાણ ભગવાન શ્રીહરિને સુરાખાચર

गतस्तत्र स्निग्धभक्तैरतिप्रेम्णा ह्यनुक्षणम् । सेव्यमानः पुनर्भ्रातः ! कस्मान्न पुरमेष्यति ॥ ८
सर्वेऽपि भक्ताः सन्त्यस्य समानाः समदर्शिनः । तस्मात्सम्प्रार्थ्य नत्वा तं निवारय व्रज द्रुतम् ॥ ९
इत्युक्तः स द्रुतं प्रायादनुष्णीषः प्रभोः पुरः । हेमन्तसिंहोऽद्राक्षीत्तं तावदायान्तमध्वनि ॥ १०

**हेमन्त उवाच –**

सखे ! क्व यास्यनुष्णीषो धावन्नेव ससम्भ्रमम् । आमन्त्रयितुमायामि त्वत्समीपमहं किल ॥ ११
भगवान्मुनिभिः साकं जीर्णदुर्गमुपैष्यति । तेन साकं त्वयाऽऽगम्यं तत्र पोष्यैर्निजैः सह ॥ १२
इत्याश्रुत्य स तद्वाक्यं बुद्ध्योद्धवसमो नृपः । हरियाननिषेधोक्तियुक्तिभिस्तमुवाच ह ॥ १३

**उत्तम उवाच –**

बुद्धिमानसि सुज्ञोऽसि भ्रातस्त्वं लोकसम्मतः । त्वद्बुद्धिमवलम्ब्यैव धर्मे तिष्ठन्ति मानवाः ॥ १४

---

અને હેમંતસિંહ રાજા આપણાથી દૂર લઈ જઈ રહ્યા છે.[૬] શું ? શું ? કેવી રીતે ? આ પ્રમાણે સામે પૂછતા ઉત્તમરાજાને જયાબા કહેવા લાગ્યાં કે, હે ભાઈ ! સંતોની સાથે ભગવાન શ્રી નારાયણમુનિ જુનાગઢ પ્રત્યે જઈ રહ્યા છે.[૭] તો ત્યાનાં સ્નેહી ભક્તજનો સમયે સમયે એવી પ્રેમથી સેવા કરશે કે પછી આપણા પુરમાં તે પાછા કેમ પધારશે ?[૮] કારણ કે પોતાના એકાંતિક ભક્તો ઉપર સમાન દૃષ્ટિવાળા શ્રીહરિને સર્વે ભક્તો એક સરખા હોય છે. તેથી તત્કાળ તમો શ્રીહરિની સમીપે જાઓ અને નમસ્કાર કરી પ્રાર્થના કરીને ત્યાં જતાં અટકાવો.[૯]

આ પ્રમાણે જયાબા અને લલિતાબાએ કહ્યું તેથી ઉત્તમરાજા તત્કાળ પૂજાની સમાપ્તિ કરીને ઉઘાડે માથે શ્રીહરિની સમીપે જવા દોટ મૂકી. તે સમયે વચ્ચે આ રીતે આવી રહેલા ઉત્તમરાજાને હેમંતસિંહ રાજાએ જોયા.[૧૦] તેથી ઉત્તમરાજાને કહેવા લાગ્યા કે, હે મિત્ર ! પાઘડી પહેર્યા વિના ઉઘાડે માથે આમ દોડતા ક્યાં જઈ રહ્યા છો ? હું તમને આમંત્રણ દેવા તમારી સમીપે જ આવતો હતો.[૧૧] હે મિત્ર ! શ્રીહરિ સંતોની સાથે જુનાગઢ પ્રત્યે પધારે છે. તેની સાથે તમો પણ પોતાના પરિવારે સહિત મારા જુનાગઢ પુરમાં પધારો.[૧૨] આવી રીતે હેમંતસિંહ રાજાનું આમંત્રણનું વચન સાંભળી બુદ્ધિમાં ઉદ્ધવજીની સમાન ઉત્તમરાજા શ્રીહરિને રોકવા યુક્તિપૂર્વકનાં વચનોથી હેમંતસિંહ રાજાને કહેવા લાગ્યા.[૧૩] કે હે ભાઈ ! તમે તો બુદ્ધિમાન અને અતિશય સુજ્ઞ છો. તમારામાં ક્યા સમયે શું કરવું અને શું ન કરવું ? તેમાં વિવેક બુદ્ધિ રહેલી છે. અને તેથી જ સર્વ વિવેકીજનોમાં માન્ય છો. તમારી બુદ્ધિની વિચારસરણીનું અવલંબન કરી મનુષ્યો ધર્મમાં વર્તે છે.[૧૪] તેમ છતાં હે

आमन्त्रितस्त्वया स्वामी स्वपुरं नेतुमद्य यत् । अविचार्यैव तन्नूनं कृतमित्येव भाति मे ॥ १५
शीतकालोऽधुना प्राप्तो देहिनां त्वग्विदारणः । नीशारं प्रावृतस्यापि हिमं गेहेऽपि दुःसहम् ॥ १६
भूरिवाते पथि प्रातर्हरिणा दुःसहं न किम् । तथासत्युपहास्या ते भविता प्रेमभक्तता ॥ १७
अनाद्रियन्तः स्वाः कन्था अप्येते योगकोमलाः । सन्तो मार्गे भविष्यन्ति हेमन्ते हिमपीडिताः ॥ १८
अल्पाहाराश्च विधवा भक्तियोगमुपाश्रिताः । अनुपानत्पदा योषाश्चलिष्यन्ति कथं पथि ॥ १९
प्रातः शीताम्भसा स्नात्वा चलतो हिमवेपितान् । दृष्ट्वा हरिजनान्मार्गे त्वां शप्स्यन्त्यल्पका अपि ॥ २०
कर्मणानेन ते भ्रातः ! संज्ञाऽन्वर्थास्तु मा क्वचित् । उष्णकाले तु सम्प्राप्ते सुखेनातः प्रभुं नयेः ॥ २१
तावत्कालं त्वया बन्धो ! स्वदेशीयजनैः सह । स्थित्वा दुर्गपुरे कार्ये नित्यं श्रीहरिदर्शनम् ॥ २२

---

મિત્ર ! તમે શ્રીહરિને અત્યારના સમયે તમારા પુર પ્રત્યે લઈ જવા આમંત્રણ આપ્યું, તે વિચાર કર્યા વિના આપ્યું હોય તેમ જણાય છે.[૧૫] કારણ કે અત્યારે દેહધારી મનુષ્યોની ચામડીને પણ વિદારી મૂકે એવા શિયાળાનો સમય છે. જેમાં રુ ભરેલી ગરમ ડગલી પહેરીને બેઠેલા મનુષ્યોને ઘરમાં પણ ઠંડી સહન થઈ શકે તેમ નથી.[૧૬] તો પછી પ્રચંડ પવન ફુંકાતા માર્ગમાં ને તેમાં પણ પ્રાતઃકાળે શ્રીહરિથી ઠંડી સહન કરવી શક્ય બનશે ? તેમ છતાં પણ તમે લઈ જશો તો તમારી ભક્તિની ઈતર જનો દ્વારા મશ્કરી થશે.[૧૭]

હે મિત્ર ! તેમાં પણ અષ્ટાંગયોગનો અભ્યાસ કરવાથી અતિશય કોમળ અને કૃશ શરીરવાળા મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી આદિ સર્વે સંતો પોતાની ગોદડીનો ભાર ઉપાડવા અસમર્થ હોવાથી આદર કરતા નથી. તેથી તેઓ આવી હેમંતઋતુમાં માર્ગમાં ઠંડીથી કષ્ટ પામશે.[૧૮] વળી અલ્પાહાર કરતી અને ભક્તિયોગને આશરી શ્રીહરિના ધ્યાનપરાયણ રહેતી તેમજ પગમાં પગરખાં નહિ પહેરતી આ સર્વે વિધવા નારીઓ, હેમંતઋતુમાં પગની આંગળીઓને ફાડી નાખતા માર્ગમાં કેવી રીતે ચાલી શકશે ?[૧૯] પ્રાતઃકાળે ઠંડા જળમાં સ્નાન કરીને ચાલતા, ઠંડીથી ધ્રુજતા, સંતો તથા સત્સંગીજનોને જોઈને અલ્પબુદ્ધિવાળા ગામડીજનો પણ તમને શાપ આપશે કે, આવી ઠંડીઋતુમાં આ લોકોને પ્રવાસ કરાવનારો કોણ છે ? તેને ધિક્કાર છે. આવો તમારા પ્રત્યે આક્રોશ વ્યક્ત કરશે.[૨૦] આવા દુઃસહ્ય સમયે શ્રીહરિને જુનાગઢ લઈ જવારૂપ કર્મથી તમારૂં હેમંતસિંહ એવું નામ ક્યારેય પણ સાર્થક ન થાઓ, એવી હું પ્રાર્થના કરૂં છું. તમો ગ્રીષ્મઋતુમાં સુખેથી શ્રીહરિને લઈ જજો.[૨૧] હે ભાઈ ! ગ્રીષ્મઋતુ આવે ત્યાં સુધી તમે પણ

भोजनीया हि मुनयः पक्वान्नैस्तत्र च त्वया । सम्यक् च पूजनं तेषां कर्तव्यं हरिणा सह ॥ २३
को वा विशेषः स्वगृहं हरौ नीतेऽप्यतः परः । न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते ॥ २४
सौधेऽपि सा न चेत्तर्हि सोऽरण्यमिति कीर्तितः । सा तु यत्र भवेत्तत्र गृहस्थाश्रम ईरितः ॥ २५
भ्रातृजायास्मीदीयात्र वर्ततेऽतस्तया सह । हरिं सम्पूज्य बहुधा गार्हस्थ्यफलमाप्नुहि ॥ २६
न मित्रगेहं स्वगृहादन्यच्छास्त्रे च कथ्यते । अतो वसन्मम गृहे प्रभुं प्रीणय सादरम् ॥ २७
स्नेहादेतन्मया प्रोक्तमतः परमुदारधीः । हिताहिते विचार्य त्वं कर्तुमर्हसि यद्धितम् ॥ २८

**सुव्रत उवाच –**

इत्युत्तमवचः श्रुत्वा युक्तिवाक्यविशारदः । बुद्ध्या विदुरतुल्योऽसौ प्राह तद्भावविन्नृप ! ॥ २९

---

તમારા સંબંધી તથા દેશવાસી ભક્તજનોની સાથે ગઢપુરમાં નિવાસ કરીને રહો, અને શ્રીહરિનું દર્શન કરો.[૨૨]

હે ભાઈ ! અહીં ગઢપુરમાં જ તમો શ્રીહરિ તથા સંતોને પકવાન્નોથી ભોજન કરાવો અને શ્રીહરિનું સારી રીતે પૂજન પણ કરો.[૨૩] શ્રીહરિને પોતાના ઘરે લઈ ગયા પછી પણ તેઓને જમાડવા કે પૂજા કરવાથી વિશેષ બીજો અર્થ જણાતો નથી. અને ગારમાટીનું ઘર એ કાંઇ ઘર નથી. એમ સ્મૃતિકારોએ કહ્યું છે. પરંતુ ગૃહિણીની સાથે રહેવું એ જ ઘર છે.[૨૪] જો સાતમાળની હવેલીમાં પણ પત્ની સાથે ન હોય તો તે મહેલ પણ અરણ્ય સમાન કહેલો છે. અને પત્ની જ્યાં રહેતી હોય તે જ સ્થળને ગૃહસ્થાશ્રમીઓનું ઘર કહેલું છે.[૨૫] અમારાં ભાભી અહીં તમારી સાથે જ છે. તેથી મારાં ભાભીની સાથે તમે બહુ પ્રકારના ઉપચારોથી ભગવાન શ્રીહરિનું પૂજન કરી અહીં ગઢપુરમાં જ ગૃહસ્થાશ્રમીના કર્તવ્યને સફળ કરો.[૨૬] હે ભાઈ ! મિત્રનું ઘર પોતાના ઘરથી જુદું નથી. એમ શાસ્ત્રમાં કહ્યું છે. તેથી ગઢપુરમાં મારા ભવનમાં રહીને તમે શ્રીહરિને આદરપૂર્વક પ્રસન્ન કરો.[૨૭] મેં આ બધું તમને તમારી ઉપરના સ્નેહને કારણે કહ્યું છે. બાકી તમે ઉદારબુદ્ધિવાળા છો, તેથી હવે તમારૂં હિત કે અહિત શેમાં છે ? તેનો વિચાર કરીને જેમાં હિત હોય તેમ કરવા તમે સ્વતંત્ર છો.[૨૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજાનાં યુક્તિપૂર્વકનાં વચનો સાંભળીને વચનોનો પ્રયોગ જાણવામાં પ્રવીણ અને નીતિયુક્ત બુદ્ધિમાં વિદૂરજીની સમાન, તેથી જ ઉત્તમરાજાના વચનોના ભાવને જાણતા હેમંતસિંહ

हेमन्तसिंह उवाच –

सम्यगेवोच्यते भ्रातस्त्वया स्वार्थं सुरक्षता । कनीयसोऽपि बुद्धिस्ते वृद्धधीभ्योऽतिरिच्यते ॥ ३०
परोपकारशीलानां सतां नित्यं समागमम् । कुर्वन्नपि भवानेतां स्वार्थबुद्धिं कुतोऽध्यगात् ॥ ३१
शीतेन हेतुना भद्र ! जीर्णदुर्गागमः प्रभोः । निषिध्यते युक्तिविदा त्वया तत्रोत्तरं ब्रुवे ॥ ३२
निवाताल्पगृहाभेऽहं नरयाने हरिं सखे ! उपवेश्यैव नेष्याभि शीतबाधा क्व तद्भवेत् ॥ ३३
तपस्विन्योऽखिला योषा रथेषु शकटेषु ताः । गर्भागारेष्विवाऽऽस्थाप्य नेष्यामि सुखमध्वनि ॥ ३४
यामार्ध आद्येऽतिक्रान्ते सन्तः सर्वे च वर्त्मनि । चलिष्यन्ति सुखेनैव नास्त्यातपभयं यतः ॥ ३५
धर्मकालस्तु पान्थानां प्राणहा विषवायुना । किं विचार्य त्वया श्रेष्ठः प्रोच्यते शीतकालतः ॥ ३६
गृहस्थधर्मसाफल्यं यत्त्वयोक्तं च युक्तिभिः । तत्तथैव त्वया कार्यं जीर्णं दुर्गमुपेत्य वै ॥ ३७
अब्दा व्यतीता बहवो हरिं प्रार्थयतो मम । तदेदानीं स मामाह ह्यायाता त्वत्पुरं त्विति ॥ ३८

---

રાજા ઉત્તમરાજા પ્રત્યે કહેવા લાગ્યા.[२९] હે ભાઈ ! કેવળ પોતાના સ્વાર્થનું રક્ષણ કરવા તમે બહુ સુંદર બોલી રહ્યા છો. નાના છો છતાં પણ તમારી બુદ્ધિ વૃદ્ધપુરુષોની બુદ્ધિને પણ ઉલ્લંઘી જાય તેવી અધિક જણાય છે.[३०] જે સ્વભાવથી જ સદાય પરોપકારી છે એવા સંતોના નિરંતર સમાગમમાં રહેલા હોવા છતાં પણ તમે સ્વાર્થી બુદ્ધિનો અભ્યાસ ક્યાંથી શીખ્યા ?[३१] હે કલ્યાણકારી મિત્ર ! યુક્તિપૂર્વક બોલવાનું જાણતા તમો ઠંડીને કારણે શ્રીહરિને જુનાગઢ લઈ જવાનો નિષેધ કરી રહ્યા છો તેનો ઉત્તર હું તમોને આપું છું.[३२]

હે મિત્ર ! હું પવન ન લાગે તેવી નાના ઘર જેવી શિબિકામાં શ્રીહરિને બેસાડીને લઈ જઈશ. આમ કરવાથી ઠંડીનું કષ્ટ કેવી રીતે થશે ?[३३] તેમજ તપસ્વિની સર્વે નારીઓને પણ વસ્ત્રના ઘર જેવા રથ કે ગાડાંમાં બેસાડીને માર્ગમાં જેમ સુખ થાય તેમ લઈ જઈશ.[३४] અને સર્વે સંતો તથા હરિભક્તો દિવસનો પ્રથમ પહોર વીતી જશે પછીથી જ માર્ગમાં સુખેથી ચાલશે, જેથી ઉનાળાની જેમ તડકાનો પણ ભય રહેશે નહિ.[३५] ઝેરી પવનથી મુસાફરના પ્રાણને હરી લેતા ગરમીના સમયને તમે શીતકાળથી શ્રેષ્ઠ કહો છો, તે શું વિચારીને કહો છો ?[३६] બીજું તમે યુક્તિપૂર્વક ગૃહસ્થધર્મની સફળતા કહી તે તમારે મારી સાથે જુનાગઢ આવીને તમારા કહેવા પ્રમાણે કરવાની રહેશે.[३७] હે મિત્ર ! શ્રીહરિની પ્રાર્થના કરતાં કરતાં જ્યારે મને ઘણાં વર્ષો પસાર થયાં ત્યારે, અત્યારે જ 'હું તમારા નગર પ્રત્યે આવું છું.' એમ

फलोन्मुखस्य मेऽद्यैव मनोरथमहातरोः । उन्मूलके त्वयीदानीमपूर्वे स्नेहलक्षणम् ॥ ३९
तत्रायाते भगवति जनास्तं कोटिराः पथि । संवीक्ष्य नरदेहस्य सद्यः प्राप्स्यन्ति वै फलम् ॥ ४०
वीक्षामात्रेण पापाघ्नान्सतश्चापि सहस्रशः । वीक्ष्यानेके ग्राम्यजना अपि मोक्ष्यन्ति संसृतेः ॥ ४१
ईदृक्पुण्योत्पत्तिकालेऽऽप्युत्कृष्टज्ञानवान्भवान् । तन्निषेधेन लोकेषु माभूदन्वर्थसंज्ञकः ॥ ४२
उपभोग्यं समं ह्यत्र भ्रातृभिः पैतृकं सुखम् । एक एव चिरं तत्त्वं जुषमाणो ब्रवीषि किम् ? ॥ ४३
स्वयमेव विभज्यैके भुञ्जते सुज्ञबन्धवः । पित्राऽन्यस्मै दीयमानं त्वं निषेधन्न लज्जसे ॥ ४४
भगवन्तं गृहीत्वैव विनापि प्रेरणं मम । त्वया मत्पुरमागम्यमेतत्सौहार्दलक्षलम् ॥ ४५
कराविव शरीरस्य नेत्रयोरिव पक्ष्मणी । अप्रेरितं हितं कुर्यात्तद्धि मित्रं प्रचक्षते ॥ ४६
नित्यं षण्ढत्वमेवास्तु त्वयि मित्रपदस्य भोः । पुंस्त्वं तु कर्हिचिन्मास्तु साहाय्यं कुरु मे सखे ! ॥ ४७

---

શ્રીહરિએ મને કહ્યું.[૩૮] તેથી અત્યારે મારા મનોરથનું ફળ પ્રાપ્ત થઈ રહ્યું છે, તેને ઉખેડતાં જ તમારે વિષે મિત્રના સ્નેહનું લક્ષણ અપૂર્વ ઉત્પન્ન થયું હોય તેમ મને જણાય છે.[૩૯] હે મિત્ર ! શ્રીહરિ જુનાગઢ પધારશે ત્યારે માર્ગમાં કરોડો મનુષ્યો ભગવાન શ્રીહરિનાં દર્શન કરી પોતાના મનુષ્ય જન્મનું તત્કાળ ફળ પ્રાપ્ત કરશે. અને પાપનું નિવારણ કરી દેતા હજારો સંતોનાં દર્શન કરી સંસારના બંધનમાંથી મુક્ત થશે.[૪૦-૪૧]

હે મિત્ર ! આવા પુણ્યોદયના સમયે અતિશય ઉત્તમ જ્ઞાનવાળા હોવા છતાં પણ તમે શ્રીહરિના જુનાગઢના આગમનનો નિષેધ કરીને લોકોમાં અતિશય તમરૂપી જેને અજ્ઞાન છે, એવા ઉત્તમ નામને સાર્થક ન કરો.[૪૨] આ લોકમાં ભાઈઓની સાથે પિતૃસંબંધી સુખ સમાનપણે ભોગવવું જોઈએ. તે સુખ તમે એકલા જ બહુકાળથી ભોગવી રહ્યા છો. તેથી તમને અત્યારે વધુ બોલવું યોગ્ય નથી.[૪૩] જે વિવેકી ભાઈઓ હોય તે સ્વતંત્રપણે જ પિતાની સંપત્તિનો વિભાગ કરીને તેનો ઉપભોગ કરે છે. અને તમે તો પિતા એવા શ્રીહરિએ અન્ય ભાઈ એવા મને આપેલાં સુખનો નિષેધ કરીને શરમાતા નથી ?[૪૪] તમારે મારી પ્રેરણા વિના પણ ભગવાન શ્રીહરિને લઈને મારા નગરમાં આવવું જોઈએ. આ જ મિત્રનું સાચું લક્ષણ છે.[૪૫] શરીરનું જેમ હાથ રક્ષણ કરે, નેત્રનું જેમ પાંપણ રક્ષણ કરે, તેમ પોતાના મિત્રની પ્રેરણા વિના જ તેમનું હિત કરે, એને જ મિત્ર કહેવાય છે.[૪૬] હે મિત્ર ! તમારે વિષે મિત્ર શબ્દનો અર્થ નિરંતર નપુંસક લિંગના અર્થમાં જ પ્રવૃત્તિ પામો, પરંતુ પુલિંગમાં

सुव्रत उवाच -

इत्युक्तस्तेन स हसन्नुवाचोत्तमभूपतिः । यादृशीच्छा भगवतो भविष्यति तथाऽखिलम् ॥ ४८
इत्युक्त्वा स हरेः पार्श्वे जगाम नृपतिः स च । स्वावासं समुपेत्येत्थं विचारमकरोद्धृदि ॥ ४९
श्रेयांसि बहुविधानीत्येषा वाग्विदुषामृता । यतितव्यं यथाबुद्धि तत्फलं दास्यति प्रभुः ॥ ५०
विचार्येति नृपो राजन्कृष्णं विघ्नेशरूपिणम् । स्वकार्यविघ्नशान्त्यर्थं प्रार्थयामास सादरम् ॥ ५१
आगामिन्यां चतुर्थ्यां त्वां गणेश ! गुडलड्डुकैः । यक्ष्ये च दुर्वासिन्दूरैर्मत्कार्ये विघ्नहृद्भव ॥ ५२
इति सम्प्रार्थ्य विघ्नेशं स्वदेशीयाञ्जनांस्तथा । स्वजनान् स्वपुरं सर्वान्प्रैषयन्नत्वगात्स्वयम् ॥ ५३

---

વપરાતા મિત્ર શબ્દની પ્રવૃત્તિ ન થાઓ. કારણ કે, નપુંસક લિંગમાં વપરાતો મિત્ર શબ્દનો અર્થ સુહૃદ વાચક છે અને પુલિંગમાં સૂર્ય વાચક છે. અર્થાત્ તમે સુહૃદની જેમ વર્તી સુખ આપો અને મારા સહાયક થાઓ પણ સૂર્યની જેમ વર્તી તાપયુક્ત ન થાઓ.[૪૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હેમંતસિંહ રાજાએ કહ્યું તેથી ઉત્તમ રાજા મંદમંદ હાસ્ય કરતા કહેવા લાગ્યા કે, હે મિત્ર ! શ્રીહરિની જેવી ઈચ્છા હશે તે પ્રમાણે થશે.[૪૮] હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ઉત્તમરાજા હેમંતસિંહ રાજાને કહીને શ્રીહરિની સમીપે પધાર્યા. હેમંતસિંહ રાજા પોતાના નિવાસ સ્થાને આવી વિચાર કરવા લાગ્યા કે, 'કલ્યાણના માર્ગમાં અનેક અંતરાયો રહેલા હોય છે.' આવા પ્રકારની વિદ્વાનોની વાણી સત્ય છે. છતાં પણ જ્યાં સુધી બુદ્ધિનું બળ પહોંચે ત્યાં સુધી પ્રયત્નો કરવા જોઈએ. તેનું ફળ ભગવાન શ્રીહરિ આપશે.[૪૯-૫૦] આ પ્રમાણે વિચારીને હેમંતસિંહ રાજા પોતાનાં કાર્યમાં વિઘ્નરૂપ અંતરાયને શાંત કરવા માટે ગણપતિસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની આદર પૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ગણેશ ! તમને આગામી કાર્તિક વદ ચોથને દિવસે ગોળના લાડુનું નૈવેદ્ય ધરાવીને તમારૂં દૂર્વા, સિંદૂર આદિકથી પૂજન કરીશ. તમે મારા કાર્યમાં વિઘ્નનું નિવારણ કરો.[૫૧-૫૨]

હે રાજન્ ! આ પ્રમાણે ગણપતિજીની પ્રાર્થના કરી પોતાના સોરઠ દેશવાસી સર્વે ભક્તજનોને તથા સંબંધીજનોને જુનાગઢ પ્રત્યે પાછા મોકલી દીધા. પરંતુ સ્વયં હેમંતસિંહ રાજા શ્રીહરિની આજ્ઞા લઈને ત્યાંજ રોકાઈ રહ્યા.[૫૩] હે રાજન્ ! પછી પોતાની આગળ પ્રતિજ્ઞા કરાયેલા શ્રીહરિના વચનમાં નિષ્ઠા રાખીને તથા શ્રીહરિની ભક્તવત્સલતાને જાણતા હેમંતસિંહરાજા પોતાના મિત્ર ઉત્તમરાજા

ततो नृपोऽसौ नृप ! सत्यवाक्यतां हरेर्विदंस्तस्य च भक्तवश्यताम् ।
तदन्तिकाशुद्रुतमित्रशङ्कितः पुनश्च तत्पार्श्वमुपेत्य तस्थौ ॥ ५४

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थ प्रकरणे कार्यानिग्रामे भगवद्याने हेमन्तसिंहोत्तमयोः परस्परोक्तियुक्तिनिरूपणनामा षोडशोऽध्यायः ॥ १६ ॥*

---

सप्तदशोऽध्यायः - १७

सुव्रत उवाच –

अथ यानाय पेटासु पुस्तिका दृढबन्धनाः । शुकर्षिणा धापयन्तं हरिं प्रापोत्तमो नृपः ॥ १
तथ्यमेव प्रयाणस्य विदित्वा निश्चयं प्रभोः । शनकैः प्रहसन्नूचे भक्त एकान्तिकः स तम् ॥ २

---

શ્રીહરિની સમીપે ગયા છે તેથી જુનાગઢ આગમનનો નિષેધ તો નહિ કરે ને ? આવા પ્રકારની શંકા રાખીને ફરી શ્રીહરિની સમીપે આવી ઊભા રહ્યા.[૫૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં કારીયાણીથી શ્રીહરિને જુનાગઢ લઇ જતા હેમંતસિંહરાજા તથા ઉત્તમરાજાના પરસ્પર યુક્તિ યુક્ત વચનોનું નિરૂપણ કર્યું એ નામે સોળમો અધ્યાય પૂર્ણ થયો. --૧૬--**

---

## અધ્યાય - ૧૭

## સુરાભક્તને આનંદ ઉપજાવતું લોયા-નાગડકામાં ભગવાન શ્રીહરિનું આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! કારીયાણીથી પોતાના પ્રયાણને કારણે પુસ્તકોનાં બાંધણાં બંધાવી શુકાનંદ સ્વામી પાસે પેટીમાં મૂકાવી રહેલા શ્રીહરિની પાસે ઉત્તમરાજા આવી ઊભા રહ્યા.[૧] શ્રીહરિનું જુનાગઢ પ્રત્યે જવું નક્કી છે એમ જાણી એકાંતિક ભક્ત એવા ઉત્તમરાજા હસતાં હસતાં ધીરેથી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે અહીંથી પ્રયાણ કરી રહ્યા છો તેવા સમાચાર સાંભળી જયાબા આદિક સ્ત્રીઓ માર્ગમાં તમને ઠંડી લાગશે, એવું વિચારી હૃદયમાં ખૂબજ ખેદ અનુભવે છે.[૨-૩]

**उत्तम उवाच –**

प्रयाणनिश्चयं स्वामिंस्तव श्रुत्वा जयादयः । योषितो हृदि खिद्यन्ते शीतग्लानेस्तवाध्वनि ॥ ३

**श्री नारायणमुनिरुवाच –**

हिमाचलोपत्यकैव जन्मभूमिर्ममास्त्यतः । अस्ति शीतसहिष्णुत्वं देहे स्वाभाविको गुणः ॥ ४

अतश्चिन्तां न कार्येति ब्रूहि तास्त्वं नराधिप ! । इत्युक्तः सोऽभवत्तूर्ष्णी तत्स्वान्त्र्यं विदन्नृपः ॥ ५

निश्चिकाय ततो राजा भगिनीभ्यां सहैव तम् । स्वपुरं पुनरानेतुं गम्यं तेन सहेति सः ॥ ६

अथ द्विजेन्द्रैः कृतमङ्गलाशीर्हर्यी समारुह्य च तज्जिनाख्याम् ।
साकं मुनीन्द्रैर्निजपार्षदैश्च वृतः प्रयाति स्म स नागटङ्कम् ॥ ७

तमन्वयुर्वास्तुनृपप्रधानाः सत्कुन्तहस्ता बहवोऽश्ववाराः ।
हेमन्तसिंहो नृप उत्तमश्च योषा जयाद्याः स्वरथाधिरूढाः ॥ ८

निधाय पेटा भृतपुस्तकाश्च स्वनस्सु सर्वाग्रचरं समं तैः ।
शुकं मुनिं सोऽथ हरिर्व्यतीत्य सहाश्ववारैः प्रचचाल शीघ्रम् ॥ ९

---

આ પ્રમાણે ઉત્તમ રાજાનું વચન સાંભળી શ્રીનારાયણમુનિ કહેવા લાગ્યા કે, હે ઉત્તમનૃપતિ ! મારી જન્મભૂમિ હિમાલયની તળેટીમાં આવેલી છે. તેથી ઠંડી સહન કરવાનો મારા દેહમાં સ્વાભાવિક ગુણ રહ્યો છે.[૪] એથી મારી ઠંડીની તેઓ ચિંતા ન કરે, આ પ્રમાણે તમો સ્ત્રી ભક્તજનોને કહો. હે રાજન્ ! આવા પ્રકારનાં શ્રીહરિનાં વચનો સાંભળી ઉત્તમરાજા શ્રીહરિની સ્વતંત્રતાને જાણતા હોવાથી આગળ કાંઈ પણ બોલ્યા વિના મૌન રહ્યા.[૫] ત્યારપછી ઉત્તમરાજા પોતાની જયા અને લલિતા બન્ને બહેનોની સાથે શ્રીહરિને પોતાના ગઢપુર નગર પ્રત્યે ફરી લઈ આવવા માટે તેમની સાથે જ આપણે પણ જવું, આવો નિર્ણય કર્યો.[૬] પછી બ્રાહ્મણોત્તમ મયારામ ભટ્ટ આદિ વિપ્રોએ મંગલ આશીર્વચનો ઉચ્ચાર્યાં ને ભગવાન શ્રીહરિ તે સમયે તાજણ ઘોડી ઉપર સવાર થઈ પોતાના પાર્ષદોથી વીંટળાઈ સર્વે સંતોની સાથે નાગડકાપુર જવા નીકળ્યા.[૭] ત્યારે મોટાભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી પણ પોતપોતાની ઘોડી ઉપર સવાર થઈ સાથે ચાલી નીકળ્યા. તેમની સાથે હેમંતસિંહરાજા, ઉત્તમરાજા, વસ્તાખાચર આદિ અનેક સવારો હાથમાં ચળકતાં ભાલાઓ ધારણ કરી શ્રીહરિની પાછળ અનુસરવા લાગ્યા. જયાબા, લલિતાબા આદિ સ્ત્રી ભક્તજનો પણ પોતપોતાના રથોમાં બેસી શ્રીહરિની પાછળ ચાલવા લાગી.[૮]

पृष्ठे विधायाखिलसादिवृन्दं मनोजवाया: स्वहयीवराया: ।
पुरश्चलन्त्या अपि सोऽग्रयानान् दृष्ट्वा मुनीन्द्रानहसत्सचित्रम् ॥ १०
यूथानि भूयांसि महामुनीनां हरे: पुरस्तादथ पृष्ठतश्च ।
तदा व्यदृश्यन्त च पार्श्वयुग्मे तस्मिंस्तु दीर्घेऽध्वनि सर्वतश्च ॥ ११
स सङ्गवान्ते भगवानवाप ग्रामं तु सूरस्य च लौहसंज्ञम् ।
सूरोऽपि यत्रैत्य हरे: प्रतीक्षां करोति पाकं स विधाप्य विप्रै: ॥ १२
श्रुत्वागतं तं स उपेत्य नेमुर्ग्राम्याश्च पौराश्च जना: सहर्षम् ।
ग्राम्या: प्रभुं ग्राममुदारभावा वादित्रघोषै: स ततश्च निन्यु: ॥ १३
तत्र मुख्य: सिंहसंज्ञ: पट्टलोऽन्ये च ये विश: । ते सर्वे सह सूरेण समुनिं तं सिषेविरे ॥ १४
दिनानि कतिचित्तत्र ग्राम्यानानन्दयन्प्रभु: । तैरर्च्यमानो न्यवसद्वस्त्रालङ्कारभोजनै: ॥ १५

---

શ્રીહરિ પુસ્તક ભરેલી પેટીઓ ગાડાંમાં મૂકાવી, વેલી તે ગાડાંની સાથે સર્વથી આગળ ચાલી રહેલા શુકાનંદ મુનિને ઓળંગી અન્ય સવારોની સાથે શીઘ્રગતિએ ચાલવા લાગ્યા.[૯] સમગ્ર ઘોડેસ્વારોના સમુદાયને પાછળ રાખી અતિશય તીવ્રવેગથી સર્વથી આગળ મનની સમાન વેગવંતા ઘોડાની ચાલ કરતાં અધિક વેગથી ચાલતા નિષ્કુળાનંદ સ્વામી આદિ સંતોને જોઇને શ્રીહરિ અતિશય આશ્ચર્ય પામી મંદમંદ હસવા લાગ્યા.[૧૦] તે સમયે અતિશય લાંબા માર્ગમાં શ્રીહરિની આગળના ભાગમાં અને પાછળના ભાગમાં તથા બન્ને પડખાની બાજુએ પણ સર્વ દિશાઓમાંથી જઇ રહેલા ઘણા બધા મહામુનિઓનાં મંડળોને સર્વે મનુષ્યોએ નિહાળ્યાં.[૧૧] આમ કરતાં શ્રીહરિ દ્વિતીયાનો ક્ષય હોવાથી સંવત ૧૮૭૭ના કાર્તિક વદ ત્રીજને દિવસે સંગવકાળ પૂરો થતાં મધ્યાહ્નકાળના પ્રારંભ સમયે જ સુરાભક્તના લોયા ગામે પધાર્યા. ત્યાં સુરાભક્ત પણ કારીયાણીથી આવી પહોંચ્યા હતા. અને બ્રાહ્મણો પાસે રસોઇ કરાવી ભગવાન શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા.[૧૨] લોયાના સુરાભક્ત તથા ગામવાસી જનો તથા શ્રીહરિનાં દર્શન માટે પધારેલા નાગડકાના ભક્તો પણ અતિશય હર્ષપૂર્વક શ્રીહરિની સામે જઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી નમસ્કાર કરવા લાગ્યા. સુરાભક્ત તથા સર્વે ગામવાસી જનો શ્રીહરિને વાજિંત્રોના મધુર ધ્વનિ કરતા કરતા લોયાપુરમાં પધરાવ્યા.[૧૩] ત્યાં મુખીયા સિંહજીભાઇ પટેલ તથા અન્ય વૈશ્ય ભક્તજનો પણ સુરાભક્તની સાથે રહી સંતોએ સહિત શ્રીહરિની ખૂબજ સેવા કરવા લાગ્યા.[૧૪]

सभायां प्रत्यहं तत्र धर्मान्वर्णाश्रमोचितान् । जनेभ्यः कथयामास भक्तिज्ञानोपबृंहितान् ॥ १६
सूरसिंहादिभिर्भक्तैरनर्घ्याण्यंशुकानि च । स्वस्मै दत्तानि स ददौ भ्रातृभ्यां तत्र संसदि ॥ १७
ग्रामे तस्मिन्वाटिकाभ्यो वृन्ताकादीनि भूरिशः । ग्रामीणा आहरन्ति स्म तस्मै शाकानि चान्वहम् ॥ १८
तेषां संस्कारचातुर्ये पाचकेभ्यः प्रदर्शयन् । संस्कृत्य भूरिणाज्येन पपाचापि स्वयं प्रभुः ॥ १९

सन्धुक्ष्योद्धानकेऽग्निं तदुपरि पृथुलं सत्कटाहं निधाय,
क्षिप्त्वाज्यं भूरि तस्मिन्नतिकडकडिते चारुवृन्ताकशाकम् ।
क्षिप्त्वा छुंकारकारी करकमललसद्धस्तको वीक्षमाणः,
पीतापीतांशुकः स्वान्प्रहसितवदनान्सोऽद्युतत्स्मेरवक्त्र : ॥ २०

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પણ તે લોયા ગામના ભક્તજનોને ખૂબજ આનંદ આપવા લાગ્યા અને ભક્તજનો પણ વસ્ત્ર અલંકારો તથા ભોજન જમાડી સંતોએ સહિત શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. આમ કરતાં તે લોયા ગામમાં શ્રીહરિ કેટલાક દિવસો સુધી નિવાસ કરીને રહ્યા. કાર્તિકવદ પડવાની પ્રાતઃકાળની સભામાં કારીયાણી ગામે સુરાભક્તે અને હેમંતસિંહ રાજાએ પોતપોતાના પુરમાં પધારવાની ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી. તે સમયે બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી સાથે એકાંતમાં મંત્રણા કર્યા પછી સુરા ભક્તને લોયા ગામે જવાનો શ્રીહરિએ આદેશ કરેલો અને સાંજ સુધીમાં સર્વેએ જવાની તૈયારી કરી રાખેલી, કાર્તિકવદ તૃતીયાની તિથિએ નાગડકા જવા શ્રીહરિએ પ્રયાણ કર્યું, માર્ગમાં સુરાભક્તનું લોયા ગામ આવ્યું, અને સુરાભક્તે પણ સંતો-ભક્તોએ સહિત શ્રીહરિને લોયામાં જ નિવાસ કરાવ્યો. આ રીતે કાર્તિક વદ તૃતીયાથી આરંભીને પોષસુદ તૃતીયા સુધી લોયામાં નિવાસ કરીને રહ્યા.[૧૫]

**લોયામાં શાકોત્સવલીલા :–** હે રાજન્ ! લોયા ગામની દરરોજની સભામાં શ્રીહરિ પોતાના ભક્તજનોની આગળ ભક્તિ અને જ્ઞાને સહિત વર્ણાશ્રમને ઉચિત ધર્મોનું પ્રતિપાદન કરતા.[૧૬] સુરાભક્તે તથા સંઘા પટેલ આદિ સર્વ હરિભક્તોએ પૂજામાં પોતાને અર્પણ કરેલાં અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારો શ્રીહરિએ સભામાં બેઠેલા પોતાના બન્ને ભાઈઓને અર્પણ કરી દીધાં.[૧૭] તે લોયાના ભક્તજનો ગામની વાડીમાંથી વૃંતાક આદિક અનેક શાકો પ્રતિદિન શ્રીહરિ માટે લાવતા અને સ્વયં શ્રીહરિ પણ તે શાકોને વઘારવાની ચતુરાઈ અન્ય રસોયાઓને દેખાડી ઘીનો વઘાર કરી શાક બનાવતા.[૧૮-૧૯] ચૂલા પ્રકટાવી તેના પર મોટાં કડાયાં મૂકતા.

शाकं संस्कृत्य भक्तान् क्रमरचितमहापङ्क्तिभिश्चोपवेश्य,
प्रीत्या पात्रेषु तेषां चपलतरमसौ सन्ददच्चारुदर्व्या ।
पृच्छंस्तत्स्वादमार्यानतिसुरसतया चास्नतो भूरि भक्तान्,
शृण्वंस्तस्य प्रशंसां प्रभुरतिमुमुदे सञ्चरन्पङ्क्तिमध्ये ॥ २१
इत्थं नृनाट्यचरितैर्भक्तानानन्दयन्प्रभुः । नागटङ्कं ततः प्रायात्पुरं परिवृतो निजैः ॥ २२
स्वावासं तत्र सूरस्य गृहे चक्रे स चापरान् । पुर्यामावासयामास भक्तान्सर्वान् यथोचितम् ॥ २३
सभार्यः ससुतः सूरस्तस्य तेषां यथोचितम् । आतिथ्यमकरोद्भक्त्या श्रद्धया चाप्युदारधीः ॥ २४

---

તેમાં ખૂબ ઘી નાખી વઘારનો છમકારો બોલાવતા. તે સમયે શોભી રહેલા હળદીવાળા હાથ ધોતીમાં લૂછવાથી શ્રીહરિનાં વસ્ત્રો પણ હળદીવાળાં પીળાં થઈ જતાં, ત્યારે આવી મનોહર મૂર્તિનાં દર્શન કરી ભક્તજનો ખૂબજ હસતા. આ રીતે દર્શન કરનાર ભક્તોને હસાવતા અને સ્વયં હાસ્ય કરતા શ્રીહરિ ચંદ્રમા સમાન મુખથી અતિશય શોભતા હતા.[૨૦]

શ્રીહરિ વૃંતાકના શાકને વઘાર દઈ પકાવી ક્રમ પ્રમાણે સંતો અને ભક્તોની મહાપંક્તિઓની રચના કરાવી. પછી સંતો અને ભક્તોના ભોજનપાત્રોમાં પ્રસન્નતાપૂર્વક મોટો કડછો ભરી ઉતાવળે પીરસતા હતા. અતિશય સ્વાદિષ્ટ બનેલા શાકનું બહુ ભોજન કરતા બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો-ભક્તોને શાકના સ્વાદ વિષે શ્રીહરિ પ્રશ્નો કરતા. ત્યારે તેઓ શાકની પ્રશંસા કરતા કહેતા કે, હે ભગવાન ! રસમયમૂર્તિ અને રસનું પોષણ કરનારા આપના દ્વારા રસપૂર્વક રંધાયેલા અને પીરસતા અને અમારા ઉપર અનુગ્રહ કરી મહાપ્રસાદરૂપે અપાયેલા શાકના સ્વાદનાં શું વખાણ કરીએ ? હે રાજન્ ! આવા પ્રકારની શાકના સ્વાદની પ્રશંસા સાંભળતા પંક્તિમાં ફરતા શ્રીહરિ અતિશય આનંદ પામતા હતા.[૨૧] આ પ્રમાણે મનુષ્યનાટ્ય દ્વારા શાકોત્સવની લીલા કરી ભક્તજનોને ખૂબજ આનંદ પમાડતા શ્રીહરિ લોયા ગામથી સંતો-ભક્તોની સાથે નાગડકાપુર પધાર્યા.[૨૨] ત્યાં સુરાભક્તના ઘેર શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો. અને અન્ય સર્વે સંતો ભક્તોને પણ યથા યોગ્ય ઉતારા કરાવ્યા.[૨૩]

હે રાજન્ ! પત્ની શાંતાબા અને પુત્ર નાથાખાચરની સાથે ઉદારબુદ્ધિવાળા સુરાભક્તે ત્યાં પણ અતિશય પ્રેમ અને આદરની સાથે શ્રીહરિ અને સાથે પધારેલા સંતો-ભક્તોનો યથાયોગ્ય સત્કાર કર્યો.[૨૪] પછી સુરાભક્તે પોતાની શક્તિ પ્રમાણે

पूजां चकार महतीं भक्त्या राजा निजप्रभोः । वस्त्रैराभरणैः शक्त्या रूप्यमुद्रार्पणेन च ॥ २५
चन्दनैः पुष्पहारैश्च सद्वस्त्रैः श्रद्धयान्वितः । स पुपूज सतः सर्वान्भोज्यैर्नानाविधैरपि ॥ २६
तेनातिमानितो भक्त्या भगवान् दिनपञ्चकम् । उवासानन्दयन्भक्तान्स्थापयन्धर्ममेव सः ॥ २७
चतुर्थे दिवसे तत्र सभायामास्थितः प्रभुः । उवाच भक्तान् सकलान् गृहिणस्त्यागिनस्तथा ॥ २८

**श्रीनारायणमुनिरुवाच –**

भक्ताः ! शृणुत सर्वेऽपि श्वो भवत्युत्तरायणम् । स्नानं दानं यथाशक्ति कर्तव्यं तत्र सर्वथा ॥ २९
चत्वारिंशत्तु घटिका मकरेऽर्कस्य संक्रमात् । उत्तरः पुण्यकालोऽत्रे ज्ञेयः स्नानादिकर्मसु ॥ ३०
माघस्नानस्य चारम्भः पौष्यामत्राखिलैर्जनैः । कर्तव्यस्तत्र मुख्यं तु तिलदानं प्रकीर्तितम् ॥ ३१
चान्द्रायणव्रतं चात्र माघमासे विशेषतः । कर्तव्यमुदितं भक्ताः ! सर्वपातकशोधनम् ॥ ३२

---

**વસ્ત્રો, આભૂષણો તથા રૂપાની મુદ્રાઓ અર્પણ કરીને ભગવાન શ્રીહરિની ભક્તિભાવ પૂર્વક મોટી પૂજા કરી.[૨૫] તે સમયે શ્રદ્ધાએ યુક્ત થઈ ચંદન, પુષ્પના હારો, વસ્ત્રો, તથા અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનો જમાડી સર્વે સંતોની પણ મોટી પૂજા કરી.[૨૬] સુરાભક્ત દ્વારા પૂજાએલા શ્રીહરિ ભક્તજનોને આનંદ પમાડી ધર્મ મર્યાદામાં રખાવી, પાંચ દિવસ સુધી નાગડકામાં નિવાસ કરીને રહ્યા. ચોથનો ક્ષય હોવાથી પોષ સુદ પંચમીથી આરંભી નવમી પર્યંત ત્યાં રોકાયા તે પાંચ દિવસ દરમ્યાન ચોથા દિવસે પોષસુદ અષ્ટમીની તિથિએ સભામાં બેઠેલા ભગવાન શ્રીહરિ ગૃહસ્થ ભક્તજનો તથા સમગ્ર ત્યાગી સંતોને કહેવા લાગ્યા.[૨૭-૨૮]**

**શ્રીનારાયણમુનિ કહે છે, હે સંતો તથા ભક્તજનો ! તમે સર્વે સાંભળો, આવતી કાલે ઉત્તરાયણનો દિવસ છે. તેમાં યથાશક્તિ સ્નાન, દાન સર્વપ્રકારે કરવું જોઈએ.[૨૯] મકરરાશિમાં જ્યારથી સૂર્યનું સંક્રમણ થાય ત્યારથી નવ કલાક પર્યંત ઉતરાયણનો સમય સ્નાન, દાન આદિ કર્મ કરવામાં પુણ્યકાળ જાણવો.[૩૦] તેમજ પોષ મહિનાની પૂર્ણિમાના દિવસથી સમગ્ર મનુષ્યોએ માઘસ્નાનનો પ્રારંભ કરવો. માઘસ્નાનમાં તલનું દાન મુખ્ય કહેલું છે.[૩૧] હે ભક્તજનો ! પોષમાસની પૂર્ણિમાથી આરંભી આગામી મહામાસની પૂર્ણિમા પર્યંતના માઘમાસમાં સર્વ પ્રકારના પાપનો નાશ કરનારા ચાંદ્રાયણનું વ્રત સર્વેને માટે અવશ્ય વિશેષપણે અનુષ્ઠાન કરવાનું કહેલું છે. મહિના બે પ્રકારના કહેલા છે. એક પૂર્ણિમાના અંતવાળા બીજા અમાસના અંતવાળા; તેમાં માઘ સ્નાન માટે પૂર્ણિમાના અંતવાળો જ મહિનો સ્વીકારવો. એવું સર્વે ગ્રંથકારોનું માનવું છે.[૩૨] આ ચાંદ્રાયણ વ્રત છે. તે**

कृच्छ्रव्रतेषु सकलेष्वपि पुम्भिरेतत् स्त्रीभिस्तथा सुकरमस्ति बृहत्फलं च ।
प्रोक्तं ततो निजशरीरिविशुद्धिहेतोः कार्यं तपः प्रियरमापतितुष्टये वा ॥ ३३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे भगवतो लौहग्रामनाटगङ्कपुरागमननिरूपणनामा सप्तदशोऽध्यायः ॥ १७ ॥*

---

अष्टादशोऽध्यायः - १८

सुव्रत उवाच –

इति नारायणमुनेः स्वामिनो वचनं नृप ! । श्रुत्वा शुकानन्दमुनिस्तं नत्वा प्रश्रितोऽब्रवीत् ॥ १

शुकानन्द उवाच –

माघस्नानविधिं स्वामिन् श्रोतुमिच्छाम्यहं प्रभो ! । चान्द्रायणव्रतस्यापि विधिं मे वक्तुमर्हसि ॥ २

---

બીજા સર્વે કૃચ્છવ્રતો કે માસોપવાસ કે પારાકાદિ વ્રતોની મધ્યે પુરુષોએ તથા સ્ત્રીઓએ સુખેથી થઈ શકે તેવું સરળ વ્રત છે. અને બહુ મોટા ફળને આપનારું વ્રત કહેલું છે. તેથી પોતાના શરીરની વિશુદ્ધિને માટે કે ત્રણ પ્રકારના પાપનું નિવારણ કરાવી પોતાના આત્માની શુદ્ધિને માટે અથવા તપઃપ્રિય ભગવાન રમાપતિની પ્રસન્નતાને માટે ચાંદ્રાયણ વ્રત આ મહિનામાં સર્વેજનોએ અવશ્ય કરવું.[૩૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ લોયા ગામે શાકોત્સવની લીલા કરી અને નાગડકા પધાર્યા એ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૭--**

---

## અધ્યાય - ૧૮

## શુકાનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ માઘસ્નાન વિધિનું કરેલું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીનારાયણમુનિનાં માઘસ્નાન સંબંધી વચનો સાંભળી શુકાનંદ સ્વામી તેમને વિનયપૂર્વક નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હે પ્રભુ ! હું માઘસ્નાન અને ચાંદ્રાયણવ્રતનો વિધિ સાંભળવા ઈચ્છું છું તેથી આપ મને એ બન્નેનો વિધિ કહો.[૧-૨] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ !

सुव्रत उवाच –

इत्थं तपस्विना तेन मुनिना पृष्ट आदरात् । जगादानन्दयन्भक्तान्सर्वांस्तं च स सर्ववित् ॥ ३

श्री नारायणमुनिरुवाच –

माघस्नानविधिं तुभ्यं कथयामि मुने ! शृणु ! तीर्थ एव विशेषेण माघस्नानं विधीयते ॥ ४
यस्य हस्तौ च पादौ च वाङ्मनश्च सुसंयतम् । विद्या तपश्च कीर्तिश्च स तीर्थफलमश्नुते ॥ ५
अश्रद्दधानः पापात्मा नास्तिकोऽच्छिन्नसंशयः । हेतुनिन्दारतश्चैते न तीर्थफलभागिनः ॥ ६
प्रयागं पुष्करं प्राप्य कुरुक्षेत्रमथापि वा । यत्र तत्र च वा स्नायान्माघे नित्यमिति स्थितिः ॥ ७
त्रिरात्रफलदा नद्यो याः काश्चिदसमुद्रगाः । समुद्रगास्तु पक्षस्य माघस्य सरितां पतिः ॥ ८
अरुणोदयमारभ्य प्रातः कालावधि ध्रुवम् । माघस्नानस्य कालो हि पुण्यदो मुनिभिः स्मृतः ॥ ९

---

પ્રશંસા કરવા યોગ્ય તપપરાયણ રહેતા શુકાનંદ સ્વામીએ આદરપૂર્વક ઉપરોક્ત પ્રશ્ન કર્યો. તેથી સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ શુકાનંદ સ્વામી તેમજ સભામાં બેઠેલા સમગ્ર સંતો-ભક્તોને આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા.[૩]

શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! તમને માઘસ્નાનનો વિધિ કહું છું. તેને તમે સાંભળો, માઘસ્નાન વિશેષપણે તીર્થને વિષે જ કરવામાં આવે છે.[૪] તે તીર્થો તમને હું કહું તેના પહેલાં, તીર્થોનું ફળ કોણ પામે અને કોણ નથી પામતા તે પ્રથમ કહું છું. જે મનુષ્યોના હાથ, પગ, વાણી, મન, વિદ્યા, તપ અને કીર્તિ સંયમપૂર્વકના હોય, તે જ મનુષ્યો તીર્થનું ફળ પ્રાપ્ત કરી શકે છે.[૫] જે અશ્રદ્ધાવાળા, પાપેયુક્ત મનવાળા, નાસ્તિક, સંશયાત્મા, હેતુવાદી અને તીર્થની નિંદા કરનારા હોય તે છ પ્રકારના મનુષ્યોને તીર્થનું ફળ ક્યારેય પણ મળતું નથી.[૬] હે મુનિ ! હવે તીર્થો કહું છું. તીર્થરાજ પ્રયાગક્ષેત્ર, પુષ્કર કે કુરુક્ષેત્રમાં જઈને ત્યાં માઘ મહિના પર્યંત નિત્યે સ્નાન કરવું, આવા પ્રકારની શાસ્ત્રની મર્યાદા છે.[૭] હે મુનિ ! સમુદ્રને નહિ મળતી જે કોઈ નદીમાં માઘમાસમાં એક દિવસ સ્નાન કરવા માત્રથી ત્રણ દિવસના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. તેમજ સમુદ્રને મળતી નદીમાં સ્નાન કરવાથી એક પખવાડીયાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. અને નદીઓના પતિ સમુદ્રમાં માઘ માસ દરમ્યાન માત્ર એક દિવસ સ્નાન કરવા માત્રથી આખા મહિનાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે.[૮]

હે મુનિ ! અરુણોદયથી આરંભીને પ્રાતઃકાળ પર્યંતના માઘસ્નાનના સમયને ઋષિમુનિઓએ પુણ્ય આપનારો કહેલો છે.[૯] તેનાથી પણ તારા દેખાતા

उत्तमं तु सनक्षत्रं लुप्ततारं तु मध्यमम् । सवितर्युदिते स्नानं ततो हीनं प्रकीर्तितम् ॥ १०
वृथैवोष्णोदकस्नानं वृथा जप्यमवैदिकम् । अश्रोत्रिये वृथा दानं वृथा भुक्तमसाक्षिकम् ॥ ११
ब्रह्मक्षत्रविशां चैव मन्त्रवत्स्नानमिष्यते । तूष्णीमेव तु शूद्राणां स्त्रीणां च मुनिसत्तम ! ॥ १२
पौर्णमासीं तु पौषस्य प्रारभ्य स्नानमाचरेत् । त्रिंशत्त्वहानि पुण्यानि मकरस्थे दिवाकरे ॥ १३
अपावृतशरीरस्तु यः साक्षात्स्नानमाचरेत् । पदे पदेऽश्वमेधस्य फलमाप्नोति मानवः ॥ १४
ततः स्नात्वा शुभे तीर्थे दत्त्वा शिरसि वै मृदम् । वेदोक्तविधिना ब्रह्मन् ! सूर्यायार्घ्यं निवेदयेत् ॥ १५
पितृन्सन्तर्पयेत्तत्स्थः समुत्तीर्य ततो जलात् । इष्टदेवं नमस्कृत्य पूजयेत्पुरुषोत्तमम् ॥ १६
भूशायी ब्रह्मचारी च शक्तः स्नानं समाचरेत् । अशक्तो नियमाचारे स्नानमात्रं समाचरेत् ॥ १७
यथाकथञ्चित्कर्तव्यं माघस्नानमिति स्मृतिः । अतिरुग्णाश्चातिवृद्धाः स्नायुरुण्णेन वारिणा ॥ १८

---

હોય ને જે માઘસ્નાન કરવું તે સર્વોત્તમ સ્નાન કહેલું છે. તારા દેખાતા બંધ થાય તે સમયે જે સ્નાન કરવું, તે મધ્યમ સ્નાન કહેલું છે. અને સૂર્યોદય થાય ત્યારે સ્નાન કરવું તે કનિષ્ઠ સ્નાન કહેલું છે.[૧૦] માઘસ્નાનમાં ગરમજળથી જે સ્નાન કરવું તે વૃથાસ્નાન કહેલું છે. તે જ રીતે વેદ પુરાણાદિ શાસ્ત્રમાં કહ્યા સિવાયના અવૈદિક કે અપૌરાણિક મંત્રનો જપ પણ વૃથાજપ કહેલો છે. વેદ શાસ્ત્રાદિકનું અધ્યયન કર્યા વિનાના બ્રાહ્મણને દાન આપવું તે વૃથાદાન કહેલું છે. તેમજ બ્રાહ્મણાદિકની સાક્ષીએ રહિત કરેલું ભોજન પણ વૃથા ભોજન કહેલું છે. તેથી ગૃહસ્થોએ અતિથિ આદિકને જમાડીને જ જમવું જોઈએ.[૧૧] હે શ્રેષ્ઠ શુકમુનિ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ મંત્રોનું ઉચ્ચારણ કરવા પૂર્વક સ્નાન કરવું, તેમજ શૂદ્રો અને સ્ત્રીઓએ મૌન રહીને સ્નાન કરવું.[૧૨] મકરરાશિમાં સૂર્યનું સ્થાન હોય ત્યારે પોષ માસની પૂનમથી પ્રારંભીને પવિત્ર પૂરા ત્રીશ દિવસ પર્યંત સ્નાન કરવું.[૧૩] જે મનુષ્યો ખુલ્લા શરીરે અર્થાત્ ઉપર વસ્ત્ર ઓઢ્યા વગર ઘેરથી નીકળી નદીએ સ્નાન કરવા હરિસ્મરણ કરતાં કરતાં જાય ને ત્યાં એ જ રીતે સાક્ષાત્ સ્નાન કરે ને ફરી ખુલ્લા શરીરે જ ઘેર પરત ફરે છે, તે મનુષ્ય હરિસ્મરણ સાથે પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ પામે છે.[૧૪]

હે બ્રહ્મન્ ! તીર્થમાં સ્નાન સમયે મસ્તક પર તીર્થની મૃત્તિકા લગાવી ને સ્નાન કરવું, ને વેદોક્ત વિધિ પ્રમાણે સૂર્યને અર્ઘ્ય આપવું.[૧૫] તીર્થજળમાં જ ઊભા રહી પિતૃતર્પણ પણ કરવું. ત્યારપછી જળથી બહાર આવી પોતાના ઈષ્ટદેવ શ્રીપુરુષોત્તમનારાયણને નમસ્કાર કરી પૂજા કરવી.[૧૬] માઘસ્નાન દરમ્યાન

तिलस्नायी तिलोद्वर्ती तिलहोमी तिलोदकी । तिलभुक् तिलदाता च षट्तिलाः पापनाशनाः ॥ १९
सरित्तोयाद्यभावे तु नवकुम्भस्थितं जलम् । वायुना ताडितं रात्रौ गङ्गातोयसमं विदुः ॥ २०
तन्नास्ति पातकं लोके यन्न स्नानाद्विनश्यति । मासोपवासादधिकं माघस्नानं मुने ! ध्रुवम् ॥ २१
जीवता भुज्यते दुःखं मृतो दुःखं न पश्यति । एतस्मात्करणाद्भूमौ माघस्नानं विशिष्यते ॥ २२
अहन्यहनि दातव्यास्तिलाः शर्करयान्विताः । त्रयो भागास्तिलानां हि चतुर्थः शार्करो मतः ॥ २३
माघावसाने रुचिरान् षड्रसान्सम्प्रदापयेत् । दम्पत्योर्वाससी सूक्ष्मे सप्तधान्यसमन्विते ॥ २४
त्रिंशत्तु मोदका देयाः शर्करातिलसंयुताः । ताम्रपात्राणि दद्याच्च तिलोपेतानि शक्तितः ॥ २५

---

શક્તિશાળી પુરુષોએ પૃથ્વી પર જ શયન કરવું, બ્રહ્મચારીઓએ પોતાને યોગ્ય બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. જે પૃથ્વી પર શયન કરવાદિક નિયમો પાળી શકે તેમ ન હોય તેમણે પણ સ્નાન કરવાનો તો અવશ્ય નિયમ રાખવો.[૧૭] હે મુનિ ! મનુષ્યે કોઈ પણ રીતે માઘસ્નાન કરવું. આવા પ્રકારનાં સ્મૃતિ વચનો રહેલાં છે. તેમાં પણ જો અતિશય રોગી કે વૃદ્ધ હોય તેવા મનુષ્યોએ ગરમ પાણીથી સ્નાન કરવું.[૧૮] તલથી સ્નાન, અંગમર્દન, અગ્નિમાં હોમ, પિતૃઓનું તર્પણ, તલનું જ ભોજન, અને તલનું જ દાન કરનારા, આ રીતે છ પ્રકારના કાર્યમાં તલનો જ ઉપયોગ કરનારના સર્વ પ્રકારનાં પાપનો નાશ થાય છે.[૧૯] હે મુનિ ! સરોવર, નદી, કે સમુદ્રના જળમાં સ્નાન કરવાના અભાવમાં માટીના નવા ઘડામાં જળ ભરી રાખીને રાત્રીએ ખુલ્લી જગ્યાએ વાયુના આઘાતથી અતિશય ઠંડા થયેલા જળથી માઘસ્નાન કરવું, તે ગંગાજળમાં સ્નાન કર્યા બરાબર મુનિઓએ કહ્યું છે.[૨૦] હે મુનિ ! આ રીતે માઘસ્નાન કરવા પછી એવું કોઈ પાપ બચતું નથી કે જેનો નાશ થયો ન હોય. અર્થાત્ માઘસ્નાન કર્યા પછી સર્વ પ્રકારના પાપનો નાશ થઈ જાય છે. માટે માસોપવાસ કરતાં પણ માઘસ્નાન અધિક કહેલું છે.[૨૧]

હે મુનિ ! આ રીતે ઠંડા જળના કષ્ટનો જે મનુષ્યો અનુભવ કરે છે, તે જનો શરીર છોડ્યા પછી પરલોકમાં કોઈ પણ પ્રકારનું દુઃખ પામતા નથી. માટે પૃથ્વીપર માઘસ્નાનનો મહિમા સર્વ કરતાં અધિક કહેલો છે.[૨૨] માઘસ્નાન કરનારે પ્રતિદિન સાકર મિશ્રિત તલનું દાન કરવું, તેમાં તલના ત્રણભાગ અને એક ભાગ સાકરનો મનાયેલો છે.[૨૩] હે મુનિ ! જ્યારે માઘસ્નાનની સમાપ્તિ થાય ત્યારે મનુષ્યોએ અતિ સુંદર રસયુક્ત છ પ્રકારના રસવાળા પદાર્થોનું શક્તિ પ્રમાણે

कम्बलाजिनवस्त्राणि नानारत्नानि शक्तितः । चोलकानि तु दिव्यानि प्रच्छादनपटांस्तथा ॥ २६
उपानहौ पादगुप्ते मोचकौ पापमोचकौ । तथान्यदपि यत्किञ्चिन्माघे स्वस्य प्रियं भवेत् ॥ २७
तन्माघस्नायिनां देयं विप्राणां भूतिमिच्छता । स्वल्पेऽपि दाने वक्तव्यं माधवः प्रीयतामिति ॥ २८
नदीतडागप्रहिवापिकादौ गृहेऽपि वा शीतजलेन माघे ।
स्नानं विधेयं रविदर्शनात्प्राङ्मदाश्रितैर्ब्रह्मऋषेऽनुघस्रम् ॥ २९

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे नागटङ्कपुरे माघस्नानविधिनिरूपणनामाष्टादशोऽध्यायः ॥ १८ ॥*

---

દાન કરવું. તેવીજ રીતે સાત ધાનયુક્ત સૂક્ષ્મ વસ્ત્રોનું બ્રાહ્મણ દંપતીને દાન કરવું.[૨૪] સાકર અને તલ મિશ્રિત ત્રીસ લાડુઓ દાનમાં આપવા. તેમજ તલ ભરેલા તાંબાના પાત્રનું પણ શક્તિ પ્રમાણે દાન કરવું.[૨૫] ધાબળા, મૃગચર્મ, વસ્ત્રો અને અનેક પ્રકારનાં રત્નો, તેમજ સુંદર ડગલી, સુરવાળ આદિકનું પણ દાન કરવું.[૨૬]

હે મુનિ ! પગની રક્ષા કરતાં પગરખાં, પાપનો વિનાશ કરનારા મોજા, તથા પોતાને ગમતી જે કોઈ બીજી વસ્તુ હોય તેનું પણ દાન કરવું.[૨૭] પોતાનો અભ્યુદય ઈચ્છતા માઘસ્નાન કરનાર મનુષ્યે તે સર્વ પદાર્થોનું માઘસ્નાન કરતા વિપ્રને માઘમાસમાં દાન કરવું ને બોલવું કે આ મારા અલ્પ સરખા દાનથી હે માધવ ભગવાન ! મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૮] હે બ્રહ્મર્ષિ ! મારા આશ્રિત સર્વે ભક્તજનોએ માઘ મહિનામાં નદી-તળાવ-કૂવા પર અથવા પોતાને ઘેર પણ ઠંડા જળથી સૂર્ય દર્શન પહેલાં જ સ્નાન કરી લેવું.[૨૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં નાગડકાપુરે શ્રીહરિએ માઘસ્નાનના વિધિનું નિરૂપણ કર્યું એ નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૮--**

---

## एकोनवींशोऽध्यायः - १९

**श्री नारायणमुनिरुवाच –**

चान्द्रायणव्रतस्याथ विधिं शुक ! वदामि ते । वैष्णवादिपुराणेषु यत्प्रोक्तं पापशुद्धये ॥ १
शुक्लपक्षे चतुर्दश्यां पौषमासे समाहितः । चान्द्रायणव्रतं मासं गृहणीयात् सर्वपापजित् ॥ २
भूशय्या ब्रह्मचर्यं च त्रिकालं स्नानमन्वहम् । लक्ष्मीनारायणस्यार्चा कार्याऽखण्डश्च दीपकः ॥ ३
आज्येन तर्पयेद्वह्निं सर्वपापोपशान्तये । चरुं भैक्षं तथा सक्तून् कणान् यावकमेव च ॥ ४
शाकं क्षीरं दधि घृतं फलमूलोदकानि च । हुतशिष्टं तु वा पश्चात्प्राशयेदन्नमादरात् ॥ ५
धात्रीफलोपमान् ग्रासान् पौर्णमास्यां तु भक्षयेत् । ह्रधान् पञ्चदशैवाथ ह्रासयेच्च दिने दिने ॥ ६
विंशत्या सहितं येन कृष्णपक्षे भवेच्छतम् । अमावास्यादिने चैव द्विजश्चोपवसेत्ततः ॥ ७

---

## અધ્યાય – ૧૯

### ભગવાન શ્રીહરિએ કહેલો ચાંદ્રાયણવ્રતનો વિધિ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે શુકમુનિ ! હવે તમને હું ચાંદ્રાયણવ્રતનો વિધિ કહું છું. વિષ્ણુપુરાણ આદિક પુરાણોને વિષે આ ચાંદ્રાયણવ્રતને પાપશુદ્ધિનું વ્રત કહેલું છે.[૧] આ વ્રત કરનારા પુરુષે સ્થિર મનવાળા થઈ પોષસુદ ચૌદશના દિવસથી સર્વ પ્રકારના પાપને બાળી નાખનારું આ વ્રત એક મહિના માટે ગ્રહણ કરવું.[૨] વ્રત કરનાર મનુષ્યે પ્રતિદિન પૃથ્વી પર જ શયન કરવું. પોતાને યોગ્ય બ્રહ્મચર્યવ્રતનું પાલન અવશ્ય કરવું. દિવસમાં ત્રિકાળ સ્નાન કરવું. લક્ષ્મીનારાયણ ભગવાનની પૂજા કરવી. ઘરમાં ઘીનો અખંડ દીવો પ્રજવલિત રાખવો.[૩] હે મુનિ ! સર્વ પ્રકારના પાપની શાંતિને માટે ઘીથી અગ્નિનું તર્પણ કરવું. ભોજનમાં ચરુનું અન્ન, ભિક્ષાનું અન્ન, સાથવો, કણ, જવ, શાક, દૂધ, દહીં, ઘી, ફળ, મૂળ, જળ અથવા હોમ કરતાં બાકી રહેલું અન્ન આદરપૂર્વક જમવું. તેમાં જવમધ્ય ચાંદ્રાયણ અને પિપીલિકામધ્ય ચાંદ્રાયણ એમ બે પ્રકારનાં ચાંદ્રાયણ છે તેમાં પ્રથમ પિપીલિકામધ્ય ચાંદ્રાયણનો પ્રકાર કહું છું.[૪-૫] પોષમાસની પૂર્ણિમાના દિવસે મોટા આમળાના ફળ જેટલા પંદર કોળિયાનું ભક્ષણ કરવું, અને ત્યાર પછી દિવસે દિવસે એક એક કોળિયો ઓછો કરતાં જવું. જેમ કે પડવાના દિવસે ચૌદ, બીજના દિવસે તેર, ત્રીજના દિવસે બાર, એમ કરતાં વદપક્ષમાં એકસોને વીસ કોળિયા થાય, તેમ કરવું. પછી અમાવાસ્યાના દિવસે વ્રત કરનાર ત્રણે વર્ણના મનુષ્યોએ ઉપવાસ કરવો.[૬-૭] વળી સુદ પક્ષથી આરંભીને ચંદ્રમાની કળા જેમ વધે તેમ એક કોળિયાથી

शुक्लां पक्षतिमारभ्य चन्द्रवृद्धिक्रमेण च । विंशत्या सहितं भूयो ग्रासानां स्याच्छतं तथा ॥ ८
एकस्य प्रणवो मन्त्रो भूर्द्वयोश्च भवेदिह । भुवस्त्रयाणां स्वश्चापि चतुर्णां मह एव च ॥ ९
भवेदथ च पञ्चानां षण्णां जन उदाहृतः । सप्तानां तु तपः सत्यमष्टानां परिकीर्तितम् ॥ १०
ऊर्ग्नवानां भवेदिट् च दशानां मन्त्र एव च । एकादशानामोजश्च तेजश्चातः परं भवेत् ॥ ११
त्रयोदशानां पुरुषस्ततो धर्मः प्रकीर्तितः । शिवः पञ्चदशानां च ग्रासानां मन्त्र उच्यते ॥ १२
स्वाहाकारनमस्कारयुक्तैर्मन्त्रैः पृथक् पृथक् । अभिमन्त्र्य ग्रसेद्ग्रासान् दिनसङ्ख्याक्रमेण च ॥ १३
समाप्ते तु व्रते दयाद्रां वृषं च द्विजातये । चान्द्रायणेन चैकेन सर्वपापक्षयो भवेत् ॥ १४
उद्यापनेन सहितं कृत्वेदं व्रतमाप्नुयात् । इह लोके धनारोग्यं सुखं सौभाग्यसम्पदम् ॥ १५
प्राप्नुयात्परलोके च शक्रस्य सदने स्थितिम् । विष्णुप्रीत्यै कृते त्वस्मिन् प्राप्नुयाद्धाम वैष्णवम् ॥ १६

---

આગળ વધતાં પુનઃ એકસોને વીસ કોળિયા થાય તેમ ભોજન ગ્રહણ કરવું.[૮]

હે મુનિ ! તેમાં પ્રથમ કોળિયો આરોગતી વખતે "ૐ નમઃ સ્વાહા" એમ મંત્રનો જપ કરવો, બીજા કોળિયે "ૐ ભૂર્ નમઃ સ્વાહા" ત્રીજા કોળિયે "ૐ ભુવો નમઃ સ્વાહા" ચોથા કોળિયે "ૐ સ્વઃ નમઃ સ્વાહા" પાંચમા કોળિયે "ૐ મહઃ નમઃ સ્વાહા" છઠ્ઠા કોળિયે "ૐ જનઃ નમઃ સ્વાહા" સાતમા કોળિયે "ૐ તપઃ નમઃ સ્વાહા" આઠમા કોળિયે "ૐ સત્યં નમઃ સ્વાહા" નવમા કોળિયે "ૐ ઉર્જે નમઃ સ્વાહા" દશમા કોળિયે "ૐ ઈટ્ નમઃ સ્વાહા" અગિયારમા કોળિયે "ૐ ઓજઃ નમઃ સ્વાહા" બારમા કોળિયે "ૐ તેજઃ નમઃ સ્વાહા" તેરમા કોળિયે "ૐ પુરુષ નમઃ સ્વાહા" ચૌદમા કોળિયે "ૐ ધર્મઃ નમઃ સ્વાહા" પંદરમા કોળિયે "ૐ શિવઃ નમઃ સ્વાહા" આ પ્રમાણે દરેક કોળિયે મંત્રનો જપ કરવો.[૯-૧૨]

હે મુનિ ! આ રીતે સ્વાહાકાર અને નમસ્કાર યુક્ત ૐકારાદિ મંત્રોથી અલગ અલગ કોળિયાને અભિમંત્રિત કરીને દિવસની સંખ્યાના ક્રમથી ભોજન કરવું.[૧૩] અને જ્યારે ચાંદ્રાયણવ્રત સમાપ્ત થાય ત્યારે બ્રાહ્મણોને ગાય અને બળદનું દાન કરવું. આવી રીતનું એક ચાંદ્રાયણ વ્રત કરવાથી સર્વ પ્રકારના પાપોનો ક્ષય થાય છે.[૧૪] હે મુનિ ! આ વ્રત ઉદ્યાપનના વિધિએ સહિત કરવું. તેમ કરવાથી આલોકમાં ધન, આરોગ્ય, સુખ અને સૌભાગ્ય યુક્ત સંપત્તિ પ્રાપ્ત થાય છે.[૧૫] શરીર છોડ્યા પછી પરલોકમાં ઇંદ્રના ભવનમાં નિવાસ પ્રાપ્ત થાય છે. અને જો આ ચાંદ્રાયણવ્રત કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કરવામાં આવે તો ગોલોકાદિક ભગવદ્ધામની પ્રાપ્તિ થાય છે.[૧૬] હે મુનિ ! આ પ્રમાણે મેં તમને ચાંદ્રાયણવ્રતનો

चान्द्रायणं व्रतमिति प्रोक्तं तुभ्यं मया मुने ! । प्रायश्चित्तव्रतेष्वेतत्प्रायो मुख्यतया मतम् ॥ १७
सुव्रत उवाच – इत्याश्रुत्य प्रभोर्वाक्यं शुकानन्दस्तथेतरे । हृष्टा बभूवुर्नृपते ! प्रणेमुश्च तमीश्वरम् ॥ १८
ततः प्रभाते भगवान् पर्वस्नानं तिलोदकैः । कृत्वा ददौ ब्राह्मणेभ्यस्तिलपात्राणि काञ्चनम् ॥ १९
सहस्रशः कम्बलांश्च नीशारांश्च सहस्रशः । सतूलान् कञ्चुकांश्चादात् ब्राह्मणेभ्यः सहस्रशः ॥ २०
ब्राह्मणान् भोजयामास तदिष्टैर्भोजनैर्बहून् । प्रादाच्च दक्षिणास्तेभ्यो भगवान् धर्मरक्षकः ॥ २१
सन्तर्प्य धार्मिश्च मुनीन् सदन्नैर्भ्रातुर्निवासे स्वयमप्यभुक्त ।
रात्रौ सदःस्थः स उपादिशत्स्वान् स्वसम्मतां श्री ऋषभोक्तशिक्षाम् ॥ २२ ॥

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे नागटङ्कपुरे चान्द्रायणव्रतविधिनिरूपणनामैकोनविंशोऽध्यायः ॥ १९ ॥*

---

વિધિ કહ્યો. આ વ્રત ઘણા ભાગે પ્રાયશ્ચિતના વ્રતોમાં મુખ્યપણે મનાયેલું છે.[૧૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનાં અમૃતની સમાન વચનો સાંભળી શુકાનંદ સ્વામી તેમજ સભામાં બેઠેલા સર્વે સંતો તથા ભક્તજનો અતિશય પ્રસન્ન થયા અને ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૧૮] હે રાજન્ ! ત્યારપછી પ્રભાત સમયે ભગવાન શ્રીહરિએ તલમિશ્રિત ઠંડાજળથી ઉત્તરાયણના પર્વ નિમિત્તે સ્નાન કર્યું ને તલભરેલા પાત્રનું અને સુવર્ણનું બ્રાહ્મણોને દાન કર્યું.[૧૯] એક હજાર ધાબળાઓ, એકહજાર રૂની ભરેલી ડગલીઓ અને એકહજાર અંગરખાઓ બ્રાહ્મણોને દાનમાં આપ્યાં. પછી શ્રીહરિએ અનેક બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન જમાડી તૃપ્ત કર્યા. તેમજ સર્વેને ખૂબજ દક્ષિણાઓ આપી.[૨૧] ત્યારપછી ધર્મપુત્ર શ્રીહરિએ સર્વ સંતોને ઈચ્છિત અન્ન જમાડી તૃપ્ત કર્યા ને સ્વયં પણ પોતાના ભાઈ ઈચ્છારામને ઘેર પધારી ભોજન ગ્રહણ કર્યું. રાત્રીએ સભામાં વિરાજમાન થઈ પોતાને અતિશય પ્રિય એવા ઋષભદેવ ભગવાને શ્રીમદ્ભાગવતના પંચમ સ્કંધમાં પાંચમા અધ્યાયમાં કહેલા શિક્ષાનાં વચનોનો પોતાના ભક્તજનો પ્રત્યે ઉપદેશ કર્યો.[૨૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં નાગડકાપુરે ભગવાન શ્રીહરિએ ચાંદ્રાયણવ્રતનો વિધિ કહ્યો એ નામે ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. --૧૯--**

वींशोऽध्यायः - २०

सुव्रत उवाच –

दिनानि पञ्चैव स नागटङ्क एवं पुरेऽसौ भगवानुषित्वा ।
सूरेण भक्तैश्च वृतोऽखिलैः स्वैर्हेमन्तसिंहस्य पुरं प्रतस्थे ॥ १
तं सोऽध्वनि प्राह नृपं सदीशस्त्वद्ग्राममादौ नय नस्ततस्ते ।
पुरं व्रजिष्याम इति प्रभूक्तं तथेति शीर्ष्णा स उरीचकार ॥ २
षष्ठेऽह्नि स ग्राममवाप तस्य पञ्चालसंज्ञं द्रुमराजिरम्यम् ।
श्रुत्वा तमायातमनूपसिंहो ग्राम्यैः समं सन्मुखमाजगाम ॥ ३
ते तं प्रणम्याच्युतमादरेण हेमन्तसिंहं च समेत्य सर्वे ।
वादित्रनादैः सममेव निन्युर्ग्रामं सभक्तं तमुदारकीर्तिम् ॥ ४

---

## અધ્યાય – ૨૦

## ભગવાન શ્રીહરિનું હેમંતસિંહ રાજાના પંચાળાપુરે આગમન અને અનેક ઉત્સવની કરેલી ઉજવણી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ નાગડકાપુરમાં પાંચ દિવસ સુધી રોકાયા. પછી શ્રીહરિ સુરાભક્તને સાથે લઈ અન્ય સમસ્ત સંતો-ભક્તોની સાથે હેમંતસિંહ રાજાના જુનાગઢ પ્રત્યે જવાનું પોષસુદ દશમીના દિવસે પ્રયાણ કર્યું.[૧] ત્યારે શ્રીહરિ માર્ગમાં હેમંતસિંહ રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! પ્રથમ અમને તમારા પંચાળા ગામે લઈ ચાલો. પછી આપણે તમારા જુનાગઢપુર પ્રત્યે જશું. ત્યારે હેમંતસિંહ રાજા કહે જેવી આપની મરજી. એમ કહીને શ્રીહરિનું વચન માથે ચડાવ્યું.[૨] હે રાજન્ ! શ્રીહરિ છઠ્ઠે દિવસે સંવત ૧૮૭૭ ના પોષસુદ પૂનમને દિવસે ખાખરાના વૃક્ષોની પંક્તિઓથી શોભતા પંચાળા નામના હેમંતસિંહ રાજાના ગામમાં પધાર્યા. પોતાના ગામ પ્રત્યે શ્રીહરિ પધાર્યા છે એવા સમાચાર સાંભળતાની સાથે જ અનુપસિંહ વિગેરે ગામવાસી ભક્તજનો શ્રીહરિની સન્મુખ પધાર્યા.[૩] ને તે સૌએ અતિ આદરપૂર્વક પરમેશ્વર શ્રીહરિને પ્રણામ કર્યા. પછી હેમંતસિંહ રાજાને સાથે રાખી વાજિંત્રોનો મધુર ધ્વનિ કરતા કરતા સંતો અને ભક્તજનોના સમુદાયે સહિત મહા ઉદાર કીર્તિવાળા ભગવાન શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા.[૪]

હે ભૂપશ્રેષ્ઠ ! પછી હેમંતસિંહ રાજાએ પોતાના ભવનમાં સોમલાખાચર

हेमन्तसिंहोऽथ निजे गृहे तं निवासयामास सपार्षदं च।
यथोचितं वासयति स्म सर्वानन्यांश्च भक्तानपि भूपवर्य ! ॥ ५
हरेर्भागवतानां च स्त्रीपुंसानां स भूपतिः । यथोचितं यथावित्तं चकारातिथ्यमादरात् ॥ ६
सर्वसम्पत्समृद्धं स्वं गृहं च सपरिच्छदम् । प्रभोरधीनं कृत्वैव तस्थावतिथिवन्नृपः ॥ ७
निवृत्तिधर्मिवासार्हं ग्रामं तं वीक्ष्य स प्रभुः । पूर्दोषानशुचित्वादीन् विदन्नाह नराधिपम् ॥८

**श्री नारायणमुनिरुवाच –**

अयं ग्रामः समीचीनः सतां वासाय सम्मतः । जीर्ण दुर्गपुरावासो न सद्भयो रोचते किल ॥ ९
ग्रामस्तवायं प्राचीनस्तत्पुरं च तवैव हि । विशेषं नैव पश्यामि जीर्णदुर्गे ततस्त्वतः ॥ १०
नयेथा यदि तत्रास्मांस्तर्हि द्वित्रांस्तु वासरान् । वत्स्यामोऽत्र तु राजर्षे ! द्वित्रान्मासानपि ध्रुवम् ॥ ११
इत्युक्तः स नृपो भूम्ना प्रीतः प्रोवाच तं प्रभो ! । यत्रेच्छा ते भवेत्तत्र सद्भिः सह सुखं वस ॥ १२

---

**આદિ પાર્ષદોએ સહિત શ્રીહરિને નિવાસ કરાવ્યો અને અન્ય સર્વે સંતો ભક્તોને યથાયોગ્ય ઉતારા અપાવ્યા.[૫] તેમાં ઉત્તમરાજાને પોતાના ભવનમાં અને અન્ય ભક્તોને અન્ય લોકોને ઘેર ઉતારા અપાવ્યા. અને સંતોને ખાખરાના વનમાં બંધાવેલી ઘાસની ઝૂંપડીમાં ઉતારા અપાવ્યા. ત્યારપછી હેમંતસિંહ રાજાએ શ્રીહરિનો અને સર્વે ભક્તજનો સ્ત્રી પુરુષોનો શક્તિ પ્રમાણે આદર સત્કાર કર્યો.[૬] હે રાજન્ ! હેમંતસિંહ રાજા સર્વે ઉપકરણોએ સહિત સંપત્તિથી ભરેલા પોતાના ભવનને શ્રીહરિને આધિન કરી પોતે અતિથિની જેમ રહેવા લાગ્યા.[૭] અને શ્રીહરિ નિવૃત્તિધર્મ પરાયણ સંતોને આ પંચાળા ગામ નિવાસ કરવાને વધુ યોગ્ય છે. એમ જોઇ શહેરની અપવિત્રતાના દોષને નજરમાં રાખી હેમંતસિંહ રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમારૂં આ પંચાળા ગામ સંતોને રહેવા માટે વધુ યોગ્ય છે. અને જુનાગઢ શહેરમાં સંતોને રહેવું ગમે એમ નથી. એ નક્કી વાત છે.[૮-૯]**

**આ પંચાળા અને જુનાગઢ ગામ પુરાતન છે, તેથી આ પંચાળા ગામ કરતાં જુનાગઢ શહેરમાં હું બીજી કોઇ વિશેષતા જોતો નથી.[૧૦] હે રાજર્ષિ ! જો તમે અમને જુનાગઢ શહેરમાં લઇ જશો તો બે ત્રણ દિવસ રોકાશું અને અહીં પંચાળા ગામમાં તો બે ત્રણ મહિના રોકાશું એ ચોક્કસ છે.[૧૧] આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું. તેથી હેમંતસિંહ રાજા અતિશય પ્રસન્ન થઇ કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! તમને ગામ કે નગરમાં જ્યાં પણ રહેવું ગમે ત્યાં સંતોની સાથે સુખેથી રહો.[૧૨] હે શ્રીહરિ ! મને પણ ગામ કરતાં નગરમાં કોઇ વિશેષતા જણાતી નથી. અને સર્વે જુનાગઢવાસી**

ममापि न विशेषोऽस्ति पुरे ग्रामात्तु कश्चन । पौरास्त्वद्दर्शनं कर्तुमत्रायास्यन्ति सर्वशः ॥ १३
तत्रोवास ततः स्वामी भक्तैः सह मुदान्वितः । भक्तानानन्दयन् सर्वान्सकुटुम्बं नृपं च तम् ॥ १४
यथोत्तमस्य नृपतेर्गृहं दुर्गपुरे प्रभोः । स्वकीयमेवास्ति तथा गृहं तस्याप्यभूत्किल ॥ १५
सकुटुम्बस्य नृपतेस्तस्य भक्त्या वशीकृतः । सार्धमासं सुखेनैव न्यवसत्तत्र स प्रभुः ॥ १६
तद्दर्शनार्थमाजग्मुजीर्णदुर्गनिवासिनः । पुरुषाश्च स्त्रियः सर्वास्तद्भक्ताः स्निग्धचेतसः ॥ १७
ग्रामान्तरेभ्योऽपि जनास्तत्राजग्मुः सहस्रशः । मानितास्ते भगवता न्यवसन् दर्शनोत्सुकाः ॥ १८
उत्सवः शिवरात्र्यां च तत्रादावभवन्महान् । उपवासं हरिश्चक्रे तदा भक्तजनैः सह ॥ १९
महारुद्राभिषेकं च ब्राह्मणैः शङ्करोपरि । कारयित्वा ददौ तेभ्यो दक्षिणां प्रचुरां ततः ॥ २०
द्वितीये दिवसे विप्रान् भोजयित्वा सहस्रशः । चकार पारणां स्वामी धर्माध्वपरिरक्षकः ॥ २१

---

ભક્તજનો તમારાં દર્શન કરવા માટે અહીં પંચાળા ગામે આવશે.[૧૩] આ પ્રમાણે હેમંતસિંહ રાજાનું વચન સાંભળી અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિ કુટુંબે સહિત રાજાને તથા સર્વે સંતો ભક્તોને આનંદ ઉપજાવતા તેમની સાથે પંચાળા ગામમાં જ નિવાસ કરીને રહ્યા.[૧૪] દુર્ગપુરમાં ઉત્તમરાજાના ભવનને જેમ ભગવાન પોતાનું જ ઘર માનતા તેમ હેમંતસિંહ રાજાના ભવનને પણ શ્રીહરિ પોતાનું ઘર માનવા લાગ્યા.[૧૫]

હે રાજન્ ! આ રીતે શ્રીહરિ કુટુંબ-પરિવારે સહિત હેમંતસિંહ રાજાની ભક્તિને વશ થઈ પંચાળા ગામમાં દોઢ માસ પર્યંત સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા.[૧૬] શ્રીહરિને વિષે અતિશય પ્રીતિવાળા જુનાગઢવાસી સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા માટે પંચાળા ગામમાં આવ્યા.[૧૭] બીજા ગામોમાંથી પણ હજારો નરનારીઓ ત્યાં આવતા હતા તેમને શ્રીહરિ આદર આપી સર્વેને ત્યાંજ નિવાસ કરાવતા અને તે સર્વે શ્રીહરિનાં દર્શનમાં અતિ ઉત્કંઠાવાળા થઈ પંચાળા ગામમાં જ સુખપૂર્વક રહેતા હતા.[૧૮] હે રાજન્ ! પંચાળા ગામમાં પહેલો જ માઘવદ ચૌદશના દિવસે શિવરાત્રીનો મોટો ઉત્સવ ઉજવ્યો. જો કે વસંત પંચમીનો ઉત્સવ ઉજવેલો હતો છતાં પણ બહુ જનોને બોલાવી આ પહેલો ઉત્સવ ઉજવ્યો. તેમાં શ્રીહરિએ સંતો ભક્તોની સાથે ઉપવાસ કર્યો હતો.[૧૯] વળી શ્રીહરિએ બ્રાહ્મણોની પાસે શંકર ભગવાન ઉપર મહારૂદ્રાભિષેક પણ કરાવ્યો ને તેઓને ખૂબજ દક્ષિણા આપી.[૨૦] હે રાજન્ ! ધર્મમાર્ગના રક્ષક ભગવાન શ્રીહરિએ બીજા દિવસે અમાવાસ્યામાં હજારો વિપ્રોને ભોજન કરાવી પારણાં કરાવ્યાં, અને સ્વયં પારણાં કર્યાં.[૨૧] આ રીતે શ્રીહરિ પ્રતિદિન સંતો ભક્તોની મધ્યે રત્નના સિંહાસન ઉપર

प्रत्यहं च सभासंस्थो निजभक्तान् स ईशिता । ब्रह्मविद्याप्रकारांश्च वेदोक्तानप्यूबूबुधत् ॥ २२
जन्मोत्सवं भगवतो नरनारायणस्य च । फाल्गुने फल्गुनी ऋक्षे महान्तमकरोत्प्रभुः ॥ २३
वृत्तालये यथा पूर्वे स चकार महोत्सवम् । तथैवात्रापि भगवांश्चकारानन्दन्निजान् ॥ २४
नानादेशागता लोका भक्त्याऽऽनर्चुस्तमीश्वरम् । उपचारैर्बहुविधैरनेकैश्चाप्युपायनैः ॥ २५
हेमन्तसिंहस्तु नृपः प्रत्यहं तस्य पूजनम् । चकार च विशेषेण दिने तस्मिन्निजैः सह ॥ २६
नानाविधानि वस्त्राणि श्वेतपीतारुणानि सः । अलङ्कारान् बहून् हैमान् ददौ तस्मै च भक्तितः ॥ २७
काश्मीरकेसरोपेतचन्दनेन सुगन्धिना । अखण्डैरक्षतैः श्वेतैः पौष्पैर्हारैश्च शेखरैः ॥ २८
अबीरेण गुलालेन महानीराजनेन च । सम्पूज्य पुष्पाञ्जलिना साष्टाङ्गं प्रणनाम सः ॥ २९
ततो रामप्रतापं च सानुजं समपूजयत् । अमूल्यवस्त्राभरणैर्गन्धमाल्याक्षतादिभिः ॥ ३०

---

વિરાજમાન થઈ વેદોક્ત અનેક પ્રકારની બ્રહ્મવિદ્યાઓનો અને એકાંતિક ભાગવત ધર્મનો પોતાના આશ્રિત ભક્તજનોને સારી રીતે બોધ આપતા હતા.[૨૨] હે રાજન્ ! આમ કરતાં ભગવાન શ્રીહરિ ફાગણમાસમાં ફાલ્ગુની નક્ષત્રમાં શ્રીનરનારાયણ ભગવાનના પ્રાગટ્યની ભવ્ય ઉજવણી કરી.[૨૩] જેવી રીતે પૂર્વે વડતાલ પુરમાં શ્રીનરનારાયણ ભગવાનનો જન્મોત્સવ ઉજવ્યો હતો. તેવી રીતે પંચાળામાં પણ સર્વે હરિભક્તોને આનંદ ઉપજાવતા મોટો ઉત્સવ ઉજવ્યો.[૨૪] હે રાજન્ ! તે ફુલડોલોત્સવમાં અનેક દેશાંતરમાંથી આવેલા હજારો ભક્તજનોએ બહુ પ્રકારનાં ચંદન, પુષ્પાદિ ઉપચારોથી અને અનેક પ્રકારના થાળ ભરેલા રૂપાની મુદ્રા આદિ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું.[૨૫] હેમંતસિંહ રાજા તો પ્રતિદિન શ્રીહરિનું પૂજન કરતા, પરંતુ ફુલડોલોત્સવના દિવસે તો પોતાના કુટુંબીજનોની સાથે વિશેષપણે પૂજન કર્યું.[૨૬]

હે રાજન્ ! તે પૂજનમાં હેમંતસિંહ રાજાએ શ્વેત, પીળાં, લાલરંગનાં અનેક પ્રકારના વસ્ત્રો અને સુવર્ણના અલંકારો ભક્તિભાવપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યા.[૨૭] તેમ જ કાશ્મીરી કુંકુમ મિશ્રિત સુગંધીમાન ચંદન, અખંડશ્વેત ચોખા, અનેકવિધ પુષ્પના હાર, તોરા, અબીલ, ગુલાલ, મહાઆરતી અને છેલ્લે મહાપુષ્પાંજલી અર્પણ કરી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.[૨૮-૨૯] પછી હેમંતસિંહ રાજાએ અમૂલ્ય વસ્ત્ર, આભૂષણો વડે તથા ચંદન, પુષ્પ, ચોખા વડે નાનાભાઈ ઈચ્છારામે સહિત મોટા ભાઈ રામપ્રતાપની પણ પૂજા કરી.[૩૦] માતા ગંગાબા અને બહેન અદિબા આદિક સ્ત્રીભક્તોએ પણ સંતોના શ્યામ શ્રીહરિનું પૂજન કર્યું. તેમજ

गङ्गादित्यादयो योषास्तं पुपूजुः सतां पतिम् । अन्येऽपि पौरा भक्त्यैव ग्राम्याश्चार्चेस्तमादरात् ॥ ३१
सभ्रातृकः स राजाथ मुनीन्सर्वांश्च भक्तितः । चन्दनाक्षतपुष्पाद्यैर्वसनैः सद्भिरार्चयत् ॥ ३२
सिताज्यमिश्रैः पक्वान्नैर्भक्ष्यैर्भोज्यैश्च भूरिशः । सन्तर्पयामास स तान्नराधिप उदारधीः ॥ ३३
तस्मिन्महोत्सवे रात्रौ महत्यां भक्तसंसदि । स सत्सिंहासनारूढः शशी ऋक्षेष्विवाऽऽबभौ ॥ ३४
तत्रर्षयो गृहस्थाश्च सधवा विधवाः स्त्रियः । वीक्षमाणास्तमेवैकं निषेदुर्निखिला अपि ॥ ३५
तानुवाच हरिर्भक्तान्संशयः कस्यचिद्यदि । कश्चिद्धृदि भवेत्तर्हि पृच्छतेति नराधिप ! ॥ ३६

सम्प्रेरणेनाथ सतामखण्डानण्दस्तदा वर्णिवरः प्रणम्य ।
बद्धाञ्जलिस्तत्पुरतो निषण्णः पप्रच्छ तं सर्वविदं विनीतः ॥ ३७

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पञ्चालग्रामे दोलोत्सवनिरूपणनामा विंशोऽध्यायः ॥ २० ॥*

---

**અન્ય ગામવાસી સર્વે ભક્તજનોએ પણ શ્રદ્ધા પૂર્વક પૂજન કર્યું.[૩૧] હે રાજન્ ! પછી ભાઈ અનુપસિંહને સાથે રાખી હેમંતસિંહ રાજાએ ચંદન, ચોખા અને પુષ્પો તેમજ વસ્ત્રોવડે સર્વે સંતોની પણ ભાવથી પૂજા કરી.[૩૨] અને ઘી સાકર યુક્ત અનેક પ્રકારનાં ભક્ષ્ય, ભોજ્યાદિ પકવાન્નો જમાડી શ્રીહરિએ સહિત સંતોને ખૂબ જ તૃપ્ત કર્યા.[૩૩] તે ફુલડોલના મહોત્સવમાં રાત્રીને વિષે સંતો ભક્તોની મહા વિશાળ સભામાં સુંદર સિંહાસન ઉપર શ્રીહરિ વિરાજમાન થયા અને જેમ તારામંડળને મધ્યે ચંદ્રમા શોભે તેમ શોભવા લાગ્યા.[૩૪] તે સમયે સર્વે સંતો ગૃહસ્થ ભક્તજનો અને સધવા-વિધવા સર્વે સ્ત્રીઓ પણ એક ભગવાન શ્રીહરિના મુખકમળનું જ દર્શન કરતાં કરતાં સભામાં બેઠાં હતાં.[૩૫]**

**હે રાજન્ ! તે સમયે શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! જો કોઈના મનમાં કાંઈ સંશય હોય તો પ્રશ્ન પૂછો.[૩૬] ત્યારે શ્રીહરિની આગળ જ બેઠેલા વર્ણિવર શ્રીઅખંડાનંદ બ્રહ્મચારી વિનયથી નમ્ર થઈ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની પ્રેરણાથી બે હાથ જોડી સર્વજ્ઞ શ્રીહરિને નમસ્કાર કરી પ્રશ્ન પૂછવા લાગ્યા.[૩૬-૩૭]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પંચાળા ગામમાં ફુલડોલોત્સવ આદિ અનેક ઉત્સવો ઉજવ્યાનું નિરૂપણ કર્યું એ નામે વીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૦--**

---

## एकवींशोऽध्यायः - २१

अखण्डानन्द उवाच –

भगवन् ! ब्रह्मविद्यायाः सम्यग्वेत्ता प्रवर्तकः । एक एव त्वमेवासि यत्र मुह्यन्ति सूरयः ॥ १
पृच्छाम्यतो महर्षीणामेषां प्रष्टुमभीष्टकम् । प्रश्नमेकं हि तं श्रुत्वा ब्रूहि तस्योत्तरं प्रभो ! ॥ २
एकमेवाद्वितीयं वै ब्रह्मेति वदति श्रुतिः । ब्रह्मैव खल्विदं सर्वमित्यपि श्रुतिशासनम् ॥ ३
एतन्मतमुपाश्रित्य जीवेश्वरजगन्त्यपि । मायामयानि मिथ्येति प्राहुः केचन पण्डिताः ॥ ४
नित्यानां नित्य इत्याद्याः श्रुतीरालम्ब्य केचन । जीवेश्वराणां नित्यत्वं विद्वांसोऽत्र वदन्ति हि ॥ ५
एतयोर्मतयोः स्वामिन् निर्णयं वक्तुमर्हसि । उभे सत्ये किमथवा तयोरेकमृतं मतम् ॥ ६

सुव्रत उवाच –

इति श्रुत्वा वचस्तस्य प्रोवाच स जगद्गुरुः । हर्षयन्मधुरैर्वाक्यैः सदःसंस्थानृषींश्च तम् ॥ ७

---

## અધ્યાય – ૨૧

## અખંડાનંદ બ્રહ્મચારીના પ્રશ્નથી શ્રીહરિએ દ્વૈત અને અદ્વૈત, જીવ અને ઈશ્વરનું વેદોની શ્રુતિઓ પ્રમાણે પ્રતિપાદન કર્યું.

અખંડાનંદ વર્ણી કહે છે, હે ભગવાન ! બ્રહ્મવિદ્યાને યથાર્થ જાણનારા અને પ્રવર્તાવનારા એક જ તમે છો. જે બ્રહ્મવિદ્યામાં શુદ્ધ પરંપરાના જ્ઞાનયુક્ત મુનિવરો પણ આત્મા અને પરમાત્મા સંબંધી જ્ઞાનનું નિરૂપણ કરવામાં મોહ પામી જાય છે.[૧] હે પ્રભુ ! તેથી આપની સન્મુખ બેઠેલા આ મુક્તાનંદ સ્વામી આદિ સંતોને પણ અતિશય પ્રિય એવો એક પ્રશ્ન હું તમને પુછું છું. તેનો ઉત્તર મને કહો.[૨] "એકમેવાદ્વિતીયં બ્રહ્મ" બ્રહ્મ એક જ છે તેમજ અદ્વિતીય પણ છે, એમ શ્રુતિમાં કહ્યું છે. તેમજ "સર્વં ખલ્વિદં બ્રહ્મ" આ બધું જ બ્રહ્મ છે. એ પ્રમાણે પણ શ્રુતિ વર્ણન કરે છે.[૩] આ બે શ્રુતિમાંથી પોતાના મનો કલ્પિત સિદ્ધાંતનો આશ્રય કરી કેટલાક શુદ્ધાદ્વૈતવાદી વિદ્વાનો જીવ, ઈશ્વર અને જગતને માયા કલ્પિત કહે છે. તેથી તે મિથ્યા છે, એમ પણ કહે છે.[૪] બીજી બાજુ "નિત્યો નિત્યાનામ્" એ આદિ શ્રુતિનો આશ્રય કરી આલોકમાં કેટલાક રામાનુજાચાર્યે પ્રતિપાદન કરેલા વિશિષ્ટાદ્વૈત મતના વિદ્વાનો જીવો તેમજ ઈશ્વરોને નિત્ય અને સત્ય કહે છે, હે સ્વામિન્ ! આ બે મતનો નિર્ણય શું છે ? તે અમને તમે કહો. બન્ને મત સત્ય છે કે, તેમાંથી એક મત સત્ય છે ?.[૫-૬]

श्रीनारायणमुनिरुवाच –

मुनयः ! शृणुत त्वं चाखण्डानन्द ! महामते ! द्वैताद्वैते वदन्तीनां श्रुतीनामाशयं ब्रुवे ॥ ८
ब्रह्मशब्दो मुख्यतया कृष्ण एव प्रवर्तते । भगवच्छब्दवद्विद्वन्निति जानीहि निश्चितम् ॥ ९
स्वरूपेण गुणैश्चापि निरवध्यतिशायिता । तस्यैवास्तीति ब्रह्माख्यामन्वर्थां श्रुतयो विदुः ॥ १०
ततोऽन्यत्र तु विज्ञेया तद्ध्यानोपासनेन वै । तत्साधर्म्यात्तदात्मत्वाब्रह्मसंज्ञानुरागतः ॥ ११
स्वरूपं च स्वभावश्च विभूतिश्च तथा गुणाः । नित्याः सन्ति हरौ ह्येतेऽन्यत्र त्वागन्तुका मताः ॥ १२
सत्यं ज्ञानमनन्तं च यः सर्वज्ञश्च सर्ववित् । इत्याद्याः श्रुतयोऽतस्तं तादृशं वर्णयन्ति हि ॥ १३

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનો અખંડાનંદ વર્ણીનો પ્રશ્ન સાંભળી જગદ્ગુરુ શ્રીહરિ મધુર વચનોથી સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી આદિ સંતો તથા અખંડાનંદ બ્રહ્મચારીને અતિશય આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા.[૭] શ્રીનારાયણ ભગવાન કહે છે, હે સંતો ! હે બ્રહ્મચારીઓ ! તમે સર્વે સાંભળો. જીવ-ઈશ્વરાદિકના અલગ અસ્તિત્ત્વનું વર્ણન કરતી દ્વૈતમતની શ્રુતિઓનો અભિપ્રાય તથા પરમાત્માની ઉપાસનાના બળે પ્રાપ્ત થયેલી નિર્વિકલ્પ સમાધિની સ્થિતિને કારણે સર્વત્ર દેખાતી એક પરમાત્માકારપણાની વૃત્તિને કારણે ઉચ્ચારાયેલી અદ્વૈતમતની શ્રુતિઓનો અભિપ્રાય હું તમને કહું છું.[૮]

**શુદ્ધાદ્વૈતમત** :– હે વિદ્વાન વર્ણી ! બ્રહ્મ શબ્દ છે તે ભગવત્ શબ્દની જેમ મુખ્યપણે પરમાત્મા શ્રીકૃષ્ણને માટે જ વપરાય છે. એમ પહેલું તમે નક્કી માનો.[૯] કારણ કે પોતાના સ્વરૂપથી જ્ઞાનાદિક ગુણોથી અને સ્વભાવ, વિભૂતિ આદિકના કારણે પણ કોઈ પણ જાતની અવધિ રહિતનું અનંતપણું તે બ્રહ્મ શબ્દવાચી પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનું જ છે. તેથી સર્વે શ્રુતિઓ તેને આવા પ્રકારના અર્થ સભર "બ્રહ્મ" એવા નામથી સંબોધે છે.[૧૦] હે વર્ણી ! એ પરમાત્મા શ્રીકૃષ્ણ સિવાય અક્ષરપુરુષાદિકને વિષે અન્યત્ર જે બ્રહ્મ નામથી સંબોધન કરવામાં આવ્યું છે, એ તો શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાન અને ઉપાસનાના બળને લીધે તેને વિષે થયેલા અતિશય સ્નેહપૂર્વકના તદાત્મ્યભાવને કારણે પ્રાપ્ત થયેલા સાધર્મ્યપણાથી જ કહેલું છે એમ જાણવું.[૧૧] એક પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ નિરંતર રહ્યા છે, જ્યારે અન્યત્ર આ ગુણો આગંતુક રહેલા છે. તેની સાક્ષી "નિરંજન પરમં સામ્યમુપૈતિ" એ શ્રુતિમાં તથા "ઈદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ" ઈત્યાદિ સ્મૃતિમાં સ્પષ્ટ મળે છે.[૧૨]

ईदृग्ब्रह्माभिधः कृष्णो लये ह्यात्यन्तिकेऽक्षरे । विलाप्य पुम्प्रकृत्यादि शिष्यते एक एव सः ॥ १४
तमेकं चाद्वितीयं च वदन्ति श्रुतयो द्विजः ! । स्थितं दिव्ये ब्रह्मपुरे निर्गुणं चेश्वरेश्वरम् ॥ १५
उपासनेन यस्तस्य प्राप्त आत्यन्तिकं लयम् । निर्विकल्पस्थितौ तं स योगी पश्यति केवलम् ॥ १६
ब्रह्मैव ब्रह्मविदिति श्रुतिवर्ण्यः स योगिराट् । महामुक्त इति प्रोक्तस्तत्त्वविद्भिर्द्विजोत्तम् ! ॥ १७

---

"સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ" બ્રહ્મ સત્ય સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ને અનંત સ્વરૂપ છે. "યઃ સર્વજ્ઞઃ સર્વવિત્" બ્રહ્મ સર્વજ્ઞ અને સર્વવિત્ છે, ઈત્યાદિ અનંત શ્રુતિઓ છે તે સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ અને ગુણથી યુક્ત પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનું જ વર્ણન કરે છે.[૧૩] આવી રીતના અપાર મહિમાવાળા તેમજ અનંત જગ્યાએ બ્રહ્મ શબ્દથી સંબોધન કરાયેલા પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન આત્યંતિક પ્રલયમાં અક્ષરબ્રહ્મશબ્દવાચી પોતાના પ્રકાશમય ધામને વિષે મહાપુરુષ તથા મહાપ્રકૃતિને તેમના કાર્યરૂપ અનંતકોટી બ્રહ્માંડોની સાથે લીન કરી એકલા જ વિરાજમાન રહે છે. સર્વેને લીન કરી દેતા હોવાને લીધે એકલા જ રહેતા હોવાથી અદ્વિતીય કહેલા છે. પરંતુ વસ્તુગત એકલા નથી. કારણ કે તે સમયે પણ પોતાના ભક્ત અનંત કોટિ મુક્તો પોતાની સાથે હોય છે. તે પણ શ્રુતિમાં કહેલું છે કે, "સ એકાકી ન રમતે" "યઃ સ્વભક્તેભ્યો રમતે" જેની શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાનના બળે કારણ શરીરની વાસના નષ્ટ થઈ જવાને લીધે ભગવાનની કૃપાથી દિવ્ય શરીરની પ્રાપ્તિ થઈ છે એવા અનંત પોતાના મુક્તભાવને પામેલા ભક્તોની સાથે જ તે સદાય આનંદ કરે છે. તે એકલા રમતા નથી.[૧૪]

હે દ્વિજ ! એટલા માટે જ વેદની શ્રુતિઓ દિવ્ય અક્ષરબ્રહ્મધામના નિવાસી પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને એક અદ્વિતીય નિર્ગુણ તેમજ ઈશ્વરોના પણ ઈશ્વર કહેલા છે.[૧૫] જે યોગીપુરુષ તે પરમાત્માની ઉપાસનાના બળે જ્ઞાનદ્વારા આત્યંતિક લયરૂપ મૂળપુરુષ અને પ્રકૃતિ આદિ સર્વસ્વનો અક્ષરબ્રહ્મના તેજમાં લય થયેલો જુએ છે. તે સમયે તે યોગીપુરુષ એક પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન સિવાયના ઈતર સર્વે વિકલ્પો જેના નાશ પામ્યા છે એવી નિર્વિકલ્પ સ્થિતિમાં રાચે છે, ત્યારે તેને કેવળ એક પરમાત્મા શ્રીકૃષ્ણ જ દેખાય છે. પોતાની નિર્વિકલ્પ સ્થિતિને કારણે બીજું સત્ય હોવા છતાં દેખાતું નથી. તેથી તે કહે છે કે એક બ્રહ્મ સત્ય છે, તે અદ્વિતીય છે. બાકી સર્વે મિથ્યા છે.[૧૬] હે વિપ્રોમાં ઉત્તમ બ્રહ્મચારી ! આ પ્રકારે બ્રહ્મ એવા શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને જાણનારો યોગી બ્રહ્મ થાય છે. શ્રીકૃષ્ણ

स सर्वे खल्विदं ब्रह्म तज्जलानिति पश्यति । शान्त आनन्दरूपं च सं शुद्धं ब्रह्मवित्तदा ॥ १८
विना ब्रह्मस्वरूपं स नोर्ध्वं नाधो न चान्तरे । न विश्वं नेश्वरं नैव जीवान् किञ्चिदपीक्षते ॥ १९
ईदृक्स्थितिं प्रापयितुं तीव्रवैराग्यवेगिनम् । गुरुश्चैकमिति श्रुत्या शिष्यं बोधयते विदम् ॥ २०
एकं ब्रह्मास्तीति वर्णिन्नेवं श्रुतिभिरुच्यते । नित्यानां नित्य इत्येवं यथोक्तं तच्च वच्मि वः ॥ २१

સિવાય અન્ય આકારોની તેને સ્ફુરણા જ થતી નથી. એક શ્રીકૃષ્ણમય થઈ જાય છે. એટલે બ્રહ્મને જાણનારો બ્રહ્મ થઈ જાય છે એમ શ્રુતિમાં કહ્યું છે. તેથી આવી રીતે બ્રહ્મના સાધર્મ્યપણાને પામેલા યોગીન્દ્રને તત્ત્વવેત્તા પુરુષો ''મહામુક્ત'' કહે છે.[૧૭] આ રીતે બ્રહ્મના સ્વરૂપને જાણનારો શાંતયોગી સર્વેમાં અંતર્યામીપણે રહેલા પરમાત્માને નિહાળી આ બધું જ બ્રહ્મ છે. તે પરમાત્મામાંથી જ મહાપુરુષ દ્વારા અનંતકોટિ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. તે પરમાત્મા બ્રહ્મ જ આનંદરૂપ છે. તે સર્વે શુદ્ધ થકી પણ અતિશય શુદ્ધ છે. આવા બ્રહ્મશબ્દવાચી એક ભગવાન શ્રીકૃષ્ણને જ તે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિવાળો મહામુક્ત યોગી જુએ છે.[૧૮] તે મહામુક્તયોગી બ્રહ્મસ્વરૂપ એવા શ્રીકૃષ્ણ ભગવાનના આકાર વિના ઉપર, નીચે અને મધ્યભાગે બીજું કાંઈ પણ નિહાળતો નથી. આ આખું જગત રહેલું હોવા છતાં પણ તેને કાંઈ પણ દેખાતું નથી. ઈશ્વરો એવા મહાપુરુષ, પ્રધાનપુરુષ કે વૈરાજપુરુષ રહેલા હોવા છતાં તેને દેખાતા નથી. વિશેષમાં શું ? અરે ... સર્વે જીવ પ્રાણીમાત્ર પોતાની આગળ જ રહેલા હોવા છતાં પણ નિર્વિકલ્પ સમાધિની સ્થિતિના ભાવમાં તે નિમગ્ન રહેતો હોવાથી તેને કંઈ દેખાતું નથી. માત્રને માત્ર સર્વત્ર કેવળ એક બ્રહ્મ એવા પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણજ દેખાય છે.[૧૯]

હે વર્ણી ! સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનની આવી એકાંતિક ભાવે ઉપાસના કરનારો ગુરુ તીવ્રવૈરાગ્યના વેગવાળા અને આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન ધરાવતા શિષ્યને આવી ઉપરોક્ત લક્ષણવાળી સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટે જ ''એકમેવાદ્વિતીયં બ્રહ્મ'' ''સર્વંખલ્વિદં બ્રહ્મ'' એ શ્રુતિઓનો બોધ આપે છે.[૨૦] હે વર્ણી ! આ પ્રમાણેની પરિસ્થિતિમાં શ્રુતિઓમાં ''બ્રહ્મ'' એક જ છે તેમજ અદ્વિતીય છે. આ બધુંજ બ્રહ્મ છે આવું ઉચ્ચારણ કરેલું છે. આ પ્રમાણે શુદ્ધાદ્વૈતવાદની કેમ પ્રવૃત્તિ થઈ તે સિદ્ધાંત કહ્યો. હવે ''નિત્યો નિત્યાનાં'' ઈત્યાદિ શ્રુતિઓના માધ્યમથી જીવો-ઈશ્વરો આદિકનું જેવી રીતે નિત્યપણું કહેલું છે તે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત તમને સમજાવું છું.[૨૧]

सेश्वराणां हि जीवानां लये प्राकृतिके तथा। आत्यन्तिकेऽपि नैवास्ति स्वरूपस्य विनाशनम् ॥ २२
लये प्राकृतिके देहौ विराट्सूत्रात्मसंज्ञितौ । ईश्वरस्य विलीयेते द्वावेव वर्णिसत्तम ! ॥ २३
अव्याकृतेन देहेन स आस्ते प्रकृतौ तदा । स्थूलसूक्ष्मौ तथा देहौ जीवानामपि नश्यतः ॥ २४
तिरोभवन्ति प्रकृतौ ते कारणशरीरिणः । प्रधानसंज्ञा वर्णीन्द्र ! सा तु प्रकृतिरुच्यते ॥ २५
तिरोभवति सा मूल प्रकृतौ च सपूरुषा । नतु स्वरूपतो नाशो ह्येतेषां भवति क्वचित् ॥ २६
आत्यन्तिके च प्रलये प्रकृतिः सापि पूरुषे । तिरोभवति सूर्यस्य प्रकाशे रजनी यथा ॥ २७

---

**વિશિષ્ટાદ્વૈતમત :–** હે વર્ણી ! પ્રાકૃતપ્રલયમાં તેમજ આત્યંતિક પ્રલયમાં પણ વૈરાજપુરુષાદિ સર્વે ઇશ્વરોએ સહિત સર્વે જીવોના પોતપોતાના સ્વતઃસિદ્ધ સ્વરૂપોનો વિનાશ થતો નથી. તો કોનો વિનાશ થાય છે ? તે કહું છું.[૨૨] હે વર્ણિશ્રેષ્ઠ ! પ્રાકૃત પ્રલયમાં વિરાટ અને સૂત્રાત્મા નામના ઇશ્વર એવા વૈરાજપુરુષનાં બન્ને શરીરો જ માત્ર કાળશક્તિના વેગે વિનાશ પામે છે.[૨૩] તે સમયે તે ઇશ્વર વૈરાજપુરુષ પોતાના ત્રીજા અવ્યાકૃત નામના શરીરવડે મૂળ પ્રકૃતિમાં તિરોભાવ પામીને રહે છે, અને તે જીવાત્માઓનાં પણ સ્થૂલ અને સૂક્ષ્મ આ બન્ને પ્રકારનાં શરીરો કાળશક્તિથી નાશ પામે છે, ત્યારે તે જીવાત્માઓનાં કારણ શરીર માત્ર રહે છે.[૨૪] તે કારણ શરીરે યુક્ત સર્વે જીવાત્માઓ જેમ ઉનાળામાં સર્વે બીજ પૃથ્વીમાં લીન રહે છે તેમ પ્રકૃતિમાં લીન થઇને રહે છે. હે વર્ણીન્દ્ર ! આ રીતે જીવ, ઇશ્વરો પોતાનામાં પ્રલયકાળે લીન થઇને રહે છે ત્યારે તે પ્રકૃતિને પ્રધાન એવા પ્રસિદ્ધ નામે કહેવામાં આવે છે.[૨૫] તે સમયે પોતાના પતિ એવા પુરુષની સાથે તે પ્રધાનપ્રકૃતિ મૂળપ્રકૃતિ એવી મહામાયાને વિષે લીન થઇ જાય છે. આ રીતે જીવ, ઇશ્વર, પ્રધાન અને પુરુષોનો પોતપોતાના સ્વરૂપનો ક્યારેય વિનાશ થતો નથી.[૨૬]

હે વર્ણી ! અને તે મૂળપ્રકૃતિ એવી મહામાયા પણ જીવ, ઇશ્વર, પ્રધાન અને પુરુષને પોતાના ઉદરમાં લઇ આત્યંતિક પ્રલયના સમયે સૂર્યના પ્રકાશમાં જેમ રાત્રી લય પામે તેમ તે મૂળપુરુષ એવા મહાપુરુષને વિષે લીન થઇને રહે છે.[૨૭] તે સમયે મહાપુરુષ પણ તે મહામાયાએ યુક્ત થઇ ભગવાનના અક્ષરબ્રહ્મધામના મહાતેજના એક પ્રદેશમાં ઉપશમ અવસ્થામાં બેસી જાય છે. તે સમયે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન કેવળ એકલા જ રહે છે. અર્થાત્ જગતના કારણભૂત મૂળપુરુષ સુષુપ્તિમાં ચાલ્યા ગયા હોવાથી એકલા રહેલા છે, એમ કહ્યું. પરંતુ વસ્તુગતે એકલા રહેતા નથી.[૨૮] કારણ કે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનના

स महान्पुरुषः साकं महत्या मायया तया । शेतेऽक्षरस्य प्रकाशे तदैकः कृष्ण एव हि ॥ २८
नष्टकारणदेहा ये मुक्ता ध्यानबलेन तु । कृष्णस्य दिव्यदेहैस्ते ब्रह्मण्येवासतेऽक्षरे ॥ २९
लयद्वयेऽपि नैतेषां स्वरूपेण विनाशनम् । भवतीति श्रुतिः सर्वान्नित्यानाह महामते ! ॥ ३०
उत्पत्तिकाले सर्वेऽपि पुंप्रकृत्यादयः पुनः । आविर्भवन्त्यमी विप्रः यथापूर्वे तदिच्छया ॥ ३१
अप्राकृतशरीरा ये मुक्तास्ते तु निजेच्छया आविर्भवन्ति ह्यथवा तेनावतरता सह ॥ ३२
नित्यानेताञ्छ्रुतिप्रोक्ताञ्ज्ञानिमुक्ता विदन्ति हि । कृष्णोपास्तिबलेनापि वीक्षन्ते च यथातथम् ॥ ३३
योगिनस्ते तु सम्पन्ना भक्तिज्ञानविरक्तिभिः । समाधिं सविकल्पं हि प्राप्ता इत्यवगम्यताम् ॥ ३४

---

ધ્યાનના બળે કારણ શરીરની વાસના નષ્ટ થઈ જવાને લીધે ભગવાનની કૃપાને કારણે દિવ્ય બ્રહ્મમય શરીરને પામેલા મુક્ત પુરુષો અક્ષરબ્રહ્મધામમાં ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં હાજર રહેલા હોય છે.[૨૯]

હે મહાબુદ્ધિશાળી વર્ણી ! આ પ્રમાણેના બે પ્રકારના પ્રાકૃતપ્રલય અને આત્યંતિક પ્રલયમાં પણ સર્વે મહાપુરુષાદિકનો સ્વરૂપથી વિનાશ નથી થતો. તેથી જ વેદની ''નિત્યો નિત્યાનાં'' ઈત્યાદિ શ્રુતિ સર્વે જીવ ઈશ્વરાદિકને નિત્ય કહે છે.[૩૦] હે વિપ્ર ! ફરી શ્રીકૃષ્ણ ભગવાનના સંકલ્પથી બ્રહ્માંડોના ઉત્પત્તિ સમયે મહાપુરુષ, મહાપ્રકૃતિ, પ્રધાન પુરુષ, વૈરાજપુરુષ, બ્રહ્માદિક દેવતાઓ અને સર્વે જીવો પોતાના અવ્યાકૃત ભાવને છોડી પૂર્વની માફક જ અલગ અલગ સ્વસ્વરૂપના નામરૂપના વ્યક્ત ભાવને પામે છે.[૩૧] હે વર્ણી ! આત્યંતિક પ્રલયમાં પણ અક્ષરબ્રહ્મધામને વિષે બ્રહ્મમય દિવ્ય શરીરે ભગવાનની સેવામાં રહેલા મુક્ત પુરુષો પણ મુમુક્ષુજીવોના આત્યંતિક કલ્યાણ કરવા પોતાની ઈચ્છામાં આવે તો અથવા પોતાના સ્વામી એવા પરમાત્માની ઈચ્છારૂપ આજ્ઞા થાય તો ભગવાન વિના કેવળ એકલાજ આ બ્રહ્માંડમાં પ્રગટ થાય છે. અથવા પોતાના ભક્તજનોના આનંદ માટે કે સદ્ધર્મની સ્થાપના માટે બ્રહ્માડોમાં અવતાર લેતા સ્વયં ભગવાનની સાથે મુક્તો પ્રગટ થાય છે.[૩૨] આવા પ્રકારના સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનની એકાંતિકી ઉપાસનાના બળે પ્રાપ્ત થયેલી સામર્થીવાળા ''જ્ઞાની મુક્ત'' નામવાળા યોગીપુરુષો છે. તે ''નિત્યો નિત્યાનાં'' એ આદિ શ્રુતિમાં બતાવેલા નિત્ય જીવાત્માઓના સ્વરૂપને તેમજ નિત્ય વૈરાટાદિ ઈશ્વરોના સ્વરૂપને યથાર્થ જાણે છે. અને પ્રત્યક્ષ જુએ છે પણ ખરા.[૩૩] સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એવા જ્ઞાની મુક્તપુરુષો સવિકલ્પ સમાધિને પામ્યા છે. એમ તમે જાણો.[૩૪]

मेरौ स्थिता यथा तस्मादवरान्पर्वतान्नराः । वीक्षन्ते च द्रुमान्सर्वांस्तदाधारं च भूतलम् ॥ ३५
सविकल्पसमाधिस्था ज्ञानिमुक्तास्तथेश्वरम् । मायां जीवांश्च वीक्षन्ते ब्रह्म चेति पृथक् पृथक् ॥ ३६
लोकालोकाचलस्थाश्च यथा वा पुरुषा द्विज ! । पश्यन्त्येकं भूतलं नो सर्वानपि नगान् द्रुमान् ॥ ३७
तथैव ते महामुक्ता निर्विकल्पसमाधयः । ब्रह्मैकमेव वीक्षन्ते जीवेशादीन्न तु पृथक् ॥ ३८
कृष्णोपास्तिबलस्याथ तारतम्यवशादमी । त्रिविधा भुवि कथ्यन्ते निर्विकल्पसमाधयः ॥ ३९

---

**બન્ને મતનું સત્યપણું સમજાવવા દૃષ્ટાંત :–** હે વર્ણી ! જ્ઞાનીમુક્તો છે તે સર્વે નિત્ય સ્વસ્વરૂપે રહેલા જીવાત્માઓ તથા ઈશ્વરોને યથાર્થપણે સદાય નિહાળે છે. પરંતુ મહામુક્તો છે તે સર્વે નિત્ય હોવા છતાં પણ તેને નિહાળતા નથી. કેવળ એક ભગવાનને જ નિહાળે છે. તેથી જ શ્રુતિઓમાં આવા પ્રકારનું જુદું જુદું વર્ણન કરેલું છે. તે બન્ને બાબત સત્ય છે. તે તમને દૃષ્ટાંતથી સમજાવું છું. જેવી રીતે મેરુ પર્વત ઉપર ઊભેલા મનુષ્યો તે પર્વતથી નીચે રહેલા સર્વે નાના નાના પર્વતો, સર્વે વૃક્ષો, તેના આધારભૂત પૃથ્વીનું તળિયું એ સર્વેને અલગ અલગ જોઈ શકે છે. તેમજ ઉપર દૃષ્ટિ કરે તો સૂર્ય આદિક સર્વેને પણ અલગ અલગ જોઈ શકે છે.[૩૫] તેવીજ રીતે સવિકલ્પ સમાધિવાળા જ્ઞાનીમુક્તો છે તે સર્વે જીવપ્રાણી માત્રને જોઈ શકે છે. વૈરાટાદિ ઈશ્વરોને પણ જોઈ શકે છે. બે પ્રકારની પ્રધાન અને મૂળમાયાને પણ જોઈ શકે છે. મૂળપુરુષને અને સર્વેનો આધાર એવા અક્ષરબ્રહ્મધામને પણ જોઈ શકે છે, અને પોતાના ઈષ્ટદેવ એવા પરમાત્મા ભગવાનને પણ જોઈ શકે છે. આ રીતે જ્ઞાનીમુક્તો સર્વેને અલગ અલગ જોઈ શકે છે.[૩૬]

અને જ્યારે મહામુક્તભાવને પામેલા યોગીપુરુષો આ રીતે જોઈ શકતા નથી. હે વર્ણી ! જેવી રીતે લોકાલોક પર્વત ઉપર ઊભેલા મનુષ્યો બહુ જ ઊંચે હોવાથી નીચે સમાનતળે દેખાતી કેવળ એક પૃથ્વીને જ જુએ છે. પરંતુ તે પૃથ્વી પર રહેલા સર્વે અલગ અલગ પર્વતો કે વૃક્ષોને જોઈ શકતા નથી.[૩૭] એવી રીતે નિર્વિકલ્પ સમાધિના ભાવને પામેલા મહામુક્તો છે તે કેવળ એક ''બ્રહ્મ'' એવા શ્રીકૃષ્ણ ભગવાનને જ જુએ છે. પરંતુ વસ્તુગતે અલગ અલગ અસ્તિત્વ ધરાવતા જીવ ઈશ્વરાદિકને અલગપણે જોઈ શકતા નથી. કારણ કે તેની સ્થિતિ બહુજ ઊંચી છે.[૩૮] હે વર્ણી ! આવી નિર્વિકલ્પ સમાધિની સ્થિતિને પામેલા મહામુક્તોમાં પણ શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસનાના તારતમ્યતાના ભેદથી અર્થાત્ ન્યૂનાધિક ભાવના ભેદથી આ પૃથ્વી પર તે મહામુક્તોમાં પણ ત્રણ પ્રકારના ભેદ કહેલા છે.[૩૯]

सुषुप्ताविह जीवस्य बुद्धिन्द्रियमनोलयात् । सुखं चोपशमो यादृग्वर्तते वर्णिसत्तम ! ॥ ४०
साक्षात्कृष्णे यस्य पुंसो बुद्धीन्द्रियमनोलयात् । तादृक् सुखं चोपशमो जाग्रति स्यात्स आदिमः ॥ ४१
सुषुप्तौ प्रलयाख्यायां ब्रह्माण्डस्याभिमानिनः । लयात्त्रिलोक्या ईशस्य सुखं यादृक्र शान्तता ॥ ४२
साक्षात्कृष्णे यस्य पुंसो बुद्धीन्द्रियमनोलयात् । तादृक् सुखं चोपशमो जाग्रति स्यात्स मध्यमः ॥ ४३
विराट्तत्कारणैः साकं प्रधानस्य लयाद्यथा । प्रकृतौ प्राकृतलये सुखं पुंसश्च शान्तता ॥ ४४
साक्षात्कृष्णे यस्य पुंसो बुद्धिन्द्रियमनोलयात् । तथा सुखं चोपशमो जाग्रति स्यात्स चान्तिमः ॥ ४५

---

**પ્રથમકોટીના મહામુક્ત :–** હે વર્ણીશ્રેષ્ઠ ! આલોકમાં જેવી રીતે સુષુપ્તિ અવસ્થામાં ચાલ્યા જતા જીવને બુદ્ધિ, ઈન્દ્રિય તેમજ મનનો લય થવાથી જે આનંદ અને ઉપશમ અવસ્થાનું સુખ વર્તે છે.[૪૦] તેવી જ રીતે જે નિર્વિકલ્પ સમાધિ સ્થિતિના ભાવને પામેલા મહામુક્ત યોગીપુરુષને જાગ્રત સ્વપ્રમાં પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિષે બુદ્ધિ, ઈન્દ્રિયો અને મન લય થઈ જતા હોવાથી, તેવું જ સુખ, આનંદ અને ઉપશમ અવસ્થાની સ્થિતિ રહે છે. તેને પ્રથમ કોટીના મહામુક્ત કહેલા છે.[૪૧]

**દ્વિતીય મધ્યમ કોટીના મહામુક્ત :–** હે વર્ણિશ્રેષ્ઠ ! જેવી રીતે રાત્રી પ્રલય નામની સુષુપ્તિ અવસ્થામાં ત્રિલોકીનો લય થઈ જવાથી આ બ્રહ્માંડાભિમાની વૈરાજપુરુષને જેટલું સુખ તથા ઉપશમની શાંતિ અનુભવાય છે.[૪૨] તેવી જ રીતનું જે મહામુક્ત પુરુષને જાગ્રત અવસ્થાને વિષે પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે બુદ્ધિ, ઈન્દ્રિય અને મનનો લય થઈ જવાથી તેટલું મહા સુખ તથા શાંતિ અનુભવાતી હોય તેને મધ્ય કોટિનો મુક્ત કહેલો છે.[૪૩]

**તૃતીય ઉત્તમકોટીના મહામુક્ત :–** હે વર્ણીશ્રેષ્ઠ ! જેવી રીતે પ્રાકૃત પ્રલયમાં મૂળપ્રકૃતિરૂપ મહામાયાને વિષે વિરાટ તેમજ તેમની ઉત્પત્તિના કારણભૂત ચોવીસ મહતત્ત્વાદિક તત્ત્વોએ યુક્ત પ્રધાનપ્રકૃતિનો લય થઈ જવાથી જેટલી પ્રધાનના અધિષ્ઠાતા પુરુષને સુખ અને શાંતિ વર્તે છે.[૪૪] તેવી જ રીતે મહા મુક્તયોગી પુરુષને જાગ્રત અવસ્થાને વિષે પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પોતાની બુદ્ધિ, ઈન્દ્રિય, અને મનનો લય થઈ રહેતો હોવાથી તેટલી સુખ અને શાંતિ વર્તે છે, તેને ઉત્તમપ્રકારનો મુક્ત કહેલો છે.[૪૫]

હે વર્ણી ! શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી જે સુખ છે એ સુખ અન્ય સર્વ સુખો જેવાં કે સુષુપ્તિ આદિનાં સુખો તથા અક્ષરબ્રહ્મનાં સુખો થકી પણ અતિશય અધિક

कृष्णसम्बन्धि सौख्यं यत्सर्वसौख्याधिकं हि तत् । दृष्टान्तमात्रमेतत्तु सुषुप्त्यादि समीरितम् ॥ ४६
इत्थं हि ते महामुक्ता भवन्ति त्रिविधा द्विज ! । उत्तरोत्तरतः श्रेष्ठाः कथ्यन्ते स्थितिवेदिभिः ॥ ४७
निर्विकल्पस्थितिबलादुन्मत्ता ब्रह्मदृष्टयः । जीवेशान्कल्पितान्प्राहुरिति जानीहि निश्चितम् ॥ ४८
एकत्वमेवं वर्णीन्द्र ! पृथक्त्वं चावगम्यताम् । श्रुतिप्रामाण्यतो विद्धि सत्यमेव मतद्वयम् ॥ ४९
ये तु नैवं स्थितिं प्राप्ता ब्रह्मैक्यं शास्त्रमात्रतः । बुद्ध्वा यथेष्टाचरणं कुर्वते ते पतन्त्यधः ॥ ५०
तादृशाः स्वकृतं पापं स्वशिष्याणां च पातकम् । आर्तनादं प्रकुर्वन्तो बोभुज्यन्ते यमालये ॥ ५१
ब्रह्मशब्दद्वयं यत्र प्रोक्तं स्यात्तत्र तु द्विज ! । आद्यं तु भगवद्धाम ज्ञातव्यं बृहदक्षरम् ॥ ५२

---

છે. એમ અનંત શ્રુતિઓમાં કહેલું છે. તે પ્રસિદ્ધ છે. આ રીતે પૂર્વોક્ત સુષુપ્તિ આદિ અવસ્થાનાં સુખ તો માત્ર અહીં દૃષ્ટાંતરૂપે જ કહેલાં છે.[૪૬] હે વિપ્ર ! આ પ્રમાણે તે મહામુક્તોના ત્રણ પ્રકારના ભેદ છે. નિર્વિકલ્પ સમાધિના પ્રકારને જાણનારા અનુભવી પુરુષો તેને ઉત્તરોત્તર શ્રેષ્ઠ કહે છે.[૪૭] કેવળ એક શ્રીકૃષ્ણ ભગવાનના જ આકારવાળી બ્રહ્મમયદૃષ્ટિને પામેલા મહામુક્તો નિર્વિકલ્પ સ્થિતિના બળથી ઉન્મત્ત જેવી અવસ્થાને પામે છે. ત્યારે સ્વરૂપે વાસ્તવિક હોવા છતાં પણ જીવ, ઈશ્વર, માયા અને પુરુષાદિકને કલ્પિત મિથ્યા કહે છે. અને એ પ્રમાણે જાણે અને જુએ છે પણ ખરા. એમ તમે નક્કી જાણો.[૪૮] હે વર્ણીન્દ્ર ! આ પ્રમાણે ''એકમેવાદ્વિતીયં બ્રહ્મ'' એ શ્રુતિમાં કહેલું બ્રહ્મનું એકત્વ અને અદ્વિતીયત્વ સત્ય છે. તથા ''નિત્યો નિત્યાનાં'' એ શ્રુતિમાં કહેલું જીવ, ઈશ્વરાદિકનું પૃથક્ત્વ પણ સત્ય છે. એમ તમે નક્કી જાણો. બન્ને પ્રકારની શ્રુતિના પ્રમાણથી મેં કહ્યું એ રીતે બન્ને મત સત્ય છે.[૪૯] પરંતુ જે જ્ઞાની પુરુષો આવા પ્રકારની સ્થિતિ પામ્યા ન હોય છતાં કેવળ શાસ્ત્રના શબ્દમાત્રથી એક બ્રહ્મનું સત્યપણું અને જીવ ઈશ્વરાદિકનું મિથ્યાપણું જાણી પોતે બ્રહ્મભાવને ન પામ્યો હોવા છતાં પોતાને બ્રહ્મથી અભેદ જાણી શાસ્ત્રવિરૂદ્ધ યથેષ્ટ આચરણ કરે છે. તે પુરુષો અધોગતિને પામે છે.[૫૦]

હે વર્ણીન્દ્ર ! આવા પ્રકારના જ્ઞાની પુરુષોએ પોતે કરેલાં પાપ તથા પોતાના ઉપદેશથી શિષ્યોએ કરેલાં પાપના ફળને યમપુરીમાં ''એ ... મરી ગયા, બચાવો બચાવો'' આ પ્રમાણે આર્તનાદ કરી કરીને ભોગવે છે.[૫૧] હે વિપ્ર ! જ્યાં શાસ્ત્રમાં એક જગ્યાએ બે બ્રહ્મ શબ્દનો પ્રયોગ કર્યો હોય જેમ કે, ''બ્રહ્મૈવસન્બ્રહ્માપ્યેતિ'' ત્યાં પ્રથમ બ્રહ્મ શબ્દથી ભગવાનના અધો ઊર્ધ્વ પ્રમાણે રહિત અક્ષરધામનો વાચક જાણવો.૫૨ અને બીજો બ્રહ્મ શબ્દ તો સર્વ કારણના કારણ અક્ષરબ્રહ્મ થકી પણ

द्वितीयं तु स्वयं कृष्णः सर्वकारणकारणम् । अक्षरात्पर इत्युक्तो दिव्याङ्गश्चेति बुध्यताम् ॥ ५३
भेदो हि वास्तवो नूनं जीवेशब्रह्मणां हरेः । नित्यानां नित्य इत्यादिश्रुतिभिः प्रतिपादितः ॥ ५४
ब्रह्मवित्परमाप्नोतीत्येषा श्रुतिरपि स्फुटम् । प्राह ब्रह्मविदां सेव्यं परंब्रह्मेति सन्मते ! ॥ ५५
आत्मा शरीरं यस्यास्ति नैवात्मा वेत्ति यं तथा । य आन्तरो यमयति ह्यात्मानममृतः प्रभुः ॥ ५६
शरीरमक्षरं यस्य नैव यं वेत्ति चाक्षरम् । आन्तरो यो यमयति ह्यक्षरं सोऽमृतः प्रभुः ॥ ५७
इत्याद्यर्थाः श्रुतिगणास्त्वक्षरब्रह्मणोऽपि च । प्राहुः कृष्णशरीरत्वं तद्भिन्नत्वं तथा स्फुटम् ॥ ५८
अक्षरस्यापि चेन्नास्ति ब्रह्मणः कृष्णरूपता । कुतस्तरां तदेशस्य जीवस्य तु कुतस्तमाम् ॥ ५९

---

**પર સદાય દિવ્યમૂર્તિધારી સાક્ષાત્ શ્રીવાસુદેવનારાયણ પુરુષોત્તમ વાચક જાણવો.[૫૩]**

**હે વર્ણીન્દ્ર ! "નિત્યો નિત્યાનામ્" એ આદિક શ્રુતિઓએ પ્રતિપાદન કરેલો જીવ, ઈશ્વર, બ્રહ્મ અને સાક્ષાત્ શ્રીહરિના સ્વરૂપનો વાસ્તવિક સ્વસ્વરૂપથી પરસ્પરનો ભેદ પૂર્ણ સત્ય છે.[૫૪] હે સદ્બુદ્ધિવાળા વર્ણી ! શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસનાથી બ્રહ્મભાવને પામેલો મુક્તપુરુષ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનને પામે છે. અર્થાત્ સેવાની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હોવાથી તેમની સેવામાં રહે છે. આ શ્રુતિ પણ બ્રહ્મજ્ઞાનીઓને સેવવા યોગ્ય એક પરબ્રહ્મ જ છે એમ સ્પષ્ટ કહે છે.[૫૫] હે વર્ણીન્દ્ર ! "યઃ આત્મનિ તિષ્ઠન્" ઈત્યાદિ તથા "યસ્યાત્મા શરીરમ્" ઈત્યાદિ તથા "યસ્યાક્ષરં શરીરમ્" ઈત્યાદિ શ્રુતિઓમાં જે પરમાત્માનો આ આત્મા પરતંત્ર હોવાથી શરીર છે છતાં એ આત્મા પરમાત્માને જાણતો નથી. તથા જે પરમાત્મા આત્માને વિષે અંતર્યામી સ્વરૂપે વિરાજી આત્માનું નિયમન કરે છે. તે આત્માને પોતપોતાનાં કર્મ પ્રમાણે તેનું ફળ આપી તે કર્મફળ ભોગવે છે. તે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન અમૃત સ્વરૂપ છે.[૫૬] તેનું જે અક્ષરબ્રહ્મ છે તે શરીર છે. છતાં અક્ષરબ્રહ્મ તેને જાણતા નથી. પરમાત્મા અક્ષરબ્રહ્મનું અંતર્યામીપણે તેનામાં રહી તેનું નિયમન કરે છે. તે પરમાત્મા સદાય અમૃતસ્વરૂપ, આનંદસ્વરૂપ છે.[૫૭] આ પ્રમાણેનો અર્થ બોધ કરાવનારી શ્રુતિઓનો સમુદાય બ્રહ્મ શબ્દવાચી અક્ષરને પણ અન્ય બ્રહ્મ શબ્દવાચી પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનું શરીર કહે છે. તેમજ પરમાત્માથી તેનું ભિન્ન સ્વરૂપે સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે.[૫૮]**

**હે વર્ણીન્દ્ર ! જો અક્ષરબ્રહ્મનું પણ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનની સાથે સામ્યપણું ન હોય તો પુરુષાદિ ઈશ્વરોનું તો શ્રીકૃષ્ણ સ્વરૂપે વર્ણન કેવી રીતે કરી શકાય ? તેમાં પણ જીવાત્માઓને તો શ્રીકૃષ્ણ સ્વરૂપે તો કહી જ ક્યાંથી શકાય ?**

ततो निःसंशयो भूत्वा मुमुक्षुः सर्वथा हरिम् । यो भजेत स मुक्तः स्यादितरः संसृतिं व्रजेत् ॥ ६०
श्रीमद्रामानुजाचार्यैरयमर्थः सविस्तरम् । निर्णीतोऽस्ति महाभाष्ये सङ्क्षेपात्स मयोदितः ॥ ६१

**सुव्रत उवाच –**

इत्युक्तं श्रुतिसिद्धान्तं हरिणा स नराधिप ! । वर्णी च साधवः श्रुत्वा तं नेमुर्नष्टसंशयाः ॥ ६२
स्वस्वस्थानं ततो गन्तुं तानाज्ञाप्याखिलान्निजान् । प्रभुः स्वयं निजावासमाजगाम दयानिधिः ॥ ६३

इत्थं हरिस्तत्र स वाग्विलासैरानन्दतयन्नन्वहमेव भक्तान् ।
हेमन्तसिंहस्य मनोरथं च सम्पूरयन्भक्तगणैरुवास ॥ ६४ ॥

*इति सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पञ्चालग्रामे द्वैताद्वैतप्रतिपादकश्रुत्यर्थनिर्णयनिरूपणनामैकविंशोऽध्यायः ॥ २१॥*

---

**કારણ કે શ્રુતિ પણ ના પાડે છે કે, ''ન તત્સમશ્ચાભ્યધિકશ્ચ દશ્યતે''[૫૯] માટે જે મુમુક્ષુ હોય તેતો મેં કહેલા અર્થ પ્રમાણે સંશય રહિત થઈને ભગવાન શ્રીહરિનું ભજન કરે છે તે અંતે મુક્ત થાય છે. અને મેં કહ્યું તેવા અર્થમાં સંશયવાળા થઈ ભમે છે તે જન્મ મરણરૂપ સંસૃતિમાં ભમ્યા કરે છે.[૬૦] હે વર્ણીન્દ્ર ! મેં આ જે અર્થ કહ્યો તે સિદ્ધાંતનો નિર્ણય શ્રીમદ્ રામાનુજાચાર્યના મહાભાષ્યમાં વિસ્તારપૂર્વક વર્ણન કરેલો છે. તેને મેં સંક્ષેપથી કહેલો છે.[૬૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલા શ્રુતિઓના સિદ્ધાંતને સાંભળીને અખંડાનંદ વર્ણી તથા મુક્તાનંદ સ્વામી આદિ સંતો અતિશય નિઃસંશયી થયા ને ભગવાન શ્રીહરિને વંદન કર્યા.[૬૨] પછી દયાનિધિ ભગવાન શ્રીહરિએ પોતાના સમગ્ર સંતો, ભક્તોને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા આપી અને સ્વયં પણ પોતાના ઉતારે પધાર્યા.[૬૩] હે રાજન્ ! આ રીતે શ્રીહરિ તે પંચાળા ગામમાં પોતાના વાણી વિલાસથી પ્રતિદિન ભક્તજનોને આનંદ આપતા હેમંતસિંહ રાજાનો મનોરથ પૂર્ણ કરતા ત્યાં જ નિવાસ કરીને રહ્યા.[૬૪]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પંચાળા ગામે ભગવાન શ્રીહરિએ દ્વૈતાદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓના અર્થનું નિરૂપણ કર્યું એ નામે એકવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૧--**

## द्वावींशोऽध्यायः - २२

**सुव्रत उवाच –**

तस्माद्ग्रामात्पश्चिमायां दिशि किंशुकानने । उटजाः कारिता राज्ञा मुनीनामभवञ्छुभाः ॥ १ ॥
एकदा पापमोचन्यामेकादश्यां निशि प्रभुः । जगाम कतिभिश्चित्स्वैः पार्षदैः सह तत्र सः ॥ २
उत्तमेन च सोमेन हेमन्तेन सबन्धुना । अन्वितश्च मुकुन्देन तथा रत्नजिदादिभिः ॥ ३
ददर्श तत्र स मुनीन्कुर्वतो व्रतजागरम् । हल्लीषकेण गीतेन तालीवाद्ययेन यूथशः ॥ ४
तेऽपि तं वीक्ष्य संहृष्टा नत्वा सत्वरमुत्तमम् । वटान्तिके ददुः पीठं न्यषीदत्तत्र सोऽच्युतः ॥ ५
तदाज्ञया पुनश्चक्रुस्ते च हल्लीषकं ततः । सिंहासनं तदभितो भ्रमन्तस्तन्मुखेक्षणाः ॥ ६
विचित्रपद्यगीतैस्तं हासयन्तः स्मिताननम् । अचिकीर्तन् गुणांस्तस्य निशीथोऽथाभ्यपद्यत ॥ ७

---

# અધ્યાય - ૨૨

## પંચાળામાં શ્રીજીમહારાજ રસીયો રાસ રમે.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પંચાળા ગામથી પશ્ચિમ દિશામાં ખાખરાના વનમાં હેમંતસિંહ રાજાએ સંતોના નિવાસ માટે શોભાયમાન પર્ણશાળાઓ બનાવી હતી.[૧] તેમાં સંવત ૧૮૭૭ ના ફાગણવદ પાપમોચની એકાદશીની રાત્રીએ ભગવાન શ્રીહરિ પોતાના કેટલાક પાર્ષદોને સાથે લઈને ત્યાં પધાર્યા.[૨] તે પાર્ષદોમાં ગઢપુરના ઉત્તમરાજા, બોટાદના સોમલાખાચર, ભાઈ અનુપસિંહની સાથે હેમંતસિંહરાજા, મુકુંદ બ્રહ્મચારી અને રતનજી આદિ સર્વે પાર્ષદોની સાથે શ્રીહરિએ ઝૂંપડીઓના આંગણામાં તાલિકાઓનો ધ્વનિ કરતા કરતા ઘણા સંતો સાથે મળી મંડલાકારે ભ્રમણ કરી ગીતોનું ગાન કરતા જાગરણ કરી રહ્યા હતા, તેમને નિહાળ્યા.[૩-૪] હે રાજન્ ! પોતાની ઝૂંપડીએ પધારેલા શ્રીહરિનાં દર્શન થતાં સર્વે સંતો દોડીને સન્મુખ જઈ નમસ્કાર કર્યા ને અતિશય રાજી થઈ તત્કાળ વડની સમીપમાં ઉત્તમ સિંહાસન સ્થાપન કર્યું, તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા.[૫] પછી શ્રીહરિની આજ્ઞાથી સર્વે ફરી સિંહાસનની ફરતે મંડલાકારે પરિભ્રમણ કરી રાસ રમવા લાગ્યા અને શ્રીહરિના મુખારવિંદનું દર્શન કરતા કરતા ગીતોનું ગાન કરવા લાગ્યા.[૬] સ્વાભાવિકપણે મંદમંદ મુખહાસ કરતા શ્રીહરિને સંતો અનેક પ્રકારના પદોનું ગાન કરી હાસ્ય ઉપજાવી રહ્યા હતા. તેવામાં અર્ધ રાત્રીનો સમય પસાર થઈ ગયો.[૭]

श्रान्तास्तदानीं मुनयो निषेदुस्ते हरेः पुरः । प्रसन्नं तन्मुखं प्रीत्या वीक्षमाणाः स्थिरासनाः ॥ ८
अथ तत्रेच्छया तस्य ददृशुः सहसैव ते । सहोत्थकोटिसूर्येन्दुतुल्यं श्वेतं महन्महः ॥ ९
श्वैत्यं तेन च ते सर्वे प्रापुर्भूः खं दिशोऽष्ट च । तत्रापश्यन्महःपुञ्जे स्वेशं ते दिव्यदर्शनम् ॥ १०
दिव्यसिंहासनारूढं नवीनजलदासितम् । सुधांशुकोटिसंकाशं दिव्यां भरणभूषितम् ॥ ११
दिव्यपीताम्बरधरं दिव्यगन्धानुलेपनम् । दिव्यैः सुरभिभिः पौष्पैः शोभितं हारशेखरैः ॥ १२
सुभ्रूलतं सुनासं च पद्मपत्रायतेक्षणम् । स्निग्धबिम्बफलाभोष्ठं सस्मिताननपङ्कजम् ॥ १३
अनर्घ्यमौक्तिकसमदन्तावलिविराजितम् । धृत्वा कराभ्यां मुरलीं वादयन्तं मनोहरम् ॥ १४
दधतं कौस्तुभं कण्ठे वनमालां च शोभनाम् । विशालहृदयद्योतच्छ्रीवत्सं सुकिरीटिनम् ॥ १५

---

**સંતોને થયું શ્રીહરિનું દિવ્યદર્શન :–** હે રાજન્ ! તે સમયે પરિશ્રમ પામેલા સર્વે સંતો પ્રસન્નમુખે વિરાજી રહેલા શ્રીહરિનું અતિશય પ્રેમથી દર્શન કરતા સ્થિર આસને શ્રીહરિની સન્મુખ બેઠા.[૮] તે સમયે અચાનક સર્વે સંતો તથા પાર્ષદો પણ શ્રીહરિના દિવ્ય સંકલ્પથી એક સાથે ઉદય પામેલા કોટી કોટી સૂર્યની સમાન તથા ચંદ્રમાની સમાન અતિશય ઉજ્જવલ મહાતેજનું દર્શન કરવા લાગ્યા.[૯] તે તેજથી સર્વે સંતો, પૃથ્વી, આકાશ તથા આઠે દિશાઓ અતિશય શ્વેત તેજોમય બની ગઈ, તે તેજને વિષે દર્શનીય દિવ્યસ્વરૂપે પોતાના સ્વામી શ્રી નારાયણમુનિ ભગવાનનું સર્વે દર્શન કરવા લાગ્યા.[૧૦]

હે રાજન્ ! તે તેજની મધ્યે શ્રીહરિ દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન હતા. નવીન મેઘની સમાન શ્યામ સુંદર વર્ણમાં શોભી રહ્યા હતા. ચંદ્રમાના કોટિ કોટિ કિરણોની સમાન આહ્લાદક જણાતા હતા.[૧૧] સુંદર દિવ્ય પીતાંબર આદિ સર્વે આભૂષણો ધારણ કર્યાં હતાં. સુગંધીમાન ચંદનની અર્ચા કરી હતી. પુષ્પોના હાર તથા તોરાઓથી શોભી રહ્યા હતા.[૧૨] શોભાયમાન ભ્રૂકૂટિરૂપી વેલ, દીપની શિખા જેવી અણીયાળી નાસિકા, લાલકમળના પત્રની સમાન વિશાળ બન્ને નેત્રો અને પાકેલા ઘિલોડાંની સમાન અધરોષ્ઠ અત્યંત શોભી રહ્યા હતા. હસતું મુખારવિંદ અને મોતીઓની સમાન દાંતની પંક્તિઓ શોભી રહી હતી. હાથમાં મનોહર મોરલી ધારણ કરીને મધુર સ્વરે વગાડતા હતા.[૧૩-૧૪] કંઠમાં કૌસ્તુભમણિ તેમજ શોભાયમાન વનમાળા ધારણ કરી હતી. વિશાળ હૃદયમાં પ્રકાશિત શ્રીવત્સનું ચિહ્ન ધારણ કર્યું હતું. મસ્તક ઉપર શોભાયમાન રત્નજડિત સુવર્ણનો મુગટ ધારણ કર્યો હતો.[૧૫] બન્ને કાનમાં ઉલ્લાસ પામતા મકરાકાર કુંડળ ધારણ કર્યાં હતાં.

कर्णयुग्मोल्लसद्दिव्यमकराकृतिकुण्डलम् । अकलङ्कितचन्द्राभनखपङ्क्तिविराजितम् ॥ १६
श्रीदामविष्वक्सैनाद्यैः पार्षदप्रवरैर्निजैः । सेवितं राजचिह्नैश्च छत्रव्यजनचामरैः ॥ १७
तस्यापश्यन् वामभागे लक्ष्मीं पद्मकरां च ते । कौसुम्भवाससं गौरीं सर्वाभरणभूषिताम् ॥ १८
मन्दारपुष्पकबरीं दिव्यसीमन्तभूषणाम् । शरत्पूर्णेन्दुवदनां पीनोन्नतपयोधराम् ॥ १९
सुनासां सुदतीं सुभ्रूलतां चारुविलोचनाम् । पादोल्लसद्धंसकयुग्रत्ननूपुरशिञ्जिताम् ॥ २०
विशालभालविलसद्दिव्यकाश्मीरपत्रिकाम् । सुकपोलां निष्ककण्ठीं स्वेशवक्त्रैकवीक्षणाम् ॥ २१
रत्नदण्डेन लघुना चामरेणातिभावतः । वीजयन्तीं निजपतिं तादृशीं राधिकां तथा ॥ २२

---

ચંદ્રમાની કાંતિ સમાન નખમણિની પંક્તિઓથી શોભી રહ્યા હતા.[૧૬] શ્રીદામ, વિશ્વક્સેન, આદિક પાર્ષદવર્યો રાજાધિરાજના ચિહ્નોથી તેમજ છત્ર, વિંઝણો, ચામર આદિથી સેવા કરી રહ્યા હતા.[૧૭]

**રાધા અને લક્ષ્મીજીનું દિવ્યદર્શન :–** હે રાજન્ ! સંતોએ આવી અનુપમ દિવ્ય શોભાએ યુક્ત વિરાજમાન શ્રીનારાયણમુનિની ડાબે પડખે હાથમાં પદ્મ ધારણ કરી રહેલાં લક્ષ્મીનાં પણ દિવ્ય દર્શન કર્યાં. તેમણે કસુંબલ રંગથી રંગેલાં ચળકતાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. શરીરે ગૌર વર્ણવાળાં અને સર્વ આભૂષણોથી સુશોભીત હતાં.[૧૮] પારિજાતના પુષ્પોમાંથી ગુંથેલી વેણી કેશમાં ધારણ કરી હતી. સેંથામાં સિંદૂર પૂરી અતિશય દિવ્ય આભૂષણ ધારણ કર્યું હતું. શરદપૂર્ણિમાના ચંદ્રમાની સમાન સુંદર મુખારવિંદ અને ઉપડતા સ્તનથી અતિશય શોભી રહ્યાં હતાં.[૧૯] સુંદર નાસિકા અને દાડમના બીજ સમાન દંતપંક્તિ, ભ્રૂકુટિની લતા અને સુંદર વિશાલ નેત્રોથી તે શોભી રહ્યાં હતાં. રત્નજડિત સાંકળા અને ઝણકાર કરતાં ઝાંઝર બન્ને ચરણકમળને અલંકૃત કરી રહ્યાં હતાં.[૨૦] વિલસતા વિશાળ ભાલમાં દિવ્ય કુંકુમની પત્રિકા ધારણ કરી હતી. સુંદર ગાલ શોભી રહ્યા હતા. વક્ષઃસ્થળને શોભાવી રહેલાં સુંદર આભૂષણો કંઠમાં ધારણ કર્યાં હતાં. પોતાના પતિ શ્રીનારાયણ ભગવાનના મુખકમળની સામે સ્થિર દૃષ્ટિ કરીને ઊભાં હતાં.[૨૧] અને હાથમાં રત્નજડિત નાના દંડવાળા ચામરને ધારણ કરી અતિશય પ્રીતિપૂર્વક પોતાના પતિ ભગવાન શ્રીહરિને ઢોળી રહ્યાં હતાં. આવા પ્રકારની શોભાએ યુક્ત લક્ષ્મીજીનાં દર્શન કરી, સંતોએ ડાબે પડખે એવી જ સમસ્ત પ્રકારની શોભાએ યુક્ત રાધિકાજીનાં પણ દર્શન કર્યાં.[૨૨]

दक्षिणेऽथ हरेर्धर्मं ददृशुस्तेऽतिभासुरम् । श्वेताङ्गं श्वेतवसनं दिव्यालङ्कारशोभितम् ॥ २३
धर्मस्य वामभोगेऽथ भक्तिं मूर्तिमतीं च ते । ददृशुः स्वर्णगौराङ्गीं दिव्यवस्त्रविभूषणाम् ॥ २४
अन्याश्च दिव्यवपुषो दिव्यालङ्कारवाससः । श्रद्धाद्या योषितस्तस्य दिव्याङ्गांस्तत्सुतांस्तथा ॥ २५
ततः प्रणम्य तान् सर्वान् मुनयस्ते निजेश्वरम् । प्रत्युचुर्हृष्टमनसः पुलकाञ्चितविग्रहाः ॥ २६
नमो नमोऽस्तु कृष्णाय वासुदेवाय ते प्रभो ! । नारायणाय मुनये स्वामिने धर्मसूनवे ॥ २७
भगवन् ! दृष्टपूर्वोऽसि त्वमतस्त्वां तु विद्महे । योऽस्मत्स्वामी स एवासि कृष्णो राधारमायुतः ॥ २८
ये त्वेते तव पार्श्वस्था देवा देव्यश्च सन्ति तान् । न जानीमो वयं स्वामिन् ! मनोनयनन्दानन् ॥ २९

**ધર્મભક્તિનું સપરિવાર દિવ્યદર્શન :–** હે રાજન્ ! પછી સંતોએ શ્રીહરિના જમણા ભાગમાં અતિશય પ્રકાશયુક્ત શ્વેત અંગવાળા અને શ્વેત વસ્ત્રોને ધારી રહેલા તેમજ દિવ્ય અલંકારો ધારણ કરવાથી અતિ શોભી રહેલા શ્રીહરિના પિતા ધર્મદેવનાં પણ દર્શન કર્યાં.[૨૩] પછી સંતોએ ધર્મપિતાની ડાબે પડખે દિવ્ય આકૃતિવાળાં સુવર્ણની સમાન ઉજ્જવલ ગૌર શરીરવાળાં, દિવ્યાભૂષણોને ધારી રહેલાં, ભગવાન શ્રીહરિનાં માતા એવાં ભક્તિદેવીનાં દર્શન કર્યાં.[૨૪] તેમજ દિવ્ય શરીરવાળી, દિવ્ય અલંકારો અને વસ્ત્રોને ધારી રહેલી શ્રદ્ધા આદિક ધર્મની અન્ય બાર પત્નીઓ તથા દિવ્ય શરીરધારી શુભ આદિ સર્વે પુત્રોનાં પણ દર્શન કર્યાં.[૨૫]

**દિવ્યદર્શનવિષે સંતોનો અનુપમ પ્રશ્ન :–** પછી સર્વે સંતો ભગવાન શ્રીહરિ અને ધર્મદેવ આદિ સર્વેને અતિશય મુદિત મને પ્રણામ કરી રોમાંચિત ગાત્રવાળા થઈ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! શ્રીકૃષ્ણ એવા તમને નમસ્કાર, વાસુદેવ એવા તમને નમસ્કાર, નારાયણમુનિ એવા તમને નમસ્કાર, ધર્મપુત્ર એવા તમને નમસ્કાર, સર્વના સ્વામી એવા તમને નમસ્કાર.[૨૬-૨૭] હે ભગવાન ! અમને પૂર્વે પણ તમારાં આવાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં છે. તેથી અમે તમને પહેલેથીજ ભગવાન જાણીએ છીએ. જે અમારા સ્વામી ભગવાન શ્રીહરિ છો, એ જ તમે રાધા, રમા આદિ શક્તિઓએ યુક્ત શ્રીકૃષ્ણ ભગવાન છો.[૨૮] પરંતુ હે સ્વામિન્ ! તમારી જમણી બાજુ આ દિવ્ય દેહધારી દેવો તથા દેવીઓ છે તેને અમે જાણતા નથી. એ અમારા મનને આનંદ ઉપજાવતા કોણ છે ?[૨૯]

હે રાજન્ ! આવા પ્રકારનું સંતોનું વચન સાંભળી સકલ ઐશ્વર્યે સંપન્ન દિવ્યાકૃતિ ભગવાન શ્રીહરિ તેઓને કહેવા લાગ્યા કે, હે સંતો ! આ સાક્ષાત્ મારા

श्रुत्वेति तेषां वचनं प्रोवाच भगवान् स तान् । धर्मदेवो ह्ययं साक्षाद्भक्तिरेषाऽस्य च प्रिया ॥ ३०
एताश्च धर्मपत्योऽन्याः श्रद्धामैत्रीदयादयः । शुभप्रसादप्रमुखा आसां पुत्रा इमेऽनघाः ! ॥ ३१
दिव्यदेहा इमे नित्यं वर्तन्ते हि मदन्तिके । ईदृङ्मद्दर्शनमिव दुर्लभं ह्येतदीक्षणम् ॥ ३२
एकान्तिकास्तु ये भक्तास्ते क्वचित्तु मदिच्छया । पश्यन्त्येतान् हि मुनयो ! न तु सर्वे निजेच्छया ॥ ३३
युष्माभिरेकादशिकाव्रतं जागरणान्वितम् । क्रियतेऽथ च पाल्यन्ते धर्मा एकान्तिनामपि ॥ ३४
अतोऽहमेभिः सह वै प्रसन्नोऽस्मीति दर्शनम् । दत्तमीदृग्विधमथो मदेभ्यो व्रियतां वरः ॥ ३५
इत्थं स्वस्वामिना तेन वरार्थं प्रेरितास्तु ते । प्रणम्य तं वरान् वव्रुरात्माभीष्टान् महर्षयः ॥ ३६

**પિતાજી ધર્મદેવ છે. અને આ તેમનાં પત્ની મારી માતા ભક્તિદેવી છે. હે નિર્દોષ સંતો ! આ શ્રદ્ધા, મૈત્રી આદિ બાર ધર્મપત્ની એવી મારી માતાઓ છે.[૩૦] આ શુભ, પ્રસાદ વગેરે એ શ્રદ્ધા, મૈત્રી આદિના પુત્રો; એ મારા ભાઈઓ છે.[૩૧] આ પિતા ધર્મદેવ આદિ અત્યારે જેવા મારી સમીપે જુઓ છો તેવા સર્વદા મારી સમીપે જ દિવ્ય દેહે રહે છે. આવું મારૂં દર્શન સર્વેને માટે અતિશય દુર્લભ છે.[૩૨] હે સંતો ! જે મારા એકાંતિક ભક્તો છે તેમને જ ક્યારેક મારી ઈચ્છાથી કે તેઓની ઈચ્છાથી દર્શન થાય છે. એકાંતિકભાવ રહિતના ભક્તોને તો તેઓની ઈચ્છાથી પણ દર્શન થતું નથી. એ સમયે માત્ર મારી ઈચ્છા હોય તો જ એકાંતિક વિનાનાને આવાં દર્શન થાય છે.[૩૩] હે સંતો ! તમોએ અત્યારે જાગરણે યુક્ત પાકું એકાદશીવ્રત કર્યું અને તમે એકાંતિક ધર્મોનું યથાર્થ પાલન કરો છો.[૩૪] એથી જ હું આ ધર્મદેવ આદિકની સાથે તમારા ઉપર ખૂબજ પ્રસન્ન થયો ને તમને આવું દિવ્ય દર્શન આપ્યું. માટે તમે સૌ મારી પાસેથી અને પિતા ધર્મદેવ આદિ પરિવાર પાસેથી ઈચ્છિત વરદાન માગો.[૩૫]**

**સંતોએ માગ્યાં મનોવાંછિતવરદાન :–** હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ વરદાન માગવાની પ્રેરણા કરી ત્યારે સર્વે મહર્ષિ સંતો ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી પોતાને મનોવાંછિત વરદાન માગવા લાગ્યા કે, હે ભગવાન ! જો તમે અમારા ઉપર પ્રસન્ન થયા હો તો અમને એ વરદાન આપો કે, મનુષ્યસ્વરૂપમાં રહેલા તમારા અનેક પ્રકારનાં મનુષ્યચરિત્રોમાં અમને ક્યારેય પણ મોહ ન થાય.[૩૬-૩૭] હે ઈશ્વર ! અત્યારે અમને તમારે વિષે જેવો દિવ્યભાવ છે, તેવોને તેવો તમારા આ સ્વીકાર કરેલા મનુષ્યભાવમાં પણ નિરંતર દિવ્યભાવ રહે.[૩૮] બીજું કે અમોને તમારે વિષે આ લક્ષ્મીજીના જેવી એકાંતિકી ભક્તિ પ્રાપ્ત

यदि प्रसन्नो भगवंस्तर्हि ते मानुषाकृतेः । नानाविधचरित्रेषु मा मोहोऽस्तु कदापि नः ॥ ३७
साम्प्रतं यादृशो भावस्त्वय्यस्त्यस्माकमीश्वर ! । तादृगेवास्तु सततं नराकृतिधरे त्वयि ॥ ३८
लक्ष्म्या इव च नो भक्तिस्त्वयि स्यादिति देहि नः । इत्यर्थितः स तैर्भक्तैस्तथास्त्विति वरान्ददौ ॥ ३९
धर्मादींस्ते ततः प्रोचुर्मुनयो विनयानताः । यदि प्रसन्ना यूयं स्थ वसतास्मासु तत्सदा ॥ ४०
कामात्क्रोधाच्च लोभादेः सर्गादस्मानधर्मजात् । यूयं सदा रक्षतेति दत्त नो विबुधोत्तमाः ! ॥ ४१

**सुव्रत उवाच –**

इति तैः प्रार्थितास्तेऽपि प्रीतास्तेभ्यस्तथास्त्विति । वरान् ददुस्ततः स्वामी साकं तैरास पूर्ववत् ॥ ४२

---

**થાય. આ બે વરદાન અમને આપો. હે રાજન્ ! આ પ્રમાણે પોતાનું એકાંતિકભાવે ભજન કરતા સંતોએ વરદાન માગ્યાં. ત્યારે શ્રીહરિએ"તથાસ્તુ" કહ્યું.[૩૯] હે રાજન્ ! પછી સર્વે સંતો અતિશય વિનયયુક્ત થઇ ધર્મદેવ આદિ સર્વ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ધર્મદેવાદિક, તમે સાંભળો. તમે પણ જો અમારા ઉપર પ્રસન્ન થયા હો તો અમારા વિષે તમે આખો ધર્મવંશ સદાય નિવાસ કરીને રહો.[૪૦] હે દેવતાઓમાં ઉત્તમ એવા ધર્માદિક ! તમે અમારૂં અધર્મથી ઉત્પન્ન થયેલા કામ, ક્રોધ, લોભ આદિક સર્વે અધર્મ સર્ગથી રક્ષણ કરો. આવા પ્રકારનાં બે વરદાન તમો અમને આપો.[૪૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે જ્યારે સંતોએ વરદાનની પ્રાર્થના કરી ત્યારે ધર્માદિ સર્વે અતિશય પ્રસન્ન થયા ને સંતોને કહ્યું કે, તમો જે માગ્યું તે અમો તમોને આપીએ છીએ. માટે તે પ્રમાણે જ થશે. હે રાજન્ ! પછી શ્રીહરિ તે ધર્માદિકની સાથે પૂર્વવત્ મનુષ્યશરીરે દર્શન આપવા લાગ્યા અને ધર્માદિ અદૃશ્ય થઈ ભગવાન શ્રીહરિની સમીપે રહેવા લાગ્યા.[૪૨] અને અતિશય વિસ્મય પામેલા સંતોએ મનુષ્યાકૃતિમાં રહેલા શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ રીતે સર્વે સંતોને પોતાના દિવ્યદર્શનનું સુખ આપી શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને પધાર્યા.[૪૩] હે રાજન્ ! હેમંતસિંહ રાજાના ભવનમાં પણ શ્રીહરિ એકાદશીનું જાગરણ કરતા પોતાની સાથે રહેલા પાર્ષદોની સાથે વીંટળાયેલા થકા બાજોઠ ઉપર આવી બિરાજમાન થયા.[૪૪] તે સમયે હેમંતસિંહ રાજા, ઉત્તમરાજા, સોમલાખાચર, સુરાભક્ત, રતનજી આદિ પાર્ષદો શ્રીહરિનાં દિવ્ય દર્શનથી અતિશય આશ્ચર્યયુક્ત થયા હોવાથી મંદમંદ મુખહાસ કરી રહેલા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! કોટિ કોટિ સૂર્ય-ચંદ્રના પ્રકાશે યુક્ત રાધા-લક્ષ્મીએ સહિત તમારૂં તેમજ ધર્મ-ભક્તિ આદિ પરિવારનું જે અમને દિવ્ય દર્શન થયું તે**

ततोऽतिविस्मिताः सर्वे तं प्रणेमुर्नराकृतिम् । सुखयित्वा प्रभुस्तांश्च स्वावासमगमन्नृप ! ॥ ४३
एकादशीजागरणं कुर्वंस्तत्र स ईश्वरः । वृतस्तैः पार्षदाग्रयौश्च चतुष्पद्यामुपाविशत् ॥ ४४
हेमन्तोत्तमसोमाद्याः साश्चर्यास्तस्य च प्रभोः । दिव्यरूपेक्षणात् नत्वा तमूचुः सस्मिताननम् ॥ ४५
कोट्यर्केन्दुप्रकाशस्य राधालक्ष्मीयुतस्य ते । ईक्षणं भक्तिधर्मादिश्चात्यन्तं दुर्लभं नृणाम् ॥ ४६
अहो तदपि नो जातं धन्याः स्मो भाग्यशालिनः । इत्युक्त्वा गद्गद्गिरः प्रेम्णाऽऽसन् साश्रवश्च ते ४७
तदा तानाह भगवान्प्रसन्नः पार्षदान्निजान् । सर्वे श‍ृणुत यूयं मे भो भक्तप्रवरा ! वचः ॥ ४८
अनन्यभक्तिर्येषां स्याद्वासुदेवे नराकृतौ । ईदृशं दर्शनं तेषां दुर्लभं नैव निश्चितम् ॥ ४९

---

મનુષ્યોને થવું અત્યંત દુર્લભ છે.[૪૫-૪૬] હે ભગવાન ! છતાં પણ અમને થયું તેથી ધન્ય ભાગ્યશાળી એવા અમને ખૂબ જ આશ્ચર્ય થાય છે. હે રાજન્ ! પાર્ષદોએ આટલું કહ્યા પછી તેઓની વાણી અતિશય ગદ્ગદિત થઇ ગઇ ને નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ ઉભરાવા લાગ્યાં.[૪૭] તે જોઇ ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને તેમને કહેવા લાગ્યા કે, હે શ્રેષ્ઠ ભક્તો ! તમે મારૂં વચન સાંભળો.[૪૮]

હે ભક્તો ! નરાકૃતિમાં રહેલા શ્રીવાસુદેવ ભગવાન એવા મારે વિષે જે મનુષ્યોને એકાંતિકી અનન્ય ભક્તિ ઉત્પન્ન થાય છે. તેઓને તમને જેમ મારૂં દર્શન થયું તેમ દિવ્ય દર્શન દુર્લભ નથી. તેમાં કોઇ સંશય નથી.[૪૯] મેં શ્રીકૃષ્ણ સ્વરૂપે અર્જુનને વિશ્વરૂપનું દર્શન કરાવી મહાભારતમાં રહેલી ભગવદ્ગીતામાં આજ વાતનું નિરૂપણ કરેલું છે.[૫૦] હે અર્જુન ! તું જે મારા સ્વરૂપનું દર્શન કરી રહ્યો છે એ સ્વરૂપનું દર્શન કોઇનાથી પણ કરવું શક્ય નથી. ઇન્દ્રાદિ દેવતાઓ પણ આ સ્વરૂપનાં દર્શન કરવાની મનમાં નિરંતર ઝંખના કરે છે. છતાં તેમને દર્શન થતાં નથી.[૫૧] હે અર્જુન ! તું જે મારા આ વિશ્વરૂપનાં દર્શન કરી રહ્યો છે તે દર્શન વેદાધ્યયનથી, તપથી, દાન કે યજ્ઞ-યાગાદિકથી પણ શક્ય નથી. કારણ કે તે સર્વેમાં મારી એકાંતિકી ભક્તિ હોતી નથી.[૫૨] હે અર્જુન ! હે પરમતપ ! તેં જે આ મારૂં દિવ્ય દર્શન કર્યું છે તે તો એકાંતિકી ભક્તિથી શક્ય થયું છે. અને તે ભક્તિથી જ તત્ત્વપૂર્વક મારૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને એકાંતિકી ભક્તિથી જ મારામાં અતિશય ગાઢ અનુરાગયુક્ત ધ્યાન પ્રાપ્ત થાય છે.[૫૩]

શ્રીહરિ કહે છે, હે પાર્ષદો ! મહાભારતના ઉદ્યોગપર્વમાં રહેલા સનત્સુજાતના ઉપાખ્યાનમાં પણ છેલ્લા અધ્યાયમાં કહેલું છે કે, એકાંતિક ભક્તિની યોગનિષ્ઠાવાળા ભક્તોને જ મારા સ્વરૂપનું દર્શન થાય છે. એમ વારંવાર પૂર્વે મેં

भारते भगवद्गीतास्वेतदेव निरूपितम् । विश्वरूपं दर्शयित्वा श्रीकृष्णेनार्जुनं प्रति ॥ ५०
सुदुर्दर्शमिदं रूपं दृष्ट्वानसि यन्मम । देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥ ५१
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्ट्वानसि मां यथा ॥ ५२
भक्त्या त्वनन्या शक्य अहमेवंधोऽर्जुन ! । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ! ॥ ५३
तथा सनत्सुजातीयेऽप्यन्त्येऽध्याये पुनः पुनः । भक्तियोगवतामेव दर्शनं स्यादितीरितम् ॥ ५४
भयाच्च कालयमयोर्बन्धनात्कर्ममाययोः । भक्त्या च मुच्यते जीवः सतां निश्छद्मसेवया ॥ ५५
वर्णाश्रमेतरेषां च धर्मो यस्त्यागिनामपि । स्वनुष्ठितस्य तस्यैषा भक्तिरेवाक्षयं फलम् ॥ ५६
यज्ञदानव्रतजपस्वाध्यायतपसामपि । तीर्थदेवोपासनानां पूर्तानां साङ्ख्ययोगयोः ॥ ५७
फलं च नियमादीनां भक्तिरेवाक्षयं मतम् । अन्यथा तु क्षयिष्ण्वेव ज्ञेयं तत्तत्क्रियाफलम् ॥ ५८

કૃષ્ણાવતારમાં કહેલું છે.[૫૪] મારા એકાંતિક સંતોની જે નિષ્કપટભાવે સેવા કરે અને મારી એકાંતિકી ભક્તિ કરે એ જ જીવ, કાળ અને યમના ભયથી, કર્મ અને માયાના બંધનથી મુક્ત થાય છે.[૫૫] ભગવાનની ભક્તિએ સહિત જ અનુષ્ઠાન કરેલા બ્રાહ્મણાદિક વર્ણોના ધર્મો, બ્રહ્મચર્યાદિક આશ્રમોના ધર્મો, તેમ જ અનુલોમ, પ્રતિલોમથી જન્મેલા અન્ય જાતિના ધર્મો કે પછી ત્યાગી સાધુઓના ધર્મો અવિનાશી ફળને આપે છે. પણ ભક્તિ રહિત જો આચરણ કર્યા હોય તો ભગવાનને તેનો કોઈ સંબંધ નથી.[૫૬] તેવીજ રીતે યજ્ઞ, દાન, વ્રત, જપ, સ્વાધ્યાય, તપ, તીર્થ, દેવતાઓની ઉપાસના, પૂર્ત કર્મ, સાંખ્ય, યોગ અને નિયમોના પાલનનું અવિનાશી ફળ તો ભગવદ્ ભક્તિમાં જ રહેલું છે.[૫૭] ભગવાનને જ રાજી કરવારૂપ ભક્તિનો સંબંધ રાખ્યા વિના સર્વે ક્રિયાનું ફળ મળે તો પણ નિષ્ફળ જ જાણવું, કારણ કે તે અવિનાશી નથી હોતું.[૫૮]

હે પાર્ષદો ! ઈતિહાસ પુરાણોનું તાત્પર્ય એક ભગવદ્ભક્તિમાં જ રહેલું છે. સર્વે શાસ્ત્રોના સારરૂપ એવા શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો પણ આ જ અભિપ્રાય છે કે, ભગવાનની ભક્તિ વિના કરેલું સર્વે વ્યર્થ છે.[૫૯] હે પાર્ષદો ! આવા મહિમાવાળી એકાંતિકી ભક્તિ તમારા સર્વેમાં રહેલી છે. તેથી જ તમને ધર્મદેવાદિ સહિત મારૂં દિવ્યદર્શન થયેલું છે એમ જાણો.[૬૦]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, તેથી તેઓ અતિશય રાજી થયા ને ભગવાન શ્રીહરિના જ એક ચરણકમળનો આશ્રય કરનારા તે સર્વે પાર્ષદો પ્રણામ કરીને પોતાની જાતને ધન્ય માનવા

सेतिहासपुराणानामस्ति तात्पर्यमत्र वै । श्रीमद्भागवतस्यापि तेषां सारस्य सर्वथा ॥ ५९
सास्त्येव भवतां तस्माद्धर्मादिसहितस्य मे । सञ्जातं दर्शनं दिव्यमिति जानीत पार्षदाः ॥ ६०

**सुव्रत उवाच –**

इत्युक्तास्ते भगवता तं प्रणम्य मुदान्विताः । आत्मानं मेनिरे धन्यं तत्पदैकदृढाश्रयाः ॥ ६१
द्वादश्यां नैत्यकं कृत्वा भोजयित्वा द्विजन्बहून् । चकार पारणां स्वामी सह स्वैः पार्षदादिभिः ॥ ६२
अथोत्तमेन जयया साकं ललितया भृशम् । प्रार्थितो भगवानैच्छत्प्रयातुं दुर्गपत्तनम् ॥ ६३
ज्ञात्वा हरेर्जिगमिषां नृपते ! तदानीं हेमन्तसिंहनृपतिस्तमुपेत्य नत्वा ।
प्रेमाश्रुनेत्रयुगलः पुलकाङ्किताङ्गस्तुष्टाव बद्धकरसम्पुट ईश्वरं तम् ॥ ६४ ॥

*इति सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पञ्चालग्रामे धर्मादिसहितनिजदिव्यस्वरूपदर्शनादिनिरूपणनामा द्वाविंशोऽध्यायः ॥ २२ ॥*

---

લાગ્યા.[૬૧] આમ કરતાં શ્રીહરિ બારસના દિવસે નિત્ય કર્મની સમાપ્તિ કરાવી અનેક બ્રાહ્મણોને ભોજન કરાવી પોતાના પાર્ષદોની સાથે પારણાં કર્યાં.[૬૨] પછી જયાબા અને લલિતાબાની સાથે ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિને પોતાના ગઢપુરમાં પધારવાની બહુ જ પ્રાર્થના કરી, તેથી શ્રીહરિએ પણ ગઢપુર પધારવાની મનમાં ઈચ્છા કરી.[૬૩] હે રાજન્ ! તે જાણી હેમંતસિંહ રાજા તત્કાળ શ્રીહરિની સમીપે પધારી નેત્રમાં પ્રેમનાં અશ્રુઓ વહેવડાવતા ગદ્‌ગદ્ કંઠે રોમાંચિત ગાત્રવાળા થઈ બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૬૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પંચાળા ગામે શ્રીહરિએ સર્વને ધર્મદેવાદિએ સહિત પોતાનું દિવ્ય દર્શન કરાવ્યું એ નામે બાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૨--**

---

त्रयो वींशोऽध्यायः - २३

हेमन्तसिंह उवाच –

देवाधिदेवाय दयालयाय तमःपरायाखिलकारणाय ।

भक्तप्रियायाद्भुतलक्षणाय नारायणायेश ! नमोऽस्तु तुभ्यम् ॥ १ ॥

प्रसन्नवक्त्राय सिताम्बराय सत्पुष्पहाराय मनोहराय । लम्बत्सुपुष्पोत्तमशेखराय नारा. ॥ २

ब्रह्माख्यसद्धामनिकेतनाय मुक्तैः स्वभक्तैः परिषेविताय । सुश्वेततेजोनिधिमध्यगाय नारा. ॥ ३

शान्ताय दान्ताय तपःप्रियाय शुद्धाय सिद्धाय गुणातिगाय । एकान्तधर्मप्रतिपादकाय नारा ॥ ४

निष्कामनामव्रतपालकाय निष्कामनामव्रतचारकाय । निष्कामनामव्रतलम्भनाय नारा. ॥ ५

---

## અધ્યાય - ૨૩

## હેમંતસિંહ રાજાએ કરેલી સ્તુતિ (અષ્ટક).

હે ઈશ ! તમે દેવાધિદેવ છો. દયાના નિધિ છો, માયિક મહાઅંધકારથી પર છો, સર્વના કારણ અક્ષરબ્રહ્મના પણ કારણ છો, એકાંતિક ભક્તપ્રિય છો. શરીરે અતિશય આશ્ચર્યકારી દિવ્ય લક્ષણોથી યુક્ત અને સર્વથી વિશિષ્ટ એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[1]

હે ઈશ્વર ! તમે સદાય હસતા મુખકમળથી શોભી રહેલા, શ્વેતવસ્ત્રને ધારણ કરનારા, મનોહર પુષ્પના હાર ધારણ કરનારા, પાઘમાં લટકતા ઉત્તમ તોરાઓથી અત્યંત શોભી રહ્યા છો. એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[2]

હે ઈશ્વર ! તમે સર્વશ્રેષ્ઠ અક્ષરબ્રહ્મધામમાં નિવાસ કરીને રહેલા છો. બ્રહ્મભાવને પામેલા મુક્તોથી અનેકવિધ દિવ્ય ઉપચારોવડે સદાય સેવાયેલા છો. અત્યંત શ્વેત તેજોમય અક્ષરબ્રહ્મધામની મધ્યે સદાય વિરાજો છો.એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[3]

હે ઈશ્વર ! તમે સાધુપણાના નાટકનું અનુકરણ કરી અંતઃકરણને શાંત રાખીને વર્તો છો. તેમજ બાહ્ય ઈન્દ્રિયોનું પણ દમન કરીને વર્તો છો. તપને વહાલું કરીને રાખો છો. સદાય પવિત્રપણે મનુષ્ય શરીરમાં રહેવા છતાં સદાય સ્વતઃસિદ્ધદશામાં વર્તો છો. તમે ગુણાતિત છો અને એકાંતિક ધર્મનું પ્રતિપાદન કરનારા એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[4]

હે ઈશ્વર ! લોકને શીખવવાને માટે તમે સદાય અષ્ટાંગ બ્રહ્મચર્યવ્રતના

अशेषदुःखौघविनाशकाय प्रकाशकायातिसुखप्रदाय । निःशेषपापप्रशमाभिधाय नारा. ॥ ६
नरोत्तमायाखिलधारणाय प्रपन्नजीवार्तिनिवारणाय । ब्रह्मण्यदेवाय महेश्वराय नारा. ॥ ७
महामुनिव्रातनिषेविताय श्रद्धादयाक्षान्तिपरायणाय । नित्याय जीवोद्धरणोद्यताय नारा. ॥ ८
भगवंश्चिरकालीनो हृत्स्थो मम मनोरथः । त्वयेहागत्य कृपया कृतः पूर्णोऽद्य सर्वथा ॥ ९
इतोऽस्ति नातिदूरे वै जीर्णदुर्गपुरं मम । तत् पावय त्वमिति मे प्रार्थितं भवति प्रभो ! ॥ १०

---

લક્ષણવાળું નિષ્કામીવ્રત પાળો છો. અને મુમુક્ષુઓમાં પ્રવર્તાવો છો. કારણ કે તે જ નિષ્કામ વ્રતના પાલનથી જ તમે પ્રાપ્ત થાઓ તેવા છો. એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[૫]

હે ઈશ્વર ! તમે શરણાગત પોતાના આશ્રિત ભક્તજનોના સમગ્ર દુઃખનો વિનાશ કરો છો. સૂર્ય-ચંદ્રરૂપે થઈ આખા જગતને પ્રકાશ આપનારા છો. પોતાના એકાંતિક ભક્તજનોને પોતાના નિરતિશય આનંદ સ્વરૂપના દર્શનાદિકનું સુખ આપો છો. સર્વે પાપનો નાશ કરનાર નામોને ધારણ કરનારા, એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[૬]

હે ઈશ્વર ! તમે પુરુષોત્તમ છો. અક્ષરબ્રહ્મરૂપે અનંતકોટિ બ્રહ્માંડોને ધારણ કરનારા છો. પોતાની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારનારા કોઈ પણ દુઃખી જીવાત્માની સમગ્ર પીડાનો નાશ કરનારા, બ્રાહ્મણોને દેવની સમાન પૂજનારા, તમે માયાના પણ ઈશ્વર છો, એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[૭]

હે ઈશ્વર ! તમે મુક્તાનંદ સ્વામી જેવા અનંત પવિત્ર સંતોના સમુદાયથી સદાય સેવાયેલા છો. શ્રદ્ધા, દયા, ક્ષમા આદિનો સદાય આશ્રય કરીને વર્તો છો. તમે ત્રણે કાળમાં દિવ્યાકૃતિરૂપ હોવાથી નિત્ય સિદ્ધ છો. પોતાના સંબંધમાં આવનાર સ્થાવર, જંગમરૂપ સર્વ પ્રાણીમાત્રના આત્માને જન્મ-મરણરૂપ સંસૃતિમાંથી મૂકાવવા તત્પર રહો છો. એવા હે સર્વના અંતર્યામી નારાયણ ! હું તમને નમસ્કાર કરૂં છું.[૮]

હે ભગવાન ! બહુ સમયથી અંતરમાં રહેલો મારો મનોરથ આપ કૃપા કરીને અહીં મારે ગામ પંચાળા સંતોએ સહિત પધારીને પૂર્ણ કર્યો છે.[૯] હે પ્રભુ ! મારૂં જુનાગઢ નગર પણ અહીંથી બહુ દૂર નથી. તેથી તમે જુનાગઢને પણ આપના પાવન પગલાંથી પવિત્ર કરો. એવી મારી પ્રાર્થના છે.[૧૦] હે ભગવાન ! હજારો

सहस्रशः पौरजनास्तव सन्दर्शनादिना । प्राप्स्यन्ति जन्मसाफल्यमित्युक्तो हरिरब्रवीत् ॥ ११
एवं चेत्तर्हि भूपाल ! यायामाद्यैव तत्पुरम् । त्वदिच्छा तेन पूर्णा स्यात्तीर्थयात्रापि नो भवेत् ॥ १२
इत्युक्तः सोऽतिमुदितस्तदैव सह बन्धुभिः । योजयित्वा स्वयानानि सज्जोऽभूत्सत्वरक्रियः ॥ १३
ततो हरिस्तेन नृपेण भक्तैरन्यैस्तथा तत्पुरसङ्गतैश्च ।
वृतोऽश्ववारैस्तुरगाधिरूढो ययौ नराधीश ! सहर्षिरीशः ॥ १४
प्रतिग्रामं भक्तजनै रक्ष्यमाणोऽपि वर्त्मनि । आवासं नाकरोत्क्वापि दृष्ट्या तान् सुखयन् ययौ ॥ १५
तस्मिन्नेव दिने राजन् ! जीर्णदुर्गं निशामुखे । स प्राप्यावा समकरोद्धेमन्तस्यालये शुभे ॥ १६
सभ्राता धाविताश्वोऽसौ शीघ्रमेत्य पुरं स्वकम् । हरेः शुश्रूषणपरो हेमन्तोऽभूत्सबान्धवः ॥ १७

---

**જુનાગઢવાસી જનો આપનું દર્શન કરી પોતાના મનુષ્યજન્મની સફળતા પ્રાપ્ત કરશે. હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે હેમંતસિંહ રાજાએ કહ્યું ત્યારે ભગવાન શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે, હે ભૂપાલ ! જો એવું જ હોય તો આપણે આજે જ જુનાગઢ શહેરમાં પધારીએ. તેમ કરવાથી તમારી ઇચ્છા પરિપૂર્ણ થશે અને અમારી તીર્થયાત્રા પણ થશે.[૧૧-૧૨]**

**સંતો-ભક્તોની સાથે શ્રીહરિની જુનાગઢમાં પધરામણી :-** હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તેથી અતિશય પ્રસન્ન થયેલા હેમંતસિંહરાજા પોતાનું કાર્ય તત્કાળ સમાપ્તિ કરી એ જ સમયે રથ આદિ વાહનો જોડી ભાઇ અનુપસિંહ આદિ સ્વજનોની સાથે જુનાગઢ જવા તૈયાર થયા.[૧૩] હે રાજન્ ! પછી શ્રીહરિ હેમંતસિંહ રાજાની સાથે ઉત્તમરાજા, જયાબા, લલિતાબા તથા જુનાગઢથી પધારેલા ભક્તો તથા સોમલાખાચર આદિક પાર્ષદો, રામપ્રતાપભાઇ તથા ઇચ્છારામભાઇ આદિ સંબંધીજનો તથા મુક્તાનંદ સ્વામી આદિ સમગ્ર સંતોને સાથે લઇ ઘોડેસવાર થઇ જુનાગઢ પધાર્યા.[૧૪] રસ્તામાં આવતા દરેક ગામના ભક્તજનોએ પોતાને ગામ રોકાવા બહુ સ્તુતિ કરી છતાં કોઇ પણ ગામે નહીં રોકાઇને માત્ર પોતાનાં દર્શનનું સુખ આપી તે તે ગામના ભક્તજનોને આનંદ આપતા જુનાગઢ પધાર્યા.[૧૫] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ સંવત ૧૮૭૭ ના ફાગણવદ ચૌદશના દિવસે પ્રાતઃકાળે પંચાળા ગામેથી નીકળીને તે જ દિવસે સાયંકાળે જુનાગઢ પધારી હેમંતસિંહ રાજાના ભવનમાં ઉતારો કર્યો.[૧૬]

હે રાજન્ ! ભાઇ અનુપસિંહની સાથે હેમંતસિંહ રાજા પોતાના અશ્વોને તત્કાળ દોડાવી શ્રીહરિની સેવામાં ઉપયોગી સામગ્રી ભેળી કરવા પહેલાં જુનાગઢ

ब्राह्मणा रामजिच्चाम्बाशङ्करो रूपशङ्करः । परिचेरुस्तमन्येऽपि गोकुलश्चोद्धवादयः ॥ १८
तैः पौरभक्तैः सहितस्तदातिथ्यं यथोचितम् । चकार नृपतिर्भक्त्या मन्यमानः कृतार्थताम् ॥ १९
तीर्थयात्रां चकारासावमावास्यादिने ततः । प्रशंसन् रैवतगिरिं देवभूरियं त्विति ॥ २०
स्नात्वा गोमुखगङ्गायां कुण्डे दामोदराह्वये । महादानानि स ददौ यथाविधि हरिर्नृप ! ॥ २१
ततो दामोदरस्येक्षां पूजनं च चकार सः । भवेश्वरस्य च ततो महादेवस्य भक्तितः ॥ २२
ब्राह्मणान् भोजयामास शतशश्च सहस्रशः । तेभ्यश्च दक्षिणां प्रादात् तुतुषुस्तेन तेऽखिलाः ॥ २३
नागरा ब्राह्मणास्तस्य बहवश्चक्रुराश्रयम् । तैरर्थ्यमानो न्यवसत् तत्र चैत्र्यवधि प्रभुः ॥ २४
संवत्सरप्रतिपदि पौरास्तस्य समर्चनम् । चक्रुश्चन्दनपुष्पैश्च नूत्नवासोधनादिभिः ॥ २५
भक्तवर्यः स भूपस्तु तज्जन्मतिथिविन्नृप ! । नवम्यां पूजनं तस्य चकारपरया मुदा ॥ २६

---

પધારી સેવામાં તત્પર થયા.[૧૭] તેમજ રામજી, અંબાશંકર, રૂપશંકર, ઈત્યાદિ બ્રાહ્મણ ભક્તો તથા ગોકુળ, ઉદ્ધવ આદિ અન્ય ભક્તજનો પણ શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૮] જુનાગઢવાસી સર્વે ભક્તજનોની સાથે હેમંતસિંહ રાજાએ પોતાની જાતને કૃતકૃત્ય માની અતિશય ભાવથી શ્રીહરિનો સત્કાર કર્યો.[૧૯] આ દેવભૂમિ છે. એ પ્રમાણે ગિરનાર પર્વતની ખૂબ પ્રશંસા કરીને શ્રીહરિ સંવત ૧૮૭૭ના ફાગણવદ અમાસને દિવસે તેની તીર્થયાત્રા કરી.[૨૦] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ દામોદર કુંડમાં તથા ગૌમુખીગંગામાં સ્નાન કરી યથાવિધિ મહાદાન કર્યાં.[૨૧] પછી દામોદર ભગવાનનાં ભક્તિભાવ પૂર્વક દર્શન તથા પૂજન કરી ભાવેશ્વર મહાદેવજીનાં દર્શન અને પૂજન પણ ભાવથી કર્યાં.[૨૨] શ્રીહરિએ ત્યાં સેંકડો અને હજારો બ્રાહ્મણોને જમાડ્યા તથા તેઓને ખૂબજ દક્ષિણાઓ આપી, તેથી તે સમગ્ર બ્રાહ્મણો ખૂબજ સંતુષ્ટ થયા.[૨૩] તેમાં અનેક નાગર બ્રાહ્મણોએ ભગવાન શ્રીહરિનો આશ્રય કર્યો. પછી તેઓની પ્રાર્થનાથી શ્રીહરિ ચૈત્ર સુદ પૂનમ સુધી જુનાગઢમાં નિવાસ કરીને રહ્યા.[૨૪]

હે રાજન્ ! જુનાગઢ પુરવાસી જનો ચૈત્રસુદ પડવાને દિવસે નવાવર્ષ નિમિત્તે ચંદન, પુષ્પ, નૂતન વસ્ત્રો તેમજ ધન અર્પણ કરીને ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૨૫] હે રાજન્ ! શ્રીહરિના પ્રાદુર્ભાવની તિથિને જાણતા હેમંતસિંહ રાજાએ અતિ હર્ષથી ચૈત્રસુદ નવમી તિથિએ શ્રીહરિનું વિધિપૂર્વક પૂજન કર્યું.[૨૬] તેમાં શ્વેત મહાકિંમતી વસ્ત્રો, સુવર્ણમાંથી તૈયાર કરેલાં રમણીય આભૂષણો, સુગંધીમાન અગરુ ચંદનનો અનુરાગ તથા કુંકુમ મિશ્રિત ચોખા, સુંદર મલ્લિકાના પુષ્પોની

सितैरनर्घ्यैर्वसनैर्हैमै रम्यैर्विभूषणैः । सच्चन्दनाङ्गरागेण कुंकुमाक्तैस्तथाक्षतेः ॥ २७
मल्लिकादामभी रम्यैर्नानाशेखरराजिभिः । धूपैर्दीपैश्च विविधैः खाद्यैः स्वादुफलैश्च सः ॥ २८
रूप्यमुद्रामृतस्थालं निधाय पुरतोऽस्य च । नीराजयामास मुदा षट्वर्दी स पठन्निमाम् ॥ २९
जय देव ! जय देव ! जय मङ्गलकर्ता २ नारायण ऋषिभर्ता कलिमलभयहर्ता ॥ ध्रुवपदम् ॥
तेजःसञ्चयराजत्सिततरतनुकान्ते ! २ नानामुक्तसमर्चित ! २ सुखकर ! बहुशान्ते !
सुरगणवन्दितचरणः करुणानिधिरात्मा २ परमं ब्रह्म परात्पर ! २ निर्गुण ! परमात्मा ॥ जय. ॥ ३०
भूमौ देवसपत्नैः शातिततनुगेहं २ पातुं सात्वतधर्मे २ प्रकटितनरदेहस् ।
धर्मात्मज ! निजनन्दन ! नन्दितवृषसग २ वन्दे नैष्ठिकवर्ये २ त्वामितमुनिवर्गम् ॥ जय. ॥३१
मद्याभिषपरवनितानिरतासुरवारं २ महसा स्वेन निरस्यं २ स्तम इव सविताऽरम् ।
पाषण्डाध्वसुरक्षितनिजजनभयहारी २ मनसिजदर्पविमोचन ! २ कुपथक्षयकारी ॥ जय. ॥३२

---

માળા, અનેકવિધ પુષ્પોના તોરાઓની પંક્તિ, ધૂપ, દીપ, નૈવેદ્યમાં અનેક પ્રકારના ખાદ્ય પદાર્થો, સ્વાદિષ્ટ ફળો, તેમજ દક્ષિણામાં રૂપાની મુદ્રા ભરેલો થાળ હેમંતસિંહ રાજા શ્રીહરિના ચરણમાં અર્પણ કરી ષટ્પદીનું ગાન કરતાં કરતાં અતિ હર્ષથી તેમની આરતી ઉતારવા લાગ્યા.[૨૭-૨૯]

**ષટ્પદી આરતીનું ગાન :–** હે દેવ ! તમારો જય થાઓ, જય થાઓ. સર્વેનું મંગળ કરનારા તમારો જય થાઓ. હે નારાયણ ! હે મુક્તાનંદાદિ સંતોના સ્વામી ! તમે કલિયુગના મળરૂપ કામ, ક્રોધાદિ દોષોના ભયને હરણ કરનારા છો. એવા તમારો જય થાઓ, જય થાઓ. હે અક્ષરબ્રહ્મના મહાતેજના પુંજને વિષે શોભી રહેલી શ્વેત શરીરની કાંતિને ધારણ કરનારા ! હે અનંત અક્ષરમુક્તોથી સેવાયેલા ચરણકમળવાળા ! હે સર્વને સુખ કરનારા ! હે બહુ શાંતિવાળા ! હે પરાત્પર ! હે નિર્ગુણ ! હે બ્રહ્માદિ સર્વ દેવતાઓના સમુદાયથી વંદન કરાયેલા ચરણકમળવાળા ! હે કરૂણાના નિધિ ! હે સર્વના અંતર્યામી આત્મા ! એવા હે પરબ્રહ્મ ! હે પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૦]

હે ધર્માત્મજ ! હે પોતાના ભક્તજનોને આનંદ આપનારા ! તમે આ ભારતવર્ષની ધરા ઉપર રાજા તથા ગુરુરૂપે પ્રગટેલા દૈત્યોદ્વારા વિનાશ કરાયેલી મૂર્તિ તથા પોતાનું ઘર માની જેના હૃદયમાં અખંડ નિવાસ કરીને રહેલા છો એવા સંતો તથા એકાંતિક ભાગવતધર્મનું રક્ષણ કરવા માટે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી મનુષ્ય શરીરનું ધારણ કરો છો. તમે જ્ઞાન, વૈરાગ્યાદિ ધર્મસર્ગને સદાય આનંદ

वरमभयं च कराभ्यां ददतं सितवसनं २ श्यामं सितमुपवींत २ दधतं मितहसनम् ।
शारदपूर्णसुधाकरबिम्बद्युतिवदनं २ हृदि कुर्वे च भवन्तं २ शुभगुणगणसदनम् ॥ जय. ॥३३
तिलकं कैसरमलिके दधतं दृशिलोभं साक्षतकुंकुमचन्द्रक २ रुचिरं बहुशोभम् ।
चन्दनकौसुमशेखरबहुविधशुभहारै २ स्त्वामहमर्चितमीडे २ निजजनपरिवारैः ॥ जय. ॥ ३४
प्रेमवतीतनुजे त्वयि जलरुहलदनयने २ रमतां मम धीरनिशं २ निजनिजपदनयने ।
पाहि सदा पुरुषोत्तम ! धार्मिकवर ! विष्णो ! २ त्वच्छरणागतजीवं २ कृष्ण ! हरे ! जिष्णो ! ॥ ज. ३५

---

**પમાડો છો. નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં સર્વોત્તમ એવા તમે અગણિત સંતસમુદાયના સ્વામી છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૧]**

**હે સર્વના મનમાં ઉદ્‌ભવ પામનારા કામદેવના ગર્વનું ભંજન કરનારા ! સૂર્ય જેમ પોતાના તેજથી અંધકારનો વિનાશ કરે છે, તેમ તમે તમારા અલૌકિક દિવ્ય પ્રતાપથી મદ્યમાંસનું સેવન કરનારા તથા પરસ્ત્રીનો સંગ કરનારા અસુરોના સમૂહોનો તત્કાળ વિનાશ કરી વેદવિરુદ્ધ માર્ગથકી પોતાના શરણે આવેલા જનોનું રક્ષણ કરી તેમની જન્મમરણરૂપ સંસૃતિના ભયથકી રક્ષા કરો છો. તેમજ કૌલપંથ કે કુંડાપંથ આદિ કુમાર્ગનો પણ તમે વિનાશ કરો છો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૨]**

**હે શ્રીહરિ ! તમે જમણા હાથથી વરદાન અને ડાબા હાથથી અભયદાન આપનારી મુદ્રાને સતત ધારણ કરી તેનું વિતરણ કરો છો. ઘણે ભાગે તમે શ્વેત વસ્ત્રોને ધારણ કરો છો. નવીન મેઘની સમાન શ્યામ સુંદર શરીરવાળા તમે શ્વેત યજ્ઞોપવિતને ધારણ કરો છો. સદાય મંદમંદ મુખહાસ્ય કરતા તમે શરદપૂર્ણિમાના ચંદ્રબિંબની કાંતિની સમાન મુખકમળથી શોભો છો. તમે સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, આદિ સમસ્ત સદ્‌ગુણોના સમૂહના એક સ્થાનભૂત છો, આવા તમારૂં મારા હૃદયમાં સદાય ધ્યાન કરું છું. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૩]**

**હે શ્રીહરિ ! તમે તમારૂં દર્શન કરનારા જનોના નેત્રોને આકર્ષણ કરતા કેશરતિલકને ભાલમાં ધારણ કરો છો. એ તિલક ચોખા અને કુંકુમના ચાંદલાએ સહિત અતિશય મનોહર તેમજ બહુ શોભાએ યુક્ત વર્તે છે. પોતાના ભક્તજનો રૂપી તમારો પરિવાર ચંદન, પુષ્પોના તોરા, હાર ધારણ કરાવી તમારૂં પૂજન કરે છે. એવા તમારી હું સ્તુતિ કરૂં છું. આવા હે પરબ્રહ્મ પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૪]**

एवं नीराजयित्वाऽसौ हरेः कृत्वा प्रदक्षिणाम् । प्रणम्य दण्डवद्राजा तस्थौ प्राञ्जलिरग्रतः ॥ ३६ ॥
स्वकण्ठाद्धरिरुत्तार्य तुष्टस्तस्मै ददौ स्रजः । महाप्रसाद इत्युक्त्वा स गृहीत्वा मुमोद ह ॥ ३७ ॥
वासांसि च धनं भूषा ब्राह्मणेभ्यो ददौ तदा । उदारबुद्धिर्भगवान् पौरान् विस्मापयन् जनान् ॥ ३८
प्रायशो धर्मशास्त्रस्य वार्ताः सदसि सोऽन्वहम् ॥ चकारानन्दयन् विप्रान् कृष्णभक्त्युपबृंहिताः ॥ ३९
द्वादश्यां पौर्णमास्यां च ब्राह्मणान् स सहस्रशः । तदिष्टभक्ष्यभोज्यैश्च तर्पयामास सत्पतिः ॥ ४० ॥
द्वादश्यामेव च स्वामी सोऽपराह्णे सदःस्थितः । माहात्म्यं द्वारिकायास्तु सर्वानचकथन्निजान् ॥ ४१
रामप्रतापेच्छारामौ तच्छ्रुत्वा हरिमूचतुः । कुर्याव द्वारिकायात्रामाज्ञा चेत्तव साम्प्रतम् ॥ ४२ ॥

---

હે પુરુષોત્તમ ! હે ધાર્મિકોમાં શ્રેષ્ઠ ! હે ધર્મધુરંધર ! હે વિષ્ણુ ! હે કૃષ્ણ ! હે શ્રીહરિ ! હે સર્વત્ર વિજય પામવાના સ્વભાવવાળા ! હે પ્રેમવતીના પુત્ર ! હે કમળના પત્રોની સમાન વિશાળ નેત્રોથી શોભતા ! હે પોતાના ભક્તજનોને અક્ષરધામની પ્રાપ્તિ કરાવતા ! તમારે વિષે મારી બુદ્ધિ સર્વકાળ રમણ કરો, અને તમારા શરણાગત એવા મારૂં તમે સદાય વિઘ્નો થકી રક્ષણ કરો. એવા હે પરબ્રહ્મ પરમાત્મા ! તમારો જય થાઓ, તમારો જય થાઓ.[૩૫]

હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ષટ્પદીનું ગાન કરતા આરતી કરીને હેમંતસિંહ રાજાએ શ્રીહરિની પ્રદક્ષિણા કરીને દંડવત્ પ્રણામ કર્યા, પછી બે હાથ જોડી શ્રીહરિની આગળ ઊભા રહ્યા.[૩૬] ત્યારે અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિએ પોતાના કંઠમાંથી પુષ્પની માળા ઉતારી હેમંતસિંહ રાજાને અર્પણ કરી, ત્યારે રાજા કહેવા લાગ્યા કે, અહો !!! આ પુષ્પનો હાર અર્પણ કરવારૂપ શ્રીહરિએ મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. હું તો ધન્ય ભાગ્યશાળી થયો આ પ્રમાણે તે બહુ રાજી થયા.[૩૭]

હે રાજન્ ! તે સમયે સર્વ જુનાગઢવાસી જનોને અતિશય આશ્ચર્ય પમાડતા ઉદાર બુદ્ધિવાળા ભગવાન શ્રીહરિએ પોતાની પૂજામાં આવેલાં વિવિધ વસ્ત્રો તથા સુવર્ણના આભૂષણો બ્રાહ્મણોને દાનમાં આપી દીધાં.[૩૮] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પ્રતિદિન સભામાં વિપ્રોને આનંદ આપતા કૃષ્ણભક્તિએ સહિતની ધર્મશાસ્ત્ર સંબંધી બહુધા વાતો કરી.[૩૯] સંતોના સ્વામી ભગવાન શ્રીહરિએ ચૈત્રસુદ બારસને દિવસે તેમજ ચૈત્રી પૂનમને દિવસે હજારો બ્રાહ્મણોને ઇચ્છિત ભોજનો જમાડી તૃપ્ત કર્યા.[૪૦] તેમાં સર્વના સ્વામી ભગવાન શ્રીહરિએ બારસને દિવસે બપોર પછીના સમયે સભામાં વિરાજમાન થઇ પોતાના સર્વે ભક્તજનોની આગળ

इत्याश्रुत्य स तद्वाक्यं तयोः सद्धर्मनिष्ठताम् । ज्ञात्वान्वमोदत तथा पाथेयं चाश्वकारयत् ॥ ४३ ॥
ततस्तौ प्रेषयामास त्रयोदश्यां कुशस्थलीम् । दत्वा धनं च विपुलमश्वौ च शकटद्वयम् ॥ ४४ ॥
प्रैषयत्सह ताभ्यां च मयरामद्विजोत्तमम् । तद्देशमार्गादिविदं पत्तीन् शस्त्रभृतश्च सः ॥ ४५ ॥
तदाऽऽतपस्य बाहुल्यात्कौसल्यानितरांस्तु सः । ताभ्यां साकं गन्तुमुत्कान्न्यषेधद्देशकालवित् ॥ ४६
प्रतिपदि ततः साकं स्वीयानुगैः कृतभोजनः सपदि निरगाद्धेमन्तादीननुव्रजतो निजान् ।
निजविरहतः खेदं यातो निवर्त्य बलद्धरिः पथि स सुखयन्स्वीयानायान्नृपोत्तमपत्तनम् ॥ ४७ ॥
एतां कथां भगवतो भजनीयमूर्तेर्भक्त्या शृणोति पठति प्रयतः पुमान् यः ।
प्राप्नोति भक्तिममलां स तु वासुदेवे मुक्तो भवत्यखिलसंसृतिबन्धनेभ्यः ॥ ४८ ॥

---

દ્વારિકાનું માહાત્મ્ય કહ્યું.[૪૧] તેને સાંભળીને શ્રીહરિ પ્રત્યે તેમના બન્ને ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! જો તમારી આજ્ઞા હોય તો અમે અત્યારે જ દ્વારિકાની યાત્રા કરી આવીએ.[૪૨] આવા પ્રકારનું બન્ને ભાઈઓનું વચન સાંભળી ભગવાન શ્રીહરિ તેમની સદ્ધર્મમાં નિષ્ઠા જોઈ, ભલે જઈ આવો, એવી અનુમતિ આપી. તેમજ તત્કાળ ભાતું તૈયાર કરાવ્યું.[૪૩] પછી તેમને પુષ્કળ ધન, બે ઘોડા તેમજ બે ગાડાંની વ્યવસ્થા કરી આપી ને બન્ને ભાઈઓને ચૈત્રસુદ તેરસને દિવસે દ્વારિકા જવા મોકલ્યા.[૪૪] તેમજ ભગવાન શ્રીહરિએ તે દેશના માર્ગના જાણકાર બ્રાહ્મણશ્રેષ્ઠ મયારામ ભટ્ટને તથા રક્ષણ માટે શસ્ત્રધારી પોતાના પાર્ષદોને તેઓની સાથે મોકલ્યા.[૪૫] દેશકાળને બરાબર ધ્યાનમાં રાખી શ્રીહરિએ પોતાના ભાઈઓની સાથે યાત્રામાં જવા અત્યંત ઉત્સુક થયેલા કોશલદેશથી સાથે આવેલા ભાઈઓના પુત્રાદિકને અતિશય ગરમી હોવાને કારણે રોકી રાખ્યા.[૪૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પછી શ્રીહરિ ચૈત્રવદ પડવાને દિવસે પોતાના અનુયાયી સંતો પાર્ષદોની સાથે ભોજન કરી તે જ ક્ષણે જુનાગઢપુરથી નીકળ્યા. ત્યારે પોતાની પાછળ આવતા અને વિયોગથી ખેદ પામતા હેમંતસિંહ રાજા આદિ સર્વે ભક્તજનોને બળજબરીથી પાછા વાળી માર્ગમાં આવતા ભક્તજનોને આનંદ આપતા ગઢપુર પધાર્યા.[૪૭] હે રાજન્ ! શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા પછીથી પ્રારંભીને પાછા ગઢપુર આવ્યા ત્યાં સુધીની કથાને જે પુરુષો નિયમપૂર્વક ભક્તિભાવથી સાંભળશે અથવા અન્યને સંભળાવશે તે બન્નેને શ્રીવાસુદેવ ભગવાનને વિષે નિર્મળ એકાંતિકી ભક્તિ પ્રાપ્ત થશે. અને સંસારના સમસ્ત બંધનોમાંથી મુક્ત થશે.[૪૮]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे*
*जीर्णदुर्गगमनदुर्गपुरप्रत्यागमननिरूपणनामा त्रयोविंशोऽध्याय: ॥ २३ ॥*

---

## चतुर्विंशोऽध्याय: - २४

**सुव्रत उवाच –**

निवसंस्तत्र भगवानेकदा विजने स्थित: । व्यचिन्तयस्य मनसा स्वावतारप्रयोजनम् ॥ १ ॥
कले: प्राप्य बलं भूमावधर्म: सान्वयोऽसुरै: । वर्धितो नितरां तेन धर्मोऽतिक्षीणतां गत: ॥ २ ॥
सन्त: कष्टं भृशं प्रापुदवता ऋषयस्तथा । भूमिश्च पापिनां भारं सहितुं न शशाक च ॥ ३ ॥
शापव्याजेन विप्रर्षे: प्रादुर्भूय ततो भुवि । उन्मूलिता मया सर्वे स्वप्रतापेन तेऽसुरा: ॥ ४ ॥
धर्मो भक्त्या सह परां पुष्टिं च गमितोऽधुना । सन्तो देवाश्च मुनय: प्रापिता: परमं सुखम् ॥ ५ ॥

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિ જુનાગઢમાં અનેક લીલા કરી પાછા ગઢપુર પધાર્યા એ નામે ત્રેવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૩--**

---

## અધ્યાય – ૨૪

## ગઢપુરમાં એકાંત સ્થળે બેસી શ્રીહરિએ કરેલા ગૂઢ ત્રણ સંકલ્પો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગઢપુરમાં નિવાસ કરતા શ્રીહરિ એક વખત એકાંતસ્થળમાં બેસી મનથી પોતાના અવતારનું પ્રયોજન વિચારવા લાગ્યા.[૧] આ પૃથ્વી પર કલિયુગનું બળ પ્રાપ્ત કરી અસુર ગુરુ તથા રાજારૂપે ઉદ્ભવેલા દૈત્યોએ સહિત અધર્મવંશ પોતાના પરિવારે સહિત અતિશય વૃદ્ધિ પામ્યો. તેના કારણે પરિવારે સહિત ધર્મવંશ અતિશય ક્ષીણ થયો.[૨] સંતપુરુષો, દેવતાઓ તથા ઋષિમુનિઓ અત્યંત કષ્ટ પામવા લાગ્યા. પૃથ્વી પાપીઓનો ભાર સહન કરવા સમર્થ થઈ નહિ.[૩] પછી દુર્વાસા મુનિના શાપનું મિષ લઈ આ ભારતવર્ષની ધરા પર ઉત્તર કૌશલ દેશમાં ધર્મદેવ થકી ભક્તિદેવીને વિષે જન્મ ધારણ કરી બ્રહ્મપુર ધામના અધિપતિ એવા મેં મારા અલૌકિક પ્રતાપથી તે સર્વે અસુર ગુરુરૂપ તથા રાજારૂપ દૈત્યોનો મૂળે સહિત વિનાશ કર્યો.[૪] અત્યારે ભક્તિએ સહિત ધર્મ બહુ

अधर्मः सान्वयः क्वापि नेक्ष्यते भूतलेऽधुना । चातुर्वर्ण्यजनाः सर्वे स्वधर्मस्था भजन्ति माम् ॥ ६
धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल । तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ॥ ७ ॥
अन्तर्हिते मयि भुवो भक्ता एते च मच्छ्रिताः । निरालम्बा भविष्यन्ति कार्यं किञ्चिच्च तत्कृते ॥ ८
एवं विचार्य भगवान् सर्वेषां स नृणां भुवि । व्यचिन्तयद्धितं त्रेधा दयावात्सल्यवारिधिः ॥ ९ ॥
कारयित्वा मन्दिराणि तत्र स्वप्रतिमा अहम् । स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ॥ १० ॥
स्वधर्मे वर्तमानानां पुंसां तत्सेवनादिह । सिद्धिमेष्यति सर्वेषां पुरुषार्थचतुष्टयम् ॥ ११ ॥
भक्तिमार्गस्य पुष्ट्यर्थे मन्त्रदीक्षाप्यपेक्ष्यते । अतो धर्मान्वये शुद्धे गुरुतां स्थापयेय च ॥ १२ ॥
धर्मज्ञानविरक्तीनां भक्तेश्चावगमाय तु । ग्रन्थं कर्ता शतानन्दो मच्चरित्रोपबृंहितम् ॥ १३ ॥

---

જ પોષણ પામેલ છે. સાધુ, દેવતા અને મહર્ષિઓ પણ પરમ સુખને પામ્યા છે.[૫] આખા પરિવારે સહિત અધર્મ અત્યારે પૃથ્વી પર કોઈ પણ સ્થળે જોવામાં આવતો નથી. ચારેય વર્ણના સર્વે મનુષ્યો પોતપોતાના ધર્મમાં રહી મારૂં ભજન કરે છે.[૬]

અવતાર ધારણ કરી જે કાર્ય કરવાનું હતું તે મેં સમગ્ર કાર્ય પૂર્ણ કરેલ છે. એ સ્પષ્ટ છે છતાં પણ ભાવિ મનુષ્યોના હિત માટે મારે અવશ્ય કાંઈ પણ કરવું જોઈએ.[૭] વળી મારા અંતર્ધાન થયા પછી મારે આશરે રહેલા ભક્તજનો નિરાધાર થશે. તે ભક્તજનોના આધાર માટે પણ મારે કંઈક કરવું જોઈએ.[૮] હે રાજન્ ! અપાર કરૂણાના સાગર અને વાત્સલ્યના વારિધિ ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે સર્વજનોનું હિત વિચારી પૃથ્વી પરના જનો માટે ત્રણ પ્રકારના હિત સંકલ્પો નક્કી કર્યા.[૯]

**મંદિરો બાંધવાનો પહેલો સંકલ્પ :–** હું મંદિરો બંધાવી તેમાં મારા અર્ચાસ્વરૂપોની પ્રતિષ્ઠા કરૂં, તેથી મનુષ્યો અત્યારે અને ભવિષ્યમાં પણ તે મારાં સ્વરૂપોની સેવા પૂજા કરશે.[૧૦] આલોકમાં પોતપોતાના વર્ણાશ્રમને ઉચ્ચિત ધર્મમાં રહીને જે મનુષ્યો તેમની સેવા પૂજા કરશે, તે સર્વેને ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થશે.[૧૧]

**આચાર્યની સ્થાપના કરવાનો બીજો સંકલ્પ :–** ધર્મે સહિત મારા ભક્તિમાર્ગના અતિશય પોષણને માટે મંત્રદીક્ષાની બહુજ અપેક્ષા રહેશે. તેથી મારા શુદ્ધ ધર્મવંશને વિષે મંત્રદીક્ષાનું પ્રદાન કરનાર આચાર્યની સ્થાપના કરું.[૧૨]

**સદ્ગ્રંથની રચના કરવાનો ત્રીજો સંકલ્પ :–** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય

सिद्धान्तं सर्वशास्त्राणां तेन ज्ञास्यन्ति मच्छ्रिताः । एवमेव ततः कृत्वा यायां धाम स्वकं भुवः ॥ १४

**सुव्रत उवाच –**

स एवं गूढसङ्कल्पो निवसंस्तत्र पत्तने । लेखयामास सर्वाणि सच्छास्त्राणि सुलेखकैः ॥ १५ ॥

अचीकरद्भूमिपते ! महान्तं चैत्रासितैकादशिकोत्सवं सः ।

सन्तर्पयामास मुनींश्च विप्रान्सहस्रशो द्वादशिकादिने च ॥ १६ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे*

*भगवद्गुढसङ्कल्पनिरूपणनामा चतुर्विंशोऽध्यायः ॥ २४*

---

**અને ભક્તિના અવબોધને માટે શતાનંદ સ્વામી મારાં ચરિત્રોથી સભર ગ્રંથની રચના કરશે.[૧૩] મારા આશ્રિતો તે ગ્રંથના માધ્યમથી સર્વશાસ્ત્રોના સિદ્ધાંતના રહસ્યને જાણી શકશે. બસ આ ત્રણ પ્રકારનાં કાર્યો કરીને હું આ પૃથ્વી થકી અંતર્ધાન થઈ મારા અક્ષરધામ પ્રત્યે જઈશ.[૧૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ત્રણ ગૂઢ સંકલ્પો પૂરા કરવાનો દૃઢ સંકલ્પ કરી શ્રીહરિ દુર્ગપુરમાં નિવાસ કરવા લાગ્યા અને સુંદર લેખન કરતા અનંત સંતો પાસે સર્વશાસ્ત્રોનું લેખન કરાવ્યું.[૧૫] હે ભૂમિપતિ ! આમ કરતા ભગવાન શ્રીહરિએ ચૈત્રવદી એકાદશીનો મહા ઉત્સવ ઉજવી બારસને દિવસે હજારો સંતો, બ્રાહ્મણોને ભોજન કરાવી તૃપ્ત કર્યા.[૧૬]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ ગઢપુરમાં કરેલા ત્રણ સંકલ્પોનું નિરૂપણ કર્યું એ નામે ચોવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૪--**

---

पंचविंशोऽध्यायः - २५

सुव्रत उवाच –

देशान्तरात् समायातो हरिर्दुर्गपुरे नृप ! । नवमे मास इत्येवं श्रुत्वा देशान्तरस्थिताः ॥ १ ॥
तद्दर्शनार्थमाजग्मुर्भक्तास्तत्र सहस्रशः । कृत्वा ते दर्शनं तस्य द्वादश्यां लेभिरे मुदम् ॥ २
सन्मानितास्ते हरिणा तत्रोषुर्वासराष्टकम् । हरिश्चन्दनयात्रायाश्चकार च महोत्सवम् ॥ ३
उत्सवान्ते तमासीनं भक्ताः श्रीनगरौकसः । बद्धाञ्जलिपुटा राजन् ! प्रार्थयामासुरादरात् ॥ ४
भगवन् ! पुरमस्माकं कृपयाऽऽयातुमर्हसि । विधातुं मन्दिरं तत्र सर्वेषामस्ति मानसम् ॥ ५
गवेन्द्रदत्ताधिकृतिस्तत्रत्यो धरणीपतिः । अनुमोदत एतद्धि प्रीतिमांस्त्वयि सोऽस्ति च ॥ ६
एतं मनोरथं तस्मादस्माकं प्रतिपूरय । करिष्यामो हि शुश्रूषां मुनिभिः सहितस्य ते ॥ ७

## અધ્યાય – ૨૫

### ભગવાન શ્રીહરિના ગૂઢ સંકલ્પોથી અમદાવાદના ભક્તજનોએ મંદિર બાંધવાની કરેલી પ્રાર્થના.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ શ્રાવણ મહિનાથી ગઢપુરથી ગયા પછી દેશાંતરમાં ફરી પાછા નવમે મહિને ચૈત્રમાસમાં ગઢપુર પધાર્યા છે. આવા સમાચાર સાંભળી દેશદેશાંતરથી હજારો ભક્તો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા ગઢપુર આવવા લાગ્યા. સર્વે ચૈત્રવદ બારસને દિવસે શ્રીહરિનાં દર્શન કરી ખૂબજ આનંદ પામ્યા, ભગવાન શ્રીહરિએ તેઓનું સન્માન કર્યું, તેઓ આઠ દિવસ સુધી ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા. શ્રીહરિએ વૈશાખસુદ અક્ષય તૃતીયાને દિવસે ચંદનયાત્રાનો મહોત્સવ પણ ઉજવ્યો.[૧-૩] પછી સ્વસ્થ ચિત્તે પોતાના આસન ઉપર વિરાજમાન થયેલા ભગવાન શ્રીહરિની શ્રીનગરવાસી ભક્તજનોએ બે હાથ જોડી આદરથી પ્રાર્થના કરી કે, હે ભગવાન ! તમે કૃપા કરીને અમારા અમદાવાદ નગરમાં પધારો. કારણ કે ત્યાં મંદિર બાંધવાની અમારા સર્વે ભક્તજનોના મનમાં ઇચ્છા થઇ છે.[૪-૫] અંગ્રેજ રાજાના ગવર્નરે અધિકાર આપેલા ગુજરાતના શાસનાધિકારી અને શ્રીનગરમાં નિવાસ કરતા શાસકે (કલેકટરે) મંદિર કરવાનું અનુમોદન કરેલું છે. અમે તેમની પાસે મંદિર બાંધવાની મંજૂરી માગી ત્યારે તેણે જલદીથી અહીં તમારૂં મંદિર કરો. એવું અનુમોદન આપ્યું છે. કારણ કે તે શાસકને તમારા ઉપર ખૂબજ પ્રેમ છે.[૬] તેથી હે પ્રભુ ! શ્રીનગરમાં મંદિર બાંધવાનો અમારો મનોરથ છે તે તમે પૂર્ણ કરો. હે ભગવાન્ ! સંતોએ

इति तैः प्रार्थितो भक्तैर्भक्तिधर्मप्रपोषकः । नारायणस्तथेत्याह ते च हर्षं प्रपेदिरे ॥ ८
आनन्दानन्दनामानं मुनिं प्राह ततो हरिः । एभिः सह श्रीनगरं गच्छ त्वं साम्प्रतं मुने ! ॥ ९
तत्रत्यो नृपतिभूमिं दास्यते मन्दिराय नः । कारयेर्मन्दिरं तस्यां शिल्पशास्त्रानुसारतः ॥ १०
जाते हि मन्दिरे तत्र प्रेषयेर्दूतमत्र च । तत्रैत्य स्थापयिष्यामि नरनारायणं ह्यहम् ॥ ११
इत्युक्तः स तथेत्याह ते च भक्ताः प्रणम्य तम् । त्वयाऽऽगम्यमवश्यं हीत्युक्त्वा समुनयो ययुः ॥ १२
प्राप्य श्रीनगरं तत्र स्वावासोचितवेश्मनि । स्वमण्डलेन सहित उत्ततार मुनिः स च ॥ १३
पौरा यथोचितं तस्य परिचर्यामकुर्वत । तत्रत्यो नृपतिस्तस्य दर्शनार्थमुपागमत् ॥ १४
स चाह तं मुने ! भूमिर्यावती या तवेप्सिता । तावतीं तां गृहाणाद्य प्रतिरोद्धा न कोऽपि ते ॥ १५
ततो मुनिः स्वेप्सितायां दत्तायां तेन भूभुजा । मन्दिरं कारयामास भुवि रम्यं दृढं महत् ॥ १६

---

સહિત તમારી અમે ખૂબજ સેવા કરીશું.[૭]

હે રાજન્ ! આ પ્રમાણે શ્રીનગરનિવાસી ભક્તજનોએ પ્રાર્થના કરી તેથી ભક્તિધર્મનું પોષણ કરનારા સ્વયં શ્રીહરિએ તથાસ્તુ કહીને પ્રાર્થના સ્વીકારી તેથી સર્વે ભક્તજનો ખૂબજ હર્ષ પામવા લાગ્યા.[૮] અને શ્રીહરિએ આનંદાનંદ મુનિને કહ્યું કે, હે મુનિ ! તમે અત્યારે આ ભક્તજનોની સાથે શ્રીનગર જાઓ.[૯] ત્યાંના અંગ્રેજ નૃપતિ મંદિર કરવા માટે આપણને ભૂમિનું દાન કરશે. તે ભૂમિમાં શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર મંદિર બંધાવજો.[૧૦] મંદિર તૈયાર થઈ જાય ત્યારે અહીં દૂતને મોકલજો. હું ત્યાં આવીને શ્રીનરનારાયણ ભગવાનની સ્થાપના કરીશ.[૧૧]

**અમદાવાદમાં મંદિર બાંધવા આનંદાનંદ સ્વામીનું આગમન** :– હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું, ત્યારે સ્વામીએ કહ્યું કે, હે પ્રભુ ! તમે કહ્યું એ પ્રમાણે જ હું કરીશ. પછી શ્રીનગરના ભક્તજનો શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે પ્રભુ તમે અવશ્ય પધારજો. એમ કહી આનંદાનંદ સ્વામી પોતાના મંડળની સાથે ગઢપુરથી શ્રીનગર જવા રવાના થયા.[૧૨] શ્રીનગર આવી આનંદાનંદ સ્વામી પોતાના નિવાસને ઉચિત ભવનમાં સંતોના મંડળે સહિત ઉતારો કર્યો.[૧૩] પુરવાસી ભક્તજનો સંતમંડળે સહિત આનંદાનંદ સ્વામીની યથાયોગ્ય જરૂરી સેવા કરવા લાગ્યા. ત્યાંના શાસનાધિકારી પણ આનંદાનંદ સ્વામીનાં દર્શને આવ્યા.[૧૪] અને કહ્યું કે, હે મુનિ ! મંદિર કરવા માટે તમને જેટલા પ્રમાણમાં ભૂમિની ઈચ્છા હોય તેટલી ભૂમિ હું તમને આપું છું. તમે સ્વીકારો. અત્યારે આ

चतुरैः शिल्पिभिस्तच्च कारयामास शोभनम् । तदपेक्षितवस्तूनि पौरा आजह्रुरादरात् ॥ १७
देवप्रतिष्ठायोग्ये च जाते तस्मिन्मुनिः स तु । आपृच्छ्य गणकांश्चक्रे प्रतिष्ठाक्षणनिश्चयम् ॥ १८
प्रेषयामास स ततः साधू द्वौ दुर्गपत्तनम् । हरिमानेतुमृषिराट् वृत्तं तच्च निवेदितुम् ॥ १९
हरिस्तु तत्र निवसन्नार्षे रामायणं नृप ! । भ्रातृभ्यां सह शुश्रूषुः प्रत्यैक्षत तदागमम् ॥ २०
तिथौ दशहराख्यायां गङ्गार्चनमहोत्सवम् । भानौ गगनमध्यस्थे कृत्वा विप्रानभोजयत् ॥ २१
भ्रातृजायान्तिके यावद्भोक्तुं याति स्ववासतः । हरिस्तावत्तु तौ तत्राऽऽजग्मतुर्द्वारिकापुरात् ॥ २२
तीर्थे गत्वा य आगच्छेत्तत्प्रत्युद्गमने विदन् । पुण्यं महत्तावभ्येत्य परिरेभे स सादरम् ॥ २३
ज्येष्ठं स्वयं नमस्कृत्य कनिष्ठेन नमस्कृतः । पृष्ट्वा तत्स्वागतादीनि क्षणं व्यश्रमयच्च तौ ॥ २४

**બાબતમાં કોઈ તમને રોકનારો નથી.[૧૫] હે રાજન્ ! આ પ્રમાણે કહ્યા પછી આનંદાનંદ સ્વામીએ તેણે આપેલી અને મનને ગમે તેવી રમણીય ભૂમિમાં અતિશય મજબૂત રમણીય વિશાળ મંદિર બંધાવ્યું.[૧૬] તે વિશાળ મંદિરને ચતુર શિલ્પીઓએ સારી કળાથી શણગાર્યું, તે સમયે શ્રીનગરના સર્વે ભક્તજનો જે જોઈએ તે આદરપૂર્વક લાવી આપતા હતા.[૧૭] હે રાજન્ ! આમ કરતાં શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠાને યોગ્ય મંદિર તૈયાર થયું, ત્યારે શ્રેષ્ઠ જ્યોતિષને પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછી તેના દિવસનો નિર્ણય કર્યો.[૧૮] પછી આનંદાનંદ સ્વામીએ શ્રીહરિને બોલાવવા માટે તેમજ મંદિર રચનાનું સમગ્ર વૃત્તાંત નિવેદન કરવા માટે બે સંતોને ગઢપુર મોકલ્યા.[૧૯]**

**શ્રીહરિએ વાલ્મિકીરામાયણનું શ્રવણ કર્યું :– હે રાજન્ ! આ બાજુ ગઢપુરમાં શ્રીહરિ પોતાના બન્ને ભાઈઓની સાથે વાલ્મિકી રામાયણ સાંભળવાની ઈચ્છાથી દ્વારિકાની યાત્રાએ ગયેલા તે બન્નેની પુનરાગમનની પ્રતીક્ષા કરતા હતા.[૨૦] જેઠસુદ દશમી-દશેરાની તિથિએ સૂર્ય જ્યારે આકાશના મધ્ય ભાગમાં આવ્યા ત્યારે શ્રીહરિએ ગંગાપૂજનનો મહોત્સવ ઉજવી બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં.[૨૧] અને પોતે સુવાસિની ભાભીના નિવાસ સ્થાને ભોજન કરવા પધાર્યા. અને આ બાજુ બન્ને ભાઈઓ દ્વારિકાપુરીથી ગઢપુર પધાર્યા.[૨૨] હે રાજન્ ! જે પુરુષો તીર્થ કરીને પાછા પધારે ત્યારે તેમની સન્મુખ જવામાં બહુજ મોટું પુણ્ય થાય છે. એ રીતને જાણતા હોવાથી શ્રીહરિ બન્ને ભાઈઓની સન્મુખ જઈ આદરપૂર્વક બાથમાં ઘાલીને ભેટ્યા.[૨૩] શ્રીહરિએ મોટાભાઈ રામપ્રતાપજીને નમસ્કાર કર્યા અને નાનાભાઈ ઈચ્છારામજીએ શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી**

स्नात्वा ततः सहैवाभ्यां बुभुजे प्रीणयन् स तौ । श्रीरामचरितं श्रोतुं प्रारम्भत् परेऽहनि ॥ २५
एकादश्या निर्जलाया आरभ्य प्रतिवासरम् । ताभ्यां सह स सुश्राव वाल्मीकीयं यथाविधि ॥ २६
पौषस्य शुक्लैकादश्यां तत्समाप्तिमचीकरत् । वाचकं तोषयामास वासोभूषाधनादिभिः ॥ २७
माघस्नानं चकराथ नद्यां भक्तजनैः प्रगे । पौष्या आरभ्य माध्यन्तं कुर्वंश्चान्द्रायणव्रतम् ॥ २८
व्रतान्ते ब्राह्मणान्साधूंस्तर्पयित्वा सहस्रशः । स्वयं च पारणां कृत्वा निषसादासने सुखम् ॥ २९
तावच्छ्रीनगरात्साधू तावुपेत्य प्रणम्य तम् । पुरतस्तस्थतू राजन् ! मानयामास तौ स च ॥ ३०
आदौ तौ भोजयित्वा तद्वृत्तं पप्रच्छ स प्रभुः । यथावत्तौ जगदतुस्तच्छ्रुत्वा सोऽन्वमोदत ॥ ३१
तपस्याद्यतृतीयायां देवसंस्थापनक्षणम् । स ज्ञात्वा तत्पुरं गन्तुमादिदेशात्मनोऽनुगान् ॥ ३२

---

તેમના સ્વાગત સમાચાર પૂછી બન્ને ભાઈઓને થોડી વિશ્રાંતિ લેવડાવી.[૨૪] તે બન્નેની સાથે ભોજન લેવા શ્રીહરિએ સ્નાન કર્યું ને બન્ને ભાઈઓને વિનોદનાં વાક્યોથી આનંદ આપતા તેમની સાથે ભોજન કર્યું. પછી બીજે દિવસે એકાદશીના રામચરિત્ર સાંભળવાનો પ્રારંભ કર્યો.[૨૫]

હે રાજન્ ! શ્રીહરિએ સંવત ૧૮૭૭ ના જેઠસુદ નિર્જલા એકાદશીથી પ્રારંભ કરીને પ્રતિદિન બન્ને ભાઈઓની સાથે વાલ્મીકિ રામાયણનું વિધિ સહિત શ્રવણ કર્યું.[૨૬] અને સંવત ૧૮૭૮ના પોષસુદી એકાદશીની તિથિએ તેની સમાપ્તિ કરી. વસ્ત્ર, આભૂષણો તેમજ ધન અર્પણ કરી વક્તા પ્રાગજી પુરાણીનું પૂજન કરી સંતોષ પમાડ્યા. આ પ્રમાણે આઠ માસ સુધી રામાયણનું શ્રવણ કર્યું.[૨૭] હે રાજન્ ! ત્યાર પછી ભગવાન શ્રીહરિએ પોષમાસની પૂર્ણિમાથી ચાંદ્રાયણ વ્રતનો પ્રારંભ કરી માઘમાસની પૂર્ણિમા સુધી પ્રતિદિન ભક્તજનોની સાથે ઉન્મત્તગંગામાં પ્રાતઃકાળે માઘસ્નાન કરવા જતા.[૨૮] તે વ્રતને અંતે હજારો બ્રાહ્મણો તેમજ સંતોને ભોજન કરાવી તૃપ્ત કરી સ્વયં શ્રીહરિએ પારણાં કરી પોતાના આસન ઉપર આવીને બેઠા.[૨૯] તે સમયે બન્ને સંતો શ્રીનગરથી આવીને શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તેમની આગળ બેઠા. ત્યારે ભગવાન શ્રીહરિએ તે બન્ને સંતોને સ્વાગતાદિ પ્રશ્નો કરી સત્કાર કર્યો.[૩૦] તેમાં પ્રથમ શ્રીહરિએ સંતોને ભોજન જમાડી પછી શ્રીનગરનું વૃત્તાંત પૂછ્યું. ત્યારે સંતોએ પણ સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું. સંતોનું વચન સાંભળી શ્રીહરિ તેમની પ્રાર્થનાનો સ્વીકાર કરી શ્રીનગર જવાનો નિર્ણય કર્યો.[૩૧]

निषिषेध स योषास्तु जयाद्या आगमोद्यताः । जनसम्मर्दबाहुल्यात् पुरे तत्र व्रतस्थिताः ॥ ३३
आयास्यामो वयं शीघ्रमिहेत्याश्वास्य ता हरिः । क्षणे मौहूर्तिकैर्दत्ते सप्तम्यां निर्ययौ ततः ॥ ३४
उत्तमेन क्षितिभुजा सह स्वीयैश्च पार्षदैः । सहस्रशोऽश्ववारैश्च वृतः क्षत्रियपुङ्गवैः ॥ ३५
आरूढो जविनं चाश्वं सोदराभ्यां सहैव सः । मुनभिश्च ययौ स्वामी ततः श्रीनगरं नृप ! ॥ ३६
तत्र तत्रार्च्यमानोऽसौ पथि भक्तव्रजैः प्रभुः । पञ्चमेऽहनि तत्प्रापत्स्वानुगैः सह पत्तनम् ॥ ३७
पुरोपकण्ठे स्वावासं तडागमभितोऽकरोत् । कार्कराख्यं तत्र पौरा एत्य सेवामकुर्वत ॥ ३८
नथ्थुर्हेमन्तरामश्च गणपत्यादयो द्विजाः । भक्ता भगवतः सेवामकुर्वत् मुदान्विताः ॥ ३९
हीरचन्द्रो बर्हिचरो लालगुप्तश्च माणिकः । दामोदरादयो वैश्या भक्ताः पर्यचरंश्च तम् ॥ ४०

---

**નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા શ્રીહરિનું શ્રીનગરમાં આગમન :-** હે રાજન્ ! સંવત ૧૮૭૮ ના ફાગણસુદ તૃતીયાને દિવસે શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠાનું મુહૂર્ત જાણી શ્રીહરિએ શ્રીનગર જવા માટે પોતાના સોમલાખાચર આદિ પાર્ષદોને તૈયાર થવાની આજ્ઞા કરી.[૩૨] પોતાની સાથે શ્રીનગર આવવા તૈયાર થયેલી તેમજ અષ્ટપ્રકારે પુરુષના પ્રસંગનો ત્યાગ કરવારૂપ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી રહેલી જયાબા, લલિતાબા આદિ સ્ત્રીઓને શ્રીનગરમાં મનુષ્યોની ભીડને કારણે ત્યાં આવવું ઠીક નથી. એમ કહીને તેઓને ગઢપુરમાં રહેવાનું કહ્યું.[૩૩] અને અમે સર્વે અહીં જલદી પાછા ફરીશું. એવું વચન આપી ભગવાન શ્રીહરિ મયારામભટ્ટ આદિ જ્યોતિષકારોએ બતાવેલા માઘવદ સાતમની તિથિના મુહૂર્તમાં દુર્ગપુરથી ચાલી નીકળ્યા.[૩૪] હે રાજન્ ! શ્રીહરિએ સૂર્ય શુભ લગ્નમાં હતા ત્યારે જવા પ્રયાણ કર્યું. તે સમયે પૃથ્વીપતિ ઉત્તમરાજા, પોતાના રતનજી, ભગુજી આદિ બીજા હજારો પાર્ષદો તેમજ ક્ષત્રિય શ્રેષ્ઠ સોમ, સુરાદિ ઘોડેસ્વારોથી વીંટળાઈને વેગવાન ઘોડા ઉપર આરુઢ થઈ શ્રીહરિ પોતાના બન્ને ભાઈઓ તથા સર્વે સંતોની સાથે દુર્ગપુરથી શ્રીનગર જવા નીકળ્યા.[૩૫-૩૬] માર્ગમાં આવતાં ગામોના ભક્તજનોના પૂજનનો સ્વીકાર કરતા શ્રીહરિ પોતાના પાર્ષદોની સાથે પાંચમે દિવસે શુભ એકાદશીની તિથિએ શ્રીનગર પધાર્યા.[૩૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ નગરની સમીપના જ પ્રદેશમાં રહેલા કાંકરીયા તળાવની ચારે બાજુ ફરતે પોતાનો નિવાસ કર્યો. તે સમયે નગરવાસી ભક્તજનો તત્કાળ ત્યાં આવ્યા ને શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩૮] તે ભક્તોમાં નથુરામ, હેમંતરામ, ગણપતભાઈ આદિ બ્રાહ્મણ ભક્તો હતા. તે અતિશય હર્ષ

गङ्गा रेवा च दीपालिर्लक्ष्मीः श्यामा शिवादयः । योषितो भक्तिमत्यस्तमसेवन्त यथोचितम् ॥ ४१
अन्ये सहस्रशः पौरास्तद्दर्शनसमुत्सुकाः । बहिरभ्येत्य तं दृष्ट्वा प्रापुः परमनिर्वृतिम् ॥ ४२
आतिथ्यं विदधुस्तस्य यथार्हं सानुगस्य ते । तमुपेत्यानन्दमुनिर्नत्वा स्वं वृत्तमाह च ॥ ४३
द्वादश्यां पारणां कृत्वा प्रविवेश पुरं हरिः । प्रार्थ्यमानः पौरभक्तैरश्वमारुह्य भूषितम् ॥ ४४
पुरतः पार्श्वतस्तस्य पृष्ठतश्च सहस्रशः । शतशो यूथशश्चेरुस्तदा भक्तजना नृप ! ॥ ४५
नेदुर्दुन्दुभयस्तत्र वाद्यानि विविधानि च । गायकाश्च जगुर्हृष्टा गुणांस्तस्यैव सुस्वरम् ॥ ४६
सहस्रशो यान्त्रिकाश्च बन्धुकीधूष्कृतीर्मुहुः । कुर्वन्तः पुरतेच्चरुर्बद्धनानाविधायुधाः ॥ ४७
निशम्य पौरास्तमुदारकीर्तिं पुरं प्रविष्टं सह भक्तसङ्घैः ।
ससम्भ्रमं त्यक्तसमस्तकार्या द्रागिनः सरन्ति स्म बहिर्गृहेभ्यः ॥ ४८

---

પામતા શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩૯] તેમજ હીરાચંદ, બેચરભાઈ, લાલદાસ, માણેકલાલ, દામોદર આદિ વૈશ્ય ભક્તજનો હતા તે પણ શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૪૦] અને બહેનોમાં ગંગા, રેવતી, દીવાળી, લક્ષ્મી, શ્યામા, શિવા આદિ ભક્તિવાળાં બહેનો હતાં તે પણ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરવા લાગ્યાં.[૪૧] હે રાજન્ ! શહેરના અન્ય હજારો ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરવાની અતિ ઉત્કંઠાવાળા થઈ પુરની બહારના ભાગે કાંકરીયા તળાવે વિરાજતા ભગવાન શ્રીહરિના નિવાસસ્થાને આવ્યા ને દર્શન કરી પરમ આનંદ પામ્યા.[૪૨] તે સમયે નથુરામ આદિ સમસ્ત ભક્તજનોએ સંતો પાર્ષદોએ સહિત શ્રીહરિનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કર્યો ને આનંદાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની સમીપે આવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાનું મંદિર કરવા સંબંધી સમગ્ર વૃત્તાંત શ્રીહરિના પૂછવાથી કહેવા લાગ્યા.[૪૩]

**શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા :–** હે રાજન્ ! બારસને દિવસે સકલજનોના ચિત્તને પોતાની મૂર્તિમાં આકર્ષી લેતા શ્રીહરિએ ઉપવાસનાં પારણાં કરી પુરવાસી ભક્તોની પ્રાર્થનાથી અનેક શણગારોથી અલંકૃત કરેલા અશ્વ ઉપર આરુઢ થઈ ગુજરાતની રાજધાની શ્રીનગરમાં પ્રવેશ કર્યો.[૪૪] હે રાજન્ ! તે સમયે સેંકડો અને હજારો ભક્તજનો ભગવાન શ્રીહરિની આગળપાછળ તેમજ બન્ને બાજુએ સમૂહમાં ચાલવા લાગ્યા.[૪૫] એ સમયે દુંદુભિ આદિક વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. ગાયકવૃંદ અતિ પ્રસન્ન થઈ સુમધુર સ્વરે શ્રીહરિના ગુણોનું ગાન કરવા લાગ્યા.[૪૬] હજારો બંદૂકધારીઓ પોતાના શરીર પર અનેક પ્રકારનાં

तद्दर्शनात्युत्सुकमानसास्ते विहाय मार्गं कृतपङ्क्तिबन्धाः ।
परस्परांसार्पितबाहवस्तं प्रतीक्षमाणा अभवन्नरेश ! ॥ ४९
निशम्य वादित्रनिनादमुच्चैस्तदागमाशैकनिबद्धनेत्राः ।
प्रदर्शयन्तः करसंज्ञेशं दूरादपि प्राञ्जलयः प्रणेमुः ॥ ५०
सितातपत्रेण च चामराभ्यां स राजचिह्नेन विराजमानः ।
पुरं ददर्शाद्भुतभूरिशोभं हरिर्हरन् नागरमानसानि ॥ ५१
सुगन्धितोयैश्च मदैर्गजानां संसिक्तघण्टापथचत्वरं च ।
समङ्गलद्रव्यसुवर्णकुम्भरम्भादिभिः प्राङ्गणदर्शनीयम् ॥ ५२
अर्कांशुचञ्चत्पृथुसौधपङ्क्तिश्रियैव नाकभ्रमकृत्सुराणाम् ।
विराजितं चागुरुधूपदीपैर्ध्वजैः पताकाभिरिवाह्वयत्स्वम् ॥ ५३

---

આયુધો બાંધી વારંવાર બંદૂકોના અવાજ કરતા કરતા શ્રીહરિની આગળ ચાલવા લાગ્યા.[૪૭] હે રાજન્ ! હજારો ભક્તજનોની સાથે શ્રીહરિ અમદાવાદપુરમાં પ્રવેશ કરી રહ્યા છે, આવા સમાચાર સાંભળીને પુરવાસી જનો બેબાકળા થઈ પોતાનાં સમસ્ત સાંસારિક કાર્યોનો ત્યાગ કરી તત્કાળ ઘરની બહાર નીકળવા લાગ્યા.[૪૮] હે નરેશ ! ભગવાન શ્રીહરિનાં દર્શન કરવામાં અતિશય ઉત્કંઠાવાળા પુરવાસી જનો માર્ગમાં શ્રીહરિને ચાલવાની જગ્યા છોડીને માર્ગની બન્ને બાજુએ પંક્તિબદ્ધ ઊભા રહી એક બીજાના ખભા ઉપર હાથ ટેકવીને શ્રીહરિના દર્શનની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૪૯] ઊંચેથી વાગી રહેલાં વાજિંત્રોનો નાદ સાંભળીને શ્રીહરિના આગમનની દિશામાં જ નેત્રોને સ્થિર કરી દૂરથી જ હાથ વડે શ્રીહરિને અરસપરસ દેખાડી બે હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા.[૫૦]

હે રાજન્ ! રાજચિહ્નોવાળાં શ્વેત છત્રથી અને બન્ને બાજુ ઢોળાઈ રહેલા ચામરોથી વિરાજમાન તથા નગરવાસીજનોને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરી રહેલા શ્રીહરિ બહુ પ્રકારની શોભાએ યુક્ત શ્રીનગરને નિહાળવા લાગ્યા.[૫૧] તે સમયે શેરીઓમાં સુગંધીમાન જળના છંટકાવ કરવામાં આવ્યા હતા. રાજમાર્ગ તથા ચોતરાઓમાં ગજમદના જળનો છંટકાવ કરવામાં આવ્યો હતો. પાંચ પ્રકારના મંગલ દ્રવ્યોની સાથે સુવર્ણના કુંભ તથા કેળાના સ્તંભ તેમજ શેરડીના દંડથી ઘરનાં આંગણાંઓ શણગારવામાં આવ્યાં હતાં.[૫૨] સૂર્યની કિરણોથી શોભતા વિશાળ મહેલોની પંક્તિબદ્ધ શોભાથી દર્શને આવેલા દેવતાઓને પણ આ આપણું સ્વર્ગ

तं सम्प्रविष्टं सुमनोहराङ्गं पूर्णेन्दुकान्तं मितहासवक्त्र म् ।
स्वर्णातपत्रेण च चामराभ्यां राजश्रियं सन्ददृशुर्जनास्ते ॥ ५४
आरुह्य हर्म्याणि पुराङ्गनाश्च त्यक्तान्यकार्याः सहसातिहर्षात् ।
व्यत्यस्तवस्त्राभरणा गवाक्षस्थिरेक्षणैस्तं पपुरानमन्त्यः ॥ ५५
नानोपहारैर्वणिजोऽतिहर्षात्सम्माननं तस्य च तत्र तत्र ।
समाचरन्नुज्झितपण्यकार्या भावेन भक्ता इव भक्तिनम्राः ॥ ५६
विप्राश्च तं साक्षतचन्दनेन पुष्पैः सहारैरभिवादनैश्च ।
समर्चयामासुरुदारभावा उच्चैश्च सामानि जगुः सुकण्ठाः ॥ ५७
सम्मानयन् पौरजनान् यथार्हं बद्धाञ्जलीन् स्वाननदत्तनेत्रान् ।
स्वामी नवावासमुपेत्य राजंस्ततः शनैरुत्तरति स्म वाहात् ॥ ५८
गृहीत्वाथानन्दमुनेः पाणिं पाणौ स सर्वतः । अपश्यन्मन्दिरं नूत्नं शिल्पिनः प्रशशंस च ॥ ५९

---

છે કે શું ? એવો ભ્રમ પેદા થતો હતો. અગરુધૂપ, દીપોથી અને ધજા પતાકાથી જાણે પોતાને બોલાવતું હોયને શું ? તેમ એ શ્રીનગર શોભી રહ્યું હતું.[૫૩]

હે રાજન્ ! શ્રીનગરમાં પ્રવેશ કરી રહેલા શ્રીહરિનાં સર્વજનો દર્શન કરવા લાગ્યાં. તે સમયે પૂર્ણિમાના ચંદ્રમાની સમાન શોભી રહેલા અને મંદમંદ હાસ્ય કરતા શ્રીહરિ સુવર્ણના દંડવાળાં છત્ર ચામરોથી યુક્ત કોઇ રાજા મહારાજા જાણે પધારી રહ્યા હોય તેવી શોભાને ધરી રહ્યા હતા.[૫૪] તેવા ભગવાનનાં દર્શન કરવાની અતિ ઉત્કંઠાવાળી નારીઓ ઘરકામનો ત્યાગ કરી ઉતાવળમાં વસ્ત્રો તથા આભૂષણો ઉલટાસૂલટા ધારણ કરી મહેલના ઝરૂખા ઉપર ચડી બારીવાટે સુસ્થિરનેત્રોથી આદરપૂર્વક નમસ્કાર કરવા લાગી.[૫૫] હે રાજન્ ! બજારોમાં રહેલા વેપારીઓ પોતાના વેપારના કામકાજનો ત્યાગ કરી શ્રીહરિ ઉપર ભક્તિભાવ પ્રગટ થવાથી ભક્તોની જેમ નમ્ર થઇ અનેકવિધ ઉપચારોથી શ્રીહરિનું સન્માન કરવા લાગ્યા.[૫૬] બ્રાહ્મણો પણ ચોખા, ચંદન તથા પુષ્પના હારો અર્પણ કરી તથા પ્રણામ કરીને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા, જે મધુરકંઠવાળા વિપ્રો હતા તે ઉચ્ચસ્વરે સામવેદના મંત્રોનું ગાન કરવા લાગ્યા.[૫૭] અને શ્રીહરિ પણ દર્શનાર્થી અને પૂજા કરતા સર્વે પુરવાસી ભક્તજનોનું સન્માન કરતા નવાવાસની પોળમાં પધારી ધીરેથી અશ્વ ઉપરથી નીચે ઉતર્યા.[૫૮]

હે રાજન્ ! પછી શ્રીહરિ આનંદાનંદ સ્વામીનો હાથ પકડીને નૂતન મંદિરને

ततो मुहूर्तं तत्रासौ न्यषीदद्भक्तमण्डले । प्राहेहेदृग्मन्दिरं तु जातं नारायणेच्छया ॥ ६०
प्रतिष्ठाविधिनिष्णातान् विप्रान् पृष्ट्वाथ सर्वशः । आहारयामास शुभानुपहारांश्च नागरैः ॥ ६१
ततः स्वस्थानमभ्येत्य निषसादोच्च आसने । तद्दर्शनार्थमाजग्मुः सायाह्ने च पुरौकसः ॥ ६२
दर्शनं तस्य कर्तुं च प्रत्यहं तत्पुराधिपः । आयाच्च प्राञ्जलिस्तस्थौ पुरतस्तस्य दासवत् ॥ ६३
नृपं स मानयामास यथार्हं सोऽपि तं तथा । भूमिदानगुणं तस्य प्रशशंस हरिस्तदा ॥ ६४
यत्ते कार्यं भवेत्तन्मे वाच्यं दासोऽस्मि ते प्रभो ! । इत्युक्त्वा च तमानम्य नृपतिः स्वालयं ययौ ॥ ६५
नामसङ्कीर्तनं कृत्वा ततः कृष्णस्य सत्पतिः । पौरान् विसृज्य स्वावासे विधिं सान्ध्यं समाचरत् ॥ ६६
सभायां प्रत्यहं तस्य माहात्म्यं पूर्तकर्मणः । वदतस्तत्र षट् घस्रा व्यतीयुर्नृपसत्तम ! ॥ ६७

वादित्रघोषैर्विविधैश्च गीतैः सकौतुकं स्वस्वगृहांश्च नीत्वा ।
पौराः प्रभुं तं विविधोपचारैः सम्पूजयामासुरवाप्तकामाः ॥ ६८

---

ચારે તરફથી નિહાળી શિલ્પીઓની પ્રશંસા કરવા લાગ્યા ને મંદિરની સમીપમાં ભક્તજનોની સભાને મધ્યે બેઘડી સુધી પાટ ઉપર વિરાજમાન થયા ને કહેવા લાગ્યા કે, આ શ્રીનગરમાં આટલું મોટું સુંદર નવ્ય ભવ્ય મંદિર શ્રીનરનારાયણદેવની ઈચ્છાથી જ થયું છે.[૫૯-૬૦] પછી પ્રતિષ્ઠાવિધિ કરવામાં નિષ્ણાત પ્રાણગોવિંદાદિ બ્રાહ્મણોને પૂછી પ્રતિષ્ઠાવિધિના સર્વે શુભ ઉપચારો નગરવાસી ભક્તજનોની પાસે ભેળા કરાવ્યા.[૬૧] પછી ભગવાન શ્રીહરિ નગરથી બહાર પોતાના નિવાસસ્થાને પધારી ઊંચા સિંહાસન ઉપર આવીને બિરાજમાન થયા. સાંજનો સમય થયો ત્યારે પુરવાસીજનો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.[૬૨] અને નગરના શાસનાધીકારી પણ પ્રતિદિન શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા ને તેમની આગળ દાસની જેમ બે હાથજોડી ઊભા રહેતા.[૬૩] શ્રીહરિ તેમને યથાયોગ્ય સન્માન આપી આનંદ પમાડતા અને તે પણ ભગવાન શ્રીહરિને યથાયોગ્ય બહુ માન આપીને સત્કારતા. શ્રીહરિ પહેલે દિવસે તેના ભૂમિદાનની ખૂબજ પ્રશંસા કરી તેથી તે કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! તમને જે કાંઇ પણ કામ પડે તે મને કહેજો. હું તમારો સેવક છું. એમ કહીને તે પોતાના નિવાસસ્થાને ગયા.[૬૪-૬૫]

હે રાજન્ ! પછી સંતોના શ્યામ શ્રીહરિ ભગવાનનું નામ સંકીર્તન કરાવી નગરવાસી જનોને પાછા નગરમાં જવાની આજ્ઞા આપી. પોતાના ઉતારામાં આવી સંધ્યાવિધિનું અનુષ્ઠાન કર્યું.[૬૬] હે રાજન્ ! પ્રતિદિન ભક્તજનોની સભામાં હરિમંદિર કરવારૂપ પૂર્તકર્મનો મહિમા કહેતા શ્રીહરિને ત્યાં કાંકરીયાની પાળે છ

सन्तोषयन्सर्वजनान् हरिश्च तदर्पितं पत्रमपि स्वदोष्णा ।
गृह्णन् स वै स्वाश्रितजीववृन्दं संस्थापयामास च धर्ममार्गे ॥ ६९
नानाग्रामपुरेभ्यश्च पुंसां स्त्रीणां च सर्वतः । आजग्मुस्तत्र यूथानि द्रष्टुं तमनुवासरम् ॥ ७०
द्वितीयायां तु भगवान् प्रतिष्ठाविधिसिद्धये । पूर्वावासे नवावासे स्वावासमकरोत्पुरे ॥ ७१
विधिज्ञा ब्राह्मणास्तत्र स्वस्ति वाचकपूर्वकम् । कृत्वा ग्रहमखं चक्रुः पूर्वेऽह्न्येवाधिवासनम् ॥ ७२
तृतीयायां मण्डलेषु दर्शनीयेषु वैदिकाः । अङ्गप्रधानदेवानामर्चनं तमकारयन् ॥ ७३
नरनारायणस्याथ प्रतिष्ठां ते यथाविधि । कारयित्वा महापूजां वेदमन्त्रैरकारयन् ॥ ७४
गीतवादित्रनिर्घोषो द्विजानां ब्रह्मघोषयुक् । सकला व्यानशे काष्ठास्तालिकाध्वनिना तदा ॥ ७५
नीराजनं हरिः कृत्वा नरनारायणस्य च । मुहूर्तमीक्षमाणस्तं तस्थौ तत्पुरतः स्थिरः ॥ ७६

---

દિવસ પસાર થઈ ગયા.[૬૭] તે છ દિવસ દરમ્યાન અનેક ચરિત્રો કર્યાં. તેમાં પુરવાસી ભક્તજનોએ ભગવાન શ્રીહરિને ગીત-વાજિંત્રોના મધુર ધ્વનીનિ સાથે અતિશય હર્ષ પૂર્વક પોતપોતાને ઘેર પધરામણી કરાવી પૂર્ણકામ મનોરથવાળા થઈ વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરી.[૬૮] ભગવાન શ્રીહરિ પણ સર્વે મનુષ્યોને સંતોષ પમાડી તેઓએ અર્પણ કરેલા પત્ર અને જળને પણ પોતાના હસ્તકમળથી ગ્રહણ કરીને સર્વે જનોને ધર્મમાર્ગમાં સ્થાપન કરતા હતા.[૬૯] હે રાજન્ ! નરનારીઓના મોટા મોટા સમુદાયો શ્રીહરિનાં દર્શન કરવા માટે સર્વે ગામો તેમજ નગરોમાંથી પ્રતિદિન ત્યાં આવવા લાગ્યા.[૭૦] શ્રીહરિએ છેક ફાગણસુદ બીજને દિવસે પ્રતિષ્ઠા વિધિમાં આગલે દિવસે કરવા યોગ્ય વિધિની સિદ્ધિને માટે નગરની મધ્યે પૂર્વે જ્યાં નવાવાસમાં પોતાનો ઉતારો કરેલો હતો ત્યાં જ ફરી ઉતારો કર્યો.[૭૧]

**શ્રીનરનારાયણ ભગવાનનો પ્રતિષ્ઠાવિધિ :–** હે રાજન્ ! વિધિને જાણતા વિપ્રોએ પ્રતિષ્ઠા વિધિમાં સ્વસ્તિવાચન પૂર્વક ગ્રહયજ્ઞ કરી પહેલે દિવસે જ અધિવાસનું અનુષ્ઠાન કર્યું.[૭૨] ત્યારપછી બીજે દિવસે સંવત ૧૮૭૮ ના ફાગણસુદ ત્રીજના દિવસે પ્રતિષ્ઠાના વેદોક્ત વિધિમાં નિષ્ણાંત પ્રાણગોવિંદાદિ બ્રાહ્મણોએ રમણીય સર્વતોભદ્રમંડળને મધ્યે અંગદેવતાઓએ સહિત પ્રધાન દેવતાનું શ્રીહરિ પાસે પૂજન કરાવ્યું.[૭૩] અને શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠાવિધિ પણ વૈદિક વિપ્રોએ શ્રીહરિ પાસે પૂર્ણ કરાવી. પછી વૈદિક મંત્રોથી શ્રીહરિ પાસે શ્રીનરનારાયણ ભગવાનની મહાપૂજા સંપન્ન કરાવી.[૭૪] તે સમયે તાલિકાઓના ધ્વનિની સાથે બ્રાહ્મણોના વેદમંત્રનો ઉચ્ચારણનો ધ્વનિ ગીત વાજિંત્રોના ધ્વનિની

तन्मूर्तियुगलं तर्हि भूरितेजोमयं जनाः ॥ सर्वेऽपि दृष्ट्वा परमं विस्मयं लेभिरे नृप ! ॥ ७७
तं नत्वा बहिरेत्याथ हविर्भिः सकलान् सुरान् । तर्पयित्वा द्विजवरैः पूर्णाहुतिमजूहवत् ॥ ७८
कर्माचार्याय च ततो दक्षिणां तदभीप्सिताम् । ऋत्विग्भ्यश्च हरिः प्रादाद्विप्रेभ्यो भूयसीमपि ॥ ७९
तत आरुह्योच्चपीठं जनसङ्घाननेकशः । किञ्चिद्विवक्षुरकरोत् तूष्णीं तान् करसंज्ञया ॥ ८०
तदैव मौनमालम्ब्य स्वाननार्पितदृष्टिषु । स्थितेषु तेषु सर्वेषु स ऊर्ध्वैककरोऽब्रवीत् ॥ ८१

**श्रीनारायणमुनिरुवाच –**

सर्वे शृण्वन्तु मद्वाक्यं जना ! वच्मि हितं हि वः ।
अस्माकमिष्टदेवोऽस्ति श्रीकृष्णः पुरुषोत्तमः ॥ ८२
तेजोमण्डलमध्यस्थो गोलोके यः स एव हि । श्रेयसे सर्वभूतानां प्रादुर्भूतोऽस्ति भूतले ॥ ८३

---

**સાથે એક થઈ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો.[૭૫] શ્રીહરિ શ્રીનરનારાયણ ભગવાનની મહાઆરતી કરીને તેમની સામે દૃષ્ટિને સ્થિર કરીને બેઘડી પ્રર્યંત એમને એમ ઊભા રહ્યા.[૭૬] તે સમયે દર્શન કરનારા જનો શ્રીનરનારાયણ ભગવાનની બન્ને મૂર્તિઓને અતિશય મહાતેજોમય જોઈને પરમ વિસ્મય પામી ગયા.[૭૭] ત્યારપછી શ્રીહરિએ ભગવાનની બન્ને પ્રકાશિત મૂર્તિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને મંદિર બહાર મંડપમાં પધારી વરુણીમાં વરેલા બ્રાહ્મણો પાસે હુતદ્રવ્યથી સમગ્ર દેવતાઓને આહુતિ આપી તર્પણ કર્યું ને પૂર્ણાહુતિનો હોમ કરાવ્યો.[૭૮]**

**શ્રીનરનારાયણભગવાનનો મહિમા :– હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિએ પ્રતિષ્ઠાવિધિમાં જોડાએલા પ્રાણગોવિંદાદિ સમગ્ર વિપ્રોને ગમતી અને જોઈતી દક્ષિણાઓ આપી તેમજ અન્ય દક્ષિણા માટે જ પધારેલા સર્વે વિપ્રોને પણ ખૂબજ દક્ષિણા આપી રાજી કર્યા.[૭૯] ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થઈ દર્શન માટે ઉમટેલા સર્વે ભક્તજનોને કંઈક કહેવાની ઈચ્છાથી ભગવાન શ્રીહરિએ તે સર્વે જનોને હાથની સંજ્ઞાથી મૌન કર્યા.[૮૦] તે સમયે મૌનભાવનો આશ્રય કરી પોતાના મુખકમળ સામે દૃષ્ટિ બાંધીને બેસી રહેલા સર્વે જનોને શ્રીહરિ ઊંચો હાથ કરી કહેવા લાગ્યા.[૮૧] હે સર્વે ભક્તજનો ! તમે સર્વે મારૂં વચન સાંભળો. હું તમારૂં હિત થાય તેવી વાત કરૂં છું. હે ભક્તજનો ! પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે તે અક્ષરબ્રહ્મધામના તેજને વિષે રહેલા છે. તે જ ભગવાન આ પૃથ્વી પર સર્વ જીવપ્રાણી માત્રના કલ્યાણને વાસ્તે પ્રગટ થયા છે.[૮૨-૮૩]**

धर्मदेवेन मूर्त्या च ध्यातोऽतिदृढभक्तितः । प्रादुर्भूतस्तयोरङ्गाद्द्विरुपो वर्णिवेषधृत् ॥ ८४
वरदानेन सन्तोष्य तौ ततः श्रेयसे नृणाम् । नरनारायणाख्योऽसौ बदरीवनमागमत् ॥ ८५
कर्मभूमौ भारतेऽत्र मनुष्याणां स्वसंश्रयम् । प्राप्तानां भुक्तिमुक्त्यर्थं तपः कुर्वन्विराजते ॥ ८६
भूमेर्भारापनुत्यर्थं ब्रह्माद्यैः प्रार्थितः स तु । श्रीकृष्णो यादवकुले कृपयाऽऽविर्बभूव ह ॥ ८७
नरोऽर्जुनाख्यया जातः कुरुवंशे सखा हरेः । तेनार्जुनेन युक्तोऽसौ नरनारायणः स्मृतः ॥ ८८
नरनारायणः सोऽयमत्र सुस्थापितो मया । भक्त्यैतस्य नृणां श्रेयो भविष्यति न संशयः ॥ ८९
नियमेन करिष्यन्ति प्रत्यहं येऽस्य दर्शनम् । ते प्राप्स्यन्ति जना नूनं भुक्तिं मुक्तिं च वाञ्छिताम् ॥ ९०
सेवनादस्य पुत्रार्थी पुत्रं प्राप्स्यति निश्चितम् । धनं धनार्थी विद्यार्थी विद्यां कामं च कामुकः ॥ ९१

---

ધર્મપ્રજાપતિ અને પત્ની મૂર્તિદેવીએ અતિશય ભક્તિભાવની સાથે તેનું ધ્યાન કર્યું. ત્યારે તેના ધ્યાનના પ્રભાવથી તેમના ઉપર પ્રસન્ન થઇ ભગવાન વર્ણીવેષ ધારણ કરેલા નર અને નારાયણ આવાં બે સ્વરૂપે ભક્તિના અંગથી પ્રગટ થયા.[૮૪] તે નરનારાયણ ભગવાન ધર્મ અને મૂર્તિ બન્નેને તેઓએ માગેલા ઇચ્છિત વરદાનનું પ્રદાન કરી, બન્નેને સંતોષ પમાડી, મનુષ્યોના કલ્યાણને વાસ્તે બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા.[૮૫] પોતાની કર્મભૂમિ એવા એ બદરિકાશ્રમને વિષે ભારતદેશમાં પોતાનું શરણું લેનાર મનુષ્યોની ભુક્તિ અને મુક્તિને માટે તપનું આચરણ કરનારા તે બદરિકાશ્રમને શોભાવી રહ્યા છે.[૮૬]

હે ભક્તજનો ! આ પૃથ્વીનો ભાર ઉતારવા બ્રહ્માદિ દેવતાઓની પ્રાર્થનાથી તે બદરિપતિ શ્રીનારાયણ ભગવાન, કૃષ્ણ સ્વરૂપે યાદવકુળમાં પ્રગટ થયા હતા.[૮૭] હરિના સખા એવા નર તે કુરુવંશમાં અર્જુન નામે પ્રગટ થયા હતા. તેથી જ અર્જુનની સાથે વિરાજતા શ્રીકૃષ્ણ ભગવાનને "શ્રીનરનારાયણ" કહેવાય છે.[૮૮] તે શ્રીનરનારાયણ ભગવાનની મેં આ મંદિરમાં પ્રતિષ્ઠા કરી છે. આ શ્રીનરનારાયણ ભગવાનનું કાયા, મન, વાણીથી જે મનુષ્યો સેવન કરશે તેનું ચોક્કસ કલ્યાણ થશે, તેમાં કોઇ સંશય કરવો નહિ.[૮૯] જે મનુષ્યો પ્રતિદિન નિયમપૂર્વક આ શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરશે તેઓ મનોવાંછિત ભુક્તિ અને મુક્તિને નિશ્ચે પામશે. [૯૦]કોઇ શ્રદ્ધાપૂર્વક સેવા પૂજા કરશે તો તે પુત્રાર્થી પુત્ર પામશે, ધનાર્થી ધનને પામશે અને વિદ્યાર્થી વિદ્યાને પામશે. ઉપરાંત જેને જે ઇચ્છા હશે તે તેને પ્રાપ્ત થશે, તેમાં કોઇ સંશય નથી.[૯૧] હે ભક્તજનો આ શ્રીનરનારાયણ ભગવાનની આરાધના કરવાથી સર્વ પ્રકારની ઇચ્છાઓ પૂર્ણ થશે. નિષ્કામી ભક્તો આ

एतस्याराधनादिच्छा सर्वा पूर्णा भविष्यति । निष्कामाः सेवनादस्य तरिष्यन्ति भवाम्बुधिम् ॥ ९२
श्रीमद्भागवतादीनां सच्छास्त्राणां तु ये बुधाः । करिष्यन्ति पुरश्चर्यां गायत्र्या वास्य मन्दिरे ॥ ९३
सर्वे मनोरथास्तेषां सफला भाविनः किल । इह लोके परस्मिन्वा तेषां न्यूनं न किञ्चन ॥ ९४
उत्तराफल्गुनीऋक्षे फाल्गुने मासिदर्शनम् । देशान्तरस्थैरप्येत्य कार्यमस्याखिलार्थदम् ॥ ९५

**सुव्रत उवाच –**

इत्याकर्ण्य हरेर्वाक्यं जनाः प्राञ्जलयो नृप ! । तथेति जगृहुः सर्वे चक्रुः कृष्णेक्षणं ततः ॥ ९६

विप्रांश्च भोज्यैः स सहस्रशोऽथ तदीप्सितैस्तोषयति स्म तत्र ।
दानैरनेकैरपि दक्षिणाभिर्ब्रह्मण्यदेवो भगवानुदारः ॥ ९७ ॥

---

**શ્રીનરનારાયણ ભગવાનની સેવા કરવાથી સંસારસાગરને તરી જશે.[૯૨] જે બુદ્ધિમાન જનો શ્રીમદ્‌ભાગવત આદિ સત્શાસ્ત્રોનું પુરશ્ચરણ કે ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ અહીં શ્રીનરનારાયણ ભગવાનની સમીપે બેસીને કરશે, તે સર્વે જનોના સર્વે મનોરથો સફળ થશે. આ રીતે પૂર્વોક્ત સર્વે જનોની આલોકની કે પરલોકની કોઈ પણ ઈચ્છા હશે તે ચોક્કસ પૂર્ણ થશે, તેમાં કોઈ સંશય નથી.[૯૩-૯૪] હે ભક્તજનો ! ઉપરોક્ત સર્વે મનોરથો પૂર્ણ કરવા માટે દેશાંતરવાસી મનુષ્યોએ પણ ફાગણમાસમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ફૂલડોલને દિવસે એકવાર પણ અહીં સર્વ મનોરથોને પૂર્ણ કરનાર શ્રીનરનારાયણ ભગવાનનાં અવશ્ય દર્શન કરવાં.[૯૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં આવાં અમૃતની સમાન વચનો સાંભળી સર્વે ભક્તજનો બે હાથ જોડી તમે જેમ કહ્યું તે પ્રમાણે જ અમો કરશું, એમ કહી શ્રીહરિનાં વચનને માથે ચડાવ્યું. પછી સર્વે ભક્તજનોએ શ્રીનરનારાયણ ભગવાનનાં અતિ હર્ષથી દર્શન કર્યાં.[૯૬] બ્રાહ્મણોને હમેશાં દેવ માનીને પૂજન કરનારા ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાને દિવસે હજારો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજનો જમાડી તૃપ્ત કર્યા ને અનેક પ્રકારની ગાયો તથા ધનની દક્ષિણા આપી સંતોષ પમાડ્યા.[૯૭] તે સમયે અનેક દેશમાંથી આવેલા નરનારીઓ ગીત વાજિંત્રોનો મધુર ધ્વનિ કરીને દશે દિશાઓને ગજાવવા લાગ્યા. આવા જનસમૂહોથી આખું શ્રીનગર મનુષ્યોથી ઊભરાયું હતું.[૯૮] પછી ભગવાન શ્રીહરિ નગરથી બહાર કાંકરીયાની પાળ ઉપર રાખેલા પોતાના નિવાસસ્થાને પધાર્યા. સ્નાન કરી રાત્રે પોતાના ભાઈને ઘેર ભોજન કર્યું, પછી બ્રાહ્મણોની ચોર્યાસી કરવાનો મનમાં સંકલ્પ કર્યો.[૯૯] ને રાતોરાત સામગ્રી ભેળી કરાવી તત્કાળ કાર્યને સિદ્ધ કરી શકનાર**

अनेक देशेभ्य उपागतानां वृन्दैर्नराणामपि योषितां च।
वादित्रगीतध्वनिनादिताशैः सुसङ्कुलं तन्नगरं तदासीत्॥ ९८
स्वावासमेत्य स ततो नगरोपकण्ठे स्नात्वा स्वसोदरनिवेशन आश रात्रौ ।
चक्रे ततश्चतुरशीतिमपि द्विजानां ज्ञातींश्च भोजयितुमेव मनो महात्मा ॥ ९९
ततोऽपरेद्युः सकलान् स पौरानागन्तुकांश्चाखिलविप्रसङ्घान् ।
सुभोजयामास पुराद्बहिस्तत्सरोवरं चाभित आशुकारी ॥ १००
यथेष्टसर्पिर्ग्रहनोदितानां घृतप्रियाणां नृप ! गौर्जराणाम् ।
तत्रोत्सवोऽभूत्सुमहान् द्विजानां सयोषितां भूरि मुदाश्नतां वै ॥ १०१
तान्भोजयित्वाथ च दक्षिणाभिः स तोषयित्वा च गृहान्विसृज्य ।
सतिन्तिडीराजिपरिश्रिते स्वे सुखं न्यषीदद्धरिरुच्चपीठे ॥ १०२
एकस्मिन्नैव दिवसे पौराश्चान्ये सहस्रशः । ब्राह्मणा भोजितास्तेनेत्याश्चर्यमभवन्नृणाम् ॥ १०३

---

ભગવાન શ્રીહરિ બીજે દિવસે નગરથી બહાર કાંકરીયા સરોવરને કિનારે ચારે બાજુ ફરતે સમગ્ર પુરવાસી તથા અન્ય દેશોથી આવેલા સમગ્ર બ્રાહ્મણોનાં મંડળોને ભોજન જમાડી તૃપ્ત કર્યા.[૧૦૦] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ ઈચ્છા પ્રમાણે ઘી, સાકર લેવાની પ્રેરણા કરી તેથી પુષ્કળ ઘીપ્રિય ભૂદેવો અતિશય આનંદ પામી પોતાની સ્ત્રીઓની સાથે હર્ષથી કંઠ સુધી બહુ ભોજન કર્યું. આ રીતે આખો દિવસ ભોજન કરી રહેલા ગુજરાતવાસી સર્વે બ્રાહ્મણોનો ત્યાં મોટો ઉત્સવ થયો.[૧૦૧] આ રીતે સર્વેને ભોજન કરાવી મનગમતી દક્ષિણાઓ આપી, પોતપોતાને ઘેર જવાની રજા આપી. ત્યારપછી શ્રીહરિ આંબલીઓના વૃક્ષની પંક્તિઓથી શોભતા સ્થાને સ્થાપન કરેલા ઊંચા સિંહાસન ઉપર સુખપૂર્વક બેઠા.[૧૦૨] શ્રીસ્વામિનારાયણ ભગવાને પુરવાસી તેમજ દેશાંતરવાસી હજારો બ્રાહ્મણોને એકજ દિવસમાં સંકલ્પ કરી તત્કાળ સામગ્રી ભેળી કરી જમાડી દીધા. તેથી સર્વે મનુષ્યોને અતિશય આશ્ચર્ય થયું. કારણ કે આથી પહેલાં આવું કોઈ પણ કરી શક્યું ન હતું.[૧૦૩]

હે રાજન્ ! તે સમયે આબાલવૃદ્ધ સર્વે મનુષ્યોને એટલો બધો આનંદ થયો કે રાત્રી દિવસ શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા સમયે જમાડવામાં આવેલા બ્રાહ્મણચોર્યાસીની જ વાતો કરતા હતા.[૧૦૪] શ્રીહરિએ ફાગણસુદ પાંચમને દિવસે પોતાના ઉદ્ધવસંપ્રદાયની રીતને અનુસારે શ્રીનરનારાયણ ભગવાનની પૂજા તથા ઉત્સવો ઉજવવા માટે વ્યવસ્થાની ગોઠવણી કરી.[૧૦૫] પછી શ્રીહરિ તે જ દિવસે

सर्वेषामपि लोकानां तदानन्दो महानभूत् । आबालवृद्धं हि जना जगुस्तस्यैव तद्यशः ॥ १०४
पूजोत्सवव्यवस्थां च सम्प्रदायानुसारतः । पञ्चम्यां कारयामास नरनारायणस्य सः ॥ १०५
तस्मिन्नेव दिने भुक्त्वापराह्णे सानुगस्ततः । नरनारायणं नत्वा निर्ययौ स सतां पतिः ॥ १०६

आनन्दितान् स्वेन मुदानुयातो निवर्तयित्वा पुरवासिनोऽसौ ।
साकं स्वकीयानुचरैरुपायान्नारायणो दुर्गपुरं नरेश ! ॥ १०७
सङ्गतान्बहुश आत्मसंश्रितान् पुष्पदोलमहदर्शनाय च ।
वीक्षणेन पुरि तत्र नन्दयन्नेत्य स स्ववसतिं ह्युपाविशत् ॥ १०८
योषितस्तमवलोक्य सादरं वीततद्विरहवेदनास्तदा ।
एत्य तं च निकषा ववन्दिरे लेभिरे बहुमुदं जयादयः ॥ १०९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे श्रीनरनारायणप्रतिष्ठानिरूपणनामा पञ्चविंशोऽध्यायः ॥ २५*

---

પોતાના ભાઈને ઘેર ભોજન કરી, બપોર પછી શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરી, નમસ્કાર કરી, સંતો પાર્ષદોની સાથે શ્રીનગરથી ચાલી નીકળ્યા.[૧૦૬] હે નરેશ ! શ્રીહરિએ પોતાનાથી અતિશય પ્રસન્ન થયેલા અને હર્ષથી પાછળ આવતા સર્વે પુરવાસી ભક્તજનોને પાછા વાળ્યા અને પોતાના પાર્ષદોની સાથે ગઢપુર પધાર્યા.[૧૦૭]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ગઢપુરને વિષે ફૂલડોલનાં દર્શન કરવા પધારેલા સર્વે ભક્તજનોને દર્શનનું સુખ આપ્યું. ને પોતાના નિવાસસ્થાન અક્ષર ઓરડીએ આવી પલંગ ઉપર વિરાજમાન થયા.[૧૦૮] તે જ સમયે જયાબા અને લલિતાબા આદિ સ્ત્રી ભક્તોએ આદરપૂર્વક ભગવાન શ્રીહરિનાં દર્શન કરી બહુ દિવસના વિરહની વેદના દૂર કરી, એકદમ શ્રીહરિની નજીક આવી પંચાંગ પ્રણામ કરી અતિશય આનંદ પામ્યાં.[૧૦૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીનગરને વિષે પ્રથમ મંદિર કરીને શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરી એ નામે પચીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૫--**

---

## षड्विंशोऽध्यायः - २६

सुव्रत उवाच –

प्रागेवागमनात्तस्य तत्राभूवन् नृपाऽऽगताः । भुजङ्गपुर्या गाङ्गेयमुख्या भक्तास्तदीक्षकाः ॥ १
तं दृष्ट्वा परमानन्दं प्राप्तास्ते तत्र चावसन् । सन्मानिता उत्तमेन हरिणा च कृतादराः ॥ २
दोलोत्सवोऽथ हरिणा महांस्तत्र स्म कार्यते । तदन्ते स्वस्थमासीनं नत्वा गाङ्गेय आह तम् ॥ ३
भगवन् ! नगरेऽस्माकं नरनारायणालयम् । कारय त्वं वयं सेवां करिष्यामो धनादिना ॥ ४
मनोरथोऽयं सर्वेषां पौराणां भवति प्रभो ! । तं पूरय समर्थोऽसि त्वदीयाः स्मो वयं यतः ॥ ५
इत्थं तेनेतरैश्चापि प्रार्थ्यमानो निजाश्रितैः । स्वचिकीर्षितमेवेति तत्तथेत्यन्वमोदत ॥ ६
ततश्च वैष्णवानन्दं मुनिं नारायणोऽब्रवीत् । भुजङ्गनगरं गच्छ त्वं सहैतैः समण्डलः ॥ ७

## અધ્યાય – ૨૬

### ભુજનગરના ભક્તજનોએ ભુજમાં મંદિર કરવાની ભગવાન શ્રીહરિની કરેલી પ્રાર્થના.

સુવ્રતમુનિ કહે છે, પ્રતાપસિંહ રાજન્ ! ભુજનગરના ગંગારામ મલ્લ આદિ ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી અમદાવાદથી તેમના આગમન પહેલાં જ ગઢપુર આવીને રહેલા હતા.[૧] શ્રીહરિનાં દર્શન કરી તેઓ ખૂબજ આનંદ પામ્યા. ભગવાન શ્રીહરિ દ્વારા બહુ આદર સત્કાર પામી અને ઉત્તમરાજા દ્વારા બહુ સન્માન પામેલા તેઓ ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા હતા.[૨] તેવામાં ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં શ્રીનરનારાયણ ભગવાનના પ્રાગટ્યનો ફૂલડોલોત્સવ મોટા ધામધૂમથી ઉજવ્યો. ઉત્સવને અંતે સ્વસ્થ મને પોતાના આસન ઉપર વિરાજમાન શ્રીહરિને નમસ્કાર કરી ગંગારામ મલ્લ કહેવા લાગ્યા.[૩] હે ભગવાન ! તમે દયા કરીને અમારા ભુજનગરમાં શ્રીનરનારાયણ ભગવાનનું મંદિર કરાવો. અમે ધન આદિકથી ખૂબ જ સેવા કરીશું.[૪] હે પ્રભુ ! સર્વે ભુજવાસી ભક્તજનોની આ જ ઈચ્છા છે. તેને તમે પૂર્ણ કરો. અમે તમારા છીએ, એથી અમારો મનોરથ પૂર્ણ કરવા તમે સમર્થ છો.[૫]

**ભુજમાં મંદિર કરવાની વૈષ્ણવાનંદ સ્વામીને આજ્ઞા :–** હે રાજન્ ! આ પ્રમાણે ગંગારામ મલ્લ, સુંદરજી સુથાર તથા હીરજી સુથાર આદિ ભુજનગરના ભક્તજનોએ શ્રીહરિની પ્રાર્થના કરી. તેથી પોતાના અંતરમાં જ પહેલેથી ભુજનગરમાં મંદિર નિર્માણ કરવાની ઈચ્છા હોવાથી ભક્તજનોને

तत्र देवालयं रम्यं कारयोत्तमशिल्पिभिः । जाते देवप्रतिष्ठार्थमहमेष्यामि तत्र वै ॥ ८
एवमुक्तस्तथेत्याह स मुनिः प्राञ्जलिः प्रभुम् । हर्षमापुश्च ते सर्वे भुजङ्गनगरौकसः ॥ ९
समण्डलेन मुनिना सह तेनाथ ते हरिम् । प्रणम्य जग्मुः स्वपुरं चिन्तयन्तस्तमेव हि ॥ १०
स मुनिः कारयामास मन्दिरं तत्र शोभनम् । शिल्पशास्त्रानुसारेण वर्षेणैकेन भूपते ! ॥ ११
दुर्गपत्तनसंस्थोऽथ नारायणमुनिस्तु सः । श्रोतुमारम्भयामास महाभारतमादितः ॥ १२
चैत्रस्य शुक्लपञ्चम्या आरभ्यापरचैत्रिके । हरी रामनवम्यां तन्निर्विघ्नेन समापयत् ॥ १३
श्रुत्वा यथाविधानं तद्वाचकाय तु दक्षिणाम् । यथेष्टं प्रददौ स्वामी वासोभूषाश्च भूरिशः ॥ १४
ब्राह्मणान्भोजयामास दशम्यां स सहस्रशः । ततोऽन्यस्मिंस्तु दिवसे विमलोत्सवमाचरत् ॥ १५

"તથાસ્તુ" કહીને અનુમતિ આપી.[૬] ત્યારપછી શ્રીસ્વામિનારાયણ ભગવાને વૈષ્ણવાનંદ સ્વામીને કહ્યું કે, હે મુનિ ! તમે તમારાં સંતમંડળને સાથે લઈને ગંગારામ મલ્લ આદિક ભક્તજનોની સાથે ભુજનગર જાઓ.[૭] ત્યાં ઉત્તમ શિલ્પીઓ દ્વારા રમણીય મંદિરનું નિર્માણ કરાવો. મંદિર તૈયાર થાય ત્યારે શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરવા માટે હું ચોક્કસ ભુજનગર પધારીશ.[૮] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું, તેથી વૈષ્ણવાનંદ સ્વામીએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હે મહારાજ ! જેવી આપશ્રીની આજ્ઞા છે તે પ્રમાણે હું કરીશ. તે સાંભળી સર્વે ભુજનગરના ભક્તજનો મહા આનંદ પામ્યા.[૯] ત્યારપછી પોતાના સંતમંડળે સહિત વૈષ્ણવાનંદ સ્વામીની સાથે તેઓએ શ્રીહરિને પ્રણામ કર્યા ને અંતરમાં શ્રીહરિનું સ્મરણ કરતા કરતા ભુજનગર પ્રત્યે ગયા.[૧૦] હે રાજન્ ! વૈષ્ણવાનંદ સ્વામીએ ભુજનગરની મધ્યે શિલ્પશાસ્ત્રને અનુસારે એક જ વર્ષમાં સુંદર શોભાયમાન મંદિર પૂર્ણ કરાવ્યું.[૧૧]

**શ્રીહરિએ સંપૂર્ણ મહાભારતની કથાનું શ્રવણ કર્યું :–** હે રાજન્ ! આ બાજુ ગઢપુરમાં શ્રીનારાયણમુનિએ વૈષ્ણવાનંદ સ્વામીને ભુજમાં મંદિર બનાવવા મોકલ્યા પછી આરંભથી જ સંપૂર્ણ મહાભારત સાંભળવાનો પ્રારંભ કર્યો.[૧૨] સંવત્ ૧૮૭૮ ના ચૈત્ર સુદ પંચમી તિથિથી પ્રારંભ કરી બીજા વર્ષે સંવત ૧૮૭૯ ના ચૈત્રમાસમાં સુદ નવમી - રામનવમીને દિવસે મહાભારત કથાશ્રવણની નિર્વિઘ્ન સમાપ્તિ કરાવી.[૧૩] હે રાજન્ ! આ રીતે શ્રીહરિએ મહાભારતની કથાનું વિધિપૂર્વક શ્રવણ કરી, વક્તા પ્રાગજી પુરાણીને ઈચ્છા પ્રમાણે દક્ષિણાઓ આપી, તેમજ અનેક વસ્ત્રો તથા આભૂષણોનું પણ દાન કર્યું.[૧૪] પછી

तन्मासपौर्णमास्यां च भुजङ्गनगराद्धरिम् । दूत एत्याऽऽहाहिपुरे निष्पन्नं मन्दिरं प्रभो ! ॥ १६
प्रतिष्ठापय तत्रैत्य नरनारायणं हरे ! । इत्यस्ति प्रार्थितं नृणां भुजङ्गपुरवासिनाम् ॥ १७
इति दूतगिरं श्रुत्वा हरिर्दैवज्ञसत्तमम् । आहूय निश्चिकायादौ प्रतिष्ठाक्षणमुत्तमम् ॥ १८
वैशाखशुक्लपञ्चम्यां तन्निश्चित्य स्वयं ततः । द्वितीयायां निरगमत्तत्रानुज्ञाप्य चोत्तमम् ॥ १९
मार्गे स्वभक्तग्रामेषु वसंस्तत्पुरमाययौ । चैत्रकृष्णत्रयोदश्यां हयारूढः सहानुगः ॥ २०
प्रत्युद्गतः पौरजनैः प्रेमसास्रविलोचनैः । प्रविश्य तत्पुरं तत्र मन्दिरान्तिक आवसत् ॥ २१
पौराः शुश्रूषणं तस्य चक्रु सर्वेऽपि सादरम् । आहारयामास देवप्रतिष्ठोपस्करान् हरिः ॥ २२

---

ભગવાન શ્રીહરિએ દશમીને દિવસે હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં ને બીજે દિવસે વિમળા એકાદશીનો મોટો ઉત્સવ ઉજવ્યો.[૧૫] પછી ચૈત્ર પૂર્ણીમાને દિવસે ભુજનગરથી દૂતે આવીને શ્રીહરિને કહ્યું કે, હે પ્રભુ ! ભુજનગરમાં મંદિર તૈયાર થઈ ગયું છે.[૧૬] તેમાં તમો ભુજનગર પધારી શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરો. આવી ભુજનગરના સર્વે ભક્તજનોની આપશ્રીને પ્રાર્થના છે.[૧૭] હે રાજન્ ! આ પ્રમાણે દૂતની વાણી સાંભળી ભગવાન શ્રીહરિએ ઉત્તમ જ્યોતિષી મયારામ ભટ્ટને બોલાવ્યા ને પ્રથમ પ્રતિષ્ઠાનું ઉત્તમ મુહૂર્ત નક્કી કર્યું.[૧૮] સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદ ૫ ના દિવસે પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરી સ્વયં ભગવાન શ્રીહરિએ ઉત્તમરાજાને ગઢપુરમાં જ રહેવાની આજ્ઞા આપીને ચૈત્રવદ બીજને દિવસે ગઢપુરથી ભુજનગર જવા માટે ચાલી નીકળ્યા.[૧૯]

**ભુજમાં પધારી શ્રીહરિએ કરેલી શ્રીનરનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા :–** હે રાજન્ ! અશ્વ ઉપર આરુઢ થયેલા શ્રીહરિ ઘોડેસ્વાર તથા પદાતી પાર્ષદોની સાથે ચાલ્યા તે માર્ગમાં આવતા ભક્તજનોના ગામોમાં નિવાસ કરતા કરતા ચૈત્રવદ તેરસને દિવસે ભુજનગર પધાર્યા.[૨૦] અતિશય આનંદને કારણે નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ પાડતા ભુજનગરવાસી ભક્તજનો ભગવાન શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમની સાથે શ્રીહરિએ ભુજનગરમાં પ્રવેશ કર્યો ને મંદિરની સમીપે જ પોતાનો ઉતારો કર્યો.[૨૧] સર્વે પુરવાસી ભક્તજનો ભગવાન શ્રીહરિની અતિશય આદર સહિત યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. ભગવાન શ્રીહરિએ શ્રીનરનારાયણ ભગવાનના પ્રતિષ્ઠાને ઉપયોગી સર્વે સામગ્રી ભેળી કરાવી.[૨૨] પછી જે રીતે શ્રીનગરને વિષે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો હતો તે જ રીતે ભુજનગરમાં પણ વૈષ્ણવાનંદ સ્વામીએ રચેલા મંદિરમાં મુહૂર્તના સમયે સંવત ૧૮૭૯ ના વૈશાખસુદ

यथाकालं ततश्चक्रे नरनारायणस्य सः । मन्दिरे स्थापनं तस्मिन् यथा श्रीनगरे तथा ॥ २३
महद्भिरेव सम्भारैः शास्त्रोक्तविधिना नृप ! । चकार दुष्करं भूपैः स प्रतिष्ठामहोत्सवम् ॥ २४
ब्राह्मणान् सकलान् पौरानन्यांश्चागन्तुकानपि । यथेष्टं भोजयामास ददौ तेभ्यश्च दक्षिणाम् ॥ २५
कृष्णार्चनोत्सवादीनां व्यवस्थां च यथोचितम् । सम्प्रदायानुसारेण सप्तम्यां विदधौ हरिः ॥ २६
अष्टम्यां भोजनं कृत्वा निर्ययौ नगरात्ततः । परावर्त्याश्रुनयनाननुयातः पुरौकसः ॥ २७

स्वस्वग्रामं नीत आत्मीयभक्तैर्मार्गे भक्त्या पूजितस्तत्र तत्र ।
धर्मं भक्तिं पोषयन्सानुगोऽसौ मासेनाऽऽयात् पत्तनं दुर्गसंज्ञम् ॥ २८
प्रत्युद्यातः पौरभक्तैश्च राज्ञा वाद्यध्वानोद्घोषिताशैः सहर्षम् ।
साकं विष्ठा तैः पुरं तत्र च खे स्थाने स्वामी चारुपीठे न्यषीदत् ॥ २९ ॥

---

પાંચમની તિથિએ શ્રીનરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરીને દર્શન પૂજનનો શ્રીનગરની જેમ મહા મોટો મહિમા કહ્યો.[૨૩] હે રાજન્ ! ભગવાન શ્રીનારાયણમુનિએ મોટા મહારાજાઓ પણ ન ઉજવી શકે તેવો પ્રતિષ્ઠા મહોત્સવ મોટી સામગ્રીઓ ભેળી કરીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ઉજવ્યો.[૨૪] ભગવાન શ્રીહરિએ પુરવાસી સમસ્ત બ્રાહ્મણોને તથા દેશાંતરથી આવેલા સર્વે બ્રાહ્મણોને તેઓની ઈચ્છાથી પણ અધિક ભોજન જમાડી તૃપ્ત કર્યા અને ખૂબજ દક્ષિણાઓ આપી.[૨૫] ભગવાન શ્રીહરિએ વૈશાખસુદ સાતમના દિવસે શ્રીનરનારાયણ ભગવાનની નિત્ય પૂજા, મહાભોગાર્પણની વ્યવસ્થા અને વાર્ષિક ઉત્સવો ઉજવવાની વ્યવસ્થા ઉદ્ધવ સંપ્રદાયના નિયમોને અનુસારે યથાયોગ્ય ગોઠવી આપી.[૨૬]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ અષ્ટમીને દિવસે ભોજન કરીને ભુજનગરથી ગઢપુર જવા નીકળ્યા. તે સમયે આંખમાં વિરહનાં અશ્રુઓ વહેવડાવતા ને પોતાની પાછળ ચાલ્યા આવતા ભુજનગરનિવાસી ભક્તજનોને પાછા વાળ્યા.[૨૭] પાર્ષદોએ સહિત શ્રીહરિને માર્ગમાં આવતા ભક્તજનો પોતપોતાના ગામે લઈ જતા ને અતિશય ભાવથી ભગવાન શ્રીહરિની સેવા પૂજા કરતા, અને શ્રીહરિ પણ તે ગામોમાં ભક્તજનોને ધર્મે સહિત ભક્તિના પોષણનો ઉપદેશ કરતા, એમ એક મહિને દુર્ગપુર પધાર્યા.[૨૮] તે સમયે ઉત્તમરાજા તેમજ નગરવાસી ભક્તજનો અતિશય આનંદમાં આવી વાજિંત્રોના ધ્વનિથી દશે દિશાઓને ગજાવતા સામૈયું લઈ ભગવાન શ્રીહરિની સન્મુખ આવ્યા. અને શ્રીહરિ તેઓની સાથે ચાલી દુર્ગપુરમાં પ્રવેશ કર્યો ને ત્યાં પોતાના નિવાસસ્થાને ઉત્તમ પીઠ ઉપર વિરાજમાન થયા.[૨૯]

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे भुजङ्गपुरे श्रीनरनारायणप्रतिष्ठानिरूपणनामा षड्विंशोऽध्याय: ॥ २६ ॥*

---

## सप्तविंशोऽध्याय: - २७

**सुव्रत उवाच –**

एकादश्यां निर्जलायां वृत्तलयपुरौकस: । कुबेरप्रमुखा भक्तास्तत्राऽऽयंस्तद्दिदृक्षव: ॥ १
विधाय दर्शनं तस्य लेभिरे ते परं सुखम् । सम्भावयामास च तानुत्तमश्च यथोचितम् ॥ २
एकादश्युत्सवे वृत्ते द्वादश्यां कृतपारणम् । सुखासीनं हरिं नत्वा ते प्राञ्जल्य ऊचिरे ॥ ३
अस्मद्विज्ञापनां स्वामिन् ! शृणु त्वं भक्तवत्सल: । यन्निवेदयितुं सर्वे वयमत्र समागता: ॥ ४
मन्दिरं कारयास्माकं पुरे कृष्णस्य सुन्दरम् । सर्वेषामपि पौराणां भवत्येष मनोरथ: ॥ ५
यावत्यपेक्षिता भूमिस्तदर्थे तव तावती । प्रदत्ताऽस्माभिरद्यैवेत्यवगच्छ न संशय: ॥ ६

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ વૈષ્ણવાનંદ સ્વામી પાસે ભુજનગરમાં મંદિર કરાવી શ્રીનરનારાયણ ભગવાનની મોટા ઉત્સવની સાથે પ્રતિષ્ઠા કરી તેનું નિરૂપણ કર્યું એ નામે છવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૬--**

---

## અધ્યાય – ૨૭

## વડતાલમાં મંદિર કરવાની ભક્તજનોની પ્રાર્થના.

હે રાજન્ ! વડતાલવાસી કુબેર પટેલ આદિ ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી ગઢપુરમાં જેઠસુદ નિર્જલા એકાદશીને દિવસે આવ્યા ને શ્રીહરિનાં દર્શન કરી તેઓ પરમ સુખને પામ્યા. તે સમયે ઉત્તમરાજાએ તેઓનું યથાયોગ્ય સન્માન કર્યું.[૧-૨] એકાદશીનું વ્રત પૂર્ણ થયા પછી બારસનાં પારણાં કરી સુખપૂર્વક બેઠેલા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને કુબેર પટેલ વગેરે ભક્તજનો બે હાથ જોડીને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે ભક્તવત્સલ છો. તમો અમારી વિનંતી સાંભળો. જેનું નિવેદન કરવા અમે સર્વે વડતાલવાસી ભક્તજનો તમારી પાસે આવ્યા છીએ.[૩-૪] અમારા પુરમાં શ્રીકૃષ્ણનું સુંદર મંદિર કરાવો, એવો સર્વે પુરવાસી ભક્તજનોનો મનોરથ છે.[૫] હે ભગવાન ! મંદિર નિર્માણ માટે જેટલા

धनादिना च शुश्रूषां करिष्यामो वयं हरे ! । अस्मन्मनोरथं ह्येतं पूर्णं कर्तुं त्वमर्हसि ॥ ७
इति तैः प्रार्थितो भक्तैः प्रसन्नौ हरिराह तान् । एवमेव करिष्यामि भक्ता ! यूयं मम स्थ यत् ॥ ८
इत्युक्त्वा तांस्ततः प्राहाक्षरानन्दमुनिं हरिः । वृत्तालपुरं गच्छ सहैतैः सस्वमण्डलः ॥ ९
स देशोऽस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानघ ! । अतस्त्वं कारयेस्तत्र कृष्णमन्दिरमुत्तमम् ॥ १०
जाते हि मन्दिरे तस्मिन्नहमेत्य शुभे क्षणे । रुकिमण्या सहितं कृष्णं स्थापयिष्यामि निश्चितम् ॥ ११
इत्युक्तः स तथेत्याह मुनिस्तत्कार्यनैपुणः । प्रसन्नाश्च बभूवुस्ते भक्ताः पौरास्तदा नृप ! ॥ १२
स्नानयात्रावधि स्थित्वा तत्र ते मुनिना सह । ततो जग्मुः स्वनगरमाज्ञप्ता हरिणाखिलाः ॥ १३
पञ्चमेऽहनि ते प्रापुः पुरं तदथ तं मुनिम् । सुस्थाने वासयामासुः पौराः पर्यचरंश्च तम् ॥ १४
मन्दिरापेक्षितां भूमिं विशालां ते ततो मुदा । कृष्णार्पणं ददुः सर्वे हरिसम्प्रीणनोत्सुकाः ॥ १५

---

પ્રમાણમાં ભૂમિ જોશે તેટલા પ્રમાણમાં અત્યારે જ યાવત્ચંદ્રદિવાકર પર્યંત અર્પણ કરીએ છીએ, એમ તમે નક્કી જાણો. તેમાં કોઈ સંશય નથી.[૬] હે શ્રીહરિ ! ધનાદિકથી પણ મંદિરની સેવા કરીશું, માટે મંદિર કરવાનો અમારો સંકલ્પ પૂર્ણ કરો.[૭] હે રાજન્ ! આ પ્રમાણે તે ભક્તજનોએ પ્રાર્થના કરી તે સાંભળી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા અને તેમને કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! તમે મારા અનન્ય સેવક છો તેથી તમારો સંકલ્પ જરૂર પૂર્ણ કરીશ.[૮] આ પ્રમાણે વડતાલવાસી ભક્તજનોને કહીને શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીને કહ્યું કે, હે મુનિ ! તમારાં મંડળના સંતોની સાથે તમે કુબેરપટેલ આદિ ભક્તજનો ભેળા વડતાલ જાઓ.[૯] હે નિષ્પાપ મુનિ ! ચડોતર દેશ વૃંદાવનની જેમ મને અતિશય પ્રિય છે. એથી તમે ત્યાં ઉત્તમ કૃષ્ણ મંદિરનું નિર્માણ કરો.[૧૦] તે મંદિર પૂર્ણ તૈયાર થશે ત્યારે હું ત્યાં આવીને શુભ મુહૂર્તમાં રુક્મિણીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની સ્થાપના કરીશ.[૧૧]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તે સાંભળી તે કાર્ય કરવામાં નિપુણ મુનિએ કહ્યું કે, હે ભગવાન ! જેમ તમે કહ્યું તેમ હું કરીશ. તે સમયે વડતાલવાસી ભક્તજનો અતિશય પ્રસન્ન થયા.[૧૨] અને જેઠ મહિનામાં સૂર્યોદય વ્યાપી જ્યેષ્ઠા નક્ષત્રમાં ઉજવાતા સ્નાનયાત્રા ઉત્સવ સુધી ગઢપુરમાં નિવાસ કરી શ્રીહરિની આજ્ઞાનુસાર અક્ષરાનંદ સ્વામી પોતાના મંડળને સાથે લઈ વડતાલ જવા તૈયાર થયા.[૧૩] તે પાંચમે દિવસે વડતાલ પહોંચ્યા. પુરવાસી ભક્તજનોએ અક્ષરાનંદ સ્વામીને સારા સ્થાનમાં નિવાસ કરાવ્યો ને તેમની સેવા કરવા લાગ્યા.[૧૪] પછી શ્રીહરિને રાજી કરવામાં ઉત્સુક સર્વે ભક્તજનોએ મંદિર તૈયાર કરવા જેટલી

आह्वाय्य शिल्पिनो दक्षान् स मुनिर्वटपत्तनात् । मन्दिरं कारयामास विशालं च मनोहरम् ॥ १६
तत्कार्ये निरता आसन् पौरास्तदनुवर्तिनः । वत्सरेण सपादेन निष्पन्नं मन्दिरं त्वभूत् ॥ १७
ततो देवप्रतिष्ठार्थमानेतुं दुर्गपत्तनात् । हरिं पौरास्तु जूषाख्यं प्रैषयन्भक्तमुत्तमम् ॥ १८
हरिश्चाथाक्षरानन्दं प्रेष्य वृत्तालयं नृप ! । सर्वोपनिषदः श्रोतुं सभाष्या उद्यतोऽभवत् ॥ १९
आनयित्वा सभाष्यास्ता रथयात्रा दिने स्वयम् । समाप्त उत्सवे श्रोतुं प्रारम्भन्निजाश्रमे ॥ २०
आश्विने शुक्लपक्षेऽसौ कोजागरदिने च ताः । समाप्य तोषयामास भूरिद्रव्येण वाचकम् ॥ २१
ब्राह्मणान्भोजयामास तद्दिने च सहस्रशः । दक्षिणां च ददौ तेभ्यो नारायणमुनिर्मुदा ॥ २२
कार्तिकस्नानमारेभे तस्मिन्नेवाह्नि सानुगः । अन्नकूटोत्सवं चक्रे महान्तं तत्र च प्रभुः ॥ २३

જમીન જોઈએ તેટલી વિશાળ ભૂમિ અતિહર્ષ પૂર્વક શ્રીકૃષ્ણાર્પણ કરી.[૧૫] પછી અક્ષરાનંદ સ્વામીએ વડોદરાથી કુશળ શિલ્પીઓને બોલાવ્યા ને વિશાળ મનોહર મંદિરનું નિર્માણ કરાવ્યું.[૧૬] વડતાલવાસી ભક્તજનો સર્વે સ્વામીની આજ્ઞામાં વર્તતા મંદિરના કાર્યમાં સદાય તત્પર રહેતા હતા. આમ કરતાં મંદિર તો એક વર્ષ અને ત્રણમાસમાં સંપૂર્ણ તૈયાર થઈ ગયું.[૧૭] ત્યારે નગરવાસી ભક્તજનોએ દેવપ્રતિષ્ઠા કરવા ભગવાન શ્રીહરિને દુર્ગપુરથી તેડી લાવવા ઉત્તમ ભક્ત જુષા પગીને મોકલ્યા.[૧૮]

**ભાષ્યે સહિત ઉપનિષદોની કથાનું શ્રીહરિએ શ્રવણ કર્યું :–** હે રાજન્ ! અક્ષરાનંદ સ્વામીને વડતાલ મોકલ્યા પછી શ્રીહરિ રામાનુજાચાર્યના ભાષ્યોએ સહિત સર્વે ઉપનિષદોની કથા સાંભળવા તત્પર થયા.[૧૯] પદ્મનાભાનંદ સ્વામી (સંન્યાસી) પાસે તે ભાષ્યો મંગાવીને સ્વયં શ્રીહરિ સંવત ૧૮૮૦ ના અષાઢ સુદ પડવાને દિવસે પુષ્ય નક્ષત્ર હોવાથી પવિત્ર રથયાત્રાનો ઉત્સવ ઉજવ્યો. પછી પોતાના સ્થાને જ સાંભળવાનો પ્રારંભ કર્યો.[૨૦] સંવત ૧૮૮૧ ના આસો સુદ કોજાગરી પૂનમના દિવસે તે ભાષ્યે સહિત ઉપનિષદોના કથાશ્રવણની સમાપ્તિ કરી ને વક્તા પ્રાગજી પુરાણીને પૂજન કરી ઘણુ દ્રવ્ય આપી સંતોષ પમાડ્યા.[૨૧] ભગવાન શ્રીનારાયણમુનિએ તે પૂનમને દિવસે હજારો બ્રાહ્મણોને જમાડી અતિ હર્ષથી બહુ દક્ષિણાઓ આપી.[૨૨] પછી શ્રીહરિ પોતાના અનુયાયી સંતો ભક્તોની સાથે તે જ દિવસે કાર્તિકી સ્નાન કરવાનો પણ પ્રારંભ કર્યો. અને આસો મહિનામાં ગઢપુરમાં મોટો અન્નકૂટોત્સવ પણ ઉજવ્યો. કાર્તિક સુદ પડવાને દિવસે ચંદ્રદર્શન થયું હોવાથી અન્નકૂટોત્સવ અમાવાસ્યાને દિવસે કર્યો.[૨૩] બીજે દિવસે પડવાની

परेऽह्नि जूष आगत्य तं प्रणम्य कृताञ्जलिः । प्राह वृत्तालये स्वामिन्मन्दिरं जातमुत्तमम् ॥ २४
तत्रागत्य प्रतिष्ठां त्वं श्रीकृष्णस्य कुरु प्रभो ! । त्वदागमं प्रतीक्षन्ते पौराः सर्वेऽपि मानवाः ॥ २५
इति तद्वचनं श्रुत्वा चक्रे जिगमिषां हरिः । ततः कृष्णप्रतिष्ठायाः पप्रच्छ गणकं क्षणम् ॥ २६
ऊर्जस्य शुक्लद्वादश्यां दत्तस्तेन च तत्क्षणः । ततः स्वान्श्वोऽस्ति गन्तव्यं सज्जाः स्यातेत्यजिज्ञपत् २७
आहूयाथोत्तमं प्राह सकुटुम्बो भवानपि । वृत्तालयं समायातु निर्गन्तव्यं श्व एव च ॥ २८
श्वोस्ति भ्रातृद्वितीयात्र गृहिभिर्भगिनीगृहे । भोक्तव्यं च धनं वासः स्वस्रे देयमिति स्थितिः ॥ २९
यमो यमुनयात्र प्राग्भोजितस्तेन सापि च । मानिता धनवस्त्राद्यैः प्रवृत्तैषा ततो भुवि ॥ ३०
त्वं च सङ्गव एव श्वो भुक्त्वा पाञ्चालिकागृहे । चतसृभ्योऽपि स्वसृभ्यो दद्या वासोधनं पृथक् ॥ ३१

---

તિથિએ વડતાલથી ભક્ત જૂષોપગી આવ્યા ને ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને બન્ને હાથ જોડીને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! વડતાલમાં ઉત્તમ મંદિર તૈયાર થઇ ગયું છે. હે પ્રભુ ! તમે વડતાલ પધારીને ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરો. વડતાલના સર્વે ભક્તજનો તમારા આગમનની પ્રતીક્ષા કરે છે.[૨૪-૨૫]

હે રાજન્ ! આ પ્રમાણે જુષાપગીનું વચન સાંભળી ભગવાન શ્રીહરિએ વડતાલ જવાની મનમાં ઇચ્છા કરી. પછી પ્રતિષ્ઠાનું મુહૂર્ત પોતાની પાસે બેઠેલા મયારામ વિપ્રને પૂછ્યું.[૨૬] તેણે ગણિત માંડીને કાર્તિકસુદ બારસનું શુભ મુહૂર્ત આપ્યું. તેથી શ્રીહરિએ પાર્ષદોને કહ્યું કે, આવતી કાલે વડતાલ જવાનું હોવાથી સૌ તૈયાર થજો.[૨૭] અને ઉત્તમ રાજાને બોલાવી કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમારે પણ કુટુંબે સહિત અમારી સાથે વડતાલ જવા આવતી કાલે જ નીકળવાનું છે.[૨૮]

**શ્રીહરિના મુખે ભાઈબીજનું મહત્ત્વ :–** હે ઉત્તમનૃપતિ ! આવતી કાલે ભાઈબીજ છે. એથી ગૃહસ્થજનોએ પોતાની બહેનને ઘેર ભોજન કરવા જવાનું અને બહેનને ધન તથા વસ્ત્રો અર્પણ કરવાનાં હોયછે, આ પ્રમાણે શાસ્ત્ર મર્યાદા છે.[૨૯] પૂર્વે ભાઈબીજને દિવસે બહેન યમુનાજીને ઘેર પોતાના ભાઈ યમરાજા ભોજન કરવા ગયેલા, ત્યારે તેણે મિષ્ટાન્ન ભોજન ભાઈને કરાવેલું અને બહેનને યમરાજાએ બહુજ ધન, વસ્ત્ર આપી સન્માન પણ કરેલું. તે દિવસથી આરંભીને આ પૃથ્વી પર ભાઈબીજની પ્રવૃત્તિ થઇ છે. એમ ભવિષ્ય પુરાણમાં કહેલું છે.[૩૦] તમે પણ આવતી કાલે નવેક વાગ્યાના સમયે સંગવકાળે પંચાળી બહેનના ઘેર ભોજન કરી ચારે બહેનોને અલગ અલગ વસ્ત્રો અને ધનનું પ્રદાન કરજો.[૩૧] ત્યાર પછી પત્નીઓએ સહિત તમે ચારે બહેનોની સાથે વડતાલ આવવા

ततस्ताभिः सहैव त्वं सज्जः स्याश्च सभार्यकः । इत्युक्तः स तथेत्युक्त्वा तत्तथैवाकरोन्नृप ! ॥ ३२
पूर्वाह्न एवाथ हरिरामध्याह्नात्क्रिया निजाः । कृत्वा भुक्त्वा द्वितीयायां मध्याह्ने निर्यतौ ततः ॥ ३३
भक्तग्रामेषु निवसन् पञ्चम्यां प्रातरेव सः । प्राप वृत्तालयं स्वामी हयारूढः ससोदरः ॥ ३४
वादित्रनादैरभ्येत्य नीत उत्कैर्निजैः पुरम् । स्वावासं तु हरिश्चक्रे रथकारस्य वेश्मनि ॥ ३५
सोदरौ सान्वयौ स्वस्य सकुटुम्बं तथोत्तमम् । मुनीन् पद्गान् पार्षदांश्च यथार्हमुदतारयत् ॥ ३६
पौराः शुश्रूषणं चक्रुः सानुगस्य हरेर्मुदा । तन्मन्दिरमुपागत्य सर्वतोऽसौ व्यलोकयत् ॥ ३७
संलग्नं शोभनं तत्र पूर्वास्यं मन्दिरत्रयम् । मण्डपं धर्मशालां च दृष्ट्वा तुष्टोऽभवद्धरिः ॥ ३८
शिल्पिमुख्याय तर्ह्येव सोऽनर्घ्ये वाससी ददौ । प्रशशंसाक्षरानन्दं भक्तान्नागरिकांस्तथा ॥ ३९

---

તૈયાર થજો. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી ભલે, એમ કહીને ઉત્તમરાજાએ ભગવાન શ્રીહરિના વચન પ્રમાણે જ સર્વે કાર્ય પૂર્ણ કર્યું.[૩૨]

**દેવપ્રતિષ્ઠા માટે શ્રીહરિનું વડતાલપુરમાં આગમન :–** હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિ ભાઈબીજને દિવસે પ્રાતઃકાળથી લઈ મધ્યાહ્ન સંધ્યા સુધીનો સમગ્ર સ્નાન સંધ્યાદિ વિધિ પૂર્ણ કરીને નાનાભાઈ ઈચ્છારામભાઈને ઘેર ભોજન કરી ગઢપુરથી બપોરના શુભ સમયે જ વડતાલ જવા નીકળ્યા.[૩૩] સકલ ઐશ્વર્યે સંપન્ન શ્રીહરિ અશ્વારુઢ થઈ પરિવારે સહિત પોતાના બન્ને ભાઈઓની સાથે ચાલ્યા તે માર્ગમાં આવતાં ભક્તજનોનાં ગામમાં નિવાસ કરતા કારતક સુદ પાંચમને દિવસે પ્રાતઃકાળે જ વડતાલપુર પધાર્યા.[૩૪] તે સમયે અતિશય ઉત્સાહવાળા ભક્તજનો વાજિંત્રોનો નાદ કરતા શ્રીહરિની સન્મુખ આવ્યા ને સ્વાગત કરી પુરમાં પધરાવ્યા, ને વાસણ સુથારને ઘેર શ્રીહરિનો ઉતારો કર્યો.[૩૫] પોતાના પરિવારે સહિત બન્ને ભાઈઓને તથા કુટુંબીજનો સહિત ઉત્તમરાજાને તથા સર્વે સંતો પાર્ષદોને અન્ય જગ્યાઓમાં યથાયોગ્ય ઉતારા કરાવ્યા.[૩૬] કુબેર પટેલ આદિ પુરવાસી ભક્તજનો અતિ હર્ષથી પોતાના અનુયાયીજનોની સાથે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. શ્રીહરિ પણ અક્ષરાનંદ સ્વામીએ તૈયાર કરેલા મંદિરની સમીપે પધારી ચારે બાજુથી તેનું નિરીક્ષણ કર્યું.[૩૭] તેમાં પરસ્પર જોડાયેલા અને શોભાયમાન પૂર્વાભિમુખના ત્રણે દરવાજા તથા મંડપ અને ધર્મશાળાનું નિરીક્ષણ કરીને અતિશય પ્રસન્ન થયા.[૩૮] અને મુખ્ય શિલ્પી એવા પુરુષોત્તમ ટાંકને અમૂલ્ય વસ્ત્રો અર્પણ કર્યાં તેમજ અક્ષરાનંદ મુનિ તથા વડતાલવાસી ભક્તજનોની પણ ખૂબજ પ્રશંસા કરી.[૩૯]

उदुम्बरपुराद्विप्रान् वैदिकान्वैष्णवांश्च सः । हरिशर्ममुखान् सद्यो दूतैराजूहवन्नृप ! ॥ ४०
देशान्तरेभ्यस्तत्राऽऽयन्नरा नार्यश्च यूथशः । मण्डलानि मुनीनां च तदुत्सवदिदृक्षवः ॥ ४१
हरिर्विधिज्ञविप्रोक्तानुपहारानसाधयत् । सर्वान्विष्णुप्रतिष्ठार्हांस्तथा सर्पिसितादिकान् ॥ ४२
प्रतिष्ठाविधिवेत्तारो विप्राः कुण्डं च मण्डपम् । पीठानि देवतानां च यथाशास्त्रमकारयन् ॥ ४३
विधिं कृष्णप्रतिष्ठायाः स्वस्तिवाचनपूर्वकम् । अकारयन् हरिं विप्रा वासरद्वितयेन ते ॥ ४४
द्वादश्यां स्थापयामास मध्यमे मन्दिरे हरिः । रुक्मिण्या सहितं कृष्णं चक्रे तस्यार्चनं महत् ॥ ४५
तत उत्तरतस्तस्मान्मन्दिरे मूर्तिमात्मनः । उपेतां भक्तिधर्माभ्यां भक्तप्रीत्या अतिष्ठिपत् ॥ ४६
समर्चनं विधायास्यास्ततो दक्षिणमन्दिरे । राधया सहितं कृष्णं स्थापयित्वा समार्चयत् ॥ ४७
तदन्तिकेऽपि स स्वस्य मूर्तिमस्थापयच्छुभाम् । निजप्रीत्यै ततस्तां च पूजयामास सत्पतिः ॥ ४८

---

**શ્રીલક્ષ્મીનારાયણ આદિક મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા :–** પછી ભગવાન શ્રીહરિએ ઉમરેઠપુરથી ઉદ્ધવસંપ્રદાયના વૈદિક વિપ્રો એવા હરિશર્મા, પુરુષોત્તમ તથા કૃપાશંકર આદિ અનેક વિપ્રોને તત્કાળ દૂત મોકલીને બોલાવ્યા.[૪૦] પ્રતિષ્ઠાનાં દર્શન કરવાની ઈચ્છાવાળા નરનારીઓના સંઘો મળીને દેશાંતરોમાંથી વડતાલપુરમાં આવવા લાગ્યા. અને દેશાંતરમાંથી સંતોનાં મંડળો પણ આવવા લાગ્યાં.[૪૧] અહીં પ્રતિષ્ઠા વિધિને જાણનારા હરિશર્મા આદિ વિપ્રોના કહેવા પ્રમાણે પ્રતિષ્ઠાને યોગ્ય સર્વે સામગ્રી તથા ઘી, સાકર, ઘઉનો લોટ વગેરે પદાર્થો ભગવાન શ્રીહરિએ ભેળા કરાવ્યાં.[૪૨] હે રાજન્ ! પ્રતિષ્ઠાનો વિધિ જાણતા વિપ્રોએ યજ્ઞકુંડ, મંડપ અને દેવતાઓની પીઠિકા શાસ્ત્ર પ્રમાણે તૈયાર કરાવી.[૪૩] પછી વિપ્રોએ શ્રીહરિ પાસે બે દિવસ સુધી સ્વસ્તિવાચન-પૂર્વક પ્રતિષ્ઠાનો વિધિ કરાવ્યો.[૪૪] આ રીતે સંવત ૧૮૮૧ ના કારતક સુદ બારસને દિવસે શ્રીહરિએ મધ્યના મંદિરમાં રૂક્મિણીરૂપ લક્ષ્મીજીએ સહિત નારાયણ ભગવાનની સ્થાપના કરી ને તેની મહાપૂજા કરી.[૪૫] પછી મધ્ય મંદિરની ઉત્તર દિશાના પડખે રહેલા મંદિરમાં ભક્તજનોની પ્રસન્નતાર્થે ધર્મ-ભક્તિએ સહિત પોતાની વાસુદેવ નામની મૂર્તિની સ્થાપના કરી.[૪૬] ભક્તિધર્મ, વાસુદેવની મહાપૂજા કરીને શ્રીહરિ મધ્ય મંદિરથી દક્ષિણમાં રહેલા મંદિરમાં રાધાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની સ્થાપના અને મહાપૂજા કરી.[૪૭] પછી સંતોના સ્વામી ભગવાન શ્રીહરિ મૂર્તિની સમીપે જઇ અતિશય શોભતી પોતાની શ્રીહરિકૃષ્ણ મૂર્તિની ભક્તોની પ્રસન્નતાર્થે સ્થાપના કરી. તેમનું પણ મહાપૂજન કર્યું.[૪૮] પ્રતિષ્ઠા સંબંધી મહાપૂજા કરતી વખતે શ્રીમદ્

गीतिकानां च वाद्यानां घोषस्तत्र महानभूत् । वेदघोषेण विप्राणां मिश्रोऽसौ व्यानशे दिशः ॥ ४९
महानीराजनं कृत्वा मूर्तीस्ताः स पृथक् पृथक् । निर्निमेषस्थिराक्षिभ्यां पश्यंस्तस्थौ घटीद्वयम् ॥ ५०
तदानीं ता बभुर्भूप ! मूर्तयो भूरितेजसः । ता दृष्ट्वा विस्मयं प्रापुर्जनाः सर्वे तदीक्षकाः ॥ ५१
पूर्णाहुतिं ततो हुत्वा ऋत्विग्भ्यो दक्षिणां ददौ । अन्येभ्यश्चापि विप्रेभ्यो भूयसीं धर्मविद्धरिः ॥ ५२
उच्चासनस्थितोऽथाऽऽह जनानूर्ध्वैकदोः स च । शृण्वन्तु सर्वेऽपि जनाः ! सादरं वचनं मम ॥ ५३
मध्यमे मन्दिरे ह्येष लक्ष्मीनारायणो मया । स्थापितोऽस्तीति जानीत द्वारिकाधीश्वरः स्वयम् ॥ ५४
दक्षिणे मन्दिरे त्वत्र श्रीकृष्णो राधया सह । वृन्दावनविहार्येष मया सुस्थापितोऽस्ति हि ॥ ५५
तदन्तिके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये । धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ॥ ५६
लक्ष्मीनारायणादीनां स्वरूपाणां तु दर्शनम् । प्रत्यहं ये करिष्यन्ति ये मोक्ष्यन्त्येव संसृतेः ॥ ५७
पौर्णमास्यां पौर्णमास्यां ये च ग्रामान्तरादपि । एत्यैषां दर्शनं भक्त्या करिष्यन्त्यत्र मानवाः ॥ ५८

---

ભગવદ્ગીતાના શ્લોકોનો અને વાજિંત્રોનો અતિશય ઘોષ થયો. તે ઘોષ વૈદિક વિપ્રોના વેદમંત્રોના ઘોષની સાથે મળીને દશેદિશામાં વ્યાપી ગયો.[૪૯] શ્રીહરિ સર્વે મૂર્તિઓની મહાઆરતી કરી સ્થિર દૃષ્ટિથી નિરીક્ષણ કરતા બે ઘડી સુધી ત્યાં ને ત્યાં જ ઊભા રહ્યા.[૫૦]

**મૂર્તિઓનો મહિમા :–** આ પ્રમાણે નિરીક્ષણ કરવાથી સર્વે મૂર્તિઓમાં અતિશય તેજ ભરાયું તેથી તે વિશેષ શોભવા લાગી. આવી તેજોમય મૂર્તિઓનાં દર્શન કરી સર્વેજનો અતિશય વિસ્મય પામ્યા.[૫૧] પછી ધર્મજ્ઞ ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાની પૂર્ણાહૂતિ કરી ઋત્વિજ બ્રાહ્મણોને ખૂબજ દક્ષિણા આપી. અને કેવળ દક્ષિણા લેવા માટે જ આવેલા અન્ય વિપ્રોને પણ બહુ પ્રકારની દક્ષિણા આપી ખૂબ રાજી કર્યા.[૫૨] પછી ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિ એક હાથ ઊંચો કરી મનુષ્યોને કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! તમે સર્વે મારૂં આ વચન આદરપૂર્વક સાંભળો.[૫૩] હે ભક્તજનો ! મધ્ય મંદિરમાં મેં આ લક્ષ્મીનારાયણની સ્થાપના કરેલી છે. તે સ્વયં દ્વારિકાધીશ છે એમ તમે જાણો.[૫૪] આ દક્ષિણ ભાગના મંદિરમાં મેં રાધાએ સહિત વૃંદાવન વિહારી એવા શ્રીકૃષ્ણ ભગવાનની સ્થાપના કરી તેની સમીપે ભક્તજનોની પ્રસન્નતાર્થે મારી મૂર્તિની સ્થાપના કરેલી છે. અને ઉત્તર ભાગના મંદિરમાં ધર્મ-ભક્તિની સાથે પણ મારી વાસુદેવ નામની મૂર્તિની સ્થાપના કરી છે.[૫૫-૫૬] માટે જે મનુષ્યો લક્ષ્મીનારાયણાદિ દેવોનાં પ્રતિદિન દર્શન કરશે તે સર્વે જનો આ સંસૃતિના બંધનથી મૂકાઈ જશે.[૫૭]

सर्वे मनोरथास्तेषां सिद्धिमेष्यन्ति निश्चितम् । भुक्तिं तथेप्सितां मुक्तिं प्राप्स्यन्त्येषां प्रसादतः ॥ ५९
श्रीकृष्णस्यास्य पुरतो जपं होमं च ये जनाः । पुरश्चर्यां करिष्यन्ति ते प्राप्स्यन्तीप्सितं फलम् ॥ ६०
यस्तु श्रीद्वारिकाधीशो लक्ष्मीनारायणः स हि । भेदोऽत्र नैव विज्ञेयः सत्यं हि वचनं मम ॥ ६१
संशयोऽत्रापि यच्चिते सम्भवेत्तमपि स्वयम् । कालेनाल्पेन भगवानेष एवापनेष्यति ॥ ६२

**सुव्रत उवाच –**

इत्युक्त्वा स जनान् धार्मिस्तूष्णमासीन्नराधिप ! । तेऽपि सर्वे वचस्तस्य जगृहुः शिरसा मुदा ॥ ६३
अभोजयद्धरिर्विप्रांस्तद्दिनात्पूर्णिमावधि । तेभ्यश्च दक्षिणां प्रादाद्विद्वद्भ्यस्तु विशेषतः ॥ ६४
साधूंश्च तर्पयामास भोज्यैर्नानाविधैरपि । प्रत्यहं स्वयमेवासौ मुहुः संपरिवेषयन् ॥ ६५
कृष्णसेवोत्सवादीनां व्यवस्थां स यथोचितम् । विधाय प्रतिपद्येव चक्रे जिगमिषां ततः ॥ ६६

---

અને જે મનુષ્યો દર પૂનમે અહીં વડતાલ આવી શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનના સ્વરૂપોનાં ભક્તિભાવથી દર્શન કરશે તેમના સર્વે મનોરથો પૂર્ણ થશે. અને આલોકમાં ભુક્તિ અને મુક્તિ પણ તેમની પ્રસન્નતાથી જ પ્રાપ્ત થશે. આમાં કોઈએ સંશય કરવો નહિ.[૫૮-૫૯] હે ભક્તજનો ! આ શ્રીકૃષ્ણ ભગવાનની આગળ બેસી જપ, તપ, હોમ અને પુરશ્ચરણ વિધિ નિયમપૂર્વક કરશે, તે મનુષ્યો પોતે ઈચ્છિત ફલ પ્રાપ્ત કરશે.[૬૦] જે દ્વારિકાની અંદર દ્વારિકાધીશ રૂક્મિણી સાથે રમણ કરે છે, તેજ ભગવાન અહીં લક્ષ્મીનારાયણ સ્વરૂપે વિરાજમાન છે. તે બન્ને સ્વરૂપમાં કોઈ ભેદ નથી. આ મારૂં વચન સત્ય માનજો.[૬૧] આવાં પરમ સત્યસ્વરૂપ એવાં મારાં વચનોમાં જેને મનમાં સંશય ઉત્પન્ન થશે, તો તે સંશયને પણ આ શ્રીલક્ષ્મીનારાયણ ભગવાન તરત દૂર કરશે.[૬૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ધર્મનંદન ભગવાન શ્રીહરિ મહિમાનો ઉપદેશ આપી મૌન રહ્યા. ત્યારે સર્વેજનોએ પણ ભગવાન શ્રીહરિનાં વચનો મસ્તક નમાવી ગ્રહણ કર્યાં.[૬૩] પછી શ્રીહરિ તે બારસના દિવસથી પૂર્ણિમા સુધી ઉત્સવમાં આવેલા સમગ્ર બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં અને ખૂબજ દક્ષિણાઓ પણ આપી. અને તેમાં જે વિદ્વાન બ્રાહ્મણો હતા તેમને વિશેષ દક્ષિણાઓ આપી.[૬૪] અને સ્વયં શ્રીહરિ વારંવાર પીરસીને અનેક પ્રકારનાં ભોજનોથી સંતોને પણ ખૂબજ તૃપ્ત કર્યા.[૬૫]

**શાસ્ત્રાર્થની ચર્ચા માટે વડોદરા સંત મોકલવા નાથભક્તની પ્રાર્થના :–** શ્રીહરિએ લક્ષ્મીનારાયણાદિ દેવોની નિત્યપૂજા તથા ઉત્સવોમાં

नाथजित्प्रमुखा भक्तास्तावद्वटपुरौकसः । तमेत्य प्रार्थयामासुर्नत्वा प्राञ्जलयः प्रभुम् ॥ ६७
भगवन्नगरेऽस्माकं बहवो मतवादिनः । विवदन्ते शास्त्रवादैरस्माभिर्नृपसंसदि ॥ ६८
प्रत्यक्षभगवत्प्राप्त्या श्रेय आत्यन्तिकं भवेत् । इत्यस्माकं मतं त्वार्षैर्वचनैर्दूषयन्ति ते ॥ ६९
अत आर्षैर्वचोभिस्तत्पक्षखण्डनपाटवम् । काञ्चिन्मुनिं पुरेऽस्माकं त्वं प्रेषयितुमर्हसि ॥ ७०
नास्माकं संशयः कोऽपि तद्वाक्यैर्हृदि जायते । किन्तु तद्दर्पशमनं स्यादितीप्सितमस्ति नः ॥ ७१
इति तैः प्रार्थितः स्वामी तत्कार्यैकोद्यमः सदा । मुक्तानन्दमुनिं प्रोचे विद्वांसं स्वाग्रतः स्थितम् ॥ ७२
एतैर्वटपुरं गच्छ सह त्वं मुनिसत्तम ! । तत्रास्ति धार्मिको राजा सिंहजिन्नीतिशास्त्रवित् ॥ ७३
न्याय्यमेव स पक्षं हि ग्रहीष्यति न चेतरम् । तस्मान्न्याय्यैः शास्त्रवाक्यैर्देद्या वादिभ्य उत्तरम् ॥ ७४

---

મહાપૂજાની પોતાના ઉદ્ધવ સંપ્રદાયની રીત પ્રમાણે સ્થાપના કરીને કાર્તિકવદ પડવાને દિવસે વડતાલપુરથી ગઢપુર જવાની ઈચ્છા કરી.[૬૬] તેટલામાં વડોદરાથી નાથજી આદિ ભક્તજનો શ્રીહરિની સમીપે આવ્યા ને નમસ્કાર કરી બન્ને હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવાન ! અમારા નગરમાં ઘણા બધા મતવાદીઓ રાજસભામાં અમારી સાથે શાસ્ત્રાર્થ કરી વિવાદ કરે છે.[૬૭-૬૮] 'પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિથી જ આત્યંતિક કલ્યાણ થાય છે.' આવા આપણા સંપ્રદાયના સિદ્ધાંતને તે મતવાદીઓ ઋષિમુનિઓનાં વચનોનાં પ્રમાણને પોતાની માન્યતા પ્રમાણે તોડી મરોડીને રજૂ કરી દૂષિત કરે છે.[૬૯] તેથી મુનિઓનાં વચનોથી તેમની માન્યતાઓનું ખંડન કરી શકે એવા કુશળ કોઈ સંતને અમારા નગરમાં મોકલો.[૭૦] હે શ્રીહરિ ! તેઓનાં વચનો સાંભળી અમારા અંતરમાં આપણા સિદ્ધાંત પ્રત્યે કોઈ સંશય ઉત્પન્ન થયો નથી. પરંતુ તેઓના ગર્વનું ખંડન થાય એટલી ઈચ્છા અમને જરૂર રહે છે. તેથી કૃપા કરીને કોઈ એવા સંતને તમે વડોદરા મોકલો.[૭૧]

**શાસ્ત્રાર્થની ચર્ચા કરવા સ. મુક્તાનંદ સ્વામીને આજ્ઞા :–** હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે નાથ ભક્ત આદિ વડોદરા વાસી ભક્તજનોએ પ્રાર્થના કરી ત્યારે સર્વદા અસત્ મતનો નિષેધ કરવા તત્પર રહેતા શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાની આગળ જ બેઠેલા મહાવિદ્વાન મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે, હે મુનિ શ્રેષ્ઠ ! તમે આ વડોદરાના ભક્તજનોની સાથે ત્યાં જાઓ ને ત્યાં નીતિશાસ્ત્રના જાણનારા ધાર્મિક સિંહજીત નામના રાજા રાજ કરે છે.[૭૨-૭૩] તે રાજા ન્યાયયુક્ત પક્ષ હોય તેનું જ ગ્રહણ કરે છે. પરંતુ અન્યાયના પક્ષનો કદાપિ સ્વીકાર કરતા નથી. તેથી તમે ત્યાં જાઓ અને ન્યાયયુક્ત શાસ્ત્રનાં વચનોથી વાદીઓને

धर्मो जयति नाधर्म इत्यस्ति निश्चयः सताम् । अतस्त्वं धर्मविद्गच्छ धर्मं स्थापय तत्र च ॥ ७५
इत्युक्तः सोऽतिहृष्टस्तं प्रणम्याऽऽह प्रभोऽद्य हि । तत्र गत्वा स्थापयामि सद्धर्मे त्वत्प्रसादतः ॥ ७६
इत्युक्त्वां तं प्रणम्यासौ जगाम वटपत्तनम् । पौरैः सह द्वितीयेऽह्नि प्राप्य तत्रावसत्सुखम् ॥ ७७
हरिरथ निजदर्शनागतान्स्वान्निजनिजदेशगमाय नृन्विसृज्य ।
प्रतिपदि सहितो निजानुयातैर्नृपवर ! दुर्गपुरं ततो जगाम ॥ ७८ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये श्री लक्ष्मीनारायणाप्रतिष्ठानिरूपणनामासप्तविंशोऽध्यायः ॥ २७ ॥*

---

**ઉત્તર આપજો.[૭૪] હે મુનિ ! સર્વત્ર ધર્મનો જ જય થાય છે, અધર્મનો નહિ. આવો સત્પુરુષોનો પાકો નિશ્ચય હોય છે. તેથી ધર્મના રહસ્યને જાણતા તમે વડોદરા જાઓ અને ધર્મનું સ્થાપન કરો.[૭૫] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તેથી મુક્તાનંદ સ્વામી અતિશય પ્રસન્ન થયા ને ભગવાન શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! અત્યારે જ ત્યાં જઈ તમારી કૃપાથી ધર્મનું સ્થાપન કરીશ.[૭૬] આમ કહી વડોદરાના નાથભક્ત આદિકની સાથે વડોદરા જવા નીકળ્યા. બીજે દિવસે વડોદરા આવી ત્યાં સુખપૂર્વક નિવાસ કર્યો.[૭૭] હે નૃપશ્રેષ્ઠ ! પછી વડતાલમાં ભગવાન શ્રીહરિ પોતાને દર્શને આવેલા સર્વે ભક્તજનોને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા આપી, સ્વયં પડવાને દિવસે પોતાના અનુયાયી સંતો-પાર્ષદોની સાથે વડતાલથી ગઢપુર જવા નીકળ્યા.[૭૮]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ વડતાલપુરમાં શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોની સ્થાપના કરી, એ નામે સત્તાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૭--**

---

## अष्टाविंशोऽध्यायः - २८

**सुव्रत उवाच –**

अथ तत्र वसन् पुर्यां नारायणमुनिर्नृप ! । सर्वत्र कृष्णसेवायाः प्रवृत्तिं कर्तुमैहत ॥ १ ॥
लेख्यार्चाश्चेत्तदा तु स्यात्कृष्णस्य प्रतिमानवम् । ईक्षार्चादिप्रवृत्तिर्वै कारयेय ततोऽत्र ताः ॥ २
इत्थं विचार्य भक्तं स्वं नारायणजिदाह्वयम् । जीर्णदुर्गात्समानाय्य त्वष्टारं तमुवाच सः ॥ ३
मूर्तिचित्रेऽतिदक्षोऽसि मयात्राऽऽकारितोऽस्यतः । कृष्णस्य प्रतिमामुद्रां कुरु त्वं मम चानघ ! ॥ ४
इत्युक्तः स तथेत्याह निपुणो मूर्तिकर्मणि । चकार मुद्राद्वितयं दर्शनीयं मनोहरम् ॥ ५
एका मुद्रा कृता तेन वृन्दावनविहारिणः । कृष्णस्य राधया जुष्टा तेन चोपाश्रितोत्तमा ॥ ६
नारायणमुनेस्तस्य भक्तिधर्मान्विताऽपरा । मुद्रां तेन कृता ते द्वे दृष्ट्वा तुष्टोऽभवद्धरिः ॥ ७
नरनारायणस्याथ मुद्रां हरिरचीकरत् । मासद्वयेन तेनैतत्कृतं मुद्रात्रयं नृप ! ॥ ८

---

## અધ્યાય – ૨૮

## ભગવાન શ્રીહરિએ નારાયણજી સુથાર પાસે પૂજાની પ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! દુર્ગપુરમાં નિવાસ કરી રહેલા ભગવાન શ્રીનારાયણમુનિએ દરેક વ્યક્તિએ સર્વત્ર શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા-પ્રવૃત્તિ થાય તેવી મનમાં ઇચ્છા કરી.[૧] જો શ્રીકૃષ્ણ ભગવાનની ચિત્રપ્રતિમા હોય તો જ દરેક ભક્તો તેની દર્શન પૂજનાદિકની પ્રવૃત્તિ કરી શકે. તેથી પ્રથમ હું ચિત્રપ્રતિમાઓ તૈયાર કરાવું.[૨] હે રાજન્ ! આ પ્રમાણે મનમાં વિચારીને ભક્ત નારણજી સુથારને જુનાગઢથી દૂત મોકલીને બોલાવ્યા ને તેમને કહ્યું કે, હે નિષ્પાપ ભક્ત ! તમે ભગવાનની ચિત્રપ્રતિમાઓ આલેખવામાં બહુ જ ચતુર છો. અને તેથી જ તમને અહીં ગઢપુર બોલાવેલા છે. તમે રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની અને મારી પ્રતિમાની છાપ તૈયાર કરો.[૩-૪] આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી ચિત્ર તૈયાર કરવામાં નિપુણ તે નારાયણજી સુથારે ભલે ! એ પ્રમાણે કહીને અતિશયે દર્શનીય અને મનોહર એવી બે છાપમુદ્રાઓ તૈયાર કરાવી. તે બે મુદ્રાઓમાં એક ભગવાન શ્રીનારાયણમુનિની સાથે રાસેશ્વરી રાધાએ સેવાયેલા વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ ભગવાનની ઉત્તમ પ્રતિમા તૈયાર કરી અને બીજી ધર્મભક્તિએ સહિત શ્રીનારાયણમુનિની છાપ કરી. પછી બન્ને પ્રતિમાની મુદ્રાઓ શ્રીહરિને દેખાડી, તેને જોઇ ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા.[૬-૭] ત્યારપછી શ્રીહરિએ

तस्मै ददौ ततः स्वामी विपुलं द्रविणं तथा । वासांसि बहुमूल्यानि हैमे च वलये नृप ! ॥ ९
आधारानन्दमुनिना ततस्ताभिरचित्रयत् । मुद्राभिः काकुदेष्वेव प्रतिमाः स सहस्रशः ॥ १०
रामप्रतापेच्छारामौ हरेरथ सहोदरौ । यावज्जीवं स्थातुकामावास्तां तस्यैव सन्निधौ ॥ ११
नन्दरामं च गोपालं ज्येष्ठावेतौ सुतौ ततः । हर्याज्ञया पुरं गन्तुं स्वीयमादिशतः स्म तौ ॥ १२
तदा तावूचतुः स्वीयौ पितरौ प्रति भूपते ! । गमिष्यामो वयं कृत्वा वसन्तोत्सवदर्शनम् ॥ १३
प्राप्ताथ माघमासस्य धवला पञ्चमी तदा । हरिश्चकार कृष्णस्य वसन्तोत्सवदर्सनम् ॥ १४
तत्र देशान्तरेभ्योऽस्य शिष्या वासन्तिकोत्सवे । त्यागिनो गृहिणश्चापि समाजग्मुश्च योषितः ॥ १५
उपचारैर्बहुविधैः कैसरेरंशुकैर्हरिः । श्रीराधासहितं कृष्णं समानर्च यथाविधि ॥ १६
महानिवेदनं कृत्वा महानीराजनं ततः । नानारङ्गैर्गुलालैश्च चिक्रीड स्वाश्रितैः सह ॥ १७
तर्पयित्वा ततः सर्वान्मुनीन्विप्रांश्च भूरिशः । प्रचुराज्यसितैर्भोज्यैर्बुभुजेऽथ स्वयं हरिः ॥ १८

---

શ્રીનરનારાયણ ભગવાનની છાપમુદ્રા તૈયાર કરાવી. આ પ્રમાણે નારાયણજી સુથારે આ ત્રણે પ્રતિમાઓની મુદ્રાઓ બે મહિનામાં તૈયાર કરી આપી.[૮]

હે રાજન્ ! તેથી ભગવાન શ્રીહરિ તે નારાયણજી સુથારને પુષ્કળ ધન તથા બહુ મૂલ્યવાળાં અનેક વસ્ત્રો તેમજ સુવર્ણનાં કડાં પણ અર્પણ કર્યાં.[૯] પછી શ્રીહરિએ આધારાનંદ સ્વામી પાસે તે ત્રણે પ્રતિમાઓની છાપો દ્વારા અનેક પત્રોના ખંડોમાં હજારો પ્રતિમાઓ તૈયાર કરાવીને દરેક ભક્તને પૂજવા માટે આપી.[૧૦] પછી શ્રીહરિના બન્ને ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજીએ આજીવન ભગવાન શ્રીહરિની સમીપે જ રહેવાની ઈચ્છા કરી અને શ્રીહરિની અનુમતિ મેળવીને બન્ને ભાઈઓએ પોતાના બન્નેના મોટા પુત્રો નંદરામજી તથા ગોપાળજીને પોતાની અયોધ્યાનગરી પ્રત્યે પાછા જવાની આજ્ઞા કરી.[૧૧-૧૨] હે રાજન્ ! તે સમયે તે બન્ને જણ પોતાના પિતાઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, અમે વસંતોત્સવનાં દર્શન કરીને પછી અયોધ્યા પાછા ફરીશું.[૧૩] ત્યારપછી ૧૮૮૧ ના મહાસુદ પાંચમને દિવસે શ્રીહરિએ વસંતઋતુના પ્રારંભમાં કરવા યોગ્ય શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા વિધિપૂર્વક કરી.[૧૪] તે વસંતોત્સવની પૂજામાં ત્યાગી સંતો તથા ગૃહસ્થ સર્વે નરનારીઓ દેશદેશાંતરથી આવ્યા અને શ્રીહરિએ અનેક પ્રકારને ચંદન, પુષ્પ, ચોખા, આંબાના ફૂલ, અબીલ, ગુલાલ તથા કેસરી રંગના સુંદર વસ્ત્રોથી શ્રીરાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું વિધિપૂર્વક પૂજન કર્યું.[૧૫-૧૬] પછી મહાનૈવેદ્ય અર્પણ કરી આરતી ઉતારીને પોતાના ભક્તજનો સાથે અનેક પ્રકારના રંગ તથા ગુલાલ ઉડાવી રંગક્રીડા કરી.[૧૭] સર્વે

अथापराह्णे तत्राभूत्सभा विततमण्डपे । उपाविशन्मुनीन्द्रोऽसौ तत्र स्वामी महासने ॥ १९
निषेदुस्तस्य पुरतस्त्यागिनो निर्मलान्तराः । वैदिकाः शास्त्रिणो विप्राः पुराणज्ञाश्च भूरिशः ॥ २०
बृहद्व्राता वर्णिनश्च गृहिणश्च सहस्रशः । यथोचितं निषेदुस्ते वीक्षमाणास्तदाननम् ॥ २१
अयोध्यावासिनस्तस्य भ्रातृभ्रातृसुतादयः । सम्बन्धिनो निषेदुश्च तदासनसमीपतः ॥ २२
तारागणैः परिवृतश्चन्द्रमा इव स स्वकैः । बभौ शिष्यैरभिवृतस्तत्र सत्सदसीश्वरः ॥ २३
अथावलोकयन् दृष्ट्या स कारुण्यसुधार्द्रया । भक्तानानन्दयन्नूचे सर्वशास्त्ररहस्यवित् ॥ २४

**श्री नारायणमुनिरुवाच –**

औद्धवे सम्प्रदाये ये वैष्णवाः पुरुषा भुवि । भवेयुस्तैस्तु भो भक्ताः ! कार्यं तीर्थनिषेवणम् ॥ २५
प्रायशो भगवद्भक्तास्तीर्थेष्वेव मिलन्ति हि । रामकृष्णादिमूर्तीनां दर्शनं चैषु जायते ॥ २६

---

સંતો, વિપ્રો અને પાર્ષદોને પણ ખૂબજ ઘી-સાકરે યુક્ત અનેક પ્રકારનાં ભોજનો જમાડી તૃપ્ત કર્યા. અને સ્વયં શ્રીહરિએ પણ પોતાના ભાઈને ઘેર ભોજન ગ્રહણ કર્યું.[૧૮]

બપોર પછીના સમયે શ્રીવાસુદેવનારાયણના મંદિરની સમીપે વસંતોત્સવ રમવા તૈયાર કરેલા વિશાળ મંડપમાં સભાની રચના કરી, તે સભાની મધ્યે મહા સિંહાસન ઉપર મુનિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન વિરાજમાન થયા.[૧૯] નિર્મળ અંતઃકરણવાળા ત્યાગી સંતો પણ તેમની આગળ બેઠા અને વૈદિકો, શાસ્ત્રીઓ, પુરાણીઓ આદિ અનેક ભૂદેવો પણ તે સભામાં બેઠા.[૨૦] નૈષ્ઠિક વ્રતનું ગ્રહણ કરનારા બ્રહ્મચારીઓ તેમજ હજારો ગૃહસ્થભક્તજનો પણ તે સભામાં બેઠા. તે સર્વે સભાસદો ભગવાન શ્રીહરિના મુખકમળ ઉપર જ પોતાની દૃષ્ટિ સ્થિર રાખી યથાયોગ્ય સ્થાને બેઠા હતા.[૨૧] શ્રીહરિના અયોધ્યાવાસી ભાઈઓ અને તેમના પુત્રો વગેરે, તથા સંબંધીજનો શ્રીહરિના સિંહાસનની સમીપે બેઠા.[૨૨] આ રીતે તે સભાને મધ્યે તારામંડળની મધ્યે શોભતા ચંદ્રમાની જેમ સંતોની મધ્યે શ્રીહરિ શોભતા હતા.[૨૩]

**શ્રીહરિએ કહેલું તીર્થયાત્રાનું માહાત્મ્ય :–** હે રાજન્ ! તે સમયે સર્વે શાસ્ત્રોના રહસ્યને જાણતા શ્રીહરિ કરૂણામૃત દૃષ્ટિથી સભાસદોને જોતા આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! આપણા આ ઉદ્ધવ સંપ્રદાયને વિષે રહેલા સર્વે વૈષ્ણવ ભક્તજનોએ આ પૃથ્વી પર તીર્થયાત્રા અવશ્ય કરવી.[૨૪-૨૫] કારણ કે, ભગવાનના એકાંતિક ભક્ત સંતપુરુષોનું મિલન ઘણે ભાગે તીર્થયાત્રામાં જ થાય છે. તેમજ તે તીર્થોમાં શ્રીરામકૃષ્ણાદિક ભગવાનના અર્ચા સ્વરૂપોનાં પણ

मार्कण्डेयेन धौम्येन लोमशप्रमुखैस्तथा । सेव्यन्ते ब्रह्मऋषिभिस्तीर्थानि परमादरात् ॥ २७
राजर्षिभिर्धर्मनिष्ठैर्युधिष्ठिरमुखैरपि । सेवितान्यत्र भूयांसि तीर्थानि प्रीतये हरेः ॥ २८
अतोऽत्र भगवद्भक्तोर्मच्छिष्यैः पुरुषैः सदा । भक्त्या तीर्थानि सेव्यानि गङ्गादीनि स्वशक्तितः ॥ २९
स्नानं दानं हरेः पूजां विप्रवैष्णवतर्पणम् । तीर्थेषु शक्तया कुर्युर्ये मुच्येरंस्तेऽखिलैनसः ॥ ३०
तीर्थानामपि सर्वेषां देशेऽस्मिंस्तीर्थमुत्तमम् । श्री द्वारिकापुरीसंज्ञं वर्तते वाञ्छितार्थदम् ॥ ३१
अत्र श्री रुक्मिणीकान्तो नित्यमेव हि वर्तते । त्वष्ट्रा विरचिते रम्ये कनकोत्तममन्दिरे ॥ ३२
हत्वा यदुकुलं यर्हि प्रभासेऽन्तर्दधेऽच्युतः । तदा कृष्णालयं त्यक्त्वा समुद्रोऽप्लावयत्पुरीम् ॥ ३३
संहृत्य स्वकुलं तत्र जनादृश्यः स ईश्वरः । तन्निजं मन्दिरं सद्यः प्राप्त आस्ते हिताय नः ॥ ३४
अतो मुक्तिपुरीमेतां पुरीं द्वारावतीं विदुः । नैतादृशं परं तीर्थे श्रेयस्कृद्धि कलौ युगे ॥ ३५
तद्यात्रातः प्रकर्तव्या गृहिभिस्त्यागिभिस्तथा । तत्रत्यश्च विधिः कार्यः स्वाधिकारानुसारतः ॥ ३६

---

દર્શન થાય છે.[૨૬] તે તીર્થોનું સેવન માર્કંડેય, ધૌમ્ય તથા લોમસ આદિ અનેક બ્રહ્મર્ષિઓ પરમ આદરથી કરે છે.[૨૭] તેમજ ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર આદિક રાજર્ષિઓએ પણ ભગવાનને પ્રસન્ન કરવા આ ભૂમિ પર ઘણા તીર્થોનું સેવન કરેલું છે.[૨૮] તેથી હે ભક્તજનો ! મારા શિષ્યો એવા તમારે પણ આ પૃથ્વી પર રહેલાં ગંગા આદિક તીર્થોનું ભક્તિભાવપૂર્વક સદાય પોતાની શક્તિને અનુસાર સેવન કરવું.[૨૯] જે મનુષ્યો તીર્થમાં સ્નાન, દાન અને ભગવાનની પૂજા તથા વૈષ્ણવ વિપ્રો અને સત્પુરુષોને અનેક પ્રકારનાં ભોજન જમાડી તૃપ્ત કરે છે, તે મનુષ્યો સર્વપ્રકારના પાપ થકી તત્કાળ મુક્ત થાય છે.[૩૦] આ દેશમાં અન્ય સર્વે તીર્થોની મધ્યે ઉત્તમ અને ઈચ્છિત ફળને આપનારૂં દ્વારિકા નામનું તીર્થ આવેલું છે.[૩૧] આ તીર્થમાં સ્વયં વિશ્વકર્માએ રચેલા અતિશય સુંદર સુવર્ણમય મંદિરમાં શ્રીરૂક્મિણીના પતિ શ્રીકૃષ્ણ ભગવાન નિત્ય બિરાજે છે.[૩૨] અચ્યુત ભગવાન જ્યારે એકસો ને એક યાદવોના કુળનો સંહાર કરાવી પ્રભાસતીર્થમાં અંતર્ધાન થઈ ગયા ત્યારે સમુદ્રે વિશ્વકર્માએ રચેલા તે શ્રીકૃષ્ણ ભગવાનના મંદિર સિવાય આખી દ્વારિકાપુરીને ડૂબાડી દીધી છે.[૩૩] સકલ ઐશ્વર્ય સંપન્ન શ્રીકૃષ્ણ ભગવાન પ્રભાસતીર્થમાં પોતાના યદુકુળનો સંહાર કરાવી લોકો જોઈ ન શકે તે રીતે અદશ્યપણે આપણા સૌ જનોના હિતને માટે તત્કાળ સમુદ્રે નહીં ડુબાડેલા પોતાના એ મંદિરમાં આવી સદાય રહેવા લાગ્યા.[૩૪] માટે આ દ્વારિકાપુરીને મુક્તિપુરી પણ કહેલી છે. એમ તમે જાણો. કલિયુગમાં આના જેવું કલ્યાણકારી બીજું કોઈ

गृहस्थानां विशेषेण पुण्यक्षेत्रेषु सद्व्यः । कर्तव्यो विहितो भक्ताः ! सतां शुश्रूषणं तथा ॥ ३७
इत्युक्त्वा सकलान्भक्तान्सद्गुरुः स ततो निजान् । सम्बन्धिनश्चालुलोके कोसलान् गन्तुमुद्यतान् ॥ ३८
ज्येष्ठौ द्वौ भ्रातृपुत्रौ च मातुलेयमुवाच सः । कृत्वैव द्वारिकायात्रां यूयं यात स्वकं पुरम् ॥ ३९
अवश्यमेव कर्तव्या यात्रैषा तूद्धवाश्रितैः । कर्तव्यं दर्शनं तत्र श्रीमतो द्वारिकापतेः ॥ ४०
स्नातव्यं गोमतीतोये दानं देयं स्वशक्तितः । कृष्णायुधैः कारणीयं निजबाहुद्वयाङ्कनम् ॥ ४१
तत्रत्या ब्राह्मणाः सन्तो भोजनीयाश्च शक्तितः । आज्ञावाक्यामिति श्रुत्वा हरेस्तेऽथ तमब्रुवन् ॥ ४२
गमिष्यामो वयं सत्यं स्वामिन् ! द्वारावतीं पुरीम् । तैर्थिकं च विधिं तत्र करिष्यामः स्वशक्तितः ॥ ४३
किन्तु विद्मो वयं नैव दूरदेशागता हरे ! । तद्वर्त्म च निवासार्हान् पथि ग्रामान् पुराणि वा ॥ ४४

---

**તીર્થ નથી.[૩૫] માટે હે ભક્તજનો ! ગૃહસ્થ તથા ત્યાગીએ પણ આ દ્વારિકાની યાત્રા અવશ્ય કરવી. તેમજ પોતાના અધિકાર પ્રમાણે તે તીર્થનો સમગ્ર વિધિ પણ કરવો.[૩૬] કારણ કે, હે ભક્તજનો ! આવા પુણ્યક્ષેત્રોમાં ગૃહસ્થજનોએ ન્યાયનીતિથી કમાયેલા ધનનો વિશેષપણે વ્યય કરવાનું કહેલું છે. તેમજ ત્યાગી સંતોને પણ આવાં તીર્થનું વિશેષપણે સેવન કરવાનું કહેલું છે.[૩૭]**

**અયોધ્યાવાસીઓને દ્વારિકાની યાત્રા કરવાની શ્રીહરિની પ્રેરણા :–** **આ પ્રમાણે સર્વે ભક્તજનોને તીર્થનો મહિમા કહીને સદ્‌ગુરુના સ્વરૂપમાં વિરાજતા ભગવાન શ્રીહરિએ કોશલદેશ જવા તત્પર થયેલા પોતાના સંબંધીની સામે જોવા લાગ્યા.[૩૮] મોટાભાઈના પુત્ર નંદરામજી તથા નાનાભાઈના પુત્ર ગોપાળજીને તેમજ મામાના પુત્ર મનછારામને શ્રીહરિ કહેવા લાગ્યા કે, તમો ત્રણે જણ દ્વારિકાની યાત્રા કરીને પછી પોતાના નગર અયોધ્યો જાઓ.[૩૯] ઉદ્ધવ સંપ્રદાયના દરેક આશ્રિતોએ દ્વારિકાની યાત્રા અવશ્ય કરવી જોઈએ. ત્યાં રૂક્મિણીએ સહિત દ્વારિકાનાથનાં દર્શન કરવાં, ગોમતીમાં સ્નાન કરવું. પોતાની શક્તિ પ્રમાણે દાન અને શ્રીકૃષ્ણ ભગવાનના આયુધ સુદર્શનાદિકની તપ્તમુદ્રાઓનો બન્ને બાહુમાં સ્વીકાર અવશ્ય કરવો જોઈએ.[૪૦-૪૧] તે તીર્થમાં રહેલા વિપ્રો તથા સંતોને શક્તિ પ્રમાણે જમાડવા. હે રાજન ! આ પ્રમાણેનું ભગવાન શ્રીહરિનું વચન સાંભળી નંદરામ, ગોપાળજી અને મનછારામ તેમને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! અમે દ્વારિકાપુર નક્કી જશું, અને ત્યાંનો તીર્થવિધિ પણ અમારી શક્તિ પ્રમાણે આચરશું.[૪૨-૪૩] હે શ્રીહરિ ! પરંતુ અમે દૂર દેશમાંથી આવીએ છીએ એથી દ્વારિકા જવાના માર્ગથી અજાણ્યા છીએ, તેમજ માર્ગમાં નિવાસ કરવા યોગ્ય ગામ કે**

यदि तद्विद्भवेत्तर्हि साकं तेन तवाज्ञया । यात्रां वयं कुशस्थल्याः कर्तुमद्य व्रजेम वै ॥ ४५
इति तद्वाक्यमाकर्ण्य स स्वामी सर्ववित्तदा । सदःस्थितेषु भक्तेषु तादृशं मुनिमैक्षत ॥ ४६
सच्चिदानन्दनामानमथ तं वीक्ष्य सोऽब्रवीत् । समाधिनिष्ठं निर्भीकमार्षभं भरतं यथा ॥ ४७
साधो ! त्वं कृष्णभक्तोऽसि पूज्योऽसीह सतामपि । एतन्मार्गाद्यभिज्ञोऽसि तदेतान् द्वारिकां नय ॥ ४८
अन्येऽपि सन्ति सन्तोऽत्र नैके यात्रां चिकीर्षवः । शीतकाले व्यतीते ते तत्रायास्यन्ति निश्चितम् ॥ ४९
अयोध्यावासिभिः साकं गन्तुमद्य त्वमर्हसि । वत्सरेऽस्मिन् यत इमे प्रेष्याः सन्ति निजान् गृहान् । ५०
कृत्वा श्रीद्वारिकायात्रां कारयित्वा च सत्वरम् । इहायाहि महाबुद्धे ! त्वमेतान् सुखयन् पथि ॥ ५१
यदेच्छा वासुदेवस्य भविष्यति तदा मुने ! । अहमप्यागमिष्यामि साकमेतैर्हि साधुभिः ॥ ५२
इत्युक्तः स महायोगी हरिणा तन्निदेशकृत् । बद्धाञ्जलिपुटो नत्वा विनयेन तमूचिवान् ॥ ५३

---

**નગરથી પણ અજાણ્યા છીએ.[૪૪] તો જો કોઈ માર્ગનો ભોમીયો અમારી સાથે હોય તો તેમની સાથે અમે આજે જ તમારી આજ્ઞાને અનુસરીએ અને દ્વારાકાની યાત્રાએ જઈએ.[૪૫] હે રાજન્ ! આ પ્રમાણે નંદરામાદિકનાં વચન સાંભળી સર્વના સ્વામી શ્રીહરિએ એ સમયે ભવિષ્યમાં ઘટનારી ઘટનાને ધ્યાનમાં રાખી સભામાં બેઠેલા સંતો-ભક્તોની મધ્યે દ્વારિકાના માર્ગના જાણકાર સંતની સામે દૃષ્ટિ કરી.[૪૬]**

**ભોમીયા તરીકે જવા સચ્ચિદાનંદ સ્વામીને પ્રેરણા :– હે રાજન્ ! તે સમયે શ્રીહરિએ સમાધિનિષ્ઠ, નિર્ભય તેમજ ઋષભદેવના પુત્ર જડભરતના જેવી સ્થિતિવાળા સચ્ચિદાનંદ સ્વામીને જોયા ને કહ્યું કે, હે સંતવર્ય ! તમે શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક સંત છો. એથી આપણા સર્વે સંતોમાં તમે પૂજ્ય છો. તેમજ દ્વારિકાપુરીના માર્ગના તમે જાણકાર પણ છો. એથી નંદરામાદિકને દ્વારિકાની યાત્રા કરાવો.[૪૭-૪૮] અહીં દ્વારિકાની યાત્રા કરવા જવાની ઈચ્છાવાળા અન્ય ઘણા બધા સંતો રહેલા છે. તે સંતો શિયાળો પૂરો થશે ત્યારે નક્કી દ્વારિકાની યાત્રાએ આવશે.[૪૯] પરંતુ તમે તો અત્યારે જ આ અયોધ્યાવાસીઓની સાથે દ્વારિકા સિધાવો. કારણ કે આ વર્ષે જ તેઓને પોતાના અયોધ્યાપુર પાછા મોકલવાના છે.[૫૦] હે મહાબુદ્ધિશાળી સ્વામી ! તમે આ નંદરામાદિકને માર્ગમાં જેમ સુખ થાય તેમ કરજો, ને તેમને દ્વારિકાની યાત્રા કરાવજો. તેમજ તમે પણ દ્વારિકાની યાત્રા કરજો. યાત્રા કરી તત્કાળ મારી પાસે પાછા આવો.[૫૧] હે મુનિ ! જ્યારે શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છા થાશે ત્યારે હું પણ આ સંતોને સાથે લઈ યાત્રા કરવા આવીશ.[૫૨]**

**હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા કરી, એટલે તેમની આજ્ઞાનું**

आज्ञां ते पालयिष्यामि यथोक्तां प्रीतये तव । पाथेयादि गृहीत्वैव यान्तु सज्जा भवन्त्विमे ॥ ५४
इत्युक्तस्तेन स स्वामी मयरामाभिधं द्विजम् । यात्रामुहूर्तमेतेषां पश्येत्याहाग्रतः स्थितम् ॥ ५५
ततः स ब्राह्मणो वृद्धो दीर्घं पञ्चाङ्गपत्रकम् । सद्यो निष्कासयामास शिरःस्थस्थूलवेष्टनात् ॥ ५६
यात्रार्हं तत्र लग्नं स दृष्ट्वा चंद्रबलं तथा । मुहूर्तोऽस्ति शुभः स्वामिन्नवम्यामित्युवाच तम् ॥ ५७
ततः श्री हरिणादिष्टाः स्वस्वस्थानं ययुर्जनाः । शिरसादाय तद्वाक्यं स्वयं स्वावासमागमत् ॥ ५८
ततो भगवताज्ञप्तास्ते शुक्लनवमीदिने । सज्जा बभूवुस्तं नत्वा स्मरन्तो द्वारिकापतिम् ॥ ५९

दत्त्वा स तेभ्योऽपि धनं च वाहाननांसि पञ्चांश्च सहेतिपाणीन् ।
प्रस्थापयामास शुभे मुहूर्ते तान् द्वारिकां भूमिपते ! मुनीशः ॥ ६० ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये चित्रप्रतिमाविधापनेन्दरामादिद्वारिकाप्रेषणनिरूपणनामा अष्टाविंशोऽध्यायः ॥ २८ ॥*

---

**હરહમેશ પાલન કરતા મહાયોગી સચ્ચિદાનંદ સ્વામી બે હાથ જોડીને નમસ્કાર કરી વિનયપૂર્વક કહેવા લાગ્યા, હે પ્રભુ ! તમે જે પ્રમાણે મને આદેશ કર્યો છે, તે આદેશનું પાલન કરી એક તમારી પ્રસન્નતાર્થે જ હું એકલો હોવા છતાં પણ યાત્રા કરવા જઈશ. આ નંદરામાદિ સર્વે માર્ગમાં ઉપયોગી ભાતું કરાવી જવા માટે તૈયાર થાય.[૫૩-૫૪] હે રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામીએ આ પ્રમાણે કહ્યું, તેથી શ્રીહરિએ પોતાની સમીપે બેઠેલા મયારામ વિપ્રને કહ્યું, આ લોકોને યાત્રાએ જવાનું મુહૂર્ત જોઈ આપો.[૫૫] ત્યારે વૃદ્ધ મયારામ વિપ્ર તત્કાળ પોતાની પાઘડીમાંથી લાંબુ પંચાગ બહાર કાઢ્યું. તેમાં યાત્રાને યોગ્ય લગ્ન શુદ્ધિ અને લગ્નનું બળ જોઈને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! સંવત ૧૮૮૧ ના મહાસુદી નવમીની તિથિએ શુભ મુહૂર્ત છે.[૫૬-૫૭] પછી શ્રીહરિ સભામાં બેઠેલા સર્વે જનોને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા કરી, અને દ્વારિકાની યાત્રા કરવાનું શ્રીહરિનું વચન માથે ચડાવી સૌ પોતાના સ્થાને ગયા. સ્વયં શ્રીહરિ પણ પોતાના સ્થાને આવ્યા.[૫૮]**

**હે રાજન્ ત્યારપછી શ્રીહરિની આજ્ઞા થતાં નંદરામાદિ સર્વે શ્રીહરિને નમસ્કાર કરી દ્વારિકાપતિ શ્રીકૃષ્ણ ભગવાનનું હૃદયમાં સ્મરણ કરતા કરતા મહાસુદ નવમી તિથિને દિવસે દ્વારિકા જવા તૈયાર થયા.[૫૯] તેને શ્રીહરિએ ધન, વાહન, તેમજ ભાર ઉપાડવા ગાડાં અને રક્ષણ માટે સશસ્ત્ર પાર્ષદોની વ્યવસ્થા કરી આપીને નંદરામાદિકને શુભ મુહૂર્તમાં દ્વારિકા જવા વળાવ્યા.[૬૦]**

## एकोन्त्रिंशोऽध्यायः - २९

सुव्रत उवाच –

मार्गे व्रजन्तस्त्वरितं ते कृष्णेक्षासमुत्सुकाः । माघकृष्णप्रतिपदि गोमतीं प्रतिपेदिरे ॥ १
गुग्गुल्याख्यास्तु तत्रत्या धनमात्रप्रिया द्विजाः । स्नानं तत्र ददुर्नैतान् वित्तग्रहणमन्तरा ॥ २
तदा तु गृहिणो दत्त्वा द्रव्यं तेभ्यस्तदीप्सितम् । नन्दरामदयश्चक्रुर्गोमत्यां स्नानमादरात् ॥ ३
निष्किञ्चिनस्य तीर्थे स्यात्प्रतिबन्धो न कुत्रचित् । इति ते सच्चिदानन्दमपृष्ट्वा स्नानमाचरन् ॥ ४
स गोमतीं प्राप्य मुनिव्ररजति स्म शनैः शनैः । कृष्णक्रीडास्थानवीक्षास्मृततन्मूर्तिलीनहृत् ॥ ५

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં પૂજાની ચિત્ર પ્રતિમાઓ તૈયાર કરાવી નંદરામાદિકને દ્વારિકાની યાત્રાએ મોકલ્યાનું નિરૂપણ કર્યું એ નામે અઠ્ઠાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૮--**

---

## અધ્યાય - ૨૯

## સચ્ચિદાનંદ સ્વામીની સાથે અયોધ્યાવાસીઓનું ગોમતી તીર્થે આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીદ્વારિકાધીશ ભગવાનનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠાવાળા એથી માર્ગમાં ઉતાવળી ગતિએ ચાલેલા તે નંદરામાદિ યાત્રીકો મહાવદ પડવાને દિવસે ગોમતીતીર્થમાં પહોંચ્યા.[૧] ત્યાંના નિવાસી અને ધનલોલુપ ગૂગળી નામના બ્રાહ્મણોએ ધન લીધા વિના ગોમતીમાં સ્નાન કરવા દીધું નહિ.[૨] સ્નાન કરવા જતા હતા ત્યારે રોક્યા, ત્યારે ગૃહસ્થાશ્રમી નંદરામાદિકે ગૂગળી બ્રાહ્મણોને માગ્યા પ્રમાણેનું ધન આપી આદરપૂર્વક ગોમતીમાં સ્નાન કરી લીધું.[૩] દ્રવ્યનો સંગ્રહ નહીં કરતા નિષ્કિંચન સાધુઓને તીર્થમાં સ્નાનાદિકનો કોઈ પ્રતિબંધ હોતો નથી. એમ વિચારીને સચ્ચિદાનંદ સ્વામીને પૂછ્યા વિના જ સ્નાન કરી લીધું.[૪] સચ્ચિદાનંદ સ્વામી ગોમતીતીર્થમાં આવ્યા ને શ્રીકૃષ્ણ ભગવાનની ક્રીડાનું સ્થાન ગોમતીનાં દર્શન કરતાંની સાથે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું સ્મરણ થયું. કે તરત જ મૂર્તિમાં મન લીન થઈ ગયું, તેથી તે ધીરે ધીરે ચાલતા ગોમતીમાં સ્નાન કરવા જતા હતા.[૫] હે રાજન્ ! ત્યાગીઓમાં શિરોમણિ, અપરિગ્રહી, આત્મનિષ્ઠ એવા સ્વામી ઝુલતા ગજેન્દ્રની જેમ દેહનું

तं त्यागिराजमपरिग्रहमात्मनिष्ठं यान्तं गजेन्द्रमिव विस्मृतदेहभावम् ।
निष्किञ्चनं मुनिमपि क्षितिदत्तपिण्डं ध्वाङ्क्षा इव क्षितिपतेऽर्थिजनाः प्रवव्रुः ॥ ६
संकृष्यमाणवसनोऽपि यदा स किञ्चिन्न क्षोभमाप शिशुकैस्तरुणैश्च वृद्धैः ।
तं तर्हि केचिदविदन् कपटोपधर्ममुन्मत्तमेव कतिचित्कतिचिच्च मत्तम् ॥ ७
हित्वा तं ते ततस्तूर्णं स्नातोऽयोध्यानिवासिनः । तान् दृष्ट्वाऽभ्यापतन् दूरात्तैर्थिका दक्षिणार्थिनः ॥ ८
अशक्तः सोऽथ चलितुं निषसाद तदाध्वनि । अवस्थात्रयमुल्लङ्घ्य समाधिं ब्रह्मणि ह्यगात् ॥ ९
स्नात्वा ते कोसला दत्त्वा विप्रेभ्यो दक्षिणादि च । साधोस्तस्यान्तिकं तूर्णमागत्य ददृशुश्च तम् ॥ १०
समाधिस्थं तमालक्ष्य तत्स्वरूपविदो हि ते । क्षणं विचिन्त्य तं मार्गादुत्तोल्यान्यत्र सन्न्यधुः ॥ ११
गोपालो नन्दरामाख्यं भ्रातरं तमथाब्रवीत् । अतः परं किं विधेयमस्माभिस्तीर्थचारिभिः ॥ १२

ભાન ભૂલીને ગોમતીના કિનારા ઉપર ફરી રહ્યા હતા. તે સમયે અકિંચન એવા સચ્ચિદાનંદ સ્વામીને જોઇ, શ્રાદ્ધમાં પૃથ્વી પર મૂકેલા પીંડને જોઇ જેમ કાગડાઓ દોટ મૂકે તેમ ત્યાંના ગૂગળી બ્રાહ્મણોએ સ્વામી તરફ દોટ મૂકી ને સ્વામીને ઘેરી વળ્યા.[૬] તેમાં બાળકો, યુવાનો અને વૃદ્ધો ચારે તરફથી સ્વામીના વસ્ત્રને ખેંચવા લાગ્યા. છતાં સ્વામી મૂર્તિમાં મગ્ન હોઇ લેશમાત્ર પણ હરકતને પામ્યા નહિ. ત્યારે કેટલાક ભિક્ષુકોએ તેને કપટી જાણ્યા, કેટલાકે ઉન્મત્ત જાણ્યા ને કેટલાકે ગાંજો ઘણો થઇ જવાથી વિક્ષિપ્ત મનવાળા જાણ્યા.[૭] તેથી સૌ મુનિને મૂકીને ધન મેળવવાની ઇચ્છાથી તે તીર્થમાં રહેનારા ભિક્ષુકો સ્નાન કરી રહેલા અયોધ્યાવાસીઓને દૂરથી જોઇ ત્યાં તત્કાળ દોડીને આવ્યા ને ભિક્ષા માંગવા લાગ્યા.[૮]

**સચ્ચિદાનંદ સ્વામીને સમાધી :–** હે રાજન્ ! તે સમયે સચ્ચિદાનંદ સ્વામી મૂર્તિમાં અતિશય મગ્ન થવાથી ચાલવા સમર્થ થયા નહિ. ત્યારે ગોમતીના માર્ગમાં જ બેસી રહ્યા ને ત્રણ અવસ્થાથી પર થઇ પરબ્રહ્મના સ્વરૂપમાં સમાધિની સ્થિતિ પામ્યા.[૯] કૌશલદેશવાસી નંદરામાદિકે સ્નાન કરીને ગૂગળી બ્રાહ્મણોને તથા ભિક્ષુકોને દક્ષિણા આપીને સમાધિની સ્થિતિ પામેલા સચ્ચિદાનંદ સ્વામી પાસે તત્કાળ આવ્યા ને સ્વામીને જોયા તો તે સમાધિમાં ઉતરી ગયા હતા. તેમની સમાધિની સ્થિતિને જાણતા તે અયોધ્યાવાસીઓએ ક્ષણવારનો વિચાર કરી મુનિને મસ્તક, હાથ, પગ આદિથી ઉપાડીને ગોમતીના રાજમાર્ગથી દૂર બીજા સ્થળે લઇ જઇને બેસાડ્યા.[૧૦-૧૧] ત્યારે ગોપાળજી નંદરામભાઇને કહેવા લાગ્યા કે, હે ભાઇ ! આપણે તીર્થવાસીઓ હવે શું કરશું ?[૧૨] ત્યારે વળી મંછારામ પણ કહેવા લાગ્યા

तदा तु मानसारामः प्राहैनं साधुमध्वनि । वयं कथं नु नेष्यामो हित्वा गच्छेम वा कथम् ॥ १३
तस्मादिहैव स्थातव्यमस्माभिरिति भाति मे । गोपालस्तं तदा प्राह साधुमेनमवैम्यहम् ॥ १४
महान्समाधिनिष्ठोऽयं स्थितिरस्यास्ति भूयसी । क्वचिद्दिनानां त्रितयं पञ्चकं दशकं च वा ॥ १५
समाधौ तिष्ठति क्वापि दिनानि दश पञ्च च । इत्थं समाधेर्नियमो नास्त्यस्येत्येव वेद्म्यहम् ॥ १६
नन्दरामस्तदोवाच यात्रां कृत्वा वयं द्रुतम् । अष्टभिर्नवभिर्वाऽत्र ह्यायास्यामः पुनर्दिनैः ॥ १७
तीर्थेषु नास्ति साधूनां चिन्ता कुत्रापि भूतले । तीर्थमेव गृहं यस्मात्तेषां प्राहुः पुरातनाः ॥ १८
इति तद्वाक्यमाकर्ण्य तथेत्युक्त्वा च तावुभौ । उषित्वा तद्दिने तत्र परेद्युः प्रययुस्ततः ॥ १९
धनमारावणग्रामे दत्त्वा ते तप्तमुद्रिकाः । गृहीत्वा प्रययुः शीघ्रं शङ्खोद्धारं हरेः प्रियम् ॥ २०
तैर्थिकेभ्यो धनं दत्त्वा तत्र श्रीद्वारिकापतेः । चक्रुस्ते दर्शनं भक्त्या तत्पूजां च स्वशक्तितः ॥ २१
स्ववित्तस्यानुसारेण तैर्थिकं सकलं विधिम् । कुर्वन्तो न्यवसंस्तत्र ते दिनानां तु पञ्चकम् ॥ २२

---

**કે, આ સમાધિની સ્થિતિ પામેલા સંતને આપણે કેમ લઇ જઇશું ? અથવા અહીં એમને છોડીને આપણે કેમ જઇશું ?[૧૩] તેથી આપણે અહીંજ રહીએ એવું મને લાગે છે. તે સાંભળી ગોપાળજી તેમને કહેવા લાગ્યા કે, આ સંતની સ્થિતિ હું જાણું છું.[૧૪] આ સંત મહાસમાધિનિષ્ઠ છે. એમની સમાધિ બહુજ ગાઢ હોય છે. એ ક્યારેક ત્રણ દિવસ, ક્યારેક પાંચ દિવસ, ક્યારેક દશ દિવસ સમાધિમાં રહે છે, અને ક્યારેક તો પંદર દિવસ સુધી સમાધિમાં બેસી રહે છે. એ સંતની સ્થિતિને હું જાણું છું.[૧૫-૧૬]**

**હે રાજન્ ! તે સમયે નંદરામ કહેવા લાગ્યા કે, આપણે યાત્રા કરીને આઠ કે નવ દિવસે તત્કાળ પાછા ફરીશું.[૧૭] પૃથ્વી પર કોઇ પણ તીર્થોમાં સાધુઓને ચિંતા હોતી નથી. તેથી જ પ્રાચીન મહર્ષિઓએ તીર્થોને સાધુનું ઘર કહેલું છે.[૧૮] હે રાજન્ ! આ પ્રમાણેનું નંદરામનું વચન સાંભળી ગોપાળજી અને મંછારામે કહ્યું કે, ભલે, આપણે એ પ્રમાણે કરશું, એમ કહી તે દિવસે ગોમતીજીના કાંઠે જ રાત્રી વાસો કરી બીજે દિવસે ત્રણે જણા ત્યાંથી ચાલતા થયા.[૧૯] તેઓએ આરંભડા ગામે ધન આપીને તપ્તમુદ્રાઓ ગ્રહણ કરી તત્કાળ આગળ ચાલ્યા. તે ખાડી ઉતરીને ભગવાનને પ્રિય એવા શંખોદ્ધાર નામે બેટદ્વારિકા આવ્યા.[૨૦] ત્યાંના તીર્થવાસી બ્રાહ્મણોને ધન આપીને શ્રી દ્વારિકાધીશનાં દર્શન કર્યાં ને ભક્તિભાવની સાથે પોતાની શક્તિ પ્રમાણે તેમની મહાપૂજા પણ કરાવી.[૨૧] ત્યારપછી તે નંદરામાદિક ત્રણે ધનની સગવડના આધારે સમગ્ર તીર્થવિધિને કરતા કરતા બેટ દ્વારિકામાં પાંચ દિવસ સુધી રોકાયા.[૧૭-૨૨]**

ततस्तमेव हृदये चिन्तयन्तो दिवानिशम् । सन्तं तूर्णमुपाजग्मुर्गोमतीं कोसलद्विजाः ॥ २३
अथासौ सच्चिदानन्दो मुनिः कोसलवासिषु । शङ्खोद्धारं गतेष्वेव तद्दिने व्युत्थितोऽभवत् ॥ २४
विदित्वा तान् गतान्सर्वान् गोमतीं स्नातुमभ्यगात् । स्नातुं न दत्तं तत्रत्यैर्द्रव्याभावाद्द्विजादिभिः ॥ २५
अधनं चास्पृशन्तं स्त्रीः स्वामिशिष्यमवेत्य तम् । कोऽप्यन्नमपि न प्रादादीर्ष्यया तैर्थिकः पुमान् ॥ २६
अनादृतशरीरश्च प्रत्यग्वृत्तिरसावपि । आहारार्थं मुनिर्नान्नं तत्रायाचत कञ्चन ॥ २७
ततः स गोमतीतीरे दिनत्रयमुपोषितः । तस्थौ तथापि न स्नातुं दत्तं तैर्निर्दयात्मभिः ॥ २८
ततः स प्रययौ जानन् हरेरिच्छां हि तादृशीम् । जितक्रोधो जिताहारः प्रापदारावणं नृप ! ॥ २९
तत्समुद्रास्तये तत्र समन्तान्निर्धनाञ्जनान् । क्षुधार्तान् रुवतो वीक्ष्य तन्नामान्वर्थमप्यवैत् ॥ ३०

**સ્વામીને બીજે દિવસે જ સમાધી ઉતરી ગઈ :–** ત્યાર પછી કૌશલવાસી ત્રણે વિપ્રો રાત્રીદિવસ સચ્ચિદાનંદ સ્વામીનું સ્મરણ કરતા કરતા તત્કાળ ગોમતીતીરે આવ્યા.[૨૩] હે રાજન્ ! અયોધ્યાવાસીઓ ગોમતી તીરેથી જે દિવસે શંખોદ્વાર ગયા તે જ દિવસે અહીં સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ ઉતરી.[૨૪] અયોધ્યાવાસીઓ તો સર્વે બેટદ્વારિકા ગયા છે એવું જાણીને ગોમતીતીર્થમાં સ્નાન કરવા ગયા. પરંતુ ધનના અભાવે ત્યાંના ગૂગળી બ્રાહ્મણોએ સ્નાન કરવા દીધું નહિ.[૨૫] ધનનો સ્વીકાર કરતો નથી, ને સ્ત્રીનો સ્પર્શ કરતો નથી, એવો આ સાધુ સ્વામિનારાયણનો શિષ્ય છે. આટલું જાણ્યા પછી ઈર્ષ્યાવસાત્ તીર્થમાં રહેનારા કોઈ પણ પુરુષે તેમને ભોજન માટે અન્ન પણ આપ્યું નહિ.[૨૬] શરીરનો અનાદર કરીને વર્તતા તેમજ પાછી વૃત્તિવાળી શ્રીહરિના ધ્યાન પરાયણ રહેતા સચ્ચિદાનંદ સ્વામીએ તે ગોમતીતીરે ભોજન માટે કોઈની પણ પાસે અન્નની માગણી જ કરી નહિ.[૨૭] તેથી ગોમતીતીરે જ તેમને ત્રણ દિવસના ઉપવાસ થયા. છતાં પણ તે તીર્થમાં રહેનારા નિર્દય જનોએ સ્વામીને ગોમતીમાં સ્નાન કરવા પણ આપ્યું નહિ.[૨૮]

**જેવું ગણીયે ગોમતી, તેવુંજ આરંભડું ગામ :–** હે રાજન્ ! ત્યાર પછી ક્રોધ અને આહાર ઉપર જેણે વિજય મેળવ્યો છે એવા સચ્ચિદાનંદ સ્વામી, જેવી હરિની ઈચ્છા, એમ જાણી ત્યાંથી ચાલી નીકળ્યા તે આરંભડા ગામે આવ્યા.[૨૯] ત્યાં ભૂખનું દુઃખ સહન ન થવાથી રુદન કરી રહેલા કેટલાક સ્વભાવે ગરીબ, કેટલાક ધનથી ગરીબ, કેટલાકનું ધન ચોરે લૂંટી લીધું હોવાથી નિર્ધન એવા લોકો છાપો લેવા માટે ચારે તરફ આક્રંદ કરી રહ્યા હતા. તે જોઈ સ્વામીએ એ ગામનું નામ ''આરંભડા'' સાર્થક જાણ્યું. અર્થાત્ ''આ'' એટલે ચોતરફ સર્વત્ર

द्व्यहोपवासान्कतिचित्स तत्र त्र्यहोपवासान्कतिचिच्च पुंसः ।
कांश्चिच्च पञ्चाहनिरन्नदेहानपश्यदेकान्षडहोपवासान् ॥ ३१
वृद्धांश्च बालान् रुदतश्च दीनान् क्षुत्क्षामतुन्दांश्च विवर्णवक्त्रान् ।
स्त्रीश्च क्षुधा पृष्ठविलग्नतुन्दाः श्वासावशेषाः पतिता विचेष्टाः ॥ ३२
मार्गे वने तस्करलुन्टितस्वान् क्षुत्क्षीणदेहान्कतिचिच्च विप्रान् ।
साधूंश्च वित्तात्प्तय आर्द्यमानान् स तप्तमुद्राधिकृतैर्लुलोके ॥ ३३
उपोषणास्पष्टविलम्बिवाचः प्रकुर्वतोऽलं शपथांश्च भूयः ।
स निर्धनानप्यतिगालिदानैर्व्यचष्ट चान्यैरपि मत्स्र्यमानान् ॥ ३४

''રંભડા'' એટલે આક્રંદ- રૂદન થતું હોય તેને આરંભડા કહેવાય.[૩૦] હે રાજન્ ! સ્વામીએ તે ગામમાં કેટલાક જનોને બે દિવસના કેટલાકને ત્રણ દિવસના કેટલાકને પાંચ કે છ દિવસના ઉપવાસી પણ જોયા.[૩૧] ભૂખના દુઃખથી કૃશ પેટવાળા અને અતિશય કરમાયેલા મુખવાળા રાંક અને રૂદન કરતા વૃદ્ધો અને બાળકોને તેમજ ભૂખથી જેના પેટ ચોટી ગયાં છે અને હવે તો શ્વાસમાત્ર બાકી રહ્યા છે. એવી પૃથ્વી પર ચેષ્ટારહિત પડેલી ઘણી બધી સ્ત્રીઓને પણ સ્વામીએ દૂરથી નિહાળી.[૩૨]

હે રાજન્ ! વનના માર્ગે આવતાં ચોર લોકોએ બલાત્કારે ધન લૂંટી લીધું હોવાથી ભૂખથી કૃશ શરીરવાળા થયેલા કેટલાક વિપ્રો અને વૈરાગી સાધુઓને તપ્તમુદ્રા આપવાનો અધિકાર લઈ બેઠેલા જનોએ ધન પ્રાપ્તિ માટે જ બહુ બહુ પીડા અપાયેલા સ્વામીએ જોયા.[૩૩] ઉપવાસના દુઃખથી અસ્પષ્ટ વાણી બોલી શકતા ગામના અન્યજનો દ્વારા ગાળો ભાંડવાના કારણે તિરસ્કાર પામતા ને વારંવાર સોગન ખાતા કે ''હે ભાઈ ! મારી પાસે સાચે જ ધન નથી. જો હોય તો મારો પુત્ર મરી જાય'' ઈત્યાદિ અનેક પ્રકારના સોગન ખાતા ને છાપો માટે કરગરતા નિર્ધન જનોને તપ્તમુદ્રા આપવાના અધિકારી સિવાયના બીજા મનુષ્યો પણ અતિશય ગાળોથી તિરસ્કાર કરી અપમાન કરતા હતા, તેને પણ સ્વામીએ નિહાળ્યા.[૩૪] ત્યાંજ વળી એક અલગ દૃશ્ય જોયું કે, મરવા પડેલા શરીરવાળા, ભૂખથી પેટમાં બળતા અગ્નિવાળા કોઈ વૈરાગી સાધુને દ્રવ્ય રહિત જાણીને અતિશય કોપાયમાન થયેલા છાપો આપવાવાળા અધિકારીઓએ અતિશય ધગધગતી તપ્તમુદ્રાઓથી શરીર પર બહુજ દાહ ઉપજાવ્યો. આવા ગૂગળીઓને પણ સ્વામીએ જોયા. તેથી સ્વામીનું શરીર કંપવા લાગ્યું.[૩૫] છતાં પણ આરંભડામાં તપ્તમુદ્રાઓ માટે ફરી

कांश्चिच्च साधून्म्रियमाणदेहान्क्षुदग्निदग्धानवगत्य निःस्वान् ।
रुषाऽऽत्तमुद्रै रतिदाह्यमानान् दृष्ट्वा स योगी दयया चकम्पे ।। ३५
ततः स तत्र विचरंस्तप्तमुद्राप्रदान्तिकम् । गत्वाऽब्रवीत्कृष्णभक्ताः ! कुरुताद्याङ्कनं मम ।। ३६
हसंस्तदाब्रवीत्कश्चिदङ्क्यतामृषभो ह्ययम् । अन्यः प्राह तदा धूर्ता आयान्त्येतादृशाः कुतः ।। ३७
केचित्तं साधुमवदन् धनं दत्त्वाङ्कितो भव । धनं नारीं च न वयं स्पृशाम इति सोऽब्रवीत् ।। ३८
त ऊचुस्तव कन्थायां रूप्यमुद्रा भवन्ति वै । तदा स तु ददौ कन्थां ते व्यचिन्वंश्च तां ततः ।। ३९
अदृष्ट्वा तत्र ते वित्तं दूरे तां चिक्षिपुर्नराः । तदाह चारणः कश्चित्कौपीनेऽस्य भवेद्धनम् ।। ४०
रक्षन्ति प्रायशस्तत्र सन्तो वित्तं जटास्वपि । कोपीनात्सीवितं ह्यस्तन्मया निष्कासितं सतः ।। ४१
निष्कास्यमाने कौपीने तैः स साधुरुवाच तान् । स्वामिनारायणीयानां कौपीने तन्न सम्भवेत् ।। ४२

---

રહેલા સચ્ચિદાનંદ સ્વામી મુદ્રાઓ આપનારની સમીપે જઇ કહેવા લાગ્યા કે, હે શ્રીકૃષ્ણના ભક્તો ! અત્યારે મને તપ્તમુદ્રા અંકન કરી આપો.[૩૬]

હે રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામીએ આ પ્રમાણે જ્યારે છાપોની માગણી કરી ત્યારે એક જણ હાસ્ય કરીને કહેવા લાગ્યો કે, આ શ્રેષ્ઠ સાધુ છે તેને તો તપ્તમુદ્રા આપો. ત્યારે તરત જ બીજો અધિકારી કહે, આ ધૂતારો ક્યાંથી આવ્યો છે ?[૩૭] વળી ત્રીજાએ કહ્યું કે, હે સ્વામીજી ! ધન આપીને મુદ્રાઓ ગ્રહણ કરો. ત્યારે સ્વામી કહેવા લાગ્યા કે, અમે ધન અને નારીનો સ્પર્શ કરતા નથી.[૩૮] તે સાંભળી તપ્તમુદ્રા આપનારો કહેવા લાગ્યો કે તારી કંથામાં રૂપિયા છે. ત્યારે સ્વામીએ તેઓને કંથા આપી દીધી, તેથી તેઓ કંથામાં ધન શોધવા લાગ્યા.[૩૯] જ્યારે કંથામાં ધન જોયું નહિ, ત્યારે તેને એક બાજુ ફેંકી દીધી. તે સમયે બાજુમાં બેઠેલો ચારણ અધિકારી બોલ્યો કે, આ સાધુની કૌપીનમાં ધન રાખેલું હોવું જોઇએ.[૪૦] કારણ કે ઘણું કરીને વૈરાગીઓની કૌપીનમાં કે જટામાં ધન રાખેલું હોય છે. મેં ગઈ કાલે જ એક સાધુની સીવેલી કૌપીનમાંથી ધન બહાર કાઢ્યું હતું.[૪૧] હે રાજન્ ! આ પ્રમાણે બોલીને પછી તેઓ જ્યારે સ્વામીની કૌપીન બહાર ખેંચવા લાગ્યા ત્યારે સ્વામી તેઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! હું તો સ્વામિનારાયણનો સાધુ છું. તેથી મારી કૌપીનમાં પણ ધન ન હોય.[૪૨] એ સમયે તેઓ જ્યાં ''સ્વામિનારાયણ'' એવું નામ સાંભળ્યું, ત્યાં અતિશય ક્રોધ કરી અધિકારીઓ કહેવા લાગ્યા કે, હે મુનિ ! તારા ગુરુ સ્વામિનારાયણ પાસે તો લાખો રૂપિયા છે.[૪૩] જો તારે છાપો લેવી જ હોય તો તારા ગુરુ પાસે પાછો જા ને બહુ ધન લઇ આવ. જો અમારી ઇચ્છા

क्रोधात्तदोचुः श्रुत्वा तां स्वामिनारायणाभिधाम् । लक्षशो रूपकाः सन्ति त्वद्गुरोरन्तिके किल ॥ ४३
गत्वाऽऽनय भृशं वित्तं यदि ते धार्यमङ्कनम् । त्वां तु नैवाङ्कयिष्यामो ह्यगृहीत्वेप्सितं धनम् ॥ ४४
गच्छ गच्छाऽऽश्वितो दूरमित्युक्तः स तु योगिराट् । उपाविशत्तदोपेत्य दीर्घां लङ्घनवेदिकाम् ॥ ४५
अद्य श्वो वा परश्वो वा तप्तमुद्राङ्कनं मम । एते कर्तार इत्येव तत्र निश्चित्य सोऽवसत् ॥ ४६
लङ्घमानान् जनान्दीनानार्तनादांश्च कुर्वतः । पश्यंस्तद्ग्रामनैर्घृण्यं क्रूरेभ्योऽप्यधिकं ह्यवैत् ॥ ४७
ददाति तत्र यो वित्तं तप्तमुद्रां स एव हि । प्राप्नोतीतीक्षमाणोऽसावेतदद्भुतमैक्षत ॥ ४८
एकः कश्चन दीर्घधूसरजटागुम्फोल्लसन्मस्तकः शोणव्यात्तकराललोचनयुगव्यालक्ष्यभङ्गामदः ।
भस्मोद्धूलनमञ्जनाचलनिभे गात्रे दधत्तुङ्गहृत् खंखाख्यश्चिपिटं करेण च दधत्कार्ष्णायसं सन्नगात् ४९
आक्रोशन्नतिदीर्घघर्घररवैः श्रीद्वारिकाधीश्वरं मौञ्जीं लिङ्गपटीं च लोहरचितं कट्यां दधच्छृङ्खलम् ।

---

પ્રમાણેનું ધન નહીં લાવે તો તને સ્વામિનારાયણીયો હોવાથી તપ્તમુદ્રાઓ તો નહીં જ આપીએ.[૪૪] માટે તું અહીંથી તત્કાળ દૂર ચાલ્યો જા. હે રાજન્ ! આ પ્રમાણે તેઓએ કહ્યું તેથી યોગીરાટ સચ્ચિદાનંદ સ્વામી તે સમયે ત્યાંથી અતિ વિશાળ લાંઘણચોરે આવીને બેઠા.[૪૫] આજે અથવા કાલે અથવા પરમ દિવસે આ લોકો મને તપ્તમુદ્રા ચોક્કસ આપશે. એવું નક્કી કરીને સ્વામી લાંઘણચોરામાં જ રહેવા લાગ્યા.[૪૬]

હે રાજન્ ! તે લાંઘણચોરામાં ઉપવાસના કારણે લાંઘતા રંકજનો અતિ દુઃખી થઈ આક્રોશ કરી રડી રહ્યા હતા. તે જોઈને આ ગામમાં માણસોની નિર્દયતા ભયંકર હિંસક ક્રૂર પ્રાણીઓ કરતાં પણ અધિક છે. એમ સ્વામીએ જાણ્યું.[૪૭] અહીં જે પુરુષ ધન આપે તેને જ તપ્તમુદ્રાઓ મળે છે. એવું જોઈ રહેલા સ્વામીને એક અદ્‌ભૂત આશ્ચર્ય દેખાણું.[૪૮] ત્યાં એક ખાખી સાધુ તપ્તમુદ્રા લેવા આવ્યો. તેમણે પોતાના મસ્તક ઉપર અતિશય શોભતી લાંબી અને ભૂખરી એવી જટાનો જૂટ ગુંથ્યો હતો. લાલ વિશાળ અને વિકરાળ નેત્રોથી ભાંગ ચડ્યાનો મદ પણ સ્પષ્ટ દેખાતો હતો. આંજણ જેવા કાળા અને મોટા પર્વત જેવા પ્રૌઢ શરીર ઉપર શ્વેત ભસ્મનું લેપન કર્યું હતું, ઉપડતી પહોળી છાતીવાળા તે ખાખીએ હાથમાં લોખંડનો ચીપિયો ધારણ કર્યો હતો.[૪૯] અતિશય ઊંચા ને ઘોઘરા અવાજે જય શ્રીદ્વારિકાધીશ, દ્વારિકાધીશની જય હો... એમ બોલતો હતો. ત્રણ વળવાળી મુંજની મેખલા ધારણ કરી હતી. લિંગ ઉપર કૌપીન ધારણ કર્યું હતું. લોખંડની સાંકળ કેડમાં બાંધી હતી. વક્રદષ્ટિથી આમ તેમ જોતો હોવાથી નાનાં બાળકો તેનાથી ડરી રહ્યા હતાં. ઉતાવળી ચાલે ચાલતો અને લાંબી દાઢીવાળો એ ખાખી તપ્તમુદ્રા આપતા

तिर्यक्प्रेक्षणभीषितार्भकगणस्तूर्णक्रमः श्मश्रुलस्तत्रैत्याह स निर्भयोऽङ्क्यत मामद्येति मुद्राप्रदान् ॥५०
निर्भयं भाषमाणं तं दूरं गच्छति वादिनः । अभर्त्सयन्राजभृत्या न चचाल तथापि सः ॥ ५१
स्वाननादृत्य तिष्ठन्तमङ्क्थमानजनान्तरे । क्रोधरक्तेक्षणा दध्रुर्बलिष्ठा राजपुरुषाः ॥ ५२
बलित्वाद्दुर्धरोऽप्यन्यैर्धृत्वा स प्रसभं च तैः । तूर्णं निष्कासितो दूरे मुष्टिकूर्परताडनैः ॥ ५३
बहून् पराभावयितुं बलिष्ठोऽपि न शक्नुवन् । स तान्प्राहास्म्यहं साधुत्यागी चाप्यपरिग्रहः ॥ ५४
तप्तमुद्रार्थमायातं निष्कासयथ मां कुतः । त ऊचुर्द्रविणं दत्त्वा गृह्यतां तप्तमुद्रिकाः ॥ ५५
स प्राह मत्समीपे तु द्रव्यं नास्त्येव किञ्चन । लोहशृङ्खलमेकं हि कटिलम्बि तु वर्तते ॥ ५६
जटाभारं तस्य कश्चिदकृक्षच्चारणः शनैः । तावदेका हेममुद्रा निपपात ततो भुवि ॥ ५७
तावत्ते चारणाद्यास्तं वल्गमाना इतस्ततः । पातयामासुरुन्मत्तास्तज्जटां व्यकिरन्भुवि ॥ ५८
चतस्रोऽन्या हेममुद्रा जटाया निःसृताः पुनः । ता राजकीया जगृहुर्मुमुचुस्तं ततश्च ते ॥ ५९

---

અધિકારીઓ પાસે આવીને નિર્ભયપણે કહેવા લાગ્યો કે, અત્યારે જ મને તપ્તમુદ્રા આપો.[૫૦]

હે રાજન્ ! આ પ્રમાણે નિર્ભયપણે બોલતા તે ખાખીને અહીંથી દૂર ખસી જા. એ પ્રમાણે કહીને તપ્તમુદ્રા આપનારા રાજપુરુષોએ તેનો ખૂબ તિરસ્કાર કર્યો. છતાં એ ખાખી ત્યાંથી ખસ્યો નહિ.[૫૧] તપ્તમુદ્રા લેનારા લોકોની મધ્યે મુદ્રા આપી રહેલા રાજપુરુષોએ પોતાનો અનાદર કરી રહેલા ખાખીને પકડ્યો.[૫૨] બહુ બળવાન હોવાથી બીજાઓથી પકડી ન શકાય તેવા એ ખાખીને બળાત્કારે પકડી મુષ્ટીઓનો માર મારી તત્કાળ ત્યાંથી દૂર ખસેડ્યો.[૫૩] પોતે બળવાન હોવા છતાં સામે ઘણા બધા રાજકીય પુરુષોનો પરાભવ કરવા તે ખાખી સમર્થ થઈ શક્યો નહિ. તેથી તેઓના પ્રત્યે કહેવા લાગ્યો કે હું મહાત્યાગી છું. તેથી ધનનો સંગ્રહ કરતો નથી.[૫૪] હું તમારી પાસે તપ્તમુદ્રા લેવા આવ્યો છું. તો તમે મને કેમ બહાર કાઢો છો ? તેથી તે કહેવા લાગ્યા કે, ખાખી ! ધન દઈને પછી તપ્તમુદ્રા ગ્રહણ કરો. ત્યારે ખાખી કહે, મારી પાસે કાંઈ પણ દ્રવ્ય નથી, પરંતુ કેડમાં બાંધેલી લાંબી આ લોખંડની સાંકળ છે.[૫૫-૫૬]

હે રાજન્ ! તે સમયે કોઈ ચારણે ધીરેક રહીને તે ખાખીની બાંધેલી જટાને ખેંચી. તેવામાં એક સોનાની મુદ્રા જટામાંથી બહાર પૃથ્વી પર પડી.[૫૭] તે જોઈ ઉન્મત્ત ચારણ આદિ રાજકીય પુરુષો તે ખાખીની ચારે બાજુએથી વળગી પડ્યા ને પૃથ્વી પર નીચે પછાડ્યો. તેમની જટાને ચૂંથી નાખી.[૫૮] તે સમયે ફરી બીજી

मृतप्रायः सोऽपि खड्गो न गृहीत्वैव मुद्रिकाः । स्वस्थानं शनकैः प्रागात् शपंस्तांस्तैर्थिकान्मुहुः ॥ ६०
एतत्सर्वे स तु मुनिरदृष्टचरमद्भुतम् । दृष्ट्वा वित्तैकसाध्यं तन्मेने कृष्णायुधाङ्कनम् ॥ ६१
हसन्तश्चारणाः केचिन्मुनिमूचुर्धनेप्सवः । साधो ! साधुसमीपे स्याद्रव्यं नैवात्र संशयः ॥ ६२
प्रत्यक्षमेव भवता दृष्टमेभिर्भटैः सतः । धनं निष्कासितमिति कर्तारस्त्वां वयं तथा ॥ ६३
स उवाच तदा साधुर्नास्ति शीर्ष्णि जटा मम । कन्थां तु कश्चिच्चौरोऽपि नाग्रहीज्जीर्णचीवराम् ॥ ६४
नवीनमेकं कौपीनं ममास्ति द्वादशाङ्गुलम् । तस्मिन् गृहीते मुद्राश्चेद्दास्यथाद्यैव नीयताम् ॥ ६५
इत्युक्ताः प्रहसन्तस्ते ययुरन्यत्र चारणाः । सोऽपि तस्थौ निराहारो निर्भयः स स्मरन् हरिम् ॥ ६६
स्वां व्यथां गणयन्नैव स तूपोष्य दिनत्रयम् । परार्तिमक्षमो द्रष्टुं शङ्खोद्धारं ततो ययौ ॥ ६७

न साधवोऽन्यस्य रुजं विलोकितुं क्वचिन्नरेशात्र तु शक्नुवन्ति हि ।
तदीयमुक्तं नवनीतकोमलं यतः पुराणे हृदयं दयामृतम् ॥ ६८ ॥

---

ચાર સોનાની મુદ્રાઓ જટામાંથી નીકળી. તે મુદ્રાઓ રાજકીય પુરુષોએ લઇ લીધી ને તે ખાખીને છોડી મૂક્યો.[૫૯] તે સમયે મૃતપ્રાય થયેલો ખાખી તપ્તમુદ્રા ગ્રહણ કર્યા વિના જ તે તીર્થવાસી રાજકીય અધિકારીઓને વારંવાર ગાળો આપતો આપતો શરીરમાં બહુ કળતર થતી હોવાથી ધીરે ધીરે ત્યાંથી પોતાના નિવાસસ્થાને ચાલ્યો ગયો.[૬૦] પહેલાં ક્યારેય પણ નહીં જોયેલું આવું અદ્ભૂત આશ્ચર્ય નિહાળી સચ્ચિદાનંદ સ્વામી અહીં શ્રીકૃષ્ણ ભગવાનના આયુધોનું અંકન માત્ર ધનથી જ પ્રાપ્ત થઇ શકે એમ છે એવું માનવા લાગ્યા.[૬૧] તે સમયે ધનલોલુપ કેટલાક ચારણો હસતાં હસતાં સચ્ચિદાનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સાધુપુરુષ ! જોયું ? સાધુની પાસે પણ ધન હોય છે તેમાં કોઇ સંશય નથી. આ કોઇ મશ્કરી નથી સત્ય વાત છે.[૬૨] રાજકીય પુરુષોએ એ ખાખી પાસેથી ધન કાઢ્યું ને તમે નજરે જોયું, તમારી દશા પણ તે ખાખી જેવી થશે.[૬૩] તે સમયે સ્વામી કહેવા લાગ્યા કે, મારા મસ્તક પર જટા નથી અને જુની થયેલી આ કંથાને માર્ગમાં કોઇ ચોર પણ સ્વીકારતા નથી.[૬૪] બાર આંગળની નવીન કૌપીન માત્ર એક મારી પાસે છે. એનો સ્વીકાર કરીને કોઇ મને મુદ્રા આપે તો ભલે અત્યારે જ તે લઇ જાય.[૬૫] હે રાજન્ ! આ પ્રમાણે સ્વામીએ કહ્યું ત્યારે તે ચારણો હસતા હસતા સ્વામીની અવજ્ઞા કરી અન્યત્ર ચાલ્યા ગયા. ઉપવાસી સ્વામી પણ નિર્ભય થઇ ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા કરતા ત્યાંને ત્યાંજ બેસી રહ્યા.[૬૬] પોતાના ભૂખની પીડાને નહીં ગણકારતા પણ બીજાના દુખની પીડા જોવા અસમર્થ સ્વામી ત્યાં પણ ત્રણ ઉપવાસ કરી ત્યાંથી

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये आरावणग्रामे तप्तमुद्राप्रदनिर्दयत्वनिरूपणनामा एकोनत्रिंशोऽध्याय: ॥ २९ ॥*

---

## त्रिंशोऽध्याय: - ३०

**सुव्रत उवाच –**

यदा तु मन्दिरं प्राप द्वारिकाधीश्वरस्य स: । तस्मिन्नेव क्षणे याता: कौसला गोमतीं तत: ॥ १
श्रीकृष्णदर्शनोत्कण्ठो मन्दिरद्वारमेत्य स: । यावदन्तर्विशेत्तावद्वाद्धा: स्थैर्निष्कासितो नृप ! ॥ २
कोऽसि कोऽसि कुतो यासि नैव दत्त्वा धनं द्रवन् । अनाज्ञप्तोऽनङ्कितश्च व्रज दूरमितो द्रुतम् ॥ ३
विद्रावितो द्वारपालैर्व्यात्तशोणेक्षणै: स तु । विपण्यां निषसादैको मन्दिरद्वारसन्मुखम् ॥ ४

---

બેટદ્વારિકા ગયા.[૬૭] હે રાજન્ ! આ લોકમાં સંતો અન્યની પીડા જોઈ શક્વા ક્યારેય પણ સમર્થ થતા નથી. કારણ કે કરૂણાથી ભરેલું તેનું હૃદય પુરાણ ગ્રંથમાં નવનીત સમાન કોમળ કહેલું છે.[૬૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં સચ્ચિદાનંદ સ્વામીએ આરંભડા ગામમાં તપ્તમુદ્રા આપનારાઓનું નિર્દયપણું નિહાળ્યું તેનું નિરૂપણ કર્યું એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૯--**

---

## અધ્યાય - ૩૦

## સચ્ચિદાનંદ સ્વામીની બેટ દ્વારિકામાં પણ અસહ્ય અવદશા.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામી જ્યારે દ્વારિકાધીશના મંદિરે આવ્યા ત્યારે કૌશલદેશવાસી નંદરામાદિ ત્યાંથી નીકળી ગોમતી તીરે પાછા આવ્યા.[૧] શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનની અતિશય ઉત્કંઠા ધરાવતા સચ્ચિદાનંદ સ્વામી મંદિરના દરવાજા પાસે આવી જ્યાં અંદર પ્રવેશ કરવા જાય છે, ત્યાં દરવાજે ઊભેલા દ્વારપાળોએ બહાર કાઢ્યા ને પૂછવા લાગ્યા કે, તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અમારી મંજૂરી વિના અને ચક્રાંકિત થયા વિના અને ધન આપ્યા વિના આમ દોડતો ક્યાં જઈ રહ્યો છે ? જલદી અહીંથી

ततः स गुगुलीन् विप्रांश्चरतः प्राह भो द्विजाः ! । दिनेऽत्र मां कारयत द्वारिकानाथदर्शनम् ॥ ५
ब्राह्मणानां हि हृदयं प्रोक्तं शास्त्रेषु कोमलम् । ततो मयि कृपां कर्तुं यूयमर्हथ सत्तमाः ! ॥ ६
त ऊचुर्ब्रूहि नः सत्यं कियदस्ति तवान्तिके । धनं हैमं च वा रौप्यं कन्थाकौपीनगोपितम् ॥ ७
स प्राह नास्ति मत्पार्श्वे धनं किमपि निश्चितम् । अस्मि साधुरहं त्यागी त्यागिनां स्यात्कुतो धनम् ॥ ८
तत्रापि सहजानन्दस्वामिशिष्योऽस्म्यहं द्विजाः ! । अतः कुतो मे द्रव्यं स्याद्दूराद्धि स्त्रीधनत्यजः ॥ ९
त ऊचुस्तर्हि तु भवान् यद्यप्यत्र मरिष्यति । तथापि द्वारिकाधीशदर्शनं न भविष्यति ॥ १०
वयं तु सहजानन्दशिष्याणामन्तकाः किल । पुरप्रवेशं नो दद्मो दूरेऽस्तु कृष्णदर्शनम् ॥ ११
गुरुस्तवैव कृष्णोऽस्ति किमर्थं भ्राम्यसि क्षितौ । वयं न यावन्मिलितास्तं तावद्गर्जतां स च ॥ १२
एवमुक्त्वा गातास्ते तु तावदन्ये तमब्रुवन् । दत्त्वा द्रव्यं कुरु हरेर्दर्शनं किन्नु लङ्घसे ॥ १३

---

દૂર થા.[૨-૩] આ રીતે તિરસ્કાર કરીને દ્વારપાળોએ લાલ નેત્રો કરીને સ્વામીને બહાર કાઢ્યા. તે સમયે સ્વામી મંદિરના દ્વારની સમીપે જ એકલા એક દુકાનની વેદિકા ઉપર જઈને બેઠા.[૪] હે રાજન્ ! એ અવસરે મંદિરના દરવાજામાંથી બહાર આવી રહેલા ગૂગળી વિપ્રોને સ્વામીએ કહ્યું કે, હે ભૂદેવો ! આજ મને દ્વારિકાધીશનું દર્શન કરાવો.[૫] હે શ્રેષ્ઠ વિપ્રો ! શાસ્ત્રોમાં બ્રાહ્મણોના હૃદયને કોમળ કહ્યું છે. તેથી તમે મારા ઉપર કૃપા કરો.[૬] ત્યારે તે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, તારી પાસે કંથા ને કૌપીનમાં સંઘરેલું ધન, સુવર્ણ કે રૂપું કેટલું છે ?[૭] ત્યારે સચ્ચિદાનંદ સ્વામી તેઓને કહેવા લાગ્યા કે, હે ભૂદેવો ! મારી પાસે કોઈ પણ પ્રકારનું ધન સાચે જ નથી. કારણ કે હું ત્યાગી સાધુ છું. તેથી ત્યાગી પાસે ધન ક્યાંથી હોય ?[૮] હે બ્રાહ્મણો ! તેમાં પણ હું તો સહજાનંદ સ્વામીનો શિષ્ય છું. એથી સ્ત્રી અને ધનનો દૂરથી ત્યાગ કરનાર મારી પાસે દ્રવ્ય ક્યાંથી હોય ?[૯] ત્યારે તે વિપ્રો કહેવા લાગ્યા કે, દ્રવ્યના અભાવે તું અહીં મરી જઈશ છતાં પણ દ્વારિકાધીશનાં દર્શન તને નહીં થાય.[૧૦] અને અમે તો સહજાનંદ સ્વામીના શિષ્યોના શત્રુ છીએ, તેને દેખીએ ને મારીએ એવા છીએ, તેને નગરમાં પ્રવેશ પણ કરવા દેતા નથી. તો પછી દ્વારિકાધીશનાં દર્શનની તો વાત જ દૂર રહી. તને દર્શન ક્યાંથી હોય ?[૧૧] તારા ગુરુ સહજાનંદ સ્વામી જ સ્વયં કૃષ્ણ છે. તો પછી પૃથ્વી પર બીજે ભટકે શા માટે છે ? આ તો દ્વારિકાવાસી ગૂગળી બ્રાહ્મણો એવા અમને જ્યાં સુધી સહજાનંદ સ્વામીનો ભેટો નથી થયો ત્યાં સુધી જ તે ભલે "હું શ્રીકૃષ્ણ છું" એવી ગર્જના કર્યા કરે.[૧૨]

केचित्तं भर्त्सयामासुर्वाक्शल्यैः परुषैरपि । केचिच्छठोऽयमित्यूचुर्धूर्तोऽयमिति चापरे ॥ १४
आतिथ्यं तस्य दूरेऽस्तु किं तु तं कोऽपि पूरुषः । वाचापि शुभया तत्र भाषयामास नेर्ष्यया ॥ १५
निराहारः स तु मुनिर्द्वारमेव विलोकयन्। द्वारिकाधीशितुस्तत्र दृढासन उपाविशत् ॥ १६
विशतां यात्रिकाणां च द्रव्यं दत्त्वैव मन्दिरे । स्त्रीपुंसानां सुसङ्घर्षं स दृष्ट्वा मुनिरत्रसत् ॥ १७
तत्रत्यानां निर्दयत्वं दृष्ट्वा चाऽऽरावणादपि । अधिकं निश्चिकायैतच्छ्री-मदाधिक्यमप्यसौ ॥ १८
एवं स्थितवतस्तस्य ययावस्ताचलं रविः । निशायामथ जातायां चिन्तयामास सोऽन्तरे ॥ १९
अहोऽतिनिर्दयं स्थानमायातोऽस्मीश्वरेच्छया । अतःपरं किं कर्तव्यं कथं स्यात्कृष्णदर्शनम् ॥ २०
आयास्यन्ति सतीर्थ्याश्चेत्त्यागिनोऽत्राज्ञया प्रभोः । तर्हि तेषां गतिः का वा भविष्यति महात्मनाम् ॥ २१
दर्शनं द्वारिकेशस्य कृत्वाऽऽयाहीति मे हरेः । आज्ञाऽस्ति तामसम्पाद्य कथं यायां तदन्तिकम् ॥ २२

---

હે રાજન્ ! આ પ્રમાણે કહીને તે ગૂગળી બ્રાહ્મણો ગયા, પછી અન્યજનો પણ સચ્ચિદાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે, દ્રવ્ય આપીને દ્વારિકાધીશનાં દર્શન કરી લ્યો. શા માટે લાંઘો છો ?[૧૩] આ રીતે કોઈ મનુષ્યો સ્વામીને તીખાં વચનો બોલી તિરસ્કાર કરવા લાગ્યાં. કોઇ આ મૂર્ખ છે એમ કહેવા લાગ્યાં. તો કોઈ આ ધૂર્ત છે એમ કહેવા લાગ્યા.[૧૪] અરે સ્વામીનો અતિથ્ય સત્કાર તો દૂર રહ્યો, પરંતુ કોઈ પણ પુરુષે સ્વામિનારાયણીયા ઉપર ઈર્ષ્યા હોવાના કારણે માત્ર શુભ વાણીથી પણ સ્વામીનો સત્કાર ન કર્યો.[૧૫] ઉપવાસી સ્વામી દ્વારિકાધીશના દરવાજાને જોતાં જોતાં સ્થિર આસને તે ઓટલા ઉપર બેસી રહ્યા.[૧૬] તેમજ દ્રવ્ય આપી મંદિરમાં પ્રવેશ કરતાં નરનારીઓની ભીડમાં પરસ્પર અંગમર્દન રૂપ અધર્મ જોઈ સ્વામીને ખૂબજ ત્રાસ થયો.[૧૭] હે રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામીએ પહેલા આરંભડા ગામ કરતાં પણ અહીં બેટદ્વારકાવાળાનું વધુ નિર્દયપણું જોઇ તેઓને અધિક સંપત્તિના મદવાળા જાણ્યા.[૧૮] આ પ્રમાણે સ્વામી વિચારી રહ્યા હતા તેવામાં સૂર્યાસ્ત થયો. રાત્રી થતાં સ્વામી મનમાં વિચાર કરવા લાગ્યા કે, અરે !!! આશ્ચર્યની વાત છે ને ? કે હું આવા અતિશય નિર્દય સ્થાનમાં ઈશ્વરની કેવી ઈચ્છાથી આવ્યો છું ? હવે મારે શું કરવું ? શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કેમ થશે ?[૧૯-૨૦] જો શ્રીહરિની આજ્ઞાથી મારા ગુરુભાઈઓ એવા મુક્તાનંદ સ્વામી જેવા ત્યાગી સંતો આ તીર્થમાં આવશે તો તે મહાત્માઓની શું દશા થશે ?[૨૧] "દ્વારિકાધીશનાં દર્શન કરીને આવો" આવી શ્રીહરિની આજ્ઞા છે તે આજ્ઞાનું પાલન કર્યા વિના તેમની પાસે મારે કઇ રીતે જવું ?[૨૨]

यः साक्षाद्भगवान् कृष्णः स तु दुर्गपुरे स्वयम् । विराजते हरिः सोऽत्र वर्तते हि चतुर्भुजः ॥ २३
भक्तप्रियः स कृष्णोऽसौ सर्वाभिप्रायवित्प्रभुः । द्वारिका–धीश्वरो मह्यं दास्यत्येव स्वदर्शनम् ॥ २४
इति निश्चित्य मनसा स योगी तं स्वकं गुरुम् । प्रणम्य हृदये कृष्णं ध्यायन् प्राय उपाविशत् ॥ २५
उपविष्टस्य तस्येत्थं चत्वारो दिवसा ययुः । त्यक्तोदकस्यापि मुनेर्दृढनिश्चयशालिनः ॥ २६
कृष्णं समाधावपि वीक्षमाणः प्रत्यक्षतद्दर्शनमेष इच्छन् ।
धीरो मुनिः पञ्चमवासरे तं स्तोत्रेण चानेन नुनाव राजन् ! ॥ २७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये द्वारिकानाथदर्शनप्रतिबन्धनिरूपणनामा त्रिंशोऽध्यायः ॥ ३० ॥*

---

સાક્ષાત્ પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાન ગઢપુરમાં બિરાજે છે. તે જ ભગવાન શ્રીકૃષ્ણ અહીં દ્વારિકામાં ચતુર્ભુજ સ્વરૂપે વિરાજે છે. તેમની આજ્ઞાથી અહીં આવ્યો છું.[૨૩] માટે ભક્તપ્રિય અને સર્વે અભિપ્રાયને જાણનારા દ્વારિકાધીશ ભગવાન મને પોતાનું અવશ્ય દર્શન આપશે જ.[૨૪]

હે રાજન્ ! આ પ્રમાણે વિચારીને મનમાં નિશ્ચય કરી, યોગી સચ્ચિદાનંદ સ્વામી પોતાના ગુરુ એવા શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરીને તેમને નમસ્કાર કરી, અન્નશનવ્રત લઈ જળનો પણ ત્યાગ કરી ત્યાં જ બેસી ગયા. ત્યાં ને ત્યાં બીજા ચાર દિવસ પસાર થઈ ગયા.[૨૫-૨૬] હે રાજન્ ! સમાધિમાં શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન હમેશાં કરતા હોવા છતાં પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા રાખી સચ્ચિદાનંદ સ્વામી અતિ ધીરજ ધારણ કરી પાંચમે દિવસે આગળ કહ્યું એ સ્તોત્રથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૨૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકાનાથનાં દર્શન કરવાની મનાઇ કરવામાં આવી એ નામે ત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૦--**

## एकत्रिंशोऽध्यायः - ३१

**सच्चिदानंदमुनिरुवाच—**

श्रीरुक्मिणीरमण ! रम्यमुखारविन्द ! श्रीकृष्ण ! शङ्करविधीन्द्रसुरादिवन्द्य ! ।
सद्धर्मभक्तिपरमाश्रय ! पुण्यकीर्ते ! श्री द्वारिकेश ! वरदो भव मे प्रसन्नः ॥ १
त्वं भक्तसङ्घमवितुं स्वकमासुरेभ्यो दोर्भिर्दधद्दरगदारिसरोरुहाणि
नित्यं विराजस इहाखिलशक्तिनाथ ! श्री द्वारिकेश. ! ॥ २
वस्त्राहृतौ द्रुपदपुत्रिकया स्मृस्त्वं श्रीमच्चमाशु परिहाय च तामुपेत्य ।
दत्त्वांशुकानि बहुधा ह्रियमाविधास्याः श्री द्वारिकेश. ! ॥ ३
तस्या अनन्यनिजभक्तिजुषः सभायां केशग्रहं कुरुकृतं च न मृष्यमाणः ।
तत्स्त्रीर्हतेशपरिमुक्तकचाश्चकर्थ श्री द्वारिकेश. ! ॥ ४

---

# અધ્યાય - ૩૧

## સચ્ચિદાનંદ સ્વામીએ કરેલી દ્વારિકાધીશની સ્તુતિ.

સચ્ચિદાનંદ સ્વામી સ્તુતિ કરતાં કહે છે, હે રુક્મિણીરમણ ! હે રમણિય મુખારવિંદ વાળા ! હે શ્રીકૃષ્ણ ! હે શંકર, બ્રહ્મા, ઈન્દ્રાદિ સર્વે દેવતાઓએ તથા મનુષ્યાદિકે વંદન કરેલા ! હે સદ્ધર્મ તથા ભક્તિના પરમ આશ્રયરૂપ ! હે શ્રોતા તથા વક્તા બન્નેને પવિત્ર કરનારી કીર્તિવાળા ! હે શ્રીદ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૧]

હે અખિલ શક્તિઓના સ્વામી ! તમે તમારા ભક્તજનોના સમુદાયનું અસુરો થકી રક્ષણ કરવા માટે ચારે હસ્તમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરો છો. ને અહીં દ્વારિકાપુરીમાં નિત્યે વિરાજો છો એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૨]

કૌરવ સભામાં દુઃશાસન દ્વારા જ્યારે વસ્ત્રો ખેંચાયા ત્યારે દ્રુપદસુતા દ્રૌપદીએ તમારૂં મનથી માત્ર સ્મરણ કર્યું. તેવામાં તમે તત્કાળ રૂક્મિણીના પલંગને છોડીને દ્રૌપદી પાસે આવ્યા ને બહુ વસ્ત્રો પૂરીને તેમની લાજ રાખી હતી. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૩]

અનન્ય ભક્તિભાવથી પોતાનું સેવન કરનાર તે દ્રૌપદીના કૌરવસભામાં દુઃશાસને કેશ ખેંચ્યા હતા તેને તમે સહન નહીં કરી શકવાથી તે કૌરવ સ્ત્રીઓના પતિઓને મરાવી તેમને વૈધવ્ય અપાવ્યું હતું. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી

दुर्वाससो विपदि पाण्डुसुतान्निमग्नानुद्धर्तुमाशु निरूपानदगा अरण्यम् ।
भक्तप्रियस्य तव तस्य भवामि दासः श्री द्वारिकेश. ! ॥ ५
भामामनोरथमपि प्रतिपूरयंस्त्वं जित्वा सुरेन्द्रममरैः सह नाकलोकात् ।
पुर्यामिहानयिथ नाथितपारिजातं श्री द्वारिकेश. ! ॥ ६
वैरावबद्धकुटिलभ्रुकुटीक्षमाणान् शस्त्रैर्घ्नतोऽपि शपतो बहुधाति दुष्टान् ।
दैत्यानपि त्वमनयः स्वपदं दयालो ! श्री द्वारिकेश. ! ॥ ७
सम्प्राप्यते धनिभिरेव न रङ्कपुंभिस्त्वन्मूर्तिदर्शनसुघेति न वक्तुमर्हम् ।
निष्किञ्चनप्रिय इति प्रथिते त्वयीश ! श्री द्वारिकेश. ! ॥ ८
सद्धर्मवर्त्मपरिपातुमिह त्वमीश ! दैत्यांशभूपगुरुविक्षतमद्य भूमौ ।
दिव्यां दधन्नरतनुं हि विराजमानः श्री द्वारिकेश. ! ॥ ९

---

ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૪]

દુર્યોધને પ્રેરીને મૂકેલા દુર્વાસાઋષિના આગમનને કારણે વનમાં આપત્કાળ અનુભવતા પાંડુ પુત્રોનો ઉદ્ધાર કરવા ચરણમાં મોજડી ધારણ કર્યા વિના દ્રૌપદીના સ્મરણ માત્રથી તમે તત્કાળ વનમાં પધાર્યા હતા ને શાકનું એક માત્ર પત્ર જમીને તેમની આપત્તિને હરી હતી. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૫]

સત્યભામાનો મનોરથ પૂર્ણ કરવા તમે દેવોએ સહિત દેવેન્દ્રને જીતીને સ્વર્ગમાંથી સત્યભામાએ માંગણી કરેલા કલ્પવૃક્ષને અહીં દ્વારિકાપુરીમાં લાવ્યા હતા. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૬]

હે દયાનિધિ ! વૈરભાવથી પણ તમારી સામે કરડી દૃષ્ટિથી જોતા, શસ્ત્રોથી તમને પ્રહાર કરતા તેમજ અનેક પ્રકારની ગાળો દેતા એવા દુષ્ટ પ્રકૃતિના દૈત્યોને પણ પોતાના વૈકુંઠપદની પ્રાપ્તિ કરાવનારા એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૭]

હે ઈશ્વર ! તમારી મૂર્તિનાં દર્શન કેવળ ધનાઢ્ય ભક્તો જ કરી શકે, નિર્ધન એવા રંક પુરુષોને તે દર્શન થતાં નથી, તેથી નિષ્કિંચન ભક્તપ્રિય એવું જે તમારૂં નામ પહેલાં પ્રસિદ્ધ છે. તે અત્યારે કહેવું મને યોગ્ય લાગતું નથી. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૮]

अन्तःस्फुरत्कलिमलामरमर्त्यदैत्यदूरस्थितेरनुगतत्रियुगाभिधान ! ।
संसारतप्तशरणागतजीवनाथ ! श्री द्वारिकेश. ! ॥ १०

**सुव्रत उवाच –**

इति स्तुवन्नतिप्रेम्णा कृष्णलीनमना मुनिः । तिस्रोऽवस्था व्यतीत्यैव तुरीयं पदमभ्यगात् ॥ ११
भगवान् द्वारिकानाथो भक्तवत्सल ईश्वरः । तद्भाववित्सुप्रसन्नो ददौ तस्मै स्वदर्शनम् ॥ १२
निशायां विजयाख्याया एकादश्या यदूद्वहः । तदन्तिकमुपेयाय तुरीयप्रहरे हसन् ॥ १३
आविर्बभूव हृत्पद्मे प्रथमं तस्य योगिनः । लक्ष्मीभामार्जुनोपेतः सात्यक्युद्धवसंयुतः ॥ १४
सहसा स्फुरितं तं च कोटिसूर्याधिकप्रभम् । आश्चर्यदर्शनं वीक्ष्य प्रेम्णा स विवशोऽभवत् ॥ १५

---

**હે ઈશ્વર ! તમે આ પૃથ્વી પર દૈત્યોના અંશરૂપ રાજાઓ તથા ગુરુઓ દ્વારા વિનાશના આરે લાવી મૂકાયેલા એકાંતિક ધર્મમાર્ગનું રક્ષણ કરવા માટે અત્યારે મનુષ્ય શરીરધારી વિચરો છો. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૯]**

**હે ઈશ્વર ! અંતરમાં ઉદ્‌ભવેલા કળિયુગના મળરૂપ કામ, ક્રોધાદિ દોષોથી ભરપૂર મનુષ્યો તેમજ દૈત્યોથી તમે દૂર રહો છો. તેથી તમે ''ત્રિયુગ'' એવા નામથી પ્રસિદ્ધિને પામ્યા છો અને સંસારના તાપથી તપી ગયેલા અને તમારે શરણે આવેલા જીવાત્માઓના એક નાથ છો. એવા હે દ્વારિકાધીશ ! તમે મારી ઉપર પ્રસન્ન થઈ મને ઈચ્છિત વરદાન આપો.[૧૦]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરી અતિશય પ્રેમના લીધે ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં મનને લીન કરી સચ્ચિદાનંદ સ્વામી ત્રણ અવસ્થાથી પર થયા ને સમાધિદશાને પામ્યા.[૧૧] એ સમયે ભક્તવત્સલ શ્રીદ્વારિકાધીશ ભગવાન સચ્ચિદાનંદ સ્વામીના હૃદયના અભિપ્રાયને જાણી અતિશય પ્રસન્ન થયા ને સ્વામીને પોતાનું પ્રગટ દર્શન આપ્યું.[૧૨] યદુકુળમાં પ્રગટ થયેલા શ્રીકૃષ્ણ ભગવાન મંદમંદ હાસ્ય કરતા સંવત ૧૮૮૧ ના મહાસુદ વિજયા એકાદશીની તિથિએ રાત્રીના ચોથા પહોરમાં સચ્ચિદાનંદ સ્વામીની સમીપે પધાર્યા.[૧૩] તેમાં પ્રથમ શ્રીકૃષ્ણ ભગવાન સચ્ચિદાનંદ સ્વામીના હૃદયમાં રૂક્મિણીજી, સત્યભામા, અર્જુન, સાત્યકી અને ઉદ્ધવજીએ સહિત પ્રગટ થયા.[૧૪] તે સમયે પોતાના હૃદયકમળમાં આવિર્ભાવ પામેલા કોટિ કોટિ સૂર્યના પ્રકાશ કરતાં પણ અધિક કાંતિવાળા તેમજ દર્શન માત્રથી આશ્ચર્ય ઉપજાવતા શ્રીકૃષ્ણ**

सहसान्तर्दधे तत्र भगवान् व्युत्थितोऽथ सः । ससम्भ्रमो बहिः साक्षात्तमेवैक्षत संस्थितम् ॥ १६
उद्यन्नीरदनीलरम्यवपुषं विद्युत्प्रभं बिभ्रतं वासोऽनेकविभूषणं सुमुकुटं सत्पद्मपत्रेक्षणम् ।
नानामौक्तिकपुष्पहारविलसत्कण्ठं प्रसन्नाननं दोर्भिः शङ्खगदासुदर्शनसरोजानि स्फुटं बिभ्रतम् १७
लक्ष्म्या दिव्यबिभूषणाम्बरधृता पद्मं च सद्वीजनं बिभ्रत्या च भुजद्वयेन सुरुचा प्रेम्णेक्ष्यमाणं प्रभुम् ।
लावण्यातिशयातिरूपवपुषा हैमं च भृङ्गारकं बिभ्रत्यैव कटाक्षवीक्षितमुखं पार्श्वस्थया भामया ॥ १८
धृत्वा चामरमुद्धवेन विनयात्संवीजितं दक्षिणे वामे सात्यकिना च चामरधृता राजाधिराजश्रियम् ।
पृष्ठे स्वातपवारणं च दधता संमानितं जिष्णुना वीक्ष्य श्रीरमणं मुनिः स सहसा चक्रे नतिं दण्डवत् ।

---

ભગવાનનાં દર્શન થયાં. તેથી સચ્ચિદાનંદ સ્વામી અતિશય આનંદને પામ્યા.[૧૫]

**સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકાધીશનું પ્રત્યક્ષ દર્શન :–** હે રાજન્ ! એજ સમયે શ્રીકૃષ્ણ ભગવાન સ્વામીના હૃદયમાંથી અંતર્ધાન થયા, તેથી સ્વામી સમાધીમાંથી જાગ્રત થયા. અને નેત્રો ખોલ્યા તો પોતાની સમક્ષ પ્રત્યક્ષ ઊભેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા લાગ્યા.[૧૬] તે સમયે શ્રીકૃષ્ણ ભગવાન આકાશમાં ઉદય પામેલા નવીન મેઘની સમાન શ્યામ શરીરથી શોભતા હતા. વીજળીની કાંતિની સમાન ચળકતા પીળાં વસ્ત્રો તથા અનેક પ્રકારના અલંકારો ધારણ કર્યાં હતાં. મસ્તક ઉપર શોભાયમાન મુગટ ધારણ કર્યો હતો. લાલ કમળના પત્રની સમાન વિશાળ નેત્રો શોભતાં હતાં. અનેક પ્રકારના મોતીઓ અને પુષ્પોના હારથી કંઠ શોભી રહ્યો હતો. મંદમંદ હાસ્યથી શોભતા અને ચારે ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને સ્પષ્ટપણે ધારણ કર્યાં હતાં.[૧૭] દિવ્ય આભૂષણો તથા વસ્ત્રોને ધારી રહેલાં તેમજ એક હાથમાં કમળ અને બીજા હાથમાં વીંજણાને ધારી રહેલાં સુંદર કાંતિવાળાં લક્ષ્મીજી અતિશય પ્રેમના લીધે શ્રીકૃષ્ણનું દર્શન કરી રહ્યાં હતાં. તેવી જ રીતે સર્વે અંગોમાં દિવ્ય લાવણ્યતાથી શોભતાં સત્યભામા પરમાત્માની સમીપે ઊભાં રહીને સુવર્ણની જળઝારી હાથમાં ધારણ કરી કટાક્ષભરી દૃષ્ટિથી ભગવાનનું દર્શન કરી રહ્યાં હતાં.[૧૮] જમણી બાજુએ ઉદ્ધવજી હાથમાં ચામર ધારણ કરી ભગવાન ઉપર ઢોળી રહ્યા હતા. પાછળના ભાગે ઊભેલા અર્જુનજી રાજાધિરાજની શોભાએ સંપન્ન શ્રીકૃષ્ણ ભગવાન ઉપર સુવર્ણના દંડવાળું વિશાળ શોભાયમાન છત્ર ધારણ કરી પ્રભુનું સન્માન કરી રહ્યા હતા. આવા પ્રકારની શોભા સંપત્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરી સચ્ચિદાનંદ

तं प्रेमाश्रुकलावरुद्धनयनं रोमाञ्चिताङ्गं मुनिं सन्त्यज्यादशवासरं जलमपि स्वं संस्मरन्तं हृदा ।
विप्राद्यैरतिनिर्दयैः प्रतिहतस्वक्षेत्रयात्राविधिं त्यक्त्वा शङ्खमरिं हरिस्त्वतिमुदोत्थाप्याऽऽश्लिषत्सत्वरम् २०
तन्मूर्धांसउरःस्थले च भगवान् पाणिं निजं भ्रामयन् प्राह प्रेमपरिप्लुतं मुनिवरं धन्योऽसि भक्तोत्तम ! ।
तुष्टोऽस्म्यद्य ततो मनोभिलषितं याचस्व मत्तो वरं नादेयं मम किञ्चिदत्रभवते तुभ्यं त्रिलोक्यामपि ॥ २१
इत्थं श्रीरमणेन तेन परया प्रीत्या वरार्थे मुनिर्भक्तः प्रेरित आह तत्करतलस्पर्शाद्गतक्षुद्व्यथः ।
तत्कारुण्यशरण्यतादिगुणसंवीक्षान्तरप्रस्फुरत्प्रेमोद्रेकदृगश्रुगद्गदगलो बद्धाञ्जलिश्चानतः ॥ २२

**सच्चिदानन्दमुनिरुवाच –**

नमो नमो मङ्गलमूर्तये ते नमो नमो यादवभूषणाय ।
अपारकारुण्यसुधासमुद्र ! श्री द्वारिकाधीश ! नमोऽस्तु तुभ्यम् ॥ २३ ॥

---

સ્વામી એકાએક દંડની માફક પૃથ્વી પર પડી નમસ્કાર કરવા લાગ્યા.[૧૯]

હે રાજન્ ! તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને પોતાનો શંખ, તથા સુદર્શન ચક્રનો ત્યાગ કરી અતિશય હર્ષથી રોમાંચિત થયેલા સચ્ચિદાનંદ સ્વામીને ઊભા કરી તત્કાળ ભેટી પડ્યા. સ્વામીના નેત્રોમાં પ્રેમના અશ્રુ ભરાયા હતાં. દશ દિવસથી જેમણે જળ પણ પીધું ન હતું, (તિથિ પ્રમાણે ૧૧ દિવસ થાય પરંતુ પાંચમનો ક્ષય હોવાથી દશ) આવા સચ્ચિદાનંદ સ્વામી અંતરથી પરમાત્માનું સ્મરણ કરી રહ્યા હતા. અતિશય નિર્દય ગૂગળી બ્રાહ્મણોએ સ્વામીને વિધિ પણ કરવા દીધો ન હતો.[૨૦] આવા સચ્ચિદાનંદ સ્વામીના મસ્તક, વક્ષસ્થલ અને ખભા ઉપર શ્રીકૃષ્ણ ભગવાને પોતાનો કરકમળ મૂકી પ્રેમના રંગે રંગાયેલા સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તરાજ ! તમને ધન્ય છે આજે હું તમારી ઉપર ખૂબજ પ્રસન્ન થયો છું. તેથી તમારા મનમાં જે ઈચ્છા હોય તે વરદાન મારી પાસે માગો. સર્વે લોકમાં પૂજ્ય એવા તમને આ બ્રહ્માંડમાં ન આપવા યોગ્ય એવી કોઈ વસ્તુ નથી જે હું ન આપું. સર્વસ્વ આપવા યોગ્ય છે.[૨૧] આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને પરમ સ્નેહથી વરદાન માગવાનું કહ્યું ત્યારે ભગવાનના હસ્તકમળનો સ્પર્શ થવાથી જેની ભૂખ અને તરસ સમી ગયાં છે એવા સચ્ચિદાનંદ સ્વામીને ભગવાનની કરૂણા અને શરણાગતની રક્ષા આદિ અનંત સદ્‌ગુણોના દર્શન થવાથી અંતરમાં પ્રેમ ઊભરાયો તેથી નેત્રમાં અશ્રુઓ વહેવા લાગ્યાં અને સ્વામીનો કંઠ રૂંધાયો. બે હાથ જોડી નમસ્કાર કરી એકાંતિક ભક્ત સચ્ચિદાનંદ સ્વામી શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે કહેવા લાગ્યા.[૨૨]

निःशेषपापौघविनाशनाय भक्तप्रियायाखिलकारणाय ।
श्री सत्यभामारमणाय नित्यं नमोऽस्तु नारायण ! देव ! तुभ्यम् ॥ २४
कृष्णाय जिष्णुप्रियकारणाय वृष्णिप्रवीराय च विष्णवे ते ।
नमोऽस्तु नानाविधराजकन्यामनोभिलाषप्रतिपूरकाय ॥ २५
भूमारराजन्यदवानलाय सद्धर्मसाधुप्रतिपालकाय ।
श्रीदामदारिद्र्यविनाशनाय नमोऽस्तु ते चोद्धववल्लभाय ॥ २६
श्री मन्महाराज ! विकुण्ठनाथ ! श्रीदेवकीनन्दन ! चक्रपाणे ! ।
द्वारावतीनायक ! वासुदेव ! नित्यं प्रसन्नो भव रुक्मिणीश ! ॥ २७
दयानिधे ! महाराज ! भक्तेषु करुणेद्दशी । त्वय्येव राजते नित्यं नह्यन्यत्र तु कुत्रचित् ॥ २८
मनोरथो मे सफलः कृतोऽद्य भवता प्रभो ! । पूर्णकामोऽस्म्यहं नूनं दर्शनादेव तेऽधुना ॥ २९

---

**સ્વામી પ્રથમ સ્તુતિ કરતાં કહે છે, હે અપાર કરૂણાના સિંધુ ! હે શ્રી દ્વારિકાધીશ ! તમને મારા વારંવાર નમસ્કાર છે. હે મંગલમૂર્તિ ! હે યાદવવંશના આભૂષણ ! હે નારાયણ ! હે દેવ ! તમને મારા નમસ્કાર. તમે આશ્રિતજનોના સમગ્ર પાપના સમૂહનો વિનાશ કરનારા છો. તમને ભક્તો બહુજ વહાલા છે. તમે સકલ વિશ્વના કારણ છો, આ રૂક્મિણી અને સત્યભામાનું સદાય રંજન કરનારા, તમને હું નિત્યે નમસ્કાર કરૂં છું.[૨૩-૨૪] પોતાના મિત્ર અર્જુનની ઈચ્છાઓને સદાય પૂર્ણ કરો છો, તમે વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ છો, સર્વના અંતર્યામી વિષ્ણુ છો, અનેક રાજકન્યાઓના પાણિગ્રહણ કરી તેઓના મનોરથો પૂર્ણ કરેલા છે. એવા હે શ્રીકૃષ્ણ ભગવાન ! હું તમને વારંવાર નમસ્કાર કરૂં છું.[૨૫] તમે પૃથ્વીના ભારરૂપ કંસ, જરાસંધ આદિ રાજાઓરૂપી દાવાનળનો વિનાશ કરનારા છો, ભાગવતધર્મ અને ધર્મનિષ્ઠ સંતોનું સદાય પાલન કરો છો, શ્રીદામ ભક્તના દારિદ્રયનો વિનાશ કરનારા છો, ઉદ્ધવજીને પ્રિય છો. એવા હે શ્રીકૃષ્ણ ભગવાન ! હું તમને વારંવાર નમસ્કાર કરૂં છું.[૨૬]**

**હે શ્રીમાન્ ! હે મહારાજ ! હે વૈકુંઠનાથ ! હે દેવકીનંદન ! હે ચક્રપાણિ ! હે દ્વારિકાના નાયક વાસુદેવ ! હે રૂક્મિણીના સ્વામીનાથ ! તમે નિરંતર મારા ઉપર રાજી રહો.[૨૭] હે દયાનિધિ ! ભક્તજનો ઉપર આવા પ્રકારની કરૂણા તમારા વિષે જ નિત્ય વિરાજે છે. પરંતુ અન્યને વિષે આવી દયા સંભવી શકે નહિ.[૨૮] હે પ્રભુ ! તમે મારો મનોરથ અત્યારે સફળ કર્યો છે. હું તમારા દર્શનથી અત્યારે**

साक्षात्त्वच्चरणाम्भोजमशेषानन्दसंश्रयम् । सम्प्राप्यातः परं किंनु वृणोमि त्वत्त ईश्वर ! ॥ ३०
अस्त्येकं याचितव्यं तच्छ्रुत्वा वितर मे प्रभो ! । भक्तप्रियस्य सततं तवाशक्यं न किञ्चन ॥ ३१
आज्ञा तवैवास्ति हरेस्त्यागिनां गृहिणां तथा । यात्रा कार्या द्वारिकाया इति साम्प्रतमच्युत ! ॥ ३२
तत्र ये धनिनस्तेषां दुष्करा नैव सा किल । सर्वथा दुष्करैवास्ति निर्धनानां नृणां प्रभो ! ॥ ३३
औद्धवीयाः साधुजना ये सन्ति भुवि सत्पते ! । तेषां तु दुष्करतरा यात्रैषास्ति विशेषतः ॥ ३४
न जातं गोमतीस्नानं तप्तमुद्राङ्कनं न च । कष्टैर्दशाहोपवासैर्जातं मेऽद्य त्वदीक्षणम् ॥ ३५
एवंविधेऽत्र देशे तु यात्रा तेषां सतां कथम् । भवेत्कथं च भगवंस्त्वदाज्ञापरिपालनम् ॥ ३६
यथा त्वद्दर्शनं तेषां भवेत्त्वत्पादचेतसाम् । तथा कुरु त्वं कृपया ममेत्येतद्धि याचितम् ॥ ३७

**सुव्रत उवाच –**

इति स्तुतः प्राथितश्च मुनिना तेन स प्रभुः । प्रीणयंस्तमुवाचेदं नृपते ! भक्तवत्सलः ॥ ३८

---

પૂર્ણકામ થયો છું.[૨૯] હે ઈશ્વર ! સર્વના આધાર એવા તમારા પ્રત્યક્ષ ચરણકમળને પામ્યો, તો આનાથી બીજું અધિક હું તમારી પાસે શું માગું ?[૩૦]

**સચ્ચિદાનંદ સ્વામીએ માગેલ વરદાન :–** હે પ્રભુ ! આમ હોવા છતાં મનમાં જે એક વસ્તુ માગવાની ઈચ્છા વર્તે છે તે આપવાની કૃપા કરો. ભક્તજનો ઉપર સતત કૃપા વરસાવનારા તમારા માટે કાંઈ પણ આપવું અશક્ય નથી. તમે બધું જ આપી શકો છો.[૩૧] હે અચ્યુત ! શ્રી નારાયણમુનિ સ્વરૂપે વિચરતા આપની જ અત્યારે આજ્ઞા થઈ છે કે, ત્યાગી તથા ગૃહસ્થોએ દ્વારિકાની યાત્રા અવશ્ય કરવી.[૩૨] તેમાં જે ધનવાન ભક્તો છે તેને તો એ આજ્ઞા પાળવી કઠિન નથી. પરંતુ નિર્ધનને માટે તો એ આજ્ઞા સર્વથા દુષ્કર છે.[૩૩] હે સ્વામિન્ ! આ પૃથ્વી પર ઉદ્ધવસંપ્રદાયના આશ્રિત જે સ્ત્રી-ધનના ત્યાગી સંતો છે તેમને તો એ તમારી આજ્ઞા પાળવી બહુ જ કઠિન છે.[૩૪] અત્યારે મને ગોમતીસ્નાન કરવા મળ્યું નથી. તપ્તમુદ્રાઓ પણ ધારણ કરવા મળી નથી. અને અતિશય કષ્ટપ્રદ આપનું દર્શન માંડ અત્યારે થયું છે.[૩૫]

હે ભગવાન ! આવા દયા વગરના આ પ્રદેશમાં ઉદ્ધવસંપ્રદાયના સંતોની યાત્રા કેમ થશે ? અને યાત્રા કરવી એવી તમારી આજ્ઞાનું પાલન પણ કેમ થશે ? મને તો એમ જણાય છે કે એ શક્ય નથી.[૩૬] માટે તમારા ચરણકમળનું સેવન કરનારા સંતોને જે પ્રકારે તમારૂં દર્શન થાય, તેવી કૃપા કરો. આવી મારી અંતરની અભિલાષા સાથે આ મારી માગણી છે.[૩૭]

श्री भगवानुवाच –

त्वया यत्प्रार्थितं भद्र ! तत्करिष्याम्यसंशयम् । मद्दर्शनं सतां तेषामिह न स्यादिति ध्रुवम् ॥ ३९
अत्रातिनिर्दयाः सन्ति तैर्थिका धनलोलुपाः । द्रुह्यन्ति मम भक्तेभ्यस्तेभ्यो जानामि निश्चितम् ॥ ४०
अतो वृत्तालयपुरे लक्ष्मीनारायणस्य मे । मूर्तिर्भवति या तस्यामेत्य दास्ये स्वदर्शनम् ॥ ४१
ददामि दर्शनं यद्वदिह तत्र तथैव हि । दास्ये स्वदर्शनं तेभ्यो लक्ष्मीनारायणाख्यया ॥ ४२
ततश्च द्वारिकायात्रा तेषां तत्रैव सेत्स्यति । अत्र ते मास्तु सन्देहो यत्राहं तत्र सा यतः ॥ ४३
अद्य गच्छ त्वमायामीत्युक्त्वा सोऽन्तर्दधे प्रभुः । सोऽप्यद्भुतं तदालक्ष्य विस्मितोऽस्थात्क्षणं नृप ! ४४
लीलैव स्वप्रभोरेषा भवतीत्यवधार्य सः । कस्मैचिदपि तद्वार्तां न ब्रुवन्निरगात्ततः ॥ ४५

---

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે સચ્ચિદાનંદ સ્વામીએ ભગવાની સ્તુતિ-પ્રાર્થના કરીને જ્યારે માગણી કરી ત્યારે ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ભગવાન સચ્ચિદાનંદ સ્વામીને રાજી કરતા કહેવા લાગ્યા.[૩૮] હે સર્વના કલ્યાણકારી સંત ! તમે જે પ્રાર્થના કરી છે તેને હું ચોક્કસ પૂર્ણ કરીશ. તેમાં તમારે જરાય સંશય કરવો નહિ. અને આ દ્વારિકાપુરીમાં તે ઉદ્ધવ સંપ્રદાયના સંતોને મારૂં દર્શન તો સો એ સો ઉપાયે પણ શક્ય નથી એ સત્ય હકીકત છે.[૩૯] આ ક્ષેત્રમાં તો અતિશય નિર્દય અને ધનલોલુપ તીર્થવાસી ગૂગળીજનો વસે છે. તે સર્વે મારા ભક્ત એવા ઉદ્ધવસંપ્રદાયના સંતોનો દ્રોહ પણ કરે છે એ હું જાણું છું.[૪૧] તેથી હે મુનિ ! વડતાલપુરમાં શ્રીલક્ષ્મીનારાયણ સ્વરૂપની જે મારી મૂર્તિ સ્થાપન કરવામાં આવી છે, તે મૂર્તિમાં હું પ્રગટપણે આવીને મારૂં દર્શન આપીશ. જે પ્રકારે હું અહીં સર્વેને દર્શન આપું છું. તે જ રીતે હવેથી વડતાલપુરમાં શ્રીલક્ષ્મીનારાયણ સ્વરૂપે રહીને સર્વેને મારૂં દર્શન આપીશ.[૪૨] ત્યાં મારા દર્શનથી સંતોને દ્વારિકાની યાત્રા વડતાલમાં જ સિદ્ધ થશે. આ મારા વચનમાં તમારે કોઈ સંશય કરવો નહિ. કારણ કે રૂક્મિણીની સાથે હું જ્યાં પણ જઈને વસુ છું, ત્યાં જ દ્વારિકાક્ષેત્ર સાથે વસે છે.[૪૩] હે મુનિ ! તમે આજે જ પ્રયાણ કરો, હું તમારી સાથે જ અત્યારે ચાલું છું. હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન આ પ્રમાણે કહીને ત્યાં જ અંતર્ધાન થયા. તે સચ્ચિદાનંદ સ્વામી પણ આવું અદ્‌ભૂત આશ્ચર્ય નિહાળી એકક્ષણ તો અતિશય વિસ્મય પામી ગયા ને ત્યાંજ સ્થિરપણે ઊભા રહ્યા.[૪૪]

હે રાજન્ ! પછી સચ્ચિદાનંદ સ્વામીએ આવું આશ્ચર્ય નિહાળી મનમાં નક્કી કર્યું કે, આ બધી મારા પ્રભુ શ્રીહરિની જ લીલા છે. પછી આ વૃત્તાંતને

पुरुधृतिरतिभक्तिमानस साक्षाद्यदुपतिवीक्षणलब्धभूरिमोदः ।
गजवरगमनो मुनिः स्मरंस्तं झटिति जगाम पुनश्च गोमतीं ताम् ॥ ४६ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये द्वारिकानाथदर्शनतद्वरप्राप्तिनिरूपणनामैकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥*

---

## द्वात्रिंशोऽध्यायः - ३२

**सुव्रत उवाच –**

अथ ये कौसला याताः शङ्खद्धारात्तु गोमतीम् । आगत्य ते तु तं साधुं तत्तीरेऽभ्यगवेषयन् ॥ १
तमदृष्ट्वा तु ते तत्र सचिन्ता गोमतीतटे । साश्रुनेत्रा म्लानवक्त्रा निःश्वसन्तो व्यतर्कयन् ॥ २
अहो किमेतत्सञ्जातं दैवयोगेन दुष्कृतम् । दयालुः स महान् साधुः क गतोऽतिप्रियो हरेः ॥ ३

---

**કોઈને પણ કહ્યા વિના તે બેટદ્વારકાથી નીકળી ચાલતા થયા.[૪૫] અતિશય ધીરજશાળી અને ભક્તિવાળા સચ્ચિદાનંદ સ્વામી ભગવાનના પ્રત્યક્ષ દર્શનથી આનંદઘેલા થયેલા માર્ગમાં શ્રી દ્વારિકેશ ભગવાનનું સ્મરણ કરતા ફરી ગોમતી તીરે આવ્યા.[૪૬]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારિકાધીશની સ્તુતિ પ્રાર્થના કરી વરદાન મેળવ્યું એ નામે એકત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૧--**

---

## અધ્યાય - ૩૨

## ગોમતીતીરે સચ્ચિદાનંદ સ્વામીની શોધ કરતા અયોધ્યાવાસીઓ.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બેટદ્વારકાથી ગોમતીતીરે પહોંચેલા કૌશલદેશવાસીઓ ત્યાં સચ્ચિદાનંદ સ્વામીને શોધવા લાગ્યા.[૧] ગોમતીતટ ઉપર સચ્ચિદાનંદ સ્વામીને નહીં જોવાથી તે નંદરામાદિ સર્વે ચિંતા કરવા લાગ્યા. નેત્રોમાં આંસુ આવ્યાં, મુખ ખિન્ન થયાં ને નિઃશાસા નાખી બહુ જ ચિંતા કરી તર્ક વિતર્ક કરવા લાગ્યા.[૨] અરે !!! દૈવયોગે આપણાથી આ શું દુષ્કૃત્ય થઈ ગયું ? દયાળુ ભગવાન શ્રીહરિના અતિવહાલા સંત સચ્ચિદાનંદ સ્વામીનું શું થયું હશે ? તે ક્યાં**

कथं वयं गमिष्यामो विना तं दुर्गपत्तनम् । स्वमुखं दर्शयिष्यामः स्वामिनः पुरतः कथम् ॥ ४
तत्र वा किं वदिष्यामो वयं दैवहता ननु । नृपोपालमभवाचश्च श्रोष्यामोऽरुन्तुदाः कथम् ॥ ५
तदाह मानसारामो मया तु कथितं पुरा । त्यक्त्वा तं नैव गन्तव्यमिति तत्कोऽपि नशृणोत् ॥ ६
गोपालस्तमथोवाच ज्येष्ठभ्रातुर्वचो मया । कथमुल्लङ्घनीयं स्यादेष पित्रा समो यतः ॥ ७
नन्दरामस्तदोवाच समाधेर्दैर्घ्यमस्य तु । आदावेव त्वया प्रोक्तं वृथा मां शपसे किमु ॥ ८
अथाह मानसारामो भावि यत्तद्भवेद्ध्रुवम् । वृथा चिन्ता न कर्तव्या स्मर्तव्यो दुःखहा हरिः ॥ ९
यद्दर्शनार्थमायाता वयं श्रीस्वाम्यनुज्ञया । स एव द्वारिकाधीशः शं विधास्यति नः किल ॥ १०
दयानिधिर्मुनिरसौ भक्तो भगवतो महान् । हित्वास्मान् सर्वथा नैव गच्छेद्दुर्गपुरं किल ॥ ११

---

**ગયા હશે ?[૩] આપણે તે સંતને લીધા વિના ગઢપુર કેવી રીતે જઈશું ? કદાચ મહાકષ્ટે જશું તો શ્રીહરિને આપણું મુખ કેમ દેખાડશું ?[૪] અથવા મુખ દેખાડી સામે ઊભા રહેશું ત્યારે શ્રીહરિ પૂછશે તો આપણે સ્વામીની શી વાર્તા કહેશું ? અરે !!! ઉત્તમરાજા વગેરેના મર્મભેદક અને આક્રોશ ભરેલા વચનો આપણે કેમ સાંભળી શકશું ?[૫]**

**હે રાજન્ ! તે સમયે મંછારામ કહેવા લાગ્યા કે, મેં તો સ્વામીનો ત્યાગ કરી આપણે જવું જોઈએ નહિ એમ પહેલેથી જ કહ્યું હતું, છતાં મારૂં વચન તમે કોઈએ સાંભળ્યું નહિ.[૬] પછી ગોપાળજી કહેવા લાગ્યા કે, મોટાભાઈ નંદરામજીએ કહ્યું કે, આપણે આઠ નવ દિવસમાં પાછા આવી જશું, સ્વામીને અહીં બેસાડી જઈએ, તો તે મોટાભાઈના વચનને મારાથી કેમ ઉલ્લંઘાય ? કારણ કે, તે પિતા તુલ્ય કહેવાય.[૭] હે રાજન્ ! તે સમયે નંદરામજી તેને કહેવા લાગ્યા કે, હે ભાઈ ! તમે જ ડિંગાઈ મારતા હતા કે આ મુનિની સમાધિની દીર્ઘતાને હું જાણું છું. તેને ત્રણ-પાંચ-દશ-પંદર દિવસ સુધી સમાધિ રહે છે. આવું પહેલું કહ્યા પછી હવે મારા ઉપર શા માટે મિથ્યા આળ મૂકો છો ?[૮] ત્યારે તે સાંભળીને વૃદ્ધ મંછારામ કહેવા લાગ્યા કે, જે થવાનું હતું તે થયું. જે અવશ્યંભાવિ હોય છે. તેને કોઈ રોકી શકતું નથી. થઈ ગયા પછી પાછળથી વ્યર્થ ચિંતા ન કરવી જોઈએ. માટે કષ્ટ નિવારણ કરનારા ભગવાન શ્રીહરિનું સ્મરણ કરો.[૯] કારણ કે, હરિસ્મરણ સર્વ વિપત્તિ થકી મૂકાવે છે. એવું શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. આપણે શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી જે દ્વારિકાધીશનાં દર્શન કરવા આવ્યા હતા તે જ દ્વારિકાધીશ આપણે જેમ સુખ થાશે તેમ કરશે, એ નક્કી વાત છે.[૧૦] દયાનિધિ ભગવાન**

शङ्खोद्धारं गतो नूनमेष इत्येव भाति मे । आगमिष्यत्यथात्रैव स्थेयमस्माभिरत्र तत् ॥ १२
इति तद्वचनं श्रुत्वा तौ तथेत्यूचतुस्ततः । स्मरन्तो द्वारिकाधीशं तत्रोषुस्ते हरिं नृप ! ॥ १३
गोमत्यां प्रातराप्लुत्य कृत्वा नित्यविधिं च ते । तत्रत्यद्वारिकेशस्य चक्रुः प्रत्यहमीक्षणम् ॥ १४
सचिन्तास्ते चतुर्थेऽह्नि कृत्वैकादश्युपोषणम् । पाकं विधाय द्वादश्यां चक्रुस्तत्साधुचिन्तनम् ॥ १५
अहो ईदृक्कुतो भाग्यमस्माकं कुधियां भवेत् । यदत्र स महायोगी कुर्यादागत्य पारणाम् ॥ १६
नन्दरामस्तावदाह दक्षः स्फुरति मत्करः । मानसाराम आहाथ दक्षं मेऽक्षि स्फुरत्यपि ॥ १७
गोपाल आह स्वप्नेऽद्य मया प्रातः स ईक्षितः । आयाति द्वारिकाधीशं हृदि धृत्वेति निश्चितम् ॥ १८
शुभानीत्थं निमित्तानि वदन्तस्ते परस्परम् । आयान्तं ददृशुर्दूराद्गजेन्द्रमिव तं मुनिम् ॥ १९

---

શ્રીહરિના એ મહાન ભક્ત સચ્ચિદાનંદ સ્વામી આપણને છોડીને ગઢપુર તો નહીં જ ગયા હોય.[११] એ સ્વામી અહીંથી બેટદ્વારિકા ગયા હોવા જોઈએ. એમ મને ભાસે છે. તેથી એ અહીં જ પાછા આવશે. એથી આપણે ત્યાં સુધી અહીં જ રહેવું જોઈએ.[१२]

**અયોધ્યાવાસીઓને સચ્ચિદાનંદ સ્વામીનું મિલન :-** હે રાજન્ ! મંછારામનું વચન સાંભળી બન્ને ભાઈઓ કહેવા લાગ્યા કે, એ પ્રમાણે જ આપણે કરીએ, પછીત્રણે વિપ્રો દ્વારિકાધીશ એવા ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા કરતા ગોમતીના કાંઠે જ નિવાસ કરીને રહ્યા.[१३] આ રીતે કૌશલદેશ વાસીઓ પ્રતિદિન પ્રાતઃકાળે ગોમતીમાં સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરી ત્યાં રહેલા દ્વારિકાધીશ ભગવાનનાં દર્શન કરી સ્વામીની રાહ જોતા.[१४] મુનિની ચિંતામાં તેઓને ચાર દિવસ પસાર થયા. ચોથે દિવસે એકાદશીનો ઉપવાસ કરી બારસના પારણા માટે રસોઈ તૈયાર કરી સ્વામીની પ્રતીક્ષા કરવા લાગ્યા.[१५] અરે ... ભાઈઓ કુબુદ્ધિવાળા આપણું એવું તે સદ્‌ભાગ્ય ક્યાંથી હોય કે, મહાયોગી તે સચ્ચિદાનંદ સ્વામી અહીં પધારીને આપણી સાથે પારણાં કરે ?[१६] તેવામાં નંદરામ કહેવા લાગ્યા કે, મારો જમણો હાથ ફરકે છે, મંછારામ કહેવા લાગ્યા કે મારી જમણી આંખ ફરકે છે.[१७] ત્યારે ગોપાળજી પણ કહેવા લાગ્યા કે, આજે પ્રાતઃકાળે મને સ્વપ્નમાં એવું દેખાયું કે, સ્વામી પોતાના હૃદયમાં દ્વારિકાધીશને ધારણ કરી બેટદ્વારિકાથી અહીં ગોમતી આવી રહ્યા છે. આવું પ્રત્યક્ષ દેખાયું હતું.[१८] હે રાજન્ ! આ પ્રમાણે શુભ શુકન વિષે પરસ્પર વાર્તાલાપ કરી રહ્યા હતા, તેવામાં તે ત્રણે જણાએ ગજગતિ ચાલે ચાલ્યા આવતા સ્વામીને દૂરથી નીહાળ્યા.[१९] અહો !!! સ્વામી આવે છે, સ્વામી આવે છે, આ પ્રમાણે રોકાયા વિના ત્રણે જણા ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યા ને જાણે

एह्येह्यहो अहो स्वामिन्निति प्लुतगिरस्त्रयः । अभ्यद्रवंस्ते विप्रास्तं प्राणाः प्राणमिवादरात् ॥ २०
अथालिङ्ग्य चिरं दोर्भ्यां हसन्तस्ते परस्परम् । स्वावासमेत्य चान्योन्यं पप्रच्छुः कुशलं ततः ॥ २१
स्नापयित्वा भोजयित्वा विप्रास्ते तं महामुनिम् । स्वयं भुक्त्वा स्ववृत्तान्तं कथयन्तोऽनयन् दिनम् २२
उषित्वा तां निशां तत्र प्रातस्ते निर्युयुस्ततः । शुक्लषष्ठ्यां तपस्यस्य लेभिरे दुर्गपत्तनम् ॥ २३
यत्र यत्रोषिता मार्गे तत्र तत्र चं ते निशि । स्वप्नेऽपश्यन्सहायान्तं सश्रियं द्वारिकेश्वरम् ॥ २४
सम्प्राप्य ते दुर्गपुरं सभायामास्थितं हरिम् । प्रणेमुर्दण्डवद्भक्त्या मानयामास सोऽपि तान् ॥ २५
वृत्तान्तमखिलं स्वस्य विना श्रीकृष्णदर्शनम् । स मुनिः प्राह तत्रत्यं स्नानाङ्केक्षावरोधनम् ॥ २६
तच्छ्रुत्वा साधवः सर्वे खेदमापुर्भृशं हृदि । स्वेषां हि द्वारिकायात्रा न स्यादित्याप्तनिश्चयाः ॥ २७
इति तान् खिन्नमनसो वीक्ष्योवाच पुनः स च । स्वस्य कृष्णेक्षणं तस्माद्वरप्राप्तिं च तत्त्वतः ॥ २८

---

પ્રાણ આવે ને ઈન્દ્રિયો જેમ તેમના વિષય પ્રત્યે દોડે તેમ સ્વામી સન્મુખ આદરથી તેઓ દોડવા લાગ્યા.[૨૦] પરસ્પર હસતા હસતા બહુ સમય સુધી તેઓ બન્ને ભૂજાઓમાં ભેટી રહ્યા. ત્યારપછી પોતાના સ્થાને પાછા આવી પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા.[૨૧] ત્રણે જણાએ સ્વામીને સ્નાન કરાવી ભોજન કરાવ્યું, ને પછી પોતે પણ જમ્યા. ને એક બીજાની વાતો કરતાં કરતાં બારસનો દિવસ ત્યાંજ પસાર કર્યો.[૨૨] એ રાત્રી ગોમતીના તીરે જ વીતાવી ને પ્રાતઃકાળે પરવારી ત્યાંથી ગઢપુર જવા રવાના થયા ને સંવત ૧૮૮૧ ના ફાગણ સુદ છઠ્ઠને દિવસે ગઢપુર આવ્યા.[૨૩]

**યાત્રાવાસીઓનું ગઢપુરમાં આગમન :–** હે રાજન્ ! માર્ગમાં તેઓ જ્યાં જ્યાં નિવાસ કરતા ત્યાં ત્યાં સર્વે રાત્રીઓમાં તેઓને સ્વપ્રામાં પોતાની સાથે જ પધારી રહેલા દ્વારિકાધીશનાં રૂક્મિણીદેવીની સાથે દર્શન થતાં.[૨૪] ગઢપુરમાં પહોંચી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજતા ભગવાન શ્રીહરિને તેઓએ ભક્તિભાવથી દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીહરિએ પણ સ્વાગતાદિ પ્રશ્નો પૂછી તેઓને બહુમાન આપ્યું.[૨૫] તે સમયે સચ્ચિદાનંદ સ્વામીએ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન વિના ગોમતી સ્નાન, તપ્તમુદ્રાઓનું અંકન અને બેટદ્વારકામાં દ્વારિકાધીશનાં દર્શન બાબતમાં ત્યાંના ગૂગળી વિપ્રો દ્વારા કરવામાં આવેલો પોતાને અવરોધ વગેરેનું પોતાનું સમગ્ર વૃત્તાંત સભામાં કહી સંભળાવ્યું.[૨૬] એ સાંભળી સર્વે સંતો પોતાને દ્વારિકાની યાત્રા નહીં થાય, આવો નિશ્ચય કરી પોતાના હૃદયમાં અતિશય ખેદ પામવા લાગ્યા.[૨૭] આ પ્રમાણે ખેદ પામતા સર્વે સંતોને જોઈને સચ્ચિદાનંદ સ્વામીએ પોતાને જે દ્વારિકાધીશનાં પ્રત્યક્ષ દર્શન થયાં ને તેમના થકી

तदाकर्ण्यातिसंहृष्टाः साधवस्तं ववन्दिरे । प्रशशंसुश्च बहुधा लेभिरे निर्वृतिं पराम् ॥ २९
स्वयं च मुनिराट् स्वामी तं प्रशंसन् पुनः पुनः । अवीवदत्तदेवासौ भक्तानानन्दयन्निजान् ॥ ३०
तत्रत्यं सोऽपि वृत्तान्तं कथयित्वाखिलं मुनिः । प्राह सर्वः प्रसादोऽयं त्वत्कृपाया इति ध्रुवम् ॥ ३१
उत्सवं द्वारिकेशस्य दोलाख्यं मासि फाल्गुने । सद्यः प्राप्तं कर्तुमैच्छत्ततो वृत्तालये हरिः ॥ ३२
त्यागिभिर्गृहिभिः साकं योषाभिश्च स सद्गुरुः । वृत्तालयं गन्तुमिच्छन् सर्वानाज्ञापयत्ततः ॥ ३३
लिखित्वा पत्रिका दूतान्प्रेषयित्वा च सर्वतः । देशान्तरेभ्यः स्वान्भक्तानाह्वयामास सत्वरम् ॥ ३४
तस्यां निशायां सुप्तास्ते सन्तः सर्वेऽप्यचक्षत । स्वप्ने वृत्तालयं यान्तं सश्रियं द्वारिकेश्वरम् ॥ ३५
प्रातरुत्थाय ते प्रोचुः स्वप्नवृत्तं हरेः पुरः । स उवाच तदा स्वामी सत्यमेतन्न संशयः ॥ ३६
सप्तम्यां स ततः सर्वैः साकं भक्तैः सहस्रशः । स्वामी श्रीसहजानन्दो निर्ययौ दुर्गपत्तनात् ॥ ३७

---

જે વડતાલગમનરૂપ વરદાનની પ્રાપ્તિ થઈ તે સમગ્ર વૃત્તાંત યથાર્થ પુનઃ કહી સંભળાવ્યું.[૨૮] ત્યારે તેમની વાણી સાંભળી અતિશય રાજી થયેલા સર્વે સંતો સચ્ચિદાનંદ સ્વામીને વંદન કરવા લાગ્યા ને બહુ પ્રકારની પ્રશંસા કરી અતિશય આનંદનો અનુભવ કરવા લાગ્યા.[૨૯]

હે રાજન્ ! મુનિરાટ્ શ્રીસહજાનંદ સ્વામી સ્વયં તે સચ્ચિદાનંદ સ્વામીની ખૂબજ પ્રશંસા કરી. સંતો ભક્તોને આનંદ ઉપજાવતા સચ્ચિદાનંદ સ્વામી પાસે તેનું તે વૃત્તાંત જે કોઈ આવે તેમની આગળ વારંવાર કહેવડાવતા હતા. અને સચ્ચિદાનંદ સ્વામી પણ દ્વારિકામાં ઘટેલી સમગ્ર ઘટનાનું વૃત્તાંત કહી સંભળાવી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! આ સર્વ પ્રકારનો અનુગ્રહ એક તમારી કૃપાનું જ પરિણામ છે. એમ હું નક્કી જાણું છું.[૩૦-૩૧] પછી ફાગણ માસમાં તે જ ક્ષણે પ્રાપ્ત થયેલો દ્વારિકાધીશનો ફૂલડોલોત્સવ વડતાલપુરમાં ઉજવવાની શ્રીહરિએ ઈચ્છા કરી.[૩૨] તેમ જ વડતાલ જવા ઈચ્છતા સર્વે ત્યાગી સંતો, સમગ્ર ગૃહસ્થ ભક્તને અને સર્વ નારીઓને પણ ભગવાન શ્રીહરિએ વડતાલ જવાની આજ્ઞા આપી.[૩૩] પોતાના લેખક-દૂતો મારફતે દેશ-દેશાંતરના નિવાસી ભક્તજનોને તત્કાળ આમંત્રણ આપી વડતાલ બોલાવ્યા.[૩૪] હે રાજન્ ! એ ફાગણ સુદ છઠ્ઠની રાત્રીએ શયન કરી રહેલા સર્વે સંતોને સ્વપ્નમાં વડતાલ પધારી રહેલા શ્રીદ્વારિકાધીશનાં રૂક્મિણીએ સહિત દર્શન થયાં.[૩૫] તે સર્વે સંતોએ પ્રાતઃકાળે જાગ્રત થઈ ભગવાન શ્રીહરિની આગળ પોતાના સ્વપ્નામાં ઘટેલી ઘટના કહેવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રીસહજાનંદ સ્વામી તેઓને કહેવા લાગ્યા કે, એ ઘટના માત્ર સ્વપ્ન નહીં પણ

समारूढो वाहं जीवनमरुणं मञ्जुलगतिं दधद्वल्गां वामे करकमलकोशेऽतिमृदुले ।
परे वेत्रं चासौ सितसकलवासाः परिवृतो हयारूढैः सोमप्रमुखनिजभक्तैः पथि ययौ ॥ ३८
एकादशीदिने सायं प्राप वृत्तालयं स च । नानाग्रामपुरेभ्यश्च तत्रेयुर्यूथशो जनाः ॥ ३९
मुक्तानन्दोऽपि तत्राऽऽगान्मुनिराड्वटपत्तनात् । विजित्य वादिनः सर्वान् साकं पौरजनैर्नृप ! ॥ ४०
द्वारिकाधीश्वरं कृष्णं लक्ष्मीनारायणाख्यया । तं स्थितं वीक्ष्य ते सर्वे भक्ताः प्रापुः परां मुदम् ॥ ४१
तत्रागता ये गृहिणस्तेऽपि त्यागिनाजना इव । प्रायशो ददृशुः स्वप्ने द्वारिकाधीशमागतम् ॥ ४२
ततोऽतिविस्मिता लोकाः सर्वे तं दृढनिश्चयाः । पुपूजुः परया भक्त्या स्वाधिकारानुसारतः ॥ ४३
एवं स्वयं स भगवान् स्वस्यैवागमनादिकम् । लीलया दर्शयामास नातो ज्ञेया तयोर्भिदा ॥ ४४
स्वामी च सकलैः शिष्यैस्ततो दोलामहोत्सवम् । कारयामास सम्भारैर्महद्भिर्द्वारिकेशितुः ॥ ४५

---

સત્ય છે. તેમાં કોઇ સંશય નથી.[૩૬] હે રાજન્ ! આ પ્રમાણે સંતોની સાથે વાર્તાલાપ કરતા કરતા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ હજારો ભક્તજનોની સાથે સપ્તમી તિથિના પ્રાતઃકાળે ગઢપુરથી રવાના થયા.[૩૭]

**ભક્ત સમુદાય સાથે શ્રીહરિનું વડતાલપુરમાં આગમન :–** હે રાજન્ ! તે સમયે શ્રીહરિ મનોહર અને અનેક પ્રકારની ચિત્રવિચિત્ર ગતિએ ચાલતા લાલરંગના વેગવંતા ઘોડા ઉપર આરૂઢ થયા ને અતિશય કોમળ ડાબા હાથમાં લગામ ધારણ કરીને બીજા જમણા હાથમાં નેત્રની છડી ધારણ કરી હતી. શ્વેતવસ્ત્રોમાં શોભતા શ્રીહરિ અશ્વારૂઢ થયેલા અન્ય સોમ-સુરાદિ પાર્ષદોથી વીંટાઇને માર્ગમાં ચાલ્યા જતા હતા.[૩૮] ધાત્રી એકાદશીના દિવસે સાયંકાળે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યાં અનેક ગામો તથા નગરોમાંથી મનુષ્યોના અનેક સંઘો પણ આવી પહોંચ્યા હતા.[૩૯] હે રાજન્ ! મુનિરાટ્ મુક્તાનંદ સ્વામી પણ વડોદરા નગરથી સભા જીતીને વડોદરાવાસી ભક્તજનોની સાથે સંતમંડળ સહ વડતાલ આવી ગયા હતા.[૪૦] હે રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામીને વરદાન આપનારા દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ ભગવાનનાં લક્ષ્મીનારાયણ સ્વરૂપે વિરાજતા મૂર્તિનાં દર્શન કરી સર્વે ભક્તજનો પરમ આનંદને પામ્યા.[૪૧] તે વડતાલપુરમાં પધારેલા ગૃહસ્થાશ્રમી ભક્તજનોને પણ ત્યાગી સંતોની જેમ સ્વપ્રમાં વડતાલ પધારેલા દ્વારિકાધીશનાં ઘણાખરાને દર્શન થયાં.[૪૨] દર્શન કરી અતિશય વિસ્મય પામેલા દૃઢ નિષ્ઠાવાળા સર્વે હરિભક્તોએ પરમ ભક્તિથી પોતાના અધિકારને અનુસારે તે શ્રીલક્ષ્મીનારાયણ સ્વરૂપ દ્વારિકાધીશની પૂજા કરી.[૪૩] ભગવાન શ્રીહરિએ

स भक्ष्यभोज्यैर्बहुभिश्च लेह्यैश्चोष्यैश्च साधून् सकलान्नरेश ! ।
अतर्पयत्सम्परिवेषयन् स्वान् परिभ्रमन् पङ्क्तिषु भूरिकृत्यः ॥ ४६ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये द्वारिकापुराच्छ्रीकृष्णागमनोत्सवनिरूपणनामा द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥*

---

**त्रयस्त्रिंशोऽध्यायः - ३३**

**सुव्रत उवाच –**

यदा स भगवांस्तत्र समायतो दयानिधिः । तदानीं तस्य सकलः परिवारोऽप्युपाययौ ॥ १ ॥

---

**દ્વારિકાધીશ સ્વરૂપે પોતાનું જ આગમન થયું છે. એવું અલૌકિક દર્શન પોતાના સંકલ્પરૂપ લીલાથી સર્વ ભક્તજનોને કરાવ્યું માટે દ્વારિકાધીશ અને શ્રીહરિના સ્વરૂપમાં કોઇ ભેદ સમજવો નહિ.[૪૪]**

**હે રાજન્ ! ત્યારપછી સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિએ શ્રીલક્ષ્મીનારાયણ સ્વરૂપે વિરાજતા શ્રીદ્વારિકાધીશનો ફૂલડોલોત્સવ સર્વ શિષ્યજનોની સાથે મોટી સામગ્રી વડે ઉજવ્યો.[૪૫] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પંક્તિમાં બેઠેલા સર્વ સંતો-ભક્તોને બહુવાર પીરસીને અનેક પ્રકારના ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય ભોજનો જમાડી પોતાના સર્વે સંતો-ભક્તોને ખૂબજ તૃપ્ત કર્યા.[૪૬]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં દ્વારિકાપુરીથી શ્રીદ્વારિકાધીશ ભગવાનનું વડતાલમાં આગમન થયું તેનું નિરૂપણ કર્યું એ નામે બત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૨--**

---

## અધ્યાય – ૩૩

## વડતાલપુરમાં દ્વારિકાપુરી, ગોમતીતીર્થ, ચક્રાદિછાપો વગેરેનું પણ ભગવાન શ્રીદ્વારિકાધીશની સાથે આગમન અને શ્રીહરિએ વડતાલનું દ્વારિકાતીર્થ જેટલું જ કહેલું માહાત્મ્ય.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! દયાનિધિ શ્રીદ્વારિકાધીશ ભગવાન જે

द्वारिका पुररूपेण सरोरूपेण गोमती । तस्थौ तत्र समागत्य तीर्थवृन्दमितस्ततः ॥ २
ततो लीलानरवपुः श्रीहरिर्द्वारिकेश्वरः । सतीर्थरपरिवारोऽत्र समायात इति ब्रुवन् । ३
द्वारिकायामिवात्रापि तप्तमुद्राभिरङ्कनम् । सर्वानचीकरद्भक्तांस्तत्फलं भूरि वर्णयन् ॥ ४
त्यागिनस्तेऽथ तं सर्वे दृष्ट्वा श्रीद्वारिकेश्वरम् । सम्पूज्य च यथायोग्यमासंल्लब्धमनोरथाः ॥ ५
स्नात्वा सरसि गोमत्यां जगृहुस्तप्तमुद्रिकाः । सम्पूर्णो द्वारिकायात्रां मेनिरे कृपया हरेः ॥ ६
निशि तत्र सभा चासीन्महती कृष्णमन्दिरे । उपाविशंस्तत्र भक्ताः पुमांसश्च स्त्रियोऽखिलाः ॥ ७
स्थित उच्चासने तत्र हरिस्तानब्रवीद्वचः । यूयं शृणुत सर्वेऽपि जना ! मद्वचनं हितम् ॥ ८
अत्र श्रीद्वारिकाधीशः कृष्णः स्वयमुपागतः । इति तु ज्ञातमेवाद्य सर्वैः प्रत्यक्षदर्शनात् ॥ ९
वसेद्यत्रैष तत्रैव परिवारोऽस्य सर्वशः । वसेदित्येव जानीत नृपस्यानुचरा इव ॥ १०

---

સમયે વડતાલ પધાર્યા તે જ સમયે તેમનો સમગ્ર પરિવાર પણ તેમની સાથે આવ્યો.[૧] તેમાં દ્વારિકાનગરી વડતાલપુર રૂપે રહેવા લાગી, ગોમતી ત્યાં રહેલા સરોવરરૂપે રહેવા લાગી. બાકીના બધા જ ભારતવર્ષના પુષ્કર આદિક તીર્થો અહીં આવીને ગોમતીમાં નિવાસ કરીને રહ્યાં.[૨] ત્યારપછી લીલામાત્રથી મનુષ્યશરીરને ધારી રહેલા શ્રીહરિ સર્વ સંતો ભક્તોને કહેવા લાગ્યા કે, શ્રીદ્વારિકેશ ભગવાન સર્વે તીર્થો તથા પરિવારની સાથે અહીં વડતાલપુરમાં પધાર્યા છે.[૩] હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ તપ્તમુદ્રાના અંકનફળને અતિશય વર્ણવીને દ્વારિકાની જેમ જ અહીં વડતાલમાં પણ સર્વે ભક્તજનોને તપ્તમુદ્રાનું અંકન કરાવ્યું.[૪] સર્વે ત્યાગી સંતોએ પણ પ્રત્યક્ષ શ્રીદ્વારિકેશનાં દર્શન કરી તેમની યથાયોગ્ય પૂજા કરીને પોતાના મનોરથો પૂર્ણ કર્યા.[૫] સર્વે સંતોએ ગોમતી સરોવરમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરી અને ભગવાન શ્રીહરિની કૃપાથી પોતાની દ્વારિકાની યાત્રા પૂર્ણ થઈ એમ માનવા લાગ્યા.[૬]

હે રાજન્ ! વડતાલને વિષે શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરમાં રાત્રે સંવત ૧૮૮૧ ના ફાગણવદ પડવાને દિવસે અતિશય વિશાળ સભાનું આયોજન થયું. તે સભામાં સમસ્ત નરનારી ભક્તજનો પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા હતા.[૭] તે સભામાં ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિ સર્વ ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! તમો સર્વે તમારા હિતને કરનારૂં મારૂં વચન સાંભળો.[૮] અહીં વડતાલપુરમાં શ્રીદ્વારિકાધીશ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનનું આગમન થયું છે. અને એમનાં પ્રત્યક્ષ દર્શન થવાથી તમે સર્વેએ એ અનુભવ્યું પણ છે.[૯] આ

तस्मादेतां पुरीं वित्त द्वारिकामेव तत्पुरीम् । तडागं गोमतीं वित्त तत्र तीर्थानि सर्वशः ॥ ११
स्नानं येऽत्र करिष्यन्ति ते मोक्ष्यन्त्यघसङ्घतः । तर्पयिष्यन्ति ये पितृंस्तृप्तिस्तेषां च भूयसी ॥ १२
मुण्डनं चोपवासश्च श्राद्धं ब्राह्मणभोजनम् । ब्रह्मचर्यमहिंसा च सर्वतीर्थेष्वयं विधिः ॥ १३
पिण्डदानयुतं श्राद्धं कर्तव्यमिह पूरुषैः । भविष्यत्यक्षया तृप्तिस्तत्पितृणां तु तेन वै ॥ १४
चातुर्मास्ये कार्तिके वा मार्गे वा माघमासि ये । स्नास्यन्ति नियमात् प्रातस्ते प्राप्स्यन्तीप्सितं फलम् १५
कृष्णस्य मन्दिरे चात्र करिष्यन्ति जपं तु ये । शीघ्रमेव हि तेषां च फलसिद्धिर्भविष्यति ॥ १६
श्रीमद्भागवतादीनां पुरश्चर्यो च ये द्विजाः । करिष्यन्त्यत्र ते भुक्तिं मुक्तिं चाप्स्यन्ति वाञ्छिताम् १७
यः पठिष्यत्युपोष्यात्र श्रीमद्भागवतं द्विजः । पाठेनैकेन सोऽपीष्टं फलं प्राप्स्यति निश्चितम् ॥ १८
लक्ष्मीनारायणादीनां महापूजां नरोऽत्र ये । करिष्यन्ति त आप्स्यन्ति गोलोके परमं सुखम् ॥ १९

---

શ્રીદ્વારિકાધીશ ભગવાન જ્યાં નિવાસ કરીને રહે છે, તે જ સ્થાનમાં તેમનો પરિવાર પણ રાજાના મંત્રીઓની જેમ નિવાસ કરીને રહે છે. તેમ તમે સર્વે ચોક્કસ જાણો.[૧૦] હે ભક્તજનો ! આજથી આ વડતાલ નગરી તે દ્વારિકાપુરી જ છે. એમ તમે નિશ્ચે જાણો. આ સરોવર છે તે સ્વયં ગોમતીજી છે, એમ જાણો. ગયા, પ્રયાગ, સિધ્ધપુર આદિ ભારતવર્ષના જેટલા તીર્થો છે તે સર્વે આ ગોમતી સરોવરમાં નિવાસ કરીને રહ્યાં છે.[૧૧] જે મનુષ્યો આ ગોમતીમાં સ્નાન કરશે, તે સર્વે સમગ્ર પાપના સમૂહથી મૂકાઈ જશે. જે પિતૃતર્પણ કરશે તેના સર્વે પિતૃઓને અતિશય તૃપ્તિ થશે.[૧૨] અહીં શીખાને છોડી દાઢી, મૂંછ સહિત મુંડન કરશે, ઉપવાસ કરશે, શ્રાદ્ધ કરશે, બ્રાહ્મણોને ભોજન કરાવશે તેમને અતિશય તૃપ્તિ થશે. તેવી જ રીતે સાધુઓને જમાડી તૃપ્ત કરશે, યથાયોગ્ય બ્રહ્મચર્યવ્રતનું પાલન કરશે, કાયા, મન, વાણીથી અહિંસાધર્મનું પાલન કરશે તે પણ અતિશય તૃપ્ત થશે, અર્થાત્ મુંડનાદિ સર્વે તીર્થનો વિધિ છે. તે જે કોઈ પણ અહીં તીર્થમાં પધારે તેને અવશ્ય પાલન કરવો.[૧૩]

હે ભક્તજનો ! આ ગોમતીતીર્થમાં મનુષ્યોએ પિંડદાને સહિત શ્રાદ્ધ અવશ્ય કરવું. તે શ્રાદ્ધથી પિતૃઓને શાશ્વત તૃપ્તિ થાય છે.[૧૪] જે મનુષ્યો આ ગોમતી તીર્થમાં ચાતુર્માસ અથવા કાર્તિકમાસ અથવા માગસર માસ અથવા માઘમાસ અથવા વૈશાખમાસમાં નિયમપૂર્વક પ્રાતઃકાળે સ્નાન કરશે તે સર્વે મનુષ્યો પોતાને ઈચ્છિત ફળને પામશે.[૧૫] આ કૃષ્ણ મંદિરમાં જે મનુષ્યો મંત્રોના જપ કરશે, સ્તોત્રોનો પાઠ કરશે, તેઓને તત્કાળ સિદ્ધિ પ્રાપ્ત થશે.[૧૬] જે બ્રાહ્મણો આ મંદિરમાં શ્રીમદ્ ભાગવતાદિકનું પુરશ્ચરણ કરશે, તે પોતાને ઈચ્છિત ભુક્તિ અને મુક્તિને

लघुपूजां करिष्यन्ति ये च कृष्णस्य दुर्बलाः । अक्षयं सुकृतं तेषां धाम चाप्स्यन्ति ते हरेः ॥ २०
साधूंश्च ब्राह्मणान् येऽत्र भोजयिष्यन्ति शक्तितः । ते प्राप्स्यन्ति परं सौख्यमिहामुत्र च मानवाः २१
ये गोमतीतडागे च स्नात्वाऽस्यां पुरि मानवाः । तप्तमुद्रा ग्रहीप्यन्ति तेषां नास्ति यमाद्भयम् ॥ २२
येऽत्रागत्य करिष्यन्ति शक्त्या तीर्थविधिं जनाः । तेषां श्रीद्वारिकायात्रा सम्पूर्णैव भविष्यति ॥ २३

**सुव्रत उवाच –**

एवमुक्ता भगवता जनास्ते सकला अपि । जाताः प्रसन्नमनसस्तं प्रणेमुश्च भूपते ! ॥ २४
प्रातः स्नात्वाथ गोमत्यां गृहीत्वा तप्तमुद्रिकाः । तद्दर्शनार्थमाजग्मुः प्रतिजग्मुश्च यूथशः ॥ २५
तेषां तु भक्तिं दृष्ट्वा तां भृशं तुष्टोऽभवद्धरिः । उवास मासमेकं च तत्र भक्तजनैः सह ॥ २६
कृत्वा रामनवम्यां स कृष्णार्चन-महोत्सवम् । भक्तानाज्ञापयत्सर्वान् गन्तुं देशं निजं निजम् ॥ २७

---

**પ્રાપ્ત કરશે.[૧૭] જે બ્રાહ્મણ ઉપવાસ કરીને, શ્રીમદ્‌ભાગવતનો એક પાઠ કરશે, તો તે એકજ પાઠથી પણ ઈચ્છિત ફળને પામશે.[૧૮] હે ભક્તજનો ! જે મનુષ્યો આ મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણદેવ આદિક મૂર્તિઓને નૂતન વસ્ત્રો, મહાનૈવેદ્યાદિ અર્પણ કરી મહાપૂજા કરાવશે, તે મનુષ્યો ગોલોકધામમાં પરમ સુખને પામશે.[૧૯] ધનથી દૂર્બળ મનુષ્યો આ મંદિરમાં મૂર્તિઓની લઘુપૂજા કરાવશે, તેને પણ અવિનાશી પૂણ્યની પ્રાપ્તિ થશે, અને ભગવાનના ધામને પામશે.[૨૦] આ વડતાલધામમાં સાધુ બ્રાહ્મણોને પોતાની શક્તિને અનુસાર ભોજન કરાવશે તે ગોલોકમાં પરમ સુખને પ્રાપ્ત કરશે.[૨૧]**

**હે ભક્તજનો ! જે આ વડતાલપુરમાં ગોમતીતીર્થમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓને ગ્રહણ કરશે તેમને યમનો ભય જ રહેશે નહિ. પાપીને પણ યમ લેવા નહિ આવે.[૨૨] જે મનુષ્યો અહીં આવી પોતાની શક્તિને અનુસારે મેં કહેલો તીર્થવિધિ કરશે તેને દ્વારિકાતીર્થની યાત્રા સંપૂર્ણ થશે.[૨૩]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજા ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું તે સાંભળી સર્વે ભક્તજનો અતિશય પ્રસન્ન થયા ને શ્રીહરિને પ્રણામ કર્યા.[૨૪] પછી બીજે દિવસે ફાગણવદ બીજની તિથિએ પ્રાતઃકાળથી આરંભી તે સર્વે ભક્તજનો ગોમતીસ્નાન કરી તપ્તમુદ્રા સ્વીકારી સંઘે સંઘ મળી શ્રીહરિનાં દર્શન કરવા આવવા ને જવા લાગ્યા.[૨૫] આવા પ્રકારની ભક્તિ જોઈ ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા, આમ કરતાં ભક્તજનોની સાથે તે વડતાલપુરમાં એક માસ સુધી નિવાસ કરીને રહ્યા.[૨૬] પછી રામનવમીનો કૃષ્ણપૂજા-મહોત્સવ ઉજવી સર્વે**

देशान्तरागता भक्ता नन्दरामादयश्च ते । स्वं स्वं देशं ततो जग्मुर्गायन्तस्तद्यशोऽमलम् ॥ २८
स्वयं तु पारणां कृत्वा द्वादश्यां द्वारिकेश्वरम् । प्रणम्योपाययौ स्वामी पाश्चात्यैर्दुर्गपत्तनम् ॥ २९
इत्थं श्रीद्वारिकाधीशो निजसद्भक्ततुष्टये । वृत्तालयमुपेयाय धात्र्येकादशिकादिने ॥ ३०
द्वारिकाया इव भुवि तद्दिनात्प्रथितं महत् । वृत्तालयस्य माहात्म्यं नृपते ! मङ्गलप्रदम् ॥ ३१

चरित्रमेतत्परमस्य पुंसः पठिष्यति श्रोष्यति वापि यस्तु ।
सौख्यं स लब्ध्वाऽत्र यशस्ततोऽन्ते तद्धाम सम्प्राप्स्यति देववन्द्यम् ॥ ३२ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वृत्तालयमाहात्म्ये तत्तीर्थकर्तव्यविधिनिरूपणनामा त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥*

---

ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી.[૨૭] શ્રીહરિની આજ્ઞા થતાં દેશદેશાંતરવાસી સર્વે ભક્તજનો તથા અયોધ્યાવાસી નંદરામાદિ પણ શ્રીહરિકૃષ્ણના અતિશય નિર્મળ યશનું ગાન કરતા પોતપોતાના દેશ પ્રત્યે ગયા.[૨૮] અને ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વયં પણ ચૈત્રસુદ બારસના દિવસે પારણાં કરી શ્રીદ્વારિકાધીશ ભગવાનને પ્રણામ કરી પશ્ચિમ દેશના સોમ, સુરાદિ ભક્તજનોની સાથે ગઢપુર પધાર્યા.[૨૯] આ પ્રમાણે ભક્તજનોની પ્રસન્નતાર્થે ભગવાન શ્રીદ્વારિકાધીશનું સંવત ૧૮૮૧ ના ફાગણસુદ ધાત્રી એકાદશીના દિવસે વડતાલપુરમાં આગમન થયું.[૩૦] હે રાજન્ તે દિવસથી આરંભીને વડતાલનું મંગલકારી માહાત્મ્ય દ્વારિકાની જેમ જ પૃથ્વી પર અતિશય વૃદ્ધિને પામ્યું.[૩૧] પરમ પુરુષ પરમાત્મા શ્રીહરિના આ અઠ્ઠાવીસમા અધ્યાયથી આરંભીને તેત્રીસમાં અધ્યાય સુધીના ચરિત્રનો જે મનુષ્યો પાઠ કરશે અથવા સાંભળશે, તેઓ આ લોકમાં સુખ અને યશ પામી દેહને અંતે દેવતાઓને પણ વંદન કરવા યોગ્ય ભગવાન શ્રીહરિના ધામને પામશે.[૩૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં વડતાલ માહાત્મ્ય પ્રસંગે વડતાલમાં કરવા યોગ્ય વિધિનું નિરૂપણ કર્યું એ નામે તેત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૩--**

---

चतर्त्रिंशोऽध्यायः - ३४

राजोवाच –

मुक्तानन्दो भगवता प्रेषितो वटपत्तनम् । स मुने ! वादिनो जित्वा वृत्तालयमुपागतः ॥ १ ॥
इति श्रुतं मया त्वत्तः कथं तेन जितास्तु ते । गुरो ! एतन्निगदितुं सर्वज्ञो हि त्वमर्हसि ॥ २

सुव्रत उवाच –

आसीद्वटपुरे राजन् ! रामचन्द्राभिधो द्विजः । तद्भ्राता च हरिश्चन्द्र उभावेतौ महामती ॥ ३
बहुश्रुतौ विशेषेण वैद्यशास्त्रविशारदौ । राजमान्यौ धर्मनिष्ठावास्तिकौ च विवेकिनौ ॥ ४
शोभारामाभिधश्चान्यो द्विजस्तत्राभवच्छुचिः । वेदशास्त्रार्थनिपुण आस्तिको राजमानितः ॥ ५
नारुपन्ताभिधश्चान्यो राजामात्यो बहुश्रुतः । तथा चिन्मयरावाख्यः क्षत्रवीरश्च तादृशः ॥ ६
मुमुक्षवो हि पञ्चैते स्निग्धाश्चाऽऽसन् परस्परम् । बहुशास्त्रश्रुतेर्नापुः स्वोपास्यैकेशनिश्चयम् ॥ ७

---

## અધ્યાય – ૩૪

### 'શ્રીસ્વામિનારાયણો વિજ્યતેતરામ્'ની કથાનો પ્રારંભ.

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે સુવ્રતમુનિ ! ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને વડોદરા મોકલ્યા ને સ્વામી પ્રતિવાદીઓનો પરાભવ કરી સભા જીતીને વડતાલ આવ્યા.[૧] એ કથા તમારા મુખથી સાંભળી. હે ગુરુજી ! તે મુક્તાનંદ સ્વામીએ પ્રતિવાદીઓને કેવી રીતે જીત્યા ? તે વિસ્તારથી કહો, કારણ કે તમે સર્વજ્ઞ છો.[૨] સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! વડોદરા શહેરમાં રામચંદ્ર નામે એક વિદ્વાન વિપ્ર હતા. તેમને એક હરિશ્ચંદ્ર નામે સગાભાઈ હતા. તે બન્ને વિદ્વાનો અતિશય મહાબુદ્ધિશાળી હતા.[૩] બહુ શાસ્ત્રોનું અધ્યયન કરેલું હતું અને વિશેષે કરીને આયુર્વેદશાસ્ત્રમાં પારંગત હતા, ને રાજાને પણ બહુ માનીતા હતા. તે બન્ને ધર્મનિષ્ઠ, આસ્તિક અને સત્ અસત્‌ને જાણવામાં વિવેકી હતા.[૪] એ જ રીતે શોભારામ શાસ્ત્રી નામે અન્ય એક વિપ્ર પણ વડોદરામાં રહેતા હતા. એ શોભારામ શાસ્ત્રી પોતાના આચારમાં શુદ્ધ, વેદશાસ્ત્રમાં વિશારદ, આસ્તિક અને રાજાને માનીતા હતા.[૫] અને સિંહજીત નામના રાજાના મંત્રી અને બહુ ભણેલા નારુપંત નામના એક દક્ષિણી બ્રાહ્મણ વડોદરામાં રહેતા હતા. નારુપંતની સમાન ગુણવાળા ક્ષત્રિયોમાં શૂરવીર એક ચિમનરાવ નામના મંત્રી પણ તે વડોદરા શહેરમાં રહેતા હતા.[૬]

હે રાજન્ ! આ પાંચે વિદ્વાનો મુમુક્ષુ હતા અને પરસ્પર અતિશય સ્નેહવાળા હતા અને ઘણાં બધાં શાસ્ત્રોનું શ્રવણ કર્યું હોવાથી પોતાને ઉપાસના કરવા યોગ્ય

तत्रस्थं दाक्षिणात्यं ते बहुशास्त्रविदं द्विजम् । नाम्ना हरिहराचार्यमपृच्छन्नेकदा नृप ! ॥ ८
आचार्यवर्य ! पृच्छामो वयं त्वां बहुवित्तमम् । तच्छ्रुत्वैव यथावत्त्वमुत्तरं दातुमर्हसि ॥ ९
गोलोकेऽथ च वैकुण्ठे भगवान् ब्रह्मपत्तने । अस्तीति श्रूयते लोके तथैव क्षीरसागरे ॥ १०
चतुर्भुजश्चाष्टभुजो द्विभुजश्चापि सोऽच्युतः । श्रूयतेऽतस्त्वामाख्याहि को वा ध्येयो मुमुक्षुभिः ११
रामं कृष्णं नृसिंहं च भक्ताः केचिदुपासते । अतस्त्वं भगवद्भक्तो ब्रूहि नः स्वविनिश्चितम् ॥ १२

सुव्रत उवाच –

इति पृष्टः स तैर्विप्रो भूरिदम्भविचक्षणः । राजकीयैः सेव्यमानस्तर्कबुद्धिरुवाच तान् ॥ १३
द्विजाः ! शृणुत मद्वाक्यं यूयं हि स्थ मुमुक्षवः । अतो हितं हि युष्माकं कथयामि सुनिश्चितम् ॥ १४
य ईश्वरोऽस्ति भगवान् गोलोकादिषु धामसु । शास्त्रेषूक्तः स तु कलौ साक्षात् प्राप्यो न कस्यचित् १५

---

એક જ ઈશ્વર છે, એવો નિર્ણય કરી શક્યા નહિ.[૭] તેથી હે રાજન્ ! તે પાંચે વિદ્વાનો એક વખત વડોદરા શહેરમાં રહેલા દક્ષિણી પંડિત, બહુ શાસ્ત્રોને ભણેલા હરિહરાચાર્ય નામના બ્રાહ્મણ પાસે ગયા ને પૂછવા લાગ્યા કે, હે આચાર્યવર્ય ! બહુ શાસ્ત્રોના જ્ઞાતા તમને અમે એક પ્રશ્ન પૂછીએ છીએ. અમારો પ્રશ્ન સાંભળી તમે અમને યથાર્થ ઉત્તર આપજો.[૮-૯] તે પ્રશ્ન આ પ્રમાણે છે કે, ભગવાન ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર અને ક્ષીરસાગરના કિનારે રહેલા શ્વેતદ્વીપધામને વિષે રહેલા છે. એમ લોકો અને શાસ્ત્ર બન્ને થકી સાંભળ્યું છે.[૧૦] એ ભગવાન ચતુર્ભુજ, અષ્ટભુજ અને દ્વિભુજ છે એમ પણ સંભળાય છે. એથી મુમુક્ષુ ભક્તે એ સ્વરૂપોમાંથી કયા ભગવાનનું ધ્યાન કરવું જોઈએ ?[૧૧] કોઈ ભક્તો રામની ઉપાસના કરે છે. કોઈ શ્રીકૃષ્ણ વાસુદેવની તો કોઈ નૃસિંહ ભગવાનની ઉપાસના કરે છે. તમે પણ ભગવાનના ભક્ત છો તો તમે શું નિર્ણય કરી રાખ્યો છે ? તે અમને કહો.[૧૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે તે રામચંદ્રાદિ પાંચે પંડિતોએ પૂછ્યું ત્યારે દંભ આચરવામાં બહુ જ ચતુર, રાજકીય પુરુષોથી સેવાયેલા તેમજ મહાતાર્કિક બુદ્ધિવાળા, હરિહરાચાર્ય તે પાંચે પ્રત્યે કહેવા લાગ્યા.[૧૩] હે વિપ્રો ! મારૂં વાક્ય સાંભળો. તમે મુમુક્ષુ છો. તેથી તમને મેં જે સ્પષ્ટ નિર્ણય કર્યો છે, તે તમારા હિત માટે સંભળાવું છું.[૧૪] ગોલોકાદિક ધામોને વિષે જે સર્વેશ્વર પરમાત્માનું વર્ણન આવે છે, તેતો માત્ર શાસ્ત્રમાં કહેલું છે. પરંતુ આવા કલિયુગમાં તે પ્રત્યક્ષ કોઈને મળતા નથી.[૧૫] તેથી હે વિપ્રો ! તમે તેનું સતત નામ સંકીર્તન કરો. માત્ર નામ સંકીર્તન કરવાથી જ ભુક્તિ અને મુક્તિ બન્ને મળી જાય છે.[૧૬] હે વિપ્રો !

तस्मात्तस्यैव सततं नामसङ्कीर्तनं द्विजाः ! । यूयं कुरुत तेनैव भुक्तिं मुक्तिं च यास्यथ ॥ १६
कृते यद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः । द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥ १७
इति भागवतोक्तेश्च भक्तिर्नान्या कलौ ततः । तपो योगश्च नियमाः कलौ साध्या न वै नृभिः ॥ १८
त्रियुगत्वात्तथा विष्णोर्नावतारोऽत्र तस्य च । अतोऽपरोक्षानुभवः कथामात्रं न वस्तुतः ॥ १९

सुव्रत उवाच –

एवमुक्ता द्विजास्तेन ते तद्वाक्यप्रतीतयः । कलौ केवलनाम्नैव निश्चिक्युः श्रेय आत्मनः ॥ २०
ततो विवादं चक्रुस्ते तत्र तत्र च शास्त्रिभिः । स्वमतं स्थापयन्ति स्म सभासु बहुयुक्तिभिः ॥ २१
विदुषो युक्तिनिपुणान् राजमान्यांश्च तान्नृप ! । जेतुं शशाक न कापि सभायां कोऽपि पूरुषः ॥ २२
भक्तानां तु हरेः प्राय उपहासं त आचरन् । प्रत्यक्षभगवत्प्राप्त्या श्रेयः स्यादिति वादिनाम् ॥ २३

---

સત્યયુગમાં વિષ્ણુ ભગવાનની ધ્યાનયોગ ઉપાસના કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય, ત્રેતાયુગમાં યજ્ઞોદ્વારા વિષ્ણુ ભગવાનની આરાધના કરવાથી પુરુષને જે ફળની પ્રાપ્તિ થાય, દ્વાપરયુગમાં શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ભગવાનની પૂજા કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય તે સર્વે એના એજ ફળ આ કળિયુગમાં કેવળ હરિનામ સંકીર્તનથી જ પ્રાપ્ત થાય છે.[૧૭] આ પ્રમાણે શ્રીમદ્ ભાગવતનું વચન હોવાથી બીજા પ્રકારની ભક્તિ કરવાની જ હોતી નથી. તપ, યોગ, નિયમ પાળવાં વગેરે સાધનો તો આવા કળિયુગમાં મનુષ્યોને અતિશય કઠિન છે.[૧૮] એ જ રીતે વિષ્ણુને ત્રિયુગી એટલે કે, ત્રણયુગમાં પ્રગટ થનારા કહેલા છે. તેથી કળિયુગમાં તેના અવતારો થતા જ નથી. એથી કળિયુગમાં પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તો માત્ર કથનરૂપ છે, તે સત્ય હકીકત નથી.[૧૯]

હે રાજન્ ! આ પ્રમાણે તે હરિહરાચાર્યે સર્વેને સમજાવ્યું તેથી રામચંદ્રાદિ વિપ્રોએ તેમના વચનમાં વિશ્વાસ રાખી કળિયુગમાં આત્મકલ્યાણ કેવળ હરિનામ સંકીર્તનથી જ થાય છે, એ પ્રમાણે માનવા લાગ્યા.[૨૦] પછી તે રામચંદ્રાદિ પાંચે પંડિતો તે તે સ્થળે શાસ્ત્રવેત્તા વિપ્રોની સાથે વાદ-વિવાદ કરવા લાગ્યા ને સભાઓમાં બહુ પ્રકારની યુક્તિઓ દ્વારા પોતાના ઉપરોક્ત મતનું સ્થાપન કરવા લાગ્યા.[૨૧] હે રાજન્ ! યુક્તિઓમાં નિપુણ અને રાજમાન્ય એવા એ પાંચેને સભામાં જીતવા અન્ય કોઈ પંડિતો ક્યારેય પણ સમર્થ થઈ શક્યા નહિ.[૨૨]

**પાંચે પંડિતોનું મુક્તાનંદ સ્વામી પાસે આગમન :–** હે રાજન્ ! એ પાંચે વિપ્રો પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય તો જ જીવનું કલ્યાણ થાય છે. એ

अथ ते नाथजिद्भक्तगृहे शुश्रुवुरागतम् । मुक्तानन्दं हरेर्भक्तमुख्यं प्राक्श्रुतसद्गणम् ॥ २४
ततः संहत्य पञ्चापि तद्दर्शनमिषेण ते । आजग्मुस्तस्य निकटं स्थितस्य जनसंसदि ॥ २५
मानितास्तेन मुनिना तं प्रणम्य च तत्पुरः । निषेदुः प्रहसद्वक्त्रा विनीता इव साधवः ॥ २६
पौराणिकाः शास्त्रिणश्च बहवो वैष्णवास्तथा । तत्राजग्मुः शाम्भवाश्च प्रेक्षकाश्चेतरे जनाः ॥ २७
ततः सभायां जनसङ्कुलायां तान्प्रष्टुमुत्कान् स्फुरदोष्ठयुग्मान् ।
स्मरन्स्वचित्ते हरिमेव मुक्तानन्दो जगाद क्षितिपाल ! पूर्वम् ॥ २८ ॥

*इति सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्रियुगशब्दार्थनिर्णये वादिप्रतिवादिसमागमनिरूपणनामा चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥*

---

પ્રમાણે કહેતા શ્રીહરિના ભક્તજનોની અતિશય ઠેકડી ઉડાવતા ને ઉપહાસ કરતા.[૨૩] એ અવસરે તે વિપ્રોએ સાંભળ્યું કે, સ્વામિનારાયણના સંતોમાં અગ્રેસર અને પૂર્વે નાથભક્ત પાસે જેના ગુણો સાંભળ્યા છે, એવા મુક્તાનંદ સ્વામી નાથજી ભક્તને ઘેર આવેલા છે.[૨૪] તેથી તેઓ પાંચે વિપ્રો સાથે મળીને સ્વામીનાં દર્શનના બહાને મનુષ્યોની સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા.[૨૫] ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેનો ખૂબજ આદર સત્કાર કર્યો. તેઓ પણ મુખેથી મંદમંદ હાસ્ય કરી ઉપરથી સાધુઓની જેમ જ વિનયથી યુક્ત થઈ મુક્તાનંદ સ્વામીને પ્રણામ કરીને તેમની આગળ બેઠા.[૨૬]

હે રાજન્ ! તે સભામાં લક્ષ્મીરામ આદિક અનેક પુરાણીઓ, રઘુનાથાદિ શાસ્ત્રીઓ, દેવશંકરાદિ વૈષ્ણવો, જયશંકરાદિ શિવભક્તો, તેમજ બીજા ઘણા જીજ્ઞાસુ જનો પણ આવીને બેઠા.[૨૭] હે રાજન્ ! તે સમયે પોતાના ચિત્તમાં પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ સ્વામિનારાયણનું સ્મરણ કરતા મુક્તાનંદ સ્વામીને ઘણા બધા મનુષ્યોની બેઠેલી સભામાં પ્રશ્નો પૂછવા અતિ ઉતાવળા થઈ રહેલા ને હોઠ ફફડાવી રહેલા તે પાંચે વિદ્વાનો પ્રત્યે પ્રથમ સ્વામી કહેવા લાગ્યા.[૨૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં હરિહરાચાર્યના સમાગમથી તૈયાર થયેલા રામચંદ્રાદિ પાંચ પંડિતો વિવાદમાં ત્રિયુગનો નિર્ણય કરવા છેલ્લે મુક્તાનંદ સ્વામી પાસે આવ્યાનું નિરૂપણ કર્યું એ નામે ચોત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૪--**

---

पंचत्रिंशोऽध्यायः - ३५

मुक्तानन्द उवाच–

प्रष्टव्यं यदि किञ्चित्स्याद्युष्माकं हृदये द्विजाः ! । तर्हि पृच्छत मामद्य यूयं शास्त्रानुसारतः ॥ १

सुव्रत उवाच -

इत्युक्ता मुनिना ते तु जिज्ञासुजनवन्नृप ! । गूढाशयास्तं पप्रच्छुः सर्वेषां शृण्वतां नृणाम् ॥ २

वादिन ऊचुः -

श्रेय आत्यन्तिकं नृणामिह केन भवेन्मुने ! । तत्साधनं यथाशास्त्रं निश्चितं ब्रूहि नोऽधुना ॥ ३

इति पृष्टः स तैः प्रश्नं सर्वसंशयनाशनः । तदाशयबुभुत्सुस्तान्प्रोवाच मुनिसत्तमः ॥ ४

मुक्तानन्द उवाच –

एतावत्कालपर्यन्तं भवद्भिः किंनु निश्चितम् । स्वश्रेयः साधनं तन्मे यूयं वदत सुव्रताः ! ॥ ५

वादिन ऊचुः –

नामसङ्कीर्तनं विष्णोः कलिकल्मषनाशनम् । निःश्रेयसकरं नूनमित्यस्माभिर्विनिश्चितम् ॥ ६

---

## અધ્યાય – ૩૫

## પંડિતોના પ્રશ્ન સામે મુક્તાનંદ સ્વામીના પ્રતિ પ્રશ્નથી શાસ્ત્રાર્થોની શરૂઆત.

મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા કે, હે વિપ્રો ! જો તમારા હૃદયમાં કોઈ પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો તમે શાસ્ત્રની રીત અનુસાર અત્યારે જ મને પૂછી શકો છો.[૧] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે સ્વામીએ કહ્યું ત્યારે વિદ્વાન વિપ્રો પોતાના અભિપ્રાયને અંતરમાં ગૂઢ રાખી સર્વે મનુષ્યો સાંભળે તેમ મુક્તાનંદ સ્વામી પ્રત્યે જિજ્ઞાસુની જેમ પૂછવા લાગ્યા.[૨] વાદીઓ પૂછે છે, હે સ્વામીજી ! આ કલિયુગમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કયા સાધનથી થાય છે ? તે સાધનનો નિર્ણય શાસ્ત્રને અનુસારે અમને અત્યારે જ જણાવો.[૩] આ પ્રમાણે તે પંડિતોએ પૂછ્યું, ત્યારે સર્વના સંશયોને નાશ કરનારા મુનિશ્રેષ્ઠ, મુક્તાનંદ સ્વામી તે વાદીઓનો આશય જાણવાની ઈચ્છાથી તેઓને સામે પ્રશ્ન પૂછવા લાગ્યા.[૪] મુક્તાનંદ સ્વામી પૂછે છે, હે શુભ વર્તનવાળા પંડિતો ! તમે આજ દિન સુધી પોતાના આત્મકલ્યાણનો શું નિર્ણય કરી રાખ્યો છે ? તે પ્રથમ મને સંભળાવો.[૫] ત્યારે વાદીપંડિતો કહેવા લાગ્યા કે, હે સ્વામીજી ! શ્રીવિષ્ણુ ભગવાનનું નામ સંકીર્તન નિશ્ચિતરીતે કળિમળનો નાશ કરનારું તથા કલ્યાણનું સાધન છે. એવો અમારો નિર્ણય છે.[૬]

मुक्तानन्द उवाच –

हृदये भगवन्मूर्तिं यथादृष्टां विभावयन् । यः कीर्तयति नामानि स नामफलमाप्नुयात् ॥ ७
मनो यस्य तु विभ्रान्तं धावत्येव समन्ततः । सांसारिकपदार्थेषु तस्य किं ? हरिनामभिः ॥ ८
नारायणस्य ध्येयस्य विना प्रत्यक्षदर्शनम् ॥ नामकीर्तनवेलायां कुतः स्यात्तस्य दर्शनम् ॥ ९
दृष्टान् ग्राम्यान् पदार्थांश्च हृदये ध्यायतोऽनिशम् । नामकीर्तनमात्रेण मोक्षो भवति दुर्लभः ॥ १०
नाममात्रेण मोक्षश्चेत्त्रिकाण्डविषयास्तदा । व्यर्था भवेयुर्निगमाः साधनानि च सर्वशः ॥ ११
तथासति तु युष्माकं वेदबाह्यं मतं भवेत् । मोक्षेऽपरोक्षानुभवो हेतुर्नो नैगमो मतः ॥ १२
कीर्तनेन हरेर्नाम्नां स्यात्पुण्यं चाघसङ्क्षयः । सद्यः संसृतिमोक्षस्तु स्यात्तत्प्रत्यक्षदर्शनात् ॥ १३
तस्माद्भवद्भिर्दृष्टोऽस्ति साक्षान्नारायणो न वा । दृष्टश्चेत्सिद्धिमाप्ताः स्थ न चेत्तत्कुरुतोद्यमम् ॥ १४

પંડિતોનો નિર્ણય સાંભળી મુક્તાનંદ સ્વામી કહે છે, હે વિપ્રો ! જે પુરુષો પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને જેવી જોઈ હોય તેની પોતાના હૃદયમાં ધારણા કરીને પછીથી તે ભગવાનના નામોનું સંકીર્તન કરે છે, તે પુરુષ જ હરિનામ સંકીર્તનના ફળને પ્રાપ્ત કરી શકે છે.[૭] પરંતુ જે પુરુષનું મન વિભ્રાંત થઈ સ્ત્રી પુત્રાદિ સાંસારિક પદાર્થોમાં ચારે બાજુ ભમે છે. તેને હરિનામ સંકીર્તનથી શું છે ? તેને કોઈ ફળ પ્રાપ્ત થતું નથી.[૮] અને ધ્યાન કરવા યોગ્ય ભગવાન શ્રીનારાયણના પ્રત્યક્ષ દર્શન વિના નામ સંકીર્તન કરતી વખતે અંતરમાં તેનું દર્શન ક્યાંથી થાય ?[૯] માટે જાગ્રત અવસ્થામાં પ્રત્યક્ષ જોયેલાં માયિક પંચવિષયો સંબંધી પદાર્થોનું જે પુરુષ અંતરમાં રાત્રી-દિવસ ચિંતવન કર્યા કરતો હોય, તેવા મનુષ્યને કેવળ નામસંકીર્તન માત્રથી મોક્ષ મળવો દુર્લભ છે.[૧૦] હે વિપ્રો ! જો માત્ર નામસંકીર્તનથી મનુષ્યનો મોક્ષ થઈ જતો હોય તો ત્રિકાંડવિષયપરક વેદો અર્થાત્ કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડનું પ્રતિપાદન કરનારા વેદો વ્યર્થ થઈ જાય, તેવી જ રીતે વેદોક્ત શમદમાદિ મોક્ષનાં સર્વે સાધનો પણ વ્યર્થ સાબિત થાય.[૧૧] જો વેદોક્ત સાધનોને જ તમે નિષ્ફળ ગણો તો તમારો મત વેદબાહ્ય સિદ્ધ થાય. અને અમારો સિદ્ધાંત એ છે કે, વેદોક્ત પ્રતિપાદિત ભગવાનના સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન એ જ મોક્ષનું ખરું સાધન છે.[૧૨] હરિનામ સંકીર્તનથી પુણ્ય થાય પાપનો નાશ થાય, પરંતુ જન્મ-મરણરૂપ સંસૃતિ થકી તત્કાળ મોક્ષ તો કેવળ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનથી જ થાય છે.[૧૩] માટે હે વિપ્રો ! તમે પ્રત્યક્ષ ભગવાન શ્રીનારાયણનાં દર્શન કર્યાં છે ? કે નથી કર્યાં ? જો કર્યાં હોય તો મોક્ષ પ્રાપ્ત થશે. અને જો પ્રત્યક્ષ દર્શન ન કર્યાં હોય તો તેને માટે આજથી પ્રયત્ન ચાલુ કરો.[૧૪]

**वादिन ऊचुः –**

धर्मभक्त्यबोधाख्यं वैदिकं साधनं तु यत् । क्षणभङ्गुरदेहैस्तद्दुष्करं हि कलौ नृभिः ॥ १५
नाममात्रेण कल्याणमस्माभिस्तन्मतं हरेः । घोरे कलियुगे तस्य कुतः प्रत्यक्षदर्शनम् ॥ १६
अजामिलो महापापी नामोच्चारणमात्रतः । नारायणस्य सम्प्राप मुक्तिं त्वमपि वेत्सि तत् ॥ १७

**मुक्तानन्द उवाच –**

नाममात्रेण या मुक्तिः सा तु ज्ञेयाऽघसञ्चयात् । यमपाशाच्च वेत्युक्तं श्रीमद्भागवते द्विजाः ॥ १८
नामोच्चारणमाहात्म्यं हरेः पश्यत पुत्रकाः ! । अजामिलोऽपि येनैव मृत्युपाशादमुच्यत ॥ १९
तस्मात्सङ्कीर्तनं विष्णोर्जगन्मङ्गलमंहसाम् । महतामपि कौरव्य विद्ध्यैकान्तिकनिष्कृतम् ॥ २०
अजामिलो नाममात्रान्मुक्तिं प्रापेति चेन्मतम् । गङ्गाद्वारे कुतस्तर्हि स योगाभ्यासमाचरत् ॥ २१

---

**વાદીઓ કહે છે, હે મુનિવર્ય ! ધર્મ, ભક્તિ અને જ્ઞાન નામનાં જે વૈદિક મોક્ષનાં સાધનો છે. તે તો કળિયુગમાં ક્ષણભંગુર મનુષ્ય શરીરથી સાધવાં કઠિન છે, એ ચોક્કસ છે.[૧૫] તેથી જ અમે હરિનામસંકીર્તન માત્રથી જીવનું કલ્યાણ માન્યું છે. આવા ઘોર કળિયુગમાં પ્રત્યક્ષ શ્રીહરિનું દર્શન ક્યાંથી હોય ? ન જ હોય.[૧૬] અને હે મુનિવર્ય ! મહાપાપી અજામિલ નારાયણના નામનું ઉચ્ચારણ કરવા માત્રથી મુક્તિને પામ્યો છે. તે કથાને તો તમે પણ જાણો છો.[૧૭] ત્યારે મુક્તાનંદ સ્વામી કહે છે, હે પંડિત વિપ્રો ! નામ ઉચ્ચારણ માત્રથી અજામિલની જે મુક્તિ કહી છે. તે તો કેવળ પાપનાં પુંજ થકી મુક્તિ જાણવી, અથવા યમના પાશના બંધન થકી મુક્તિ જાણવી. પરંતુ સંસારના જન્મ-મરણરૂપ પાશ થકી મુક્તિ શ્રીમદ્‌ભાગવતમાં કહી નથી.[૧૮] જુઓને યમરાજા પોતાના દૂતો પ્રત્યે કહે છે, હે યમદૂતો ! શ્રીહરિનામસંકીર્તનનું માહાત્મ્ય તો જુઓ. અજામિલ આવો મહાપાપી હતો છતાં જેનું ઉચ્ચારણ કરતાં યમના પાશ થકી મૂકાઈ ગયો.[૧૯] તેવી જ રીતે આ કથા કહેતાં શુકદેવજી પણ પરીક્ષીત રાજાને કહે છે કે હે રાજન્ ! એથી જ જગતને મંગલ કરનારૂં ભગવાન વિષ્ણુનું નામ સંકીર્તન મહાપાપનું પણ અનોખું પ્રાયશ્ચિત છે. એમ તમે જાણો.[૨૦]**

**હે પંડિત વિપ્રો ! જો અજામિલ કેવળ હરિનામ સંકીર્તનથી જ મુક્તિ પામી ગયો છે, એવો જો તમારો સિદ્ધાંત હોય તો એ અજામિલે ગંગાના કિનારે બેસીને પછીથી અષ્ટાંગયોગનો અભ્યાસ શા માટે કર્યો ?[૨૧] માટે અજામિલ હરિનામ સંકીર્તનથી તો કેવળ પાપથકી અને યમના પાશ થકી મૂકાયો છે. પરંતુ મોક્ષ તો**

अतः स तु हरेर्नाम्ना मुक्तोऽयेभ्यस्तथा यमात् । मुक्तिं तु विष्णुभृत्यानां दृष्ट्या प्रापेति वच्म्यहम् २२
कलौ युगे न प्रत्यक्षो हरिः स्यादिति यद्वचः । सत्पुंसा तन्न केनापि कथ्यते वेदवेदिना ॥ २३
नारायणावतारोऽत्र हरिरस्ति गुरुर्हि नः । सहस्रशो जनैस्तस्य मया चैश्वर्यमीक्षितम् ॥ २४
सहजानन्दनाम्ना स प्रसिद्धो वर्ततेऽधुना । असदेव मतं तस्माद्भवद्भिर्यदुदीरितम् ॥ २५
प्रमाणेभ्यो हि सर्वेभ्यः प्रत्यक्षं बलवत्तरम् । अनुमानादिभिस्तस्य बाधः कर्तुं न शक्यते ॥ २६
शृणुतान्यश्च वक्ष्यामि रहस्यं शास्त्रसम्मतम् । हेतुर्हर्यवतारस्य ज्ञेयः सच्छास्त्रतो बुधैः ॥ २७
धर्मग्लानिर्यदा भूमौ जायते दुर्जनैः कृता । तदाऽवतारं गृह्णाति हरिः शास्त्रेष्वितीर्यते ॥ २८
दैत्या हिंसानुरक्ताश्च अवध्याः सुरसत्तमैः । राक्षसाश्चापि लोकेऽस्मिन् यदोत्पद्यन्ति दारुणाः ॥ २९

---

**ભગવાનની ઉપાસના કરી ભગવાનના સાધર્મ્યપણાને પામેલા ભગવાનના પાર્ષદોના પ્રત્યક્ષ દર્શનથી અથવા તેમની દયામય દૃષ્ટિ મળતાં જ્ઞાન પ્રાપ્ત થયું કે, અહો !!! આતો સાક્ષાત્ ભગવાનના પાર્ષદો છે. આવા જ્ઞાનને લઈને તે ભગવાનના માર્ગે વળ્યો ને અષ્ટાંગયોગ સાધી ભગવાનનો સાક્ષાત્કાર કરી મોક્ષને પામ્યો છે. એમ હું કહું છું.[૨૨] હે પંડિત વિપ્રો ! કલિયુગમાં ભગવાનનું પ્રાગટ્ય ન થાય એમ તમે જે બોલ્યા તે આવા પ્રકારનું વચન વેદાંતને જાણતા કોઈ પણ સત્પુરુષો બોલતા નથી.[૨૩] આવા ઘોર કળિયુગમાં પણ અમારા ગુરુ સ્વામિનારાયણ છે, તે તો શ્રીનારાયણ ભગવાનનો પ્રગટ અવતાર છે. તેમના પરમેશ્વરપણાના ઐશ્વર્યોની તો હજારો મનુષ્યોએ તેમ જ મેં પણ પ્રગટ અનુભૂતિ કરેલી છે.[૨૪] તે ભગવાન શ્રીહરિ અત્યારે સહજાનંદ સ્વામીના નામથી પ્રસિદ્ધ છે. તેથી હું કહું છું કે, તમે માનેલો સિદ્ધાંત સંપૂર્ણ અસત્ય છે.[૨૫] કારણ કે, સર્વ પ્રકારના પ્રમાણોમાં પ્રત્યક્ષ પ્રમાણ પ્રબળ પ્રમાણ છે. તેથી અનુમાનાદિક પ્રમાણોથી પ્રત્યક્ષ પ્રમાણનું ખંડન કરવું શક્ય નથી.[૨૬]**

**હે પંડિત વિપ્રો ! શાસ્ત્ર સંમત અન્ય રહસ્ય પણ હું તમને કહું છું. તેને તમે સાંભળો, તમારા જેવા વિદ્વાનોએ ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવનું કારણ સત્શાસ્ત્રો થકી જાણવું જોઈએ.[૨૭] જ્યારે પૃથ્વી પર અસુરજનોના માધ્યમથી ધર્મનો ક્ષય થાય છે, ત્યારે સ્વયં ભગવાન શ્રીહરિ અવતાર ધારણ કરે છે. આ પ્રમાણે સત્શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે.[૨૮] તેમાં મહાભારતના વનપર્વમાં પ્રાદુર્ભાવના પ્રમાણિક બે શ્લોકો છે. તે તમને સંભળાવું છું, પ્રાણીઓની હિંસામાં રૂચિ ધરાવતા અતિશય ક્રૂર તેમજ દેવેન્દ્ર વગેરે દેવતાઓથી પણ મારી ન શકાય તેવા અવધ્ય**

तदाहं सम्प्रसूयामि गृहेषु शुभकर्मणाम् । प्रविष्टो मानुषं देहं सर्वं प्रशमयाम्यहम् ॥ ३०
इत्थं हि भारते प्राह मार्कण्डेयं जनार्दनः । वदामि भगवद्गीतावाक्यं वोऽथ शुचिव्रताः ! ॥ ३१
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ३२
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥ ३३
इति श्रीभगवद्गीतावाक्यं जानीत सुव्रताः ! । प्रमाणानां प्रमाणं हि गीता भागवती मता ॥ ३४
श्रीमद्भागवतं चापि प्रमाणं बलवत्तरम् । वेदशास्त्रपुराणानां सारभूतं यतोऽस्ति तत् ॥ ३५
यदा ह्यधर्मेण तमोधियो नृपा जीवन्ति तत्रैष हि सत्त्वतः किल ।
धत्ते भगं सत्यमृतं दयां यशो भवाय रूपाणि दधद्युगे युगे ॥ ३६

---

દૈત્યો તથા રાક્ષસો આ લોકમાં જ્યારે ઉત્પન્ન થાય છે.[૨૯] ત્યારે હું પવિત્ર કર્મ કરતા અને મારો વિરહ સહન ન કરી શકતા કોઈ મારા એકાંતિક ગૃહસ્થ ભક્તને ઘેર પ્રગટ થાઉં છું. ને મનુષ્યશરીરને અનુસારે વર્તી હું સર્વ પ્રકારની અધર્મની પ્રવૃત્તિને કરતા દૈત્યો તથા રાક્ષસોનો વિનાશ કરૂં છું, અને ધર્મનું સ્થાપન કરૂં છું.[૩૦]

હે પવિત્ર વ્રતવાળા વિદ્વાનો ! આ ઉપરોક્ત પ્રમાણે મહાભારતમાં ભગવાન જનાર્દને માર્કંડેય મહર્ષિને કહ્યું છે. હવે તમને શ્રીમદ્ ભગવદ્ગીતાના વચનો પણ કહું છું.[૩૧] શ્રીકૃષ્ણ ભગવાન અર્જુન પ્રત્યે કહે છે, હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે. ત્યારે હું અવતાર ધારણ કરું છું.[૩૨] સાધુ પુરુષોનું રક્ષણ કરવા માટે અને દુષ્ટ કર્મ કરતા પાપીઓનો વિનાશ કરવા માટે તેમજ ધર્મના સ્થાપન માટે હું યુગયુગને વિષે પ્રગટ થાઉં છું.[૩૩] હે સુંદરવ્રતવાળા વિદ્વાનો ! આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતાના વચનોને પ્રમાણરૂપે તમે જાણો. મહાભારતના ઉદ્યોગપર્વમાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુન પ્રત્યે કહેલી ગીતા પ્રામાણિક શાસ્ત્રોના મધ્યે પરમ પ્રમાણરૂપ મનાયેલી છે.[૩૪] શ્રીમદ્ ભાગવત પુરાણ પણ પ્રબળ પ્રમાણરૂપ શાસ્ત્ર છે. કારણ કે તે સર્વે વેદ, શાસ્ત્ર અને પુરાણોના પણ સારભૂત છે.[૩૫]

હે વિદ્વાન વિપ્રો ! ભાગવતના પ્રમાણભૂત બે શ્લોકો તમને સંભળાવું છું, જ્યારે તમોમય બુદ્ધિવાળા રાજાઓ કેવળ અધર્મમાર્ગથી પોતાનું જીવન જીવે છે, ત્યારે એ ભગવાન શ્રીકૃષ્ણ જગતના કલ્યાણને માટે યુગ યુગને વિષે પોતાના પરમ ઐશ્વર્યવાળા સ્વભાવની સાથે અનેક સ્વરૂપો ધારણ કરી ઐશ્વર્ય, સત્ય, ઋત અર્થાત્ પુણ્યકર્મ, દયા, યશ આદિ અનેક સદ્ગુણોથી યુક્ત થઈ વર્તે છે.[૩૬]

यो नः सपत्नैर्भृशमर्द्यमानान् देवर्षितिर्यङ्नृषु नित्य एव ।
कृतावतारस्तनुभिः स्वमायया कृत्वात्मसात्पाति युगे युगे च ॥ ३७
इत्यादीनि च वाक्यानि श्रीमद्भागवताभिधे । पुराणे शतशः सन्ति चिन्तनीयानि तान्यपि ॥ ३८
अधर्मवृद्धिर्नास्त्येव कलौ युष्मन्मतेऽत्र किम् । धर्म एवास्ति किं पुष्टो नावतारो यतो हरेः ॥ ३९
अन्यश्च भक्ताः ! शृणुत मद्वाक्यं वो हितावहम् । येऽवतारः कलौ विष्णोर्नेत्यूचुस्तान् हि पुच्छत ॥ ४०
भारतं पञ्चमो वेदस्तत्र भागवते तथा । नरनारायणस्यास्ति कथा कृष्णार्जुनाकृतेः ॥ ४१
कलावेव तयोर्जन्म तथा बुद्धस्य कल्किनः । यदुच्यते पुराणादौ तत्किं सत्यमुतानृतम् ॥ ४२
धर्मप्रवर्तकाश्चान्ये आचार्याः कलिसम्भवाः । अवतारा हरेः शिष्टैः कथ्यन्ते तच्च किं मृषा ? ॥ ४३

---

એ ભગવાન નિત્ય સિદ્ધ દિવ્ય સ્વરૂપે પોતાની માયાથી અર્થાત્ પોતાના સંકલ્પથી યુગયુગને વિષે દેવ, મુનિ, જળચર તેમજ મનુષ્યયોનિમાં અવતાર ધારણ કરે છે ને શત્રુઓથી અતિશય પીડા પામતા દેવ, મનુષ્ય એવા આપણું પોતાના જાણીને રક્ષણ કરે છે.[૩૭] ઈત્યાદિ સેંકડો વચનો શ્રીમદ્ ભાગવત પુરાણમાં પ્રમાણરૂપે રહ્યાં છે. એ વચનો ઉપર તમારે દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવો જોઈએ.[૩૮] હે વિદ્વાનવિપ્રો ! શું તમારા મતે આ કળિયુગમાં અધર્મવૃદ્ધિ થઈ હોય એવું દેખાતું નથી ? શું ધર્મની જ વૃદ્ધિ જોવામાં આવે છે ? કે જેથી કરીને અત્યારે ભગવાનનો અવતાર ન થાય ? અમે તો માનીએ છીએ કે, અત્યારે પણ અધર્મની વૃદ્ધિ થઈ છે. તેથી તેનો ઉચ્છેદ કરવા પૂર્વક ધર્મની પુષ્ટિ કરવા માટે ભગવાનનો અવતાર થયો છે.[૩૯] હે વિદ્વાન વિપ્ર-ભક્તો ! તમારા હિતનું બીજું એક વચન કહું છું, તેને તમે સાંભળો. "કળિયુગમાં ભગવાન વિષ્ણુના અવતાર ન થાય એ પ્રમાણે જે લોકો કહે છે, તેને જ તમે વળતાં પૂછો.[૪૦] કે મહાભારત જે પાંચમો વેદ કહેલો છે. તેમાં તથા શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનરૂપે પ્રગટેલા શ્રીનરનારાયણ ભગવાનની કથા આવે છે.[૪૧] તેથી તે શ્રીકૃષ્ણ ભગવાન તથા અર્જુનનો જન્મ કળિયુગમાં જ થયો છે. તેમજ બુદ્ધાવતાર અને કલ્કિ અવતાર પણ તે પુરાણાદિમાં કલિયુગમાં જ કહેલા છે. તો તેમના જન્મોની કથા સત્ય છે કે ખોટી છે ?.[૪૨]

વળી હે વિદ્વાનો ! કળિયુગમાં જન્મેલા ધર્મના પ્રવર્તક રામાનુજાદિ અનેક આચાર્યો અને તેમના શિષ્યો ભગવાન શ્રીહરિના અવતારો કળિયુગમાં પણ થાય છે, એમ કહે છે, તો તેઓનાં વચનો શું ખોટાં છે ?[૪૩] તેથી જે મનુષ્યો આ કલિયુગમાં ભગવાનના અવતારો થાય છે તેમ માનતા નથી, તેઓને ખરેખર શાસ્ત્રના રહસ્યનું

अतः कलौ न मन्यन्ते येऽवतारं हरेर्जनाः । तेषां शास्त्ररहस्यस्य ज्ञानं नास्तीति निश्चयः ॥ ४४
पूर्वापरविरोधं च स्ववाक्येष्वपि ते जनाः । न विदुर्मन्दमतयो धनार्थं जनवञ्चकाः ॥ ४५
यं निषेधन्ति च कलौ तत्कथामेव कुर्वते । तथापि तं न जानन्ति कृष्णो जातः कदेति ते ॥ ४६
मार्गः संसारिणामन्यो ह्यन्य एव मुमुक्षताम् । मुमुक्षुभिर्मुमुक्षूणामध्वा सेव्यो न चापरः ॥ ४७
ये ये मुमुक्षवो जातास्ते ते सत्सङ्गतो भुवि । सम्प्राप्ताः परमां सिद्धिं भ्रष्टाश्चासन् कुसङ्गतः ॥ ४८
हरिर्न स्याद्यदि कलौ प्रत्यक्षो भूतले क्वचित् । सन्तः कुतस्तदात्र स्युः श्रयणीया मुमुक्षुभिः ॥ ४९
अपरोक्षपरब्रह्मसाक्षात्कारो हि लक्षणम् । सतां मुख्यतया प्रोक्तं कुतः स्यात्तद्धरिं विना ॥ ५०
यस्य यस्य पुरा मुक्तिर्जाता संसृतिबन्धनात् । हरेर्हरिजनानां वा सङ्गेनैवोदितास्ति सा ॥ ५१

---

જ્ઞાન જ નથી તે સત્ય વાત છે.[૪૪] કારણ કે મંદબુદ્ધિ અને ધન પ્રાપ્તિ માટે લોકોને છેતરનારા તે મનુષ્યો માત્ર કહેવાના પંડિત છે. પરંતુ પોતાના જ વચનોમાં પૂર્વાપર વિરોધ આવે છે તેને પણ જાણી શકતા નથી. એક બાજુ ભગવાનના અવતારોમાં શ્રીકૃષ્ણ ભગવાન, બુદ્ધ ભગવાન અને કલ્કિ ભગવાનને સ્વીકારે છે, ને એક બાજુ કળિયુગમાં ભગવાન પ્રગટતા નથી એવું બોલ્યા રાખે છે.[૪૫] જે મનુષ્યો કળિયુગમાં અવતારોનો નિષેધ કરે છે, તેઓ જ કળિયુગમાં પ્રાદુર્ભાવ થયેલા શ્રીકૃષ્ણ ભગવાનની કથા કરે છે. છતાં પણ શ્રીકૃષ્ણ ભગવાન ક્યારે પ્રગટ્યા છે તેનું તેને જ્ઞાન નથી.[૪૬] સંસારમાં આસક્ત જનોનો માર્ગ જુદો છે, અને મુમુક્ષુઓનો માર્ગ પણ જુદો છે. જેને મુક્તિ જોઈતી હોય તેવા મનુષ્યોએ મોક્ષમાર્ગનું સેવન કરવું જોઈએ, નહીં કે સંસારી માર્ગનું.[૪૭] આ પૃથ્વી પર આગળમાં જે જે મુમુક્ષુઓ જન્મ્યા છે, તે સર્વે સત્સંગથી જ પરમ સિદ્ધિ રૂપ મોક્ષને પામ્યા છે. મુમુક્ષુ હોવા છતાં જેણે કુસંગનો સંગ રાખ્યો છે, તે સર્વે ભ્રષ્ટ થયા છે.[૪૮]

હે વિપ્રો ! આ પૃથ્વીપર કલિયુગના કારણે જો ભગવાન ક્યાંય પણ સાક્ષાત્ પ્રગટ થતા ન હોય તો પછી મુમુક્ષુજનોને આશ્રય કરવા યોગ્ય તેના સંતો તે ક્યાંથી હોય ?[૪૯] અને પ્રત્યક્ષ પરબ્રહ્મનો સાક્ષાત્કાર જેને હોય તેને જ સંતપુરુષો કહેલા છે. એમ પંચરાત્ર શાસ્ત્રમાં કહેલું છે, જો ભગવાન પ્રગટ જ ન થતા હોય તો આવું સંતોનું પ્રથમ લક્ષણ કેમ સિદ્ધ થઈ શકે ?[૫૦] આથી પૂર્વે જેની જેની સંસારના બંધનમાંથી મુક્તિ થઈ છે, તે મુક્તિ કાં ભગવાનનાં સંગથી કાં સંતોના સંગથી થઈ છે. એમ કહેલું છે.[૫૧] જો એમ જ હોય તો પછી મનુષ્યોએ કળિયુગમાં મોક્ષની આશા જ શું કામ કરવી ? કારણ કે જે થવાનું નથી તેની આશા જ શા માટે ?[૫૨] હે

कलौ तु नास्ति भगवांस्तं विना च न तज्जनाः । किमर्थे तर्हि मोक्षाशा कर्तव्यात्र मुमुक्षुभिः ॥ ५२
शास्त्रेषु नरदेहो हि मोक्षसाधनमुच्यते । तं प्राप्यापि न यो मुक्तः स चात्मघ्नऽपि कथ्यते ॥ ५३
नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयानुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं न तरेत्स आत्महा ॥ ५४
इत्यादिभिर्हि शतशो हरिवाक्यैर्नृदेहभाक् । अमुक्तः संसृतेर्योऽसावात्महेत्युच्यते बुधैः ॥ ५५
नरदेहं विना नैव देहेनान्येन कर्हिचित् । ज्ञानं स्यात्स्वात्मपरयोर्मुक्तिर्ज्ञानादृते न च ॥ ५६
दुर्लभो मानुषो देह इति सर्वैरुदीर्यते । अनेकसम्भवान्ते च सोऽतिपुण्यैरवाप्यते ॥ ५७
सोऽस्माकमद्य सम्प्राप्तस्तदा त्वस्ति कलिर्महान् । अदर्शनं हरेरेव यत्र लोकैरुदीर्यते ॥ ५८

---

વિપ્રો ! શાસ્ત્રોમાં તો મનુષ્યદેહને જ મોક્ષનું સાધન કહ્યું છે. જે મનુષ્ય નરદેહ પામીને પણ મોક્ષ મેળવી ન શકે તેને આત્મહત્યારો કહેલો છે.[૫૩] તેમાં પણ તમને શ્રીમદ્ ભાગવતનું પ્રમાણ વચન કહું છું, આ મનુષ્ય શરીર સર્વ પ્રકારના ફળનું મૂળ છે, અર્થાત્ પૂર્વે કરેલા અનંત સાધનોના ફળરૂપે પ્રાપ્ત થયેલું છે. માટે અતિશય દુર્લભ છે, કારણ કે કોટિ જન્મે પણ મળવું અશક્ય છે, છતાં સુલભ જેવું જણાય છે, કારણ કે જેના ઉપર ભગવાનની કૃપા થાય તેને જ મનુષ્યશરીર પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારનાં સાધનો સિદ્ધ કરવામાં તે સમર્થ છે. આ સંસારસાગરને તરવા તે નૌકારૂપ છે. તે માનવજીવનમાં શાસ્ત્રોક્ત લક્ષણવાળા સાચા સદ્ગુરુ છે તે તેમના કર્ણધાર છે. પરમાત્મા એવા મારા રૂપે રહેલા અનુકૂળ પવનથી યોગ્ય દિશામાં તે ગતિ કરનારું છે. આવા મહિમાવાળા મનુષ્યશરીરને પામીને જે પુરુષો સંસારસાગરને તરતા નથી તે મનુષ્યો આત્મહત્યારા કહેલા છે.[૫૪] આવા પ્રકારના સેંકડો ભગવાનનાં વચનો પ્રમાણભૂત રહેલાં છે. તેથી જે મનુષ્ય નરદેહ પામીને સંસૃતિના બંધન થકી મુક્ત થતો નથી તે આત્મઘાતી છે.[૫૫]

હે વિપ્રો ! મનુષ્યોના શરીર વિના અન્ય બીજા કોઈ શરીરોથી ક્યારેય પણ આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થતું નથી, અને જ્ઞાન વિના મુક્તિ થતી નથી. એવી શ્રુતિ છે.[૫૬] તેથી જ મનુષ્યશરીર દુર્લભ છે એમ રાજા રંકાદિ સર્વે કહે છે. તે મનુષ્યશરીર બહુ જન્મોના અંતે અતિશય પુણ્ય ભેળાં થયાં હોય ત્યારે અથવા ભગવાનની અહૈતુકી કૃપા થઈ ગઈ હોય ત્યારે જ પ્રાપ્ત થાય છે.[૫૭] આવું દુર્લભ માનવશરીર આપણને અત્યારે પ્રાપ્ત થયું છે, ને હાલ હળાહળ કળિયુગ વર્તે છે. એવા સમયે પણ મનુષ્યો ભગવાનના પ્રત્યક્ષ દર્શનનો નિષેધ કરે છે.[૫૮]

यदा युगं हि सत्यादि भवेदत्र तदा तु नः । पश्वादिरूपता स्याच्चेत्तर्हि कुर्यात्कृतादि किम् ॥ ५९
बहून्यतीतान्यस्माकं सत्यादीनि युगानि वै । तत्रापि न हरिः क्वापि श्रित इत्येव वेद्म्यहम् ॥ ६०
हर्याश्रयो यदि कृतो भवेदस्माभिरेकदा । मलमांसमये पिण्डे तर्हि स्यात्पतनं कुतः ॥ ६१
तस्माद्यदा मनुष्यत्वमस्माकं स्यात्तदा भुवि । हरेरप्यवतारोऽत्र भवेदित्यवधार्यताम् ॥ ६२
अन्यथा नात्महन्तृत्वं जीवस्योच्येत सज्जनैः । ततः कलावपि हरिर्भुवि स्यादित्यवैत वै ॥ ६३
हरेः समागमो न स्यात्कलौ चेन्मुक्तिसाधनम् । युगान्तरे जनास्तर्हि जन्मेच्छन्ति कुतः कलौ ॥ ६४
कृतादिषु प्रजा राजन् ! कलाविच्छन्ति सम्भवम् । कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥ ६५
इति योगेश्वराः प्राहुर्जनकं नृपतिं पुरा । यदि नारायणो न स्यात्कुतः स्युस्तत्परा जनाः ॥ ६६

---

જો પૃથ્વીપર સત્યાદિ યુગો પ્રવર્તતા હોય ને ત્યારે પણ આપણને પશુ આદિકના શરીર પ્રાપ્ત થયાં હોય તો પછી સત્યયુગ હોવાનું પણ શું પ્રયોજન છે ?[૫૯] આવા આપણા અનેક સત્યયુગ આદિક યુગો પસાર થઈ ગયા તેમાં પણ આપણે ક્યારેય ભગવાનનો આશ્રય કર્યો નથી. એમ હું જાણું છું.[૬૦] કારણ કે જો આપણે એકવાર પણ ભગવાન શ્રીહરિનો આશ્રય કર્યો હોય તો પછી મળમાંસના પિંડરૂપ આ શરીરમાં શા માટે આવવું પડે ?[૬૧]

માટે હે વિપ્રો ! આ રીતે ભગવાનના પૃથ્વી પર અવતારો થાય છે જ, અને જ્યારે આ પૃથ્વી પર આપણો મનુષ્ય જન્મ હોય છે ત્યારે અહીં ભગવાનનો અવતાર પણ હોય છે. એ વાત તમે નક્કી માનો.[૬૨] જો એમ ન હોય તો જીવને સત્પુરુષો આત્મહત્યારો ન કહે. તેથી કળિયુગમાં પણ પૃથ્વી પર ભગવાનનો અવતાર હોય છે એમ નક્કી તમે જાણો.[૬૩] જો કલિયુગમાં મુક્તિના સાધનભૂત ભગવાન શ્રીહરિનો સમાગમ ન હોત તો સત્યુગાદિ યુગોમાં જન્મેલા મનુષ્યો કળિયુગમાં જન્મ ધરવાની શા માટે ઈચ્છા કરે ? તેમાં પણ શ્રીમદ્ ભાગવતના પ્રમાણ વચનો તમને કહું છું.[૬૪] યોગેશ્વરો જનકરાજા પ્રત્યે કહે છે, હે રાજન્ ! સતયુગાદિકમાં જન્મેલી પ્રજા કલિયુગમાં જન્મ ઈચ્છે છે. શા માટે કે કલિયુગમાં એ પ્રજા નારાયણ-પરાયણ થવાની છે. એ નિર્વિવાદ સત્ય છે.[૬૫] આ પ્રમાણે યોગેશ્વરોએ જનક રાજાને જ્યારે કહ્યું છે. ત્યારે જો કલિયુગમાં શ્રીનારાયણ ભગવાન પ્રગટ થવાના જ ન હોય તો પ્રજા તેના પરાયણ કેવી રીતે થઈ શકે ?[૬૬] તેથી નક્કી આ પૃથ્વી પર શ્રીનારાયણ ભગવાન સર્વ કાળે રહેલા છે. એમનું સાક્ષાત્ શરણું સ્વીકારી ભક્તજનોએ તેમની નવ પ્રકારની ભક્તિ કરવી જોઈએ.[૬૭] હે

तस्मान्नारायणो नूनं सर्वदैव भवेद्भुवि । तं प्राप्य भक्तिः कर्तव्या भक्तैर्नवविधा ततः ॥ ६७
इति प्रोक्तं मया भक्ताः शास्त्रानुभवसम्मतम् । अत्र चेत्संशयः कश्चित्पुनः प्रश्नो विधीयताम् ॥ ६८

**सुव्रत उवाच –**

सच्छास्त्रार्थैर्गुम्फितां तस्य वाचं श्रुत्वा ते वै वादिनस्तज्जयाशाम् ।
नष्टप्रायां मेनिरेऽथेक्षकास्तां नष्टामेव क्षोणिपालेतरे तु ॥ ६९

*इति श्री सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्रियुगशब्दार्थनिर्णये कलियुगेऽपि भगवदवतारसत्त्वनिरूपणनामा पञ्चत्रिंशोऽध्यायः ॥ ३५ ॥*

---

**ભક્ત પંડિતો ! આ પ્રમાણે શાસ્ત્રના પ્રમાણોએ સહિત મારા અનુભવ સિદ્ધ વાત મેં તમને કહી. આ મારા વચનોમાં જો તમને કોઈ પણ જાતનો સંશય હોય તો ફરી મને તમે પ્રશ્ન પૂછી શકો છો.[૬૮]**

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણેનાં મુક્તાનંદ સ્વામીનાં શાસ્ત્રસંમત વચનો સાંભળી તે વાદી પંડિતો સ્વામી ઉપર વિજય મેળવવાની આશા તો નષ્ટ પ્રાય થઈ એમ માનવા લાગ્યા, તે જ રીતે ઈતર સભાસદો અને બીજા જીજ્ઞાસુએ પણ વિજયની આશા છોડી દીધી.[૬૯]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્રિયુગ શબ્દના અર્થનો નિર્ણય કરવામાં કલિયુગમાં પણ ભગવાનનો અવતાર થાય છે તેનું પ્રમાણે સહિત નિરૂપણ કર્યું એ નામે પાત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૫--**

---

षड्त्रिंशोऽध्यायः - ३६

सुव्रत उवाच –

तेषां मध्ये हरिश्चन्द्रो वादिनां कोमलान्तरः । अवतारं हरेर्भूमौ निश्चिकाय कलावपि ॥ १
नारुपन्तोऽपि तद्वाक्यं श्रद्धया बह्वमन्यत । उक्तिप्रत्युक्तिनिपुणो रामचन्द्रस्तमब्रवीत् ॥ २

रामचन्द्र उवाच –

महर्षे ! यत्त्वया प्रोक्तं तच्छ्रद्दध्मो वयं किल । यतस्त्वं गुरुभक्तोऽसि सत्यवाग्घिकृच्च नः ॥ ३
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः । गुरुरेव परंब्रह्मेत्यस्ति स्कान्दोदितापि वाक् ॥ ४
साक्षाद्विष्णोस्तु जननं चतर्ष्वपि युगेषु चेत् । कथं त्रियुगनामासौ पुराणादिषु कथ्यते ॥ ५

## અધ્યાય - ૩૬

## 'ત્રિયુગ' શબ્દ ઉપર રામચંદ્ર વૈદ્યનો વધુ એક પ્રશ્ન અને સ્વામીનો ઉત્તર.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે વાદ કરવા આવેલા વિદ્વાનોની મધ્યે જે કોમળ અંતઃકરણ વાળા હરિશ્ચંદ્ર વિદ્વાન હતા તેણે કળિયુગમાં પણ આ પૃથ્વી પર શ્રીહરિનો અવતાર થાય છે, એ વાતનો સ્વીકાર કર્યો.[૧] તેમજ નારૂપંતનાનાએ પણ મુક્તાનંદ સ્વામીના વચનોને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કર્યાં. ત્યાર પછી આડાઅવળા પ્રશ્નો કરી તેના ઉત્તરો આપવાની યુક્તિ પ્રયુક્તિમાં નિપુણ રામચંદ્રવૈદ્ય મુક્તાનંદ સ્વામી પ્રત્યે પ્રશ્ન પૂછવા લાગ્યા.[૨] હે મહર્ષિ સ્વામી ! તમે જે વચન કહ્યાં, તેમાં અમને સંપૂર્ણ શ્રદ્ધા છે. તેને અમે પૂર્ણ સત્ય માનીએ છીએ, કારણ કે સત્ય વચન બોલનારા ને અમારા હિતની વાત કરનારા તમે ગુરુભક્ત છો.[૩] "ગુરૂ જ બ્રહ્મા, ગુરૂ જ વિષ્ણુ, ગુરૂ એજ મહાદેવ અને ગુરૂ એજ પરબ્રહ્મ છે" આ પ્રમાણે સ્કંદપુરાણમાં રહેલી ગુરૂગીતામાં પ્રમાણભૂત વચનો કહેલાં છે. એટલે તમે તમારા ગુરૂને સાક્ષાત્ નારાયણ કહો છો. એ વાત બરાબર છે.[૪] પરંતુ મારો એક એ પ્રશ્ન છે કે જો ચારે .યુગમાં ભગવાનના અવતારો પ્રગટ થતા હોય તો વિષ્ણુને પુરાણાદિકમાં "ત્રિયુગી" નામથી શા માટે કહેલા છે ? શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં ભૂમિએ વરાહ ભગવાનની સ્તુતિ કરી ત્યારે પણ "ત્રિયુગાય નમઃ" એમ બોલીને નમસ્કાર કર્યા છે.[૫] હે વિદ્વાન સ્વામી ! મને આ સંશય રહે છે. તેનું નિવારણ તમે જ કરો. હું આ લોકમાં તમારી સમાન સંશય છેદનારા અન્ય કોઈ પુરુષને જોતો નથી. તમે જ મારા સંશયને દૂર કરી શકશો.[૬]

एतं मे संशयं विद्वंस्त्वमेव छेत्तुमर्हसि । न त्वादृशमहं लोके वीक्षे संशयभेदनम् ॥ ६
इति पृष्टो युक्तिविदा मुनिस्तेन महामतिः । सर्वशास्त्ररहस्यज्ञस्तं प्रोवाच नराधिप ! ॥ ७

**मुक्तानन्द उवाच –**

गुरावीश्वरधीर्या सा शिष्यैरारोपिता द्विज ! । पत्यौ साध्व्या स्त्रियेवास्ति न तु सा वास्तवी खलु ॥ ८
अहं तु साक्षाच्छ्रीविष्णोरवतारं कलावपि । श्रेयसे श्रितजीवानां जातं भुवि वदामि वः ॥ ९
यत्तु त्रियुगनाम्नाऽस्य प्रादुर्भावः कलौ युगे । नास्तीत्यस्ति मतं तत्र वदामि श्रव्यमादरात् ॥ १०
युगशब्दो युग्मवाची भगशब्दाभिधानि तु । त्रीणि वान्यस्य सन्तीति त्रियुगो भगवान्मतः ॥ ११
उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् । वेत्ति विद्यामविद्यां यः स वाच्यो भगवानिति ॥ १२

---

હે રાજન્ ! આ પ્રમાણે યુક્તિથી પ્રશ્ન પૂછવામાં ચતુર રામચંદ્ર વૈદ્યે જ્યારે પ્રશ્ન કર્યો ત્યારે સર્વ શાસ્ત્રના રહસ્યને જાણતા મહાબુદ્ધિમાન મુક્તાનંદ સ્વામી તેમના પ્રત્યે કહેવા લાગ્યા.[૭] હે વિપ્ર ! ગુરૂમાં જે પરમેશ્વરપણાની બુદ્ધિ છે તે તો પતિવ્રતા નારીએ જેમ પતિમાં પરમેશ્વર પણાની બુદ્ધિ આરોપિત કરી છે. તેમ શિષ્યોએ ગુરુમાં આરોપિત કરી છે. જેમ રાજસેવકો રાજામાં ઈશ્વરની બુદ્ધિ કરે છે પરંતુ તે પરમેશ્વરપણાની બુદ્ધિ વાસ્તવિક સત્ય નથી, એ ચોક્કસ છે.[૮] પરંતુ હું તો તમને અત્યારે આ પૃથ્વી પર કળિયુગ હોવા છતાં પણ શરણાગત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે સાક્ષાત્ ભગવાન શ્રીવિષ્ણુનો અવતાર થયેલો છે, એમ કહું છું.[૯] જરા ધ્યાનથી સાંભળો કે ભગવાન શ્રીવિષ્ણુનું નામ ત્રિયુગી હોવાના કારણે કલિયુગમાં તેઓ પ્રગટ થતા નથી, આવા પ્રકારનો જે તમારો મત છે તેનો હું ઉત્તર કરું છું.[૧૦]

હે વિદ્વાન વિપ્ર ! ''ત્રિયુગ'' શબ્દને વિષે ''યુગ'' શબ્દ છે તે જોડલાં વાચક છે, ભગ શબ્દથી કહેવાયેલાં ત્રણ જોડલાંઓ, એ ભગવાનના સ્વરૂપને વિષે રહ્યાં હોવાના કારણે ભગવાન શબ્દવાચી પરમેશ્વરને ''ત્રિયુગી'' કહેલા છે. પરંતુ ત્રણ યુગમાં પ્રગટ થાય છે, અને કળિયુગમાં પ્રગટ નથી થતા, એવો કોઈ અર્થ નથી.[૧૧] ત્રણ જોડલામાં એક જીવોની ઉત્પત્તિ અને પ્રલય, બીજું જીવોને સંસારમાં વારંવાર જન્મ અને મરણ, અને ત્રીજું જોડલું જીવોને મોક્ષના જ્ઞાનરૂપ વિદ્યા અને અનાદિ બંધનરૂપ અવિદ્યા. આ ત્રણે જોડલાંને જે જાણે અને જાણવાદિકનું ઐશ્વર્ય જેમાં હોય તેને ભગવાન કહેવાય છે.[૧૨] અથવા સતયુગની અંદર સર્વે મનુષ્યોની એક ભગવાનના સ્વરૂપને વિષે ધ્યાનપરાયણ સ્થિતિ હોવાથી યજ્ઞરૂપ

अथवा ध्याननिष्ठत्वात्सर्वेषां हि कृते युगे । नारायणो यज्ञरूपी नास्तीति त्रियुगो हरिः ॥ १३
यद्वार्थो युगशब्दस्य ग्रहीतव्यो यथाश्रुतः । ग्रहीतव्यानि तत्रापि स्वान्तराणि युगानि तु ॥ १४
युगानि द्विविधान्याहुर्बाह्यान्याभ्यान्तराणि च । बाह्यानि तु प्रसिद्धानि व्यवहारोऽस्ति यैर्भुवि ॥ १५
आन्तराणि प्रवक्ष्यामि चत्वार्यपि युगानि ते । परीक्षितं नृपं प्राह यानि प्राग्बादरायणिः ॥ १६
सत्त्वं रजस्तम इति दृश्यन्ते पुरुषे गुणाः । कालसंनोदितास्ते वै परिवर्तन्त आत्मनि ॥ १७
प्रभवन्ति यदा सत्त्वे मनोबुद्धीन्द्रियाणि च । तदा कृतयुगं विद्याज्ज्ञाने तपसि यद्रुचिः ॥ १८
यदा कर्मसु काम्येषु भक्तिर्भवति देहिनाम् । तदा त्रेता रजोवृत्तिरिति जानीहि बुद्धिमन् ॥ १९
यदा लोभस्त्वसन्तोषो मानो दम्भोऽथ मत्सरः । कर्मणां चापि काम्यानां द्वापरं तद्रजस्तमः ॥ २०

---

નારાયણ ભગવાનનો પ્રાદુર્ભાવ નહીં હોવાથી અને ત્રેતાયુગાદિ ત્રણમાંજ માત્ર યજ્ઞની પ્રવૃત્તિ હોવાથી પણ ભગવાન શ્રીહરિને ''ત્રિયુગી'' કહેલા છે.[૧૩] અથવા ત્રિયુગ શબ્દનો અર્થ તમે જે સાંભળ્યો છે કે સત્યાદિ ત્રણ યુગમાં જ ભગવાન હોય છે, એવો ગ્રહણ કરીએ તો પણ પોતાના અંતરમાં સત્યુગાદિ ત્રણ યુગ રહેલા હોય ત્યારે ભગવાનનું દર્શન થાય છે, એમ ગ્રહણ કરવો.[૧૪] કારણ કે યુગો બે પ્રકારે રહેલા છે. એક બાહ્યયુગો અને બીજા આભ્યંતરયુગો. તેમાં બાહ્યયુગો તો પ્રસિદ્ધ છે. જેનાથી આ પૃથ્વી પર ધર્મનો અને લોકનો વ્યવહાર થઈ રહ્યો છે.[૧૫] પરંતુ જે આભ્યંતર ચારયુગો છે તેની પ્રવૃત્તિ તમને કહું છું. આ ચાર આભ્યંતર યુગોની વાત પૂર્વે શુકદેવજીએ પરીક્ષિત રાજાને કહેલી છે.[૧૬]

**માનવના મનમાં ચાલતા ચારયુગોની વ્યાખ્યા :-** સત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો સર્વે મનુષ્યોમાં સામાન્ય રીતે જોવા મળે છે, એ ગુણો કાળ નામની ઈશ્વરની શક્તિથી પ્રેરણા પામી જીવોના કર્મને અનુસારે તેઓના મનમાં વધુ ઓછા અંશે સતત પ્રવૃત્ત થયા રાખે છે.[૧૭] જ્યારે મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો તે ગુણોને વશ થઈ સત્ત્વગુણમાં પ્રવૃત્ત હોય ત્યારે સત્યયુગ ચાલી રહ્યો છે, એમ જાણવું. તે સમયે મનુષ્યને જ્ઞાન તેમજ તપમાં રુચિ થાય છે.[૧૮] અને હે બુદ્ધિમાન વિપ્ર ! જ્યારે મનુષ્યોને ફલપ્રાપ્તિના અનુસંધાન સાથે યજ્ઞ-યાગાદિ કામ્ય કર્મો કરવામાં અભિરૂચિ થાય ત્યારે તેના મનમાં રજોગુણવૃત્તિ પ્રધાન ત્રેતાયુગ ચાલી રહ્યો છે એમ જાણવું.[૧૯] અને જ્યારે મનુષ્યોને લોભ, અસંતોષ, માન, દંભ અને મત્સર જેવા દોષો સાથે યજ્ઞયાગાદિ કામ્યકર્મો કરવામાં રૂચિ વર્તે ત્યારે તેઓના મનમાં રજોગુણ સહ તમોગુણવૃત્તિ પ્રધાન દ્વાપરયુગ ચાલી રહ્યો છે, એમ જાણવું.[૨૦]

यदा मायाऽनृतं तन्द्रा निद्रा हिंसा विषादनम् । शोको मोहो भयं दैन्यं स कलिस्तामसः स्मृतः ॥ २१
एतैः शुकेन कथितैर्विस्पष्टैर्युगलक्षणैः । वर्तमानं स्वहृदये परीक्षेत युगं बुधः ॥ २२
यदा कलियुगं स्वस्य वर्तमानं भवेद्हृदि । तदा तत्र हरिर्न स्याद्बाह्ये सत्ययुगेऽपि वै ॥ २३
यदा स्वस्मिन्सत्ययुगं तदा बाह्ये कलावपि । दर्शनं स्याद्भगवतो नात्र कार्या विचारणा ॥ २४
नैव बाह्यः कलिः किञ्चिद्धरिं पीडयितुं क्षमः । यतः स एव सर्वेषां युगानां कारणं मतः ॥ २५
अपि बाह्ये कलियुगे धर्मान्सत्यस्य स प्रभुः । प्रवर्तयितुमीशोऽस्ति यतः स परमेश्वरः ॥ २६
कालस्यापि हि तं कालं वेदो वदति सन्मते ! अतः कलिभयात्काचिच्छङ्का कार्या न वै हरौ ॥ २७

---

આમાં દંભાદિ દોષોમાં રૂચિ તે તમોગુણનો ધર્મ છે. અને યજ્ઞ-યાગાદિ કામ્યકર્મમાં રૂચિ તે રજોગુણનો ધર્મ છે. બન્નેનું મિશ્રણ તે દ્વાપરયુગ કહેલો છે. તેવીજ રીતે મનુષ્યોના મનમાં કપટ, અસત્ય, આળસ, અસમયે પણ સુવાની રૂચિ, હિંસા, અંતરમાં વિષાદ, શોક, મોહ, ભય, કંજૂસાઇ, વગેરે દોષો વર્તે ત્યારે તે કેવળ તમોગુણપ્રધાન વૃત્તિવાળો કળિયુગ ચાલી રહ્યો છે એમ કહેવાય છે.[૨૧]

હે વિદ્વાનવિપ્ર ! શુકદેવજીએ કહેલા આ પ્રમાણેના યુગોનાં સ્પષ્ટ લક્ષણોથી પોતાના મનમાં ચાલી રહેલા યુગની વિવેકી પુરુષોએ પરીક્ષા કરી લેવી. જ્યારે પોતાના મનમાં કળિયુગ ચાલતો હોય અને બહાર સત્યયુગ હોય છતાં પણ પોતાના હૃદયમાં સાક્ષાત્ શ્રીહરિનો પ્રાદુર્ભાવ થતો નથી. અર્થાત્ ભગવાન પૃથ્વીપર પ્રગટ હોય, તેના સંતોની વાર્તા સાંભળવા મળતી હોય છતાં અંતરમાં કળિયુગ હોવાથી તેમનો આશ્રય થતો નથી.[૨૩] અને જ્યારે મનુષ્યોના મનમાં સત્યયુગ ચાલતો હોય ત્યારે ભલેને કલિયુગ હોય છતાં પણ સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું તેમને દર્શન થાય છે. અર્થાત્ સાક્ષાત્ ભગવાનની વાર્તા સાંભળવા માત્રથી તેનો નિશ્ચય થવા પૂર્વક તત્કાળ તેનો આશ્રય થાય છે. આ મેં જે કહ્યું તેમાં સંશય કરવાના વિચારને કોઈ સ્થાન નથી.[૨૪] હે વિદ્વાન વિપ્રો ! બહાર કળિયુગ હોય છતાં પરમાત્મા શ્રીહરિને તે પીડવા કોઈ પણ રીતે સમર્થ થતો નથી. કારણ કે પરમાત્મા શ્રીહરિ જ સર્વે યુગોના કારણ મનાયેલા છે, તેથી કળિયુગના ભયથી ભગવાનનો તેમાં પ્રાદુર્ભાવ થતો નથી એવી શંકા ન કરવી.[૨૫] બહાર કળિયુગ હોય છતાં પણ તે પરમાત્મા પ્રગટ થઈને જ્ઞાન, વૈરાગ્ય, તપ આદિ સત્યયુગના ધર્મો આ પૃથ્વીપર મનુષ્યમાં પ્રવર્તાવવા સમર્થ હોય છે. માટે જ તેમને પરમેશ્વર કહેલા છે.[૨૬] હે સદ્‌બુદ્ધિમાન વિપ્ર ! વેદ પણ તેમને કાળના પણ કાળ કહે છે. એથી ભગવાન શ્રીહરિને વિષે

भीष्मोऽपि भारते प्राह राजानं हि युधिष्ठिरम् । कालस्य कारणं राजा न तु कालोऽस्य कारणम् ॥ २८
कालचालनशक्तिश्चेन्नृपतावपि मानुषे । कुतस्तर्हि जनाः शङ्कां कुर्वते जगदीश्वरे ॥ २९
सर्वस्वामी स एकोऽस्ति तस्मात्त्रियुगशब्दतः । कलौ तदवतारे त्वं शङ्कां मा कर्तुमर्हसि ॥ ३०
एवं त्रियुगशब्दार्थो बोद्धव्योऽत्र मुमुक्षुणा । न तु नास्तिकवज्ज्ञेयं हरिर्नास्ति कलाविति ॥ ३१
अत एव हि प्रह्लादस्त्रियुगत्वं हरेर्वदन् । कलौ छन्न इति प्राह न तु नास्तीति सोऽवदत् ॥ ३२
इत्थं नृतिर्यगृषिदेवझषावतारैर्लोकान्विभावयसि हंसि जगत्प्रतीपान् ।
धर्मं महापुरुष ! पासि युगानुवृत्तं छन्नः कलौ यदभवस्त्रियुगोऽथ स त्वम् ॥ ३३
अस्मिन् प्रह्लादवचने छन्नत्वं यद्धरेः कलौ । उक्तं तस्यार्थमपि ते कथयामि स्फुटं द्विज ! ॥ ३४

---

કળિયુગના ભયની કોઈ દિવસ શંકા ન કરવી, કાળનું કારણ રાજા છે.[૨૭] પરંતુ કાળ રાજાનું કારણ થઈ શકતો નથી. આ પ્રમાણે મહાભારતમાં ભીષ્મપિતામહે પણ યુધિષ્ઠિર રાજાને કહેલું છે.[૨૮] આ રીતે મનુષ્યરૂપમાં રહેલા રાજાને વિષે પણ કાળની પ્રવૃત્તિનું સામર્થ્ય ન હોય તો જગતના માલિક શ્રીહરિને વિષે તો મનુષ્યોએ કાળના સામર્થ્યની પ્રવૃત્તિની શંકા તો કેમ કરવી જોઈએ ? કદાપિ કરવી યોગ્ય નથી.[૨૯]

હે વિદ્વાનવિપ્ર ! એ કારણથી ભગવાન શ્રીહરિ છે, તે જ એક સર્વના સ્વામી છે. તેથી તમે ત્રિયુગ શબ્દને ધ્યાનમાં રાખી કળિયુગમાં ભગવાનના અવતારની શંકા ન કરો.[૩૦] આ રીતે હે વિપ્ર ! આ લોકમાં મુમુક્ષુજનોએ ત્રિયુગ શબ્દનો અર્થ જાણવો. પરંતુ ભગવાનના અવતારો કળિયુગમાં થતા નથી, માટે જ ભગવાન શ્રીહરિને ત્રિયુગ કહેલા છે. આ પ્રમાણેના નાસ્તિક મનુષ્યની જેમ ત્રિયુગ શબ્દનો અર્થ ન જાણવો, ને કહેવો પણ નહિ.[૩૧] એટલા માટે જ પ્રહ્લાદજી નૃસિંહ ભગવાનને સંબોધીને ત્રિયુગ શબ્દનો પ્રયોગ કર્યો છે. ત્યારે કહે છે કે, તમે કળિયુગમાં ગુપ્ત રહો છો, પરંતુ કળિયુગમાં ભગવાન પ્રગટ થતા નથી. એમ કહેતા નથી.[૩૨] પ્રહ્લાદનાં વચન આ પ્રમાણે છે, હે મહાપુરુષ ! આ પ્રમાણે તમે અજન્મા છો, ત્રિયુગી અર્થાત્ છ ઐશ્વર્યે સંપન્ન છો. જો કે તમે મનુષ્ય, પશુ, પક્ષી, ઋષિ, દેવતા, મીન આદિક અનેક યોનિને વિષે પ્રાદુર્ભાવ થઈ પોતાના ભક્તજનોનું પાલન કરો છો અને જગતના શત્રુ એવા અસુરોનો ઘાત કરો છો. તેમજ તે તે ચારે યુગને અનુરૂપ ધર્મનું રક્ષણ પણ કરો છો, છતાં પણ તમે કળિયુગમાં મનુષ્યનાટ્યનું અનુકરણ કરી તમારૂં ઐશ્વર્ય છૂપાવીને ધર્મનું રક્ષણ કરો છો.[૩૩]

आविष्कृत्यापि परमं निजैश्वर्यं क्षणान्तरे । नृनाट्येन छादयति तदिति छन्नता हरेः ॥ ३५
यथा कृष्णावतारेऽसौ देवकीवसुदेवयोः । आदौ स्वस्मिन्नीशभावं नृनाट्येन ह्यजूगुपत् ॥ ३६
यशोदायै विश्वरूपं दर्शयित्वा क्षणान्तरे । पुत्रभावं नृनाट्येन पुनर्दृढमकारयत् ॥ ३७
नन्दादिभ्योऽथ गोपेभ्यो वैकुण्ठं धाम चात्मनः । दर्शयित्वा नृनाट्येन छादयामास तत्पुनः ॥ ३८
देवैरवध्यान् हत्वापि दैत्यान्ब्रह्मादिदेवताः । कुर्वाणाः स्वस्तुतिमपि नृनाट्येन ह्यमुमुहत् ॥ ३९
अक्रूरायाद्भुतं स्वीयमैश्वर्यं यमुनाह्रदे । दर्शयित्वा पुनस्तच्च चच्छाद नरलीलया ॥ ४०
इत्थं सहस्रशो वारान् भगवान्नरलीलया । प्रदर्शितस्वैश्वर्योऽपि छन्न एवाभवद्भुवि ॥ ४१
अत एव कुरुक्षेत्रयात्रायां च महर्षिभिः । उक्तं हि तत्स्वरूपज्ञैरेतच्छ्लोकद्वयं शृणु ॥ ४२
नमस्तस्मै भगवते कृष्णायाकुण्ठमेधसे । स्वयोगमायया छन्नमहिम्ने परमात्मने ॥ ४३

---

હે વિદ્વાનો ! આ પ્રહ્લાદજીનાં વચનોમાં કળિયુગમાં ભગવાનનું જે ગુપ્તપણું કહ્યું તેનો અર્થ સ્પષ્ટપણે તમને કહું છું.[૩૪] પોતાના પરમ ઉત્કૃષ્ટ ઐશ્વર્યને પ્રગટ કરીને પણ મનુષ્યનાટકથી તેને ક્ષણવારમાં છૂપાવી શકે છે. આ ગુપ્તપણાનો અર્થ છે.[૩૫] જે રીતે ભગવાને શ્રીકૃષ્ણાવતાર સમયે પ્રથમ વસુદેવ દેવકી આગળ પોતાનો પરમેશ્વરપણાનો ભાવ ઉત્પન્ન કર્યો ને પછી મનુષ્યનાટકમાં બાળક થઈને પોતાનું ઐશ્વર્ય છૂપાવી દીધું.[૩૬] તેવી જ રીતે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન યશોદાજીને વિશ્વરૂપનાં દર્શન કરાવી એક ક્ષણવારમાં મનુષ્ય નાટકથી પુત્રનો ભાવ દઢ કરાવી દીધો ને ઐશ્વર્ય છૂપાવી દીધું.[૩૭] હે વિદ્વાન વિપ્ર ! તે જ રીતે ભગવાન શ્રીકૃષ્ણે નંદાદિ ગોપોને પોતાના વૈકુંઠધામનાં દર્શન કરાવી ફરી મનુષ્યનાટકનું અનુસરણ કરી તે ઐશ્વર્યને છૂપાવી દીધું.[૩૮] દેવેન્દ્રાદિકથી પણ મરે નહિ તેવા દૈત્યોનો વિનાશ કરી શ્રીકૃષ્ણ ભગવાને પોતાની સ્તુતિ કરતા બ્રહ્માદિદેવોને પણ મનુષ્યલીલા કરી મોહ પમાડ્યા.[૩૯] યમુનાના ધરામાં અક્રૂરજીને પોતાનાં અદ્‌ભૂત દર્શન કરાવ્યાં ને ફરી મનુષ્યલીલાથી તેને છૂપાવી પણ દીધાં.[૪૦] આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને હજારો વખત પોતાનું ઐશ્વર્ય દેખાડેલું છે. ને વળી મનુષ્યલીલાથી તેને ઢાંક્યું પણ છે.[૪૧] વળી કુરુક્ષેત્રની યાત્રામાં પધારેલા ને તેમના પરમાત્મા સ્વરૂપને જાણતા મોટા મહર્ષિઓએ કહેલા બે શ્લોકો તમને સંભળાવું છું. તેને તમે સાંભળો.[૪૨]

ઋષિઓ કહે છે, હે ક્યારેય પણ કુંઠિત નહિ થતી મતિવાળા ! ને પોતાની યોગમાયારૂપ મનુષ્યલીલાથી પરમાત્માપણાના ઐશ્વર્યને છૂપાવતા એવા હે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન ! તમને અમે નમસ્કાર કરીએ છીએ.[૪૩] આ રાજાઓ

न यं विदन्त्यमी भूपा एकारामाश्च वृष्णयः । मायायवनिकाच्छन्नमात्मानं कालमीश्वरम् ॥ ४४
छन्नत्वमपि यत्तश्च स्वेच्छयैव जगत्प्रभोः । भयान्नतु कलेर्ब्रह्मन्निति जानीहि निश्चितम् ॥ ४५
तत्रापि कारणं चास्ति व्यामोहः कपटात्मनाम् । धर्मद्रुहां हि दैत्यानां कलौ बलमुपेयुषाम् ॥ ४६
असुराः प्रायशो भूमौ नराद्याकृतिभिः कलौ । छन्नस्वाकृतयो लोकव्यामोहाय चरन्ति हि ॥ ४७
तादृशानामपि हरिर्व्यामोहाय नराकृतिः । छन्नो भवत्यत्र कलौ स्वयं मोहकमोहनः ॥ ४८
प्रोक्ता वायुपुराणे च कलौ कृष्णस्य छन्नता । प्रविष्टो मानुषीं योनिं प्रच्छन्नश्चरते महीम् ॥ ४९
विहारार्थं मनुष्येषु सान्दीपनिपुरःसरः । दैत्यान्मानुषदेहस्थान् हन्तीति द्विजसत्तम ! ॥ ५०
तत्रापि छादितस्वाङ्गा दैत्यास्त्वासुरसम्पदाम् । सङ्गोपने ह्यशक्यत्वात्प्रकटाः सन्ति सर्वदा ॥ ५१

**તથા યાદવો ભગવાન શ્રીકૃષ્ણ એવા આપની સાથે એક જ સ્થાનમાં રહે છે છતાં પણ પોતાની મનુષ્યલીલાના અનુકરણને કારણે ગુપ્ત રાખેલા સર્વના નિયંતા શ્રીકૃષ્ણ ભગવાન આપને પરમાત્મા જાણી શકતા નથી.[૪૪] હે વિદ્વાન ભૂદેવો ! જગતપ્રભુ ભગવાન શ્રીહરિનું આ રીતે જે છૂપાવવું તે પણ એક પોતાના સંકલ્પથી જ જાણવું પણ કળિયુગના ભયથી નહિ. આ પ્રમાણે તમે જાણો.[૪૫] કપટથી પોતાનો આસુરભાવ છૂપાવીને ધર્મનો દ્રોહ કરતા અને કળિયુગનું બળ પામેલા દૈત્યોને વિશેષપણે મોહ ઉત્પન્ન કરવા ભગવાન પોતાનું ઐશ્વર્ય છૂપાવે છે.[૪૬] કળિયુગમાં અનેક પ્રકારના મનુષ્યશરીરમાં પોતાનો આસુરભાવ છૂપાવીને અસુરો લોકોને છેતરવા પૃથ્વી પર ઘણે ભાગે વિચરતા હોય છે.[૪૭] પરંતુ સર્વે જનોને મોહ પમાડનાર સ્વયં ભગવાન શ્રીહરિ તો આવા ગુપ્ત વેશે ફરતા અસુરોને પણ મોહ ઉપજાવી પોતે મનુષ્યરૂપે થઈ આ કળિયુગમાં ગુપ્તવેશે રહે છે.[૪૮]**

**હે વિપ્ર ! વાયુપુરાણમાં પણ શ્રીકૃષ્ણ ભગવાન કળિયુગને વિષે પોતાના સ્વરૂપને છૂપાવીને રાખે છે, તે કહ્યું છે કે, મનુષ્યયોનિમાં પ્રવેશ કરી માનવરૂપે વર્તતા ભગવાન પોતાનું ઐશ્વર્ય ઢાંકીને આ પૃથ્વી પર વિચરે છે, ઈત્યાદિ.[૪૯] તેવીજ રીતે હે વિપ્રવર્ય ! મનુષ્યયોનિમાં રહેલા પોતાના ભક્તજનોની સાથે વિહાર કરવા માટે પૃથ્વી પર ફરે છે. સાંદિપની ઋષિ પાસે સમગ્ર વિદ્યામાં પારંગત થઈ મનુષ્યદેહમાં રહેલા દૈત્યોને હણે છે. આ પ્રમાણે વાયુપુરાણમાં પણ કહેલું છે.[૫૦] હે વિપ્ર ! મનુષ્ય ભાવમાં પણ પોતાનો આસુરી સ્વાંગ છૂપાવી રહેલા દૈત્યો પોતાના આસુરભાવને કે આસુરી ક્રિયાને છૂપાવી શકતા નથી ને જ્યાં ને ત્યાં આસુરભાવ પ્રગટ કરતા હોય છે.[૫૧] પરંતુ પરમાત્મા તો સ્વતંત્ર છે. તે મનુષ્યભાવમાં પણ**

भगवांस्तु स्वतन्त्रोऽस्ति ततस्तैरसुरैर्भुवि । ज्ञातुं न शक्यते कापि चरित्रैरप्यमानुषैः ॥ ५२
अखिलानि चरित्राणि सन्ति दिव्यानि वै प्रभोः । असुरा एव मुह्यन्ति तत्र भक्ता न तु क्वचित् ॥ ५३
अतो ब्रह्मपुराणेऽस्य दैत्यमोहकतोच्यते । निर्दोषत्वं स्वतश्चेति तद्वाक्यं कथयामि ते ॥ ५४
अज्ञत्वं पारवश्यत्वं विधिभेदादिकं तथा । तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा ॥ ५५
असुराणां विमोहाय दोषा विष्णौ न हि क्वचित् । ब्रह्माण्डाख्यपुराणेऽपि दैत्यामोहकतोच्यते ॥ ५६
अमोहनत्वं भक्तानां निर्दोषत्वेन चेक्षणम् । नारायणस्य चरिते त्विति विद्धि द्विजोत्तम ! ॥ ५७
अत एव हि कंसाद्या जरासन्धादयोऽसुराः । भुवि दृप्तनृपाकारा न विदुश्चावजानते ॥ ५८
अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ५९
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः । राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ ६०

---

**પોતાનું ઐશ્વર્ય સંકલ્પ પ્રમાણે છૂપાવીને રાખે છે, તેથી અસુરો અને મનુષ્યોથી ન થઈ શકે તેવાં ચરિત્રો સ્વયં કરે છે. છતાં પણ પૃથ્વી પર તેમને કોઈ જાણી શકતું નથી.[૫૨] હે વિપ્રવર્ય ! ભગવાનનાં સમગ્ર ચરિત્રો દિવ્ય હોય છે, છતાં પણ તેમાં અસુરો મોહ પામી જાય છે. પરંતુ ભગવાનના એકાંતિક ભક્તો ક્યારેય પણ મોહ પામતા નથી.[૫૩] તેથી બ્રહ્મપુરાણમાં પરમાત્માનું દૈત્યોને મોહ ઉપજાવવાપણું અને સ્વભાવસિદ્ધ પોતાનું નિર્દોષપણું વર્ણન કરેલું છે. તે પદ્મપુરાણના વચનો તમને સંભળાવું છું.[૫૪] ભગવાનને વિષે અજ્ઞાનપણું, પરવશપણું, વિધિના ભેદને આધીન વર્તવાપણું, પ્રાકૃત શરીર પ્રાદુર્ભાવ પામવું અને તેનો ત્યાગ કરવો વગેરે ક્રિયાઓ અસુરોને મોહ ઉપજાવવાને માટે જ છે. આ દોષો ભગવાનને ક્યારેય સ્પર્શતા નથી. તે જ રીતે બ્રહ્માંડ પુરાણમાં પણ કહેલું છે.[૫૫-૫૬] માટે હે વિપ્રવર્ય ! શ્રીનારાયણ ભગવાનનાં ચરિત્રોને વિષે ભક્તોને કોઈ મોહ થતો નથી. આટલું તમે નક્કી માનો.[૫૭] અને તેથી જ પૃથ્વીપર રાજારૂપે રહેલા ગર્વિષ્ઠ કંસ, જરાસંધ વગેરે અસુરો ભગવાન શ્રીકૃષ્ણને જાણી શક્યા નહિ ને ઉલટાની તેમની અવજ્ઞા કરી.[૫૮] તેથી જ ભગવાને ગીતામાં કહેલું છે કે, મૂઢ એટલે કે પોતાના આસુરી સ્વભાવના કારણે મોહ પામેલા જનો જગતના કલ્યાણને માટે મનુષ્યશરીરને પામેલા અને સર્વભૂત પ્રાણીમાત્રના નિયંતા એવા મારા પુરુષોત્તમપણાના પરમ ભાવને નહીં જાણીને મારી અવજ્ઞા કરે છે.[૫૯] તેથી મારા વિષે કરાતી તેમની આશાઓ, કર્મો અને જ્ઞાન પણ નિષ્ફળ જાય છે. કારણ કે તેઓ રાક્ષસી, આસુરી તેમજ મોહપ્રધાન પ્રકૃતિને આશરેલા હોવાથી તેમની બુદ્ધિ વિપરિત માર્ગે જ વિચરે છે.[૬૦] આવા મૂઢ નરાધમ, માયાથી**

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः । माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ ६१
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि । मामप्राप्यैव कौन्तयेय ! ततो यान्त्यधमां गतिम् ॥ ६२
इत्यादि बहुधा प्राह गीतायामर्जुनं हरिः । अतोऽसुरमते नास्ति हरिर्भुव्यस्ति सन्मते ॥ ६३
इति त्रियुगशब्दार्थो मया ते समुदीरितः । अन्यश्च संशयः कश्चित्तर्हि मां पृच्छ सन्मते ! ॥ ६४
सुव्रत उवाच – मुक्तान्देनोक्तमेतत्तु वाक्यं श्रुत्वा जज्ञे रामचन्द्रस्तु शान्तः ।
शोभारामः शास्त्रवेत्ता ततस्तं पप्रच्छेत्थं संशयं भूमिपाल ! ॥ ६५ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्रियुगशब्दार्थनिर्णये आसुरजीवानां भगवदवतारानभिज्ञत्वनिरूपणनामा षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥*

---

હરાયેલા જ્ઞાનવાળા આસુરીભાવનો આશ્રય કરી રહેલા તેથી જ દુષ્ટકર્મ કરતા તે આસુરી જનો મને પામી શકતા નથી.[૬૧] હે કુંતીપુત્ર અર્જુન ! આસુરી યોનિને પામેલા આવા મૂઢ પુરુષો જન્મોજન્મ મને નહીં પામીને અધોગતિને પામે છે.[૬૨]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે બહુ પ્રકારે કહ્યું છે. તેથી અસુરોના મતે ભગવાન કળિયુગમાં અવતાર ધારણ કરતા નથી. પરંતુ ભગવાનના એકાંતિક સંતોના મતે તો કળિયુગને વિષે પણ ભગવાન અવતાર ધારણ કરે છે.[૬૩] હે સદ્‌બુદ્ધિવાળા ભૂદેવો ! આ પ્રમાણે મેં તમને ત્રિયુગ શબ્દનો અર્થ સમજાવ્યો. હવે પછી તમને બીજો કોઈ સંશય હોય તો મને પૂછી શકો છો.[૬૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીએ કહેલા આ ત્રિયુગ શબ્દના અર્થને સાંભળીને રામચંદ્ર વૈદ્ય બિલકુલ શાંત થઈ ગયા. ત્યારપછી શાસ્ત્રવેત્તા શોભારામ શાસ્ત્રી પોતાના મનમાં જે સંશય હતો તે મુક્તાનંદ સ્વામીને પૂછવા લાગ્યા.[૬૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્રિયુગ શબ્દાર્થના નિર્ણયમાં આસુરી જીવો ભગવાનના અવતારને સમજી શકતા નથી, ઇત્યાદિનું નિરૂપણ કર્યું એ નામે છત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૬--**

**सप्तत्रिंशोऽध्यायः - ३७**

**शोभाराम उवाच –**

मुनिराज ! त्वया सम्यक्कथितं तेन नो महान् । संशयो बहुकालीनो नष्टस्त्रियुगशब्दजः ॥ १
अतःपरं त्वामपरं पृच्छाम्यनघ ! संशयम् । प्रष्टव्यः संशयो यस्मात्संशयात्मा विनश्यति ॥ २
अवतारा भगवतो दशैवेत्यखिला जनाः । वदन्त्यत्रापि विद्वांसो न मूर्खा एव केवलम् ॥ ३
गुरुस्ते सहजानन्दस्वामी यः साम्प्रतं भुवि । अवतारस्त्वया विष्णोः प्रोक्तः किंनामको ह्यसौ ॥ ४
एतावदेव मे पृच्छा भवति प्रभुवल्लभ ! । तदुत्तरं यथावत्त्वं वक्तुमर्हसि साम्प्रतम् ॥ ५
इति पृष्टः शास्त्रविदा हरिभक्तः स उत्स्मयन् । शान्तवादरयं प्रोचे तं पुनः शास्त्रसम्मतम् ॥ ६

**मुक्तानन्द उवाच–**

अवतारा दशैवेति नियमो नास्ति मानद ! । यतः सर्वनियन्तासौ स्वतन्त्रोऽस्ति जगत्प्रभुः ॥ ७

---

## અધ્યાય – ૩૭

## દશ અવતારોની મધ્યે તમારા ગુરુ કયા અવતારમાં ગણાય છે ?

શોભારામ શાસ્ત્રી કહે છે, હે મુનિશ્રેષ્ઠ ! તમે બહુ જ સરસ વાત કરી. તમારા સુંદર પ્રતિપાદનથી અમારો ત્રિયુગ શબ્દ વિષયક બહુકાળનો મહાન સંશય હતો તે આજે નષ્ટ થયો છે.[૧] હે નિષ્પાપ મુનિ ! એનાથી બીજો જે મારા અંતરમાં સંશય વર્તે છે તે વિષે હું પ્રશ્ન પુછું છું. કારણ કે સંશયયુક્ત મનનો માનવી બન્ને બાજુએથી વિનાશ પામે છે.[૨] ભગવાનના અવતારો કેવળ દશ સંખ્યામાં જ થાય છે. આવી સમજ આલોકમાં સંમત વિદ્વાનો તથા મનુષ્યોમાં પણ વર્તે છે. કેવળ મૂર્ખજનો જ આ વાત નહીં કહેતા હોય. શ્રીમદ્ ભાગવતમાં અક્રૂરજીની સ્તુતિમાં પણ કોઈક આવો ભાવ નીકળે છે.[૩] આ પૃથ્વીપર અત્યારે તમારા ગુરુ જે શ્રીસહજાનંદ સ્વામી છે, તે વિષ્ણુનો અવતાર છે, એમ જે તમે કહ્યું. આ અવતાર દશની મધ્યે કયો જાણવો ?[૪] હે પ્રભુવલ્લભ ! મને આ પ્રશ્ન થયા કરે છે. તમે તેનો ઉત્તર અત્યારે મને આપો.[૫] આ પ્રમાણે શાસ્ત્રવેત્તા શોભારામ શાસ્ત્રીએ પ્રશ્ન કર્યો, તેથી સાક્ષાત્ ભગવાન શ્રીહરિને વહાલા મુક્તાનંદ સ્વામી ઉત્તમ પુરુષને છાજે તેવું મંદમંદ હાસ્ય કરતા શાંત વાણીથી પૂછી રહેલા શોભારામ શાસ્ત્રી પ્રત્યે ફરી શાસ્ત્રના પ્રમાણ વચનોએ સહિત કહેવા લાગ્યા.[૬]

મુક્તાનંદ સ્વામી કહે છે, હે સર્વને માન આપનારા વિપ્ર ! ભગવાનના

बहुवाक्यविरोधोऽस्ति दशेति वदतां मते । कस्मिंश्चिदपि सद्ग्रन्थे सङ्ख्या नास्त्यजजन्मनाम् ॥ ८
अवताराः कति हरेरिति जन्मेजयो नृपः । पप्रच्छ हरिवंशे तं वैशंपायन ऊचिवान् ॥ ९
आहुर्वेदविदो विप्रा यं यज्ञे शाश्वतं विभुम् । तस्य विष्णोः सुरेशस्य श्रीवत्साङ्कस्य धीमतः ॥ १०
प्रादुर्भावसहस्राणि अतीतानि न संशयः । भूयश्चैव भविष्यन्तीत्येवमाह प्रजापतिः ॥ ११
हितार्थं सुरमर्त्यानां लोकानां प्रभवाय च । बहुशः सर्वभूतात्मा प्रादुर्भवति कार्यतः ॥ १२
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! । धर्मसंस्थापनार्थाय तदा सम्भवति प्रभुः ॥ १३
श्रीमद्भागवते पूर्वे कतिचित्तु समीरिताः । ततः प्रोक्ता असङ्ख्याता आविर्भावा हरेः किल ॥ १४
अवतारा ह्यसङ्ख्याता हरेः सत्त्वनिधेर्द्विजाः ! । यथाऽविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥ १५

---

અવતારો દશ જ સંખ્યામાં થાય છે. આવા પ્રકારનો કોઈ નિયમ નથી. કારણ કે સર્વ નિયંતા એ જગતપ્રભુ ભગવાન સ્વતંત્ર છે.[૭] ભગવાનના અવતારો દશ જ થાય છે. આવું કહેનારા મનુષ્યોના સિદ્ધાંતમાં ઘણા બધા શાસ્ત્રોના વચનોનો બહુ વિરોધ આવે છે. કારણ કે કોઈ પણ સદ્‌ગ્રંથમાં અજન્મા એવા ભગવાનના પ્રાદુર્ભાવની સંખ્યા નિયત કરેલી નથી.[૮] હે વિપ્રો ! હરિવંશને વિષે જન્મેજય રાજાએ ભગવાન શ્રીહરિના અવતાર કેટલા ? આવો પ્રશ્ન જ્યારે વૈશંપાયનને કર્યો, ત્યારે તે રાજા પ્રત્યે કહેવા લાગ્યા.[૯] વેદને જાણતા વિપ્રો યજ્ઞસભાને વિષે જે વિષ્ણુને શાશ્વત તેમજ વિભુ કહે છે, તે દેવાધિદેવ શ્રીવત્સચિન્હધારી તેમજ અતિશય ધીમંત ને પ્રભાવશાળી ભગવાન વિષ્ણુના હજારો અવતાર થઈ ગયા ને ફરી હજારો અવતાર થશે, તેમાં કોઈ સંશય કરવો નહિ. આ પ્રમાણે પ્રજાપતિ સ્વયં બ્રહ્માજીએ પણ કહ્યું છે, કે સર્વભૂતપ્રાણીમાત્રના અંતર્યામી આત્મા સ્વયં શ્રીવાસુદેવ ભગવાન પોતાના ભક્ત એવા દેવમનુષ્યોના હિતને માટે તેમ જ તે જનોના અભ્યુદયને માટે તથા અનેક પ્રકારનાં કાર્યો પૂર્ણ કરવા બહુવાર પ્રગટ થાય છે.[૧૦-૧૨] હે ભારત જન્મેજય ! જયારે જયારે વેદોક્ત ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે તે ધર્મની સ્થાપના કરવા માટે ભગવાન શ્રીવાસુદેવ આ પૃથ્વી પર પ્રગટ થાય છે.[૧૩]

હે વિપ્ર ! શ્રીમદ્ ભાગવતને વિષે પણ શરૂઆતમાં તો પહેલો, બીજો, ત્રીજો, એમ કેટલાક અવતારોની યુક્તિ પૂર્વક વાત કહીને પછી કહ્યું કે, ભગવાનના અસંખ્ય અવતારો કહેલા છે.[૧૪] શ્રીમદ્ ભાગવતમાં પ્રથમ સ્કંધમાં સુતપુરાણી કહે છે, હે શૌનકાદિ વિપ્રો ! જેવી રીતે ક્યારેય પણ નહીં સૂકાતા સ્વયંભુ સરોવરમાંથી હજારો નાના પ્રવાહો વહે છે. એજ રીતે સત્ત્વનિધિ ભગવાન થકી

इत्युक्तप्रथमे स्कन्धे द्वितीये ब्रह्माणापि च । उक्त्वाऽवतारान् बहुशस्ततः प्रोक्तमिदं वचः ॥ १६

नान्तं विदाम्यहममी मुनयोऽग्रजास्ते मायाबलस्य पुरुषस्य कुतोऽपरे ये ।
गायन् गुणान् दशशतानन आदिदेवः शेषोऽधुनापि समवस्यति नास्य पारम् ॥ १७

दशमे स्तुवता कृष्णमुक्तं वै ब्रह्मणा पुनः । हेतुमुक्त्वाऽवताराणां तस्यासन्निग्रहादिकम् ॥ १८

को वेत्ति भूमन् ! भगवन् ! परात्मन् ! योगेश्वरोतीर्भवतस्त्रिलोक्याम् ।
क्वाहो कथं वा कति वा कदेति विस्तारयन् क्रीडसि योगमायाम् ॥ १९

स्वयं कृष्णेन चाप्युक्तं मुचुकुन्दं नृपं प्रति । आनन्त्यं स्वावताराणां तच्छ्लोकत्रयमुच्यते ॥ २०

जन्मकर्माभिधानानि सन्ति मेऽङ्ग ! सहस्रशः । न शक्यन्तेऽनुसङ्ख्यातुमनन्तत्वान्मयापि हि ॥ २१

---

**અસંખ્ય અવતારો થાય છે એમ કહ્યું છે. તેમજ બીજા સ્કંધમાં પણ નારદજી પ્રત્યે આ પ્રમાણે કહેલું છે કે, પોતાની અકારણ અતિશય દયારૂપ માયાથી અનેક અવતારો ધારણ કરતા પરમ પુરુષ પરમાત્મા શ્રીવાસુદેવના અવતારોના અંતને હું ચતુર્મુખા બ્રહ્મા પણ પામી કે જાણી શકતો નથી. તેમજ તારાથી આગળ જન્મેલા એ શનકાદિક મુનિઓ પણ જાણી શકતા નથી, તો પછી અર્વાચીન મુનિઓ તો ક્યાંથી જાણી શકે ? અરે ! ! ! વધુ શું કહું ? સહસ્રમુખા આદિદેવ શેષજી પણ એ પરમ પુરુષ પરમાત્માના અનેક અવતારોનાં ચરિત્રોનું વર્ણન કરતાં કરતાં અત્યાર સુધી તેના પારને પામી શક્યા નથી.[૧૫-૧૭] હે વિપ્ર ! ફરી પણ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનવિહારીની વત્સહરણ સમયે સ્તુતિ કરતા બ્રહ્માજીએ ભગવાનના અવતારોને દુષ્ટોના નિગ્રહને માટે કારણરૂપ વર્ણવીને કહ્યું કે, હે ભૂમન્ ! હે અપાર મહિમાવાળા ! હે ભગવાન ! હે પરમાત્મા ! હે યોગેશ્વર ! તમે જે યોગમાયાનો વિસ્તાર કરી ક્રીડા કરો છો, અર્થાત્ અનંત અવતારો ધરી તે દેવ મનુષ્યાદિકની સાથે આનંદ કરો છો, એવા હે ભગવાન ! તમારી આ ત્રિલોકીમાં લીલા કયા સ્થાને કયા પ્રકારે કેટલી અને કયા કાળમાં થશે, આ પ્રમાણે અહો ! ! ! કયો પુરુષ જાણી શકે છે ? કોઈ પણ જાણી શકતો નથી.[૧૮-૧૯]**

**હે વિપ્ર ! સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાના અવતારોનું અનંતપણું મુચકુન્દ રાજા પ્રત્યે કહ્યું છે,આ એમના પ્રમાણભૂત શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ત્રણ શ્લોક તમને કહું છું.[૨૦] હે અંગ ! હે મુચકુન્દ રાજા ! મારા જન્મ કર્મ અને નામ હજારો છે. તે અનંત અને અપાર હોવાથી હું પણ તેની ગણના કરી શકતો નથી. એ નક્કી વાત છે. કદાચ કોઈ બહુ જન્મે કરીને આ પૃથ્વીના રજકણોને**

क्वचिद्रजांसि विममे पार्थिवान्युरुजन्मभिः । गुणकर्माभिधानानि न मे जन्मानि कर्हिचित् ॥ २२
कालत्रयोपपन्नानि जन्मकर्माणि मेऽनघ ! । अनुक्रमन्तो नैवान्तं गच्छन्ति परमर्षयः ॥ २३
गीतायामपि स प्राह भगवानर्जुनं प्रति । बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ! ॥ २४
न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः । न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ २५
इत्यादिभिर्हि वचनैः प्रबलैः शताशोभनघ ! । सङ्ख्या हर्यवताराणां साक्रोशं हि निषिध्यते ॥ २६
दशसङ्ख्याभ्रमं त्यक्त्वा ततः स्वस्थेन चेतसा । कृतावतारो भगवान् श्रयणीयो मुमुक्षुणा ॥ २७
हरिं विना च प्रत्यक्षमनेकभवसम्भवः । नैव नश्येन्महामोहः सेवनीयस्ततो हि सः ॥ २८
ब्रह्मज्ञानं न मुक्तयर्थं प्रत्यक्षं स्याद्विना हरिम् । अत एव सुबोधिन्यां प्रोक्तं श्रीवल्लभेन च ॥ २९

---

ગણી શકે પરંતુ મારા જન્મ, ગુણ, કર્મ અને નામો ક્યારેય પણ ગણી શકાતા નથી.[૨૧-૨૨] હે નિષ્પાપ રાજન્ ! નારદાદિ મહામુનિઓ પણ ત્રણે કાળમાં થતા મારા જન્મો અને કર્મોને અનુક્રમથી ગણના કરતા હોવા છતાં અપાર હોવાથી તેના અંતને પામી શકતા નથી.[૨૩] તેવીજ રીતે હે વિપ્ર ! શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુન પ્રત્યે કહ્યું છે કે, હે અર્જુન ! તારા અને મારા અનેક જન્મો પસાર થઈ ગયા, હું ક્યારેય ન હતો એમ નહિ, તુ ક્યારેય ન હતો એમ નહિ, આ રાજાઓ ક્યારેય ન હતા એમ નહિ, પરંતુ આપણ સર્વે હતા જ. તેજ રીતે હવે પછી પણ આપણે નહીં હોઈએ એમ નહીં,હશું જ. આ પ્રમાણે પોતાનું, અર્જુનનું અને રાજાઓનું દૃષ્ટાંત આપીને અવતારોની અસંખ્યતા બતાવી છે.[૨૪-૨૫]

હે નિષ્પાપ વિપ્ર ! આવા પ્રકારનાં સેંકડો પ્રબળ પ્રમાણ વચનોથી હરિ અવતારોની સંખ્યાની સાપેક્ષતાનો નિષેધ થાય છે.[૨૬] તેથી દશ સંખ્યાના ભ્રમને છોડી મુમુક્ષોએ સ્વસ્થચિત્તે સ્વતંત્રપણે અવતાર ધરતા ભગવાનનો મુક્તિ માટે અવશ્ય આશ્રય કરવો જોઈએ.[૨૭] પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ વિના અનેક જન્મથી ઉત્પન્ન થયેલો મહામોહ નાશ પામતો નથી. તેથી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનું નક્કી સેવન કરવું જ જોઈએ.[૨૮] પ્રત્યક્ષ હરિ વિના પરોક્ષપણે થયેલું બ્રહ્મજ્ઞાન મુક્તિનું સાધન સિદ્ધ થતું નથી. એટલા જ માટે શ્રીમદ્ ભાગવતની સુબોધની ટીકામાં શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છે કે, ભગવાન શ્રીકૃષ્ણે પ્રત્યક્ષપણે જન્મ મરણરૂપ સંસૃતિનો વિનાશ સ્વસ્વરૂપના જ્ઞાનવાળા પોતાના આશ્રિત ભક્તજનો માટે કર્યો છે. એથી પ્રપંચ સંસારનો નિરોધ એટલે કે લય પણ ભક્તોનો જ થશે, પરંતુ પરોક્ષ જ્ઞાનવાળાનો નહીં થાય. આ પ્રકારનો નિર્ણય છે.[૨૯-૩૦] જેવી રીતે કાષ્ઠથી

भक्तानामेव निस्तारः कृतः कृष्णेन संसृतेः । अतो निरोधो भक्तानां प्रपञ्चस्येति निश्चयः ॥ ३०
यावद्वहिःस्थितो वह्निः प्रकटोऽन्तर्विशेन्नहि । तावदन्तः स्थितोऽप्येष न दारुदहनक्षमः ॥ ३१
एवं सर्वगतो विष्णुः प्रकटश्चेन्न तद्विशेत् । तावन्न लीयते सर्वमिति कृष्णसमुद्यमः ॥ ३२
इत्युक्तस्तेन शास्त्री स सद्योऽभून्नष्टसंशयः । त्रयोऽन्येऽपि च निश्चिक्युर्हरिरत्र भवेदिति ॥ ३३
तदा चिन्मयरावस्तु कलावपि हरिर्भुवि । भवेदिति तु वेत्ति स्म प्रमाणप्रबलत्वतः ॥ ३४
किन्तु विष्णवतारत्वे तद्गुरोः प्राप्तसंशयः । प्रपच्छ तं मुनिवरं बुद्धिमन्तं स बुद्धिमान् ॥ ३५
नारायणस्यावताराः स्युः कलावपि भूतले । इति त्वया यदुक्तं तत्सत्यं मन्यामहे मुने ! ॥ ३६
नराकृतिः स भगवानसाधारणलक्षणैः । कैर्विज्ञेयो भुवि चरंस्तन्नो ब्रूहि महामते ! ॥ ३७
येन न हताश्चासुरा अपि । तादृशोऽपीश्वरो यः स्यात्स ज्ञेयश्च कथं वद ॥ ३८

---

બહાર રહેલો પ્રગટ અગ્નિ જ્યાં સુધી કાષ્ઠની અંદર પ્રવેશ ન કરે ત્યાં સુધી કાષ્ઠની અંદર રહેલો અગ્નિ પણ તે કાષ્ઠને બાળવા સમર્થ થતો નથી.[૩૧] તેજ રીતે સર્વેમાં સદાય અંતર્યામીપણે રહેલા ભગવાન વિષ્ણુ જો સાક્ષાત્ પ્રગટ થઈને પોતાના ભક્તજનોના અંતરમાં આ પ્રગટ ભગવાન છે. એવા ભાવ સાથે પ્રવેશ ન કરે ત્યાં સુધી વારંવાર જન્મ-મરણને કરાવનારૂં સમસ્ત અજ્ઞાન લીન થતું નથી. માટે ભગવાનના પ્રગટપણાની આવશ્યક્તા ખૂબજ છે.[૩૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે જ્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું તેથી શોભારામ શાસ્ત્રી તેજ ક્ષણે નિઃસંશયી થયા અને અન્ય ત્રણ હરિશ્ચંદ્ર, નારુપંત અને રામચંદ્ર પણ આ લોકમાં ભગવાન શ્રીહરિ પ્રત્યક્ષપણે હોય છે, એમ નક્કી માનવા લાગ્યા.[૩૩] પરંતુ પાંચમા પંડિત ચિમનરાવ તે સમયે આ પૃથ્વી પર કલિયુગમાં પણ ભગવાન શ્રીહરિ પ્રત્યક્ષપણે હોય છે એટલું તો પ્રબળ પ્રમાણ વચનોનું શ્રવણ કર્યા પછી માનવા લાગ્યા.[૩૪] પરંતુ મુક્તાનંદ સ્વામીના ગુરુ શ્રીહરિ છે, એ બાબતમાં સંશય લાવી તે બુદ્ધિમાન ચિમનરાવ પંડિત અતિશય બુદ્ધિશાળી મુક્તાનંદ સ્વામીને પૂછવા લાગ્યા.[૩૫] ચિમનરાવ પૂછે છે, હે મુનિવર્ય ! આ પૃથ્વી પર કલિયુગને વિષે પણ નારાયણના બહુ અવતારો થાય છે. એમ જે તમે પ્રમાણોએ સહિત કહ્યું તે અમે સત્ય માનીએ છીએ.[૩૬] પરંતુ હે મહાબુદ્ધિમાન ! પૃથ્વી પર મનુષ્યસ્વરૂપે વિચરતા તે ભગવાનને કયા કયા અસાધારણ લક્ષણોથી જાણવા ? કે આ સાક્ષાત્ ભગવાન છે ? તો તે લક્ષણો અમને યથાર્થપણે કહો.[૩૭] જેણે શ્રીકૃષ્ણ ભગવાનની જેમ પર્વત પણ ઉઠાવ્યો ન હોય, અસુરોનો વધ પણ ન કર્યો હોય,

मुक्तानन्द उवाच –

नराकृतिरपि स्वामी चरित्रैः सोऽतिमानुषैः । तद्भक्तलक्षणैश्चापि ज्ञातुं शक्यो मुमुक्षुभिः ॥ ३९
लक्षणानि हरेस्तस्य धर्मे प्राह पुरावनिः । तानि वोऽहं प्रवक्ष्यामि यान्यसाधारणानि हि ॥ ४०
सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् । शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥ ४१
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः । स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥ ४२
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः । गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहङ्कृतिः ४३
ब्रह्मण्यत्वशरण्यत्वादयोऽन्येऽपि गुणाः प्रभौ । नित्याः सन्तीति जानीत प्रार्थ्या अन्यैरनेकशः ॥ ४४
कृपया यस्य सहसा प्राकृतोऽपि जनो भुवि । जाग्रत्स्वप्नसुषुप्तिभ्यः स्थानं परमवाप्नुयात् ॥ ४५
वशीकर्तुमशक्यं यद्ब्रह्मादिभिरतन्द्रितैः । तन्मनो यो वशे कुर्यात्स्वाश्रितानां च स प्रभुः ॥ ४६

તેમજ કાલિયદમન જેવું કોઈ પરાક્રમ પણ ન કર્યું હોય, તેવા તમારા ગુરુ શ્રીહરિને આ પરમેશ્વર છે, એમ તમે કેવી રીતે જાણ્યા ? તે અમને કહો.[૩૮]

**મનુષ્યરૂપમાં રહેલા ભગવાનનાં લક્ષણો :–** મુક્તાનંદ સ્વામી કહે છે, હે ક્ષત્રવીર ! હે ચિમનરાવ ! અમારા ગુરુ શ્રીસહજાનંદ સ્વામી મનુષ્યાકૃતિમાં હોવા છતાં પણ મનુષ્યોથી ન થઈ શકે તેવાં મહા આશ્ચર્યકારી ચરિત્રોથી તેમજ તેમના ભક્તોના અસાધારણ નિષ્કામાદિ લક્ષણોથી મુમુક્ષુઓ તેમને આ સ્વામિનારાયણ સાક્ષાત્ પરમેશ્વર છે એમ જાણી શકે છે.[૩૯] પૂર્વે પૃથ્વીદેવીએ ધર્મપ્રજાપતિ પ્રત્યે પોતાના ઉપર થતા ભગવાન શ્રીહરિના અવતારોના અસાધારણ લક્ષણો કહ્યાં હતાં. તે લક્ષણો શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં છે, તે તમને કહી સંભળાવું છું.[૪૦] સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, ત્યાગ, સંતોષ, આર્જવ, શમ, દમ, તપ, સામ્ય, તિતિક્ષા, ઉપરતિ, શ્રુત, જ્ઞાન, વિરક્તિ, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વાતન્ત્ર્ય, કૌશલ, કાંતિ, ધૈર્ય, માર્દવ, પ્રાગલ્ભ્ય, પ્રશ્રય, શીલ, સહ, ઓજ, બળ, ભગ, ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિમાન, અનહંકૃતિ, બ્રહ્મણ્યત્વ, શરણ્યત્વ, વગેરે અનંતગુણો તથા સાધુપુરુષોએ ભગવાનની પાસેથી યાચના કરવા યોગ્ય બીજા અનંત સદ્‌ગુણો અમારા ગુરુ શ્રીહરિને વિષે નિરંતર નિવાસ કરીને રહ્યા છે, એમ તમે નક્કી જાણો.[૪૧-૪૪]

આ પૃથ્વી પર પ્રાકૃત મનુષ્યો પણ જે ભગવાન શ્રીહરિની કૃપાથી એકાએક જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી પર થઈ અક્ષરબ્રહ્મની સાથે એકતારૂપ સ્થિતિને પામે છે.[૪૫] સાવધાનીપૂર્વક વર્તતા બ્રહ્માદિક દેવો પણ જે મનને વશ

अष्टाङ्गयोगाभ्यसनं विनापि कृपयैव च । यस्य नृणां भवेत्सद्यः स्वस्वरूपेऽचला स्थितिः ॥ ४७
दर्शनं यस्य मूर्तीनां गोलोकादिषु धामसु । भवेच्च सोऽत्र विज्ञेयो भगवान्मानुषाकृतिः ॥ ४८
यस्य भक्ता जितक्रोधा जितकामाश्च निःस्पृहाः । जितस्वादाश्च निर्लोभा निर्मानाः स्युः स वै हरिः ४९
एतत्सङ्क्षेपतः प्रोक्तमसाधारणलक्षणम् । समं सर्वावतारेषु मया नारायणस्य हि ॥ ५०
अन्यद्यत्तस्य चरितं तत्तु कार्यवशान्ननु । भक्तानां गायनार्थं वा नत्वीशत्वस्य सूचकम् ॥ ५१
गोवर्धनोद्धारणादि चरितं तस्य यत्प्रभोः । इन्द्रादिदर्पनुत्यै तन्न त्वीशत्वस्य सूचकम् ॥ ५२
हिरण्याक्षादयो दैत्याः सकलैरपि पर्वतैः । दधुः समग्रां पृथिवीं तावता ते किमीश्वराः ॥ ५३

---

કરવા સમર્થ થઈ શકતા નથી, એ મનને શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રિત ભક્તજનો પાસે તત્કાળ વશ કરાવે છે, તેથી તેમને પરમેશ્વર જાણવા.[૪૬] વળી અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ એમની કૃપાથી મનુષ્યો તત્કાળ પોતાની મૂર્તિમાં અચળ સ્થિતિને પામવારૂપ સમાધિને પામે છે.[૪૭] તે સમાધિમાં મનુષ્યો ગોલોકાદિક ધામને વિષે રહેલી તેમની મૂર્તિઓનાં દર્શન કરે છે. વળી ભક્તજનોને અંતકાળે તેમના ધામમાં લઈ જવા માટે દિવ્ય સ્વરૂપે આવે છે. તેનું પણ અનેક જનોને દર્શન થાય છે. માટે આ લોકમાં તેમને મનુષ્યાકૃતિમાં રહેલા સાક્ષાત્ ભગવાન જાણવા.[૪૮] આવા અનંત ભગવાનપણાનાં લક્ષણો તેમનામાં છે. પરંતુ તેમના યોગે કરીને તેમના ભક્તોમાં પણ અમાનુષી લક્ષણો આવ્યાં છે. તેમના ભક્તો ક્રોધ, કામ, લોભ, સ્પૃહા, માન અને સ્વાદને જીતીને વશ કરેલ છે. માટે તે શ્રીહરિ નક્કી પરમેશ્વર છે, એમ તમે નક્કી માનો.[૪૯] હે ક્ષત્રવીર ! મેં ભગવાન શ્રીનારાયણના સર્વે અવતારોમાં સરખાં જણાતાં અસાધારણ ભગવાનપણાનાં લક્ષણો સંક્ષેપથી કહ્યા.[૫૦] પરંતુ જે તેમનાં અન્ય ચરિત્રો જેવાં કે પર્વત ઉપાડવો, કાલિયદમન કરવું, વગેરે જેવાં ચરિત્રો છે, તે તો કાર્યને યોગે જુદા જુદા અવતારોમાં જુદાં જુદાં ઘટી શકે છે. અથવા ભક્તજનોના ગાયન માટે ભગવાને કરેલા હોય છે. પરંતુ તેવાં ચરિત્રોથી ખરેખર પરમેશ્વરપણાનો બોધ થતો નથી.[૫૧]

હે ક્ષત્રવીર ! શ્રીકૃષ્ણ ભગવાનના ગોવર્ધન ધારણ કરવા આદિકનાં જે ચરિત્રો છે તે તો ઈન્દ્રાદિક દેવતાઓનો ગર્વ હરવા માટે કરેલ છે. તે કાંઈ પરમેશ્વરપણાનાં સૂચક નથી.[૫૨] જો પર્વત ધારણ કરવાથી પરમેશ્વર થઈ જવાતું હોય તો હિરણ્યાક્ષ વગેરે દૈત્યોએ સમસ્ત પર્વતોએ સહિત સમગ્ર પૃથ્વીને ધારણ કરી હતી. તેણે કરીને શું તેને પરમેશ્વર કહેવાય ? ન કહેવાય.[૫૩] માટે

तस्माल्लक्षणमीशस्य त्वज्ञानाज्जीवमोक्षणम् । सद्धर्मद्रोहिदैत्यानां वधश्चेत्येव निश्चितम् ॥ ५४
असुरा द्विविधा ज्ञेयास्तत्रैके शस्त्रपाणयः । भीषणाकृतयोऽन्ये तु साधुवेषाश्च दुष्क्रियाः ॥ ५५
वधोऽपि द्विविधस्तेषां शस्त्रेणाशस्त्रतस्तथा । शिरच्छेदः शस्त्रवधोऽपरत्तज्जीविकाहृतिः ॥ ५६
देवानां जीविका दैवी सम्पत्प्रोक्ता मनीषिभिः । आसुरी त्वसुराणां ते गीतायां हरिणोदिते ॥ ५७
अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः । दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ ५८
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् । दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ ५९
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता । भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ! ॥ ६०

---

**પરમેશ્વરપણાનાં લક્ષણ તો અજ્ઞાનથી જીવાત્માઓને મુક્તિ આપે તેમજ સંતો અને ધર્મનો દ્રોહ કરનારા દૈત્યોનો વધ કરી તેમનું રક્ષણ કરે તે જ છે. ભગવાનપણાનાં ઉપરોક્ત લક્ષણોની સાથે વધુ આ બે લક્ષણો જાણવાં. ચમત્કારો તો કોઈ સિદ્ધિવાળો પણ દેખાડી શકે છે.**[૫૪]

**બે પ્રકારના અસુરોને હણવાની રીત પણ બે પ્રકારની :–** હે ક્ષત્રવીર ! અસુરો બે પ્રકારના હોય છે. તેમાં પણ એક હાથમાં હથિયારધારી ને ભયંકર આકૃતિવાળા હોય છે. જ્યારે બીજા સાધુના વેષમાં દુષ્ટ કર્મ કરનારા હોય છે.[૫૫] આ બે પ્રકારના અસુરોનો વધ પણ બે પ્રકારનો છે, તે શસ્ત્રથી અને શસ્ત્ર વિનાનો કહેલો છે. તેમાં જે શસ્ત્રથી વધ કહેલો છે એ અસુરના શિરછેદાદિક રૂપે કહેલો છે. જ્યારે બીજો અશસ્ત્રથી વધ કહેલો છે, તે અસુરનો દંભ ખુલ્લો પાડીને તેની આજીવિકાના ભંગરૂપે કહ્યો છે.[૫૬] બુદ્ધિમાન પુરુષોએ દૈવી સંપત્તવાળા જીવોની આજીવિકા પણ દૈવી સંપત્તિની કહેલી છે. અને આસુરી સંપત્તવાળા જીવોની આજીવિકા પણ આસુરી સંબંધી કહેલી છે, આ બન્ને સંપત્ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે આ પ્રમાણે બતાવેલી છે.[૫૭]

**દૈવીસંપત્નાં લક્ષણો :–** અભય- પ્રાકૃત વસ્તુના સંયોગ અને વિયોગથી થતા દુઃખના ભયથી રહિત, સત્ત્વ - અંતઃકરણની શુદ્ધિ, આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, સતત ચિત્તની એકાગ્રતારૂપ યોગ, બાહ્ય ઈન્દ્રિયોનું દમન, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, આર્જવ, સરળતા, અહિંસા, સત્યવચન, અક્રોધ, ત્યાગ, શાન્તિ, અપૈશુન-ચાડીચૂગલી નહિ, જીવપ્રાણી માત્ર ઉપર દયા, વિષયોમાં અલોલુપતા, માર્દવ, કોમળ હૃદય, લજ્જા, અચપળતા, તેજ, ધૃતિ, શૌચ, અદ્રોહ અને અતિ ગર્વનો ત્યાગ. હે ભારત ! આ ગુણો દૈવી સંપત્તમાં જન્મેલાના ગુણો કહેલા છે.[૫૮-૬૦]

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च । अज्ञानं चाभिजातस्य पार्थ ! सम्पदमासुरीम् ॥ ६१
दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता । मा शुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ! ॥ ६२
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च । दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ ! मे शृणु ॥ ६३
प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः । न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥ ६४
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् । अपरस्परसम्भूतं किमन्यत्कामहेतुकम् ॥ ६५
एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः । प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ६६
काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः । मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ॥ ६७

---

**આસુરીસંપત્નાં લક્ષણો :–** હે પાર્થ ! દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, વાણીની કઠોરતા, અજ્ઞાન વિગેરે અનંત દુર્ગુણો આસુરી સંપત્તમાં જન્મેલાના સ્વભાવિક કહેલા છે. તેઓ કોઈ પણ ભોગે ભગવાનની આજ્ઞા વિરુદ્ધ શાસ્ત્ર વિરુદ્ધ વર્તન કેમ કરવું ? તેમાં તત્પર રહેતા હોય છે.[૬૧]

હે અર્જુન ! દૈવી સંપદા મોક્ષને માટે મનાયેલી છે. આસુરી સંપદા બંધનને માટે મનાયેલી છે, હે પાંડવ ! તું શોક ન કર. કારણ કે તારો જન્મ દૈવી સંપત્તિને અભિમુખ થયેલો છે.[૬૨] હે પાર્થ ! આલોકમાં દૈવી અને આસુરી એમ બે પ્રકારના ભૂતપ્રાણીમાત્રના ઉત્પન્ન થવાના પ્રવાહ રહ્યા છે. તેમાં દૈવી સંપત્તિનો વિસ્તાર કહ્યો. હવે હું તને આસુરી સંપત્તિનો વિસ્તાર કહું છું, તેને તું સાંભળ.[૬૩]

**આસુરીસંપત્તિવાળાનાં આચરણ :–** આસુરી સંપત્તિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો અભ્યુદયના સાધનરૂપ પ્રવૃત્તિ ધર્મ અને મોક્ષના સાધનરૂપે નિવૃત્તિ ધર્મને જાણતા જ નથી. તેઓને વિષે શૌચ અર્થાત્ બહારઅંદર પવિત્રતા હોતી નથી. વર્ણાશ્રમને ઉચિત સદાચાર પણ હોતો નથી. સ્વ-પર દ્રોહ રહિતનું સત્ય વચન બોલવાનું પણ હોતું નથી.[૬૪] તે અસુરો જગતને અસત્ય અને અપ્રતિષ્ઠિત કહે છે. આ જગતનો કોઈ માલિક ઈશ્વર નથી એમ કહે છે, તો કોઈ પૂછે કે તે ઉત્પન્ન કેમ થયું ? તો કહે સ્ત્રીપુરુષના પરસ્પરના મૈથુનથી બધું ઉત્પન્ન થયું છે. એના સિવાય બીજું આ જગતમાં છે શું ? સ્ત્રી પુરુષના પરસ્પરનો કામ સંભોગ જ આ જગતનો હેતુ છે, એમ કહે છે.[૬૫] આવા પ્રકારની બુદ્ધિનું અવલોકન કરી જેને આત્મ સ્વરૂપનું કાંઈ પણ જ્ઞાન નથી. એવા અલ્પ બુદ્ધિવાળા તથા હિંસામય ઉગ્ર કર્મ કરનારા માટે જ સર્વનું અહિત કરનારા તે જગતના શત્રુઓ જગતનો નાશ કરવા માટે જ ઉત્પન્ન થયેલા હોય છે.[૬૬] કલ્પ પર્યંત વિષયભોગ ભોગવ્યા છતાં

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः । कामोपभोगपरमा एतावदितिनिश्चयाः ॥ ६८
आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः । ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥ ६९
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् । इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ ७०
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि । ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥ ७१
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया । यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ७२
अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः । प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ ७३

**જે ખાડો પૂરી શકાય તેમ નથી તેવી કામેચ્છાનો આશ્રય કરી મોહના કારણે અસદ્મંત્રોથી અસદ્ગ્રહોની સાધના કરી દંભ, માન અને મદથી યુક્ત થઈને અસદ્વ્રતોનું અનુષ્ઠાન કરતા રાજસ અને તામસ દેવતાઓની આરાધનામાં પ્રવૃત્ત રહેતા હોય છે.[૬૭] વળી તે આસુરી સંપત્તિવાળા જનો મરણ પર્યંત જીવે ત્યાં સુધી પોતાના યોગ અને ક્ષેમની ચિંતા કરતા કામવાસનાને સંતોષવી એ જ પરમ પુરુષાર્થ છે, એવું નક્કી કરીને સેંકડો આશાઓથી બંધાઈ, આમ તેમ ભટકતા કામ, ક્રોધ પરાયણ જીવન જીવી કામભોગની સિદ્ધિ માટે ચોરી આદિકનો આશ્રય કરી અન્યાયથી પારકા ધનને ભેળું કરવા મથે છે.[૬૮-૬૯]**

**તે આસુરી સંપત્તવાળાજનો મનમાં જે ઘાટ ઘડે છે તે કહું છું. આ ક્ષેત્ર, પુત્રાદિક સર્વે મેં અત્યારે મારા સામર્થ્યથી જ મેળવ્યું છે, હવે આ જે મારો મનોરથ છે તે પણ મારા સામર્થ્યથી હું ચોક્કસ પૂર્ણ કરીશ. આ ધન જે મારી પાસે છે, તે મારી શક્તિથી ભવિષ્યમાં મારૂં કરી લઈશ.[૭૦] મેં હમણાં જ મારી તાકાતથી આ શત્રુને મારી નાખ્યા, અને શૂરવીર એવો હું હમણાં જ બીજા શત્રુઓને મારી નાખીશ. આ મંદબુદ્ધિ બધા ઈશ્વરની કલ્પના કરીને જીવે છે. અરે ઈશ્વર કોણ ? હું જ ઈશ્વર છું, હું જ ભોગી છું, હું સિદ્ધ છું, હું બલવાન છું, હું જ સ્વતઃ સુખી સંપન્ન છું.[૭૧] હું મારા પૌરુષેયથી ધનવાન થયો છું. હું ઉત્તમ કુળમાં જન્મ્યો છું, આ લોકમાં મારી સમાન બીજો કોણ છે ? કોઈ નથી, જોઈ આવો આખા જગતમાં. ભદ્રકાળી કે ભૈરવનું હું જ યજન કરીશ. હું દાન આપીશ. વિષયભોગથી હું જ પ્રમોદ પામીશ, આ પ્રમાણેની વિવિધ પ્રકારની ડીંગાઈયું મારતા તે આસુરી સંપત્તિવાળા જનો અજ્ઞાને કરીને મોહ પામેલા તે અદષ્ટ ઈશ્વરાદિકની સહાયતા વિના કેવળ બધું પોતાનાથી જ જાણે સિદ્ધ કરી શકાય છે, એમ માનીને હું આમ કરૂં કે તેમ કરૂં, વગેરેનો બકવાસ કરે છે.[૭૨] અને તેથી જ આવા અનેક પ્રકારના**

आत्मसम्भाविता: स्तब्धा धनमानमदान्विता: । यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥ ७४
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिता: । मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयका: ॥ ७५
इति दैवीमासुरीं च सम्पदं च तयो: फलम् । कृष्ण: सविस्तरं प्राह विविच्यैवार्जुनं प्रति ॥ ७६
यदा दैत्या: शस्त्रभृतो जायन्ते भुवि दुष्क्रिया: । तदाविर्भूय भगवान् शस्त्रपाणिर्निहन्ति तान् ॥ ७७
यदा ते साधुवेषा: स्युर्दुराचारास्तदा प्रभु: । अशस्त्रो हन्ति तान् हत्वा कामक्रोधादिजीविकाम् ७८

---

સંકલ્પોના વેગથી વિક્ષિપ્ત ચિત્તવાળા થઈ ગયેલા તેમજ ઉપરોક્ત અનેક પ્રકારના મોહમાં માછલી જેમ જાળમાં ગૂંચવાય તેમ ગૂંચવાઈ ગયેલા તથા કામના ઉપભોગમાં જ એક આસક્ત ચિત્તવાળા તે આસુરી સંપત્તિવાળા જનો મરીને અતિશય અપવિત્ર વિષ્ટા, પરુ, પાચ, લોહી આદિકથી ભરેલા નરકમાં પડે છે.[૭૩]

હે અર્જુન ! આવા આસુરીજનો બીજા કોઈ સજ્જન મનુષ્યોએ નહિ પૂજેલા, પરંતુ પોતે પોતાને જ પૂજ્ય માની સ્તબ્ધ થઈને ફરતા હોય છે, તેમજ ધનના મદ અને માનથી યુક્ત થઈ નામમાત્રના યજ્ઞો કરીને અથવા પોતાના નામની આહુતિઓ આપીને કરેલા યજ્ઞોથી દંભવડે અવિધિપૂર્વકના યજ્ઞો કરે છે.[૭૪] પોતાના તામસી સ્વભાવને અનુરૂપ કાલીભૈરવાદિની યજ્ઞો દ્વારા આરાધના કરે છે. આવા અસુરો કોઈની પણ અપેક્ષા વિના હું જ સર્વે સાધનો સાધવા સમર્થ છું, એવો અહંકાર ધરાવે છે. બધુંજ સિદ્ધ કરવામાં મારૂં બળ પર્યાપ્ત છે, એવું અભિમાન ધરાવે છે. મારી સમાન આ દુનિયામાં કોઈ નથી, એવો ગર્વ કરે છે. વળી મને ઈચ્છા થાય ને શું ન મળે ? આવી કામના ધરાવે છે. મારૂં અનિષ્ઠ કરનારા સર્વેને હું મારી નાખીશ, આવા ક્રોધને આશરે રહેલા હોય છે. આવી રીતે પોતે ઈચ્છેલા સાધનોથી બધું પોતે જ કરવા સમર્થ છે. એવું માનનારા તે અસુરજનો પોતાના કે પારકા સર્વે દેહધારીઓમાં અંતર્યામીરૂપે રહેલા મને અંતર્યામી વળી બીજો કોણ છે ? એમ યુક્તિ પૂર્વકની દલીલો કરી તેમાં દોષ દેખાડી મારી સાથે દ્વેષ કરે છે.[૭૫]

હે ચિમનરાવ ! આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે દૈવી અને આસુરી સંપત્તિનો વિભાગ કરીને તથા તેમના ફળનું વિવેચન કરીને વિસ્તારપૂર્વક કહેલું છે.[૭૬] આવા અસુરો પૃથ્વી પર જ્યારે શસ્ત્રો ધારણ કરી દુષ્ટકર્મ કરતા હોય ત્યારે ભગવાન પણ મનુષ્યાદિકમાં પ્રગટ થઈને હાથમાં શસ્ત્ર ધારણ કરી તે શસ્ત્રધારી દૈત્યોનો વધ કરે છે.[૭૭] અને જ્યારે તે દૈત્યો સાધુનો વેષ ધારણ કરી

तेषां सम्पदि नष्टायामासुर्यां हरिशक्तितः । नश्यत्येवाऽऽसुरत्वं हि देवत्वं समुदेति च ॥ ७९
लोका अन्ये च साश्चर्यं तान्वदन्त्यखिला अपि । देवदत्ता इमे नूत्ना न तु ते प्राक्तना इति ॥ ८०
येन केनाप्युपायेन सद्धर्मं भगवान्भुवि । स्थापयन्स्वाश्रितान्सद्यो मोचयत्येव बन्धनात् ॥ ८१
तदाश्रयेण जीवानां महापातकिनामपि । कल्याणं स्यादतो भक्त्याऽऽश्रयणीयः स वै नृभिः । ८२
अस्मद्गुरुश्च सकलैरैश्वरैर्लक्षणैरिह । सम्पन्नोऽस्तीति तं वच्मि भगवन्तं न गौरवात् ॥ ८३
सहस्रशो दुराचाराः पुमांसोऽपि तदाश्रयात् । मुक्तासुरक्रियाः सन्ति प्रसिद्धास्ते च भूतले ॥ ८४
योगाभ्यासं विनैवात्र शतशश्च सहस्रशः । जनाः समाधिं यान्तीति प्रत्यक्षं दृश्यतेऽखिलैः ॥ ८५

---

સ્ત્રીગમનાદિકની ક્રિયા કરતા હોય અથવા ધર્મના રૂપમાં કરાવતા હોય, ત્યારે ભગવાન મનુષ્યમાં પ્રગટ થઈને હાથમાં શસ્ત્ર ધારણ કર્યા વગર પણ તેવા અસુરોના કરતૂતો ઉપર પ્રકાશ પાડી તેમના તે ગોરખધંધા બંધ કરાવારૂપ તેમનું હનન કરે છે.[૭૮] આવી રીતે ભગવાન શ્રીહરિની શક્તિથી તેઓની આસુરી સંપત્તિનો વિનાશ થાય છે. ત્યારે ભગવાનની શક્તિથી તેઓનો આસુરભાવ પણ વિનાશ પામે છે, અને તેમના હૃદયમાં દૈવી સંપત્તિના અંકુર ફુટે છે. ત્યારે જીવ બદલાઈ જાય છે.[૭૯] અને લોકો બોલે છે કે આ ફલાણો ભાઈ હવે દૈવી થઈ ગયો છે, અસુર રહ્યો નથી. આ પ્રમાણે સમગ્ર મનુષ્યો આશ્ચર્યપૂર્વક દૈવી સંપત્તિવાળાને કહે છે.[૮૦] આ રીતે સકલ ઐશ્વર્યસંપન્ન ભગવાન શ્રીહરિ કોઈ પણ ઉપાયે કરીને આ પૃથ્વી પર ભાગવતધર્મનું પ્રવર્તન કરે છે, અને પોતાને શરણે આવેલા ભક્તજનોને અજ્ઞાનના પાશ થકી તત્કાળ મુક્ત કરે છે.[૮૧] મહાપાપી જીવોનું પણ તે પ્રગટ પ્રમાણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરવાથી તત્કાળ કલ્યાણ થાય છે. માટે હે ચિમનરાવ ! મનુષ્યોએ ભક્તિભાવપૂર્વક તે પ્રગટ પ્રમાણ ભગવાનનો આશરો કરવો જોઈએ.[૮૨]

હે ચિમનરાવ ! જગપ્રસિદ્ધ અમારા ગુરુ શ્રીસ્વામિનારાયણ ભગવાન અત્યારે આ લોકમાં મનુષ્યરૂપે રહેલા હોવા છતાં પરમેશ્વરપણાના સૂચક સકલ લક્ષણોથી સંપન્ન છે. તેથી જ હું તેમને પ્રત્યક્ષ પરમેશ્વર ભગવાન કહું છું. પરંતુ ગુરુ એ જ બ્રહ્મા ઈત્યાદિ વચનોના આધારે ગુરુ હોવાના નાતે નહિ.[૮૩] હજારો દુરાચારી પુરુષો તેમનો પ્રગટ આશ્રય કરવાથી આસુરી ક્રિયા થકી મુક્ત થયા છે, તેવા પુરુષો કોણ કોણ છે તે પણ આ પૃથ્વી પર સર્વજનોને વિદિત છે, નામ ગણાવાની ક્યાં જરૂર છે ?[૮૪] આલોકમાં સેંકડો અને હજારો મનુષ્યો ભગવાન શ્રીહરિના

अन्तकाले च तद्भक्तान् नेतुं तत्पार्षदा अपि । आयान्तीतीक्ष्यते भक्तैरभक्तैश्च क्वचित्क्वचित् ॥ ८६
ईश्वरोऽतः स एवेति सुज्ञैर्निश्चीयते जनैः । अत्र चेत्संशयः कश्चित्पृच्छतोत्तरदोऽस्म्यहम् ॥ ८७
सुव्रत उवाच — इति तस्य मुनेर्निशम्य वाचं गलिताभ्यन्तरसर्वसंशयास्ते ।
स्वमतं परिहाय तं प्रणेमुः श्रुतपूर्वे विविदुर्हरिं च विष्णुम् ॥ ८८ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्रियुगशब्दार्थनिर्णये भगवदवतारा-साधारणलक्षणनिरूपणनामा सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥*

---

શરણે થઈ અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ સમાધિમાં જાય છે. આ ઐશ્વર્યનો સમગ્ર મનુષ્યો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે.[૮૫] અંતકાળે પોતાના ભક્તજનને લેવા માટે તેમના દિવ્ય પાર્ષદોને સાથે લઈને આવે છે, ક્યારેક સ્વયં એકલા આવે છે. ક્યારેક માત્ર પાર્ષદો આવે છે. આવા પ્રકારનું આશ્ચર્ય કેટલાક ભક્તોને અને કેટલાક અન્યજનોને પણ પ્રત્યક્ષ દેખાય છે.[૮૬] હે ચિમનરાવ ! આવી રીતે સમસ્ત પરમેશ્વરપણાના લક્ષણોએ યુક્ત હોવાથી જ અમારા ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમેશ્વર છે. આ પ્રમાણે સુજ્ઞ પુરુષો સૌ જાણે છે. હવે તમને આ બાબતે જો કાંઈ સંશય હોય તે પ્રશ્ન પૂછો. હું તમને ચોક્કસ સપ્રમાણ ઉત્તર આપીશ.[૮૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી અંતરથી નિઃસંશયી થયેલા સર્વે રામચંદ્રાદિ વિદ્વાનો પોતે ધારી રાખેલા મતનો ત્યાગ કરીને મુક્તાનંદ સ્વામીને પ્રણામ કર્યા ને પૂર્વે જેનો ભગવાનપણાનો મહિમા સાંભળ્યો હતો એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનને સાક્ષાત્ ભગવાન વિષ્ણુ પુરુષોત્તમ નારાયણ માનવા લાગ્યા.[૮૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્રિયુગ શબ્દના નિર્ણયમાં પૃથ્વીપર થતા ભગવાનના અસાધારણ લક્ષણોનું અને શ્રીસ્વામિનારાયણ છે તે સાક્ષાત્ ભગવાન છે નિરૂપણ કર્યું એ નામે સાડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૭--**

---

अष्टत्रिंशोऽध्यायः - ३८

सुव्रत उवाच –

ततो बद्धाञ्जलिपुटास्त ऊचुर्नृप ! तं मुनिम् । अस्माकं संशयाः सर्वे विनष्टा मुनिपुङ्गव ! ॥ १
त्वादृशाः साधवोऽस्माभिर्यथाशास्त्रार्थबोधकाः । निजानुभवसिद्धाश्च नैव दृष्टा हि भूतले ॥ २
सन्तः सन्त्यत्र ये ते तु दम्भवञ्चितमानवाः । स्त्रीद्रव्यरससंसक्ता विद्वांसोऽप्यबुधा इव ॥ ३
स्वामिनारायणोऽस्माभिस्तत्सन्तश्च श्रुताः खलु । माहात्म्यं त्वीदृशं तस्य स्फुटं केनापि नोदितम् ४
गुणेषु दोषानारोप्य सन्तोऽत्रत्यास्तु मायिकम् । तमाहुर्न तु कोऽप्याह मायापाशविमोचकम् ॥ ५
वयं महान्तो धूर्ताः स्मो विद्वांसमपि संसदि । क्षणात्परास्तं कुर्मोऽत्र प्रणमामो न कञ्चन ॥ ६
गुरोः प्रसादादद्यैव त्वया मूकाः कृता वयम् । अतः स ईशो विज्ञातोऽन्यथास्मान् कः पराजयेत् ७

---

## અધ્યાય - ૩૮

## પંડિતો મુક્તાનંદ સ્વામીના શરણે અને સંપ્રદાયનો થયેલો દિગ્વિજ્ય.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વાદ કરવા આવેલા તે સર્વે વિદ્વાનો બન્ને હાથ જોડીને મુક્તાનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મુનિશ્રેષ્ઠ ! અમારા સર્વે સંશયો વિનાશ પામ્યા.[૧] શાસ્ત્રના અર્થને યથાર્થ જાણતા તમારા જેવા અનુભવસિદ્ધ સાધુઓ અમે પૃથ્વી પર ક્યાંય જોયા નથી.[૨] અહીં જે અમારા સાધુઓ રહ્યા છે, તે તો દંભથી મનુષ્યોને છેતરે છે. સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્ત છે. વિદ્વાન હોવા છતાં પણ અબુધની જેમ વર્તે છે.[૩] હે મુનિશ્રેષ્ઠ ! આથી પહેલાં અમે ભગવાન શ્રીસ્વામિનારાયણ અને તેમના સંતો વિષે માત્ર સાંભળ્યું હતું, પરંતુ તમે જેવો મહિમા કહ્યો તેવો સ્પષ્ટ મહિમા અમને કોઈએ કહ્યો ન હતો.[૪] અહીંના સાધુઓ તો સ્વામિનારાયણ ભગવાનને વિષે રહેલા સદ્‌ગુણોમાં પણ દોષોનું આરોપણ કરી તેમને સામાન્ય પુરુષ જેવા માયિક કહે છે, પરંતુ કોઈ પણ તેમને પોતાના શરણે આવનારને માયાના પાશથી મૂકાવનારા કહેતા નથી.[૫]

હે મુનિવર્ય ! આ નગરમાં અમારા જેવા મોટા કોઈ ધૂતારા નથી. કારણ કે વિદ્વાનાની સભામાં કોઈ પણ પંડિતને એક ક્ષણવારમાં પરાસ્ત કરી શકીએ છીએ. આજ દિવસ સુધી તમારા સિવાય કોઈને અમે નમ્યા નથી.[૬] આજે તમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાનની તમારા ઉપર કૃપા હોવાથી તમારા દ્વારા અમારી બોલતી બંધ થઈ ગઈ. માટે જરૂર તમારા ગુરુ સાક્ષાત્ પરમેશ્વર છે. નહીં તો

अद्यप्रभृति तस्य स्म इति जानीहि निश्चितम् । अतो मुमुक्षूनस्मांस्त्वं तत्पार्श्वं नेतुमर्हसि ॥ ८

**सुव्रत उवाच –**

तेषामिति वचः श्रुत्वा प्रसन्नः स मुनिर्नृप ! । निश्चिकाय मुमुक्षूंस्तांस्त्यक्तदम्भानुवाच च ॥ ९
समीचीना मतिर्वोऽस्ति यूयं खलु मुमुक्षवः । स्वामिवार्ता मनसि वः प्रविशेत्कथमन्यथा ॥ १०
अत्रागत्य प्रतिदिनं श्रव्यास्तस्य गुणा द्विजाः ! । तेन दुःसङ्गजास्तर्का नङ्क्ष्यन्ति सकला अपि ॥ ११
सत्सङ्गेनैव माहात्म्यमादौ बुद्ध्वा तु तस्य ये । कुर्वन्ति दर्शनं तेषां जायतेऽतिसुखाय तत् ॥ १२
युष्माकं हृदये सम्यग्जाते तन्निश्चये वयम् । तदन्तिकं गमिष्यामः सहिता नात्र संशयः ॥ १३
इत्याश्रुत्य मुनेर्वाक्यं प्रसन्नमनसो हि ते । तं प्रणम्य निजं स्थानं जग्मुः साश्चर्यचेतसः ॥ १४
ये त्वन्य आगतास्तत्र ते दृष्ट्वा तत्पराजयम् । त्रस्ताश्च विस्मिताः किञ्चिन्नोक्त्वा तूष्णीं ययुर्गृहान् ॥ १५
सैव वार्ता प्रतिगृहं बभूव नगरे ततः । ये ये मुमुक्षवस्ते ते तं मुनिं शरणं ययुः ॥ १६

---

**આજે અમને કોણ પરાજિત કરી શકે ?[૭] આજ દિવસથી આરંભીને અમે એમના છીએ એમ તમે નિશ્ચય જાણો. માટે તમે મુમુક્ષુ એવા અમને તમારા ગુરુની પાસે લઈ જાઓ.[૮] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે તે રામચંદ્રાદિક વિદ્વાનોનું વચન સાંભળી અતિશય પ્રસન્ન થયેલા મુક્તાનંદ સ્વામી તેઓને નિર્દંભી અને મુમુક્ષુ જાણી કહેવા લાગ્યા.[૯] હે વિપ્રો ! તમારી બુદ્ધિ અતિશય શુદ્ધ છે. તમે મુમુક્ષુ છો. નહીંતર તમારા મનમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમેશ્વર છે એ વાત કેમ પ્રવેશી શકે ?[૧૦] હે વિપ્રો ! પ્રતિદિન મારી સમીપે આવી તેમના ગુણોનું શ્રવણ કરો. તેના કારણે કુસંગના યોગથી ઉદ્ભવતા સમગ્ર ખોટા તર્કો નાશ પામશે.[૧૧] જે પુરુષો પ્રથમ ભગવાન શ્રીહરિના સંતોનો સમાગમ કરીને ભગવાનનું બરાબર માહાત્મ્ય સમજીને પછી તેમના દર્શન કરે છે, તેઓને તેમના દર્શનનું અતિશય પરમ સુખ પ્રાપ્ત થાય છે.[૧૨]**

**હે વિપ્રો ! તમારા હૃદયમાં તેમનો સારી રીતે નિશ્ચય થયો છે. તેથી આપણે સૌ સાથે મળીને ભગવાન શ્રીહરિની સમીપે જશું, તેમાં કોઈ સંશય નથી.[૧૩] આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી અતિશય પ્રસન્ન થયેલા તે પાંચે વિદ્વાનો આશ્ચર્ય પામ્યા ને સ્વામીને પ્રણામ કરી પોતાના નિવાસસ્થાને ગયા.[૧૪] તે સભામાં સર્વે અન્ય જનો પણ તે પંડિતોનો પરાજય જોઈ મનમાં વિસ્મય પામતા કંઈ પણ બોલ્યા વગર પોતપોતાના ઘેર ચાલ્યા ગયા.[૧૫] હે રાજન્ ! રામચંદ્રાદિ પંડિતોનો મુક્તાનંદ સ્વામી આગળ પરાજય થયો, તે વાત વડોદરા શહેરમાં ઘેરઘેર થવા**

स मुनिर्वादिनो जित्वा नाप किञ्चन विस्मयम् । हरेः प्रतापं तं जानन् निजहृत्पद्मसंस्थितेः ॥ १७
ये जनाः स्वान्तिकं प्रापुर्बोधयित्वा स तानपि । हरेरेवाश्रयं सम्यक्कारयामास भूमिप ! ॥ १८
रामचन्द्रादयस्तेऽपि तदन्तिकमुपेत्य च । प्रत्यहं भगवद्वार्ता आदरेणैव शुश्रुवुः ॥ १९
दिने दिने रतिस्तेषामवर्धत हरौ ततः । माहात्म्यश्रवणात्तस्य तद्दिदृक्षा महत्यभूत् ॥ २०
तेषां भगवति श्रद्धां दृष्ट्वाथाह मुनिः स तान् । ध्यानं कुरुत तस्यात्र दास्यते दर्शनं हि सः ॥ २१
सिताम्बरं घनश्यामं वर्णिवेषं मनोहरम् । तं ध्यायथेति तेनोक्तास्तेऽपि तत्र तथाऽऽचरन् ॥ २२
स्वस्तिकासनमासीनास्तद्वाक्याप्तप्रतीतयः । ध्यायन्तस्ते हरिं साक्षाद्ददृशुः सद्य आत्मनि ॥ २३
सितप्रकाशमध्यस्थं तं दृष्ट्वातिमनोहरम् । आनन्दं परमं प्रापुः समाधेरुत्थितास्ततः ॥ २४

---

લાગી અને શ્રીસ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમેશ્વર છે, એમ સૌ કહેવા લાગ્યા, તેથી જે જે મુમુક્ષુ જનો હતા તે મુક્તમુનિના શરણે આવવા લાગ્યા.[૧૬] અને મુક્તાનંદ સ્વામી પણ પોતાના હૃદયકમળમાં બિરાજતા શ્રીહરિના પ્રતાપને કારણે વાદ કરવા આવેલા પંડિતોનો પરાજય થયો છે, એમ જાણી પોતાના મનમાં કંઈ પણ વિસ્મય પામ્યા નહિ.[૧૭] હે રાજન્ ! આ રીતે મુક્તાનંદ સ્વામી જે જે પુરવાસીજનો પોતાની સમીપમાં આવે, તે સર્વેને ભગવાન શ્રીહરિના સ્વરૂપનો બોધ આપી તેમના શરણે કરતા હતા.[૧૮] રામચંદ્રાદિ પંડિતો પણ પ્રતિદિન મુક્તાનંદ સ્વામીને સમીપે આવી આદરપૂર્વક ભગવાનની વાર્તા સાંભળતા હતા.[૧૯] આ રીતે શ્રીહરિના માહાત્મ્યના શ્રવણથી દિવસે દિવસે તેઓને પ્રગટ ભગવાન શ્રીનારાયણ મુનિને વિષે અતિશય પ્રીતિ વધવા લાગી, ને અંતરમાં તેમનાં દર્શનની ઉત્કંઠા જાગી.[૨૦]

હે રાજન્ ! પછી મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને વિષે તેઓની શ્રદ્ધા વૃદ્ધિ પામેલી જોઈ, તેથી તેઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે વિપ્રો ! તમે શ્રીહરિનું ધ્યાન કરો, તે સ્વયં અહીં પધારી તમોને દર્શન આપશે.[૨૧] શ્વેતવસ્ત્રોને ધારી રહેલા નવીન મેઘની સમાન શ્યામ સુંદર શરીરવાળા, નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષમાં શોભી રહેલા મનોહર ભગવાન શ્રીહરિનું ધ્યાન કરો. આ પ્રમાણે સ્વામીએ કહ્યું તેથી તેઓ ત્યાંજ સ્વામીના કહેવા પ્રમાણે ધ્યાન કરવા લાગ્યા.[૨૨] તમને ભગવાન શ્રીહરિનું નિશ્ચય દર્શન થશે, એ પ્રમાણેના મુક્તાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને સ્વસ્તિક આસને બેઠા. અને શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. ત્યારે તેજ ક્ષણે પોતપોતાના આત્માને વિષે તેમનાં પ્રત્યક્ષ દર્શન થવા લાગ્યાં.[૨૩] અતિશય શ્વેત પ્રકાશના મધ્યે વિરાજમાન શ્રીહરિનાં દર્શન કરી તેઓ પરમ આનંદને પામ્યા.

विनष्टसंशयव्रातास्तद्दर्शनमहामुदः । भक्तिं तस्य ततो नित्यं विदधुर्मुन्यनुज्ञया ॥ २५
स्वाश्रितांश्च स्वविश्वासांस्ततः प्रोचुर्जनांश्च ते । श्रेयइच्छा भवेद्येषां ते यान्तु शरणं मुनिम् ॥ २६
तेषां तं निश्चयं दृष्ट्वा पौरा लोकाः सहस्रशः । हरेः समाश्रयं चक्रुस्तदीयाश्चाखिला जनाः ॥ २७
नारुपन्तः सिंहजितं भूमिपालमशेषतः । वृत्तं तत्कथयामास स तच्छ्रुत्वाप विस्मयम् ॥ २८
ततो वसन्तपञ्चम्यां सैन्येन महता वृतः । स तत्समीपमागत्य प्रणनाम महामतिः ॥ २९
आदृतो मुनिना तेन पृष्टश्चानामयं नृपः । उपविष्टस्तत्समीपे प्रार्थयामास तं ततः ॥ ३०
साधूनां भवतामेव प्रसादादस्ति मे सुखम् । अधुना तु विशेषेण सुखितोऽस्मि त्वदीक्षणात् ॥ ३१
अत्र त्वया कृपां कृत्वा यथा दत्तं स्वदर्शनम् । तथा त्वद्गुरुणा देयमिति तं प्रार्थयेद्भवान् ॥ ३२

પછી સમાધિમાંથી જાગ્રત થયા.[૨૪] તે સમયે હૃદયમાં શ્રીહરિનાં દર્શન થવાથી મહા આનંદને પામેલા તે સર્વે પંડિતોના અંતરમાં પડેલા પૂર્વના સંશયો સમૂળ વિનાશ પામ્યા ને સ્વામીની આજ્ઞાનુસાર શ્રીહરિની નિરંતર ભક્તિ કરવા લાગ્યા.[૨૫]

હે રાજન્ ! પછી તે વિદ્વાનો પોતાને આશરે રહેલા સંબંધીજનોને તથા પોતાના વચનમાં વિશ્વાસ ધરાવતા અન્યજનોને પણ કહેવા લાગ્યા કે, જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેઓ મુક્તાનંદ સ્વામીનું શરણું સ્વીકારો.[૨૬] તે વિદ્વાનોનો ભગવાન શ્રીહરિને વિષે આવો પાકો નિશ્ચય જોઈ હજારો પુરવાસીજનો તથા સેંકડો પંડિતોના સંબંધીજનો તથા તેમનામાં વિશ્વાસ ધરાવતા અન્ય હજારો મનુષ્યોએ મુક્તાનંદ સ્વામીની સમીપે શ્રીહરિનું શરણું સ્વીકાર્યું.[૨૭] રાજાના મંત્રી નારુપંત-નાનાએ સયાજીરાવ રાજાને તે સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સમયે રાજા પંડિતોની હાર અને મુક્તાનંદ સ્વામીની જીત સાંભળી અતિશય વિસ્મય પામી ગયા.[૨૮]

**સયાજીરાવ મહારાજા મુક્તાનંદસ્વામીનાં દર્શને આવ્યા :-** હે રાજન્ ! મહાબુદ્ધિશાળી તે સયાજીરાવ મહારાજા સંવત ૧૮૮૧ ના મહાસુદ વસંતપંચમીના દિવસે પોતાની ચતુરંગિણી સેનાને સાથે લઈ મુક્તાનંદ સ્વામીનો આદર કરવા સમીપે પધાર્યા ને સ્વામીને પ્રણામ કર્યા.[૨૯] ત્યારે સ્વામીએ પણ તેમને ખૂબજ આદર આપ્યો ને કુશળ સમાચાર પૂછ્યા. ત્યારે સયાજીરાવ સ્વામીના આપેલા આસન ઉપર વિનમ્ર થઈને સમીપે બેઠા. ને પ્રાર્થના કરવા લાગ્યા.[૩૦] હે મુનિ ! તમારા જેવા સંતોની કૃપાથી મને સુખ વર્તે છે. અત્યારે તમારાં દર્શન થવાથી વિશેષ સુખી થયો છું.[૩૧] જેવી રીતે તમે કૃપા કરીને અહીં મારા નગરમાં પધારીને પોતાનું દર્શન આપો છો, તેવીજ રીતે તમારા ગુરુ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી

दिदृक्षा महती चित्ते वर्तते तस्य मेऽनघ ! । अत एतत्त्वया कार्यमिति त्वां प्रार्थयाम्यहम् ॥ ३३

**मुक्तानन्द उवाच –**

समीचीनं त्वया राजन्नेतद्व्यवसितं हृदि । स्वतन्त्रोऽस्ति स तु स्वामी प्रार्थयिष्ये तथाप्यहम् ॥ ३४
त्वं हि सुज्ञोऽसि भूपाल ! सदसद्व्यक्तिवित्सुधीः । व्यावहारिककार्याणि तव सन्ति बहूनि च ३५
तत्राप्यानीयावकाशं कर्तव्यं हरिचिन्तनम् । तदेव परलोकोस्ति सुखदं नेतरत् खलु ॥ ३६

निपुणमतिमतां गुणाश्च ये स्युः शमदमशीलदयादयो हि तेषाम् ।
फलमिदमुदितं नरेन्द्र ! शास्त्रे भगवत एव पदाम्बुजे रतिर्या ॥ ३७
यदि हरिचरणाम्बुजे स्वचित्तं दृढतरसंस्थितिमाप्नुयान्न भक्त्या ।
इतरगुणगणेन किं तदानीं भवजलधिभ्रमहेतुना फलं स्यात् ॥ ३८
भवदवशिखिदग्धमानसानां निरवधि शैत्यसुखं विचिन्वतां वै ।
हरिचरणसरोजमेकमेव श्रुतिगदिताखिलसौख्यमूलमस्ति ॥ ३९

---

પણ અહીં પધારી દિવ્ય દર્શન આપે એ પ્રમાણેની અમારા વતી તમે તેમને પ્રાર્થના કરો.[૩૨] હે નિષ્પાપ સંત ! મારા મનમાં તેમના દર્શનની અતિશય ઈચ્છા વર્તે છે.એથી તમે મારી પ્રાર્થના શ્રીહરિની આગળ જરૂર નિવેદન કરો, આવી મારી તમને પ્રાર્થના છે.[૨૯-૩૩]

**રાજાને સ્વામીનો સદુપદેશ :–** ત્યારે મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમે મનમાં જે ઠરાવ કર્યો છે તે સારો છે. શ્રીસહજાનંદ સ્વામી તો સ્વતંત્ર છે. છતાં હું તેમને તમારા વતી જરૂર પ્રાર્થના કરીશ.[૩૪] હે રાજન્ ! તમે સુજ્ઞ છો, સત્યઅસત્યના વિવેકને જાણનારા છો. સુબુદ્ધિવાળા છો. તમને પ્રજાના અનેક વ્યવહારિક કાર્યો કરવાના હોય છે.[૩૫] તેમાં પણ થોડો અવકાશ કાઢીને થોડું હરિસ્મરણ કરવું જોઈએ. કારણ કે તે જ પરલોકમાં સુખદાયી થશે. બાકી બધું અહીંજ પડ્યું રહેવાનું છે.[૩૬] હે નરેન્દ્ર ! બુદ્ધિમાં નિપુણ મનુષ્યોના જે શમ, દમ, શીલ, દયા, અહિંસા, બ્રહ્મચર્ય આદિક ગુણો હોય તેનું ફળ શાસ્ત્રોમાં એજ કહેલું છે કે, ભગવાન શ્રીહરિના ચરણકમળમાં પ્રીતિ ઉત્પન્ન થવી. આવા ગુણો હોવા છતાં જો તેને ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન નથી થતી તો ભવસાગરમાં ભ્રમણ કરાવવામાં કારણભૂત એ અન્ય ગુણોથી શું ફળ છે ? કાંઈ જ નહિ.[૩૭-૩૮] આ સંસારરૂપી દાવાનળમાં દગ્ધ મનવાળા અને સુખ શાંતિને શોધતા પુરુષોને માટે એક ભગવાન શ્રીહરિનાં ચરણકમળ જ સમગ્ર સુખનું મૂળ છે. એમ શ્રુતિ કહે છે.[૩૯]

पदकमलसमीक्षणेन साक्षात्प्रभवति सौख्यमिति ध्रुवं न चित्रम् ।
अपि भव परितापितोऽन्तरात्मा हरिगुणसंश्रवणेन शान्तिमेति ॥ ४०
अघभरहरणेऽत्र भक्तिभाजां प्रभवति नाम हरेर्हि तन्न चित्रम् ।
अपि विवशजनैरुदीरितं यद्दुरितचयं विनिहन्ति सद्य एव ॥ ४१
समवति परितोऽन्यदुर्निवार्यान्निजजनमान्तरबाह्यवैरिसङ्घात् ।
क्षणमपि च न विस्मरत्यमुं यज्जगति ततः प्रभुनामः तस्य सार्थम् ॥ ४२
स्थिरचरतनुधारिणां स आत्मा वपुरसुधीन्द्रियपाशसंवृतानाम् ।
हृदयसरसिजेऽस्ति दिव्यमूर्तिर्भुवि सदनुग्रहतः स लभ्यते च ॥ ४३
चरणकमलमेतदीयमेव प्लवमिह ये विबुधाः श्रयन्ति तूर्णम् ।
पृथुभवजलधिं त एव नूनं सपदि तरन्त्यपरांस्त्वदन्ति नक्राः ॥ ४४

હે રાજન્ ! સાક્ષાત્ ભગવાનના ચરણના દર્શનથી અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. એ કાંઈ આશ્ચર્યની વાત નથી. કારણ કે ત્રણ પ્રકારના સાંસારિક તાપથી તપી ગયેલું મન ભગવાનના ગુણાનુવાદના કથા શ્રવણથી જ શાંત થાય છે.[૪૦] સાક્ષાત્ ભગવાન શ્રીહરિને વિષે બુદ્ધિપૂર્વક નવધાભક્તિ કરતા મનુષ્યોનાં પાપના પૂંજોનો વિનાશ કરવામાં માત્ર એક ભગવાન શ્રીહરિના નામોનું ઉચ્ચારણ જ સમર્થ સિદ્ધ થાય છે, તેમાં પણ કોઈ આશ્ચર્ય નથી. કારણ કે પરવશ મનુષ્યો પણ જો હરિનામનું ઉચ્ચારણ કરે છે તો તેપણ તત્કાળ પાપના સમૂહો થકી મુક્ત થઈ જાય છે. તો પછી ભક્તિ કરવાવાળાની તો વાત જ ક્યાં રહી ? જેથી સાક્ષાત્ ભગવાન સિવાય અન્ય મનુષ્યોથી નિવારી ન શકાય તેવા અંદરના કામ, ક્રોધાદિ દોષો થકી પોતાના આશ્રિત ભક્તજનોનું સર્વ પ્રકારે એક શ્રીહરિ જ રક્ષણ કરે છે. ને ભક્તને તે ક્ષણવાર પણ ભૂલતા નથી. અને તેથી જ આ જગતમાં તેમનું પ્રભુ એવું નામ સાર્થક થયું છે.[૪૧-૪૨] હે રાજન્ ! શરીર, પ્રાણ, ઈન્દ્રિયો અને બુદ્ધિના પાશથી બંધાયેલા સ્થાવર, જંગમ સૃષ્ટિના સમગ્ર દેહધારીઓના હૃદયમાં ભગવાન શ્રીહરિ અંતર્યામીપણે વિરાજે છે. અને આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે પ્રગટ થયેલા તે શ્રીહરિ એક તેમના સંતના અનુગ્રહથી જ ઓળખી શકાય છે. પછી જ તેમના શરણે જવાય છે.[૪૩] આલોકમાં જે બુદ્ધિશાળી મનુષ્યો છે તે એ પ્રગટ પ્રમાણ ભગવાન શ્રીહરિના ચરણ કમળરૂપી નૌકાનો આશ્રય કરે છે, તેથી તેઓ તત્કાળ સંસારસાગરને પાર કરી જાય છે. પરંતુ તેમનો જે આશ્રય કરતા નથી. તેમને તો કામક્રોધાદિ મોટા મોટા મગરમચ્છો ભક્ષણ કરી જાય છે.[૪૪]

सुव्रत उवाच –

एवमुक्तः स मुनिना हृष्टो राजा घटीद्वयम् । तत्र स्थित्वा प्रणम्याथ तं ययौ निजकेतनम् ॥ ४५
हरेः समाश्रयं नित्यं कारयन् बहुशो जनान् । सार्धमासत्रयं तत्र मुनिः सन्यवसन्नृप ! ॥ ४६
ततो जिगमिषां चक्रे दर्शनार्थं हरेस्ततः । तावद्दूत उपेत्याह तस्य वृत्तालयागमम् ॥ ४७
ततो नाथजिदाद्यैश्च रामचन्द्रादिभिः सह । वृत्तालयमुपेयायाऽऽमलक्येकादशीदने ॥ ४८
ते हरेर्दर्शनं चक्रू रामचन्द्रादयस्तदा । समाधिदृष्टमेवैनं दृष्ट्वापुः परमां मुदम् ॥ ४९
तत्रत्यमखिलं वृत्तं मुक्तानन्द उवाच तम् । तच्छ्रुत्वा स प्रसन्नस्तं प्रशशंस च सादरम् ॥ ५०
इत्येतत्ते निगदितं यत्पृष्टं भवतानघ ! । मुक्तानन्दः कथं जिग्ये वटपत्तनवादिनः ॥ ५१
इत्थं हरेर्भगवतो भवति प्रतापो देशान्तरेऽपि ननु येन समाधिसिद्धिः ।
सद्यो भवत्यकृतयौगिकसाधनानां नृणामपि प्रचुरयोगजुषां दुरापा ॥ ५२ ॥

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ રાજાને ઉપદેશ કર્યો તેથી તે સયાજીરાવ રાજા અતિશય પ્રસન્ન થયા. આ રીતે સ્વામીની સમીપે બે ઘડી બેસી સમાગમ કરી સ્વામીને પ્રણામ કરીને પોતાના રાજમહેલમાં ગયા.[૪૫] આ રીતે મુક્તાનંદ સ્વામી પ્રતિદિન અનેક પુરવાસી જનોને શ્રીહરિનો આશ્રય કરાવતા વડોદરા શહેરમાં સાડા ત્રણ માસ સુધી નિવાસ કરીને રહ્યા.[૪૬] પછી શ્રીહરિનાં દર્શન કરવા જવા વડોદરાપુરથી પ્રયાણ કરવાની મનમાં ઈચ્છા કરી. તેવામાં કોઈ દૂતે આવીને સ્વામીને કહ્યું કે, શ્રીહરિ ગઢડાથી વડતાલ એકાદશીના દિવસે પધારવાના છે.[૪૭]

**વિદ્વાનો સાથે મુક્તાનંદસ્વામીનું વડતાલપુરે આગમન :–** પછી મુક્તાનંદ સ્વામી વડોદરાના નાથભક્ત આદિ ભક્તો તથા રામચંદ્ર શાસ્ત્રી આદિ પંડિતોને સાથે લઈને સંવત ૧૮૮૧ ના ફાગણ સુદ આમલકી એકાદશીના દિવસે વડતાલ પહોંચ્યા.[૪૮] તે સમયે વિદ્વાનોએ ભગવાન શ્રીહરિનાં દર્શન કર્યાં, ને સમાધિમાં જેવાં દર્શન કર્યાં હતાં, તેવા જ પ્રત્યક્ષ અત્યારે નિહાળ્યા તેથી પરમ આનંદ પામ્યા.[૪૯] પછી મુક્તાનંદ સ્વામીએ વડોદરાનું સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહી સંભળાવ્યું. એ વૃત્તાંત સાંભળી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને મુક્તાનંદ સ્વામીની પ્રશંસા કરવા લાગ્યા.[૫૦]

હે નિષ્પાપ રાજન્ ! તમે મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં વિદ્વાનોને કેવી રીતે જીત્યા, એવો પ્રશ્ન કરેલો તેનો તમોને મેં યથાર્થ ઉત્તર આપ્યો છે.[૫૧] હે રાજન્ !

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्रियुगशब्दार्थनिर्णये वादिपराजयतत्कृतहरिसमाश्रयनिरूपणनामाष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥*

---

## एकोनचत्वारिंशोऽध्यायः - ३९

**राजोवाच –**

हरेः कथामृतं पीत्वा तृप्तिर्नास्ति मुने ! मम । पाययातस्तदेव त्वं करुणानिभृतो ह्यसि ॥ १ ॥
एत्य दुर्गपुरं स्वामी वृत्तालयपुरात्स्वयम् । किं किं चकार तन्मे त्वं वद शुश्रूषवेऽखिलम् ॥ २

**सुव्रत उवाच –**

शृणु त्वं राजशार्दूल ! रसज्ञोऽसि विशुद्धधीः । कथयाम्ययदपि ते चरितं धर्मजन्मनः ॥ ३

---

ભગવાન શ્રીહરિનો આવો મહાન પ્રતાપ છે. જેનાથી દેશદેશાંતરમાંથી દર્શને આવતા મનુષ્યોને કોઈ પણ જાતની અષ્ટાંગયોગની સાધના કર્યા વિના પણ તત્કાળ સમાધિ દશા પ્રાપ્ત થાય છે. જે સમાધિની સિદ્ધિ અષ્ટાંગયોગની બહુ પ્રકારની સાધના કરતા મોટા મોટા યોગીઓને પણ પ્રાપ્ત થવી દુર્લભ છે.[૫૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં વાદી પંડિતોનો મુક્તાનંદ સ્વામીએ પરાજય કર્યો અને તે પંડિતો તથા અન્ય હજારો જનોએ શ્રીહરિનો આશ્રય કર્યો એ નામે આડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૮--**

---

## અધ્યાય - ૩૯

## ધોલેરાથી પૂંજાભાઈ અને જુનાગઢથી હેમંતસિંહ રાજા પોતાને ત્યાં મંદિર કરવાની શ્રીહરિને પ્રાર્થના કરી.

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે સુવ્રતમુનિ ! ભગવાન શ્રીહરિના કથામૃતનું પાન કરતાં મને તૃપ્તિ થતી નથી. માટે ફરી ફરી કથામૃતનું જ પાન કરાવો, કારણ કે તમારૂં અંતર કરુણાથી છલકાય છે.[૧] ભગવાન શ્રીહરિ વડતાલથી દુર્ગપુર પધાર્યા ને ત્યાં શું શું ચરિત્રો કર્યાં એ સમગ્ર ચરિત્રો મને સાંભળવાની ઈચ્છા વર્તે છે.[૨]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! તમે હરિકથા શ્રવણના રસજ્ઞ છો અને મહાબુદ્ધિશાળી છો, માટે સાવધાની પૂર્વક સાંભળો હું તમને ભગવાનના

भक्तग्रामेषु निवसन् हरिवृत्तालयत् पथि । राधशुक्लप्रतिपदि प्रापद्दुर्गपुरं प्रगे ॥ ४
स्नात्वा कृत्वाह्निकं चक्रे कूर्मजन्मोत्सवं ततः । साधून्विप्रान्वर्णिनश्च भोजयामास सादरम् ॥ ५
तस्मिन्नेव दिने जीर्णदुर्गात्तत्राययौ नृपः । हेमन्तसिंहो धौरेयात् पुञ्जजिच्च नृपः पुरात् ॥ ६
एककालमुपायातौ गोपुरं तौ परस्परम् । मिलित्वानामयं पृष्ट्वा हरेरन्तिकमीयतुः ॥ ७
सुखासीनं हरिं तौ च प्रणम्य तदनुज्ञया । निषेदतुस्तत्पुरतो मानयामास तौ स च ॥ ८
वेश्मन्युत्तमभूपस्य स्वावासं चक्रतुस्ततः । सादरं मानितौ तेन हरीक्षाप्तमहामुदौ ॥ ९
ततश्चन्दनयात्राया उत्सवान्ते च तौ हरिम् । पीठे निषण्णं स्वावासे नत्वाग्रेऽस्य निषेदतुः ॥ १०
विज्ञापनावकाशं तं दृष्ट्वा प्राञ्जलिराह तम् ॥ हेमन्तसिंहो नृपतिर्भगवन् ! शृणु मे वचः ॥ ११
मन्दिरं जीर्णदुर्गे त्वं राधाकृष्णास्य कारय । ममान्येषां च भक्तानां पौराणां प्रियमस्त्यदः ॥ १२

---

**અન્ય ચરિત્રો સંભળાવું છું.[૩] હે રાજન્ ! તેત્રીસમા અધ્યાયને અંતે પારણાં કરી શ્રીહરિ વડતાલથી નીકળ્યા એમ જે કહેલું તે માર્ગમાં ભક્તજનોના ગામોમાં નિવાસ કરતા સંવત ૧૮૮૧ ના વૈશાખ સુદી પડવાને દિવસે પ્રાતઃકાળે દુર્ગપુર પધાર્યા.[૪] શ્રીહરિએ સ્નાનાદિક આહ્નિક વિધિ કર્યા પછી શ્રીકૂર્મનારાયણ ભગવાનનો જન્મોત્સવ ઉજવ્યો. તેમાં બ્રાહ્મણ તથા બ્રહ્મચારીઓને આદરપૂર્વક મિષ્ટાન્નનાં ભોજન કરાવ્યાં.[૫] હે રાજન્ ! તે પડવાના દિવસે જ ત્યાં જુનાગઢથી હેમંતસિંહ રાજા આવ્યા ને ધોલેરાથી પૂંજાભાઈ આવ્યા.[૬] બન્નેનું એકજ સમયે ઉત્તમરાજાના દરબારગઢમાં મિલન થયું, પરસ્પર કુશળ સમાચાર પૂછીને તેઓ શ્રીહરિની સમીપે દર્શને આવ્યા.[૭] આસન ઉપર શાંતિથી બેઠેલા ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તેમની સમીપે સામે બેઠા. ભગવાન શ્રીહરિએ બન્નેને બહુ આદર આપ્યો.[૮] શ્રીહરિનાં દર્શનથી અતિશય આનંદ પામેલા બન્ને ભક્તજનોનું ઉત્તમરાજાએ પણ સન્માન કર્યું ને બન્નેએ ઉત્તમરાજાના ભવનમાં પોતાનો ઉતારો કર્યો.[૯]**

**હે રાજન્ ! બે દિવસ પછી અખાત્રીજના શુભ દિવસે ચંદનયાત્રાનો ઉત્સવ કરી પોતાના નિવાસસ્થાને સિંહાસન પર વિરાજમાન થયેલા શ્રીહરિને પ્રણામ કરી તેઓ બન્ને તેમની આગળ જ બેઠા.[૧૦] પછી પોતાના અંતરના અભિપ્રાયને નિવેદન કરવાના અવકાશને જોઈ હેમંતસિંહ રાજા બે હાથ જોડી ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે ભગવાન ! મારૂં વચન સાંભળો.[૧૧] હે પ્રભુ ! તમે જુનાગઢનગરમાં રાધાકૃષ્ણનું મંદિર કરાવો. મંદિરનું નિર્માણ થાય તો મને અને**

अस्मद्देशस्याधिपतिर्वर्तते यवनेश्वरः । नाम्ना बह्वादरः सोऽपि ह्येतदेवानुमोदते ॥ १३
एतं मनोरथं स्वामिन्नस्माकं प्रतिपूरय । पूर्यन्त ईदृशा ह्यद्य त्वया भक्तमनोरथाः ॥ १४
इत्युक्त्वा विररामासौ पुञ्जजिन्नृपतिस्ततः । प्राञ्जलिर्भगवन्तं तं तद्वदेवावदन्नृप ! ॥ १५
मनोरथो ममाप्येष मदीयानां च सर्वशः । अस्ति धौरेयपुर्यो यद्विधाप्यं मन्दिरं त्वया ॥ १६
एवं ह्युभाभ्यां भक्ताभ्यामर्थ्यमानो हरिर्हसन् । उवाच मानयंस्तौ च भक्तेच्छापरिपूरकः ॥ १७
युवाभ्यां शुद्धबुद्धिभ्यामिदं सम्यग्विचारितम् । चिकीर्षितं ममाप्येतद्वर्तते खलु सुव्रतौ ! ॥ १८
मन्दिरे कारयिष्यामि पुर्योर्वामुभयोरपि । तत्र च स्थापयिष्यामि श्रीकृष्णमहमेत्य वै ॥ १९
एवमुक्त्वा स तौ भक्तौ ब्रह्मानन्दमुवाच च । सह हेमन्तसिंहेन जीर्णदुर्गं व्रजानघ ! ॥ २०

---

અન્ય પુરવાસી ભક્તજનોને બહુ આનંદ થાય.[૧૨] અમારા જુનાગઢના નવાબ બહાદુરખાન મુસ્લીમ રાજા છે. તે પણ મંદિર કરવાનું અનુમોદન કરે છે.[૧૩] હે સ્વામિન્ ! અમારો આ મનોરથ તમે પૂર્ણ કરો. કારણ કે તમે અત્યારે ભક્તજનોના આવા પ્રકારના મનોરથો પૂર્ણ કરી રહ્યા છો.[૧૪] હે રાજન્ ! આ પ્રમાણે હેમંતસિંહ રાજાએ કહ્યું, ત્યારે ધોલેરાના પૂંજાજી રાજા પણ બન્ને હાથ જોડી હેમંતસિંહજીની જેમજ ભગવાન શ્રીહરિને કહ્યું કે, હે સ્વામિન્ ! તમે અમારા ધોલેરા નગરમાં પણ મંદિર કરાવો. કારણ કે મારો તથા સર્વે પ્રજાજનોનો આ જ મનોરથ છે.[૧૫-૧૬] હે પ્રતાપસિંહ રાજા ! આ પ્રમાણે બન્ને ભક્તજનોએ જ્યારે પ્રાર્થના કરી ત્યારે સર્વેના મનોરથ પૂર્ણ કરતા ભગવાન શ્રીહરિ હસતાં હસતાં તે બન્નેને માન આપી કહેવા લાગ્યા કે, હે સુંદરવ્રતવાળા ભક્તો ! તમારી બુદ્ધિ વિશુદ્ધ છે, તમે આ મંદિર કરવાનો બહુ સારો વિચાર કર્યો છે, અને મારી પણ એજ ઇચ્છા છે.[૧૭-૧૮] તમારા બન્નેના નગરમાં હું ચોક્કસ મંદિર કરીશ ને ત્યાં આવી મંદિરોમાં શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાઓનું સ્થાપન કરીશ.[૧૯]

**બ્રહ્માનંદ સ્વામીને જુનાગઢ અને અદ્‌ભૂતાનંદ સ્વામીને ધોલેરા મંદિર નિર્માણની આજ્ઞા :–** હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ બન્ને ભક્તજનોને કહીને પ્રથમ બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે નિર્દોષ સંત ! તમે આ હેમંતસિંહ રાજાની સાથે મંડળના સંતોને સાથે લઇ જુનાગઢ પધારો.[૨૦] હે મુનિ! ત્યાં તમે શોભાયમાન પથ્થરોનું અતિશય મજબૂત મંદિરનું નિર્માણ કરાવો. હું શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિપ્રતિષ્ઠા સમયે જરૂર ત્યાં આવીશ.[૨૧] હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામી બન્ને હાથ જોડી ભલે પ્રભુ ! તમે

मन्दिरं शोभनं तत्र कारयेराश्मनं दृढम् । कृष्णप्रतिष्ठासमये तत्रायास्याम्यहं मुने ! ॥ २१
इत्युक्त ओमिति प्राह स मुनिः प्राञ्जलिर्हरिम् । ततोऽसावद्भुता नन्दमुनिमाहाग्रतः स्थितम् ॥ २२
मुने ! पुञ्जजिता साकं धौरेयं त्वं पुरं व्रज । मन्दिरं तत्र कृष्णस्य कारयेरतिशोभनम् ॥ २३
एवमुक्तो मुनिः सोऽपि तथेत्याह ततश्च ते । सर्वेऽपि तत्र न्यवसन्नरसिंहोत्सववावधि ॥ २४
तदुत्सवसमाप्तौ तौ हर्याज्ञप्तौ स्वकं स्वकम् । नगरं जग्मतुर्भूपौ समुनी हर्षनिर्भृतौ ॥ २५
ब्रह्मानन्दोऽतिचतुरैः शिल्पिभिर्मन्दिरं महत् । कारयामास पौराश्च तदुक्तार्थानुपाहरन् ॥ २६
तथा स चाद्भुतानन्दो धौरेये मन्दिरं शुभम् । शिल्पिभिः कारयामास पौराश्चक्रुस्तदीरितम् ॥ २७
हरिस्तद्गमनादूर्ध्वं ब्रह्मवैवर्तसंज्ञकम् । पुराणं श्रोतुमारेभे पञ्चम्यां सह सोदरः ॥ २८

જેમ કહ્યું તેમ હું કરીશ. આ પ્રમાણે તેમને કહ્યું. ત્યારપછી ભગવાન શ્રીહરિ પોતાની આગળ જ બેઠેલા અદ્‌ભૂતાનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે આ પૂંજાજી રાજા સાથે તમારા મંડળના સંતોને સાથે લઈ ધોલેરાપુર સીધાવો. ત્યાં પણ અતિશય શોભાયમાન શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર નિર્માણ કરાવો.[૨૨-૨૩]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ કહ્યું કે હે પ્રભુ ! ભલે હું આપની આજ્ઞા પ્રમાણે જ કરીશ. પછી નૃસિંહ જયન્તીના ઉત્સવ પર્યંત ત્યાં ગઢપુરમાં રોકાયા.[૨૪] ઉત્સવની સમાપ્તિ કરી શ્રીહરિની આજ્ઞા લઈ બ્રહ્માનંદ સ્વામીની સાથે હેમંતસિંહ રાજા અને અદ્‌ભૂતાનંદ સ્વામીની સાથે પૂંજાજીરાજા અતિશય આનંદ પામતા પોતપોતાના નગર પ્રત્યે ગયા.[૨૫] બ્રહ્માનંદ સ્વામી અતિશય ચતુર શિલ્પીઓ પાસે વિશાળ મંદિર તૈયાર કરાવવા લાગ્યા. પુરવાસી હેમંતસિંહ આદિ સર્વે ભક્તજનો બ્રહ્માનંદ સ્વામીના વચન અનુસાર જે જે સામગ્રી જોઈએ તે તત્કાળ હાજર કરવા લાગ્યા.[૨૬] તેજ રીતે ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે અદ્‌ભૂતાનંદ સ્વામી પણ ધોલેરા નગરમાં દયારામ, ભૂષણ આદિ શિલ્પીઓ દ્વારા સુંદર મંદિરનું નિર્માણ કરાવવા લાગ્યા, તે ધોલેરાનગરનિવાસી પુંજાજી આદિ ભક્તો પણ અદ્‌ભૂતાનંદ સ્વામીના વચનને અનુસારે મંદિર ઉપયોગી જે કાંઈ કાર્ય હતું તે કરવા લાગ્યા.[૨૭] હે રાજન્ ! બ્રહ્માનંદ સ્વામી અને અદ્‌ભૂતાનંદ સ્વામી મંદિર નિર્માણાર્થે ગયા પછી ભગવાન શ્રીહરિએ પોતાના ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી સાથે સંવત ૧૮૮૧ ના વૈશાખ વદ પાંચમના શુભ દિવસથી બ્રહ્મવૈવર્તપુરાણ સાંભળવાનો પ્રારંભ કર્યો.[૨૮] પુરાણનું શ્રવણ કરતા ભગવાન શ્રીહરિએ સંવત ૧૮૮૨ ના ભાદરવા માસમાં

समाप्तिं कारयामास तस्यासौ भाद्रनामनि । मासे शुक्लचतुर्थ्यां स विनायकजनुस्तिथौ ॥ २९
तस्यां तिथौ मृन्मयरम्यमूर्तिं गणेशमानर्च महोत्सवेन ।
प्राज्याज्यमिश्रान् गुडलड्डुकांश्च तत्प्रीतयेऽभोजयदग्रजातान् ॥ ३०
स्कन्धं ततः पञ्चममेव नित्यं प्रीत्यैव शुश्राव समापयत्तत् ।
कामस्य तिथ्यां धनपूर्विकायां सन्तोषयामास च वाचकं सः ॥ ३१
ततोऽपरेद्युर्महतोत्सवेन हरिर्हनूमन्तमपूजयच्च ।
शास्त्रोक्तरीत्याथ स तस्य तुष्ट्यै समर्चयामास च नैष्ठिकान्स्वान् ॥ ३२
कृत्वा च दीपोत्सवमन्नकूटं जन्मोत्सवं कर्तुमथ स्वपित्रोः ।
वृत्तालयं दुर्गपुरादुपागात् स कार्तिकस्याद्यचतुर्थिकायाम् ॥ ३३

ગણેશ ચતુર્થીના દિવસે બ્રહ્મવૈવર્ત પુરાણ શ્રવણની સમાપ્તિ કરી. આ પ્રમાણે સાડા ત્રણ મહિના સુધી એ ગ્રંથનું શ્રવણ કર્યું.[૨૯] ત્યાર પછી તે ગણેશચતુર્થીના દિવસે ગણપતિજીની માટીની મૂર્તિ તૈયાર કરાવી મોટા ઉત્સવ સાથે વિધિપૂર્વક તેમની પૂજા કરાવીને તેમને રાજી કરવા ઘણા ઘીમિશ્રિત ગોળના લાડુઓનું બ્રાહ્મણોને ભોજન કરાવ્યું.[૩૦]

હે રાજન્ ! પછી શ્રીહરિ નિત્યે પંચમસ્કંધનું પ્રેમથી શ્રવણ કરતા. તે પંચમ સ્કંધની પણ આસોવદ ધનતેરસના દિવસે સમાપ્તિ કરી વક્તા પ્રાગજી પુરાણીને મહાવસ્ત્રો તથા સોનાના કડાં અર્પણ કરી સંતોષ પમાડ્યા.[૩૧] ત્યારપછીના ચૌદશને દિવસે શ્રીહરિએ શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે મોટો ઉત્સવ ઉજવી પોતાના કુળદેવ હનુમાનજીની સંગવકાળે પૂજા કરી ને તેમને પ્રસન્ન કરવા માટે તેમના જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી એવા મુકુંદાનંદ વર્ણી આદિ બ્રહ્મચારીઓની પૂજા કરી.[૩૨] પછી ભગવાન શ્રીહરિએ દીપોત્સવીનો અને અન્નકૂટનો મોટો ઉત્સવ ઉજવ્યો. પોતાના માતાપિતાના જન્મોત્સવનો ઉત્સવ વડતાલપુરે ઉજવવાની ઈચ્છાથી શ્રીહરિ સંવત ૧૮૮૨ ના કાર્તિક સુદ ચોથના દિવસે ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા.[૩૩]

**શ્રી હરિનું વડતાલપુરે આગમન :–** હે રાજન્ ! તે સમયે પોતાની પત્નીઓએ સહિત રામપ્રતાપજી વગેરે શ્રીહરિના ભાઈ આદિ સંબંધીજનો તેમજ પત્નીઓએ સહિત ગઢપુરવાસી અન્ય ભક્તજનો પણ પોતપોતાના અન્ય સંબંધીજનોની સાથે ઉત્તમ રાજાની આગેવાની હેઠળ તત્કાળ ભગવાન શ્રીહરિની પાછળ ચાલવા લાગ્યા.[૩૪] માર્ગમાં આવતા અનેક ગામવાસી ભક્તજનો ભગવાન

रामप्रतापप्रमुखास्तदानीं तद्बन्धुवर्गा अपि सस्त्रियस्तम् ।
पौराः सयोषा द्रुतमन्वयुः स्वैः सहोत्तमश्चापि वसुन्धरेशः ॥ ३४
समर्च्यमानः पथि भक्तवृन्दैर्वाहाधिरूढः स च वाजिवारैः ।
सहस्रशोऽनुद्रुत आप गोपाष्टम्यां पुरं तच्च मघामुहूर्ते ॥ ३५
पौरैरथो यात्रिकभक्तसङ्घैरभ्यागतो मङ्गलवाद्यघोषैः ।
प्रविश्य तत्प्रेमभरणे लक्ष्मीनारायणस्याशु चकार वीक्षाम् ॥ ३६
स्वावास उत्तीर्य पृथग्गृहेषु निवेशयित्वा च यथोचितं स्वान् ।
सम्भारमाहारयदुत्सवार्थं पुरान्तरेभ्योऽपि नियोज्य दूतान् ॥ ३७
अह्नि द्वितीयेऽथ कृतादितिथ्यां गवादिदानानि ददौ द्विजेभ्यः ।
विप्रान् परेऽह्नथाब्दिक आत्ममातुः सहस्रशोऽभोजयदिष्टभोज्यम् ॥ ३८

---

શ્રીહરિનું પૂજન કરતા હતા, અશ્વારૂઢ શ્રીહરિની પાછળ ઉત્તમાદિક અનેક ઘોડેસ્વારો આવી રહ્યા હતા. આ રીતે ચાલતા ભગવાન શ્રીહરિ કારતક સુદ ગોપાષ્ટમીના ચોથા મુહૂર્તમાં વડતાલપુર પધાર્યા.[૩૫] તે સમયે વડતાલવાસી ભક્તજનો તથા યાત્રાએ આવેલા અન્ય ભક્તજનોના સમુદાયો ભગવાન શ્રીહરિની સન્મુખ આવ્યા. મંગલવાજિંત્રોનો મધુર નાદ કરતા તે ભક્તજનોની સાથે ભગવાન શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો ને અતિશય સ્નેહપૂર્વક શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં.[૩૬]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ મંદિરથી નૈઋત્યખૂણામાં રહેલા હરિમંડપ નામના પોતાના હમેશના નિવાસ સ્થાને ઉતારો કર્યો અને જુદા જુદા ભવનોમાં પોતાની સાથે પધારેલા બન્ને ભાઈઓને પણ ઉતારા કરાવ્યા. તેમાં મંદિરથી અગ્નિખૂણાના ભવનમાં રામપ્રતાપભાઈના પરિવારને અને મંદિરથી પશ્ચિમદિશાના ભવનમાં ઈચ્છારામભાઈના પરિવારને ઉતારા અપાવ્યા. દૂતોને મોકલી બીજા નગરોમાંથી ભક્તિધર્મનો જન્મોત્સવ ઉજવવા માટે સામગ્રીઓ ભેળી કરાવવા લાગ્યા.[૩૭] પછી ભગવાન શ્રીહરિ પોતાના આગમનના બીજા દિવસે સતયુગની પ્રથમ તિથિ જાણી કારતક સુદ નવમીના દિવસે બ્રાહ્મણોને ગાય આદિકના મહાદાન કર્યાં, અને દશમીના દિવસે પોતાના માતા ભક્તિદેવીના વાર્ષિક શ્રાદ્ધમાં હજારો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન કરાવી તૃપ્ત કર્યા.[૩૮] હે રાજન્ ! ઉદાર મનવાળા ભગવાન શ્રીહરિએ ચક્રવર્તીરાજાઓની માફક સંવત ૧૮૮૨ના

एकादशीदिन उदारमनाः स धर्मजन्मोत्सवं नृपतिराडिव वाद्यघोषैः ।
साकं महार्चनविधानत एव चक्रे विप्रान् पुपूज च सदंशुकदक्षिणाभिः ॥ ३९ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे पुनर्वृत्तालयागमनश्रीधर्मदेवजन्मोत्सवनिरूपणनामैकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥*

---

**चत्वारिंशोऽध्यायः - ४०**

**सुव्रत उवाच –**

लक्ष्मीनारायणस्याथ मन्दिरप्राङ्गणे सभा । अपराह्ले महत्यासीत्सुधर्मेव सुरालये ॥ १
तत्र भक्तजनाः सर्वे योषितश्च यथोचितम् । आगत्योपाविशन् राजन्भगवांश्च महासने ॥ २
रामप्रतापः ससुत इच्छारामश्च सात्मजः । तत्रागत्याग्रतस्तस्य निषेदतुरुभावपि ॥ ३

---

કાર્તિકસુદ એકાદશીના દિવસે અનેક પ્રકારના વાજિંત્રોના મધુર ઘોષની સાથે મહાપૂજા વિધિ કરવા પૂર્વક પિતા ધર્મદેવના પ્રાગટ્યનો મોટો જન્મોત્સવ ઉજવ્યો ને સુંદર વસ્ત્રો અને દક્ષિણાના દાન કરી વિપ્રોની પૂજા કરી.[૩૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ જુનાગઢ તથા ધોલેરા મંદિર નિર્માણની આજ્ઞા આપીને ધર્મ–ભક્તિના જન્મોત્સવો ઉજવવા વડતાલપુર પધાર્યા એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૯--**

---

## અધ્યાય – ૪૦

## ભગવાન શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની આચાર્યપદે સ્થાપના કરી.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! પિતા ધર્મદેવનો જન્મોત્સવ ઉજવ્યા પછી શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરના આંગણામાં બપોર પછીના સમયે સ્વર્ગમાં સુધર્મા એવા દેવતાઓની સભાની જેમ વિશાળ સભા કરી.[૧] તે સભામાં સર્વે સ્ત્રી-પુરુષ ભક્તજનો આવીને યથાયોગ્ય સ્થાને બેઠા. ભગવાન શ્રીહરિ પણ મહાસિંહાસન પર વિરાજમાન થયા.[૨] અયોધ્યાપ્રસાદજી આદિ પુત્રોએ

मुकुन्दानन्दनामाद्यो जयानन्दश्च वर्णिराट् । वासुदेवानन्दमुख्याः सर्वेऽन्ये ब्रह्मचारिणः ॥ ४
मुक्तानन्दस्तथा ब्रह्मानन्दः साधुषु सत्तमः । गोपालनन्दनामा च नित्यानन्दादयोऽखिलाः ॥ ५
निषेदुः साधवस्तत्र ब्राह्मणाश्च नराधिप ! । शिवरामो मयारामो दीनानाथादयो विदः ॥ ६
वास्तुसूरोत्तमा पुञ्जजिच्च काकुभयो नृपाः । सोमो हेमन्तसिंहाद्या निषेदुस्तत्र संसदि ॥ ७
भृगुजिद्रत्नजिद्वीरोऽलयाद्याः क्षत्रसत्तमाः । गोविन्दो रणछोडश्च नाथजित्प्रमुखा विशः ॥ ८
जया रमा च ललिता पुञ्जिका चामरी तथा । गङ्गा रेवा द्वितीया सा मोघामुख्याश्च योषितः ॥ ९
उपविष्टेषु सर्वेषु तत्र स्वभ्रातरौ हरिः । उवाच स्वां धर्मधुरां धातुकामो वृषान्वये ॥ १०
शृणुतं भ्रातरौ ! वाचं मम लोकहितावहाम् । अर्थं सुनिश्चितं चित्ते सत्यमेव वदाम्यहम् ॥ ११

---

સહિત મોટા ભાઈ રામપ્રતાપજી અને રઘુવીરજી આદિ પુત્રોએ સહિત નાનાભાઈ ઈચ્છારામજી બન્ને જણ પણ તે સભામાં આવી ભગવાન શ્રીહરિના આગળના ભાગમાં બિછાવેલા આસનો ઉપર વિરાજમાન થયા.[૩] વર્ણીઓના મંડળમાં અગ્રણી એવા મુકુન્દાનંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા જયાનંદ બ્રહ્મચારી આદિ સર્વે પણ આવીને બેઠા.[૪]

હે રાજન્ ! સાધુઓમાં શ્રેષ્ઠ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આદિ સમગ્ર સંતો પણ તે સભામાં આવીને બેઠા. શિવરામ, મયારામ, દીનાનાથ ભટ્ટ આદિ વિદ્વાન વિપ્રો પણ તે સભામાં બેઠા.[૫-૬] વસ્તાખાચર, સુરાખાચર, ઉત્તમરાજા, પુંજાજી, કાકાભાઈરાજા, સોમલાખાચર, હેમંતસિંહ, આદિ અનેક રાજાઓ તે સભામાં બેઠા.[૭] તેજ રીતે ભગુજી, રતનજી, વેરાજી, અલૈયાખાચર, આદિક ઉત્તમ ક્ષત્રિય ભક્તજનો પણ તે સભામાં બેઠા. ગોવિંદભાઈ, રણછોડ, નાથજી ભક્ત, કાશીદાસ આદિ વૈશ્ય ભક્તજનો પણ તે સભામાં બેઠા.[૮] તેવી જ રીતે જયાબા, રમાબા, લલિતાબા, પુંજિકા, અમરી, ગંગા,બે રેવા, મોઘા, આદિ સ્ત્રી ભક્તજનો પણ તે સભામાં બેઠી.[૯] હે રાજન્ ! તે સભાને વિષે જ્યારે સર્વે યથાયોગ્ય સ્થાને બેસી ગયા પછી પોતાની ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરવા ઈચ્છતા ભગવાન શ્રીહરિ પોતાના બન્ને ભાઈઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભાઈઓ ! લોકનું હિત કરતાં મારાં વાક્યો સાંભળો. મેં મારા મનમાં જે નિર્ણય કર્યો છે. તેનું પ્રયોજન તમને સાચી રીતે કહું છું.[૧૦-૧૧] આ લોકમાં મનુષ્યોના ગુરુસ્થાન ઉપર જે મારો અધિકાર રહેલો છે. તે અધિકાર ગુરુવર્યશ્રી રામાનંદ સ્વામીએ મને અતિશય આગ્રહપૂર્વક અર્પણ કરેલો

योऽयं जनगुरुत्वेऽत्राधिकारो वर्तते मम । न्यस्तोऽस्ति स बलादेव श्री स्वामिचरणैर्मयि ॥ १२
गुर्वाज्ञा पालनीयेति बुद्ध्योढा धर्मधूर्मया । एतावत्कालपर्यन्तं भक्तिधर्मौ पुपुक्षता ॥ १३
साम्प्रतं पञ्चमस्कन्धभूयोभूयःश्रुतेरहम् । निवृत्तौ स्थातुमुत्कोऽस्मि यथा प्राग्भरतो जडः ॥ १४
त्यक्तप्रवृत्तिकार्योऽहं दशमस्कन्धमन्वहम् । पठन् शृण्वण्करिष्यामि भक्तिं कृष्णस्य नेतरत् ॥ १५
तस्माद्धर्मान्ववाये तां निदध्यामधुनेति मे । इच्छास्त्यतोऽहं वां याचे पुत्रौ द्वावीप्सितौ मम ॥ १६

**सुव्रत उवाच –**

इत्याकर्ण्य हरेर्वाचं जगादादौ तदग्रजः । त्रयः सन्ति हि पुत्रा मे तत्रेष्टो यः स गृह्यताम् ॥ १७
ततः कनीयास्तं प्राह तनयाः सन्ति पञ्च मे । तत्र यस्य जिघृक्षा ते भवेत्सोऽद्यैव गृह्यताम् ॥ १८
तयोरिति वचः श्रुत्वा प्रसन्नो हरिराह तौ । देह्ययोध्याप्रसादाख्यं सुतमेतं त्वमग्रज ! ॥ १९
त्वमिच्छाराम ! मे देहि रघुवीराभिधं सुतम् । इत्युक्ते तेन तौ दातुं सद्य एवोत्थितौ सुतौ ॥ २०

---

**છે.[૧૨] ધર્મે સહિત ભક્તિનું પોષણ કરતા મારે ગુરુની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ. એવું મનથી વિચારીને આટલા સમય સુધી મેં આ ધર્મધુરાનું વહન કર્યું છે.[૧૩] અત્યારે મેં પંચમસ્કંધનું વારંવાર શ્રવણ કર્યું હોવાથી પૂર્વે થઈ ગયેલા જડભરતની જેમ નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરવાનો મને ઉત્સાહ વર્તે છે.[૧૪] હું પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરી પ્રતિદિન દશમસ્કંધનો પાઠ અને શ્રવણ કરી ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ જ માત્ર કરીશ પરંતુ ઈતર પ્રવૃત્તિઓ હવે હું નહિ કરું.[૧૫] એજ કારણથી હે ભાઈઓ! અત્યારે આ ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરૂં એવી મારી ઈચ્છા વર્તે છે. તેથી મારી ઈચ્છા અનુસારના તમારા બન્ને પાસેથી એક એક પુત્રની માગણી કરૂં છું.[૧૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનું વચન સાંભળી મોટાભાઈ રામપ્રતાપજી પ્રથમ કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! મારા ત્રણ પુત્રો છે, તેમાંથી તમને જે પુત્રની ઈચ્છા હોય તેનો સ્વીકાર કરો.[૧૭] પછી નાનાભાઈ ઈચ્છારામજી પણ ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! મારા પાંચ પુત્રો છે, તેમાંથી તમને જે પુત્રને ગ્રહણ કરવાની ઈચ્છા હોય તેનો તમે અત્યારે જ સ્વીકાર કરો.[૧૮] હે રાજન્ ! આ પ્રમાણેનું બન્ને ભાઈઓનું વચન સાંભળી અતિશય પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ બન્ને ભાઈઓને કહેવા લાગ્યા કે, હે મોટાભાઈ ! રામપ્રતાપજી ! તમે તમારા અયોધ્યાપ્રસાદજી નામે પુત્ર છે, તે મને અર્પણ કરો.[૧૯] અને હે ઈચ્છારામજી ! તમારા રઘુવીરજી નામે પુત્ર છે, તે મને અર્પણ કરો. હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું. તેથી બન્ને ભાઈઓ**

ततो हरिर्वैदिकविप्रवर्यैः शास्त्रोदितं दत्तविधिं विधाय ।
वादित्रगीतध्वनिमङ्गलाढ्यं जग्राह तौ सर्वजनानुरागौ ॥ २१
आस्थाप्य तावात्मन एव पीठे वस्त्रैरनर्घ्यैः सुविभूषणैश्च ।
सम्मान्य सर्वैर्निजभक्तपुम्भिस्तयोर्मुदाचीकरदर्चनं सः ॥ २२
अथ तावाह भगवान् पुत्रौ ! मे शृणुतं वचः । अस्माकमिष्टदेवोऽस्ति श्रीकृष्णो भगवान् स्वयम् २३
तन्मन्दिराण्येनकानि कारितानि मया भुवि । तद्वृत्तयश्च सर्वत्र कारिताः सन्ति पुत्रकौ ! ॥ २४
तत्राप्याद्ये मन्दिरे द्वे एकं श्रीनगरेऽस्ति यत् । नरनारायणस्यात्र लक्ष्मीनारायणस्य च ॥ २५
तयोर्मध्यविभागेन खण्डोऽयं भारताह्वयः । कल्पितोऽस्ति मया द्वेधा तत्तन्नाम्ना स उच्यते ॥ २६
धर्मदत्तं जनैर्यद्यद्धनधान्यांशुकादिकम् । खण्डेऽत्र दक्षिणे तत्तल्लक्ष्मीनारायणस्य हि ॥ २७

---

**તત્કાળ ઊભા થયા.[૨૦] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિએ વાજિંત્ર અને મધુરગીતના ધ્વનિની સાથે સ્વસ્તિકવાચન કરી ધર્મશાસ્ત્રમાં કહેલા વિધિપૂર્વક હરિશર્મા આદિક વૈદિક વિપ્રો પાસે દત્તકવિધિ કરાવી સર્વે મનુષ્યોને અતિશય પ્રિય એવા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બન્ને પુત્રોને ધર્મધુરા અર્પણ કરવા ગ્રહણ કર્યા.[૨૧] શ્રીહરિએ બન્નેને પોતાની ગાદી ઉપર બેસાડ્યા ને અતિશયે મૂલ્યવાન વસ્ત્રો તથા આભૂષણોથી સન્માન કરી પોતાના આશ્રિત ભક્તજનો પાસે હર્ષપૂર્વક બન્નેનું પૂજન કરાવ્યું.[૨૨] પછી ભગવાન શ્રીહરિ બન્ને પુત્રો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે પુત્રો ! મારૂં વચન સાંભળો, શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં આપણા ઈષ્ટદેવ છે.[૨૩] મેં આ પૃથ્વી પર તેમનાં અનેક મંદિરો કરાવ્યાં છે, અને તેની આજીવિકાવૃત્તિ પણ કરી આપી છે.[૨૪] એ સર્વે મંદિરોમાં બે મંદિરો મુખ્ય છે. તેમાં એક શ્રીનગરને વિષે ભગવાન શ્રીનરનારાયણદેવનું મંદિર અને બીજું આ વૃતાલયપુરમાં ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર છે.[૨૫] બન્ને મંદિરોના મધ્ય વિભાગથી આ ભારતદેશને પૂર્વમાં કલકતાથી પશ્ચિમે બેટદ્વારિકા સુધી બે વિભાગમાં વહેંચ્યો છે. તે તે વિભાગને તેનાં તેનાં નામથી કહેવામાં આવે છે. જેમ કે શ્રીનરનારાયણદેશ વિભાગ અને શ્રીલક્ષ્મીનારાયણ દેશ વિભાગ.[૨૬] તેમાં ભારતના દક્ષિણ દેશના જનોએ ધર્માદાને અર્થે અર્પણ કરેલી ધન, ધાન્ય, વસ્ત્રાદિક વસ્તુ શ્રીલક્ષ્મીનારાયણ દેવની છે.[૨૭] એજ રીતે ઉત્તર દેશના જનોએ ધર્માદાને અર્થે અર્પણ કરેલી જે કાંઇ ધનધાન્ય વસ્ત્રાદિક વસ્તુઓ શ્રીનરનારાયણ દેવની છે. આ પ્રમાણેની ધર્માદાની વ્યવસ્થા મેં બાંધી આપી છે.[૨૮]**

एवमुत्तरखण्डेऽपि धर्मदत्तं जनैस्तु यत् । नरनारायणस्यैव तदित्थं कल्पितं मया ॥ २८
एकैकखण्डे गुरुता स्वाश्रितानां नृणां मया । पृथक्पृथग्युवाभ्यां तु दीयते धर्मगुप्तये ॥ २९
इत्युक्त्वासौ पत्रिके द्वे शुकानन्दाख्यसाधुना । अलेखयत्सभामध्ये कृतस्वोक्तार्थविस्तरे ॥ ३०
ते गृहीत्वा स्वकरयोस्तावुवाच महामनाः । एकैकामेतयोः पत्रीं गृह्णीतमिति भूपते ! ॥ ३१
तदैकैकां जगृहतुः पत्रिकां तौ पृथक् पृथक् । गृहीत्वा तत्र कृष्णस्य नामैक्षेतामनाकुलौ ॥ ३२
प्राप्तासीद्रघुवीरेण लक्ष्मीनारायणस्य तु । पत्र्ययोध्याप्रसादेन नरनारायणस्य च ॥ ३३
तद्दृष्ट्वा हरिरुचे स्वानाश्रितान् सकलान् जनान् । युष्माकमेतौ हि गुरू कृतावद्यदिनान्मया ॥ ३४
नरनारायणस्य स्युः खण्डे ये मदुपाश्रिताः । ते त्वयोध्याप्रसादस्य शिष्या इत्यवधार्यताम् ॥ ३५

---

**દેશ વિભાગના લેખ :–** હે પુત્રો ! એક એક દેશવિભાગમાં રહેલા મારા આશ્રિત જનોનું ગુરુપદ હું તમને ધર્મની રક્ષા કરવા માટે અલગ અલગ અર્પણ કરું છું.[૨૯] હે રાજન્ ! આ પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિએ સભાની મધ્યે જ શુકાનંદ સ્વામી પાસે પોતે કહેલા અર્થનો સ્પષ્ટતઃ ઉલ્લેખ કરતી બે પત્રિકાઓ લખાવી. (અહીં થોડું વિશેષ એ પણ જાણવું કે, સંવત ૧૮૮૨ ના કાર્તિક સુદ એકાદશીના દિવસે વડતાલપુરે ગાદી અભિષેક વખતે સભામધ્યે જે બે પત્રિકા લખાવી તેમાં ફરી સંવત ૧૮૮૩ ના માગરસ સુદ પૂનમના દિવસે ગઢપુરમાં એ બે પત્રિકાના અર્થવિષય વધુ સ્પષ્ટ થાય એ રીતે બીજીવાર મારી- શુકમુનિ પાસે મોટી પત્રિકાઓ લખાવીને બન્ને પત્રિકાઓમાં બન્ને પુત્રોના અરસપરસ હસ્તાક્ષર કરાવ્યા અને સાક્ષીઓના પણ હસ્તાક્ષર કરાવ્યા છે. એમ ટીકામાં શુકસ્વામીએ લખ્યું છે.)[૩૦]

હે રાજન્ ! બે પત્રિકાઓને ઉદારમનના ભગવાન શ્રીહરિએ પોતાના હાથમાં ગ્રહણ કરી બન્ને પુત્રોને કહ્યું કે, તમે આમાંથી એક એક પત્રિકા ગ્રહણ કરો.[૩૧] તે સમયે બન્ને ભાઈઓએ એક એક પત્રિકા ગ્રહણ કરી. પછી સ્વસ્થ મને બન્ને જણ શ્રીનરનારાયણદેવ અને શ્રીલક્ષ્મીનારાયણદેવના નામ જોવા લાગ્યા.[૩૨] રઘુવીરજીને લક્ષ્મીનારાયણ નામનો પત્ર પ્રાપ્ત થયો, અને અયોધ્યાપ્રસાદજીને નરનારાયણ નામનો પત્ર પ્રાપ્ત થયો.[૩૩] આ પત્રિકા જોઈ ભગવાન શ્રીહરિ પોતાના સમગ્ર ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! આજથી મેં આ અયોધ્યાપ્રસાદજીને અને રઘુવીરજીને તમારા ગુરુસ્થાને બેસાડ્યા છે.[૩૪] શ્રીનરનારાયણદેશના જે મારા આશ્રિતો છે તે આ અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે. એમ તમે નક્કી જાણજો.[૩૫] અને શ્રીલક્ષ્મીનારાયણ દેશના જે મારા આશ્રિતો

लक्ष्मीनारायणस्याथ खण्डे स्युर्ये मदाश्रिताः । रघुवीरस्य ते शिष्याः सर्व इत्यवधार्यताम् ॥ ३६
स्त्रीणां खण्डद्वयस्थानामेतयोर्योषितौ गुरू । एवमेव हि युक्तत्वान्मर्यादा स्थापिता मया ॥ ३७
उभावेतौ धर्मवंश्यौ युष्माभिर्धर्मदेववत् । मान्यौ सेव्यौ स्वशक्त्यान्नवस्त्रभूषाधनादिभिः ॥ ३८
एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम् । तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ३९
इत्युक्त्वा तान् पुनः पुत्रावुवाच स हरिर्नृप ! युवाभ्यां स्वस्वखण्डस्थाः शिष्याः कार्या न चेतरे ४०
तद्दत्तं चान्नवस्त्रादि ग्राह्यं नान्यस्य तु क्वचित् । साधवो वर्णिनः पद्गा ये स्युस्ते तूभयोः समाः । ४१
अपक्षपाताः कर्तारस्ते सेवां युवयोर्द्वयोः । ये पक्षपातिनः स्युस्ते भ्रष्टा यास्यन्त्यधोगतिम् ॥ ४२

---

છે તે સર્વે આ રઘુવીરજીના શિષ્યો છે.[૩૬] આ બન્ને દેશમાં રહેતી સ્ત્રી ભક્તજનોના ગુરુસ્થાને આ બન્ને આચાર્યોની પત્નીઓ, જે અયોધ્યાપ્રસાદજીના પત્ની સુનંદાદેવી અને રઘુવીરજીનાં પત્ની વિરજાદેવીને ગુરુસ્થાને સ્થાપન કર્યાં છે. મેં આ જે મર્યાદા સ્થાપી છે, તેમાં હવે પછી કોઈએ શંકા કરવી નહિં. સ્ત્રીઓને આચાર્યપદ આપવામાં મારો કોઈ ખોટો નિર્ણય નથી.[૩૭]

હે ભક્તજનો ! મારા આશ્રિત સર્વે તમારે આ ધર્મવંશી મારા પુત્રોને ધર્મદેવની સમાન જ માનજો, અને પોતાની શક્તિને અનુસારે અન્ન, વસ્ત્ર, આભૂષણાદિકથી તેમની સેવા કરજો.[૩૮] આ ધર્મવંશી આચાર્યનો જે જનો આશ્રય કરશે તે સર્વેને ભગવાન શ્રીકૃષ્ણ દેહના અંતે પોતાના ધામમાં લઈ જશે.[૩૯] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ પોતાના આશ્રિત ભક્તજનોને કહીને ફરી બન્ને આચાર્યોને કહેવા લાગ્યા કે, હે પુત્રો ! તમારે પોતપોતાના દેશમાં રહેલા મનુષ્યોને શિષ્યો કરવા, બીજા દેશના જનોને શિષ્યો કરવા નહિ.[૪૦] અને પોતાના દેશના ભક્તજનોએ અર્પણ કરેલા અન્ન, વસ્ત્રાદિકને તમારે ગ્રહણ કરવા, પરંતુ એકબીજાએ બીજાના દેશના ભક્તજનોએ અર્પણ કરેલા ક્યારેય પણ સ્વીકારવા નહિ. પરંતુ સંતો, પાર્ષદોએ સહિત એકબીજાના દેશમાં ગયા હોય ત્યારે ભોજન પર્યાપ્ત અન્ન સ્વીકારવાનો કોઈ દોષ નથી. કદાચ અજાણતા અન્ય પદાર્થનો સ્વીકાર થયો હોય તો એક બીજાના દેશમાં મોકલી દેવાં. તેમજ મુક્તાનંદ સ્વામી આદિ સંતો છે, મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિ વર્ણીઓ છે. અને ભગુજી આદિક પાર્ષદો છે, તેઓને માટે તમે બન્ને સરખાભાવે પૂજ્ય અને માન્ય છો.[૪૧] તે સર્વે કોઈ જાતના પક્ષ વિના તમારા બન્નેની સરખા ભાવે સેવા કરશે. સાધુને કોઈ પક્ષ હોય નહીં. જે સાધુ પક્ષપાતી થાય તે ધર્મથકી ભ્રષ્ટ થઈને નરકમાં પડે છે.[૪૨]

युवयोः शिष्यवित्तार्थविवादस्य तु निर्णये । द्वौ द्वौ गृहस्थौ धर्मस्थौ कार्यौ नैते तु कर्हिचित् ॥ ४३
स्त्रीभ्यां वां स्वाश्रितस्पत्र्यर्थविवादस्य च निर्णये । कार्ये सभर्तृके द्वे द्वे योषे रण्डास्तु न क्वचित् ४४
गृहीतरा यत्र नरा गृहिकार्यस्य निर्णये । रण्डाश्च स्युर्न तत्सिद्ध्येत्कार्यध्वंसो भवेत् खलु ॥ ४५
युवाभ्यां मन्मतान् ग्रन्थानष्टावाश्रित्य नित्यदा । वृत्यं शिष्या वर्तनीयाः सम्प्रदायानुसारतः ॥ ४६
यच्चैतद्वां मया दत्तं तदस्ति स्वभुजार्जितम् । स्वत्वं कस्याप्यतो नात्र पितुर्भ्रात्रोश्च वै तयोः ॥ ४७
तपस्विनमिवर्षिं मां जानीतं बदरीपतिम् । स्वेच्छागतं स्वधाम्नोऽत्र गन्तारं तत्र वै पुनः ॥ ४८
यस्मै दित्सा ममैवासीत्तस्मै स्वातन्त्र्यतो मया । दत्तमेतत्स्वकं सर्वे नातो भागोऽत्र कस्यचित् ॥ ४९
युवयोः पुत्रबाहुल्ये जातेऽपि गुरुवासने । एकः स्थाप्यो गुणी पुत्रो न ज्येष्ठनियमोऽत्र तु ॥ ५०

**હે પુત્રો ! તમારા બન્ને વચ્ચે શિષ્ય તેમજ ધનના નિમિત્તે થયેલા વિવાદના નિર્ણયમાં તમારે બે બે ધર્મનિષ્ઠ ગૃહસ્થ ભક્તોની નિયુક્તિ કરવી. તેમાં બન્ને દેશના બે બે હરિભક્ત નક્કી કરીને જોડવા. પરંતુ તેવા વિવાદમાં સંતોને ક્યારેય પણ જોડવા નહિ.[૪૩] તેવી જ રીતે પોતાની આશ્રિત શિષ્યાઓના નિમિત્તે થયેલા વિવાદના નિર્ણયમાં તમારી પત્નીઓએ ધર્મનિષ્ઠ પતિ, પુત્રવાળી સધવા સ્ત્રીઓની નિયુક્તિ કરવી, પરંતુ વિધવા સ્ત્રીઓને તેમાં ક્યારેય જોડવી નહિ.[૪૪] કારણ કે, ગૃહસ્થજનોના કાર્યમાં ગૃહસ્થ સિવાયના ઈતર સાધુ-સાધ્વીઓને જોડવામાં આવે તો તે કાર્ય સિદ્ધ થતું નથી. ઉલટાનું તેમાં વિઘ્ન પડે છે, એ નક્કી છે.[૪૫] અને વળી તમારે બન્નેએ મેં માન્ય કરેલા આઠ ગ્રંથોનો આશ્રય કરી પ્રતિદિન પોતાના ઉદ્ધવ સંપ્રદાયની રીત પ્રમાણે વર્તવું અને પોતાના શિષ્યોને પણ એજ રીતે પોતપોતાના ધર્મમાં વર્તાવવા.[૪૬] હે પુત્રો ! મેં તમને જે આ મંદિરાદિક અર્પણ કર્યાં છે, તે મારી ભૂજાથી ભેળું કરેલું છે, તેથી તેમાં બીજા ધર્મવંશીઓએ જેવા કે તમારા પિતા, ભાઈ આદિ કોઈએ પણ પોતાના અધિકારની માંગણી કરવી નહિ, તેમાં બીજાનો કોઈ અધિકાર નથી.[૪૭] તમે મને તપસ્વીઋષિ બદરીપતિનારાયણની જેમ માનો. હું મારા અક્ષરધામથી આલોકમાં મારી ઈચ્છાથી આવ્યો છું, ફરી ત્યાંજ જવાનો છું. એમ તમે નક્કી જાણો.[૪૮] આ કોઈ માત્ર કહેવાની વાત નથી. મારા અંતરમાં જેમને આ સર્વસ્વ અર્પણ કરવાની ઈચ્છા હતી તેને મેં મારી સ્વતંત્ર ઈચ્છાથી અર્પણ કરેલ છે. તેથી તેમાં તમારા ભાઈ કે તેમના પુત્રોનો કોઈ પણ ભાગ નથી.[૪૯] તેવીજ રીતે તમારે બન્નેને પણ અનેક પુત્રો હોય, છતાં ગુરુપદે તો એક ગુણવાન પુત્રને જ સ્થાપન કરવો, તેમાં નાના-મોટા પુત્રનો કોઈ નિયમ રાખવો નહિ.[૫૦]**

जनानुरागी यस्मिन् स्याच्छिष्यधर्मावनक्षमः । स्वसम्प्रदायधर्मस्थो यश्च स्यात्स गुरुर्भवेत् ॥ ५१
तादृक् पुत्रो न चेत्स्वस्य तदान्यं धर्मवंशजम् । गृहीत्वा दत्तविधिना स्थाप्यो मद्वन्न सोऽङ्गजः । ५२
इत्याज्ञा पालनीया मे सर्वैरपि यथायथम् । वर्तिष्यतेऽन्यथा यस्तु स मच्छिष्यबहिष्कृतः ॥ ५३

**सुव्रत उवाच –**

इति तस्य वचो निशम्य सर्वे प्रणतास्तज्जगृहुर्मुदा शिरोभिः ।
गुरुभावमितौ च तौ प्रणम्य प्रभुमित्थं तमुदारमूचतुर्द्वौ ॥ ५४
त्वं साक्षादीश्वरोऽसि प्रकटितमहिमा स्वेच्छया मानवाभः,
सेव्यो नृणां व नारायणऋषिरिति नौ निश्चयोऽस्त्येव चित्ते ।
आज्ञायां तिष्ठतोर्नौ तव भुवि भगवन्धर्महानिः कदाचि-
द्देहेऽहन्ता तदीयेषु च पुरुममता माऽस्तु साऽस्तु त्वदङ्घ्रौ ॥ ५५

---

**આચાર્યપદને લાયક ગુણો :–** જે પુત્ર ઉપર ધર્મનિષ્ઠ જનોને પ્રીતિ હોય, જે પોતાના આશ્રિત જનોને ધર્મમાં રખાવા સમર્થ હોય, જે ઉધ્ધવસંપ્રદાયના કહેલા ધર્મોમાં દૃઢ વર્તતો હોય, તેવો પુત્ર જ આચાર્યપદ ઉપર બેસવાને લાયક જાણવો.[૫૧] જો પોતાનો પુત્ર તેવા લક્ષણોએ સંપન્ન ન હોય તો મારી જેમ દત્તકવિધિ કરીને ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા અન્યપુત્રનો સ્વીકાર કરી આચાર્યપદે સ્થાપન કરવો, પરંતુ ગુણહીન પોતાના પુત્રને ગાદી આપવી નહિ.[૫૨] આવા પ્રકારની મારી આજ્ઞાનું તમારે તથા સર્વે સત્સંગી માત્રે ધ્યાનમાં રાખી યથાર્થ પાલન કરવું. અને આ પ્રમાણે જે ન વર્તે, તેને મારા ભક્તપણાની પંક્તિથી બહાર કરવો.[૫૩] હે રાજન્ ! આવા પ્રકારનું ભગવાન શ્રીહરિનું વચન સાંભળી સર્વે જનોએ મસ્તક નમાવી અતિ હર્ષપૂર્વક ગ્રહણ કર્યું. સર્વેના આચાર્યપણે આરુઢ થયેલા બન્ને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી પણ ઉદારમનવાળા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા.[૫૪] હે ભગવાન ! તમે સાક્ષાત્ અક્ષરધામાધિપતિ પરમેશ્વર છો. ઐશ્વર્યને પ્રગટ કરનારા તમે પોતાના સંકલ્પથી મનુષ્ય જેવા જણાવો છો. અને મુમુક્ષુજનોને સેવવા યોગ્ય તમે સાક્ષાત્ બદરીપતિનારાયણઋષિની જેમ નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશમાં તપશ્ચર્યાપરાયણ વિચરો છો. આ પ્રકારે અમે બન્ને અમારા મનમાં જાણીએ છીએ. તમારી આજ્ઞામાં અમે હમેશાં વર્તતા રહીએ અને અમારાથી ક્યારેય પણ ધર્મનો ત્યાગ ન થાય, તથા આ દેહમાં અહંતા મમતા બુદ્ધિ ન થાય, પરંતુ તમારા ચરણોમાં જ અમને થાય એવી અમારી પ્રાર્થના છે. હે ભગવાન !

इति तयोर्वचनं स निशम्य तावनतावभिनन्द्य सदाशिषा ।
अकृत जागरणं गुणकीर्तनैर्भगवतः सह भक्तजनैर्निजैः ॥ ५६
द्वादश्यां बहुविधभक्ष्यभोज्यलेह्यैः सन्तर्प्य द्विजगणसाधुमण्डलानि ।
अन्नाथानितरजनांश्च मानपूर्वं भ्रात्राद्यैः सह विदधेऽथ पारणां सः ॥ ५७
सम्भारान् दिनयुगलेन साधयित्वा राकायामकृत महोत्सवं स भक्तेः ।
यं श्रुत्वा नृपतिवरा अपि क्षमायां साश्चर्यं स्वसदसि सादरं शशंसुः ॥ ५८ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे आचार्यस्थापन-तच्छिक्षाश्रीभक्तिदेवीजन्मोत्सवनिरूपणनामा चत्वारिंशोऽध्यायः ॥४०॥*

---

અમે તમારા છીએ અને એક તમે જ અમારા છો, આવી બુદ્ધિ અમને સદાય વર્તે એવી દયા કરજો.[૫૫]

હે રાજન્ ! આ પ્રમાણે બન્ને પુત્રોનાં વચન સાંભળી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા અને પોતાના ચરણકમળમાં વંદન કરતા બન્ને આચાર્યોને શુભ આશીષ આપ્યા ને પોતાના સર્વે ભક્તજનોની સાથે ભગવાનના ગુણસંકીર્તન કરતાં કરતાં આખી રાત્રી જાગરણ કર્યું.[૫૬] ત્યારપછી ભગવાન શ્રીહરિએ બારસના દિવસે અનેક પ્રકારના ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્યાદિ ભોજનો જમાડી બ્રાહ્મણો તેમજ સંતોને તૃપ્ત કર્યા. તેમજ અનાર્થીઓ તથા ઈતરજનોને પણ માનપૂર્વક જમાડી તૃપ્ત કર્યા. ત્યારપછી પોતાના ભાઈઓની સાથે પોતે પારણાં કર્યાં.[૫૭] પછી તેરસ તથા ચૌદશ એ બે દિવસ પર્યંત ઉત્સવને યોગ્ય સામગ્રી ભેળી કરી કાર્તિકસુદ પૂર્ણિમાના દિવસે સાયંકાળે માતા ભક્તિદેવીના પ્રાગટ્યનો જન્મોત્સવ ઉજવ્યો. એ ઉત્સવ એવો મોટો ઉજવ્યો કે પૃથ્વી પરના મોટા રાજાઓ પણ તેની વાર્તા સાંભળી આશ્ચર્ય પામી ગયા ને પોતાની રાજસભાઓમાં તેમની આદરસહિત પ્રશંસા કરવા લાગ્યા.[૫૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ આચાર્યોની સ્થાપના કરી ઉપદેશ આપ્યો અને ભક્તિમાતાનો જન્મોત્સવ ઉજવ્યો એ નામે ચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. -૪૦-**

---

एकचत्वारिंशोऽध्यायः - ४१

सुव्रत उवाच –

अथ तत्र सुखासीनमुत्सवान्ते हरिं नृप ! । नारुपन्त उपेयाय ससादी वटपत्तनात् ॥ १ ॥
प्रणमन्तं नृपामात्यं स्वभक्तं च तमागतम् । मानयामास भगवान् यथार्हं स्वागतादिभिः ॥ २
तदन्तिके निषण्णोऽसौ बद्धाञ्जलिरुवाच तम् । स्वामिन् ! सिंहजितो राज्ञः स्वीकार्या प्रणतिर्भृशम् ३
तेनाहं प्रेषितोऽस्म्यत्र नेतुं त्वां वटपत्तनम् । त्वद्दर्शनेच्छा महती वर्तते हृदि तस्य वै ॥ ४
यस्मिन् दिने कृतं तेन मुक्तानन्दस्य दर्शनम् । तत आरभ्य नित्यं त्वां हृदि चिन्तयति प्रभो ! ॥ ५
अतो मनोरथस्तस्य पूर्णः कार्यस्त्वयाधुना । मुक्तानन्दस्तदा प्राह कार्यमेतत्तु सर्वथा ॥ ६
ततो हरिर्नारुपन्तमुवाचानण्दयन्वचः । वेद्म्यहं नृपतेस्तस्य भावं निष्कपटं मयि ॥ ७

---

# અધ્યાય – ૪૧

## સયાજીરાવ રાજાના મંત્રી નારુપંતનું નિમંત્રણ આપવા માટે વડતાલમાં આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉત્સવ ઉજવી ભગવાન શ્રીહરિ શ્રીલક્ષ્મીનારાયણદેવના આંગણામાં સભા મધ્યે વિરાજમાન થયા. તે સમયે વડોદરાથી રાજા સયાજીરાવના મંત્રી નારુપંતનાના ઘોડેસ્વારોની સાથે તેમની સમીપે આવ્યા.[૧] પ્રણામ કરી રહેલા રાજાના મંત્રી અને પોતાના ભક્ત એવા નારુપંતનું શ્રીહરિએ યથાયોગ્ય સ્વાગત કરી સન્માન કર્યું.[૨] પછી શ્રીહરિના સાંનિધ્યમાં બેસી બે હાથ જોડી નારુપંતનાના કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! સયાજીરાવ રાજાના અનંત પ્રણામનો આપ સ્વીકાર કરો.[૩] આપશ્રીને વડોદરા નગર પધારવાનું આમંત્રણ આપવા ને આપને તેડવા તેમણે મને આપની સમીપે મોકલ્યો છે. એમના અંતરમાં તમારા દર્શન કરવાની અતિશય ઇચ્છા વર્તે છે.[૪] હે પ્રભુ ! મહારાજાએ જે દિવસથી મુક્તાનંદ સ્વામીનાં દર્શન કર્યાં ને સત્સંગ કર્યો છે, તે દિવસથી આરંભી દરરોજ તમારૂં જ ચિંતવન કરે છે. તમને ખૂબજ યાદ કરે છે.[૫] તેથી તમે અત્યારેજ તેમનો મનોરથ પૂર્ણ કરી અવશ્ય તેમને તમારૂં દર્શન આપો. હે રાજન્ ! તે સમયે મુક્તાનંદ સ્વામી પણ કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! આ કાર્ય અવશ્ય કરવા જેવું છે.[૬] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિ સર્વેને આનંદ ઉપજાવતા નારુપંતનાનાને કહેવા લાગ્યા કે, હે નારુપંત ! સયાજીરાવ મહારાજાને મારે વિષે નિષ્કપટ ભાવ છે તેને હું જાણું છું.[૭] હે નિષ્પાપ ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ પહેલેથી જ એ સર્વે

एतत्प्रागेव कथितं मुक्तानन्देन मेऽनघ ! । अतस्तत्राहमेष्यामि मान्यत्वाद्वचसोऽपि ते ॥ ८
एवमुक्तः स हरिणा प्रसन्नः प्रणनाम तम् । ततस्तस्मै ददौ राज्ञा प्रेषितामुपदां नृप ! ॥ ९
वासांसि बहुमूल्यानि फलानि विविधानि च । समर्प्य हरिणाज्ञप्तः स निजावासमाययौ ॥ १०
महावस्त्रे प्रावरणे मुक्तानन्दाय तर्हि सः । दत्त्वा फलानि चर्षिभ्यः स्वावासं हरिराययौ ॥ ११
आहूय नारुपन्तं च प्रातः प्राह हरिस्ततः । अद्य भुक्त्वाग्रतो गच्छ वद भूपं मदागमम् ॥ १२
एष्यामि तत्र पञ्चभ्यां सानुगोऽहं न संशयः । इत्युक्तः स तमानम्य भुक्त्वागाद्वटपत्तनम् ॥ १३
उपेत्य तत्र राजानं सर्वे तद्वृत्तमूचिवान् । हृष्टः सोऽथ तदावासं मस्तुवाट्यामकारयत् ॥ १४
हरिश्चतुर्थ्यां कृतभुक्तिरश्वमारुह्य साकं नृप ! सादिवर्यैः ।
अनुद्रुतः पत्तिगणैः स्वकीयैर्ययौ सहर्षिर्वटपत्तनं च ॥ १५

---

**હકીકત મને જણાવી દીધી છે. એથી હું વડોદરા પધારીશ અને તમારૂં વચન માનીને તો હું અવશ્ય વડોદરા પધારીશ.[૮]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું, તેથી અતિશય રાજી થયેલા નારુપંતનાના ભગવાન શ્રીહરિને પ્રણામ કરી સયાજીરાવ મહારાજાએ મોકલાવેલી ભેટ સામગ્રી તેમના ચરણોમાં સમર્પિત કરી.[૯] તેમાં બહુમૂલ્ય વસ્ત્રો તથા વિવિધ પ્રકારનાં ફળો સમર્પણ કરી ભગવાન શ્રીહરિની આજ્ઞાથી નારુપંતનાના શ્રીહરિએ આપેલા પોતાના ઉતારે ગયા.[૧૦] તે સમયે ભગવાન શ્રીહરિએ ઓઢવા લાયક એ મહાવસ્ત્ર પ્રસાદીનું કરી મુક્તાનંદ સ્વામીને અર્પણ કર્યું. અને ફળ હતાં તે સર્વે સંતોને વહેંચી આપ્યાં ને પોતાના નિવાસસ્થાને પધાર્યા.[૧૧] પછી પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિ નારુપંતનાનાને બોલાવી કહેવા લાગ્યા કે, હે નારુપંત ! આજના દિવસે ભોજન કરી તમે આગળ જાઓ ને મારા આગમનના સમાચાર રાજાને કહી સંભળાવો.[૧૨] હું સંતો-ભકતોની સાથે આજથી પાંચમે દિવસે કાર્તિક વદ પાંચમની તિથિએ વડોદરા શહેર પધારીશ, એમાં કોઈ જાતનો સંશય નથી. હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી નારુપંતનાના તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ભોજન સ્વીકારી વડોદરા પાછા ફર્યા.[૧૩] ત્યારે નારુપંતનાનાએ રાજાને સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું. શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી સયાજીવરાવ મહારાજા અતિશય પ્રસન્ન થયા, ને ભગવાન શ્રીહરિના નિવાસને માટે મસ્તુબાગમાં ઉતારો ગોઠવ્યો.[૧૪]**

**પધારે વટપત્તન સ્વામી :– હે રાજન્ ! સંવત ૧૮૮૨ના કાર્તિક વદ**

समर्च्यमानः पथि भक्तवृन्दैरन्यैश्च साश्चर्यमवेक्ष्यमाणः ।
महीं समुत्तीर्य स साकरादे ग्रामे निवासं विदधे सह स्वैः ॥ १६
भक्तैर्गणेशादिभिरादरेण कृतोचितातिथ्य उवास रात्रिम् ।
कृताह्निकः प्रातरथाश्ववर्यमारुह्य सस्वो निरगात्ततः सः ॥ १७
उद्घोष आसीद्वटपत्तनेऽथो तदागमस्य प्रतिगेहमेव ।
तद्द्वेषिणस्तत्र तु ये जनास्ते प्रापुर्न निद्रां निशि लब्धतापाः ॥ १८
केचित्तु वादं सह तेन कर्तुं वादार्थपट्टान् गुणितानकार्षुः ।
केचिच्चयोद्धुं सह तेन सज्जा आसन् कृतास्त्राः सममात्मवर्ग्यैः ॥ १९
ये सद्धियस्तत्र च ते तु तस्य समीक्षणोत्काः श्रुतसद्गुणस्य ।
आसन् परे कौतुकवीक्षणार्थाः केचिच्च मायामयतो विलीनाः ॥ २०

---

ચોથને દિવસે ભોજન સ્વીકારીને સંતમંડળની સાથે શ્રીહરિ અશ્વ ઉપર આરુઢ થયા, પોતાના પાર્ષદો તથા સોમલાખાચર આદિ ઘોડેસ્વારોની સાથે વડોદરા શહેર જવા માટે વડતાલથી નીકળ્યા.[૧૫] માર્ગમાં અનેક ભક્તજનોના સમૂહો શ્રીહરિનું પૂજન કરતા હતા. તે સિવાયના બીજા મનુષ્યો તો અતિશય આશ્ચર્ય પામી તેમનાં દર્શન કરતાં હતાં. શ્રીહરિ મહીનદીને ઉતરી સાકરદા ગામે સંતો ભક્તોની સાથે પધાર્યા ને ત્યાં નિવાસ કર્યો.[૧૬] ત્યાંના ગણેશ આદિ ભક્તજનોએ આદરપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે ભગવાન શ્રીહરિનો અતિથિસત્કાર કર્યો. ભગવાન શ્રીહરિ સાકરદા ગામે એક રાત્રી નિવાસ કરીને રહ્યા. પછી પ્રાતઃકાળે પાંચમની તિથિએ સ્નાનાદિ નિત્યવિધિ કરી સંતો-ભક્તોની સાથે ત્યાંથી આગળ જવા નીકળ્યા.[૧૭]

હે રાજન્ ! તે સમયે વડોદરા શહેરની અંદર ઘેર ઘેર શ્રીસ્વામિનારાયણ ભગવાનના આગમનનો ઉદ્‌ઘોષ વ્યાપી ગયો. તેમાં શ્રીહરિના દ્વેષી જનો જે આસુરી સંપત્વાળા હતા તેને રાત્રીએ નિદ્રા પણ આવી નહિ.[૧૮] તેમાં તો કોઈ દ્વેષીઓ ભગવાન શ્રીહરિની સાથે વાદવિવાદ કરવા માટે પૂર્વપક્ષનાં પાનાંઓ લખીને તૈયાર કરી મનમાં તેની વારંવાર આવૃત્તિ કરવા લાગ્યા. કોઈ દ્વેષીઓ શ્રીહરિની સાથે યુદ્ધ કરવા માટે પોતાના વર્ગના જનોની સાથે મળી શસ્ત્રઅસ્ત્રોથી સજ્જ થવા લાગ્યા.[૧૯] અને જે મનુષ્યો સદ્‌બુદ્ધિવાળા હતા તેઓએ પ્રથમ શ્રીહરિના સદ્‌ગુણો વિષે બહુ સાંભળ્યું હોવાથી તેમના દર્શન કરવા માટે ઉત્સુક થયા. કેટલાકતો ભગવાન શ્રીહરિના આગમનનું કૌતુક જોવા તૈયાર થયા. તેમાં વળી કેટલાક આ

राजाथ तद्दर्शनभूरितृष्णः प्रातः स्वकीयां चतुरङ्गसेनाम् ।
सर्वां समर्प्यैव स नारुपन्तं तत्सन्मुखं प्रैषयदायनार्थम् ॥ २१
स योजने तन्नगरात्तमीशमायान्तमारादवलोक्य सद्यः ।
उत्तीर्य वाहात्प्रणनाम सोऽपि सम्प्राप्य तं मानवमदाद्यथार्हम् ॥ २२
ततो गजेन्द्रं सुकुथं तदर्थमम्बालिकाढ्यं प्रहितं नृपेण ।
आरोहयामास हरिं ततोऽन्यान्मुनींश्च नानाविधवाहनानि ॥ २३
कांश्चिद्रजान्कांश्चन वाजिवर्यानारोहयामास रथांश्च कांश्चित् ।
कांश्चिच्च मैनाञ्छिविकाश्च कांश्चिन्महारथान् पुष्परथांश्च कांश्चित् ॥ २४
हरेः स पृष्ठेऽथ निपद्य राजंस्तं बीजयामास सुचामरेण ।
सर्वाणि वाद्यानि तदा निनेदुर्जयध्वनिश्चातिमहान्बभूव ॥ २५

---

સ્વામિનારાયણ આપણા ઉપર ભૂરકી નાખશે એવા ભયથી સંતાઈ ગયા.[૨૦] ભગવાન શ્રીહરિના દર્શનની અતિશય ઈચ્છા ધરાવતા મહારાજા સયાજીરાવ પ્રાતઃકાળે પોતાની સમગ્ર ચતુરંગીણી સેના સજ્જ કરી મંત્રી નારુપંતનાનાને શ્રીહરિને લઈ આવવા સન્મુખ મોકલ્યા.[૨૧] વડોદરાથી બે યોજન દૂર છાણી ગામની ભાગોળે પહોંચેલા શ્રીહરિને દૂરથી નિહાળી નારુપંતનાનાએ અશ્વ ઉપરથી નીચે ઉતરી પ્રણામ કર્યા. શ્રીહરિ પણ તેમની સમીપે પહોંચી સેનાએ સહિત નારુપંતનાનાનો આદરસત્કાર કર્યો.[૨૨]

**નવગાજા હાથી ઉપર શ્રીહરિ વિરાજમાન :-** હે રાજન્ ! શોભાયમાન પીઠ ઉપર બિછાવેલ ઝૂલવાળા અને સુવર્ણની અંબાડીએ યુક્ત તેમજ ખાસ ભગવાન શ્રીહરિને બેસવા માટે જ સયાજીરાવે મોકલેલા ગજેન્દ્ર ઉપર નારુપંતનાનાએ ભગવાન શ્રીહરિને પોતાના હાથનો ટેકો આપીને આરોહણ કરાવી બેસાડ્યા. અન્ય સંતોને અનેક પ્રકારનાં વાહનો ઉપર બેસાડ્યા.[૨૩] કેટલાક સંતોને હાથીઓ ઉપર, કેટલાકને અશ્વો ઉપર, કોઈને રથમાં, કોઈને મેનામાં, કોઈને પુષ્પના રથ ઉપર, તો કોઈને મહારથ ઉપર બેસાડ્યા.[૨૪] હે રાજન્ ! પછી સ્વયં રાજમંત્રી નારુપંતનાના ભગવાન શ્રીહરિની પાછળ બેસી તેમના ઉપર સુંદર ચામર ઢોળવા લાગ્યા. તે સમયે અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં ને જય જયકારનો મહાધ્વનિ થવા લાગ્યો.[૨૫] શ્રીહરિના અનુયાયી ભક્તજનોની સાથે મળી રાજાના સૈનિકો ચાલતાં ચાલતાં જેવા નગરમાં પ્રવેશ કરે તેવામાં તો નગરના જનો પણ

ततः समेता नगरं ययुस्ते तावद्धरिं पौरजना अभीयुः ।
वर्त्मापुरात्तज्जनसङ्घसान्द्रं गजाधिरूढो हरिरालुलोके ।। २६
द्योतद्दिव्याङ्गकान्तिः स्मितमधुरमुखः सूक्ष्मशुक्लांशुकश्रीः,
कूर्दद्वाहानुयातप्रचलगजघटान्तश्चरन्नागराजः ।
नानावाद्यौघभूरिध्वनिमिलितजयध्वानसन्नादिताशं,
राजेन्द्रश्रीरनेकेक्षकजननिबिडं तत्पुरं प्राविशत्सः ।। २७
साश्चर्यं वीक्ष्यमाणं प्रतिविशिखमयो यूथशः पौरलोकैः,
श्रुत्वाऽऽयान्तं हरिं तं नृपतिरपि तदाऽभ्याययौ भूरिहर्षः ।
दृष्ट्वा नत्वा च तेनादृत उरु सदनं तेन साकं स्वमागा-
न्नागादुत्तार्य हर्षाद्बहुतरविनयः सस्वजे तं च राजन् ! ।। २८ ।।

---

ભગવાન શ્રીહરિની સન્મુખ આવ્યા. ગજેન્દ્ર ઉપર આરુઢ થયેલા શ્રીહરિ નગરમાંથી આવતા અને પોતાને આગળ જવાના માર્ગને જનસમુદાયથી ભરચક નિહાળવા લાગ્યા.[૨૬]

હે રાજન્ ! રાજાધિરાજપણે શોભતા શ્રીહરિએ જ્યારે વડોદરા નગરમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના પ્રકાશમાન દિવ્ય અંગોની કાંતિ ચારે તરફ પ્રસરી રહી. મુખારવિંદ મંદ મંદ હાસ્યથી વિલસી રહ્યું હતું. સૂક્ષ્મ શ્વેત વસ્ત્રોમાં શોભતા હતા. પ્લુત નામની ચાલમાં ચલાવેલા અશ્વો શ્રીહરિની પાછળ ચાલી રહ્યા હતા. અનેક હાથીઓની મધ્યે ચાલતા ગજેન્દ્ર ઉપર શ્રીહરિ વિરાજમાન હતા. અનેક પ્રકારના વાજિંત્રોના મહાધ્વનિની સાથે જયજયકારનો મહાધ્વનિ મળીને દશે દિશાઓને ગુંજવી રહ્યો હતો. ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા ભેળા થયેલા દર્શકોની મોટીભીડ જામી હતી. ભક્તજનો ભગવાન શ્રીહરિ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી રહ્યા હતા. તે પુષ્પોને જનમેદનીમાં જ પીસાઈ જવાના કારણે નીચે પૃથ્વીપર પડવાનો અવકાશ પણ પ્રાપ્ત થતો ન હતો. આવી શોભાને ધારણ કરતા શ્રીહરિએ વડોદરા નગરમાં પ્રવેશ કર્યો.[૨૭]

હે રાજન્ ! વડોદરા નગરના દરેક પોળમાંથી આવતા માર્ગોમાંથી મનુષ્યો સમુહમાં મળી મુખ્યમાર્ગ ઉપર આવી, સર્વે અતિશય આશ્ચર્યપૂર્વક નગરમાં પધારી રહેલા શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં. ભગવાન શ્રીહરિ મારા પુરમાં આવી પહોંચ્યા છે, તેવા સમાચાર સાંભળી સ્વયં સયાજીરાવ રાજા અતિશય હર્ષપૂર્વક

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वटपत्तनागमननिरूपणनामैकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥*

---

## द्विचत्वारिंशोऽध्यायः - ४२

**सुव्रत उवाच –**

प्रणम्य तं करं तस्य गृहीत्वा पाणिना ततः । प्राविशत्स निजं सौधं दर्शनीयं महीभुजाम् ॥ १ ॥
सिंहासने मनोज्ञे तमुपावेश्य तदग्रतः । तिष्ठन्स दासवत्प्राह प्राञ्जलिर्धरणीपतिः ॥ २
स्वामिन्मनोरथो मेऽद्य फलितोऽत्र तवागमात् । कृपया पावितोऽद्याहं त्वया लोकहितैषिणा ॥ ३
त्वदङ्घ्रिपद्मसंस्पर्शात्पूतेयं च धरा मम । अद्यप्रभृति ते स्वामिन्नाज्ञावर्ती भवाम्यहम् ॥ ४

---

સન્મુખ આવ્યા ને દર્શન કરી તત્કાળ નમસ્કાર કર્યા. શ્રીહરિએ પણ તેમનું અધિક સન્માન કર્યું. પછી ભગવાન શ્રીહરિ રાજાની સાથે તેમના રાજમહેલની સમીપે પધાર્યા. સયાજીરાવ ભગવાન શ્રીહરિને હાથી ઉપરથી ઉતારી પોતાના હાથમાં હાથ લઈ અતિશય વિનયપૂર્વક પ્રેમાર્દ્ર હૃદયે શ્રીહરિને ભેટી પડ્યા.[૨૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિનું વડોદરા નગરમાં આગમન થયાનું નિરૂપણ કર્યું એ નામે એક્તાલીસ અધ્યાય પૂર્ણ થયો. --૪૧--**

---

## અધ્યાય - ૪૨

## મહારાજા સયાજીરાવે ભગવાન શ્રીહરિનું કરેલું બહુ સન્માન અને શ્રીહરિએ કરેલો તેમને સદુપદેશ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સયાજીરાવ રાજાએ ભગવાન શ્રીહરિને પ્રણામ કર્યા ને તેમનો હાથ પોતાના હાથથી ગ્રહણ કરી રાજા-મહારાજાઓને આશ્ચર્ય ઉપજાવે તેવા પોતાના રાજમહેલમાં પ્રવેશ કરાવ્યો.[૧] ચિત્રવિચિત્ર મણિઓથી સુશોભિત મનોહર સિંહાસન ઉપર ભગવાન શ્રીહરિને રાજાએ બેસાડ્યા ને તેમની આગળ દાસની પેઠે બે હાથ જોડી ઊભા રહ્યા.[૨] અને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આજ આપના અહીં આગમનથી આપના દર્શનનો મારો મનોરથ સફળ થયો. સર્વે જનોનું સદાય હિત કરનારા તમે કૃપા કરીને મને પાવન કર્યો.[૩] હે સ્વામિન્ !

इत्युक्त्वा सह तेनाथ सानुगेन महीपतिः । ससैन्यो वाहनारूढ उपायान्मस्तुवाटिकाम् ॥ ५
तदागमात्पूर्वमेव कारितेषु च तत्र सः । पटमण्डपवर्येषु सानुगं तमवासयत् ॥ ६
स स्वानुरूपतश्चक्रे तस्यातिथ्यं नराधिपः । नाथजिद्रामचन्द्राद्या भक्ताः पर्यचरंश्च तम् ॥ ७
द्वितीयोऽह्नि ततः पौरा भक्ताः सर्वे तमार्चयन् । नानाविधैः सुवसनैर्गन्धपुष्पधनादिभिः ॥ ८
तृतीयेऽहनि राजापि कृतभुक्तिं हरिं निजम् । आनिनाय पुनः सौधं गजारूढं यथा पुरा ॥ ९
महासन उपावेश्य तं तदग्र उपाविशत् । उपावीविशदन्यांश्च तदीयान्स यथोचितम् ॥ १०
ततस्तं विनयानम्रं बद्धाञ्जलिपुटं नृपम् । उवाच प्रीणयन्वाचं सर्वदुःखहरो हरिः ॥ ११

**श्रीनारायणमुनिरुवाच –**

शृणु राजन्मनो दत्त्वा हितं तव वदाम्यहम् । धारणीयं स्वहृदये वचनं मम सर्वथा ॥ १२

---

તમારા ચરણકમળના સ્પર્શથી આ ધરા પણ આજે પાવન થઇ. હું આજ દિવસથી આરંભીને તમારી આજ્ઞામાં વર્તનારો શિષ્ય થાઉં છું.[૪] આ પ્રમાણે કહી સયાજીરાવ મહારાજા સૈન્યની સાથે વાહન ઉપર બેઠા અને સંતો-ભક્તોની સાથે ભગવાન શ્રીહરિને ઉતારા અપાવવા મસ્તુ બાગમાં પધાર્યા.[૫] તેમણે શ્રીહરિના આગમનથી પહેલાંજ મસ્તુબાગમાં તંબુઓ બંધાવી તૈયાર કરાવેલા હતા, તેમાં અનુયાયીઓ સહિત શ્રીહરિને ઉતારો કરાવ્યો.[૬] પોતાની યોગ્યતા અનુસાર રાજાએ શ્રીહરિનો અતિથિ સત્કાર કર્યો. નાથજી ભક્ત, રામચંદ્ર વૈદ્ય, નારુપંતનાના, શોભારામ શાસ્ત્રી, હરિશ્ચંદ્ર, સદાશિવભાઇ, લક્ષ્મીરામભાઇ, રઘુનાથ, ચિમનરાવ, રણછોડ, પ્રેમાનંદ, પ્રભુદાસ અને દયારામ વગેરે ભક્તજનો શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૭] બીજા દિવસે નાથજી આદિ સર્વે પુરવાસી ભક્તજનોએ અનેક પ્રકારના સુગંધીમાન ચંદન, પુષ્પાદિક ઉપચારોથી અને ધન અર્પણ કરી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૮] ત્રીજા દિવસે રાજાએ પણ ભોજન કરીને પરવારેલા ભગવાન શ્રીહરિને પૂર્વની માફક જ નવગજા હાથી ઉપર બેસાડીને ફરી પોતાના મહેલમાં પધરામણી કરાવવા માટે લઇ આવ્યા.[૯] ભગવાન શ્રીહરિને મોટા સિંહાસન ઉપર બેસાડીને સ્વયં શ્રીહરિની આગળ જ બેઠા અને મુક્તાનંદ સ્વામી આદિક સંતોને પણ ત્યાં યથા યોગ્ય બેસાડ્યા.[૧૦] વિનયથી નમ્ર થઇ બે હાથ જોડી બેઠેલા રાજાને સર્વ દુઃખનું હરણ કરનારા શ્રીહરિ કહેવા લાગ્યા.[૧૧]

**સયાજીરાવ રાજાને શ્રીહરિનો સદ્દુપદેશ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે રાજન્ ! મન દઇ મારૂં વચન સાંભળો. હું તમારા

नृदेहो दुर्लभो नूनं देवानामपि भूपते ! । तत्प्राप्तेस्तु फलं ज्ञेयमपुनर्भवसाधनम् ॥ १३
सांसारिकं सुखं यत्तत्सर्वयोनिषु वर्तते । यदर्थे यतते लोको दुर्लभं तन्न देहिनाम् ॥ १४
सुखं च दुःखसम्मिश्रं निर्दुःखं तन्न दृश्यते । यस्य यावत्सुखं तस्य तावद्दुःखं हि देहिनः ॥ १५
राजानं सुखिनं सर्वे जानन्ति नृपते ! जनाः । अति दुःखिनमेवात्राहं तु जानामि सर्वथा ॥ १६
चौरशत्रुखदायादप्रतिक्षणविशङ्किनः । भूरिलोभाभिभूतस्य सुखं तस्य कुतो भवेत् ॥ १७
निर्दुःखं तु सुखं राजन्भगवत्येव वर्तते । सच्चिदानन्दरूपोऽसौ स्वतन्त्रोऽस्ति यतः सदा ॥ १८
तदुपासनया भक्ताः सुखिनस्तस्य सन्ति च । न तत्सुखस्यास्ति लेशस्त्रैलोक्याधिपतेरपि ॥ १९
ज्वलत्सु भुवि लोकेषु कामलोभादिवह्निना । तप्यन्ते वैष्णवा नैव गङ्गाम्बुस्था गजा इव ॥ २०
बुद्धिमानसि भूपाल ! त्वमतः स्वहिताय हि । कुरु कृष्णाश्रयं तेन भुक्तिं मुक्तिं च लप्स्यसे ॥ २१

---

**હિતના વચનો કહું છું. તેને સર્વ પ્રકારે તમારા અંતરમાં ધારણ કરજો.[૧૨] હે ભૂપતિ ! મનુષ્યદેહ દેવતાઓને પણ દુર્લભ છે. મનુષ્યના દેહની પ્રાપ્તિનું ફળ ફરીને જન્મ ન લેવો પડે તેવા પોતાના મોક્ષરૂપ પુરુષાર્થને સિદ્ધ કરી લેવા માટે જ છે, એમ જાણવું.[૧૩] અને જે સંસારસંબંધી સુખ છે તે સર્વે યોનિમાં રહેલું છે. તે સ્ત્રી આદિક સાંસારિક સુખની પ્રાપ્તિને માટે લોકો બહુ મોટો પ્રયત્ન કરે છે. પરંતુ દેહધારીઓને એ સાંસારિક સુખ એવું દુર્લભ નથી. કોઈ પ્રયત્ન વિના સર્વે યોનિમાં તે પ્રાપ્ત થાય છે.[૧૪] તે સાંસારિક સુખ સ્વભાવસિદ્ધ દુઃખમિશ્રિત દેખાય છે. દુઃખ વગરનું એ સુખ ક્યાંય દેખાતું નથી. કારણ કે જેને જેટલું સાંસારિક સુખ, સામે તેટલું જ તેને દુઃખ હોય છે, તે દેખાય છે.[૧૫] અધિક વૈભવોના કારણે લોકો રાજાને સુખી જાણે છે. પરંતુ હું તો સર્વથા રાજાને જ અતિશય દુઃખી જાણું છું.[૧૬] ચોર, શત્રુઓ, પોતાના પુત્ર, ભાઈ, ભાઈના પુત્રો, તેમજ પોતાના ધનમાંથી ભાગ માંગનારા સર્વે થકી પ્રતિક્ષણે શંકાશીલ જીવન જીવતા, તેમજ લોભથી અતિશય પરાભવ પામેલા રાજાને સુખ ક્યાંથી હોય ?.[૧૭]**

**હે રાજન્ ! દુઃખરહિતનું સુખ તો એક ભગવાનને વિષે જ રહેલું છે, કારણ કે તે સચ્ચિદાનંદ સ્વરૂપ અને સર્વદા સ્વતંત્ર છે.[૧૮] આવા અલૌકિક મહિમાવાળા ભગવાનની આરાધના કરવાથી તેમના એકાંતિક ભક્તજનો સુખી થાય છે. તેના સિવાયના ત્રિલોકીના અધિપતિઓમાં પણ તેવા સુખનો લેશ ભાગ પણ જોવામાં આવતો નથી. અરે દેવતાઓના ઈન્દ્રની જો આ વાત છે, તો પછી મનુષ્યોની શું વાર્તા કરવી ?[૧૯] પૃથ્વી પર કામ અને ક્રોધના અગ્નિમાં મનુષ્યો**

स्थित्वैव निजधर्मेषु यावद्देहस्मृतिर्नृप ! । भजनीयः सदा कृष्णः प्रीत्यैवेत्यस्ति मे मतम् ॥ २२

**सुव्रत उवाच –**

इत्युक्तो हरिणा राजा तं प्रणम्य जगाद सः । भगवंस्त्वामहं जाने कृष्णमेव न संशयः ॥ २३
त्वामहं शरणं यातस्त्वदीयोऽस्मि कृपां मयि । कुर्यास्त्वं सर्वदा स्वामिन्कञ्चित्कालं वसात्र च ॥ २४

**श्रीहरिरुवाच –**

पुराणश्रवणे चित्तं साम्प्रतं लुब्धमस्ति मे । स्थातुमत्र न शक्नोमि दिनमेकमपि ध्रुवम् ॥ २५
भावं मयि विशुद्धं ते ज्ञात्वात्राहमुपागतः । नो चेन्न साम्प्रतं यायां सम्राङ्गेहं हि निःस्पृहः ॥ २६
इत्युक्त्वा भगवद्भक्ते रीतिं तस्मा उपादिशत् । तदुक्तिं सकलां सोऽपि हृदयेऽधारयन्नृपः ॥ २७

---

**જ્યારે બળી રહ્યા છે, ત્યારે ગંગાના જળમાં બેઠેલા ગજરાજની જેમ ભગવાનના એકાંતિક ભક્તો તેમનાથી જરાય સંતાપ પામતા નથી.[૨૦] હે ભૂપાલ ! તમે તો બુદ્ધિશાળી રાજા છો. એથી પોતાના હિતને માટે શ્રીકૃષ્ણ ભગવાનનો આશ્રય કરો. તેમ કરવાથી તમે ભુક્તિ અને મુક્તિને પામશો.[૨૧] હે રાજન્ ! જ્યાં સુધી પોતાને દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી પોતપોતાના ધર્મમાં રહીને સૌએ પ્રેમથી સદાય ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરવું જોઈએ, એવો મારો મત છે.[૨૨]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ જ્યારે રાજાને ઉપદેશ કર્યો ત્યારે તેમનાં વચન સાંભળી રાજાએ શ્રીહરિને પ્રણામ કર્યા ને કહેવા લાગ્યા કે હે ભગવાન્ ! હું તમને જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણું છું, તેમાં કોઈ સંશય નથી.[૨૩] હે સ્વામિન્ ! હું તમારે શરણે આવ્યો છું, ને તમારો દાસ છું. એથી તમે મારા ઉપર સદાય કૃપા વરસાવજો, તથા કેટલોક કાળ મારા પુરમાં નિવાસ કરીને રહો એવી મારી ઈચ્છા છે.[૨૪] ત્યારે ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમારા શુદ્ધ ભાવને ખૂબજ અભિનંદન, પરંતુ અત્યારે મારા મનમાં પુરાણગ્રંથો સાંભળવાની ખૂબજ ઈચ્છા વર્તે છે. તેથી અહીં એક દિવસ પણ રહી શકું તેમ નથી.[૨૫] બાકી મારે વિષે જે તમારો વિશુદ્ધ ભાવ છે તેને જાણીને હું અહિં આવ્યો છું. જો આવો નિર્મળ ભાવ ન હોય તો સર્વ જગ્યાએથી નિઃસ્પૃહી હું મોટા મોટા ચક્રવર્તી રાજાઓના ભવનમાં પણ ન પધારૂં. જગપ્રસિદ્ધિમાં મને કોઈ રુચી નથી, મુમુક્ષુનું કલ્યાણ કરવામાં જ માત્ર રસ છે.[૨૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિએ સયાજીરાવ રાજાને ભગવાનના ભક્તની રીત કેવી હોય ? તેનો ઉપદેશ આપ્યો,**

ततस्तस्याकरोत्पूजां महतीं परया मुदा । अनर्घ्यैर्नूतनैर्वस्त्रैः सरत्नैर्हेमभूषणैः ॥ २८
चन्द्रनाक्षतपुष्पादैरुपहारैर्यथाविधि । पूजयित्वा तमीशानं प्रणनाम स दण्डवत् ॥ २९
ततस्तदीयान् पुत्रादीन् मुनींश्चापि यथोचितम् । वासोधनसुगन्धाद्यैरानर्च बहुभावतः ॥ ३०
धर्मे स्थातुं तमाज्ञाप्य सद्य उत्तस्थिवान् हरिः । गन्तुकामं तमाज्ञाय राजा सैन्यमसज्जयत् ॥ ३१

ततो व्रजन्तं हरिमन्वगच्छत् पद्भ्यां नृपस्तं स निवर्तयित्वा ।
गजेन्द्रमध्यारुहदात्तहर्षैः पौरैर्जनैर्भूभिप ! नम्यमानः ॥ ३२
ये वैरिणस्तस्य पुरेऽभवंस्ते दृष्ट्वा प्रतापातिशयं तदीयम् ।
कर्तुं न शेकुः किमपि प्रभुं तं तथैव तस्थुर्ज्वलदन्तरङ्गाः ॥ ३३

---

સયાજીરાવ રાજાએ પણ શ્રીહરિના સમગ્ર વચનો હિતકારી માની અંતરમાં ધારણ કર્યાં.[૨૭] પછી સયાજીરાવ રાજાએ મહામૂલાં નવીન વસ્ત્રો, રત્નજડેલાં સુવર્ણના આભૂષણો અર્પણ કરી બહુ હર્ષપૂર્વક શ્રીહરિની મોટી પૂજા કરી.[૨૮] રાજાએ પૂજામાં ચંદન, પુષ્પ અને ચોખા આદિ ઉપચારોથી પરમેશ્વર શ્રીહરિનું વિધિપૂર્વક અર્ચન કરી દંડવત્ પ્રણામ કર્યા.[૨૯] ને પછી વસ્ત્ર, ધન અને ચંદન વિગેરે ઉપચારોથી શ્રીહરિના બન્ને પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમજ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની પણ યથાયોગ્ય અતિશય ભાવપૂર્વક પૂજા કરી.[૩૦] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ સયાજીરાવ રાજાને ધર્મમાં રહેવાની આજ્ઞા આપી તત્કાળ ઊભા થયા. શ્રીહરિને જવાની ઈચ્છા છે એમ જાણી રાજાએ પોતાની ચતુરંગીણી સેના સજ્જ કરાવી.[૩૧] હે રાજન્ ! ત્યારપછી પોતાના મહેલમાંથી વિદાય લઈ રહેલા ભગવાન શ્રીહરિની પાછળ પાછળ રાજા પગે ચાલવા લાગ્યા. શ્રીહરિએ તેમને સમજાવીને પાછા વાળ્યા ને નરવાસીઓને ખૂબ આનંદ આપવા લાગ્યા. તેઓ પણ અતિશય આદરપૂર્વક શ્રીહરિને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ ગજેન્દ્ર ઉપર આરુઢ થયા.[૩૨] વડોદરા નગરમાં શ્રીહરિના જે વેરી હતા તેઓએ તેમનો અતિશય પ્રતાપ નિહાળીને શ્રીહરિને કાંઈ પણ કરી શક્યા નહિ. હૃદયમાં બળતા બળતા મનની મનમાં રહી ગઈ હોવાથી મૌન બેસી રહ્યા.[૩૩] ભગવાન શ્રીહરિ તો રાજલક્ષ્મીના ઠાઠમાઠથી જેવા પુરમાં પ્રવેશ્યા હતા તેવી જ શોભાને ધારણ કરી ફરી પુરથી બહાર નીકળ્યા. પછી પોતાની પાછળ વળાવવા આવી રહેલા નગરવાસી જનોને તથા રાજાના સૈન્યને પાછા વાળ્યા.[૩૪] હે રાજન્ ! આવા

यथा प्रविष्टः स पुरं तथैव राजश्रिया तन्निरगाद्वहिश्च ।
निवर्तयामास ततोऽनुयातः पौरांश्च भक्तान्नृपतेश्च सैन्यम् ॥ ३४
आरुह्य वाहं जविनं स्वकीयं निजानुयातैरखिलैः स भक्तैः ।
सहाययौ भूरियशोवदातो वृत्तालयं पोषितधर्मवर्त्मा ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे*
*सिंहजिन्नृपकृतश्रीहरिसन्माननिरूपणनामा द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥*

---

**त्रिचत्वारिंशोऽध्यायः - ४३**

**सुव्रत उवाच –**

वसंस्तत्र निजावासे हरिर्दुःखहराभिधः । प्रशंसां भूपतेस्तस्य चकार स्वीयसंसदि ॥ १ ॥
वटपत्तनसम्प्राप्तं वासोभूषाधनादि यत् । रघुवीराय तत्सर्वे ददाति स्म स भूपते ! ॥ २

---

અતિશય ઉજ્જ્વળ યશવાળા શ્રીહરિ એકાંતિક ધર્મનું પોષણ કરી પોતાના વેગવાન ઘોડા ઉપર અસ્વાર થયા ને અનુયાયી સંતો-ભક્તોની સાથે ફરી વડતાલપુર પધાર્યા.[૩૫]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં વડોદરામાં સયાજીરાવ મહારાજાએ શ્રીહરિનું રાજવૈભવથી સન્માન કર્યું, ને મહેલમાં પધરાવ્યા અને શ્રીહરિએ તેમને સદ્ઉપદેશ કર્યો એ નામે બેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૨--**

---

## અધ્યાય - ૪૩

## શ્રીહરિએ એકાંત સ્થળમાં બેસી દશમસ્કંધનું શ્રવણ કરતાં કરતાં શિક્ષાપત્રી લખવાનો સંકલ્પ કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સમગ્ર દુઃખને હરણ કરનાર નામને ધારણ કરતા શ્રીહરિએ વડતાલમાં પોતાના નિવાસસ્થાને સર્વે ભક્તજનોની સભામાં સયાજીરાવ રાજાની ખૂબજ પ્રશંસા કરી.[૧] અને વડોદરાનગરમાં જે કાંઈ વસ્ત્ર, આભૂષણ અને ધન વગેરે જે કાંઈ પણ ભેટ સામગ્રી પ્રાપ્ત થયેલી તે સર્વે શ્રીહરિએ

ततः स दशमस्कन्धं शुश्रूषुः सुस्थचेतसा । उत्तमादीन् दुर्गपुरं प्रेषयिष्यन्नुवाच तान् ॥ ३
राजन् ! दुर्गपुरं याहि स्वकीयैः सह साम्प्रतम् । यूयं च सुहृदः ! सर्वे यातानेन सहैव च ॥ ४
श्रुत्वात्र दशमस्कन्धं तत्रायास्याम्यहं ध्रुवम् । इति मे रोचते तस्माद्यूयं सर्वेऽपि गच्छत ॥ ५
इत्युक्तास्ते तु हरिणा विजने स्थातुमिच्छता । अनिच्छन्तोऽपि तद्वाक्यमान्यत्वात्स्वपुरं ययुः ॥ ६
परिवारेण सहितः स्वकीयेनोत्तमो नृपः । रामप्रतापमुख्याश्च हरेः सम्बन्धिनोऽखिलाः ॥ ७
पाश्चात्या भाल्लदेशीया ये चान्ये तत्र सङ्गताः । सर्वे ते हरिणाज्ञप्ताः स्वं स्वं ग्रामं पुरं ययुः ॥ ८
नानादेशस्थलोकानां बोधनाय मुनीनपि । सर्वानाज्ञापयामास ते च जग्मुस्तदाज्ञया ॥ ९
एकादश्याः स आरभ्य दशमस्कन्धमादितः । सार्धमासेन शुश्राव सादरं विजने ततः ॥ १०
स्कन्धः स एव भूपाल ! भृशं तस्मा अरोचत । प्रशंसां तस्य बहुधा चकार च स आदरात् ॥ ११

---

લક્ષ્મીનારાયણ દેવના દેશમાંથી પ્રાપ્ત થયેલી હોવાથી પુત્ર રઘુવીરજી મહારાજને અર્પણ કરી.[૨] પોતાને સ્વસ્થચિત્તે દશમસ્કંધ સાંભળવાની ઇચ્છા હતી તેથી શ્રીહરિ ઉત્તમરાજા આદિ સર્વેને ગઢપુર મોકલવાની ઇચ્છાથી તેઓ પ્રત્યે કહેવા લાગ્યા.[૩] હે ઉત્તમનૃપતિ ! તમે અત્યારે જયા, લલિતા આદિ સર્વે સંબંધીજનોની સાથે દુર્ગપુર જાઓ. હે ભાઇઓ ! તમે પણ સર્વે પરિવારને સાથે લઇ આ ઉત્તમરાજા ભેળા ગઢપુર સિધાવો.[૪] હું અહીં દશમસ્કંધનું શ્રવણ કરી ચોક્કસ ગઢપુર પધારીશ, આ પ્રમાણેની મારી ઇચ્છા છે. માટે તમે સર્વે ગઢપુર સીધાવો.[૫]

હે રાજન્ ! આ પ્રમાણે એકાંત સ્થળમાં રહેવા ઇચ્છતા શ્રીહરિએ કહ્યું, તેથી તેઓ ભગવાન શ્રીહરિને છોડીને જવા ન ઇચ્છતા હોવા છતાં સર્વે શ્રીહરિના વચનનો અનાદર ન થાય તે હેતુથી ગઢપુર જવા નીકળ્યા.[૬] પોતાના પરિવારજનોને સાથે લઇ ઉત્તમરાજા તથા રામપ્રતાપભાઇ વગેરે ભગવાન શ્રીહરિના સંબંધીજનો પણ ગઢપુર પધાર્યા.[૭] અહીં વડતાલમાં પ્રબોધનીના ઉત્સવ ઉપર દર્શન માટે ભેળા થયેલા અન્ય પશ્ચિમ પ્રદેશના તથા ભાલપ્રદેશના ભક્તજનો પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા થતાં પોતપોતાના ગામ તથા નગરે સીધાવ્યા.[૮] જુદા જુદા દેશોમાં રહેલા ભક્તજનોને બોધ આપવા માટે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિ સંતોને પણ આજ્ઞા આપી, તેથી તેઓ પણ દેશાંતરોમાં ગયા.[૯] પછી શ્રીહરિ સંવત ૧૮૮૨ ના કાર્તિક વદ એકાદશીની તિથિથી આરંભીને દશમસ્કંધનો પ્રથમ અધ્યાયથી આરંભ કરી દોઢ માસસુધી એકાંત સ્થળમાં શ્રવણ કર્યું.[૧૦] હે ભૂપાલ ! અને તે દશમસ્કંધ શ્રીહરિને બહુ જ ગમ્યો, તેથી તેમની આદરપૂર્વક ખૂબજ પ્રશંસા કરી.[૧૧]

ततः स पञ्चमस्कन्धं वसन्ताद्यदिनावधि । शुश्राव सादरं तं च प्रशशंस च संसदि ॥ १२
श्रीमद्भागवताख्यस्य पुराणस्यातिव-ल्लभौ । स्कन्धावभूतां द्वावेतौ तस्य नारायणस्य हि ॥ १३
पौराणिकं ततः सम्यग्वस्त्रभूषाधनादिभिः । तोषयित्वाथ मध्याह्ने वसन्तोत्सवमाचरत् ॥ १४
लक्ष्मीनारायणस्यासौ महापूजामकारयत् । गीतवादित्रनिनदैरुपेतां वर्णिसत्तमैः ॥ १५
ब्राह्मणान् भोजयामास सहस्रं तद्दिने हरिः । तेभ्यश्च दक्षिणां प्रादात्सुस्पर्शान्कम्बलानपि ॥ १६
भक्तास्तदानीं बहुशः समीपग्रामवासिनः । तद्दर्शनार्थमाजग्मुः प्रतिजग्मुश्च ते पुनः ॥ १७
अपराह्णे ततः स्वामी विजनस्यो हितं नृणाम् । चिन्तयन् पत्रिकां तेभ्यो लिखितुं निश्चिकाय सः १८
सकलेष्वपि देशेषु धर्मशिक्षार्थपत्रिकाम् । लिखामि तेन मद्भक्ता वर्तिष्यन्ते तथैव हि ॥ १९
ममाशयो यादृशोऽस्ति तादृशं चापि तेऽखिलाः । तयैवावगमिष्यन्ति भविष्यन्त्यप्यसंशयाः ॥ २०
अन्तर्हिते मयि भुवो मदीयानां च सर्वशः । स्फुटमद्वाक्यरूपा सा भवित्र्यालम्बनं भुवि ॥ २१

---

પછી શ્રીહરિ વસંતપંચમી સુધી પંચમસ્કંધનું શ્રવણ કર્યું. તે સ્કંધ પણ તેમને બહુ ગમ્યો. તેથી સભામાં તેની પણ ખૂબજ પ્રશંસા કરી, શ્રીમદ્ ભાગવતપુરાણના આ બન્ને સ્કંધ શ્રીહરિને અતિશય પ્રિય હતા.[૧૨-૧૩] ગ્રંથ પૂર્ણ થતાં ભગવાન શ્રીહરિએ વક્તા પ્રાગજી પુરાણીને વસ્ત્ર, આભૂષણ, ધનાદિકથી ખૂબજ સંતોષ પમાડી મધ્યાહ્ન સમયે વસંતોત્સવ ઉજવ્યો.[૧૪] તે ઉત્સવમાં શ્રીહરિએ ગીતવાજિંત્રોના નાદની સાથે પૂજારી નારાયણાનંદાદિ શ્રેષ્ઠ બ્રહ્મચારીઓની પાસે શ્રીલક્ષ્મીનારાયણદેવનું મહાપૂજન કરાવ્યું.[૧૫] તે વસંત પંચમીના દિવસે ભગવાન શ્રીહરિએ આશરે એક હજાર જેટલા બ્રાહ્મણોને જમાડ્યા અને તેઓને દક્ષિણાની સાથે કોમળ સુંવાળા ધાબડાઓનું દાન કર્યું.[૧૬] એ અવસરે વડતાલની સમીપના ગામોના ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શને આવેલા, તે ભક્તો પણ ફરી પોતપોતાના ગામે ચાલ્યા ગયા.[૧૭]

હે રાજન્ ! તે દિવસે બપોર પછી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી એકાંત સ્થળમાં બેસી પોતાના આશ્રિત ભક્તજનોનું હિત ચિંતવન કરવા લાગ્યા ને સર્વે ભક્તજનોના હિતને માટે એક મંગલપ્રત્રિકા લખવાનો નિર્ણય કર્યો.[૧૮] સમગ્ર દેશોમાં રહેલા ભક્તજનોને ધર્મની શિક્ષા આપતી એક પત્રિકા લખું ને સર્વ પ્રત્યે મોકલું. એ શિક્ષાપત્રીના માધ્યમથી તેનું વાંચન કરવાથી મારા સર્વે આશ્રિતો તે પ્રમાણે વર્તશે.[૧૯] મારા અંતરનો આશય જે છે, તેને તે સર્વે ભક્તજનો આ શિક્ષાપત્રીના દ્વારા જાણશે, ને શું કરવું ? તે શું ન કરવું ? ના સંશયથી રહિત

एवं विचार्य धर्मात्मा काकुदं खटिकां च सः । आनयामास भृत्येन लेखिनीं च सुशोभनाम् ॥ २२
सच्छास्त्राणां स सर्वेषां सारमाकृष्य सद्धिया । लिलेख पत्रिकां स्वामी सद्धर्मं स्थापयन्भुवि ॥ २३
उरौ दक्षे पट्टकं काकुदस्य कृत्वा धृत्वा वामदोष्णा नतास्यः ।
दक्षे पाणौ लेखिनीं कुञ्चिताग्रे बिभ्रत् पत्रीं सोऽलिखद्भूमिपेत्थम् ॥ २४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे भगवतो वृत्तालयावासनिरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३*

---

થશે.[૨૦] હું જ્યારે આ પૃથ્વી પરથી અંતર્ધાન થઈશ ત્યારે આ પૃથ્વી પર મારા સમગ્ર ભક્તજનોને મારા સ્પષ્ટ વાક્યોના સ્વરૂપમાં રહેલી આ શિક્ષાપત્રી આધારરૂપ થશે.[૨૧] હે રાજન્ ! આ પ્રમાણે વિચારી ધર્માત્મા શ્રીહરિએ સદાય પોતાની સેવામાં રહેતા શુકાનંદ સ્વામી પાસે કાગળ, શાહીનો ખડિયો ને પાટીયા સાથે સુંદર કલમ મંગાવી.[૨૨] સર્વના સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ આ પૃથ્વી પર સદ્ધર્મનું સ્થાપન કરવા સર્વે શાસ્ત્રોનો સાર પોતાની અતિશય શ્રેષ્ઠ બુદ્ધિથી દહીંમાંથી માખણ તારવી તેમ ગ્રહણ કરીને શિક્ષાપત્રીનું લેખન કરવા લાગ્યા.[૨૩]

**શિક્ષાપત્રી લખતા શ્રીહરિનું ધ્યાન :–** હે રાજન્ ! ભગવાન શ્રીસહજાનંદ સ્વામી જમણા સાથળ ઉપર પાટી સહિત કાગળને રાખી ડાબા હસ્તકમળથી તેને પકડી રાખીને આગળના ભાગથી સહેજ વળેલા જમણા હસ્તકમળમાં કલમ ધારણ કરી મુખારવિંદને આગળ સહેજ નમતું રાખી શિક્ષાપત્રી લખવા લાગ્યા.[૨૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિ વડતાલપુરે એકાંત સ્થળમાં બેસી શિક્ષાપત્રી લખવાનો પ્રારંભ કર્યો એ નામે તેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૩--**

---

## चतुर्चत्वारिंशोऽध्यायः - ४४

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि । वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥ १
लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥ २
भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः । यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥ ३
मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयः ॥ ४
सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥ ५
स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः । श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥ ६
एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः । अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥ ७

---

# અધ્યાય - ૪૪

## શિક્ષાપત્રી.

**શિક્ષાપત્રીને લખતા શ્રીસહજાનંદ સ્વામી પ્રથમ મંગલાચરણ કરતાં લખે છે.** હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું, તે શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થલને વિષે લક્ષ્મીજી રહ્યાં છે, અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે.[૧] અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ.[૨] શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.[૩] તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી.[૪] તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ.[૫] એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નનારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા.[૬]

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું, અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે.[૭] અને શ્રીમદ્ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥ ८
तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥ ९
अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः । प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥ १०
कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥ ११
देवता पितृयागार्थमप्यजादेश्च हिंसनम् । न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥ १२
स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्यापि वा क्वचित् । मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा १३
आत्मधातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा । अयोग्याचरणात्क्वापि न विषोद्बन्धनादिना ॥ १४
न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥ १५

---

કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને વિષે ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે.[૮] અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળા છે અને તે આ લોક અને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે.[૯] તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ.[૧૦]

**હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે :–** અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણી માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય પણ ન કરવી.[૧૧] અને દેવતા અને પિતૃ તેમના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા, માછલા આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે, એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે.[૧૨] અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી.[૧૩] અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો. અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો. અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો.[૧૪] અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું, અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું.[૧૫] અને ક્યારેક પોતાવતે

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा । अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥ १६
स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥ १७
व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् १८
अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न । जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥ १९
मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये । नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥ २०
देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि । वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥ २१
देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् । यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥ २२
दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि । प्रणम्यं तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥ २३

---

**કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું.[૧૬] અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.[૧૭] અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટુ આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો, અને ભાંગ, મફર, માજમ, ગાંજો આદિક જે કેફ કરનાર વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ.[૧૮] અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદિ ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું, અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ.[૧૯]**

**અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો, અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી.[૨૦] અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી.[૨૧] અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું.[૨૨] અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું.[૨૩] અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો, અને પરધર્મનું આચરણ**

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् । परधर्मो न चाचर्यो न च पाषण्डकल्पितः ॥ २४
कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः । स्यात्तन्मुखान्न वै श्रव्याः कथा वार्ताश्च वा प्रभोः ॥ २५
स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् । कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥ २६
चौरपापिव्यसनिनां सङ्गः पाषण्डिनां तथा । कामिनां च न कर्तव्यो जनवचनकर्मणाम् ॥ २७
भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः । पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥ २८
कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः । कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥ २९
अगालितं न पातव्यं पानीयं च पयस्तथा । स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥ ३०
यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा । अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत्क्वचित् ॥ ३१
स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन । मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥ ३२

---

ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું.[૨૪] અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખથકી ભગવાનની કથા વાર્તા ન સાંભળવી.[૨૫] અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો, અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી.[૨૬] અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો.[૨૭]

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપથકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો.[૨૮] અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં.[૨૯] અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું, અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી.[૩૦] અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું.[૩૧] અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવાં સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા એ આદિક જે

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च। स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम्॥ ३३
ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात्कार्या न पूरुषैः। न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः॥ ३४
अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम्। लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम्॥ ३५
कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम्। पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम्॥ ३६
गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः। विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च॥ ३७
यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः। तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः॥ ३८
धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा। अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम्॥ ३९
उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः। पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पूरुषाः॥ ४०
कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले। धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः॥ ४१

---

સ્થાનક તેમને વિષે મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ.[૩૨] અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ, અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો.[૩૩]

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈમાણસના મુખ થકી જ્ઞાનવાર્તા ન સાંભળવી, અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો.[૩૪] અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું.[૩૫] અને વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું, અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું, અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી, અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.[૩૬] અને ગુરુ, દેવ, અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું, અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો, અને પોતાના મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં.[૩૭] અને જે વસ્ત્ર પહેર્યે થકે પોતાનાં અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું.[૩૮] અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી, અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ.[૩૯] અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો, તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો, અને

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः । कार्ये पूजावशिष्टेन केसरादियुतेन च ॥ ४२
तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः । कुंकुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥ ४३
सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके । द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥ ४४
भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे । धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥ ४५
त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता । तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥ ४६
ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः । उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥ ४७
शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् । मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥ ४८
प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः । विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥ ४९

મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું.[૪૦]

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણ ભગવાનની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્ય ધારવી, અને લલાટ, હૃદય અને બે હાથ એ ચાર ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું.[૪૧] અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું.[૪૨] અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો, અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો.[૪૩] અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા જે સચ્છૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં.[૪૪] અને તે સચ્છૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ઠની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી, અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું.[૪૫]

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાનાં પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય, તો પણ તેમણે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો.[૪૬] અને નારાયણ અને શિવજી એ બેયનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે.[૪૭] અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને

उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् । स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥ ५०
उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले । असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्‌मुखं वोत्तरामुखम् ॥ ५१
कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् । कार्यः सधवनारीभिर्माले कुंकुमचन्द्रकः ॥ ५२
पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया । मर्नसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥ ५३
प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् । शक्त्या जपित्वा तन्मत्रं कर्तव्यं व्यावहारिकम् ॥ ५४
ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः । तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥ ५५
शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः । द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥ ५६
स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः । तथानधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥ ५७

---

વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો.[૪૮] અને અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગવું, અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું.[૪૯] અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું.[૫૦] અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું.[૫૧]

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું, અને સુવાસિની જે સ્ત્રીઓ તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો.[૫૨] અને તે વિધવા સ્ત્રીઓ એ પોતાના ભાલને વિષે તિલક ન કરવું, ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે મને કરીને કલ્પ્યા જે ચંદનપુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી.[૫૩] અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું.[૫૪]

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વ ક્રિયા કરવી.[૫૫] અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલિગ્રામ તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः । कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥ ५८
प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः । सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥ ५९
भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् । न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥ ६०
सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाथवा । भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्यं यथाबलम् ॥ ६१
आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥ ६२
भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥ ६३
कार्यास्तस्य कथा वार्ताः श्रव्याश्च परमादरात् । वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥ ६४

---

વસ્તુ તેણે કરીને કરવી, અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો.[૫૬] અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામકીર્તન કરવું.[૫૭] અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું, અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વ કાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું.[૫૮]

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે, તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે.[૫૯] અને એ જે આત્મનિવેદી ભક્ત તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું. અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું.[૬૦] અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ જાય ત્યારે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું.[૬૧] અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.[૬૨] અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના નામનું ઉચ્ચસ્વરે કરીને કીર્તન કરવું.[૬૩] અને તે શ્રીકૃષ્ણની જે કથાવાર્તા તે પરમ આદરથકી કરવી ને સાંભળવી.

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः । संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥ ६५
याद्दशैर्यो गुणैर्युक्तस्ताद्दशे स तु कर्मणि । योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥ ६६
अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः । सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ॥ ६७
याद्दग्गुणो यः पुरुषस्ताद्दशा वचनेन सः । देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥ ६८
गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् । अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥ ६९
नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके । उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ॥ ७०
विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् । पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥ ७१
तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् । तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥ ७२

**અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં.[૬૪] અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો.[૬૫]**

**અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો.[૬૬] અને પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી.[૬૭] અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.[૬૮] અને વિનયયુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું.[૬૯] અને ગુરુ, દેવ ને રાજા એમની સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચડાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું.[૭૦] અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો, અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા.[૭૧] અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું, અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું.[૭૨] અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મે**

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि । आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥ ७३
पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् । कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥ ७४
गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् । समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥ ७५
विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि । एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥ ७६
विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥ ७७
साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥ ७८
एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् । कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥ ७९
उपवासदिने त्याज्या दिवा निद्रा प्रयत्नतः । उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥ ८०

---

રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે, માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો.[૭૩]

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું, અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું.[૭૪] અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ, અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી જ રીતે સન્માન કરવું, પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.[૭૫] અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો.[૭૬] અને તે વિશેષ નિયમ કયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા કથા વાંચવી, તથા ભગવાનના ગુણનું કિર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, તથા ભગવાનના મંત્રનો જપ કરવો, તથા સ્તોત્રનો પાઠ કરવો, તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી.[૭૭] તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો.[૭૮]

અને સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું, તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદર થકી કરવું, તથા શિવરાત્રિનું વ્રત જે તે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા.[૭૯] અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો. કેમ જે જેમ મૈથુને કરીને મનુષ્યના

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः । श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥ ८१
कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः । सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥ ८२
कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि । सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥ ८३
विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः । एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥ ८४
भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् । जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥ ८५
रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः । हित्वाऽऽशुशुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥ ८६
जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् । देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥ ८७
जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः । पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥ ८८

---

ઉપવાસનો નાશ થાય છે, તેમજ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે.[૮૦] અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય તેમના પુત્ર જે શ્રીવિઠ્ઠલનાથજી તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા.[૮૧] અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા, અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું.[૮૨] અને સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું.[૮૩] અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા.[૮૪] અને જો ક્યારેક ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ શૂદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો.[૮૫] ને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થાય ત્યારે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો.[૮૬] અને તે ગ્રહણ છૂટ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું, અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી.[૮૭] અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથા-શાસ્ત્ર પાળવું.[૮૮] અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું, અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः । ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥ ८९
वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः । भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥ ९०
संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् । स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥ ९१
अज्ञानाज्ज्ञानतो वापि गुरु वा लघु पातकम् । क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥ ९२
वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् । पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ॥ ९३
तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥ ९४
धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्कयऋषेः स्मृतिः । एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥ ९५
स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि । श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥ ९६
तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये । ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥ ९७

---

**તેમણે યુક્ત થવું.[૮૯] અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું, અને જે શૂદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું.[૯૦]**

**અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી જેની ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં.[૯૧] અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનુંમોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત કરવું.[૯૨] અને ચાર વેદ, તથા વ્યાસસૂત્ર, તથા શ્રીમદ્ભાગવત નામે પુરાણ, તથા મહાભારતને વિષે તો શ્રીવિષ્ણુસહસ્રનામ.[૯૩] તથા શ્રીભગવદ્ગીતા, તથા વિદૂરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય.[૯૪] અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે.[૯૫] અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સચ્છાસ્ત્ર જે તે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી.[૯૬] અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ તેનું ગ્રહણ કરવું.[૯૭]**

**અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્-ભાગવત પુરાણ તેના**

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ । सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥ ९८
दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्कयस्य च स्मृतिः । भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥ ९९
शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥ १००
एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथाभक्तिविरागयोः ॥ १०१
मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः । धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥ १०२
धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः । माहात्म्यज्ञानयुग्मभूरिस्नेहो भक्तिश्च माधवे ॥ १०३
वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु । ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥ १०४
हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः१०५
त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः । जीवस्य चाहंमताहेतुर्मायाऽवगम्यताम् ॥ १०६

---

દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા.[૯૮] અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે, કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે. એમ જાણવું.[૯૯] અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય, એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું.[૧૦૦] અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય.[૧૦૧] તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મ સહિત જ કરવી એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે.[૧૦૨]

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી.[૧૦૩] અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા, અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.[૧૦૪] અને જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે, એમ જાણવું.[૧૦૫] અને જે

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ १०७
स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥ १०८
स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥ १०९
ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः । बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥ ११०
एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् । क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥ १११
अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा । चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥ ११२
तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥ ११३

---

માયા છે તે ત્રિગુણાત્મિકા છે, ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહનાં જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી.[૧૦૬] અને જે ઈશ્વર છે તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, એમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા.[૧૦૭]

અને તે ઈશ્વર તે કયા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વે અવતારના કારણ છે.[૧૦૮] અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે "રાધાકૃષ્ણ" એવે નામે જાણવા, અને રુક્મિણી રૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે "લક્ષ્મીનારાયણ" એવે નામે જાણવા.[૧૦૯] અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય, ત્યારે "નરનારાયણ" એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું.[૧૧૦] અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે, અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા.[૧૧૧] એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો, અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે, એમ જાણવું.[૧૧૨]

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન, તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી, અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું.[૧૧૩] અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાન-પણાનું

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ ११४
कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥ ११५
निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ११६
श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् । प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥ ११७
कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः । विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा ॥ ११८
दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु । यथा स्वपररक्षा स्यात्तथा वृत्त्यं न चान्यथा ॥ ११९
देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः । आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥ १२०

---

**એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો, અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે.[૧૧૪] અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે, તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું, અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી, માટે એમનું ધ્યાન ન કરવું.[૧૧૫]**

**અને સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.[૧૧૬] અને શ્રીમદ્ભાગવતપુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો, અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો અને પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો.[૧૧૭] અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું કરાવવું, અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું કરાવવું, તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે.[૧૧૮] અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું.[૧૧૯] અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ જે ત્રણવાનાં તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં.[૧૨૦]**

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् । तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥ १२१
एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः । मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥ १२२
मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन । स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥ १२३
न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता न हि । क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् १२४
प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके । भिक्षयाऽऽपदतिक्रम्य न तु कार्यमृणं क्वचित् ॥ १२५
स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च । जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥ १२६
भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् । इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥ १२७
मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥ १२८

---

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે, એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું, અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.[૧૨૧] અને આ જે પૂર્વે સર્વ ધર્મ કહ્યા, તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ, ભાઈ સર્વ સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે, કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે. અને એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ.[૧૨૨]

(હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.) અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો.[૧૨૩] અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ, અને તે સાથે બોલવું નહિ, અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું, અને કોઈની થાપણ ન રાખવી.[૧૨૪] અને વ્યવહાર કાર્યને વિષે કોઈની પણ જમાનગીરી ન કરવી, અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું.[૧૨૫] અને પોતાના જે શિષ્ય તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ, અને તે અન્ન જૂનું થાય તો તે જુનું કોઈકને દઈને નવું લેવું, અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય.[૧૨૬] અને ભાદરવા શુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી, તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા

यथाधिकारं संस्थाप्या: स्वे स्वे धर्मे निजाश्रिता: । मान्या: सन्तश्च कर्तव्य: सच्छास्त्राभ्यास आदरात् ॥ १२९
मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च । लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥ १३०
भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानव: । आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तित: ॥ १३१
संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च । प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥ १३२
अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मन: । कृष्णमन्त्रोपदेशश्च कर्तव्य: स्त्रीभ्य एव हि ॥ १३३
स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् । न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च १३४
गृहाख्याश्रमिणो ये स्यु: पुरुषा मदुपाश्रिता: । स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तै: ॥ १३५
मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु वय:स्थया । अनापदि न तै: स्थेयं कार्यं दानं न योषित: ॥ १३६

કરવી.[૧૨૭] અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી.[૧૨૮] અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા, તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો.[૧૨૯] અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યા એવા શ્રીલક્ષ્મીનારાયણાદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી.[૧૩૦] અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદર થકી સંભાવના કરવી.[૧૩૧] અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.[૧૩૨]

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો.[૧૩૩] અને વળી તે બે જણની જે પત્નીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ, ને એમને પોતાનું મુખ પણ ન દેખાડવું. (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ છે તે કહ્યા.)[૧૩૪]

(હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ.)અમારા આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો.[૧૩૫] અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવાન અવસ્થાએ

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः । भवेत्तस्या स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥ १३७
अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः । दैवं पित्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥ १३८
यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्तिं च मामकैः ॥ १३९
यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः । मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥ १४०
यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः । यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥ १४१
गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि । सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥ १४२
ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनापि च । भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥ १४३
कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु । भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा । १४४

યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દિકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું, અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું.[૧૩૬] અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન જ કરવો.[૧૩૭] અને ગૃહસ્થાશ્રમી તેમણે પોતાને ઘેર આવ્યો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો, અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું.[૧૩૮] અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવતપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.[૧૩૯] અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો.[૧૪૦] અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો.[૧૪૧] અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં.[૧૪૨] અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણેદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો.[૧૪૩] અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી.[૧૪૪]

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा । अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥ १४५
द्रव्यस्याऽऽयो भवेद्यावान् व्ययो वा व्यावहारिके । तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् १४६
निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः । अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ॥ १४७
एकादशीमुखानां च व्रतानां निजशक्तितः । उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥ १४८
कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा । बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥ १४९
स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् । ताभ्यां स्वव्यवहारार्थे पात्रभूषांशुकादि च ॥ १५०
श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थे गतौ पथि । तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥ १५१
प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मकारिणे । न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥ १५२

---

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો, અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે, તેને મોટું દુઃખ થાય છે, એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું.[૧૪૫] અને પોતાના વ્યવહારને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું.[૧૪૬] અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો.[૧૪૭] અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળનું આપનારું છે.[૧૪૮] અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવજીનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું.[૧૪૯] અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું, અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ.[૧૫૦]

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે જઈએ ત્યારે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ, તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમ જે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખર્ચ ખાવું.[૧૫૧] અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा । लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥ १५३
मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः । त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥ १५४
आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः । तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥ १५५
महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥ १५६
मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः । प्रजाः स्वाः पुत्रवत् पाल्या धर्मः स्थाप्यो धरातले ॥ १५७
राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा । व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८

---

ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું અને પોતાપાસે કોઇ કરજ માગતો હોય ને તે કરજ દઇ ચુક્યા હોઇએ તે વાતને છાની ન રાખવી, તથા પોતાનો વંશ તથા કન્યાદાન એ પણ છાનું ન રાખવું, અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો.[૧૫૨]

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય.[૧૫૩] અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય, તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઇને સુખેથી રહેવું.[૧૫૪] અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિ પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા.[૧૫૫] અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા, તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં.[૧૫૬]

અને અમારા આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું, અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું.[૧૫૭] અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જે તે લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય જે નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા.[૧૫૮]

(હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ તે કહીએ છીએ) અમારે આશ્રિત

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् । अन्धो रोगी दरिद्रो वा षण्डो वाच्यं न दुर्वचः ॥ १५९
रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु । प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥ १६०
नरेक्ष्यनाभ्यूरुकुचानुत्तरीया च नो भवेत् । साध्वी स्त्री नच भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥ १६१
भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् । त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥ १६२
विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः । आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥ १६३
स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् । तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥ १६४
स्तनन्ध्यस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव । आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥ १६५

જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરીદ્રી હોય, નપુંસક હોય, તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો, અને પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું.[૧૫૯] અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન જ કરવો.[૧૬૦] અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભી, સાથળ, અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું, અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું, અને ભાંડ ભવાઈ જોવા ન જવું, અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો.[૧૬૧] અને સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાનો પતિ પરદેશ જાય ત્યારે આભૂષણ ન ધારવાં, ને રૂડાં વસ્ત્ર ન પહેરવાં. અને પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો.[૧૬૨]

(હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ તે કહીએ છીએ.)અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા, અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું.[૧૬૩] અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ.[૧૬૪] અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી, અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય, તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી.[૧૬૫] અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈપણ

विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न कापि नुः । व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥ १६६
धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् । देयं ताभिर्न तत्क्वापि देयं चेदधिकं तदा ॥ १६७
कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले । मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥ १६८
वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा । न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥ १६९
सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः । शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥ १७०
निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः । साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥ १७१
न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् । न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥ १७२
सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् । स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥ १७३
मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला । दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥ १७४

વિદ્યા ન ભણવી, અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું.[૧૬૬] અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવતપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું.[૧૬૭] અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો, અને પૃથ્વીને વિષે સુવું, અને મૈથુનાસક્ત એવાં જે પશુ પક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ.[૧૬૮] અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ, અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો.[૧૬૯] અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો, અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા તે ક્યારેય ન કરવી, અને ન સાંભળવી.[૧૭૦] અને યુવાઅવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું.[૧૭૧] અને હોળીની રમત ન કરવી, અને આભૂષણાદિકનું ધારણ ન કરવું, અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું.[૧૭૨] અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના ન્હાવું નહિ, અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું.[૧૭૩]

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ, અને ચોથે દિવસે નાહીને

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः । तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ॥ १७५
तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन । तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥ १७६
देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा । न योषित्प्रतिभा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् १७७
न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् । न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥ १७८
न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् । न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ॥ १७९
ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि । तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥ १८०
स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या । निवारणीया साऽऽभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥ १८१
प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् । तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ॥ १८२

---

અડવું. (એવી રીતેગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે.)[૧૭૪]

(હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.) અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો, અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ.[૧૭૫] અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી, અને ન સાંભળવી, અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું.[૧૭૬] અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો, અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ.[૧૭૭] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક પ્રાણીમાત્ર તેમને જાણીને જોવાં નહિ.[૧૭૮] અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ, અને તેની સામું જોવું નહિ, અને તે સાથે બોલવું નહિ, અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં.[૧૭૯] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું, અને સદાકાળ ધીરજવાન રહેવું, અને સંતોષે યુક્ત રહેવું, અને માને રહિત રહેવું.[૧૮૦] અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી પણ સમીપે આવવા દેવી નહિ.[૧૮૧] અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા

तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा । वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥ १८३
परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि । न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥ १८४
अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् । वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥ १८५
चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् । पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥ १८६
स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् । अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥ १८७
साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् । स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥ १८८
सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः । न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ॥ १८९
न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् । न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन १९०

પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી, અને પોતાની પણ રક્ષા કરવી.[૧૮૨] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો, અને રસના ઈન્દ્રિયને જીતવી.[૧૮૩] અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ, ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું.[૧૮૪] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો, ને ગુરુની સેવા કરવી, ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો.[૧૮૫] અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું, અને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય, તેણે કોઈ પ્રકારે ન ખાવું.[૧૮૬] અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.[૧૮૭]

(હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ.) અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓના દર્શન ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો, તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગનો ત્યાગ કરવો, અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા.[૧૮૮] અને સર્વે જે ઈન્દ્રિયો તે જીતવી, અને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી. અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ.[૧૮૯] અને કોઈની પણ થાપણ ન રાખવી, અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો. અને પોતાના ઉતારાની જાયગા બંધીની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ.[૧૯૦] અને તે

न च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि । एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥ १९१
अनर्घ्ये चित्रितं वासः कुसुभाद्यैश्च रञ्जितम् । न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ॥ १९२
भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् । व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥ १९३
पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः । ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥ १९४
तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम । अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥ १९५
आर्षभो भरतः पूर्वे जडविप्रो यथा भुवि । अवर्ततात्र परंमहंसैर्वृत्यं तथैव तैः ॥ १९६
वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः । ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥ १९७
संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः । प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥ १९८

---

સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ, તથા આપત્કાળ પડયા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ.[૧૯૧] અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્રવિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું ઓઢવું નહિ.[૧૯૨]

અને ભિક્ષા તથા સભા પ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થકાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિએ કરીને જ કાળ નિર્ગમવો.[૧૯૩] અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય.[૧૯૪] તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું, અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી, ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું.[૧૯૫] અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હતા, તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું.[૧૯૬]

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે તાંબૂલ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું.[૧૯૭] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીને સાધુ તેમણે ગર્ભાધાનાદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ, તથા એકાદશાહ પર્યંત જે પ્રેત શ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ, તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ.[૧૯૮]

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ, અને ગ્રામ્ય વાર્તા કરવી નહિ, ને જાણીને સાંભળવી નહિ.[૧૯૯] અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને

दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा । ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥ १९९
स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् । निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥ २००
गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः । क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥ २०१
दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च । देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥ २०२
इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया । साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥ २०३
सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥ २०४
इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः । यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥ २०५
वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा । ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥ २०६

---

**સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું.[૨૦૦] અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઇક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.[૨૦૧] અને કોઇનું દૂતપણું ન કરવું, તથા ચાડિયાપણું ન કરવું, ને કોઇના જાસૂસ ન થવું, અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.)[૨૦૨]**

**અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઇ ભાઇ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે. અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો.[૨૦૩] અને સર્વ જે સચ્છાસ્ત્ર તેમનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે, તે કેવી છે તો સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે.[૨૦૪] એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.[૨૦૫] અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે.[૨૦૬] અને જે બાઇ ભાઇ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે. એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી પુરુષ તેમણે જાણવું.[૨૦૭] અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે**

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥ २०७
शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः । कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥ २०८
वक्त्र भावे तु पूजैव कार्याऽस्याः प्रति वासरम् । मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥ २०९
युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका । आसुर्या सम्पदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ॥ २१०
विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥ २११

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥ २१२ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे*
*शिक्षापत्रीलेखननिरूपणनामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥*

---

**પાઠ કરવો, અને જેને ભણતાં આવડતું ન હોય તેને તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું.[૨૦૮] અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી, અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદર થકી માનવી.[૨૦૯] અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવી સંપદાયે કરીને યુક્ત જે જન હોય તેને આપવી અને જે જન આસુરી સંપદાયે કરીને યુક્ત હોય તેને તો ક્યારેય ન આપવી.[૨૧૦] સંવત ૧૮૮૨ (અઢારસો બ્યાસી) ના મહા શુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે તે પરમ કલ્યાણકારી છે.[૨૧૧] અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્રપીડા તેના નાશના કરનારા એવા અને ધર્મ સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો.[૨૧૨]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શિક્ષાપત્રી લેખનનું નિરૂપણ કર્યું એ નામે ચુમાલીસમો અધ્યાય પૂર્ણ થયો. -૪૪-**

---

## पञ्चचत्वारिंशोऽध्यायः - ४५

सुव्रत उवाच –

लिखित्वा पत्रिकामित्थं तस्याश्च प्रतिमाष्टकम् । साधुभिः कारयित्वाऽसौ प्रैषयत्ककुभोऽष्ट सः ॥ १
तत्र तत्र च तां प्राप्य भक्ताः प्रापुर्मुदं पराम् । कृत्वा तत्प्रतिमां सर्वे पृथक्पृथगधारयन् ॥ २
तदुक्तरीत्या सर्वे च स्वाधिकारानुसारतः । अवर्तन्त च तं भेजुर्जानन्तः कृष्णमेव ते ॥ ३
पत्रिकां प्रेषयित्वाथ भक्तैः कतिपयैर्वृतः । हरिः श्रीनगरं भूयो जगामाऽऽनन्दयन्निजान् ॥ ४
अतर्कितागमात्तस्म नागरा हर्षविह्वलाः । प्रत्युद्गम्य नमस्कृत्य तमानिन्युः पुरं मुदा ॥ ५
नरनारायणं दृष्ट्वा मन्दिरेऽस्यात्मनो हरिः । आवासमकरोद्राजन् ! पौराः पर्यचरंश्च तम् ॥ ६
पौरान्भक्तान् स सुखयन्सद्वार्ताभिरनुक्षपम् । श्रीवासुदेवमाहात्म्यं मासं तत्राशृणोत्पुनः ॥ ७

---

## અધ્યાય – ૪૫

## ફૂલડોલનો ઉત્સવ કરવા અમદાવાદ શહેરમાં ભગવાન શ્રીહરિનું આગમન.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શિક્ષાપત્રી લખીને શ્રીહરિએ તેની સંતો પાસે આઠ પ્રતો તૈયાર કરાવીને આઠે દિશાઓમાં રહેલા ભક્તજનો પ્રત્યે મોકલી.[૧] તેને ભક્તજનોએ પ્રાપ્ત કરી અને અતિશય આનંદને પામ્યા ને તેમની લહિઓ પાસે બહુ પ્રતો લખાવી સર્વે ભક્તોએ પોતપોતાની પાસે અલગ અલગ રાખીને અભ્યાસ કરવા લાગ્યા.[૨] પછી તે સર્વે શિક્ષાપત્રીમાં લખ્યા પ્રમાણે પોતપોતાના અધિકારને અનુસારે વર્તન કરવા લાગ્યા. શિક્ષાપત્રીમાં લખેલા શ્રીકૃષ્ણ તે સ્વયં શ્રીહરિ જ છે એમ જાણી તેમનું ભજન કરવા લાગ્યા.[૩]**

**હે રાજન્ ! પછી શ્રીહરિ કેટલાક ભક્તજનોને સાથે લઇ પોતાના ભક્તજનોને આનંદ આપવા ફરી શ્રીનગર શહેરમાં પધાર્યા.[૪] શ્રીહરિના અચાનક આગમનના હર્ષથી બહુ ઘેલા થયેલા શ્રીનગરનિવાસી ભક્તજનો તેમની સન્મુખ ગયા ને નમસ્કાર કરી પરમ હર્ષ પામતા પામતા શ્રીહરિને પુરમાં પધરાવ્યા.[૫] ભગવાન શ્રીહરિ શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં ને તેમના મંદિરમાંજ પોતાનો નિવાસ કર્યો અને સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૬] અને શ્રીહરિ પણ પુરના ભક્તજનોની આગળ દરરોજ ભાગવતધર્મના ઉપદેશની વાતો કરતા ને તેઓને ખૂબ સુખ આપતા. દરરોજ રાત્રીના સમયે એક માસ પર્યંત "શ્રીવાસુદેવ માહાત્મ્યનું" શ્રવણ કર્યું.[૭] આ વાસુદેવ માહાત્મ્ય આપણા સંપ્રદાયના**

प्रशंसां तस्य बहुधा चकार जनसंसदि । सर्वथाऽस्मन्मतस्येदं मूलमित्येवमीरयन् ॥ ८
सम्भारेणातिमहता पुष्पदोलोत्सवं हरिः महान्तं तत्र विदधे यथा वृत्तालये पुरा ॥ ९
तत्र देशान्तरेभ्यश्च भक्ता आयन्सहस्रशः । उत्तमाद्या दुर्गपुराद्धरेः सम्बन्धिनस्तथा ॥ १०
सुखयंस्तान्निजान्भक्तान् पक्षमेकं पुनर्हरिः । तत्रोवास ततस्ते च भक्त्या चक्रुस्तदर्चनम् ॥ ११
वसनैर्विविधैर्नूत्नैरलङ्कारैश्च शोभनैः । चन्दनेन च पुष्पस्रक्शेखराद्यैर्धनेन च ॥ १२
पूजाप्राप्तं च वस्त्रादि यत्तत्सर्वमपि प्रभुः । ततोऽयोध्यायप्रसादाय ददाति स्म जनाधिप ! ॥ १३
चैत्रशुक्लद्वितीयायां तान्स्वदेशगमाय सः । आज्ञाप्य सह पाश्चात्यैः पश्चिमं देशमभ्यगात् ॥ १४
अष्टम्यामाययौ स्वामी भाल्लदेशे वृतः स्वकैः । काम्यालयाभिधं ग्रामं सुखयन् पथि च स्वकान् ॥ १५
तत्रत्यैः प्रार्थितो भक्तैः सत्सेवोत्सुकमानसैः । तेभ्यस्तुष्टो हरिस्तत्र न्यवसन्नृपते ! सुखम् ॥ १६

---

સિદ્ધાંતનું મૂળ છે. આ પ્રમાણે કહેતા શ્રીહરિએ સકલ ભક્તજનોની સભામાં એ ગ્રંથની બહુ પ્રશંસા કરી.[૮] પછી શ્રીહરિએ પૂર્વે વડતાલની જેમ અહીં શ્રીનગરમાં પણ મોટી સામગ્રીથી ફૂલડોલોત્સવની ઉજવણી કરી.[૯] તે ઉત્સવમાં દેશાંતરોમાંથી હજારો ભક્તજનો આવ્યા. ગઢપુરથી ખાસ ઉત્તમરાજા આદિ ભક્તજનો તથા રામપ્રતાપભાઈ આદિ ભગવાન શ્રીહરિના સંબંધી જનો પણ આવ્યા. તેજ રીતે શ્રીહરિના આમંત્રણથી મુક્તાનંદ સ્વામી આદિ સંતો પણ વિચરણ કરતા આ ફૂલડોલોત્સવમાં પધાર્યા હતા.[૧૦]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ફૂલડોલનો ઉત્સવ ઉજવ્યા પછી. ફરી ભક્તજનોને સુખ આપતા એક પક્ષ સુધી ત્યાં નિવાસ કરીને રહ્યા, ત્યારે સર્વે ભક્તજનો અતિશય પ્રેમભાવથી શ્રીહરિનું પૂજન પણ કરતા.[૧૧] પૂજામાં ભક્તજનોએ અનેક પ્રકારનાં અમૂલ્ય નવીન વસ્ત્રો, અલંકારો, ચંદન, પુષ્પની માળાઓ, પુષ્પના તારાઓ અને ધનની ભેટ અર્પણ કરી.[૧૨] હે રાજન્ ! ભક્તજનોએ અર્પણ કરેલાં તે સર્વે વસ્ત્રાદિક પદાર્થો હતાં તે સર્વે શ્રીનરનારાયણદેવના દેશવિભાગમાં આવતાં હોવાથી પોતાના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યાં.[૧૩] શ્રીહરિએ સંવત ૧૮૮૨ના ચૈત્રસુદ બીજના દિવસે દેશદેશાંતરમાંથી આવેલા ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપીને સ્વયં પશ્ચિમદેશના ભક્તજનોને સાથે લઇ પશ્ચિમદેશમાં જવા નીકળ્યા.[૧૪] પોતાના ભક્તોથી વીંટાયેલા શ્રીહરિ માર્ગમાં તેઓને સુખ આપતા ચૈત્રસુદ અષ્ટમી તિથિએ ભાલપ્રદેશમાં આવેલા કમીયાણા ગામે પધાર્યા.[૧૫] હે

ग्राम्या भक्ता यथार्हं च सर्वांस्तान्संन्यवासयन् । आतिथ्यं च हरेश्चक्रुः सानुगस्य यथोचितम् ॥ १७
शशिवर्णो हठी वाहः क्षेमराजावरादयः । नराश्च जिजिवाद्यास्तं योषाः पर्यचरन्मुदा ॥ १८
हरिस्तत्र द्वितीयेऽह्नि रामजन्ममहोत्सवम् । चकार तत्र तद्देशभक्ता आयुः सहस्रशः ॥ १९
उपचारैर्बहुविधैः पुपूजुस्ते हरिं मुदा । स तत्र पौर्णमास्यन्तमुवासाभ्यर्थितो निजैः ॥ २०
तं प्रार्थयत्प्रतिपदि व्रजन्तं पुञ्जजिन्नृपः । स्वामिन् ! धौरेयनगरे जातप्रायं हि मन्दिरम् ॥ २१
तत्र कृष्णप्रतिष्ठां त्वमागत्य कुरु साम्प्रतम् । शेषं मन्दिरकार्यं तु करिष्यामो वयं ततः ॥ २२
इत्युक्तो भगवांस्तेन तथेप्युक्त्वा च तत्पुरम् । ययौ सङ्गव एवासौ प्राप तच्च सहानुगैः ॥ २३
पुञ्जजिद्वासयामास संस्कृते स्वगृहे तु तम् । यथार्हमन्यांश्चान्यत्र तदातिथ्यं ततोऽकरोत् ॥ २४

---

રાજન્ ! સંતોની સેવામાં અતિશય ઉત્સુક મનવાળા ત્યાંના નિવાસી ભક્તજનોએ પોતાના ગામમાં રામનવમી ઉત્સવ કરવાની પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયા ને ત્યાં જ સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા.[૧૬]

**કમીયાળા ગામે(ભાલપ્રદેશમાં) રામનવમી ઉત્સવની ઉજવણી :–** હે રાજન્ ! તે કમીયાળા ગામના ભક્તજનોએ ભગવાન શ્રીહરિની સાથે આવેલા સર્વે અનુયાયી સંતો ભક્તોને યથાયોગ્ય ઉતારા કરાવ્યા ને સંતોએ સહિત શ્રીહરિનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર પણ કર્યો.[૧૭] શશિવર્ણ, હઠીભાઈ, વાહજી, ક્ષેમરાજ, અવચર આદિ પુરુષ ભક્તજનો તથા જિજિબા આદિ સ્ત્રીભક્તજનો પ્રેમથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૮] ભગવાન શ્રીહરિએ બીજે દિવસે રામનવમીના ત્યાં રામજન્મોત્સવનો ભવ્ય ઉત્સવ ઉજવ્યો. તેમાં ભાલ પ્રદેશના હજારો ભક્તજનો આવ્યા.[૧૯] તે ભક્તોએ બહુ પ્રકારના ઉપચારોથી ભગવાન શ્રીહરિનું અતિશય પ્રેમથી પૂજન કર્યું. વળી ભક્તજનોએ પુનઃ રોકાવાની પ્રાર્થના કરી તેથી શ્રીહરિ કમીયાળા ગામે ચૈત્રી પૂનમ સુધી નિવાસ કરીને રહ્યા.[૨૦]

**શ્રીહરિનું ધોલેરાપુરે આગમન :–** હે રાજન્ ! ચૈત્રવદ પડવાના દિવસે ગઢપુર જવાની તૈયારી કરતા ભગવાન શ્રીહરિને ધોલેરાના રાજા પૂંજાજી પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! ધોલેરામાં મંદિર તૈયાર થઈ રહેવા આવ્યું છે.[૨૧] તમે ત્યાં પધારો ને હે ભગવાન્ ! મંદિરમાં અત્યારે જ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠા કરો. મંદિરનું અધૂરું કામ અમે પ્રતિષ્ઠા પછી પણ પૂર્ણ કરી લેશું.[૨૨] આ પ્રમાણે પૂંજાજી દરબારે કહ્યું. તેથી બહુ સારું એમ કહીને ભગવાન શ્રીહરિ સંતો-ભક્તોની સાથે ધોલેરાપુર જવા નીકળ્યા, ને સંગવકાળે જ ધોલેરાપુર

विलोक्य मन्दिरं स्वामी जातकल्पं ततो द्विजान् । ज्योतिर्विदः समाहूय मुहूर्तं पृच्छति स्म च ॥ २५
वैशाखे शुक्लपक्षे च जयायां भृगुवासरे । मुहूर्तोऽस्ति शुभो विष्णोः स्थापनस्येति तेऽब्रुवन् ॥ २६
दूरे मुहूर्त इत्येव गन्तुकामं ततो हरिम् । प्रणम्य सम्प्रार्थ्य नृपो वासयामास तत्र तम् ॥ २७
भक्तवश्यः स च सुखं तत्रोवास महीपते ! । स्वकीयान्सुखयन्भक्तान्सद्वार्ताभिर्दिने दिने ॥ २८
भाल्लदेशस्थभक्तानामुत्सवोऽभून्महांस्ततः । आजग्मुः प्रतिजग्मुश्च तत्र ते यूथशोऽन्वहम् ॥ २९
त्रयोदश्यां यथाशास्त्रं कृष्णं मदनमोहनम् । राधया सहितं तत्र हरिरस्थापयत्ततः ॥ ३०
पूजोत्सवो महानासीद्वाद्यघोषोपलक्षितः । विप्रांश्च भोजयामास हरिस्तत्र सहस्रशः ॥ ३१
तेभ्यश्च दक्षिणां प्रादाद्वासानसि च महामनाः । नरसिंहोत्सवं चक्रे द्वितीयेऽह्नि च तत्र सः ॥ ३२

---

પહોંચ્યા.[૨૩] પૂજાજી દરબારે સ્વચ્છ કરેલા પોતાના ભવનમાં ભગવાન શ્રીહરિને ઉતારો કરાવ્યો ને અન્ય સર્વે સંતો ભક્તોને પણ યથાયોગ્ય સ્થાને ઉતારા અપાવ્યા. તથા શ્રીહરિ અને સંતો-ભક્તોનો અતિથિ સત્કાર કર્યો.[૨૪]

**ધોલેરામાં મદનમોહનજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા :–** હે રાજન્ ! મંદિરનું કામ પૂર્ણ થવા આવ્યું છે, થોડું અધૂરું છે, એમ જાણી ભગવાન શ્રીહરિએ જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછ્યું.[૨૫] ત્યારે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! વૈશાખ સુદ તેરસના શુક્રવારે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત છે.[૨૬] આ પ્રમાણે શ્રીહરિને કહ્યું, તેથી પ્રતિષ્ઠાનું મુહૂર્ત દૂર હોવાથી ગઢપુર જવા તૈયાર થયેલા શ્રીહરિને નમસ્કાર કરી પુંજાજી દરબારે પ્રાર્થના કરીને પ્રતિષ્ઠા સુધી ત્યાં જ રોકી રાખ્યા.[૨૭] હે મહીપતિ ! ભક્તને વશ વર્તતા ભગવાન શ્રીહરિ પણ દરરોજ સદ્‌વાર્તાઓ કરી અદ્‌ભૂતાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિ સંતોને તથા પુંજાજી, નારાયણજી, ભોજો, મૌનો, વૃદ્ધ રતનજી, જીવણ, ખીમો અને વનમાલી આદિ ભક્તજનોને સુખ ઉપજાવતા ધોલેરામાં જ સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા,[૨૮] તેથી ભાલપ્રદેશના ભક્તજનોને મોટો ઉત્સવ થયો. તેઓ પ્રતિદિન સમૂહમાં ભેળા મળી ધોલેરા દર્શને આવતા ને જતા. આમ કરતાં સંવત ૧૮૮૨ ના વૈશાખ સુદ તેરસને શુક્રવારે ભગવાન શ્રીહરિએ મંદિરમાં રાધાએ સહિત શ્રીમદનમોહનજી ભગવાન એવા શ્રીકૃષ્ણની શાસ્ત્રના વિધિ પ્રમાણે સ્થાપના કરી.[૩૦] પ્રતિષ્ઠા સમયે અનેક પ્રકારના વાજિંત્રોના મધુર ધ્વનિ સાથે પૂજા વિધિનો મહાન ઉત્સવ થયો, ભગવાન શ્રીહરિએ હજારો વિપ્રોને ભોજન કરાવ્યાં .[૩૧]ને મહા ઉદાર શ્રીહરિએ તે સર્વે બ્રાહ્મણોને

कृत्वा भुक्तिं पौर्णमास्यां सानुगो निरगात्ततः । अपराह्णे प्रतिपदि दुर्गपत्तनमाप सः ॥ ३३

आनन्द आसीच्च महांस्तदानीं तं पश्यतः पौरजनस्य भूप ! ।
हरिर्निजावासमुपेत्य तत्र सुखं न्यवात्सीत्सुखरूपमूर्तिः ॥ ३४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे धौरेयपुरे श्रीराधाकृष्णसाधनादिनिरूपणनामा पञ्चचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥*

---

**षट्चत्वारिंशोऽध्यायः - ४६**

**सुव्रत उवाच –**

अथ तं सुखमासीनं पञ्चम्यां भोजनोत्तरम् । पुत्रावुपेत्य नत्वा च तत्समीपे निषेदतुः ॥ १

---

દક્ષિણા અને વસ્ત્રો પણ અર્પણ કર્યાં. બીજે દિવસે નરસિંહ ચૌદશનો ઉત્સવ પણ ધોલેરામાંજ ધામધૂમથી ઉજવ્યો.[૩૨]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પૂર્ણિમાના દિવસે ભોજન કરી સંતો-ભક્તોની સાથે ધોલેરાથી ચાલ્યા તે વૈશાખ વદ પડવાના દિવસે બપોર પછીના સમયે ગઢપુર પધાર્યા.[૩૩] તે સમયે શ્રીહરિનાં દર્શન કરી દુર્ગપુરવાસી ભક્તજનોને ખૂબજ આનંદ થયો. સુખમયમૂર્તિ ભગવાન શ્રીહરિ પોતાની અક્ષર ઓરડીએ પધાર્યા અને ત્યાં સુખપૂર્વક રહેવા લાગ્યા.[૩૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ અમદાવાદમાં ફૂલડોલનો ઉત્સવ કર્યો અને ધોલેરામાં શ્રીમદનમોહનજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી એ નામે પીસ્તાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૫--**

---

## અધ્યાય - ૪૬

## બન્ને આચાર્યોએ શ્રીહરિને દીક્ષાવિધિ સંબંધી પૂછેલો પ્રશ્ન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંવત ૧૮૮૨ ના વૈશાખ વદ પાંચમના દિવસે ભોજન સ્વીકારી પોતાના નિવાસ સ્થાને સુખપૂર્વક વિરાજમાન થયેલા

आशीर्भिरभिनन्द्याथ तावुवाच हरिर्नृप ! । प्रष्टव्यं यदि किञ्चिद्वां भवेत्तर्ह्यद्य पृच्छतम् ॥ २
इत्युक्तौ तेन तौ हृष्टौ तं पप्रच्छतुरीश्वर ! । शिष्या मुमुक्षवः कार्या इत्याज्ञा तेऽस्ति नौ प्रभो ! ॥ ३
इच्छावः श्रोतुमखिलं त्वत्तो दीक्षाविधिं ततः । तं नौ ब्रूहि यथावत्त्वं शिष्यान् कुर्याव नूस्ततः ॥ ४

**सुव्रत उवाच –**

इति पृष्टो विनीताभ्यां पुत्राभ्यां भगवान् हरिः । कृष्णं गुरुं च संस्मृत्य भूपते ! प्रत्युवाच तौ ॥ ५

**श्री नारायणमुनिरुवाच –**

धाम्नि स्वीयेऽक्षराख्ये विलसति भगवांस्तत्पुमांसं च मायां,
सत्यज्ञानादिभिर्यः प्रकृतिपुरुषजं शक्तिभिर्व्याप्य विश्वम् ।
तेजोभिः शक्तिभिः स्वैरनल इव जगद्व्याप्य लोके पृथक् स्वे,
वार्भिः पाशीव चास्ते भुवि धृतनृतनुः श्रेयसे सोऽस्तु कृष्णः ॥ ६

---

**ભગવાન શ્રીહરિની સમીપે બન્ને પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી આવી નમસ્કાર કરીને બેઠા.[૧] તે સમયે ભગવાન શ્રીહરિ બન્ને પુત્રોને શુભાશીર્વાદથી અભિનંદન આપી કહેવા લાગ્યા કે, હે પુત્રો ! તમારે કંઈ પૂછવું હોય તો અત્યારે પૂછી શકો છો.[૨] તેથી બન્ને પુત્રો અતિશય પ્રસન્ન થયા ને તેમને પૂછવા લાગ્યા કે, હે પ્રભુ ! મુમુક્ષુજનોને શિષ્યો કરવા, આવી તમોએ અમને આજ્ઞા કરેલી છે.[૩] તેથી તમારી પાસેથી તેનો દીક્ષાવિધિ સાંભળવા ઈચ્છીએ છીએ, માટે જેમ હોય તેમ સમગ્ર દીક્ષાવિધિ અમને યથાર્થ કહી સંભળાવો. પછી જ અમો પુરુષોને ભાગવતી દીક્ષા આપશું.[૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે વિનયથી યુક્ત થઈ બન્ને પુત્રોએ પૂછ્યું. ત્યારે ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણ ભગવાન અને ગુરુ રામાનંદ સ્વામીનું સ્મરણ કરી કહેવા લાગ્યા.[૫] હે પુત્રો ! સકલ ઐશ્વર્ય સંપન્ન શ્રીકૃષ્ણ ભગવાન પોતાના અક્ષરધામમાં અનંત અક્ષરમુક્તોથી સેવાયેલા દિવ્ય સ્વરૂપે શોભી રહ્યા છે, જેમ સર્વત્ર જગતમાં જવાળાસ્વરૂપે વ્યાપી રહેલા અગ્નિદેવ અને જેમ સર્વત્ર જળસ્વરૂપે વ્યાપી રહેલા વરુણદેવ પોતાના અગ્નિલોક તથા વરુણલોકમાં પૃથક્ પૃથક્ મૂર્તિ સ્વરૂપે સાકારપણે રહેલા છે, તેમ જે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના અક્ષરધામથી ઓરા(નિકટ) મૂળપુરુષ ને મૂળમાયા, ને તેથી ઓરા(નિકટ) મૂળમાયામાંથી ઉત્પન્ન થયેલાં અનંતકોટિ બ્રહ્માંડોમાં સર્વત્ર પોતાના સત્ય, જ્ઞાન અને અંતર્યામીપણું આદિક અનંત શક્તિથી સર્વના કર્મફલ પ્રદાતાપણે વ્યાપી**

श्रीमच्छारदपूर्णचन्द्रवदनः पद्मच्छदाभेक्षणो,
द्योतद्दैरवपुर्विशालहृदयश्चाजानुबाहुद्वयः ।
कारुण्यार्द्रतनुः सिताम्बरधरो दोष्णा च पद्मं दधद्
रामानन्दमुनिः करोतु भविकं भुव्युद्धवः सद्गुरुः ॥ ७
सभक्तिधर्मावनतत्परेण सुतौ ! स्वसौख्यावहचेष्टितेन ।
तेनैव मह्यं गदितं युवाभ्यां दीक्षाविधिं भागवतं वदामि ॥ ८
आचार्यैरौद्धवाध्वस्थैर्दीक्षा भागवती यथा । सामान्या सविशेषा च पुम्भ्यो देयोच्यते तथा ॥ ९
दीप्तं ज्ञानं प्रदद्याच्च क्षयं कुर्यात्तथैनसाम् । तस्माद्दीक्षेति सम्प्रोक्ता देशिकैस्तन्त्रवेदिभिः ॥ १०

---

રહેલા છે, તે જ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના અક્ષરધામમાં પૃથક્પણે સદાય કિશોરઅવસ્થામાં મૂર્તિમાન દિવ્ય એવા વ્યતિરેક સ્વરૂપે વિરાજે છે. અને વળી તેજ શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વી પર પોતાના એકાંતિક ભક્તજનોને સુખ આપવા અને એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે દિવ્ય મનુષ્યાકૃતિ ધરીને પણ વિરાજે છે, તે આપનું કલ્યાણ કરો.[૬] હે પુત્રો ! ઉધ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી આ પૃથ્વી પર સર્વનું મંગલ કરો. એ રામાનંદ સ્વામી અતિશય શોભાયમાન શરદઋતુના પૂર્ણિમાના પૂર્ણચંદ્ર જેવા મુખકમળની શોભાને ધરી રહ્યા છે. તેમના બન્ને નેત્રો કમળના પત્રની સમાન શોભી રહ્યાં છે, ઉજ્જવળ પ્રકાશમાન શરીર છે, વિશાળ વક્ષઃસ્થળ છે, આજાનબાહુ છે, કરુણામય દિવ્ય શરીરધારી છે, સદાય શ્વેત વસ્ત્રમાં તે શોભે છે, જમણા હાથમાં કમળનું ફૂલ ધાર્યું છે, આવા સદ્‌ગુરુવર્ય સર્વનું મંગલ કરો.[૭]

હે પુત્રો ! ભક્તિએ સહિત ધર્મનું રક્ષણ કરવામાં તત્પર તેમજ પોતાના આશ્રિત ભક્તોને સુખ ઉપજાવે તેવાં ચરિત્રો કરનારા સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ મને જે ભાગવતી દીક્ષાનો વિધિ કહ્યો છે. તેજ વિધિ હું તમને કહું છું.[૮] ઉધ્ધવસંપ્રદાયની પરંપરામાં આવતા આચાર્યોએ સામાન્યદીક્ષા અને મહાદીક્ષા મુમુક્ષુ પુરુષોને કઇ રીતે આપવી જોઇએ, તેનો વિધિ હું કહું છું.[૮-૯]

**'દીક્ષા' શબ્દનો અર્થ :–** આત્મા પરમાત્માના દેદીપ્યમાન જ્ઞાનને યથાર્થતા પૂર્વક પ્રદાન કરે, તેમજ પાપોનો ક્ષય કરે તેને પંચરાત્ર શાસ્ત્રના જ્ઞાતા આચાર્યોએ "દીક્ષા" કહી છે.[૧૦] હે પુત્રો ! ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં આ દીક્ષામાં ઉપાસ્ય ઈષ્ટદેવ છે.[૧૧] કારણ કે પોતાના ઈષ્ટદેવના સંબંધે કરીને તે

श्रीकृष्णो वासुदेवो वै गोलोकाधिपतिः स्वयम् । उपास्या देवता ह्यस्यां दीक्षायां भवति प्रभुः ॥ ११
स्वोपास्यदेवसम्बन्धाद्दीक्षानामोच्यते यतः । औद्धवे सम्प्रदाये तद्वासुदेवीति सोच्यते ॥ १२
द्विविधा सा तु विज्ञेया मुमुक्षूणां हितावहा । सामान्या महती चेति दीक्षा भवविमोचनी ॥ १३
तद्याद्यां प्राप्नुयुर्ये ते प्रोक्ताः सत्सङ्गिसंज्ञकाः । अन्ये त्वात्मनिवेद्याख्यास्तत्राद्यादौ निरूप्यते ॥ १४
क्षणिकत्वात्स्वदेहस्य वैषम्याद्देशकालयोः । तथाधिकारभेदाच्च दीक्षा साधारणोदिता ॥ १५
नास्ति कालस्य नियमो न देशनियमस्तथा । सामान्यायां हि दीक्षायां न जातिनियमोऽपि च ॥ १६
उत्पन्नं स्यान्मुमुक्षाया अङ्कुरो यस्य चेतसि । सच्छास्त्राद्वा सतां सङ्गात्सोऽधिकार्यत्र मानवः ॥ १७
न तिथिर्न व्रतं नार्चा नोपवासादिका क्रिया । दुर्लभे सद्गुरूणां हि सकृत्सङ्ग उपस्थिते ॥ १८

દીક્ષાનું નામકરણ થાય છે, તે માટે જ આ ઉધ્ધવ સંપ્રદાયમાં તે દીક્ષાનું નામ ''વાસુદેવી દીક્ષા'' પડેલું છે. બીજાં નામ વૈષ્ણવીદીક્ષા, ભાગવતીદીક્ષા પણ એજ અર્થમાં પ્રયોજાય છે.[૧૨]

**સામાન્ય અને મહાદીક્ષાના બે પ્રકાર :–** હે પુત્રો ! મુમુક્ષુજનોને ભવબંધનમાંથી મૂકાવતી તેથી જ તેઓની હિતકારી એવી આ દીક્ષા સામાન્યદીક્ષા અને મહાદીક્ષા એવા બે પ્રકારની છે, એમ જાણવું.[૧૩] આ બન્ને પ્રકારની દીક્ષામાંથી જે પુરુષ સામાન્ય દીક્ષા ગ્રહણ કરે તેને સત્સંગી એવા નામથી સંબોધવામાં આવે છે. અને જે પુરુષો મહાદીક્ષાનો સ્વીકાર કરે છે, તેને આત્મનિવેદી એવા નામથી સંબોધવામાં આવે છે, તે બન્નેમાંથી પહેલી સામાન્ય દીક્ષાનું નિરૂપણ કરૂં છું.[૧૪]

**સામાન્યદીક્ષા ગ્રહણનો શુભ અવસર :–** હે પુત્રો ! પોતાનો દેહ ક્ષણભંગુર હોવાથી અને દેશકાળની શુભ અશુભ એવી વિષમતાને કારણે તથા દીક્ષા લેવામાં અધિકાર ભેદના કારણે પહેલી દીક્ષા સામાન્યદીક્ષા કહેલી છે.[૧૫] સામાન્યદીક્ષામાં કોઈ કાળનો (એકાદશી આદિક મોટા દિવસોનો) નિયમ નથી. દેશનો કે જાતિનો પણ નિયમ નથી.[૧૬] જે મનુષ્યના મનમાં સત્શાસ્ત્રનું શ્રવણ કરવાથી કે સંતોનો સમાગમ કરવાથી મુમુક્ષુતાનો અંકુર પ્રગટ થાય તે જ માણસ આ સામાન્ય દીક્ષાનો અધિકારી થાય છે.[૧૭] સેંકડો સાધનો કરતાં પણ ન મળે તેવો દુર્લભ સદ્ગુરુનો સમાગમ પ્રાપ્ત થાય, ત્યારે સામાન્ય દીક્ષા ગ્રહણ કરવામાં શુભાશુભ તિથિનો વિચાર ન કરવો. વ્રતનો કે પૂજા અર્ચનાનો કે ઉપવાસાદિક ક્રિયાનો પણ વિચાર ન કરવો. સદ્ગુરુનો ભેટો થયો ને દીક્ષા લેવાની ઈચ્છા પ્રગટી, એ જ સામાન્ય દીક્ષાનો શુભ અવસર છે.[૧૮]

सदसद्व्यक्तिविच्छ्राद्धः स्वश्रेयः साधनोद्यतः । सच्छास्त्रेषु सुशीलेषु सत्सु च प्रीतिमान्सुधीः ॥ १९
आस्तिको धर्मनिष्ठश्च यमाद्भीतश्च संसृतेः । समाश्रयेद्गुरुं भक्त्या धर्मवंशसमुद्भवम् ॥ २०
स्वासन्नसम्बन्धभिन्नस्त्रीभाषास्पर्शवर्जितम् । स्वीयेतरासु च स्त्रीषु मातृस्वसृसुताधियम् ॥ २१
स्वधर्मनियमैर्जुष्टं स्थितमुद्धववर्त्मनि । हरेर्भक्तं च तस्याग्र उपविष्टं कृताह्निकम् ॥ २२
संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ॥ २३
स्नातो धौताम्बरधरः कृतपौर्वाह्णिकक्रियः । फलं करे गृहीत्वैव मुमुक्षुस्तमुपाव्रजेत् ॥ २४
निधायाग्रे फलं तस्य प्रणम्य प्राञ्जलिर्वदेत् । भगवन्पाहि मां भीतं संसृतेस्त्वामुपागतम् ॥ २५
इत्थं प्रपन्नाय गुरुस्तस्मा अभयमादितः । दत्त्वा ततश्च सामान्यां सद्यो दीक्षां ददीत सः ॥ २६

**મુમુક્ષુનાં લક્ષણ :–** જે સત્ અસત્‌ના વિવેકને જાણતો હોય, શ્રદ્ધાવાન અને પોતાના કલ્યાણના સાધનમાં તત્પર વર્તતો હોય, સત્શાસ્ત્રોમાં કે સુશીલ સ્વભાવના સંતોમાં પ્રીતિ ધરાવતો હોય, ભગવાનની ભક્તિ કરવાનું મન થતું હોય, આસ્તિક અને ધર્મનિષ્ઠ હોય, તેમજ યમદૂત થકી અને જન્મ-મરણરૂપ સંસૃતિથકી ભય પામતો હોય તેવા મુમુક્ષુ શિષ્યોએ ધર્મવંશી આચાર્યનો ભક્તિભાવપૂર્વક આશ્રય કરવો.[૧૯-૨૦]

**ધર્મવંશી આચાર્યનાં લક્ષણ :–** જે ધર્મવંશી આચાર્ય પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓની સાથે ભાષણ કે તેમનો સ્પર્શ ન કરતા હોય, પોતાની પત્ની સિવાય અન્ય સ્ત્રીઓમાં મા, બહેન અને પુત્રીની ભાવના કરતા હોય, ધર્મમાં નિયમપૂર્વક વર્તતા હોય, ઉધ્ધવ સંપ્રદાયમાં તેમની સ્થિતિ હોય, શ્રીહરિના ભક્ત હોય, તેમજ ભગવાનની મૂર્તિની સમીપે બેસી પોતાનો આહ્નિકવિધિ કરતા હોય, એવા સદ્‌ગુરુ ધર્મવંશી આચાર્યનો આશ્રય કરવો.[૨૧-૨૨] હે પુત્રો ! જે સદ્‌ગુરુના સર્વે લક્ષણોએ સંપન્ન હોય છતાં જો ધર્મવંશી ન હોય તો તેવા ગુરુનો આશ્રય સંસૃતિમાંથી મૂકાવા ઈચ્છતા પુરુષે ન કરવો. તેવી જ રીતે ઉપરોક્ત ગુરુનાં લક્ષણ કહ્યાં તે ધર્મવંશીમાં ન હોય તો તેમનો પણ આશ્રય ન કરવો.[૨૩] હવે દીક્ષાર્થી શિષ્યોએ ગુરુ પાસે કેમ જવું ? તે કહું છું. હે પુત્રો ! મુમુક્ષુ શિષ્યો શુદ્ધજળથી સ્નાન કરી ધોયેલા અને સૂકાયેલાં વસ્ત્રો પરિધાન કરી આહ્નિકવિધિ કરવો ને પછી હાથમાં શ્રીફળ લઈ ધર્મવંશી ગુરુના શરણે જવું.[૨૪] તેમની આગળ ફળ સ્થાપન કરી પ્રણામ કરી શિષ્યે બે હાથ જોડીને એમ બોલવું કે, હે ભગવાન ! હું સંસૃતિથી ભયભીત છું. અને તેથી જ તમારે શરણે આવ્યો છું. મારૂં સંસૃતિના

कालमायापापकर्मयमदूतभयादहम् । श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु माम् ॥ २७
सङ्कल्पं कारयित्वेत्थं श्रीकृष्णस्य प्रसादिना । सकेसरादिगन्धेन स गोपीचन्दनेन वा ॥ २८
कारयित्वोर्ध्वपुण्ड्रं च सम्प्रदायानुसारतः । हर्यङ्घ्रिस्पर्शिते दद्यात्तस्मै तुलसिकास्रजौ ॥ २९
बध्नीयात्कण्ठदेशे ते माले शिष्यस्ततो गुरुः । अष्टाक्षरं कृष्णमन्त्रं श्रवणे त्रिरुपादिशेत् ॥ ३०
गुणाक्षरं ततो मन्त्रं जप्तुं सर्वत्र सर्वदा । उपादिशेद्गुरुस्तस्मै पापजालनिकृन्तनम् ॥ ३१
दक्षकर्णे द्विजातीनामुपदेश्यो मनुर्मतः । तथा तुरीयवर्णानां वामकर्णे च दूरतः ॥ ३२
ततो वदेच्च माहात्म्यं शिष्यं कृष्णस्य देशिकः । शिष्य ! त्वं वासुदेवस्य भक्तो जातोऽसि साम्प्रतम् ३३
स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात् । आविर्बभूव भूलोके न्राकृतिः श्रेयसे नृणाम् ॥ ३४

---

ભયથકી રક્ષણ કરો.[૨૫] હે પુત્રો ! આ પ્રમાણે કહીને જે શરણે આવે તેમને ધર્મવંશી ગુરુએ પ્રથમથી જ 'તું ભય ન પામ, તારૂં શ્રીકૃષ્ણ ભગવાન ચોક્કસ સર્વ પ્રકારે રક્ષણ કરશે,' એમ અભયદાન આપીને તેજ ક્ષણે સામાન્યદીક્ષા આપવી.[૨૬]

**સામાન્યદીક્ષાનો વિધિ :–** હે પુત્રો ! દીક્ષા આપતી વખતે શિષ્યના જમણા હાથમાં જળ ધારણ કરાવી પ્રથમ ગુરુએ બોલતાં શિષ્ય પાસે તે શરણમંત્ર બોલાવવો. તે મંત્ર આ પ્રમાણે છે કે, 'કાળ, માયા, પાપકર્મ તેમજ યમદૂતના ભયથી હું શ્રીકૃષ્ણ પરમાત્માને શરણે આવ્યો છું.' તેથી હે શ્રીકૃષ્ણ પરમાત્મા ! મારૂં રક્ષણ કરો.[૨૭] આ પ્રમાણે સંકલ્પ કરાવીને ગુરુએ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદીનું કેસર ચંદન અથવા ગોપીચંદનથી ઉધ્ધવસંપ્રદાયની રીત અનુસારનું ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવી શ્રીહરિના ચરણકમળનો સ્પર્શ કરાવેલી તુલસીના કાષ્ઠની બેવળી કંઠી તે શિષ્યના કંઠમાં પહેરાવવી. ત્યારપછી ગુરુએ શિષ્યના જમણા કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો ત્રણ વખત ઉપદેશ કરવો.[૨૮-૨૯] પછી કોઈ પણ જગ્યાએ સર્વત્ર સર્વકાળે જપી શકાય તેવો અને સમગ્ર પાપને બાળીનાખનારો "સ્વામિનારાયણ" આવો ષડાક્ષરી મંત્રનો ગુરુએ શિષ્યને ઉપદેશ કરવો.[૩૧] મંત્રનું પ્રદાન કરતી વખતે ગુરુએ ત્રણ વર્ણના પુરુષને જમણા કાનમાં અને શુદ્રવર્ણના પુરૂષને ડાબા કાનમાં સ્પર્શ કર્યા વગર દૂરથી જ મંત્રનું પ્રદાન કરવું.[૩૨]

હે પુત્રો ! ત્યારપછી ગુરુએ શિષ્યને શ્રીકૃષ્ણ ભગવાનનો મહિમા સમજાવવો, કે હે શિષ્ય ! અત્યારે તમે વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત થયા છો.[૩૩] તેજ વાસુદેવ ભગવાન પૃથ્વીલોકમાં મનુષ્યોના કલ્યાણને માટે પોતાના સર્વોત્તમ અક્ષરધામમાંથી મનુષ્યમાં "સ્વામિનારાયણ" સ્વરૂપે પ્રગટ થયા છે.[૩૪]

रक्षार्थं च स्वाश्रययोर्दुष्टेभ्यो भक्तिधर्मयोः । जातस्य तस्य कारुण्यं को वा वक्तुं क्षमो भवेत् ॥ ३५
द्वेषाच्चिन्तयतोऽपि स्वं सुरामांसाशिनोऽसुरान् निन्ये स्वकीयं धामैव कारुण्येनाततायिनः ॥ ३६
स्मरतां वैरभावेन स्वमित्थं द्विषतामपि । गुणग्राही स भगवान् नागृह्णादगुणान् हृदि ॥ ३७
यद्येवं तर्हि भक्त्या ये भजेयुः स्वमनन्यया । तेभ्यः प्रसन्नः करुणः स स्यात्किं वाच्यमत्र तु ॥ ३८
सर्वेषां हितकर्तारं तमद्य स्वामिनं भवान् । प्राप्तोस्ति शरणं तेन मुक्तं संसृतिबन्धनात् ॥ ३९
श्रीकृष्णमेव शरणं यः प्रपद्येत स ध्रुवम् । मायाया मुच्यते नान्यस्तस्यैवात्र वचः शृणु ॥ ४०
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया । मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ४१
तस्मात्त्वं सर्वभावेन धर्मान्स्वविहिताञ्छ्रयन् । भजेथाः श्रीवासुदेवं भक्तिधर्मावनोद्भवम् ॥ ४२
इत्थं श्रीकृष्णदेवस्य माहात्म्यं शास्त्रसम्मतम् । कथयन्तं वदेच्छिष्यः प्रहृष्टस्तं प्रणम्य सः ॥ ४३

---

**પોતાના આશરે રહેલા ધર્મ-ભક્તિનું અતિ દુષ્ટ અસુરજનો થકી રક્ષણ કરવાને માટે આ પૃથ્વી પર પ્રગટેલા તે સ્વામિનારાયણ ભગવાનની દયાનો કોઈ પાર નથી. તેની દયાનું વર્ણન કરવા કોણ સમર્થ થાય એમ છે ?.[૩૫] આવા દયાળુ એ ભગવાન વૈરભાવથી પોતાનું ચિંતવન કરતા, માંસાહારી, આતતાયી, અસુર પુરુષોને પણ પોતાની એક દયાને કારણે પોતાના ધામમાં લઈ જાય છે.[૩૬] ગુણગ્રાહી એવા તે શ્રીસ્વામિનારાયણ ભગવાન આવી રીતે વૈરભાવે પણ પોતાનું સ્મરણ કરનારા દ્વેષી જનોના અવગુણને પોતે ગણતા નથી.[૩૭] જો આવી રીતે અસુરજનો ઉપર દયા વરસાવતા હોય તો જે જનો અનન્ય એકાંતિકી ભક્તિથી પોતાનું ભજન સ્મરણ કરે તેમના ઉપર તે કરુણાસાગર ભગવાન પ્રસન્ન થાય તેમાં શું કહેવું ?.[૩૮] આવી રીતે સર્વનું હિત કરનારા શ્રીસ્વામિનારાયણ ભગવાનના શરણે અત્યારે તમે થયા છો. તેથી સંસૃતિના બંધન થકી તમે મૂકાઈ ગયા. એમ નક્કી માનો.[૩૯] હે શિષ્ય ! જે પુરુષો શ્રીકૃષ્ણ ભગવાનને શરણે જાય છે તે તત્કાળ નિશ્ચે માયાના બંધન થકી મૂકાઈ જાય છે. તેના સિવાયના કોઈ મૂકાતા નથી. આ બાબતમાં શ્રીકૃષ્ણ ભગવાનાંજ વચનો છે, તેને તમે સાંભળો.[૪૦] કે સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણવાળી આ મારી દૈવી માયા ઉલ્લંઘવી બહુ કઠીન છે. પરંતુ જો મનુષ્યો મારે શરણે આવે છે, તે એ માયાને તત્કાળ તરી જાય છે.[૪૧] તેથી હે શિષ્ય ! મેં કહેલા પાળવાના નિયમો અને ધર્મોનો આશ્રય કરી, તે પ્રમાણે વર્તીને ધર્મ-ભક્તિનું રક્ષણ કરવા તેમના થકી પ્રગટ થયેલા શ્રીવાસુદેવ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું તમે સર્વભાવે ભજન કરો.[૪૨]**

कालमायाभयाद्घोरान्मुक्तः संसृतिबन्धनात्। श्रीकृष्णस्याद्य भक्तोऽहं गुरो ! जातोऽस्मि निर्भयः ॥ ४४
इत्थं च ब्रुवते तस्मै श्रीकृष्णप्रतिमां गुरुः । ददीत तदमीष्टां वै पूजनायानुवासरम् ॥ ४५
ततश्चोपदिशेद्धर्माञ्छिष्य ! धर्मे सदाऽऽचरेः । धर्मेण धार्यते विश्वं ब्रह्माण्डं सेश्वरं यतः ॥ ४६
प्रातः स्नानं चोर्ध्वपुण्ड्रं स्वकीयं नित्यकर्म च। कृष्णस्य पूजनं कुर्या बहिरन्तस्त्वमन्वहम् ॥ ४७
कृष्णमन्त्रस्य च जपो नियमाच्छुचिनात्वया। निजशक्त्यनुसारेण कार्योऽह्नि निशि चान्वहम् ॥ ४८
एकादश्यस्त्वयोपोष्या हरेर्जन्मदिनानि च । तत्र तत्रोत्सवाः कार्याः स्वस्य शक्त्यनुसारतः ॥ ४९
मद्यं मांसं पारदार्यं स्तेयं स्वपरहिंसनम् । सर्वथैव त्वया त्याज्यं वर्णसङ्करकर्म च ॥ ५०
भङ्गागञ्जाहिफेनानि तमालं मादकं च यत्। भक्षणीयं न तत्क्वापि यच्च लोके विगर्हितम् ॥ ५१
अगालितं जलं क्षीरं न पेयं च कदाचन। अपशब्दा न वक्तव्याः सत्यं च स्वपरार्तिदम् ॥ ५२

---

ભગવાન શ્રીહરિ કહે છે, હે પુત્રો ! આ પ્રમાણે સર્વશાસ્ત્ર સંમત શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહેતા ગુરુને પ્રણામ કરી શિષ્યે અતિશય રાજી થઈને ગુરુ પ્રત્યે એમ કહેવું કે, હે ગુરુજી ! અતિશય ભયંકર કાળમાયાના દારુણ ભયથી ને સંસૃતિના બંધનથી આજ હું મુક્ત થઈ નિર્ભય થયો, ને શ્રીકૃષ્ણ ભગવાનનો ભક્ત થયો છું.[૪૩-૪૪] આ રીતે કહેતા શિષ્યને ગુરુએ પોતાને પ્રિય એવી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા પ્રતિદિન પૂજવા માટે અર્પણ કરવી.[૪૫] ને વળી ગુરુએ શિષ્યને ઉપદેશ કરતાં કહેવું કે, હે શિષ્ય ! તમે સદાય ધર્મનું આચરણ કરજો, કારણ કે, ધર્મ બ્રહ્માદિ ઈશ્વરોએ સહિત આ આખા વિશ્વને ધારણ કરે છે.[૪૬] હે શિષ્ય ! તમારે પ્રતિદિન પ્રાતઃ સ્નાન કરી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. પોતાનો નિત્યવિધિ કરી અંદર અને બહાર ભગવાનનું પૂજન કરવું, અર્થાત્ માનસી અને બાહ્ય પૂજા કરવી.[૪૭] પછી પવિત્ર એવા તમારે શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષરમંત્રનો પોતાની શક્તિને અનુસારે નક્કી કરેલી સંખ્યામાં દિવસે અને રાત્રીએ પ્રતિદિન જપ કરવો.[૪૮] એકાદશીના દિવસે અને ભગવાનના જન્માષ્ટમીના દિવસે ઉપવાસ કરવો, અને પોતાની શક્તિને અનુસારે ઉત્સવો પણ કરવા.[૪૯]

હે શિષ્ય ! મદ્ય અને માંસનું ભક્ષણ, પરસ્ત્રીગમન, પરધનની ચોરી, પોતાની કે પારકી હિંસા અને જાતિથી ભ્રષ્ટ કરે એવા કર્મના આચરણનો તમારે સર્વ પ્રકારે ત્યાગ કરવો.[૫૦] તેમજ ભાંગ, ગાંજો, અફીણ અને તમાકુ આદિક કેફ કરનારી વસ્તુનું તથા લોકનિંદિત કોઈ પણ વસ્તુનું ક્યારેય પણ ભક્ષણ કરવું નહિ.[૫૧] ગાળ્યા વિનાનું જળ, કે દૂધ ક્યારેય પણ પીવું નહિ. ગાળ આદિક

स्वासन्नसम्बन्धवतीः स्त्रीर्विनाऽन्यास्तु योषितः । न स्पृशेर्विधवाः क्वापि बुद्धिपूर्वमनापदि ॥ ५३
तत्स्पर्शेऽज्ञानतो जाते स्नातव्यं बुद्धिपूर्वकम् । तत्स्पर्शने कृते कार्ये दिनमेकमुपोषणम् ॥ ५४
कामाद्बुद्ध्या तु तत्स्पर्शे दिनद्वयमुपोषणम् । तादृक्स्पर्शे जनैर्बुद्धे कुर्याच्चान्द्रायणं व्रतम् ॥ ५५
कार्य आवश्यके प्राप्ते प्राप्तायां क्वापि चापदि । बुद्धिपूर्वेऽपि तत्स्पर्शे जाते दोषो न विद्यते ॥ ५६
स्त्रैणानामतिलुब्धानां कौलनास्तिकपापिनाम् । शुष्कज्ञानवतां चापि सङ्गः कार्यो न कुत्रचित् ॥ ५७
सच्छास्त्रस्य सतां सङ्गं भक्तिं च नवधा हरौ । कुर्यास्त्वं प्रत्यहं शिष्य ! कञ्चनापवदेर्न च ॥ ५८
कुसङ्गिभ्यो न शृणुयाः कथावार्ता हरेरपि । न च कस्यापि देवस्य वाचाप्युच्छेदमाचरेः ॥ ५९
अद्य भागवतान्धर्मान्सतस्त्वं सङ्गतो ह्यसि । सत्सङ्गीति च विख्यातो भविष्यसि धरातले ॥ ६०
एवमेव करिष्येऽहमित्याज्ञां शिरसा गुरोः । गृहीत्वा पूजनं तस्य शिष्यः कुर्याद्गुरोर्मुदा ॥ ६१

---

અપશબ્દો બોલવા નહિ. પોતાને કે પારકાને દુઃખ ઉપજે એવું સત્ય વચન પણ બોલવું નહિ.[૫૨] પોતાના સમીપ સંબંધવાળી વિધવા નારી સિવાય બીજી વિધવા નારીઓનો ક્યારેય પણ બુદ્ધિપૂર્વક આપત્કાળ પડ્યા વિના સ્પર્શ કરવો નહિ.[૫૩] અને જો અજાણતાં સ્પર્શ થઈ જાય તો સ્નાન કરવું અને જો જાણી જોઈને સ્પર્શ થાય તો સ્નાન કરી એક ઉપવાસ કરવો.[૫૪] કામભાવથી જાણી જોઈને જો વિધવા સ્ત્રીનો સ્પર્શ થાય તો બે ઉપવાસ કરવા, અને જો કામબુદ્ધિપૂર્વકનો વિધવાનો સ્પર્શ કર્યો હોય તેને લોકો જો જાણી જાય તો એક ચાંદ્રાયણ વ્રત કરવું.[૫૫] ખરીદી, વેચાણ આદિકના અવશ્ય કાર્યમાં તથા ક્યારેક જળમાં બૂડવું, અગ્નિદાહ આદિકનો આપત્કાળ આવી પડે, ત્યારે જાણી જોઈને કરેલા વિધવાના સ્પર્શમાં દોષ નથી.[૫૬]

હે શિષ્ય ! સ્ત્રીલંપટ, અતિલોભી, વામમાર્ગી, નાસ્તિક, શુષ્કજ્ઞાની તેમજ બ્રહ્મહત્યાદિક મહાપાપ કરનારા પુરુષનો ક્યારેય પણ સંગ ન કરવો.[૫૭] પરંતુ હે શિષ્ય ! તમારે હમેશાં સત્શાસ્ત્ર અને સંતોનો સંગ કરવો અને ભગવાન શ્રીહરિની નવધા ભક્તિ કરવી ને કોઈના ઉપર મિથ્યાપવાદનું આરોપણ ન કરવું.[૫૮] ભગવાનની કથાવાર્તા પણ કુસંગી વક્તા થકી ન સાંભળવી. કોઈ પણ શિવ આદિક દેવતાઓનું વાણીથી પણ મૂળ ઉખેડવું નહીં.[૫૯] કારણ કે આજે તમને સત્ શબ્દ વાચ્ય ભાગવતધર્મનો સંગ પ્રાપ્ત થયો છે, તેથી આજથી પૃથ્વી પર તમે 'સત્સંગી' એવા નામથી પ્રખ્યાત થશો.[૬૦] હે પુત્રો ! ગુરુ આ પ્રમાણે જ્યારે ઉપદેશ આપે ત્યારે "હું આજથી એમજ વર્તીશ" એ પ્રમાણે કહીને શિષ્યે ગુરુના વચનો શિરોધાર્ય કરી ગુરુનું અતિ હર્ષથી પૂજન કરવું.[૬૧] પૂજનમાં નવીન વસ્ત્રો, ચંદન, પુષ્પની

नवीनैर्वसनैर्गन्धपुष्पस्रक्शेखरादिभिः । स्वर्णरूप्यादिमुद्राभिः सदन्नैश्च स्वशक्तितः ॥ ६२
अभ्यर्च्य तं यथाशक्ति सतो विप्रांश्च पूजयेत् । ततः साष्टाङ्गमानम्य गृहं गच्छेत्तदाज्ञया ॥ ६३
ततः स दीक्षितो नित्यमुत्साहेन भजेत्प्रभुम् । वर्णाश्रमोचितं धर्मं गुरूक्तं पालयन् पुमान् ॥ ६४
केसराद्यैरूर्ध्वपुण्ड्रं कुर्याद्विष्णुप्रसादिभिः । श्रीखण्डेनाथवा गोपीचन्दनेन सचन्द्रकम् ॥ ६५
राधारमाप्रसादेन चन्द्रकं कुंकुमेन वा । कुर्याद्गृहस्थो वर्णी च तथा साधुजनश्च यः ॥ ६६
सन्न्यासिनो वनस्थाश्च साग्निकाश्चोर्ध्वपुण्ड्रकम् । विचन्द्रकं मृदा कुर्युश्चन्दनेनापि वा शुभम् ॥ ६७
तत्र ये गृहिणो भक्तास्तथा साधुजनाश्च ये । तैर्दृष्ट्वा मुकुरं कार्यमूर्ध्वपुण्ड्रचतुष्टयम् ॥ ६८
सन्न्यासिनश्चतुर्धा स्युराद्यस्तत्र कुटीचकः । बहूदकस्तथा हंसस्तुर्यः परमहंसकः ॥ ६९
कुटीचकादयस्तत्र कुर्युः पुण्ड्रत्रयं त्रयः । शीर्ष्णि भाले हृदि तथा भाल एकं तुरीयकः ॥ ७०
वानप्रस्था वर्णिनश्च भाले कण्ठे तथा हृदि । बाह्वोश्चेति च पञ्चैव दध्युः पुण्ड्राणि नित्यदा ॥ ७१

---

માળા, તોરાઓ, સુવર્ણના અલંકારો, સુવર્ણ અને રૂપાની મુદ્રાઓ, તેમજ ઘી સાકર યુક્ત સુંદર ભોજનવડે ગુરુનું પોતાની શક્તિ પ્રમાણે વિધિપૂર્વક પૂજન કરવું.[૬૨] પછી શક્તિ પ્રમાણે સાધુ અને બ્રાહ્મણોનું પણ પૂજન કરવું. ત્યાર પછી ગુરુને સાષ્ટાંગ પ્રણામ કરી ગુરુની આજ્ઞાથી પોતાને ઘેર જવું.[૬૩] પછી તે દીક્ષિત શિષ્યો ગુરુએ કહેલા વર્ણાશ્રમને ઉચિત ધર્મનું નિરંતર પાલન કરવું, અને ઉત્સાહપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવું .[૬૪]

**ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાની રીત :–** પ્રતિદિન તે શિષ્યોએ ભગવાનની પ્રસાદીના કેસર ચંદન કે ગોપીચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું ને વચ્ચે ગોળ ચાંદલો કરવો.[૬૫] અથવા ગૃહસ્થ,વર્ણી તથા સાધુજનોને રાધા તથા લક્ષ્મીજીના પ્રસાદીના કુંકુંમ વડે વચ્ચે ગોળ ચાંદલો કરવો.[૬૬] હે પુત્રો ! સંન્યાસી, વાનપ્રસ્થી કે અગ્નિહોત્રી વિપ્રોએ માટીથી કે ચંદનથી મધ્યના ચાંદલા વિના કેવળ શોભાયમાન ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું.[૬૭] તેમાં ઉધ્ધવસંપ્રદાયના દીક્ષિત ગૃહસ્થ ભક્તજનોએ તથા સાધુજનોએ દર્પણમાં જોઇને ચાર ઊર્ધ્વપુંડ્ર તિલક કરવાં.[૬૮] તેમાં સંન્યાસી ચાર પ્રકારના કહેલા છે, કુટીચક, બહુદક, હંસ અને પરમહંસ.[૬૯] તેઓના મધ્યે પહેલા ત્રણ પ્રકારના સન્યાસીઓએ મસ્તક, લલાટ અને હૃદય આ ત્રણ જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર તિલક કરવાં ને ચોથા પરમહંસ નામના સન્યાસીએ કેવળ એક ભાલમાં જ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.[૭૦] પછી વાનપ્રસ્થ અને બ્રહ્મચારીઓએ ભાલ, કંઠ, હૃદય તથા બન્ને બાહુમાં એમ પાંચ જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર

सच्छूद्राणां दीक्षितानां प्रोक्तं पुण्ड्रचतुष्टयम् । असच्छूद्रादिकानां तु भाले चन्दनचन्द्रकः ॥ ७२
चतुष्टये तु पुण्ड्राणां वासुदेवादयोऽभिधाः । पठनीया भगवतश्चतस्रो भक्तपूरुषैः ॥ ७३
कृष्णकेशवमुख्यानि पञ्च नामानि पञ्चके । पुण्ड्राणां पठनीयानि गायत्री वैष्णवी च वा ॥ ७४
पुण्ड्रत्रये तु प्रणवः पठनीयस्त्रिमात्रकः । एकस्मिन्निह पुण्ड्रे तु पाठ्यो नारायणो मतः ॥ ७५
पुण्ड्रमूर्ध्वं समं सौम्यं कनिष्ठाङ्गुलिवत्स्मृतम् । ऋजु दण्डाकृति शुभं तर्जन्या कार्यमेव तत् ॥ ७६
अंगुल्या तिलकं कर्तुं न भवेद्यस्य दक्षता । स शलाकादिना कुर्याद्यथा तत्स्यात्सुशोभनम् ॥ ७७
वर्तुलं तिर्यगच्छिद्रं ह्रस्वं दीर्घं ततं तनु । वक्रं विरूपं वक्राग्रं छिन्नमूलं पदच्युतम् ॥ ७८
अशुभ्रं रुक्षमारक्तं जले दृष्ट्वा च यत्कृतम् । विगन्धमवसह्यं च पुण्ड्रमाहुरनर्थकम् ॥ ७९

---

તિલક નિત્ય ધારણ કરવાં.[૭૧] ઉધ્ધવ સંપ્રદાયની દીક્ષા પામેલા સત્શૂદ્રોએ પણ ચાર જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાં, જ્યારે અસત્શૂદ્રાદિક જનોએ તો કેવળ ભાલમાં કુંકુમનો ચાંદલો કરવો.[૭૨] પુરુષ ભક્તો જ્યારે ચાર ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે ત્યારે ભગવાનના વાસુદેવાદિ ચાર નામ મંત્રોનું ઉચ્ચારણ કરવું. તેમાં ''વાસુદેવાય નમઃ'' એ મંત્ર બોલીને ભાલમાં, ''સંકર્ષણાય નમઃ'', એ મંત્ર બોલીને હૃદયમાં, ''પ્રદ્યુમ્નાય નમઃ'', એ મંત્ર બોલીને જમણાબાહુમાં અને ''અનિરુદ્ધાય નમઃ'' એ મંત્ર બોલીને ડાબા બાહુમાં તિલક ધારણ કરવું.[૭૩] પાંચ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનાં જે કહ્યાં તેમાં કેશવાદિ પાંચ નામ મંત્રોનું ઉચ્ચારણ કરવું, ભાલમાં ''કૃષ્ણાય નમઃ'', કંઠમાં ''કેશવાય નમઃ'', હૃદયમાં ''નારાયણાય નમઃ'', જમણા બાહુમાં ''માધવાય નમઃ'', અને ડાબા બાહુમાં ''ગોવિંદાય નમઃ'' બોલવું, અથવા પાંચે સ્થાને વિષ્ણુગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કરી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.[૭૪] હવે જે ત્રણ ઉર્ધ્વપુંડ્ર ધારણ કરવાનાં જે કહ્યાં તેમાં અ, ઉ, મ, આ ત્રણ માત્રાવાળા ૐ-કારનો જપ કરીને તિલક કરવાં, અને જે પરમહંસને એક તિલક ધારણ કરવાનું કહ્યું તેમાં ''ૐ નારાયણાય નમઃ'' આ મંત્ર બોલીને તિલક કરવું.[૭૫]

હે પુત્રો ! ઊર્ધ્વપુંડ્ર તિલક તર્જની આંગળીથી કરવું. તે સમાન રેખાકૃતિમાં સૌમ્ય આકાર વાળું, છેલ્લી કનિષ્ઠિકા આંગળી જેટલા માપની સરળ રેખાવાળું તેમજ દંડના જેવી આકૃતિવાળું હોવું જોઈએ.[૭૬] જે ભક્તોને તર્જની આંગળીથી તિલક કરવાની કુશળતા ન હોય તેમણે શળી આદિકથી જે રીતે શોભાયમાન થાય એમ કરવું.[૭૭] પરંતુ ગોળાકાર, ઉપર વાંકુ, વચ્ચે જગ્યા રહિતનું, એકદમ નાનું, નાકની ડાંડીથી શરૂ કરેલું , અતિશય લાબું, બહુ પહોળું, અથવા બહુ સાંકડું,

प्रासादिक्यौ भगवतस्तुलसीमालिके गले । धारयेत्प्रयतो भक्तस्तादृशीं जपमालिकाम् ॥ ८०
तुलसीकाष्ठमालाया अलाभे तु स दीक्षितः । प्रासादिकीं हरेर्दध्याच्चन्दनादितरूद्भवाम् ॥ ८१
प्रातःस्नात्वा नित्यकर्म कृत्वार्चेत्प्रतिमां हरेः । अष्टाक्षरं यथाशक्ति जपेन्नित्यं शुचिः स च ॥ ८२
दृढासनो जपेत्तं च मौनी स्वस्थोऽत्वरन्नृजुः । वस्त्राच्छादितमालश्च वासुदेवं हृदि स्मरन् ॥ ८३
कुर्वीत द्वारिकायात्रामवश्यं दीक्षितो ह्यसौ । अङ्कयेत्तत्र बाहू च श्रीपतेस्तप्तहेतिभिः ॥ ८४
जन्माष्टम्याद्युत्सवेषु स स्वाचार्यस्य दर्शनम् । कर्तुं तदन्तिकं गच्छेत्तं दृष्ट्वा दण्डवन्नमेत् ॥ ८५
प्रणमेद्दक्षिणे भागे किञ्चिद्दूरे तमादरात् । आज्ञां विना तदङ्गं तु सच्छिष्यो न स्पृशेत्क्वचित् ॥ ८६
गुरुसेवापरो नित्यं तथ्यवादी गुरोः पुरः । काले काले यथायोग्यं तस्य कुर्याश्च दर्शनम् ॥ ८७

નીચેથી ઉપર વાંકુ, વિરૂપ, નીચે સાકડું -ઉપર પહોળું, નીચે મૂળમાં તૂટેલું, લલાટના મધ્ય ભાગને છોડી આડુ અવળું કરેલું, મલિન દેખાતું, જળના મિશ્રણ વિના કોરા ચંદનથી કરેલું, લાલ રંગવાળું, જળમાં જોઇને કરેલું, સુગંધી રહિતનું, અવસહ્ય અર્થાત ડાબા હાથે કરેલું ઊર્ધ્વપુંડ્ર તિલક અનર્થને કરનારૂં કહેલું છે.[૭૮-૭૯]

**કંઠી ધારણ કરવાની રીત :–** હે પુત્રો! નિયમમાં તત્પર ભક્તજને ભગવાનની પ્રસાદી કરાવીને તુલસીની બેવળી કંઠી ગળામાં ધારણ કરવી અને તેવી જ તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી જપમાળા પણ રાખવી. [૮૦] દીક્ષા પામેલા પુરુષે તુલસીની કંઠી ન મળે તો ચંદનાદિકથી નિર્મિત કંઠી ભગવાનની પ્રસાદીની કરાવી ધારણ કરવી.[૮૧] વળી તે દિક્ષીત ભક્તે પ્રાતઃકાળે નિરંતર સ્નાન કરી, નિત્યકર્મ કરી ભગવાન શ્રીહરિની મૂર્તિપૂજા કરવી ને પવિત્રપણે રહીને આચાર્યે ઉપદેશ કરેલા અષ્ટાક્ષરમંત્રનો યથાશ્શક્તિ જપ કરવો.[૮૨] તે જપ મૌન અને સ્વસ્થચિત્તે સ્થિર આસને બેસીને શાન્તિથી માળાને વસ્ત્રમાં ઢાંકીને અથવા ગૌમુખીમાં રાખીને શ્રીવાસુદેવ ભગવાનનું હૃદયમાં સ્મરણ કરવા પૂર્વક જપ કરવો.[૮૩]

હે પુત્રો ! દીક્ષિત શિષ્યે દ્વારકાની યાત્રા અવશ્ય કરવી. તે દ્વારિકામાં લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ભગવાનના આયુધોની તપ્તમુદ્રાઓ બન્ને બાહુમાં ધારણ કરવી.[૮૪] વળી તે દીક્ષિત ભક્તે જન્માષ્ટમી આદિક ઉત્સવોમાં પોતાના આચાર્યનાં દર્શન કરવા તેમની સમીપે જવું ને તેમને જોઇ દંડવત્ પ્રણામ કરવા.[૮૫] સદ્ગુણી શિષ્યે ગુરુની જમણી બાજુએ કાંઇક થોડે દૂર રહીને આદરપૂર્વક દંડવત્ પ્રણામ કરવા, ગુરુની આજ્ઞા લીધા વિના તેમના ચરણાદિક અંગોનો ક્યારેય સ્પર્શ કરવો નહિ.[૮૬] નિરંતર ગુરુની સેવામાં તત્પર અને ગુરુ આગળ હમેશાં સત્ય બોલનારા

गुरोः शय्यामासनं च नाधिरोहेच्च पादुकाम् । तत्पानपात्रेण जलं न पिबेच्च कदाचन ॥ ८८
सद्गुरोराज्ञया तस्य वसतोऽपि गृहाश्रमे । भक्तस्य संसृतेर्भितिः पुनर्नास्त्यन्यजीववत् ॥ ८९
दानेऽस्या अपि दीक्षाया द्वेधा विधिरुदीरितः । अधिकारविभेदेन मन्त्रभेदाद्रमापतेः ॥ ९०
तत्रोक्तोऽयं विधिः सर्वश्चातुवर्णर्यस्य दीक्षणे । ज्ञेयस्तथैवाश्रमिणां चतुर्णामपि सम्मतः ॥ ९१
वर्णाश्रमेतरे ये तु तेषां वच्म्यधुना विधिम् । तिष्ठेयुस्ते गुरोर्गेहाद्बहिः प्राञ्जलयो जनाः ॥ ९२
तेभ्यो गुरुः स चान्येन त्र्यक्षरं तूपदेशयेत् । मद्यमांसत्यागमुख्यान्नियमांश्च यथोचितम् ॥ ९३
ततस्तैः पालनीयास्ते धर्मा नित्यमतन्द्रितैः । साधूनां दर्शनं कार्यं न तु स्पर्शोऽननुज्ञया ॥ ९४
स्वग्रामे राधिकाकृष्णप्रतिमा त्वौद्धवालये । यत्र स्याद्दर्शनं तस्यास्तैः कार्यं प्रतिवासरम् ॥ ९५
बाह्या पूजा न तैः कार्या नित्यं कार्यैव मानसी । बहिस्तु दर्शनेनैव पूजाफलमवाप्नुयुः ॥ ९६

તે શિષ્યે સમયે સમયે યથાયોગ્ય મર્યાદામાં રહીને ગુરુનાં દર્શન કરવાં.[૮૭] ગુરુની શય્યા કે આસન ઉપર બેસવું નહિ. તેમની પાદુકા પહેરવી નહિ, તેના જલપાત્રથી પાણી પણ ક્યારેય પીવું નહિ.[૮૮]

હે પુત્રો ! આવી રીતે સદ્ગુરુની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ તે ભક્તને બીજા માણસોની જેમ ફરી જન્મ-મરણરૂપ સંસૃતિનો ભય રહેતો નથી.[૮૯] વર્ણાશ્રમના લીધે અધિકારના ભેદથી તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની દીક્ષામાં આપવામાં આવતા મંત્રભેદથી આ સામાન્ય દીક્ષાનો વિધિ પણ બે પ્રકારનો કહેલો છે.[૯૦] તેમાં અત્યાર સુધી કહેલો આ સર્વે વિધિ ચાર વર્ણના દીક્ષાર્થી માટે છે.તેમજ ચાર આશ્રમના દીક્ષાર્થી માટે પણ છે.[૯૧] પરંતુ ચારે વર્ણથી બહારના મનુષ્યો છે તેમના માટે સામાન્ય દીક્ષાનો વિધિ હવે કહું છું. આવા વર્ણાશ્રમથી બહારના મનુષ્યોએ બે હાથ જોડી ગુરુના ઘરથી બહાર ઊભા રહેવું.[૯૨] ગુરુએ તેવા શિષ્યોને બીજા ત્રણ અક્ષરવાળા ''શ્રીકૃષ્ણ'' અથવા ''સ્વામિનારાયણ'' ષડાક્ષર એવા મંત્રનો ઉપદેશ કરવો. મદ્ય માંસનો ત્યાગ, પરસ્ત્રીગમન ત્યાગ, ચોરીનો ત્યાગ, પોતાની કે પરની હિંસાનો ત્યાગ, જાતિથી કોઈને ભ્રષ્ટ કરે તેવા કર્મનો ત્યાગ, આદિક નિયમોનો ઉપદેશ કરવો.[૯૩] પછી તેવા દીક્ષિત શિષ્યોએ આળસનો ત્યાગ કરીને ગુરુએ ઉપદેશેલા ધર્મનું સર્વદા પાલન કરવું, સાધુનાં દર્શન કરવા, સાધુની આજ્ઞા વિના તેમના ચરણાદિ અંગોનો સ્પર્શ કરી દર્શન કરવાં નહિ.[૯૪]

હે પુત્રો ! તેવા શિષ્યોએ જે પોતાના ગામમાં ઉધ્ધવ સંપ્રદાયના મંદિરમાં શ્રીરાધાકૃષ્ણની પ્રતિમા હોય તેનાં નિરંતર દર્શન કરવા જવું.[૯૫] બાહ્યપૂજા ન કરવી,

नाममन्त्रस्य तु जपो नियमेनैव नित्यदा । कर्तव्यश्चन्द्रको भाले चन्दनेन मृदापि वा ॥ ९७
स्वग्रामे प्रतिमा न स्यात्प्रभोर्यदि तदान्तिके । पुष्पस्रग्वस्त्रखण्डादि रक्ष्यं प्रासादिकं हरेः ॥ ९८
दर्शनं स्पर्शनं तस्य कर्तव्यं प्रतिवासरम् । भगवत्प्रतिमायास्तु स्पर्शः कार्यो न कर्हिचित् ॥ ९९
इति द्वितीयो दीक्षायाः सामान्याया विधिर्मया । निरूपितस्तथा कार्यो गुरुशिष्यैरिहौद्धवैः ॥ १००

सामान्यदीक्षाविधिरित्थमुक्तो द्वेधा मया शास्त्रदृशा युवाभ्याम् ।
विशेषदीक्षाविधिमप्यशेषं हिताय लोकस्य वदामि पुत्रौ ! ॥ १०१ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ सामान्यदीक्षाविधिनिरूपणनामा षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥*

---

પરંતુ નિત્યે માનસીપૂજા કરવી. મંદિરમાં ચિત્ર પ્રતિમાના દર્શન માત્રથી તેઓને બાહ્યપૂજાનું ફળ મળી જાય છે.[૯૬] વળી આચાર્યે ઉપદેશેલા "સ્વામિનારાયણ" નામ મંત્રનો નિરંતર નિયમપૂર્વક જપ કરવો. ભાલમાં ચંદનથી કે ગોપીચંદનથી કેવળ ચાંદલો કરવો.[૯૭] પોતાના ગામમાં જો ભગવાનની પ્રતિમા ન હોય તો ભગવાનની પ્રસાદી એવી ફૂલ માળા અને વસ્ત્રનો ખંડ આદિકની વસ્તુ હમેશાં પોતાની સમીપે રાખવી.[૯૮] અને તેનાં દર્શન, સ્પર્શ પ્રતિદિન કરવાં, પરંતુ ભગવાન પ્રતિમાનો સ્પર્શ તો ક્યારેય કરવો નહિ.[૯૯] હે પુત્રો ! આ પ્રમાણે મેં સામાન્ય દીક્ષાના બીજા પ્રકારના વિધિનું નિરૂપણ કર્યું.[૧૦૦] આ લોકમાં ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા ગુરુશિષ્યોએ તેમનું યથાર્થ પાલન કરવું. આ રીતે શાસ્ત્રની મર્યાદા અનુસાર સામાન્ય દીક્ષાવિધિના બે પ્રકાર મેં તમોને કહ્યા. હવે મહાદીક્ષાનો વિધિ પણ મારા આશ્રિત જનોના હિત માટે કહું છું.[૧૦૧]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં દીક્ષાવિધિમાં સામાન્ય દીક્ષા વિધિનું નિરૂપણ કર્યું, એ નામે છેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૬--**

---

### सप्तचत्वारिंशोऽध्यायः - ४७

**श्री नारायणमुनिरुवाच -**

अस्ते च वार्धके बाल्ये देवदैत्यपुरोधसोः । नीचस्थे सिंहगे चेज्ये दीक्षा देया न वक्रगे ॥ १
एकादश्यां प्रबोधन्यां जन्माष्टम्यां च दीक्षणे । दोषो रामनवम्यां च नास्तादेर्गुरुशुक्रयोः ॥ २
मलमासे च वर्षासु श्रीकृष्णस्य मनुः क्वचित् । नोपदेश्यो न च ग्राह्यः सूर्यचन्द्रग्रहं विना ॥ ३
न मासतिथिवारादि विचार्यं ग्रहपर्वणि । सूर्यचन्द्रग्रहसमो नान्यः कालो यतः शुभः ॥ ४
अस्तादिदोषहीनासु सर्वास्वेकादशीषु च । द्वादशीष्वपि सर्वासु दीक्षा देया तु सङ्गवे ॥ ५
पुराणप्रथिते देशे शुचौ दीक्षाविधिर्मतः । धर्मवंश्यो गुरुर्दधाद्दीक्षां शिष्यं परीक्ष्य सः ॥ ६

---

## અધ્યાય - ૪૭

## મહાદીક્ષા ક્યારે આપવી અને ક્યારે ન આપવી તે સમયનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! દેવો અને દૈત્યોના પુરોહિત ગુરુના અને શુક્રના અસ્તપણાના વૃદ્ધપણાના અને બાળપણાના યોગમાં તથા ગુરુ નીચના સ્થાને સિંહરાશિમાં હોય અને વક્રગતિમાં વર્તતો હોય ત્યારે મહાદીક્ષા ન આપવી. ગુરુ અને શુક્રના અસ્તાદિ લક્ષણો નિર્ણયસિંધુમાંથી અથવા માર્તંડાદિથકી જાણી લેવા.[૧] પ્રબોધની એકાદશી, જન્માષ્ટમી તિથિ કે રામનવમી તિથિએ મહાદીક્ષા આપવામાં ગુરુ શુક્રના અસ્તાદિ દોષ બાધરૂપ નથી.[૨] હે પુત્રો ! અધિકમાસમાં કે વર્ષાઋતુમાં ગુરુએ શિષ્યને શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો ક્યારેય પણ ઉપદેશ કરવો નહિ. અને શિષ્યે ક્યારેય સ્વીકારવો નહીં. તેમાં સૂર્ય અને ચંદ્રના ગ્રહણનો સમય વચ્ચે આવી જાય તો તે સમયે મંત્ર ઉપદેશમાં દોષ લાગતો નથી.[૩] ગ્રહણવાળી પર્વણિની તિથિ, અમાવાસ્યા કે પૂર્ણિમાના દિવસે માસ, તિથિ, વાર આદિકનો વિચાર ન કરવો. કારણ કે સૂર્ય-ચંદ્રનાં ગ્રહણની સમાન બીજો દીક્ષા આપવાનો કે દીક્ષા ગ્રહણ કરવાનો પવિત્ર સમય કોઈ નથી.[૪] હે પુત્રો ! અસ્તાદિ દોષ રહિતની સર્વે એકાદશી તથા દ્વાદશીના દિવસે સંગવ સમયે દીક્ષા આપવી.[૫] સ્કંદાદિ પુરાણમાં પ્રસિદ્ધ પવિત્ર દેશોને વિષે મહાદીક્ષાનો વિધિ કરવો યોગ્ય માનેલો છે. તેમાં પણ ધર્મવંશી ગુરુએ પ્રથમ શિષ્યની પરીક્ષા કરી પછીથી જ દીક્ષા આપવી.[૬] શિષ્યની ધર્મપાલન શીલતાનું એક વર્ષ પર્યંત પરીક્ષણ કરવું ને પછીથી દીક્ષા આપવી. પરંતુ પરીક્ષા કર્યા વિના ન આપવી.[૭] જે ગુરુ શિષ્યની ધર્મપાલન સામર્થ્યની

वर्षेणापि परीक्ष्यैव धर्मपालनशीलताम् । शिष्यस्य स ततो दधाद्दीक्षां तस्मै नचान्यथा ॥ ७
धर्मपालनसामर्थ्यमपरीक्ष्य तु यो गुरुः । ददाति दीक्षां शिष्यस्य स तत्पापेन युज्यते ॥ ८
अमात्यपापं राजानं पत्नीपापं च तत्पतिम् । यथा तथा शिष्यपापं गुरुं प्राप्नोति निश्चितम् ॥ ९
तस्मादादौ परीक्षेत शिष्यं गुरुरतन्द्रितः । तल्लक्षणानि सङ्क्षेपात्सच्छास्त्रोक्तानि वच्म्यहम् ॥ १०
शान्तः सुशीलः शुद्धात्मा श्रद्धालुर्धर्मसंस्थितः । असत्वरश्चानसूया मुमुक्षुः सत्यभाषणः ॥ ११
अधीतसच्छास्त्रविद्यो निजशक्त्यनुसारतः । स्वीयनिर्वाहोपयुक्तद्रव्यवान् गतमत्सरः ॥ १२
दोषं महान्तं च विदन् स्पर्शने विधवस्त्रियाः । पापकर्मसु भीरुश्च तपस्युत्साहशक्तिमान् ॥ १३
महापापेष्वन्यतमं गोधातो येन वा क्व चित् । कृतपूर्वो भवेन्नैव न कृतघ्नश्च यो भवेत् ॥ १४

---

પરીક્ષા કર્યા વિના દીક્ષા આપે છે, તે ગુરુ શિષ્યે કરેલા પાપના અર્ધા ભાગીદાર થાય છે.[૮] જેવી રીતે રાજાના મંત્રીઓએ કરેલા પાપનો ભાગીદાર રાજા થાય છે, પત્નીએ કરેલા પાપનો ભાગીદાર પતિ થાય છે, તેવી જ રીતે શિષ્યે કરેલા પાપનો ભાગીદાર ગુરુ થાય છે, એ ચોક્કસ વાત છે.[૯]

**મહાદીક્ષાને યોગ્ય શિષ્યનાં લક્ષણો :–** હે પુત્રો ! ગુરુએ સાવધાન થઈ પ્રથમ શિષ્યની પરીક્ષા કરવી. તેથી શિષ્ય પરીક્ષાના શાસ્ત્રોક્ત લક્ષણો તમને સંક્ષેપથી કહું છું.[૧૦] જે શિષ્ય શાંત અને સુશીલ હોય, બહાર અંદર શુદ્ધાત્મા હોય, શ્રદ્ધાવાળો, પોતાના ધર્મમાં દઢ સ્થિતિ વાળો, અચપળ હોય, અસૂયા રહિતનો મુમુક્ષુ અને સત્યવાદી હોય.[૧૧] પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રાધ્યયન કરેલું હોય, પોતાના નિર્વાહને ઉપયોગી દ્રવ્ય રાખતો હોય, મત્સર સ્વભાવે રહિત હોય.[૧૨] વિધવાના સ્પર્શમાં મોટો દોષ માનતો હોય, પાપ કર્મથી ભય પામતો હોય, તપશ્ચર્યા કરવામાં પ્રીતિવાળો હોય.[૧૩] પાંચ મહાપાપો માહેલું કોઈ પણ પાપ તેમણે ક્યારેય પણ ન કર્યું હોય, (પંચ મહાપાપ-બ્રહ્મહત્યા, મદ્યનુપાન, ચોરી અને ગુરુસ્ત્રીનો સંગ, આ ચાર મહાપાપના કરનારાની સાથે મિત્રતા આ પાંચ મહાપાપ કહેલાં છે.) ગૌહત્યાનું પાપ ક્યારેય ન કર્યું હોય, કોઈના ઉપકારને ભૂલીને કૃતઘ્ની ન થયો હોય.[૧૪] જે આપત્કાળ પડ્યા વિના ભોજનમાં પંક્તિભેદ ન કર્યો હોય, જેને ધર્મપાલનમાં ક્યારેય શિથિલતા ન હોય.[૧૫] પોતાના સગાભાઈની વસ્તુ પણ તેમને પૂછ્યા વિના ક્યારેય લીધી ન હોય,વિશ્વાસઘાત ન કરતો હોય.[૧૬] નોકર વર્ગને પોતાના કામમાં રોકીને જે રીતે ધનધાન્ય આપવાની પ્રતિજ્ઞા કરી હોય તેને તે રીતે સદાય આપતો હોય પરંતુ તેમાંથી એક કોડી પણ ઓછી આપી વચનનો ભંગ ન

भोजने पङ्क्तिभेदं च यो न कुर्यादनापदि । स्वधर्मपालने यस्य शौथिल्यं स्यान्न च क्वचित् ॥ १५
स्वबन्धोरप्यल्पमपि पदार्थं यश्च कर्हिचित् । अनापृच्छ्य न गृह्णीयाद्यो न विश्वासघातकः ॥ १६
प्रतिश्रुतं यथा स्वेन कर्मकर्त्रे तथैव तत् । यश्च दद्यान्न तु क्वापि भञ्ज्यादेकं कपर्दकम् ॥ १७
नातिलोभी नातिकामी मानेर्ष्याक्रोधवर्जितः । ऋजुर्दयालुप्रकृतिस्तितिक्षुर्धैर्यवाञ्छुचिः ॥ १८
क्षुधया व्याकुलो न स्याद्व्रताद्याचरणे च यः । साधुशुश्रूषणरुचिर्निश्छद्मा विजितेन्द्रियः ॥ १९
स्त्रीशिष्यतां च न प्राप्तः कौलमार्गे च नाश्रितः । न दिवास्वापशीलश्च न प्रमादी च यः पुमान् ॥ २०
प्रवृत्तिधर्मोदासीनो निवृत्तं धर्ममादरात् । सिसेविषुः पुमान् योऽसावधिकार्यत्र कीर्तितः ॥ २१
एतैस्तु लक्षणैर्हीनो यः पुमांस्तं न दीक्षयेत् । तथाभूतोऽपि यो व्यङ्गस्तं चापि न गुरुः क्वचित् ॥ २२
अन्धः काणः केकरश्च पंगुः कुब्जश्च वामनः । छिन्नोष्ठनासाकर्णश्च मूकश्च बधिरः कुणिः ॥ २३
खञ्जो भूतादिविकलः श्वित्री रुग्णः क्षयी जडः । नीचकर्मा चातिवृद्धो नैते दीक्षार्हणाः क्वचित् ॥ २४

---

કરતો હોય.[૧૭] અતિશય લોભી કે કામી સ્વભાવનો ન હોય, માન, ઈર્ષ્યા, ક્રોધથી રહિત હોય, સરળ સ્વભાવ અને દયાળુ પ્રકૃતિનો હોય, ભૂખ-તરસ આદિ દ્વન્દ્વોને સહન કરવાના સ્વભાવવાળો હોય, બહુજ ધીરજશાળી અને બહાર અંદર પવિત્ર આચરણવાળો હોય.[૧૮] જે વ્રત કરવામાં ભૂખથી વ્યાકુળ થતો ન હોય, સાધુની સેવામાં રુચિવાળો હોય, નિષ્કપટી અને જીતેન્દ્રિય પુરુષ હોય.[૧૯] જેને પૂર્વે કોઈ સ્ત્રીની પાસેથી દીક્ષા લીધેલી ન હોય, કૌલમાર્ગમાં ક્યારેય ન જોડાયો હોય, દિવસે સુવાના સ્વભાવવાળો ન હોય, પ્રમાદી અને આળસુ ન હોય.[૨૦] ગૃહસ્થના પ્રવૃત્તિધર્મમાંથી એકદમ ઉદાસી થયો હોય, અને ત્યાગીના નિવૃત્તિ ધર્મનું આચરણ કરવામાં ઈચ્છાવાળો હોય, આવા લક્ષણવાળા જે પુરુષો હોય તે મહાદીક્ષા ગ્રહણ કરવાના અધિકારી કહેલા છે.[૨૧]

**મહાદીક્ષાના અનધિકારીનાં લક્ષણો :–** હે પુત્રો ! પૂર્વોક્ત લક્ષણોથી રહિત જે પુરુષો હોય તેમને ગુરુએ દીક્ષા આપવી નહિ. તેમાં પણ લક્ષણોથી યુક્ત હોવા છતાં કોઈ અંગમાં વિકલાંગ હોય તો પણ તેને ક્યારેય મહાદીક્ષા ન આપવી.[૨૨] અંધ, કાણો, ત્રાંસી આંખવાળો, પાંગળો, કુબડો, ઠીંગણો, ઓષ્ઠ, નાક અને કાન કપાયેલો, મૂંગો, બહેરો, હાથે વાંકો, ખોડખાપણયુક્ત, ભૂત-પ્રેતાદિકના પ્રવેશથી વિકળ ચિત્તવાળો, કુષ્ટ રોગવાળો, હમેશાં બિમાર રહેતો, ક્ષયરોગવાળો, જડબુદ્ધિવાળો, નીચ કર્મ કરવાવાળો અને અતિશય વૃદ્ધ થયેલાને પણ કયારેય મહાદીક્ષા ન આપવી.[૨૩-૨૪] હે પુત્રો !કોઈ પણ ગુરૂ ઊપરોકત અધિકારપણાનો

दीक्षां गुरुर्यो महतीं तु दत्ते विनाधिकारं पुरुषाय कोऽपि।
बलात् स दुःखं दृषदं यथाङ्घ्र्योरोदत्त एवापयशश्च पुत्रौ ! ॥ २५

*इति श्रीसत्त्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ महादीक्षाग्रहणकालाधिकारिनिरूपणनामा सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥*

---

## अष्टचत्वारिंशोऽध्यायः - ४८

श्रीनारायणमुनिरुवाच –

त्रैवर्णिकोऽथाधिकारी यस्तु स्थित्वा गृहाश्रमे। प्राप्तुमिच्छेन्महादीक्षां तस्यादौ विधिरुच्यते ॥ १
सामान्यदीक्षाधर्मेषु पुमान् यस्तु दृढस्थितिः। स प्रपद्येत शरणं निजाचार्यं कृताञ्जलिः ॥ २
प्रपन्नाय विनीताय तस्मै स गुरुरादितः। दृष्ट्वाधिकारमुचितं प्रायश्चित्तमुपादिशेत् ॥ ३

---

**તપાસ કર્યા વિના કોઈને પણ મહાદીક્ષા આપે છે,તે ગુરૂ જેમ કોઈ હાથે કરીને પોતાના પગ ઊપર મોટી પથ્થરની શિલા મુકીને દુઃખી થાય તેમ મહા દુઃખ પામે છે અને બલાત્કારે અપયશનો અધિકારી થાય છે.[૨૫]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરીએ મહાદીક્ષા ગ્રહણ કરવાનો યોગ્ય સમય અને અધિકારી તથા અનધિકારી શિષ્યનું નિરૂપણ કર્યું એ નામે સુડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. -૪૭-**

---

## અધ્યાય - ૪૮

## મહાદીક્ષા લેવાને ઈચ્છતા ત્રણ વર્ણવાળા ગૃહસ્થો માટે દીક્ષાવિધિનું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! હવે પૂર્વોક્ત અધિકારીનાં લક્ષણે યુક્ત જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણમાં ઉત્પન્ન થયેલો પુરુષ ગૃહસ્થાશ્રમમાં જ રહીને મહાદીક્ષા પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય તેવા પુરુષની મહાદીક્ષાનો વિધિ તમને હું કહું છું.[૧] હે પુત્રો ! સામાન્ય દીક્ષાવિધિમાં બતાવેલા ધર્મમાં જે પુરુષ દઢપણે વર્તતો હોય તેવા પુરુષે બન્ને હાથ જોડી પોતાના આચાર્યના શરણે જવું.[૨] તે સમયે ગુરૂએ પ્રથમ શરણે આવેલા વિનમ્ર શિષ્યનું મહાદીક્ષા ગ્રહણ કરવામાં અધિકારપણું તપાસીને તેમની પાસે પ્રાયશ્ચિત કરાવવું.[૩]

एकमाश्रमसंस्थेन निराहारमुपोषणम् । द्वे त्वनाश्रमिणा तेन कारयेत्स उपोषणे ॥ ४
क्षौरपूर्वं ततः शिष्यः कुर्यात्तस्याज्ञया व्रतम् । महादीक्षाधिकारार्थं जपेच्चाष्टाक्षरं मनुम् ॥ ५
सार्धं सहस्रद्वितयं मन्त्रः प्रागेव रौहिणात् । प्रतिमासन्निधौ जप्यो वासुदेवस्य भक्तितः ॥ ६
गुरुस्तु पूर्वदिवसे देयमन्त्रविशुद्धये । सहस्रकृत्वः प्रजपेच्छुचिः सम्पूज्य केशवम् ॥ ७
ततो ब्राह्मणमाहूय विधिज्ञं चौद्धवाश्रितम् । आचार्यः कारयेद्विष्णोः पूजां शिष्येण चौद्धवः ॥ ८
स च विप्रो यथाशास्त्रं कारयेत्सकलं विधिम् । दिनद्वयेन वैकेन देशकालानुसारतः ॥ ९
नान्दीमुखस्वस्त्ययनप्रमुखं पूर्ववासरे । कारयेच्छास्त्रदृष्टेन विधिना तद्दिनेऽथवा ॥ १०
मण्डलं सर्वतोभद्रं कुर्यादादौ मनोहरम् । तन्मध्ये स्थापयेत्कुम्भं हैमं वा ताम्रमुत्तमम् ॥ ११
दिक्ष्वष्टस्वष्ट कुम्भांश्च स्थापयेच्च ततः शुभान् । निजशक्त्यनुसारेण ताम्रान्वा मृन्मयानपि ॥ १२
सतोयेषु सरत्नेषु सपल्लवफलेषु च । सवसपूर्णपात्रेषु स्थापयेत्तेषु देवताः ॥ १३

---

તેપ્રયશ્ચિતમાં ગુરુએ ગૃહસ્થાશ્રમમાં રહેલા તે શિષ્યની પાસે એક ઉપવાસ કરાવવો અને પત્નીના મૃત્યુ પછી અનાશ્રમી થઈ ગયો હોય, તેવા પુરુષ પાસે બે ઉપવાસ કરાવવા.[૪] શિષ્યે ગુરુની આજ્ઞાનુસાર મહાદીક્ષાનો અધિકાર પ્રાપ્ત કરવા મુંડન કરાવી ઉપવાસ કરવો અને સામાન્ય અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.[૫]

શ્રીવાસુદેવ ભગવાનની મૂર્તિના સાંનિધ્યમાં બેસી દિવસના નવમા મુહૂર્તની પહેલાં જ અઢી હજાર અષ્ટાક્ષરમંત્રોના જપ પૂર્ણ કરી લેવા. [૬] અને ગુરુએ પણ દીક્ષાના આગલા દિવસે પવિત્ર થઈ કેશવ ભગવાનનું પૂજન કરી મહાદીક્ષામાં આપવાના મંત્રની શુદ્ધિને માટે એ મહાદીક્ષાના મંત્રનો એક હજારવાર જપ કરવો, અર્થાત્ દશ માળા કરવી.[૭] પછી ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યે મહાદીક્ષાના વિધિને જાણતા ઉદ્ધવ સંપ્રદાયના બ્રાહ્મણને બોલાવી શિષ્ય દ્વારા વિષ્ણુ ભગવાનની પૂજા કરાવવી.[૮] એ વિપ્રે પણ દેશકાળને અનુસારે બે અથવા એક દિવસમાં શાસ્ત્રાનુસાર સમગ્ર વિધિ પૂર્ણ કરાવવો.[૯] ગૃહ્યસૂત્રમાં કહેલા વિધિથી નાંદીમુખશ્રાદ્ધ તથા સ્વસ્તિવાચન કર્મ દીક્ષાના આગલા દિવસે કરવું, અથવા તેજ દિવસે કરવું.[૧૦] પ્રથમ મનોહર સર્વતોભદ્ર મંડળની સ્થાપના કરવી. તેના મધ્યે સુવર્ણના અથવા તાંબાના ઉત્તમ કળશની સ્થાપના કરવી.[૧૧] પછી તેમની આઠે દિશાના પડખે પોતાની શક્તિ પ્રમાણે તાંબાના કે માટીના શોભાયમાન બીજા આઠ કળશોની સ્થાપના કરવી.[૧૨] જળ ભરેલા અને અંદર રત્ન પધરાવેલા તેમજ પાંચ પલ્લવ મૂકેલા વસ્ત્રે સહિત પૂર્ણપાત્ર પધરાવેલા તે નવે કળશમાં દેવતાઓની સ્થાપના કરવી.[૧૩]

श्रीराधासहितं कृष्णं स्थापयेन्मध्यमे घटे । प्राच्यां कुम्भे स दुर्गां च दक्षिणे भास्करं तथा ॥ १४
प्रतीच्यां विघ्नराजं च शिवं सौम्यां घटे न्यसेत् । विष्वक्सेनं तथाऽऽग्नेय्यां नैर्ऋत्यां गरुडं च सः १५
वायव्यां च हनूमन्तं कलशे स्थापयेत्ततः । श्रीदामानं तथैशान्यां क्रमेण स यथाविधि ॥ १६
सुस्नातेनाथ शिष्येण स्वस्तिवाचनपूर्वकम् । वृद्धिश्राद्धं कारयित्वा हरेः पूजां विधापयेत् ॥ १७
भूतशुद्धिं तथा प्राणप्रतिष्ठा तान्त्रिकीं स च । कारयित्वा मातृकाणां न्यासांश्चावाहयेत्प्रभुम् ॥ १८
श्रीकृष्णाय नमस्तुभ्यं श्रीराधापतये नमः । नमस्ते धर्मधुर्याय नरनारायणाय च ॥ १९
एतेन मन्त्रेण च तमावाहनपुरस्कृतम् । भगवन्तं साङ्गदेवं पूजयेद्ब्राह्मणः सुधीः ॥ २०
उपचारैः षोडशभिर्मन्त्रैर्विष्णोश्च वैदिकैः । कारयित्वार्चनं वह्निं दक्षिणे स्थापयेद्धरेः ॥ २१
स्थापिते संस्कृते वह्नौ वैष्णवं श्रपयेच्चरुम् । प्रदीप्ते तत्र च ततो ध्यात्वा सम्पूजयेद्धरिम् ॥ २२

---

પૂજન કરાવતા બ્રાહ્મણે મધ્યના કળશમાં રાધા અને લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની સ્થાપના કરવી. પૂર્વ દિશાના કળશમાં દુર્ગાની સ્થાપના કરવી, દક્ષિણ દિશાના કળશમાં ભુવન ભાસ્કર સૂર્યનારાયણની સ્થાપના કરવી.[૧૪] પશ્ચિમ દિશાના કળશમાં વિઘ્નવિનાયક ગણપતિજીની સ્થાપના કરવી, ઉત્તર દિશાના કળશમાં શિવજીની, અગ્નિખૂણાના કળશમાં વિષ્વકશેનની તથા નૈઋૅત્ય ખૂણાના કળશમાં ગરૂડજીની સ્થાપના કરવી,.[૧૫]પછી વાયુખૂણાના કળશમાં હનુમાનજીની અને ઈશાન ખૂણાના કળશમાં શ્રીદામાનું સ્થાપન કરવું, આપ્રમાણે ક્રમથી વિધિપૂર્વક સ્થાપન કરવું.[૧૬]

હે પુત્રો ! ત્યારપછી પૂજન કરાવનારા વિપ્રે વિધિપૂર્વક સ્નાન કરીને આવેલા દીક્ષાર્થી શિષ્ય પાસે સ્વસ્તિવાચન અને વૃદ્ધિશ્રાદ્ધ કરાવીને ભગવાનની પૂજા કરાવવી.[૧૭] બ્રાહ્મણે પંચરાત્ર શાસ્ત્રમાં કહેલ ભૂતશુદ્ધિ, પ્રાણપ્રતિષ્ઠા તથા માતૃકાન્યાસ કરાવી શ્રીકૃષ્ણ ભગવાનનું આવાહન કરાવવું .[૧૮] કે હે શ્રીકૃષ્ણ ભગવાન ! તમને નમસ્કાર, હે શ્રીરાધિકાપતિ ! હે ધર્મધુરંધર ! હે નરનારાયણ ! તમને નમસ્કાર.[૧૯] આ પ્રમાણેના નામમંત્રોથી કે વેદોક્ત અથવા પુરાણોક્ત મંત્રોથી વિધિજ્ઞ બ્રાહ્મણે આવાહન કરાવવા પૂર્વક અંગદેવતાઓએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની શિષ્ય પાસે પૂજા કરાવવી.[૨૦] વેદોક્ત મંત્રોના માધ્યમથી ષોડશોપચારથી શ્રીવિષ્ણુ ભગવાનની આ રીતે પૂજા કરાવવી. પછી જમણા ભાગમાં અગ્નિની સ્થાપના કરાવવી.[૨૧] વેદિકામાં સ્થાપન કરેલા અને સંસ્કારમંત્રોથી શુદ્ધ કરેલા અગ્નિમાં વૈષ્ણવચરુને રાંધવો ને પછી પ્રજ્વલિત તે

समिदाज्यचरूणां च प्रत्येकं जुहुयात्ततः । आहुतीरष्टवर्णेन स चाष्टाधिकविंशतिम् ॥ २३
ततोऽङ्गदेवतादिभ्य एकैकां च घृताहुतिम् । हुत्वा पूर्णाहुतिं चासौ होमकर्म समापयेत् ॥ २४
महानीराजनं कृत्वा दत्त्वा पुष्पाञ्जलिं च सः । दण्डवत्प्रणमेच्छिष्यः प्रार्थयेच्च तमादरात् ॥ २५
वाणी गुणानुकथने श्रवणौ कथायां हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ।
स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ॥ २६
ततो बद्धाञ्जलिपुट एकाग्रमनसा हरिम् । स्तुवीत शिष्यः सानन्दं स्तोत्रमेतत् पठन् स्थितः ॥ २७
नवीनजीभूतसमानवर्णं रत्नोल्लसत्कुण्डलशोभिकर्णम् ।
महाकिरीटाग्रमयूरपर्णं श्रीराधिकाकृष्णमहं नमामि ॥ २८
निधाय पाणिद्वितयेन वेणुं निजाधरे शेखरयातरेणुम् । निनाद यन्तं च गतौ करेणुं श्री. ॥ २९

અગ્નિમાં શ્રીહરિનું ધ્યાન કરાવી પૂજા કરાવવી.[૨૨] પછી બ્રાહ્મણે સમિધ, ઘી, અને ચરુ આ પ્રત્યેકની અઠ્ઠાવીસ આહુતિઓનો શ્રીનારાયણના અષ્ટાક્ષરમંત્રથી હોમ કરાવવો. આ કનિષ્ઠ પક્ષ છે પરંતુ પ્રત્યેક આહુતિ એકસો ને આઠની આપવી તે ઉત્તમ પક્ષ કહેલો છે.[૨૩] હે પુત્રો !વળી તે બ્રાહ્મણે અંગદેવતાઓને પણ એકએક ઘી ની આહુતી અપાવવી પુર્ણાહુતિનો હોમ કરાવી હોમકર્મની સમાપ્તિ કરાવવી.[૨૪] પછી શિષ્યે મહાઆરતી ઊતારી પુષ્પાંજલી અર્પણ કરી દંડવત પ્રણામ કરવા ને ભગવાન શ્રી કૃષ્ણની અતિશય આદરપુર્વક પ્રાર્થના કરવી.[૨૫] તે પ્રાર્થના કરતા બોલવું કે "હે શ્રીકૃષ્ણ !મારી વાણી તમારા ગુણાનુંવાદનું જ એક ગાન કરે.મારા કાન તમારી કથાનું શ્રવણ કરે.મારા હાથ સદાય તમારી સેવા રૂપ ક્રિયા જ કરે.મારુ મન સદાય તમારા ચરણ કમળનું જ ચિંતવન કરે.મારુ મસ્તક તમારા નિવાસના સ્થાનભૂત આ જગતને પ્રણામ કરે.કારણકે તમે સર્વમાં અંતર્યામી પણે વિરાજો છો, તેથી કોઇ નો મારાથી દ્રોહ ન થાય એવી કૃપા કરજો. મારા નેત્રોની વૃત્તિ તમારી મૂર્તી નાં અને તમારા સત્પુરૂષોનાં દર્શનમાં જ સ્થિર રહે. "[૨૬] આ પ્રમાણે સ્તુતિ કરી શિષ્યે બે હાથ જોડી ઊભા થવું ને આગળ કહું એ સ્તોત્રનો પાઠ કરતાં એકાગ્ર મનથી આનંદે સહિત ભગવાન શ્રીહરિની સ્તતિ કરવી.[૨૭]

**નવીનજીમૂત.....સ્ત્રોત :–** નવીન મેઘની સમાન શ્યામ સુંદર વર્ણવાળા, રત્નજડિત તેમજ ચળકતા કુંડળોથી શોભતા કર્ણવાળા, અગ્રભાગમાં ખોસેલા મયૂરપીંછથી શોભતા મુગટવાળા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૨૮] પુષ્પના તોરાઓમાંથી પડતા પરાગની ધૂલિથી

विशुद्धहेमोज्ज्वलपीतवस्त्रं हतारियूथं च विनापि शस्त्रम् । व्यर्थीकृतानेकसुरद्विडस्त्रं श्री. ॥ ३०
अधर्मतिष्यार्दितसाधुपालं सद्धर्मवैरासुरसङ्घकालम् । पुष्पादिमालं व्रजराजबालं श्री. ॥ ३१
गोपीप्रियारम्भितरासखेलं रासेश्वरीरञ्जनकृत्प्रहेलम् । स्कन्धोल्लसत्कुङ्कुमचिह्नचेलं श्री. ॥ ३२
वृन्दावने प्रीततया वसन्तं निजाश्रितानापद उद्धरन्तम् । गोगोपगोपीरभिनन्दयन्तं श्री. ॥ ३३
विश्वद्विषन्मन्मथदर्पहारं संसारिजीवाश्रयणीयसारम् । सदैव सत्पूरुषसौख्यकारं श्री. ॥ ३४
आनन्दितात्मव्रजवासितोकं नन्दादिसन्दर्शितदिव्यलोकम् ।
विनाशितस्वाश्रितजीवशोकं श्रीराधिकाकृष्णमहं नमामि ॥ ३५

---

સુગંધીમાન થયેલ વેણુને બન્ને કરકમળથી પોતાના અધરોષ્ઠ ઉપર ધારણ કરી વગાડતા તેમજ ગજગતિની ચાલે ચાલતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૨૯] વિશુદ્ધ સુવર્ણ સમાન ઉજ્જવલ પીતાંબરને ધારણ કરતા, શસ્ત્ર વિના પણ અસુરોના સમુદાયનો વિનાશ કરતા તેમજ અનેક અસુરોના અસ્ત્રોને વ્યર્થ કરી મૂકતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૦] અધર્મ અને કલિયુગથી પીડાતા સાધુપુરુષોનું પાલન કરતા, સદ્ધર્મના વૈરી અસુર સમુદાયના કાળ સ્વરૂપ, કંઠમાં પુષ્પની માળાઓને ધારણ કરતા તેમજ વ્રજરાજ નંદજીના બાળ એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૧] ગોપીજનોનું પ્રિય કરવા રાસક્રીડાનો પ્રારંભ કરતા, રાસેશ્વરી રાધાને રંજન કરવા રતિભાવનો આવિષ્કાર કરતા તેમજ ખભા ઉપર શોભતા રાસેશ્વરી રાધાના કુંકુમના ચાંદલાના ચિહ્નવાળા પટકાને ધારણ કરતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૨] પોતાના ભક્ત ગોપગોપીજનો ઉપર અતિશય પ્રીત લાવી વૃંદાવનમાં નિવાસ કરી રહેલા, પોતાના આશ્રિત ગોપગોપીજનોને આવી પડેલ અનેક આપત્તિઓમાં તેઓનો ઉદ્ધાર કરતા, તેમજ તે ગાયો, ગોપો અને ગોપીઓને આનંદ ઉપજાવતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૩] સમસ્ત વિશ્વના વેરી ને મનનું મંથન કરતા કામદેવના ગર્વને હરતા, સંસારીજીવોને આશ્રય કરવા યોગ્ય, બળવાન સ્વરૂપવાળા, તેમજ સદાય સત્પુરુષોને સુખ ઉપજાવતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૪] રમતની સાથે દિવ્ય ઐશ્વર્યનું પ્રદર્શન કરાવી પોતાના વ્રજવાસી બાલમિત્રોને આનંદ ઉપજાવતા, નંદરાય આદિ ગોવાળોને પોતાના દિવ્ય લોકનું દર્શન કરાવતા અને

ततश्चोपविशेतां तौ गुरुशिष्यौ सुशोभिते । देवपीठाग्निवेद्योस्तु मध्यस्थाने समाहितौ ॥ ३६
सुस्नातोऽथ गुरुस्तत्र कृतनित्यविधिः शुचिः । कुशाजिनोर्णान्यतमे निषीदेदासने शुभे ॥ ३७
तथाविधासने शिष्यः श्वेतवासा अलंकृतः । चन्दनाद्यैरुपविशेत्प्रणमेत्तं च सद्गुरुम् ॥ ३८
श्वेते धौते नूत्नवस्त्रे गुरुस्तं परिधापयेत् । वध्नीयात्तुलसीमाले कण्ठे चास्य ततः शुभे ॥ ३९
कृष्णपूजावशिष्टेन कैसरेण सुगन्धिना । कारयेच्चन्दनेनासावूर्ध्वपुण्ड्रचतुष्टयम् ॥ ४०
ततो गोपीचन्दनेन तद्बाह्वोर्दक्षवामयोः । कृष्णस्य चक्रशङ्खाभ्यां हेतुभ्यामङ्कयेद्गुरः ॥ ४१
प्राङ्मुखस्याथ शिष्यस्य बद्धाञ्जलिपुटस्य सः । उदङ्मुखो गुरुर्दक्षे कर्णे मन्त्रमुपादिशेत् ॥ ४२
अष्टाक्षरं महामन्त्रं सह ऋष्यादिभिर्गुरुः । शिष्याय दद्याच्छ्रीकृष्णं हृदि ध्यायन्समाहितः ॥ ४३
अस्य श्रीकृष्णमन्त्रस्य छन्दोऽनुष्टुप च नारदः । ऋषिश्च देवता कृष्णस्तत्प्रीत्यै विनियोजनम् ॥ ४४

---

**પોતાના આશ્રયે રહેલા જીવોના શોકનો વિનાશ કરતા એવા શ્રીરાધિકાજીના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.[૩૫]**

**હે પુત્રો ! આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી બન્ને ગુરુશિષ્યે એકાગ્ર ચિત્તવાળા થઈ સુશૌભિત દેવપીઠ તથા અગ્નિકુંડના મધ્યસ્થાને બેસવું.[૩૬] તેમાં સ્નાન કરી પવિત્ર થઈ નિત્યવિધિ કર્યા પછીથી પધારેલા ગુરુએ એ સ્થાનમાં દર્ભનું આસન કે મૃગચર્મ કે ઊનના આસન ઉપર બેસવું.[૩૭] શ્વેત વસ્ત્રો ધારણ કરી રહેલા અને ભગવાનના પ્રસાદી ચંદનાદિથી અલંકૃત થયેલા શિષ્યે પણ એવા જ પ્રકારના કોઈ એક આસન ઉપર બેસવું ને સદ્ગુરુને પ્રણામ કરવા.[૩૮] તે સમયે ગુરુએ ધોયેલાં બે શ્વેત નવીન વસ્ત્રો શિષ્યને ધારણ કરાવવાં, એના કંઠમાં શોભાયમાન તુલસીની બેવળી કંઠી બંધાવવી.[૩૯] તેમજ ગુરુએ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતાં બચેલા કેસરયુક્ત સુગંધીમાન ચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક શિષ્યને ચાર જગ્યાએ કરાવવાં.[૪૦] પછી ગુરુએ ચંદનથી શ્રીકૃષ્ણ ભગવાનના આયુધ સ્વરૂપે રહેલા શંખ, ચક્ર, ગદા અને પદ્મથી શિષ્યના ડાબા જમણા બાહુમાં અંકન કરાવવું.[૪૧] હે પુત્રો ! પછી ગુરુએ ઉત્તર દિશા સન્મુખ બેસી પૂર્વાભિમુખે બે હાથજોડી બેઠેલા શિષ્યના જમણા કાનમાં મંત્રનો ઉપદેશ કરવો.[૪૨] તે પણ ગુરુએ સાવધાનપણે હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતાં કરતાં ઋષિ આદિકના સ્મરણ સાથે મહાદીક્ષાનો અષ્ટાક્ષરમંત્ર શિષ્યને પ્રદાન કરવો.[૪૩] મહામંત્રના ઋષિ આદિકનું સ્મરણ આ પ્રમાણે કરવું, કે આ અષ્ટાક્ષર મંત્રના ઋષિ નારદજી છંદ અનુંષ્ટુપ,દેવતા શ્રીકૃષ્ણ છે.એ શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે હું એમનો જપમાં વિનિયોગ**

त्रिवारमुपदिश्यासौ यथापूर्वमुपाविशेत् । ततस्तस्मै पालनीयान्सर्वान् धर्मानुपादिशेत् ॥ ४५
ऊर्ध्वपुण्ड्राणि तुलसीमाले त्वं तात ! धारयेः । नित्यं कुर्या विष्णुपूजां त्रिकालं सकृदेव वा ॥ ४६
तत्रोर्ध्वपुण्ड्रं कर्तव्यं सन्ध्यापूजादिकर्मसु । मृदैव सितया वत्स ! गोपीचन्दनसंज्ञया ॥ ४७
अंगुल्यैव च तत्कार्यं दण्डाकारं सुशोभनम् । सच्छिद्रं नासिकामूलाल्ललाटे त्वाकचोदयात् ॥ ४८
एवं हृदि च कर्तव्यं पुण्ड्रं बाहुद्वये तथा । द्विजातीनां त्विह प्रोक्तमूर्ध्वपुण्ड्रचतुष्टयम् ॥ ४९
हरिमभ्यर्च्य तिलकं कर्तव्यं चन्दनेन च । प्रासादिकेन रुचिरं दृष्ट्वाऽऽदर्शे सचन्द्रकम् ॥ ५०
अथवा चन्द्रकं कुर्याः कुंकुमेन सुशोभनम् । हृदये बाहुयुग्मे च तथा पुण्ड्रं सचन्द्रकम् ॥ ५१
ललाटे वासुदेवं च ध्यायन्सङ्कर्षणं हृदि । प्रद्युम्नं चानिरुद्धं च तत्कुर्यास्त्वं भुजद्वये ॥ ५२
माले च कण्ठलग्ने द्वे तुलसीकाष्ठजे त्वया । यज्ञोपवीतवद्धार्ये सूक्ष्मे नित्यं च पुत्रक ! ॥ ५३

---

કરું છું.[૪૪] (સામાન્ય દીક્ષામાં પણ આ વિનિયોગ કરવો.) ગુરુએ ત્રણ વખત આ મહામંત્રનો શિષ્યના જમણા કાનમાં ઉપદેશ કરી પૂર્વની માફક બેસવું. ત્યારપછી જીવન પર્યંત પાલન કરવા યોગ્ય સર્વે ધર્મોનો શિષ્યને ઉપદેશ કરવો.[૪૫]

**મહાદીક્ષા પામેલા શિષ્યને ઉપદેશ :–** હે પુત્રો ! ગુરુએ ઉપદેશ કરતાં કહેવું કે, હે શિષ્ય ! તમારે ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. ત્રણવખત વિષ્ણુની પૂજા કરવી, અથવા એકવાર કરવી.[૪૬] સંધ્યાવંદન પૂજા આદિક કર્મ કરતી વખતે ગોપીચંદન નામની શ્વેત માટીથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું.[૪૭] એ તિલક દંડના જેવી આકૃતિવાળું, સુશોભીત, મધ્યે અવકાશવાળું ને નાસિકાના મૂળભાગથી આરંભીને કેશ પર્યંત લલાટમાં તર્જની આંગળીથી કરવું.[૪૮] એજ રીતે હૃદયમાં તથા બન્ને બાહુમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. આ ઉદ્ધવસંપ્રદાયમાં ત્રણ વર્ણના દ્વિજાતિઓને ચાર જગ્યાએ તિલક કરવાનું શાસ્ત્રમાં કહેલું છે.[૪૯] ભગવાનનું પૂજન કર્યા પછી બચેલા પ્રસાદીના ચંદનથી ચાંદલાએ સહિત સુંદર ઊર્ધ્વપુંડ્ર તિલક અરીસામાં જોઈને કરવું.[૫૦] અથવા તિલકની મધ્યે ગોળાકાર ચાંદલો કુંકુંમ થી કરવો, તેજ રીતે હૃદય અને બન્ને બાહુમાં પણ ચાંદલાએ સહિત તિલક કરવું.[૫૧] તેમાં શ્રીવાસુદેવનો મંત્ર બોલી તેમનું ધ્યાન કરતાં કરતાં ભાલમાં, સંકર્ષણનું ધ્યાન કરતાં હૃદયમાં, પ્રદ્યુમ્નનું ધ્યાન કરતાં જમણા બાહુમાં અને અનિરુદ્ધનું ધ્યાન કરી ડાબા બાહુમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.[૫૨]

હે શિષ્ય ! તમારે તુલસીના કાષ્ઠની બેવળી સૂક્ષ્મ કંઠી કંઠમાં નિરંતર યજ્ઞોપવિતની જેમ ધારણ કરવી, નિત્ય ધારણ કરવાનું કારણ કોઈપણ પવિત્ર

हरेः प्रासादिकीं मालां तुलसीकाष्ठजां भवान् । नवीनां धारयेद्यर्हि तदा मन्त्रमिमं पठेत् ॥ ५४
तुलसीकाष्ठसम्भूते ! माले ! कृष्णजनप्रिये ! । बिभर्मि त्वामहं कण्ठे कुरु मां कृष्णवल्लभम् ॥ ५५
यथालब्धोपचारैश्च कर्तव्यं विष्णुपूजनम् । द्रव्याभावे तु मन्त्रेण तत्कार्यं दम्भवर्जितम् ॥ ५६
शालग्रामशिलापूजा कर्तव्या ब्राह्मणेन तु । श्रीकृष्णप्रतिमैवार्च्या दीक्षितेनेतरेण तु ॥ ५७
पूजनान्ते भगवंतो योऽद्य लब्धो महामनुः । जपनीयो यथाशक्ति स त्वया वाञ्छितार्थदः ॥ ५८
यथाशक्ति यथाबुद्धि जपान्तेऽनुदिनं त्वया । कर्तव्यो दशमस्कन्धाध्यायपाठो ह्यनापदि ॥ ५९
कालीभैरवभूतादि भये क्वचिदुपस्थिते । श्री नारायणवर्मैव जपेस्त्वं प्रयतः शुचिः ॥ ६०
सायं मन्त्रजपश्चापि कर्तव्यः शक्तितस्त्वया । वृथाकालो न नेतव्यो हरिसम्बन्धमन्तरा ॥ ६१
विष्णोः कथायाः श्रवणं कीर्तनं ध्यानमर्चनम् । कुर्या नित्यमुदासीनः प्रवृत्तखिलकर्मसु ॥ ६२

---

અપવિત્ર ક્રિયામાં પણ કંઠી કાઢવી નહિ, અને યજ્ઞોપવિતની જેમ કંઠી વિના પગલું પણ ભરવું નહિ.[૫૩] તમે જ્યારે ભગવાનની પ્રસાદી કરાવી નવી કંઠી કંઠમાં ધારણ કરો ત્યારે આ મંત્ર બોલવો કે, 'હે તુલસીના કાષ્ઠમાંથી તૈયાર કરવામાં આવેલી માલા ! હે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય ! હું તને મારા કંઠમાં ધારણ કરૂં છું. હું પણ તારી જેમ શ્રીકૃષ્ણ ભગવાનને વ્હાલો થાઉં એમ મારી ઉપર દયા કર.'[૫૪-૫૫] પછી હે શિષ્ય ! જે સમયે જે પ્રાપ્ત થયેલા ચંદન પુષ્પાદિક ઉપચારોથી ભગવાનની પૂજા કરવી, કદાચ ક્યારેક પૂજાને યોગ્ય પદાર્થ ન મળે તો નિર્દંભપણે માત્ર મંત્રનો ઉચ્ચાર કરી પૂજા કરવી.[૫૬] હે શિષ્ય ! શાલિગ્રામની પૂજા માત્ર બ્રાહ્મણવર્ણવાળાએ જ કરવી. મહાદીક્ષા પ્રાપ્ત કરી હોય છતાં ક્ષત્રિય અને વૈશ્યે તો શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાનું જ પૂજન કરવું.[૫૭] હે શિષ્ય ! આ જે તમને મહામંત્ર આપવામાં આવ્યો છે, તે સમગ્ર મનોવાંછિત અર્થને પૂર્ણ કરનારો છે. તેથી ભગવાનની પૂજા કર્યા પછી તમારે યથાશક્તિ તેનો જપ કરવો.[૫૮] અને જપ કર્યા પછી, કોઈ આપત્કાળ ન હોય તો દશમસ્કંધના એક અધ્યાયનો પાઠ કરવો, અને આપત્કાળમાં પાઠનો કોઈ નિયમ નથી.[૫૯] ક્યારેક કાલિકા, ભૈરવ, ગ્રહ કે ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય તો પવિત્ર થઈ સ્વસ્થચિત્તે નારાયણ કવચનો જપ કરવો.[૬૦] સાયંકાળે પણ તમારી શક્તિ પ્રમાણે આ મહામંત્રનો જપ કરવો. પરંતુ ભગવાનની કથા વાર્તા આદિકના સંબંધ વિના વ્યર્થ કાળ જવા દેવો નહિ.[૬૧] વિષ્ણુ ભગવાનની કથાનું નિરંતર શ્રવણ કરવું, ગુણોનું સંકીર્તન કરવું, ભગવાનનું ધ્યાન, પૂજન, દંડવત્ પ્રણામ વગેરેમાં પ્રવૃત્ત રહેવું. પરંતુ બીજી ક્રિયામાં ઉદાસી રહેવું.[૬૨]

अनापदि स्पृशेर्नैव सधवामपि योषितम् । प्रासादिकं विना विष्णोर्न पत्रमपि भक्षयेः ॥ ६३
निवेदितं यदन्नादि वासुदेवाय तेन च । देवानन्यान् पितॄंश्चापि यथाकालं यजेद्भवान् ॥ ६४
चातुर्मास्योर्जमाघेषु विशेषनियमांश्चरेः । प्रत्यक्षं लवणं त्वं च न गृह्णीयाश्च भोजने ॥ ६५
मलोत्सर्गे कटिस्नानमनापदि समाचरेः । विनोदकं न कुर्याश्च मूत्रकर्माप्यनापदि ॥ ६६
ब्राह्मे मुहूर्ते निद्रां त्वं सर्वथैव त्यजेः सदा । आदिमं याममुल्लङ्घ्य शयनं निशि चाचरेः ॥ ६७
दशमीष्वथ सर्वासु पारणादिवसेषु च । दिवानिद्रां त्यजेर्विष्णोर्व्रतोत्सवदिनेषु च ॥ ६८
दिवा निशि च भुञ्जीथा न दिवा द्विस्तथा निशि । पारतन्त्र्येऽथ रोगादौ द्विर्भुक्तिर्नात्र दुष्यति ॥ ६९
प्रेतान्नं नैव भोक्तव्यं संस्कारान्नं तथैव च । आसन्नसम्बन्धिगृहे दोषो नास्ति च तद्भुजौ ॥ ७०
धर्मशास्त्रेण विहितान्स्वधर्मानितरानपि । पालयन्सर्वकालं त्वं कृष्णभक्तिं समाचरेः ॥ ७१

---

હે શિષ્ય ! આપત્કાળ પડ્યા વિના અન્ય સધવા સ્ત્રીઓનો પણ સ્પર્શ ન કરવો, ભગવાનની પ્રસાદી વિનાનું એક પાંદડું પણ જમવું નહિ.[૬૩] અને જળ પણ પીવું નહિ, અન્નાદિ જે કાંઇ હોય તેનું પ્રથમ શ્રીવાસુદેવ ભગવાનને નિવેદન કરીને તે અન્નાદિક વડે ઈતર દેવતાઓનું પૂજન કે પિતૃઓનું તર્પણ કરવું.[૬૪] તમારે ચાતુર્માસ, કાર્તિક માસ અને માઘમાસમાં પણ વિશેષ નિયમોનું આચરણ કરવું. ભોજનના પાત્રમાં પ્રત્યક્ષ મીઠું ગ્રહણ કરવું નહિ.[૬૫] મળનો ત્યાગ કર્યો હોય ત્યારે કેડ સુધી સ્નાન કરવું, આપત્કાળમાં સ્નાન ન કરે તો તેનો કોઈ બાધ નથી. તેમજ આપત્કાળ પડ્યા વિના જળ ન હોય તો મૂત્રનો પણ ત્યાગ ન કરવો.[૬૬] તમારે સર્વકાળે બ્રાહ્મમુહૂર્તમાં જ નિદ્રાનો સર્વથા ત્યાગ કરી દેવો, રાત્રીનો પહેલો યામ વીતે પછી શયન કરવું.[૬૭] સર્વે દશમી, બારસ અને એકાદશી તિથિઓ કે જન્માષ્ટમી આદિ વ્રતના દિવસોમાં દિવસની નિદ્રાનો ત્યાગ કરી દેવો.[૬૮] દિવસે એકવાર ભોજન કરવું, અને રાત્રે એકવાર ભોજન કરવું પરંતુ દિવસે બેવાર ભોજન કરવું નહિ, તેમ છતાં રોગાદિ આપત્કાળમાં કે પરતંત્રતાને લીધે રાત્રે કે દિવસે બેવાર ભોજન લેવાય તેનો દોષ નથી. [૬૯]શ્રાદ્ધનું પ્રેતાન્ન જમવું નહિ, સંસ્કાર નિમિત્તે અપાતું અન્ન જમવું નહિ, પરંતુ સમીપના સંબંધીના ઘેર પ્રેતાન્ન કે સંસ્કારનું અન્ન જમવામાં દોષ નથી.[૭૦]

હે શિષ્ય ! ધર્મશાસ્ત્રે પ્રતિપાદન કરેલા દાન, તીર્થાટન, સેવા આદિક ઈતર સ્વધર્મોનું પણ પાલન કરવું, ને સર્વકાળે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવી.[૭૧] પોતાના આત્માને ચૈતન્ય સ્વરૂપ અને જાગ્રતાદિ ત્રણે અવસ્થાનો સાક્ષી જાણવો

चिद्रूप आत्मा विज्ञेयः साक्ष्यवस्थात्रयस्य च । देहेन्द्रियमनः प्राणबुद्ध्यादीनां प्रकाशकः ॥ ७२
न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ ७३
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ ७४
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च । नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ ७५
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते । ज्ञातव्यो ब्रह्मरूपोऽयं सच्चिदानन्दलक्षणः ॥ ७६
आत्मना ब्रह्मरूपेण विशुद्धेनाक्षरेण च । कृष्णमेव परं ब्रह्म हृत्पद्मे चिन्तयेः सदा ॥ ७७
सन्त एव सदा सेव्यास्तदुक्ता नियमास्तथा । पालनीयाः प्रयत्नेन ब्रह्मचर्यादयस्त्वया ॥ ७८
सर्वात्मना श्रितः कृष्णं त्वमसि ह्यम्बरीषवत् । अत आत्मनिवेदीति ख्यातो भुवि भविष्यसि ॥ ७९

---

**અને ત્રણ શરીર, નેત્રાદિ ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રાણ તેનો પ્રકાશક જાણવો.[૭૨] આ જીવાત્મા ક્યારેય જન્મતો નથી ને મરતો પણ નથી. આત્મા કલ્પની આદિમાં ઉત્પત્તિ પામે અને કલ્પના અંતે ભવિષ્યમાં મરે એવો નથી. એતો સદાય અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે, તેથી શરીરના હણવે કરીને આત્મા હણાતો નથી.[૭૩] શસ્ત્રો તેને કાપી શકતા નથી. અગ્નિ બાળી શકતો નથી. જળ ભીંજાવી શકતું નથી, પવન તેને સૂકાવી શકતો નથી.[૭૪] તેથી આ આત્મા અછેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોષ્ય કહ્યો છે. તે નિત્ય છે, કર્મને અનુસારે સર્વ જગ્યાએ ગતિ કરે છે. સ્થિર, અચળ અને સનાતન છે.[૭૫] અવ્યક્ત, અચિંત્ય અને અવિકારી આ આત્મા કહેલો છે. આ આત્મા બ્રહ્મરૂપ, સત્, ચિત્ ને આનંદરૂપ લક્ષણવાળો જાણવો.[૭૬] હે શિષ્ય ! આવા હૃદયકમળમાં રહેલા પોતાના આત્માને વિષે વિશુદ્ધ અક્ષરબ્રહ્મની ભાવના કરી તેમાં નિત્યે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતવન કરવું.[૭૭] તમારે સર્વદા સંતોની સેવા કરવી, તથા તે સંતોએ બતાવેલા બ્રહ્મચર્યાદિ નિયમોનું પ્રયત્ન પૂર્વક પાલન કરવું.[૭૮] અને તમે પણ અંબરીષ રાજાની પેઠે સર્વપ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રિત થયા હોવાને કારણે પૃથ્વી પર આત્મનિવેદી ભક્ત કહેવાશો.[૭૯]**

**ઈશ્વરબુદ્ધિથી ગુરુસેવનના પ્રતાપે પ્રાપ્ત થતા ગુણોનું વર્ણન :–** **ભગવાન શ્રીહરિ કહે છે, હે પુત્રો ! આ પ્રમાણે ગુરુ ઉપદેશ કરે તેને શિષ્ય પોતાના મસ્તક પર ધારણ કરે ને પછી વસ્ત્રો, ચંદન, પુષ્પ, ધન, આદિકથી પોતાની શક્તિ પ્રમાણે ગુરુનું પૂજન કરે.[૮૦] ગાય, પૃથ્વી, સુવર્ણ, આંબાનું વન, અશ્વ,**

इत्याज्ञां शिरसादाय शिष्यः सम्पूज्येद्गुरुम् । वस्त्रैश्चन्दनपुष्पैश्च यथाशक्ति धनेन च ॥ ८०
गोभूहिरण्यविपिनमश्ववाटी गृहं च वा । अक्लेशादन्नवस्त्रादि स्वशक्त्यागुरवेऽर्पयेत् ॥ ८१
ततश्चन्दनपुष्पाद्यैरन्नैर्दक्षिणया च सः । साधूनन्यांश्च विप्रांश्च पूजयित्वाभिवादयेत् ॥ ८२
दीक्षितं तं ततो ब्रूयाद्विधिज्ञः स द्विजोत्तमः । भद्रं तेऽस्तु महाभाग ! धन्योऽसि कुलपावनः ॥ ८३
प्रसादात्सद्गुरोरेव त्वन्मनोरथपादपः । भविष्यत्येव सफलः परं सुखमवाप्स्यसि ॥ ८४
सुखमूलं हि विज्ञानं तत्तु लभ्येत सद्गुरोः । ततस्तमेव सेवेत मुमुक्षुः संयतेन्द्रियः ॥ ८५
असङ्कल्पाज्जयेत्कामं क्रोधं कामविवर्जनात् । अर्थानर्थेक्षया लोभं भयं तत्त्वावमर्शनात् ॥ ८६
आन्वीक्षिक्या शोकमोहौ दम्भं महदुपासया । योगान्तरा यान्मौनेन हिंसां कायाद्यनीहया ॥ ८७
कृपया भूतजं दुःखं दैवं जह्यात्समाधिना । आत्मजं योगवीर्येण निद्रां सत्त्वनिषेवया ॥ ८८

---

**વાડી, ઘર અને અન્નવસ્ત્રાદિક જે કાંઈ હોય તે કલેશ પામ્યા વિના પોતાની શક્તિ પ્રમાણે ગુરુને અર્પણ કરે.[૮૧] પછી દીક્ષા પામેલો શિષ્ય ચંદન પુષ્પાદિકે કરીને તથા અન્નદક્ષિણાદિકવડે સાધુ તથા બ્રાહ્મણોનું યથાયોગ્ય પૂજન કરી તેમને નમસ્કાર કરે. પછી વિધિને જાણનારા ને દીક્ષાવિધિકર્મમાં વરેલા બ્રાહ્મણે તે દીક્ષા પામેલા શિષ્યને કહેવું કે, હે મહાભાગ ! તમારું કલ્યાણ થાઓ. તમે ધન્ય છો, કૃતાર્થ છો, તમે તમારા કુળને પાવન કર્યું છે.[૮૩] આ સદ્‌ગુરુની કૃપાથી તમારા સર્વે મનોરથો સફળ થશે, તમે પરમ સુખને પામશો.[૮૪] સુખનું મૂળ તો શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું વિજ્ઞાન છે. એ વિજ્ઞાન સદ્‌ગુરુના માધ્યમથી પ્રાપ્ત થાય છે. તેથી ઈન્દ્રિયોમાં સંયમ કેળવી મુમુક્ષુ શિષ્યે ગુરુનું સેવન કરવું જોઈએ.[૮૫] શિષ્ય ગુરુ થકી પ્રાપ્ત થયેલા ભગવાનના માહાત્મ્યના જ્ઞાને કરીને સ્ત્રી આદિકના સંકલ્પો ટળી જતાં કામ ઉપર વિજય મેળવે છે, તેથી વિવેક અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. અને તેણે કરીને ક્રોધ ઉપર વિજય મેળવે છે. ધનમાં પંદર અનર્થોનું દર્શન કરવાથી લોભ ઉપર વિજય મેળવે છે. બ્રહ્મની સાથે પોતાની એકાત્મતારૂપ તત્ત્વનો વારંવાર વિચાર કરવાથી ભય ઉપર વિજય મેળવે છે.[૮૬] આત્મા-અનાત્માના વિવેકનો વિચાર કરવાથી શોક અને મોહ ઊપર વિજય મેળવે છે.મહાપુરુષોના સેવનથી દંભ ઉપર વિજય મેળવે છે. ભક્તિયોગમાં અંતરાય કરતા અવરોધો ઉપર મૌનથી વિજય મેળવે છે. કાયા આદિકની ચંચળતા છોડી પરપીડનરૂપ હિંસા ઉપર વિજય મેળવે છે.[૮૭] મનુષ્યાદિ ભૂત પ્રાણીમાત્ર થકી આવતા દુઃખને તેમના ઉપર કૃપાદષ્ટિ વરસાવી વિજય મેળવે છે. વૃથા મનની પીડા આદિ દૈવ દુઃખને મનને સમાધિથી**

रजस्तमश्च सत्त्वेन सत्त्वं चोपशमेन च । एतत्सर्वं गुरौ भक्त्या पुरुषो ह्यञ्जसा जयेत् ॥ ८९
यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ ९०
भजस्व परया भक्त्या ततस्त्वं गुरुमीश्वरम् । एवमुक्त्वा देवतानां द्विजः कुर्याद्विसर्जनम् ॥ ९१
हैमीं सोपस्करां मूर्तिमन्नं वस्त्रादि दक्षिणाम् । तस्मै दद्याच्च विप्राय शिष्योऽसौ कर्मकारिणे ॥ ९२
दीक्षादानदिने शिष्यो न गुरुश्चाप्युपावसेत् । एकादशीव्रतादौ तु फलाद्याहारमाहरेत् ॥ ९३
सामान्यां महतीं वापि गृह्णीयादौद्धवीं तु यः । दीक्षामेतां स्वशक्त्याऽसौ साधून्विप्रांश्च भोजयेत् ॥ ९४
दीक्षामेवं हि सम्प्राप्य धर्मानैकान्तिनां गृही । स्वाश्रमस्थोऽभ्यसेन्नित्यं तीर्थसेवापरायणः ॥ ९५
तीर्थान्यपि द्विधा सन्ति स्थावराणि जगन्ति च । आद्यानि गङ्गामुख्यानि तत्रान्यानि च साधवः ॥ ९६

---

આત્મ સ્વરૂપમાં સ્થિર કરી છોડી દે છે. પ્રાણાયામ આદિ યોગના બળથી પોતાના દૈહિક દુઃખનો ત્યાગ કરે છે. સાત્વિક આહાર કરી નિદ્રાનો ત્યાગ કરે છે.[૮૮] સત્ત્વગુણની વૃત્તિ કેળવી રજોગુણ અને તમોગુણ ઉપર વિજય મેળવે છે. અને આત્મસ્વરૂપમાં ઉપશમ સ્થિતિ પ્રાપ્ત કરવા પૂર્વક તેના સંકલ્પનો ત્યાગ કરી સત્ત્વગુણ ઉપર વિજય મેળવે છે. ઉપરોક્ત સર્વે ગુણો મુમુક્ષુ શિષ્ય ગુરુને વિષે ઈશ્વરબુદ્ધિ રાખી તેની કાયા, મન, વાણીથી સેવા કરે તો સરળતાથી મેળવી શકે છે.[૮૯]

જે શિષ્યને જેવી પરમેશ્વર એવા દેવને વિષે સર્વોત્કૃષ્ટ ભક્તિ છે, તેવી જ ભક્તિ ગુરુને વિષે થાય છે, ત્યારે ઉદાર મનવાળા તે શિષ્યને વિષે પૂર્વે કહ્યા જે કામાદિક ઉપર વિજયરૂપ ગુણો તે આપો આપ પ્રકાશે છે. અર્થાત્ તે શિષ્યમાં ઉત્પન્ન થાય છે.[૯૦] તેથી હે શિષ્ય ! તમે પણ ગુરુરૂપ પરમેશ્વરની સર્વોત્તમ ભાવથી ભક્તિ કરો. આ પ્રમાણે પૂજન કરાવનારા વિપ્રે ઉપદેશ કરી સ્થાપિત દેવતાઓનું વિસર્જન કરાવવું.[૯૧] હે પુત્રો ! ત્યારપછી દીક્ષાવિધિ કરાવનારા બ્રાહ્મણને શિષ્યે સમસ્ત ઉપકરણોની સાથે ભગવાન શ્રીકૃષ્ણની સુવર્ણની પ્રતિમા, અન્ન, વસ્ત્ર, તેમજ દક્ષિણા અર્પણ કરવી.[૯૨] ગુરુએ અને શિષ્યે દીક્ષા આપવાના દિવસે ઉપવાસ ન કરવો. જો એકાદશી આદિક વ્રતનો દિવસ હોય તો પણ ફલાહારનો આહાર કરવો.[૯૩] જે શિષ્ય ઉદ્ધવસંપ્રદાયની સામાન્ય કે મહાદીક્ષા આચાર્ય પાસેથી સ્વીકારે તે દિવસ સાધુ અને બ્રાહ્મણોને પોતાની શક્તિ અનુસાર ભોજન કરાવે.[૯૪] આ પ્રમાણે મહાદીક્ષાને પ્રાપ્ત કરી ગૃહસ્થે પોતાના ગૃહસ્થાશ્રમમાંજ રહીને તીર્થો પ્રત્યે સેવા પરાયણ રહીને એકાંતિક ધર્મોનો અભ્યાસ કરવો.અર્થાત ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવાનો અભ્યાસ કરવો.[૯૫] તીર્થોની સેવા

स्थावराणि तु सेवेत स्नानदर्शनवन्दनैः । जगन्ति तत्कथाश्रुत्या दर्शनार्चनभोजनैः ॥ ९७
त्रैवर्णिकस्य गृहिणः प्रोक्त इत्थं विधिर्मया । दीक्षाया अथ शूद्रस्य विशेषः कश्चिदुच्यते ॥ ९८
दीक्षां जिघृक्षुं सच्छूद्रमाचार्यः पूर्ववासरे । उपोषणं कारयित्वा कारयेत् कृष्णपूजनम् ॥ ९९
मन्त्राः पौराणिकाः पाठ्यास्त क्वापि न वैदिकाः । श्रीकृष्णाय नम इति होमे पाठ्यः षडक्षरः ॥ १००
स्वाहाकारो न वक्तव्यं शूद्रस्यानधिकारतः । तमङ्कयित्वोपदिशेदष्टवर्णं मनुं गुरुः ॥ १०१
गृहस्थविहितान् र्मांस्ततस्तस्मा उपादिशेत् । शूद्राणां विधिरित्युक्तो वच्म्यनाश्रमिणोऽथ तम् ॥ १०२
दीक्षामिमां ये गृहिणो गृहीत्वा भजन्ति कृष्णं निजधर्मसंस्थाः ।
ते पूरुषास्त्यागिजनैः समाना ज्ञेया इहामुत्र च भूरिसौख्याः ॥ १०३

---

**પરાયણ રહેવાનું કહ્યું, તેમાં તીર્થો બે પ્રકારના છે. એક સ્થાવર તીર્થ અને બીજું જંગમ તીર્થ. તેમાં સ્થાવર તીર્થ દ્વારિકા, ગંગાઆદિક છે. અને સંતપુરુષો જંગમ તીર્થ છે.[૯૬] સ્નાન, દર્શન, પૂજન તેમજ વંદનથી તે સ્થાવર તીર્થોનું સેવન કરવું, અને સંતોના મુખથી ભગવાનની કથા સાંભળવી, સંતોનાં દર્શન કરવાં, સંતોને જમાડવા, વસ્ત્રો અર્પણ કરવાં, તેમની ચરણચંપી કરવી આદિકથી તે જંગમ તીર્થોનું સેવન કરવું.[૯૭]**

**હે પુત્રો ! આ પ્રમાણે મેં ત્રણ વર્ણના ગૃહસ્થો માટે મહાદીક્ષાનો વિધિ કહ્યો, હવે સત્શૂદ્રના મહાદીક્ષાવિધિમાં જે વિશેષતા છે તે જણાવું છું.[૯૮] અસત્શૂદ્રને મહાદીક્ષાનો અધિકાર નથી. પરંતુ મહાદીક્ષા લેવા ઈચ્છતા સત્શૂદ્રને આચાર્યે આગલા દિવસે ઉપવાસ કરાવી શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરાવવું .[૯૯] તેમાં પુરાણોક્ત મંત્રોનો પાઠ કરવો. પરંતુ કદાપિ વેદોક્ત મંત્રોનો પાઠ ન કરવો. હોમ કર્મમાં શ્રીકૃષ્ણાય નમઃ, એવા ષડાક્ષર મંત્રનો પાઠ કરવો.[૧૦૦] વેદમાં અનધિકારી હોવાથી શૂદ્રના દીક્ષાવિધિમાં સ્વાહાકારનું ઉચ્ચારણ ન કરવું. ત્યારપછી ગુરુએ સત્શૂદ્ર શિષ્યને ભગવાનના આયુધ ચક્ર, અને શંખની ચંદનની છાપો આપવી ને ડાબા કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરવો.[૧૦૧] પછી ગૃહસ્થાશ્રમમાં પાલન કરવા યોગ્ય શાસ્ત્રોક્ત ધર્મનો ઉપદેશ કરવો. હે પુત્રો ! આ પ્રમાણે મેં સત્શૂદ્રોના મહાદીક્ષાનો વિધિ પણ કહ્યો ને હવે તમને જેમનો કોઈ આશ્રય જ નથી એવા પુરુષો માટે મહાદીક્ષા પ્રદાનનો વિધિ કહું છું.[૧૦૨]**

**મહાદીક્ષા ગ્રહણનું ફળ :- હે પુત્રો ! જે ગૃહસ્થ પુરુષો આ મહાદીક્ષાનો સ્વીકાર કરી પોતાના ધર્મમાં રહી શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરે**

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ गृहस्थानां महादीक्षाग्रहणविधिनिरूपणनामाष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥*

---

## एकोनपञ्चाशत्तमोऽध्यायः - ४९

**श्री नारायणमुनिरुवाच –**

अनाश्रमी पुमान् यस्तु मृतयोषिद्भवच्च सः । आददीत महादीक्षां स्वोक्तां कृत्यैव निष्कृतिम् ॥ १
विधिस्तस्याप्येष एव दीक्षाया ग्रहणे मतः । दैहिकोऽन्यो विशेषोऽस्ति तं चापि कथयाम्यहम् ॥ २
श्मश्रूणि धारयेन्नैव न चोलं न च कञ्चुकम् । न च श्वेतेतरद्वासो वसीत विकृतं न तत् ॥ ३
ब्रह्मचारीव योषां च त्यजेद्रव्यं तु रक्षयेत् । अग्रेसरो गृहस्थानां साधुशुश्रूषणे भवेत् ॥ ४

---

છે, તે પુરુષોને ગૃહસ્થ હોવા છતાં પણ ત્યાગાશ્રમમાં રહેલા સાધુપુરુષો સમાન જાણવા. તે આલોક તથા પરલોકમાં મહાસુખના ભાગીદાર છે, એમ જાણવું.[૧૦૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ કહેલા દીક્ષાવિધિમાં ગૃહસ્થો માટે મહાદીક્ષા ગ્રહણનો વિધિ કહ્યો એ નામે અડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૮--**

---

## અધ્યાય – ૪૯

## અનાશ્રમી પુરુષો માટે ભગવાન શ્રીહરિએ કહેલો મહાદીક્ષાનો વિધિ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! જે ત્રૈવર્ણિક પુરુષની પત્ની મૃત્યુ પામી હોય તથા પરણવાની ઈચ્છા હોય છતાં સ્ત્રી ન મળતાં બ્રહ્મચારી રહ્યો હોય, તેવા અનાશ્રમી પુરુષોએ પોતાને ઉદ્દેશીને કહેલું બે ઉપવાસ કરવારૂપ પ્રાયશ્ચિત કરીને મહાદીક્ષા ગ્રહણ કરવી.[૧] આવા અનાશ્રમી પુરુષોનો દીક્ષાવિધિ આગલા અધ્યાયમાં જ કહ્યો, તેજ વિધિ જાણવો. પરંતુ દેહ સંબંધી જે વિશેષ ભેદ છે, તે હું તમને કહું છું.[૨] અનાશ્રમી પુરુષોએ દાઢી રાખવી નહિ. પાયજામો કે ચોરણો ધારણ કરવો નહિ, અંગરખું પહેરવું નહિ, શ્વેત ધોતી આદિ વસ્ત્રો સિવાયના અન્ય રંગોથી રંગેલા વસ્ત્રો ધારવાં નહિ. તેમજ લોક અને શાસ્ત્ર નિંદિત વિકૃત વસ્ત્રો પણ ધારવાં નહિ.[૩] હે પુત્રો ! આવા અનાશ્રમી પુરુષો નૈષ્ઠિક બ્રહ્મચરીની પેઠે જ સ્ત્રીઓનો

महादीक्षावतानेन वर्णिना त्यागिना तथा । एकभुक्तव्रतं कार्यं यावज्जीवमनापदि ॥ ५
निशि वा दिवसे कुर्याद्दीक्षितो भोजनं सकृत् । रात्रौ चेदाद्ययामे तन्मध्याह्नोत्तरमह्नि तु ॥ ६
आनुकूल्ये सति प्रायो नक्तभोजी भवेत्सदा । दैनंदिनानि पापानि तेन नश्यन्ति सर्वशः ॥ ७
सकृद्भोजी तु यो नक्तं स तु प्रासादिकं हरेः । अन्नादि दिवसे प्राप्तं रक्षेत्सम्यक् शुचिस्थले ॥ ८
दिवा न भक्षयेत्किञ्चित्प्रासादिकमपि प्रभोः । अन्यथा भङ्ग एव स्यादेकभुक्तव्रतस्य वै ॥ ९
प्रासादिकान्नशाकादेरेकभुक्तव्रतत्त्वतः । अवज्ञां नैव कुर्वीत नमस्कृत्य विसर्जयेत् ॥ १०
एकभुक्तव्रती यश्च दिवा सोऽपि पुमान्हरेः । प्राप्तं प्रासादिकं रक्षेत्कालदन्यत्र चेद्भुजेः ॥ ११
प्रासादिकस्य सम्मानं फलादेरपि वैष्णवः । प्रणामेनैव कुर्वीत नावमानं तु कर्हिचित् ॥ १२
उपवासदिने प्राप्तं हरेः प्रासादिकं पुमान् । विसर्जयेन्नमस्कृत्य नान्नं भक्षेत्तु सर्वथा ॥ १३

---

અષ્ટપ્રકારે ત્યાગ રાખે. પરંતુ દ્રવ્યનો સંગ્રહ કરી શકે, ધનનો ત્યાગ તેવા માટે નથી, તેથી સાધુપુરુષોની સેવા કરવામાં ગૃહસ્થ પુરુષો કરતાં અધિક તત્પર અને અગ્રેસર રહે.[૪] મહાદીક્ષાને ગ્રહણ કરનારા આ અનાશ્રમી બ્રહ્મચારી તથા ત્યાગી સાધુઓ આપત્કાળ પડ્યા વિના જીવન પર્યંત એક વખત ભોજન કરવાનું વ્રત રાખે.[૫] મહાદીક્ષાવાળા આવા પુરુષોએ રાત્રી કે દિવસે એકવાર જ ભોજન કરવું. જો રાત્રીએ ભોજન કરે તો પહેલા પહોરમાં કરી લેવું, અને દિવસે ભોજન કરે તો મધ્યાહ્ન પછી કરે.[૬] જો અનુકૂળતા હોય તો બહુધા રાત્રીએ જ હમેશાં ભોજન કરવું, રાત્રે ભોજન કરવાથી દિવસ દરમ્યાન થતાં સર્વ પાપનો ક્ષય થાય છે.[૭]

હે પુત્રો ! રાત્રીએ એક જ વખત ભોજન કરનાર પુરુષે દિવસ દરમ્યાન પ્રાપ્ત થયેલી ભગવાન શ્રીહરિની પ્રસાદીરૂપ અન્નાદિક વસ્તુ પવિત્ર સ્થળમાં સાચવી રાખવી.[૮] પરંતુ દિવસે જમવી નહિ. રાત્રીએ ભોજન સમયે જ તેનો સ્વીકાર કરવો, જો એમ ન કરે તો એક વખત ભોજન કરવાના વ્રતનો ભંગ થાય છે.[૯] પોતે એક વખત ભોજન કરવાના વ્રતનો સ્વીકાર કર્યો હોય ને વચ્ચે કોઈ પ્રસાદિના રૂપમાં અન્નાદિક આપે તો તેનું અપમાન ન કરવું, પરંતુ નમસ્કાર કરી બીજા કોઈને આપી દેવું.[૧૦] જેણે દિવસમાં એકવાર ભોજનનું વ્રત છે તેવા પુરૂષે પણ પોતાને ભોજનના સમયથી અન્ય સમયે પ્રસાદી પ્રાપ્ત થાય તો તેને પણ પવિત્ર સ્થળે સાચવી રાખવી.[૧૧] વૈષ્ણવોએ પ્રસાદીના ફળાદિકને પણ નમસ્કાર કરી સન્માનપૂર્વક સાચવી રાખવાં, ક્યારેય પણ તેમનું અપમાન કરવું નહિ.[૧૨] હે પુત્રો ! વૈષ્ણવજનોએ વ્રત ઉપવાસના દિવસે પ્રાપ્ત થયેલી શ્રીહરિની પ્રસાદીને

अपि भोजनवेलायां प्राप्ते प्रासादिके यदि । भक्ष्यार्हे स्वस्य न स्याद्यत्सर्वथा तन्न भक्षयेत् ॥ १४
त्यक्तं यत्स्वेन नियमाद्देहपीडाकरं च यत् । भक्षणीयं न तद्भक्तैः प्रासादिकमपि प्रभोः ॥ १५
ग्राम्यवार्तानिवृत्त्यर्थं हरेर्नामान्यहर्निशम् । कीर्तयेच्च गुणान् गायेत्तस्य भक्तमनोहरान् ॥ १६
सामान्यां सविशेषां वा दीक्षां प्राप्तो न यस्त्विमाम् । तेन भ्रात्रापि पक्वं चेन्नान्नं भुञ्जीत स क्वचित् १७
भोजनव्यवहारश्च येन साकं भवेन्न वै । दीक्षितेनापि पक्वं चेत्तेन नाद्याच्च सर्वथा ॥ १८
पक्वं चेद्ब्राह्मणेनान्नं क्षत्रादिस्तत्तु भक्षयेत् । ब्राह्मणस्तन्न भुञ्जीत यदि पक्ता न वैष्णवः ॥ १९
निर्वाहः स्वशरीरस्य यावतान्नादिना भवेत् । तावन्तमुद्यमं कुर्यान्नाधिकं तु स पूरुषः ॥ २०
तिष्ठेन्निवृत्तधर्मेषु प्रवृत्ताखिलकर्मसु । उदासीनो भवेन्नित्यमात्मनोऽनर्थहेतुषु ॥ २१

નમસ્કાર કરી છોડી દેવી, તેમાં અન્ન તો સર્વથા ભક્ષણ ન જ કરવું, કદાચ કોઈ ફળાદિક હોય તો દાતાના આદર માટે કંઈક સ્વીકારવું, એવો ભાવ છે.[૧૩] અને ભોજન કરવા સમયે પણ પ્રાપ્ત થયેલા પ્રસાદીના અન્નાદિકમાં જો પોતાને ભક્ષણ કરવા યોગ્ય ન હોય તો તેનું સર્વથા ભક્ષણ ન કરવું, પ્રસાદીનો મહિમા સમજીને પણ પોતાને સ્વીકારવા યોગ્ય ન હોય તો તેવા અન્નનું ભક્ષણ ન જ કરવું.[૧૪] વળી જે વસ્તુ પોતે નિયમ લઈને છોડી દીધી હોય કે આ વસ્તુ મારે જમવી નહિ, વળી જે વસ્તુ જમવાથી પોતાના શરીરમાં પીડા થતી હોય, તે વસ્તુઓ ભગવાનની પ્રસાદીની હોય છતાં પણ ભક્તજનોએ ભક્ષણ કરવી નહીં.[૧૫]

હે પુત્રો ! ગ્રામ્યવાર્તા થકી નિવૃત્તિને અર્થે રાત્રી દિવસ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું, તેમજ જેનું શ્રવણ કરવામાત્રથી ભક્તનું મન ભગવાનની મૂર્તિમાં આકર્ષાઈ જાય તેવા ભગવાનના મનોહર ગુણોનું ગાયન કર્યા કરવું.[૧૬] ઉદ્ધવસંપ્રદાયની સામાન્ય કે મહાદીક્ષા પામ્યા ન હોય તેવા પોતાના ભાઈએ રાંધેલું અન્ન હોય તો પણ તે અનાશ્રમી પુરુષે ક્યારેય જમવું નહિ. દીક્ષા લીધી હોય તો બાધ નહિ.[૧૭] દીક્ષા લીધી હોય છતાં જે મનુષ્યો સાથે ભોજન સંબંધી વ્યવહાર ન હોય તે મનુષ્યે રાધેલું અન્ન જમવું નહિ.[૧૮] અને વિષ્ણુદીક્ષા ગ્રહણ કરી ન હોય છતાં બ્રાહ્મણે રાંધેલું અન્ન મહાદીક્ષાવાળા ક્ષત્રિયાદિએ જમવું. પરંતુ રાંધનાર વિપ્ર દીક્ષિત ન હોય ને તેણે અન્ન રાંધ્યું હોય તેને મહાદીક્ષા ગ્રહણ કરેલા વિપ્રોએ જમવું નહિ.[૧૯] હે પુત્રો ! આ અનાશ્રમી મહાદીક્ષાવાળા પુરુષે જેટલા અન્નથી પોતાના શરીરનો નિર્વાહ થાય તેટલા અન્નને માટે ઉદ્યમ કરવો, પરંતુ તેનાથી વધારે ઉદ્યમ કરવો નહિ.[૨૦] નિવૃત્તિધર્મના કર્મમાં નિષ્ઠાવાન થવું, પરંતુ પોતાને

धोत्रस्याभ्यन्तरे रक्षेत्कौपीनं ब्रह्मचारिवत् । भक्ताख्यः स हरेर्भक्तिं कुर्वीत गृहिणोऽधिकम् ॥ २२
शालग्रामार्चनं कुर्याद्विप्रस्तु प्रतिवासरम् । शिक्षेच्च विष्णुसूक्तार्थं सद्गुरोस्तं च चिन्तयेत् ॥ २३
विभृयात्पादुके चासौ पात्रमम्बुभृतं तथा । स्ववर्णधर्ममखिलं पालयेच्च जितेन्द्रियः ॥ २४
अनाश्रमिण एतावान्विशेषो मृतयोषितः । प्राप्तस्य महतीं दीक्षां भक्तस्य कथितो मया ॥ २५
गृहाश्रमे वर्तमानः सत्सच्छास्त्रानुशीलनात् । सम्प्राप्तस्तीव्रवैराग्यं य इच्छेदाश्रमान्तरम् ॥ २६
सोऽप्यनाश्रमिणः प्रोक्तां दीक्षामेतामुपाश्रयेत् । वनस्थयतिधर्मो यन्निषिद्धोऽस्ति कलौ युगे ॥ २७
वासुदेवीमतो दीक्षामाश्रित्य महतीमसौ । निर्भयोऽनन्यभक्तश्चैव भजेच्छ्रीकृष्णमादरात् ॥ २८
यदि प्राप्तो महादीक्षां प्रागेवासौ गृही भवेत् । तदा त्वेतं विशेषं स प्रोक्तं दहैकिमाश्रयेत् ॥ २९

---

અનર્થ ઉપજાવે તેવા પ્રવૃત્તિધર્મના કર્મમાં હમેશા ઉદાસી રહેવું.[૨૧] ભક્તના નામે પ્રસિદ્ધ થયેલા અનાશ્રમી પુરુષે બ્રહ્મચારીઓની પેઠે જ ધોતીની અંદર કૌપીન ધારણ કરવું, તેમજ મહાદીક્ષાવાળા ગૃહસ્થ હરિભક્ત કરતાં વધારે ભજન ભક્તિ કરવી.[૨૨] વિપ્રજાતિના અનાશ્રમી વૈષ્ણવે તો દરરોજ શાલિગ્રામની પૂજા કરવી અને સદ્‌ગુરુ થકી વિષ્ણુસૂક્તનું શિક્ષણ મેળવવું અને તેના અર્થનું ચિંતવન કરવું.[૨૩] વળી તે અનાશ્રમી વિપ્રે પાદુકા તથા જલપાત્ર ધારણ કરવું, જીતેન્દ્રિય થઈ પોતાના સમગ્ર વર્ણાશ્રમના ધર્મનું પાલન કરવું.[૨૪]

હે પુત્રો ! આ પ્રમાણે જેની પત્ની મૃત્યુ પામી હોય તથા સ્ત્રી ન મળતાં બ્રહ્મચારી રહ્યો હોય, તેવા મહાદીક્ષા ગ્રહણ કરનાર અનાશ્રમી ભક્તોને માટે શાસ્ત્રમાં જણાવેલ આટલું વિશેષ વિધાન મેં તમને જણાવ્યું છે.[૨૫] ગૃહસ્થાશ્રમમાં રહેલા અને પૂર્વોક્ત સામાન્ય દીક્ષા પ્રાપ્ત કરેલા સત્સંગીને સંતોનો કે સત્શાસ્ત્રનો સમાગમ થાય ને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થાય ને બીજા કોઈ આશ્રમમાં પ્રવેશ કરવાની ઈચ્છા જાગે તો, તેવા ગૃહસ્થ પુરુષે પણ આ અનાશ્રમી પુરુષો માટે કહેલી મહાદીક્ષાનો સ્વીકાર કરવો, કારણ કે કળિયુગમાં ગૃહસ્થ પછીના વાનપ્રસ્થ કે સંન્યાસ આશ્રમનો નિષેધ કરેલો છે.[૨૬-૨૭] તેથી ગૃહસ્થ પુરુષે આ શ્રીવાસુદેવી મહાદીક્ષાનો આશ્રય કરી નિર્ભયપણે અનન્ય ભક્તિથી આદરપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરવું.[૨૮] હે પુત્રો ! જો એ ગૃહસ્થ ભક્તે તીવ્રવૈરાગ્ય ઉત્પન્ન થયા પહેલાં જ જો મહાદીક્ષા પ્રાપ્ત કરેલી હોય તો પછી તે ગૃહસ્થે વૈરાગ્ય ઉત્પન્ન થતાં માત્ર પૂર્વોક્ત શરીર સંબંધી જે વિશેષ નિયમો અનાશ્રમી પુરુષ માટે જણાવ્યાં કે શ્વેતવસ્ત્રો પહેરવાં ને નિવૃત્તિપરાયણ રહેવું એઆદિકનો આશ્રય કરવો.[૨૯] હે

गृहाश्रमेच्छोज्झितवर्णिधर्मोऽप्यप्राप्तभार्योऽथ च यो मृतस्त्रिः ।
यश्चोज्झितस्त्रीसुख इत्यमीषामित्थं हि दीक्षाविधिरस्ति पुत्रौ ! ॥ ३० ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ अनाश्रमिणां महादीक्षाविशेषनिरूपणनामैकोनपञ्चाशतमोऽध्यायः ॥ ४९ ॥*

---

**पञ्चाशत्तमोऽध्यायः - ५०**

**श्री नारायणमुनिरुवाच –**

उपनीतो यस्तु विप्रो वेदाध्ययनतत्परः । सञ्जाततीव्रवैराग्यो बुभूषेन्नैष्ठिकव्रती ॥ १
स औद्धवीयमाचार्ये प्राप्नुयाच्छरणं द्रुतम् । ततस्तस्मै प्रपन्नाय दद्यात्सोऽभयमादितः ॥ २
ततो ब्राह्मणमाहूय विधिज्ञं दापयेद्गुरुः । वर्णिना स्वाश्रितेनैव स तस्मै नैष्ठिकव्रतम् ॥ ३

---

પુત્રો, જે પુરુષ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી બ્રહ્મચર્યાશ્રમ છોડવા ઇચ્છતો હોય ને સ્ત્રી ન મળતાં કુંવારો રહી ગયો હોય તથા જેની સ્ત્રી મૃત્યુ પામી હોય તથા વૈરાગ્યથી સ્ત્રી સુખનો ત્યાગ કર્યો હોય આ ત્રણે પ્રકારના પુરુષો માટે આ કહ્યો એ પ્રમાણેનો દીક્ષાવિધિ જાણવો.[30]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં અનાશ્રમીઓ માટે મહાદીક્ષા વિધિનું વિશેષ નિરૂપણ કર્યું એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૯--**

---

## અધ્યાય - ૫૦

## ભગવાન શ્રીહરિએ કહેલો નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો મહાદીક્ષા વિધિ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! યજ્ઞોપવિત સંસ્કાર પામેલા અને વેદાધ્યયનમાં તત્પર થયેલા વિપ્રને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થાય તો નૈષ્ઠિક બ્રહ્મચારી થવાની ઇચ્છા કરવી.[1] ને તત્કાળ તેણે ઉદ્ધવસંપ્રદાયના આચાર્યને શરણે જવું. અને આચાર્યે શરણે આવેલા વિપ્રને પ્રથમ અભયદાન આપવું.[2] ને પછીથી વિધિને જાણતા બ્રાહ્મણને બોલાવી પોતાને શરણે આવેલા તે વિપ્રને પોતાના આશ્રિત

मण्डले सर्वतोभद्रे श्रीराधाकृष्णपूजनम् । कारयित्वा तो दद्यात्तस्मै मौञ्जीं तु मेखलाम् ॥ ४
कौपीनयुग्मं च वहिर्वाससी च मृगाजिनम् । पालाशं वैणवं वापि दण्डं ताम्रकमण्डलुम् ॥ ५
अथ तस्मै स आचार्यो गायत्रीं वैष्णवीं दिशेत् । नारदोऽस्या ऋषिश्छन्दो गायत्री देवता हरिः ॥ ६
त्रिरिमं दक्षिणे कर्णे मन्त्रं समुपदिश्य सः । आनन्दान्तं गुरुर्नाम शिष्यस्य विदधीत च ॥ ७
ततस्तस्मै धर्मशास्त्रप्रोक्तान् धमानुपादिशेत् । हितावहान्नैष्ठिकानां ब्रह्मचर्यां तथाष्टधा ॥ ८
शिष्यस्तं पूजयित्वाऽथ गन्धाद्यैर्दण्डवन्नमेत् । वर्तेत स्वीयधर्मेषु गुरूक्तेष्वेव सर्वदा ॥ ९
यदा नैष्ठिकधर्मेषु धर्मशास्त्रोदितेष्वसौ । पक्वो भवेत्तदाचार्यो महादीक्षां ददीत च ॥ १०
परीक्षामादितः कुर्याद्गुरुस्तस्य तु वर्णिनः । धर्मेषु स्थिरतामादौ सद्ग्रन्थाध्यननं ततः ॥ ११
सेवकस्यानुकूल्यं च तज्ज्ञातेरनुपद्रवम् । अव्यङ्गत्वादिकं चापि दृष्ट्वा तं दीक्षयेत्ततः ॥ १२

નૈષ્ઠિક બ્રહ્મચારી દ્વારા જ નૈષ્ઠિકવ્રત અપાવવું.[૩] હે પુત્રો ! તેમાં સર્વતોભદ્ર મંડળમાં શ્રીરાધાકૃષ્ણ ભગવાનનું પૂજન કરાવી શિષ્યને મુંજની મેખલા ધારણ કરાવવી.[૪] બે કૌપીન, બે ઉપર ધારણ કરવાનાં વસ્ત્રો, મૃગચર્મ, પલાશનો દંડ, વાંસનો દંડ તથા તાંબાનું કમંડલું આપવું.[૫] પછી આચાર્યે તે શિષ્યને વૈષ્ણવી ગાયત્રીમંત્રનો ઉપદેશ કરવો. આ ગાયત્રીમંત્રના નારદજી ઋષિ છે. ગાયત્રી છંદ છે. શ્રીહરિ દેવતા છે. [૬] ઋષિ આદિકનું જ્ઞાન ન હોય તો જપનારને કોઈ ફળ મળતું નથી, તેથી તેમના જ્ઞાન સાથે આચાર્યે આ મંત્રનો શિષ્યના જમણા કાનમાં ત્રણવાર ઉપદેશ કરવો. ને 'આનંદ' જેના અંતમાં છે એવા કૃષ્ણાનંદ, નારાયણાનંદ એવું નામ ધારણ કરવું.[૭]

હે પુત્રો ! પછી ગુરુએ નૈષ્ઠિક બ્રહ્મચારીઓનું હિત કરતા ધર્મશાસ્ત્રમાં કહેલા ધર્મોનો તથા બ્રહ્મચારીના ધર્મોનો તથા અષ્ટબ્રહ્મચર્યની રીતનો શિષ્યને ઉપદેશ કરવો.[૮] અને શિષ્યે ચંદન પુષ્પાદિકથી ગુરુનું પૂજન કરી દંડવત્ પ્રણામ કરવા, અને ગુરુએ કહેલા પોતાના ધર્મોમાં સદાય વર્તવું.[૯] એમ કરતાં આ બ્રહ્મચારી જ્યારે નૈષ્ઠિકધર્મોમાં પરિપક્વ દશા પ્રાપ્ત કરે, ત્યારે આચાર્યે મહાદીક્ષા પ્રદાન કરવી.[૧૦] તેમાં ગુરૂએ પ્રથમ શિષ્યની પરીક્ષા કરવી, મહાદીક્ષા સ્વીકારવા તત્પર થયેલા તે શિષ્યની નૈષ્ઠિકધર્મમાં સ્થિરતા કેવી છે ? સત્શાસ્ત્રોનું અધ્યયન કેવું છે ?.[૧૧] જીવન પર્યંત સેવા કરી શકે તેવું સેવકધર્મને અનુકૂળ તેમનું જીવન છે કે કેમ ? તેમના જ્ઞાતિજનોનો ઉપદ્રવ છે કે નહિ ? તેમજ તેમના શરીરમાં કોઈ ખોડ ખાંપણ તો નથીને ? વગેરેની પરીક્ષા કરી પછી તે બ્રહ્મચારીને મહાદીક્ષા આપવી.[૧૨] હે પુત્રો! દીક્ષાના આગલા દિવસે દેહની શુદ્ધિને માટે ઉપવાસ કરાવવો ને પછી એકાદશી

उपोषणं कारयित्वा पूर्वेद्युर्देहशुद्धये । एकादश्यां द्वादश्यां वा दद्याद्दीक्षां विधानतः ॥ १३
मण्डलं कारयित्वादौ पूर्ववद्ब्राह्मणेन सः । वासुदेवार्चनं होमं कारयेच्च यथाविधि ॥ १४
ततस्तस्मै गुरुर्दद्याद्वाससी द्वे सिते शुभे । तुलसीमालिके द्वे च कुर्याद्बाह्वङ्कनं ततः ॥ १५
नमस्कृत्य निषण्णाय प्राङ् मुखायाथ वर्णिने । अष्टाक्षरं महामन्त्रमुदङ्मुख उपादिशेत् ॥ १६
त्रिर्दक्षकर्ण आदिश्य मनुं धर्मानुपादिशेत् । मात्रा वा गुरुपत्यापि शिष्य ! त्वं न वदेः क्वचित् ॥ १७
स्त्रिया मनुष्यजातेस्त्वमाकारं नावलोकयेः । अज्ञानात्स्त्रीमुखे दृष्टे व्यक्त्या कुर्या उपोषणम् ॥ १८
यथा बृहद्वृतं न स्वं च्यवेद्वृत्यं तथा त्वया । योषामिव धनं चापि न स्पृशेत्कर्हिचिद्भवान् ॥ १९
नियमेन प्रतिदिनं सच्छास्त्रस्य बृहद्व्रती । निजशक्त्यनुसारेण पाठं कुर्यास्त्वमादरात् ॥ २०
एवमुक्तः स गुरुणा तथेत्युक्त्वा तमानमेत् । नमस्कृत्य सतो भक्तान्भवेत्तद्वचनस्थितिः ॥ २१
एतावान्हि विशेषोऽत्र । विधिरन्यस्तु पूर्ववत् । तस्यापि सकलो ज्ञेयो महादीक्षाग्रहे सुतौ ! ॥ २२

---

કે દ્વાદશીના દિવસે વિધિપૂર્વક ગુરુએ દીક્ષા આપવી.[૧૩] તે વિધિમાં ગુરુએ પૂર્વની જેમ પ્રથમ બ્રાહ્મણ દ્વારા સર્વતોભદ્ર મંડલ રચાવી શ્રીવાસુદેવ ભગવાનનું પૂજન અને હોમ વિધિ પ્રમાણે કરાવવો.[૧૪] પછી ગુરુએ બે શ્વેત વસ્ત્રો,ને બેવળી તુલસીની કંઠી તે બ્રહ્મચારીને અર્પણ કરવી, ને બન્ને બાહુ ઉપર શંખ, ચક્રની ચંદનમુદ્રાની છાપ અર્પણ કરવી.[૧૫] પછી ગુરુને નમસ્કાર કરી પૂર્વ સન્મુખ બેઠેલા શિષ્ય બ્રહ્મચારીને ઉત્તર સન્મુખ બેઠેલા આચાર્યે અષ્ટાક્ષર મહામંત્રનો ઉપદેશ કરવો.[૧૬] જમણા કાનમાં ત્રણવાર મહામંત્રનો ઉપદેશ આપી ગુરુએ તેમને ધર્મોનો ઉપદેશ કરવો ને કહેવું કે, હે શિષ્ય ! તમારે આજથી તમારી માતા કે ગુરુપત્ની સાથે પણ ક્યારેય બોલવું નહિ.[૧૭] તમારે મનુષ્યજાતિની સ્ત્રીનો આકાર જોવો નહિ. અજાણતા પણ સ્ત્રીનું મુખ સ્પષ્ટ દેખાઇ જાય તો એક ઉપવાસ કરવો.[૧૮]

હે શિષ્ય ! જે પ્રકારે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ ન થાય એ પ્રકારે જ તમારે વર્તવું. તેમજ જે રીતે સ્ત્રીના સ્પર્શનો ત્યાગ કરવો તેજ રીતે ધનના સ્પર્શનો પણ ત્યાગ રાખવો. તેનો સ્પર્શ કયારેય ન કરવો.[૧૯] વળી નૈષ્ઠિક બ્રહ્મચારી એવા તમારે પ્રતિદિન સદ્ગ્રંથોનો પાઠ (અધ્યયન) પોતાની શક્તિને અનુસારે આદરપૂર્વક કરવો.[૨૦] હે પુત્રો ! આ પ્રમાણે ગુરૂ જ્યારે કહે ત્યારે તે નૈષ્ઠિક બ્રહ્મચારીએ ''ભલે,તમે જેમ કહો છો તેમ જ હું કરીશ'' આ પ્રમાણે બોલવું ને ગુરૂને નમસ્કાર કરવા. તેમજ ભક્તજનો તથા સાધુજનોને પણ નમસ્કાર કરવા ને ગુરૂના વચનમાં સ્થિર રહેવાય એમ વર્તવું.[૨૧] હે પુત્રો ! આ બ્રહ્મચારીની મહાદીક્ષા પ્રદાનમાં આટલો

दीक्षया द्विजवरस्य महत्या ब्रह्मचर्यमतिपुष्टिमुपैति ।
तामतः स गुरुतोऽत्र गृहीत्वा पालयेत्तदुदितान्नियमान्वै ॥ २३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ ब्रह्मचारिणां महादीक्षाविधिनिरूपणनामा पञ्चाशत्तमोऽध्यायः ॥ ५० ॥*

---

## एकपञ्चाशत्तमोऽध्यायः - ५१

**श्री नारायणमुनिरुवाच –**

त्यागिनामथ वक्ष्यामि महादीक्षाविधिक्रमम् । तेनैव सा च गुरुणा दातव्या नान्यथा सुतौ ! ॥ १
यस्तु गृहाश्रमं हातुं तीव्रवैराग्यवेगतः । इच्छेद्विवेकवान्धीरो मुमुक्षुः श्रद्धयान्वितः ॥ २
स्वस्यौर्ध्वदैहिकं कर्म स विधाय यथाविधि । अनुज्ञाप्य निजाञ्ज्ञातीनाचार्यं शरणं व्रजेत् ॥ ३

---

જ વિશેષ વિધિ જાણવો. બાકીનો વિધિ તો પૂર્વની પેઠે જ સર્વે સામાન્ય જાણવો.[૨૨] મહાદીક્ષા સ્વીકારવાથી બ્રાહ્મણ શ્રેષ્ઠ બ્રહ્મચારીને વ્રહ્મચર્યવ્રતની અતિશય દૃઢતા થાય છે. તેથી આલોકમાં તે બ્રહ્મચારી ઉદ્ધવસંપ્રદાયના આચાર્યના માધ્યમથી મહાદીક્ષા ગ્રહણ કરી તેમણે કહેલા નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું.[૨૩]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ આચાર્યોને કહેલા બ્રહ્મચારીઓ માટેના દીક્ષાવિધિનું નિરૂપણ કર્યું એ નામે પચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૫૦--**

---

## અધ્યાય - ૫૧

## ભગવાન શ્રીહરિએ ત્યાગી સાધુઓ માટેના મહાદીક્ષાવિધિનું કરેલું વર્ણન.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે પુત્રો ! હવે તમને ત્યાગી સાધુઓના મહાદીક્ષાવિધિનો ક્રમ કહું છું. તે ક્રમથી જ ગુરુએ શિષ્યને દીક્ષા આપવી. પરંતુ ક્રમ તોડીને ન આપવી.[૧] સત્-અસત્, શુભ-અશુભ, ગુણ-અવગુણના વિવેકી ધીરજધારી મુમુક્ષુ તેમજ શ્રદ્ધાવાન એવા ત્રણે વર્ણના પુરુષ તીવ્રવૈરાગ્યના વેગથી જ્યારે ગૃહસ્થાશ્રમ છોડવાની ઈચ્છા કરે.[૨] ત્યારે તે વૈરાગ્યવાન ગૃહસ્થે પ્રથમ

ततो गुरुः स तं शिष्यं कञ्चित्कालं निजान्तिके । स्थापयित्वा परीक्षेत त्यागिदीक्षाधिकारिताम् ॥ ४
पूर्वोक्तैर्लक्षणैः सद्भिः सम्पन्नत्वं च तस्य सः । तथैवान्धत्वकाणत्वजाड्यरोगादिहीनताम् ॥ ५
दृष्ट्वा तस्य परीक्षेत वैराग्यस्य च तीव्रताम् । सन्मण्डले मिलन्तं च स्वभावमपि तत्वतः ॥ ६
ततस्तत्स्वजनानां च पुनर्विक्षेपकर्तृता । अस्ति वा नास्ति वेत्येतत्स्वयं संशोधयेद्गुरुः ॥ ७
यदि स्यात्सा तदानीं तु प्रेषणीयः स वै गृहम् । तदभावेऽपि वैराग्यमान्द्ये प्रेष्यः पुनर्गृहम् ॥ ८
सति वैराग्यतीव्रत्वे तद्रुचिं धर्मपालने । निश्चित्य दापयेद्दीक्षां त्यागिना स्वाश्रितेन सः ॥ ९
एकादशीदिने वापि द्वादश्यां विहिता तु सा । उपवासो निराहारः पूर्वेद्युः पूर्ववन्मतः ॥ १०
कक्षोपस्थशिखावर्जं मुण्डनं चास्य सम्मतम् । आचार्यः कारयेत्सर्वं पूर्ववन्मण्डलादि च ॥ ११
ततः स्नातेन शिष्येण सिताम्बरधरेण च । श्रीराधाकृष्णपूजां च कारयेद्ब्राह्मणोत्तमः ॥ १२

---

પોતાની શાસ્ત્રવિધિ અનુસાર ઔર્ધ્વદેહિક ક્રિયા કરાવવી ને પછી પોતાના સંબંધીજનોની આજ્ઞા લઈને આચાર્યના શરણે આવવું.[૩] ત્યારે ગુરૂએ પણ તે શિષ્યને પોતાની સમીપે થોડો કાળ રાખી તે ત્યાગીદીક્ષાનો અધિકારી છે કે નહિ તેની પરીક્ષા કરવી.[૪] એ શિષ્ય પૂર્વોક્ત સુડતાલીમા અધ્યાયમાં કહેલાં લક્ષણોથી સંપન્ન છે કે નહિ ? તેની પરીક્ષા કરવી, તેમજ તે શિષ્ય અંધ છે ? કાણો છે ? જડબુદ્ધિનો છે ? કોઈ રોગથી ઘેરાયેલો છે ?.[૫] તેની તપાસ કરીને પછી તેના તીવ્ર વૈરાગ્યની પરીક્ષા કરવી. તેનો સંતોના મંડળમાં મળી જાય એવો સ્વભાવ છે કે નહિ ? તેની પરીક્ષા કરવી.[૬] પછી તેમના સંબંધીજનો અહીં આવીને કોઈ ફરી વિક્ષેપ નહિ કરે ને ? એમ વિચારી ગુરૂએ સ્વયં તપાસ કરાવવી.[૭] જો સંબંધીજનો વિક્ષેપ કરે તેમ હોય તો શિષ્યને ફરી ઘેર મોકલવો. કદાચ સંબંધીજનો વિક્ષેપ ન કરે એમ હોય છતાં જો શિષ્યને વૈરાગ્યમંદ હોય તો પણ તેને ફરી ઘેર મોકલવો.[૮]

હે પુત્રો ! આ પ્રમાણે પરીક્ષા કરી જો શિષ્યને તીવ્રવૈરાગ્ય હોય, ત્યાગીના ધર્મ પાળવાની બહુ રૂચિ હોય, તે નક્કી કરીને પછીથી ગુરુએ પોતાના શરણે આવેલા શિષ્યને પોતાના આશ્રિત સાધુદ્વારા સાધુદીક્ષા અપાવવી.[૯] આ દીક્ષા પણ એકાદશી કે દ્વાદશીના દિવસે આપવાની. દીક્ષાના આગલા દિવસે નિરાહાર ઉપવાસ કરવો.[૧૦] દીક્ષા લેનાર શિષ્યે આગલા દિવસે કક્ષ, ઉપસ્થ અને અને બગલ સિવાય મુંડન કરાવવું. તેમજ આચાર્યે પૂર્વની માફક જ અહીં પણ સર્વતોભદ્ર મંડળની રચના કરાવવી.[૧૧] પછી સ્નાન કરી શુદ્ધ થઈ શ્વેત વસ્ત્રધારી રહેલા શિષ્ય પાસે બ્રાહ્મણદ્વારા શ્રીરાધાકૃષ્ણ ભગવાનની પૂજા કરાવવી.[૧૨] આચાર્યના

दद्यात्तस्मै प्रपन्नाय कौपीनं साधुरादितः । बहिर्वासश्च कन्थां च रञ्जितां रक्तया मृदा ॥ १३
भिक्षापात्रं चाम्बुपात्रं दत्त्वा पुण्ड्रचतुष्टयम् । कारयित्वा च तुलसीमाले तस्मै ददीत सः ॥ १४
प्रांमुखायाथ शिष्याय गायत्रीं वैष्णवीं सुतौ ! । उपादिशेत्स आचार्यः सहर्षिछन्दादिभिः ॥ १५
यज्ञोपवीतं कार्पासं दद्यात्तस्मै ततश्च सः । स्वाचार्यप्रवरग्रन्थिं ह्येकमेव च नूतनम् ॥ १६
ततश्च दासशब्दान्तं कुर्यात्तन्नाम देशिकः । त्यागिधर्मांस्ततस्तस्मै धर्मशास्त्रोदितान्वदेत् ॥ १७
नित्यं च भगवद्गीतापठनं निजशक्तितः । उपादिशेद्विधिस्त्वन्यः पूर्वोक्तोऽत्रावगम्यताम् ॥ १८
एवं प्राप्तत्यागिदीक्षः स च तं दण्डवन्नमेत् । अन्यांश्च वैष्णवान्साधून्नमस्कुर्याच्च वर्णिनः ॥ १९
वसन् गुरुकुले नित्यं धर्मानैकान्तिनां भजेत् । अभ्यसेद्ब्रह्मविद्यां च सेवमानो गुरुं स च ॥ २०
नित्यकर्मविधिं तस्माद्गुरोः शिक्षेदतन्द्रितः । तथैव चानुदिवसं विदधीत स दीक्षितः ॥ २१

---

શરણે રહેલા સાધુએ શરણે આવેલા શિષ્યને પ્રથમથી જ લાલમાટીથી રંગેલી કૌપીન અને બહિર્વાસ માટેની ધોતી તથા ઉપર ધારણ કરવાની કંથા આપવી.[૧૩] વળી તે સાધુએ શિષ્યને ભિક્ષાપાત્ર અને જળપાત્ર પણ આપવું. ચાર જગ્યાએ ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરાવી તુલસીની બેવળી કંઠી પણ અર્પણ કરવી.[૧૪] હે પુત્રો ! પછી સ્વયં આચાર્યે પૂર્વમુખે બેઠેલા શિષ્યને ઋષિ છંદ દેવતા આદિના સ્મરણ સાથે વિષ્ણુગાયત્રી મંત્રનો ઉપદેશ આપવો.[૧૫] ને પોતાના આચાર્યના પ્રવરપરિમિત ત્રણ ગાંઠવાળી કપાસની નવીન એક યજ્ઞોપવીત શિષ્યને ધારણ કરાવવી.[૧૬] પછી આચાર્યે જે નામના અંતે "દાસ" શબ્દ આવતો હોય એવું નામ આપવું. જેમ કે "કૃષ્ણદાસ" "હરિદાસ" વગેરે. અને ધર્મશાસ્ત્રમાં કહેલા ત્યાગી સાધુઓના ધર્મોનો તેમને ઉપદેશ આપવો.[૧૭] પોતાની શક્તિ પ્રમાણે નિત્ય ભગવદ્ગીતાનો પાઠ કરે એવો ઉપદેશ આપવો. બાકીનો વિધિ પૂર્વે કહ્યો છે તેજ અહીં જાણવો.[૧૮]

હે પુત્રો ! આ રીતે ત્યાગીદીક્ષા પામેલા સાધુએ ગુરૂને દંડવત્ પ્રણામ કરવા. બીજા વૈષ્ણવ સંતો તથા બ્રહ્મચારીઓને પણ નમસ્કાર કરવા.[૧૯] ગુરુકુલમાં નિવાસ કરીને અર્થાત્ સંતોના મંડળમાં નિવાસ કરીને ગુરૂની સેવા કરતાં કરતાં નિત્યે નિર્લોભાદિ એકાંતિક ધર્મોનું પાલન કરવું ને બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવો. તે દીક્ષિત સાધુએ આળસનો ત્યાગ કરી ગુરૂ પાસેથી તૃતીય પ્રકરણના અઠ્ઠાવીસમાં અધ્યાયમાં કહેલો સાધુઓનો નિત્યવિધિ શીખવો. પ્રતિદિન તે વિધિ પ્રમાણેનું વર્તન કરવું.[૨૧] પછી તે ત્યાગી સાધુએ કાયા, મન, વાણીથી ગુરૂનું હિત થાય તેમ વર્તન

सोऽथ कायेन वचसा मनसा च गुरोर्हितम् । आचरन् स्याद्वशस्तस्य गोपतेरिव गौर्मुनिः ॥ २२
स्वयं ब्रह्मस्वरूपोऽपि दास्यं भगवतो दृढम् । न जह्यात्कर्हिचिद्धीमांस्तदीयानां च सेवनम् ॥ २३
यथोचितं सतां कुर्वन् कैङ्कर्यं शुद्धमानसः । तर्जनं भर्त्सनादीनि तेषां च विषहेत सः ॥ २४
प्रीणयेत सतो भक्त्या नारायणधियैव तान् । परिचर्यारतस्तेषां भवेन्नित्यमतन्द्रितः ॥ २५
सद्भिरुक्तां हितां वाचं सहेत परुषामपि । यथा कलत्रपुत्रादेर्दुरुक्तानि गृहाश्रमी ॥ २६
स्वातंत्र्यं यो विहायैव सदधीनो भवेत्पुमान् । एकान्तिको हरेर्भक्तः प्राप्नुयात्स परां गतिम् ॥ २७
ईदृशास्त्यागिनो ये स्युः सात्वता इह तेष्वपि । महादीक्षामभीप्सेयुर्ये तेषां विधिरुच्यते ॥ २८
तत्र ये ज्ञानवैराग्यभक्तिसद्धर्मपक्वताम् । कालेनाल्पेन सम्प्राप्ता भवेयुर्बहुनापि वा ॥ २९

---

કરવું, બળદ જેમ પોતાના ધણીને વશ વર્તે તેમ એ સાધુએ ગુરૂને વશ વર્તવું.[૨૨] સ્વયં બ્રહ્મરૂપ સ્થિતિવાળો હોય છતાં તે બુદ્ધિમાન સાધુએ ભગવાનનું દાસપણું ક્યારેય છોડવું નહિ. તેમજ ભગવાનના એકાંતિક સાધુઓની સેવા પણ છોડવી નહિ.[૨૩] માન આદિ દોષોથી રહિત વર્તતા વિશુદ્ધ મનના એ સાધુએ યથાયોગ્યપણે સંતોના દાસ થઈને રહેવું, ને તેઓની ભર્ત્સના કે તર્જન આદિકને વિશેષપણે સહન કરવા.[૨૪] ને તેમને વિષે પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ નારાયણની બુદ્ધિ રાખીને ભક્તિભાવપૂર્વક તે જેમ રાજી થાય તેમ આળસ મૂકીને તેમની નિત્ય સેવા કરવી.[૨૫]

હે પુત્રો ! જેમ ગૃહસ્થજનો પોતાની પત્ની, પુત્ર આદિકનાં દુર્વચનો સહન કરે છે. એજ રીતે તે સંતપુરુષોએ પોતાના કોઈ સ્વભાવને દૂર કરવા, ઉચ્ચારેલા હિતકારી કઠણ વચનો સ્વહિતાર્થે સહન કરવાં.[૨૬] જે સાધુ સ્વૈચ્છિક વર્તન છોડીને સંતોને આધીન વર્તે છે તે સાધુ એકાંતિક ભક્ત થઈ પરમગતિરૂપ અક્ષરધામને પામે છે.[૨૭] આ ઉદ્ધવસંપ્રદાયમાં આવા વર્તનવાળા જે ત્યાગી સાધુજનોના ભક્ત થઈને રહેતા હોય ને તેઓમાંથી જેને મહાદીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા થાય તેવા પુરુષોનો વિશેષ વિધિ કહું છું.[૨૮] હે પુત્રો ! પૂર્વોક્ત સાધુઓની મધ્યે જે સાધુઓ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સદ્ધર્મની અલ્પ સમયમાં જ પરિપક્વ દશા પામ્યા હોય કે પછી બહુ લાંબા સમયથી પામ્યા હોય.[૨૯] તેમાંથી પણ જે સાધુઓ બ્રહ્મચર્યવ્રતના પાલન સાથે અલ્પાહાર કરતા હોય, સ્વાદ ઉપર વિજય મેળવ્યો હોય, કાયા, મન, વાણીથી કોઈનો દ્રોહ કરવારૂપ હિંસા ન કરતા હોય, નિષ્કપટભાવે ગુરૂભક્તિ કરતા હોય એ આદિ ધર્મના સદ્‌ગુણો જેના વર્તનમાં વૈરાગ્યાદિકથી પણ વધુ વર્તતા હોય.[૩૦] અને આવા લક્ષણો વાળા સાધુઓની

तत्रापि ब्रह्मचर्याल्पाहारस्वादविवर्जनम् । अहिंसागुरुभक्त्यादिर्धर्मो येष्वधिको भवेत् ॥ ३०
अनुकूला भवेयुश्च येषां शुश्रूषकास्तथा । शक्त्या येऽधीतसच्छास्त्राः प्रोक्तास्तेऽत्राधिकारिणः ॥ ३१
तथानधीतसच्छास्त्रा अपि ये योगमञ्जसा । कुर्युरष्टाङ्गमखिलं प्रोक्तास्तेऽप्यधिकारिणः ॥ ३२
महादीक्षां जिघृक्षुर्यः स आचार्यमुपाव्रजेत् । तस्याधिकारितां सोऽपि सम्परीक्ष्यैव दीक्षयेत् ॥ ३३
कालपूजनहोमादि नैष्ठिकब्रह्मचारिणः । यथा प्रोक्तं तथैवात्र ज्ञातव्यं सर्वमादितः ॥ ३४
दद्यात्तस्मै गुरुर्वासः कौपीनाच्छादनं सितम् । वस्त्रखण्डं च तावन्तमुत्तरीयार्थकं सितम् ॥ ३५
कण्ठधार्ये ततो दद्यात्तुलसीमालिकाद्वयम् । अङ्कयेच्छङ्खचक्राभ्यां पूर्ववत्तद्भुजद्वयम् ॥ ३६
श्रीकृष्णं हृदये ध्यात्वा गुरुस्तस्मै ततः स्वयम् । बद्धाञ्जलिपुटायैव महामन्त्रमुपादिशेत् ॥ ३७
तत आनन्दमुन्यन्तं तस्य नाम गुरुः स्वयम् । कुर्वीत भगवन्नामपूर्वकं स गुरुं नमेत् ॥ ३८

---

સેવામાં જે સાધુઓ અનુકૂળ થઈને વર્તતા હોય તથા જે સાધુઓ પોતાની શક્તિને અનુસારે સત્શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય, આ ત્રણ શ્લોકમાં કહેલા લક્ષણવાળા સાધુઓ મહાદીક્ષા લેવાના અધિકારી કહેલા છે.[૩૧]

હે પુત્રો ! જે સાધુ પૂર્વોક્ત બ્રહ્મચર્યાદિ સર્વે નિયમોમાં પૂર્ણ હોય પરંતુ સત્શાસ્ત્રનો અભ્યાસ કરી વિદ્વત્તા પ્રાપ્ત ન કરી હોય છતાં જે અષ્ટાયોગની સાધના તત્ત્વપૂર્વક કરી હોય તે સાધુઓ પણ આ મહાદીક્ષાના અધિકારી કહ્યા છે.[૩૨] જે સાધુને મહાદીક્ષા લેવાની ઈચ્છા થાય તેમણે આચાર્યને શરણે જવું. ને આચાર્ય પણ તે સાધુની મહાદીક્ષાના અધિકારપણાની સારી રીતે પરીક્ષા કરીને પછીથી જ મહાદીક્ષા આપવી.[૩૩] દીક્ષાગ્રહણને યોગ્ય એકાદશી આદિક તિથિનો નિયમ, ભગવાનની પૂજા, હોમ, અને આગલા દિવસે ઉપવાસ વગેરે જે નિયમો છે તે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે નિયમો કહ્યા તે જ અહીં ત્યાગી સાધુઓની મહાદીક્ષામાં સર્વે જાણવા.[૩૪] વિશેષમાં ગુરૂએ શિષ્યને શ્વેત કૌપીન અને શ્વેત ધોતી અર્પણ કરવી ને ઉપર ઓઢવાનો વસ્ત્રખંડ પણ શ્વેત અર્પણ કરવો.[૩૫] વળી ગુરૂએ શિષ્યને કંઠમાં ધારણ કરવા યોગ્ય તુલસીની કંઠી બેવળી અર્પણ કરવી, શંખ, ચક્રની ગોપીચંદનની છાપ બન્ને બાહુમાં અર્પણ કરવી.[૩૬] હે પુત્રો ! પછી ગુરૂએ પોતાના હૃદયકમળમાં શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરી બે હાથ જોડી બેઠેલા સાધુ શિષ્યને મહા અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ કરવો.[૩૭] ને સ્વયં આચાર્યે આનંદમુનિ એવો શબ્દ જે નામની છેડે આવે એવું નામકરણ કરવું, જેમ કે, ‘‘ઘનશ્યામાનંદમુનિ’’ ‘‘કૃષ્ણાનંદમુનિ’’ વગેરે પછીથી તે સાધુએ ગુરૂને નમસ્કાર કરવા.[૩૮] અને તે

धर्मानुपदिशेत्तस्मै प्रणतायाथ देशिकः । अष्टाङ्गं ब्रह्मचर्यं स्वं शिष्य ! त्वं पालयेः सदा ॥ ३९
स्त्रिया मनुष्यजातेस्त्वमाकारं नावलोकयेः । अज्ञानात्स्त्रीमुखे दृष्टे व्यक्त्वा कुर्या उपोषणम् ॥ ४०
शालग्रामशिलामेकां भक्त्यैव त्वं सुलक्षणाम् । पूजयेः प्रतिघस्रं च यथालब्धोपचारकैः ॥ ४१
शक्त्या त्वं पञ्चमस्कन्धं श्रीमद्भागवतस्थितम् । पठेरनुदिनं पूर्वं भोजनात्प्रयतोऽत्वरन् ॥ ४२
मिताहाराल्पनिद्रत्वभक्तिनिष्ठास्त्वमाश्रयेः । विरक्त आत्मनिष्ठश्च दृढं तिष्ठेर्बृहद्व्रते ॥ ४३
धर्मा एते तथाऽन्ये च त्यागिनां विहितास्तु ये । यावद्देहस्मृतिस्तावत्पालनीया ममाज्ञया ॥ ४४
आचार्यः शिक्षयेदित्थं साधुमात्मनिवेदिनम् । एतावान् हि विशेषोऽत्र विधिरन्यस्तु पूर्ववत् ॥ ४५
इत्युक्तो वां त्यागिदीक्षाविधिर्यः स्वामिप्रोक्तः शास्त्रदृष्टश्च पुत्रौ ! ।
कर्तव्या श्रीद्वारिकानाथयात्रा दीक्षां प्राप्तैस्त्यागिभिर्वर्णिभिश्च ॥ ४६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ त्यागिनां महादीक्षाविधिनिरूपणनामैक-पञ्चाशत्तमोऽध्यायः ॥५१*

---

**સાધુને આચાર્યે ધર્મનો ઉપદેશ કરતાં કહેવું કે, હે શિષ્ય ! તમે સદાય તમારૂં અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળજો.[૩૯] તમે મનુષ્યજાતિની સ્ત્રીના આકારને જોશો નહિ. જો અજાણતાં પણ સ્ત્રીનું મુખ સ્પષ્ટપણે નજરમાં આવી જાય તો એક ઉપવાસ કરવો.[૪૦] તમારે શાસ્ત્રોક્ત શુભ લક્ષણવાળા શાલિગ્રામની જેવા સમયે જેવા ઉપચાર મળેલા હોય તે વડે ભાવથી પ્રતિદિન સેવા પૂજા કરવી.[૪૧] શ્રીમદ્ ભાગવતમાં રહેલા પંચમસ્કંધનો ધીમેથી-સમજાય તે રીતે ભોજન કર્યા પહેલા શક્તિ પ્રમાણે પાઠ કરવો.[૪૨] તમારે મિતાહાર કરવો. અલ્પ નિદ્રા કરવી ને ભક્તિનિષ્ઠાનો દૃઢ આશ્રય કરવો. વિરક્ત અને આત્મનિષ્ઠ વર્તી પોતાના અષ્ટાંગ બ્રહ્મચર્યવ્રતમાં દૃઢ રહેવું. બ્રહ્મચર્યવ્રતનો તો મહા આપત્કાળમાં પણ ત્યાગ ન કરવો.[૪૩]**

**હે શિષ્ય ! આ મેં કહેલા સર્વે ધર્મો તથા ત્યાગીઓને માટે શાસ્ત્રોમાં જે ધર્મો કહ્યા છે તે સર્વે ધર્મો મારી આજ્ઞાથી જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી યથાર્થ પાળવા.[૪૪] આ પ્રમાણે આચાર્યે મહાદીક્ષા પામેલા આત્મનિવેદી સાધુને શિક્ષણ આપવું. સાધુની મહાદીક્ષામાં આટલો જ વિધિ વિશેષ છે. બાકીનો સર્વે વિધિ પૂર્વવત્ જાણવો.[૪૫] હે પુત્રો ! આ પ્રમાણે ગુરૂ રામાનંદ સ્વામીએ કહેલો શાસ્ત્રસંમત ત્યાગી સાધુઓનો દીક્ષાવિધિ તમને મેં કહ્યો. આ પ્રમાણે સામાન્ય કે મહાદીક્ષા પામેલા બ્રહ્મચારીઓએ કે ત્યાગી સાધુઓએ દ્વારિકાની યાત્રા અવશ્ય કરવી.[૪૬]**

## पञ्चाशत्तमोऽध्यायः - ५२

श्रीनारायणमुनिरुवाच –

सामान्यां सविशेषां वा दीक्षामुद्धववर्त्मनि । प्राप्ता ये तैः प्रतिदिनं कार्यं श्रीकृष्णपूजनम् ॥ १
दीक्षितैरौद्धवाचार्याच्छ्रीकृष्णस्याखिलैरपि । प्रतिमा नित्यपूजायै ग्रहीतव्या यथारुचि ॥ २
त्रैवर्णिकैश्च सच्छूद्रैः प्राप्तदीक्षैस्तथाऽऽश्रमैः । चतुर्भिस्त्यागिभिश्चार्च्या कृष्णमूर्तिर्न चेतरैः ॥ ३
आचार्येण प्रतिष्ठाप्य या दत्ता प्रतिमा भवेत् । लेख्या धात्वादिजा वापि सैव पूज्या न चेतरा ॥ ४
पूजनान्ते भगवतः पातव्यं चरणामृतम् । करमध्ये गृहीत्वैव मन्त्रेणानेन चान्वहम् ॥ ५
अकालमृत्युहरणं सर्वव्याधिविनाशनम् । विष्णोः पादोदकं तीर्थं जठरे धारयाम्यहम् ॥ ६

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ આચાર્યોને કહેલા દીક્ષાવિધિમાં ત્યાગીના મહાદીક્ષાવિધિનું નિરૂપણ કર્યું એ નામે એકાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૧--**

---

## અધ્યાય - ૫૨

## ભગવાન શ્રીહરિએ સામાન્ય કે મહાદીક્ષા પ્રાપ્ત કરનારાથી ભગવાનનો અપરાધ ન થાય તે માટે કહેલા સાધારણ ધર્મો.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! આ ઉદ્ધવસંપ્રદાયને વિષે સામાન્ય કે મહાદીક્ષા જે પુરુષો પામ્યા હોય તેમણે પ્રતિદિન શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી.[૧] તે સર્વે જનોએ નિત્યપૂજા માટે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા પણ ઉદ્ધવસંપ્રદાયના આચાર્ય થકી જ રૂચી પ્રમાણે પ્રાપ્ત કરવી.[૨] દીક્ષા પામેલા ત્રૈવર્ણિક જનોએ તથા સત્શૂદ્રોએ તેમજ ચોથા આશ્રમવાળા બ્રહ્મચારી તથા ત્યાગી સાધુઓએ પણ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા પૂજવી, પરંતુ અન્ય અસત્શૂદ્રોએ પ્રતિમાની પૂજા ન કરવી.[૩] તેમાં પણ આચાર્યે જેની પ્રતિષ્ઠા કરીને અર્પણ કરી હોય તેવી જ ચિત્રપ્રતિમા કે ધાતુપ્રતિમા પૂજન કરવા યોગ્ય છે. પરંતુ બીજી મૂર્તિઓને વંદન કરવા.[૪]

હે પુત્રો ! પૂજાને અંતે ભગવાનનું ચરણોદક જમણા હાથની અંજલીમાં ગ્રહણ કરીને પ્રતિદિન આ મંત્ર બોલતાં બોલતાં પાન કરવું કે 'અકાળમૃત્યુને હરણ

विष्णुपादाम्बुपानात्स्यात्कोटिजन्माघनाशनम् । तदेवाष्टगुणं पापं भूमौ विन्दुनिपातनात् ॥ ७
प्रमादं सर्वथा हित्वा दीक्षितैरखिलैर्दृढम् । भक्तिर्नवविधा कार्या पुम्भिर्नित्यं रमापतेः ॥ ८
कुर्वद्भिर्भगवद्भक्तिं पुरुषैरिह सर्वशः । अपराधो यथा न स्याद्धरेर्वृत्यं तथा सदा ॥ ९
यानेन वा पादुकाभ्यां गमनं भगवद्गृहे । जन्मोत्सववाद्यसेवा च ह्यप्रणामस्तदग्रतः ॥ १०
उच्चासनारोहणं च भगवन्मन्दिरे तथा । एकाकिन्या स्त्रिया साकं स्वस्यैकस्य क्षणस्थितिः ॥ ११
उच्छिष्टे चैव वाशौचे भगवत्स्पर्शनादिकम् । एकहस्तेन नमनमपशब्देन भाषणम् ॥ १२
पादप्रसारणं चाग्रे हरेः पर्यङ्कबन्धनम् । शयनं भक्षणं वापि मिथ्याभाषणमेव च ॥ १३

કરતા, તેમજ સર્વવ્યાધિનો વિનાશ કરતા, સમગ્ર તીર્થ સ્વરૂપ, શ્રીવિષ્ણુ ભગવાનના પાદોદકને હું મારા જઠરમાં ધારણ કરું છું.'[૫-૬] આવી રીતે પાદોદકનું પાન કરવાથી કોટી જન્મના પાપ નાશ પામે છે. પરંતુ જો ચરણોદકનું એક પણ બુન્દ ભૂમિ ઉપર પડે તો તેનું આઠગણું પાપ થાય છે. માટે ચરણોદક પૃથ્વી પર ન પડે તેનું બરાબર ધ્યાન રાખવું.[૭] દીક્ષિત સર્વ જનોએ સર્વપ્રકારે આળસનો ત્યાગ કરી રમાપતિની પ્રતિદિન દૃઢ નવધાભક્તિ કરવી.[૮]

**અપરાધ થવાનાં ભયસ્થાનો :–** હે પુત્રો ! આપણા આ ઉદ્ધવસંપ્રદાયમાં રહી ભગવદ્ ભક્તિ કરતા સર્વે જનો જે રીતે ભગવાનનો અપરાધ ન થાય, તે જ રીતે સદાય વર્તવું.[૯] વાહનમાં બેસીને કે પાદુકા પહેરીને મંદિરે જવાથી ભગવાનનો અપરાધ થાય છે. ભગવાનના જન્મોત્સવાદિ ઉત્સવો થતા હોય તેમાં સેવા ન કરે તો અપરાધ થાય છે. ભગવાનની આગળ પસાર થાય ને પ્રણામ ન કરે તો અપરાધ થાય છે.[૧૦] મંદિરમાં ભગવાનથી ઊંચા આસને બેસે તો અપરાધ થાય છે. મંદિરમાં એકલી સ્ત્રીની સાથે માત્ર એકલા પોતાની ક્ષણવારની સ્થિતિ થાય તો અપરાધ થાય છે.[૧૧] ભોજન કર્યા પછી હસ્ત કે મુખની બરાબર શુદ્ધિ ન કરી હોય અથવા મળ-મૂત્રનો ત્યાગ કરી નિયમાનુસાર શુદ્ધ ન થયો હોય, તથા જે અપવિત્ર હોય, જન્મ-મરણનું સૂતક હોય તથા ગ્રહણનું સૂતક ચાલતું હોય તે સમયે ભગવાનની મૂર્તિનો સ્પર્શ કરે તો અપરાધ થાય છે. એક હાથે નમસ્કાર કરે, મંદિરમાં અપશબ્દો બોલે, ભગવાનની આગળ પગ લાંબા કરીને બેસે, ઢીંચણને બાંધીને બેસે કે સૂઈ જાય તો ભગવાનનો અપરાધ થાય છે. ભગવાનની આગળ કાંઈ પણ મુખમાં રાખી ભક્ષણ કરે, ખોટુ બોલે, ઊંચે સાદે બરાડા પાડી બોલે, રુદન કરે કે કોઈને તાડન કરે, કજીયો કરે તો ભગવાનનો અપરાધ થાય

उच्चैर्भाषा रोदनं च निग्रहः कलहस्तथा । स्त्रीणां निरीक्षणं स्पर्शस्ताभिश्च क्रूरभाषणम् ॥ १४
शक्तौ गौणोपवासश्चाप्यनिवेदितभक्षणम् । अधोवायुसमुत्सर्गः प्रौढपादासनं तथा ॥ १५
ग्राम्यवार्ताप्रसक्तिश्च स्वश्लाधाऽपाङ्मुखासनम् । श्रीहरेर्नवधा भक्तावपराधा इमे मताः ॥ १६
तस्मादेतान्प्रयत्नेन नैव कुर्यादनापदि । भगवत्प्रीतिकामस्तु विशेषेण तदर्चकः ॥ १७
एतेष्वन्यतमे जाते त्वपराधे प्रमादतः । भक्तेनोपोषणं कार्यं दिनमेकं रमापतेः ॥ १८
दण्डवत्प्रणिपातेन स्तुत्या च विनयेन च । क्षमापनीयो भगवान्मन्त्रेणानेन चादरात् ॥ १९
अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया । दासोऽयमिति मां मत्वा क्षमस्व पुरुषोत्तम ! ॥ २०

---

છે. બુદ્ધિપૂર્વક સ્ત્રીના રૂપ-વય આદિકને જુએ, સ્ત્રીના અંગનો સ્પર્શ કરે, તેની સાથે કઠોર વચનોનું ઉચ્ચારણ કરે તો ભગવાનનો અપરાધ થાય છે.[૧૨-૧૪]

હે પુત્રો ! નિરાહાર ઉપવાસ કરવાની સામર્થી હોય છતાં વ્રતાદિકના દિવસે ફલાહારાદિનો સ્વીકાર કરી ગૌણ ઉપવાસ કરે છે, ભગવાનને નિવેદન કર્યા વિનાના ફલાદિકનું ભક્ષણ કરે છે, ભગવાનની આગળ અધોવાયુનું ઉત્સર્જન કરે છે તો ભગવાનનો અપરાધ થાય છે. ભગવાનની આગળ પગ ઉપર પગ ચડાવી બેસે, ગ્રામ્યવાર્તા કરવા લાગે અને પોતાના મુખે પોતાના વખાણ કરે તો ભગવાનનો અપરાધ થાય છે. ભગવાનન પૂંઠવાળીને બેસે તો ભગવાનનો અપરાધ થાય છે. શ્રીહરિની નવધા ભક્તિ માં આ ઓગણત્રીસ અપરાધો ગણાવ્યા. તે સિવાયના બીજા પાંચ અપરાધો પણ ન કરવા જેવા કે, જે સમયે જે ફળ થતાં હોય તે ભગવાનને અર્પણ ન કરવાં, ભગવાનની આગળ કોઈના ઉપર અનુગ્રહ કરવો, કોઈનું અભિવાદન કરવું, ભગવાનની આગળ બીજાની સ્તુતિ કરવી, કે ભગવાનની આગળ કોઈની નિંદા કરવી. હે પુત્રો ! ભગવાનની નવધા ભક્તિમાં આ પાંચ પણ ભગવાનના અપરાધનું કારણ છે. માટે તે ન કરવા.[૧૫-૧૬] તેટલા જ માટે ભગવાનને અતિશય રાજી કરવા ઈચ્છતા ભગવાનના પૂજારી ભક્તે આપત્કાળ પડ્યા વિના આ અપરાધો ન થાય તે માટે પ્રયત્નપૂર્વક ધ્યાન રાખવું.[૧૭] આ કહ્યા એ અપરાધોમાંથી કોઈ પણ એક અપરાધ પ્રમાદથી કે અસાવધાનીથી થઈ જાય તો રમાપતિભક્તે એક ઉપવાસ કરવો.[૧૮] ને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ભગવાનની વિનયથી સ્તુતિ કરીને આદરથી આ મંત્ર બોલતાં બોલતાંભગવાન પાસે અપરાધોની ક્ષમા માગવી કે, હે પુરુષોત્તમ ! હું રાત્રી દિવસ હજારો અપરાધો કરું છું, તો તમે ''આ મારો દાસ છે'' એમ મને જાણીને તે તે અપરાધોની ક્ષમા

दीक्षितैः सकलैरेव निजाचार्यस्य केवलम् । पादाम्बु च प्रसाद्यन्नं ग्राह्यं नान्यस्य कर्हिचित् ॥ २१
वर्णाश्रमादिधर्मस्य न स्यात्सङ्करता यथा । लोकज्ञात्यपवादश्च न स्याद्ग्राह्यं तथैव तत् ॥ २२
दन्तैर्विदश्य यद्दत्तमाचार्येण फलादिकम् । भवेत्तदपि न प्राश्यं मर्यादैषोद्धवी मता ॥ २३
इत्थं ये दीक्षिता भक्ताः स्वस्वधर्मेषु संस्थिताः । ज्ञानवैराग्यसम्पन्नाः प्रोक्ता एकान्तिका हि ते ॥ २४
देहान्ते परमं धाम विष्णोर्गोलोकसंज्ञितम् । प्रयान्ति दिव्यदेहास्ते विमानैरर्कभास्वरैः ॥ २५
तत्र श्रीदामनन्दाद्यैः पार्षदैः सेवितं च ते । प्राप्य श्रीराधिकाकृष्णं लभन्ते स्वेप्सितं सुखम् ॥ २६
द्विविधां पुम्भ्य एवैतां दीक्षां दद्याद्गुरुः पुमान् । स्त्रीभ्यो नैव क्वचिद्दद्यात्स्त्रिया ताभ्यस्तु दापयेत् ॥ २७
गुरुर्दीक्षां ददत्ताभ्यस्तासां सोऽतिप्रसङ्गतः । धर्मभ्रष्टश्च पापीयान्विनष्टाचार्यतो भवेत् ॥ २८
अध्वप्रवर्तकं स्वस्य पूर्वाचार्यं स चोद्धवम् । दूषयन् स्याद्गुरुद्रोही तस्मान्नैतत्समाचरेत् ॥ २९

---

આપો.[૧૯-૨૦]

હે પુત્રો ! દીક્ષા પામેલા સર્વેજનોએ પોતાના આચાર્યનું ચરણોદક અને પ્રસાદીનું અન્ન કેવળ સ્વીકારવું. પરંતુ આચાર્ય સિવાય બીજા કોઇનું ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ.[૨૧] તેમાં પણ પોતાના વર્ણ, આશ્રમ, દેશ, કુળ, પુર, ગામ, આદિના ધર્મોનું સાંકર્યપણું ન થાય તેમજ સમાજ તથા જ્ઞાતિમાં પોતાને જુદો ન કરે એ રીતે જોઇ વિચારીને ગ્રહણ કરવું.[૨૨] આચાર્યે જે ફળાદિકને પોતાના દાંતથી તોડીને પ્રસાદી કરી આપેલું હોય તો તે ન ખાવું. આ મર્યાદા ઉદ્ધવસંપ્રદાયની છે. તેથી આચાર્યોએ એવી રીતે પ્રસાદી ન આપવી.[૨૩] હે પુત્રો ! આ પ્રમાણેની પોતાની ધર્મમર્યાદામાં જે દીક્ષિતજનો વર્તે છે, તે જ્ઞાન, વૈરાગ્ય સંપન્ન એકાંતિક ભક્તો કહેલા છે.[૨૪] તે ભક્તો દેહના અંતે દિવ્ય દેહને ધારણ કરી સૂર્યની સમાન દેદીપ્યમાન દિવ્ય વિમાનમાં બેસી વિષ્ણુના ગોલોક નામના પરમ ધામને પામે છે.[૨૫] તે ધામને વિષે તે ભક્તોની શ્રીદામા, નંદ, સુનંદ આદિ પાર્ષદો સેવા કરે છે, તે ભક્ત ત્યાં શ્રીરાધિકાપતિ એવા શ્રીકૃષ્ણ ભગવાનને પામીને પોતાને ઇચ્છીત સુખ પ્રાપ્ત કરે છે.[૨૬] હે પુત્રો ! ધર્મવંશી આચાર્યોએ આ બન્ને પ્રકારની દીક્ષા માત્ર પુરુષોનેજ આપવી પરંતુ સ્ત્રીઓને ક્યારેય ન આપવી, સ્ત્રીઓને તો પોતાની પત્ની દ્વારા દીક્ષા અપાવવી.[૨૭]

હે પુત્રો ! ગુરુઓ સ્ત્રીઓને દીક્ષા આપે તો તેઓના અતિ સહવાસથી ધર્મભ્રષ્ટ થઇ પાપયુક્ત બની વિનાશ પામે છે.[૨૮] અને આવો ધર્મભ્રષ્ટ ગુરૂ પોતાના સંપ્રદાય પ્રવર્તક આચાર્ય ઉદ્ધવજીને દોષિત કરી ગુરૂદ્રોહી થાય છે. માટે સ્ત્રીઓને

इति दीक्षाविधिः प्रोक्तः सङ्क्षेपेण मया सुतौ ! । सेवनादस्य सिद्ध्यन्ति सर्व एव मनोरथाः ॥ ३०
रामानन्दगुरुः साक्षादुद्धवो मामिमं विधिम् । उपादिदेश कृपया युवाभ्यां स मयोदितः ॥ ३१
मयाऽवबोधाय सुतौ ! अयं वां दीक्षाविधिर्यः कथितः स सम्यक् ।
चित्तेऽवधार्योऽथ यथाधिकारं दीक्षा प्रदेया स्वसमाश्रितेभ्यः ॥ ३२ ॥

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ दीक्षितपुरुषसाधारणधर्मनिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्यायः ॥५२*

---

દીક્ષા ક્યારેય ન આપવી.[૨૯] હે પુત્રો ! આ પ્રમાણે મેં તમને સંક્ષેપથી દીક્ષાવિધિ કહ્યો. આ વિધિના સેવનથી સર્વે મનોરથ સિદ્ધ થાય છે.[૩૦] સાક્ષાત્ ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીએ કૃપા કરીને આ દીક્ષાવિધિનો પ્રકાર મને ઉપદેશેલો છે, તે જ વિધિ મેં તમને કહ્યો.[૩૧] માટે દીક્ષાવિધિનું તમને જ્ઞાન થાય તે માટે જ આ વિધિ મેં કહ્યો છે. એને સારી પેઠે તમારા ચિત્તમાં ધારણ કરો ને શરણે આવેલા શિષ્યોને અધિકારને અનુસારે દીક્ષાપ્રદાન કરો.[૩૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં દીક્ષિત પુરુષોને ભગવાનનો અપરાધ ન થાય તેની સાવધાની માટે સાધારણ ધર્મો કહ્યા એ નામે બાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૨--**

---

त्रिपञ्चाशत्तमोऽध्यायः - ५३

श्रीनारायणमुनिरुवाच –

अथ वक्ष्यामि वां पुत्रौ ! नारीणां दीक्षणे विधिम् । तं श्रुत्वैवोपदिशतं स्वस्वां भार्यां पृथक् पृथक् । १
स्त्रीणां बम्भ्रम्यमाणानां कर्मभिः श्वादियोनिषु । श्रीकृष्ण एव शरणं क्लिष्टानां नैकभर्तृभिः ॥ २
राधालक्ष्म्यादिवद्गोप्यः कृष्णं वृत्वा ह्यनन्यया । भक्त्या विमुक्ताः संसारात्प्रापुः सौख्यं स्ववाञ्छितम् ३
बुद्धिमत्यस्ततो योषा धर्मवंश्यगुरुस्त्रियम् । श्रित्वा तस्याः प्राप्य दीक्षां भजेयुः कृष्णमादरात् ॥ ४
पतिव्रताधर्मभङ्गाद्भीता स्याद्या तु सा क्वचित् । पुंसो दीक्षां न गृह्णीयाद्धर्मवंश्यादपि ध्रुवम् ॥ ५
दीक्षां गृहीत्वा पुरुषात्कलाविह सहस्रशः । योषितो धर्मतो भ्रष्टा दृश्यन्ते पशुभिः समाः ॥ ६
स्त्र्याकृतेर्वीक्षणं पुंसः स्त्रियाश्च न्राकृतीक्षणम् । अवश्यमेव भवति मनसः क्षोभकारणम् ॥ ७
अतःपुंसो न गृह्णीयाद्योषा दीक्षां कलाविह । तस्या दीक्षाविधानं तु ब्रुवे गुरुमुखाच्छ्रुतम् ॥ ८

---

## અધ્યાય – ૫૩

## ભગવાન શ્રીહરિએ કહેલો સ્ત્રીઓ માટેનો દીક્ષાવિધિ.

શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! હવે તમને હું સ્ત્રીઓને આપવાની સામાન્ય દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ કહું છું. તેનું શ્રવણ કરી તમે તમારી પત્નીઓને તેનો અલગ અલગ ઉપદેશ કરજો.[૧] પોતે કરેલાં અનેક પ્રકારનાં કર્મોને અનુસારે કૂતરા આદિક યોનિઓને વિષે ભટકતી અને અનેક પતિઓથી ભર્ત્સના કે તાડન આદિક અનેક પ્રકારના કલેશને પામતી સ્ત્રીઓને ભગવાન શ્રીકૃષ્ણ જ એક શરણું સ્વીકારવા યોગ્ય છે.[૨] કારણ કે રાધા અને લક્ષ્મીજીની જેમ ગોપીઓ પણ અનન્ય ભક્તિથી શ્રીકૃષ્ણ ભગવાનને વરી આ સંસારમાંથી મુક્ત થઇ પોતાને ઇચ્છિત પરમ સુખને પામી છે.[૩] તેથી બુદ્ધિમાન સર્વે સ્ત્રીઓએ ધર્મવંશી આચાર્યની પત્નીઓનો આશ્રય કરી તોમની પાસેથી ભાગવતીદીક્ષા પ્રાપ્ત કરી આદરપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવી.[૪] જે નારી પોતાના પતિવ્રતાના ધર્મ ભંગથી ભય પામતી હોય તેમણે ક્યારેય પણ ધર્મવંશી પુરુષ પાસેથી દીક્ષા ગ્રહણ કરવી નહિ. તેમની પત્નીઓ પાસેથી જ દીક્ષા ગ્રહણ કરવી.[૫]

હે પુત્રો ! આ કલિયુગમાં પુરુષ પાસેથી દીક્ષા ગ્રહણ કરનારી હજારો સ્ત્રીઓ તેના થકી ધર્મભ્રષ્ટ થઇ પશુના સમાન જીવતી દેખાય છે.[૬] પુરુષોને સ્ત્રીઓની આકૃતિનું દર્શન અને સ્ત્રીઓને પુરુષની આકૃતિનું દર્શન અરસપરસ મનને અવશ્ય ક્ષોભ ઉપજાવે છે.[૭] તેથી આ કલિયુગમાં સ્ત્રીઓએ પુરુષ પાસેથી દીક્ષા ગ્રહણ ન

या योषा संसृतेर्भीता यमाच्च श्रेय इच्छती । साध्वीधर्मावनेच्छुश्च श्रद्धालुः साध्वसाधुवित् ॥ ९
मुमुक्षुः सा तु शरणं गुरुपत्नीं व्रजेद्द्रुतम् । वर्तमानामौद्धवीये पथि धर्मदृढस्थितिम् ॥ १०
वासुदेवानन्यभक्ता गुरुस्त्री तु भवेत्सती । स्वासन्नसम्बन्धिभिन्ननृभाषास्पर्शवर्जिता ॥ ११
एकादश्यादिव्रतकृत्कुर्वती चोत्सवान्हरेः । गुर्वी सा तु प्रपन्नायै दद्याद्दीक्षां तु योषिते ॥ १२
स्नाता धौताम्बरधरा कृतकृष्णार्चना गुरुः । प्रागेव भोजनाद्दद्याद्दीक्षां चाभुक्तयोषिते ॥ १३
भर्तुराज्ञां गृहीत्वैव योषिते गुरुयोषिता । मन्त्रोपदेशः कर्तव्यो न तु स्वातन्त्र्यतः क्वचित् ॥ १४
अस्यां तिथ्यादिनियमो दीक्षायां नैव विद्यते । यदा यस्या मुमुक्षा स्याद्दीक्षणीया तु सा तदा ॥ १५
स्नाता धौताम्बरा शिष्या गृहीत्वैव फलं करे । गुर्वीमुपेत्य पुरतः फलं तस्या निधारयेत् ॥ १६

---

**કરવી, માટે ગુરૂ રામાનંદ સ્વામીના મુખથી જે મેં સ્ત્રીઓનો દીક્ષા વિધિ સાંભળ્યો છે તે હું તમને કહું છું.[૮] જે સ્ત્રી જન્મ-મરણરૂપ સંસૃતિ અને યમદૂતના ભય થકી ભય પામી આત્માના કલ્યાણને ઈચ્છતી હોય તેમજ પોતાના પતિવ્રતાના ધર્મનું રક્ષણ ઈચ્છતી હોય, પતિવ્રતાના ધર્મ પાળવામાં શ્રદ્ધાવાળી હોય, સાધુ અને અસાધુને સમજવામાં વિવેકી હોય, તથા મુમુક્ષુ હોય તેમણે તત્કાળ ઉદ્ધવસંપ્રદાયમાં રહેલી અને ધર્મમાં દઢ સ્થિતિ ધરાવતી ગુરૂપત્નીના શરણે જવું.[૯-૧૦]**

**કેવી ગુરુપત્ની શિષ્યાઓને દીક્ષા આપી શકે ? :–** **હે પુત્રો ! જે ગુરૂપત્ની શ્રીવાસુદેવ ભગવાનની અનન્ય ભક્ત હોય, પતિવ્રતા ધર્મમાં દઢ વર્તતી હોય, પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષોનો સ્પર્શ અને તેમની સાથે વાર્તાલાપ પણ ન કરતી હોય, એકાદશી આદિક વ્રતોનું અનુષ્ઠાન કરતી હોય, શ્રીહરિના અન્નકૂટાદિ ઉત્સવોની ઉજવણી કરતી હોય, આવા દઢ લક્ષણવાળી ગુરુપત્નીએ પોતાને શરણે આવેલી અધિકારી શિષ્યા સ્ત્રીઓને દીક્ષા આપવી.[૧૧-૧૨] તેમાં પ્રથમ શુદ્ધ જળથી સ્નાન કરી, ધોયેલાં વસ્ત્રો ધારણ કરી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરીને ભોજન કર્યા પહેલાં ગુરુપત્નીએ, સ્નાન કરી પવિત્ર થઈ ભોજન કર્યા પહેલાં પોતાને શરણે આવેલી શિષ્યા સ્ત્રીને દીક્ષા આપવી.[૧૩] પોતાના પતિ આચાર્યશ્રીની આજ્ઞા લઈને જ શરણે આવેલી શિષ્યાને અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ કરવો. પરંતુ પતિની આજ્ઞા લીધા વિના તત્કાળ સ્વતંત્ર રીતે મંત્ર ઉપદેશ ન કરવો.[૧૪]**

**હે પુત્રો ! આ સામાન્ય દીક્ષામાં શુભ તિથિ, વાર આદિકનો કોઈ નિયમ નથી, જ્યારે પણ જે સ્ત્રીને મુમુક્ષુતા જાગે ને શરણે આવે તેને દીક્ષા આપી દેવી.[૧૫] જ્યારે મુમુક્ષુનારી દીક્ષા લેવા આવે ત્યારે સ્નાન કરી ધોયેલા વસ્ત્રો ધારણ કરી**

ततः प्रणामं कुर्वीत् बद्धाञ्जलिपुटाथ ताम् । ब्रूयात्स्वामिनि ! मां पाहि पाषण्डिगुरुपापतः ॥ १७
तामाश्वास्याभयं दातुं गुरुपत्नी वदेत्ततः । मा भैषीर्वासुदेवस्त्वां रक्षिष्यत्येव सर्वतः ॥ १८
इत्युक्त्वा तामुपावेश्य दत्त्वाम्भो दक्षिणे करे । सङ्कल्पं कारयेद्गुर्वी मन्त्रमेतं पठन्त्यसौ ॥ १९
कालमायापापकर्मयमदूतभयादहम् । श्रीकृष्णदेवं शरणं प्रपन्नाऽस्मि स पातु माम् ॥ २०
ततस्तस्यै कण्ठधार्ये सूक्ष्मे तुलसिकास्रजौ । दत्त्वा तस्या भालदेशे कुर्यात्कुंकुमचन्द्रकम् ॥ २१
यदि सा विधवा तर्हि कण्ठे चन्दनचन्द्रकम् । कृत्वाऽष्टवर्णं मन्त्रं त्रिर्वामकर्ण उपादिशेत् ॥ २२
ततस्तस्यै सर्वकालं जप्तुं सा त्र्यक्षरं मनुम् । उपादिशेत्तु योषायै तं जपेत्सापि सर्वदा ॥ २३
त्रैवर्णिकानां नारीणां सच्छूद्राणां च सर्वशः । विधिरेष इह प्रोक्तस्ताभ्योऽन्यासां ब्रुवे विधिम् ॥ २४
स्नाताभ्यस्त्वन्ययोषाभ्यो गुरुपत्नी गुणाक्षरम् । प्रदापयेन्नाममन्त्रमन्ययेति विधिः स्मृतः ॥ २५

---

હાથમાં ફળ ધારણ કરી ગુરુપત્નીના સમીપે આવી તેમની આગળ ફળને પધરાવી નમસ્કાર કરે.[૧૬] પછી બે હાથ જોડીને કહે કે, હે સ્વામિની ! પાખંડી ગુરુઓ થકી તથા સર્વપ્રકારના પાપથી મારૂં રક્ષણ કરો. હું તમારે શરણે છું.[૧૭] તે સમયે ગુરૂપત્નીએ શિષ્યાને આશ્વાસન આપી અભયદાન આપવું ને કહેવું કે, હે શિષ્યા ! તું ભય ન પામ. શ્રીવાસુદેવ ભગવાન તમારૂં સર્વપ્રકારે રક્ષણ કરશે.[૧૮] આ પ્રમાણે કહીને શિષ્યાને સમીપે બેસાડી જમણા હાથમાં જળ આપવું ને પછી ગુરુ પત્નીએ આ મંત્ર બોલીને સંકલ્પ કરવો .[૧૯] કે 'કાળ, માયા, પાપકર્મ અને યમદૂતના ભયથી હું ભગવાન શ્રીકૃષ્ણના શરણે આવી છું. એ ભગવાન મારૂં તેના થકી રક્ષણ કરો.' [૨૦] આ પ્રમાણે સંકલ્પ કરાવી ગુરૂએ કંઠમાં ધારણ કરવા યોગ્ય સૂક્ષ્મ તેમજ તુલસીની કંઠી અર્પણ કરવી ને શિષ્યાના ભાલમાં કુંકુમનો ચાંદલો કરાવવો. જો તે શિષ્યા વિધવા હોય તો કંઠમાં ચંદનનો ચાંદલો કરાવવો, ને ડાબા કાનમાં ત્રણવાર અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરવો.[૨૨] પછી ગુરુએ શિષ્યાને હમેશાં જપ કરવા માટે ''શ્રીકૃષ્ણ'' એવો ત્રણ અક્ષરનો મંત્ર આપવો. અથવા ''સ્વામિનારાયણ'' આ ષડાક્ષરી મંત્ર આપવો. અને શિષ્યાએ તેમનો સર્વકાળે જપ કરવો.[૨૩] ત્રણે વર્ણવાળી અને સત્શૂદ્ર સર્વે સ્ત્રીઓ માટે દીક્ષા આપવાનો આ જ વિધિ કહ્યો છે. એ સિવાયની અન્ય સ્ત્રીઓનો વિધિ કહું છું.[૨૪]

હે પુત્રો ! ગુરૂસ્ત્રીએ સ્નાન કરીને આવેલી તે અસત્શૂદ્રસ્ત્રીને પોતાની અન્ય શિષ્યા સ્ત્રીદ્વારા ત્રણ અક્ષરનો ''શ્રીકૃષ્ણ'' મંત્ર પ્રદાન કરાવવો. બસ આટલો જ વિધિ છે.[૨૫]

ततो गृहीतमन्त्रायै शिष्यायै नियमान्वदेत् । एकाग्रमनसा सापि श्रुत्वैतान् हृदि धारयेत् ॥ २६
मांसं न भक्षयेस्त्वं च सुरां मद्यं च मा पिबः । परस्य हिंसनं नैव कुर्या घातं च नात्मनः ॥ २७
न जातिभ्रंशकृत्कर्म न कुर्याः स्तेयकर्म च । न सङ्गं परपुंसश्च कुर्यास्त्वं कर्हिचिच्छुभे ! ॥ २८
कुसङ्गिभ्यो न शृणुयाः कथावार्ता हरेरपि । न च कस्यापि देवस्य वाचाप्युच्छेदमाचरेः ॥ २९
न किञ्चिन्मादकं खादेर्न तमालं न चाशुचि । अगालितं पयोऽम्भश्च न पिबेस्त्वं कदाचन ॥ ३०
नापशब्दं वदेः क्वापि कञ्चनापवदेर्न च । मानसं पूजनं विष्णोः कुर्या नित्यमतन्द्रिता ॥ ३१
प्रीत्यैव राधाकृष्णार्चां पूजयेश्च त्वमन्वहम् । शक्त्या तन्मन्त्रजपनं विदध्या नियमेन च ॥ ३२
मालामाच्छाद्य वस्त्रेण शुचिर्भूत्वा स्थिरासना । कुर्या मन्त्रजपं नित्यं यतवाग्दष्टिरत्वरा ॥ ३३
कुर्या एकादशीजन्माष्टम्यादीनि व्रतानि च । अधार्मिकाणां नारीणां पुंसां सङ्गं च मा कृथाः ॥ ३४

**ગુરુપત્નીએ શિષ્યાને ઉપદેશ કરવાનાં વાક્યો :–** હે પુત્રો ! ત્યારપછી ગુરુપત્નીએ મંત્રદીક્ષા લીધેલી પૂર્વોક્ત ત્રણેવર્ણવાળી અને સત્શૂદ્રની સ્ત્રીને પણ નિયમોનો ઉપદેશ કરવો. અને તે શિષ્યાઓએ પણ પોતાની ગુરુએ કહેલા નિયમોને એકાગ્ર ચિત્તથી સાંભળી હૃદયમાં ઉતારવાં.[૨૬] ગુરૂપત્નીએ ઉપદેશ કરવો કે, હે શિષ્યા ! તારે માંસ ભક્ષણ ન કરવું. ત્રણ પ્રકારની સુરા, અગિયાર પ્રકારનું મદ્ય ન પીવું. બીજા પ્રાણીની હિંસા ન કરવી, પોતાના દેહનો પણ ઘાત ન કરવો.[૨૭] હે શિષ્યા ! તમારે જાતિભ્રષ્ટ કરે તેવું કર્મ ન કરવું, ચોરીનું કર્મ ન કરવું, ક્યારેય પણ પરપુરુષનો સંગ ન કરવો.[૨૮] ભગવાનની કથાવાર્તા પણ કુસંગી પુરુષો થકી ન સાંભળવી. કોઇ પણ દેવનું અપમાન થાય તેવી વાણી ન ઉચ્ચારવી.[૨૯] પોતાને કેફ ચડે એવી કોઇ પણ વસ્તુ ખાવી પીવી નહિ. તમાકુ ખાવું નહિ અને નાકે સૂંઘવું પણ નહિ. અપવિત્ર વસ્તુ તેમજ ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ ન કરવું. ગાળ્યા વિનાનું દૂધ કે જળ ક્યારેય પણ પીવું નહિ.[૩૦] ક્યારેય પણ અપશબ્દો કે ગાળો ન બોલવી, મિથ્યાપવાદનું આરોપણ ન કરવું. હમેશાં આળસ છોડી શ્રીવિષ્ણુ ભગવાનની માનસીપૂજા કરવી.[૩૧]

હે શિષ્યા ! તારે પ્રતિદિન શ્રીરાધાકૃષ્ણ ભગવાનની પ્રતિમાનું અતિશય સ્નેહથી મંત્ર જપતાં જપતાં પૂજન કરવું, તેમજ નિયમ પૂર્વક મંત્રનો જપ કરવો.[૩૨] તે મંત્ર જપતી વખતે માળાને વસ્ત્રથી ઢાંકીને પવિત્ર થઇ, સ્થિર આસને બેસી વાણી અને દૃષ્ટિને નિયમમાં રાખી ધીમેથી પ્રતિદિન મંત્રનો જપ કરવો.[૩૩] એકાદશી અને જન્માષ્ટમી આદિક વ્રતો કરવાં. અધાર્મિક સ્ત્રી-પુરુષનો સંગ ક્યારેય ન

हरेर्नवविधां भक्तिं कुर्यास्त्वं मा त्यजेः क्वचित् । सङ्गं त्यक्त्वाष्टधा पुंसां विधवापि हरिं भजेत् ॥ ३५
सद्धर्मानद्य भवती प्राप्ता भागवतानिति । सत्सङ्गिनीति लोकेऽस्मिन्विश्रुता च भविष्यति ॥ ३६
जाताद्य निर्भया त्वं हि कृष्णं धर्मस्थिता भज । गोलोकं परमं धाम प्राप्स्यस्यन्ते तथा सती ॥ ३७
वासुदेवस्तव पतिर्भूत्वा ते वाञ्छितं सुखम् । दास्यत्येव कृपासिन्धुः संशयो नात्र विद्यते ॥ ३८
इत्युक्त्वा प्रतिमां तस्यै राधाकृष्णस्य सा गुरुः । चातुर्वर्ण्यस्त्रियै दद्यादितरांत्वित्थमादिशेत् ॥ ३९
प्रतिमा वासुदेवस्य स्प्रष्टव्या न त्वया क्वचित् । स्वग्रामे ह्यौद्धवगृहे कुर्या नित्यं तदीक्षणम् ॥ ४०
सा न चेत्तर्हि पुष्पादि कृष्णप्रासादिकं त्वया । स्थापयित्वान्तिके तस्य कर्तव्यं नित्यमीक्षणम् । ४१
मानसं पूजनं भक्त्या नित्यं कुर्यास्त्वमादरात् । तेनैव बाह्यपूजायाः फलं सर्वमवाप्स्यसि ॥ ४२
ततश्चातुर्वर्ण्ययोषा गुरुपत्नीं समर्चयेत् । कुंकुमाक्षतपुष्पाद्यैः शक्त्या वस्त्रैर्धनैश्च सा ॥ ४३
गुरुपत्नीं नमस्कृत्य ततस्तस्या निदेशतः । गच्छेन्निजगृहं तत्र भवेत्तद्वचसि स्थिता ॥ ४४

---

કરવો.[૩૪] શ્રીહરિની નવપ્રકારની ભક્તિનો ક્યારેય પણ ત્યાગ ન કરવો. તેમાં વિધવા સ્ત્રીએ તો અષ્ટપ્રકારે પુરુષનો ત્યાગ રાખી હરિભજન કરવું.[૩૫] તું અત્યારે ભાગવતધર્મને પામી છો એથી આ લોકમાં તું 'સત્સંગીની' તરીકે પ્રસિદ્ધ થઈશ.[૩૬] તું આજથી જન્મ-મરણથી નિર્ભય થઈ છો, તેથી ધર્મમાં રહીને ભગવાનનું ભજન કર. આવી રીતે જો વર્તીશ તો દેહના અંતે સર્વોત્તમ ભગવાનના ગોલોકધામને પામીશ.[૩૭] કૃપાસિંધુ શ્રીવાસુદેવ ભગવાન તારા પતિ થઈને તને ઈચ્છિત સર્વ સુખ આપશે. આ મેં જે કહ્યું તેમાં તારે કંઈ પણ સંશય રાખવો નહિ.[૩૮] હે પુત્રો ! આ પ્રમાણે કહીને આચાર્યપત્નીએ તે ચારે વર્ણની સ્ત્રીઓને શ્રીરાધાકૃષ્ણની પ્રતિમા પૂજવા માટે આપવી. અને અસત્શૂદ્ર સ્ત્રીને માત્ર આગળ કહેવાશે તેટલો જ ઉપદેશ આપતા કહેવું કે, હે શિષ્યા ! તારે ક્યારેય પણ શ્રીવાસુદેવ ભગવાનની પ્રતિમાનો સ્પર્શ ન કરવો. પોતાના ગામમાં ઉદ્ધવસંપ્રદાયના સત્સંગીના ઘેર પધરાવેલા ભગવાન શ્રીવાસુદેવનારાયણનાં નિત્યે દર્શન કરવા જવું.[૩૯-૪૦] જો આવી રીતની ગામમાં ક્યાંય પ્રતિમા ન હોય તો તમારે ભગવાન શ્રીકૃષ્ણના પ્રસાદિના પુષ્પ કે વસ્ત્રનો ટુકડો પોતાની સમીપે રાખી તેમનાં દર્શન નિત્યે કરવાં.[૪૨] તારે માનસીપૂજા ભક્તિભાવં પૂર્વક અતિશય આદરથી પ્રતિદિન કરવી. તે માનસીપૂજા કરવા માત્રથી બ્રાહ્યપૂજાનું સર્વ ફળ પ્રાપ્ત થશે.[૪૨] હે પુત્રો ! પછી શિષ્યા થયેલી ચારે વર્ણની સ્ત્રીઓએ કુંકુમ, ચોખા અને પુષ્પાદિ વડે શક્તિને અનુસાર વસ્ત્રો તેમજ ધનવડે ગુરુપત્નીની પૂજા કરવી ને શિષ્યાએ ગુરૂને નમસ્કાર કરવા, તથા તેમનો આદેશ

इति सामान्यदीक्षाया विधिः प्रोक्तो मयाधुना । विधिं विशेषदीक्षायाः कथयाम्यप्यशेषतः ॥ ४५
योषा त्रैवर्णिकी तत्र ज्ञातव्या ह्यधिकारिणी सच्छूद्रा चाप्तसामान्यदीक्षा तद्धर्मसुस्थिरा ॥ ४६
न स्यान्न्यूनातिरिक्ताङ्गा न भाषेतानृतं च या । न हासिनी न बहु भुक् न क्रियासु प्रमादिनी ॥ ४७
विकृताङ्गी च या न स्यान्महारोगार्दिता न च । न चातिघर्घररवा श्मश्रुला च न या भवेत् ॥ ४८
न तुच्छभाषिणी या च भ्रामणी न च या भवेत् । राजादिवार्ताकथनप्रच्छनप्रकृतिर्न च ॥ ४९
भोजयित्वा पोष्यवर्गं या भुञ्जीत दिनेदिने । लज्जालुर्नातिचपला दयालुश्च पतिव्रता ॥ ५०
क्रयविक्रयहेतोर्या न स्याद्विपणिगामिनी । अधार्मिकाणां नारीणां सङ्गे यस्या रुचिर्न च ॥ ५१
सद्धर्मपालनोत्साहा भर्त्राज्ञप्ता सुवासिनी । पितृपुत्राद्यनुज्ञाता विधवाप्यधिकारिणी ॥ ५२

---

થતાં પોતાના ઘેર જવું. અને ગુરૂપત્નીએ કહેલા સર્વે વચનોનું પાલન કરવું.[૪૪] હે પુત્રો ! આ પ્રમાણે સ્ત્રીઓ માટેનો સામાન્યદીક્ષા વિધિ કહ્યો. હવે વિશેષમાં મહાદીક્ષાનો સમગ્ર વિધિ તમને સંભળાવું છું.[૪૫]

**મહાદીક્ષાની અધિકારી સ્ત્રીઓનાં લક્ષણો :–** આ મહાદીક્ષામાં ત્રણેવર્ણની સામાન્યદીક્ષા પામેલી તેમજ પોતાના ધર્મમાં દૃઢ વર્તતી સ્ત્રીઓ અધિકારી કહેલી છે. સત્શૂદ્ર સ્ત્રીઓ પણ મહાદીક્ષાની અધિકારી કહેલી છે.[૪૬] જે સ્ત્રી ઓછાં કે અધિકાં અંગવાળી ન હોય, જે ખોટું બોલવાના સ્વભાવવાળી ન હોય, બહુ ખાવાની ટેવવાળી ન હોય, કામ કરવામાં આળસુ ને પ્રમાદી ન હોય, જે વિકૃત કે વાંકાં અંગવાળી ન હોય, મોટા રોગથી ઘેરાયેલી, સ્વભાવસિદ્ધ ઘોઘરા આવાજવાળી ન હોય, જેના દાઢી કે મૂછ ભાગે વાળ ન હોય, તુચ્છભાષા બોલવાના સ્વભાવવાળી ન હોય, જ્યાં ત્યાં ભટકવાના સ્વભાવવાળી કે રાજકારણની વાતો અન્ય પાસે સાંભળી અન્યને કહેવાના સ્વભાવવાળી ન હોય, જે પ્રતિદિન પોષ્યવર્ગને ભોજન કરાવીને પછીથી ભોજન કરનારી હોય, લજ્જાશીલ સ્વભાવવાળી હોય, ચંચળ પ્રકૃતિ ન હોય, દયાળુ હોય, પતિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળી હોય, ખરીદવા કે વેચવાના બહાને બજારમાં રખડતી ન હોય, અધાર્મિક સ્ત્રીઓનો સંગ ન કરતી હોય, ધર્મપાલન કરવામાં ઉત્સાહવાળી હોય, આવા અનંત ગુણોથી યુક્ત સધવા નારીએ પોતાના જેવા ગુણશાળી પતિની આજ્ઞા લઇ મહાદીક્ષાની અધિકારી થઇ શકે છે. જે રીતે ઉપરોક્ત કહ્યા એવા ગુણવાળી વિધવા સ્ત્રી હોય તે પણ પિતા કે પુત્રની આજ્ઞા લઇ મહાદીક્ષાની અધિકારી થઇ શકે છે, તથા કુંવારી કન્યા હોય તે પણ મહાદીક્ષાની અધિકારી થઇ શકે છે.[૪૭-૫૨]

गुरुः शिष्यां परीक्ष्यैवं महादीक्षां ददीत सा । एकादश्यां वा द्वादश्यां पूर्वेद्युस्त्यक्तभोजनाम् ॥ ५३
पूर्वेद्युः कारयेदेव कदलीस्तम्भमण्डितम् । शोभितं चित्रवस्त्राद्यैर्मण्डपं चारुतोरणम् ॥ ५४
तन्मध्ये सर्वतोभद्रं रङ्गैर्वा चित्रतण्डुलैः । कारयेद्रापयेत्स्त्रीभिः कृष्णगीतानि भूरिशः ॥ ५५
प्रातर्दीक्षादिने स्नाता गुर्वी धौताम्बरा शुचिः । पूजोपहारानानाय्य निषीदेन्मण्डलाग्रतः ॥ ५६
मण्डलस्यान्तरे पीठं संस्थाप्य सितवाससा । आच्छाद्याष्टदलं कुर्यात्तस्मिन्पद्मं सुशोभनम् ॥ ५७
विचित्ररङ्गैस्तत्कृत्वा तण्डुलैर्वा सकर्णिकम् । राधालक्ष्मीयुतां मूर्तिं वासुदेवस्य तत्र च ॥ ५८
स्थापयेद्वापयेच्चासौ योषाभिः कृष्णगीतिकाः । वादित्राणि विचित्राणि वादयेत्पूजनोत्सवे ॥ ५९
स्नात्वाथ शिष्या कौशेये वाससी परिधाय सा । धौते वा सूत्रवसने निषीदेदन्तिके गुरोः ॥ ६०
पूजामनुस्तु श्रीराधाकृष्णाय नम इत्यसौ । तेनैव कारयेत्पूजां प्राङ्मुखां तां हरेर्गुरुः ॥ ६१
प्राङ्मुखा गुरुपत्नी तामुपवेश्योत्तराननाम् । दद्यात्सूक्ष्मं कण्ठधार्यं तुलसीमालिकाद्वयम् ॥ ६२

---

**હે પુત્રો ! આવા પ્રકારના લક્ષણોથી ગુરુસ્ત્રીએ શરણે આવેલી શિષ્યાઓની પરીક્ષા કરી આગલા દિવસે જેને નિરાહાર ઉપવાસ કર્યો છે એવી એ શિષ્યાને એકાદશીના દિવસે કે દ્વાદશીના દિવસે મહાદીક્ષાનું પ્રદાન કરવું.[૫૩] તે દીક્ષાપ્રદાનમાં પ્રથમ કેળના સ્તંભનો મંડપ રચાવી ચિત્રવિચિત્ર વસ્ત્રોથી તેને સુશોભિત કરવો, તેમાં સુંદર તોરણ લટકાવવાં.[૫૪] તે મંડપના મધ્યભાગમાં રંગ, ગુલાલ આદિકથી અથવા અનેક પ્રકારના રંગોથી રંગેલા અક્ષતવડે સર્વતોભદ્ર મંડલની રચના કરાવીને અનેક સ્ત્રીઓ પાસે ભગવાનનાં ગીતો ગવડાવવાં.[૫૫] દીક્ષા આપવાના દિવસે પ્રાતઃ સ્નાન કરી ધોયેલાં વસ્ત્રો ધારણ કરી બહાર અંદર પવિત્રપણે રહી ગુરૂસ્ત્રીએ ચંદન પુષ્પાદિક સર્વે પૂજાના ઉપચારો મંગાવીને તૈયાર રખાવવાં ને તેમની સમીપે બેસવું.[૫૬] તે મંડળની મધ્યે બાજોઠને પધરાવી તેના ઉપર શ્વેત વસ્ત્રનું આચ્છાદન કરી તે બાજોઠ ઉપર અષ્ટપાંખડીવાળા કમળની રચના કરવી.[૫૭] તે રચના અનેક પ્રકારના રંગોથી કે ચોખાથી કર્ણિકાએ સહિત કરવી,પછી તેમાં રાધા અને લક્ષ્મીએ સહિત શ્રીવાસુદેવ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવી.[૫૮] તે સમયે ગુરુસ્ત્રીએ પૂજાના ઉત્સવમાં સ્ત્રીઓની પાસે શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર પદોનું ગાન કરાવી અનેક પ્રકારનાં વાજિંત્રો વગડાવવાં.[૫૯]**

**હે પુત્રો ! ત્યારપછી શિષ્યાસ્ત્રીએ સ્નાન કરી કસુંબલ વસ્ત્ર કે ધોયેલાં સુતરાઉ વસ્ત્રને ધારણ કરી ગુરુપત્નીને સમીપે બેસવું.[૬૦] "શ્રીરાધાકૃષ્ણાય નમઃ" આ મંત્ર સર્વ પ્રકારના ઉપચારો વખતે બોલવાનું જાણવું. તે જ મંત્રથી ગુરુસ્ત્રીએ**

काश्मीरचन्द्रकं भाले सधवां कारयेत्स्त्रियम् । प्रासादिकेन गन्धेन विधवायास्तु सा गले ॥ ६३
यद्वा गोपीचन्दनेन कारयेत्कण्ठचन्द्रकम् । उत्तिष्ठन्ती ततः शिष्या स्तुयात् कृष्णं कृताञ्जलिः ॥ ६४

श्रीकृष्ण ! नारायण ! वेणुपाणे ! श्रीराधिकानेत्रचकोरचन्द्र ! ।
वृन्दावनानन्दितगोपगोपे ! श्रीगोकुलाधीश ! हरे ! प्रसीद ॥ ६५
श्रीदेवकीनन्दन ! देवदेव ! श्री द्वारिकाधीश्वर ! पार्थसूत ! ।
लक्ष्मीमनोरञ्जनचारुहास ! प्रभो ! नमस्ते परमेश्वराय ॥ ६६
दीक्षांन त्वदीयां महतीं दधामि रक्षा तदीया भवतैव कार्या ।
क्रोधाश्च लोभाच्च रसाच्च कामादधार्मिकेभ्यश्च विभो ! नरेभ्यः ॥ ६७
यथा त्वदीये तु पदारविन्दे रतिर्मदीया गिरिनिश्चला स्यात् ।
हरे ! तथानुग्रहमर्हसि त्वं कर्तुं त्वदीयाऽस्मि यतोऽहमीश ! ॥ ६८
धर्मो यथैवात्र पतिव्रताया भग्नो भवेन्नाणुरपि प्रभो ! मे ! ।
तथैव कार्या भवता दयालो ! दास्यां कृपा मय्यपि वासुदेव ! ॥ ६९

---

પૂર્વ સન્મુખ બેઠેલી શિષ્યા પાસે ભગવાન શ્રીહરિની પૂજા કરાવવી.[૬૧] પછી પૂર્વમુખે બેઠેલી ગુરૂસ્ત્રીએ શિષ્યાને ઉત્તર મુખે બેસાડીને કંઠમાં સૂક્ષ્મ તુલસીની કંઠી ધારણ કરાવવી.[૬૨] ને સધવા સ્ત્રીના ભાલમાં કુંકુમનો ચાંદલો કરાવવો. જો દીક્ષાર્થી વિધવા હોય તો ગળામાંભગવાનની પ્રસાદીના ચંદનનો અથવા ગોપીચંદનનો ચાંદલો કરાવવો. પછી શિષ્યાએ બે હાથ જોડી ભગવાનની સ્તુતિ કરવી.[૬૩-૬૪]

**દીક્ષિતસ્ત્રીએ શ્રીહરિને કરવાની પ્રાર્થના :–** હે શ્રીકૃષ્ણ ! હે નારાયણ ! હે વેણુપાણિ ! હે રાધિકાના નેત્રરૂપી ચકોરના ચંદ્ર ! હે વૃંદાવનમાં ગોપ ગોપીઓને આનંદ ઉપજાવનારા ! હે ગોલોકાધીશ ! હે શ્રીહરિ ! તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૬૫] હે શ્રી દેવકીનંદન ! હે દેવદેવ ! હે શ્રીદ્વારિકાધીશ્વર ! હે અર્જુનના સારથી ! હે લક્ષ્મીના મનોરંજન માટે મધુર હાસ્ય કરનારા ! હે પ્રભુ ! હે પરમેશ્વર ! તમને હું નમસ્કાર કરૂં છું.[૬૬] હે વિભુ ! હું તમારી મહાદીક્ષાને ધારણ કરૂં છું એથી ક્રોધ, લોભ, રસાસ્વાદ, કામ અને અધાર્મિક પુરુષો થકી તમારે જ આ મારી મહાદીક્ષાની રક્ષા કરવાની છે.[૬૭] હે શ્રીહરિ ! હે ઇશ ! જે પ્રકારે તમારા ચરણારવિંદમાં મારી પ્રીતિ પર્વત જેવી અચળ થાય તેવો તમો મારા ઉપર અનુગ્રહ કરજો. કારણ કે હું હવે એક તમારે જ શરણે છું.[૬૮] હે પ્રભુ ! હે દયાળુ ! હે વાસુદેવ ! આલોકમાં મારો પતિવ્રતાનો ધર્મ જે રીતે એક અણુમાત્ર પણ ભંગ ન થાય તેમ તમારી દાસી એવી મારા ઉપર કૃપા કરજો.[૬૯]

गुर्व्याज्ञया प्रणम्याथ वासुदेवं च तां गुरुम् । निषीदेत्प्राङ्मुखा गुर्वी शिष्या तूदङ्मुखा भवेत् ॥ ७०
वासुदेवं स्वामिनं स्वं ततो ध्यात्वा निजे हृदि । कृष्णमन्त्रं वामकर्णे तस्याः सोपदिशेच्छनैः ॥ ७१
त्रिर्मन्त्रमुपदिश्याथ धर्मोस्तस्या उपादिशेत् । शृणु भद्रे ! मदीया त्वं पुत्री जातासि साम्प्रतम् ॥ ७२
पत्या सत्येन कृष्णेन योजितासि मया किल । तस्मात्तं प्रयता नित्य मनन्यमनसा भज ॥ ७३
अनेकपतिसम्बन्धात्संसृतिभ्रमणादपि । रक्षित्वा त्वां स भगवान् पातिव्रत्यमविष्यति ॥ ७४
सेवा भगवतो नित्यं कर्तव्यानुसवं त्वया । प्रासादिकं हरेरन्नं भोज्यमह्नि तथा निशि ॥ ७५
दिवसे द्विर्न भुञ्जीथा न रात्रौ द्विर्विनापदम् । सकृदेव हि भुञ्जीत विधवा त्वह्नि वा निशि ॥ ७६
रोगे सूतौ प्रवासादौ ज्ञात्यावश्यकभोजने । सधवाया न ते दोषस्त्रिर्भुक्तेरपि विद्यते ॥ ७७
नैवेद्यं तु तदा कार्यं मनसैव त्वया हरेः । अन्नाद्यैर्मानसैरेव भोज्यः कृष्णो हृदि स्थितः ॥ ७८

---

**મંત્રદીક્ષા પછી આપવાનો ઉપદેશ :–** હે પુત્રો ! આ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી શિષ્યાએ પોતાના ગુરુસ્ત્રીની આજ્ઞાથી શ્રીવાસુદેવ ભગવાનને પ્રણામ કરવા, પછી ગુરુસ્ત્રીને પ્રણામ કરી ઉત્તર સન્મુખ બેસવું, ને ગુરુસ્ત્રીએ પૂર્વસન્મુખ બેસવું.[૭૦] પછી ગુરુએ પોતાના હૃદયમાં શ્રીવાસુદેવ નારાયણ અને પોતાના પતિ આચાર્યશ્રીનું ધ્યાન કરી તે શિષ્યાના ડાબા કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષરમંત્રનો ધીમેથી ત્રણ વાર ઉપદેશ કરવો.[૭૧] ગુરુસ્ત્રીએ શિષ્યાને ઉપદેશ આપવો કે, હે કલ્યાણી ! તું અત્યારે મારી પુત્રી થઈ છે.[૭૨] મેં સત્યસ્વરૂપ એવા શ્રીકૃષ્ણ ભગવાનરૂપી પતિની સાથે તારો સંબંધ કરાવ્યો છે. તેથી મનને નિયમમાં રાખી તું અનન્યભાવથી તેમનું નિત્યે ભજન કરજે.[૭૩] તે અનેક પતિઓના સંબંધથી અને જન્મ-મરણ રૂપ સંસૃતિના ભ્રમણથી તારૂં રક્ષણ કરશે. ને તારા પતિવ્રતાના ધર્મનું પણ રક્ષણ કરશે.[૭૪] તારે પ્રતિદિન સમયે સમયે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી. તેની પ્રસાદીનું અન્ન દિવસમાં એકવાર અને રાત્રીમાં એકવાર જમવું.[૭૫] આપત્કાળ પડ્યા વિના દિવસમાં બે વાર ન જમવું. તથા રાત્રીમાં પણ બેવાર ન જમવું, તેમાં મહાદીક્ષા પ્રાપ્ત કરનાર વિધવા નારીએ તો દિવસે અથવા રાત્રે એક જ વાર જમવું.[૭૬] જો સધવા નારીએ તાવ આદિ રોગની પીડા હોય કે પછી જ્ઞાતિજનોના ઘેર અવશ્ય ભોજનનો સમય હોય અથવા પ્રવાસનો સમય હોય ત્યારે ત્રણ વખત જમવામાં દોષ નથી.[૭૭]

હે શિષ્યા ! તેવી જ રીતે રોગાદિ આપત્કાળમાં ભગવાન શ્રીહરિનું નૈવેદ્ય તો મનથી કલ્પીને જ કરવું. હૃદયમાં રહેલા શ્રીકૃષ્ણ ભગવાનને મનથી કલ્પેલ

ब्राह्मे मुहूर्ते सन्त्यज्य निद्रां कृष्णं स्मरेः सदा । आद्यं यामं निशोऽतीत्य कुर्या शयनमन्वहम् ॥ ७९
दशमीषु च सर्वासु तथा त्वं द्वादशीष्वपि । व्रतोपवासदिवसे दिवा स्वापं च नाचरेः ॥ ८०
विधवा तु दिवा क्वापि न शयीत यथा यतिः । आपत्काले दिवा स्वापः पुनर्भुक्तिर्न दोषकृत् ॥ ८१
सर्वाभिर्नवधा भक्तिः स्त्रीभिः कार्या रमापतेः । मानेर्ष्यारुट्विवादाश्च न कार्या भक्तया सह ॥ ८२
कृष्णस्तोत्रं प्रतिदिनं पठेयुर्दीक्षिताः स्त्रियः । यावद्देहस्मृतिस्तावत्पाल्या धर्मा इति स्थितिः ॥ ८३
कृष्णमेवाश्रिताऽस्यद्य त्वं हि सर्वात्मना प्रभुम् । अतो भविष्यसि ख्याता भूमावात्मनिवेदिनी ॥ ८४
स्वधर्मसंस्थिता नित्यं देहान्ते त्वं तु सन्मते ! । राधिकेव सुखं स्वेष्टं गोलोके प्राप्स्यसि ध्रुवम् ॥ ८५
भर्तापि तव पुण्येन पार्षदो भविता हरेः । मातृपितृकुले तेऽपि प्राप्स्येते सद्गतिं पराम् ॥ ८६
इत्युक्त्वा गुरुपत्न्या सा शिरसादाय तद्वचः । प्रणमेत्तां ततः सापि तस्यै दद्याच्छुभाशिषः ॥ ८७

---

અન્નાદિક ભોજન વડે જમાડવા. તે સમયે બાહ્યપૂજા ન થઈ શકે તે માટે એમ કરવું યોગ્ય છે.[૭૮] હમેશાં બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરી શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરવું, અને રાત્રીએ પ્રતિદિન પહેલો પહોર વ્યતીત થયા પછી શયન કરવું.[૭૯] તારે સર્વે દશમી, એકાદશી અને દ્વાદશીના વ્રતોપવાસના દિવસે દિવસની નિદ્રાનો ત્યાગ કરવો.[૮૦] વિધવા નારીઓએ તો સંન્યાસીઓની જેમ જ ક્યારેય પણ દિવસે નિદ્રા ન કરવી. આપત્કાળમાં દિવસે નિદ્રા થાય કે બીજી વખત ભોજન થાય તેનો દોષ નથી.[૮૧] હે શિષ્યા ! મહાદીક્ષા પ્રાપ્ત કરેલી સર્વપ્રકારની સ્ત્રીઓએ રમાપતિની નવધા ભક્તિ કરવી ને ભગવાનની ભક્ત સ્ત્રીઓ સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કે વિવાદ ન કરવો.[૮૨] દીક્ષિત નારીઓએ પ્રતિદિન શ્રીકૃષ્ણ ભગવાનના સ્તોત્રનો પાઠ કરવો ને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી મેં કહેલા આ સર્વે સદાચાર તારે પાળવાના છે. આ આપણા ઉદ્ધવસંપ્રદાયની મર્યાદા છે.[૮૩] કારણ કે, અત્યારથી તું કાયા, મન, વાણીથી શ્રીકૃષ્ણ ભગવાની આશ્રિત થઈ છો એથી આ પૃથ્વી પર તું આત્મનિવેદિની ભક્ત તરીકે પ્રખ્યાત થઈશ.[૮૪] હે સદ્‌બુદ્ધિવાળી શિષ્યા ! નિત્યે સ્વધર્મમાં રહીને આ રીતે જીવન પસાર કરીશ તો દેહના અંતે ગોલોકમાં રાધિકાજીની જેમ તું પ્રિય સુખને પામીશ, એ નક્કી વાત છે.[૮૫] હે શિષ્યા ! તારા પુણ્યના પ્રતાપે તારો પતિ પણ ભગવાન શ્રીહરિનો પાર્ષદ થશે, તારાં માતૃકુળ અને પિતૃકુળ પણ પરમ સદ્‌ગતિને પામશે.[૮૬]

હે પુત્રો ! આ પ્રમાણે ગુરૂપત્ની કહે, તેમના વચનને શિષ્યાએ આદરથી મસ્તક પર ધારવાં ને ગુરૂપત્નીને નમસ્કાર કરવા, ત્યારે ગુરૂએ શિષ્યાને

पतिव्रताधर्मनिष्ठा भव त्वं सर्वदा शुभे ! । वासुदेवस्य दास्यं च कमलाया इवास्तु ते ॥ ८८
ततः शिष्या गुरोः पूजां शक्त्या कृत्वैव पूर्ववत् । तां चान्याश्च नमस्कृत्य भक्ताः स्यात् तद्वचः स्थितिः ॥ ८९
सामान्यां महतीं वापि गृह्णीयादौद्धवीं तु या । दीक्षामेतां स्वशक्त्या सा हरेर्भक्तान्सुभोजयेत् ॥ ९०
दीक्षाविधिरिति प्रोक्तः स्त्रीणां द्वेधा मया सुतौ ! । कृष्णभक्तिं चिकीर्षूणां स्थित्वैवोद्धववर्त्मनि ॥ ९१
एतं युवां च भार्यायै स्वस्य स्वस्य पृथक् पृथक् । ब्रूयातं ते ततस्तद्वदुभे अपि करिष्यतः ॥ ९२
तावेवमुक्तौ हरिणा प्रसन्नौ सुतावभूतां नृपते ! प्रणम्य । तमीश्वरं चार्थं हृदि चिन्तयन्तौ ॥ ९३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे दीक्षाविधौ स्त्रीणां द्विविधदीक्षाविधिनिरूपणनामा त्रिपञ्चाशत्तमोऽध्यायः ॥ ५३*

---

**શુભાશીર્વાદ આપવા ને કહેવું કે, હે શુભે ! તું સદાય પરિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળી થા તથા લક્ષ્મીજીની જેમ તને પણ ભગવાનનું દાસત્વ પ્રાપ્ત થાય.[૮૭-૮૮] હે પુત્રો ! પછી શિષ્યાએ પૂર્વની જેમ પોતાની શક્તિ પ્રમાણે ગુરુસ્ત્રીની પૂજા કરીને તેમને નમસ્કાર કરવા, તેમજ અન્ય ભગવદ્‌ભક્ત સ્ત્રીઓને પણ નમસ્કાર કરવા ને ગુરુના વચનમાં દૃઢપણે વર્તવું.[૮૯] જે સ્ત્રી ઉદ્ધવસંપ્રદાયની સામાન્ય દીક્ષા કે મહાદીક્ષા ગ્રહણ કરે તે સમયે તે સ્ત્રીએ પોતાની શક્તિ પ્રમાણે શ્રીહરિના ભક્તો, સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવવું.[૯૦]**

**હે પુત્રો ! આ પ્રમાણે ઉદ્ધવસંપ્રદાયમાં રહી શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવા ઈચ્છતી સ્ત્રીઓ માટે બે પ્રકારનો દીક્ષાવિધિ મેં કહ્યો.[૯૧] તેને તમે બન્નેએ તમારી પત્નીઓને જઈને અલગ અલગ કહેજો. તે પણ તમારા કહેવા પ્રમાણે વર્તન કરે.[૯૨] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહ્યું ત્યારે બન્ને પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બહુ જ પ્રસન્ન થયા. પરમેશ્વર ભગવાન શ્રીહરિને પ્રણામ કરી તેમણે કહેલા અર્થનું મનમાં ચિંતવન કરતા કરતા પોતાના નિવાસ સ્થાને પધાર્યા.[૯૩]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ સ્ત્રીઓને માટે બે પ્રકારના દીક્ષાવિધિનું નિરૂપણ કર્યું એ નામે ત્રેપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૩--**

---

*चतुःपञ्चाशत्तमोऽध्यायः -५४*

**सुव्रत उवाच –**

एकादश्यां निर्जलायां नारायणमुनिर्नृप ! । पुत्राभ्यां प्रददौ दीक्षां द्विविधां स्वयमेव हि ॥ १
दीक्षिताभ्यां ततस्ताभ्यां तत्स्त्रीभ्यामपि स स्विकाम् । दीक्षां प्रदापयामास सामान्यां महतीमपि ॥२
तदा महान्तमकरोत्कृष्णार्चनमहोत्सवम् । साधूंश्च सकलान्विप्रान् यथेष्टं समभोजयत् ॥ ३
देशान्तरेभ्योऽपि भक्तास्तत्राऽऽयाताः सहस्रशः । पुरुषा योषितश्चाऽऽसन् वर्णिनः साधवस्तथा ॥ ४
स्नानयात्रोत्सवस्यान्ते सभा तत्र महत्यभूत् । मर्यादया भक्तजना निषेदुस्तत्र सर्वशः ॥ ५
नारायणश्च तन्मध्य उच्चासन उपाविशत् । मुखारविन्दं तस्यैव ते च पश्यन्त आसत ॥ ६

## અધ્યાય – ૫૪

## શ્રીહરિએ પ્રથમ આચાર્યોને દીક્ષિત કરી તે બન્ને દ્વારા સંપ્રદાયની દીક્ષાદાનની કરેલી શુભ પ્રવૃત્તિ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીનારાયણમુનિએ સ્વયં સંવત ૧૮૮૨ ના જેઠ સુદી નિર્જલા એકાદશીના દિવસે બન્ને પુત્રોને બન્ને પ્રકારની દીક્ષા આપી. પછી તે બન્ને આચાર્યો દ્વારા પોતપોતાની પત્નીઓને પણ સામાન્ય તથા મહાદીક્ષા અપાવી, કારણ કે પતિ છે તેજ સ્ત્રીઓના દેવતા અને ગુરૂ છે.[1] પતિવ્રતાના ધર્મમાં તત્પર પત્નીએ પતિથકી જ દીક્ષા પામી પોતાને શરણે આવેલી અન્ય સ્ત્રીઓને પણ પ્રણવ રહિતનો દીક્ષામાં મંત્ર આપવો. પતિ સિવાય બીજા કોઈ પણ પુરુષને ગુરુ કરવો નહિ. આ પ્રમાણે નારદપંચરાત્રમાં પણ કહેલું છે.[2]

હે રાજન્ ! શ્રીહરિએ પોતાના બન્ને પુત્રોને દીક્ષા પ્રદાન કરી તે સમયે મોટો કૃષ્ણપૂજા મહોત્સવ ઉજવાયો, અને બારસના દિવસે ભગવાન શ્રીહરિએ સમસ્ત સાધુ, બ્રહ્મણોને ઈચ્છાનુસાર ભોજન કરાવ્યાં.[3] દેશ-દેશાંતરોમાંથી હજારો નરનારી ભક્તજનો તથા બ્રહ્મચારી સાધુઓ ગઢપુર ઉત્સવમાં આવ્યાં.[4] જેઠમાસમાં સૂર્યોદય વ્યાપી જ્યેષ્ઠાનક્ષત્રના સમયે ઉજવાતા સ્નાનયાત્રા ઉત્સવના અંતે ગઢપુરમાં વિશાળ સભા ભરાઈ, તે સભામાં સર્વે ભક્તજનો પોતપોતાની મર્યાદામાં બેઠા.[5] શ્રીસ્વામિનારાયણ ભગવાન તે સભાની મધ્યે સ્થાપન કરેલા ઊંચા સિંહાસન પર વિરાજમાન થયા, ને સભામાં બેઠેલા સંતો, ભક્તો તેમના મુખારવિંદનું દર્શન કરવા લાગ્યા.[6] તે સમયે શ્રીહરિ સભામાં બેઠેલા સર્વે સંતો, ભક્તો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! તમે સર્વે મારૂં વચન સાંભળો, જેણે દીક્ષા પ્રાપ્ત કરેલી

तानुवाच हरिर्भक्ताः ! सर्वे शृणुत मद्वचः । दीक्षितानां फलं भक्तेः शीघ्रं भवति वै नृणाम् ॥ ७
यथाधिकारं दीक्षाऽतो सामान्या महती तथा । ग्राह्या पुम्भिश्च नारीभिः स्थितैरुद्धववर्त्मनि ॥ ८
लक्ष्मीनारायणस्यात्र खण्डे स्युः पुरुषास्तु ये । गृह्णन्तु रघुवीरात्ते दीक्षां तु द्विविधामपि ॥ ९
तेषां स्त्रियश्च गृह्णातु रघुवीरस्य योषितः । सकाशाद्विविधां दीक्षां न तु पुंसः कदाचन ॥ १०
नरनारायणस्यात्र खण्डे स्युः पुरुषाश्च ये । दीक्षाऽयोध्याप्रसादात्तु गृह्यतां द्विविधापि तैः ॥ ११
तेषां स्त्रियस्तु यास्ताभिर्दीक्षा तस्यैव योषितः । सकाशाद्गृह्यतां द्वेधा नान्यथा तु कदाचन ॥ १२
वासुदेवीमिमां दीक्षां गृहीत्वाऽथानुवासरम् । पूजनार्थं च कृष्णार्चा ग्राह्या स्वस्वगुरोर्जनाः ! ॥ १३
यथाधिकारं कर्तव्यं यथार्हं च तदर्चनम् । स्थित्वा सर्वैः स्वधर्मेषु नान्यथा तु मदाश्रितैः ॥ १४
धर्मेषु संशयः कश्चिच्चित्ते स्याद्यदि कस्यचित् । तदा यथावकाशं तं स पृच्छतु सुखेन माम् ॥ १५

सुव्रत उवाच –

एवमुक्ते भगवता ते तथेत्यवदन् जनाः । हरिर्निजावासमायात्स्वस्वावासान् ययुश्च ते ॥ १६

---

**હોય તેવા જનોને ભક્તિનું ફળ તત્કાળ પ્રાપ્ત થાય છે.[૭] તેથી ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા નર-નારી જનોએ પોતાના અધિકારને અનુસારે સામાન્ય તથા મહાદીક્ષા ગ્રહણ કરવી.[૮] જે જનો લક્ષ્મીનારાયણદેવના ખંડમાં રહેલા છે. તેઓએ આચાર્ય શ્રી રઘુવીરજી પાસેથી બન્ને પ્રકારની દીક્ષા ગ્રહણ કરવી.[૯] અને સ્ત્રીઓએ રઘુવીરજીનાં પત્ની વીરજાદેવી પાસેથી બન્ને પ્રકારની દીક્ષા ગ્રહણ કરવી, પરંતુ સ્ત્રીઓએ રઘુવીરજી પાસેથી ક્યારેય પણ દીક્ષા ગ્રહણ કરવી નહિ.[૧૦] તેવીજ રીતે આ ઉદ્ધવસંપ્રદાયમાં શ્રીનરનારાયણદેવના ખંડમાં રહેલા જે જનો છે, તેમણે તો બન્ને પ્રકારની દીક્ષા આચાર્ય અયોધ્યાપ્રસાદજી પાસેથી ગ્રહણ કરવી.[૧૧] ને તેમની સ્ત્રીઓએ તો અયોધ્યાપ્રસાદજીનાં પત્ની સુનંદાદેવી પાસેથી જ બન્ને પ્રકારની દીક્ષા ગ્રહણ કરવી, પરંતુ આચાર્ય પાસેથી ક્યારેય પણ ગ્રહણ કરવી નહિ.[૧૨]**

**હે ભક્તજનો ! શ્રીવાસુદેવની આ ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રતિદિન પૂજા કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા પણ પોતાના આચાર્ય પાસેથી જ સ્વીકારવી.[૧૩] ને સર્વે મારા આશ્રિત ભક્તજનોએ પોતાના ધર્મમાં રહીને પોતાના અધિકાર પ્રમાણે યથાયોગ્ય પ્રમાણે તે પ્રતિમાનું પૂજન કરવું. પરંતુ મેં કહ્યું તે પ્રમાણે મૂર્તિ પ્રાપ્ત ન થઇ હોય તેવી મૂર્તિનું પૂજન ન કરવું.[૧૪] અને જો કોઈના મનમાં મેં કહેલા નિયમ ધર્મોમાં કોઈ આશંકા રહેતી હોય તો તે પુરુષે પોતાને અવકાશ મળે એ સમયે મારી પાસે આવી એ સંશયનું સુખેથી નિરાકરણ પૂછી જવું.[૧૫]**

यथाधिकारं च ततो यथाकालं हरिर्निजान् । पुत्राभ्यां दीक्षयामास सर्वानपि विभागशः ॥ १७
ततश्च रघुवीरेण तच्छिष्येभ्यो हरिर्नृप ! । राधाकृष्णस्य च स्वस्य लेख्यार्चामप्यदापयत् ॥ १८
तथाऽयोध्याप्रसादेन तच्छिष्येभ्यश्च सर्वशः । नरनारायणस्यार्चां तथा स्वस्याप्यदापयत् ॥ १९
ततस्तयोस्तु भार्याभ्यां नारीभ्योऽपि यथोचितम् । द्विविधां दापयामास दीक्षां सर्वाभ्य ईश्वरः ॥ २०
यथाविभागं च ततो नित्यार्च्यं प्रतिमाद्वयम् । ताभ्योऽपि दापयामास ताभ्यामेव पृथक् पृथक् ॥ २१
इत्थं नारायणः स्वामी सम्प्रदायमिहौद्धवम् । राजन् ! प्रवर्तयामास कालौ नृणां हिताय वै ॥ २२
रघुवीरस्तथाऽयोध्याप्रसादो भ्रातरावथ । तमुपेत्य नमस्कृत्य तदग्रे च निषेदतुः ॥ २३
हरिस्तावाह पुत्रौ ! यत्प्रष्टव्यं भवतोर्भवेत् । तत्पृच्छतमिति प्रोक्तौ तौ तं पप्रच्छतुर्नृप ! ॥ २४

**भ्रातरावूचतुः –**

सम्प्रदायेऽत्र नः स्वामिन्कर्तव्या ये व्रतोत्सवाः । वार्षिकाणां च तेषां नौ विधानं वक्तुमर्हसि ॥ २५

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી સર્વે ભક્તજનોએ પણ કહ્યું કે, બહુ સારૂં પ્રભુ ! પછી ભગવાન શ્રીહરિ પોતાના નિવાસસ્થાને પધાર્યા અને ભક્તજનો પણ પોતપોતાના ઉતારે પધાર્યા.[૧૬] પછી શ્રીહરિ સૌ સૌના અધિકારને અનુસારે અને દેશવિભાગ પ્રમાણે બન્ને પુત્રો પાસે બન્ને પ્રકારની દીક્ષા અપાવીને રઘુવીરજી આચાર્યના હસ્તે શ્રીરાધાકૃષ્ણ ભગવાનની અને એક પોતાની ચિત્રપ્રતિમા શ્રીલક્ષ્મીનારાયણ દેવના ખંડમાં રહેલા તેમના શિષ્યોને અપાવી.[૧૭-૧૮] તેવી જ રીતે શ્રીહરિએ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીના હસ્તે શ્રીનરનારાયણ ભગવાનની અને એક પોતાની ચિત્રપ્રતિમા તેમના ખંડમાં રહેલા શિષ્યોને અપાવી.[૧૯] પછી વળી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીની બન્ને પત્નીઓ દ્વારા બન્ને ખંડની સમગ્ર સ્ત્રીઓને યોગ્યતા પ્રમાણે બન્ને પ્રકારની દીક્ષા અપાવી.[૨૦] તેમાં દેશ વિભાગને અનુસારે તે બન્ને આચાર્યપત્નીઓ દ્વારા સર્વે નારીઓને નિત્યપૂજાને માટે બે બે પ્રકારની પ્રતિમાઓ પણ અલગ અલગ અપાવી.[૨૧] હે રાજન્ ! આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણ ભગવાને આલોકમાં કળિકાળમાં જન્મેલા મનુષ્યોના હિતને માટે ઉદ્ધવસંપ્રદાયનું પ્રવર્તન કર્યું.[૨૨]

ત્યારપછી બન્ને ભાઈ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી ભગવાન શ્રીહરિને સમીપે પધારી નમસ્કાર કરીને તેમની આગળ બેઠા.[૨૩] શ્રીહરિ બન્નેને કહેવા લાગ્યા કે, હે પુત્રો ! તમને મને જે કાંઈ પૂછવું હોય તે સુખેથી પૂછો. તેથી બન્ને ભાઈ તેમને પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આપણા આ ઉદ્ધવસંપ્રદાયમાં

आवां त्वदुक्तरीत्यैव भगवन्मन्दिरेषु तान् । यथाकालं करिष्यावो देशयोरुभयोः प्रभो ! ॥ २६

**सुव्रत उवाच –**

पृष्टः सुताभ्यामिति स प्रसन्नो नारायणस्तौ नृपते ! जगाद ।
स्वसम्प्रदायं ह्यनुसृत्य सर्वं व्रतोत्सवानां विधिमाब्दिकानाम् ॥ २७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे उद्धवसम्प्रदायदीक्षाविधिप्रवर्तननिरूपणनामा चतुःपञ्चाशततमोऽध्यायः ॥ ५४*

---

ઉજવવા યોગ્ય જે વ્રતો અને ઉત્સવો હોય તે વાર્ષિક વ્રતો અને ઉત્સવોનું વિધિવિધાન શું છે ? તે અમને સંભળાવો.[૨૪-૨૫] હે પ્રભુ ! તમે કહેશો એ પ્રમાણે જ આપણા સંપ્રદાયમાં બન્ને દેશોના મંદિરોમાં સમયે સમયે અમે તેની ઉજવણી કરશું. એથી એ વિધિ અમને કહો.[૨૬] હે રાજન્ ! આ પ્રમાણે બન્ને પુત્રોએ પૂછ્યું ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન અતિશય પ્રસન્ન થયા ને પોતાના ઉદ્ધવસંપ્રદાયની રીત પ્રમાણે વાર્ષિક વ્રતો અને ઉત્સવોનો સર્વે વિધિ બન્ને પુત્રોને કહેવા લાગ્યા.[૨૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ બન્ને આચાર્યો દ્વારા ઉદ્ધવસંપ્રદાયની દીક્ષાવિધિની પ્રવૃત્તિ કરી એ નામે ચોપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૪--**

---

पञ्चपञ्चाशत्तमोऽध्यायः - ५५

श्रीनारायणमुनिरुवाच –

व्रतोत्सवानां सर्वेषां विधिस्तु ग्राह्य उत्तमः । श्रीविठ्ठलेशगदितः सविशेषं वदामि तम् ॥ १
अस्माकमिष्टदेवो हि श्रीकृष्णोऽस्तीति तस्य या । आविर्भावतिथिस्तस्या विधिरादौ निरूप्यते ॥ २
यदा पूर्वदिने ह्येव रोहिणी बुधसंयुता । निशीथागाऽष्टमी सम्यग्नोत्तरा तु निशीथगा ॥ ३
तदा विद्धापि सप्तम्या ग्रहीतव्याष्टमी व्रते । परेद्युः पारणा कार्या तिथ्यन्ते व्रतचारिभिः ॥ ४
प्रोक्ता योगविशेषेण सप्तमी सहिताऽष्टमी । ग्राह्येत्यग्निपुराणादौ नान्यथा केवलाष्टमी ॥ ५
पूर्वेद्युरेव योगश्च प्रागुक्तः सकलो यदि । भवेदथ परेद्युस्तु निशीथे केवलाष्टमी ॥ ६

---

## અધ્યાય – ૫૫

## ઉદ્ધવસંપ્રદાય માટે ભગવાન શ્રીહરિએ કહેલો વ્રતો અને ઉત્સવનો નિર્ણય.

શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! આપણા સંપ્રદાયમાં સર્વે વ્રતો અને ઉત્સવોનો વિધિ શ્રીવિઠ્ઠલેશ ગોસ્વામીએ કહેલો જ ગ્રહણ કરવો, તે નિર્ણય સર્વ થકી શ્રેષ્ઠ છે. તે વિધિને હું આપણા સંપ્રદાયની થોડી વિશેષતાની સાથે તમને કહું છું.[૧] તેમાં પણ આપણા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન છે. તેથી તેમના પ્રાદુર્ભાવની શ્રાવણ વદ અષ્ટમીની તિથિનો વિધિ હું પ્રથમ કહું છું.[૨]

**ગોકુળાષ્ટમીવ્રતનો નિર્ણય :–** હે પુત્રો ! જ્યારે સપ્તમીની તિથિએ રોહિણી નક્ષત્ર અને બુધવારના યોગની સાથે મધ્યરાત્રીએ જો અષ્ટમીનો યોગ પ્રવર્તતો હોય તો અને બીજા દિવસે મધ્યરાત્રીએ અષ્ટમીનો યોગ ન હોય તો તે સપ્તમીના વેધવાળી ગોકુલાષ્ટમી વ્રત ઉત્સવ કરવામાં ગ્રહણ કરવી. વ્રત કરનાર જનોએ બીજે દિવસે અષ્ટમી તિથિના અંતે પારણાં કરવાં.[૩-૪] હે પુત્રો આ પ્રમાણેના ત્રણે યોગવિશેષને કારણે સપ્તમીના વેધવાળી અષ્ટમી તિથિ ગ્રહણ કરવાનું અગ્નિપુરાણાદિ શાસ્ત્રોમાં કહેલું છે. જો આવો યોગ ન હોય તો કેવળ અષ્ટમી શુદ્ધ તિથિએ વ્રત કરવું. તેમજ સાતમની તિથિએ મધ્યરાત્રીએ માત્ર અષ્ટમીનો યોગ હોય ને બુધવાર તથા રોહિણી નક્ષત્રનો યોગ જો ન હોય અને બીજે દિવસે અષ્ટમીની રાત્રીએ અષ્ટમી તિથિ વ્યાપતી ન હોય છતાં બીજે દિવસે વ્રતોત્સવ કરવો. તેમજ સાતમની તિથિએ રોહિણી નક્ષત્ર, બુધવાર અને મધ્યરાત્રીએ અષ્ટમીની વ્યાપ્તિ એમ ત્રણે યોગ હોય અને બીજા દિવસે અષ્ટમીની તિથિએ મધ્ય રાત્રીએ જો કેવળ

उपवासद्वयं कुर्यात्तदा शक्तस्तु पूरुषः । उपवासमशक्तस्तु कुर्यादेकं परेऽहनि ॥ ७
बुधाष्टमीरोहिणीनां निशीथे योगमन्तरा । पूर्वविद्धा न कर्तव्या बुधैर्जन्माष्टमी क्वचित् ॥ ८
बुधवारो न चेत्तर्हि रोहिणीसहितामपि । पूर्वविद्धां विहायैव शुद्धा ग्राह्याऽष्टमी मता ॥ ९
विना ऋक्षेणापि कार्या नवमीसंयुताऽष्टमी । सऋक्षापि न कर्तव्या सप्तमीसंयुताष्टमी ॥ १०
पलं घटीं मुहूर्तं वा यदा कृष्णाष्टमी ततः । नवमी सैव ग्राह्या स्यात्सप्तमीसंयुता न तु ॥ ११
विद्धायाश्च क्षयः स्याच्चेत्तदा तु व्रतचारिभिः । ग्राह्या विद्धापि सप्तम्येत्यूचुः केचन वैष्णवाः ॥ १२
श्रीविठ्ठलेशस्य मते विद्धायास्तु क्षये सति । उपोष्या नवमीत्येवं निर्णयोऽस्ति स गृह्यताम् ॥ १३
सप्तमीवेधरहिता याऽष्टमी भास्करोदये । सैव जन्माष्टमी ग्राह्या व्रतोत्सवविधौ शुभा ॥ १४
शुद्धाधिका भवेद्यर्हि तिथिः कृष्णाष्टमी तदा । बहुकालव्यापकत्वात्पूर्वा ग्राह्येति निर्णयः ॥ १५

**અષ્ટમીની વ્યાપ્તિ હોય તો સમર્થ પુરુષે બે ઉપવાસ કરવા ને સમર્થ ન હોય તેમણે બીજે દિવસે વ્રતોત્સવ કરવો.[૫-૭] જો સાતમની તિથિએ બુધવાર, આઠમ અને રોહિણી નક્ષત્ર આ ત્રણેનો મધ્યરાત્રીએ યોગ ન હોય, પરંતુ કેવળ બુધવાર અને આઠમનો યોગ હોય તો તે સાતમના વેધવાળી આઠમ વ્રત અને ઉત્સવ માટે ગ્રહણ કરવી નહિ. અથવા સાતમની તિથિએ બુધવાર ન હોય, પરંતુ રોહિણીનક્ષત્ર તથા આઠમનો યોગ હોય છતાં પણ તે સાતમના વેધવાળી આઠમ ગ્રહણ કરવી નહિ, બીજે દિવસે શુદ્ધ આઠમ જ ગ્રહણ કરવી.[૯] જો રોહિણી નક્ષત્ર ન હોય છતાં નવમીના વેધવાળી આઠમ હોય તે ગ્રહણ કરવી, પરંતુ રોહિણી નક્ષત્ર હોય છતાં જો સાતમનો વેધ હોય તેવી અષ્ટમી ગ્રહણ કરવી નહિ.[૧૦] તેમજ નવમીની તિથિએ ગોકુલાષ્ટમી કેવળ એક પળની એક ઘડીની કે એક મુહૂર્તની જ હોય છતાં નવમીના વેધવાળી જ તે અષ્ટમી વ્રત અને ઉત્સવ માટે ગ્રહણ કરવી. પરંતુ સપ્તમીના વેધવાળી આઠમ ક્યારેય ગ્રહણ કરવી નહિ.[૧૧] અને જો આગલા દિવસે સાતમના વેધવાળી આઠમ હોય ને મૂળ આઠમનો ક્ષય હોય ને બીજે દિવસે નવમી તિથિ આવતી હોય તો સાતમના વેધવાળી આઠમ પણ ગ્રહણ કરવી. એમ કેટલાક વૈષ્ણવો કહે છે.[૧૨] પરંતુ આપણા સંપ્રદાયને માન્ય શ્રીવિઠ્ઠલનાથનો મત એ છે કે આગલે દિવસે સાતમના વેધવાળી હોય, મૂળ દિવસે આઠમનો ક્ષય હોય ને બીજા દિવસે કેવળ નવમી તિથિ હોય છતાં નવમી તિથિ જ વ્રત અને ઉત્સવ માટે ગ્રહણ કરવી. પરંતુ સાતમના વેધવાળી ગ્રહણ ન કરવી. આ મતને આપણા સંપ્રદાયમાં ગ્રહણ કરવો.[૧૪] જો અષ્ટમી સૂર્યોદય સમયે સાતમના વેધ રહિત કેવળ એક પળમાત્રની હોય છતાં**

उपवासस्तत्र कार्यः पूजा कृष्णस्य च श्रियः । अचलायाश्चलाया वा मूर्तेः शक्त्या यथाविधि ॥ १६
राधिकाया भवेन्मूर्तिर्मन्दिरे यत्र तत्र तु । वेषार्चनविधिर्ज्ञेयस्तस्या लक्ष्म्या इवाखिलः ॥ १७
उभयोरपि न स्याच्चेत्प्रतिमा यत्र तत्र तु । उभे अपि हि विज्ञेये कृष्णस्याङ्गस्थिते इति ॥ १८
विधेरेष तु विज्ञेय उत्सवेष्वखिलेष्वपि । मन्दिरेषु च सर्वेषु विशेषस्त्विह वक्ष्यते ॥ १९
नित्यार्चायां भगवन्मूर्तिं प्रातः स्नात्वा समर्च्य च । मन्दिरं शोधयेत्सम्यग्मृजाक्षालनलेपनैः ॥ २०
रङ्गैर्नानाविधैश्चित्रैः शोभयेत्तच्च सेवकः । नवीनांश्च वितानादीन्बध्नीयात्तोरणानि च ॥ २१
सिंहासनं भगवतः पूजोपकरणानि च । सम्मार्जयेद्दीपिकाश्च कुर्यादास्तरणं नवम् ॥ २२
महानैवेद्यसामग्रीं महापूजोपयोगि च । नवीनवस्त्रपुष्पादि भक्तः सम्पादयेत्ततः ॥ २३

---

એ શુભ જન્માષ્ટમી ગ્રહણ કરવી[૧૪]. શુદ્ધ અષ્ટમી તિથિ બે હોય તો આગલે દિવસે સૂર્યોદય વ્યાપિની હોય અને બીજે દિવસે પળમાત્ર સૂર્યોદય વ્યાપિની હોય ને પછીથી નવમી તિથિ બેસી જતી હોય છતાં તે બે શુદ્ધ આઠમ કહેવાય. તેમાં પણ આગલા દિવસની આઠમ બહુકાળ પર્યંત રહેલી હોવાથી પહેલી આઠમ જ ગ્રહણ કરવી. આ સંપ્રદાયનો નિર્ણય છે.[૧૫]

**ઉત્સવનો નિર્ણય :–** હે પુત્રો ! જન્માષ્ટમીના દિવસે ઉપવાસ કરવો ને લક્ષ્મીજીએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ચળ કે અચળ મૂર્તિની પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પૂજા કરવી.[૧૬] અને જે મંદિરમાં શ્રીકૃષ્ણ ભગવાનની સાથે રાધિકાજીની મૂર્તિ હોય તે મંદિરમાં તેમનો સમગ્ર વેશ, અર્ચન અને વિધિ વગેરે લક્ષ્મીજીની પેઠે જ જાણવા.[૧૭] અને જો મંદિરમાં રાધા અને લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો તે બન્ને અતિ પ્રેમે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગમાં લીન છે એમ જાણવું.[૧૮] આ વિધિ તો સર્વે મંદિરમાં સર્વ પ્રકારના ઉજવાતા ઉત્સવોમાં સામાન્ય જાણવો. પરંતુ અહીં જન્માષ્ટમી વ્રત ઉત્સવમાં જે કાંઇ વિશેષતા છે તે કહું છું.[૧૯]

હે પુત્રો ! જન્માષ્ટમી તિથિના પ્રાતઃકાળે સ્નાન કરી પૂજા કરનારે નિત્યપૂજાની મૂર્તિનું પૂજન કરી મંદિરને વાળી ધોઇને લીંપણ કરીને સારી રીતે શુદ્ધ કરવું.[૨૦] પછી સેવકે અનેક પ્રકારના રંગોથી રંગેલા ચિત્રોથી તે મંદિરને શોભાવવું ને નવીન ઉલ્લોચ તથા તોરણ બાંધવાં.[૨૧] તેમજ શ્રીકૃષ્ણ ભગવાનના સિંહાસનને, પૂજાના કળશ આદિ પાત્રોને અને દીવાને માર્જન કરી શુદ્ધ કરવા. સિંહાસન ઉપર પાથરવાનાં પાથરણાં નવીન બિછાવવાં.[૨૨] મહાનૈવેદ્યની સામગ્રી

स्वयं सीव्येदंशुकानि तुन्नवायेन वार्चकः । देवानां धारणार्हाणि शोभमानानि भङ्गिभिः ॥ २४
सभामण्डपमध्ये वा मन्दिरस्याङ्गणे ततः । मण्डपं कारयेद्रम्यं कदलीस्तम्भशोभितम् ॥ २५
विचित्रवस्त्रैः पुष्पैश्च मण्डितं ताम्रपल्लवैः । शुभैर्नानाविधै रङ्गैस्तत्र तत्र सुचित्रितम् ॥ २६
सितैः पीतैस्तथा रक्तैः कर्बुरैर्हरितैरपि वासोभिः शोभितं कुर्यात्समन्तात्कलशैर्नवैः ॥ २७
पत्रैः फलैरनेकैश्च दीपालिभिरितस्ततः । पुष्पमालाविचित्रं च चन्दनागुरुधूपितम् ॥ २८
तन्मध्ये सूतिकागारं देवक्या विदधीत च । धात्रीं कुर्यात्तत्र चैकां नालच्छेदनकर्तरीम् ॥ २९
तन्मध्ये मञ्चके रम्ये स्थापयेद्देवकीं ततः । तदुत्सङ्गे बालकृष्णं स्थापयेच्च स्तनंधयम् ॥ ३०
यशोदां तत्र चैकस्मिन्प्रदेशे सूतिकागृहे । स्थापयेद्गोकुले तद्वत्प्रसूतवरकन्यकाम् ॥ ३१
नन्दश्च वसुदेवश्च गोपा गोप्यश्च धेनवः । वृषा वत्सा वत्सतर्यस्तत्र कल्प्या यथोचितम् ॥ ३२
यथाशक्ति प्रकर्तव्याः कृष्णादीनां तु मूर्तयः । सौवर्ण्याद्याश्च तत्पूजा कर्तव्या निशि भक्तितः ॥ ३३

---

**તથા મહાપૂજામાં ઉપયોગી નવીન વસ્ત્રો, પુષ્પો, આભૂષણો વગેરે પદાર્થો પૂજા કરનારે ભેળાં કરવાં.[૨૩] ભગવાનના અંગો ઉપર ધારણ કરવા યોગ્ય એવાં અનેક પ્રકારના વસ્ત્રો પોતાને સીવવાં અથવા દરજી પાસે સીવડાવવાં.[૨૪]**

**હે પુત્રો ! પછી મંદિરના સભાખંડની મધ્યે અથવા આંગણામાં કેળના સ્તંભોથી સુશોભીત મંડપ રચાવવો.[૨૫] અનેક પ્રકારના વિચિત્ર વસ્ત્રો, પુષ્પો અને આંબાના પાંદડાંના તોરણો વિગેરેથી તે મંડપને શણગારવો અને તેમાં અનેક પ્રકારના રંગોથી સુંદર રંગોળી પૂરવી.[૨૬] શ્વેત, પીળા, લાલ, કાબરચિતરા અને લીલા રંગનાં વસ્ત્રોથી તેમજ નૂતન કળશોનું સ્થાપન કરી મંડપને ચારેતરફથી સુશોભીત કરવા.[૨૭] તેમજ પત્ર, ફળ, દીવડાની પંક્તિ અને ફૂલોથી પણ શોભાવવો. ચંદન અને અગરુના ધૂપથી સુગંધીમાન કરવો.[૨૮] આવા મંડપની મધ્યે દેવકીમાતાના સૂતિકાગૃહની રચના કરવી. તેમાં એક ધાત્રી એવી ઉપમાતાની તથા નાળછેદન કરતી બીજી એક સ્ત્રીની સ્થાપના કરવી.[૨૯] અને તે સૂતિકાગૃહની મધ્યે રમણીય પલંગ ઉપર દેવકીમાતા અને તેના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણની સ્થાપના કરવી.[૩૦] વળી તે મંડપના એક ભાગમાં ગોકુળના સૂતિકાગૃહને વિષે જન્મેલી શ્રેષ્ઠ કન્યાની સાથે યશોદામાતાની સ્થાપના કરવી.[૩૧] સૂતિકા ગૃહમાં નંદજી, વસુદેવજી, ગોવાળો, ગોપીઓ, ગાયો, બળદો, આખલા, વાછરડાંઓ અને બાળકોની યથાયોગ્ય સ્થાને ચિત્રોથી કલ્પના કરવી.[૩૨] શ્રીકૃષ્ણ ભગવાન અને અન્ય મૂર્તિઓ સુવર્ણ આદિ ધાતુથી પોતાની શક્તિ પ્રમાણે નિર્માણ કરાવવું ને રાત્રીએ તેમનું ભક્તિભાવપૂર્વક પૂજન કરવું[૩૩]**

कारयेद्दुन्दुभिध्वानं यथाकालं दिनद्वयम् । तूर्यवाद्यानि चान्यानि वादयेन्मङ्गलानि तु ॥ ३४
घृतपक्वपदार्थांस्तु नैवेद्यार्थं दिवैव हि । कारयेच्छाकसूपादि निशायां च शुचिस्थले ॥ ३५
आद्ययामे निशोऽतीते प्रारभेतार्चनं हरेः । स्थिरायाः प्रतिमायास्तु कुर्यात्पूजनमादितः ॥ ३६
यदि स्नापयितुं शक्या मूर्तिः कृष्णस्य च श्रियः । पञ्चामृतेन स्नापयेत्तर्हि तां चोष्णवारिणा ॥ ३७
अन्यथा तु प्रमार्ज्यैव वाससाऽऽर्द्रेण मन्त्रतः । वासांसि शोभनान्येव नूत्नानि परिधापयेत् ॥ ३८
पञ्चामृतेन स्नानं तु कार्यं मूर्तेर्लघोर्ह । इयमेव च विज्ञेया रीतिः सर्वोत्सवेष्वपि ॥ ३९
यदि श्यामा हरेर्मूर्तिर्भवेत्तर्ह्यंशुकानि तु । पीतरक्तसितान्येव यथार्हं परिधापयेत् ॥ ४०
मूर्तिः श्वेता यदि तदा हरिच्छोणासितानि तु । धारयेदंशुकानीत्थं यथाशोभं श्रियोऽपि च ॥ ४१
अलङ्काराञ्छुमान् हैमान्मुक्तास्रक्शेखरांस्तथा । धारयेन्मुकुटं रम्यं नानारत्न-विभूषितम् ॥ ४२
स्ववैभवानुसारीणि भूषणानि तु धारयेत् । धनहीनस्त्वलङ्कारैः पौष्पैरेवार्चयेत्प्रभुम् ॥ ४३

---

**હે પુત્રો ! અષ્ટમી અને નવમી એમ બે દિવસ પર્યંત જેવો અવકાશ હોય તે પ્રમાણે દુંદુભિઓના ધ્વનિ કરાવવા, તેમાં તુરી વગેરે મંગલ વાજિંત્રો વગડાવવા.[૩૪] પૂજામાં નૈવેદ્ય ધરવા માટે જલેબી, મોતીયા લાડુ વગેરે ઘીમાં પકાવેલાં પદાર્થો દિવસે તૈયાર કરી રાખવાં અને શાક, દાળ વિગેરે રાત્રે પવિત્ર સ્થળે તૈયાર કરાવવાં.[૩૫] રાત્રીનો પહેલો યામ વીતે ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનના પૂજનનો પ્રારંભ કરવો. તેમાં અચળ પ્રતિમાઓનું પૂજન પહેલાં કરવું.[૩૬] તેમાં જો શ્રીકૃષ્ણ ભગવાનની અને રાધાલક્ષ્મીજીની મૂર્તિને સ્નાન કરાવી શકાય તેમ હોય તો તેમને પંચામૃતથી તથા ગરમ જળથી સ્નાન કરાવવું.[૩૭] અને જો તેમ ન હોય તો ભીના વસ્ત્રથી સ્નાન મંત્ર બોલતાં બોલતાં મૂર્તિઓ ઉપર માર્જન કરવું. પછી શોભાયમાન નવીન વસ્ત્રો ધારણ કરાવવાં.[૩૮] પંચામૃતથી સ્નાન તો શ્રીબાલકૃષ્ણ ભગવાનની મૂર્તિને જ કરાવવું આ રીતિ સર્વે ઉત્સવોમાં સરખી જાણવી.[૩૯]**

**હે પુત્રો ! જો શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ શ્યામ હોય તો પીળા, લાલ અને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં.[૪૦] અને મૂર્તિ શ્વેત હોય તો લીલા, લાલ અને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં.[૪૧] આજ રીતે લક્ષ્મીદેવી કે રાધાજીને પણ જેમ શોભે તેમ વસ્ત્રો ધારણ કરવાવાં. વળી શોભાયમાન સુવર્ણના અલંકારો, મોતીઓની માળા તથા તોરાઓ, તેમજ અનેક પ્રકારના રત્નોજડિત રમણીય મુગટ ધારણ કરાવવો.[૪૨] ભક્તજનોએ પોતાના વૈભવ અનુસાર આભૂષણો ધારણ કરાવવાં, ને ગરીબ ભક્તોએ પુષ્પોથી તૈયાર કરેલા અલંકારોથી પ્રભુની પૂજા કરવી.[૪૩] હે પુત્રો !**

निशोऽष्टमे मुहूर्तेऽथ देवक्याः सूतिकागृहम् । गत्वा सूतं तया कृष्णं नयेत् पात्रेण गोकुलम् ॥ ४४
स्थापयित्वा क्षणं तत्र यशोदाशयने च तम् । संस्नाप्याथाऽऽनयेत्तं च नित्यार्च्यप्रतिमान्तिके ॥ ४५
नानाविधानां वाद्यानां तदानीं कारयेद्ध्वनिम् । श्रीकृष्णजन्मपद्यानि गापयेन्मङ्गलानि च ॥ ४६
ततः शास्त्रोक्तविधिना वसुदेवादिभिः सह । पूजनं बालकृष्णस्य कुर्यात्पञ्चामृतादिभिः ॥ ४७
पालने तमुपावेश्य वासोभूषाः समर्पयेत् । ततो लघुमहत्योश्च मूर्त्योः कुर्यात्सहार्चनम् ॥ ४८
धारयेद्बालकृष्णं तु लम्बमानाङ्गरक्षिकाम् । कच्छनीं च शिरष्टोपीमूर्ध्वाग्रां रुक्मभूषिताम् ॥ ४९
यत्र यत्रोचितं यद्यद्वस्त्रं वा भूषणं भवेत् । शोभेत च यथा तत्तत्तत्र तत्र तथार्पयेत् ॥ ५०
सकुंकुमं कैसरं च मलयागुरुचन्दनम् । सुगन्धीनि च पुष्पाणि मालत्यादीनि चार्पयेत् ॥ ५१
पुष्पवासिततैलेन प्रसर्पच्चारुगन्धिना । स्थलपद्माम्बुना चास्य वासयेद्वस्त्रमन्दिरम् ॥ ५२
हारापीडांश्चावतंसान् पौष्पांश्च तुलसीस्रजः । दशाङ्गं चार्पयेद्धूपं घृतदीपान्दशावरान् ॥ ५३
ततो धौतचतुष्पद्यां महानैवेद्यमाहरेत् । पूरीपायससंयाव घृतपक्कादि सर्वशः ॥ ५४

---

પછી રાત્રીના આઠમા મુહૂર્તમાં દેવકીજીના સૂતિકાગૃહમાં જવું ને દેવકીજી થકી પગટેલા બાલકૃષ્ણને સુંદર ટોપલામાં પધરાવી વસુદેવજીની જેમ ગોકુળમાં લઇ જવા.[૪૪] અને ત્યાં યશોદાજીની શય્યા ઉપર ક્ષણવાર સ્થાપના કરી, સ્નાન કરાવવું, ને પછી તેમને પ્રતિદિન પૂજવાની મહાપ્રતિમાઓની સમીપે લાવવા.[૪૫] તે સમયે અનેક પ્રકારનાં વાજિંત્રોનો નાદ કરાવવો તેમજ શ્રીકૃષ્ણ-જન્મનાં મંગલગીતો ગવરાવવાં.[૪૬] પછી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પંચામૃત આદિકથી વાસુદેવાદિ મૂર્તિઓની સાથે શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું.[૪૭] તેમને પારણામાં પધરાવી વસ્ત્રાલંકારો સમર્પણ કરવા, તેમજ નાની મોટી મૂર્તિઓનું સાથે પૂજન કરવું.[૪૮] બાલશ્રીકૃષ્ણને અંગરખું, ઝૂલણી અને સુંથણી તેમજ આગળના ભાગે ઊંચી સુવર્ણના તારથી ગૂંથેલી ટોપી ધારણ કરાવવી.[૪૯] ભગવાનના જે જે અંગમાં જે જે વસ્ત્ર અથવા જે જે આભૂષણો યોગ્ય જણાય ને જે પ્રકારે શોભે તે રીતે સર્વે વસ્ત્ર અને આભૂષણો ધારણ કરાવવાં.[૫૦]

હે પુત્રો ! પછી ભગવાનને કુંકુમે સહિત કેસર, સુગંધીમાન મલયાગર ચંદન, માલતી આદિ સુગંધીમાન પુષ્પો અર્પણ કરવાં.[૫૧] તેમજ સુગંધીમાન અત્તરથી મંદિરમાં ચારે બાજુ સુગંધ પ્રસરાવવી. પછી ગુલાબજળ છાંટી મંદિરને એટલે કે મંડપને સુવાસિત કરવો.[૫૨] અનેકવિધ પુષ્પોના હાર, તોરા, કાનના ગુચ્છ, તુલસીની માળા, દશાંગધૂપ, દશથી અધિક ઘીના દીવા અર્પણ કરવા.[૫૩] પછી પડદો વાળી ધોઇ શુધ્ધ કરેલા બાજોઠ ઉપર પૂરી, દૂધપાક, ઘીમાં પકાવેલો

कुबेरशुण्ठीधान्याकगुडाज्यादिविमिश्रिताम् । पिञ्जरीं स्थापयेद्धृत्वा पात्रे सूतिकयोः पुरः ॥ ५५
वादयित्वा ततो घण्टां भोज्यपद्यानि गापयन् । निवेदयेत्तत्कृष्णाय मध्ये पानीयमर्पयन् ॥ ५६
निधाय पाकशालायां ततः सर्वं निवेदितम् । कुर्वीत वारिणा तूर्णं भोजनस्थानशोधनम् ॥ ५७
ताम्बूलवीटिकां दत्त्वा ऋतुकालोद्भवानि च । फलानि नालिकेरं च शक्त्या दद्याच्चा दक्षिणाम् ॥ ५८
उद्घाट्याथो जवनिकां महानीराजनं प्रभोः । वाद्यतालिगीतघोषैस्तिष्ठन्मन्त्रान्पठंश्चरेत् ॥ ५९
स्तुत्वा सम्प्रार्थ्य नत्वा च जनैः कृतसमीक्षणम् । श्रीकृष्णं स्वापयित्वाऽसौ शृणुयात्तत्कथाः शुभाः ६०
महान्ति भूषावासांसि स्वापकाले श्रियःपतेः । उत्तारयेच्च सूक्ष्माणि लघूनि परिधापयेत् ॥ ६१
चरणामृतमात्रं तु पिबेन्निशि न चेतरत् । कुर्याज्जागरणं भक्तस्तद्गुणश्रुतिकीर्तनैः ॥ ६२
प्रातः स्नात्वा पुनः पूजां कृत्वा साङ्गस्य सत्पतेः । क्षीरं भक्तं शर्करां च विशेषेण निवेदयेत् ॥ ६३
ततो नीराजनं कृत्वा स्वापयेत्प्रभुमात्मनः । भक्तः साकं भक्तजनैस्ततः क्रीडनमाचरेत् ॥ ६४

---

શીરો, જલેબી અને મોતૈયા લાડુ વગેરે મહાનૈવેદ્ય અર્પણ કરવું.[૫૪] તે જ રીતે અજમો, સુંઠ, ધાણા, જીરુના ચૂરામાં ગોળ અને ઘી મિક્ષિત કરી તૈયાર કરેલી પંચાજીરી પાત્રમાં ભરી દેવકીજી અને યશોદાજીની આગળ ધરવી.[૫૫] પછી પૂજા કરનારે ઘંટ વગાડી થાળના પદોનું ગાન કરવું, ને મધ્યે જળપાન અર્પણ કરવું.[૫૬] આ રીતે પૂજારીએ ભગવાનને નૈવેદ્ય અર્પણ કરવું. પછી તે નૈવેદ્યને પાકશાળામાં મૂકીને તત્કાળ જળથી ભોજન સ્થળની શુદ્ધિ કરવી.[૫૭] પછી પાનબીડું અર્પણ કરી પૂજારીએ ઋતુમાં થતાં ફળો તથા નાળિયેર અર્પણ કરી શક્તિ પ્રમાણે દક્ષિણા અર્પણ કરવી.[૫૮] પછી પડદો દૂર કરી પૂજારીએ ઊભા રહી મંત્રનું ઉચ્ચારણ કરતા કરતા વાદ્ય, તાલીનાદ અને આરતી પદના ઘોષની સાથે શ્રીકૃષ્ણ ભગવાનની મહાઆરતી કરવી.[૫૯] મનુષ્યો દર્શન કરી રહે પછીથી ભગવાનની સ્તુતિ પ્રાર્થના અને નમસ્કાર કરી તેમને પોઢાડી દેવા, ને શ્રોતા જનોને મંગલ કરનારી શ્રીકૃષ્ણ ભગવાનના જન્મની કથા સંભળાવવી.[૬૦]

હે પુત્રો ! પૂજારીએ ભગવાનને શયન કરાવતી વખતે મોટા આભૂષણો ઉતારી લેવાં ને સૂક્ષ્મ ને નાનાં વસ્ત્રો ધારણ કરાવવાં.[૬૧] ભક્તજને મધ્યરાત્રીએ માત્ર ભગવાનના ચરણામૃત જળનું જ પાન કરવું, પરંતુ પંચાજીરી આદિક વસ્તુમાત્રનું ભક્ષણ કરવું નહિ. ને ભગવાનની કથા સાંભળવી કે કીર્તનોનું ગાયન કરી જાગરણ કરવું.[૬૨] પ્રાતઃકાળે સ્નાન કરી ફરી અંગદેવતાઓએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું. તેમાં વિશેષપણે દૂધ, ભાત અને સાકરનું નૈવેદ્ય ધરવું.[૬૩] પછી પૂજારીએ આરતી ઉતારી પોતાના પ્રભુને પારણામાં શયન કરાવવું ને અન્ય

परस्परं पुमांसश्च दधिक्षीरघृताम्बुभिः । कुर्वीरन् क्रीडनं तत्र लेपक्षेणसिञ्चनैः ॥ ६५
योषाश्च रजनीचूर्णतैलगोरसकुंकुमैः । अन्योन्यं नवनीतेन क्रीडेयुर्लेपसिञ्चनैः ॥ ६६
अमङ्गलत्वाद्विधवाः क्रीडेयुर्नैव योषितः । साधवोऽपि तथा नैव व्रतिनो ब्रह्मचारिणः ॥ ६७
यद्येतेषु पतेत्क्वापि दध्यादि क्रीडतः करात् । स्नात्वा जपेयुस्तर्ह्येते मन्त्रमष्टाक्षरं शतमप ॥ ६८
यद्येते च स्वयं कुर्युः क्रीडनं तर्ह्युपोषणम् । विदधीरन्नहोरात्रं भजन्तो रुक्मिणीपतिम् ॥ ६९
स्नानं विधाय क्रीडान्ते भक्तः कुर्वीत पारणाम् । जन्माष्टम्युत्सवविधिरित्युक्तो वार्षिको मया ॥ ७०
प्रातःसायं पूजनान्ते बालकृष्णस्तु पालने । आन्दोलनीयोऽनुदिनं यावत्स्यादर्जुनोत्सवः ॥ ७१
औद्धवीये सम्प्रदाये श्रीकृष्णस्योदितानि वै । मन्दिराणीष्टदेवस्य पञ्चधाचार्यपुङ्गवैः ॥ ७२
एकस्यैव हि कृष्णस्य प्रोक्तं स्थानादिभेदतः । पञ्चकं खलु मूर्तीनां न तु वास्वभेदतः ॥ ७३

---

ભક્તજનોની સાથે નંદમહોત્સવની ક્રીડા કરવી.[૬૪] તે ક્રીડામાં પુરુષોએ દહીં, દૂધ અને જળ પરસ્પર એક બીજા ઉપર છાંટવું, આ પ્રમાણે મંદિરના આંગણામાં પરસ્પર ક્રીડા કરવી.[૬૫] સ્ત્રીઓએ પણ હળદીચૂર્ણ, તેલ, ગોરસ, કુંકુમ તેમજ માખણથી સ્ત્રીઓમાં પરસ્પર લેપન કરી એક બીજા ઉપર ઉડાવી ક્રીડા કરવી.[૬૬] વિધવા સ્ત્રીઓએ અમંગળ હોવાથી અને સાધુ બ્રહ્મચારીઓએ પણ આ ક્રીડા કરવી નહીં. જો ક્રીડા કરતા જનોના હાથમાંથી દહીં આદિક પદાર્થો ક્યારેક પણ વિધવા, સાધુ કે બ્રહ્મચારી ઉપર પડે તો તેઓએ સ્નાન કરી અષ્ટાક્ષર મંત્રની એક માળા કરવી.[૬૮] જો એ સ્વયં રમવા લાગી જાય તો શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરતાં કરતાં રાત્રી દિવસ એક ઉપવાસ કરે.[૬૯] ખેલની સમાપ્તિ થાય ત્યારે પૂજા કરનાર ભક્તે સ્નાન કરી પારણાં કરવાં. હે પુત્રો ! આ પ્રમાણે મેં પ્રતિવર્ષ ઉજવવાનો જન્માષ્ટમીના ઉત્સવનો વિધિ કહ્યો.[૭૦]

હે પુત્રો ! આ પ્રમાણે દરરોજ પૂજાને અંતે પ્રાતઃકાળે અને સાયંકાળે અર્જુનના ઉત્સવ દિન ભાદરવા સુદ બીજ સુધી બાલ શ્રીકૃષ્ણને પારણામાં ઝુલાવવા.[૭૧] કદાચ એવો પ્રશ્ન થાય કે આપણા સંપ્રદાયમાં મંદિરોને વિષે શ્રીનરનારાયણ દેવ, શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, આદિક અનેક મૂર્તિઓ વિરાજે છે. તો ઉત્સવની પૂજા વિધિ એક જ કેમ ? મૂર્તિ જુદી તો પૂજા પણ જુદી હોવી જોઇએ, એવી શંકા ન કરવી. કારણ કે, આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં આચાર્ય શ્રેષ્ઠ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીએ ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનાં મંદિરો પાંચ પ્રકારનાં કહેલા છે. [૭૨] એક જ શ્રીકૃષ્ણને મૂર્તિના ભેદથી કે સ્થાનાદિક ના

आदावेत्य स गोलोकाद्भगवान्निजधामतः । मथुरापुरि देवक्यां वसुदेवादजायत ॥ ७४
सोऽद्भुतार्भाकृतिः कृष्णो वासुदेव इतीर्यते । तथा बालमुकुन्दश्च नवनीतधरश्च सः ॥ ७५
स एव गोकुलं प्राप्य ववृधे नन्दवेश्मनि । यशोदालालितश्चक्रे बाललीलामलौकिकीम् ॥ ७६
राधाकृष्णस्तथा गोपीनाथो राधापतिः स च । वृन्दावनविहारी च प्रोक्तो मदनमोहनः ॥ ७७
राधया सहिता एव वर्तन्ते तस्य मूर्तयः । वंशीविभूषितकरा मन्दिरेषु धरातले ॥ ७८
व्रजादुपेत्य मथुरां यादवानां प्रियं स च । चकार सह रामेण रामकृष्णः स उच्यते ॥ ७९
मथुरानाथ इत्युक्त एष यादवभूषणः । रामेण सहिताः सन्ति मन्दिरेष्वस्य मूर्तयः ॥ ८०
उपयेमे स एवैत्य द्वारिकायां च रुक्मिणीम् । राजाधिराजलीलोऽसौ लक्ष्मीनारायणो मतः ॥ ८१
द्वारिकानाथ एषोऽथ प्रोक्तो यदुपतिस्तथा । सह लक्ष्म्या भवन्त्यस्य मन्दिरेष्वत्र मूर्तयः ॥ ८२
पाण्डवानां प्रियं कुर्वन् प्रायस्तेषां पुरेऽपि सः । उवास चार्जुनसखो द्रौपदीमानवर्धनः ॥ ८३

---

ભેદથી પાંચ પ્રકારે કહ્યા છે પરંતુ વાસ્તવિક ભેદ નથી.[૭૩] હે પુત્રો ! શ્રીકૃષ્ણ ભગવાન પ્રથમ પોતાના ગોલોકધામમાંથી મથુરાપુરમાં પધાર્યા ને વસુદેવ તથા દેવકીજી થકી પ્રગટ્યા.[૭૪] એ સમયે અદ્‌ભૂત બાળક સ્વરૂપે રહેલા તે શ્રીકૃષ્ણને ''વાસુદેવ'' ''બાલમુકુન્દ'' તથા ''નવનીતધર'' એવા નામથી કહેવાય છે.[૭૫] એજ શ્રીકૃષ્ણ ગોકુળ પધાર્યા, નંદજીના ઘેર મોટા થયા, યશોદાજીએ લાલન પાલન કર્યા, અલૌકિક બાળલીલાઓ કરી.[૭૬]ત્યાંથી એ શ્રીકૃષ્ણને ''રાધાકૃષ્ણ'' ''ગોપીનાથ'' ''વૃંદાવનવિહારી'' તથા ''મદનમોહન'' એવા નામે કહેવામાં આવ્યા છે.[૭૭] અને આ પૃથ્વી પર રહેલાં મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિઓ રાધાએ સહિત બંશીવિભૂષિત હસ્તકમળવાળી જ વિરાજે છે.[૭૮] એજ શ્રીકૃષ્ણ બળરામની સાથે વ્રજમાંથી મથુરા પધાર્યા ને યાદવોનું પ્રિય કર્યું તેથી તે ''રામકૃષ્ણ'' કહેવાયા.[૭૯] તેમજ એ ''મથુરાનાથ'' અને ''યાદવભૂષણ'' પણ કહેવાયા. અને ઘણા મંદિરોમાં એ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ બલરામજીની સાથે રહેલી છે.[૮૦]

વળી એજ શ્રીકૃષ્ણ દ્વારિકામાં આવી રૂક્મિણીને પરણ્યા ને રાજાધિરાજપણે લીલા કરી તેથી ''લક્ષ્મીનારાયણ'' એવાનામે પ્રસિદ્ધ થયા.[૮૧] તેમજ એ ''દ્વારિકાનાથ'' અને ''યદુપતિ'' પણ કહેવાયા. એજ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓ આલોકમાં મંદિરોમાં લક્ષ્મીજીની સાથે વિરાજે છે.[૮૨] વળી અર્જુનના મિત્રપણે વર્તી દ્રૌપદીનું માન વધારતા એ શ્રીકૃષ્ણ પાંડવોનું હિત કરવા માટે હસ્તિનાપુરમાં પણ બહુધા નિવાસ કરતા.[૮૩] તેથી ''નરનારાયણ'' તથા

नरनारायण इति प्रोक्तोऽसौ पाण्डवप्रियः । सहार्जुनेन सन्त्यस्य मूर्तयो मन्दिरेष्विह ॥ ८४
अपि पञ्चविधा एता मूर्तयः सन्ति केषुचित् । चतुर्भुजा मन्दिरेषु द्विभुजा अपि केषुचित् ॥ ८५
सपार्षदाः क्वचित्सन्ति क्वचिञ्चापि विपार्षदाः । सायुधाश्च क्वचित्सन्ति कुत्रचिच्च निरायुधाः ॥ ८६
एक एव विधिर्ज्ञेयो मन्दिरेष्वपि पञ्चसु । उत्सवानां हि सर्वेषां पूजाद्रव्यनिवेदने ॥ ८७
यत्र यत्र विशेषोऽस्ति तत्र तत्रोत्सवे च तम् । कथयिष्यामि स ज्ञेयस्तत्तन्मूत्तर्यर्चने बुधैः ॥ ८८
इत्थं सुतौ ! वां गदितो हि जन्माष्टम्युत्सवस्योद्धवसम्प्रदाये ।
मुख्यस्य सर्वोऽपि विधिर्मयेत्थं कार्यो भवद्भ्यां प्रतिमन्दिरं सः ॥ ८९

*इति श्रीसत्सङ्गिजीवने नाराणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ जन्माष्टम्युत्सवविधिनिरूपणनामा पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥ ५५*

---

"પાંડવપ્રિય" એવા નામે પૃથ્વી પર પ્રસિદ્ધ થયા. અને આ પૃથ્વી પર અનેક મંદિરોમાં અર્જુનની સાથે પણ તેમની મૂર્તિઓ રહેલી છે.[૮૪] હે પુત્રો ! આ રીતે આ પાંચ પ્રકારની મૂર્તિઓમાં પણ કોઇ મંદિરમાં ચતુર્ભુજ સ્વરૂપે અને કોઇ મંદિરોમાં દ્વિભુજ સ્વરૂપે વિરાજે છે. [૮૫] વળી કોઇ મંદિરોમાં પાર્ષદોએ સહિત અને કોઇમાં પાર્ષદોએ રહિત પણ વિરાજે છે. ક્યાંક આયુધે સહિત અને આયુધે રહિત પણ વિરાજે છે.[૮૬] આ રીતે પાંચે પ્રકારના મંદિરોમાં સર્વે પ્રકારના ઉત્સવોમાં પૂજાદ્રવ્યો એક જ પ્રકારનાં છે અને સામાન્ય વિધિ પણ એકજ પ્રકારનો છે.[૮૭] બાકી જે જે ઉત્સવમાં જે જે કાંઇ વિશેષતા રહેલી છે. તે તે ઉત્સવને વિષે તે તે વિશેષતા હું તમને કહીશ. પૂજા કરનારા પ્રવીણ પૂજકે એ વિશેષતા તે તે મૂર્તિ પૂજામાં જાણવી.[૮૮] હે પુત્રો ! આ પ્રમાણે ઉદ્ધવસંપ્રદાયમાં મુખ્યપણે ઉજવાતા જન્માષ્ટમી ઉત્સવનો સર્વપ્રકારનો વિધિ મેં તમને કહ્યો. તમારે પણ આ વિધિને અનુસારેજ પ્રત્યેક મંદિરમાં ઉત્સવ ઉજવવો.[૮૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં વાર્ષિક વ્રતો અને ઉત્સવોના વિધિમાં જન્માષ્ટમીના ઉત્સવનો વિધિ શ્રીહરિએ કહ્યો એ નામે પંચાવનમો અધ્યાય પૂર્ણ થયો. –૫૫–**

---

षड्पञ्चाशत्तमोऽध्यायः - ५६

श्री नारायणमुनिरुवाच –

अथोत्सवा भगवतो मासि भाद्रपदे च ये । भवन्ति तेषां सकलं कथयामि विधिं सुतौ ! ॥ १
भाद्रशुक्लद्वितीयायां मध्याह्ने गुरुवासरे । नक्षत्रेऽर्यमदैवत्ये मुहूर्तेऽभिजिदाह्वये ॥ २
जज्ञे हिमवतः पृष्ठे साक्षान्नरऋषिः प्रभुः । कुन्त्यामिन्द्रादर्जुनाख्यश्चकुर्देवास्तदोत्सवम् ॥ ३
पूर्वविद्धैव सा ग्राह्या मध्याह्नव्यापिनी तिथिः । नक्षत्रयोगसत्त्वे तु ग्रहीतव्या परैव सा ॥ ४
मुकुटं धारयेत्तत्र भगवन्तं महोज्ज्वलम् । धनुर्बाणं तथा खड्गं हैमं च शतचन्द्रकम् ॥ ५

## અધ્યાય – ૫૬

## ભગવાન શ્રીહરિએ કહેલો ભાદરવા માસમાં ઉજ્વાતા ઉત્સવનો વિધિ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! હવે પછી ભાદરવા માસમાં જે ઉત્સવો આવે છે, તેનો સમગ્ર વિધિ હું તમને કહું છું.[૧]

**નરભગવાનનો જન્મોત્સવ :–** હે પુત્રો ! ભાદરવા સુદ બીજના ગુરુવારે મધ્યાહ્ન સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં, અભિજીત નામના મુહૂર્તમાં હિમાલયના છેવાડાના પ્રદેશમાં સાક્ષાત્ પ્રભુ નરઋષિ ઈન્દ્ર થકી કુંતીને ત્યાં અર્જુન નામથી પ્રગટ થયા. તે સમયે સર્વે દેવતાઓએ ઉત્સવ ઉજવ્યો.[૨-૩] તે અર્જુનતિથિ મધ્યાહ્ને વ્યાપ્તિ હોય અને પડવાના વેધવાળી હોય તે ગ્રહણ કરવી. જો નક્ષત્રનો યોગ હોય તો બીજ તિથિ ત્રીજના વેધવાળી ગ્રહણ કરવી. અર્થાત્ જો ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પડવાને દિવસે હોય તો બીજ કેવળ મધ્યાહ્ને વ્યાપ્તિ હોય તે ગ્રહણ કરવી, અને જો મધ્યાહ્ન પૂર્વે પડવો હોય, ને પછીથી બીજ તિથિ બેસી જતી હોય, તે બીજ બીજે દિવસે મધ્યાહ્ન પૂર્વે પૂર્ણ થઈને તૃતીયા બેસી જતી હોય તો, આગલા પડવાના દિવસે નક્ષત્ર ન હોય છતાં તે બીજ નરભગવાનના જન્મોત્સવ માટે સ્વીકારવી. તેમજ સૂર્યોદય સમયે દ્વિતીયા હોય પછી તૃતીયા બેસી જતી હોય ને મધ્યાહ્ને નક્ષત્ર હોય તો તે ત્રીજના વેધવાળી પણ બીજ ગ્રહણ કરવી. જો બન્ને દિવસે બીજ મધ્યાહ્ને વ્યાપ્તિ હોય તો જે દિવસે મધ્યાહ્ને નક્ષત્ર હોય તે દિવસની બીજ ગ્રહણ કરવી. વળી બન્ને બીજ મધ્યાહ્ને વ્યાપ્તિ હોય ને નક્ષત્ર ન હોય તો પહેલા દિવસની બીજ ગ્રહણ કરવી.[૪]

હે પુત્રો ! આ નરભગવાનના જન્મોત્સવમાં ભગવાનને અતિશય

राजरीत्यैव वासांसि भूषणानि च धारयेत् । पूरिकाः पायसं चास्मै साज्यखण्डं निवेदयेत् ॥ ६
एतावान् हि विशेषोऽत्र विधिरन्यस्तु पूर्ववत् । महतीं पूजयेदित्थं मूर्तिं भगवतः पुमान् ॥ ७
ततो नरस्य प्रतिमामर्चयेदर्जुनाख्यया । सा न चेत्तर्हि कृष्णस्य मूर्तावर्जुनमर्चयेत् ॥ ८
न स्यात्सा चेत्तदा मूर्तिमर्जुनस्य किरीटिनीम् । धनुर्बाणधरां हैमीं कृत्वार्चेदभिजित्क्षणे ॥ ९
मण्डपं कारयित्वैव मन्दिरस्याग्रतः शुभम् । पूजयेत्सर्वतोभद्रे महत्या पूजयैव ताम् ॥ १०
तदङ्गदेवताः पाण्डुः कुन्ती माद्री युधिष्ठिरः । भीमश्च मुनयः पूज्याः शतशृङ्गनिवासिनः ॥ ११
नैवेद्यमर्पयेत्तस्मै संयावक्षैरपूरिकाः । नीराजनं प्रकुर्वीत कर्पूरघृतवर्तिभिः ॥ १२
गापयेद्धिमवत्पृष्ठे पार्थजन्मकथां च तम् । आनन्दोलयेदुपावेश्य बालकृष्णस्य पालने ॥ १३
मुहूर्तान्त ऊभौ कृष्णौ नीराज्योत्तरयेत्ततः । तद्दिने स्याद्धविष्यशी पूजनान्ते सकृत्पुमान् ॥ १४

ઉજ્જવલ મુગટ, ધનુષ, બાણ, તલવાર તથા સુવર્ણની ઢાલ ધારણ કરાવવી.[૫] વસ્ત્રો અને આભૂષણો રાજરીતિ પ્રમાણે ધારણ કરાવવાં. નૈવેદ્યમાં પૂરી, ઘેબર સહિત દૂધપાક ધરાવવો.[૬] આ અર્જુનતિથિના ઉત્સવમાં આટલું વિશેષ જાણવું. બાકીનો વિધિ પૂર્વે જે મેં કહ્યો તે જ પ્રકારે જાણવો. ને પૂજા કરનારે શ્રીકૃષ્ણ ભગવાનની મોટી મૂર્તિની સ્થાપના કરી તેમની પૂજા કરવી.[૭] તેમાં નરભગવાનની પ્રતિમાનું અર્જુનના નામથી પૂજન કરવું. જો નરની પ્રતિમા ન હોય તો ભગવાન શ્રીકૃષ્ણ નારાયણની પ્રતિમામાં જ અર્જુનનું પૂજન કરવું.[૮] અને જો શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ ન હોય તથા મૂર્તિ હોય છતાં પૂજારીને અર્જુનની જ પૂજા કરવાની ઈચ્છા રહેતી હોય તો મુગટ, ધનુષ તથા બાણધારી સુવર્ણમય અર્જુનની મૂર્તિ તૈયાર કરાવીને અભિજીત મુહૂર્તમાં મધ્યાહ્ને પૂજા કરવી.[૯]

હે પુત્રો ! મંદિરની આગળ શોભાયમાન મંડપ તૈયાર કરાવી મધ્યે સર્વતોભદ્ર મંડળની રચના કરી, મહાપૂજાના વિધિથી તેમનું પૂજન કરવું.[૧૦] તે સમયે પાંડુ, કુંતી, માદ્રી, યુધીષ્ઠિર, ભીમ અને શતશ્રૃંગપર્વતમાં રહેતા મુનિઓ તેમજ ઈન્દ્રના અંગદેવતાઓનું પણ પૂજન કરવું.[૧૧] શીરો, દૂધપાક અને પૂરીનું નૈવેદ્ય અર્જુનને અર્પણ કરવું. કપૂર અને ઘી યુક્ત દીવેટોથી આરતી કરવી.[૧૨] હિમાલયના પ્રાંત પ્રદેશમાં પ્રગટ થયેલા અર્જુનની જન્મકથાનું ગાન કરાવવું. તેમજ અર્જુનને શ્રીબાલકૃષ્ણના પારણામાં પધરાવી ઝુલાવવા. એક મુહૂર્ત પછી બન્નેની આરતી કરી પારણામાંથી ઉતારવા. આ દિવસે પૂજા કરનારા સેવકોએ પૂજાના અંતે એક જ વખત હવિષ્યાન્ન જમવું.[૧૪]

मासि भाद्रपदे शुक्लचतुर्थ्यामभिजित्क्षणे । कन्यादित्ये करे चन्द्रे सिद्धियोगेऽर्कवासरे ॥ १५
गोलोकाधिपतिः कृष्णो जज्ञे शङ्करमन्दिरे । तदा देवगणैः सर्वैः कृतस्तत्रोत्सवो महान् ॥ १६
अतस्तत्र विधातव्यस्तदर्चनमहोत्सवः । चतुर्थी गणनाथस्य मातृविद्धा प्रशस्यते ॥ १७
पूर्वा दिनद्वये व्याप्तावव्याप्तौ वाभिजित्क्षणे । परेऽह्नयेव तु मध्याह्नव्याप्तौ ग्राह्या परैव सा ॥ १८
अत्रारुणानि वासांसि श्रीकृष्णं परिधापयेत् । नैवेद्ये लड्डुकाः कार्या विधिरन्यस्तु नैत्यकः ॥ १९
मूर्तिं गणपतेरत्र मृन्मयीं च चतुर्भुजाम् । गजाननामेकदन्तां मध्याह्नेऽर्चेद्यथागमम् ॥ २०
सिन्दूरेण च दूर्वाभिः शमीपत्रादिभिश्च तम् । अर्चेन्निवेदयेत्तस्मा एकविंशतिलड्डुकान् ॥ २१
अस्मिन्नेव दिने तस्य पूजायां तुलसी मता । वर्षमध्ये न चान्यत्र ज्ञेयमेतत्पुराणतः ॥ २२
अत्र रात्रौ न कर्तव्यं केनापीन्दोस्तु दर्शनम् । कृते मिथ्यापवादस्य प्राप्तिः स्यान्नात्र संशयः ॥ २३

---

**ગણપતિ જન્મોત્સવ :–** હે પુત્રો ! (હવે હું તમને ગણપતિનો જન્મેત્સવ કહું છું.) ભાદરવા માસની સુદ ચતુર્થીએ અભિજીત નક્ષત્રના મધ્યાહ્ન સમયે જ્યારે સૂર્ય અને ચંદ્ર કન્યારાશિમાં હતા, ત્યારે સિદ્ધિયોગમાં રવિવારે ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ શંકર ભગવાનના ઘેર પ્રગટ થયા. તે સમયે સર્વે દેવતાઓના ગણોએ તે તિથિના દિવસે મોટો ઉત્સવ ઉજવ્યો.[૧૫-૧૬] એથી આપણે પણ એ ચતુર્થીના દિવસે શ્રીગણપતિજીનો પૂજન અને મહોત્સવ ઉજવવો. ગણેશચતુર્થી તૃતીયાના વેધવાળી જ ગ્રહણ કરવી, એજ શ્રેષ્ઠ છે.[૧૭] જો તૃતીયા અને ચોથ એ બન્ને તિથિઓમાં મધ્યાહ્ને અભિજીત મુહૂર્ત વ્યાપ્ત હોય તો અથવા ન વ્યાપ્ત હોય તો પણ પહેલી, ત્રીજના વેધવાળી જ ચતુર્થી ગ્રહણ કરવી. જો માત્ર ચોથના દિવસે જ મધ્યાહ્ને અભિજીત મુહૂર્ત હોય તો તે જ ગ્રહણ કરવી.[૧૮] આ ગણપતિ જન્મોત્સવમાં શ્રીકૃષ્ણ ભગવાનને લાલવસ્ત્ર ધારણ કરાવવાં, નૈવેદ્યમાં ચૂરમાના લાડુ ધરાવવા. બાકીનો વિધિ તો હમેશનો કરવાનો કહ્યો છે. તેજ કરવો.[૧૯] ગણપતિજીની મૂર્તિ મૃતિકાની તૈયાર કરાવી તેના ચાર હસ્ત કરવા, હાથીના જેવું મુખ અને એક દાંત કરવો.[૨૦] ને મધ્યાહ્ને તેનું પૂજન કરવું. સિંદૂર, દૂર્વા અને સમીપત્રથી ગણપતીજીની પૂજા કરવી. ને તેમને એકવીશ લાડુનું નૈવેદ્ય ધરવું.[૨૧] તેના પ્રાદુર્ભાવને દિવસે જ પૂજામાં તુલસીપત્ર અર્પણનો વિધિ કહેલો છે. પરંતુ આખા વર્ષમાં ભાદરવા સુદ ચતુર્થી સિવાય બીજા કોઈ દિવસોમાં ગણપતિ પૂજનમાં તુલસીનો સ્વીકાર કહેલો નથી. વિશેષ વિસ્તાર પુરાણ થકી જાણવો.[૨૨]

હે પુત્રો ! ભાદરવા સુદ ચતુર્થીની રાત્રીએ કોઈએ પણ ચંદ્ર દર્શન ન કરવું.

अज्ञानतो यदि भवेद्दर्शनं तस्य तर्हि तु । स्यमन्तकाहृतिकथा श्रव्या भागवतोदिता ॥ २४
तस्याः पाठोऽथवा कार्यस्तद्द्वयस्याप्यसम्भवे । मन्त्रो विष्णुपुराणोक्तः पठनीयोऽयमादरात् ॥ २५
सिंहः प्रसेनमवधीत्सिंहो जाम्बवता हतः । सुकुमारक ! मा रोदीस्तव ह्येष स्यमन्तकः ॥ २६
दशकृत्व इमं मन्त्रं यः पठेत्पुरुषः शुचिः । चन्द्रदर्शनजाद्दोषान्मुच्यते सद्य एव सः ॥ २७
मासि भाद्रपदेऽष्टम्यां मैत्रे च रविवासरे । वृषभानुगृहे साक्षाद्राधिकाविर्बभूव हि ॥ २८
मध्याह्नव्यापिनी ग्राह्या व्रतिभी राधिकाष्टमी । व्याप्त्यव्याप्त्य परयुता ग्रहीतव्या दिनद्वये ॥ २९
न ग्राह्या सप्तमीविद्धा राधाजन्मतिथिः क्वचित् । ग्राह्या विद्धापि सप्तम्या यदि स्यादष्टमीक्षयः ॥ ३०
भगवन्तं दिने तस्मिंश्चोलं रक्तं तु धारयेत् । शोणं च शीर्षपटकं शेखरालिविभूषितम् ॥ ३१
कैसरं भङ्गिलं सूक्ष्मं धारयेच्चङ्गरक्षकम् । अन्यत्तु पूर्ववत्सर्वं धारयेद्वस्त्रभूषणम् ॥ ३२

---

**ચંદ્ર દર્શન કરવાથી મિથ્યા કલંકની પ્રાપ્તિ થાય છે. તેમાં કોઈ સંશય નથી.[૨૩] જો અજાણતાં ચંદ્રદર્શન થાય તો શ્રીમદ્ ભાગવતમાં પ્રતિપાદન કરેલા સ્યમંતક મણિના હરણની કથા સાંભળવી અથવા પાઠ કરવો.[૨૪] જો એ બે ન થઈ શકે તો વિષ્ણુ પુરાણમાં કહેલા આમંત્રનો આદરપૂર્વક જપ કરવો કે, "સિંહે પ્રસેનનો વધ કર્યો ને સિંહનો જાંબુવાને વધ કર્યો. હે સુકુમાર ! તું રુદન ન કર, હવે આ સ્યમંતકમણિ તારો છે."[૨૫-૨૬] આ પ્રમાણે આ મંત્રનો જે પુરુષ બહાર અને અંદર પવિત્ર થઈ દશ વખત પાઠ કરે છે તે પુરુષ ચંદ્ર દર્શનથી ઉત્પન્ન થયેલા દોષથી તત્કાળ મુક્ત થાય છે.[૨૭]**

**રાધા જન્મોત્સવ :– હે પુત્રો ! ભાદરવા માસની સુદ અષ્ટમીતિથિએ અનુરાધા નક્ષત્રમાં રવિવારે સાક્ષાત્ શ્રીરાધિકાજીનો વૃષભાનુ ગોપના ઘેર પ્રાદુર્ભાવ થયેલો છે.[૨૮] વ્રત કરનારા જનોએ આ રાધાષ્ટમી મધ્યાહ્ને વ્યાપ્તિ ગ્રહણ કરવી, સપ્તમી કે અષ્ટમી આ બન્ને મધ્યાહ્ને વ્યાપ્તિ હોય કે ન હોય છતાં નવમી યુક્ત અષ્ટમી જ વ્રતમાં ગ્રહણ કરવી.[૨૯] રાધાની જન્મતિથિ સાતમના વેધવાળી તો ક્યારેય ગ્રહણ ન કરવી. જો અષ્ટમીનો ક્ષય હોય તો સાતમના વેધવાળી આઠમ પણ ગ્રહણ કરવી. અહીં કેટલાક વિદ્વાનોનો મત છે કે આઠમ બે હોય તો બીજે દિવસે સૂર્યોદય વ્યાપિની આઠમ વ્રતમાં ગ્રહણ કરવી. પરંતુ આપણા સંપ્રદાયમાં તે નિર્ણય સ્વીકાર્ય નથી. બન્ને આઠમ સૂર્યોદય વ્યાપિની હોય છતાં પૂર્વનીજ ગ્રહણ કરવી.[૩૦] હે પુત્રો ! આ રાધાજન્મોત્સવમાં શ્રીકૃષ્ણ ભગવાનને લાલવર્ણનો સુરવાળ,અને તોરાઓની પંક્તિથી શણગારેલી લાલવર્ણની પાઘ ધારણ કરાવી**

मध्याह्ने पूजयेद्राधां कृष्णपार्श्वस्थितां ततः । प्रतिमा राधिकायास्तु न भवेद्यदि मन्दिरे ॥ ३३
तदा तु पूजयेल्लक्ष्मीं राधारूपेण सोऽर्चकः । शाटीं च कैसरीं सूक्ष्मां दीर्घां तां परिधापयेत् ॥ ३४
अन्तरीयाभ्यन्तरीये वाससी अरुणे तथा । विभूषणानि सर्वाणि यथापूर्वं तु धारयेत् ॥ ३५
लड्डुका मौक्तिकाख्याश्च नैवेद्ये तु विशेषतः । दातव्या विधिरन्यस्तु ज्ञेयः पूर्ववदत्र च ॥ ३६
यदि लक्ष्म्या न मूर्तिः स्याद्राधिकाप्रतिमां तदा । हैमीं विधाय द्विभुजां सह गोपीभिरर्चयेत् ॥ ३७
राधिकाजन्मपद्यानि गापयेच्च तदर्चने । भुञ्जीत पूजनस्यान्ते हरेः प्रासादिकं पुमान् ॥ ३८
एकादशी प्रौष्ठपदे शुक्ला पद्माभिधा मता । दानिलीलां तत्र चक्रे भगवान् गोकुले पुरा ॥ ३९
गोपवेषः स कालिन्द्यं नौस्थो गोपीरयाचत । दधि गृहीत्वा मथुरां यान्तीर्दानभिवाध्वदृक् ॥ ४०
दिनेऽस्मिन् धारयेत् कृष्णं गोपवेषं ततो नयेत् । गीतवादित्रनिर्घोषैर्यानमारोप्य तं नदीम् ॥ ४१
तत्र सम्पूज्य नौकायां तं निधायाम्बुखेलनम् । कृत्वा मुहूर्तं स्वस्थानमानयेन्नन्दनन्दनम् ॥ ४२

---

ને કેસરીયા રંગનું ઘડી પાડેલું સૂક્ષ્મ અંગરખું ધારણ કરાવવું. બાકીના બીજાં વસ્ત્રો અને આભૂષણો પૂર્વની પેઠે ધારણ કરાવવાં.[૩૧-૩૨] પછી મધ્યાહ્ને શ્રીકૃષ્ણ ભગવાનના પડખે ઊભેલાં રાધિકાજીની પૂજા કરવી. જો મંદિરમાં રાધિકાજીની પ્રતિમા ન હોય તો પૂજા કરનારે રાધાના રૂપમાં લક્ષ્મીજીનું પૂજન કરવું. તે સમયે કેસરી રંગની સૂક્ષ્મ અને બહુજ લાંબી સાડી રાધા કે લક્ષ્મીજીને ધારણ કરાવવી.[૩૩-૩૪] ચણીયો અને ચોલી આ બન્ને વસ્ત્ર પણ લાલ રંગનાં ધારણ કરાવવાં અને સર્વે આભૂષણો પૂર્વની જેમ ધારણ કરાવવાં.[૩૫] નૈવેદ્યમાં વિશેષપણે મોતૈયાલાડુ અર્પણ કરવા. બાકીનો વિધિ આ ઉત્સવમાં પણ પૂર્વની પેઠે જાણવો. [૩૬]જો લક્ષ્મીજીની પણ મૂર્તિ ન હોય તો સુવર્ણની દ્વિભુજ રાધિકાજીની પ્રતિમા તૈયાર કરાવી, બીજી ગોપીઓની સાથે તેમની પૂજા કરવી.[૩૭] તેમના જન્મોત્સવમાં રાધિકાજન્મના પદોનું ગાયન કરાવવું ને પૂજા કર્યા પછી જ પૂજારીએ ભોજન સ્વીકારવું.[૩૮]

**દાણલીલા મહોત્સવ :–** હે પુત્રો ! ભાદરવા માસની સુદ એકાદશી પદ્મા નામે કહેલી છે. આ તિથિના દિવસે શ્રીકૃષ્ણ ભગવાને ગોકુળમાં દાણલીલા કરી હતી.[૩૯] તે દિવસે ગોપવેષધારી શ્રીકૃષ્ણ ભગવાને યમુના નદીમાં નૌકામાં બેસી જેમ કોઇ રાજાની આજ્ઞાથી રાજપુરુષ દાણ સ્વીકારે તેમ દહીંની મટકી લઇ મથુરા જતી ગોપીઓ પાસેથી દાણ સ્વીકાર્યું છે.[૪૦] આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનને ગોપવેષ ધારણ કરાવવો ને તેમને શિબિકામાં બેસાડી ગીત વાજિંત્રોના ગાન સાથે નદીએ કે તળાવે લઇ જવા.[૪૧] ત્યાં નૌકામાં નંદનંદનને બેસાડી પૂજન કરવું. બે

दानिलीलां भगवता कृतां राधिकया सह । गायेच्च गापयेद्भक्तश्चोपवासमिहाचरेत् ॥ ४३
अस्मिन्दिने च नैवेद्ये दधि भक्तं विशेषतः । दद्याद्विशेषोऽत्रैतावानेकादश्या विधिः परः ॥ ४४
भाद्रे मासि शुक्लपक्षे द्वादश्यां श्रवणाख्यमे । बुधे मध्याह्नसमये वामनस्त्वदितेरभूत् ॥ ४५
मध्याह्नव्यापिनी ग्राह्या द्वादशी वामनोत्सवे । तत्रापि चेच्छ्रवणयुक् तर्हि साऽतिप्रशस्यते ॥ ४६
एकादश्यां द्वादशी च वैष्णव्यमपि तत्र चेत् । तद्विष्णुशृङ्खलं नाम विष्णुसायुज्यकृद्भवेत् ॥ ४७
यदा न प्राप्यते ऋक्षं द्वादश्यां वैष्णवं क्वचित् । एकादश्यां भवेत्तच्चेत्तत्र कार्योऽयमुत्सवः ॥ ४८
यदा तु द्वादशी युक्ता श्रवणेन भवेत्तदा । शक्तस्तु पुरुषः कुर्यादुपवासं दिनद्वये ॥ ४९
अशक्तस्तु फलाहारमेकादश्यां विधाय च । उपोषणं प्रकुर्वीत द्वादश्यां नक्तमेव वा ॥ ५०

---

ઘડી સુધી જલક્રીડા કરાવી પોતાના સ્થાને પાછા લાવવા.[૪૨] શ્રીકૃષ્ણ ભગવાને રાધિકાજીની સાથે કરેલી દાણલીલાના પદોનું ગાન કરવું અને કરાવવું. તેમ જ આજે એકાદશી હોવાથી નિરાહાર ઉપવાસ કરવો.[૪૩] આવી રીતે આજના દિવસે આ દાણલીલાનો ઉત્સવ કરવો. આજે નૈવેદ્યમાં ભગવાનને દહીં ભાતનું વિશેષ નિવેદન કરવું. બાકીનો વિધિ એકાદશી ઉત્સવ થકી જાણવો.[૪૪]

**વામન જન્મોત્સવ :–** હે પુત્રો ! ભાદરવા માસના સુદ બારસના દિવસે શ્રવણ નક્ષત્રમાં બુધવારે મધ્યાહ્ન સમયે કશ્યપમુનિ અને પત્ની અદિતિ થકી વામન ભગવાનનો પ્રાદુર્ભાવ થયો છે.[૪૫] આ વામન જન્મોત્સવમાં જે બારસ મધ્યાહ્ન વ્યાપિની હોય તો જ ગ્રહણ કરવી. તેમાં પણ જો મધ્યાહ્ન સમયે બારસ શ્રવણનક્ષત્રે યુક્ત હોય તો તે બારસ અતિશય પ્રશંસનીય છે.[૪૬] એકાદશીના દિવસે બપોરના સમયે જો બારસ બેસી જતી હોય તો વળી તેજ સમયે જો શ્રવણ નક્ષત્ર હોય તો તેને વિષ્ણુશૃંખલ નામનો યોગ કહેવાય તેથી તેને પર્વનો સમય કહેવાય ને તે યોગ મુક્તિને આપનારો કહેલો છે.[૪૭] કદાચ દ્વાદશીના દિવસે શ્રવણ નક્ષત્ર ન હોય અને એકાદશીના દિવસે હોય તો એકાદશીના મધ્યાહ્ને જ આ વામન જન્મોત્સવ ઉજવવો પરંતુ પારણાં તો બારસના બપોર પછી જ કરવાં.[૪૮] અને જો બારસ પણ શ્રવણ નક્ષત્રે યુક્ત હોય તો શક્તિમાન પુરુષે બે ઉપવાસ કરવા. એક એકાદશી અને બીજો બારસનો ઉપવાસ કરવો. કારણ કે વૈષ્ણવોને એકાદશીનું વ્રત કરવું ફરજીયાત છે. અને જે બે ઉપવાસ કરવા અશક્ત હોય તેમણે એકાદશીના ફલાહાર કરીને બારસના નિરાહાર ઉપવાસ કરવો.[૪૯] અથવા એકાદશીનો ઉપવાસ કરી બારસના રાત્રે પારણાં કરવાં. અને વધુ અશક્ત હોય તેમણે એકાદશીનું

त्रयोदश्यां यदि भवेच्छ्रवणं तर्हि पूजकः । द्वादश्यामेव कुर्वीत सर्वथा वामनोत्सवम् ॥५१
पीताम्बरं शोभनं यत्तत्कृष्णं परिधापयेत् । अन्यद्वस्त्रविभूषादि यथापूर्वं तु धारयेत् ॥ ५२
चला भगवतो मूर्तिर्वासुदेवस्य यर्हि तु । भवेन्निजान्तिके तर्हि तस्यां वामनमर्चयेत् ॥ ५३
सा चेन्न स्यात्तदा कार्या वामनार्चा हिरण्मयी । बाला द्विबाहुर्दधती छत्रदण्डकमण्डलून् ॥ ५४
मण्डपे सर्वतोभद्रे मध्याह्ने पूजयेच्च ताम् । उपचारैर्यथालब्धैर्भक्त्या पञ्चामृतादिभिः ॥ ५५
तदङ्गदेवताश्चार्चेददितिं कश्यपं तथा । देवान्महेन्द्रप्रमुखान्सस्त्रीकान्सगणानपि ॥ ५६
प्रचुराज्यसितैः कुर्यान्नैवेद्यं चूर्णलड्डुकैः । अवतारचरित्राणि गापयेद्वामनस्य च ॥ ५७
एतावानत्र विज्ञेयो विशेषः पूजने हरेः । सामान्यस्तु विधिस्तुल्यः सर्वेष्वेवोत्सवेष्वपि ॥ ५८

---

ફલાહાર કરી બારસના રાત્રે પણ ભોજન કરી લેવું. અથવા તો આ એકાદશી પરિવર્તની હોવાથી તે દિવસે ફલાહાર પણ ન કરાય તેવું શાસ્ત્રવિધાન હોવાથી તે દિવસે નિરાહાર ઉપવાસ કરી બારસના દિવસે ફલાહાર કરવું. અથવા તો પરિવર્તનનો યોગ બારસના દિવસે હોય તો એકાદશીના ફલાહાર કરી બારસનો નિરાહાર ઉપવાસ કરવો.[૫૦] અને જો શ્રવણ નક્ષત્ર તેરસના દિવસે હોય તો પૂજા કરનારે વામનોત્સવ સર્વપ્રકારે બારસના જ કરવો. તેમાં એકાદશી અને બારસ આ બન્ને દિવસે શ્રવણ નક્ષત્ર ન હોવાથી એકાદશીના નિરાહાર ઉપવાસ કરી બારસના મધ્યાહ્ને ઉત્સવના અંતે પારણાં કરવાં. આ નિર્ણય સંપ્રદાય માટે ખાસ છે. એમ જાણવું.[૫૧]

હે પુત્રો ! હવે આ વામન જન્મોત્સવ કેમ ઉજવવો તે કહું છું. આજે શ્રીકૃષ્ણ ભગવાનને પીતાંબર ધારણ કરાવવું. અને અન્ય વસ્ત્રાભૂષણો પૂર્વની માફક જ ધારણ કરાવવાં.[૫૨] જો પોતાની સમીપે શ્રીવાસુદેવ ભગવાનની ચળ મૂર્તિ હોય તો તેમાં વામનજીની પૂજા કરવી.[૫૩] જો ચળમૂર્તિ ન હોય તો દ્વિભુજ અને હાથમાં છત્ર, દંડ અને કમંડલું ધારણ કરતી સુવર્ણની બાલસ્વરૂપ વામનજીની મૂર્તિ તૈયાર કરાવવી.[૫૪] મંડપમાં સર્વતોભદ્ર મંડલને મધ્યે બપોરના સમયે વામનજીની પંચામૃતાદિ ઉપચારોથી ભાવ પૂર્વક પૂજા કરવી.[૫૫] અદિતિ, કશ્યપ, તેમજ પત્નીઓ અને ગાંધર્વાદિ ગણોએ સહિત ઈન્દ્રાદિ દેવતાઓની તથા અંગ દેવતાઓની પણ પૂજા કરવી.[૫૬] બહુ ઘી, સાકર યુક્ત ચૂરમાના લાડુનું નૈવેદ્ય ધરાવવું ને વામન ભગવાનના અવતાર ચરિત્રોનું ગાન કરાવવું.[૫૭] આ વામન દ્વાદશીના ઉત્સવમાં પૂજા વિધિનો આટલો જ વિધિ વિશેષ જાણવો બાકી સામાન્ય

इति भाद्रपदोत्सवा मया कथिता वामिषमासि ये त्वथ ।
तनयौ ! विहिता महाश्च तान्कथयाम्युद्धवसम्मतानहम् ॥ ५९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ भाद्रपदोत्सवविधिनिरूपणनामा षट्पञ्चाशत्तमोऽध्यायः ॥ ५६*

---

**सप्तपञ्चाशत्तमोऽध्यायः - ५७**

**श्रीनारायणमुनिरुवाच –**

ईषत्सन्ध्यामतिक्रान्तः किञ्चिदुद्भिन्नतारकः । विजयो नाम कालोऽयं सर्वकार्यार्थसाधकः ॥ १
तस्मिन्काले दशम्यास्तु व्याप्त्यव्याप्त्योर्दिनद्वये । उत्सवः पूर्वविद्धायां कार्यः श्रीकृष्णसेवकैः ॥ २
श्रवणर्क्षेऽश्विपूर्णायां काकुत्स्थः प्रस्थितो यतः । उल्लङ्घयेयुः सीमानं तद्दिनर्क्षे ततो नराः ॥ ३

---

વિધિ તો સર્વે ઉત્સવમાં એક સરખો જ છે. હે પુત્રો ! આ પ્રમાણે મેં તમને ભાદરવા માસના ઉત્સવો કહ્યા. હવે પછી આસો માસમાં આવતા અને આપણા ઉદ્ધવસંપ્રદાયમાં જે માન્ય કરેલા છે તે મહોત્સવોનો વિધિ હું તમને કહું છું.[૫૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ ભાદરવા માસમાં આવતા વ્રતો અને ઉત્સવોનું નિરૂપણ કર્યું એ નામે છપ્પનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૬--**

---

## અધ્યાય - ૫૭

## આસોમાસમાં આવતા ઉત્સવોના વિધિનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

**વિજયાદશમી ઉત્સવ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! અલ્પ સંધ્યા સમય પસાર થયો હોય ને તારા મંડળ કંઈક ઉદય પામ્યું હોય એ કાળ સર્વકાર્યના અર્થને સિદ્ધ કરી આપનારો ‘‘વિજય'' નામનો કાળ કહેલો છે.[૧] નવમી કે દશમી તિથિની તે કાળમાં વ્યાપ્તિ હોય કે ન હોય, પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનના સેવકોએ એ ‘‘વિજયોત્સવ'' નવમીના વેધવાળી દશમી તિથિએ જ કરવો.[૨] કારણ કે આસોસુદ દશમીની તિથિએ શ્રવણ નક્ષત્રમાં ભગવાન શ્રીરામચંદ્રજીએ

वासांसि भगवन्तं तु नृपवद्धारयेत्तदा । सुगन्धिपुष्पहारांश्च शेखरांश्चारुचन्दनम् ॥ ४
पायसं स्थिरकादीनि विशेषेण निवेदयेत् । सायं यवांड्कुराञ्छुद्धान्धारयेच्छेखरानिव ॥ ५
महान्तमुत्सवं भक्त्या गीतवादित्रनिःस्वनैः । कारयेद्गापयेदत्र जयपद्यानि च प्रभोः ॥ ६
पूर्णचन्द्रोदययुता याऽश्विनस्य तु पूर्णिमा । तत आरभ्य भगवान् रासलीलां चकार ह ॥ ७
अतस्तस्या विधातव्यः कृष्णभक्तेन सर्वथा । निशाकरप्रकाशायां रजन्यामुत्सवः सुतौ ! ॥ ८
रासोत्सवो हि राकायां नानुमत्यामिति स्थितिः । पूर्णेऽब्जे पूर्णिमा राकाऽनुमतिस्तद्विपर्यये ॥ ९
गोपीभिः सह राधाया मूर्तिमत्रातिशोभयेत् । तन्मूर्त्यसन्निधाने तु विधिमेतं प्रकल्पयेत् ॥ १०
राधाया गोपिकानां च लक्ष्म्यामावाहनं तदा । विधाय धारयेद्भक्तो महाशृङ्गारमेव ताम् ॥ ११

---

કિષ્કિન્ધાપુરીથી રાવણ વિજય માટે પ્રયાણ કર્યું હતું. તેથી મનુષ્યોએ તે દિવસે વિજયકાળમાં શ્રવણ નક્ષત્રના સમયે પોતાના ગામની સીમાનું ઉલ્લંઘન કરવું.[૩] એ દિવસે ભગવાનને રાજાધિરાજનાં વસ્રો ધારણ કરાવવાં. સુગંધીમાન પુષ્પોના હાર અને તોરા ધારણ કરાવવા. સુંદર ચંદન ચર્ચવું.[૪] દૂધપાક અને ઠોર આદિ પક્વાન્નોનું વિશેષપણે નૈવેદ્ય ધરવું. સાયંકાળે અતિશય શુદ્ધ જગ્યાએ ઉગાડેલા યવના અંકુરોને તોરાની પેઠે મસ્તક પર ધારણ કરાવવા.[૫] ગીત વાજિંત્રોના મધુર ધ્વનિની સાથે ભક્તિભાવપૂર્વક મોટો ઉત્સવ કરવો. આ ઉત્સવમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં વિજયપદ્યોનું ગાન કરાવવું.[૬]

**શરદપૂનમનો ઉત્સવ :–** હે પુત્રો ! આસો માસમાં પૂર્ણ ચંદ્રોદયવાળી પૂર્ણિમા તિથિથી આરંભીને નંદનંદન શ્રીકૃષ્ણ ભગવાને રાધિકા આદિક ગોપીઓની સાથે રાસલીલા કરી છે.[૭] તેથી હે પુત્રો ! પૂર્ણચંદ્રના પ્રકાશવાળી તે પૂર્ણિમાની રાત્રીમાં ભગવાનના ભક્તોએ સર્વપ્રકારે ઉત્સવ ઉજવવો.[૮] રાસોત્સવ "રાકા" માં કરવો પરંતુ અનુમતિમાં કરવો નહિ, એવી મર્યાદા ઉદ્ધવસ્વામી શ્રીરામાનંદ સ્વામીએ કરેલી છે. ચંદ્ર ઉદય સમયે પૂર્ણ કલાથી ખીલ્યો હોય એવી પૂર્ણિમાની તિથિને "રાકા" કહેવાય છે, અને જ્યારે ચંદ્રોદય સમયે પડવો બેસી ગયો હોય તો એક કલાહીન ચંદ્ર હોવાથી તેને "અનુમતિ" નામની પૂર્ણિમા કહેલી છે.[૯] આ રાસોત્સવમાં ગોપીઓની સાથે રાધિકાજીની મૂર્તિને શણગારોથી અતિશય શોભાવવી. જો રાધિકાજીની મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાનની સમીપે ન હોય તો હું કહું એ વિકલ્પ પસંદ કરવો.[૧૦] કે રાધિકાજી અને ગોપીઓનું લક્ષ્મીજીની મૂર્તિમાં આવાહ્ન કરી પૂજા કરનાર ભક્તજને લક્ષ્મીજીને મહાશણગાર ધારણ કરાવવા.[૧૧]

कौसुम्भं धारयेद्वास उत्तरीयं च चल्लकम् । कञ्चुकीं पीतवर्णां च भाले कुंकुमपत्रिकाम् ॥ १२
पीताम्बरं च श्रीकृष्णमनर्घ्यं धारयेत्पुमान् । नानारत्नविचित्रं च मुकुटं कुण्डले तथा ॥ १३
करे च मुरलीं हैमीं धारयेद्रत्नभूषिताम् । नैवेद्ये पर्पिका धार्या पिण्डकाश्च विशेषतः ॥ १४
सुगन्धिपुष्पतैलेन स्थलपद्मोदकेन च । वासांसि मन्दिरं चापि वासयेद्रुक्मिणीपतेः ॥ १५
स्थापयित्वा बालकृष्णं चन्द्रशालासदासने । पूजयेत्सेवको रात्रौ गीतवाद्यपुरःसरम् ॥ १६
नवीनशालिपृथुकान् क्षीरं चैव सशर्करम् । तस्मै निवेदयेद्भक्तो विधिरन्यस्तु पूर्ववत् ॥ १७
रासलीला भगवता गोपीभिः सह या कृता । वृन्दावने त्रियामासु तत्प्रबन्धांश्च गापयेत् ॥ १८
इषकृष्णत्रयोदश्यामलङ्कारान् श्रियःपतेः । उन्मार्जयेद्यथायोग्यं पूजोपकरणानि च ॥ १९
मन्दिरं शोधयेत्सर्वं लेपक्षालनसिञ्चनैः । तिलकं धारयेत्कृष्णं कुंकुमेन सुशोभनम् ॥ २०

---

ઉપરની ઓઢણી અને અંદરનો ચણિયો કસુંબલ ધારણ કરાવવો ને પીળા વર્ણની ચોળી ધારણ કરાવવી. ભાલમાં કુંકુમ પત્રિકાની રચના ધરાવવી.[૧૨] તે સમયે પૂજારીએ શ્રીકૃષ્ણ ભગવાનને બહુમૂલ્યવાળું પીતાંબર ધારણ કરાવવું, તેમજ અનેક પ્રકારના રત્નો જડિત મુગટ અને કુંડળો ધારણ કરાવવાં.[૧૩] બન્ને હાથમાં રત્ન જડિત મોરલી ધારણ કરાવવી અને નૈવેદ્યમાં બરફી અને પેંડા ધરાવવા.[૧૪]

હે પુત્રો ! સુગંધીમાન પુષ્પવાસિત અત્તરતેલથી અને ગુલાબ જળથી રૂક્મિણીપતિ ભગવાનનાં વસ્ત્રો અને મંદિરને સુવાસિત કરવું.[૧૫] રાત્રીના સમયે ચંદ્રશાળા (અગાસી) ઉપર સ્થાપન કરેલા બાજોઠ પર બાલકૃષ્ણને પધરાવી પૂજારીએ ગીત વાજિંત્રોએ સહિત પૂજન કરવું.[૧૬] નૈવેદ્યમાં ભક્તે નવીન ડાંગરના પૌઆં અને શર્કરા મિશ્રિત દૂધ બાલશ્રીકૃષ્ણને નિવેદિત કરવું, બાકીનો વિધિ પૂર્વવત્ જાણવો.[૧૭] પછી રાસ રમતાં શ્રીકૃષ્ણ ભગવાન વૃંદાવનમા રાત્રીને વિષે ગોપીઓને સાથે રાસક્રીડા કરી છે, તેનાં પદોનું ગાન કરવું.[૧૮]

**ધનતેરસનો અલંકાર માર્જનનો ઉત્સવ :–** હે પુત્રો ! આસોવદ ધનતેરસની તિથિએ લક્ષ્મીપતિ ભગવાનના અલંકારોનું યથાયોગ્ય માર્જન કરી સ્વચ્છ કરવાં. પૂજાના ઉપકરણો, પાત્રો આદિક પણ માર્જન કરી સ્વચ્છ કરવાં. આ ઉત્સવ સૂર્યોદય વ્યાપિની તેરસના દિવસે જ કરવો. જો તેરસનો ક્ષય હોય તો બારસની તિથિએ કરવો.[૧૯] આ ઉત્સવમાં લીંપણ, પ્રક્ષાલન અને જળના છંટકાવથી સર્વ મંદિરની શુદ્ધિ કરવી. શ્રીકૃષ્ણ ભગવાનને કુંકુમથી સુશોભિત તિલક ધારણ કરાવવું.[૨૦] સુવર્ણના તારવાળો લાંબો પટકો મસ્તક પર બંધાવવો. તેમજ પીળા કે

स्वर्णसूत्रमयं चीरपटकं शीर्ष्णि धारयेत् । लक्ष्मीं च हरितां शाटीं कौसुम्भीं चारुकञ्चुकीम् ॥ २१
निवेदयेच्छष्कुलीश्च खाजकानि मृदूनि च । एतावान्हि विशेषोऽत्र विधिरन्यस्तु पूर्ववत् ॥ २२
इति आरभ्य गेयानि पद्यानि भगवात्प्रियैः । दीपोत्सवाश्रयाण्येव कार्या दीपा दिनत्रयम् ॥ २३
चतुर्दश्याश्विने कृष्णा भवेद्या तु विधूदये । अभ्यङ्गस्नपने ग्राह्या सैव कृष्णस्य सश्रियः ॥ २४
सुगन्धिपुष्पतैलेन तत्राभ्यङ्गं विधाय च । उष्णोदकेन स्नपयेत्कृष्णं लक्ष्मीं च पूजकः ॥ २५
सर्वाण्यपि च वासांसि रक्तानि परिधापयेत् । वटिकाभज्यवटकानपूपांश्च निवेदयेत् ॥ २६
नीराजनविधिं कुर्याद्विशेषेणात्र पूजकः । विशेष उक्त एतावानिहान्यस्त्वस्ति पूर्ववत् ॥ २७
अस्मिन्दिने हनुमतः कार्यं च महदर्चनम् । तैलसिन्दूरार्कपुष्पस्रग्माषवटकादिभिः ॥ २८
सङ्गवव्यापिनी ग्राह्या भूता हनुमदर्चने । व्याप्ताव्याप्तोस्तूभयत्र पूर्वा ग्राह्या न तूत्तरा ॥ २९

---

લાલ રંગની સાડી અને કસુંબલ રંગની ચોળી લક્ષ્મીજીને ધારણ કરાવવી.[૨૧] ભગવાનને નૈવેદ્યમાં જલેબી અને કોમળ ખાજાં ધરાવવાં. આ ઉત્સવમાં આટલી વિશેષતા છે બાકી વિધિ પૂર્વની પેઠે સરખો છે.[૨૨]

**ચૌદશ અને દીપાવલી ઉત્સવ :–** હે પુત્રો ! એજ ધનતેરસથી આરંભીને ભગવાનના વહાલા ભક્તજનો દીપોત્સવના પદ્યોનું ગાન કરવું. તેમજ ત્રણ દિવસ તેરસ, ચૌદશ અને અમાવાસ્યા સુધી મંદિરમાં દીપમાળા પૂરી મંદિરને ઝગઝગાવવું.[૨૩] આસોવદ ચૌદશની તિથિ જે ચંદ્રોદય સમયની હોય તે જ ચૌદશ લક્ષ્મીજીએ સહિત ભગવાનના અભ્યંગ સ્નાન માટે ગ્રહણ કરવી. [૨૪]આ ચૌદશના દિવસે પૂજારીએ શ્રીકૃષ્ણ ભગવાન અને લક્ષ્મીજીને સુગંધીમાન અત્તર તેલથી અભ્યંગ સ્નાન કરાવી ગરમ જળથી સ્નાન કરાવવું.[૨૫] તે દિવસે સર્વે વસ્ત્રો લાલ ધારણ કરાવવાં ને ફૂલવડી, ભજીયાં, વડા અને માલપૂવાનું નૈવેદ્ય ધરાવવું.[૨૬] આ ઉત્સવમાં પૂજારીએ આરતીનો વિધિ બહુ દિવેટો પ્રગટાવીને વિશેષપણે કરવો. આટલો વિશેષ વિધિ છે બાકી સર્વ સામાન્ય પૂર્વવત્ જાણવો.[૨૭]

**કાળી ચૌદશે હનુમાનજીની પૂજા :–** હે પુત્રો ! ચૌદશના દિવસે તેલ, સિંદૂર, આકડાના પુષ્પની માળા, અડદના વડાં, અને સેકેલા ચણા આદિથી હનુમાનજીની મોટી પૂજા કરવી. આ પ્રમાણે વાયુપુરાણમાં કહેલું છે.[૨૮] હનુમાનજીના પૂજનમાં આ ભૂત ચૌદશ સંગવકાળે વ્યાપ્તિ હોય તેજ ગ્રહણ કરવી. તેરસ અને ચૌદશ બન્ને દિવસે સંગવકાળે જો ચતુર્દશી વ્યાપ્તિ હોય કે ન વ્યાપ્તિ હોય છતાં બહુકાળ વ્યાપ્તિ આગળની તેરસની ચૌદશ જ પૂજામાં ગ્રહણ કરવી. થોડો

अमावास्याश्विने दीपदाने चाप्यर्चने श्रियः । प्रदोषव्यापिनी ग्राह्या पूर्वविद्धा च सा शुभा ॥ ३०
भगवन्तं दिने तस्मिन्भूषणानि महान्ति च । वासांसि धारयेद्भक्तः सूक्ष्माणि रुचिराणि च ॥ ३१
प्रदोषे पूजनं कुर्याद्रुक्मिण्याख्यश्रियः पुमान् । यदि श्रीप्रतिमा न स्याद्राधायां तां तदार्चकः ॥ ३२
ध्यात्वार्चयेद्यथाशास्त्रमुपचारैः सुशोभनैः । राधार्चापि न चेत्तर्हि श्रियं हैमीं प्रकल्पयेत् ॥ ३३
लक्ष्मीश्चतुर्भुजा कार्या पद्मसिंहासनस्थिता । दक्षिणोर्ध्वकरे कार्यं बृहन्नालं तु पङ्कजम् ॥ ३४
वाम ऊर्ध्वे भुजे तस्याः कार्योऽमृतभृतो घटः । अन्ययोर्भुजयोः कार्यौ बिल्वशङ्खौ सुशोभनौ ॥ ३५
तत्पार्श्वयोर्गजौ कार्यौ धृतकुम्भकरावुभौ । तस्याश्च मस्तके पद्मं कर्तव्यं सुमनोहरम् ॥ ३६

---

સમય વ્યાપ્તિ હોવાથી પછીની ચૌદશ ગ્રહણ કરવી નહિ.[૨૯]

**દીપોત્સવ તથા લક્ષ્મીપૂજન :–** હે પુત્રો ! આસો માસની અમાવાસ્યા દીપદાનમાં અને લક્ષ્મીપૂજનમાં પણ પ્રદોષ સમય પર્યંત સાયંકાળ સુધી વ્યાપ્તિ હોય તે ગ્રહણ કરવી. તે અમાવાસ્યા જો ચૌદશના વેધવાળી હોય તો દીપદાન અને લક્ષ્મીપૂજનમાં શુભ મનાયેલી છે. અહીં એવો ભાવ છે કે બીજે દિવસે અમાવાસ્યા સૂર્યાસ્ત સુધી વ્યાપ્તિ હોય તો તેજ ગ્રહણ કરવી, ને પૂર્વના ચૌદશના દિવસે સાયંકાળે જો અમાવાસ્યા વ્યાપ્તિ હોય તો પૂર્વના દિવસની ગ્રહણ કરવી. જો બન્ને દિવસે સાયંકાળે ચૌદશ વ્યાપ્તિ હોય તો બીજા દિવસવાળી ગ્રહણ કરવી. અને જો બન્ને દિવસે સૂર્યાસ્ત સમયે અમાસ ન વ્યાપ્તિ હોય તો આગળના ચૌદશના દિવસે જ સાયંકાળે દીપદાન અને લક્ષ્મીપૂજન કરવું.[૩૦] એ અમાવાસ્યાના દિવસે પૂજા કરનારા ભક્તોએ ભગવાનને મહા અમૂલ્ય આભૂષણો તા સૂક્ષ્મ અને મનોહર એવાં વસ્ત્રો ધારણ કરાવવાં.[૩૧] વળી પૂજારીએ સાયંકાળે રૂકિમણિ નાંમના લક્ષ્મીજીનું પૂજન કરવું. જો લક્ષ્મીજીની પ્રતિમા ન હોય તો રાધાજીમાં તેમનું આવાહ્ન કરી સુશોભિત ઉપચારોથી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પૂજન કરવું. જો રાધાજીની પણ પ્રતિમા ન હોય તો સુવર્ણની લક્ષ્મીજીની મૂર્તિ તૈયાર કરાવવી અથવા સુવર્ણમાં કલ્પવી.[૩૨-૩૩] લક્ષ્મીજીની મૂર્તિ ચતુર્ભુજ અને કમળના આસન ઉપર વિરાજમાન કરવી, ચતુર્ભુજ લક્ષ્મીજીની મૂર્તિ માત્ર અલગથી લક્ષ્મીપૂજન કરવું હોય ત્યારેજ ગ્રહણ કરવી, પરંતુ ભગવાનની સમીપે રહેલાં લક્ષ્મીજી હમેશાં દ્વિભુજવાળાં જ કરવાં. ચતુર્ભુજ લક્ષ્મીપૂજનની મૂર્તિમાં જમણા ઉપરના હાથમાં લાંબી નાળવાળું કમળનું પુષ્પ ધારણ કરાવવું, ઉપરના ડાબા હાથમાં અમૃત કળશ ધારણ કરાવવો, અને નીચેના બન્ને હસ્ત શ્રીફળ અને શંખ ધારણ કરાવવો.[૩૪-૩૫] અને લક્ષ્મીજીના

मण्डपे निर्मिते रम्ये कदलीस्तम्भमण्डिते । पूजयेत्सर्वतोभद्रे लक्ष्मीसूक्तेन तां ततः ॥ ३७
परितः कारयेच्छक्त्या दीपानामावलीस्तथा । अलङ्कारांश्च वासांसि महान्त्येवार्पयेच्छ्रियै ॥ ३८
समीपे चेद्धरेर्लक्ष्मीस्तदा रक्ताम्बराणि ताम् । पृथक् चेच्छ्वेतवासांसि नूत्नानि परिधापयेत् ॥ ३९
भालेऽस्याश्चन्द्रकं कुर्यात्कुंकुमेनातिशोभनम् । तत्र दध्यादक्षतांश्च शुभ्रान्सूक्ष्मानवखण्डितान् ॥ ४०
सुगन्धिभिः पुष्पहारैः पौष्पैश्च करभूषणैः । कमलैः पूजयेत्तां च धूपेन घृतदीपकैः ॥ ४१
नैवेद्ये शष्कुली देया शतच्छिद्राणि फेणिकाः। घृतपूरांश्च रेवालीः पीतसाराणि पर्पिकाः ॥ ४२
पिण्डकाञ्छर्करैलाश्च शार्करांश्चणकांस्तथा । ओदनादीनि भोज्यानि भक्त्या तस्यै निवेदयेत् ॥ ४३
ताम्बूलवीटिका दत्त्वा कुर्यान्नीराजनं महत् । लक्ष्मीपूजनपद्यानि पूजाकाले च गापयेत् ॥ ४४
इत्युत्सवा आश्विनमासि विष्णोरुक्ता मया वामथ कार्तिकेऽपि ।
य उत्सवा मासि भवन्ति तांश्च ब्रवीमि पुत्रौ ! शृणुतं विधेयान् ॥ ४५

---

બન્ને પડખે ઘી ભરેલા સૂંઢમાં કળશ ધારી રહેલા હાથી બનાવવા, લક્ષ્મીજીના મસ્તક ઉપર મનોહર કમળ કરવું.[૩૬]

હે પુત્રો ! પછી ચાર કેળના સ્તંભથી તૈયાર કરેલા સુશોભીત મંડપમાં રચેલા સર્વતોભદ્ર મંડલને મધ્યે લક્ષ્મીજીનું લક્ષ્મીસૂક્ત મંત્રોવડે પૂજન કરવું.[૩૭] મંડપની અંદર, બહાર અને ચારે બાજુ પોતાની શક્તિ પ્રમાણે દીવાઓની પંક્તિ કરવી ને અલંકારો તથા મહાવસ્ત્રો અર્પણ કરવાં.[૩૮] જો લક્ષ્મીજી ભગવાનની સમીપે હોય તો લાલ વસ્ત્રો ધારણ કરાવવાં ને ભગવાનથી જુદાં વિરાજમાન હોય તો નવીન શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં.[૩૯] તેમના ભાલમાં અતિશય શોભાયમાન કુંકુમનો ગોળ ચાંદલો કરવો, તે ગોળ કુંકુંમના ચાંદલાની મધ્યે શ્વેત સૂક્ષ્મ અને અખંડીત ચોખા ચોડવા.[૪૦] સુગંધીમાન પુષ્પોના હાર તથા પુષ્પોના બાજુબંધ, કડાં, કમળફૂલ, ધૂપ અને ઘીનો દીપ અર્પણ કરી પૂજન કરવું.[૪૧] નૈવેદ્યમાં જલેબી, સુતરફેણી, ઘેબર, રેવડી, પતાસાં, બરફી, પેંડા, સાકરનો રસ પાયેલા એલાયચી દાણા, સાકરીયા ચણા, ને ભાત વગેરે ભોજનમાં ભાવપૂર્વક અર્પણ કરવા.[૪૨-૪૩] પછી પાનબીડું અર્પણ કરી મહાઆરતી ઉતારવી ને પૂજાના સમયે લક્ષ્મીપૂજનના પદો ગવરાવવાં.[૪૪] હે પુત્રો ! આ પ્રમાણે આસો માસમાં જે શ્રીવિષ્ણુ ભગવાનના ઉત્સવો આવે છે. તે તમને કહ્યા. હવે કાર્તિકમાસમાં જે ઉત્સવો આવે છે, તે અવશ્ય ઉજવવા યોગ્ય ઉત્સવોનો વિધિ હું તમને કહું છું, તેને તમે સાંભળો.[૪૫]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ आश्विनोत्सवविधौ आश्विनोत्सवनिरूपणंनामा सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥ ५७*

---

**अष्टपञ्चाशत्तमोऽध्यायः - ५८**

**श्री नारायणमुनिरुवाच –**

सायाह्नव्यापिनी ग्राह्या प्रतिपत्कार्तिके सिता । पूर्वविद्धैव सुखदा प्रोक्ता गोवर्धनोत्सवे ॥ १

गवां क्रीडादिने यत्र रात्रौ दृश्येत् चन्द्रमाः । सोमो राजा पशून् हन्ति सुरभिपूजकांस्तथा ॥ २

संलग्नमेव कर्तव्यं दीपावल्या दिनत्रयम् चतुर्दशी ह्यमावास्या प्रतिपच्चेति नान्यथा ॥ ३

पीताम्बरं तदा कृष्णं धारयेद्रक्तपल्लवम् । मयूरपिच्छमुकुटं कर्णिकारावतंसकौ ॥ ४

पञ्चवर्णैश्च कुसुमैर्मालां विरचितां शुभाम् । वैजयन्तीं शेखरांश्च धारयेन्मुरलीं तथा ॥ ५

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ આસો માસના ઉત્સવોનું નિરૂપણ કર્યું એ નામે સત્તાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૭--**

---

## અધ્યાય – ૫૮

## ભગવાન શ્રીહરિએ કાર્તિક માસમાં આવતા અન્નકૂટાદિ ઉત્સવોનું કરેલું નિરૂપણ.

**અન્નકૂટ તથા ગોવર્ધન મહોત્સવ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! કાર્તિક માસનો સુદ પડવો સાયંકાળ સુધી વ્યાપ્ત હોય તે જ ગ્રહણ કરવો. કારણ કે ગોવર્ધન ઉત્સવમાં અમાવાસ્યાના વેધવાળો પડવો સુખકારી કહેલો છે. પરંતુ બીજના વેધવાળો સુખકારી નથી.[૧] કારણ કે ગાયોના ખેલનોત્સવને દિવસે રાત્રીએ જો ચંદ્રમાનું દર્શન થાય તો એ પશુઓ તથા ગાયનું પૂજન કરનારનો વિનાશ કરે છે.[૨] દીપાવલીના ત્રણ દિવસ ચૌદશ, અમાવાસ્યા અને પડવો એ સાથે ઉજવવા, પરંતુ જુદા જુદા નહિ.[૩]

હે પુત્રો ! આજે શ્રીકૃષ્ણ ભગવાનને લાલ છેડાવાળું પીતાંબર ધારણ કરાવવું, મસ્તક ઉપર મોરપીંછનો મુગટ ધારણ કરાવવો અને કાનમાં કરેણપુષ્પના ગુચ્છ ધરાવવા.[૪] પાંચ રંગના પુષ્પોથી રચેલી શોભાયમાન વૈજયંતી માલા, પુષ્પોના

भूषणानि विचित्राणि तुलसीमालिकां तथा । प्रावारं द्विपटं तिर्यग्धारयेत् स्कन्धलम्बितम् ॥ ६
अन्नकूटं विरचयेत्स्वस्य वित्तानुसारतः । नानाविधानि शाकानि भज्यानि विविधानि च ॥ ७
घृतपक्क विशेषांश्च कृतान्नानाविधानपि । ओदनादीनि भोज्यानि श्रीकृष्णाय निवेदयेत् ॥ ८
ताम्बूलवीटिका दत्त्वा महानीराजनं हरेः । कृत्वा विप्रान्वैष्णवांश्च साधून्प्रीत्यैव भोजयेत् ॥ ९
अस्मिन्नेव दिने प्रातः पूजयेद्गाश्च वत्सकान् । वृषान्वत्सतरीश्चापि हरिद्राकुंकुमादिभिः ॥१०
पौष्पैहरैः शृङ्गरङ्गैर्नूतनैश्च तृणादिभिः । सम्पूज्य खेलयेत्तांश्च मन्दिरस्याग्रतो हरेः ॥ ११
गोवर्धनं गोमयेन कृत्वाऽर्चेच्च ततः परम् । अन्नकूटं तु मध्याह्ने विदधीत हरेः पुरः ॥ १२
गोवर्धनोत्सवकथापद्यानि रुचिराणि च । गापयेत्कीर्तयेदत्र वाद्यघोषं च कारयेत् ॥ १३
भोजनान्ते वैष्णवानां भुञ्जीत स च सेवकः । एतावान् हि विशेषोऽत्र विधिरन्यस्तु नैत्यकः ॥ १४

---

તોરા તથા મોરલી ધારણ કરાવવી.[૫] અનંત પ્રકારનાં આભૂષણો, મંજરી યુક્ત કોમળ તુલસીપત્રની માળા તેમજ ખભા ઉપર ત્રાંસો બેવડો પટકો અને ઉત્તરીય વસ્ત્ર ધારણ કરાવવું.[૬] પોતાની ધન સંપત્તિને અનુસારે અન્નકૂટની રચના કરવી. તેમાં અનેક પ્રકારનાં શાક અને વિવિધ ભજીયાં વગેરેનાં ભોજન ધરાવવાં.[૭] ઘીથી તૈયાર કરેલાં જલેબી, ખાજા આદિ પકવાનો, ભાત આદિ ભોજ્ય પદાર્થો પણ શ્રીકૃષ્ણ ભગવાનને ધરાવવાં.[૮] છેલ્લે પાનબીડું અર્પણ કરી ભગવાનની આરતી કરવી, ને વૈષ્ણવ વિપ્રો તથા સંતોને પ્રેમથી જમાડવા.[૯] આજે પડવાના દિવસે જ પ્રાતઃકાળે ગાય, વાછરડાં, બળદ, નાની નાની વાછરડીઓની પણ હળદર, કુંકુમ આદિ માંગલિક પદાર્થોથી પૂજા કરવી.[૧૦] પુષ્પોના હાર કંઠમાં ધારણ કરાવવા, સિંદુર કે ગેરુ આદિ રંગોથી શીંગળાં રંગવાં ને નવીન તૃણાદિ તથા યવ આદિ ખવડાવીને તેનું પૂજન કરી ભગવાનનાં મંદિર આગળ ખેલકૂદ કરાવવી.[૧૧] ગાયના છાણથી ગોવર્ધન પર્વતની રચના કરી, તેનું પૂજન કરવું, ને પછી મધ્યાહ્ને ભગવાન શ્રીહરિની આગળ અન્નકૂટની રચના કરવી.[૧૨] હે પુત્રો ! આ ઉત્સવમાં રુચિકર ગોવર્ધન ઉત્સવનાં પદો ગવરાવવાં ને ગાવાં ને તેમાં વાજિંત્રોનો નાદ કરાવવો.[૧૩] પછી મુખ્ય યજમાને વૈષ્ણવ સંતો-ભક્તો અને બ્રાહ્મણોને ભોજન જમાડીને પછીથી જમવું, આ ઉત્સવમાં આટલો વિધિ વિશેષ છે. બાકીનો પૂજનાદિ વિધિ પૂર્વવત જાણવો.[૧૪]

**ગોપાષ્ટમીનો ઉત્સવ :–** હે પુત્રો ! પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાન કાર્તિક માસના સુદ આઠમના દિવસે પ્રાતઃકાળે પોતાના ગ્વાલબાલ મિત્રોની સાથે

शुक्लाष्टम्यामूर्जमासे कृष्णो वृन्दावने पुरा । प्रथमं चारयामास प्रातर्गाः सह गोपकैः ॥ १५
सूर्योदये भवेद्या सा ग्राह्या गोपाष्टमी तिथिः । तिथेर्वृद्धौ क्षये पूर्वा विद्धा ग्राह्या न चान्यथा ॥ १६
तस्मिन्दिने गोपवेषं धारयेत्कृष्णमुत्तमम् । कच्छनीं बर्हमुकुटं धारयेत्पीतमम्बरम् ॥ १७
चर्चयेच्चन्दनेनाङ्गं पौष्पीर्भूषास्तु भूरिशः । धारयेच्च करे यष्टिं मुरलीं च मनोहराम् ॥ १८
नैवेद्ये दधि भक्तं च दधात्पेषितशर्कराम् । कृष्णगोचारणकथापद्यानीह च गापयेत् ॥ १९
एकादश्यामूर्जशुक्ले शेषशायी जगत्प्रभुः । योगेश्वरो जजागार तेनोक्तैषा प्रबोधनी ॥ २०
दशमीवेधरहिता तिथिरेकादशी व्रते । उत्सवे च ग्रहीतव्या न तु विद्धा कदाचन ॥ २१
दशमी पञ्चपञ्चाशद्धटिका यावदस्ति च । न तावद्दशमीवेधस्तत ऊर्ध्वं स वै मतः ॥ २२
एकादशी द्वादशी वाधिका चेत्त्यज्यतां दिनम् । पूर्वे ग्राह्यं तूत्तरं स्यादिति वैष्णवनिर्णयः ॥ २३

---

વૃંદાવનમાં પ્રથમ ગાયો ચરાવવા નીકળ્યા હતા.[૧૫] આ ગોપાષ્ટમી તિથિ સૂર્યોદય વ્યાપિની હોય તેજ ગ્રહણ કરવી, જો બે અષ્ટમી તિથિ હોય તો બહુકાળ વ્યાપિની હોવાથી પૂર્વની ગ્રહણ કરવી. અને જો અષ્ટમીનો ક્ષય હોય તો સપ્તમીના વેધવાળી પણ ગ્રહણ કરવી, પરંતુ અન્ય નહિ.[૧૬] હે પુત્રો ! આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનને ઉત્તમ ગોપવેષ ધારણ કરાવવો. તેમાં અંગ ઉપર સૂંથણી ધારણ કરાવવી, મસ્તક ઉપર મોરપીંછનો મુગટ ધારણ કરાવવો, પીળું પીતાંબર ધારણ કરાવવું.[૧૭] અંગ ઉપર ચંદનની અર્ચા કરવી, સુગંધીમાન પુષ્પોમાંથી તૈયાર કરેલાં અનેક પ્રકારનાં આભૂષણો ધારણ કરાવવાં. હાથમાં અનુપમ મનોહર નેત્રની છડી અને મોરલી ધારણ કરાવવી.[૧૮] નૈવેદ્યમાં દહીં, ભાત અને પીસેલી સાકર અર્પણ કરવી. આ ઉત્સવમાં ગાયો ચરાવતા શ્રીકૃષ્ણ ભગવાનની લીલાના પદોનું ગાયન કરાવવું. આ રીતે પૂજન કર્યા પછી ભોજન કરવું.[૧૯]

**પ્રબોધનીનો ઉત્સવ** :– હે પુત્રો ! કાર્તિક સુદ એકાદશીએ શેષશાયી યોગેશ્વર ભગવાન યોગનિદ્રાનો ત્યાગ કર્યો છે. તેથી તે એકાદશીને પ્રબોધની એકાદશી કહેવાય છે.[૨૦] આ એકાદશી દશમીતિથિના વેધ રહિતની હોય તો વ્રત ને ઉત્સવમાં ગ્રહણ કરવી. પરંતુ ક્યારેય પણ દશમના વેધવાળી ગ્રહણ કરવી નહી.[૨૧] જયાં સુધી દશમી તિથિ પંચાવન ઘડી સુધી પ્રવર્તતી હોય ત્યાં સુધી દશમનો વેધ મનાતો નથી. પંચાવન ઘડીથી એક પળ પણ જો વધુ હોય તો તે એકાદશી દશમના વેધવાળી કહેવાય છે.[૨૨] જો એકાદશીની વૃદ્ધિ હોય તો પૂર્વની સાઠ ઘડીના વ્યાપવાળી પણ છોડી દેવી, પરંતુ બીજી સૂર્યોદય સમયે પળમાત્રની હોય તો પણ

नवमी पलमेकं स्याद्दशमी परतो यदि । द्वादश्येव तदा ग्राह्या व्रतेष्वप्युत्सवेषु च ॥ २४
निशः क्षण उपान्त्येऽत्र समुत्थायाशु वैष्णवः । स्नात्वा सन्ध्याविधिं कृत्वा पूजाद्रव्याण्युपाहरेत् ॥ २५
योगेश्वराख्याभ्यर्चेच्छ्रीकृष्णं पुरुषोऽर्चकः । योगेश्वरार्चां हैमीं वा कारयेन्निजशक्तितः ॥ २६
पद्मासनसमासीनः किञ्चिन्मीलितलोचनः । घ्राणाग्रे दत्तदृष्टिश्च श्वेतपद्मोपरि स्थितः ॥ २७
वामदक्षिणगौ हस्तावुत्तानावङ्कभागगौ । तत्करद्वयपार्श्वस्थे पङ्केरुहमहागदे ॥ २८
ऊर्ध्वे करद्वये तस्य पाञ्चजन्यसुदर्शने । कारयेद्वामभागे च तस्य लक्ष्मीमवस्थिताम् ॥ २९
इत्थं योगेश्वरं कृत्वा महत्या पूजयार्चयेत् । उपचारैः षोडशभिर्गीतवादित्रपूर्वकम् ॥ ३०
नैवेद्ये तस्य दद्याच्च शर्करासहितं पयः । ओदनं चातिमृदुलं द्राक्षादीनि फलानि च ॥ ३१

---

**તે વ્રતોત્સવમાં ગ્રહણ કરવી. અને જો બારસની વૃદ્ધિ હોય તો આગલી બારસ વ્રત અને ઉત્સવમાં ગ્રહણ કરવી ને પાછલી બારસે પારણાં કરવાં.[૨૩] નવમી તિથિ એક પલ માત્રની હોય ત્યારપછી દશમી તિથિ બેસી જતી હોય ને એકાદશીનો ક્ષય હોય તો દશમીના વેધવાળી પણ બારસ ગ્રહણ કરવી ને તેરસના પારણાં કરવાં. આ વ્રતની વિશેષ વ્યાખ્યા તૃતીય પ્રકરણના તેત્રીસમા અધ્યાયમાં કરી છે. ત્યાંથી જાણી લેવી.[૨૪]**

**હે પુત્રો ! આ પ્રબોધનીના ઉત્સવમાં વૈષ્ણવ ભક્તોએ રાત્રીના અંતિમ પ્રહરમાં બ્રાહ્મમુહૂર્તમાં તત્કાળ જાગ્રત થઈ સ્નાન સંધ્યાદિ નિત્યવિધિ થકી પરવારી પૂજાના ઉપચારો ભેળા કરવા.[૨૫] ને પૂજકે યોગેશ્વર નામના શ્રીકૃષ્ણની પૂજા કરવી.તેમાં પોતાની શક્તિ અને સંપત્તિને અનુસારે યોગેશ્વર ભગવાનની મૂર્તિ સુવર્ણની તૈયાર કરાવવી.[૨૬] તે પદ્માસન વાળીને વિરાજમાન હોય, નેત્રો કાંઈક મીંચેલાં હોય, દૃષ્ટિ નાસાગ્રે સ્થિર હોય, શ્વેત કમળના આસન ઉપર બેઠેલા હોય, ડાબા હાથના તળા ઉપર જમણા હાથના પૃષ્ઠ ભાગ પધરાવી બન્ને હાથ ખોળામાં સ્થાપન કરેલા હોય એવી મૂર્તિ તૈયાર કરાવવી. તેમજ તે બન્ને હાથની પાસેના ભાગમાં પદ્મ અને ગદા સ્થાપેલી હોય તેવી મૂર્તિ તૈયાર કરાવી.[૨૭-૨૮] તે યોગેશ્વર ભગવાનની મૂર્તિના ઉપરના ડાબા હાથમાં પાંચજન્ય શંખ અને જમણા હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરાવવું. તેની ડાબે પડખે અડગ ઊભેલાં હોય તેવાં લક્ષ્મીજીની મૂર્તિ કરવી.[૨૯] આ પ્રમાણેના યોગેશ્વર ભગવાનની ગીત વાજિંત્રો વગાડવા પૂર્વક ષોડશોપચારથી મહાપૂજા કરવી.[૩૦] તેમને નૈવેદ્યમાં સાકરે સહિત દૂધ અને ભાત અર્પણ કરવો ને લીલી દ્રાક્ષ આદિ ફળો અર્પણ કરવાં.[૩૧]**

अत्र मध्याह्नसमये कार्यो धर्मार्चनोत्सवः । धर्मस्यार्चा न चेत्तर्हि हैमं धर्मे तु कारयेत् ॥ ३२
भगवन्मदिरस्याग्रे मण्डपं पूर्ववच्छुभम् । कृत्वा च सर्वतोभद्रे यथाशास्त्रं तमर्चयेत् ॥ ३३
चतुर्वक्त्रश्चतुर्बाहुश्चतुष्पाच्च सिताम्बरः। सर्वाभरणवाञ्छ्वेतो धर्मः कार्यः सुलक्षणः ॥ ३४
दक्षिणे चाक्षमालाऽस्य करे वामे तु पुस्तकम् । मूर्तिमान्व्यवसायश्च कार्यो दक्षिणभागगः ॥ ३५
वामभागगतः कार्यः सुखः परमरूपवान् । कार्यौ पद्मकरौ मूर्ध्नि विन्यस्तौ च तथा तयोः ॥ ३६
अथवा धर्म एषोऽपि कर्तव्यो मनुजाकृतिः । एकवक्त्रो द्विबाहुश्च द्विपात्सुवसनादिमान् ॥ ३७
वामे धर्मस्य कर्तव्या भक्तिः परमरूपिणी । द्विभुजा भूरिभूषाढ्या कौसुम्भविमलाम्बरा ॥ ३८
हैमं भृङ्गारकं वामे दक्षिणे बिभ्रती करे । पूजापात्रं भृतं मुक्तास्रग्गन्धकुसुमादिभिः ॥ ३९
मूर्तिमित्थं तयोः कृत्वा स्वशक्त्या कनकादिभिः । सप्तर्षिभिररुन्धत्या सह कार्यं तदर्चनम् ॥ ४०

---

**શ્રીધર્મદેવ જન્મોત્સવ :–** હે પુત્રો ! આ પ્રબોધની એકાદશીના દિવસે મધ્યાહ્ને ધર્મદેવના પ્રાદુર્ભાવનો જન્મોત્સવ કરવો. જો ધર્મદેવની પ્રતિમા ન હોય તો સુવર્ણની પ્રતિમા તૈયાર કરાવવી.[૩૨] તેમાં મંદિરની આગળ પૂર્વની માફક જ શોભાયમાન મંડપની રચના કરાવી સર્વતોભદ્રમંડળની મધ્યે ધર્મદેવનું શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજન કરવું.[૩૩] તે મૂર્તિ ચતુર્ભુજ અને ચતુષ્પાદ હોવી જોઈએ. તેમને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં ને સર્વે અલંકારોથી શણગારવા ને શ્વેત ગૌરવર્ણવાળા અને સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા લક્ષણવાળા તૈયાર કરાવવા.[૩૪] એ ધર્મદેવના ઉપરના જમણા હાથમાં સ્ફાટિકમણિની જપમાળા આપવી. ડાબા હાથમાં ધર્મશાસ્ત્રનું પુસ્તક ધારણ કરાવવું. તેના જમણા ભાગમાં મૂર્તિમાન વ્યવસાય(ઉદ્યોગ)ની સ્થાપના કરવી અને ડાબા ભાગમાં અતિશય રૂપવાન સાક્ષાત્ સુખની મૂર્તિ સ્થાપન કરવી, પછી તે ઉદ્યોગ અને સુખ આ બન્નેની મૂર્તિના મસ્તક ઉપર ધર્મદેવના નીચેના બન્ને હસ્તકમળ સ્થાપન કરેલા હોય તેવી રચના કરવી.[૩૫-૩૬] એ ધર્મદેવની મૂર્તિ એક મુખવાળી દ્વિભુજ ને દ્વિપાદ અને સુંદર વસ્ત્ર તથા આભૂષણથી સુશોભિત મનુષ્યાકૃતિમાં હોય તેવી કરવી.[૩૭] તેની ડાબી બાજુએ પરમ રૂપાળાં ભક્તિદેવીની મૂર્તિ સ્થાપન કરવી. એ ભક્તિદેવી દ્વિભુજ, બહુ પ્રકારના આભૂષણોથી સુશોભિત કરવાં અને તેને કસુંબલ વસ્ત્રો ધારણ કરાવવાં.[૩૮] તેમના ડાબા હાથમાં સુવર્ણી ઝારી ધારણ કરાવવી ને જમણા હાથમાં મોતિઓની માળાઓ તથા સુગંધીમાન પુષ્પની માળાઓ ભરેલા પાત્રને ધારણ કરી રહેલાં હોય તેવાં કરવાં.[૩૯]

હે પુત્રો ! પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણાદિકથી તે ધર્મ ભક્તિની મૂર્તિઓ

दर्भपिञ्जूलकैः कार्या ऋषयः कश्यपादयः । सप्त चारुन्धती वा ते कर्तव्याश्चन्दनादिना ॥ ४१
श्रद्धामैत्रीदया शान्तिप्रमुखा इतरा अपि । पूजनीयास्तदानीं च धर्मस्य द्वादश स्त्रियः ॥ ४२
तस्मिन्दिने तु सकले कारयेद्दुन्दुभिध्वनिम् । नामसङ्कीर्तनं विष्णुास्तद्गुणानां च गायनम् ॥ ४३
नित्यार्च्यां भगवन्मूर्तिं शृङ्गारं धारयेत्तदा । महान्तमेव मुकुटं पीतं चाम्बरमुत्तमम् ॥ ४४
अनर्घ्याणि च वासांसि रक्तान्याभूषणानि च । नानारत्नमयान्येव धारयेदर्चकः श्रियम् ॥ ४५
विशेषतोऽस्य नैवेद्ये दातव्या घृतपूरकाः । नीराजने च कर्पूरं विधिरन्यस्तु नैत्यकः ॥ ४६
सायं तदग्रे कुर्वीत वैपर्णीं रचनामपि । नवीनं स्थापयेदन्नं तत्र पात्रे पृथक् पृथक् ॥ ४७
नानाविधानि शाकानि फलानि विविधानि च । इक्षुदण्डान्निदध्याच्च पिण्डकादीन्विभागशः । ४८
अस्मिन् दिने औद्धवीयैरेकादश्यधिकारिभिः । जलं विनाऽन्यत्किमपि भक्ष्यं नैवापदं विना ॥ ४९
एकादश्यधिपश्चात्र राधादामोदराभिधः । पूजनीयो हि भगवान् कुम्भीपुष्पैश्च वाम्बुजैः ॥ ५०

---

તૈયાર કરાવી સપ્તર્ષિઓની સાથે તથા અરુન્ધતી દેવીની સાથે તેઓનું પૂજન કરવું.[૪૦] કશ્યપાદિ સપ્તર્ષિઓ અને અરુન્ધતીદેવીની મૂર્તિ દર્ભમાંથી તૈયાર કરવી અથવા ચંદનાદિકમાંથી તૈયાર કરવી.[૪૧] તેવી જ રીતે શ્રદ્ધા, મૈત્રી, દયા અને શાંતિ આદિક બાર ધર્મદેવની અન્ય પત્નીઓની પણ ધર્મ-ભક્તિની સાથે પૂજા કરવી.[૪૨] તે દિવસે સવારથી સાંજ સુધી દુંદુભિઓના ધ્વનિ અને વિષ્ણુનાં નામકીર્તન તથા ગુણોનું ગાયન કરાવવું.[૪૩] તે દિવસે નિત્ય પૂજાની મૂર્તિને મહાશણગાર ધરવા. તેમાં ઉત્તમ મુગટ, પીતાંબર, બહુમૂલ્યવાળાં લાલવસ્ત્રો, રત્નો જડીત આભૂષણો આદિ ધારણ કરાવવાં.[૪૪] તેવીજ રીતે લક્ષ્મીજીને પણ પૂજારીએ અનેક વિધ રત્નો જડિત અમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણોના મહાશણગાર ધારણ કરાવવા.[૪૫] અને એમની આગળ નૈવેદ્યમાં વિશેષપણે ઘેબર, અર્પણ કરવો અને આરતીમાં કપૂરના દીપથી આરતી કરવી. બાકીનો વિધિ હમેશનો સામાન્ય જાણવો.[૪૬]

**હાટડી ઉત્સવ :–** હે પુત્રો ! આ નિત્ય પૂજાની મૂર્તિ આગળ એજ દિવસે સાયંકાળે હાટડી પૂરવી. તે હાટડીની રચનામાં નવાં નવાં ધાન્યો પાત્રમાં ભરીને અલગ અલગ સ્થાપન કરવાં.[૪૭] અનેક પ્રકારના શાકો તથા ફળો અને શેરડીના સાંઠા, તેમજ પેંડા વગેરે પદાર્થો વિભાગ કરીને તે હાટડીમાં જુદાં જુદાં સ્થાપન કરવાં.[૪૮] આજે પ્રબોધની એકાદશીનો દિવસ હોવાથી એકાદશીના અધિકારી અને ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા સર્વે નર-નારી ભક્તજનોએ એક જળ વિના બીજું કાંઈ પણ આપત્કાળ પડ્યા વિના ભક્ષણ કરવું નહિ.[૪૯] આ એકાદશીના

नैवेद्ये तस्य दातव्या मुद्गचूर्णाख्यलड्डुकाः । सङ्क्षेपतो विधिरिति प्रबोधन्या मयोदितः ॥ ५१
प्रत्येकादशि कर्तव्यं श्रीकृष्णस्य महार्चनम् । व्रतग्रन्थोक्तरीत्यैव ज्ञेय एकादशीविधिः ॥ ५२
एकादशीषु सर्वासु कथा याः स्युस्तदाश्रिताः । ता एव गापयेत्प्रीत्या शृणुयात्कीर्तयेत्पुमान् ॥ ५३
ऊर्जे मासि शुक्लपक्षे सायाह्नव्यापिनी तु या । द्वादशी सा ग्रहीतव्या तुलस्युद्वाहकर्मणि ॥ ५४
उष्णीषं धारयेत्कृष्णं कौसुम्भं द्वादशीदिने । अनेकमुक्तापुष्पादिशेखरांश्च मनोहरान् ॥ ५५
हेमसूत्रमयं रक्तं कञ्चुकं चापि धारयेत् । हेमवर्णो तथा शार्टीं लक्ष्मीं तु परिधापयेत् ॥ ५६
गुडौदनं च नैवेद्ये विशेषेण समर्पयेत् । सायं विष्णुं च तुलसीं पूजयेच्चारुमण्डपे ॥ ५७
शालग्रामं च वा कृष्णप्रतिमां तुलसीं तथा । उपचारैः षोडशभिर्गोधूलिसमयेऽर्चयेत् ॥ ५८
पीताम्बरं कण्ठसूत्रं नासाभूषां च कङ्कणान् । हरिद्रां कुंकुमादीनि वृन्दादेव्यै समर्पयेत् ॥ ५९
फलानि तत्कालजानि सेक्षुदण्डानि चार्पयेत् । नैवेद्ये पीतसाराणि खाजकानि विशेषतः ॥ ६०

---

અધિપતિ રાધા-દામોદર ભગવાન છે. તેથી તેમનુ પૂજન કુંભીપુષ્પ તથા કમળ પુષ્પથી કરવું.[૫૦] તે રાધાદામોદર ભગવાનના નૈવેદ્યમાં મગદળના લાડુ અર્પણ કરવા. આ પ્રમાણે મેં આ પ્રબોધની એકાદશીનો વિધિ સંક્ષેપથી તમને કહ્યો.[૫૧] પ્રત્યેક એકાદશીના દિવસે શ્રીકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરવી, અને તેમનો સર્વેનો વિધિ વ્રતવિધિ ગ્રંથમાં કહેવા પ્રમાણે જાણી લેવો.[૫૨] તેમજ એકાદશીને આશરી રહેલી જે જે કથાઓ છે તેનું પણ એકાદશીઓના દિવસે ભગવાનના ભક્ત પુરુષોએ પ્રેમથી ગાન કરાવવું ને સ્વયં ગાન કરવું, તથા શ્રવણ કરવું.[૫૩]

**તુલસી વિવાહ મહોત્સવ :–** હે પુત્રો ! કાર્તિકમાસની સુદ બારસના સાયંકાળે વ્યાપ્તિ હોય તેજ તુલસીવિવાહના ઉત્સવમાં ગ્રહણ કરવી.[૫૪] આ બારસ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનને કસુંબીરંગથી રંગેલાં વસ્ત્રથી મસ્તક ઉપર પાઘ બંધાવવી ને મનોહર અનેક પ્રકારના પુષ્પોના તોરા અને મોતીઓના તોરા ધારણ કરાવવા.[૫૫] સુવર્ણના તારથી ભરેલા લાલરંગનું અંગરખુ પણ શ્રીકૃષ્ણ ભગવાનને ધારણ કરાવવું. તેમજ લક્ષ્મીજીને તો સોનેરી રંગની સાડી ધારણ કરાવવી.[૫૬] નૈવેદ્યમાં બિરંજ વિશેષપણે ધરવો. સાયંકાળે શોભાયમાન મંડપની મધ્યે શ્રીવિષ્ણુ ભગવાન અને તુલસીની પૂજા કરવી.[૫૭] શાલિગ્રામ અથવા શ્રીકૃષ્ણની પ્રતિમા તથા તુલસીદેવીની, ગાયોના ધાણ ગામમાં પધારે ને ખરીથી રજ ઉડતી હોય તે સમયે ષોડશોપચારથી પૂજા કરવી.[૫૮] પીળું વસ્ત્ર, કંઠસૂત્ર, નથડી,હળદર અને કુંકુમાદિક તુલસીજીને અર્પણ કરવાં.[૫૯] તે સમયે નવા ઉત્પન્ન થયેલા શેરડીના સાંઠાએ સહિત

कृत्वा नीराजनं वृन्दाकृष्णयोश्चान्तरे पटम् । पठित्वा मङ्गलं दद्यात्तां सङ्कल्प्य च विष्णवे ॥ ६१
ब्राह्मणान्भोजयेत्तत्र दद्याद्दानानि शक्तितः । वृन्दाविवाहपद्यानि गापयेदत्र तूत्सवे ॥ ६२
कार्तिके मासि शुक्लायां प्राप्तायामुदयं रवेः । पौर्णमास्यां रमाकान्तं धारयेन्मुकुटं शुभम् ॥ ६३
संयावपूरिकाभक्तक्क थिकासूपसूरणान् । वृन्ताकशाकं नैवेद्ये विशेषेण समर्पयेत् ॥ ६४
दीपानां राजयः कार्या मन्दिरं सर्वतो निशि । घृतदीपाः प्रभोरग्रे कर्तव्या निशि शक्तितः ॥ ६५
चन्द्रोदयोऽत्र कर्तव्यं भक्तिदेव्याः समर्चनम् । धर्मेण सहितायास्तु गीतवादित्रनादयुक् ॥ ६६
प्रतिमा यत्र भक्तेस्तु न भवेत्तत्र सेवकः । हैर्मीं विधाप्य तन्मूर्तिं शक्त्या कुर्वीत् पूजनम् ॥ ६७
सरामस्यात्र कृष्णस्य निशि गोपीजनैः सह । क्रीडाश्रितानि पद्यानि भक्तो गायेच्च गापयेत् ॥ ६८
इत आरभ्य नित्यं च सतूलं कञ्चुकं हरिम् । धारयेच्च श्रियं भक्त्या सूक्ष्मां तूलपटीमपि ॥ ६९

---

**ફળો અર્પણ કરવાં ને નૈવેદ્યમાં પતાસાં અને ખાજાં વિશેષપણે અર્પણ કરવાં.[૬૦] પછી આરતી ઉતારી તુલસી અને શ્રીકૃષ્ણને મધ્યે એક વસ્ત્ર રાખીને અર્થાત્ છેડાછેડી બાંધીને મંગળ શ્લોકોનું ઉચ્ચારણ કરી મંગળફેરા ફરાવી સંકલ્પ કરાવી તુલસીનો હાથ શ્રીકૃષ્ણ ભગવાન ના હસ્તમાં અર્પણ કરવો. તુલસીજી શ્રીવિષ્ણુ ભગવાનને અર્પણ કરી દેવાં.[૬૧] આ બારસના તુલસીવિવાહમાં બ્રાહ્મણોને જમાડી પોતાની શક્તિ પ્રમાણે દાન અર્પણ કરવાં. આ ઉત્સવમાં તુલસીવિવાહનાં પદો ગવરાવવાં.[૬૨]**

**દેવદીવાળી ઉત્સવ :–** **હે પુત્રો ! કાર્તિક માસમાં સૂર્યોદય સમયે પ્રાપ્ત થતી સુદ પૂર્ણિમાના દિવસે રમાકાંત શ્રીકૃષ્ણ ભગવાનને શોભાયમાન મુગટ ધારણ કરાવવો.[૬૩] આજે શીરો, પૂરી, ભાત, કઢી, દાળ, સુરણ અને વૃંતાકનું શાક નૈવેદ્યમાં વિશેષપણે ધરાવવું.[૬૪] રાત્રે મંદિરમાં ચારેતરફ દીવાઓની પંક્તિ કરવી ને શક્તિને અનુસાર ભગવાનની આગળ ઘીનો દીવો કરવો.[૬૫] આજે પૂર્ણિમાના ચંદ્રોદય સમયે સાંજે ધર્મે સહિત ભક્તિદેવીનું ગીત વાજિંત્રોના નાદ સાથે પૂજન કરવું.[૬૬] જે મંદિરમાં ધર્મ અને ભક્તિની મૂર્તિ ન હોય તે મંદિરમાં સેવકોએ તે બન્ને મૂર્તિ સુવર્ણની કરાવીને પૂજન કરવું.[૬૭] આ પૂર્ણિમાની રાત્રીના સમયે બલરામે સહિત શ્રીકૃષ્ણ ભગવાનનાં ગોપીજનોની સાથે કરેલી ક્રીડાના સંબંધવાળાં પદો ભક્તજને ગવરાવવાં ને સ્વયં ગાવાં. તેમજ આજે ભક્તિદેવીનો પ્રાદુર્ભાવ હોવાથી ધર્મદેવે સહિત ભક્તિના ગુણોનું વર્ણન કરતાં પદો પણ ગવરાવવાં.[૬૮] આ કાર્તિકી પૂર્ણિમાથી આરંભીને પ્રતિદિન શ્રીહરિને ભરેલી ડગલી અને સુરવાળ ધારણ કરાવવો. તેમજ**

शयने निशि कृष्णस्य निदध्याद्गुप्तदोरकम् । प्रत्यहं फाल्गुनी यावत्पौर्णमासी भवेत्तिथिः ॥ ७०
इत आरभ्य रात्रौ च वैष्णवैरपि मानवैः । स्वापे शीतनिवृत्त्यर्थं प्रावार्थं गुप्तदोरकम् ॥ ७१
उक्ता मया कार्तिकमासि विष्णोर्य उत्सवास्ते तनयौ ! युवाभ्याम् ।
मार्गादिमासेष्वथ ये भवन्ति तानप्यहं वां सविधीन्वदामि ॥ ७२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ कार्तिकोत्सवविधिनिरूपणनामाऽष्टपञ्चाशत्तमोऽध्यायः ॥ ५८*

---

લક્ષ્મીજીને પણ રૂ ભરેલી સૂક્ષ્મ સાડી ધારણ કરાવવી.[૬૯] તેજ રીતે રાત્રે શય્યામાં પણ પ્રતિદિન ગોદડી ઓઢાડવી. આવી રીતના શણગાર ફાગણ સુદ પૂર્ણિમા સુધી ધારણ કરાવવા.[૭૦] આ તિથિના પ્રારંભથી રાત્રીએ વૈષ્ણવ ભક્તજનોએ પણ સૂવાના સમયે ટાઢની નિવૃત્તિને માટે ગોદડી ઓઢવી.[૭૧]

હે પુત્રો ! આ પ્રમાણે મેં કાર્તિક માસમાં શ્રીવિષ્ણુ ભગવાનના જે ઉત્સવો આવે છે તે તમને કહ્યા. હવે પછી માગસર, પોષ અને મહા માસમાં આવતા ઉત્સવોનો વિધિ કહું છું.[૭૨]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના ચતુર્થ પ્રકરણમાં કાર્તિકમાસના ઉત્સવોનું નિરૂપણ કર્યું, એ નામે અઠ્ઠાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૮--**

---

*एकोनषष्टितमोऽध्यायः*

**श्रीनारायणमुनिरुवाच–**

धनूराशिं गते सूर्ये धनुर्लग्ने रमापतिम् । विधायाभ्यङ्गमुष्णेन स्नपयेद्वारिणा पुमान् ॥ १
परिधाप्य च वासांसि तदग्रेऽग्निष्टिकामपि । निधाय नैत्यकं कुर्याच्छृङ्गारं सश्रियः प्रभोः ॥ २
नैवेद्ये मोदकान् दद्यान्नवनीतं तथा दधि । आज्यं भर्जितवृन्ताकं तरलां च समर्पयेत् ॥ ३
उपर्यधः श्वेततिलं बर्जरीरोटकं तथा । निवेदयेच्च पद्यानि तद्गुणान्येव गापयेत् ॥ ४
चत्वारिंशत्तु घटिका मकरे सङ्क्रमाद्रवेः । स्नानार्चापुण्यकर्मादौ ग्राह्याः प्रोक्ताः महर्षिभिः ॥ ५
अस्तं गते यदा सूर्ये झषं यायाद्दिवाकरः । प्रदोषे वार्धरात्रे वा तदा ग्राह्यं परं दिनम् ॥ ६
मृगराशिं गते भानौ नैवेद्ये तिललड्डुकान् । श्राणां दद्याद्विशेषेण विधिरन्यस्तु नैत्यकः ॥ ७

---

## અધ્યાય – ૫૯

## માગસર, પોષ અને મહા માસમાં આવતા ઉત્સવોનું ભગવાન શ્રીહરિએ કરેલું નિરૂપણ.

**ધનુર્માસોત્સવ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરે ત્યારે ધનુર્લગ્નમાં રમાપતિ શ્રીકૃષ્ણ ભગવાનને શરીરે તૈલમર્દન કરી ગરમજળથી સ્નાન કરાવવું. આવી રીતે પૂરા એક માસ સુધી કરાવવું, એમ જાણવું.[૧] પછી ભગવાનને વસ્ત્રો ધારણ કરાવી તેમની આગળ સગડી રાખવી ને લક્ષ્મીએ સહિત ભગવાનને દરરોજ શણગાર ધરાવવા.[૨] નૈવેદ્યમાં તલે સહિત ચૂરમાના લાડુ, માખણ, દહીં, ઘી, રીંગણાનો ઓળો, તેમજ રાબ અને બાફેલા મૂળા સમર્પણ કરવા.[૩] તથા ઉપર નીચે શ્વેત તલસહિત બાજરાનો રોટલો ગરમ ઘીમાં ઝબોળીને ધરાવવો અને ભગવાનના ગુણોના વર્ણનયુક્ત પદોનું ગાયન કરવું.[૪]

**મકરસંક્રાંતિ ઉત્સવ :–** હે પ્રભુ ! મકર રાશિમાં સૂર્યનું સંક્રમણ થાય ત્યારથી ચોવીસ ઘડીનો કાળ સ્નાન, પૂજા, દાન આદિક પૂણ્યકર્મમાં તથા શ્રાદ્ધાદિકમાં મહર્ષિઓએ સ્વીકારવા યોગ્ય કહ્યો છે.[૫] જ્યારે સૂર્ય અસ્તાચળ પામે ત્યારે જો મકરરાશિમાં પ્રવેશ કરે, અથવા સૂર્યાસ્ત પછી રાત્રીના પ્રારંભ પહેલાના પ્રદોષ સમયે અથવા અર્ધરાત્રીના સમયે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે, તેના પછીનો દિવસ સ્નાન, દાન આદિક માટે ગ્રહણ કરવો.[૬] સૂર્ય મકરમાં પ્રવેશ કરે ત્યારે ભગવાનને નૈવેદ્યમાં તલના લાડુ અને ખીચડી વિશેષપણે ધરાવવાં. બાકીનો વિધિ પૂર્વવત્ જાણવો.[૭]

माघमासे शुक्लपक्षे पञ्चम्यां द्वारिकेश्वरः । रैवताद्रिमुपेयाय प्रत्यूषे रथामास्थितः ॥ ८
लक्ष्मीभामादिभिः स्त्रीभिः सहितः पार्षदैस्तथा । युयुधानोद्धवमुखैः सह सङ्कर्षणेन च ॥ ९
मुनिभिर्नारदाद्यैश्च सख्या बीभत्सुना सह । अन्यैश्च यादवैस्तत्र चिक्रीड बहुधा प्रभुः ॥ १०
अबीरेण गुलालेन रङ्गैः पीतैस्तथाऽरुणैः । रेमे स जलयन्त्रैश्च जलकेलिं चकार च ॥ ११
तेषां विक्रीडतां दोर्भ्यो गुलालं तु तथोद्गतम् । सवृक्षोऽपि यथा सोऽद्रिः सर्वोऽप्यरुणतां ययौ ॥ १२
ग्राह्या सूर्योदयव्याप्ता पञ्चमी तु मधूत्सवे । आधिक्ये प्रथमा ह्रासे पूर्वविद्धा प्रशस्यते ॥ १३
तस्मिन् दिने तु वासांसि प्रभुं श्वेतानि धारयेत् । उल्लोचास्तरणादीनि श्वेतान्येव च कारयेत् ॥ १४
रङ्गं च रुक्मिणीकृष्णवासस्सु प्रक्षिपेत्ततः । गुलालं स्थलपद्माम्बु निक्षिपेच्च पुनः पुनः ॥ १५
शेखरं चाम्रपुष्पस्य धारयेच्चे निवेदयेत् । शष्कुलीप्रमुखान्येव पक्वान्नानि विशेषतः ॥ १६
क्षेपो रङ्गगुलालादेस्तत आरभ्य चान्वहम् । होलिकावधि कर्तव्यः कैसराण्यंशुकानि च ॥ १७

---

**વસંતોત્સવ** :– હે પુત્રો ! માઘમાસની સુદ પંચમીના દિવસે દ્વારિકેશ શ્રીકૃષ્ણ ભગવાન પ્રભાત સમયે રથમાં બેસીને ગિરનાર પર્વત પધાર્યા.[૮] તે સમયે લક્ષ્મીજી, સત્યભામા આદિ પટરાણીઓ, તથા સાત્યકી, ઉદ્ધવ વગેરે પાર્ષદો અને સંકર્ષણ એવા બલરામજી તેમજ નારદ વગેરે ઋષિઓ તથા પોતાના સખા અર્જુન અને અન્ય યાદવો પણ શ્રીકૃષ્ણ ભગવાનની સાથે ત્યાં પધાર્યા ને બહુ પ્રકારની ક્રીડા કરી.[૯-૧૦] અબીલ ગુલાલ, તથા પીળા લાલ આદિ રંગોની પીચકારીઓ ભરી ભરી બહુ પ્રકારની રંગક્રીડા અને જળક્રીડા પણ કરી હતી.[૧૧] અવી રીતે ક્રીડા કરતા તે સર્વેના હાથમાંથી ઉડેલા ગુલાલથી વૃક્ષો સહિત સમગ્ર પર્વત લાલ વર્ણનો થઈ ગયો.[૧૨] તે માટે આજે વસંતોત્સવમાં પંચમી સૂર્યોદય વ્યાપિની ગ્રહણ કરવી. જો પંચમી વૃદ્ધિતિથિ હોય તો ઉત્સવ ઉજવવામાં પહેલી ગ્રહણ કરવી યોગ્ય છે. કારણ કે તે બહુ કાળ પર્યંત વ્યાપે છે. અને જો પંચમીનો ક્ષય હોય તો ચોથના વેધવાળી પણ, બીજો કોઈ વિકલ્પ ન હોવાથી પ્રસંશનીય છે.[૧૩] તે દિવસે ભગવાનને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં. ઉલ્લોચ અને બિછાના પણ શ્વેત વસ્ત્રોનાંજ કરવાં.[૧૪] ત્યાર પછી રુક્મિણી અને કૃષ્ણના નિવાસસ્થાનમાં રંગ ઉડાડવો તેમજ ગુલાલ અને ગુલાબજળ પણ વારંવાર છાંટવું.[૧૫] આંબાના મોરના તોરા બનાવી ધારણ કરાવવા. અને જલેબી આદિ પક્વાન્નોનું વિશેષપણે નૈવેદ્ય ધરાવવું.[૧૬]

હે પુત્રો ! વસંત પંચમીના દિવસથી પ્રારંભ કરીને હોળી સુધી પ્રતિદિન મંદિરમાં રંગ, ગુલાલ આદિનો છંટકાવ કરવો. અને વસ્ત્રો પણ કેસરીયા રંગનાં

वासन्ती भगवत्क्रीडा गातव्या पूर्णिमावधि । मासमेकं ततो नित्यं गेया लीला च फाल्गुनी ॥ १८
तस्मिन्दिने तु कर्तव्यो गोधूमैः शालिभिश्च वा । रैवताद्रिर्यथाशक्ति छाद्यः पीतेन वाससा ॥ १९
द्रुमांश्च परितस्तस्य कुर्यादाम्रादिपल्लवैः । नदीं गोमुखगङ्गां च पयसाऽऽज्येन तत्र वा ॥ २०
रुक्मिणीकृष्णमूर्तिं च तन्मध्यशिखरे ततः । सौवर्णी स्थापयेत्तस्य परितश्चाङ्गदेवताः ॥ २१
तत्र कृष्णो द्विबाहुश्च कर्तव्यश्चक्रशङ्खधृत् । लक्ष्मीश्च द्विभुजा कार्या पद्मभृङ्गारधारिणी ॥ २२
सत्यभामादयो योषा रामश्चार्जुनसात्यकी । उद्धवाद्याः पार्षदाश्च नारदाद्या महर्षयः ॥ २३
सस्त्रीका यादवाश्चान्ये स्थाप्याः पूगीफलादिषु । आवाह्य पूजयेत्कृष्णं ततः साङ्गं यथाविधि ॥ २४
नैवेद्यऽत्र तु दातव्यं खर्जूरं खारिकास्तथा । नालिकेरं शर्करां च लाजाश्च चणकैः सह ॥ २५
द्राक्षाश्च पीतसाराणि पिण्डकांश्च निवेदयेत् ॥ तस्मिन् रङ्गं गुलालं च क्षिपेन्नीराजनोत्तरम् ॥ २६
भक्ताः परस्परं रङ्गगुलालैः क्रीडनं नराः । ततः कुर्युर्योषितश्च क्रीडामेव परस्परम् ॥ २७

---

**ધારણ કરાવવાં.[૧૭] તેમજ માઘ સુદ પૂર્ણિમા સુધી ભગવાનની વસંતલીલાના પદોનું ગાન કરાવવું. ત્યાપછી એક માસ ફૂલડોલોત્સવ પર્યંત નિત્યે ભગવાનની ફાલ્ગુનીલીલાના પદોનું ગાન કરાવવું.[૧૮] હે પુત્રો ! આ વસંતપંચમીના દિવસે પોતાની શક્તિ પ્રમાણે ઘઉંનો કે ચોખાનો ઢગલો કરી ગિરનાર પર્વતની રચના કરવી. તેને પીળા વસ્ત્રથી ઢાંકીને તે પર્વતની ચારેબાજુ આંબાનાં પાંદડાઓથી વૃક્ષોની રચના કરવી ને તે પર્વત પર દૂધ અથવા ઘીથી ગોમુખ ગંગાનદીની રચના કરવી.[૧૯-૨૦] તેમના મધ્ય શિખર પર રૂક્મિણી અને શ્રીકૃષ્ણ ભગવાનની સુવર્ણની મૂર્તિ સ્થાપન કરવી. અને શ્રીકૃષ્ણને ચારે બાજુ ફરતે સત્યભામા આદિક સર્વે અંગદેવતાઓની સ્થાપના કરવી.[૨૧]**

**તેમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ દ્વિભુજ કરવી તેના જમણા હસ્તમાં ચક્ર અને હાબા હસ્તમાં શંખ ધારણ કરાવવો. અને લક્ષ્મીજીની મૂર્તિ પણ દ્વિભુજ કરવી. તેના જમણા હાથમાં કમળપુષ્પ અને ડાબા હાથમાં સુવર્ણની ઝારી ધારણ કરાવવી.[૨૨] પછી સત્યભામા આદિ પટરાણીઓ, બલરામ, અર્જુન, સાત્યકી અને ઉદ્ધવવાદિ પાર્ષદો, તેમજ નારદાદિ ઋષિઓ અને અન્ય પોતાની સ્ત્રીઓએ સહિત યાદવોની સ્થાપના સોપારીને વિષે કરવી.[૨૩] પછી અંગદેવતાઓએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું આવાહ્ન કરી તેમનું વિધિપૂર્વક પૂજન કરવું.[૨૪] તે સમયે નૈવેદ્યમાં ખજૂર, ખારેક, નારિયેળ, સાકર, ચણાની સાથે ધાણી અર્પણ કરવી.[૨૫] તેમજ દ્રાક્ષ, પતાસાં અને પેંડાનું પણ નિવેદન કરવું. પછી આરતી ઉતારી ભગવાન ઉપર**

विधवाभिस्तु नारिभिः साधुभिर्वर्णिभिस्तथा । गुलालरङ्गक्रीडैषा न कर्तव्या कदाचन ॥ २८
यदि तेषु क्षिपेत्कश्चिद्गुलालं रङ्गमेव वा । तर्हि स्नात्वा सचैलं तैर्जप्यं नाम्नां शतं हरेः ॥ २९
प्रमादाच्चेत्स्वयं क्रीडां कुर्युस्ते तर्हि तद्दिने । स्नात्वोपवासं कुर्वीरन्स्मरन्तो हृदये हरिम् ॥ ३०
क्रीडित्वाऽथ हरेर्भक्ताः स्नात्वा मध्याह्नतः परम् । कुर्वीरन्भोजनं सर्वे विधिरन्यस्तु नैत्यकः ॥ ३१
निशीथव्यापिनी ग्राह्या माघे शिवचतुर्दशी । दिनद्वये तद्व्याप्त्यादौ ग्रहीतव्या तु सा परा ॥ ३२
तस्मिन्दिने वासुदेवं चित्रवासांसि धारयेत् । श्रियं च कर्बुरां शार्टीं हैमान्याभरणानि च ॥ ३३
महाभिषेकविधिना रुद्रसूक्तेन शङ्करम् । निशीथे पूजयेत्प्रीत्या सगणं श्रीफलच्छदैः ॥ ३४
मल्लिकाकुन्दपुष्पैश्च कनकैः करवीरकैः । नैवेद्ये क्षैरवटकान्दद्यात्तत उपावसेत् ॥ ३५

---

રંગ અને ગુલાલ ઉડાડવો.[૨૬] પછી ભક્તપુરુષોએ રંગ અને ગુલાલથી પરસ્પર રંગક્રીડા કરવી ને સધવા સ્ત્રીઓએ પણ પરસ્પર રંગક્રીડા કરવી.[૨૭] પરંતુ સ્ત્રીઓએ પુરુષો સાથે રંગક્રીડા ન કરવી. તેમાં પણ વિધવા નારી, સાધુ અને બ્રહ્મચારીઓએ તો આ ગુલાલાદિની રંગક્રીડા ક્યારેય ન કરવી.[૨૮] આ ત્રણે ઉપર ગુલાલ કે રંગનો છંટકાવ થાય તો તેઓએ વસ્ત્રે સહિત સ્નાન કરી ભગવાનના નામની એક માળા કરવી. અને પ્રમાદવશ સ્વયં રંગક્રીડા કરે તો, તે દિવસે સ્નાન કરી શ્રીહરિનું સ્મરણ કરતાં એક ઉપવાસ કરવો.[૩૦] અધિકારી સર્વે ભક્તો રંગક્રીડા કરી સ્નાન કર્યા પછી બપોરનું ભોજન કરવું. આ ઉત્સવમાં બાકીનો વિધિ હમેશ પ્રમાણે સમજી લેવો.[૩૧]

**શિવરાત્રી ઉત્સવ :–** હે પુત્રો ! માઘમાસના વદ પક્ષની શિવચતુર્દશી મધ્યરાત્રીએ જે વ્યાપ્તિ હોય તે વ્રત ઉત્સવ માટે ગ્રહણ કરવી. તેમાં પણ તેરસ અને ચૌદશ બન્ને તિથિમાં મધ્યરાત્રીએ શિવતિથિ વ્યાપે કે ન વ્યાપે એક દિવસે વ્યાપે કે બન્ને દિવસે વ્યાપે છતાં શિવરાત્રી ઉત્સવ માટે બીજી ચૌદશ ગ્રહણ કરવી, એમ સમયમયુખમાં કહેલું છે.[૩૨] આ શિવરાત્રીના ઉત્સવમાં શ્રીવાસુદેવ ભગવાનને અને લક્ષ્મીજીને ચિત્ર વિચિત્ર વસ્ત્રો ધારણ કરાવવાં અને સુવર્ણનાં આભૂષણો ધારણ કરાવવાં.[૩૩] મધ્યારાત્રીએ રૂદ્રસૂક્તથી શિવજીનો વિધિપૂર્વક મહાભિષેક કરવો. અને શ્રીફળ તથા બિલ્વપત્રોથી ગણોએ સહિત શંકરનું પ્રેમથી પૂજન કરવું.[૩૪] ને મલ્લિકા, કુંદ, કણેર, ધતૂરો આદિ પુષ્પો અર્પણ કરવાં. ત્યારપછી નૈવેદ્યમાં ખીરવડાં ધરાવવાં અને તે દિવસે પૂજારીએ ઉપવાસ કરવો.[૩૫] તે દિવસે નારાયણ અને શિવજીના એકાત્મભાવને જણાવતાં પદોનું ગાન કરાવવું. આ

एकात्म्यपद्यानि तदा गापयेद्धरिरुद्रयोः । एतावान्हि विशेषोऽत्र विधिरन्यस्तु नैत्यकः ॥ ३६

मार्गपौषतपसां मयोत्सवाः कीर्तिताः सविधयः सुतौ ! युवाम् ।
कीर्तयाम्यथ तपस्यचैत्रयो राधामासि च भवन्ति ये च तान् ॥ ३७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ मार्गशीर्षपोषमाघमासोत्सव विधिनिरूपणनामैकोनषष्टितमोऽध्यायः ॥ ५९*

---

## *षष्टितमोऽध्यायः*

**श्री नारायणमुनिरुवाच –**

फाल्गुने मासि फल्गुन्यामर्जुनस्य तु जन्मभे । चिक्रीड रैवते कृष्णः सह तेन च यादवैः ॥ १
दोलारूढं सार्जुनं तं यादवा मुदितान्तराः । सम्पूज्यान्दोलयामासुश्चिक्रीडुश्च तदग्रतः ॥ २

---

ઉત્સવમાં આટલો વિધિ વિશેષ છે. બાકી પૂર્વવત્ જાણવો.[૩૬]

હે પુત્રો ! આ પ્રમાણે મેં વિધિએ સહિત માગસર, પોષ અને માઘ માસમાં આવતા ઉત્સવો કહ્યા. હવે ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આવતા ઉત્સવોનો વિધિ કહું છું.[૩૭]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્રના ચતુર્થ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ માગસર, પોષ અને મહા માસમાં આવતા ઉત્સવોનું નિરૂપણ કર્યું એ નામે ઓગણસાઠમો અધ્યાય પૂર્ણ થયો. –૫૯–**

---

## અધ્યાય – ૬૦

## ભગવાન શ્રીહરિએ ફાગણ,ચૈત્ર અને વૈશાખ માસમાં આવતા ઉત્સવોનું કરેલું નિરૂપણ.

**ફૂલડોલોત્સવ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! ફાગણ માસના વદ પડવાના દિવસે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનના ઉત્તરાફાલ્ગુની જન્મ-નક્ષત્રમાં ગિરનાર પર્વત પર પધારી અર્જુન અને યાદવોની સાથે બહુ ક્રીડા કરી છે.[૧] તે સમયે અતિ આનંદિત થયેલા યાદવોએ ડોલા ઉપર વિરાજમાન અર્જુન સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરી તેઓને ઝુલાવ્યા હતા. અને તેમની આગળ

कृष्णयोरेतयोः पूर्वं प्रादुर्भावश्च धर्मतः । नरनारायणाख्योऽभूद्योगेऽस्मिन्नेव पुत्रकौ ! ॥ ३
धर्माश्रमे निबद्धायां दोलायां तं समर्च्य च । देवा आन्दोलयामासुरतः कार्योऽत्र चोत्सवः ॥ ४
सूर्योदये स्यान्नक्षत्रमार्यम्णं यत्र तद्दिने । कार्यो दोलोत्सवः पूर्वे दिने तच्चेद्दिनद्वये ॥ ५
वसन्तोत्सववत्कार्यं श्रीकृष्णस्यार्चनं त्विह । नरनारायणार्चायां विशेषं वच्मि कञ्चन ॥ ६
प्रातः पूजां प्रकुर्वीत नरनारायणप्रभोः । उपचारैः षोडशभिर्महानीराजनेन च ॥ ७
सितैः सूक्ष्मैश्च वासोभिः सितैः सुरभिचन्दनैः । सितैः सुगन्धिभिः पुष्पैः पूजयेत्तुलसीदलैः ॥ ८
नैवेद्ये पायसं दद्याद्बदराणि फलानि च । दोलायां दक्षिणास्यं तं संस्थाप्यान्दोलयेत्पुमान् ॥ ९
मूर्तिः स्थिरा यदि भवेद्बालकृष्णं तदार्चकः । स्थापयेत्तत्र दोलायां गीतावादित्रपूर्वकम् ॥ १०
वासन्तिकैश्च पुष्पाद्यैस्तस्य कुर्वीत पूजनम् । ततो रङ्गगुलालैश्च क्रीडेयुर्भगवज्जनाः ॥ ११

---

ખૂબજ ક્રીડા કરી હતી. અને બીજો હેતુ એ છે કે.[૨] પૂર્વે આજ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગમાં શ્રીકૃષ્ણ અને અર્જુન આ બન્ને શ્રીનરનારાયણ નામથી ધર્મપ્રજાપતિ અને મૂર્તિદેવી થકી પ્રાદુર્ભાવ પામ્યા હતા.[૩] તે સમયે ઈન્દ્રાદિ દેવતાઓ ધર્મના આશ્રમે આવી ફૂલડોલના હીંડોળામાં શ્રીનરનારાયણ ભગવાનને બેસાડી તેમની પૂજા કરીને ઝુલાવ્યા હતા. આવા બે હેતુને લીધે આજે ફાગણવદ પડવાના દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં આ ઉત્સવ ઉજવવો.[૪]

હે પુત્રો ! જે દિવસે સૂર્યોદય સમયે અર્યમાદેવતાવાળું ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તે જ દિવસે આ ફૂલડોલોત્સવ કરવો. જો ઉત્તરાયફાલ્ગુની નક્ષત્ર પૂર્ણિમા અને પડવાના બન્ને દિવસે સૂર્યોદય સમયે હોય તો પૂર્વના પૂર્ણિમાના દિવસે જ ઉત્સવ કરવો. કારણ કે તે બહુકાળ વ્યાપી સમય છે. [૫] આ ઉત્સવમાં વસંતોત્સવની જેમ જ શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરવું. તેમાં શ્રીનરનારાયણની પૂજામાં જે કાંઈ વિશેષતા છે તે કહું છું.[૬] પ્રાતઃ કાળે ષોડશોપચારથી અને મહાઆરતીથી શ્રીનરનારાયણ ભગવાનની મહાપૂજા કરવી.[૭] તેમાં શ્વેત સૂક્ષ્મવસ્ત્રો, શ્વેત સુગંધીમાન ચંદન, શ્વેત પુષ્પો અને તુલસીદળથી પૂજન કરવું.[૮] નૈવેદ્યમાં દૂધપાક ધરવો. અને ફળમાં બોરડીનાં ફળ અર્પણ કરવાં, અને ભગવાનને ફૂલડોલમાં દક્ષિણદિશા સન્મુખ બેસાડી ઝુલાવવા. [૯] જો ભગવાન શ્રીનરનારાયણની મૂર્તિ અચળ હોય તો પૂજારીએ તે જગ્યાએ શ્રીબાલકૃષ્ણને ગીતવાજીંત્રોના નાદની સાથે બેસાડવા.[૧૦] વસંતઋતુના પુષ્પો આદિકથી તેનું પૂજન કરવું. ને પછી ભગવાનના ભક્તજનોએ પરસ્પર રંગ, ગુલાલ ઉડાવી રંગક્રીડા

वसन्तोत्सववज्ज्ञेया क्रीडा मर्यादयाऽत्र च । दोलोत्सवस्य पद्यानि गापयेद्धर्मपुत्रयोः ॥ १२
नीराजयित्वा दोलाया उत्तार्य स्वापयेत्प्रभुम् । भोजयित्वा हरिजनान् मुख्यो भुञ्जीत पूजकः ॥ १३
ततो द्वितीयदिवसे मन्दिरं परिमार्जयेत् । यथा रङ्गगुलालादेस्तिष्ठेल्लेशोऽपि न क्वचित् ॥ १४
वस्त्राणि च वितानादीन् सर्वांस्तान् क्षालयेत्तया । अन्यानि धारयेच्चेति विशेषोऽन्यत्तु पूर्ववत् ॥ १५
चैत्रशुक्लतृतीयायां कृतमालानदीजले । सत्यव्रतनृपस्याग्रे मत्स्यः प्रादुरभूद्धरिः ॥ १६
तृतीया मत्स्यपूजायां स्पृष्टा सूर्योदयं तु या । सा ग्राह्याऽथोभयदिने व्याप्त्यादौ पूर्वयुक् शुभा ॥ १७
तस्मिन्दिने वासुदेवं मत्स्यरूपेण पूजयेत् । सौवर्णीमथवा शक्त्या मूर्तिं मत्स्यस्य कारयेत् ॥ १८
वामे शङ्खं गदां दक्षे दधद्दोष्ण्यर्धमानुषः । मत्स्याकृतिरधोभागे मत्स्यः कार्योऽत्र पूजने ॥ १९
नैवेद्ये दधिभक्तं च दध्यक्तान्वटकांस्तथा । अर्पयेद्गापयेद्भक्तो मत्स्यजन्मकथामिह ॥ २०

---

કરવી.[૧૧] આ ફૂલડોલના રંગોત્સવમાં પણ વસંતના રંગોત્સવની જેમ મર્યાદામાં રમવું. પુરુષો અને બહેનોએ પોતપોતાના વિભાગમાં રમવું. તેમાં પણ વિધવા, સાધુ અને બ્રહ્મચારીએ રમવું જ નહિ. વગેરે વ્યવસ્થા અહીં પણ સમજવી. આ ઉત્સવમાં ધર્મપુત્ર શ્રીનરનારાયણદેવના ફૂલડોલોત્સવના પદોનું ગાયન કરાવવું.[૧૨] પછી આરતી ઉતારી ડોલામાંથી ઉતારી લેવા, અને શયન કરાવવું. પછી મુખ્ય પૂજા કરનાર યજમાને હરિભક્તોને જમાડીને જમવું.[૧૩] અને બીજે દિવસે મંદિરનું માર્જન કરવું. ને જળથી ધોઈ શુદ્ધ કરવું. તેમાં જે પ્રકારે રંગ, ગુલાલ આદિકના દાગ ક્યાંય ન રહે તે રીતે મંદિરને સ્વચ્છ કરવું.[૧૪] ભગવાનને ધારણ કરાવેલાં વસ્ત્રો ને પાથરેલા ઉલ્લોચ આદિક વસ્ત્રો તેમજ ધોઈ શકાય તેવાં સર્વે પદાર્થોને શુદ્ધ કરવાં ને ભગવાનને બીજાં વસ્ત્રો ધારણ કરાવવાં. બાકી વિધિ પૂર્વવત જાણી લેવો.[૧૫]

**ચૈત્રમાં મત્સ્યાવતાર જન્મોત્સવ :–** હે પુત્રો ! ચૈત્ર સુદ તૃતીયાના દિવસે કૃતમાલા નામની નદીના જળમાં સત્યવ્રત રાજાની આગળ મત્સ્યાવતાર લઈ ભગવાન શ્રીહરિ પ્રગટ્યા છે.[૧૬] તેથી જે તૃતીયા સૂર્યોદય વ્યાપિની હોય તે મત્સ્ય ભગવાનની પૂજામાં ગ્રહણ કરવી. જો બીજ અને ત્રીજના બન્ને દિવસે વ્યાપ્તિ હોય તો બીજના વેધવાળી ત્રીજ શુભ મનાયેલી છે.[૧૭] તે દિવસે મત્સ્ય સ્વરૂપ શ્રીવાસુદેવ ભગવાનની પૂજા કરવી અથવા શક્તિ પ્રમાણે મત્સ્ય ભગવાનની મૂર્તિ સુવર્ણની કરાવવી.[૧૮] તેના ડાબા હસ્તમાં શંખ અને જમણા હસ્તમાં ગદા ધારણ કરાવવી. ઉપરના અર્ધાભાગમાં મનુષ્યાકૃતિ અને નીચેના અર્ધાભાગમાં મત્સ્યાકૃતિવાળું સ્વરૂપ તૈયાર કરાવવું. અને તેની પૂજા કરવી.[૧૯] નૈવેદ્યમાં દહીં-

एतावांस्तु विशेषोऽत्र विधिरन्यस्तु नैत्यकः । महानीराजनस्यान्ते भोजनं चात्र कीर्तितम् ॥ २१
चैत्रे नवम्यां प्राक्पक्षे दिवा ऋक्षे पुनर्वसौ । उदये गुरुगौरांश्चोः स्वोच्चस्थे ग्रहपञ्चके ॥ २२
मेषे पूषणि सम्प्राप्ते लग्ने कर्कटाकाह्वये । आविरासीद्दशरथात्कौसल्यायां परः पुमान् ॥ २३
अष्टमीवेधरहिता मध्याह्नव्यापिनी तिथिः । नवम्येषा ग्रहीतव्या रामर्चन उपोषणे ॥ २४
मध्याह्नव्यापिनी चेत्स्यान्नवमी तु दिनद्वये । अव्याप्ता वा भवेत्तर्हि ग्रहीतव्या परैव सा ॥ २५
विद्धाष्टम्या सऋक्षापि त्याज्यैव नवमीतिथिः । केवलापि परोपोष्या नवमीशब्दसङ्ग्रहात् ॥ २६
विद्धायास्तु क्षये प्राप्ते ग्रहीतव्यापि पूर्वयुक् । कर्तव्य उपवासोऽत्र रामचन्द्रस्य चार्चनम् ॥ २७
मुकुटं धारयेदत्र भगवन्तं रमापतिम् । पीताम्बरं धनुर्बाणौ हैमं कटिपटं तथा ॥ २८

---

ભાત અને દહીંવડાં અર્પણ કરવાં ને પૂજા કરનારે મત્સ્યભગવાનના જન્મોત્સવની કથાનું ગાન કરાવવું.[૨૦] હે પુત્રો ! ત્યાર પછી મત્સ્ય ભગવાનની મહાઆરતી કર્યા પછી જ ભોજન સ્વીકારવું. આ ઉત્સવમાં આટલી જ વિશેષતા છે, બાકીનો પૂજા વિધિ હમેશના પ્રમાણે જાણવો.[૨૧]

**રામનવમી ઉત્સવ :–** હે પુત્રો ! ચૈત્રમાસના સુદ પક્ષની નવમી તિથિએ દિવસે પુનર્વસુ નક્ષત્રમાં, ઉદય લગ્નમાં, ગુરુ અને ચંદ્રના યોગમાં, ગ્રહપંચક પોતાના ઉચ્ચભવનમાં રહેતાં જ્યારે સૂર્ય મેષ રાશીમાં પ્રવેશ્યો ત્યારે કર્કટલગ્નમાં શુભ અવસરે પરમપુરુષ પરમાત્મા શ્રીરામચંદ્રભગવાનનો રાજા દશરથ થકી કૌશલ્યાજીને ત્યાં પ્રાદુર્ભાવ થયો.[૨૨-૨૩] આ નવમી તિથિ અષ્ટમીના વેધ રહિતની મધ્યાહ્ને વ્યાપ્તિ હોય તેવી રામચંદ્રજીના પૂજનમાં ગ્રહણ કરવી.[૨૪] જો આઠમ અને નવમીની બીજી તિથિએ મધ્યાહ્ને નવમી વ્યાપ્તિ હોય અથવા ન વ્યાપ્તી હોય તો પણ બીજી તિથિએ જ નવમી ગ્રહણ કરવી.[૨૫] આઠમના વેધવાળી નવમી તિથિએ પુનર્વસુ નક્ષત્રનો યોગ હોય છતાં પણ છોડી દેવી અને પુનર્વસુ નક્ષત્રનો યોગ હોય નહીં, તો પણ બીજી જ નવમી ગ્રહણ કરવી ને તે દિવસે જ વ્રતનો ઉત્સવ કરવો. કારણ કે, વ્રત વિધાયકના વચનમાં કેવળ નવમી શબ્દ જ ગ્રહણ કર્યો હોવાથી પુનર્વસુ નક્ષત્ર રહિત હોવા છતાં પણ બીજે દિવસે ઉપવાસ કરવો.[૨૬] જો વેધવાળી નવમીનો ક્ષય પ્રાપ્ત થાય તો આઠમના યોગવાળી પણ નવમી ગ્રહણ કરવી. આ રામનવમીના દિવસે નિરાહાર ઉપવાસ કરવો ને શ્રીરામચંદ્રજીનું પૂજન કરવું.[૨૭]

હે પુત્રો ! આ ઉત્સવમાં રમાપતિ ભગવાનને મુગટ અને પીતાંબર ધારણ કરાવવાં, હાથમાં ધનુષબાણ તથા સુવર્ણના તારે યુક્ત પટકો કેડમાં બાંધવો.

नैवेद्ये कैसरं भक्तं दद्यान्मौक्तिकलड्डुकान् । शर्करां दधि दुग्धं च विधिरन्यस्तु नैत्यकः ॥ २९
अस्मिन्दिनेऽथ मध्याह्ने कृष्णं रामाख्ययाऽर्चयेत् । हैमं वा कारयेद्रामं राजलक्षणलक्षितम् ॥ ३०
युवा प्रसन्नवदनः सिंहस्कन्धो महाबलः । दीर्घबाहुद्वयः कार्यो रामो बाणधनुर्धरः ॥ ३१
महापूजां तस्य कुर्वन् गीतवादित्रपूर्वकम् । श्रीरामजन्मपद्यानि भक्तो गायेच्च गापयेत् ॥ ३२
उपवासव्रती रामं परेऽह्न्यभ्यर्च्य तं पुनः । सन्तर्प्य साधून्विप्रांश्च भक्तः कुर्वीत पारणाम् ॥ ३३
एकादशी मधौ शुक्ला विमलाख्या प्रकीर्तिता। महापूजां विधायात्र दोलामारोहयेत्प्रभुम् ॥ ३४
सुगन्धिपुष्पमय्यां तु तस्यां तं घटिकाद्वयम् । आन्दोलयित्वा नीराज्य भक्त उत्तारयेत्ततः ॥ ३५
विशेष इह चैतावानन्यस्त्वेकादशीविधिः । सामान्य एव विज्ञेयो व्रतग्रन्थनिरूपितः ॥ ३६

---

**નૈવેદ્યમાં કેસરીયો બિરંજ, મોતૈયા લાડુ, સાકર, દહીં અને દૂધ અર્પણ કરવું, બાકીનો વિધિ હમેશના પ્રમાણે જાણવો.[૨૯] આ દિવસે મધ્યાહ્ને શ્રીકૃષ્ણનું શ્રીરામ નામથી પૂજન કરવું, અથવા રાજાધિરાજનાં લક્ષણોએ યુક્ત સુવર્ણના રામ તૈયાર કરવા.[૩૦] અને તે યુવાન, પ્રસન્ન મુખ, સિંહના જેવા સ્કંધોથી શોભતા, મહાબળવાન, આજાનબાહુ ને ધનુર્ધારી એવા શ્રીરામ બનાવવા.[૩૧] પૂજા કરનાર ભક્તજને ગીતવાજિંત્રોના નાદપૂર્વક તેમની મહાપૂજા કરી શ્રીરામજન્મના પદોનું ગાયન કરવું ને કરાવવું.[૩૨] આ વ્રતના દિવસે નિરાહાર ઉપવાસ કરનાર ભક્તજને બીજે દિવસે ફરી શ્રીરામચંદ્રજીનું પૂજન કરવું, ને સાધુ, બ્રાહ્મણોને જમાડી પારણાં કરવાં. (આજની તિથિએ ભગવાન શ્રીહરિનો રાત્રિએ જન્મ છે, તેથી તેમના જન્મોત્સવાદિનો નિર્ણય જાણવો આવશ્યક છે. તે અહીં નહિ કહેલો હોવાથી પંચમ પ્રકરણમાં શ્રીહરી જયંતીના વ્રતવિધિમાં વિસ્તારથી વર્ણન કરેલ છે. ત્યાંથી જાણી લેવો.)[૩૩]**

**ચૈત્રી ડોલોત્સવ :– હે પુત્રો ! !ચૈત્રમાસની સુદ એકાદશી ''વિમલા'' નામે કહેલી છે. એ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરીને તેમને હિંડોળામાં પધરાવવા.[૩૪] સુગંધીમાન પુષ્પોથી રચેલા તે હિંડોળામાં બે ઘડી સુધી પ્રભુને ઝૂલાવીને આરતી કરી ભક્તજનોએ પ્રભુને હિંડોળેથી ઉતારવા.[૩૫] આ ઉત્સવમાં આટલી જ વિશેષતા છે. બાકીનો એકાદશીવ્રતપૂજાનો વિધિ જે સામાન્યપણે વ્રતગ્રંથમાં નિરૂપણ કરેલ છે તે જ જાણવો. આ સમયે ભગવાન પારણીયામાં ઝૂલતા હોવાથી એ સમયે અલગ ફૂલનો હિંડોળો રચવાની જરૂર નથી. પરંતુ પારણિયામાં જ ફુલના શણગાર કરીને આ ઉત્સવ ઉજવવો. આટલું વિશેષ જાણવું.[૩૬]**

वैशाखे शुक्लपक्षे च प्रतिपद्यब्धिमन्थने । क्रियमाणे सुरैर्दैत्यैः प्रातः कूर्मोऽभवद्धरिः ॥ ३७
ग्राह्या सूर्योदयव्याप्ता प्रतिपत्कूर्मपूजने । दिनद्वये तद्व्याप्त्यादौ ग्राह्या परयुतैव हि ॥ ३८
अत्र कूर्मस्वरूपेण वासुदेवं समर्चयेत् । यद्वाऽर्चकेन सौवर्णः कूर्मः कार्यः स्वशक्तितः ॥ ३९
उत्तराङ्गं नराकारं पूर्वाङ्गं चास्य कूर्मवत् । कार्यं च द्वौ भुजौ तत्र कुर्याच्छङ्खं गदां तथा ॥ ४०
तमर्चेत्सर्वतोभद्रे यथालब्धोपचारकैः । नैवेद्य लड्डुकान्दद्याद्विधिरन्यस्तु नैत्यकः ॥ ४१
इत आरभ्य नित्यं च प्रभोर्गङ्गोत्सवावधि । अर्पयेत्पूजने पेयं चिञ्चावारि सशर्करम् ॥ ४२
नैवेद्ये चान्वहं दद्याच्छर्करीं दधि चोत्तमम् । अत्र कूर्मकथा गेया पूजनान्ते तु भोजनम् ॥ ४३
वैशाखस्य सिते पक्षे तृतीयायां पुनर्वसौ । अह्नोऽष्टमे मुहूर्ते च राहौ मिथुनराशिगे ॥ ४४

---

**વૈશાખ માસમાં કૂર્માવતાર જન્મોત્સવ :–** હે પુત્રો ! વૈશાખ માસના સુદ પડવાને દિવસે દેવતાઓ અને દૈત્યોએ સમુદ્રમંથન કરવાનો પ્રારંભ કર્યો, ત્યારે પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિ કૂર્મસ્વરૂપે પ્રગટ થયા હતા.[૩૭] તેથી સૂર્યોદય વ્યાપી પડવો કૂર્મ ભગવાનના પૂજનમાં ગ્રહણ કરવો. જો એકમ અને બીજ આ બન્ને તિથિમાં પડવો સૂર્યોદય વ્યાપી હોય તો બીજ યુક્ત પડવો પૂજનમાં ગ્રહણ કરવો.[૩૮] આ ઉત્સવમાં કૂર્મસ્વરૂપે વિરાજતા શ્રીવાસુદેવ ભગવાનનું પૂજન કરવું. પૂજા કરનારે પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણના કૂર્મ ભગવાન કરાવવા.[૩૯] તેમનું ઉપરનું અંગ મનુષ્યાકારે કરવું અને નાભીથી નીચેનો ભાગ કૂર્મનો કરવો. ઉપર બે ભૂજા કરવી. તેમાં જમણા હાથમાં શંખ અને ડાબા હાથમાં ગદા ધારણ કરાવવી.[૪૦] પછી સર્વતોભદ્રમંડલની રચના કરી તેમાં પ્રાપ્ત થયેલા ઉપચારોથી તેમનું પૂજન કરવું. નૈવેદ્યમાં શ્વેત ચુરમાના લાડુ અર્પણ કરવા, બાકીનો વિધિ હમેશના પ્રમાણે જ છે તે જાણવું.[૪૧] હે પુત્રો ! આ વૈશાખ સુદ બીજથી આરંભીને જેઠસુદ દશમના ગંગોત્સવ પર્યંત દરરોજ ભગવાનને પૂજનમાં સાકરે યુક્ત આંબલીવાળું જળ ગાળીને અર્પણ કરવું.[૪૨] તેમજ નૈવેદ્યમાં દરરોજ ઉત્તમ દહીંસાકર અર્પણ કરવા ને કૂર્મ જન્મોત્સવના દિવસે કૂર્મ ભગવાનના પ્રાદુર્ભાવની કથા ગાવી અને સાંભળવી અને પૂજન પછી ભોજન કરવું.[૪૩]

**શ્રીપરશુરામ જન્મોત્સવ અને ચંદનયાત્રા ઉત્સવ :–** હે પુત્રો ! વૈશાખમાસના સુદ પક્ષની તૃતીયાના દિવસે પુનર્વસુ નક્ષત્રમાં દિવસના આઠમા મુહૂર્તમાં રાહુ મિથુન રાશિમાં સ્થાન પ્રાપ્ત કરતાં ને છએ ગ્રહો પોતપોતાના ઉચ્ચ સ્થાને હતા ત્યારે જમદગ્નિ ઋષિથકી રેણુકાદેવીને વિષે પરશુરામ ભગવાન પ્રગટ

स्वोच्चस्थे ग्रहषट्के च जमदग्नेस्तु योषिति । वासुदेवो रेणुकायां प्रादुरासीद्धरातले ॥ ४५
तृतीयैषा ग्रहीतव्या पूर्वाह्णव्यापिनी बुधैः । दिनद्वये तद्व्याप्त्यादौ परा रामार्चने मता ॥ ४६
अत्र भार्गवरूपेण वासुदेवस्य कारयेत् । मध्याह्ने तु महापूजां ततः कुर्वीत भोजनम् ॥ ४७
अथवा पूजको हैमं निजशक्त्यनुसारतः । कारयेत्पर्शुरामं तु रोषस्फारित-लोचनम् ॥ ४८
द्विभुजं पर्शुहस्तं तं जटामण्डलमण्डितम् । पूजयेन्मण्डपे प्राग्वद्गापयेत्तत्कथां तथा ॥ ४९
इत आरभ्य नित्यं च स्नानयात्रावधि प्रभुम् । धारयेद्गन्धवासांसि वासांसि च सिताम्यपि ॥ ५०
उशीरतालवृन्तैश्च नवीनैः रम्यदर्शनैः । वीजयेत्प्रत्यहं देवं काले काले च पूजकः ॥ ५१
नैवेद्ये प्रत्यहं दद्याद्रसमाम्रफलोद्भवम् । शर्करां चेति विज्ञेयो विशेषोऽन्यत्तु नैत्यकम् ॥ ५२
वैशास्वस्य चतुर्दश्यां सोमवारेऽनिलर्क्षके । अवतारो नृसिंहस्य जातो दैत्यवधाय हि ॥ ५३
त्रयोदशीवेधहीना शुद्धा ग्राह्या चतुर्दशी । शुद्धाधिकायां पूर्वास्यां विद्धायाश्च क्षये तु सा ॥ ५४

---

**થયા.[૪૪-૪૫] બુદ્ધિમાન પુરુષોએ ત્રીજને દિવસના પૂર્વના ભાગે વ્યાપ્તિ હોય તેવી પરશુરામ ભગવાનના પૂજનમાં ગ્રહણ કરવા યોગ્ય માનેલી છે. જો તૃતીયા બે હોય અને બન્ને પૂર્વના ભાગમાં વ્યાપ્તિ હોય તો બીજી તૃતીયા ગ્રહણ કરવી.[૪૬] અને બપોરના સમયે શ્રીવાસુદેવ ભગવાનની પરશુરામરૂપે મહાપૂજા કરવી, પછી જ ભોજન કરવું.[૪૭] અથવા પૂજન કરનારે પોતાની શક્તિ પ્રમાણે ક્રોધથી પહોળા થઈ ગયેલા નેત્રોવાળા સુવર્ણની પરશુરામ ભગવાનની દ્વિભુજ મૂર્તિ કરવી અને હાથમાં પરશુ અને મસ્તક ઉપર જટા ધારણ કરેલી કરવી.[૪૮] તેમની પૂજા પણ પૂર્વવત્ મંડપ કરાવીને કરવી ને દિવસે પરશુરામ ભગવાનના ચરિત્રોનું ગાયન કરવું.[૪૯]**

**આજે અક્ષયતૃતીયાના દિવસે જ ચંદનયાત્રા મહોત્સવ હોવાથી આજથી આરંભીને જેઠસુદ પૂનમના સ્નાનયાત્રા ઉત્સવ પર્યંત નિત્યે ભગવાનને સુગંધીમાન ચંદનનો લેપ કરેલાં વસ્ત્રો ધારણ કરાવવાં અને શ્વેતવસ્ત્રો પણ ધારણ કરાવવાં.[૫૦] વળી પૂજા કરનારે નવીન રમણીય તાલપત્રના વીંઝણાથી નિરંતર પવન ઢોળવો.[૫૧] દરરોજના નૈવેદ્યમાં કેરીનો રસ અને સાકર અર્પણ કરવાં. બાકીનો વિધિ હમેશ પ્રમાણે કરવો.[૫૨]**

**શ્રીનૃસિંહજયંતી ઉત્સવ :–** **હે પુત્રો ! વૈશાખ માસની સુદ ચૌદશના દિવસે સોમવારે સ્વાતિ નક્ષત્રમાં હિરણ્યકશિપુનો વધ કરવા માટે નૃસિંહ અવતાર થયો છે.[૫૩] સૂર્યોદય સમયે તેરસના વેધ વિનાની ચૌદશ હોય તેજ શુદ્ધ ચૌદશ**

नरसिंहाभिधानेन कृष्णमत्र समर्चयेत् । सूपचारैः प्रदोषे तु पूजान्तेऽपि न पारयेत् ॥ ५५
निजशक्त्यनुसारेण पूजकः पुरुषोऽथवा । सौवर्णं कारयेद्देवं नरसिंहं भयङ्करम् ॥ ५६
पीनस्कन्धकटिग्रीवं कृशमध्यं कृशोदरम् । सिंहासननं नृदेहं च सर्वाभरणभूषितम् ॥ ५७
ज्वालामालाकुलमुखं ललज्जिह्वोग्रदंष्ट्रकम् । हिरण्यकशिपोर्वक्षः पाटयन्तं नखैः खरैः ॥ ५८
एवंविधं नृसिंहं तं पूजयेन्मण्डपोत्तमे । निवेदयेत् खाजकानि भूरीणि वटकानि च ॥ ५९
नृसिंहजन्मपद्यानि गापयेत् पूजनोत्सवे । एतावान्हि विशेषोऽत्र विधिरन्यस्तु पूर्ववत् ॥ ६०
इत्थं मया फाल्गुनचैत्रराधमासोत्सवा वां कथिता हि पुत्रौ ! ।
ज्येष्ठे शुचौ श्रावणिकेऽथ मासे च उत्सवास्तद्विधिमद्य वच्मि ॥ ६१

નૃસિંહ જન્મોત્સવમાં ગ્રહણ કરવી. જો આવી ચૌદશ બે શુદ્ધ હોય તો પહેલી ગ્રહણ કરવી. અને જો ચૌદશનો ક્ષય હોય તો તેરસના વેધવાળી પણ ગ્રહણ કરવી.[૫૪] આજે સાયંકાળ સમયે નૃસિંહ ભગવાનના નામથી શ્રીકૃષ્ણ ભગવાનનું શોભાયમાન ઉપચારોથી પૂજન કરવું, પૂજાને અંતે પારણાં કરવાં. કારણ કે આજે ઉપવાસ કરવાનું શાસ્ત્રોમાં વિધાન હોવાથી કેટલાકે ઉત્સવ પછી પણ પારણાં ન કરવાં, અને કેટલાકે ઉત્સવ પછી પારણાં કરવાં, આવું વિધાન કરેલ હોવાથી આપણા ઉદ્ધવસંપ્રદાયનો નિર્ણય એ છે કે, સમર્થ હોય તેમણે ઉપવાસ કરવો અને અસમર્થ હોય તેમણે ફલાહાર કરવું. પરંતુ અન્ન તો કોઈએ જમવું નહિ.[૫૫] જો પૂજા કરનારને નરસિંહ સ્વરૂપમાં જ ભગવાનની પૂજા કરવાની ઈચ્છા હોય તો પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણની ભયંકર નરસિંહદેવની મૂર્તિ કરાવવી.[૫૬] તેના ખભા, કેડ અને કંઠ પુષ્ટ ભરાવદાર કરવાં, ઉદર કૃશ કરવું, મુખારવિંદ કેશરીસિંહના જેવું કરવું. અને બાકીનું શરીર સર્વ આભૂષણોથી વિભૂષિત મનુષ્યાકૃતિ કરવું.[૫૭] અગ્નિની શિખાઓથી વ્યાપ્ત મુખ, લબકારા કરતી જીભ, ભયંકર દાંત અને ડાઢો કરવી. તથા તીક્ષ્ણ નખથી હિરણ્યકશિપુનું વક્ષઃસ્થળ વિદારતા હોય એવા નૃસિંહ ભગવાનની મૂર્તિ કરાવવી.[૫૮] તે મૂર્તિની મંડપના મધ્યે વિધિપૂર્વક પૂજા કરવી ને નૈવેદ્યમાં ઘણા બધા ખાજાઓ તથા વડાનું નૈવેદ્ય કરવું.[૫૯] પૂજા સમયે નૃસિંહ પ્રાગટ્યના પદોનું ગાયન કરાવવું. આ પ્રમાણે કરવું બાકીનો વિધિ પૂર્વવત્ જાણવો.[૬૦]

હે પુત્રો ! આ પ્રમાણે મેં ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આવતા ઉત્સવો તમને જણાવ્યા, હવે પછી જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં જે ઉત્સવો આવે છે તેનો વિધિ તમને કહું છું.[૬૧]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ फाल्गुनचैत्रवैशाखोत्सवविधिनिरूपणनामा षष्टितमोऽध्यायः ॥ ६०*

---

*एकषष्टितमोऽध्यायः*

**श्रीनारायणमुनिरुवाच –**

दशम्यां शुक्लापक्षे तु ज्येष्ठे मासि कुजेऽहनि । अवतीर्णा भुवि स्वर्गाद्धस्तर्क्षे च सरिद्वरा ॥ १
हरते दश पापानि तस्माद्दशहरा स्मृता । इयं योगवशात्पूर्वा ग्राह्या वापि परा तिथिः ॥ २
मलमासे त्वियं कार्या पूर्वस्मिन्नेव नोत्तरे । उपचारैर्महद्भिस्तां लक्ष्मीमूर्ताविहार्चयेत् ॥ ३
पूष्पैर्गन्धैश्च नैवेद्यैः फलैश्च दशसङ्ख्या । तथा दीपैश्च ताम्बूलैः पूजयेच्छ्रद्धयार्चकः ॥ ४

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આવતા ઉત્સવોનું નિરૂપણ કર્યું એ નામે સાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૦--**

---

## અધ્યાય – ૬૧

## ભગવાન શ્રીહરિએ જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં આવતાં વ્રતો અને ઉત્સવોનું કરેલું નિરૂપણ.

**ગંગાવતરણ મહોત્સવ :–** શ્રીનારાયણમુનિ કહે છે, હે પુત્રો ! જેઠમાસની સુદ દશમીના દિવસે મંગળવારે હસ્તનક્ષત્રમાં સર્વે નદીઓમાં ઉત્તમ ગંગાજી સ્વર્ગમાંથી પૃથ્વીપર અવતર્યાં છે.[૧] આ તિથિ કાયા, મન અને વાણીથી થતાં દશ પ્રકારનાં પાપોનો વિનાશ કરે છે. તેથી તેમનું નામ "દશહરા" પડેલું છે. આ તિથિ બે દિવસનો યોગ ધરાવતી હોય તો તેમાં જે દિવસે હસ્તનક્ષત્ર હોય તેજ પહેલી અથવા બીજી ગ્રહણ કરવી.[૨] જો અધિક જેઠ માસ હોય તો આ ગંગાવતરણ મહોત્સવ તેજ મહિનામાં ઉજવવો. પરંતુ મૂળ જેઠ માસમાં ઉજવવો નહિ. આ દશમીના દિવસે ગંગાજીની લક્ષ્મીજીની મૂર્તિમાં ભાવના કરીને મોટા ઉપચારોથી પૂજા કરવી.[૩] પૂજા કરનારે દશની સંખ્યામાં પુષ્પો, ગંધ, નૈવેદ્ય, ફળો, દીપ, ધૂપ અને તાંબૂલથી શ્રદ્ધાપૂર્વક ગંગાજીની પૂજા કરવી.[૪] જો લક્ષ્મીજીની મૂર્તિ ન હોય

लक्ष्म्या मूर्तिर्न चेत्तर्हि हैमीं चारुचतुर्भुजाम् । चन्द्रश्वेतां च दधतीं कुम्भाम्भोजे वराभये ॥ ५
सितवस्त्रां सिताभूषां प्रसन्नरुचिराननाम् । गङ्गामूर्तिं विधायैव मध्याह्ने तां प्रपूजयेत् ॥ ६
गङ्गाविर्भावपद्यानि गेयान्यत्र महोत्सवे । पूजनान्ते च भुञ्जीत विधिरन्यस्तु नैत्यकः ॥ ७
ज्येष्ठे मासि भवेज्ज्येष्ठा यस्मिन्नर्कोदये दिने । तत्राभिषेकविधिना स्नापनीयो रमापतिः ॥ ८
जलैरुज्जवलपात्रस्थैर्निर्मलैश्च सचन्दनैः । शङ्खेन स्नापयेत्कृष्णं मन्त्रैर्वेदपुराणगैः ॥ ९
ततः पीतानि वासांसि धारयेद्रुक्मिणीपतिम् । उष्णीषं पाटलं चैव भूषा नानाविधा अपि ॥ १०
सूपं भक्तं पोलिकां च वटिकां क्वथिकां तथा । व्यञ्जनानि च नैवेद्ये यथालब्धान्युपाहरेत् ॥ ११
जलक्रीडनपद्यानि कृष्णस्यात्र च गापयेत् । भुञ्जीत पूजनान्ते च विधिरन्यस्तु नैत्यकः ॥ १२
आषाढशुक्ले नक्षत्रं पुष्यः सूर्योदये यदा । तदा साश्वो रथःस्थाप्यः कृष्णस्याग्रे स्वलंकृतः ॥ १३

---

તો સુવર્ણની ચતુર્ભુજ અને ચંદ્રમાજેવી શ્વેત ગંગાજીની મૂર્તિ કરાવવી. તેમાં જમણા ઉપરના હાથમાં કળશ અને નીચેના હાથમાં વરદાનની મુદ્રા રાખવી, અને ડાબા ઉપરના હાથમાં કમળનું પુષ્પ અને નીચેના હાથમાં અભયની મુદ્રા ધારણ કરાવવી.[૫] વળી તે શ્વેત વસ્ત્રને ને શ્વેત આભૂષણો ધારણ કરેલી ને મનોહર મુખવાળી ગંગાજીની મૂર્તિ તૈયાર કરાવવી. તેમનું બપોરના સમયે પૂજન કરવું.[૬] આ ઉત્સવમાં ગંગાવતરણના પદોનું ગાયન કરાવવું. પૂજાની સમાપ્તિ પછી જ ભોજન સ્વીકારવું. બાકીનો વિધિ સર્વ પૂર્વવત્ સામાન્ય વિધિ જાણવો.[૭]

**સ્નાનયાત્રા ઉત્સવ :–** હે પુત્રો ! જેઠમાસમાં જે દિવસે સૂર્યોદય સમયે જ્યેષ્ઠા નક્ષત્ર હોય તેજ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનને અભિષેક વિધિથી સ્નાન કરાવવું.[૮] તેમાં ઉજ્જવળ પાત્રમાં ભરેલા નિર્મળ ને ચંદનમિશ્રિત જળથી શંખવડે વૈદિક કે પૌરાણિક મંત્રોથી શ્રીકૃષ્ણ ભગવાનને સ્નાન કરાવવું.[૯] પછી રૂકમણી પતિને પીળાં વસ્ત્રો, લાલ પાઘ અને આભૂષણો ધારણ કરાવવાં. નૈવેદ્યમાં દાળ, ભાત, રોટલી, કઢી, વડા અને સમયાનુસાર પ્રાપ્ત થતા શાકો અર્પણ કરવાં.[૧૧] આ ઉત્સવમાં ભગવાનની જળક્રીડાના પદોનું ગાન કરાવવું ને પૂજાના અંતે ભોજન કરવું. બાકીનો વિધિ સર્વ સામાન્ય જાણવો.[૧૨]

**રથયાત્રા ઉત્સવ :–** હે પુત્રો ! અષાઢમાસમાં સુદ પક્ષમાં જે દિવસે સૂર્યોદય સમયે પુષ્યનક્ષત્ર હોય, તે દિવસે અશ્વે સહિત અલંકૃત કરેલો રથ ભગવાનની આગળ ઉત્તર સન્મુખ સ્થાપન કરવો.[૧૩] શ્રીપતિ શ્રીકૃષ્ણ ભગવાનને લાલ અને પીળાં વસ્ત્રો ધારણ કરાવવાં ને કેટલાક સુવર્ણના આયુધો ધારણ

वासांसि पीतरक्तानि धारयेद्भूषणानि च । परिमेयानि हेतीस्तु श्रीपतिं हेमनिर्मिताः ॥ १४
नैवेद्ये दधि भक्तं च शर्करां गुडलड्डुकान् । दधान्नीराजयित्वाथ बालकृष्णं रथे न्यसेत् ॥ १५
धृत्वा भोगांश्चतुर्वारं नीराज्योत्तारयेच्च तम् । गापयेद्रथयात्रां च विधिरन्यस्तु नैत्यकः ॥ १६
शुचौ मासि प्रतिपदि द्वितीयायां च वा तिथौ । वृषराशेश्चन्द्रबले स्थाप्या दोला स्वलंकृता ॥ १७
सायाह्ने प्रत्यहं कृष्णं बालं तत्र निधारयेत् । नीराजयित्वा द्वे नाड्यौ भक्त आन्दोलयेत्ततः ॥ १८
नभःकृष्णतृतीयायां नीराज्योत्तारयेच्च तम् । दोलाक्रीडान्वहं गेया विधिरन्यस्तु नैत्यकः ॥ १९
श्रावणे शुक्लपक्षे तु चतुर्थ्यां भौमवासरे । मध्याह्ने ब्रह्मणो नस्तो वराहो जज्ञ ईश्वरः ॥ २०
दिनद्वये तद्व्याप्त्यादौ चतुर्थ्येषा परा मता । वासुदेवं तत्र चार्चेद्वराहाभिधयाऽर्चकः ॥ २१
धारयेत्तत्र वासांसि कौसुम्भानि रमापतिम् । नैवेद्ये पायसं दद्याद्वटकांश्च विशेषतः ॥ २२

---

કરાવવાં.[૧૪] નૈવેદ્યમાં દહીં, ભાત, સાકર ને ગોળના લાડુ અર્પણ કરવા, રાજભોગની આરતી કરી પછી બાલશ્રીકૃષ્ણને રથ પર બેસાડવા. રથયાત્રાના પદોનું ગાયન કરવું.[૧૫] વચ્ચે ચાર વાર ભોગ ધરવો ને ચાર વાર આરતી ઉતારવી. ત્યારપછી રથ ઉપરથી ભગવાનને ઊતારી પોતાને સ્થાને વિરાજમાન કરવા. બાકીનો વિધિ સર્વ સામાન્ય જાણવો. તેમાં પૂજાના અંતે ભોજન કરવું તે પણ જાણવું. અને અષાઢ સુદ દેવપોઢીની એકાદશીના શયનોત્સવ ઉજવવો.[૧૬]

**માસિક હિંડોળા મહોત્સવ :–** હે પુત્રો ! અષાઢ માસના વદ પક્ષના પડવાના દિવસે કે બીજના દિવસે વૃષભ રાશિમાં ચંદ્રનું બળ હોય ત્યારે અલંકૃત કરેલો હિંડોળો સ્થાપન કરવો.[૧૭] એ હિંડોળામાં સાયંકાળે પ્રતિદિન શ્રીબાલકૃષ્ણને બિરાજમાન કરી આરતી ઉતારી બે ઘડી પર્યંત ઝૂલાવવા.[૧૮] એકમાસ પછી શ્રાવણવદ તૃતીયાના દિવસે છેલ્લે આરતી ઉતારી હિંડોળેથી ઉતારવા, એક માસ પર્યંત પ્રતિદિન હિંડોળાના પદોનું ગાન કરવું. બાકીનો પૂજાવિધિ સર્વ સામાન્ય જાણવો.[૧૯]

**શ્રી વરાહ જયંતિ ઉત્સવ :–** હે પુત્રો ! શ્રાવણ માસના સુદ પક્ષમાં ચતુર્થીના દિવસે મંગળવારે મધ્યાહ્નસમયે બ્રહ્માજીની નાસિકામાંથી વરાહ ભગવાનનો પ્રાદુર્ભાવ થયેલો છે.[૨૦] આ ચોથ બે દિવસ વ્યાપ્તિ હોય તો પણ બીજી જ ચોથ વરાહ ભગવાનની પૂજા માટે ગ્રહણ કરવી. પૂજારીએ તે દિવસે વરાહ ભગવાનના નામે શ્રીવાસુદેવ ભગવાનની પૂજા કરવી.[૨૧] ભગવાનને કસૂંબલ વસ્ત્રો ધારણ કરાવવાં. નૈવેદ્યમાં દૂધપાક ને વડાં વિશેષ પણે અર્પણ કરવાં.[૨૨] અને

वराहजन्मपद्यानि गापयेदत्र तूत्सवे । पूजापि महती कार्या पूजनान्ते च भोजनम् ॥ २३
अथवा कारयेद्धैमं वराहं शक्तितः पुमान् । नराङ्गं सूकरास्यं च मानक्पीनं सुभीषणम् ॥ २४
चतुर्बाहुं गदाचक्रशङ्खपद्मविराजितम् । स्तूयमानं मुनिगणैर्बद्धाञ्जलिभिराननतैः ॥ २५
श्रीर्वामकूर्परस्थाऽस्य धरानन्तौ पदानुगौ । कर्तव्यौ च ततः पूजां मध्याह्नेऽस्य समाचारेत् ॥ २६
श्रावणे शुक्लपक्षे तु स्वव्रतैकादशीदिने । द्वादश्यां वा भगवते पवित्रं तु समर्पयेत् ॥ २७
हैमं रौप्यं च वा क्षौमं कौशं कौशेयजं च वा । ब्राह्मण्या कर्तितैः सूत्रैर्निर्मितं वापि तच्छुभम् ॥ २८
तत्रोत्तमं पवित्रं तु षष्ट्या सह शतैस्त्रिभिः । सप्तस्या सहितं द्वाभ्यां शताभ्यां मध्यमं स्मृतम् ॥ २९
साशीतिना शतेनापि कनिष्ठं तत्समाचरेत् । साधारणपवित्राणि त्रिभिः सूत्रैः समाचरेत् ॥ ३०
उत्तमं तु शतग्रन्थि पञ्चाशद्ग्रन्थि मध्यमम् । कनिष्ठं तु पवित्रं स्यात्षड्त्रिंशद्ग्रन्थि शोभनम् ॥ ३१
अधमं नाभिमात्रं स्यादूरुमात्रं तु मध्यमम् । श्रेष्ठं तु तज्जानुमात्रं प्रतिमाया निगद्यते ॥ ३२

---

વરાહ ભગવાનના જન્મના પદોનું ગાયન કરાવવું અને મોટી પૂજા કરવી તેમજ પૂજાના અંતે ભોજન કરવું.[૨૩] હે પુત્રો ! જો પૂજા કરનારને વરાહ સ્વરૂપની જ પૂજા કરવી હોય તો પોતાની શક્તિ પ્રમાણે વરાહ ભગવાનની સુવર્ણની પ્રતિમા તૈયાર કરાવવી. તેમાં શરીર મનુષ્યનું અને મુખારવિંદ સૂકરનું કરવું. શરીર થોડું રૂષ્ટપૃષ્ટ કરવું ને મહાભયંકર જણાતું કરવું.[૨૪] ચાર ભુજાવાળા તેમને જમણા નીચેના હાથના ક્રમથી ગદા, ચક્ર, શંખ અને પદ્મ ધારણ કરાવી વિરાજમાન કરવા. બે હાથ જોડીને મુનિજનોથી સ્તુતિ કરતા તે વરાહ ભગવાનની ડાબી બાજુ ઉપરના ભાગે લક્ષ્મીજી બેસાડવાં, પૃથ્વી અને શેષનાગને તેમના ચરણના અનુયાયી બનાવવા. પછી મધ્યાહ્ન સમયે તેમની પૂજા કરવી.[૨૫-૨૬]

**પવિત્રાં અર્પણ ઉત્સવ :–** હે પુત્રો ! શ્રાવણ માસના સુદ પક્ષની વ્રતની એકાદશીના અથવા બારના દિવસે ભગવાનને પવિત્રાં અર્પણ કરવાં.[૨૭] તે પવિત્રાં સુવર્ણતંતુ, રજતતંતુ, શણના છીડાના તંતુ, દર્ભના તંતુ અને બ્રાહ્મણે કાતેલા સૂત્રથી તૈયાર કરેલાં સર્વોત્તમ મનાયેલા છે.[૨૮] તે પવિત્રાની મધ્યે જે પવિત્રું ત્રણસોને સાઠ તંતુથી બનાવેલું હોય તે પવિત્રોત્તમ કહેલું છે. બસોને સિત્તેર તંતુથી કરેલું પવિત્રું મધ્યમ અને એકસોને એંશી તંતુઓથી તૈયાર કરેલું પવિત્રું કનિષ્ઠ કહેલું છે. ત્રણ સુત્રોથી કરેલાં પવિત્રાં સાધારણ કહેલાં છે.[૨૯-૩૦] વળી સો ગ્રંથિવાળું શોભાયમાન પવિત્રું ઉત્તમ, પચાસ ગ્રંથિવાળું મધ્યમ અને છત્રીસ ગ્રંથિવાળું પવિત્રું કનિષ્ઠ કહેલું છે.[૩૧] વળી ત્રીજો ભેદ કે પ્રતિમાની નાભિપર્યંત આવતું પવિત્રું કનિષ્ઠ,

विशेष इह चैतावान्विधिरन्यत्तु नित्यवत् । पूजनादि प्रकुर्वीत कमलाराधिकापतेः ॥ ३३
कृष्णाष्टम्यां नभोमासे सुमत्यामजयात्प्रगे । उद्धवस्वामिनः साक्षात्प्रादुर्भावोऽभवद्भुवि ॥ ३४
अतोऽत्र स्वामिनो मूर्तिं हैमीं शक्त्या विनिर्मिताम् । पूजयेत्सर्वतोभद्रे महापूजाविधानतः ॥ ३५
मूर्तिः सा पीवरी कार्या द्विभुजा च सदंशुका । विशालचारुनयना प्रसन्नमुखपङ्कजा ॥ ३६
भक्तानुग्रहकृच्छान्ता करात्तजपमालिका । भक्तैश्चन्दनपुष्पाद्यैः पूजितातिमनोहरा ॥ ३७
स्वामिनो जन्मकर्माणि पूजाकाले तु गापयेत् । जन्माष्टम्युत्सवं कुर्यात्ततः स तु पुरोदितः ॥ ३८
इत्येते वार्षिकाः प्रोक्ताः श्रीविष्णोरुत्सवा मया । आवश्यकाः सुतौ ! नृणामुद्धवाध्वनि तिष्ठताम् ॥ ३९
एतेषु तत्तत्समये भूषानैवेद्यवाससाम् । भेदः पृथक्पृथक् प्रोक्तः स ज्ञेयः सति वैभवे ॥ ४०
देशकालधनादीमानुकूल्यं न यस्य तु । पुंसो भवेत्स तु स्वस्य कुर्याच्छक्त्यनुसारतः ॥ ४१

---

સાથળ સુધી આવતું પવિત્રું મધ્યમ અને જાનુપર્યંત આવતું પવિત્ર ઉત્તમ મનાયેલું છે.[૩૨] આ ઉત્સવમાં આટલો વિધિ જ વિશેષ છે બાકીનો કમલા અને રાધિકા પતિનો પૂજા આદિકનો વિધિ તો હમેશના પ્રમાણે જાણવો.[૩૩]

**શ્રીરામાનંદ સ્વામી પાદુર્ભાવોત્સવ :–** હે પુત્રો ! શ્રાવણ માસની વદ અષ્ટમી તિથિએ પ્રાતઃકાળે અજયવિપ્ર થકી સુમતિદેવીને ત્યાં સાક્ષાત્ ઉદ્ધવજીના અવતાર શ્રીરામાનંદ સ્વામીનો આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ થયો છે.[૩૪] તેથી પ્રાતઃકાળે પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણની નિર્માણ કરેલી રામાનંદ સ્વામીની મૂર્તિને સર્વતોભદ્રમંડળને વિષે સ્થાપન કરી મહાપૂજાના વિધિથી પૂજન કરવું.[૩૫] આ મૂર્તિ પુષ્ટ, દ્વિભુજ, શોભાયમાન વસ્ત્રો ધારણ કરેલી, કર્ણસુધી દીર્ઘ નેત્રોવાળી, પ્રસન્નમુખવાળી, ભક્તજનો પર અનુગ્રહ કરતી, શાંત, જમણા હાથમાં જપમાલાને ધારણ કરી રહેલી તેમજ ભક્તજનો દ્વારા ચંદન પુષ્પાદિક વડે પૂજા કરાયેલી, અતિશય મનોહર તૈયાર કરાવવી.[૩૬-૩૭] પૂજાના સમયે રામાનંદ સ્વામીના જન્મ કર્મોનું વર્ણન કરતાં પદોનું ગાન કરાવવું. પછી જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવો, અને તે ઉત્સવનો વિધિ મેં તમને પહેલેથી જ કહી દીધો છે.[૩૮]

હે પુત્રો ! ઉદ્ધવસંપ્રદાયને વિષે રહેલા મનુષ્યોને અવશ્યપણે ઉજવવા યોગ્ય શ્રીવિષ્ણુ ભગવાનના વાર્ષિક મહોત્સવોનો વિધિ મેં તમને કહ્યો.[૩૯] આ ઉત્સવોને વિષે તે તે સમયે આભૂષણ નૈવેદ્ય અને વસ્ત્રનો જે અલગ અલગ ભેદ કહ્યો, એ ભેદ પોતાના ધન સંપત્તિના વૈભવ અનુસાર જાણવો.[૪૦] જે પુરુષને દેશ, કાળ અને ધનાદિકની અનુકૂળતા ન હોય તે પુરુષને પૂજામાં પોતાની શક્તિ

सति वित्ते तु न क्वापि शाठ्यं कुर्वीत् पूरुषः । श्रीविष्णोरुत्सवेष्वेषु तत्प्रसन्नत्वहेतुषु ॥ ४२
उत्सवार्थं भगवत ऋणं कुर्वीत न क्वचित् । यतो भक्त्यर्पितेनासौ पत्रेणापि प्रतुष्यति ॥ ४३
स्थिरा वापि चला यस्य समीपे प्रतिमा भवेत् । स पूजयेत्स्वशक्त्या तां धर्मान्प्रोक्तान् समाचरन् ॥ ४४
अत्र या कथिता पूजा श्रीविष्णोरुत्सवेष्विह । तत्र मन्त्रास्तु विज्ञेयाः स्वाधिकारानुसारिणः ॥ ४५
कार्या द्विजातिभिः पूजा मन्त्रैर्वेदपुराणगैः । शूद्रैः स्त्रीभिश्च सा कार्या नाममन्त्रै रमापतेः ॥ ४६
अहिंसाब्रह्मचर्याद्याः पालनीयाः प्रयत्नतः । व्रताङ्गभूता नियमाः सर्वेष्वपि व्रतेष्विह ॥ ४७
इत्थं भुवि करिष्यन्ति वैष्णवा ये तु मानवाः । तेऽतिप्रिया रमाभर्तुः प्राप्स्यन्त्येव हि तत्पदम् ॥ ४८

**सुव्रत उवाच –**

इत्थं निशम्य भगवद्गदितं यथावत्संवत्सरोत्सवविधिं विदिताखिलार्थौ ।
तौ भ्रातरौ नरपते ! मुदितावभूतां तद्वच्च तं विदधतुः स्म तथाऽऽहतुः स्वान् ॥ ४९

---

અનુસાર ભૂષણાદિકનું અર્પણ કરવું.[૪૧] જો ધન સંપત્તિનો યોગ હોય તો પૂજા કરનારે ભગવાનની પ્રસન્નતાને માટે આ કહેલા તેમના ઉત્સવોમાં ધન વાપરવાની ક્યારેય પણ કંજૂસાઈ ન કરવી.[૪૨] તેમજ ભગવાનના ઉત્સવો ઉજવવામાં ક્યારેય પણ કરજ ન કરવું, કારણ કે શક્તિ પ્રમાણે ભક્તિભાવની સાથે અર્પણ કરેલા એક પત્રથી પણ ભગવાન રાજી થઈ જાય છે.[૪૩]

હે પુત્રો ! જે ભક્તની પાસે ભગવાનની અચળ કે ચળ મૂર્તિ હોય તેમણે પૂર્વે કહેલા ધર્મોનું આચરણ કરી, તે મૂર્તિનું પોતાની શક્તિ અનુસાર પૂજન કરવું.[૪૪] આ ઉત્સવમાં જે જે વિષ્ણુ ભગવાનના ઉત્સવોને વિષે પૂજા કરવાનું કહ્યું, તે તેમની પૂજાના મંત્રો પણ પોતે પોતાના અધિકારને અનુસારે જાણવા.[૪૫] તેમાં બ્રાહ્મણાદિ ત્રણ વર્ણના ભક્તજનોએ રમાપતિ ભગવાનની પૂજા વેદોક્ત કે પુરાણોક્ત મંત્રોથી કરવી. અને શૂદ્ર તથા સ્ત્રીઓએ નામમંત્રથી પૂજા કરવી.[૪૬] આ સર્વે ઉત્સવોમાં અહિંસા, બ્રહ્મચર્ય આદિક વ્રતના અંગભૂત જે જે નિયમો કહેલાં છે તે સર્વે નિયમો દરેક વ્રત અને ઉત્સવને વિષે પ્રયત્નપૂર્વક પાળવાં.[૪૭] હે પુત્રો ! આ પૃથ્વી પર જે વૈષ્ણવો મેં કહ્યું એ પ્રમાણે વર્તીને વ્રતો તથા ઉત્સવોનું આચરણ કરશે, તે મનુષ્યો રમાપતિ શ્રીકૃષ્ણ ભગવાનને અતિશય પ્રિય થશે. અને તેના પરમપદ ધામને પ્રાપ્ત કરશે. તેમાં કોઈ સંશય નથી.[૪૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલો વાર્ષિક વ્રતો તથા ઉત્સવાના વિધિ યથાર્થપણે શ્રવણ કરી, ભગવાન શ્રીહરિના

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे वार्षिकव्रतोत्सवविधौ ज्येष्ठाषाढश्रावणोत्सवविधि निरूपणनामैकषष्टितमोऽध्यायः ॥ ६१*

---

**द्विषष्टितमोऽध्यायः**

**सुव्रत उवाच —**

अथैकदा तमासीनं कृतनित्यविधिं हरिम् । नत्वा पप्रच्छ गोपालानन्दो मुनिरुदारधीः ॥ १

**गोपालानन्द उवाच —**

श्रोतुमिच्छाम्यहं स्वामिन् ! साधूनां त्यागिनां हि नः । त्वदाश्रितानां सर्वेषां धर्मानिह सविस्तरम् ॥ २

**सुव्रत उवाच —**

इत्थं जिज्ञासुना धर्मांस्तेन पृष्टः स सत्पतिः । प्रसन्न कथयामास त्यागिधर्मानशेपतः ॥ ३

---

સમગ્ર અભિપ્રાયને જાણી, બન્ને આચાર્યો અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી બહુજ પ્રસન્ન થયા, ને તે પ્રમાણે જ તેનું અનુસરણ કરવા લાગ્યા. તથા તેજ પ્રમાણે પોતાના શિષ્યોને ઉપદેશ કરવા લાગ્યા.[૪૯]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં વાર્ષિક વ્રતો તથા ઉત્સવોનું નિરૂપણ કરતાં ભગવાન શ્રીહરિએ જેઠ, અષાઢ અને શ્રાવણ માસના ઉત્સવોનું નિરૂપણ કર્યું, એ નામે એકસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૧--**

---

## અધ્યાય - ૬૨

## ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નથી શ્રીહરિએ કહેલું સાધુના પંચવર્તમાનરૂપ ધર્મામૃત.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! એક સમયે પોતાનો નિત્યવિધિ કરી આસન ઉપર વિરાજમાન થયેલા ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી ઉદાર બુદ્ધિવાળા ગોપાળાનંદ સ્વામી પૂછવા લાગ્યા.[૧] હે સ્વામિન્ ! ઉદ્ધવસંપ્રદાયમાં તમારા આશ્રિત અમે સર્વે ત્યાગી સાધુઓ છીએ, તેમના ધર્મોને હું વિસ્તારથી સાંભળવા ઈચ્છું છું. તે મને કૃપા કરીને કહો.[૨] આ પ્રમાણે ત્યાગી સાધુઓના ધર્મો જાણવાની ઈચ્છાવાળા ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું ત્યારે સંતપતિ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થઈ તેમને

श्री नारायणमुनिरुवाच –

त्यागिनां मच्छ्रितानां ते धर्मान्वच्मि मुने ! शृणु । सम्प्रदायानुसारेण यथाशास्त्रं हिताय वः ॥ ४
त्यागिनां परमो धर्मः श्रीकृष्णेऽखिलकारणे । भक्तिरेकान्तिकी नित्यं तन्माहात्म्यावबोधयुक् ॥ ५
अधर्मवंश्या दोषास्तु प्रत्यूहाः सन्ति तत्र हि । धर्मवंश्यैर्गुणैर्जित्वा तान्सा कार्याऽत्र साधुभिः ॥ ६
पञ्चैवावश्यजेतव्याः सन्ति दोषेषु तेष्वपि । जितेषु येषु सर्वे ते जिताः स्युर्नात्र संशयः ॥ ७
लोभः कामो रसास्वादः स्नेहो मानश्च पञ्चमः । अन्तः शत्रव एते हि दुर्जेया विदुषामपि ॥ ८
सर्वदोषाकारा ह्येते भवन्तीति प्रयत्नतः । विजेतव्याः सावधानैस्त्यागवद्भिर्मुमुक्षुभिः ॥ ९
एकैकसंश्रिता दोषा दर्शयन्तेऽथ पृथक्पृथक् । जये तेषामुपाया ये साध्याः सौख्येन तेऽपि च ॥ १०
तत्राधर्मान्ववायस्था दोषा ये लोभसंश्रिताः । आदितस्ते निरूप्यन्ते हातव्या निखिला अपि ॥ ११

---

સમગ્ર ધર્મો કહેવા લાગ્યા.[૩] શ્રીનારાયણમુનિ કહે છે, હે ગોપાળાનંદ મુનિ ! મારા આશ્રિત તમે સર્વે ત્યાગી સાધુઓના ધર્મો તમારા સર્વેના હિતને માટે આપણા ઉદ્ધવસંપ્રદાયને અનુસારે જેમ શાસ્ત્રમાં છે તેમ હું તમને કહું છું. તેને તમે સાંભળો.[૪] હે મુનિ ! સર્વના કારણ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તેમના માહાત્મ્યજ્ઞાને સહિત નિરંતર એકાંતિકી ભક્તિ કરવી, તેજ ત્યાગી સાધુઓનો પરમ ધર્મ છે.[૫] અધર્મમાંથી ઉત્પન્ન થયેલા લોભ, કામાદિક દોષો નિશ્ચય તે ભક્તિને વિષે વિઘ્નરૂપ છે માટે ધર્મથકી ઉત્પન્ન થયેલા નિર્લોભ, નિષ્કામાદિક ગુણે કરીને તે દોષોને જીતીને આ લોકને વિષે ત્યાગી સાધુઓએ ભક્તિ કરવી.[૬]

હે મુનિ ! અધર્મસર્ગના દોષોમાંથી મુખ્ય પાંચ દોષો તો અવશ્યપણે જીતવાના છે. તે પાંચ દોષોને જીતવાથી અધર્મસર્ગના સર્વે દોષો જીતાય છે, તેમાં કોઈ સંશય નથી.[૭] હવે તે પાંચ દોષોને કહું છું. એક તો લોભ, બીજો કામ, ત્રીજો રસાસ્વાદ ચોથો સ્નેહ અને પાંચમો દોષ માન. તે જીવના અંતરશત્રુ છે, અને વિદ્વાનોને પણ જીતવા અતિશય કઠણ છે.[૮] તે માટે સર્વ દોષોમાત્રની ખાણરૂપ અર્થાત્ ઉત્પત્તિના કારણ અને આધાર એવા એ પાંચ દોષોને મોક્ષની ઈચ્છાવાળા ત્યાગી સાધુઓએ સાવધાન થઈને અતિશય પ્રયત્નપૂર્વક જીતવા.[૯] એ લોભાદિ પાંચ દોષોમાના એક એક દોષમાં રહેલા બીજા દોષોને નોખા નોખા કરીને કહીએ છીએ, અને તેમને જીતવાના ઉપાય પણ નોખા નોખા કહી દેખાડીએ છીએ, તે ઉપાયો સુખે પળાય એવા છે.[૧૦]

**નિર્લોભી વર્તમાન :–** એ પાંચમાંથી લોભને આશરે રહેલા દોષો

लोभनिष्ठाः सन्ति दोषा महान्तो निरयप्रदाः । अधिष्ठानं हि पापस्य लोभश्चाघप्रवर्तकः ॥ १२
लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रवर्तते । लोभान्मोहश्च माया च मानश्च परतन्त्रता ॥ १३
स्वकन्यादेर्विक्रयश्च नीचस्यापि गृहे नृणाम् । लोभेनैव हि वित्तादेर्मनुष्यस्य च विक्रयः ॥ १४
अक्षमा ह्रीपरित्यागः श्रीनाशो धर्मसङ्क्षयः । चिन्ताऽपकीर्तिर्दम्भश्च द्रोहो निन्दा च मत्सरः ॥ १५
अत्यागश्चातितर्पश्च विकत्थाऽकार्यकारिता । अविश्वासस्तथा चौर्यं परदाराभिमर्शनम् ॥ १६
दैन्यसाहसयोर्वेगो मृत्युवेगश्च दारुणः । ईर्ष्यावेगश्च बलवान्मिथ्यावेगश्च दुर्जयः ॥ १७
रसवेगश्च दुर्वार्यः सर्वं लोभात्प्रवर्तते । तस्मात्सर्वाणि पापानि लोभमूलानि निश्चितम् ॥ १८
सतां समागमेनैतान्दोषान् लोभगतान्हृदि । स्वार्थघ्नानिति निश्चित्य त्यजेल्लोभं विचक्षणः ॥ १९

---

પ્રથમ કહીએ છીએ. તે સર્વે દોષો અત્યંત ત્યાગ કરવા યોગ્ય છે.[૧૧] લોભને વિષે જે મોટા મોટા દોષો રહેલા છે તે જીવને નરક પમાડનારા છે. લોભ છે એજ પાપનો પિતા છે. અને સર્વ પાપને પ્રવર્તાવનારો છે.[૧૨] લોભથી ક્રોધ ઉપજે, કામ પ્રવર્તે તથા લોભથી જ મોહ, કપટ, અભિમાન અને પરાધીનતા પણ થાય છે.[૧૩] મનુષ્યો ધનાદિક પદાર્થના લોભે કરીને પોતાની દીકરી, પોતાની બહેન અથવા બીજી કોઈ પણ સંબંધીની દીકરી હોય તો તેને પણ નીચના ઘેર વહેંચે છે. ધનાદિક પદાર્થના લોભે કરીને માણસને પણ વહેંચે છે.[૧૪] લોભે કરીને ક્ષમા થાતી નથી અને લજ્જાનો પણ ત્યાગ કરાય છે. લોભથી શોભાનો પણ નાશ થાય છે, અને અધર્મનો અતિશય ક્ષય થાય છે. અનેક પ્રકારની ચિંતા અને અપકીર્તિ પણ લોભથી જ થાય છે. મિથ્યા આડંબર, જીવપ્રાણીમાત્રનો દ્રોહ, બીજાની નિંદા તથા મત્સર કહેતાં બીજાનો ઉત્કર્ષ સહન ન થવો, તે પણ લોભથી જ થાય છે.[૧૫] લોભે કરીને પદાર્થનો ત્યાગ થતો નથી. તૃષ્ણા અતિશય વધે છે. અને પોતાના ખોટા વખાણ કરાય છે. તથા ન કરવા જેવું કાર્ય લોભથી મનુષ્ય કરે છે. અવિશ્વાસ, ધનાદિકની ચોરી તથા પરસ્ત્રીનો સંગ પણ લોભથી થાય છે.[૧૬]

લોભે કરીને અતિશય દીનપણાનો તથા વિચાર્યા વિના તત્કાળ ક્રિયા કરી નાખવાનો વેગ થઈ જાય છે. ભયંકર મૃત્યુનો વેગ અર્થાત્ ઘણાક માણસ મરાઈ જાય એવી ક્રિયા લોભથી થઈ જાય છે. બળવાન ઈર્ષ્યાનો વેગ થાય છે. દુર્જય મિથ્યાપણાનો વેગ પણ લોભથી પ્રવર્તે છે. અર્થાત્ કેવળ અસત્ય જ બોલાય છે.[૧૭] કોઈ રીતે અટકાવી ન શકાય તેવો રસનો વેગ તે પણ લોભથી પ્રવર્તે છે. અને બીજા સર્વે દેષો લોભથી ફેલાય છે. માટે નિશ્ચય સર્વે પાપનું મૂળ કારણ લોભ

जनको युवनाश्वश्च वृषादर्भिमुखा नृपाः । लोभक्षयात्परं सौख्यं प्रापुस्तत्त्याज्य एव सः ॥ २०
लोभेनैकेन सर्वेऽपि शास्त्रज्ञत्वादयो गुणाः । दोषायन्ते हि विदुषां सुधीस्तं कथमाश्रयेत् ॥ २१
ईदृग्विधोऽप्यसौ लोभो यैरुपायैः समाश्रितैः । जीयेत त्यागिभिस्तेऽथ कथ्यन्ते शिष्टसम्मताः ॥ २२
क्रियते वस्तुनो यस्य लोभस्तत्खलु नश्वरम् । यदर्थं क्रियते तच्च शरीरं क्षणभंगुरम् ॥ २३
देहद्रव्याद्यसत्त्वेऽपि लोभात्कर्माणि यानि तु । करोति तानि सत्यानि जायन्ते देहिनः खलु ॥ २४
ततस्तैः कर्मभिर्नानानरकान्प्रतिपद्यते । श्वशूकरादियोनीश्च प्राप्नोत्येव पुनः पुनः ॥ २५
श्रोत्रप्रियग्राम्यवार्ताश्रुतौ लुब्धोऽपि नो भवेत् । स्त्रीबालसूक्ष्मवस्त्रादिस्पर्शे लुब्धो भवेन्न च ॥ २६
स्त्रीस्वर्णभूषासद्वस्त्रसौधवाटीगवादिके । चक्षुःप्रियपदार्थे च नैव लुब्धो भवेत्क्वचित् ॥ २७

છે.[૧૮] લોભને વિષે રહેલા સર્વે દોષો પોતાના મોક્ષરૂપ સ્વાર્થનો નાશ કરનારા છે, એવી રીતે સંતોનો સમાગમ કરીને પોતાના હૃદયમાં નિશ્ચય કરીને બુદ્ધિમાન મનુષ્યો લોભને જીતે.[૧૯] જનકરાજા, યુવનાશ્વરાજા, વૃષાદર્ભિરાજા એ આદિક કેટલાક રાજાઓ લોભનો ત્યાગ કરી પરમ સુખને પામ્યા છે.[૨૦] તે માટે મોક્ષની ઈચ્છાવાળાને લોભ નિશ્ચય ત્યાગ કરવા યોગ્ય છે. સત્શાસ્ત્રનું જ્ઞાન તથા બીજા અનેક સદ્‌ગુણો એક લોભે કરીને દોષ જેવા થઈ જાય છે. એવા લોભને રૂડી બુદ્ધિવાળો પુરુષ કેમ આશરે ? ન જ આશરે.[૨૧]

**લોભને જીતવાના ઉપાય :–** હવે એવા લોભને અમારા ત્યાગી સાધુઓ જે ઉપાયોનો આશ્રય કરીને જીતે, તે ઉપાયો કહીએ છીએ. તે ઉપાયોને મોટા સાધુ પુરુષોએ માન્ય કરેલો છે.[૨૨] હે મુનિ ! જીવ જે પદાર્થનો લોભ કરે છે તે પદાર્થ નિશ્ચય નાશવંત છે અને જે શરીરનાં સુખને અર્થે લોભ કરે છે, તે શરીર પણ ક્ષણમાં નાશ પામી જાય તેવું છે.[૨૩] આ રીતે દેહ અને દ્રવ્યાદિકનું અસત્યપણું છે તો પણ જીવ લોભથી જે પાપ કરે છે, તે પાપકર્મ નિશ્ચય એ જીવને સાચા થઈને વળગે છે.[૨૪] તે પાપકર્મને લીધે નાના પ્રકારના નરકને પામે છે, તથા શ્વાન અને શૂકર આદિક નાના પ્રકારના ભૂંડા અવતારને નિશ્ચય વારંવાર પામે છે.[૨૫]

માટે ત્યાગી સાધુઓ કાનને પ્રિય લાગે એવી ગ્રામ્ય વાર્તા સાંભળવા લોભાય નહિ, અને સ્ત્રી તથા દાઢી-મૂછ ન ઉગી હોય એવા નાનાં બાળકો તથા સૂક્ષ્મવસ્ત્ર એ આદિક પદાર્થનો ત્વચાએ કરીને સ્પર્શ કરવા લોભાય નહિ.[૨૬] સ્ત્રી, સુવર્ણના આભૂષણો, સારાં સારાં વસ્ત્રો, સુંદર ભારે હવેલી, સુંદર ફૂલવાડી, બાગ, બગીચા, અને સુંદર રૂપાળી ગાય, ઘોડો, ઘોડી, બળદ આદિક જે નેત્ર ઈન્દ્રિયને પ્રિય લાગે

जिह्वाप्रिये च भक्ष्यादौ नानाविधरसान्विते । नैव लुब्धो भवेत्क्वापि दोषदृष्ट्या विचक्षणः ॥ २८
सुगन्धितैलकुसुमचन्दनादौ च कर्हिचित् । घ्राणप्रिये पदार्थेऽपि लुब्धः स्यान्नैव बुद्धिमान् ॥ २९
पञ्चेन्द्रियाणामेवं वै रमणीयेषु पञ्चसु । विषयेषु न लोब्धव्यमिन्द्रियक्षोभकर्तृषु ॥ ३०
पुमानिन्द्रियवृत्तीर्यो विषयेभ्योऽपकर्षति । अनासक्तः स तु बुधैर्जितेन्द्रिय इतीर्यते ॥ ३१
पञ्चेन्द्रियाण्यपि सदा मनः खल्वनुवर्तते । एतान्याश्रित्य लोभाद्याः शत्रवः पीडयन्ति च ॥ ३२
अरयः स्वेन्द्रियाण्येव त्यागिनां सन्ति निश्चितम् । विजेतव्यानि यत्नेन तान्येवातो मुमुक्षुभिः ॥ ३३
जितेन्द्रियाणां सङ्गेन हर्युपासनया तथा । नित्यं च सद्विचारेण जीयन्ते ते मुमुक्षुभिः ॥ ३४
प्रारब्धनिर्मितं यत्तदवश्यं सर्वदेहिभिः । प्राप्यते तद्वृथा क्लेशो न कार्यो देहपुष्टये ॥ ३५

---

એવા પદાર્થોને વિષે ક્યારેય પણ લોભાય નહિ.[૨૭] તેવી જ રીતે નાના પ્રકારના ખાટા, ખારા, તીખા, ગળ્યા, ચીકણા આદિક રસે યુક્ત એવા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારના જીહ્વા ઈન્દ્રિયને પ્રિય લાગે એવા પદાર્થોમાં દોષ દૃષ્ટિએ કરીને બુદ્ધિમાન ત્યાગી સાધુ ક્યારેય લોભાય નહિ.[૨૮] વળી સુગંધીમાન ફુલેલ તેલ, નાના પ્રકારનાં અત્તર, નાના પ્રકારનાં પુષ્પ, નાના પ્રકારનું ચંદન એ આદિક નાસિકા ઈન્દ્રિયને પ્રિય લાગે એવાં પદાર્થોમાં બુદ્ધિમાન ત્યાગી સાધુ ક્યારેય લોભાય નહિ.[૨૯] એવી રીતે રમણીય અને ઈન્દ્રિયોને ક્ષોભ કરનારા એવા જે પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયોમાં ત્યાગી સાધુએ ક્યારેય પણ લોભાવું નહિ.[૩૦] વિષયને વિષે આસક્તિએ રહિત એવો જે ત્યાગી સાધુ, તે પાંચ ઈન્દ્રિયોની વૃત્તિઓ જે સ્વભાવિકપણે પોતપોતાના વિષયોમાં જાય છે. તેને તે તે વિષયમાંથી ખેંચીને પાછી વાળી લે છે. તે સાધુને વિવેકીઓ જીતેન્દ્રિય કહે છે.[૩૧]

પાંચે ઈન્દ્રિયો પોતે પોતાના વિષયને વિષે પ્રવર્તતી હોય તેને મન પણ નિશ્ચય અનુસરે છે. એવી રીતે પાંચે ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેનો આશ્રય કરી લોભાદિક પાંચ શત્રુઓ જીવને પીડે છે.[૩૨] ત્યાગી સાધુઓને પોતાની પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેજ નક્કી શત્રુ છે. માટે મોક્ષને ઈચ્છનાર ત્યાગી સાધુએ પ્રયત્ને કરીને પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેમને વિશેષપણે કરીને જીતવાં.[૩૩] હે મુનિ ! પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન જેમણે જીતેલાં છે, એવાં સાધુઓનો મન કર્મ વચને સંગ કરવો. માહાત્મ્યજ્ઞાને યુક્ત ભગવાનની ઉપાસના ભક્તિ કરવી અને નિત્યે સદ્વિચાર કરવો, એ ત્રણ સાધને કરીને મુમુક્ષુઓ મન અને ઈન્દ્રિયોરૂપ શત્રુને જીતે છે.[૩૪] તે સદ્વિચાર આવી રીતે કરવો કે, પદાર્થ પામવાનું પોતાના પ્રારબ્ધાનુસાર

अन्नवस्त्रादिना स्वस्य निर्वाहो यावता भवेत् । यतेत तावतः प्राप्त्यै वपुर्यद्धर्मसाधनम् ॥ ३६
यत्नोऽपि त्यागिना कार्यो वर्त्मनानेन नान्यथा । स्वैरवृत्त्या तु नरकान्स प्राप्नोति न संशयः ॥ ३७
षष्मासविधृतैर्जीर्णैर्गृहस्थाद्याचितैः सितैः । एका शीतहरा कन्था वस्त्रखण्डैर्विनिर्मिता ॥ ३८
कौपीनयुगलं द्वे च तदाच्छादनवाससी । एका च प्रच्छदपटी वस्त्रखण्डोऽम्बुगालनः ॥ ३९
कर्णावधिः शिरष्टोपी चतुरस्रः शिरःपटः । एतान्ययाचितप्राप्तैर्निर्मितान्यंशुकैर्नवैः ॥ ४०
पाकाय परिधानार्थमेक और्णः पटस्तथा । स्नातस्य शीतहर्त्र्येका जीर्णोर्णा नूतनाऽथवा ॥ ४१
वस्त्रसङ्ग्रह एतावांस्त्यागिनस्तु हितावहः । तत्रोर्णान्यानि तूक्तानि कार्पासान्यंशुकानि वै ॥ ४२

ઈશ્વરે નિર્માણ કર્યું છે, તે પદાર્થને સર્વે જીવપ્રાણી અવશ્ય પામે છે. તે માટે દેહની પુષ્ટિને અર્થે પદાર્થની પ્રાપ્તિ સારૂં વૃથા કલેશ ન કરવો.[૩૫] જેટલાં અન્નવસ્ત્રાદિક પદાર્થે કરીને પોતાના દેહનો નિર્વાહ થાય તેટલા પદાર્થની પ્રાપ્તિને અર્થે ત્યાગી સાધુ યત્ન કરે, કારણ કે દેહ, ધર્મ પાળવાનું સાધન છે. અર્થાત્ મનુષ્ય દેહે કરીને ધર્મ પળાય છે.[૩૬] દેહ નિર્વાહને અર્થે યત્ન કરવો તે પણ અમે કહીશું એવો જે માર્ગ તેણે કરીને કરવો, પણ બીજી રીતે ન કરવો, કારણ કે પોતાના મનમાં આવે તેવી રીતે પોતાનો દેહ નિર્વાહ કરનાર ત્યાગી સાધુ તો નરકને પામે છે, એમાં સંશય નથી.[૩૭]

**સાધુને રાખવાના વસ્ત્રોનું નિરૂપણ :–** હે મુનિ ! છ મહિના સુધી ગૃહસ્થે પહેર્યાં ઓઢ્યાં ને જુનાં થયેલાં અને ગૃહસ્થ પાસેથી માગી લીધેલાં એવાં ધોળા વસ્ત્રોના ટુકડા વડે કરેલી અને ટાઢને ટાળે એવી એક કંથા રાખવી.[૩૮] બે કૌપીન રાખવી. તે કૌપીન ઉપર પહેરવાના બે બહિર્વાસ તે ધોતીયાં રાખવાં. એક પછેડી રાખવી, અને જળ ગાળવાનો એક વસ્ત્રનો કટકો રાખવો.[૩૯] કાન ઢંકાય એવી એક માથે ધારવાની ટોપી રાખવી. તે ટોપી ઉપર માથે બાંધવાનો ચોખંડો એક રૂમાલ રાખવો. કૌપીનથી રૂમાલ સુધી જે વસ્ત્ર રાખવાનાં કહ્યાં, તે વસ્ત્ર ગૃહસ્થ પાસેથી માગ્યા વિના ગૃહસ્થે પોતાની મેળે આપેલાં નવા વસ્ત્રનાં કરવાં.[૪૦] રસોઇ કરતી વખતે પહેરવાને અર્થે કામળીનું એક ફાળિયું રાખવું, નાહેલાની ટાઢ હરે એવી એક કામળી જુની અથવા નવી રાખવી.[૪૧] હે મુનિ ! ત્યાગી સાધુઓ આ કહ્યું તેવાજ વસ્ત્રો રાખે તો તેમના જીવનું હિત થાય અને તેથી અધિક રાખે તો ભૂંડું થાય. કામળી સિવાયનાં બીજાં વસ્ત્રો સુતરાઉ રાખવાં પણ હીરાગળ ન રાખવાં.[૪૨] એ વસ્ત્રો થોડા મૂલ્યવાળાં, જાડા અને ધોળાં હોય, સોના કે રૂપા આદિક

एतान्यप्यल्पमूल्यानि स्थूलानि च सितानि च । धातुसूत्रविहीनानि ग्राह्याण्यावश्यके सति ॥ ४३
सूक्ष्माणि च सधातूनि श्वेतवर्णेतराणि च । दीयमानान्यपि त्यागी न गृह्णीयात्कदाचन ॥ ४४
याञ्चां विनेच्छयाऽन्येषामलाभे नूत्नवाससः । यावदर्थे जीर्णवासो याचेत्तेन न दोषभाक् ॥ ४५
वस्त्राणि तान्यरुणयारञ्जितान्येव मृत्स्नया । त्यागिना धारणीयानि न तु श्वेतानि कर्हिचित् ॥ ४६
श्रीकृष्णार्चोपकरणं भवेदावश्यकं तु यत् । तच्च स्नपनपात्रादि त्यागी रक्षेदधातुकम् ॥ ४७
सच्छास्त्रपुस्तकं तस्य लेखोपकरणानि च । यथोपयुक्तमेवासौ त्यागी रक्षेन्न चाधिकम् ॥ ४८
काष्ठजं तुम्बिका वापि तेन पानीयपात्रकम् । तथाविधं भुक्तिपात्रमुमे ग्राह्ये अरञ्जिते ॥ ४९
त्यागी नैव च कुर्वीत सर्वथा वित्तसंग्रहम् । स्वसत्ताकं च तत्कृत्वा परेणापि परेणापि न रक्षयेत् ॥ ५०
येन येन पदार्थेन वस्त्रपात्रगवादिना । उत्पद्येत धनं तं तं सङ्गृह्णीयान्न वै क्वचित् ॥ ५१

---

ધાતુના તાર વિનાનાં હોય, તેવાં રાખવાં.[૪૩] પ્રથમનું વસ્ત્ર જુનું થઈને ફાટી જાય, કોઈ ચોર લઈ જાય, અથવા ખોવાઈ જાય ત્યારે તે વસ્ત્ર બીજું રાખવું. ઝીણાં તથા સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત તથા રાતાં, પીળાં તથા સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત તથા રાતાંપીળાં તથા ચિત્રવિચિત્ર રંગવાળાં વસ્ત્રો ગૃહસ્થ આપે તો પણ તેને ત્યાગી સાધુ ક્યારેય ગ્રહણ ન કરે.[૪૪]

અને પોતાને રાખવાનાં ધોતીયાં પછેડી આદિક નવાં વસ્ત્ર તે જો માગ્યા વિના ગૃહસ્થ પોતાની જાણ્યે ન આપે તો પોતાને અવશ્ય જોઈતું હોય તેટલું જુનું વસ્ત્ર, છ મહિનાનું ઓઢેલું હોય તે માગી લેવું, તેનો ત્યાગી સાધુને દોષ નથી.[૪૫] પોતાને પહેરવા ઓઢવાનાં વસ્ત્રોને રાતી મૃતિકાએ રંગીને ત્યાગી સાધુઓએ ધારવાં. રંગ્યા વિનાનાં ધોળાં વસ્ત્રો ક્યારેય પણ ન ધારવાં.[૪૬] શ્રીકૃષ્ણ ભગવાનની પૂજાના ઉપયોગમાં અવશ્ય જોઈએ એવાં ભગવાનને સ્નાન કરાવવાનાં પાત્ર, ચંદન ઉતારવાનાં પાત્ર, ઈત્યાદિ પૂજાની સામગ્રીનાં પાત્ર તે તાંબુ, પિત્તળ આદિક ધાતુનાં ન હોય તેવાં રાખવાં, અર્થાત્ કાષ્ટાદિકનાં રાખવાં.[૪૭] પોતાના ઉપયોગનું સત્શાસ્ત્રનું પુસ્તક ત્યાગી સાધુ રાખે, પુસ્તક લખાવવાનાં ઉપકારક ખડિયો, પાટી, કલમ, ચપ્પુ, કાતર આદિક સામગ્રી પોતાના ઉપયોગમાં આવે તેટલી જ રાખે પણ તેથી અધિક ન રાખે.[૪૮] ત્યાગી સાધુએ પાણી પીવાનું પાત્ર કાષ્ટનું રાખવું, અથવા તુંબડાંનું રાખવું. પાણી પીવાનું અને ભોજન કરવાનું પાત્ર રંગ્યા વિનાનું રાખવું.[૪૯] ત્યાગી સાધુ કોઈ રીતે ધનનો સંગ્રહ તો કરે જ નહિ. તે ધનને બીજા પાસે પોતાનું કરી કોઈ રીતે રખાવે નહિ.[૫૦] વસ્ત્ર, પાત્ર, ગાય, ભેંસ, ઘોડી, બળદ એ આદિક જે જે

चौर्यं कुर्यान्न च त्यागी कारयेन्नैव कर्हिचित् । चौरैः सह वसेन्नैव न रक्षेत्स्वाश्रमे च तान् ॥ ५२
फलं पुष्पं च धान्यादि यद्यत्सखामिकं भवेत् । अयाचितं न तद्ग्राह्यं त्यागिना पापभीरुणा ॥ ५३
क्षेत्रं च वाटिकां वापि न कुर्यात्कारयेन्न च । निःक्षेपं च परस्यापि न रक्षेत्सर्वथा धनम् ॥ ५४
प्रोक्तेषु नियमेष्वेषु यदि स्यात्कस्यचित्र्युतिः । तर्हि तस्य विधातव्यं त्यागिना निष्कृतं द्रुतम् ॥ ५५
कृतं स्यात्स्वेन यत्किञ्चिद्दुष्कृतं लघु वा महत् । वाच्यं त्रिचतुराणां तत्पुरतो महतां सताम् ॥ ५६
ततस्ते निषकृतं ब्रूयुः स्वपापस्य यथा तथा । आचरेत्प्रयतस्त्यागी देशकालानुसारतः ॥ ५७
उक्ताधिकांशुकादाने नूत्नवस्त्रस्य याचने । सधातुसूक्ष्मश्वेतान्यवहुमूल्यांशुकग्रहे ॥ ५८

---

પદાર્થે કરીને ધન ઉપજે, તે તે પદાર્થ ત્યાગી સાધુ ક્યારેય પણ પોતાની પાસે રાખે નહિ, અને બીજા પાસે રખાવે નહિ.[૫૧]

ત્યાગી સાધુ ક્યારેય પણ કોઈ પદાર્થની ચોરી પોતે ન કરે, બીજા પાસે પણ ન કરાવે. ચોરની સંગાથે નિવાસ ન કરે, અને ચોરને પોતાના આશ્રમમાં ન રાખે.[૫૨] પારકું પદાર્થ માગ્યા વિના લેવાના પાપથી ભય પામવાના સ્વભાવવાળા ત્યાગી સાધુએ ફળ, પુષ્પ, અન્ન, તૃણ, કાષ્ટ, દાતણ, મૃતિકા અને પત્ર એ આદિક જે જે પદાર્થ ધણિયાતું હોય તે પદાર્થ માગ્યા વિના ગ્રહણ કરવું નહિ.[૫૩] ત્યાગી સાધુ પોતાને અર્થે ખેતર, વાડી, આદિક કરે નહિ, અને બીજા પાસે કરાવે પણ નહિ. પારકી થાપણનું ધન કોઈ પણ પ્રકારે પોતે રાખે-રખાવે નહિ.[૫૪]

**નિયમભંગના પ્રાયશ્ચિતની રીત :–** અમે કહ્યા જે આ સર્વે નિયમ તેમાંથી જો કદાચિત કોઈ નિયમનો ભંગ થાય તો તે પાપનું નિવારણ ત્યાગી સાધુએ તત્કાળ કરવું.[૫૫] નાનું અથવા મોટું જે કાંઈક પાપ પોતાનાથી જાણે કે અજાણે થઈ ગયું હોય તે પાપ ત્રણ અથવા ચાર મોટા ત્યાગી સાધુઓની આગળ કહેવું.[૫૬] પછી તે મોટા સાધુ દેશકાળને અનુસારે જેવી રીતે તે પાપનું પ્રાયશ્ચિત બતાવે તેવી રીતે ત્યાગી સાધુ સાવધાન થઈને તે પ્રાયશ્ચિત કરે.[૫૭]

હવે થઈ ગયેલા પાપનું નિવારણ કેવી રીતે કરવું, તે કહીએ છીએ, ત્યાગી સાધુને જેટલાં વસ્ત્ર રાખવાનાં કહ્યાં, તેથી અધિક વસ્ત્ર લઈને રાખે તો તે રાખનાર એક પાદકૃચ્છ્રવ્રત કરે. ગૃહસ્થ પાસે નવું વસ્ત્ર માગે તો એક પાદકૃચ્છ્રવ્રત કરે. સુવર્ણાદિક ધાતુના તારવાળું વસ્ત્ર રાખે, રાતાં પીળાં, લીલાં અને ચિત્ર વિચિત્ર વસ્ત્રો રાખે તથા બહુમૂલ્યવાળું વસ્ત્ર રાખે તો તે પ્રત્યેક પાપનું એક એક પાદકૃચ્છ્રવ્રત કરે.[૫૮] જો તે વસ્ત્રને મૃત્તિકાએ રંગ્યા વિના ધોળાં જ રાખે તો એક

सर्वश्वेतांशुकधृतावुक्ताधिकपरिग्रहे । एतेष्वन्यतमे दोषे पादकृच्छ्रव्रतं चरेत् ॥ ५९
रक्षेद्वा रक्षयेद्द्रव्यं त्यागी स्वस्य परस्य वा । यावन्त्यहानि स्वर्णादि तावन्त्युपवसेच्छुचिः ॥ ६०
अश्वादिवाहनं वापि गोमहिष्यादि वा मुनिः । यावन्त्यहानि संरक्षेत्तावन्त्युपवसेत्स च ॥ ६१
चौर्यं कृतं फलादेश्चेत्तर्ह्युक्त्वा तत्सतां पुरः । तान्नमस्कृत्य साष्टाङ्गमेकं चोपवसेद्दिनम् ॥ ६२
यागी यो नियमभ्रष्टः स त्वन्यैस्त्यागिभिर्द्रुतम् । बहिः स्वपङ्क्तेः कर्तव्यः सर्वथा तद्धितार्थिभिः ॥ ६३
प्रायश्चित्तेन शुद्धः स्याद्यदा सन्मण्डले तदा । ग्रहीतव्यः स तु त्यागी सद्भिर्धर्मपथस्थितैः ॥ ६४
सत्सङ्गविष्णु-भक्तिभ्यां सहैतैर्नियमैः श्रितैः । जीयते दुर्जयोऽप्येष लोभस्त्यागिभिरञ्जसा ॥ ६५
जेतुं मया लोभमिमेह्युपायाः प्रोक्ताश्च दोषा अपि तत्र ये ते ।
कामस्य दोषानथ तज्जयस्य वदाम्युपायान्मुनिवर्य ! तुभ्यम् ॥ ६६

---

પાદકૃચ્છ્રવ્રત કરે. જેટલા પદાર્થોનો સંગ્રહ કરવાનું કહ્યું તેથી અધિક પદાર્થનો સંગ્રહ કરે તો એક પાદકૃચ્છ્રવ્રત કરે. તે વ્રતનું લક્ષણ કહીએ છીએ. એક દિવસ એક વાર ખાવું, બીજે દિવસે સૂર્યાસ્ત થાય તે પહેલાં જમવું, ત્રીજે દિવસે માગ્યા વિનાનું જે મળે તે જમવું અને ચોથે દિવસે ઉપવાસ કરવો, એ એક પાદકૃચ્છવ્રત કહેવાય છે.[૫૯] વળી ત્યાગી સાધુ પોતાનું અથવા પારકું સુવર્ણાદિક ધન, જેટલા દિવસ પોતે રાખે, તેટલા દિવસ ઉપવાસ કરે, તથા જેટલા દિવસ બીજા પાસે રખાવે તેટવા દિવસ ઉપવાસ કરે, ત્યારે તે પાપ થકી શુદ્ધ થાય છે.[૬૦] ત્યાગી સાધુ ઘોડો, ઘોડી, વેલ, માફો આદિક વાહન જેટલા દિવસ રાખે તેટલા દિવસ પોતે ઉપવાસ કરે. ગાય, ભેંસ આદિક પશુ જેટલા દિવસ રાખે તેટલા દિવસ ઉપવાસ કરે.[૬૧] ધણીયાતાં પુષ્પાદિક પદાર્થોની ત્યાગી સાધુએ જો ચોરી કરી હોય તો તે ચોરી બીજા સાધુની આગળ જઈને કહીને તે સાધુને સાષ્ટાંગ નમસ્કાર કરી એક ઉપવાસ કરે.[૬૨]

જે ત્યાગી સાધુ પોતાના નિયમ થકી ભ્રષ્ટ થયો હોય તેનું સર્વ પ્રકારે હિત કરવું, તેજ જેને પ્રયોજન છે એવા બીજા ત્યાગી સાધુઓએ પોતાની પંક્તિ થકી તે ત્યાગી સાધુને તત્કાળ બહાર કરવો.[૬૩] તે ત્યાગી જ્યારે નિયમ ભંગનું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થાય ત્યારે ધર્મમાર્ગમાં રહેલા ત્યાગી સાધુઓએ તેને સાધુના મંડળમાં લેવો. આ વાર્તા પાંચે પ્રકારના નિયમમાં જાણવી.[૬૪] નિર્લોભી સત્પુરુષનો સમાગમ તથા ભગવાનની ભક્તિથી યુક્ત થઈને આ સર્વે નિયમોનું પાલન કરીને ત્યાગી સાધુ દુઃખે કરીને પણ ન જીતાય એવા લોભને યથાર્થ જીતી લેછે.[૬૫] હે મુનિશ્રેષ્ઠ !

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु लोभदोषतज्जयोपायनिरूपणनामा द्विषष्टितमोऽध्यायः ॥६२॥*

---

**त्रिषष्टितमोऽध्यायः**

**श्रीनारायणमुनिरुवाच –**

यथा जलानां सर्वेषां निधानं वारिधिर्मतः। तथैव सर्वदोषाणामाश्रयः काम उच्यते ॥ १
ज्ञानशास्त्रातिविज्ञानां ब्रह्म-स्थितिमतामपि । ब्रह्मानन्दादपि सुखं स्त्रैणं कामाद्विशिष्यते ॥ २
कामेन स्त्रीसुखं लब्धुं पण्डिता अपि दम्भतः । भक्त्याटोपं ज्ञानवार्तां स्त्रीणां संसदि कुर्वते ॥ ३
कामादेव हि नार्योऽपि पुंसः सङ्गसुखाप्तये । कृष्णाभेदेन तद्भक्तसेवां प्रीत्यैव कुर्वते ॥ ४

---

લોભ જીતવાના આ ઉપાયો મેં તમને નિશ્ચયપણે કહ્યા અને તે પહેલાં લોભને વિષે રહેલા દોષો પણ કહ્યા, હવે કામને વિષે રહેલા દોષો તથા તે કામને જીતવાના ઉપાયો કહું છું તે સાંભળો.[૬૬]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે લોભના દોષો તથા તેને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું એ નામે બાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૨--**

---

## અધ્યાય - ૬૩
## ત્યાગી સાધુનું નિષ્કામી વર્તમાન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ગોપાળાનંદ મુનિ ! જેમ સર્વે જળને રહ્યાનું સ્થાન સમુદ્ર માન્યો છે. તેમ સર્વે દોષોનો આશ્રય કામ કહ્યો છે.[૧] જ્ઞાનશાસ્ત્રના જાણવાવાળા તથા બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિવાળા પુરુષો પણ જો કામવાસનાને આધીન થાય તો તેમને સ્ત્રી સંબંધી સુખ બ્રહ્મના આનંદથી પણ અધિક મનાય છે.[૨] કેટલાક પંડિતો પણ કામે કરીને સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે સ્ત્રીઓની સભામાં દંભે કરીને ભક્તિનો આડંબર કરે છે, તથા જ્ઞાનની વાર્તા કરે છે.[૩] કેટલીક સ્ત્રીઓ પણ કામ થકી પુરુષના સંગનું સુખ પામવાને અર્થે શ્રીકૃષ્ણ ભગવાન સંગાથે અભેદે કરીને ભગવાનના ભક્તની સેવાને પ્રીતિપુર્વક કરે છે. ભગવાન અને ભગવાનના

स्त्रीसुखप्राप्तये कामाच्छिष्यं गुरुरपि स्वयम् । वञ्चयत्यथ शिष्योऽपि तदर्थे च निजं गुरुम् ॥ ५
कामात्सगोत्रागमनं गुरुस्त्रीगमनं तथा । जायते मातृगामित्वं पुत्र्यादिगमनं तथा ॥ ६
जायते कामतः पुंसां गमनं विधवास्वपि । कुलजानां चोत्तमानां यवनीश्वपचीष्वपि ॥ ७
मैथुनार्थे प्रवृत्तिश्च पुंसां पुंस्वपि जायते । पशुजातिषु वा क्वापि गर्दभीप्रमुखासु च ॥ ८
कीश्वद्धैर्यहीनस्य त्यागिनो महतोऽपि च । करमन्थेन कामाद्वै जायते वीर्यपातनम् ॥ ९
कामाद्धिवर्णसाङ्कर्यं सर्वथा जायते भुवि । चतुर्णामाश्रमाणां च वर्णानां धर्मनाशनम् ॥ १०
पतिपित्रा–दिघाते च कामात् स्त्रीणां प्रवर्तनम् । अवध्यानामपि स्त्रीणां घाते पुंसस्तथैव च ॥ ११
अभक्ष्यमत्स्यमांसादिभक्षणेऽपि प्रवर्तनम् । कामाज्ज्वत्युत्तमानां सुरापाने तथाऽनृते ॥ १२

---

ભક્તમાં કોઈ ભેદ નથી, એમ જાણીને ભક્તની સેવા કરે છે, એવી દુષ્ટ સમજણ કરાવનારો કામ છે. ભગવાન ક્યાં ? ને ભક્ત ક્યાં ? એ બેમાં તો અતિશય ભેદ છે. ભગવાન ચાહે તેમ કરે ને ભક્ત તો ભગવાનના કહેલા ધર્મમાં રહે તો કલ્યાણ થાય.[૪]

હે મુનિ ! કામથકી સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે ગુરુ પણ પોતાના શિષ્યને ઠગે છે. તે પ્રમાણે શિષ્ય પણ કામવાસનાથી સ્ત્રીનું સુખ પામવા માટે પોતાના ગુરુને ઠગે છે.[૫] કામ પરવશપણાથી પોતાના ગોત્રની સ્ત્રીનો સંગ થાય છે. પોતાના ગુરુની સ્ત્રીનો સંગ થાય છે. પોતાની મા, દિકરી, બહેન તથા ભાણેજ તેનો પણ સંગ થાય છે.[૬] કામે કરીને પુરુષને વિધવા સ્ત્રીનો પણ સંગ થાય છે. કુળવાન એવા બ્રાહ્મણાદિક ઉત્તમ જ્ઞાતિના પુરુષને કામે કરીને યવની જે વેશ્યાદિક મુસલમાનની સ્ત્રી, તેનો પણ સંગ થાય છે. તથા શ્વપચી જે ચાંડાલની સ્ત્રી તેનો પણ સંગ થાય છે.[૭] કામે કરીને પુરુષને પુરુષ વિષે મૈથુન કરવાને અર્થે પ્રવૃત્તિ થાય છે. કામે કરીને ક્યારેક ગર્દભી આદિક પશુની જાતિને વિષે મૈથુન કરવાને અર્થે પુરુષ પ્રવર્તે છે.[૮] વાનરની પેઠે ધીરજ રહિત થઈને પોતાને હાથે કરીને શિશ્ન ઈન્દ્રિય થકી વીર્યનો પાત કરે છે.[૯] કામથકી પૃથ્વીને વિષે અતિશય વર્ણસંકરપણું વટલવું, વટલાવવું, તેની પ્રવૃત્તિ નિશ્ચય થાય છે. બ્રહ્મચારી, ગૃહસ્થ. વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમ તથા બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના ધર્મનો નાશ પણ કામ થકી જ થાય છે.[૧૦]

કામથકી સ્ત્રીઓ પોતાના પતિ, પિતા, ભાઈ આદિકને મારી નાખે છે, અથવા મરાવી નાખે છે. તથા કોઈ પણ રીતે મારી નાખવાને યોગ્ય નહિ એવી સ્ત્રીઓને પણ કામસુખની પ્રાપ્તિમાં અંતરાય કરતી હોય તો તેને મારી નાખે છે.[૧૧]

कामामाश्रित्य वर्तन्ते क्रोधश्च मदमत्सरौ । मानेर्ष्यादर्पदम्भाश्च निर्लज्जत्वं च पैशुनम् ॥ १३
अपकीर्तिश्च सम्मोहः स्मृतिभ्रंशो मतिक्षयः । अपमृत्युर्महारोगाः काममेव समाश्रिताः ॥ १४
श्वादिनीचतनुप्राप्तिर्नानानरकयातनाः । कामाद्भवन्त्यसद्बुद्धिः संसृतिश्च पुनः पुनः ॥ १५
इत्यादयो बहुविधा दोषाः कामस्य सन्ति वै । अथ तस्य जयोपायाः कीर्त्यन्ते गुणसंज्ञकाः ॥ १६
कामो हि बलवाञ्छत्रुर्यौवने नृंश्च योषितः । पीडयत्येव नितरां जेयोऽसौ सद्व्रतादिभिः ॥ १७
धारणापारणासंज्ञं चातुर्मास्ये व्रतं शुभम् । प्रतिवर्षं विधातव्यं यथोक्तविधिनैव तत् ॥ १८
चान्द्रायणं पराकं वा देशकालानुसारतः । कुर्वीत चतुरो मासान्कामोन्मूलनकृ द्व्रतम् ॥ १९
कृच्छ्रातिकृच्छ्राख्यव्रतं व्रतं सान्तपनं तथा । उद्दालकं यावकं वा सौम्यकृच्छ्राभिघं व्रतम् ॥ २०

---

ઉત્તમ જાતિના મનુષ્યો પણ કોઈ રીતે ખાવા યોગ્ય નહિ એવાં માછલાં તથા બીજી રીતનું માંસ એ આદિક જે અપવિત્ર વસ્તુ તેનું કામવશ થઈ ભક્ષણ કરે છે. કામથકી ઉત્તમ મનુષ્યોની સુરાપાનને વિષે તથા કેવળ અસત્ય બોલવાને વિષે પ્રવૃત્તિ થાય છે.[૧૨] ક્રોધ, મદ, મત્સર, માન, ઈર્ષ્યા, દર્પ, દંભ, નિર્લજ્જપણું ને ચાડિયાપણું એ જે દોષ તે કામને આશરીને વર્તે છે. અર્થાત્ કામમાં એ સર્વે દોષ રહ્યા છે.[૧૩] જગતમાં અપકીર્તિ, અવળી સમજણ, પૂર્વાપરની સ્મૃતિનો નાશ, રૂડી બુદ્ધિનો નાશ, અપમૃત્યુ અને મોટો રોગ એ સર્વે કામને આશરીને જ રહ્યા છે.[૧૪] કામથકી શ્વાન, ગર્દભ, શૂકર આદિક નીચ દેહની પ્રાપ્તિ તથા નાના પ્રકારના નરકના દુઃખોની પ્રાપ્તિ થાય છે. કામથકી જીવની અતિશય ભૂંડી બુદ્ધિ થાય છે. તથા ચોર્યાસી લાખ જાતિને વિષે વારંવાર જન્મમૃત્યુની પ્રાપ્તિ થાય છે.[૧૫]

**કામદોષને જીત્યાના ઉપાયો :–** હે મુનિ ! આ પ્રમાણે કામના અનેક પ્રકારના દોષો છે. હવે તેને જીતવાના ઉપાયો કહીએ છીએ. તે ઉપાયો ધર્મસર્ગ થકી ઉત્પન્ન થાય છે. માટે તે સદ્ગુણરૂપ કહેવાય છે, તેણે કરીને અધર્મ સર્ગના દોષ યુક્ત જે કામ તે જીતાય છે.[૧૬] સ્ત્રીઓ તથા પુરુષોને યૌવન અવસ્થાને વિષે અત્યંત પીડા કરનારો કામ નામે શત્રુ મહાબળવાન છે. તે માટે સારાં વ્રતો તથા સારા વિચારોએ કરીને તેને જીતવો.[૧૭] દરવર્ષે ચોમાસામાં ધારણા પારણા નામે રૂડું વ્રત શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે યુવાન ત્યાગી સાધુએ કરવું.[૧૮] વળી કામને મૂળમાંથી ઉખાડી નાખે એવું ચાંદ્રાયણવ્રત તથા પારાક નામે વ્રત તે દેશકાળને અનુસારે ચોમાસાના ચાર માસ સુધી યુવાન ત્યાગી સાધુ કરે.[૧૯] વળી કૃચ્છ્રવ્રત, અતિકૃચ્છ્રવ્રત, સાંતપવનવ્રત, ઉદ્દાલકવ્રત, યાવકવ્રત, તથા સૌમ્યકૃચ્છ્રવ્રત,

फलकृच्छ्रं पर्णकृच्छ्रं मूलकृछ्राम्बुकृच्छ्रके । मासोपवासाख्यव्रतं कुर्यात्त्यागी पुमान्मुने ! ॥ २१
व्रतैरेव विनश्यन्ति मनसः कामवासनाः । प्रत्यब्दं तानि तत्कुर्याद्यावत्स्यात्कामसङ्क्षयः ॥ २२
तथा वस्तुविचारेण महतां सङ्गमेन च । त्यागिभिर्जीयते नूनमेष कामोऽपि दुर्जयः ॥ २३
यां तु कामविलासात्यै पुमानमिलषेत् स्त्रियम् । मांसास्थिस्नायुमज्जासृक्श्लेष्मविष्ठामयी हि सा ॥ २४
उद्दिश्याप्यसतीं योषां कामेन विवशः पुमान् । यानि कर्माणि कुरुते जायन्ते तान्यृतानि हि ॥ २५
तैः कर्मभिस्ततो याति नरकान्विविधान्नरः । योनीः श्वखरकीशाद्या लभते च पुनः पुनः ॥ २६
इत्थं विचार्य तत्सङ्गं त्यक्त्वा दूरत एव हि । एतेषु नियमेष्वेव वर्तितव्यं मुमुक्षुभिः ॥ २७
कथा वार्ताः कचिन्नैव स्त्रीणां श्रव्या असत्प्रियाः । त्यागिभिः पुरुषैस्तासां कर्तव्यं कीर्तनं न च ॥ २८

---

**ફળકૃચ્છ્રવ્રત પર્ણકૃચ્છવ્રત, મૂળકૃચ્છ્રવ્રત, જળકૃચ્છ્રવ્રત, તથા માસોપવાસ વ્રત યુવાન અવસ્થાવાળો ત્યાગી સાધુ કરે.[૨૦-૨૧] આ વ્રત કહ્યાં તે સર્વેનાં લક્ષણો તથા કરવાની રીત પોતાના ગુરુ તથા મોટા સાધુ થકી જાણવી. કારણ કે મનને વિષે રહેલી કામની વાસનાઓ વ્રતે કરીને નાશ પામે છે. માટે કામનો અત્યંત વિનાશ થાય ત્યાં સુધી વર્ષોવર્ષ પોતાની શક્તિ પ્રમાણે તે વ્રતો કરવાં.[૨૨]**

**હે મુનિ ! તેમજ વસ્તુવિચારે કરીને અને મોટા પુરુષોના સમાગમે કરીને ત્યાગી સાધુ નિશ્ચય દુઃખે કરીને જીતાય, એવા કામને જીતે છે.[૨૩] હવે તે વસ્તુ વિચાર કહીએ છીએ. પુરુષ કામભોગની પ્રાપ્તિને અર્થે જે સ્ત્રીને ઇચ્છે છે. તે સ્ત્રી માંસ, હાડકાં, નાડીઓ, મજ્જા, લોહી, લીટ, વિષ્ટા, આદિક જે અતિ ભૂંડી વસ્તુઓથી ભરેલી છે. તેમાં એકે વસ્તુ રૂડી નથી. તેમાં પુરુષ જે સુખ માને છે. તે મહામૂર્ખ છે.[૨૪] અતિશય અપવિત્ર વસ્તુઓની ભરેલી અને નાશવંત સ્ત્રી છે. તેને સારા જેવી અને સાચા જેવી માનીને કામે કરીને પરવશ થયેલો પુરુષ જે જે પાપકર્મ કરે છે. તે કર્મ નિશ્ચય સાચાં થાય છે.[૨૫] તે પુરુષ તે કર્મે કરીને નાના પ્રકારનાં નરકને પામે છે. તથા શ્વાન, ગર્દભ, વાનર, શૂકર, આદિક યોનિઓને વારંવાર પામે છે.[૨૬] એવો વિચાર કરીને સ્ત્રીને વિષેની આસક્તિનો દૂરથી જ ત્યાગ કરીને મુમુક્ષુ એવા ત્યાગી સાધુઓએ અમે કહેલા નિયમો અનુસાર નિરંતર વર્તવું.[૨૭] સ્ત્રી સંબંધી શૃંગારરસના ગ્રંથોની કથા અને વ્યવહાર સંબંધી સ્ત્રીઓની વાર્તા જે અસત્પુરુષ હોય તેને પ્રિય લાગે છે. માટે ત્યાગી સાધુઓએ તો સ્ત્રીઓની કથા વાર્તા ક્યારેય સાંભળવી નહિ. અને પોતાના મુખે કરીને સ્ત્રીઓના ગુણ અને રૂપનું વર્ણન કરવું નહિ. ત્યાગી સાધુ સ્ત્રીઓ સંગાથે હાસ્ય વિનોદાદિક રમત કરે નહિ.**

स्त्रीभिः सह न च क्रीडां न च तासां निरीक्षणम् । न गुह्यभाषणं ताभिः सह कुर्यात्कदाचन ॥ २९
सङ्कल्पो निश्चयश्चापि न कर्तव्यस्तदाप्तये । स्पर्शस्तु नैव कर्तव्यो दारव्या अपि योषितः ॥ ३०
ज्वलद्वह्नौ वरं पातो वरं वा विषभक्षणम् । कूपे वा पतनं श्रेष्ठं न तु स्त्रीगमनं क्वचित् ॥ ३१
तथा स्त्रीजातिमात्रस्य गुह्यमङ्गं कदाचन । द्रष्टव्यं त्यागिभिर्नैव स्पृश्यं स्त्रीवसनं न च ॥ ३२
धौतार्द्राद्धौतशुष्काद्वा नवीनाद्योषितोंऽशुकात् । इतरस्य तु संस्पर्शे जाते दोषो न चान्यथा ॥ ३३
नारीणां सम्मुखं तैश्च नोपवेश्यं कदाचन । तासां चित्रं न कर्तव्यं नावलोक्यं तथैव तत् ॥ ३४
धनुर्मात्रान्तरं त्यक्त्वा गन्तव्यं दूरतः स्त्रियाः । हर्युत्सवेषु बहुले जनौघे मिलिते सति ॥ ३५
देवालये चाज्ञशिशौ तथा सङ्कीर्णवर्त्मनि । भिक्षाटने च संरक्ष्यं स्त्रीस्पर्शात्स्वाङ्गमेव हि ॥ ३६
यत्र वा स्यात्क्रिया स्त्रीणां तत्र कार्या न सा तथा । स्त्रीवेषधारी च पुमान्नेक्ष्यः स्पृश्यो न च क्वचित् ॥ ३७

---

સ્ત્રીઓને જાણી જોઈને જુવે નહિ. ક્યારેય પણ સ્ત્રી સાથે છાની રીતે બોલે નહિ, સ્ત્રીના શરીર સંબંધી વાર્તા પુરુષ સંગાથે સ્ત્રીને કહેવડાવે નહિ.[૨૯] સ્ત્રીની પ્રાપ્તિને માટે ત્યાગી સાધુ મનમાં સંકલ્પ તથા તેનો બુદ્ધિએ કરીને નિશ્ચય ન કરે. તથા કાષ્ઠાદિકની સ્ત્રીની પૂતળીનો સ્પર્શ ન કરે, તો સાક્ષાત્ સ્ત્રીનો સ્પર્શ ન કરે તેમાં શું કહેવું ?.[૩૦]

બળતા અગ્નિમાં પડવું સારૂં, ઝેર ખાવું તે પણ સારૂં, કૂવામાં પડવું સારૂં પરંતુ સ્ત્રીનો સાક્ષાત્ સંગ કરવો તે લેશ પણ સારો નથી. તે ત્રણે થકી સ્ત્રીનો સંગ કરવો તે અતિશય ભૂંડો છે.[૩૧] સ્ત્રીજાતિ માત્રનું ગુહ્ય અંગ ત્યાગી સાધુએ ક્યારેય જોવું નહિ, સ્ત્રીને પહેરવાનાં વસ્ત્રોનો સ્પર્શ કરવો નહિ. સ્ત્રીએ ઉતારી મૂકેલા વસ્ત્રનો પણ સ્પર્શ કરવો નહિ.[૩૨] સ્ત્રીનું ધોયેલું વસ્ત્ર લીલું હોય અથવા સૂકાયેલું હોય, તથા નવું હોય તેને અડી જવાય તો દોષ નથી. એ વિના બીજું જે સ્ત્રીને પહેરવા ઓઢવાનું વસ્ત્ર તેને અડાય તો તેનો દોષ છે.[૩૩] ત્યાગી સાધુઓએ ક્યારેય પણ સ્ત્રીઓની સન્મુખ બેસવું નહિ. સ્ત્રીના ચિત્રને પણ જોવું નહિ.[૩૪] માર્ગમાં ચાલવું ત્યારે સ્ત્રી થકી પાંચ હાથ છેટે ચાલવું. ભગવાનના જન્મ ઉત્સવને વિષે ઘણાક જનના સમૂહ ભેગા થયા હોય ત્યારે સ્ત્રી થકી એટલે છેટે ન ચલાય તેનો બાધ નથી. ત્યારે તો સ્ત્રીના સ્પર્શ થકી પોતાના અંગની જ રક્ષા કરવી.[૩૫] ભગવાનનું મંદિર હોય તથા માર્ગમાં કોઈ નાની બાળકી બેઠી હોય, સાંકડો માર્ગ હોય, અને ભિક્ષા માગવા જાય, એ ચાર ઠેકાણે પણ સ્ત્રીના સ્પર્શથકી પોતાના અંગની રક્ષા કરવી, પણ પાંચ હાથ છેટે ચાલવાનો નિયમ ન રહે, તેનો બાધ નહિ.[૩૬]

सम्भाषणं न कर्तव्यं स्त्रीभिः सह कदाचन । न वर्णनीयाश्च गुणास्तासां नैवागुणा अपि ॥ ३८
स्त्रियमुद्दिश्य कर्तव्यं न विष्णोर्गुणकीर्तनम् । स्त्रिया मुखादपि तथा नैव श्रव्या कथा हरेः ॥ ३९
शालग्रामस्य यस्य स्यात्स्वयं योषैव पूजिका । दर्शनार्थं न वै तस्य गन्तव्यं त्यागिभिः क्वचित् ॥ ४०
भिक्षां सभाप्रसङ्गं वा विना न गृहिणां गृहान् । गच्छेयुस्त्यागिपुरुषा गच्छेयुः क्वापि नैकलाः ॥ ४१
ब्रह्मचर्यं न हातव्यमपि प्राणात्यये निजम् । तत्त्यागबोधकं वाक्यं न ग्राह्यं स्वगुरोरपि ॥ ४२
नैव कारयितव्यं च स्वस्थाने स्त्रीप्रवेशनम् । अन्नोदकादि पुरुषैरानाय्यं न स्त्रिया क्वचित् ॥ ४३
सम्मार्जनोपलेपादि स्वकुट्यामाचरेत्स्वयम् । पुंसा वा कारयेत्त्यागी न तु तत्क्वापि योषया ॥ ४४
यत्र स्त्रियाः पादचारो भूतपूर्वो भवेत्स्थले । तल्लेपयित्वा वस्तव्यं पुंसा वा प्रोक्ष्य वारिणा ॥ ४५

---

ત્યાગી સાધુએ જે ઠેકાણે સ્ત્રીઓની સ્નાનાદિક ક્રિયા થતી હોય તે ઠોકાણે તે ક્રિયા કરવા જવું નહિ, સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને ક્યારેય પણ જોવો નહિ, અને અડવું પણ નહિ.[૩૭] ત્યાગી સાધુએ ક્યારેય પણ સ્ત્રીઓની સંગાથે બોલવું નહિ, સ્ત્રીઓના ગુણઅવગુણનું વર્ણન કરવું નહિ.[૩૮] સ્ત્રીને સંભળાવવા સારૂં ભગવાનના ગુણોનું કીર્તન કરવું નહિ, તથા સ્ત્રીના મુખથકી ક્યારેય પણ ભગવાનની કથા વાર્તા સાંભળવી નહિ.[૩૯] જે શાલિગ્રામની પૂજા કરનારી સ્ત્રીઓ જ હોય, તે શાલિગ્રામના દર્શન કરવા સારૂં ત્યાગી સાધુએ ક્યારેય જાવું નહિ. કેમ જે સ્ત્રીઓએ પૂજેલા શાલિગ્રામનાં દર્શન કરનારને મોટું પાપ થાય છે, એમ નારદીપુરાણમાં કહ્યું છે.[૪૦] ભિક્ષા કરવા અથવા સભાનો પ્રસંગ હોય ને જાવું પડે, એ બે પ્રસંગ વિના બીજા કોઈ કામ સારૂં ત્યાગી સાધુ ગૃહસ્થના ઘર પ્રત્યે જાય નહિ. કોઈ પણ કાર્ય સારૂં કોઈ ઠેકાણે એકલા તો ક્યારેય જવું નહિ.[૪૧] પોતાના પ્રાણ જાય એવું કષ્ટ આવી પડે, તો પણ ત્યાગી સાધુએ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરવો નહિ. પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું વચન તો પોતાના ગુરૂનું પણ ન માનવું.[૪૨] પોતાને રહ્યાનું જે સ્થાન તેને વિષે સ્ત્રીને પેસવા દેવી નહિ. અન્નજળ આદિક પદાર્થ તે પુરુષ પાસે મંગાવવું પણ સ્ત્રી પાસે ક્યારેય મંગાવવું નહિ. સ્ત્રી પોતાની જાતે લઈને આવે તો પણ લેવું નહિ.[૪૩] પોતાને રહેવાની જગ્યાને વિષે વાળવું, લીંપવું એ આદિક કાર્ય ત્યાગી સાધુ પોતાને હાથે કરે અથવા કોઈક પુરુષ પાસે કરાવે પણ સ્ત્રી પાસે તે કાર્યને ક્યારેય ન કરાવે.[૪૪]

જે સ્થાનકને વિષે પ્રથમ સ્ત્રીનો પગફેર થયો હોય, ત્યાં ત્યાગી સાધુને નિવાસ કરવો હોય તો તે સ્થાનને પુરુષ પાસે લીંપાવીને ત્યાં નિવાસ કરવો, અને

सङ्गो नैव च कर्तव्यः शिश्नोदरसुखैषिणाम् । स्त्रीसङ्गवत्स्त्रैणसङ्गो दूराद्धेयो मुमुक्षुभिः ॥ ४६
स्त्रीणां स्त्रैणनराणां च सङ्गात्पुंसोऽत्र बन्धनम् । यथा दृढं भवति वै न तथान्यप्रसङ्गतः ॥ ४७
स्त्रैणसङ्गात्साधुताया ऐश्वर्याण्यखिलान्यपि । नाशमायान्ति सहसा मुक्तानां च मुमुक्षताम् ॥ ४८
ब्रह्मचर्यमहिंसा चानीर्ष्या शौचं क्षमा दया । सत्यं मौनं यशो बुद्धिर्हीत्ररस्तेयं शमो दमः ॥ ४९
इत्यादयो गुणाः सङ्गात्स्त्रैणानां यान्ति हि क्षयम् । तस्मात्सङ्गो न कर्तव्यः स्त्रीषु स्त्रैणेषु सर्वथा ॥ ५०
भक्त्या विष्णौ सतां सङ्गादेतैश्च नियमैः सह । त्यागिनो दुर्जयं कामं जित्वा यान्ति परं सुखम् ॥ ५१
ययातिरैलमुख्याश्च पुरापि धरणीश्वराः । कामत्यागात्परं सौख्यं स्वाभीष्टं ननु लेभिरे ॥ ५२
एतेषु नियमेषु स्याद्यस्य यस्य च्युतिः क्वचित् । कर्तव्यं तस्य तस्याशु प्रायश्चित्तं हितैषिभिः ॥ ५३

લીંપવાનું અનુકુળ ન હોય અથવા કોઈક આપત્કાળ આવી પડ્યો હોય તો તે સ્થાનને જળે કરીને છાંટીને ત્યાં નિવાસ કરવો.[૪૫] બીજું કેવળ સ્ત્રીસંબંધી સુખને જ ઈચ્છતા તથા સારૂં સારૂં ખાઈને કેવળ પેટ ભર્યાના સુખને ઈચ્છતા, એવા જે અસત્પુરુષ તેનો સંગ ત્યાગી સાધુએ કરવો નહિ. જેમ સ્ત્રીના સંગનો ત્યાગ કરવો તેમ કેવળ સ્ત્રી પ્રત્યે કામી એવા પુરુષના સંગનો પણ ત્યાગી સાધુઓએ છેટેથી જ ત્યાગ કરવો.[૪૬] કારણ કે આલોકમાં સ્ત્રીઓના સંગ થકી તથા સ્ત્રીને આધીન કામી પુરુષના સંગ થકી જેવી રીતે મુમુક્ષુ પુરુષને અતિશય દૃઢપણે બંધન થાય છે, તેવી રીતે બીજા પદાર્થોના પ્રસંગ થકી નથી થાતું. માટે એ બેના પ્રસંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.[૪૭] મુક્ત, મુમુક્ષુ અને સાધુ પુરુષોના રૂડાગુણરૂપ સમગ્ર ઐશ્વર્ય અને સામર્થ્ય તે સ્ત્રીને આધીન કામી પુરુષના સંગથકી તત્કાળ નાશ પામી જાય છે.[૪૮] બ્રહ્મચર્યવ્રત, અહિંસા, કોઈની નિંદા ન કરવી, પવિત્રપણું, ક્ષમા, દયા, સત્ય, મૌન, સારી કીર્તિ, બુદ્ધિ, લજ્જા, ચોરી ન કરવી, મન આદિક ચાર અંતઃકરણને નિયમમાં રાખવાં, નેત્રાદિક ઈન્દ્રિયોને નિયમમાં રાખવી, એ આદિક સદ્‌ગુણો કામી પુરુષના સંગથકી નિશ્ચય નાશ પામે છે. તે માટે ત્યાગી સાધુઓએ કોઈ પ્રકારે સ્ત્રીઓનો તથા સ્ત્રીઓને આધીન કામી પુરુષનો પ્રસંગ ન કરવો.[૪૯-૫૦]

ભગવાનને વિષે ભક્તિ અને નિષ્કામી સાધુ પુરુષનો સંગ આ બે સહિત અમે કહ્યા એવા જે સર્વે નિયમો તેનું પાલન કરવાથી ત્યાગી સાધુ દુઃખે કરીને જીતાય એવા કામને જીતીને પરમ સુખ પામે છે.[૫૧] પૂર્વે યયાતિ, ઐલ, પુરુરવા, એ આદિક મોટા રાજાઓ પણ કામનો ત્યાગ કરી પોતાને મનોવાંછિત પરમ સુખને નિશ્ચય પામ્યા છે.[૫૨] અમે કહ્યા જે નિયમ તેમાંથી કોઈ નિયમનો ભંગ થઈ જાય

अज्ञानात्स्त्रीकथायास्तु श्रवणे कीर्तने तथा । स्त्रीणां वा विहरन्तीनां क्रीडास्थाने क्षणं स्थितौ ॥ ५४
स्त्रिया दृष्ट्या दृशं बध्वा स्वस्य तत्प्रेक्षणे कृते । पुमुद्देशेन वा नार्या बोधेऽप्यज्ञानतः कृते ॥ ५५
पुंसा च कारिते गुह्यभाषणेऽपि स्त्रियं प्रति । जाते स्त्रीसङ्गसङ्कल्पे मनसा कामतः क्वचित् ॥ ५६
तत्सङ्कल्पवशत्वे च स्वस्य जाते क्षणं क्वचित् । स्त्र्यङ्गस्थवस्त्रस्पर्शे च जातेऽप्यज्ञानतस्तथा ॥ ५७
धनुर्मानान्तरगतिच्यवने चाप्यनापदि । सम्भाषणे स्त्रिया जाते स्त्रीगुह्याङ्गस्य चेक्षणे ॥ ५८
भङ्गेऽन्येषां व्रतानां च प्रमादादपि कर्हिचित् । उपवासो विधातव्यो विष्णुनामजपान्वितः ॥ ५९
बुद्धिपूर्वं क्वचित्दृष्टे पशुपक्ष्यादिमैथुने । उपवासो विधातव्यस्त्यागिना चैकवासरम् ॥ ६०
दीक्षाग्रहीतृपुरुषसम्बन्धिजनप्रच्छने । भिक्षानिमित्ते कार्ये च तथा पुस्तकलेखने ॥ ६१

---

**ત્યારે તેનું પ્રાયશ્ચિત પોતાનું હિત ઇચ્છનારા ત્યાગી સાધુએ તત્કાળ કરવું.[૫૩]**

**નિયમભંગનાં પ્રાયશ્ચિતો :–** જે પ્રાયશ્ચિતમાં એક ઉપવાસ કરવો પડે, એવા જે નિયમભંગ તે અમે કહીએ છીએ. અજાણતા સ્ત્રી સંબંધી વાર્તા સાંભળી જવાય, તથા કહેવાઇ જવાય, અને સ્ત્રીઓ પરસ્પર ક્રીડા કરતી હોય, તે ઠેકાણે ક્ષણમાત્ર ઊભું રહી જવાય, તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો.[૫૪] અજાણતા સ્ત્રીની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ બાંધીને તે સ્ત્રીને જોવાઇ જવાય, તથા અજાણતા પુરુષના મિષે સ્ત્રીને જ્ઞાનવાર્તાનો બોધ કરાઇ જવાય, તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો.[૫૫] પુરુષદ્વારા અજાણતા છાનીવાર્તા સ્ત્રી પ્રત્યે કહેવડાવે તથા ક્યારેક કામના પરવશપણા થકી મને કરીને સ્ત્રીના સંગનો સંકલ્પ કરી જવાય, તો એક એક ઉપવાસ કરવો[૫૬] ક્યારેક સ્ત્રીસંગના સંકલ્પને તત્કાળ ટાળી ન શકાય તથા સ્ત્રીના અંગ ઉપરના વસ્ત્રનો સ્પર્શ જો અજાણતા થઇ જાય, તથા ધોયેલું, ભીનું અથવા સૂકું અને નવું એ ત્રણ સિવાયનું જે સ્ત્રીને પહેર્યા ઓઢ્યાનું જે વસ્ત્ર, તેનો જો અજાણતા સ્પર્શ થઇ જાય તો એક એક ઉપવાસ કરવો.[૫૭] કોઇ આપત્કાળ ન હોય અને માર્ગ પહોળો હોય તો પણ સ્ત્રી થકી પાંચ હાથ છેટે ન ચલાય, તથા સ્ત્રી સાથે અજાણતા બોલાઇ જવાય તથા અજાણતા સ્ત્રીનું ગુહ્ય અંગ દેખાઇ જવાય તો એક એક ઉપવાસ કરવો.[૫૮] એવી રીતે ક્યારેક અસાવધાનપણાથી નિયમમાં ફેર પડી જાય તો ભગવાનના નામ જપે યુક્ત એક એક ઉપવાસ ત્યાગી સાધુએ કરવો.[૫૯] જો ક્યારેક જાણીને પશુપક્ષીનું મૈથુન જોવાઇ જાય તો પણ ત્યાગી સાધુએ એક ઉપવાસ કરવો.[૬૦]

હવે જે ઠેકાણે સ્ત્રી સંબંધી વચનને પુરુષ થકી સાંભળવું પડે તે કહીએ

उचितावासदाने च हरीक्षागतयोषिताम् । ईदृशावश्यके कार्ये सम्प्राप्ते सति कर्हिचित् ॥ ६२
स्त्रीसम्बन्धि वचः श्रव्यं कथितं पुरुषेण चेत् । स्वस्वमण्डलमुख्येन न सर्वैस्त्यागिभिस्तु तत् ॥ ६३
शृणुयादुत्तरं ब्रूयादितरो यदि तद्वचः । सद्यः स्नात्वा जपेत्तर्हि मनुं त्रिर्वसुवर्णकम् ॥ ६४
नरनारायणीयां च ततः स प्रणमेद्दिशम् । एवं कृते विशुद्धिः स्यात्त्यागिनस्तस्य निश्चितम् ॥ ६५
असाक्षिकं न वक्तव्यं मुख्येनापि तदुत्तरम् । उक्ते सति तु तस्यापि प्रायश्चित्तं तदेव हि ॥ ६६
आवश्यकाधिकं ब्रूयाद्यदि वार्ताप्रसङ्गतः । तर्हि स्नात्वा ह्युपवसेद्दिनमेकं हरिं स्मरन् ॥ ६७
करमन्थेन तु कृते त्यागना वीर्यपातने । उपवासास्तेन कार्या दिवसानां चतुष्टयम् ॥ ६८
वीर्यस्रावो भवेत्स्वप्ने यदि वैवश्यतस्तदा । प्रातः स्नात्वैव कुर्वीत दिनमेकमुपोषणम् ॥ ६९

---

છીએ, ત્યાગીની દીક્ષા લેવા સારૂં આવેલા પુરુષના સંબંધી જનોએ પૂછવું તથા કોઇક બાઇ માણસ સાધુને જમવા સારૂં રસોઇ દેવાનું કહેવરાવે તેની આજીવિકાની રીત પૂછવી તથા કોઇક બાઇ માણસ પુસ્તક લખાવવા માટે મોકલે, તેની કાંઇક વાત પૂછવી. ભગવાનનાં મંદિરો પ્રત્યે દર્શન કરવા માટે આવેલી સ્ત્રીઓને ઘટે તેવે ઠેકાણે ઉતારો અપાવવો તે માટે સ્ત્રી સંબંધી વાત પૂછવી, આવું ક્યારેક કોઇક અવશ્ય કાર્ય આવી પડે ત્યારે જો પુરુષ આવીને કહે, તો તે સંબંધી વચન મંડળના મુખ્ય સાધુએ સાંભળવું.[૬૧-૬૩] મુખ્ય સિવાય બીજો ત્યાગી સાધુ જો તે વચન સાંભળે અથવા તેનો ઉત્તર કરે તો તે તત્કાળ સ્નાન કરીને ત્રણવાર અષ્ટાક્ષર મંત્રનો જપ કરે.[૬૪] તે પછી તે ત્યાગી સાધુ શ્રીનરનારાયણદેવ જે દિશામાં રહ્યા છે, તે ઉત્તર દિશા પ્રતિ સાષ્ટાંગ નમસ્કાર કરે. એ રીતે ત્યાગી સાધુ નિશ્ચય વિશુદ્ધ થાય.[૬૫] અને તે મુખ્ય સાધુએ પણ સ્ત્રી સંબંધી વચનનો ઉત્તર એક કે બે બીજા પુરુષની સાથે રહીને કરવો, પણ તે વિના ન કરવો. તે વચન પણ બીજા એક કે બે પુરુષની સાક્ષીમાં સાંભળવું, અને બીજા પુરુષની સાક્ષી વિના જો તે વચન સાંભળે અથવા તેનો ઉત્તર કરે, તો તે મુખ્ય સાધુએ પણ બીજા ત્યાગી સાધુને કહ્યું તે પ્રાયશ્ચિત કરે.[૬૬] તે મુખ્ય ત્યાગી સાધુ સ્ત્રી સંબંધી વચનનો ઉત્તર કરતાં અવશ્ય બોલવાનું હોય તેથી અધિક વચન વાર્તાના પ્રસંગે કરીને બોલે તો સ્નાન કરીને હરિનું સ્મરણ કરે અને એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય.[૬૭]

ત્યાગી સાધુ કામને પરવશ થકો પોતાના હાથને ચાળે કરીને જો વીર્યપાત કરે તો તે ત્યાગી સાધુ ચાર દિવસ સુધી લાગટ ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય.[૬૮] અને જો સ્વપ્રને વિષે સ્ત્રીનાં દર્શન કરીને કામના પરવશપણાથકી વીર્યપાત થઇ

भिक्षाटनेऽध्वनि स्नाने पानीयाहरणादिषु । वियुक्तौ त्यागिनौ यर्हि न पश्येतां परस्परम् ॥ ७०
ताभ्यां द्वाभ्यामपि तदा कार्यमेकमुपोषणम् । मलमूत्रोत्सर्जनेऽत्र नोपवासस्तथाऽऽपदि ॥ ७१
त्यागिना च स्त्रिया साकं स्थितौ रहसि वाध्वनि । याने तया सह कृतेऽप्युपोष्येत दिनत्रयम् ॥ ७२
त्यागिनः कामवैवश्यद्ब्रह्मचर्यं यदष्टमम् । च्युतं भवेत्तदानीं यत्प्रायश्चित्तं तदुच्यते ॥ ७३
धर्मशास्त्रेषु तु महत्प्रायश्चित्तमिहोदितम् । अशक्यं तत्कलौ कर्तुं तत्कुर्याद्वार्षिकं व्रतम् ॥ ७४
दिवसेऽनशनं कुर्यादेकस्मिंश्चापरेऽहनि । पिबेन्निर्लवणान्सक्तून्मौनेनैव सकृद्दिवा ॥ ७५
सक्तून्पातुमशक्तोऽन्नमद्याल्लवणयुक्पुमान् । अन्नद्वयं सलवणं तत्राशक्तोऽपि भक्षयेत् ॥ ७६
रोगेणोपद्रुतो यः स्यात्कयाचिद्वाऽऽपदा क्वचित् । उपवासविहीनं स त्यागी कुर्यादिदं व्रतम् ॥ ७७

---

**જાય તો પ્રાતઃકાળે સ્નાન કરીને એક દિવસ ઉપવાસ કરવો.[૬૯] ભિક્ષા માગવા જવું, માર્ગે ચાલવું, સ્નાન કરવા જવું, તથા જળ ભરવા જવું, એ આદિક ક્રિયા કરવાને અર્થે ભેગા થઈને ગયેલા બે ત્યાગી સાધુ જો તે ક્રિયા કરતાં નોખા પડી જાય ને એક બીજાને દેખે નહિ, તો બન્ને સાધુને એક એક ઉપવાસ કરવો. દિશા ફરવા જવું તથા લઘુશંકા કરવા જવું તેમાં એક બીજાને ન દેખે તેનો ઉપવાસ નહિ. અને કોઈક રોગાદિક આપત્કાળ આવી પડે તેમાં જો એક બીજાને ન દેખે તો તેનો પણ ઉપવાસ નહિ.[૭૦-૭૧] એકાંત સ્થળને વિષે એકલા ત્યાગી સાધુથી એકલી સ્ત્રીભેળા થોડીકવાર જે ઊભું રહી જવાય, તો તેણે ત્રણ દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા.[૭૨] માર્ગને વિષે એકલી સ્ત્રી ભેળો એકલા ત્યાગી સાધુથી થોડીકવાર જો ચલાઈ જવાય તો પણ તેણે ત્રણ દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા. જો કામને પરવશપણાથકી ત્યાગી સાધુને આઠમા બ્રહ્મચર્યવ્રતનો ભંગ થઈ જાય અર્થાત્ સાક્ષાત્ સ્ત્રીનો અંગસંગ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ.[૬૩] આઠમા બ્રહ્મચર્યવ્રતના ભંગનું શાસ્ત્રમાં તો મોટું પ્રાયશ્ચિત કહ્યું છે, તે આ કળિયુગમાં કરવાને સમર્થ થવાય એવું નથી. તે માટે એક વર્ષનું વ્રત કરવું.[૭૪] હવે વર્ષનું વ્રત કેવી રીતે કરવું તે કહીએ છીએ. એક દિવસ ઉપવાસ કરવો ને બીજે દિવસે મીઠા વિનાનો સાથવો એકજ વાર દિવસે પીવો પણ રાત્રીએ ન પીવો. પીતી વખતે બોલવું નહિ. તેમ એક વર્ષ સુધી કરવું.[૭૫] સાથવો પીવાને અસમર્થ એવો ત્યાગી સાધુ મીઠાંવાળું રાધેલું એક અન્ન ખાય, એક અન્ન ખાવાને અસમર્થ એવો સાધુ મીઠાવાળાં રાધેલાં બે અન્ન ખાય. એક તથા બે અન્ન ખાવાનું કહ્યું તે પ્રથમને દિવસે ઉપવાસ કરીને બીજે દિવસે ખાવું .[૭૬] એ વ્રત કરતાં કોઈક રોગે કરીને ઉપદ્રવ થાય અથવા**

रोगे चापदि नष्टायां जपित्वाऽष्टाक्षरं मनुम् । सहस्रसङ्ख्यं कुर्वीत यथापूर्वं निजं व्रतम् ॥ ७८
वर्षव्रते त्वशक्तस्तु पादोनं व्रतमाचरेत् । अर्धं वाप्यत्यशक्तस्तु कुर्यान्मासत्रयं शुचिः ॥ ७९
नियमैः सहितं कार्यं व्रतमेकान्तराशनम् । एतत्पवित्रं परमं मनःकायविशोधनम् ॥ ८०
व्रतं कर्तुमशक्तो यः पुमान्स तु समाचरेत् । बदर्याश्रमयात्रां वै ततः शुद्ध्यति स ध्रुवम् ॥ ८१
अथवा विदधीतासौ मासमेकं समाहितः । व्रतं चान्द्रायणं नाम सर्वपातकनाशनम् ॥ ८२
अविज्ञाते जनैरस्मिन्पापे तु चतुरक्षरम् । मनुं जपेद्वर्षमेकं लक्षार्धं प्रतिवासरम् ॥ ८३
मौनी दृढासनो मन्त्रं त्रिभिः कालैर्यथाबलम् । उपविश्य जपेद्भक्त्या ततः शुद्धिमवाप्नुयात् ॥ ८४
एवं व्रतेन संशुद्धः सद्भिः सन्मण्डले पुमान् । ग्रहीतव्योऽथ तद्दोषः पुनर्वाच्यो न तैः क्वचित् ॥ ८५

---

ક્યારેક તેને કોઈક બીજા પ્રકારની આપદા થાય તો તે ત્યાગી સાધુ ઉપવાસે રહિત એવું એક વ્રત કરે.[૭૭] જ્યાં સુધી એ ઉપદ્રવ હોય ત્યાં સુધી એકાંતરા ઉપવાસ ન કરવા. તે રોગ તથા આપદા નાશ પામે ત્યારે હજાર અષ્ટાક્ષર મંત્રનો જપ કરે પછી તે ત્યાગી સાધુ પ્રથમ પોતાનું વ્રત કરતો હતો તેમ કરે, અર્થાત્ એક વર્ષના વ્રતમાં બાકી રહેલા દિવસો પૂરા કરે.[૭૮]

એક વર્ષનું વ્રત કરવાને અશક્ત એવો ત્યાગી સાધુ નવ મહિના સુધી એ વ્રત કરે. નવ મહિના સુધી કરવાને અસમર્થ હોય તે છ મહિના સુધી એ વ્રત કરે અને અતિશય અસમર્થ હોય તો ત્રણ મહિના સુધી એ વ્રત કરીને પવિત્ર થાય.[૭૯] એક દિવસ ન ખાવું અને બીજે દિવસ ખાવું, એવું વ્રત કરે તે વ્રતના અંગરૂપ અહિંસા, બ્રહ્મચર્યાદિક નિયમે સહિત કરવું, એ અતિ પવિત્ર છે. અને મન તથા દેહને અતિ શુદ્ધ કરનારૂં છે.[૮૦] એવી રીતે તે વ્રત કરવાને અસમર્થ ત્યાગી સાધુ બદરીનાથજીની યાત્રા કરી આવે તો તેથી પણ નિશ્ચય શુદ્ધ થાય છે.[૮૧] યાત્રા કરવાને અસમર્થ ત્યાગી સાધુ સાવધાન પણે એક મહિના સુધી ચાંદ્રાયણ વ્રત કરે. તે વ્રત સર્વ પાપનો નાશ કરનારૂં છે.[૮૨] સાક્ષાત્ સ્ત્રીના અંગસંગરૂપ પાપ તેને કોઈ મનુષ્યે ન જાણ્યું હોય તો એ ત્યાગી સાધુ એક વર્ષ સુધી પ્રતિદિન પ્રત્યે ''નારાયણ'' એવો જે ચાર અક્ષરનો મંત્ર તે પચાસ હજાર જપે અર્થાત્ નિત્યપ્રત્યે એ મંત્રની પાંચસો માળા ફેરવે.[૮૩]

પોતાની શક્તિ પ્રમાણે નિત્ય પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાયંકાળ એ ત્રણ સમયે કરીને પચાશહજાર મંત્ર જપવા, અને જપ કરતાં મૌનવ્રત અને દૃઢ આસન રાખીને એક સ્થળને વિષે બેસીને ભક્તિએ કરીને જપ કરવો. એવી રીતે એક વર્ષ

मैथुनार्थं प्रवृत्तौ च पुंसि वा पशुजातिषु । तप्तकृच्छ्रं व्रतं कार्यं त्यागिना स्वस्य शुद्धये ॥ ८६
कृत्वा यो दुष्कृतं तस्य नैव कुर्वीत निष्कृतिम् । स तु सन्मण्डलात्सद्यो निष्कास्यो ह्यन्त्यजादिवत् ॥ ८७
कामस्य दोषा इति कीर्तितास्ते तथा गुणास्तज्जयसाधनानि ।
अथो रसस्यापि वदामि दोषांस्तुभ्यं मुने ! तज्जयनान् गुणांश्च ॥ ८८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु कामदोषतज्जयोपायनिरूपणनामा त्रिषष्टितमोऽध्यायः ॥ ६३*

---

સુધી નિત્યે એ મંત્રનો જપ કરે તો તે ત્યાગી સાધુ શુદ્ધિને પામે.[૮૪] એવી રીતે બહુ પ્રકારના ભેદે કરીને વ્રત કરવાનું કહ્યું, તે વ્રતે કરીને વિશુદ્ધ થયેલા ત્યાગી સાધુને બીજા ત્યાગી સાધુએ મંડળમાં લેવો. તે પછી તેનો દોષ ક્યારેય પણ તે ત્યાગી સાધુઓએ કહેવો નહિ.[૮૫] પુરુષને વિષે અથવા પશુ જાતિને વિષે મૈથુન કરવાને અર્થે પ્રવર્તે તો તે ત્યાગી સાધુએ પોતાની શુદ્ધિને અર્થે તપ્તકૃચ્છ્ર વ્રત કરવું, તેનું લક્ષણ એ છે જે ત્રણ દિવસ સુધી ત્રણ ત્રણ પળી ગરમ જળ પીવું,ત્રણ દિવસ સુધી બે બે પળી ગરમ દૂધ પીવું, ત્રણ દિવસ સુધી ગરમ ઘી પીવું. તથા ત્રણ દિવસ સુધી ગરમ વાયુ પીવો, એવી રીતે બાર દિવસનું વ્રત કહ્યું છે.[૮૬]

જે ત્યાગી સાધુ પાપકર્મ કરીને તેનું પ્રાયશ્ચિત ન કરે તેને ચાંડાલની પેઠે તત્કાળ ત્યાગી સાધુના મંડળમાંથી નિશ્ચય કાઢી મૂકવો, પણ તેની મોહબત ન રાખવી, અને તેનો લોભ પણ ન રાખવો.[૮૭] હે મુનિ ! એવી રીતે કામના દોષ અને તેને જીતવાના નિયમરૂપ ઉપાય અમે તમને કહ્યા, હવે રસના જે દોષ તથા તેને તેને જીતવાના ઉપાયરૂપ ગુણ તે કહીએ છીએ. તેને તમે સાંભળો.[૮૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે કામના દોષો તથા તેને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું એ નામે ત્રેસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૩--**

---

## चतुःषष्टितमोऽध्यायः

श्रीनारायणमुनिरुवाच –

सर्वेषामिन्द्रियाणां हि क्षोभहेतू रसो मतः । तन्मूलाः सकला दोषाः प्रवर्तन्तेऽघहेतवः ॥ १
साङ्गः कामो रसादेव सद्यः प्रभवतीति तु । प्रसिद्धमस्ति लोकेषु क्षुत्क्षामे तददर्शनात् ॥ २
महतां भूमिपालानां ब्राह्मणानामपि क्वचित् । धर्मिष्ठानामपि रसात्सक्तिर्मांशासने ह्यभूत् ॥ ३
देवानां च नृपादीनां रसादेव प्रवर्तते । हिंसायज्ञपरो वेदः सर्व इत्यपभाषणम् ॥ ४
अहिंसयज्ञात्तपसः स्वाद्धर्माच्च सनातनात् । उञ्छादिवृत्तेर्विप्राणां भ्रष्टत्वं च रसादभूत् ॥ ५
साम्प्रतं ब्राह्मणादेश्च मद्यमांसाशने भुवि । प्रवृत्तिरस्त्येव रसाद्देव्याद्युद्देशतः किल ॥ ६

# અધ્યાય – ૬૪

## ત્યાગી સાધુનું નિઃસ્વાદિ વર્તમાન.

ભગવાન શ્રીનારાયણ મુનિ કહે છે, હે મુનિ ! સર્વે ઈન્દ્રિયોને ક્ષોભ પમાડનારૂં કોઈ કારણ હોય તો તે રસાસ્વાદ છે, કારણ કે, પાપોની ઉત્પત્તિના કારણભૂત સર્વે દોષો એક રસમાંથી જ પ્રવર્તે છે.[૧] અંગે સહિત કામ રસથકી જ તત્કાળ ઉત્પન્ન થાય છે. એવું લોકોમાં પ્રસિદ્ધપણે દેખાય છે. કેવી રીતે ? કે ભૂખથી પીડાતા દુર્બળ માણસમાં કામ દેખાતો નથી પરંતુ જે રસે કરીને પુષ્ટ થયો હોય તેને વિષે જ તે દેખાય છે.[૨] ધર્મિષ્ટ એવા મોટા મોટા રાજાઓને પણ રસથકી માંસ ભક્ષણને વિષે આસક્તિ થયેલી છે. તેમજ ધર્મિષ્ઠ એવા બ્રાહ્મણોને પણ ક્યાંક ક્યાંક રસાસ્વાદથી માંસભક્ષણને વિષે આસક્તિ થયેલી જોવા મળે છે.[૩] "સર્વે વેદો હિંસામયયજ્ઞનું પ્રતિપાદન કરે છે" આવી રીતનું દુષ્ટ વચન યજ્ઞ કરાવનારા દેવતા તથા રાજા તથા બ્રાહ્મણાદિકોના મુખથકી માત્ર એક રસાસ્વાદના કારણે જ પ્રવર્તે છે. યજ્ઞનું શેષ માંસ ખાવા માટે જ તેઓ વેદને હિંસામયયજ્ઞ પરક કહે છે. પણ વેદ કાંઈ હિંસામયયજ્ઞ પર નથી.[૪] જીવની હિંસાએ રહિત યજ્ઞ કરવો તથા તપ કરવું, એ બે પોતાના સનાતનધર્મ થકી બ્રાહ્મણોનું જે ભ્રષ્ટપણું થયું છે તે એક રસને વિષે આસક્તિથી જ થયું છે. તેવીજ રીતે શિલોંચ્છાદિક વૃત્તિથકી પણ બ્રાહ્મણોનું જે પતન થયું છે, તે પણ રસ થકી જ થયું છે.[૫] હાલના સમયે પણ પૃથ્વીમાં બ્રાહ્મણાદિક ઉચ્ચવર્ણ તથા બ્રહ્મચર્યાદિક શુદ્ધ આશ્રમ વાળાઓને કોઈ દેવી કે ભૈરવ આદિક દેવતાઓને નૈવેદ્ય ધરાવવાના મિષે કરીને રસાસક્તિથી મદ્ય, માંસના ભક્ષણને વિષે પ્રવૃત્તિ થઈ છે. [૬]ચાર વર્ણ તથા ચાર આશ્રમમાં

चतुर्षु वर्णेषु नृणां चतुर्ष्वप्याश्रमेषु च । वेदोक्तधर्मसाङ्कर्यं रसादेव प्रवर्तते ॥ ७
पशुपक्ष्यादिहिंसायामुत्तमानां नृणामपि । प्रवृत्ती रक्षसां तुल्या रसात्स्तैन्तयेऽपि जायते ॥ ८
पङ्क्तिभेदो रसादेव जायते विदुषामपि । विहायान्यान्स्वादुभक्ष्ये पुंसश्चैकाकिनो रुचिः ॥ ९
अपेयपाने चाभक्ष्यभक्षणे मादकाशने । प्रवृत्तिरुत्तमानां वै रसाद्भवति निश्चितम् ॥ १०
हरिकीर्तनसच्छास्त्रकथानां च भवच्छिदाम् । जीविकात्वं रसादेव हर्यर्चापूजनस्य च ॥ ११
रसाच्छत्रुवशत्वं च ततो मृत्युर्भवत्यपि । अत्याहारेण मृत्युश्च रसाद्रोगा भवन्ति च ॥ १२
क्रोधलोभमदेर्ष्याद्या अपि दोषा रसान्नृणाम् । महान्तः प्रभवन्त्येव बहवः पापहेतवः ॥ १३
इत्येते कथिता दोषा रसमाश्रित्य ये स्थिताः । ब्रुवे रसजयोपायानथ त्यागिहितावहान् ॥ १४

---

**રહેલા મનુષ્યોમાં વેદે કહેલા ધર્મને વિષે જે સંકરપણું પ્રવર્ત્યું છે, તે રસાસક્તિથી જ પ્રવર્ત્યું છે.[૭] ઉત્તમ જાતિનાં મનુષ્યો રાક્ષસોની જેમ પશુપક્ષી આદિક જીવોની હિંસા રસાસક્તિથી જ કરે છે. તથા ઉત્તમજાતિનાં મનુષ્યો પણ રસાસક્તિથી ચોરી કરવાને વિષે પણ પ્રવર્તે છે.[૮]**

**પંક્તિભેદના દોષને જાણનારા વિદ્વાનો પણ રસાસક્તિથી પંક્તિભેદ કરે છે. પોતાના મનુષ્યોને ન આપી એકલાએ ભક્ષણ કરવું તેને વિષે એક રસથકી જ મનુષ્યને રૂચિ થાય છે. અર્થાત્ સ્વાદુ ચીજ પોતે એકલો જ ખાય છે.[૯] ઉત્તમ જાતિના મનુષ્યને પણ ન પીવા યોગ્ય વસ્તુ પીવાને વિષે, ન ખાવા યોગ્ય વસ્તુ ખાવાને વિષે, તથા જે ખાવા-પીવાથી કેફ ચઢે ને ધર્મ અધર્મની ખબર ન રહે, એવી વસ્તુ ખાવા પીવાને વિષે પ્રવૃત્તિ એક રસાસક્તિથી જ થાય છે.[૧૦] જે જન્મ-મરણરૂપ સંસારને છેદી નાખનારાં છે, એવાં ભગવાનનાં કીર્તન, સત્શાસ્ત્રની કથા તથા ભગવાનની પ્રતિમાની પૂજા તે માત્ર આજીવિકાને માટે કરાય છે. તે રસ થકી જ થાય છે. અર્થાત્ રસાસ્વાદને વશ થઈને વિદ્વાનો પોતાના દેહ કુટુંબની આજીવિકાને અર્થે કીર્તન કથા તથા પૂજા કરે છે.[૧૧] રસાશક્તિને કારણે પોતાના શત્રુને આધીન થઈ જવાય છે. અને પછી તે થકી મૃત્યુ પણ થાય છે. રસાસ્વાદથી વધુ પડતો આહાર કરાય છે. જેથી મૃત્યુ પણ થાય છે, વળી રસથકી નાના પ્રકારના રોગ થાય છે.[૧૨] મનુષ્યો જેને કારણે પાપ કરે છે, એવા ક્રોધ, લોભ, મદ, ઈર્ષ્યા એ આદિક અનેક મહાન દોષોની ઉત્પત્તિ રસ થકી જ થાય છે.[૧૩]**

**રસદોષને જીતવાના ઉપાયો :– હે મુનિ ! એવી રીતે રસને આશરીને રહેલા સર્વે દોષો અમે તમને કહ્યા. હવે ત્યાગી સાધુઓને હિત કરનારા એવા**

सुस्वादुभोजनासक्तिर्न कार्या त्यागिभिः क्वचित् । योगैः सिद्धा अपि यया लभन्ते श्वादितुल्यताम् ॥ १५
अनासक्तो रसास्वादे त्यागी वैष्णव आत्मवित् । निर्वाहार्थं स्वदेहस्य भिक्षावृत्तिमुपाश्रयेत् ॥ १६
अल्पमल्पं शुचीन् याचेद्गृहस्थानन्नमन्वहम् । रसं यथा मधुकरः प्रत्यब्जं तान्यपीडयन् ॥ १७
चातुर्वर्ण्यगृहस्थाश्च त्यागिभि-र्भैक्षचारिभिः । अपक्वान्नं याचितव्याः शुद्धं नान्ये त्वनापदि ॥ १८
सदन्नं तच्च बहुलं प्राप्नुयाद्यस्य वेश्मनः । तमेव रसलोभेन नार्थयेत्प्रतिवासरम् ॥ १९
नारायण ! हरे ! सच्चिदानन्दादिप्रभो ! इति । उच्चैर्वदेदङ्गणस्थो गृहिणां भैक्षमर्थयन् ॥ २०
यत्पिष्टतण्डुलाद्याप्तं भिक्षयान्नं फलादि वा । स्वयं शुचिः पाचयित्वा हरये तन्निवेदयेत् ॥ २१
तदन्नं तुलसीमिश्रं विष्णोः पादाम्बुना पुमान् । प्रासादिकेनाम्बुना वा भुजिकाले विमिश्रयेत् ॥ २२

---

**રસને જીતવાના ઉપાયો કહીએ છીએ.[૧૪] ત્યાગી સાધુએ ક્યારેય પણ સ્વાદુ ભોજનને વિષે આસક્તિ કરવી નહિ. કારણ કે યોગે કરીને સિદ્ધ થયેલા મોટા ત્યાગી સાધુઓ પણ જો રૂડા ભોજનને વિષે આસક્તિ કરે તો તે પણ શ્વાન અને બિલાડા જેવા કહેવાય છે.[૧૫] રૂડા રસે યુક્ત ભોજનને વિષે આસક્તિ રહિત અને પોતાના જીવાત્માને દેહ ઈન્દ્રિયો થકી જુદો જાણનાર ભગવાનનો ભક્ત ત્યાગી સાધુ પોતાના દેહ નિર્વાહને અર્થે ભિક્ષાવૃત્તિને આશરે.[૧૬] ભિક્ષાવૃત્તિ કેવી રીતે કરવી તે કહીએ છીએ. પવિત્ર ગૃહસ્થને ઘેર નિત્ય જઈ જેમ ભમરો દરેક કમળમાંથી થોડો થોડો રસ લે છે, પણ તે કમળને ભાંગી તોડી નાખતો નથી, તેમ ત્યાગી સાધુ પણ ગૃહસ્થને પીડા ન થાય તેવી રીતે થોડું થોડું અન્ન માંગીને ભિક્ષા કરે.[૧૭] ભિક્ષાવૃત્તિ આચરનારા ત્યાગી સાધુએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના ગૃહસ્થો પાસેથી પવિત્ર કાચું અન્ન માંગી લેવું. કોઈ આપત્કાળ પડ્યો ન હોય ત્યાં સુધી એ ચાર વર્ણથી ઉતરતા વર્ણના ગૃહસ્થોને પાસે કાચું અન્ન પણ માગવું નહિ. આપત્કાળમાં મંગાય તેનો દોષ નહિ.[૧૮] જે ગૃહસ્થના ઘરથકી સારૂં સારૂં અન્ન ઝાઝું મળતું હોય, તેજ ગૃહસ્થને ઘેર રસને લોભે કરીને નિત્ય માગવા જવું નહિ.[૧૯] ભિક્ષા માગવા જવું ત્યારે ત્યાગી સાધુએ ગૃહસ્થના આંગણામાં ઊભા રહી "નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો" એ રીતે ઊંચે સ્વરે બોલવું.[૨૦]**

**ત્યારપછી ભિક્ષામાં મેળવેલા લોટ, ચોખા, દાળ આદિક અન્ન અથવા ફળાદિકની પવિત્ર થઈને રસોઈ કરવી ને, તે રસોઈ ભગવાનને નિવેદન કરવી.[૨૧] તુલસીએ યુક્ત નૈવેદ્યનું અન્ન જમવા સમયે ભગવાનનું ચરણામૃત અથવા પ્રસાદીનું જળ મેળવીને ત્યાગી સાધુએ જમવું.[૨૨] ભોજન કરવાને સમયે કોઈક ભિક્ષુક**

यदि भोजनवेलायां कश्चिद्याचेत भिक्षुकः । तर्हि दद्यादात्मबुद्ध्या तस्मा अन्नमविक्लवः ॥ २३
गृहस्थो वैष्णवो विप्रः स्वधर्मपरिनिष्ठितः । लोकगर्हापापकर्मसूतकादिविवर्जितः ॥ २४
भोक्तुं निमन्त्रयेत्स्वस्य गेहे तर्हि तदालयम् । गच्छेयुस्तत्र भुञ्जीरन् प्राग्वद्विष्णुनिवेदितम् ॥ २५
तद्गेहे प्रतिमा न स्याद्यदि विष्णोः कदाचन । स्वेज्यमूर्तिं तदा तत्र नीत्वा कुर्युर्निवेदनम् ॥ २६
यदि तस्य गृहे मूर्तिर्भवेत्तर्हि निजाश्रमे । स्वयं पक्त्वा प्रस्थमन्नं कुर्युर्विष्णोर्निवेदनम् ॥ २७
ततो गृहिगृहे भोक्तुं गच्छेद्वै त्यागिमण्डलम् । सेवाधर्मः सदोषः स्यादन्यथा तु कृते सति ॥ २८
अशक्तः पाककरणे ब्राह्मणो वैष्णवोऽपि चेत् । अन्यो वाऽग्राह्या पक्वान्नः सतो भोक्तुं निमन्त्रयेत् ॥ २९
तर्ह्यपक्वान्नमानाय्य स्वाश्रमे वातदालये । पाकं कुर्युस्त्यागिनस्तु कारयेयुर्द्विजेन वा ॥ ३०

---

આવી અન્ન માંગે તો તેને પોતાપણાની બુદ્ધિથી પ્રસન્ન મને અન્ન આપવું. પરંતુ તેને પરાયો માની આકળા થઈને કચવાઈ જવું નહિ.[૨૩]

**ગૃહસ્થના ઘેર જમવા જવાની ત્યાગીસાધુની રીત :–** જે પોતાના ધર્મને વિષે નિષ્ઠાવાળો, લોકની નિંદા, પાપકર્મ તથા સૂતકાદિકથી રહિત અને ભગવાનનો ભક્ત ગૃહસ્થ બ્રાહ્મણ હોય ને તે પોતાને ઘેર ત્યાગી સાધુને જમવાનું નોતરું દે તો તેને ઘેર જમવા જવું, અને ત્યાં ભગવાનને નૈવેદ્ય ધરીને તે અન્ન ચરણામૃત અથવા પ્રસાદીનું જળ મેળવીને જમવું.[૨૪-૨૫] કદાચિત તે ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર ભગવાનની પ્રતિમા ન હોય તો પોતાને પૂજવાની મૂર્તિ ત્યાં લઈ જઈને નૈવેદ્ય કરવું ને પછી જમવું.[૨૬] જો ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર ભગવાનની મૂર્તિ હોય અને તેનું ઘર છેટે હોય તો તેની પાસે કાચું અન્ન એક જણ જમે તેટલું બે શેરને આશરે પોતાના ઉતારે મંગાવી પોતે તેની રસોઈ કરી ભગવાનને નૈવેદ્ય કરવું.[૨૭] પછી જ ત્યાગી સાધુનું મંડળ ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર જમવા જાય. પોતાને પૂજવાની મૂર્તિને નૈવેદ્ય કર્યા વિના જમવા જાય તો ભગવાનની સેવારૂપ ધર્મમાં દોષ આવે છે.[૨૮] જો ભગવાનનો ભક્ત ગૃહસ્થ બ્રાહ્મણ રસોઈ તૈયાર કરવાને અસમર્થ હોય ને ત્યાગી સાધુને જમવાનું નોતરું દે અથવા જેનું રાંધેલ અન્ન ખપતું ન હોય એવા ક્ષત્રિય, વૈશ્ય અને સત્શૂદ્ર પણ જો ત્યાગી સાધુને જમાવનું નોતરું દે, તો તેની પાસે કાચા અન્નનું સીધું પોતાને જોઈએ તેટલું પોતાના ઉતારે મંગાવીને રસોઈ કરવી, અથવા તેને ઘેર જઈ એકાંત જગ્યા હોય ત્યાં ત્યાગી સાધુ રસોઈ કરે અથવા ભગવાનના ભક્ત બ્રાહ્મણ પાસે રસોઈ કરાવે.[૨૯-૩૦] જ્યારે ગૃહસ્થના ઘેર રસોઈ કરવા જવું હોય ત્યારે ત્યાગી સાધુએ પાંચથી ઓછા ક્યારેય ન જવું. અને ગૃહસ્થના

पाकं कर्तुं गृहिगृहे पञ्चोनैस्त्यागिभिः क्वचित् । कर्तुं च भोजनं तद्वन्न गन्तव्यमिति स्थितिः ॥ ३१
सम्पदं गृहिणो दृष्ट्वा भोक्तुं यायुस्तदालयम् । न त्वल्पवित्तं गृहिणं क्लेशयेयुः कदाचन ॥ ३२
गृही स्वगेहेऽनुदिनं देशकालानुसारतः । शाल्यादि वा कोद्रवादि प्राश्नीयादन्नमत्र यत् ॥ ३३
तस्य गेहे तदेवान्नं ग्रहीतव्यं न चेतरत् । रोगाद्यापदमाप्तस्य न दोषो जरतस्तथा ॥ ३४
पर्वोत्सवादौ गृहिणो विशेषो यदि नैत्यकात् । स्वस्मै च तादृशं दद्यादन्नं ग्राह्यं तदा तु तत् ॥ ३५
यत्र स्याद्गृहिणो गेहे पुरुषः परिवेषकः । तत्रैव भोक्तुं गन्तव्यं नान्यत्र त्यागिभिः क्वचित् ॥ ३६
प्रासादिकं विना त्यागी चन्दनं सुमनःस्रजम् । न धारयेद्भगवतो बृहद्व्रतमुपाश्रितः ॥ ३७
सुगन्धितैलताम्बूलपूगैलाजातिजादि तु । प्रासादिकमपि त्यागी स्वीकुर्यान्न विनापदम् ॥ ३८

**ઘેર જમવા જવું હોય તો પણ પાંચથી ઓછા ક્યારેય ન જવું, અમે આ મર્યાદા બાંધી છે. તે પ્રમાણે વર્તવું.[૩૧]**

**ગૃહસ્થના ઘરની સંપત્તિ જોઈને ત્યાગી સાધુએ તેમનું નોતરું સ્વીકારીને તેને ઘેર જમવા જવું અથવા સીધું લેવું. થોડા ધનવાળા ગૃહસ્થને ક્લેશ થાય તેમ ક્યારેય ન કરવું.[૩૨] દેશકાળને અનુસારે ગૃહસ્થ પોતાને ઘેર ચોખા, ઘઉ આદિક ભારે અન્ન જમતો હોય કે પછી કોદરા, બાજરો, બંટી આદિક જેવું તેવું અન્ન જમતો હોય, અને જ્યારે તે ગૃહસ્થને ઘેર જમવા જવું અથવા પોતાને ઉતારે તેનું સીધું લેવું ત્યારે જેવું અન્ન તે નિત્ય જમતો હોય તેવું અન્ન ત્યાગી સાધુએ લેવું, પણ તેથી ભારે અન્ન ન લેવું. રોગાદિક આપત્કાળમાં તથા વૃદ્ધાવસ્થામાં પોતાને સદે તેવું અન્ન ગૃહસ્થ પાસે માંગી લે, તેનો દોષ નથી.[૩૩-૩૪] અમાવાસ્યા, દ્વાદશી ને પૂનમ એ પર્વો તથા અન્નકૂટાદિક ઉત્સવોને દિવસે ગૃહસ્થ નિત્ય કરતાં કાંઈક વિશેષ સારૂં ખાતો હોય, ને તે દિવસે તેવું સારૂં અન્ન ત્યાગી સાધુને આપે તો તે લેવું.[૩૫] જે ગૃહસ્થને ઘેર પીરસનારો પુરુષ હોય તેને ઘેર ત્યાગી સાધુએ જમવા જવું, પણ જ્યાં પીરસનારી સ્ત્રી હોય ત્યાં ક્યારેય ન જવું.[૩૬] બ્રહ્મચર્યવ્રતને આચરનાર ત્યાગી સાધુ ભગવાનની પ્રસાદિ વિનાનું ચંદન તથા પુષ્પની માળા પણ ધારણ કરે નહિ, ભગવાનની પ્રસાદીનું હોય તે ધારણ કરે.[૩૭] સુગંધીમાન તેલ, ફુલેલ અત્તર, તથા નાગરવેલના પાનની બીડી, સોપારી, એલચી, જાયફળ, જાવંત્રી, લવિંગ આદિક વસ્તુ ભગવાનની પ્રસાદિ હોય તો પણ ત્યાગી સાધુ અંગીકાર ન કરે, રોગાદિક આપત્કાળ પડ્યો હોય ને લેવાય તેનો બાધ નહિ.[૩૮]**

**હે મુનિ ! યોગી એવા ત્યાગી સાધુને એકાદશી આદિક વ્રતના દિવસોને**

एकादशीप्रभृतिषु व्रताहेषु तु योगिभिः । अन्नं फलादि वा प्राप्तं निवेद्यं हरये मुने ! ॥ ३९
कर्तव्यं स्वेन तु व्रतं तथा निष्कृत्युपोषणे । निवेद्य हरये त्वन्नं स्वेन कार्यमुपोषणम् ॥ ४०
बहुषु त्यागिवृन्देषु मिलितेषूत्सवादिषु । नैवेद्यस्य विधिः कार्यो देशकालानुसारतः ॥ ४१
पाकेनैकेन वा द्वाभ्यां बहुभिर्वा यथात्मनः । स्यादेकान्तिकधर्मस्य रक्षा कार्यं तथा बुधैः ॥ ४२
स्वच्छे देशे सावकाशे सति त्वन्नं चतुर्विधम् । निवेद्यं विष्णवे सर्वं सद्भिस्तैरन्नकूटवत् ॥ ४३
आल्प्ये तु स्थानपात्रादेरन्नं तदनुसारतः । निवेद्य विष्णवे तत्तद्राशौ तच्च विमिश्रयेत् ॥ ४४
विष्णुप्रसादमाहात्म्यं वर्णयन् येन केनचित् । दत्तं न भक्षयेदन्नं त्यागवान्नसलौल्यतः ॥ ४५
हरेः प्रासादिकं चान्नं चरणाम्ब्वप्यनर्हते । न दद्यादेव सद्भक्तो गृह्णीयान्न त्वनर्हतः ॥ ४६

વિષે અન્ન અથવા ફળાદિક જે પોતાને પ્રાપ્ત થાય તેનું ભગવાનને નૈવેદ્ય ધરવું અને પોતે તો વ્રતનો નકોરડો ઉપવાસ કરવો. પરંતુ માહાત્મ્ય જાણીને તે નૈવેદ્યનું અન્ન ખાવું નહિ. તેવી જ રીતે પ્રાયશ્ચિતનો ઉપવાસ કરવો હોય ત્યારે પણ ભગવાનને રાંધેલા અન્નનું નૈવેદ્ય ધરવું ને પોતે તો નકોરડો ઉપવાસ કરવો. તેમાં જળ સિવાય બીજું કાંઇ ન લેવું.[૩૯-૪૦] ઉત્સવ ઉપર તથા કોઇ ગૃહસ્થે સર્વે ત્યાગી સાધુને જમાડવા સારૂં તેડ્યા હોય ને ઘણાક ત્યાગી સાધુનાં મંડળ ભેળાં થયાં હોય ત્યારે ભગવાનને નૈવેદ્ય ધરવાની રીત દેશકાળાનુસારે કરવી.[૪૧] તે કેવી રીતે ? તો એક પાક અથવા બે પાક અથવા બહુ પાકે કરીને સર્વની એક ભેળી રસોઇ કરવી અથવા નોખા બે મંડળની રસોઇ કરવી ને પછી નૈવેદ્ય ધરવું તેમાં પણ જેમ પોતાના એકાંતિક ધર્મની રક્ષા થાય તેવી રીતે ત્યાગી સાધુએ કરવું.[૪૨] જો અતિશય મોકળી પવિત્ર જગ્યા હોય તો ભોજ્યાદિ ચારે પ્રકારનું સર્વ અન્ન તે અન્નકૂટની પેઠે ભગવાનને નિવેદન કરવું.[૪૩] જો જગ્યા મોકળી ન હોય તો તથા રસોઇના પાત્ર નાનાં હોય તો તે પ્રમાણે થોડું થોડું અન્ન ભગવાનને ધરવું. ત્યાર પછી તે પ્રસાદીના સર્વે અન્નને તે તે અન્નના ઢગલામાં ભેળું કરવું, એટલે એ સર્વે પ્રસાદી થાય તે સર્વે ત્યાગી સાધુએ જમવું.[૪૪]

પોતાને જેનું રાંધેલું અન્ન ન ખપતું હોય એવા કોઇ મનુષ્યે આપેલું અન્ન ભગવાનની પ્રસાદીનું હોય તો પણ ત્યાગીએ રસના ઇન્દ્રિયની લોલુપતાએ કરીને ખાય નહિ.[૪૫] તેમજ રાધેલું ભગવાનની પ્રસાદીનું અન્ન તથા ચરણામૃત જેને ન ખપતું હોય તેને આપે નહિ, તથા તેની પાસેથી લે પણ નહિ.[૪૬] કારણ કે આહારની શુદ્ધિ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે, તે માટે પવિત્ર ગૃહસ્થના ઘર થકી પ્રાપ્ત

आहारशुद्धिः सत्त्वस्य शुद्धिहेतुर्भवत्यतः । अन्नं शुचिगृहप्राप्तमद्यं विष्णुनिवेदितम् ॥ ४७
सकृद्भुञ्जीत च त्यागी प्रतिघस्रमनापदि । वर्तेत परिचर्यायामहोरात्रं रमापतेः ॥ ४८
ग्राह्यान्नेनापि दत्तं चेदन्नं प्रासादिकं प्रभोः । भुक्तेरनन्तरं तर्हि सद्भिर्भक्ष्यं न सर्वथा ॥ ४९
तद्भक्षणे सकृद्भुक्तिव्रतभङ्गो भवेत्किल । अनाचारप्रवृत्तिश्च सत्सु स्यान्नात्र संशयः ॥ ५०
उपवासदिने प्राप्तं भक्ष्यं प्रासादिकं हरेः । विसर्जयेन्नमस्कृत्य नान्नं भक्षेत्तु सर्वथा ॥ ५१
अपि भोजनवेलायां प्राप्ते प्रासादिके यदि । भक्ष्यार्हं स्वस्य न स्याद्यत्सर्वथा तन्न भक्षयेत् ॥ ५२
त्यक्तं यत्स्वेन नियमाद्देहपीडाकरं च यत् । भक्षयेन्नैव तत्त्यागी प्रासादिकमपि प्रभोः ॥ ५३
स्वस्य भोजनपात्रेण नैवेद्यं न समाचरेत् । विष्णोः पूजाम्बुपात्रेण न च शौचविधिं सुधीः ॥ ५४
अगालितं जलं क्षीरं विष्णवे न निवेदयेत् । प्रसादीकृत्य दत्तं चेदज्ञपुंसा न तत्पिबेत् ॥ ५५

---

થયેલું અન્ન ભગવાનને નિવેદન કરીને ખાવું, એવી રીતે શુદ્ધ આહાર ન કરે તો અંતઃકરણ મલીન થઈ જાય છે.[૪૭] ત્યાગી સાધુએ નિત્ય એકવાર જમવું, રોગાદિક આપત્કાળ પડે ને બીજીવાર જમાય તેનો બાધ નહિ, સાધુએ દિવસે તથા રાત્રીએ પણ નિરંતર ભગવાનની સેવામાં વર્તવું, પરંતુ જમીને નવરા બેસી રહેવું નહિ.[૪૮] જેનું રાંધેલું અન્ન પોતાને ખપતું હોય, તેણે પણ એકવાર જમ્યા પછી ભગવાનની પ્રસાદીનું અને પોતાને આપ્યું હોય તો તે ત્યાગી સાધુએ કોઈ પ્રકારે ન જમવું, જો તે જમે તો એક વખત જમવાના નિયમનો ભંગ થઈ જાય, તેથી સાધુઓમાં અનાચારની પ્રવૃત્તિ થાય, એમાં કોઈ સંશય નથી.[૪૯-૫૦] ઉપવાસના દિવસે પ્રાપ્ત થયેલી ભગવાનની પ્રસાદીરૂપ ભક્ષણ કરવા યોગ્ય ફળાદિક વસ્તુને નમસ્કાર કરીને કોઈ બીજાને આપી દે, પણ ત્યાગીએ પોતે કોઈ રીતે ખાય નહિ.[૫૧]

ભોજનના સમયે પ્રાપ્ત થયેલી ભગવાનની પ્રસાદીની અન્નાદિક વસ્તુઓ જો પોતાને જમવા યોગ્ય ન હોય તો તેને ભગવાનની પ્રસાદીનું માહાત્મ્ય જાણીને પણ કોઈ રીતે જમે નહિ.[૫૨] જે અન્નાદિક વસ્તુનો પોતે નિયમ લઈને ત્યાગ કર્યો હોય, તથા જે જમવાથી પોતાના દેહને પીડા કરે તેમ હોય, તો તેને પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ જમે નહિ.[૫૩] રૂડી બુદ્ધિવાળો ત્યાગી પોતાને ભોજન કરવાના પાત્રમાં ભગવાનને નૈવેદ્ય ન ધરે, તથા ભગવાનની પૂજા કરવાના જલપાત્રોને મળ મૂત્રાદિક ક્રિયા કરવા માટે ન લઈ જાય તથા શૌચ ક્રિયા કરવાના પાત્રનું જળ ભગવાનની પૂજાના પાત્રમાં ન નાખે, એવી રીતે વિવેક રાખવો.[૫૪] ત્યાગી સાધુ ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ભગવાનને નૈવેદ્ય ન ધરે, કોઈ અજ્ઞાની પુરુષ ગાળ્યા

धातुप्रकोपजननं प्रायस्त्यागी न भक्षयेत् । अशुचेर्मद्यमांसादेः संसर्गमपि सन्त्यजेत् ॥ ५६
भङ्गां गञ्जं चाहिफेनं मादकं वस्तु यच्च तत् । तमालं त्रिविधं चापि जह्यात्त्यागी तु दूरतः ॥ ५७
रोगार्तेनौषधं भक्ष्यं मद्यादिस्पर्शवर्जितम् । शयितव्यं मञ्चके च प्रावार्यं गुप्तदोरकम् ॥ ५८
न रोगिणः सकृद्भुक्तेर्नियमः स्थविरस्य च। भुञ्जीयातां यथेष्टं तौ स्मरन्तौ हृदये हरिम् ॥ ५९
सत्सङ्गेन हरेर्भक्त्या सहैतैर्नियमैः शुभैः । हर्यर्पितेतरत्यागाज्जीयते दुर्जयो रसः ॥ ६०
उञ्छवृत्तिर्मुद्गलाख्यो रन्तिदेवादयो नृपाः । रसास्वादपरित्यागाल्लेभिरे परमं सुखम् ॥ ६१
एतेषु नियमेषु स्याद्यस्य कस्यापि चेच्च्युतिः । कर्तव्यं विष्कृतं तर्हि त्यागिभिस्तस्य सत्वरम् ॥ ६२
अन्नस्य वह्निपक्वस्य श्रीकृष्णाय निवेदनम् । अकृत्वा भोजनकृतावेकं दिनमभोजनम् ॥ ६३

---

વિનાનું જળ અને દૂધ ભગવાનની પ્રસાદીરૂપ કરીને પોતાને આપે તો તે ગાળ્યા વિના પીએ નહિ, ગાળીને જ પીએ.[૫૫] ત્યાગી સાધુએ રાજસી તામસી અન્ન જમવાથી દેહની પુષ્ટિએ કરીનેવીર્ય ઉત્તેજીત થાય એવું અન્નાદિક ભગવાનની પ્રસાદી હોય તો પણ અતિશય ન ખાય, થોડું જ લે, તેમાં પણ મદ્ય, માંસાદિક અપવિત્ર વસ્તુઓના સંસર્ગને તો અતિશય ત્યાગે.[૫૬] ત્યાગી સાધુ ભાંગ, ગાંજો, અફિણ તથા જેણે કરીને કેફ ચઢે એવી સર્વ વસ્તુઓનો દૂરથી ત્યાગ કરે. તેમજ ખાવા, પીવા કે સૂંઘવાની આ ત્રણ પ્રકારની તમાકુનો પણ દૂરથી ત્યાગ કરે.[૫૭] રોગે કરીને પીડા પામેલા સાધુએ મદ્ય, માંસાદિક અપવિત્ર વસ્તુના સ્પર્શ રહિત ઓસડ ખાવું, ખાટલા ઉપર સૂવું, તથા ગોદડું ઓઢવું ને પાથરવું.[૫૮] રોગી તથા વૃદ્ધ સાધુઓને એક વખત જમવાનો નિયમ નથી. માટે તેઓએ પોતાના હૃદયને વિષે ભગવાનનું સ્મરણ કરી જે રૂચે તે રીતે જમવું.[૫૯]

**નિઃસ્વાદી નિયમભંગના પ્રાયશ્ચિતની રીત :–** નિઃસ્વાદી સાધુપુરુષના સમાગમ તથા ભગવાનની ભક્તિએ સહિત આ રૂડા નિયમોનું પાલન કરવાથી તથા ભગવાનને અર્પણ કર્યા વિનાના અન્નાદિક વસ્તુઓનો ત્યાગ કરવાથી ત્યાગી સાધુ દુર્જય રસાસ્વાદને જીતે છે.[૬૦] શિલોંચ્છવૃત્તિવાળા મુદ્‌ગલ નામે ઋષિ તથા રંતિદેવાદિ રાજા રસાસ્વાદનો પરિત્યાગ કરવાથી પરમ સુખને પામ્યા હતા.[૬૧] આ નિયમો કહ્યા તેમાંથી જો કોઇ નિયમનો ભંગ થઇ જાય તો તેનું પ્રાયશ્ચિત ત્યાગી સાધુએ તત્કાળ કરવું.[૬૨]

**નિઃસ્વાદી વર્તમાનના ભંગનું પ્રાયશ્ચિત** :- અગ્નિએ કરીને રાંધેલું અન્ન ભગવાનને નૈવેદ્ય કર્યા વિના જો જમાય તો એક ઉપવાસ કરવો. ભગવાનની

प्रासादिकान्यगन्धस्रग्धृतावेकमुपोषणम् । प्रासादिकस्य तैलादैः स्वीकृतौ च तथा मतम् ॥ ६४
विष्णोः प्रासादिकान्नस्य पादोदस्याप्यनर्हते । दाने वा तत आदाने कार्यं चान्द्रायणं व्रतम् ॥ ६५
पञ्चोना यदि गच्छेयुः सन्तः कर्तुं च भोजनम् । पाकं वा गृहिगृहे तत्कुर्युरेकमपोषणम् ॥ ६६
अज्ञानान्मद्यपाने वा कृते मांसस्य भक्षणे । मासमेकं पिबेत्सक्तूनुष्णोदकविमिश्रितान् ॥ ६७
भङ्गारसाद्यपेयस्य क्वचित्पानेऽप्यबुद्धितः । कृते त्यागी न कुर्वीत दिनमेकं तु भोजनम् ॥ ६८
एतैरन्यैरुपायैश्च हर्येकान्तिककीर्तितैः । सर्वथा त्यागिना जेयं दुर्जयं रसनेन्द्रियम् ॥ ६९
यावद्रसो न विजितस्तावत्कोऽपि जितेन्द्रियः । पुमान्नैव भवेन्नूनं जितं सर्वं जिते रसे ॥ ७०
आहारनियमेनैव पूर्वैरपि जितो रसः । तेनैवात स जेतव्यस्त्यागिना पुरुषेण च ॥ ७१
सरसेऽल्पे सकृद्भुक्तेऽप्यन्ने स तु न जीयते । नीरसे च मुहुर्भुक्ते सकृद्भुक्ते च भूयसि ॥ ७२

---

**પ્રસાદી વિનાનું ચંદન તથા પુષ્પની માળા ધારણ કરાય તો એક ઉપવાસ કરવો.[૬૩] ભગવાનની પ્રસાદીનું સુગંધીમાન તેલ ફુલેલ અત્તર, શરીરે ચોપડાય તથા નાગરવેલના પાનની બીડી, સોપારી, એલચી, જાયફળ, જાવંત્રી, લવિંગ, એ આદિક વસ્તુ ખવાય તો એક એક ઉપવાસ કરવો.[૬૪] ભગવાનની પ્રસાદીનું રાંધેલું અન્ન તથા ચરણામૃત જેને ખપતું ન હોય તેને દેવાય તો એક ચાંદ્રાયણ વ્રત કરવું.[૬૫] તથા જેનું પોતાને ન ખપતું હોય તેનું લેવાય તો પણ એક ચાંદ્રાયણ વ્રત કરવું. પાંચ થકી ઓછા ત્યાગી સાધુઓ ગૃહસ્થને ઘેર જમવા જાય તથા રસોઈ કરવા જાય તો તે સર્વેએ એક એક ઉપવાસ કરવો. અજાણમાં મદ્ય પીવાઈ જાય તથા માંસનું ભક્ષણ થઈ જાય તો એક મહિના સુધી ઊના જળમાં ઘોળીને સાથવો પીવે ત્યારે શુદ્ધિ થાય.[૬૭] ભાંગનો રસ તથા ગાંજો એ આદિક ન પીધાની વસ્તુ ક્યારેક અજાણમાં પીવાઈ જાય તો ત્યાગી સાધુ એક દિવસ ઉપવાસ કરે.[૬૮]**

**હે મુનિ ! આ કહ્યા જે ઉપાય તથા એ વિનાના બીજા પણ ભગવાનના એકાંતિક ભક્ત એવા ત્યાગી સાધુઓ કહે, તે ઉપાયોથી દુર્જય રસના ઈન્દ્રિયને જીતવી.[૬૯] જ્યાં સુધી રસના ઈન્દ્રિય નથી જીતી ત્યાં સુધી જીતેન્દ્રિય નથી થતો. રસના ઈન્દ્રિયને જીતે ત્યારે તે સર્વે ઈન્દ્રિયોને જીતી છે.[૭૦] પુર્વે થયેલા મોટામોટા સાધુઓએ પણ આહારને નિયમમાં કરીને રસના ઈન્દ્રિયને જીતી છે માટે ત્યાગી સાધુઓએ આહાર નિયમમાં કરીને રસના ઈન્દ્રિયને જીતવી.[૭૧]**

**આહારને નિયમમાં કરવાની રીત :–** **રસવાળું અન્ન એકવાર પણ અતિશય થોડું જમવાથી રસના ઈન્દ્રિય નથી જીતાતી તથા રસ વિનાનું અન્ન**

युक्त एव ततः कार्य आहारो देहरक्षकः । युक्ताहारविहारस्येत्युक्तं भगवता स्वयम् ॥ ७३
रसाश्रितास्ते कथिता मयेत्थं दोषा उपायाश्च जयेऽपि तस्य ।
स्नेहस्य तांस्तेऽथ मुने ! वदामि हिताय हि त्यागवतां नराणाम् ॥ ७४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु रसास्वाददोषतज्जयोपायनिरूपणनामा चतुःषष्टितमोऽध्यायः ॥ ६४*

---

**થોડું થોડું વારંવાર જમવાથી પણ રસના ઈન્દ્રિય નથી જીતાતી, તથા રસ વિનાનું અન્ન એકવાર અતિશય ખાય તો પણ તે જીતાતી નથી.[૭૨] તે માટે દેહના નિભાવરૂપ આહાર યુક્ત જ કરવો. તેમજ અતિશય થોડું પણ નહિ અને બહુ ઝાઝું પણ નહિ, એવી રીતે જમવું. ભગવદ્ ગીતાને વિષે શ્રીકૃષ્ણ ભગવાને પોતે જ કહ્યું છે જે, યુક્ત આહાર કરનાર યોગીને યોગ સિદ્ધ થાય છે.[૭૩] હે મુનિ ! એવી રીતે રસાસ્વાદને આશરે રહેલા દોષો તથા તેને જીતવાના ઉપાયો અમે તમને કહ્યા. હવે સ્નેહરૂપ શત્રુના દોષો તથા તેમને જીતવાના ત્યાગી સાધુઓને હિતકારી એવા ઉપાયો અમે કહીએ છીએ તે સાંભળો.[૭૪]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે રસાસ્વાદના દોષો તથા તતેને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું એ નામે ચોસઠમો અધ્યાય પૂર્ણ થયો. -૬૪-**

---

## पञ्चषष्टितमोऽध्यायः

**श्रीनारायणमुनिरुवाच –**

वासुदेवं तदीयांश्च विनान्यत्र तु यो भवेत् । स्नेहः स हि महाञ्छत्रुर्भूरिदोषाकरोऽस्ति वै ॥ १
त्यक्तगृहाश्रमस्यापि त्यागिनः संसृतिप्रदा । पुनः पुत्रकलत्रादिस्मृतिः स्नेहात्प्रजायते ॥ २
अन्तकाले तथा स्नेहात्स्त्रीपुत्रधनधामसु । पशुपक्षिद्रुमादौ वा प्रेतत्वं जायते नृणाम् ॥ ३
पुंसोऽप्युत्कृत्तशिश्नस्य स्नेहाद्योषाप्रियाय हि । विमैथुनोऽपि स्पर्शादौ प्रवृत्तिर्जायते ध्रुवम् ॥ ४
दैहिकं मृत्युपर्यन्तमपि दुःखं न चेतसि । कृत्वा पुंसः कुटुम्बस्य पोषे स्नेहात्प्रवर्तनम् ॥ ५
अस्वज्ञातावपि स्नेहात्स्वपित्रादीन्विहाय च । पुंसः स्त्रिया स्त्रियाः पुंसा सह देशान्तरे गतिः ॥ ६
तिरस्कृतस्यापि पुंसः स्वसम्बन्धिजनैर्मुहुः । अवैराग्यमतत्त्यागः स्नेहाद्भवति निश्चितम् ॥ ७
स्नेहादेवानुमरणं स्त्रीणां पतिसुतान्मृतान् । प्राणिनां हिंसया पुंसः पोषः स्यात्स्वजनस्य च ॥ ८

## અધ્યાય – ૬૫

## ત્યાગી સાધુના નિઃસ્નેહી વર્તમાન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! શ્રીવાસુદેવ ભગવાન અને ભગવાનના ભક્ત વિના બીજા પદાર્થમાં જે સ્નેહ થાય છે, તે નિશ્ચય મોટો શત્રુ છે, અને તે ઘણા દોષોને રહ્યાનું ઠેકાણું છે.[૧] જેણે ગૃહસ્થાશ્રમ મૂક્યો છે, તેવા ત્યાગી સાધુઓને પણ સ્નેહે કરીને વારંવાર જન્મ મરણ પમાડનારી પોતાના પુત્ર, સ્ત્રી, આદિક સંબંધીની સ્મૃતિ થાય છે.[૨] મનુષ્યને મરણ સમયે સ્ત્રી, પુત્ર, ધન, ઘર તથા પશુ, પક્ષી, વૃક્ષ આદિક પદાર્થોને વિષે સ્નેહથી ભૂતનો અવતાર આવે છે.[૩] પોતાની શિશ્ન ઈન્દ્રિય કાપી નાખનાર પુરુષને પણ સ્નેહથી સ્ત્રીના પ્રિયને માટે મૈથુને રહિત એવા સ્પર્શાદિકના સુખને વિષે પ્રવૃત્તિ થાય છે.[૪] મૃત્યુ પર્યંત દેહનું દુઃખ પણ પોતાના ચિત્તમાં નહીં ગણીને સ્નેહ થકી પોતાના કુટુમ્બનું પોષણ કરવાને વિષે પુરુષની પ્રવૃત્તિ થાય છે.[૫] પોતાની જ્ઞાતિ ન હોય એવા સ્ત્રી પુરુષ પણ પરસ્પર સ્નેહ થઈ જવાથી પોતાના માતા, પિતા આદિક સંબંધીનો ત્યાગ કરી, એક બીજા સાથે પરદેશ જતાં રહે છે.[૬] પોતાના સંબંધીજનો વારંવાર તિરસ્કાર કરે છતાં પણ પુરુષને પોતાના સંબંધીજનોમાં સ્નેહ હોવાથી નિશ્ચય વૈરાગ્ય ઉપજતો નથી. તથા તેમનો ત્યાગ કરાતો નથી.[૭] મરણ પામેલા પોતાના પતિ અને પુત્રોની પાછળ સ્ત્રીઓ આપઘાત કરે છે. પોતાના સંબંધીઓમાં સ્નેહને લીધે પુરુષો જીવની હિંસા કરીને પોતાના સંબંધીનું પોષણ કરે છે.[૮] સ્નેહ થકી મનુષ્ય તથા પશુ પક્ષીઓ ભૂખનું

स्नेहात्स्वयं क्षुधां सोढ्वा नृणां च पशुपक्षिणाम् । इतस्ततोऽद्यमानीय प्रवृत्तिः स्वार्भपोषणे ॥ ९
स्तेयाब्धिपारयानादौ मृत्युहेतावपि ध्रुवम् । स्नेहात्कुटुम्बपोषार्थं प्रवृत्तिर्जायते नृणाम् ॥ १०
अनृतेनातिकष्टेन श्ववृत्त्येतस्ततो धनम् । आनीय स्वीयपोषश्च स्नेहाद्भवति देहिनाम् ॥ ११
स्वजातेरितरत्रापि पश्वादौ स्नेहतस्तथा । आसक्तिर्जायते पुंसां स्वपुत्रादाविवार्तिदा ॥ १२
जरत्यपि शरीरे स्वं स्नेहादाशास्ति जीवने । अधर्मिणामपि स्वानां पक्षपातश्च जायते ॥ १३
अन्याये न्यायबुद्धिश्च पापे पुण्यमतिर्नृणाम् । अनात्मन्यात्मधीः स्नेहाज्जायतेऽसति सन्मतिः ॥ १४
दोषधीर्भवति स्नेहाद्गुणेषु गुणिनामपि । गुणबुद्धिश्च दोषेषु पुंसो दोषवतां तथा ॥ १५
कामः क्रोधस्तथा लोभ ईर्ष्याद्या अपि भूरिशः । दोषाः स्नेहाद्भवन्त्येव स स्नेहस्त्यागिनां रिपुः ॥ १६
अथ स्नेहजयोपायाः कथ्यन्ते त्यागिनां हिताः । यैरसौ जीयते नूनं दुर्जयोऽपि मुमुक्षुभिः ॥ १७
देहे च दैहिके त्यागी निःस्नेहः सर्वदा भवेत् । यतः स्यात्परमं सौख्यं प्रीतिश्च परमात्मनि ॥ १८

---

**દુઃખ સહન કરીને જ્યાં ત્યાંથી ખાધાની વસ્તુ લઈ આવીને પોતાના બાળકનું પોષણ કરે છે. [૯] સ્નેહને લીધે પોતાના કુટુંબનું પોષણ કરવા સારૂં જેમાં નિશ્ચય એવાં ચોરી આદિક કર્મો તથા નાવમાં બેસી સમુદ્ર પાર કમાવા જવું, આદિક કર્મોને વિષે મનુષ્યની પ્રવૃત્તિ થાય છે.[૧૦] અસત્ય બોલીને, અતિશય કષ્ટ સહન કરીને તથા નીચ માણસની સેવા ચાકરી કરીને પણ જ્યાં ત્યાંથી ધન લઈ આવીને સ્નેહ થકી મનુષ્ય પોતાના સંબંધીનું પોષણ કરે છે.[૧૧]**

**પોતાની જાતિથી ભિન્ન આવાં પશુ, પક્ષી આદિકને વિષે પુરુષને પોતાના પુત્રાદિક સંબંધીમાં થાય તેવી અતિ કષ્ટ દાયક આસક્તિ થાય છે.[૧૨] રોગ તથા વૃદ્ધાવસ્થા થકી જીર્ણ થયેલા પોતાના શરીરમાં પણ સ્નેહથકી જીવવાની આશા રહે છે.પોતાના સગા-સંબંધી અધર્મી હોય છતાં તેમને માટે સ્નેહે કરીને પક્ષપાત થાય છે.[૧૩] મનુષ્યને સ્નેહથી અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ થાય છે. પાપને વિષે પુણ્યની મતિ થાય છે, તથા અનાત્મા જે દેહ તેને વિષે આત્માની બુદ્ધિ થાય છે. અસત્યને વિષે સત્યપણાની બુદ્ધિ થાય છે.[૧૪] રૂડા ગુણવાન પુરુષના રૂડા ગુણોને વિષે પણ દોષની બુદ્ધિ સ્નેહ થકી થાય છે. તેથી દોષવાળા પુરુષના દોષને વિષે ગુણની બુદ્ધિ તે પણ સ્નેહથી થાય છે.[૧૫] કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, એ આદિક ઘણાક દોષો સ્નેહ થકી થાય છે, એવો સ્નેહ ત્યાગી સાધુનો શત્રુ છે.[૧૬]**

**સ્નેહરૂપદોષને જીતવાના ઉપાયો :–** હે મુનિ ત્યાગી સાધુનું હિત કરનારા એવા સ્નેહને જીતવાના ઉપાયો કહીએ છીએ. જે ઉપાયોથી મુમુક્ષુ ત્યાગી

प्रियव्रतादयो भूषा दधीचिप्रमुखा द्विजाः । स्नेहं विहाय देहादौ परं सौख्यं हि लेभिरे ॥ १९
स्वदेहजन्म यत्राभूत्तद्ग्रामं न पुनर्व्रजेत् । आवश्यकेन गच्छेच्चेन्न व्रजेत्स्वजनालयम् ॥ २०
वस्त्रपुस्तकभक्ष्यादि स्वजनान्नाददीत च । तस्मै न दापयेत्किञ्चिद्वस्त्वन्येनापि चापदि ॥ २१
धनपुत्रादिलाभे वा तन्नाशे स्वजनस्य च । न हृष्येन्नैव शोचेच्च तदन्यस्येव तुल्यधीः ॥ २२
देहोत्पत्तिनिमित्तस्तु स्नेहः स्यात्स्वजनेषु चेत् । एतत्प्राक्तनदेहानां तं कुर्यात्स्वजनेष्विव ॥ २३
जरायुजाण्डजोद्भिज्जस्वेदजा बहवः किल । देहाः स्वस्याभवंस्तेषां स्वजनाश्चाप्यनेकशः ॥ २४
प्रीतिर्हि यादृशी तेषु देहेनानेन साम्प्रतम् । दया कुलाभिमानश्च कर्तव्यात्रापि तादृशी ॥ २५

સાધુઓ દુર્જય એવા સ્નેહને નિશ્ચય જીતે છે.[૧૭] ત્યાગી સાધુએ પોતાના દેહ તથા દેહના સંબંધીને વિષે સર્વકાળે સ્નેહથી રહિત થવું, સ્નેહના રહિતપણાથી પરમ સુખ થાય છે, તથા પરમાત્માને વિષે પ્રીતિ થાય છે.[૧૮] પ્રિયવ્રત આદિ રાજા તથા દધીચિઋષિ આદિક બ્રાહ્મણ દેહ તથા દેહના સંબંધવાળા પદાર્થોને વિષે સ્નેહનો ત્યાગ કરીને પરમ સુખ પામ્યા હતા.[૧૯]

ત્યાગી સાધુએ પોતાના દેહનો જે ગામમાં જન્મ થયો હોય તે ગામમાં ફરીને જાય નહિ. કોઈ અવશ્યનું કાર્ય હોય ને તે ગામમાં જવું પડે તો પોતાના સંબંધીને ઘેર જાય નહિ.[૨૦] ત્યાગી સાધુ વસ્ત્ર, પુસ્તક તથા ખાધાની વસ્તુ એ આદિક પદાર્થ પોતાના સંબંધી પાસેથી લે નહિ. ભિક્ષા માગવા જાય ને સંબંધીના ઘરનું અન્ન આવે તેનો દોષ નહિ, પરંતુ પોતાના આસન ઉપર કાંઈક ખાધાની વસ્તુ લાવી દે તો ન લેવી. પોતાના સંબંધીને કોઈક આપત્કાળ આવી પડે, તો પણ બીજા પાસે અન્નાદિક કોઈ વસ્તુ સંબંધીને દેવડાવવી નહિ.[૨૧] સંબંધી અને સંબંધ વિનાના મનુષ્યોને વિષે સમાન બુદ્ધિવાળો એવો ત્યાગી સાધુ પોતાના સંબંધીજનોને ધન, પુત્રાદિક પદાર્થનો લાભ થાય તો રાજી ન થાય, અને તે પદાર્થનો નાશ થાય તો તેનો શોક ન કરે.[૨૨] દેહની ઉત્પત્તિ નિમિત્તે પોતાના સંબંધીને વિષે જો સ્નેહ કરે તો આ દેહથી પ્રથમના દેહનાં સંબંધીને વિષે જેટલો સ્નેહ છે, તેટલો જ સ્નેહ કરે, પણ વધુ ન કરે.[૨૩] પૂર્વે જરાયુજ, અંડજ ઉદ્ભિજ અને સ્વેદજ એ ચાર પ્રકારના દેહ પોતાને ઘણાક પ્રાપ્ત થયા હતા, અને તે દેહના સંબંધી પણ અનેક થયા હતાં તેમ જાણવું.[૨૪] જેમ પૂર્વના દેહના સંબંધીઓમાં હમણાં જેટલી પ્રીતિ છે, દયા છે, તથા કુળાભિમાન છે, તેટલી જ પ્રીતિ, દયા ને અભિમાન આ દેહનાં સંબંધીઓને વિષે કરવું, પણ વધુ ન કરવું.[૨૫] જે ત્યાગી સાધુ પ્રથમ પોતે ત્યાગ કરેલાં સંબંધીને

आदौ त्यक्तेषु च स्वेषु त्यागी सज्जेत यः पुनः । कुर्यादेव हि शास्त्रेण निषिद्धमपि कर्म सः ॥ २६
इत्थं यः स्वैरवर्ती स्यात्त्यागी भूत्वापि वैष्णवः । स पञ्चभिर्महापापैर्युक्तो ज्ञेयो हि नित्यदा ॥ २७
तस्मादात्मस्वरूपं हि देहत्रयपृथक्स्थितम् । निश्चित्य तच्च ब्रह्मैव निःस्नेहः सर्वतो भवेत् ॥ २८
शयीत भूतले नित्यं खट्वायां न त्वनापदि । स्त्रीप्रावृतां तूलपटीं त्यागी प्रावृणुयान्न च ॥ २९
एकस्मिन्मास्यतिक्रान्ते कारयेत्क्षौरकर्म च । कक्षोपस्थशिखावर्जं मासात्प्राङ्नतु कर्हिचित् ॥ ३०
व्रतोपवासदिवसे तथासौ भोजनोत्तरम् । न कारयेत् क्षौरकर्म त्यागिधर्मानुपाश्रितः ॥ ३१
पापिनास्तिकसंस्पर्शे दुःस्वप्ने क्षुरकर्मणि । यवनान्त्यजनस्पर्शे त्यागी स्नानं समाचरेत् ॥ ३२
मातापित्रोर्गुरोः स्वस्य मरणे तु श्रुते सति । त्यागी स्नायात्सवासाश्च नेतरस्य तु कर्हिचित् ॥ ३३

---

વિષે પાછો આસક્ત થાય છે. તે સાધુ શાસ્ત્રે કરીને નિષેધ કરેલા ચોરી, સુરાપાનાદિક કર્મો પણ નિશ્ચય કરતો થાય છે.[૨૬] જો ભગવાનનો ભક્ત ત્યાગી સાધુ થઈને પોતાનાં સંબંધીને વિષે જ્યાં ત્યાં આસક્ત થાય, તો તેને નિત્યે પંચમહાપાપે યુક્ત જાણવો. તે પંચમહાપાપ તે શું ? તો બ્રહ્મહત્યા, મદ્યપાન, સુવર્ણની ચોરી, અને ગુરુસ્ત્રીનો સંગ તથા એ ચાર માંહેલા કોઈકનો સંગ કરવો, એ પંચમહાપાપ છે.[૨૭] દેહાભિમાને કરીને પોતાનાં સંબંધીમાં આસક્ત થયાનું આવું પાપ છે, તે માટે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પૃથક્પણે પોતાના જીવાત્માનો નિશ્ચય કરવો. તે જીવાત્માને બ્રહ્મની સાથે ઐક્યપણે જાણવો, તે બ્રહ્મ તો પોતાના સુખે કરીને તથા ભગવાનને સુખે કરીને સુખમય છે. તે આનંદમય બ્રહ્મને પોતાનું સ્વરૂપ જાણી સર્વ માયિક પદાર્થ થકી સ્નેહરહિત થવું.[૨૮]

ત્યાગી સાધુએ નિત્યે પૃથ્વી પર સુવું, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર ન સુવું. તથા સ્ત્રીએ ઓઢેલું ને પાથરેલું ગોદડું ઓઢવું કે પાથરવું નહિ.[૨૯] ત્યાગી સાધુએ એક મહિનો પૂરો થાય ત્યારે વતું કરાવવું, તે પણ કક્ષ, ઉપસ્થ અને શિખાને છોડીને કરાવવું પણ તે ઠેકાણે અસ્ત્રો ફેરવાવવો નહિ.[૩૦] ત્યાગીના ધર્મનું પાલન કરનારા સાધુએ એકાદશી આદિક વ્રતને દિવસે તથા પ્રાયશ્ચિતના ઉપવાસને દિવસે વતું કરાવવું નહિ.વ્રત ઉપવાસના બીજા દિવસે અને ભોજન કર્યા પછી પણ વતું કરાવવું નહિ.[૩૧] પાપી મનુષ્ય અથવા નાસ્તિકનો સ્પર્શ થાય, ભૂંડું સ્વપ્ન આવે, વતુ કરાવે, યવનનો તથા ચર્મકારનો અથવા નીચ જાતિનો સ્પર્શ થાય ત્યારે ત્યાગી સાધુ સ્નાન કરે.[૩૨] તેમજ પોતાના માતા, પિતા અને ગુરુ, એ ત્રણનું મરણ થાય ત્યારે સાધુએ વસ્ત્ર સહિત સ્નાન કરવું, બીજા

न विष्णोर्नवधा भक्तिं विना चैकमपि क्षणम् । व्यर्थं क्वापि नयेत्त्यागी दूरे जह्यात्त्वसत्कथाः ॥ ३४
वृत्तिग्रामक्षेत्रमन्त्रं शृणुयान्न च कस्यचित् । माध्यस्थ्यं नैव कुर्याच्च द्रव्यादानप्रदानयोः ॥ ३५
राजकार्यस्य वार्ता च जयाजयकथा तथा । वस्त्रालङ्कारनगरशोभायाश्चाथ वर्णनम् ॥ ३६
अन्नस्य भक्ष्यभोज्यादे रसास्वादाश्रिता कथा । कृषिवाणिज्यशिल्पादेर्वाहनानां च वर्णनम् ॥ ३७
गोमहिष्यजवृक्षादेर्वर्णनं चायुधस्य च । इत्याद्या ग्राम्यवार्तास्तु न कुर्याच्छृणुयान्न च ॥ ३८
एतेषु नियमेषु स्याद्यस्य यस्य च्युतिः क्वचित् । त्यागी कुर्यात्तस्य तस्य प्रायश्चित्तं यथोचितम् ॥ ३९
दिनानि यावन्त्यज्ञानात्स्वसम्बन्धिगृहे वसेत् । उपवासान्स कुर्वीत तावतो दिवसान्मुनिः ॥ ४०
पित्रादीनां गृहे भुक्तौ तेभ्यश्चान्नादिदापने । तद्दत्तवस्त्राद्यादाने खट्वास्वापेऽप्यनापदि ॥ ४१

---

કોઈ સંબંધીનું મરણ સાંભળીને સ્નાન ન કરે.[૩૩] ત્યાગી સાધુ ભગવાનની નવ પ્રકારની ભક્તિ કર્યા વિના એક ક્ષણ માત્ર કાળ વ્યર્થ ન ગાળે. ગ્રામ્યવાર્તાનો દૂરથી ત્યાગ કરે.[૩૪] ત્યાગી સાધુ કોઈની આજીવિકા, ગામ, ખેતર કે વાડી સંબંધી મનસુબો સાંભળે તથા કરે પણ નહિ. કોઈના દ્રવ્યાદિક પદાર્થના પરસ્પર લેણદેણને વિષે પોતાનું મધ્યસ્થપણું કરે નહિ. તેમજ તેમાં પોતાની સાક્ષી કરે કરાવે નહિ.[૩૫] તેમાં ગ્રામ્ય વાર્તા શું છે ? તે કહીએ છીએ. રાજાના રાજ્યકાર્યની વાર્તા, કોઈના જય પરાજયની વાર્તા, વસ્ત્ર અલંકારને નગરની શોભાનું વર્ણન, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારના અન્નની તથા અનેક પ્રકારના રસાસ્વાદની વાર્તા, તથા ખેડ, વણજ, વેપાર, નાનાપ્રકારની કારીગરી, ઘોડા, પાલખી, રથ, આદિક વાહનનું વર્ણન, એ સર્વે ગ્રામ્ય વાર્તા છે.[૩૬-૩૭] ગાયો, ભેંસો, બકરાં આદિક પશુઓનું વર્ણન, આંબા આદિક વૃક્ષોનું વર્ણન, ખડગ આદિક આયુધોનું વર્ણન ઈત્યાદિક ગ્રામ્યવાર્તાઓને ત્યાગી સ્વયં ન જ કરે અને ન જ સાંભળે.[૩૮]

**નિઃસ્નેહના નિયમભંગનું પ્રાયશ્ચિત :–** હે મુનિ ! આ કહેલા નિયમોમાંથી કયારેક જો કોઈ નિયમનો ભંગ થાય, તો ત્યાગી સાધુ તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત કરે, તે પ્રાયશ્ચિત કરવાની રીત કહીએ છીએ.[૩૯] ત્યાગી સાધુ અજાણમાં પોતાના કુટુંબીના ઘરમાં જેટલા દિવસ નિવાસ કરે તેટલા દિવસ ઉપવાસ કરે.[૪૦] પોતાના પિતા, સગાભાઈ, સગીબહેન તથા સસરા આદિક સમીપના સંબંધીને ઘેર જમવા જાય, તે સંબંધીને અન્નાદિક પદાર્થ અપાવે, તે સંબંધીએ આપેલું વસ્ત્રાદિક પદાર્થ ગ્રહણ કરે, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવે તથા સ્ત્રીએ

तूलपट्याः प्रावरणे प्रावृतायाः स्त्रिया तथा । एकैक उपवासोऽत्र प्रायश्चितं पृथक्पृथक् ॥ ४२
कथने ग्राम्यवार्तायाः श्रवणे च तथादरात् । सहस्राणि जपेत्पञ्च कृष्णमन्त्रं षडक्षरम् ॥ ४३
एते स्नेहजयोपायाः प्रोक्ता धार्या मुमुक्षुभिः । सत्सङ्गविष्णुभक्तिभ्यां सहैते फलदा मताः ॥ ४४
स्नेहस्य दोषा इति ते सुबुद्धे ! प्रोक्ता उपायाश्च जयाय तस्य ।
मयाथ मानस्य वदामि दोषान् गुणांश्च तान् जेतुमहं समर्थान् ॥ ४५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु स्नेहदोषतज्जयोपायनिरूपणनामा पञ्चषष्टितमोऽध्यायः ॥ ६५*

---

**ઓઢેલું-પાથરેલું ગોદડું ઓઢે-પાથરે, તો એ સર્વેને વિષે નોખા નોખા એક એક ઉપવાસ કરે.[૪૧-૪૨] ત્યાગી સાધુ ગ્રામ્ય વાર્તા આદરથી કહે અથવા સાંભળે તો ''સ્વામિનારાયણ'' એ મંત્ર પાંચ હજાર જપે. અર્થાત્ એ મંત્રની પચાસ માળા ફેરવે.[૪૩] સ્નેહને જીતવાના આ સર્વે ઉપાયો મુમુક્ષુઓએ પોતાના મનમાં સદાય ધારવા. સ્નેહ રહિતના સાધુનો સમાગમ તથા ભગવાનની ભક્તિએ સહિત આ ઉપાયો ફળને આપનારા માન્યા છે. જેઓ સાધુનો સમાગમ અને ભગવાનની ભક્તિયુક્ત આ નિયમને પાળે છે, તે નિશ્ચય સ્નેહને જીતે છે.[૪૪] રૂડી બુદ્ધિવાળા હે મુનિ ! એ પ્રમાણે સ્નેહના દોષ તથા તે સ્નેહને જીતવાના ગુણરૂપ ઉપાયો અમે કહ્યા. હવે માનના દોષ તથા તે માનના દોષને જીતવાના ગુણરૂપ ઉપાયો કહીએ છીએ તે સાંભળો.[૪૫]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે સ્નેહના દોષો તથા તેને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું, એ નામે પાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૫--**

---

## षट्षष्टितमोऽध्यायः

श्री नारायणमुनिरुवाच –

मानमूलो महान्दोषः क्रोधाख्योऽत्र प्रवर्तते । यो भस्मासात्करोत्याशु दानव्रततपोयमान् ॥ १
वाच्यावाच्याविवेकश्च मर्यादाभेदनं यतः । भवत्यवध्यघातश्च स्वात्महत्यापि निश्चितम् ॥ २
स्वजनानां गुरूणां च येन नाशः सतामपि । जायतेऽकार्यकारित्वं यतश्चापि दुरुक्तयः ॥ ३
तथा मानात्सहचरी क्रोधस्येर्ष्यापि जायते । यया भवत्यल्पविदां साम्येच्छाऽपि महागुणैः ॥ ४
मानादहंमतिर्देहे भवत्यात्मविदामपि । पारुष्यं निर्दयत्वं च दम्भो दर्पश्च मत्सरः ॥ ५
स्यादन्याये न्यायधीश्च न्यायेऽन्यायमतिस्तथा । साधावसाधुधीर्मानादसाधौ साधुधीर्नृणाम् ॥ ६
मानाद्वयस्तपोविद्यावृद्धानां ब्रह्मवेदिनाम् । अपमानो भवत्येव पुंसां दोषविदामपि ॥ ७

---

# અધ્યાય – ૬૬
## ત્યાગી સાધુનું નિર્માની વર્તમાન.

ભગવાનશ્રી નારાયણમુનિ કહે છે, હે મુનિ ! આલોકમાં ક્રોધ નામના મોટા દોષનું મૂળ કારણ "માન" છે. ક્રોધ છે તે ક્ષણમાત્રમાં સમગ્ર દાન, વ્રત, તપ, યમ અને નિયમોને બાળી નાખે છે.[૧] આ વચન બોલવા યોગ્ય છે અને આ વચન બોલવા યોગ્ય નથી. સત્શાસ્ત્રની આ બાંધેલી મર્યાદાનો ક્રોધ થકી ભંગ કરાય છે. ક્રોધ થકી નિરાપરાધી અને ન મારવા યોગ્ય પ્રાણીને મારી નખાય છે, અને પોતાના આત્માની હત્યા પણ ક્રોધ થકી નિશ્ચય કરાય છે.[૨] ક્રોધે કરીને પોતાના સંબંધી, ગુરૂ, તથા સાધુનો પણ નાશ કરાય છે. ન કરવા યોગ્ય ક્રિયા પણ ક્રોધ થકી કરાય છે. મર્મભેદક દુષ્ટ વચનો પરસ્પર ક્રોધ થકી જ બોલાય છે.[૩] વળી ક્રોધની સાથેજ રહેનારી ઈર્ષ્યા પણ માન થકી જ થાય છે, જે ઈર્ષ્યાથી અલ્પજ્ઞ મનુષ્યને પણ મોટા ગુણવાળા મહાપુરુષ સાથે બરોબરીયાપણાની બુદ્ધિ થાય છે.[૪] આત્માને જાણનારા પુરુષને પણ માન થકી દેહને વિષે અહંબુદ્ધિ થાય છે. તથા માન થકી અતિક્રૂરપણે વર્તાય છે. નિર્દયપણું, દંભ, કપટ અને મત્સર થાય છે.[૫] માન થકી અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ તથા ન્યાયને વિષે અન્યાયની બુદ્ધિ થાય છે. સાધુને વિષે અસાધુપણાની બુદ્ધિ તથા અસાધુને વિષે સાધુપણાની બુદ્ધિ પણ માન થકી જ થાય છે.[૬]

પોતાના દોષો જોવા જાણવા છતાં પણ માનવડે વય, તપ અને વિદ્યાએ કરીને વૃદ્ધ એવા બ્રહ્મવેત્તાઓની અવગણના કરાય છે.[૭] કોઈને પૂજવા યોગ્ય

अपूज्येऽनीश्वरेऽपि स्वे मानात्पूज्येश्वरत्वधीः । सद्भिर्वादश्च साम्यं च जायते स्तब्धता नृणाम् ॥ ८
महदग्रोपवेशश्च देवानामप्यवन्दनम् । अपक्षपातो महतां पुंसां भवति मानतः ॥ ९
अप्रसादः सतां स्वस्मिन्मानाद्भवति निश्चितम् । इत्यादयः सन्ति दोषा महान्तो मानमाश्रिताः ॥ १०
त्यागी जह्यात्ततो मानं विष्णुप्रीत्यमिलाषुकः । यतः स्यात्परमं सौख्यं मुक्तानां च मुमुक्षताम् ॥ ११
हरिश्चन्द्रश्च कुशिको युधिष्ठिरमुखा नृपाः । मानेनाविकृताः प्रापुगतिं राज्ञां सुदुर्लभाम् ॥ १२
अथ मानजयोपाया गुणाः कीर्त्यन्त उत्तमाः । यैरसौ जीयते शत्रुस्त्यागिभिः स्वल्पकालतः ॥ १३
क्षेत्रक्षेत्रज्ञयो रूपे सम्यक्साङ्ख्याविचारतः । निश्चित्य मानो हातव्यः क्षेत्रज्ञात्मधिया बुधैः ॥ १४
त्यागिभिर्वा गृहस्थैर्वा प्रोक्तं वाक्यमरुन्तुदम् । अपि त्यागी सहेतैव तिरस्कारांश्च तत्कृतान् ॥ १५
वयोज्ञानतपोयोगैः स्वतुल्यस्यापि मानवैः । कृते महति सन्माने नेर्ष्यया क्षोभमाप्नुयात् ॥ १६

---

નહિ તથા સમર્થ પણ નહિ એવાને પોતાને વિષે માનથકી સંત સાથે વાદ-વિવાદ, બરોબરીયાપણું તથા અક્કડ રહેવાપણું થાય છે.[૮] માને કરીને સભાને વિષે મોટા સાધુને ન ગણીને તેમની આગળ બેસાય છે. દેવતાને પણ નમસ્કાર થતા નથી. તથા મોટા સાધુ પુરુષનો પક્ષ રખાતો નથી.[૯] માનને કારણે મોટા સંતોનો પોતાની ઉપર રાજીપો થતો નથી. ઈત્યાદિક મોટા મોટા દોષો માનને વિષે રહ્યા છે.[૧૦] તે માટે ભગવાનની પ્રસન્નતા ઈચ્છતા ત્યાગી સાધુએ માનનો ત્યાગ કરવો. માનનો ત્યાગ કરવાથી મુક્ત તથા મુમુક્ષુ પુરુષોને પણ પરમ સુખ પ્રાપ્ત થાય છે.[૧૧] હરિશ્ચંદ્ર, કૌશિક, યુધિષ્ઠિર આદિક રાજાઓ માને કરીને વિકાર ન પામ્યા, તેથી તે રાજાઓ અતિ દુર્લભ એવી ગતિને પામ્યા છે.[૧૨]

**માનરૂપ દોષને જીતવાના ઉપાયો :–** હે મુનિ ! હવે એ માનને જીતવાના ગુણભૂત ઉત્તમ ઉપાયો કહીએ છીએ, જેના વડે ત્યાગી સાધુઓ થોડા કાળમાં માનરૂપ શત્રુને જીતે છે.[૧૩] હે મુનિ ! દેહ અને આત્માની ચોખી વિક્તિ બતાવનાર સાંખ્ય વિચારથી પંચભૂત, પંચવિષય, દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ અને ત્રણ દેહ આદિક ક્ષેત્રો અને એ સર્વેને જાણનારો તથા એ માયિકભાવથી રહિત એવો જીવાત્મા, એ બેનાં સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરીને ક્ષેત્રજ્ઞને પોતાનું રૂપ માની વિવેકી ત્યાગી સાધુએ માનનો ત્યાગ કરવો.[૧૪] ત્યાગી સાધુ તથા કોઈ ગૃહસ્થ પોતાને વસમું લાગે તેવું કઠણ વચન કહે તથા તિરસ્કાર કરે, તેને ત્યાગી સાધુ સહન કરે, પરંતુ તેનાથી ક્ષોભ પામે નહિ.[૧૫] વય, જ્ઞાન, તપ અને યોગે કરીને પોતાના સરખા સાધુનું મનુષ્યો મોટું સન્માન કરે, તેથી ત્યાગી સાધુ ઈર્ષ્યાએ

सुभोज्यं स्वकनिष्ठाय स्वस्मै दद्याञ्च नीरसम् । कश्चिद्भोजनपङ्क्तौ चेत्तेन न क्रोधमाप्नुयात् ॥ १७
स्वतुल्यायापि चेद्दद्यात्सर्वपूज्याधिकारिताम् । गुरुः स्वस्मै तु पदवीं कनिष्ठां तर्हि नोत्तपेत् ॥ १८
सर्वथा मानमीर्ष्यां च त्यक्त्वा सेवेत यः सतः । साधुः स एव कथितस्त्यागी भक्तः श्रियः पतेः ॥ १९
महतीं पदवीं प्राप्ताः पूर्वं ये साधवो जनाः । मानत्यागेनैव ते च विनयेन महात्मसु ॥ २०
मानोऽसौ पापरूपो हि गृहिणामपि नोचितः । दुर्योधनो रावणाद्या नेशुर्येन सबान्धवाः ॥ २१
त्याज्यस्त्यागिजनैर्मानः सर्वथेति विचारतः । पालने ब्रह्मचर्यादेर्मानस्त्याज्यो न कर्हिचित् ॥ २२
अन्यत्र तु त्यक्तमानो लोकैरज्ञैरुपद्रुतः । धूल्यादिभिरपि त्यागी प्राप्नुयान्नैव विक्रियाम् ॥ २३
आक्रोशितस्ताडितोऽन्यैस्तान्नाक्रोशेन्न ताडयेत् । वाच्या न त्यागिना दुर्वाग्वादः कार्यो न केनचित् ॥ २४
न वाच्यमनृतं क्वापि सत्यं च परदुःखकृत् । वपुषा मनसा वाचा द्रोहः कार्यो न कस्यचित् ॥ २५

---

**કરીને ક્ષોભ ન પામે પણ રાજી થાય.[૧૬] ભોજન કરવા સમયે પંક્તિમાં રૂડી જમ્યાની વસ્તુ કોઈક પોતાનાથી નાનો હોય તેને આપે અને પોતાને ઉતરતી જમ્યાની વસ્તુ આપે તો તેથી ત્યાગી સાધુ માને કરીને ક્રોધ ન પામે.[૧૭]**

**ત્યાગી અને ગૃહસ્થ સર્વેને પૂજવા યોગ્ય અધિકારીપણું જો ગુરુ બરોબરીયા સાધુને આપે અને પોતાને તેથી ઉતરતી પદવી આપે, તેથી ત્યાગી સાધુ તપી જાય નહિ, પણ રાજી થાય.[૧૮] માન તથા ઈર્ષ્યાનો સર્વ પ્રકારે ત્યાગ કરી જે સાધુને સેવે તેને જ ભગવાનનો ભક્ત ત્યાગી સાધુ કહેવાય, પણ માન ઈર્ષ્યાવાળો હોય તેને ત્યાગી સાધુ કહેવાય નહિ.[૧૯] પૂર્વે સાધુજનો મોટી પદવી જે પામ્યા છે તે માનનો ત્યાગ કરીને મોટા પુરુષ સાથે નમ્ર અને સરળપણે વર્તવાથી પામ્યા છે. પરંતુ માન રાખીને કોઈ મોટી પદવી પામ્યા નથી.[૨૦] હે મુનિ ! પાપરૂપ એવું માન તો ગૃહસ્થને પણ રાખવા યોગ્ય નથી. કારણ કે તેથી દુર્યોધન, રાવણ અને શિશુપાલ આદિક મોટા મોટા ગૃહસ્થ રાજાઓ પણ પોતાના બંધુઓ સહિત નાશ પામેલા છે.[૨૧] આવા વિચારથી ત્યાગી સાધુએ સર્વ પ્રકારે માનનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યાદિક ધર્મ પાળવાને વિષે તો માનનો ક્યારેય ત્યાગ ન કરવો. ધર્મ પાળવામાં તો માન રાખવું.[૨૨] એ વિના બીજે માન મૂકીને ત્યાગી સાધુ અજ્ઞાની લોકો ધૂળ નાખે, તિરસ્કાર કરે, ઈત્યાદિક ઉપદ્રવ કરે તો પણ વિકાર પામે નહિ અને સર્વ સહન કરે.[૨૩] ત્યાગી સાધુને બીજા મનુષ્યો મારે, તિરસ્કાર કરે, તો પણ તે તેમનો તિરસ્કાર ન કરે તથા મારે નહિ. ત્યાગી સાધુએ ગાળ અથવા ભૂંડી વાણી બોલવી નહિ, તથા કોઈ સાથે વ્યર્થ વાદવિવાદ કરવો નહિ.[૨૪] ત્યાગી સાધુ ક્યારેય પણ**

न छिन्द्याद्धरितं त्यागी स्वार्थं तृणमपि क्वचित् । त्यागिनं गृहिणं वान्यं तृणेनापि न भीषयेत् ॥ २६
मिथ्यापवादं कस्मिंश्चित्पुरुषे वापि योषिति । नारोपयेच्च न व्यङ्गं व्यङ्गशब्देन भाषयेत् ॥ २७
यथा परमहंसः प्रागार्षभो भरतो मुने ! । अवर्तत तथा वृत्यं साधुना त्यागशालिना ॥ २८
त्यागिना पृथिवीवच्च क्षमाशीलेन नित्यदा । भवितव्यं देवगुरुसच्छास्त्रानिन्दकेन च ॥ २९
आत्मनिष्ठाभिमानेन प्रायशस्त्यागिनो जनाः । धर्मक्रियास्त्यजन्तीति न तत् कुर्यात्तु मच्छ्रितः ॥ ३०
ब्राह्मे मुहूर्त उत्थाय कुर्यान्नित्यविधिं स्वकम् । स तु प्रागेव कथितः पृच्छते ते मया मुने ! ॥ ३१
न दिवा शयनं कुर्याद्रोगाद्यापदमन्तरा । न च सूर्यास्तसमये नैव सूर्योदये तथा ॥ ३२
श्रवणं कीर्तनं विष्णोर्ध्यानं वन्दनमर्चनम् । विना कालो वृथा नैव नेतव्यस्त्यागिना क्वचित् ॥ ३३
यथाशक्ति च कर्तव्याः श्रीकृष्णस्य व्रतोत्सवाः । त्यागिना चान्वहं कार्यः सच्छास्त्राभ्यास आदरात् ॥ ३४

---

અસત્ય વચન બોલે નહિ, બીજાને દુઃખ થાય એવું સત્યવચન પણ બોલે નહિ. તેમજ દેહ, મન અને વાણીથી કોઈનો દ્રોહ કરે નહિ.[૨૫]

ત્યાગી સાધુ પોતાને અર્થે ક્યારેય લીલા તૃણને પણ છેદે નહિ. તથા બીજા ત્યાગી કે ગૃહસ્થને તૃણની શળીએ કરીને પણ બીવરાવે નહિ.[૨૬] ત્યાગી સાધુ કોઈ પુરુષ અથવા સ્ત્રી ઉપર મિથ્યા અપવાદ આરોપ મુકે નહિ. તથા કોઈક આંધળો, લૂલો, કાણો, અથવા બહેરો હોય તેને તેવે વચને કરીને બોલાવે નહિ.[૨૭] હે મુનિ ! પૂર્વે ઋષભદેવજીના પુત્ર ભરતજી બ્રાહ્મણના દેહને વિષે જેવી રીતે નિર્માની આદિક લક્ષણો યુક્ત પરમહંસ થઈ વર્તતા હતા. તેવી જ રીતે ત્યાગને શોભાવનાર સાધુએ વર્તવું.[૨૮] ત્યાગી સાધુએ પૃથ્વીની પેઠે નિત્યે ક્ષમા કરવાના સ્વભાવવાળા થવું. દેવતા, ગુરૂ અને સત્શાસ્ત્રના નિંદક ન થાવું.[૨૯] કેટલાક ત્યાગી સાધુઓ આત્મનિષ્ઠાના અભિમાને કરીને સ્નાન, ધ્યાન, પૂજાદિક ધર્મક્રિયાનો પણ ત્યાગ કરી દે છે. તેવી રીતે અમારા આશ્રિત ત્યાગી સાધુઓ કોઈ પણ ધર્મક્રિયાનો ત્યાગ ન કરે.[૩૦] અમારા ત્યાગીઓએ નિત્ય બ્રાહ્મમુહૂર્તમાં જાગીને નિત્યવિધિ, જે ભગવાનનું નામ કીર્તન ધ્યાન તથા સ્નાન પૂજાદિક ક્રિયા તે કરવી. હે મુનિ ! તે નિત્યવિધિ તમારા પૂછવાથી અમે પૂર્વે સંક્ષેપમાં તમને કહ્યો છે.[૩૧] ત્યાગી સાધુએ રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ. સૂર્ય આથમ્યા સમયે તથા સૂર્ય ઉગ્યા સમયે પણ સૂવું નહિ.[૩૨] સાધુએ ભગવાનની લીલા તથા ગુણની કથાનું શ્રવણ, ધ્યાન, નમસ્કાર અને પૂજન એ આદિક નવપ્રકારની ભક્તિ કર્યા વિના વ્યર્થકાળ ક્યારેય જવા દેવો નહિ. નિરંતર ભક્તિએ કરીને જ કાળ નિર્ગમવો.[૩૩]

एतेषु नियमेषु स्याद्यस्य यस्य च विच्युतिः । प्रायश्चित्तं तस्य तस्य त्यागी कुर्यादतन्द्रितः ॥ ३५
स्वाङ्गेन वापि दण्डाद्यैस्ताडने यस्य कस्यचित् । सकृत्कृतेऽपि सामान्यादेकं दिनमभोजनम् ॥ ३६
शोफे जाते ताडितस्य निर्गतेऽसृजि वाङ्गतः । प्रहर्तोपवसेत्त्यागी मुने ! दिनचतुष्टयम् ॥ ३७
प्रहतस्याङ्गभङ्गे तु कुर्यात्पाराकमुत्तमम् । दद्याच्च यावतीर्गालीत्सत्सङ्ख्याहेष्वभोजनम् ॥ ३८
क्रोधव्याप्तशरीरः सन्वदेद्वाक्यामरुन्तुदम् । यदा तदा तूपवसेत्त्यागवानेकवासरम् ॥ ३९
प्रायश्चित्ते तु हिंसाया विशेषोऽस्ति च विस्तृतः । धर्मशास्त्रात्स तु ज्ञेयो दिङ्मात्रमिह सूच्यते ॥ ४०
मत्कुणं मक्षिकां यूकां शलभं तत्समं च वा । जीवमन्यं तु हिंस्च्चेत्क्वचित्त्यागिजनो धिया ॥ ४१
अष्टाक्षरं तदा मन्त्रं जपेदष्टोत्तरं शतम् । एतदन्याल्पजन्तोस्तु नाशे नामोच्चरेद्धरेः ॥ ४२
चटकाखुद्विरेफादिस्थूलजन्तोस्तु हिंसने । अज्ञानादपि सञ्जाते कार्यमेकमुपोषणम् ॥ ४३

---

ત્યાગી સાધુએ ભગવાનનાં વ્રત તથા ઉત્સવો પોતાની શક્તિ પ્રમાણે કરવા. સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી નિત્યે કરવો.[૩૪] આ કહેલા નિયમોમાંથી જે કોઈ નિયમનો ભંગ થાય, તેનું પ્રાયશ્ચિત ત્યાગી સાધુએ સાવધાનપણે કરવું.[૩૫]

**નિર્માનીવ્રતના ભંગનું પ્રાયશ્ચિત :–** ત્યાગી સાધુથી પોતાના હાથ પગ આદિક અંગે કરીને અથવા લાકડી, સોટી, પાણો ઈત્યાદિકે કરીને કોઈ મનુષ્યને એકવાર મરાઈ જવાય તો સામાન્યપણે એક ઉપવાસ કરવો.[૩૬] જેને માર્યો તેને સોજો ચઢે અથવા તેના અંગમાંથી લોહી નિસરે તો મારનારો ત્યાગી સાધુ લાગટ ચાર ઉપવાસ કરે.[૩૭] જેને માર્યો હોય તેના હાથ પગ આદિક કોઈ અંગનો ભંગ થાય તો તેને મારનારો ત્યાગી સાધુ લાગટ બાર દિવસ ઉપવાસ વાળું ઉત્તમ પારાક નામે વ્રત કરે.[૩૮] અને જેટલી ગાળો દે તેટલા દિવસ ઉપવાસ કરે, ત્યારે ત્યાગી સાધુ શુદ્ધ થાય. ક્રોધથી આખુ શરીર વ્યાપ્ત કરીને કોઈકને અતિ વસમુ લાગે એવું કઠણ વચન બોલે તો એક ઉપવાસ કરે.[૩૯] હે મુનિ ! જીવ હિંસાના પ્રાયશ્ચિતનો ભેદ તો વિસ્તારથી ધર્મશાસ્ત્ર થકી જાણી લેવો. અહીં તો હિંસાના પ્રાયશ્ચિતની દિશા માત્ર સૂચવીએ છીએ.[૪૦] હે મુનિ ! માંકડ, માખી, જૂ, પતંગિયું, તથા એ જેટલા બીજા જીવને ક્યારેય ત્યાગી સાધુ જાણી જોઈને મારે તો એક એક પ્રત્યે અષ્ટાક્ષરમંત્રની એક માળા કરે. તેનાથી પણ ઝીણા બીજા જીવ મરાઈ જાય તો ભગવાનનું નામ ઉચ્ચારણ કરીને પાપનું નિવારણ કરે.[૪૧-૪૨] ચકલું, ઉંદર, ભમરો, એ આદિક મોટા જીવ ને જો અજાણમાં મરાઈ જાય તો એક ઉપવાસ કરવો.[૪૩] એવી રીતે જીવોના નાના-મોટાપણાનો નિશ્ચય કરીને ત્યાગી સાધુ નાના જીવને માટે

इत्थं जीवेषु निश्चित्य तारतम्यं ततः पुमान् । यथार्हं वर्धयेत्त्यागी हिंसानिष्कृत्युपोषणम् ॥ ४४
सूर्योदये च दिवसे सूर्यस्यास्तमये तथा । निद्रायाच्चेत्प्रमादेन कुर्यादेकमुपोषणम् ॥ ४५
एतेषां त्यागिनां मध्ये ये स्युरात्मनिवेदिनः । तेषां धर्मविशेषो यस्तं मुने ! कथयामि ते ॥ ४६
रूपव्यक्त्यावयोव्यक्त्या सह स्त्रीमुखदर्शने । अज्ञानतोऽपि सञ्जाते कर्तव्यं तैरुपोषणम् ॥ ४७
अध्वयाने मलोत्सर्गे स्नानकालेऽन्नयाचने । अज्ञानात्स्त्रीमुखेक्षायां नास्ति तेषामुपोषणम् ॥ ४८
फलं पत्रं जलं वापि तैस्तु कृष्णानिवेदितम् । न भक्ष्यं नैव पेयं च तेषामित्यधिकं मतम् ॥४९
बालवृद्धार्तपथिकहरिमन्दिरकर्मणाम् । एकमुक्तदिवास्वापनियमस्त्यागिनां न हि ॥ ५०
इति मानजयोपाया यथावत्परिकीर्तिताः । सत्सङ्गविष्णुभक्तिभ्यां सहैते स्युः फलप्रदाः ॥ ५१
लोभादिपञ्चकस्येत्थं दोषास्तन्नाशनस्य च । उपाया ये च ते सर्वे कथिताः शिष्टसम्मताः ॥ ५२

---

થોડા અને મોટા જીવને માટે ઘણા પ્રાયશ્ચિતના ઉપવાસ યથાયોગ્ય કરે.[૪૪]

રોગાદિક આપત્કાળ પડ્યા વિના ગાફલાઈથી જો સૂર્ય ઉગ્યા સમયે સૂવે, દિવસે સૂવે, તથા સૂર્ય આથમ્યા સમયે સૂવે તો ત્યાગી સાધુએ એક એક ઉપવાસ કરવો.[૪૫] હે મુનિ ! આ સર્વે ત્યાગી સાધુઓમાં જે આત્મનિવેદી હોય, તેના ધર્મમાં જે વિશેષપણું છે તે તમને અમે કહીએ છીએ.[૪૬] હે મુનિ ! કાળા, ગોરા રૂપની અને યૌવનાદિક અવસ્થાની વિક્તિએ સહિત અજાણમાં સ્ત્રીનું મુખ દેખાઈ જાય તો આત્મનિવેદી સાધુ એક ઉપવાસ કરે.[૪૭] મુસાફરીમાં માર્ગે ચાલતાં, દિશા ફરવા જતાં, સ્નાન કરવા જતાં તથા અન્ન માગવાના સમયે જો અજાણમાં સ્ત્રીનું મુખ દેખાઈ જાય તો આત્મનિવેદી સાધુએ ઉપવાસ ન કરવો.[૪૮] ભગવાનને નૈવેદ્ય કર્યા વિનાનું ફળ, પત્ર અને જળ આત્મનિવેદી સાધુએ ન ખાવું તથા ન પીવું, ભગવાનને નૈવેદ્ય કરીને જ વાપરવું. આત્મનિવેદી સાધુનો આ અધિક ધર્મ અમે માન્યો છે.[૪૯] બાળક, વૃદ્ધ, રોગથી દુઃખી, પ્રવાસી, તથા ભગવાનના મંદિરનું કામકાજ કરનારા ત્યાગી સાધુને એક વખત જમવાનો તથા દિવસે ન સૂવાનો નિયમ નથી.[૫૦]

હે મુનિ ! આવી રીતે માન જીતવાના ઉપાયો યથાર્થપણે અમે તમને કહ્યા. નિર્માની સાધુના સમાગમની સાથે તથા ભગવાનની ભક્તિએ સહિત આ ઉપાયો કરવાથી ફળ આપનારા અને માનને જીતાડનારા થાય છે.[૫૧] હે મુનિ ! આવી રીતે લોભ, કામ, સ્વાદ, સ્નેહ અને માન એ પાંચ શત્રુના દોષો તથા તેમનો નાશ કરવાના સર્વે ઉપાયો મેં તમને કહ્યા. તે ઉપાયો મોટા મોટા સાધુ પુરુષોને સંમત છે.[૫૨] હે મુનિ ! જે નિયમભંગનું પ્રાયશ્ચિત અહીં ન કહ્યું હોય, તે ભગવાનના ભક્ત મોટા

प्रायश्चित्तमनुक्तं स्याद्यस्यास्तु नियमच्युतेः । तस्या यथोचितं कार्यं सतः पृष्टैव वैष्णवान् ॥ ५३
प्रायश्चित्तोपवासेषु न प्राश्यमितरज्जलात् । अनातुरोऽसकृन्नैव पिबेद्वार्यपि पूरुषः ॥ ५४
शुद्ध्यर्थ उपवासश्चेदेकादश्याद्युपोषणे । प्राप्तः स्यात्तर्हि तं कुर्यात्तृतीये वासरे पृथक् ॥ ५५
एवं द्वित्रोपवासेषु प्रायश्चित्तार्थकेष्वपि । व्रतोपवासो नो गण्यः कार्यः स त्यागिना पृथक् ॥ ५६
प्रायश्चित्तोपवासे च क्रियमाणे पुनर्यदि । आपतेदुपवासोऽन्यः कुर्यात्तन्त्रेण तं तदा ॥ ५७
भुक्तेरनन्तरं जाते वीक्षणादौ तु योषितः । नाममन्त्रं जपेद्विष्णोः स्पर्शे तु स्नानमाचरेत् ॥ ५८
प्रायश्चित्तेन शुद्धं यः पुरुषं तदघाङ्कितम् । क्वचिद्ब्रूयात्स तु चरेद्दिनमेकमुपोषणम् ॥ ५९
वैष्णवैर्नियमा ह्येते यावद्देहस्मृतिर्भवेत् । त्यक्तव्या त्यागिभिर्नैव तावत्कालमतन्द्रितैः ॥ ६०
य एतैर्नियमैः पञ्च न नियच्छन्त्यरीनमून् । निरयेष्वेव पच्यन्ते मृत्वा ते त्यागिनः किल ॥ ६१
आर्तनादान्प्रकुर्वन्तो मुक्त्वा ते यातना भृशम् । श्वानः खरा वा जायन्ते भुवि वानरादयः ॥ ६२

---

**સાધુને પૂછીને યથાયોગ્ય કરવું.[૫૩] પ્રાયશ્ચિતના ઉપવાસને વિષે એક જળ વિના બીજું કાંઇ પણ ખાવું પીવું નહિ. અને શક્તિવાળો તો વારંવાર જળ પણ ન પીવે તો બીજું ક્યાંથી ખાય ? ન જ ખાય.[૫૪] એકાદશી આદિક વ્રતના ઉપવાસને વિષે જો પ્રાયશ્ચિતનો ઉપવાસ આવી પડે તો વ્રતના ઉપવાસથી ત્રીજે દિવસે ઉપવાસ નોખો કરવો.[૫૫] એવી રીતે પ્રાયશ્ચિતના બે ત્રણ લાગટ ઉપવાસમાં એકાદશી આદિક વ્રતનો ઉપવાસ આવે તો તે પ્રાયશ્ચિતના ઉપવાસ ભેળો ન ગણવો. પ્રાયશ્ચિતના ત્રણ ઉપવાસની વચ્ચે વ્રતનો ઉપવાસ આવે તો ચાર ઉપવાસ કરવા.[૫૬] પ્રાયશ્ચિતના ઉપવાસમાં વળી બીજો પ્રાયશ્ચિતનો ઉપવાસ આવી પડે, તો તેને ભેળો જ કરે, નોખો ન કરે.[૫૭] જમ્યા પછી જો સ્ત્રી સામું જોવાઇ જાય અથવા સ્ત્રી સાથે બોલાઈ જવાય ઇત્યાદિક ઉપવાસ આવી પડે એવી ક્રિયા થાય તો ભગવાનના નામમંત્રનો જપ કરે પણ બીજે દિવસ ઉપવાસ ન કરે. જો સ્ત્રીને અડી જવાય તો પણ સ્નાન કરે પણ બીજે દિવસે ઉપવાસ ન કરે.[૫૮] પ્રાયશ્ચિતે કરીને શુદ્ધ થયેલા ત્યાગી સાધુને કોઇ પાપે યુક્ત કહે તો તે કહેનારો ત્યાગી સાધુ એક દિવસ ઉપવાસ કરે.[૫૯]**

**ભગવાનના ભક્ત ત્યાગી સાધુએ પોતાના દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી આ કહ્યા જે સર્વે નિયમ તેને સાવધાન થઇને પાળવા, પણ એ નિયમનો ત્યાગ કરવો નહિ.[૬૦] જે ત્યાગી સાધુઓ આ કહેલા નિયમવડે એ લોભાદિક પાંચ શત્રુઓને જીતીને વશ નથી કરતા, તે તો મરીને નિશ્ચય નરકમાં જ પડે છે.[૬૧] તે નરકને વિષે પીડાએ કરીને બૂમોને પાળતા અતિશય યમયાતનાનાં દુઃખો ભોગવીને આ પૃથ્વીને વિષે શ્વાન, ગધેડા, વાંદરા આદિકના ભૂંડા અવતાર પામે છે.[૬૨] જે ત્યાગી સાધુ**

एतानाश्रित्य सद्धर्माज्ज्ञानवैराग्यसंयुतान् । भजेयुर्ये वासुदेवं प्रोक्ता एकान्तिनो हि ते ॥ ६३
प्रोक्ताः परमहंसास्ते ज्ञानिभक्ताश्च सात्त्वताः । महाभागवताः सन्तः साधवो ब्रह्मवेदिनः ॥ ६४
तेषां देहस्तु पञ्चत्वे गन्धपुष्पाद्यलङ्कृतः । स्थापनीयो गिरेर्दर्यां महारण्येऽथवा जनैः ॥ ६५
अम्बुवाहोऽग्निदाघो वा देशकालानुसारतः । कर्तव्यो रोदनं नैव कार्यं प्राकृतजीववत् ॥ ६६
भक्तिर्नारायणे तैश्च धर्मज्ञानविरक्तिभिः । सहानन्यैव कर्तव्या त्यागिभिर्नित्यमादरात् ॥ ६७

तत्रोदितास्ते मुनिवर्य ! धर्मा ये त्यागिनां भक्तिमतां हितास्ते ।
वदाम्यथो उद्धवसंश्रुतानि ज्ञानादिलक्ष्माण्यपि संविभज्य ॥ ६८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु मानदोषतज्जयोपायनिरूपणनामा षट्षष्टितमोऽध्यायः ॥६६*

---

જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત આ ધર્મનો આશ્રય કરી શ્રીવાસુદેવ ભગવાનને ભજે છે, તે નિશ્ચે ભગવાનના એકાંતિક ભક્ત કહેવાય છે.[૬૩] વળી તેઓ પરમહંસ, જીવનમુક્ત, સાત્ત્વત, મહાભાગવત, સંત, સાધુ, તથા બ્રહ્મવેત્તા કહેવાય છે.[૬૪] એવા ત્યાગી સાધુનું મરણ થાય ત્યારે તેમના દેહને ચંદન પુષ્પાદિકે કરીને પૂજવો ને પર્વતની ગુફામાં અથવા મોટા અરણ્યને વિષે મૂકી આવવો.[૬૫] અથવા મોટી નદીના પ્રવાહમાં કે સમુદ્રમાં તે દેહને વહેતો મૂકી દેવો. અથવા અગ્નિમાં બાળવો. એવી રીતે દેશ કાળને અનુસારે દેહ સંસ્કાર કરવો. એવા સાધુનો દેહ પડે ત્યારે પ્રાકૃત સંસારી જીવની પેઠે રુદન કરવું નહિ.[૬૬]

હે મુનિ ! ત્યાગી સાધુઓએ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત એવી અનન્ય ભક્તિ શ્રીનારાયણ ભગવાનને વિષે નિત્યે આદર થકી કરવી, એવો અમારો સિદ્ધાંત છે.[૬૭] હે મુનિશ્રેષ્ઠ ગોપાળાનંદમુનિ ! ભગવાનની ભક્તિવાળા ત્યાગી સાધુઓનું હિત કરનારા એવા ધર્મો મેં તમને કહ્યા, હવે ઉદ્ધવાવતાર એવા અમારા ગુરૂ શ્રીરામાનંદ સ્વામી થકી સાંભળેલાં જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિનાં નોખાં નોખાં લક્ષણો અમે તમને કહીએ છીએ, તે તમે સાંભળો.[૬૮]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે માનના દોષો તથા તેમને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું એ નામે છાસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૬--**

---

सप्तषष्टितमोऽध्यायः

श्रीनारायणमुनिरुवाच –

नानादुःखविकाराढ्यो योऽयं देहोऽस्ति देहिनाम् । आत्मा ततोऽस्ति भिन्नो वै निर्विकारः सुखात्मकः ॥ १
अच्छेद्योऽसावमेद्यश्च नित्योऽजः शाश्वतोऽक्षरः देहेन्द्रियान्तः करणदेवतासुप्रकाशकः ॥ २
न क्लिद्यने जलेनासौ दह्यते न च वह्निना । न शुष्यते वायुनापि निलेपश्चाचलो मतः ॥ ३
य आत्मनि गुणाः सन्ति देहादौ ते न सन्ति हि । देहादौ ये च दोषास्ते न सन्त्यात्मनि कर्हिचित् ॥ ४
एवंभूतं स्वमात्मानं ज्ञात्वा तस्याक्षरेण तु । सच्चिदानन्दरूपेण ब्रह्मणैक्यं विभावयेत् ॥ ५
एषात्मनिष्ठा सुदृढा ज्ञानमित्युपवर्णितम् । वैराग्यस्याथ वक्ष्यामि लक्षणं साधुसम्मतम् ॥ ६

---

# અધ્યાય – ૬૭

## ભગવાન શ્રીહરિએ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિકના લક્ષણોનું કરેલું નિરૂપણ.

**જ્ઞાનનું લક્ષણ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિ ! પ્રથમ જ્ઞાનનું લક્ષણ કહીએ છીએ. જીવપ્રાણી માત્રના દેહ નાના પ્રકારના દુઃખો તથા નાના પ્રકારના વિકારોથી ભરેલા છે. અને આત્મા જે જીવ છે તે તો દેહથકી ભિન્ન છે, વિકારે રહિત અને સુખરૂપ છે.[૧] એ જીવાત્મા શસ્ત્રે કરીને છેદાય તથા ભેદાય એવો નથી. તે આત્મા નિત્ય, અજન્મા પરિણામે રહિત તથા અક્ષર છે. વળી તે દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ દેવતા અને પ્રાણ એ સર્વેને પ્રકાશનારો છે.[૨] એ જીવાત્મા જળે કરીને સડી જાય, અગ્નિએ કરીને બળી જાય તથા વાયુએ કરીને સૂકાઇ જાય એવો નથી. એ જીવાત્મા નિર્લેપ અને અચળ છે.[૩] એ જીવાત્માને વિષે જે ગુણ છે, તે દેહાદિકમાં ક્યારેય પણ આવતા નથી. અને દેહાદિકને વિષે જે દોષ છે તે જીવાત્માને વિષે ક્યારેય પણ આવતા નથી.[૪] પોતાના જીવાત્માને આવા લક્ષણોએ યુક્ત જાણીને પછી સત્, ચિત્ અને આનંદરૂપ એવું જે અક્ષરબ્રહ્મ, તેમની સંગાથે એ જીવાત્માની એકપણાની ભાવના કરવી. અર્થાત્ અક્ષરબ્રહ્મના ગુણને પોતાને વિષે ધારવા. એમ ધારતાં ધારતાં અક્ષરબ્રહ્મના ગુણ પોતાના આત્માને વિષે આવે છે. જેમ દેહના સ્વભાવ જીવાત્માને વિષે કલ્પવાથી દેહરૂપ થઇ જવાય છે, તેમ અભ્યાસ કરવાથી અક્ષરબ્રહ્મના ગુણ જીવાત્માને વિષે આવે છે.[૫] હે મુનિ ! પોતાના જીવાત્માને વિષે એવી અતિશય દૃઢ નિષ્ઠા તે જ્ઞાન કહેવાય, હવે મોટા સંતોએ માન્ય કરેલું વૈરાગ્યનું લક્ષણ કહીએ છીએ.[૬]

स्वरूपमादौ देहस्य ज्ञेयं स्वस्य परस्य च । चर्मपेशी मलैरेव निभृताऽस्तीति तत्त्वतः ॥ ७
त्वङ्‌मांसरुधिरस्नायुमेदोमज्जास्थिखण्डकैः । मलमूत्रजरारोगैर्जुष्टे देहेऽत्र किं शुभम् ? ॥ ८
कृमिविड्भस्मसंज्ञाऽस्ति राजनाम्नोऽपि यस्य च । तस्मिन्सक्ता लभन्ते वै मुहुर्देहांश्चतुर्विधान् ॥ ९
शुभाशुभानि कृत्वाऽत्र देहैः कर्माणि मानवाः । उपर्यधो वा मध्ये वा संसरन्ति पुनः पुनः ॥ १०
यातना नारकीस्तीव्रा लभन्तेऽशुभकर्मणा । पशुपक्ष्यल्पकीटादिगर्ह्यजन्मानि चावशाः ॥ ११
शुभेन कर्मण क्वापि लभन्ते भूमिपालताम् । क्वापि पातालसौख्यानि स्वर्गसौख्यानि च क्वचित् ॥ १२
सुखान्येतानि सर्वाणि वर्तन्ते नश्वराणि हि । कामलोभभयेर्ष्यारुट्स्पर्धाद्यैर्निभृतानि च ॥ १३
दिने ब्रह्मण एकस्मिंश्चतुर्दश सुराधिपाः । नश्यन्ति क्षीयते सोऽपि सविराट् प्राकृते लये ॥ १४

**વૈરાગ્યનું લક્ષણ :–** હે મુનિ ! પ્રથમ પોતાના તથા બીજાના દેહનું સ્વરૂપ યથાર્થ જાણવું, તે દેહ માંસના લોચા અને મળ આદિક અપવિત્ર ભૂંડી વસ્તુથી ભરેલા કોથળા જેવો જ છે. ત્વચા, માંસ, રુધિર, નાડીઓ, મેદ, મજ્જા, હાડકાંના કટકા, વિષ્ટા, મૂત્ર, જરા અવસ્થા તથા નાના પ્રકારના રોગ આદિક ભૂંડી અપવિત્ર વસ્તુઓથી ભરેલા આ દેહને વિષે શું વસ્તુ રૂડી છે ? કોઇ વસ્તુ રૂડી નથી. સર્વે ભૂંડી જ વસ્તુઓ ભરેલી છે.[૮] રાજાનો દેહ હોય છતાં અંતે કૃમિ, વિષ્ટા અને ભસ્મ એવી કોઇને કોઇ સંજ્ઞા થાય છે. જેમ કે, મૃત્યુ પામેલો દેહ પડ્યો રહે તો તેમાં કીડા પડી જાય, ને જો તે દેહને શિયાળીયાં, સમડાં આદિક જનાવરો ખાઇ જાય તો તેની વિષ્ટા થઇ જાય અને લાકડામાં અગ્નિએ કરીને બાળે તો ભસ્મ થઇ જાય છે. આવા દેહને વિષે પ્રીતિવાળા જીવ વારંવાર અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ અને જરાયુજ એ ચાર પ્રકારના દેહને પામે છે.[૯] મનુષ્યો આવા દેહથી શુભ કે અશુભ કર્મો કરીને દેવલોક, પાતાળલોક, તથા મૃત્યુલોકને વિષે વારંવાર જન્મ અને મૃત્યુને પામે છે.[૧૦] અશુભ કર્મોથી અતિશય ભયંકર યમયાતનાનાં તથા નરકનાં દુઃખ પામે છે, ને ત્યાર પછી પક્ષી, કીડા આદિક અતિશય ભૂંડા જન્મને પરવશ થઇને વારંવાર પામે છે.[૧૧] તથા શુભ કર્મોથી એ જીવ ક્યારેક રાજાના દેહને પામે છે, ક્યારેક પાતાળલોકના સુખને પામે છે અને ક્યારેક સ્વર્ગના સુખને પામે છે પરંતુ એ સર્વે સુખ નાશવંત છે.[૧૨] તથા કામ, લોભ, ભય, ઈર્ષ્યા, ક્રોધ અને બરોબરીયામાં અદેખાઇ એ આદિક દોષોથી ભરેલા છે. માટે એ સર્વે સુખ તો કેવળ દુઃખરૂપ જ છે.[૧૩]

કારણ કે બ્રહ્માના એક દિવસને વિષે ચૌદ ઈન્દ્રનો નાશ થઇ જાય છે.

यत्किञ्चिदस्ति प्रकृतिपुरुषाभ्यां समुद्गतम् । स्थावरं जङ्गमं वा तद्भक्ष्यं कालस्य विद्यते ॥ १५
क्षयिष्णुत्वं सदुःखत्वमित्थं ज्ञात्वाऽखिलस्य च । अनासक्तिः स्वदेहादौ या तद्वैराग्यमुच्यते ॥ १६
वासुदेवावतारेऽथ माहात्म्यज्ञानपूर्विका । स्नेहेन सेवावृत्तिर्या सा भक्तिरिति कथ्यते ॥ १७
श्वेतद्वीपे ब्रह्मपुरे गोलोकेऽपि च धामनि । वैकुण्ठादौ यदैश्वर्यं दिव्यं दिव्याश्च पार्षदाः ॥ १८
स्वेच्छया मनुजाकारे हरौ तद्विद्यतेऽखिलम् । दिव्यभावेनेति बधो माहात्म्यज्ञानमुच्यते ॥ १९
इति ज्ञात्वैव नवभिः प्रकारैः श्रवणादिभिः । सेवनं तस्य यत्प्रेम्णा तत्प्रोक्तं भक्तिलक्षणम् ॥ २०
ज्ञानवैराग्यसहितां भक्तिमेवंविधां तु ये । हरौ कुर्युः स्वधर्मस्यास्ते तु भक्तोत्तमा मताः ॥ २१
सन्तो य ईदृशा लोके प्रोक्ताः सद्गुवो हि ते । येषां दर्शनमात्रेण नश्यते सर्वपातकैः ॥ २२

---

અને જ્યારે પ્રાકૃત પ્રલય થાય ત્યારે વિરાટ દેહે સહિત એવા બ્રહ્માજીનો પણ નાશ થઈ જાય છે.[૧૪] પ્રકૃતિ પુરુષથી ઉદ્ભવેલું જે કાંઈ સ્થાવર જંગમ વિશ્વ છે, તે સર્વે કાળનું ભક્ષણ છે.[૧૫] આવી રીતે અખિલ બ્રહ્માંડને અને તેના સુખને નાશવંત તથા દુઃખરૂપ જાણી પોતાનો દેહ, દેહના સંબંધી, વિષય ભોગનાં પદાર્થો એ સર્વેને વિષે આસક્તિનો ત્યાગ કરી દેવો, તેમાં ક્યાંય પ્રીતિ રાખવી નહિ. તેને વૈરાગ્ય કહેવાય છે.[૧૬]

**ભક્તિનું લક્ષણ :–** શ્રીવાસુદેવ ભગવાનના અવતારને વિષે મહાત્મ્યજ્ઞાને સહિત જે સ્નેહે કરીને સેવા કરવાની વૃત્તિ, તે ભક્તિ કહેવાય છે.[૧૭] માહાત્મ્યજ્ઞાન એટલે શું કે શ્વેતદ્વીપ, બ્રહ્મપુર, ગોલોક તથા વૈકુંઠ આદિક જે ભગવાનનાં ધામ છે તેને વિષે જે દિવ્ય ઐશ્વર્યો રહ્યાં છે તથા દિવ્ય પાર્ષદો રહ્યા છે. [૧૮] જ્યારે પોતાની ઈચ્છાથી જીવનાં કલ્યાણ કરવા મનુષ્યરૂપ થઈને આ પૃથ્વીપર ભગવાન વિચરણ કરે છે. ત્યારે તે ઐશ્વર્યો અને પાર્ષદો પણ તેમની સાથે રહેલા હોય છે. એવી રીતે દિવ્યભાવે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણવા, તેને માહાત્મ્યજ્ઞાન કહેવાય. [૧૯] આવી રીતના માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભગવાનને જાણીને શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારની પ્રેમેયુક્ત ભગવાનનું સેવન કરવું, તે ભક્તિનું લક્ષણ છે.[૨૦]

જે પોતાના ધર્મને વિષે રહી જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ કરે છે. તેઓ ઉત્તમ ભક્ત મનાયેલા છે.[૨૧] એવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સંપન્ન સંતપુરુષોછે તેને આલોકને વિષે સદ્ગુરૂઓ કહેવાય છે. અને એવા સાધુનાં દર્શન માત્રે કરીને સર્વ પાપ નાશ પામી જાય છે.[૨૨] પોતાને કર્મે કરીને સંસારને વિષે

तेषामेवाश्रयात्पुंसः कर्मभिर्भ्राम्यतो भवे । निःश्रेयसं भवेदेव भक्तानां धर्मचारिणाम् ॥ २३
एत एव ततः सन्तः सेवनीया मुमुक्षुणा । पूजा चैषां विधातव्या सद्गुरूणां महात्मनाम् ॥ २४
प्रवृत्तश्च निवृत्तश्च धर्मो हि द्विविधो मतः द्वयोऽपि विष्णुसम्बन्धाद्भवत्येकान्तसंज्ञितः ॥ २५
निवृत्तधर्मैकान्तित्वं प्रापुर्हि सनकादयः । प्रवृत्तधर्मैकान्तित्वं मरीच्याद्यास्तथाऽऽप्नुवन् ॥ २६
एकान्तेनैव धर्मेण मुक्तिरात्यन्तिकी मता । न केवलं निवृत्तेन धर्मेणापीतरेण वा ॥ २७
स्वरूपमस्य धर्मस्य कथ्यते चाधुना स्फुटम् । विद्वद्भिरपि दुर्ज्ञेयं विना हरिसमाश्रयम् ॥ २८
आन्तराणां च बाह्यानां करणानां स्वभावतः । नैरन्तर्येण सक्ताः स्युर्विष्णावखिलवृत्तयः ॥ २९
ततः पुमान्प्रवृत्तं वा निवृत्तं कर्म वैदिकम् । कुर्यादहिंसं निष्कामं ज्ञानवैराग्ययुक्तु यत् ॥ ३०
स एवैकान्त इत्युक्तो धर्मो निःश्रेयसप्रदः । तद्वन्तः पुरुषा ये ते प्रोक्ता एकान्तिका बुधैः ॥ ३१

---

**ભમતા પુરુષનું કલ્યાણ પણ સ્વધર્મના પાળનારાને ભગવાનના ભક્ત એવા સાધુના આશ્રયથી જ થાય છે.[૨૩] મોક્ષની ઈચ્છાવાળાએ એવા સાધુને સેવવા અને પૂજવા.[૨૪] હે મુનિ ! ધર્મ બે પ્રકારનો માનેલો છે. એક પ્રવૃત્તિધર્મ અને બીજો નિવૃત્તિધર્મ. એ બે પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધ થકી એકાંતિક ધર્મ કહેવાય છે.[૨૫] સનકાદિક ત્યાગીઓ નિવૃત્તિ ધર્મમાં રહી એકાંતિકપણાને પામ્યા છે અને મરીચ્યાદિક પ્રજાપતિ આદિક ગૃહસ્થો પ્રવૃત્તિધર્મમાં રહી એકાંતિકપણાને પામ્યા છે.[૨૬] સાક્ષાત્ ભગવાનના ધામને પામવારૂપ આત્યંતિક મુક્તિ તો કેવળ એકાંતિક ધર્મે કરીને જ પમાય છે. માત્ર એકલા નિવૃત્તિ કે પ્રવૃત્તિ ધર્મથી થતી નથી. પરંતુ બીજા લોકની પ્રાપ્તિ થાય છે.[૨૫-૨૭]**

**એકાંતિકધર્મનું સ્વરૂપ :–** હે મુનિ ! હવે એકાંતિક ધર્મનું સ્વરૂપ **સારી પેઠે સમજાય તેવી રીતે અમે તમને કહીએ છીએ. તે સ્વરૂપ ભગવાનના આશ્રય વિના શાસ્ત્રવેત્તા વિચક્ષણ પુરુષને જાણવું પણ અતિશય કઠણ છે.[૨૮] હે મુનિ ! નેત્ર, શ્રોત્ર આદિક બહારની ઈન્દ્રિયોની તથા મન, બુદ્ધિ આદિક અંદરની ઈન્દ્રિયોની સર્વે વૃત્તિઓ સહજ સ્વભાવે નિરંતર એક ભગવાનને વિષે જ પ્રીતિએ યુક્ત વરતતી હોય, ત્યાર પછી હિંસાએ રહિત અને કોઈ પણ ફળની ઈચ્છા નહિ રાખીને જ્ઞાન વૈરાગ્યે યુક્ત થઈ વેદે કહેલી પ્રવૃત્તિધર્મ કે નિવૃત્તિ ધર્મરૂપ કર્મ કરે, તો તે એકાંતિક ધર્મ આત્યંતિક કલ્યાણને-ભગવાનના ધામને પમાડનારો થાય છે.એકાંતિકધર્મયુક્ત જે પુરુષ હોય તેને મોટા મોટા સાધુઓએ એકાંતિક ભક્તો કહ્યા છે..[૨૯-૩૧] સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભગવાનને વિષે અનન્ય ભક્તિના**

स्वधर्मादियुतानन्यभगवद्भक्तिलक्षणः । एष धर्मो हि भवतीत्यल्पसत्त्वैः सुदुर्धरः ॥ ३२
धारकाः स्युर्यदा त्वस्य तदा प्रादुर्भवत्यसौ । न भवन्ति यदा ते च तिरोभवति वै तदा ॥ ३३
साक्षाद्भगवतः सङ्गात्तद्भक्तानां च वेदृशाम् । धर्मो ह्येकान्त एषोऽत्र प्राप्यते नान्यथा क्वचित् ॥ ३४
भवेदेष यदा यत्र तदा तत्र कृतं युगम् । भवेदेव न तु त्रेता द्वापरो न कलिर्न च ॥ ३५
तमेव धर्ममाश्रित्य गृहभिर्यजनं हरेः । द्रव्ययज्ञैरहिंसैस्तु विधातव्यं यथाविधि ॥ ३६
एकान्तरधर्ममाश्रित्य यष्टव्यस्त्यागिभिर्हरिः । ब्रह्मयज्ञैस्तपोयज्ञैर्योगयज्ञादिभिर्भुवि ॥ ३७
तेषु यज्ञेषु ये देवास्तदीयत्वेन तेऽखिलाः । भावयित्वाभ्यर्चनीया न तु कार्या पृथग्मतिः ॥ ३८
एकान्तिनो वैष्णवा ये ते त्यक्त्वा भौतिकानिह । देहान्लब्ध्वा दिव्यतनूर्गोलोकं धाम यान्ति हि ॥ ३९
इत्येकान्तस्य धर्मस्य लक्षणं कथितं स्फुटम् । तपांस्युग्राणि यत्प्रास्यै चक्रुः पर्वं महर्षयः ॥ ४०

---

લક્ષણ વાળો એકાંતિક ધર્મ છે. તે થોડાક આત્મબળવાળા પુરુષોને ધારવો અતિશય કઠણ છે.[૩૨] એ એકાંતિક ધર્મને ધારવાવાળા પુરુષો જે સમયે પૃથ્વીપર હોય તે સમયે તે એકાંતિક ધર્મ પ્રગટ થાય છે. અને એવા પુરુષો જ્યારે ન હોય ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે.[૩૩] પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગ થકી અથવા તે ભગવાનના ભક્તના સંગ થકી જ પુરુષ એકાંતિક ધર્મ પામી શકે છે. તે વિના બીજા કોઈ પ્રકારે ક્યારેય પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી.[૩૪] જે સમયે જે દેશને વિષે અથવા પુરુષને વિષે એ એકાંતિક ધર્મ રહ્યો હોય તે સમયે અને તે ઠેકાણે સત્યુગની પ્રવૃત્તિ જાણવી, પરંતુ ત્યાં ત્રેતા, દ્વાપર તથા કળિયુગની પ્રવૃત્તિ ન જાણવી.[૩૫]

ગૃહસ્થ ભક્તજનોએ એ એકાંતિક ધર્મનું આચરણ કરીને જીવની હિંસાએ રહિત એવા વિષ્ણુયાગ, દાન, વ્રત આદિ અનેક પ્રકારના દ્રવ્યોમય યજ્ઞોથી વિધિપૂર્વક ભગવાનનું પૂજન કરવુ.[૩૬] અને પૃથ્વી પર ત્યાગીઓએ એકાંતિક ધર્મનું આચરણ કરીને બ્રહ્મયજ્ઞ એટલે ભગવાન સંબંધી શાસ્ત્ર ભણવાં ભણાવવાં, વિચારવાં, પાઠ કરવો, તથા ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરી દેખાડવું. તેમજ તપયજ્ઞ - દેહ ઈંદ્રિયો અને અંતઃકરણને દંડ દેવો, તથા યોગયજ્ઞ એટલે અષ્ટાંગ યોગ સાધવો, વગેરેથી ભગવાનનું પૂજન કરવું.[૩૭] એ યજ્ઞોને વિષે પૂજવા યોગ્ય બીજા દેવતાઓને વિષે ભગવાનના ભક્તપણાની ભાવના કરીને પૂજવા. પરંતુ અલગપણાની ભાવના કરવી નહિ.[૩૮] ભગવાનના એકાંતિક ભક્તો આ લોકમાં પંચભૂતના દેહનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ એવું ભાગવત શરીર પામીને બ્રહ્મધામને પામે છે.[૩૯] હે મુનિ ! આ રીતે એકાંતિક ધર્મનું લક્ષણ સારી રીતે સમજાય એ

तस्मान्मुमुक्षुरिच्छेद्यः श्रेय आत्यन्तिकं स तु । एकान्तधर्मे सेवेत मुक्तः स्यात्संसृतेस्ततः ॥ ४१
पुरापि ये ये सम्प्राप्ता मुक्तिमात्यन्तिकीं जनाः । तेप्यनेनैव धर्मेण प्राप्ता नत्वन्यसाधनैः ॥ ४२
पालयंस्त्वमिमं धर्मं त्यागिनोऽन्यान्मदाश्रितान् । तथैव वर्तयेः सर्वान् समर्थोऽसि यतो मुने ! ॥ ४३
धर्मामृतमिदं पुण्यं सेवेरन् येऽत्र सज्जनाः । कालसर्पभयं तेषां संसृतिः स्यान्न कर्हिचित् ॥ ४४
इति परमपवित्रं सर्वदा सेवनीयं निपुणमतिमहद्भिः सर्वसन्तापहृध्रे ।
सरसमिह पिबन्ति त्यागिधर्मामृतं ते जनिमृतिभयमुक्ता धाम यान्त्येव विष्णोः ॥ ४५

**सुव्रत उवाच –**

इत्युक्तमाश्रुत्य स साधुधर्मवृन्दं सदीशेन मुनिः प्रसन्नः ।
स्वयं तथैवानघ ! वर्तमानो ह्यवीवृतत्त्यागिजनांश्च सर्वान् ॥ ४६

---

**રીતનું મેં તમને કહ્યું. તે એકાંતિક ધર્મની પ્રાપ્તિને માટે પૂર્વે મોટા મોટા ઋષિઓએ ઉગ્ર તપ કર્યું હતું.[૪૦] તે માટે જે મુમુક્ષુ ભક્ત પોતાનું આત્યંતિક કલ્યાણ ઈચ્છતા હોય તે એકાંતિક ધર્મ પાળે. તે પાળવે કરીને જ જન્મ મરણરૂપ સંસારથકી મૂકાઈને ભગવાનના ધામને પામે છે.[૪૧] પૂર્વે જે જનો આત્યંતિક મુક્તિ પામ્યા છે, તે પણ આ એકાંતિક ધર્મનું પાલન કરવે કરીને જ પામ્યા છે. પણ બીજા કોઈ સાધનથી પામ્યા નથી.[૪૨]**

**હે મુનિ ! તમે આ એકાંતિક ધર્મનું પાલન કરીને અમારા આશ્રિત બીજા સર્વે ત્યાગી સંતોને તે પ્રમાણે જ વર્તાવો કારણ કે તમે તેવી રીતે વર્તવા અને વર્તાવાને વિષે સમર્થ છો.[૪૩] પવિત્ર તથા આત્યંતિક મોક્ષ પમાડનારા એવા ત્યાગી સાધુઓના ધર્મામૃતનું જે સાધુઓ સેવન કરશે અર્થાત્ ભણી સાંભળીને તે પ્રમાણે વર્તન કરશે, તેમને કાળરૂપ સર્પનો ભય નહિ રહે. તથા તેમને જન્મ મરણરૂપ વારંવારની સંસૃતિમાં ક્યારેય જવું નહિ પડતું નથી.[૪૪] હે મુનિ ! ત્યાગી સાધુઓના એકાંતિક ધર્મોને કહેતો આ ધર્મામૃત ગ્રંથ અતિશય પવિત્ર ગ્રંથ છે. સત્ અસત્ના વિવેકે યુક્ત થઈ તથા અતિ ડહાપણથી બુદ્ધિવાળા મોટા સાધુઓને આ સર્વકાળે સેવવા યોગ્ય છે. ને સર્વ સંતાપને હરનાર છે. આવા ધર્મામૃતનું આલોકમાં જે ત્યાગી સાધુઓ રસપાન કરે છે. આદરથી ભણીને, સાંભળીને તથા વિચારીને એ પ્રમાણે વર્તે છે. તે ત્યાગી સાધુ જન્મ મરણના ભયથકી મૂકાઈને ભગવાનના ધામને પામે છે. અને બ્રહ્મરૂપ થઈને અખંડ ભગવાનની સેવામાં રહે છે.[૪૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે નિષ્પાપ પ્રતાપસિંહ રાજન્ ! આવી રીતે સત્પુરુષોના**

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे त्यागिधर्मेषु ज्ञानादिलक्षणनिरूपणनामा सप्तषष्टितमोऽध्यायः ॥६७*

---

*अष्टषष्टितमोऽध्यायः*

**सुव्रत उवाच –**

एकदाऽथ हरिं राजन्नित्यानन्दो महामुनिः । तदग्र उपविष्टसतं नत्वापृच्छत्कृताञ्जलिः ॥ १

**नित्यानन्द उवाच –**

ऋते ज्ञानान्न मुक्तिः स्यादित्यस्ति भगवज्च्छ्रुतिः । ज्ञानं तत्कृपया मह्यं वक्तुमर्हसि निश्चितम् ॥ २

**सुव्रत उवाच –**

इति पृष्टः स भगवान्मुनिना तेन भूपते ! । कथयामासं तं ज्ञानं साङ्ख्यशास्त्रविनिश्चितम् ॥ ३

---

સ્વામી શ્રીભક્તિધર્મના પુત્ર ભગવાન શ્રીનારાયણમુનિએ કહેલા ત્યાગી સાધુઓના એકાંતિક ધર્મો સાંભળીને પ્રસન્ન થયેલા ગોપાળાનંદ મુનિ સ્વયં એ પ્રમાણે વર્તન કરવા લાગ્યા અને બીજા ત્યાગી સંતોને એ પ્રમાણે વર્તાવવા લાગ્યા.[૪૬]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં ત્યાગી સાધુઓના ધર્મને વિષે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના લક્ષણરૂપ એકાંતિક ધર્મનું નિરૂપણ કર્યું એ નામે સડસઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૭--**

---

## અધ્યાય – ૬૮

## 'ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ' એ શ્રુતિ વિષયક નિત્યાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને પૂછેલો પ્રશ્ન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! એક સમયે મહામુનિ નિત્યાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા ને બે હાથ જોડી નમસ્કાર કરી વિનયપૂર્વક પૂછવા લાગ્યા.[૧] હે ભગવાન ! "જ્ઞાન વિના મુક્તિ ન થાય" આવા પ્રકારની શ્રુતિ છે. તો હે પ્રભુ ! એ જ્ઞાન કેવું છે ? તે કૃપા કરીને મને યથાર્થ જણાવો.[૨] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, તેથી સકલ

**श्रीनारायणमुनिरुवाच –**

ब्रह्माण्डसर्गद्वारा ते वदामि ज्ञानमञ्जसा । येन मुक्तिर्भवेन्नृणां शृणु त्वं मुनिसत्तम् ! ॥ ४
आत्यन्तिके लये पूर्वं भगवानेक एव हि । आसीत्स्वयं वासुदेवः स्वकीयेऽक्षरधामनि ॥ ५
महापुमान्महामाया सहैवानन्तकोटिभिः । प्रधानपुरुषैस्तस्य प्रकाशेऽस्वपितां तदा ॥ ६
स श्रीकृष्णो दिव्यमूर्तिः प्रोच्यते पुरुषोत्तमः । परमात्मा परंब्रह्म विष्णुर्नारायणश्च सः ॥ ७
ज्योतीरूपोऽक्षरातीतो हरिश्च परमः पुमान् । प्रोक्तः स एव वेदेषु पुराणेषु च भारते ॥ ८
सिसृक्षाऽभूद्यर्दा तस्य ब्रह्माण्डानां तदा स तु । प्राबोधयत्स्वेक्षणेन महाकालाख्यपूरुषम् ॥ ९
यं जीवं चाक्षरं ब्रह्म प्रवदन्ति नरं मुने ! । अनेककोटिब्रह्माण्डजन्मस्थित्यन्तकारणम् ॥ १०
पुरुषेणात्मभूतेन महामायां च तेन सः । प्राबोधयद्वासुदेवो वीक्षयाण्डसिसृक्षया ॥ ११

---

ઐશ્વર્યસંપન્ન ભગવાન શ્રીહરિ સબીજ સાંખ્યશાસ્ત્રે નિર્ણય કરેલા જ્ઞાનનું સ્વરૂપ નિત્યાનંદ સ્વામીને સમજાવવા લાગ્યા.[૩]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિવર્ય ! જે જ્ઞાનથી મનુષ્યોની મુક્તિ થાય છે, તે જ્ઞાનનું સ્વરૂપ હું તમને બ્રહ્માંડની ઉત્પત્તિના વર્ણન દ્વારા યથાર્થ સમજાવું છું, તેનું તમે શ્રવણ કરો.[૪] પૂર્વે આત્યંતિક પ્રલયમાં પોતાના અક્ષરધામને વિષે સ્વયં શ્રીવાસુદેવ ભગવાન પાર્ષદોએ સેવાયેલા થકા એકલા જ વિરાજમાન હતા.[૫] તે સમયે સૂર્યના પ્રકાશમાં રાત્રી જેમ લીન રહે, તેમ ભગવાનના પ્રકાશમાં સર્વે પાર્ષદો, મુક્તો, અક્ષરપુરુષ, મૂળપુરુષ, મૂળમાયા, અર્થાત્ પ્રધાનમાયા અને પ્રધાન પુરુષોના સમૂહની સાથે મહાપુરુષ અને મહામાયા પણ ભગવાનના તેજમાં લીન હતાં.[૬] એ દિવ્ય મૂર્તિ જે વાસુદેવ છે, તેને જ વેદ, પુરાણો તથા મહાભારતાદિક શાસ્ત્રોને વિષે શ્રીકૃષ્ણ, પુરુષોત્તમ, પરમાત્મા, પરબ્રહ્મ, વિષ્ણુ, નારાયણ એવે નામે પણ કહેલા છે. તથા જ્યોતિસ્વરૂપ, અક્ષરાતીત, હરિ, પરમપુરુષ, એવે નામે પણ કહેલા છે.[૭-૮] એ અક્ષરધામાધિપતિ સ્વયં શ્રીવાસુદેવ ભગવાનને જ્યારે બ્રહ્માંડ સર્જવાની ઈચ્છા થઈ, ત્યારે એ ભગવાન યોગનિદ્રાનો સ્વીકાર કરી પોતાના તેજમાં લીન થઈ રહેલા મહાકાળ નામના મહાપુરુષને પોતાની દૃષ્ટિથી પ્રેરણા કરીને જાગૃત કર્યો.[૯] હે મુનિવર્ય ! એ મહાકાળને જીવ, અક્ષરપુરુષ, બ્રહ્મ અને નર એવા ઘણા નામે વેદો કહે છે, આ મહાકાળ અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે, એમ પણ વેદ કહે છે.[૧૦]

ત્યારપછી શ્રીવાસુદેવ ભગવાને બ્રહ્માંડો સર્જવાની ઈચ્છાથી પોતાના

प्रबुद्धया तया साकं प्रभोस्तस्येच्छयैव सः । बहुकालं स्म रमते महाकालो हि पूरुषः ॥ १२
स तस्यां गर्भमाधत्त बहुकालं दधौ च सा । ततः प्रधानपुरुषान्प्रासूतानेककोटिशः ॥ १३
प्रधानानां तथा पुंसां योगेनैवाण्डकोटयः । इच्छया वासुदेवस्य जायन्ते स्म ह्यनेकशः ॥ १४
रमणस्य श्रमेणैव स्वेदाम्बु पुरुषाङ्गतः । बभूव नारसंज्ञं यद्ब्रह्माण्डोघाश्रयं विदुः ॥ १५
प्रकाशानन्दरूपं तद्यस्यैकेनापि बिन्दुना । जीवेशाः सुखिनः सन्ति नैकब्रह्माण्डवासिनः ॥ १६
स्वाङ्गोत्पन्ने जले तस्मिन्नशेत स नरस्ततः । आपो नारा इति श्रुत्या नारायण इतीर्यते ॥ १७
कूटस्थश्चाक्षरात्मासावव्यक्तः प्रकृतेः परः । अप्रमेयश्च विबुधैर्महापुरुष उच्यते ॥ १८

શરીરભૂત એવા એ મહાપુરુષ દ્વારા અક્ષરના પ્રકાશમાં લીન એવી મહામાયાને જાગૃત કરી.[૧૧] ત્યારપછી મહાકાળ એવો જે મહાપુરુષ તે શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છાથી જાગૃત થયેલી માયાની સાથે બહુ કાળ પર્યંત રમણ કર્યું, ને તે મહાપુરુષે પોતાની પત્નીરૂપ એવી એ મહામાયાને વિષે દૃષ્ટિથી ગર્ભ ધર્યો. અને તે મહામાયાએ પણ એ ગર્ભને બહુકાળ પર્યંત ધારણ કરી રાખ્યો. પછી એ મહામાયાથકી અનંતકોટી પ્રધાનપુરુષોનાં જોડલાં પ્રગટ થયાં.[૧૨-૧૩] વળી પાછી શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છાથી પરસ્પર જોડાયેલા તે અનંત પ્રધાનમાયા અને પ્રધાનપુરુષના જોડકાથી અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થયાં. અહીં પ્રધાનમાયા અને પ્રધાન પુરુષના જોડલાં અનંત છે. તેથી બ્રહ્માંડો પણ અનંત ઉત્પન્ન થયાં છે. એક જોડલાં થકી એક બ્રહ્માંડ એમ અનંત કોટિ બ્રહ્માંડોનું સર્જન થયું.[૧૪] હે મુનિ ! મહામાયાની સાથે રમણ કરતા મહાકાલરૂપ મહાપુરુષના શરીરમાંથી પરસેવાનું જે જળ ઉત્પન્ન થયું તેને 'નાર' એવા નામથી કહેવાય છે. તે અનંતકોટિ બ્રહ્માંડોના આધારભૂત છે એમ મહામુનિઓ જાણે છે.[૧૫] એ 'નાર' નામનું ગર્ભોદક જળ પ્રકાશરૂપ અને આનંદરૂપ છે. જેમના એક બિંદુમાત્રથી અનંતકોટિ બ્રહ્માંડવાસી જીવો મહાસુખીયા થાય છે, અર્થાત્ જીવ સંજ્ઞાવાચી મનુષ્યો, ઈન્દ્રાદિ દેવતાઓ, બ્રહ્મા, શિવ, વૈરાટ આદિ ઈશ્વરો છે, તે મહાસુખીયા થાય છે.[૧૬]

હે મુનિ ! "આપો નારા" એ શ્રુતિના કહેવા અનુસાર 'નર' નામના મહાપુરુષે પોતાના શરીમાંથી ઉત્પન્ન થયેલા 'નાર' નામના જળને વિષે યોગનિદ્રાનો સ્વીકાર કરીને શયન કર્યું તેથી "નારા અયનં યસ્ય સઃ" એ સમાસથી તેમનું "નારાયણ" એવું નામ થયું.[૧૭] આ મહાપુરુષને ભગવદ્નિષ્ઠ જ્ઞાનીપુરુષોએ કૂટસ્થ અર્થાત્ નિર્વિકારી અક્ષરાત્મા, અક્ષરબ્રહ્મસ્વરૂપ, અવ્યક્ત- પ્રાકૃત

शयानस्य प्रभोस्तस्य पादसंवाहनं तदा । दिव्यमूर्तिर्महामाया करोति प्रीणयन्त्यमुम् ॥ १९
वासुदेवः स च स्वाभिः सत्यज्ञानादिशक्तिभिः । तेषु सर्वेष्वन्वितोऽस्ति व्यतिरिक्तोऽस्ति च स्वतः । २०
ब्रह्माण्डानां समुत्पत्तिर्भवत्येवं हरीच्छया । उत्पत्तिरीतिं कथये तत्रैकस्यादितो मुने ! ॥ २१
अधिष्ठाता प्रधानस्य पुरुषो योऽक्षरोद्भवः । अनादिनिधनो देव ईश्वरेशः स उच्यते ॥ २२
योऽन्वयव्यतिरेकाभ्यां देहेष्वव्याकृतादिषु । ईश्वराद्याख्यपुरुषेऽधिष्ठितेऽवस्थितोऽस्ति च ॥ २३
सगुणब्रह्मसंज्ञोऽसौ सिसृक्षुः पुरुषो जगत् । कालं कर्म स्वभावं च प्राप्नोत्यादौ हरीच्छया ॥ २४

ઇન્દ્રિયોથી ન ગ્રહણ કરી શકાય તેવા, પ્રકૃતિથી પર- પોતે જેનો સ્વીકાર કર્યો એ મૂળમાયાથી પર, તથા અપ્રમેય- પોતાનાથી નીચેના સર્વે જેના ઐશ્વર્યનો કોઇ અંત લઈ શકતા નથી, એવા કહેલા છે.[૧૮] એ અવસરે દિવ્ય મૂર્તિ એવી મહામાયા પોતાના જ અંગમાંથી ઉત્પન્ન થયેલા ગર્ભોદકના જળમાં શયન કરી રહેલા પોતાના પતિ એવા સમર્થ મહાપુરુષને રાજી કરવા, જાણે પોતાનો ત્યાગ ન કરી દે એવા ભય સાથે અખંડ તેમની અનુવૃત્તિમાં રહીને ચરણચંપી કરે છે.[૧૯] હે મુનિ ! સ્વયં શ્રીવાસુદેવ ભગવાન એ મહાપુરુષ, મહામાયા આદિ સર્વેને વિષે પોતાની અસાધારણ સત્ય જ્ઞાન, ક્રિયા, ઇચ્છા શક્તિ આદિથી અન્વયપણે રહેલા છે, અને સ્વતઃ સ્વરૂપથી પોતાના અક્ષરધામમાં વ્યતિરેકપણે પણ રહેલા છે.[૨૦] હે મુનિવર્ય ! આ પ્રમાણે શ્રીવાસુદેવ ભગવાનના સંકલ્પથી અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તે સર્વેની મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિનો ક્રમ હું તમને કહું છું. એ પ્રમાણે બધા બ્રહ્માંડોની ઉત્પત્તિનું અનુમાન કરી લેવું.[૨૧]

હે મુનિવર્ય ! મૂળપ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી પ્રધાન નામની પ્રકૃતિના અધિષ્ઠાતા ને અક્ષરબ્રહ્મ નામના મહાપુરુષથકી પ્રગટ થયેલા જે પુરુષ છે, તે આદિ અને અંતથી રહિત છે, દિવ્યમૂર્તિ છે, અને પોતાના થકી ઉત્પન્ન થયેલા ચોવીસ તત્ત્વો અને તેના ઈશ્વરોના પણ તે ઈશ્વર છે. અર્થાત્ ચોવીસ તત્ત્વોથકી ઉત્પન્ન થયેલા વૈરાટપુરુષના પણ તે સ્વામી છે, એમ વેદ કહે છે.[૨૨] એ પ્રધાનપ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષ પોતાનાથી ઉત્પન્ન એવા અવ્યાકૃત, સૂત્રાત્મા અને વિરાટ, નામના દેહોમાં અભિમાની આત્મારૂપે રહેલા ઈશ્વર, હિરણ્યગર્ભ, તથા વૈશ્વાનર નામના પુરુષને વિષે પણ અન્વયસ્વરૂપે અને વ્યતિરેક સ્વરૂપે રહેલા છે. અર્થાત્ તે ત્રણ શરીરવાળા પુરુષના ઐશ્વર્યને પ્રકાશ કરવા તેનામાં અન્વયસ્વરૂપે રહેલા છે અને પોતાના લોકમાં વ્યતિરેક સ્વરૂપે રહેલા છે.[૨૩]

ईक्षणं वीर्यमाधत्ते महापुरुषवीक्षितः । पुरुषः स प्रधानाख्यप्रकृतौ तैः समन्वितः ॥ २५
पुरुषाधिष्ठितेनाथ प्रधाने त्रिगुणात्मके । प्राप्नुवन्ति गुणाः क्षोभं कालेनैवादितस्त्रयः ॥ २६
परिणामः स्वभावेन ततस्तेषां च जायते । महत्तत्त्वस्य जननं जायते तेन कर्मणा ॥ २७
शुद्धं गुणत्रयं ह्येतत्प्रोच्यतेऽव्याकृताभिधम् । अव्यूढकरपादादि वपुरीशस्य चादिमम् ॥ २८
तदात्मा पुरुषो यश्च स ईश्वर इतीर्यते । विस्तरेणैव सम्प्रोक्तः श्रीमद्भागवते त्वसौ ॥ २९
उद्बुद्धशुद्धसत्त्वादित्रिगुणा प्रकृतिस्तु सा । तदा सत्त्वगुणद्वारा महत्तत्त्वं प्रसूयते ॥ ३०
प्रकाशरूपं शान्तं च कूटस्थं जगदंकुरम् । ज्ञानक्रियाभ्यां शक्तिभ्यां चित्तं सूत्रं च यद्विदुः ॥ ३१

---

હે મુનિ ! આવા એ પ્રધાનના પતિ પુરુષ સગુણબ્રહ્મના સ્વરૂપે સ્થાવર જંગમાત્મક આ વિશ્વને સર્જવાની ઇચ્છા કરી સ્વયં વાસુદેવ ભગવાનની ઇચ્છાથી પ્રથમ કાળશક્તિ, કર્મશક્તિ અને સ્વભાવશક્તિનો પોતે સાધનરૂપે સ્વીકાર કરે છે.[૨૪] આ ત્રણ શક્તિથી યુક્ત થઇને તથા પોતાના પિતા મહાપુરુષની દૃષ્ટિ પામીને તે પ્રધાનના અધિષ્ઠાતા પુરુષ પોતાની પત્નીરૂપ પ્રધાનપ્રકૃતિને વિષે દૃષ્ટિરૂપ વીર્યને ધારણ કરે છે.[૨૫] પછી પોતે સ્વીકારેલી કાળશક્તિથી પોતાની પત્ની એવી ત્રણ ગુણવાળી પ્રધાનરૂપ પ્રકૃતિમાં સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોનો પ્રથમ ક્ષોભ થાય છે.[૨૬] પછી પોતે પુરુષે સ્વીકારેલી સ્વભાવશક્તિથી તે ત્રણગુણોમાં પરિવર્તન સર્જાય છે. ત્યારપછી કર્મશક્તિ દ્વારા મહતત્ત્વને પ્રગટ થવાની ક્રિયા થાય છે. આ રીતે પ્રધાનપુરુષના જોડલા થકી પ્રથમ મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે.[૨૭] હે મુનિ ! આ મહત્તત્ત્વ છે, તેને કાર્ય અવસ્થાની પ્રાપ્તિ થઇ ન હોવાથી શુદ્ધ સ્વરૂપ છે. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણાત્મક છે, જેમાં હાથ, પગ આદિક અંગ સ્વરૂપે પરિણામ દશા પ્રાપ્ત થઇ નથી એવું હોવાથી તેને વૈરાજપુરુષનું પ્રથમ શરીર અવ્યાકૃત એવા નામથી કહેવાય છે. અર્થાત્ મહત્તત્ત્વ પ્રારંભિક દશામાં વૈરાટપુરુષના અવ્યાકૃત શરીરરૂપે થાય છે.[૨૮] એ શરીરના અભિમાની જે પુરુષ છે તેને "ઈશ્વર" એવા નામથી કહેલા છે. શ્રીમદ્ ભાગવતના દ્વિતીય અને તૃતીય સ્કંધમાં એ અવ્યાકૃત શરીરાભિમાની ઈશ્વર વિષે વિસ્તારપૂર્વક વાર્તા લખી છે.[૨૯]

હે મુનિ ! આ રીતે સૃષ્ટિ સમયે પ્રબોધ પામેલી શુદ્ધ સત્ત્વાદિ ત્રણ ગુણોવાળી પ્રધાન નામની પ્રકૃતિ સત્ત્વગુણદ્વારા શુદ્ધ સત્ત્વગુણપ્રધાન મહત્તત્ત્વને જન્માવે છે.[૩૦] જે મહત્તત્ત્વને પ્રકાશરૂપ, શાંતસ્વરૂપ, કૂટસ્થ (વિકાર રહિત) અને જગતના અંકુરરૂપ કહેલું છે. તથા જે મહત્તત્ત્વને જ્ઞાનશક્તિથી અને ક્રિયા શક્તિથી

पदं साक्षाद्भगवतः शान्तं सत्त्वगुणं शुचि । अविकारीति च प्रोक्तं वृत्तिभिश्चित्तलक्षणम् ॥ ३२
अनुप्राणन्ति यं प्राणाः प्राणन्तं सर्वजन्तुषु । स महाप्राण इत्याहुर्यत्तत्सूत्रमिहोदितम् ॥ ३३
अथ मायाकाल कर्मस्वभावैश्च विकुर्वतः । महत्तत्त्वादहङ्कारः सह रुद्रेण जायते ॥ ३४
ज्ञानशक्तिः क्रियाशक्तिर्द्रव्यशक्तिश्च स त्रिधा । वैकारिकस्तैजसश्च तामसश्चेति कथ्यते ॥ ३५
त्रिगुणोऽसावङ्कारस्तत्त्वेन महता सह । सूत्राभिधानमीशस्य । द्वितीयं वपुरुच्यते ॥ ३६
ईश्वरोऽव्याकृतात्मा च वपुषस्तस्य योगतः । हिरण्यगर्भ इत्याख्यां द्वितीयां लभते पुनः ॥ ३७
सर्वेषामपि जीवानां शरीरे सूक्ष्मकारणे । सूत्राख्येऽत्रेशवपुषि विलीने भवतस्तदा ॥ ३८
खवाय्वग्न्यप्पृथिव्यश्च लीनास्तस्मिंस्तदा स्थिताः । शब्दः स्पर्शो रूपरसौ गन्ध इत्यपि पञ्च स ॥ ३९
यदैतत्क्षोभमाप्नोति कालशक्त्यादिभिर्हरेः । तदा तत्र स्थिता जीवाः सञ्चितानादिकर्मणाम् ॥ ४०

---

**ચિત્તસ્વરૂપ અને સૂત્રસ્વરૂપ કહ્યું છે.[૩૧] તેમાં ચિત્તનું લક્ષણ એ છે કે તે ભગવાન વાસુદેવની સાક્ષાત્ ઉપલબ્ધિના સ્થાનરૂપ, શાંતરૂપ, સત્ત્વગુણાત્મક સ્વચ્છ અને અવિકારી છે. આ ચિત્તનું લક્ષણ છે.[૩૨] સૂત્રનું લક્ષણ એ છે કે, તે સર્વ પ્રાણીઓમાં ચેષ્ટા કરતો પ્રાણની પાછળ બીજા સર્વે પ્રાણો ચેતનવંતા થાય છે, એટલે કે ઇન્દ્રિયો પ્રાણવાળી થાય છે, જેને મહાપ્રાણ પણ કહે છે. તે મહાપ્રાણને અહીં સૂત્ર એવા નામથી કહેલું છે, આ સૂત્રનું લક્ષણ છે.[૩૩] હે મુનિ ! પછી માયા, કાળ, કર્મ અને સ્વભાવથી વિકાર પામેલા મહત્તત્ત્વથકી રૂદ્રદેવની સાથે અહંકાર ઉત્પન્ન થાય છે. [૩૪] એ અહંકારનું લક્ષણ એ છે કે, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને દ્રવ્યશક્તિવાળો તે અહંકાર ક્રમશઃ સાત્વિક, રાજસ અને તામસ આ ત્રણ પ્રકારનો કહેલો છે.[૩૫] હવે ચિત્તરૂપ એવા મહત્તત્ત્વની સાથે જોડાયેલા આ ત્રણ પ્રકારના અહંકારને તે પૂર્વોક્ત "ઈશ્વર" નામના દેવતાનું બીજું શરીર સૂત્રાત્મા કહેલું છે.[૩૬] અવ્યાકૃત શરીરના અભિમાની ઈશ્વર નામના દેવતા છે, તે આ બીજા સૂત્રાત્મક શરીરના સંબંધને પામે છે, ત્યારે તેને હિરણ્યગર્ભ નામે કહેવાય છે.[૩૭] વૈરાજપુરુષના આ બીજા સૂત્રાત્મક શરીરને વિષે તે સમયે સર્વે જીવોના સૂક્ષ્મ અને કારણ શરીરો વિલીન દશામાં રહેલા હોય છે. તેવી જ રીતે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી પણ તે સૂત્રાત્મક શરીરમાં લીન દશામાં રહેલાં હોય છે.[૩૮] તેજ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચભૂતોની પાંચ તન્માત્રાઓ પણ તે સૂત્રાત્મક શરીરને વિષે વિલીન દશામાં રહેલા હોય છે.[૩૯]**

**હે મુનિ ! જ્યારે ભગવાનની કાળશક્તિથી એ સૂત્રાત્મક શરીરનો ક્ષોભ**

परिपक्वदशां प्राप्य स्वस्वकर्मानुसारतः । तिष्ठन्त्यंकुरितास्तात्र विराजोऽथ जनिं ब्रुवे ॥ ४१
अव्याकृतात्मा पुरुषो यथा सूत्रात्मयोगतः । हिरण्यगर्भ इत्याख्यां लभतेऽसौ तथा मुने ! ॥ ४२
हिरण्यगर्भो यद्योगाद्वैश्वानर इतीर्यते । एतावता न तद्भेदो यतोऽसावेक एव हि ॥ ४३
ब्रह्माण्डसर्गस्त्रिगुणात्मकाद्वै तस्माद्यथाऽभूत्त्रिगुणात्मकोऽसौ ।
तथैव तुभ्यं मुनिवर्य ! तत्त्वलक्ष्मोक्तिपूर्वं कथयामि बुद्ध्यै ॥ ४४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे पारुषसर्गनिरूपणनामाऽष्टषष्टितमोऽध्यायः ॥ ६८*

---

થાય છે. ત્યારે હિરણ્યગર્ભના એ સૂત્રાત્મક શરીરમાં રહેલા જીવો પોતાના અનાદિના સંચિત કર્મોની પરિપક્વદશા પ્રાપ્ત કરીને હવે ફળ ભોગવવાનો સમય પ્રાપ્ત થયેલો હોય એમ, પોતાના કર્મોને અનુસારે તે હિરણ્યગર્ભના શરીરને વિષે પ્રગટ થવા માટે અંકુરિત થઈને રહે છે, પછી વૈરાટનો દેહ પ્રગટ થાય છે તે કહું છું.[૪૦-૪૧] હે મુનિવર્ય ! જેવીરીતે અવ્યાકૃત શરીરના અભિમાની ઈશ્વર નામના દેવતા સૂત્રાત્મક શરીરનો સંબંધ પામવા પછી હિરણ્યગર્ભ નામને પામ્યા, તેવી જ રીતે આ સૂત્રાત્મશરીરાભિમાની હિરણ્યગર્ભ વિરાટ દેહનો સંબંધ પામ્યા પછી વૈશ્વાનર એવા નામે કહેવાય છે. આવી રીતે અવ્યાકૃત સૂત્રાત્મા અને વિરાટ આ ત્રણ દેહના સંબંધે ઈશ્વર, હિરણ્યગર્ભ અને વૈશ્વાનર આવા ત્રણ નામે રહેલા તે પુરુષના સ્વરૂપમાં ભેદ સમજવો નહિ, કારણ કે આ ત્રણે શરીરના અભિમાની પુરુષ એક જ છે, તેમાં કોઈ ભેદ નથી.[૪૨-૪૩] હે મુનિવર્ય ! જે રીતે ત્રિગુણાત્મક અહંકાર થકી આ બ્રહ્માંડાભિમાની વૈરાટપુરુષની ઉત્પત્તિ થઈ તે રીતને એક એક તત્ત્વના લક્ષણો કહેવા પૂર્વક તમારા જાણ માટે વિસ્તારથી કહું છું. તે અહંકાર થકી ચોવીસ તત્ત્વો કેવી રીતે ઉત્પન્ન થયાં અને જેમાંથી વૈરાટનું શરીર ઉત્પન્ન થયું, તે તમને સમજાય તે રીતે કહું છું.[૪૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં નિત્યાનંદ સ્વામીના પ્રશ્નથી આપવા માંડેલા જ્ઞાનોપદેશમાં ભગવાન શ્રીહરિએ પુરુષની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું, એ નામે અડસઠમો અધ્યાય પૂર્ણ થયો. ––૬૮––**

---

## एकोनसप्ततितमोऽध्यायः

**श्रीनारायणमुनिरुवाच –**

वैकारिकादहङ्कारात्सचन्द्रं जायते मनः । कामस्य सम्भवो यस्य सङ्कल्पाञ्च विकल्पनात् ॥ १
धैर्यं तथोपपत्तिश्च व्यक्तिर्भ्रान्तिश्च कल्पना । क्षमा सत्त्वमसत्त्वं च शीघ्रतेति मनोगुणाः ॥ २
कार्योत्पत्तौ हि सर्वत्र माया कालश्च कर्म च । स्वभाव ईक्षणं पुंसो हरेरिच्छेति हेतवः ॥ ३
देवता इन्द्रियाणां च जाता वैकारिकाद्दश । दिग्वातार्कप्रचेतोश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः ॥ ४
विषयाणामिन्द्रियाणां विभागेनाभिव्यञ्जनम् । कुर्वन्ति देवता नूनं दिगाद्याश्च पृथक्पृथक् ॥ ५
दशेन्द्रियाणि बुद्धिश्च ब्रह्मा प्राणश्च तैजसात् । कालादिभिरहङ्कारादुत्पद्यन्ते विकुर्वतः ॥ ६

---

## અધ્યાય – ૬૯

## ત્રણ પ્રકારના અહંકારમાંથી ઉત્પન્ન થયેલા ચોવીસ તત્ત્વોનાં શ્રીહરિએ કહેલાં લક્ષણો.

**સાત્વિક અહંકારથકી ઊત્પત્તિ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિવર્ય ! વિકાર પામેલા સાત્વિક અહંકાર થકી ચંદ્ર દેવતાએ સહિત મન ઉત્પન્ન થયું, તેમના સંકલ્પ વિકલ્પ થકી કામની ઉત્પત્તિ થાય છે.[૧] વ્યાકુળતાની પરિસ્થિતિમાં પણ ધીરજ રાખવી, ઉહાપોહમાં કુશળતા દાખવી, વ્યક્તિજ્ઞાનમાં કારણપણું, ભ્રાંતિ, કલ્પના, ક્ષમા, સત્ અસત્ને પ્રકાશ કરવાપણું, શીઘ્રતા-અસ્થિરપણું, આ બધા મનના લક્ષણો છે.[૨] સર્વે કાર્યોની ઉત્પત્તિમાં માયા, કાળ, કર્મ, સ્વભાવ અને પ્રધાનમાયાના પતિ એવા પુરુષની દૃષ્ટિ તથા સ્વયં શ્રીવાસુદેવની ઈચ્છા એ આદિ મુખ્ય કારણો છે.[૩]

હે નિત્યાનંદ મુનિ ! વળી તે વિકાર પામેલા સાત્વિક અહંકાર થકી દશે ઈન્દ્રિયોના દેવતા એવા વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, વિષ્ણુ, મિત્રદેવ, અને પ્રજાપતિ એ ઉત્પન્ન થયા.[૪] એ દશે દિશાઓના અભિમાની અલગ અલગ દેવતાઓ નેત્રાદિ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોના સારા-નરસાનો વિભાગ કરવા પૂર્વક દરેક ઈન્દ્રિયોને પ્રકાશિત કરે છે.[૫]

**રાજસ અહંકારથકી ઊત્પત્તિ :–** હવે રાજસ અહંકાર થકી ઉત્પત્તિ કહે છે. કાળ માયાદિકથી વિકાર પામેલા રાજસ અહંકાર થકી દશ ઈન્દ્રિયો, બુદ્ધિ તથા બુદ્ધિના દેવતા બ્રહ્મા અને પંચપ્રાણ ઉત્પન્ન થયાં.[૬] દશ

श्रोत्रं त्वग्दृक्रसना घ्राणं ज्ञानेन्द्रियाणि हि । कर्मेन्द्रियाणि वाक्पाणिचरणोपस्थपायवः ॥ ७
श्रवणादिक्रियासिद्धौ करणत्वं तु लक्षणम् । श्रोत्रादीनामिन्द्रियाणां विज्ञातव्यं पृथक्पृथक् ॥ ८
इन्द्रियानुग्रहः स्वापः संशयो निश्चयः स्मृतिः । मिथ्याज्ञानं ध्यानचिन्ता धारणेति धियो गुणाः ॥ ९
तैजसस्य पृथक्कार्थं केचिन्नेच्छन्ति कापिलाः । सात्त्विकात्तामसाज्जातं यत्कार्यं तस्य तद्विदुः ॥ १०
तामसाच्च विकुर्वाणात्पूर्वोक्तैरेव हेतुभिः । शब्दो भवति तस्माच्च नमः शब्दगुणं किल ॥ ११
विकुर्वतश्च खात्स्पर्शो जायते पूर्वहेतुभिः । ततो वायुः स्पर्शगुणः शब्दवांश्च परान्वयात् ॥ १२
वायोर्विकुर्वतो रूपं तेजस्तस्माच्च जायते । स्वतो रूपगुणं शब्दस्पर्शवच्च परान्वयात् ॥ १३
तेजसोऽथ रसस्तस्माज्जायतेऽम्भो विकुर्वतः । परान्वयाच्छब्दस्पर्शरूपवद्रसवत्स्वतः ॥ १४

---

ઈન્દ્રિયોમાં શ્રોત્ર, ત્વક્, નેત્ર, રસના અને નાસિકા, આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. વાક્, પાણી, પાદ, પાયુ અને ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિયો છે.[૭] સાંભળવું વગેરે કાર્યની સિદ્ધિમાં અલગ અલગ સાધન રૂપે રહેવું તે શ્રોત્રાદિ ઈન્દ્રિયોનું લક્ષણ છે.[૮]

હવે બુદ્ધિનું લક્ષણ કહીએ છીએ. વિષય ગ્રહણ કરવામાં ઈન્દ્રિયો ઉપર ઉપકાર કરવાપણું, નિદ્રા, સંશય, નિશ્ચય, સ્મૃતિ, મિથ્યાજ્ઞાન, ધ્યાનપૂર્વક ચિંતન કરી સ્મૃતિમાં લાવવું, ધારણા કરવી, આ સર્વે બુદ્ધિના ગુણોરૂપ લક્ષણો કહેલાં છે.[૯] કપિલમતના કેટલાક અનુયાયીઓ રાજસ, અહંકારના કાર્યને અલગ કહેતા નથી. સાત્ત્વિક અને તામસ અહંકાર થકી ઉત્પન્ન થતું કાર્ય તે રાજસ અહંકારનું જ કાર્ય છે, એમ જાણે છે, કારણ કે રજોગુણની પ્રેરણા વિના સત્ત્વ અને તમ સ્વતંત્ર કાર્ય કરી શકે જ નહિ, આવો તેમનો અભિપ્રાય છે.[૧૦]

**તામસ અહંકારથકી ઊત્પત્તિ :–** વળી હે મુનિ ! પૂર્વોક્ત કાળ, માયાદિકના કારણે વિકારી દશાને પામેલા તામસ અહંકાર થકી શબ્દ ઉત્પન્ન થાય છે. તે શબ્દ તન્માત્રાથકી શબ્દ જેનો ગુણ છે એવો આકાશ ઉત્પન્ન થાય છે.[૧૧] વળી પૂર્વોક્ત કાળમાયાદિકના કારણે વિકાર દશાને પામેલા આકાશ થકી સ્પર્શ ઉત્પન્ન થાય છે, તે સ્પર્શ તન્માત્રા થકી આકાશના અન્વય યુક્ત શબ્દગુણવાળો વાયુ ઉત્પન્ન થાય છે, પોતાનો સ્પર્શ ગુણ અને કારણરૂપ આકાશનો શબ્દગુણ આ બે ગુણ વાયુમાં હોવાથી તે બે ગુણવાળો કહેલો છે.[૧૨] ત્યારપછી વિકાર પામેલા વાયુ થકી રૂપ ઉત્પન્ન થાય છે. તે રૂપતન્માત્રાથકી રૂપગુણાત્મક તેજ ઉત્પન્ન થાય છે, પોતાનો રૂપગુણ અને પોતાના પૂર્વકારણના શબ્દ અને સ્પર્શ ગુણને કારણે તે તેજ ત્રણ ગુણવાળું થયું.[૧૩]

अम्भसो जायते गन्धस्ततो गन्धगुणा धरा । शब्दस्पर्शरूपरसगुणैर्युक्ता परान्वयात् ॥ १५
शब्दादयो गुणाः पञ्च तन्मात्राख्या इहोदिताः । आकाशादीनि तु महाभूतान्युक्तानि पञ्च च ॥१६
एकद्वित्रिचतुः पञ्चसङ्ख्याः सन्ति गुणाः क्रमात् । नभोनभस्वत्तेजोम्बुपृथ्वीनां सर्वसम्मताः ॥ १७
शब्दस्पर्शरूपरसगन्धानामिह लक्षणम् । श्रोत्रत्वक्षिरसनाघ्राणग्राह्यात्वमुच्यते ॥ १८
एषां दशानामन्येऽपि प्रोक्ता व्यासादिभिर्गुणाः । नानायुक्तीः समाश्रित्य सन्ति तानपि कीर्तये ॥ १९
प्राणेन्द्रियात्मधिष्ण्यत्वं छिद्रता बहिरन्तरम् । आश्रयान्तरशून्यत्वमव्यक्तत्वाविकारिते ॥ २०

હે મુનિ ! ત્યારપછી વિકારદશાને પામેલા તેજમાંથી રસ ઉત્પન્ન થાય છે, તે રસ તન્માત્રાથકી રસગુણાત્મક જળ ઉત્પન્ન થાય છે. તે જળમાં પોતાના રસગુણની સાથે પૂર્વોક્ત શબ્દ, સ્પર્શ અને રૂપ આ ત્રણ ગુણ સાથે હોવાથી જળ ચારગુણ યુક્ત થયું.[૧૪] ત્યાર પછી વિકાર દશાને પામેલા જળથકી ગંધ ઉત્પન્ન થાય છે. તે ગંધતન્માત્રા થકી ગંધગુણાત્મક પૃથ્વી ઉત્પન્ન થાય છે. તે પૃથ્વીમાં પોતાના ગંધની સાથે પૂર્વકારણના શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ આ ચાર ગુણ ભળવાથી પૃથ્વી પાંચગુણ યુક્ત થઈને વર્તે છે.[૧૫] અહીં શબ્દાદિ પાંચ ગુણોને પંચ તન્માત્રા કહેવાય છે, જ્યારે આકાશાદિક પાંચ ભૂતોને પંચમહાભૂત એવા નામથી કહેવાય છે.[૧૬] આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથ્વી આ પંચ મહાભૂતોમાં અનુક્રમે એક, બે, ત્રણ, ચાર અને પાંચ ગુણો રહેલા છે, એમ જે પૂર્વે કહ્યું, તે નિર્ણયમાં કપિલાદિ સર્વે શિષ્ય પુરુષો પણ સંમત છે.[૧૭]

હે મુનિ ! હવે તમને શબ્દાદિ તન્માત્રાઓનાં લક્ષણ કહીએ છીએ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષયોનું લક્ષણ અનુક્રમે શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ આ પાંચ જ્ઞાનેન્દ્રિયથી ગ્રહણ કરવાપણું જાણવું. અર્થાત્ શ્રોત્ર ઈન્દ્રિયનો ગ્રાહ્યગુણ શબ્દ, ત્વક્નો ગુણ સ્પર્શ, નેત્રનો ગુણ રૂપ, રસનાનો ગુણ રસ છે અને ઘ્રાણ ઈન્દ્રિયનો ગ્રાહ્યગુણ ગંધ છે.[૧૮] આકાશાદિ પંચભૂત અને શબ્દાદિ પંચતન્માત્રાના અન્ય ગુણો પણ છે. વ્યાસાદિ મુનિઓએ મહાભારતાદિ ગ્રંથોમાં અનેક પ્રકારની યુક્તિ લાવીને કહેલા છે, તે ગુણો પણ તમને કહીએ છીએ.[૧૯]

**આકાશનાં લક્ષણ :–** હે મુનિ ! આકાશના ગુણોને જાણતા મહર્ષિઓએ આકાશનાં લક્ષણો કહેતાં કહ્યું છે કે, પ્રાણ, ઈન્દ્રિયો અને મનનું આધારપણું ,નાડી આદિ છિદ્રોને અવકાશ આપવાપણું , બહાર અને અંદરના વ્યવહારનું ધારણપણું, અન્ય આધારથી રહિતપણું, અવિકારીપણું, અવ્યક્તપણું, અપ્રતિઘાતપણું અને

अप्रतिघातता चैव भूतत्वमिति तद्विदः । आकाशस्य गुणानेतानाहुर्वायुगुणान्ब्रुवे ॥ २१
वादस्थानं स्वतन्त्रत्वं नेतृत्वं द्रव्यशब्दयोः । चालनं व्यूहनं प्राप्तिर्मोक्षः शौर्यं बलं भवः ॥ २२
आत्मत्वमिन्द्रियाणां च गुणा वायोरुदीरिताः । दुर्घर्षता तेजनं च तापः पाकः प्रकाशनम् ॥ २३
रागश्च लाघवं वैक्ष्ण्यमुद्गतिर्हिममर्दनम् । क्षुधा पिपासा शोकश्च तेजसोऽभी गुणा मताः ॥ २४
शैत्यं क्लेदो द्रवत्वं च भौमानां श्रपणं तथा । तापापनोदस्तृप्तिश्च सौम्यता स्नेहमार्दवे ॥ २५
आप्यायनं प्राणनं च भूयस्त्वं चाम्बुनो गुणाः । स्थैर्यं गुरुत्वं काठिन्यं सक्तिश्च प्रसवात्मता ॥ २६
संहारो धारणं धैर्यमाकाशादेर्विशेषणम् । भावनं ब्रह्मणश्चेति पृथिव्या उदिता गुणाः ॥ २७

---

ભૂતત્વપણું આદિક ગુણો આકાશનાં લક્ષણો કહેલાં છે. હવે વાયુના ગુણરૂપ લક્ષણો જણાવીએ છીએ.[૨૦-૨૧]

**વાયુનાં લક્ષણ :–** સ્વરની ઉત્પત્તિનું આધારપણું, ગમનાદિ ક્રિયામાં સ્વતંત્રપણું, દ્રવ્ય અને શબ્દને પોતપોતાની ઈન્દ્રિયો પ્રત્યે પમાડવાપણું, વૃક્ષાદિકને કંપાવવાપણું, તૃણાદિકને ભેળા કરવાપણું, સંયોગપણું, મલમૂત્રાદિકના ઉત્સર્જનમાં કારણપણું, શૂરવીરતા અને બળ આપવાપણું, જન્મ-મરણનું કારણપણું, ઈન્દ્રિયોને બળ પોષવાપણું અને ગરમ તથા ઠંડો સ્પર્શ પમાડવાપણું આ વાયુના ગુણરૂપ લક્ષણો છે. હવે તેજના ગુણરૂપ લક્ષણો કહીએ છીએ.

**તેજનાં લક્ષણ :–** અપરાભવ પામવાપણું, સુવર્ણાદિકને તેજ આપવાપણું, તાપ આપવાપણું, અન્નાદિકને પકાવવાપણું, વસ્તુને પ્રકાશક કરવાપણું, લાલવર્ણપણું અને લાલવર્ણ પમાડવાપણું, શીઘ્ર ગમન કરવાપણું, અતિશય ભયંકરપણું, ઊર્ધ્વગમનપણું, ટાઢને હરવાપણું, ભૂખ અને તૃષાને ઉત્પન્ન કરવાપણું, શોક જન્માવવાપણું અને શોષણ કરવાપણું આ તેજનાં ગુણરૂપ લક્ષણો છે.[૨૨-૨૪]

**જળના લક્ષણ :–** હવે જળના ગુણો કહીએ છીએ, સ્વભાવસિદ્ધ ઠંડાપણું, ભીંજવવાપણું, સ્વાભાવિક પ્રવાહરૂપે વહેવાપણું, ભૂમિના વિકારભૂત તલ, મગ, આદિક ધાન્યને પરિપાક કરવાપણું, તાપને દૂર કરવાપણું, તૃપ્તિ કરાવવાપણું, સ્નાનાદિક કરનારને સુંદરતા આપવાપણું, સ્નેહપણું, સ્નિગ્ધપણું, મૃદુકરવાપણું, તૃષાની નિવૃત્તિ પમાડવાપણું, પ્રાણીઓને જીવન આપવાપણું, બહુપણું અને અને પિંડીકરણ કરવાપણું આ જળના ગુણરૂપ લક્ષણો છે.

**પૃથ્વીનાં લક્ષણ :–** હવે પૃથ્વીના લક્ષણો કહીએ છીએ, સ્થિરપણું, ભારેપણું, કઠિનપણું, એકસાથે પીડારૂપે રહેવાપણું, તૃણાદિકને ઉત્પન્ન કરવાના

अर्थाश्रयो द्रष्टृलिङ्गं शब्दः स त्वस्त्यनेकधा । पङ्गादिस्वररूपेण तत्रासौ सप्तधा मतः ॥ २८
वाद्यानां च गजादीनां वृक्षादीनां पृथक्पृथक् । शब्दाः सन्तीति बोद्धव्यं तथा स्पर्शोऽस्त्यनेकधा ॥ २९
उष्णः शीतः सुखो दुःखः स्निग्धो विशद एव च । तथा खरो मृदुः श्लक्ष्णो लघुर्गुरुरितीरितः ॥ ३०
रूपं षोडशधा प्राहुः शुक्लं कृष्णं तथारुणम् । नीलं पीतं कर्बुरं च स्थूलं सूक्ष्मं च वर्तुलम् ॥ ३१
ह्रस्वं दीर्घं दारुणं च मृदु श्लक्ष्णं च चिक्कणम् । चतुरस्रमिति ज्ञेयं रसः । प्रोक्तस्तु षड्विधः ॥ ३२
मधुरो लवणस्तिक्तः कटुरम्लः कषायकः । रस एकोऽपि संसर्गाद्द्रव्याणां बहुधा मतः ॥ ३३
गन्धोऽपि बहुधा प्रोक्तं संसर्गिद्रव्ययोगतः । इष्टोऽनिष्टश्च मधुरो निर्हारी संहतः कटुः ॥ ३४
स्निग्धो रुक्षश्च विशदः शान्तः उग्रोऽम्ल इत्यपि । वदन्तीत्थं लक्षणानि मुनयोऽनेकयुक्तिभिः ॥ ३५

આધારપણું, જળ આદિકને પોતાનામાં સમાવી દેવાપણું, મનુષ્યાદિ સર્વેના આધારપણું, ધૈર્યપણું, આકાશાદિકનો અવચ્છેદ કરવાપણું, બ્રહ્મ એવા વાસુદેવને પ્રતિમાદિરૂપે સાકાર આપવાપણું અને ગ્રહણ કરવાપણું આ પૃથ્વીના ગુણરૂપ લક્ષણો છે.[૨૫-૨૭]

**શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધનાં લક્ષણો :–** હવે શબ્દાદિનાં લક્ષણો કહીએ છીએ. શબ્દ અર્થનો વાચક છે, દ્દષ્ટા અને દ્દશ્યની જાતિને જણાવે છે. આ શબ્દ અનેક પ્રકારે રહ્યો છે, તે અનેક પ્રકારની મધ્યે પણ ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમા, ધૈવત, પંચમ અને નિષાદવાન આ સાત પ્રકારનો મનાયેલો છે. તેમાં પણ વીણા આદિ સર્વે વાજિંત્રોના, હાથી આદિ પ્રાણીઓના, આમતેમ ઘૂમતા વૃક્ષાદિકના અને મેઘાદિકના અલગ અલગ શબ્દો અનંત છે, આ પ્રમાણે જાણવું. હવે સ્પર્શનાં ગુણરૂપ લક્ષણો કહીએ છીએ, સ્પર્શના અનંત ગુણોમાં ઠંડો - ગરમ, સુખરૂપ - દુઃખરૂપ, સ્નિગ્ધ, સ્નેહાળ, વિશદ, ખર, મૃદુ, ચિંકણ, શ્લેક્ષણ અર્થાત્ રૂક્ષ લઘુ અને ગુરૂ આદિ સ્પર્શ કહેલા છે.[૨૮-૩૦]

હે મુનિ ! હવે રૂપના ગુણો કહીએ છીએ, તેમાં ધોળું, કાળું, લાલ, નીલું, પીળું, કાબરચિતરાપણું, સ્થૂળ, સૂક્ષ્મ, વર્તુળ, લાંબુ, ટૂંકું, ભયંકર, કોમળ, સુંદર, ચિકણું અને ચોરસ વિગેરે સોળ પ્રકારના ગુણો કહેલા છે. હવે રસના ગુણો કહીએ છીએ, તે છ પ્રકારના કહેલા છે. મધુર, ખારો, તીખો, કડવો, ખાટો અને કષાયેલો, જોકે મધુર રસ એક જ છે છતાં પદાર્થના યોગે તે છ પ્રકારનો થયેલો છે.[૩૧-૩૩] હવે ગંધના ગુણો કહીએ છીએ, ગંધ પણ ઈષ્ટ, અનિષ્ટ, મધુર, નિર્હારી- કસ્તૂરીકાનો સુગંધ, મિશ્રગંધ, કડવો, ઘી આદિનો સ્નિગ્ધ, રુક્ષ, કોદરાના રોટલાદિકનો,

भूतेन्द्रियाणि मात्राश्च मनो बुद्धिरहंकृतिः । चित्तं चेति प्राकृतोऽयं चतुर्विंशतिको गणः ॥ ३६
अण्डं स्रष्टुमनीशानि तत्त्वान्येतानि तु स्वतः । हरेः शक्त्यैव संहत्य मुने ! स्वांशैः सृजन्ति तत् ॥ ३७
एतदण्डं विशेषाख्यं षड्भिभस्तोयादिभिर्वृतम् । एकैकस्माद्दशगुणैः प्रधानेनावृतैर्बहिः ॥ ३८
अनेकाण्डाश्रये तोये महापुरुषदेहजे । अण्डमेतच्चिरं शेते स्वर्णगोलकसन्निभम् ॥ ३९
हरीच्छावशतस्तस्मिन्कालेन पुरुषो महान् । भूत्वोत्तिष्ठति विश्वात्मा मायाविक्षेपशक्तियुक् ॥ ४०
यस्येहावयवैर्लोकान्कल्पयन्ति मनीषिणः । कट्यादिभिरधः सप्त सप्तोर्ध्वं जघनादिभिः ॥ ४१
पादादिभिः स्वावयवैः पातालप्रमुखांश्च यः । धृत्वापि लोकान्पुरुषस्तत आस्ते स्वयं पृथक् ॥ ४२

---

વિશદ, શાંત, ઉગ્ર, ખાટો વગેરે અનેક પ્રકારના ગંધ ગણેલા છે, આ પ્રમાણે ઋષિમુનિઓએ અનેક પ્રકારની યુક્તિઓથી પંચતન્માત્રાનાં લક્ષણો કહ્યાં છે.[૩૪-૩૫]

હે મુનિ ! પંચભૂત, પંચતન્માત્રા, દશ ઈન્દ્રિયો, મન, બુદ્ધિ ચિત્ત ને અહંકાર આ ચોવીસ તત્ત્વોનો સમૂહ પ્રધાન નામની પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલો છે.[૩૬] હે મુનિ ! સ્વ સામર્થીથી બ્રહ્માંડને સર્જવા અસમર્થ આ ચોવીસ તત્ત્વો ભગવાનની સ્તુતિ કરી ભગવાન શ્રીવાસુદેવ પાસેથી ઈચ્છારૂપ સામર્થી મંળવીને પરસ્પર ભેળા મળીને પોતપોતાના અંશમાંથી આ બ્રહ્માંડનું સર્જન કરે છે.[૩૭] વિશેષ એવા નામથી ઓળખાતું આ બ્રહ્માંડ બહારથી ઉત્તરોત્તર દશદશ ગણા પ્રધાન પ્રકૃતિના આવરણથી અને જળ આદિકના છ આવરણથી આવૃત્ત છે. અર્થાત્ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણો એક એકથી દશ દશગણા આવરણથી યુક્ત છે.[૩૮]

**બ્રહ્માંડરૂપ વૈરાટપુરૂષની ઊત્પત્તિ :–** સુવર્ણના ગોલોક જેવું આ બ્રહ્માંડ અનેક બ્રહ્માંડોના આધારભૂત મહાપુરુષના અંગમાંથી ઉત્પન્ન થયેલા ગર્ભોદક જળને વિષે બહુકાળ પર્યંત શયન કરે છે.[૩૯] બહુકાળ વીત્યા પછી ભગવાન શ્રીહરિની ઈચ્છાને આધીન થઈ માયાને વિક્ષેપ કરતી ભગવાનની ઈચ્છા શક્તિરૂપ સામર્થીની સાથે જોડાઈને વિશ્વાત્મા એવા મહાન વૈરાજપુરુષ તે આ બ્રહ્માંડમાં કર ચરણાદિકના અંગ યુક્ત આવિર્ભાવ પામી બેઠા થાય છે.[૪૦] બુદ્ધિમાન પુરુષો આ બ્રહ્માંડના ગોળામાં વૈરાજપુરુષના શરીરના અવયવોની કલ્પના કરે છે. તેઓ કહે છે, કેડથી નીચેના અવયવોમાં સાત લોક અને ઉપરના અવયવોમાં સાત લોક વસેલા છે.[૪૧] જે પુરુષ પોતાના ચરણાદિ અવયવોથી પાતાળાદિ ચૌદ લોકને ધારીને પણ સ્વયં તે ચોદલોકથી અલગ પણ રહેલા છે. તે તેમની સ્થિતિ અવસ્થા કહેલી

स सृष्ट्वात्मनिवासाय कं गर्भोदकसंज्ञितम् । सहस्रशीर्षा पुरुषः शेते जीवात्मभिः सह ॥ ४३
सुप्तस्याप्सु विराट्देहः सहस्रं परिवत्सरान् । सम्पूर्णाङ्गो भवत्यस्य सर्वजीवहितैषिणः ॥ ४४
इन्द्रियायतनेष्वस्य स्पष्टीभूतेषु देवताः । इन्द्रियैः सह सङ्गत्य तिष्ठन्ति प्रकटं ततः ॥ ४५
वैराजः पुरुषोऽप्येष आस्ते सामान्यतस्त्रिधा । आध्यात्मिकश्चाधिदेव आधिभौतिक इत्यपि ॥ ४६
अध्यात्मस्विन्द्रियेषूक्तस्तदात्माऽऽध्यात्मिकः पुमान् । देवतास्वधिदैवेषु तदात्मा ह्याधिदैविकः ॥ ४७
गोलकेष्वधिभूतेषु तदात्मा चाधिभौतिकः । एतेष्वन्यमाभावे कर्तुं न क्षमे क्रियाः ॥ ४८
तथा क्षेत्रज्ञरूपेण स्वयमास्ते विशेषतः । स त्वात्मा ह्यक्षरोऽरूपोऽभेद्यो न ग्राह्य इन्द्रियैः ॥ ४९
महाप्राणेन सहितं धृत्वाध्यात्मादिकं त्रयम् । स्थितः सर्वज्ञ ईशानो विराड्देहाभिमानवान् ॥ ५०
चतुर्युगसहस्रं तु दिनं रात्रिश्च तावती । वैराजपुरुषस्यास्य तद्वद्वयंर्य कल्प उच्यते ॥ ५१

---

છે.[૪૨] તે હજાર મસ્તકધારી સ્વરૂપે રહેલો પુરુષ પોતાના નિવાસને માટે ગર્ભોદક જળનું સર્જન કરી પોતાની અંદર લીન ભાવે રહેલા જીવાત્માઓની સાથે શયન કરે છે.[૪૩] ગર્ભોદક જળમાં હજારો વર્ષ પર્યંત શયન કરી રહેવાથી સર્વજીવોનું હિત કરનારા એ વૈરાજપુરુષનો વૈરાટદેહ સંપૂર્ણ અંગવાળો થાય છે.[૪૪] ત્યારપછી વૈરાજપુરુષના સ્પષ્ટપણે વિકાસ પામેલા ઈન્દ્રિયાદિના ગોલોકમાં સૂર્ય આદિક દેવતાઓ, નેત્ર આદિ ઈન્દ્રિયોની સાથે મળીને સાક્ષાત્ પ્રગટ થાય છે.[૪૫]

હે મુનિ ! આ વૈરાજપુરુષ પણ આધ્યાત્મિક, અધિદૈવિક અને આધિભૌતિક એમ સામાન્યપણે ત્રણ સ્વરૂપે રહેલો છે. અધ્યાત્મ સંજ્ઞાવાળી ઈન્દ્રિયોને વિષે તેમના અધિષ્ઠાતાપણે રહેલા એ પુરુષને આધ્યાત્મિક કહેલો છે. અધિદૈવ સંજ્ઞા વાળા દેવતાઓને વિષે તેમના અધિષ્ઠાતાપણે રહેલા એ પુરુષને આધિદૈવિક કહેલો છે, અને જ્યારે અધિભૂત નામવાળા ગોલોકપ્રદેશને વિષે તેમના અધિષ્ઠાતાપણે રહેલા એ પુરુષને આધિભૌતિક કહેલો છે. આ ત્રણાંથી એકનો પણ અભાવ વર્તે તો તે પુરુષ કોઈ ક્રિયા કરવા સમર્થ થાય નહિ.[૪૬-૪૮] જે સ્વયં વૈરાજપુરુષ ક્ષેત્રજ્ઞ એવા જીવસ્વરૂપે પોતાના હૃદયાકાશમાં વિશેષપણે રહેલો છે અને અધ્યાત્માદિ ત્રણને વિષે સામાન્યપણે રહેલો છે. તે ક્ષેત્રજ્ઞ એવો જે આત્મા તે વિરાટદેહનો આધાર છે. સ્વભાવે અક્ષર છે, અરૂપ છે, અભેદ્ય છે અને પ્રાકૃત ઈન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય તેમ નથી.[૪૯] તે વિરાટ દેહના અભિમાની સર્વજ્ઞ અને સર્વ નિયંતા જે પુરુષ છે તે મહાપ્રાણની સાથે પૂર્વોક્ત અધ્યાત્માદિ ત્રણે ક્ષેત્રને ધારીને રહેલા છે.[૫૦] ચાર યુગની ચોકડી એક હજાર વાર વીતે ત્યારે આ

कालकर्मस्वभावैश्च मायया च हरीच्छवा । पुरुषप्रेरितादस्माद्विसर्गो जायते महान् ॥ ५२
इन्द्रियैर्विषयैर्देवैः सहिता जीवकोटयः । आविर्भवन्ति वैराजाद्देवासुरनरादयः ॥ ५३
वैराजपुरुषस्याङ्गादाविर्भवति राजसः । प्रतिकल्पं जगत्स्रष्टा ब्रह्मा विश्वसृजां पतिः ॥ ५४
प्रजाः सिसृक्षुरास्थाय स समाधिं प्रजापतिः । सृजत्यङ्गेषु तस्यैव जीवांश्च भुवनानि च ॥ ५५
यथा यथा चिन्तयति ब्रह्मा स्वस्मात्प्रयोद्भवम् । तथा तथा भवत्यस्मात्ततः स्रष्टेति स श्रुतः ॥ ५६
वैराजाङ्घ्र्यादिशक्त्यैव सर्वेषामपि देहिनाम् । पातालप्रमुखा लोकाः सत्यान्ताः सन्ति संस्थिताः ॥ ५७
क्वचिल्लोकाश्चर्यं पद्मं जन्मस्थानं स्वयंभुवः । वैराजजठरस्थायाः प्रादुर्भवति नाभितः ॥ ५८

---

વૈરાજપુરુષનો એક દિવસ થાય છે તેવી ને તેવી હજાર ચોકડીની તેમની એક રાત્રી છે. આવી રીતના રાત્રી દિવસને એક કલ્પ કહે છે.[૫૧]

**વૈરાટપુરૂષ થકી બ્રહ્માદિ સૃષ્ટિનું સર્જન :–** હે મુનિ ! આવા વૈરાજપુરુષ થકી મહાપુરુષની પ્રેરણા પામેલા કાળ, કર્મ સ્વભાવ અને માયાથી તથા સ્વયં શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છાથી મહાન સૃષ્ટિનું સર્જન થાય છે.[૫૨] પોતપોતાના ઈન્દ્રિયો, વિષયો અને દેવતાઓની સાથે દેવ, મનુષ્ય અને અસુરોની જીવકોટી વૈરાજ પુરુષ થકી ઉત્પન્ન થાય છે. અર્થાત્ કરોડો દેવો, કરોડો મનુષ્યો અને કરોડો અસુરોનું સર્જન થાય છે.[૫૩] જગતના સૃષ્ટા અને મરીચ્યાદિ પ્રજાપતિઓના અધિષ્ઠાતા એવા રજોગુણ પ્રધાન બ્રહ્માજી વૈરાજપુરુષના અંગ થકી પ્રતિ કલ્પે પ્રગટ થાય છે.[૫૪] તે પ્રજાપતિ બ્રહ્મા પ્રજાનું સર્જન કરવાની ઈચ્છાથી સમાધિનો આશ્રય કરી તે વૈરાજ પુરુષના અંગને વિષે જ રહેલા ચૌદ ભુવનોનું સર્જન કરે છે.[૫૫] એ બ્રહ્માજી પોતાના અંગમાંથી જે જે પ્રકારે પ્રજાની ઉત્પત્તિ કરવાને ઈચ્છે, તે પ્રમાણે એનાથકી પ્રજાની ઉત્પત્તિ થતી જાય છે. તેથી જ તેને શ્રુતિમાં જગત્સૃષ્ટા કહેલા છે.[૫૬]

હે મુનિ ! દેવ, મુનિ, નાગ, અસુર અને મનુષ્યાદિ સર્વે દેહધારીઓના પાતાળ આદિથી લઈ સત્યલોક પર્યંતના લોકો વૈરાજ પુરુષના ચરણાદિ અવયવોરૂપે રહેલી શક્તિથી ધારણ કરાઈને રહેલા છે.[૫૭] તે સર્વે લોકના આશ્રયભૂત સ્વયં બ્રહ્માજીનું જન્મસ્થાન કમળ પદ્મકલ્પની આદિમાં વૈરાજપુરુષના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલું છે.[૫૮] હે સાધુવર્ય ! તે કમળના ઉદ્ભવ સમયે તે કમળમાં પ્રગટેલા બ્રહ્માએ સર્જેલી દેવ મનુષ્યાદિક સમગ્ર સૃષ્ટિ તેને ધારી રહેલા

लोकाः सजीवा विधिनैव सृष्टा वसन्ति सर्वे वितते च तस्मिन् ।
पद्मे तदानीं स तु पद्मकल्पः प्रोक्तः पुराणेषु हि साधुवर्य ! ॥ ५९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे आहङ्कारिकसर्गलक्षणनिरूपणनामैकोन-सप्ततितमोऽध्यायः ॥ ६९*

---

## सप्ततितमोऽध्यायः

श्रीनारायणमुनिरुवाच –

स्थावरा जङ्गमा जीवास्तेषां स्थानानि वृत्तयः । वैराजाद्ब्राह्मणः सर्गकाले यान्ति समुद्भवम् ॥ १
जीवा ये यानि कर्माणि प्राक्सृष्ट्यां प्रतिपेदिरे । तान्येव प्रतिपद्यन्ते सृज्यमानाः पुनः पुनः ॥ २
सुकृतं दुष्कृतं वापि मिश्रं वा त्रिगुणात्मकम् । भुक्तावशिष्टं यत्कर्म तदेवादौ प्रपद्यते ॥ ३

---

**ચૌદ લોકની સાથે અતિવિશાળ એવા એજ કમળમાં નિવાસ કરીને રહે છે, તેથી તેને પુરાણોમાં પાદ્મકલ્પ એવા નામે કહે છે.[૫૯]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનના નિરૂપણમાં ત્રણપ્રકારના અહંકારથકી થયેલી સૃષ્ટિના લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે ઓગણાસીત્તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૬૯--**

---

## અધ્યાય – ૭૦

## ભગવાન શ્રીહરિએ કહેલા પ્રાણ, ઈન્દ્રિયો અને અવસ્થાનાં ગુણરૂપ લક્ષણો.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે નિત્યાનંદ મુનિ ! વૃક્ષાદિ સ્થાવર તેમજ મનુષ્ય, પશુ આદિ જંગમ જીવો તથા તેમના સ્થાન અને આજીવિકા, સૃષ્ટિ સમે સમાધિદ્વારા વૈરાજપુરુષની સાથે એકતા પામેલા બ્રહ્માજી થકી ઉત્પન્ન થાય છે.[૧] જે જીવે પૂર્વ સૃષ્ટિમાં જે કર્મો કરેલાં હોય છે, તે જીવો આ કલ્પમાં બ્રહ્માજી થકી જન્મ પામ્યા પછી ફરી તેજ કર્મો કરવા લાગે છે.[૨] તેની જરા વિસ્તારથી વાત કરું તો પૂર્વ કલ્પમાં કર્મો ભોગવતાં ભોગવતાં પ્રલય આવી જવાથી બાકી રહી ગયેલાં સુકૃત, દુષ્કૃત અથવા મિશ્ર એવાં ત્રિગુણાત્મક જે કર્મો હતાં, તે જ કર્મો**

तत्तत्कर्मानुसारेण देहं बुद्धिं च जीविकाम् । स्थानं चाप्नोति तत्तस्य रोचते नात्र संशयः ॥ ४
इत्थं कर्मवशा जीवाः पुनः कर्माणि कुर्वते । तेषां स्थूलास्तु ये देहास्ते ज्ञेयाः पाञ्चभौतिकाः ॥ ५
भूतानि पञ्च चान्योन्यं मिलितानि हरीच्छया । तेभ्यो जातास्तु ये देहास्ते सर्वे पाञ्चभौतिकाः ॥ ६
प्रधानं तु महाभूतमेकं सर्ववपुष्ष्वपि । चत्वार्यन्यानि भूतानि गौणानि तु भवन्ति हि ॥ ७
पृथ्वीतत्त्वं प्रधानं च यत्र तत्रापराणि तु । सन्त्यव्यक्तानि चत्वारि जलं तेजो मरुन्नभः ॥ ८
जलतत्त्वं प्रधानं च यत्र तत्रापराणि तु । सन्त्यव्यक्तानि चत्वारि पृथ्वी तेजो मरुन्नभः ॥ ९
तेजस्तत्त्वं प्रधानं च यत्र तत्रापराणि तु । सन्त्यव्यक्तानि चत्वारि पृथ्वी तोयं मरुन्नभः ॥ १०
वायुतत्त्वं प्रधानं च यत्र तत्रापराणि तु । सन्त्यव्यक्तानि चत्वारि पृथ्व्यम्भस्तेजसी नभः ॥ ११
नभस्तत्त्वं प्रधानं च यत्र तत्रापराणि तु । सन्त्यव्यक्तानि चत्वारि पृथ्व्यम्भस्तेजसी मरुत् ॥ १२
जीवानां यादृशा देहास्तेषां लोकाश्च तादृशाः । तादृशा एव तेषां च भोगाः सर्वेऽपि सन्ति वै ॥ १३
मुख्यभूतधरा देहाः स्थावरा जङ्गमा इह । मुख्यभूताम्बवो देहा जीवानां सन्ति वारिणि ॥ १४

---

**જન્મતાં વેંત જીવો તત્કાળ પ્રાપ્ત કરે છે.[૩] તે કર્મોને અનુસારે જ તેમને દેહ, બુદ્ધિ, આજીવિકા અને ભોગનાં સ્થાન પ્રાપ્ત થાય છે. અને તે બધુ તેને રુચિકર પણ લાગે છે, તેમાં કોઈ સંશય નથી.[૪] હે મુનિવર્ય ! આ પ્રમાણે કર્મને વશ જીવો ફરી તેવા જ કર્મો કરવા લાગે છે. તે જીવોનાં સ્થૂળ શરીરો પંચભૂતથી ઉત્પન્ન થયેલાં જાણવા.[૫] પંચભૂતોનું હરિઈચ્છાથી પરસ્પર મિલન થાય છે. ત્યારે તેમાંથી ઉત્પન્ન થયેલા સર્વે શરીરોને પણ પાંચભૌતિક શરીરો કહેવાય છે.[૬]**

**હે મુનિવર્ય ! સર્વે પ્રાણીઓના દેહમાં એક મહાભૂત પ્રધાન હોય છે. ને બાકીના ચારભૂત ગૌણ હોય છે.[૭] તેમાં જ્યારે જે શરીરમાં પૃથ્વી તત્ત્વ પ્રધાન હોય તે શરીરમાં જળ, તેજ, વાયુ અને આકાશ એ ચાર તત્ત્વો ગૌણ હોય છે.[૮] તથા જેમાં જળતત્ત્વ પ્રધાન હોય તેમાં પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ આ ચાર ભૂતો અવ્યક્ત હોય છે.[૧૦] તેમ જ જેમાં તેજ તત્ત્વ પ્રધાન હોય તેમાં પૃથ્વી આદિ ચારભૂતો અવ્યક્ત હોય છે.[૧૧] તેવી જ રીતે જેમાં વાયુ તત્ત્વ પ્રધાન હોય તેમાં બીજા ચાર તત્ત્વો અવ્યક્ત હોય છે. અને જેમાં આકાશ તત્ત્વ પ્રધાન હોય તેમાં ચાર અન્ય ભૂતો અવ્યક્ત-ગૌણ હોય છે.[૧૨] જે જીવાત્માઓના જેવા દેહો, તેને અનુસાર તેવા લોક પણ હોય છે. અને તેમના સર્વે વૈભવો, ભોગ પણ તેને અનુરૂપ જ હોય છે.[૧૩] જેમ કે, પૃથ્વી તત્ત્વ જે જીવાત્માઓના દેહોમાં મુખ્ય હોય તેવા સ્થાવર, જંગમ શરીરો આ પૃથ્વીપર રહે છે, અને જે જીવાત્માઓના શરીરો**

ये देवलोके देहाश्च तेजोमुख्या भवन्ति ते । देहाः प्रधानमरुतो वायुलोके वसन्ति च ॥ १५
देहास्तु मुख्यवियतो भ्रमन्त्याकाश एव हि । कर्मास्ति यादृशं यस्य स तादृग्लभते वपुः ॥ १६
अन्योन्यमिश्रभूतानां विकाराः पञ्च पञ्चधा । पाञ्चभौतिकदेहेषु ज्ञेयाः सर्वत्र युक्तिभिः ॥ १७
तत्र त्वङ्मांसमज्जास्थिस्नाय्विति क्ष्मास्ति पञ्चधा । श्लेष्मा पित्तं वसा स्वेदो रक्तं चेत्म्बु पञ्चधा ॥ १८
चक्षू रुट् जाठरः शुक्रमूष्मा तेजो हि पञ्चधा । प्राणोऽपानो व्यानोदानौ समानः पञ्चधा मरुत् ॥ १९
श्रोत्रं घ्राणो मुखं कोष्ठं हृदयं पञ्चधेति खम् । इत्थं विकारा भूतानां देहे स्युः पञ्चविंशतिः ॥ २०
देहोऽयं स्थूलसंज्ञोऽस्ति मलमूत्रमयोऽशुचिः । सम्बन्धाज्जीवसत्तायास्तस्मिन्प्रेमाऽस्ति देहिनाम् ॥ २१
स्थूलदेहस्य मध्येऽस्ति जीवस्यान्यत्कलेवरम् । प्राणेन्द्रियमनोबुद्धिसङ्घातः सूक्ष्मसंज्ञितम् ॥ २२
एकः प्राणो वृत्तिभेदात्प्रोक्तः पञ्चविधः किल । प्राणोऽपानो व्यानोदानौ समान इति नामभिः ॥ २३

જળતત્ત્વ પ્રધાન હોય તે વરુણ લોકમાં રહે છે.[૧૪] દેવોના સ્વર્ગલોકમાં જે જીવોના દેહો રહેલા છે, તે તેજતત્ત્વપ્રધાન છે, ને વાયુપ્રધાન શરીરવાળા જીવો વાયુલોકમાં રહે છે.[૧૫] અને જે જીવોના આકાશતત્ત્વ પ્રધાન શરીરો હોય તે જીવો આકાશમાં ભમે છે. આવા જુદી જુદી પ્રકારના દેહો પ્રાપ્ત થવાનું કારણ એ છે કે, જે જીવનાં જેવાં કર્મ હોય તે જીવને તેવું શરીર પ્રાપ્ત થાય છે.[૧૬]

**સ્થૂલ શરીરનું વિવરણ :–** શ્રીવાસુદેવ ભગવાનની ઈચ્છાથી પરસ્પર ભેળા મળેલા પંચમહાભૂતોના પાંચ પ્રકારના વિકારો સર્વે પાંચભૌતિક શરીરોને વિષે જોવા મળે છે. તેને યુક્તિથી જાણવા.[૧૭] તે શરીરમાં ચામડી, માંસ, મજ્જા, અસ્થિ અને સ્નાયુ આ પાંચ વિકારો પૃથ્વીના છે. કફ, પિત્ત, વસા-માંસનો ચિકાશ, પરસેવો અને રૂધિર આ પાંચ વિકારો જળના છે.[૧૮] ચક્ષુ, ક્રોધ, જઠરાનલ વીર્ય, ને ઉષ્ણતા-ગરમી, આ પાંચ વિકારો તેજના છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ પંચપ્રાણ તે વાયુના વિકારો છે.[૧૯] શ્રોત્ર, ઘ્રાણ, મુખ, અન્નકોષ્ટ અને હૃદય આ પાંચ વિકારો આકાશના છે. આ પ્રમાણે પંચમહાભૂતોના પચીશ વિકારો શરીરમાં રહેલા છે.[૨૦] આવા પચીશ વિકારવાળા શરીરને સ્થૂલ શરીર કહેવામાં આવે છે, તે મળ-મૂત્રથી ભરેલું અપવિત્ર છે. છતાં તેમાં સર્વેને સ્નેહ થાય છે, તેનું કારણ જીવ સત્તાનો સંબંધ છે. જીવ જાય પછી તો કોઈ સ્નેહ કરતું નથી.[૨૧]

**સૂક્ષ્મ શરીરનું વિવરણ :–** જીવાત્માના આ સ્થૂલ શરીરને મધ્યે પંચપ્રાણ, દશ ઈન્દ્રિયો તથા મન અને બુદ્ધિનો જે સમૂહ તેને બીજું સૂક્ષ્મ શરીર કહેલું છે.[૨૨] આ સૂક્ષ્મ શરીરના તત્ત્વોનું વિવરણ કરીએ, તેમાં પ્રથમ પ્રાણનું

नागः कूर्मश्च कृकलो देवदत्तो धनञ्जयः । इत्यन्ये तस्य भेदास्तु सन्त्येतेष्वेव सङ्गताः ॥ २४
हृदि प्राणो गुदेऽपानः समानो नाभिमण्डले । उदानः कण्ठदेशस्थो व्यानः सर्वशरीरगः ॥ २५
प्राणः प्राग्गतिमाञ्ज्ञेयोऽपानोऽधोगतिरुच्यते । भुक्तपीतान्नतोयादेः समानः साम्यकृन्मतः ॥ २६
उदान उत्क्रमणकृद्व्यानः सर्वाङ्गचेष्टनः । नाग उद्गारकृत्कूर्म उन्मीलनकरः स्मृतः ॥ २७
कृकलः क्षुत्करो देवदत्तो जृम्भणकृत्तथा । धनञ्जयः पोषणकृत्प्रोक्तः साङ्ख्यविशारदैः ॥ २८
देवदत्तो मतः प्राणेऽपाने तु कृकलः स्मृतः । धनञ्जयः समाने च कूर्मो व्याने स्थितः खलु ॥ २९
उदानेऽन्तर्हितो नाग इति पञ्चविधो ह्यसुः । इन्द्रियाणि दशोक्तानि ब्रुवे तल्लक्षणान्यपि ॥ ३०
श्रूयते येन तच्छ्रोत्रं सा च त्वक्त्वच्यते यया । चक्ष्यते येन तच्चक्षुर्जिह्वा लेढि यया रसम् ॥ ३१

---

વિવરણ કરીએ શરીરમાં એક જ પ્રાણ છે તે ક્રિયાના ભેદથી પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન, આમ પાંચ નામથી કહેવાય છે.[૨૩] તેવી જ રીતે નાગ, કૂર્મ, કુકલ, દેવદત્ત, ધનંજય, આ પ્રકારના પાંચ અન્ય ભેદો રહેલા છે, તે પ્રાણાદિ પાંચને વિષે સાથે મળીને રહેલા છે.[૨૪] તેમાં પ્રાણ હૃદયમાં રહેલો છે, અપાન ગુદામાં, સમાન નાભિમા, ઉદાન કંઠપ્રદેશમાં અને વ્યાન આખા શરીરમાં રહેલો છે.[૨૫] શ્વાસોશ્વાસના રૂપમાં આગળ ગતિ કરતો વાયુ પ્રાણ જાણવો. મળ મૂત્રના વિસર્જનમાં નીચે ગતિ કરતો વાયુ ''અપાન'' જાણવો. ખાધેલા અન્નને અને પીધેલા જળાદિકને પોતપોતાના માર્ગ પ્રત્યે લઈ જતો વાયુ ''સમાન'' કહેવાય છે. એક દેહમાંથી બીજા દેહમાં ગતિ કરાવવામાં ઉત્ક્રાંતિ કરાવનારો વાયુ 'ઉદાન' કહેલો છે. અને નખથી શિખા પર્યંત આખા શરીરમાં અવયવોને ચેષ્ટા કરાવતો વ્યાન કહેલો છે, ઓડકાર ખાવાની ક્રિયા કરાવનારો વાયુ 'નાગ' કહેલો છે.નેત્રોને વાયુ મિલન-ઉન્મૂલન કરાવનારો વાયુ 'કુર્મ'કહેલો છે.[૨૭] ભૂખને ઉઘાડનારો વાયુ'કુકલ' કહેલો છે. બગાસું ખાવાની ક્રિયા કરાવનારો વાયુ 'દેવદત્ત' કહેલો છે, તથા શરીરનું પોષણ કરવામાં ઉપકાર વાયુ 'ધનંજય' કહેલો છે. આવો સાંખ્ય વિશારદોનો મત છે.[૨૮] દેવદત્ત નામનો વાયુ પ્રાણમાં અંતર્લીન થઈને રહેલો છે. કુકલ વાયુ અપાનમાં, ધનંજય વાયુ સમાનમાં, કૂર્મવાયુ વ્યાનમાં અને નાગ વાયુ ઉદાનમાં અંતર્લીન થઈને રહેલો છે. આ પ્રમાણે પાંચ પ્રકારના પ્રાણ કહ્યા તેમજ દશ ઈન્દ્રિયોની વ્યાખ્યા પણ પૂર્વ અધ્યાયમાં જણાવીને હવે તેના લક્ષણો કહીએ છીએ.[૨૯-૩૦]

**દશ ઇન્દ્રિયોનાં લક્ષણો :–** જે કર્ણના માધ્યમથી શબ્દ સાંભળી

घ्रायते येन तद्घ्राणमुच्यते वाग्यया वचः । पण्यते येन पाणिः स पादो येन च पद्यते ॥ ३२
तद्गुदं गूयते येन मेढ्रं मेहति येन च । करणानि दशैतानि बाह्यानि कथितानि वै ॥ ३३
मनोऽन्तःकरणं प्रोक्तं बुद्धिश्चापि तथाविधा । अहङ्कारस्तथा चित्तमित्यपि द्वयमिष्यते ॥ ३४
मनोबुद्ध्योरभेदं च केचिदिच्छन्ति पण्डिताः । मनसा संशयं जीवो बुद्ध्या चाप्नोति निश्चयम् ॥ ३५
अन्तर्गते मनोबुद्ध्योर्ज्ञेयेऽहंकृतिचेतसी । अहन्तां चेतनां चाहङ्कारेणाप्नोति चेतसा ॥ ३६
एतत्सूक्ष्मं वपुः प्रोक्तं वपुषोः स्थूलसूक्ष्मयोः । अन्योन्याश्रय एवास्ति सूक्ष्मस्यान्तश्च कारणम् ॥ ३७
तच्चाविद्यामयं प्रोक्तं युक्तं सच्चितकर्मभिः । बन्धेनानादिना तेन जीवस्त्वग्बीजवद्वृतः ॥ ३८
यथा भूमेश्च गन्धस्य न भावो व्यतिरेकतः । तथा कारणदेहस्य जीवस्य न पृथक्स्थितिः ॥ ३९

શકાય તેને શ્રોત્ર કહેવાય છે. જેનાથી સ્પર્શનો અનુભવ કરી શકાય તેને ત્વક્-ચામડી કહેવાય છે. જેના માધ્યમથી જીવ રૂપ નિહાળી શકે તેને નેત્ર કહેવાય છે. જેના વડે જીવ રસનો સ્વાદ માણી શકે તેને જીહ્વા કહેવાય છે.[૩૧] અને જેનાવડે ગંધ ગ્રહણ કરી શકે તેને નાસિકા કહેવાય છે. અને જેનાથી વચન બોલી શકાય તે ઈન્દ્રિયને વાક્, કહેલી છે. જેનાથી જીવ આદાન-પ્રદાનનો વ્યવહાર કરી શકે તેને પાણિ-હાથ, કહેવાય છે. જેના વડે આવાગમન કરી શકાય તે ઈન્દ્રિયને પાદ-પગ કહેલા છે.[૩૨] જે ઈન્દ્રિયથી મળ વિસર્જન થાય તેને ગુદા કહેલી છે. અને જેનાથી મૂત્ર વિસર્જન થાય તેને ઉપસ્થ- શિશ્ન ઈન્દ્રિય કહેલી છે. આ દશે ઈન્દ્રિયોને બાહ્ય કરણ કહેવાય છે.[૩૩] અને જે સૂક્ષ્મ શરીરમાં મન કહ્યું, તેને અંતઃકરણ કહેવાય છે. તેવી જ રીતે બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ત્રણને પણ અંતઃકરણ કહેવાય છે.[૩૪] હે મુનિવર્ય ! કેટલાક પંડિતો મન અને બુદ્ધિને અભિન્ન કહે છે. જીવ મનથી સંશય અને બુદ્ધિથી નિશ્ચય કરે છે, તેથી તે ભિન્ન છે.[૩૫] અહંકાર અને ચિત્તનો પણ મન અને બુદ્ધિમાં અંતર્ભાવ જાણવો. તેમાં અહંકારનો મનમાં અને ચિત્તનો બુદ્ધિમાં અંતર્ભાવ જાણવો. જીવ અહંકારથી દેહમાં હુંપણું ને ચિત્તથી ચેતના પ્રાપ્ત કરે છે.[૩૬] આ પ્રમાણે પ્રાણ ઈન્દ્રિયો અને મન બુદ્ધિના સંઘાથવાળા સૂક્ષ્મ શરીરનું વિવેચન કર્યું. હવે સ્થૂળ અને સૂક્ષ્મ શરીર પરસ્પર એક બીજાના આધારે રહે છે. અને એ સૂક્ષ્મ શરીરની મધ્યે કારણ શરીર રહેલું છે.[૩૭] તે અવિદ્યામય છે. અને સંચિત કર્મોથી યુક્ત કહ્યું છે. જેમ બીજ ત્વચાથી આવૃત છે. તેમ જીવ અનાદિ બંધનરૂપ તે કારણ શરીરથી આવૃત્ત છે. અહીં જીવ શબ્દ એક વચનમાં કહ્યો છે. તે જીવસમૂહનો જાતિવાચક છે. બાકી જીવોની કોઈ ગણના થઈ શકે નહિ.[૩૮] જેમ

जाग्रत्स्वप्नं सुषुप्तिश्च तिस्रोऽमिश्रगुणात्मिकाः । अवस्था गुणसाङ्कर्यात्सन्ति मिश्राः परस्परम् ॥ ४०
वैराजस्थित्यवस्थायाः कार्यं सत्त्वगुणात्मिका । नेत्रस्थानकृतावासाऽवस्था जाग्रदितीरिता ॥ ४१
स्थूलदेहाभिमानेन विश्वसंज्ञस्य चात्मनः । बाह्यान्तःकरणैर्यत्र सविवेकं यथार्थतः ॥ ४२
शब्दादिबाह्यविषयभोगः स्यात्पूर्वकर्मणाम् । अनुसारेण तत्सत्त्वप्रधानं जाग्रदुच्यते ॥ ४३
अत्र चेद्विषयान्भ्रान्त्या भुङ्क्ते जीवोऽयथार्थतः । रजःप्रधानसत्त्वात्मजाग्रत्स्वप्नः स उच्यते ॥ ४४
भुञ्जान एव विषयाञ्छब्दादीनपि जाग्रति । शोकश्रमादिना विद्याद्विवेकाभावतो न चेत् ॥ ४५
तमःप्रधानसत्त्वात्मजाग्रत्सुप्तं तदुच्यते । वैश्वानरस्तु फलदो मुने ! जाग्रति कर्मणाम् ॥ ४६
ब्रह्मविद्याभ्यासतोऽस्य सत्सच्छास्त्रप्रसङ्गतः । एतद्भेदत्रयज्ञानं येन तुर्यं हि तत्पदम् ॥ ४७

---

ગંધ અને પૃથ્વી છૂટા પડતા નથી, તેમ જીવ અને કારણ શરીર છૂટા પડતા નથી. જ્યાં સુધી જીવ મુક્તદશાને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે બન્ને અપૃથક્ રહે છે.[૩૯]

**જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાનું નિરૂપણ :–** જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થા છે, તે પરસ્પર નહીં મળેલા સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણના કાર્યરૂપ છે. અને પરસ્પર મળી ગયેલા ત્રણ ગુણના કાર્યરૂપ પણ છે.[૪૦] વૈરાજપુરુષની સ્થિતિ અવસ્થાના કાર્યરૂપે રહેલી તથા સત્ત્વગુણાત્મિકા તેમજ નેત્રના સ્થાનમાં વાસ કરનારી આ અવસ્થાને જીવની જાગ્રત અવસ્થા કહેલી છે.[૪૧] તેમાં પણ વિશ્વાભિમાની નામના આત્માના સ્થૂળદેહના અભિમાને સહિત નેત્રાદિ બ્રાહ્ય ઈન્દ્રિયો દ્વારા તથા મન આદિ આંતર ઈન્દ્રિયોદ્વારા વિવેક પૂર્વક સાન-ભાન સાથે પૂર્વકર્મને અનુસારે શબ્દાદિ પંચ વિષયોને ભોગવવા તે સત્ત્વપ્રધાન જાગ્રત અવસ્થા કહી છે.[૪૨-૪૩] જાગ્રત અવસ્થામાં જીવ જ્યારે ભ્રાંતિપૂર્વક અયથાર્થપણે વિષયભોગનો અનુભવ કરે છે. ત્યારે તે રજોગુણ પ્રધાન સત્ત્વગુણવાળી જાગ્રત અવસ્થામાં સ્વપ્ન અવસ્થા જાણવી.[૪૪] જાગ્રત અવસ્થામાં પણ શબ્દાદિ પંચ વિષયોને ભોગવતો જીવ શોક અને પરિશ્રમના કારણે સદ્-અસદ્‌ના વિવેકે રહિત થઈ મેં આ ભોગવેલું છે, એમ જાણે નહિ તેને તમોગુણ પ્રધાન સત્ત્વગુણવાળી જાગ્રત અવસ્થામાં સુષુપ્તિ અવસ્થા રહેલી છે, એમ જાણવું. હે મુનિવર્ય ! જાગ્રત અવસ્થામાં કર્મફળપ્રદાતા પણે વૈશ્વાનર નામે વૈરાજપુરુષરૂપે રહેલા શ્રીવાસુદેવ ભગવાન છે.[૪૫-૪૬]

સત્પુરુષ અને સત્શાસ્ત્રના પ્રસંગથી તથા બ્રહ્મવિદ્યાના અભ્યાસથી જીવને આ પૂર્વોક્ત જાગ્રત અવસ્થાના ત્રણ ભેદથી અલગ રહેલા પોતાના આત્માનું જ્ઞાન

त्रित्रिभेदास्ववस्थासु गुणानां या प्रधानता । उक्ता च चक्ष्यते सा तु तादृक् कर्मानुसारतः ॥ ४८
हिरण्यगर्भस्योत्पत्त्यवस्थाकार्यं गलस्थितिः । रजोगुणात्मिकावस्था प्रोच्यते स्वप्नसंज्ञया ॥ ४९
सूक्ष्मदेहाभिमानेन तैजसाख्यस्य चात्मनः । विनाश्यस्थिरभोगाप्तिः पूर्वकर्मानुसारतः ॥ ५०
इन्द्रियैर्मनसा बुद्ध्या यत्र स्याच्च प्रियाप्रिया । रजोगुणप्रधानं तत्स्वप्नमित्युच्यते पदम् ॥ ५१
जाग्रतीव यदा स्वप्ने शबदादीन्विषयानपि । भुङ्क्ते जीवो विवेकेन जानन्स प्रोच्यते तदा ॥ ५२
सत्त्वप्रधानकरजाआत्मकस्वप्नजागरः । भुञ्जानोऽपि स्वाप्नभोगान्वेत्ति जाड्येन तान्न सा ॥ ५३
तमःप्रधानकरजआत्मकस्वप्नसुप्तिका । हिरण्यगर्भः फलदः स्वप्ने भवति कर्मणाम् ॥ ५४
एतद्भेदत्रयज्ञानं प्रबुद्धस्य यतो भवेत् । तुरीयं तत्पदं प्रोक्तं यत्प्रकाशात्मकं सदा ॥ ५५

જે પદથી થાય છે. તે પદ કર્મફલપ્રદાતારૂપે અંતર્યામીપણે રહેલું છે, તે પદ શ્રીવાસુદેવ ભગવાનના સ્વરૂપને તૂર્ય નામથી કહેવાય છે.[૪૭] ત્રણ ભેદવાળી આ જાગ્રત અવસ્થામાં જે ગુણોની પ્રધાનતા કહી અને કહેવાશે તે પ્રધાનતા તો જીવના કર્માનુસાર જાણવી, અર્થાત્ જીવ જેવું કર્મ કરે છે, અંતર્યામીપણે રહેલા ભગવાન તેને તેવું ફળ આપે છે.[૪૮] હે મુનિ ! હવે સ્વપ્રાવસ્થા કહું છું. હિરણ્યગર્ભની ઉત્પત્તિ અવસ્થાના કાર્યરૂપે કંઠપ્રદેશમાં રહેલી રજોગુણી અવસ્થાને સ્વપ્ર અવસ્થા કહેલી છે. [૪૯] તેનું લક્ષણ એ છે કે સૂક્ષ્મ દેહના અભિમાને સહિત તૈજસ નામે જીવાત્મા પૂર્વકર્માનુ સારે ઈન્દ્રિય મન અને બુદ્ધિથી પ્રિય અપ્રિય તેમજ ક્ષણે ક્ષણે વિનાશ પામતા જેથી અસ્થિર એવા ભોગોને જે અવસ્થામાં રહીને ભોગવે છે, એ પદને રજોગુણ પ્રધાન સ્વપ્રાવસ્થા કહેલી છે.[૫૦-૫૧] હવે સ્વપ્રમાં જાગ્રત કહું છું કે, જ્યારે જીવ જાગ્રત અવસ્થાની પેઠે વિવેકજ્ઞાને સહિત જાણતો થકો સ્વપ્રામાં પણ શબ્દાદિ પંચવિષયોને ભોગવે છે, ત્યારે તે સત્વગુણ પ્રધાન રજોગુણાત્મક સ્વપ્રાવસ્થામાં જાગ્રત અવસ્થા કહી છે. હવે સ્વપ્રમાં સુષુપ્તિ અવસ્થા કહું છું, સ્વપ્રાવસ્થામાં ભોગ ભોગવવા છતાં જીવ જડતાના કારણે સ્વપ્રમાં ભોગવેલા ભોગનું પ્રિય અપ્રિયપણું જાણી શક્તો નથી તેથી એ અવસ્થાને તમોગુણ પ્રધાન રજોગુણાત્મિકા સ્વપ્ર અવસ્થામાં રહેલી સુષુપ્તિ અવસ્થા જાણવી. આ સ્વપ્રાવસ્થામાં જીવને કર્મ પ્રમાણે શુભ-અશુભ ફળ આપનારા હિરણ્યગર્ભનારૂપમાં રહેલા શ્રીવાસુદેવ છે.[૫૨-૫૪] સ્વપ્રાવસ્થામાંથી નીકળી જાગ્રતની પ્રબુદ્ધ દશામાં આવી ગયેલા જીવાત્માને પૂર્વોક્ત સંત તથા સત્શાસ્ત્રના પ્રસંગથી અને બ્રહ્મવિદ્યાના અભ્યાસથી આ સ્વપ્રાની ત્રણે અવસ્થાથી પર રહેલા પોતાના આત્માના સ્વરૂપનું જ્ઞાન જે પદથી થાય છે,

ईश्वरप्रलयावस्थाकार्यं च तमआत्मिका । हृदयस्थानगावस्था सुषुप्तिरिति कथ्यते ॥ ५६
बाह्यान्तःकरणानां च वृत्तयो भोग्यवासनाः । लीनाः कारणदेहे स्युर्ज्ञातृता कर्तृता तथा ॥ ५७
तस्याभिमन्तुः प्राज्ञस्य सगुणब्रह्मणो मुने ! । सुखलेशेऽतिलीनत्वं यत्सा सुप्तिस्तमोमयी ॥ ५८
कर्मसंस्कारतः कर्तृवृत्तेरुत्थानमत्र यत् । स्वप्नोरजोमुख्यतमोमयसुप्तौ हि स स्मृतः ॥ ५९
जाग्रत्स्वप्नव्यथातापाद्विशन्त्यास्तत्र वै पुनः । प्रातिलोम्यं कर्तृवृत्तेः सुप्तौ ज्ञानं तु तस्य यत् ॥ ६०
सत्त्वमुख्यतमोमय्यां सुप्तौ तज्जाग्रदुच्यते । कर्मणां फलदातात्र सुषुप्तावीश्वरो मतः ॥ ६१
एतद्भेदत्रयज्ञानं प्रबुद्धस्य यतो भवेत् । तुरीयं तत्पदं प्रोक्तं ज्ञातव्यं सूक्ष्मया दृशा ॥ ६२
तिसृणामप्यवस्थानां मूलभूता गुणास्त्रयः । सत्त्वं रजस्तम इति ज्ञातव्यास्तेऽपि लक्षणैः ॥ ६३

---

તેને તુરીયપદ કહે છે, તે પદ સદાય પ્રકાશમાન છે.[૫૫]

હે મુનિ ! હવે સુષુપ્તિ અવસ્થા કહીએ છીએ, ઈશ્વરની પ્રલયાવસ્થાના કાર્યરૂપ તથા તમોગુણાત્મક ને હૃદયસ્થાનમાં રહેલી અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહેવાય છે.[૫૬] આ અવસ્થામાં જ્યારે બ્રાહ્ય ઈન્દ્રિયોની વૃત્તિ અને અંતઃકરણની વૃત્તિ તથા ભોગવાસના તથા જીવની જ્ઞાતૃત્વ અને કર્તૃત્વ શક્તિ પણ કારણ શરીરમાં લીન થઈ જાય છે.[૫૭] ત્યારે તે કારણ દેહનો અભિમાની પ્રાજ્ઞ નામે જીવાત્મા સગુણ બ્રાહ્મના સુખલેશમાં અતિશયલીન થઈને રહે છે. તે અવસ્થાને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહેલી છે.[૫૮] હવે એ સુષુપ્તિમાં સ્વપ્ર કહીએ છીએ. આ સુષુપ્તિમાં પૂર્વ જાગ્રત અવસ્થામાં અતિશય તીક્ષ્ણપણે કહેલા કર્મના સંસ્કારને વશવર્તીને કર્મ કરનાર જીવની વૃત્તિનું જે ઉત્થાન થાય છે. તેને રજોગુણપ્રધાન તમોગુણવાળી સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ર અવસ્થા કહેલી છે.[૫૯] હવે સુષુપ્તિમાં જાગ્રત કહીએ છીએ. જાગ્રત ને સ્વપ્રાવસ્થામાં ભોગવેલી વ્યથાના સંતાપને કારણે સુષુપ્તિ અવસ્થામાં અનુભવેલા સુખમાં ફરી પ્રવેશ કરતી કર્તૃવૃત્તિના પ્રતિલોમપણાનું સુષુપ્તિ અવસ્થામાં જે જ્ઞાન વર્તે છે, તે જ્ઞાનને સત્ત્વગુણપ્રધાન તમોગુણાત્મિકા સુષુપ્તિ અવસ્થામાં રહેલી જાગ્રત અવસ્થા કહે છે. આ સુષુપ્તિ અવસ્થામાં જીવના શુભ અશુભ કર્મનું ફળ આપનારા ઈશ્વર નામે શ્રીવાસુદેવ મનાયેલા છે.[૬૦-૬૧] સુષુપ્તિ અવસ્થામાંથી બહાર નીકળી પ્રબુદ્ધદશામાં આવેલા જીવને પૂર્વોક્ત સંત તથા સત્શાસ્ત્રના પ્રસંગથી અને બ્રહ્મવિદ્યાના અભ્યાસથી આ સુષુપ્તિ અવસ્થાની ત્રણે અવસ્થાથી પર રહેલા સ્વસ્વરૂપનું જ્ઞાન જે પદથકી પ્રાપ્ત થાય તે શ્રીવાસુદેવના પદને તુરીયપદ કહેલું છે. તે પદને સૂક્ષ્મ જ્ઞાનદષ્ટિથી જાણવું.[૬૨]

सत्त्वमानन्द उद्रेकः प्रीतिः प्राकाश्यमेव च । सुखसङ्गित्वमारोग्यं सन्तोषः श्रद्धानता ॥ ६४
अकार्पण्य संरम्भः क्षमा धृतिरहिंसनम् । समता सत्यमानृण्यं मार्दवं ह्रीरचापलम् ॥ ६५
शौचमार्जवमाचारो ह्यलौल्यं हृद्यसम्भ्रमः । इष्टानिष्टविमिश्राणां कृतानामविकत्थनम् ॥ ६६
दानेन चानुग्रहणमस्पृहत्वं परार्थता । सर्वभूतदया चैव सत्वस्यैते गुणाः स्मृताः ॥ ६७
नानारसेच्छा चास्थैर्यं रूपमैश्वर्यविग्रहौ । अत्यागि त्वमकारुण्यं सुखदुःखोपसेवनम् ॥ ६८
परापवादेषु रतिर्विवादानां च सेवने । अहङ्कारोह्यसत्कारश्चिन्ता वैरोपसेवनम् ॥ ६९
परितापोऽभिहरणं ह्रीनाशोऽनार्जवं तथा । भेदः परुषता हिंसा कामः क्रोधो मदस्तथा ॥ ७०
अक्षमा परिहासश्चासन्तोषो हर्ष एव च । एते गुणा राजसा हि तामसानथ कीर्तये ॥ ७१

**સત્ત્વ, રજ અને તમ,આ ત્રણ ગુણોનાં લક્ષણોનું નિરૂપણ** :– હે મુનિ ! સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો કહેલા છે. તે ગુણો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થાના મૂળભૂત કારણ છે, તેમને તેમનાં લક્ષણોથી જાણવા.[૬૩] પ્રથમ સત્ત્વગુણનાં લક્ષણ કહીએ છીએ. સત્ત્વ, ધૈર્ય, આનંદ, ઐશ્વર્ય, પ્રીતિ, પ્રાકાશ્ય, વસ્તુનું યથાર્થ જ્ઞાન, સજ્જનોનો સંગ, આરોગ્ય, સંતોષ, શ્રદ્ધા, અકાર્પણ્ય, અદીનપણું, અક્રોધ, ક્ષમા, ધીરજ, અહિંસા, સમતા, સત્યભાષણ, ઋણરહિતતા, મૃદુતા, લજ્જા, અચપળતા, પવિત્રતા, સરળતા, સદાચરણ, અતૃષ્ણા, હૃદયમાં આકુળતા રહિતપણું, ઈષ્ટ, અનિષ્ટ અને મિશ્ર કર્મોની પ્રશંસાનો ત્યાગ, દાનથી થતો અનુગ્રહ, અસ્પૃહા, વૈરાગ્ય, યથાશક્તિ પરનું હિત, સર્વજીવપ્રાણીમાત્ર ઉપર દયા આ સર્વે તથા શમ, દમ, તપ, સ્મૃતિ, આત્મસુખનો અનુભવ વગેરે સત્ત્વગુણના લક્ષણો છે.[૬૪-૬૭] હવે રજોગુણનાં લક્ષણ કહીએ છીએ, અનેક પ્રકારના રસની ઈચ્છા, અસ્થિરતા, રૂપનું નિરૂપણ, ઐશ્વર્ય, પ્રભાવ દેખાડવાની ઈચ્છા, વિગ્રહ- વિરોધી કર્મ દ્વારા યુદ્ધ કરવાની રૂચિ, સુપાત્રમાં પણ દાન ન કરવું, દયાનો અભાવ, દુઃખમિક્ષિત સુખનું સેવન, સ્વાર્થની સિધ્ધિ માટે અન્ય ઉપર મિથ્યાપવાદની રૂચિ, વિવાદો કરવામાં પ્રીતિ, અહંકાર, કોઈનો પણ સત્કાર ન કરવો, ચિંતા, વેરનું સતત સેવન, લેવા દેવા વિના પરિતાપ કરવો, કોઈ પણ રીતે પરધન હરવાની વૃત્તિ, બેશરમીનું વર્તન, સરળતાનો અભાવ, પક્ષપાતપણાની બુદ્ધિ, કઠોરતા, હિંસા, કામ, ક્રોધ, મદ, અક્ષમા, અન્યની મશ્કરી કરવી, અસંતોષ, ઈચ્છિત લાભમાં છકી જવું, આ સર્વે રજોગુણનાં લક્ષણો છે. હવે તમોગુણના લક્ષણો કહીએ છીએ.[૬૮-૭૧]

तामिस्रमन्धतामिस्रं तमो मोहो महातमः । कार्याकार्याविवेकश्च प्रमादोऽथ व्यथा भयम् ॥ ७२
असमृद्धिस्तथा दैन्यं शोकस्तन्द्रा विषादनम् । गन्धवासोविहारेषु पुष्पेषु शयनेषु च ॥ ७३
दिवास्वप्नेऽतिनिद्रायां निर्वादेऽभिरुचिस्तथा । नृत्यवादित्रगीतानामज्ञानाच्छ्रद्दधानता ॥ ७४
द्वेषो धर्मविशेषाणामेते वै तामसा गुणाः । एवं त्रयो गुणा ज्ञेया लक्षणैस्तु पृथक्पृथक् ॥ ७५
स्थूलादिदेहत्रितयं सहाध्यात्मधिदैवतम् । गुणास्त्रयस्तथावस्था एतत्क्षेत्रमितीरितम् ॥ ७६
य एतद्वेत्ति सत्त्वात्मा क्षेत्रज्ञ इति कथ्यते । सामान्यसत्तया देहं स सर्वं व्याप्य वर्तते ॥ ७७
विशेषसत्तया त्वास्ते हृदि क्षेत्रज्ञ एष च । रत्नदीपप्रतीकाशो ज्ञाता सूक्ष्मोऽणुवध्रुवः ॥ ७८

---

**તામિસ્ર, ક્રોધ, અંધતામિસ્ર, દુર્મરણ, તમ, અજ્ઞાન, મોહ, ગ્રામ્યભોગ ભોગવવાની ઈચ્છા, કાર્ય અકાર્યનો અવિવેક, પ્રમાદ, વ્યથા, ભય, અસમૃદ્ધિ, દીનતા, શોક, તંદ્રા, આળસ, વિષાદ, શરીરપર અત્તર લગાવવાનો શોખ, અનેક પ્રકારનાં વસ્ત્રો પહેરવાનો શોખ, હમેશાં રમતમાં રૂચિ, પુષ્પના હાર ધારણ કરવામાં તથા શયનમાં રૂચિ, દિવસે સુવાની રૂચિ, પરનિંદામાં રૂચિ, નૃત્ય કરવું, વાજિંત્રો વગાડવાં, ગીત ગાવાં, એ આદિકમાં પોતાની કોઈ લાયકાત ન હોય છતાં તેમાં અતિશય શ્રદ્ધા દેખાડવી, ધાર્મિક જનોનો દ્વેષ કરવો, આ સર્વે તમોગુણનાં લક્ષણો છે. આ પ્રમાણે તમારે ત્રણે ગુણનાં લક્ષણો જાણી રાખવાં. આ લક્ષણોનો વિશેષ વિસ્તાર ભગવદ્‌ગીતા, મોક્ષધર્મ અને શ્રીમદ્‌ભાગવતના અગિયારમાં સ્કંધ થકી જાણી લેવો.[૭૨-૭૫]**

**ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનાં લક્ષણોનું નિરૂપણ :–** ક્ષેત્ર એટલે શું ? તો અધ્યાત્મ ને અધિદૈવ સહિત તથા ઈન્દ્રિયો અને તેના દેવતાઓએ સહિત સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ આ ત્રણ દેહો, સત્ત્વ, રજ અને તમ, આ ત્રણ ગુણો, તેમજ જાગ્રત, સ્વપ્ર અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાને ક્ષેત્ર કહેવાય છે.[૭૬] આ ક્ષેત્રને જે જાણે છે તે જીવાત્માને ક્ષેત્રજ્ઞ કહેવાય છે. એ ક્ષેત્રજ્ઞ એવો જીવ સામાન્ય સત્તાથી આખા શરીરમાં વ્યાપીને રહ્યો છે.[૭૭] રત્નદીપની જેમ સદાય પ્રકાશિત, જ્ઞાતા, અણુ સરખો સૂક્ષ્મ અને નિત્ય એવો ક્ષેત્રજ્ઞ જીવ વિશેષ સત્તાએ કરીને હૃદયમાં નિવાસ કરીને રહેલો છે.[૭૮] હે વિશુદ્ધબુદ્ધિવાળા નિત્યાનંદ મુનિ ! આ પ્રમાણે અમે જે જીવને ક્ષેત્રજ્ઞ કહ્યો, તે ક્ષેત્રજ્ઞ જીવનું સ્વરૂપ સારી રીતે જાણવા માટે ફરી મોક્ષધર્મમાં દેખાડેલા તેના અધ્યાત્મ આદિક ભેદો તમને કહીએ છીએ તેનું તમે શ્રવણ કરો.[૭૯]

क्षेत्रज्ञत्वेनेत्थमुक्तो मयात्मा सम्यग्वेत्तुं तत्स्वरूपं पुनस्ते ।
अध्यात्मादिं मोक्षधर्मप्रणीतं भेदं वच्मि श्रूयतां शुद्धबुद्धे ! ॥ ७९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे प्राणेन्द्रियावस्थागुणलक्षणनिरूपणनामा सप्ततितमोऽध्यायः ॥ ७०*

---

**एकसप्ततितमोऽध्यायः**

**श्रीनारायणमुनिरुवाच –**

श्रोत्रमध्यात्ममित्युक्तं दिशस्तत्राधिदैवतम् । श्रोतव्यमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ १
त्वगध्यात्ममिति प्रोक्तं वातस्तत्राधिदैवतम् । अधिभूतं तथा स्पर्शस्ताभ्यां विन्दते पुमान् ॥ २

---

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનના નિરૂપણમાં પંચપ્રાણ, દશ ઇન્દ્રિયો, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણના લક્ષણોનું નિરૂપણ કર્યું, એ નામે સીતેરમો અધ્યાય પૂર્ણ થયો. --૭૦--**

---

## અધ્યાય – ૭૧

## ભગવાન શ્રીહરિએ આત્માના અધ્યાત્મ આદિક ભેદોનું કરેલું નિરૂપણ.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિવર્ય ! સાંખ્યજ્ઞાનના દાતા વિદ્વાનો શ્રોત્ર ઇન્દ્રિયને અધ્યાત્મ કહે છે, તે શ્રોત્ર ઇન્દ્રિયમાં રહેલા દિગ્પાળ દેવતા છે. તેને અધિદૈવત નામે કહે છે, અને તે શ્રોત્ર ઇન્દ્રિયદ્વારા સાંભળવા યોગ્ય શબ્દને અધિભૂત કહે છે. જીવાત્મા અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા જ અધિભૂતનો અનુભવ કરે છે. અહીં આધાર એવા ગોલોકનો અને આધેય એવી ઇન્દ્રિયનો અભેદપણે નિર્દેશ કર્યો છે. તે સર્વત્ર સમજવો.[૧] ત્વક્ ઇન્દ્રિયને અધ્યાત્મ કહે છે, તે ઇન્દ્રિયમાં રહેલા વાયુદેવને અધિદૈવ કહે છે અને સ્પર્શને અધિભૂત કહે છે, જીવાત્મા તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૨] નેત્ર ઇન્દ્રિય અધ્યાત્મ

चक्षुरध्यात्ममित्युक्तमर्कस्तत्राधिदैवतम् । द्रष्टव्यमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ ३
जिह्वाध्यात्ममिति प्रोक्तं वरुणोऽत्राधिदैवतम् । अधिभूतं रसश्चैव तत्ताभ्यां विन्दते पुमान् ॥ ४
घ्राणमध्यात्ममित्युक्तं दस्रौ तत्राधिदैवतम् । घ्रातव्यमधिभृतं च तत्ताभ्यां विन्दते पुमान् ॥ ५
वागध्यात्णममिति प्रोक्तमग्निस्तत्राधिदेवतम् । वक्तव्यमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ ६
पाणी अध्यात्ममित्युक्तत्युक्तमिन्द्रस्तत्राधिदैवतम् । आदानमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ ७
पादावध्यात्ममित्युक्तं विष्णुस्तात्राधिदैवतम् । गन्तव्यमधिभूतं च ताभ्यां तद्विन्दते पुमान् ॥ ८
पायुरध्यात्ममित्युक्तं मित्रस्तत्राधिदेवतम् । अधिभूतं विसर्गश्च तत्ताभ्यां विन्दते पुमान् ॥ ९
उपस्थोऽध्यात्ममित्युक्तं प्रजेशोऽत्राधिदेवतम् । आनन्दश्चाधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ १०
मनोऽध्यात्ममिति प्रोक्तं चन्द्रश्चात्राधिदैवतम् । मन्तव्यमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ ११

---

છે. તેમાં રહેલા સૂર્યદેવ અધિદૈવ છે અને રૂપ અધિભૂત છે, જીવ તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે. [૩] જીહ્વા ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેમાં રહેલા વરુણદેવ અધિદૈવ છે અને રસ અધિભૂત છે. જીવ તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૪] ઘ્રાણ ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેમાં રહેલા અશ્વિનીકુમાર અધિદૈવ છે, ઘ્રાણ ઈન્દ્રિયથી સૂંઘવા યોગ્ય ગંધ તે અધિભૂત છે. જીવ તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૫]

તેવી જ રીતે વાક્ ઈન્દ્રિય અધ્યાત્મ છે. તેમાં રહેલા અગ્નિદેવ અધિદૈવ છે. બોલવા યોગ્ય વચન અધિભૂત છે. જીવ તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવદ્વારા અનુભવ કરે છે.[૬] પાણી-હસ્ત ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેમાં રહેલા ઈન્દ્રદેવ અધિદૈવ છે. અને ગ્રહણ કરવું કે આપવું તે અધિભૂત છે. જીવ તે અધિભૂતનો અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૭] પાદ ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેમાં રહેલા વિષ્ણુ અધિદૈવ છે. ગમનાગમનરૂપ પાદ વ્યવહાર તે અધિભૂત છે. જીવ તે અધિભૂતનો તે અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૮] પાયુ-ગુદા ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેમાં રહેલા મિત્રદેવ અધિદૈવ છે, મલત્યાગ તે અધિભૂત છે. જીવ તે અધિભૂતનો તે અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૯] ઉપસ્થ-શિશ્નેન્દ્રિય અધ્યાત્મ છે. તેમાં રહેલા પ્રજાપતિદેવ અધિદૈવ છે, મૈથુનસુખ તે અધિભૂત છે. જીવ તે અધિભૂતનો તે અધ્યાત્મ અને અધિદૈવ દ્વારા અનુભવ કરે છે.[૧૦]

તેમજ આંતર ઈન્દ્રિયોમાં મન અધ્યાત્મ કહેવાય છે, તેમાં રહેલા ચંદ્રદેવ અધિદૈવ કહેવાય છે, સંકલ્પ વિકલ્પ અધિભૂત કહેવાય છે. જીવાત્મા તે બન્નેના

बुद्धिरध्यात्ममित्युक्तं ब्रह्मा तत्राधिदैवतम् । बोद्धव्यमधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ १२
अहङ्कारोऽध्यात्ममिति रुद्रस्तत्राधिदैवतम् । अभिमानोऽधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ १३
चित्तमध्यात्ममित्युक्तं क्षेत्रज्ञोऽत्राधिदैवतम् । चिन्तनं चाधिभूतं तत्पुमांस्ताभ्यां प्रपद्यते ॥ १४
अध्यात्मादिविभागोऽयं स्फुटं त्रेधा निरूपितः । तत्र द्वे करणे ज्ञेये ज्ञेयं कर्म तृतीयकम् ॥ १५
स त्रिष्वन्यतमाभावे कर्तुं न क्षमते क्रियाः । तथापि संविद्रूपोऽस्ति स्वयं तेभ्यः पृथक्स्थितः ॥ १६
क्षेत्रज्ञो जीवरूपोऽयं हृद्याकाशे प्रकाशवान् । विशेषसत्तया ह्यास्ते व्याप्य सामान्यतो वपुः ॥ १७
इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः । मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ १८
देवप्रकाशिता अर्था मया भुक्ता निजेन्द्रियैः । इत्यन्तःकरणे वेद्मीत्येवं यो वेत्ति स स्वयम् ॥ १९
साङ्ख्यज्ञानमिति प्रोक्तं स्वरूपं देहदेहिनोः । पृथग्विज्ञायते येन सदसच्च यथा तथा ॥ २०

માધ્યમથી સંકલ્પ વિકલ્પરૂપ અધિભૂતનો અનુભવ કરે છે.[૧૧] બુદ્ધિ અધ્યાત્મ છે, તેમાં રહેલા બ્રહ્માજી અધિદૈવ છે અને નિશ્ચય અધિભૂત છે. જીવાત્મા તે બન્નેના માધ્યમથી નિશ્ચયરૂપ અધિભૂતને પ્રાપ્ત કરે છે.[૧૨] અહંકાર અધ્યાત્મ છે, તેમાં રહેલા રૂદ્રદેવ અધિદૈવ છે, અભિમાન ધરવું તે અધિભૂત છે. જીવાત્મા તે બન્નેથી અભિમાનરૂપ અધિભૂતનો અનુભવ કરે છે.[૧૩] ચિત્ત અધ્યાત્મ છે, તેમાં રહેલા શ્રીવાસુદેવ અધિદૈવ છે, અને ચિંતવન એ અધિભૂત છે. જીવાત્મા તે બન્નેથી ચિંતવનરૂપ અધિભૂતનો અનુભવ કરે છે.[૧૪] આ પ્રમાણે અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત આ ત્રણ પ્રકારના વિભાગનું સ્પષ્ટપણે નિરૂપણ કર્યું. એ ત્રણે વિભાગમાં પહેલા બે કરણ જાણવા અને ત્રીજુ કર્મ જાણવું.[૧૫] આ ત્રણેને મધ્યે કોઈ પણ એકનો અભાવ હોય તો ક્ષેત્રજ્ઞ એવો જીવ તે તે ક્રિયા કરવા સમર્થ થતો નથી, છતાં પણ એ ત્રણેથી અલગ છે.[૧૬] તેમજ એ જીવ ત્રણેને જાણનારો-જ્ઞાતા છે, પ્રકાશરૂપ છે. જીવરૂપે રહેલો એ ક્ષેત્રજ્ઞ પોતાની સામાન્ય સત્તાએ કરીને આખા શરીરમાં વ્યાપીને રહેલો છે, અને વિશેષ સત્તાએ કરીને હૃદયાકાશમાં રહેલો છે.[૧૭]

હે મુનિ ! ઈન્દ્રિયોથી પર વિષયો છે, વિષયોથી પર મન છે, મનથી પર બુદ્ધિ અને તેથી પર જ્ઞાતા એવો ક્ષેત્રજ્ઞ જીવ છે.[૧૮] તે તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓએ તે તે વિષયોને પ્રકાશિત કર્યા ને મેં મારી ઈન્દ્રિયોદ્વારા અનુભવ્યાં. આ પ્રમાણે હું મારા અંતઃકરણમાં જાણું છું. એમ જે જાણે તે જ જાણનારો સ્વયં ક્ષેત્રજ્ઞ છે.[૧૯] હે મુનિ ! આ પ્રમાણે અમે તમને સાંખ્યજ્ઞાનનો બોધ આપ્યો. જે જ્ઞાનથી શરીર ક્ષેત્ર અને શરીરી ક્ષેત્રજ્ઞનો અસત્ય અને સત્યપણાનો બોધ પ્રાપ્ત થાય છે.

ज्ञानेनैतेनात्मरूपं न यावद्भिन्नं विद्याद्यः शरीरत्रयात्सः ।
तावद्बद्धो मायया याति साधो ! भूयोभूयः संसृतिं दुःखरूपाम् ॥ २१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे अध्यात्मदिविभागनिरूपणनामैकसप्ततितमोऽध्यायः ॥ ७१*

---

## *द्विसप्ततितमोऽध्यायः*

**श्रीनारायणमुनिरुवाच –**

एतेन साङ्ख्यज्ञानेन कारणादिवपुस्त्रयात् । स्वात्मा ज्ञेयः पृथक्चेशोऽव्याकृतादिवपुस्त्रयात् ॥ १
तादात्म्येन ततश्चैक्यं ब्रह्मणा स्वस्य भावयेत् । ब्रह्मभूतस्ततो भक्त्या वासुदेवं भजेत्पुमान् ॥ २

---

**શરીર અસત્ય છે અને શરીરી સત્ય છે. આવું જ્ઞાન તેનાં લક્ષણો જાણવાથી સમજાય છે.[20] હે સંતવર્ય ! જે પુરુષો અમે કહેલા આ સાંખ્યજ્ઞાનથી પોતાના આત્માના સ્વરૂપને ત્રણ શરીરથી ભિન્ન જાણતો નથી, તે પુરુષ માયાથી બંધન પામી અતિશય દુઃખરૂપ સંસૃતિમાં વારંવાર ભટક્યા કરે છે.[21]**

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ–જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનના નિરૂપણમાં અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત તથા ત્રણેથી પર રહેલા ક્ષેત્રજ્ઞનું નિરૂપણ કર્યું એ નામે એકોતેરમો અધ્યાય પૂર્ણ થયો. –૭૧–**

---

## અધ્યાય – ૭૨

## શ્રીહરિએ જ્ઞાનના ફળરૂપ ભગવાનના ધામની પ્રાપ્તિનું નિરૂપણ કર્યું.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિવર્ય ! પૂર્વોક્ત સાંખ્યજ્ઞાનથી પોતાના ક્ષેત્રજ્ઞ એવા આત્મને કારણાદિ ત્રણ શરીરથી વિલક્ષણ જાણવો અને વૈરાજ પુરુષને પણ અવ્યાકૃત સૂત્રાત્મા અને વિરાટ્ આ ત્રણથી વિલક્ષણ જાણવા.[1] ત્યાર પછી પોતાના આત્માની અક્ષર બ્રહ્મની સાથે તાદાત્મ્ય ભાવે એકરૂપની ભાવના કરવી, આમ બ્રહ્મરૂપ થઈને ભક્તિભાવ પૂર્વક ભગવાન શ્રીવાસુદેવનું**

वर्णाश्रमोचितं धर्मं स्वाधिकारानुसारिणम् । यावद्देहस्मृतिस्तावत्पालयंस्तं भजेत्सदा ॥ ३
आश्रमाणां च वर्णानामितरेषां च योषिताम् । धर्मशास्त्रेऽखिला धर्माः प्रोक्ता ज्ञेयास्तु ते ततः ॥ ४
वासुदेवो हि भगवान्साक्षान्नारायणः प्रभुः । मुमुक्षूणामुपास्योऽस्ति नान्य इत्यस्ति निश्चयः ॥ ५
स देवदेवोऽस्ति हिर्रण्यवर्णो ह्यशेषसौन्दर्यनिकेतमूर्तिः ।
एकैककेऽङ्गं विधुकोटिकोटिप्रकाशतुल्योज्ज्वलकान्तिमाली ॥ ६
सदा किशोरो वयसातिरम्यः पीताम्बरो दिक्प्रसरत्सुगन्धः ।
दोर्भ्यो मुखाग्रे मुरलीं च धृत्वा निनादयन्नूपुरशोभिपादः ॥ ७
किरीटकाञ्चीवलयाङ्गदाद्यैर्विभूषणैर्भूषित इन्दुवक्त्रः ।
श्रीवत्सलक्ष्माङ्गविशालवक्षाः सरोजपत्रायतचारुनेत्रः ॥ ८

---

ભજન કરવું.[૨] જ્યાં સુધી પોતાને શરીરનું ભાન હોય ત્યાં સુધી પોતાના અધિકાર અનુસાર વર્ણાશ્રમને ઉચિત ધર્મોનું પાલન કરતાં કરતાં શ્રીવાસુદેવ ભગવાનનું સદાય ભજન કરવું.[૩] આશ્રમધર્મો, વર્ણાશ્રમ ધર્મો અને વર્ણાશ્રમથી બહારના સંકરજાતિના ધર્મો, સ્ત્રીઓના ધર્મો અને બીજા સર્વે પ્રકારના ધર્મો ધર્મશાસ્ત્રોમાં કહેલા છે. ત્યાં થકી જાણી લેવા.[૪]

હે મુનિ ! આવી રીતે જીવના સ્વરૂપનું લક્ષણ કહ્યું. હવે જીવના ઉપાસ્ય ભગવાન શ્રીવાસુદેવના સ્વરૂપનું લક્ષણ અમારો સિદ્ધાંત જણાવવા પૂર્વક વિવેચન કરીએ છીએ. સર્વાન્તર્યામી ને મહાસમર્થ એવા સાક્ષાત્ શ્રીવાસુદેવનારાયણ ભગવાન મુમુક્ષુ જનોને ઉપાસના કરવા યોગ્ય છે. એ સિવાય અન્ય કોઈ પણ દેવની ઉપાસના કરવી નહિ, આવો સકલ શાસ્ત્રનો સિદ્ધાંત છે.[૫] તે શ્રીવાસુદેવ ભગવાન અક્ષરપુરુષાદિ સર્વદેવોના પણ દેવ છે. તે સુવર્ણની સમાન ચળકતા વર્ણવાળા છે. તથા નવીનમેઘની સમાન શ્યામ સુંદર છે. સમગ્ર સૌંદર્યના એ નિધિ છે. એક એક અંગને વિષે કોટિ કેટિ ચંદ્રમાના પ્રકાશ તુલ્ય ઉજ્જવલ કાંતિરૂપી માલાને ધારી રહેલા છે.[૬] વયથી સદાય કિશોર છે. અતિશય રમણીય છે, પીતાંબર ધારી છે, જેમના દિવ્ય શરીરમાંથી દશે દિશાઓમાં સુગંધ પસરી રહી છે. બન્ને હસ્તકમળથી પોતાના મુખ આગળ મોરલીને ધારણ કરી સુંદર નાદ કરી રહ્યા છે. ઝાંઝરથી બન્ને ચરણકમળ શોભી રહ્યાં છે.[૭] મસ્તક ઉપર મુગટ, કેડમાં કટિમેખલા, હાથમાં કડાં, બાંહે બાજુબંધ અને કંઠમાં કૌસ્તુભમણિ આદિક અનંત આભૂષણોથી અલંકૃત થઈ રહ્યા છે. ચંદ્રમાની સમાન આહ્લાદક મુખકમળ વિલસી

महार्हवस्त्राभरणैश्च पौष्पैर्हारैस्तथा केसरचन्दनाद्यैः ।
सम्पूजितो राधिकया च लक्ष्म्या पश्यन्स्वभक्तं करुणार्द्रदृष्ट्या ॥ ९
इत्थंभूतो वासुदेवः स्वकीयहृदयाम्बुजे । मुमुक्षुणा चिन्तनीयः स्मयमानमुखाम्बुजः ॥ १०
हृदये मानसैरेव कर्तव्यं तस्य पूजनम् । उपचारैर्बहुविधैः पुराणप्रथितैः शुभैः ॥ ११
प्रतिमायां तु हृदये ध्यातमावाह्य तं पुमान् । यथालब्धोपचारैश्च प्रसिद्धैः पूजयेत्प्रभुम् ॥ १२
पूजनान्ते यथाशक्ति स्वस्थचित्तः स पूजकः । अष्टाक्षरं कृष्णमन्त्रं जपेद्ध्यायन्हरिं हृदि ॥ १३
श्रवणं कीर्तनं चैव स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ १४
एतैः प्रकारैर्नवभिः सेवते यस्तमादरात् । तस्य गाढं भवेत्प्रेम तस्मिन्नारायणे विभौ ॥ १५
तस्य पुंसो भगवति प्राणेन्द्रियमनोधियाम् । निरोधो जायतेऽथासौ सर्वत्रापि तमीक्षते ॥ १६

---

**રહ્યું છે. શ્રીવત્સના ચિહ્નથી અંકિત વિશાળ વક્ષઃસ્થળ શોભી રહ્યું છે. કમળના પત્ર સમાન સુંદર વિશાળ બન્ને નેત્રો શોભી રહ્યાં છે.[૮] તેવી જ રીતે મહામૂલ્યવાળાં વસ્ત્રો અને આભૂષણોથી તેમજ પુષ્પના હારોથી તથા કેસર ચંદનાદિક ઉપચારોથી રાધા અને રમાએ પૂજા કરેલા છે. અને કરુણાભીની દૃષ્ટિથી પોતાના ભક્તજનોને નિહાળી રહ્યા છે.[૯] આવી શોભાવાળા અને મંદમંદ મુખહાસ્યથી શોભતા શ્રીવાસુદેવ ભગવાનનું મુમુક્ષુ જનોએ પોતાના હૃદયકમળમાં ચિંતવન કરવું.[૧૦] પુરાણપ્રસિદ્ધ ભગવાનની પૂજામાં ઉપયોગી શોભાયમાન અનંત પ્રકારના માનસિક ઉપચારોથી પ્રથમ તે શ્રીવાસુદેવનારાયણનું હૃદયમાં પૂજન કરવું.[૧૧]**

**ભક્તજને હૃદયમાં ધ્યાનપૂર્વક માનસિક ઉપચારોથી પૂજા કરાયેલા શ્રીવાસુદેવ ભગવાનને પોતાની પૂજાની પ્રતિમામાં આવાહ્‌ન કરીને પ્રસિદ્ધ યથાશક્તિ મળેલા ઉપચારોથી તેમનું પૂજન કરવું.[૧૨] પૂજાને અંતે પૂજા કરનારા ભક્તજને સ્વસ્થ મનથી હૃદયમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષરમંત્રનો યથાશક્તિ જપ કરવો.[૧૩] શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન આ નવ પ્રકારની ભક્તિથી જે ભક્તજન શ્રીવાસુદેવ ભગવાનનું આદરપૂર્વક સેવન કરે છે, તે ભક્તજનને ભગવાનને વિષે ગાઢ સ્નેહ ઉત્પન્ન થાય છે.[૧૪-૧૫] હે મુનિ ! ત્યાર પછી અતિશય સ્નેહયુક્ત થયેલા એવા તે ભક્તજનના પ્રાણ, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિનો શ્રીવાસુદેવ ભગવાનના સ્વરૂપને વિષે નિરોધ થાય છે, તેથી તે ભક્ત સર્વ પદાર્થોમાં શ્રીવાસુદેવ ભગવાનનું જ દર્શન કરે છે.[૧૬] પોતાના આત્માને અખંડ, શુદ્ધ સ્વરૂપ,**

ततश्च स ब्रह्मरूपमखण्डं शुद्धमक्षरम् । समीक्षतेऽथ तत्रैव विलसन्तं च तं प्रभुम् ॥ १७
यथा पृथ्व्यादितत्त्वानामाधारोऽस्ति नभस्तथा । नित्यजीवेशप्रकृतिपुरुषाणां हि तद्ब्रृहत् ॥ १८
सर्वाधारे तदाधारस्तस्मिन् ब्रह्मणि चाक्षरे । दिव्यमूर्तिः स भगवान्वर्तते पुरुषोत्तमः ॥ १९
यथावर्त्तत्स्वरूपं च ज्योतीरूपं स पश्यति । तमसौ भजते भक्तो ब्रह्मरूपश्च वीक्षते ॥ २०
भक्तिमेतां परासंज्ञां प्राहुः साङ्ख्यविचक्षणाः । इममर्थं च गीतायां कृष्णः प्राहार्जुनं प्रति ॥ २१
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ २२
भक्त्यानयैव परया गुणातीता स्थितिर्भवेत् । शान्तिश्च सर्वथा पुंसस्तस्मादेतां श्रयेत्सुधीः ॥ २३
साङ्ख्यशास्त्रस्य गूढार्थ एष उद्धाट्य दर्शितः । मयाऽन्ये त्वेवमज्ञात्वा सिद्धान्तं प्राहुरन्यथा ॥ २४
अभेदमाहुर्जीवस्य ते परब्रह्मणश्च वै । वासुदेवाः स्वयं भूत्वा यथेष्टं कुर्वते क्रियाः ॥ २५

---

અક્ષર બ્રહ્મરૂપ જુએ છે, ને આવા પોતાના આત્મસ્વરૂપમાં વિલસતા પ્રભુનું દર્શન કરે છે.[૧૭] જેવી રીતે પૃથ્વી આદિ ચાર તત્ત્વોનો આધાર આકાશ છે, તેવી રીતે નિત્ય એવા જીવો, વૈરાજાદિ ઈશ્વરો, પ્રધાનપ્રકૃતિ, પ્રધાન પુરુષો તથા મૂળપ્રકૃતિ અને મૂળપુરુષ આ સર્વેનો આધાર એક અક્ષરબ્રહ્મ છે.[૧૮] આવી રીતના સર્વાધાર એવા અક્ષર બ્રહ્મના પણ આધાર એવા દિવ્યમૂર્તિ પુરુષોત્તમ નારાયણ ભગવાન છે, તે અક્ષરબ્રહ્મને વિષે સદાય વિરાજે છે.[૧૯] ભગવાનનો ભક્તજન પોતાના સ્વરૂપને જેવું છે તેવું જ્યોતિરૂપ અર્થાત્ તેજોમય જુએ છે. પોતે આ રીતે બ્રહ્મરૂપ થઈને અક્ષરબ્રહ્મમાં વિરાજમાન ભગવાન શ્રીવાસુદેવનું યથાર્થ દર્શન કરે છે અને સેવા પણ કરે છે.[૨૦]

હે મુનિવર્ય! સાંખ્યશાસ્ત્રમાં વિચક્ષણ મુનિઓ આવાં લક્ષણોવાળી ભક્તિને પરાભક્તિ કહે છે. અને સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન પણ ગીતામાં અર્જુનને પણ આજ વાતની સ્પષ્ટતા કરતાં કહે છે.[૨૧] 'બ્રહ્મભાવને પામેલો અને એથી જ પ્રસન્ન મનવાળો ભગવાનનો જ્ઞાનીભક્ત ક્યારેક શોક કરતો નથી, અને મારી પાસેથી કોઈ પણ પ્રકારની ઈચ્છા કરતો નથી, સર્વ ભૂતપ્રાણીમાત્રને વિષે સમતા ધરી રહેલો એ મારો ભક્ત મારી એકાંતિકી પરાભક્તિને પામે છે.[૨૨] હે મુનિ ! આવી અનન્ય પરાભક્તિથી પુરુષને ગુણાતીત સ્થિતિ અને સર્વથા શાંતિ પ્રાપ્ત થાય છે. તેથી બુદ્ધિમાન પુરુષે આ પરાભક્તિનો આશ્રય કરવો.[૨૩] સાંખ્યશાસ્ત્રનો આ ગૂઢાર્થ રહસ્ય ખોલીને સર્વેને બોધ થાય એ રીતે મેં તમને જણાવ્યો, પરંતુ આધુનિક અત્યારના સાંખ્યજ્ઞાનીઓ આ પ્રકારને જાણતા નથી. તેથી વિપરીત સાંખ્યસિદ્ધાંતનું

एकमेवेत्यादिश्रुतस्तात्पर्यमनवाप्य च । प्रमाणत्वेन तां प्राहुः स्वमते लोकवञ्चकाः ॥ २६
तन्मतं न ग्रहीतव्यं संसृतेर्मुक्तिमिच्छता । सेव्य उद्धवसिद्धान्तस्तेन त्वेष मयोदितः ॥ २७
भेदोऽस्ति वास्तवो नूनं जीवेशब्रह्मणां हरेः । नित्यानां नित्य इत्यादिश्रुतिभिः प्रतिपादितः ॥२८
ब्रह्मवित्परमाप्नोतीत्येभ्यो श्रुतिरपि स्फुटम् । उपास्यं हि परं ब्रह्म वदति ब्रह्मवेदिनाम् ॥ २९
आत्मा शरीरं यस्यास्ति नैवात्मा वेत्ति यं तथा । य आन्तरो यमयति ह्यात्मानष्टमृतः प्रभुः ॥ ३०
शरीरमक्षरं यस्य नैव यं वेत्ति चाक्षरम् । आन्तरो यो यमयति ह्यक्षरं सोऽमृतः प्रभुः ॥ ३१
इत्याद्यर्थाः श्रुतिगणास्त्वक्षरब्रह्मणोऽपि च । परब्रह्मशरीरत्वं प्राहुर्नतु तदेकताम् ॥ ३२

---

વર્ણન કરે છે.[૨૪] તેઓ જીવ અને પરબ્રહ્મના સ્વરૂપને અભેદપણે કહે છે, તેથી સ્વયં વાસુદેવ થઈને શિશ્ન અને ઉદરનુંજ પોષણ કરવા માટે ઈચ્છા મુંજબની ક્રિયા કરે છે. [૨૫]લોકોને મિથ્યા જ્ઞાનનો ઉપદેશ આપી છેતરનારા તે જ્ઞાની પુરુષો "એકમેવાદ્વિતીયં બ્રહ્મ" એ શ્રુતિના તાત્પર્યને નહીં સમજીને પોતાના માનેલા જીવ અને પરબ્રહ્મ એક છે એવા અર્થમાં પ્રમાણપણે લે છે.[૨૬] જન્મમરણરૂપ સંસૃતિથી મુક્ત થવા ઈચ્છતા પુરુષે એ મતનો ક્યારેય સ્વીકાર કરવો નહિ. પરંતુ મુમુક્ષુએ આ અમે કહેલા સિદ્ધાંતનું સેવન કરવું. આ ઉદ્ધવસંપ્રદાયનો મત રામાનંદ સ્વામીએ સ્થાપન કરેલો છે.[૨૭]

**હવે ઉદ્ધવ સંપ્રદાયનો સિદ્ધાંત કહે છે,** જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ એવા ભગવાનના સ્વરૂપમાં વાસ્તવિક ભેદ છે. તે ભેદ "નિત્યોનિત્યાનાં" ઈત્યાદિ શ્રુતિઓએ પ્રતિપાદન કરેલો છે. એ પણ નક્કી વાત છે.[૨૮] તેવી રીતે "બ્રહ્મવિદાપ્નોતિ પરમ્" બ્રહ્મભાવ પામેલો પુરુષ પરબ્રહ્મને પામે છે, આ શ્રુતિ પણ બ્રહ્મજ્ઞાનીઓને પણ ઉપાસના કરવા યોગ્ય પરબ્રહ્મ છે" એમ સ્પષ્ટ કહે છે.[૨૯] વળી અન્ય શ્રુતિઓ કહે છે કે, "આત્મા પરમાત્માનું શરીર છે, છતાં આત્મા તે પરમાત્માને જાણી શકતો નથી. એ પરમાત્મા અંતર્યામી સ્વરૂપે આત્માની અંદર રહી તેનું નિયમન કરે છે. એ પરમાત્મા અમૃત સ્વરૂપ છે."[૩૦] "અક્ષરબ્રહ્મ પણ પરમાત્માનું શરીર છે, છતાં એ અક્ષરબ્રહ્મ પરમાત્માને જાણી શકતા નથી. એ પરમાત્મા અંતર્યામી સ્વરૂપે એ અક્ષરની અંદર રહીને તેમનું નિયમન કરે છે. તે પરમાત્માઅમૃત સ્વરૂપ છે."[૩૧] આવી રીતના વાસ્તવિક ભેદના અર્થનો બોધ કરનારી શ્રુતિઓના સમુદાયે તો અક્ષરબ્રહ્મને પણ પરબ્રહ્મનું શરીર કહ્યું છે. પરંતુ તેમના અભેદપણાનું વર્ણન કર્યું નથી. તેથી આત્મા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મમાં

स्वरूपमक्षरस्यास्य श्रीमद्भागवते स्फुटम् । मैत्रेयो विदुरं प्रोचे वासस्थानतया हरेः ॥ ३३
विकारैः सहितो युक्तैर्विशेषादिभिरावृतः ।। आण्डकोशो बहिरयं पञ्चाशत्कोटिविस्तृतः ॥ ३४
दशोत्तराधिकैर्यत्र प्रविष्टः परमाणुवत् । लक्ष्यतेऽन्तर्गताश्चान्ये कोटिशो ह्यण्डराशयः ॥ ३५
तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः ॥ ३६
अस्य चेदीदृशस्यापि न परब्रह्मरुपता । कुतस्तरां तदेशस्य जीवस्य तु कुतस्तमाम् ॥ ३७
एकत्वन यच्च वेदेऽस्ति ब्रह्मणस्तत्तु कीर्तितम् । निर्विकल्पसमाधिस्थदृष्ट्यैव न तुवस्तुतः ॥ ३८
लोकालोकाचलारूढानराः पश्यन्ति भूतलम् । एकं यथा न चाधःस्थान् सर्वानपि नगान्द्रुमान् ॥ ३९
तथैव ते महामुक्ता निर्विकल्पसमाधयः । ब्रह्मैकमेव वीक्षन्ते जीवेशादीन्पृथग्न तु ॥ ४०

---

**સ્વસ્વરૂપથી જે ભેદ કહેલો છે તે વાસ્તવિક છે, એમ જાણવું.[૩૨]**

**વળી હે મુનિ ! શ્રીમદ્ ભાગવતમાં પણ અક્ષરનું સ્વરૂપ ભગવાન શ્રીહરિનું નિવાસ સ્થાન છે. એમ મૈત્રેય મહર્ષિએ વિદૂરજીને સ્પષ્ટપણે કહેલું છે.[૩૩] વિકાર પામેલી અગિયાર ઈન્દ્રિયોનું પંચમહાભૂતે સહિત તથા પંચતન્માત્રા, અહંકાર, મહત્તત્ત્વ ને પ્રધાન પ્રકૃતિએ સહિત પચાસ કોટિ યોજનના વિસ્તારવાળું અને ઉત્તરોત્તર એક એક થી દશદશગણા આવરણવાળું આ બ્રહ્માંડ અક્ષરબ્રહ્મની અંદર પ્રવેશે છે ત્યારે એક પરમાણુ જેવું જણાય છે. આવી રીતના અનંતકોટિ બ્રહ્માંડો અક્ષરબ્રહ્મની અંદર પ્રવેશે છે ત્યારે એક પરમાણુ જેવાં જણાય છે. આવી રીતનાઅનંતકોટિ બ્રહ્માંડો અક્ષરબ્રહ્મની અંદર પરમાણુની જેમ આવ જા કરે છે. આવા સર્વ કારણના પણ કારણ અક્ષરબ્રહ્મને સાક્ષાત્ દિવ્યાકૃતિવાળા મહાત્મા શ્રી વાસુદેવ ભગવાનનું સર્વોત્કૃષ્ટ પરમ ધામ કહ્યું છે.[૩૪-૩૬]**

**હે મુનિ ! આવા મહામહિમાવાળા અક્ષરબ્રહ્મનું પણ પરબ્રહ્મની સાથે અભેદપણું સંભવી શકે નહિ તો મહાપુરુષાદિ ઈશ્વરોની વાત શું કરવી ? અને સામાન્ય જીવોની તો વાત ક્યાં કરવી ? આ પરસ્પરના વાસ્તવિક ભેદને કોઈ મીટાવી શકે તેમ નથી.[૩૭] તો પછી વેદોમાં જે બ્રહ્મનું એકત્વ વર્ણન કર્યું છે તેનો શું અર્થ છે ? એતો નિર્વિકલ્પ સમાધિદશાવાળા મહામુક્તોની ઉચ્ચ સ્થિતિની દશામાં ઉચ્ચારાયેલાં વાક્યો છે. પરંતુ વાસ્તવિક ભેદ નથી.[૩૮] જેવી રીતે લોકાલોક પર્વત ઉપર વિરાજમાન મનુષ્યો ભૂમિના કેવળ એક ગોળાને નિહાળે છે. પરંતુ તેમાં રહેલા પહાડ, વૃક્ષોને અલગપણે જોઈ શકતા નથી.[૩૯] તેવી રીતે નિર્વિકલ્પ સમાધિ દશાને પામેલા મહામુક્તો એક કેવળ બ્રહ્મ એવા વાસુદેવને જ નિહાળે છે. પરંતુ**

ये तु नैवं स्थितिं प्राप्ता ब्रह्मैक्यं शास्त्रमात्रतः । बुध्वा यथेष्टाचरणं कुर्वते ते पतन्त्यधः ॥ ४१
अनेककोटिब्रह्माण्डनियन्तुः परमात्मनः । अतोऽभेदो न जीवानामिति ज्ञेयो हि निश्चयः ॥ ४२
जीवानामीश्वराणां च भक्त्योपास्यः स एव हि । श्रीवासुदेवो भगवानेक एवास्ति नापरः ॥ ४३
ब्रह्मस्वरूपेण ततो भजेत्तं स्वेनात्मनैवात्र मुने ! मुमुक्षुः ।
तेनैव यायात्परमं समाधिं ततो हरेर्धाम परात्परं च ॥ ४४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे साङ्ख्यसिद्धान्तनिरूपणनामा द्विसप्ततितमोऽध्यायः ॥७२*

---

તેનાથી ઓરા અલગ સ્થિતિમાં રહેલા જીવ, ઈશ્વરાદિકને નિહાળતા નથી. તેથી એક જ બ્રહ્મ છે, એમ કહે છે.[૪૦]

હે મુનિ ! જે પુરુષો આવી નિર્વિકલ્પ સ્થિતિને પામ્યા ન હોય, માત્ર શાસ્ત્રોને ભણીને બ્રહ્મ જ એક પરમાર્થ સત્ય છે, બાકી અન્ય જીવાદિક અસત્ય છે, એમ જાણીને શાસ્ત્ર નિષિદ્ધ ઈચ્છાનુસાર આચરણો કરે છે, તે પુરુષોનું અધઃપતન થાય છે. તેઓ મરીને નરકમાં પડે છે.[૪૧] માટે એટલું નક્કી રાખવું કે, અનંત કોટિ બ્રહ્માંડના નિયંતા પરમાત્મા અને જીવ ઈશ્વરાદિકના સ્વરૂપમાં અભેદપણું નથી. પરંતુ સર્વે વચ્ચે વાસ્તવિક અખંડ ભેદ છે.[૪૨] તેથી જીવાત્માઓને તથા ઈશ્વરોને પણ ભક્તિભાવ પૂર્વક ઉપાસના કરવા યોગ્ય એક જ શ્રીવાસુદેવ ભગવાન છે. બીજા કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી. આ બાબતનો વિશેષ વિસ્તાર આજ ચતુર્થ પ્રકરણના એકવીસમા અધ્યાયમાં વિસ્તારથી વર્ણન કરેલ છે ત્યાંથી જાણવો.[૪૩]

હે મુનિવર્ય ! એટલાજ માટે આલોકમાં મુમુક્ષુ ભક્તોએ પોતાના આત્માને બ્રહ્મરૂપ માની શ્રીવાસુદેવ ભગવાનનું ભજન કરવું, તેનાથી જ પરમસમાધિદશા પ્રાપ્ત થાય છે. અને અંતે ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.[૪૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનના નિરૂપણમાં શ્રીહરિએ સબીજ સાંખ્ય સિદ્ધાંતનું નિરૂપણ કર્યું, એ નામે બોતેરમો અધ્યાય પૂર્ણ થયો. --૭૨--**

---

*त्रिसप्ततितमोऽध्यायः*

**श्रीनारायणमुनिरुवाच –**

भक्तेर्दार्ढ्यं हरौ यस्य तस्य प्राणेन्द्रियाणि तु । पिण्डीभवेयुर्देहश्च काष्ठवत्स्याद्धि योगिनः ॥ १
स भक्तिविवशो योगी मदान्ध इव नेन्द्रियैः । ग्रहीतुं स्वस्वविषयाञ्छक्नोत्यानन्दनिर्भृतः ॥ २
प्रारब्धवशगो देहस्तस्य भ्रमति भूतले । हरिमेव स सर्वत्र पश्यतिक्वापि नो जगत् ॥ ३
प्रारब्धान्ते यथा देहं त्यक्त्वा स परमं पदम् । आत्यन्तिकलयेनैव याति तत्प्रोच्यतेऽधुना ॥ ४
आदौ प्रकाशो हृदये ध्याननिष्ठेन योगिना । दृश्यते ब्रह्मरन्ध्रान्तं मूलाधारादखण्डितः ॥ ५
ततो विवृद्धं तत्तेजो निर्गच्छद्बहिरीक्षते । इन्द्रियद्वारतो रोमच्छिद्रेभ्यः प्रसरत्स्वयम् ॥ ६

## અધ્યાય – ૭૩

## ભગવાન શ્રીહરિએ કહેલું જ્ઞાન પ્રાપ્તિનું ફળ તથા તેના અધિકારી અને અનધિકારીનું કરેલું વર્ણન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મુનિવર્ય ! જે મુમુક્ષુ યોગીભક્તને ભગવાન શ્રીહરિને વિષે ભક્તિની અતિશય દૃઢતા થાય છે, ત્યારે તેના પ્રાણ અને ઈન્દ્રિયો પિંડીભાવ પામે છે, અર્થાત્ ભગવાનની મૂર્તિમાં અતિશય સ્નેહને લીધે તેનો નિરોધ થઈ જાય છે. તેનું શરીર કાષ્ઠની જેમ સ્થિર થાય છે.[૧] ભક્તિથી વિવશ થયેલા તે યોગીનું અંતર આનંદથી ભરાઈ જાય છે. જેથી તે ઉન્મત્તની પેઠે વર્તે છે, તેની ઈન્દ્રિયો પોતપોતાના વિષયો ગ્રહણ કરવા સમર્થ થતી નથી.[૨] આવી સ્થિતિ પામેલા યોગીનો દેહ પ્રારબ્ધવશ કર્મને આધીન થઈ આ પૃથ્વી પર ભમ્યા કરે છે, ને યોગી સર્વત્ર ભગવાન શ્રીહરિનું જ દર્શન કરે છે, પરંતુ તેમની નજરમાં ક્યારેય પણ વિશ્વનું દર્શન થતું નથી.[૩] હે મુનિ ! આવો તે યોગીપુરુષ પ્રારબ્ધને અંતે જ્ઞાનરૂપી આત્યંતિક પ્રલય થયા પછી પોતાના પાંચભૌતિક શરીરનો ત્યાગ કરી જેવી રીતે પરમપદ એવા અક્ષરધામને પામે છે, તેનો પ્રકાર હવે અમે તમને કહીએ છીએ.[૪]

ભગવાનની મૂર્તિમાં એક ધ્યાનનિષ્ઠ થયેલા યોગીને પોતાના શરીરનો પાત થાય તે પહેલાં મૂલાધારચક્રથી આરંભીને બ્રહ્મરંધ્ર એવા જ્ઞાનચક્ર પર્યંત અખંડિત સળંગ પ્રકાશ દેખાય છે. તે બ્રહ્મરૂપ પોતાના આત્માનો પ્રકાશ હોય છે.[૫] ત્યારપછી તે પ્રકાશને સ્વયં યોગી વૃદ્ધિ પામતો ને પોતાની ઈન્દ્રિયોના છિદ્રોમાંથી

असङ्ख्यदीपिकायुक्तान्निशायां काचमन्दिरात् । यथा मयूखा निर्यान्ति तथैतत्तेज आत्मनः ॥ ७
एकीभवति तत्तेजः शब्दास्तत्रोद्भवन्त्यथ । महाघण्टाघटीयन्त्रदुन्दुभिध्वनिसन्निभाः ॥ ८
तन्नादश्रवणेनास्य बाह्याभ्यन्तरभावना । नश्यत्येकीभवति च तेजो बाह्यान्तरं ततः ॥ ९
जाग्रत्स्वप्नसुषुप्तीनां विलयो जायते ततः । स प्रकाशतुरीयात्मा ज्योतिर्लिङ्गं स्वमीक्षते ॥ १०
चतुर्विधान् देहिनोऽपि पुंस्त्रीलिङ्गविवर्जितान् । ज्योतिर्लिङ्गानीक्षतेऽथ तज्ज्योतिश्चैकतां गतम् ॥ ११
वर्धमानं च तत्तेजः पृथिव्यादिसमं भवत् । पश्यति व्याप्य ब्रह्माण्डं भिन्ददष्टावृतीरिति ॥ १२
स्थूले तस्य शरीरे तु कालशक्त्या हरेस्तदा । सांवर्तार्काग्निवाय्वब्दसविद्युत्स्तनयित्नवः ॥ १३
प्रकाशन्ते ततो देहं विराजा सह लीनताम् । प्राप्त इत्यभिजानाति सत्तारूपः स योगवित् ॥१४

---

તથા રોમાવલીના છિદ્રોમાંથી ધીરે ધીરે બહાર પ્રસરતો ને શરીરમાંથી બહાર નીકળતો નિહાળે છે.[૬] જેવી રીતે રાત્રીના સમયે અસંખ્ય દીવડા પ્રગટાવેલા કાચના મંદિરમાંથી કિરણો બહાર નીકળીને પ્રસરે છે, તેવી રીતે આ વૃદ્ધિ પામેલું યોગીનું સ્વરૂપભૂત તેજ યોગીના દેહમાંથી બહાર નીકળી પ્રસાર પામે છે.[૭] તે સર્વે તેજ એક થઈ જાય છે. તે તેજને વિષે મહાઘંટના કે દુંદુભિના ધ્વનિ જેવા શબ્દો ઉત્પન્ન થાય છે.[૮] એ નાદ સાંભળ્યા પછી યોગીને બાહ્ય અને આતંરિક ભાવના નિવૃત્ત પામે છે. પછી શરીરની અંદર રહેલું અને બહાર રહેલું તેજ પરસ્પર એક થઈ જાય છે.[૯] જેથી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થાનો લય થઈ જાય છે. ને એ યોગી પોતાના આત્મસ્વરૂપને વિષે અતિશય પ્રકાશમાન તુરીયપદરૂપ શ્રીવાસુદેવ ભગવાન વિરાજમાન હોય એવા પ્રકાશમાન જ્યોતિર્લિંગ પોતાના દિવ્યસ્વરૂપને નિહાળે છે.[૧૦] પોતાની આવી રીતની તેજોમય દૃષ્ટિ થઈ હોવાથી પોતાની જેમ જ અન્ય અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ અને જરાયુજ આ ચારપ્રકારના દેહધારી પ્રાણીઓને પણ તે પુરુષ કે સ્ત્રીના ચિહ્ને રહિત માત્ર તેજોમય સ્વરૂપે નિહાળે છે. ત્યારપછી અલગ અલગ દેખાતી તે સર્વે જ્યોતિઓને એકરૂપ થઈ ગયેલા મોટા તેજપુંજ સ્વરૂપે નિહાળે છે. [૧૧] ફરી આ તેજપુંજ વૃદ્ધિ પામતો પૃથ્વી આદિકની સમાન વિશાળ થઈ આખા બ્રહ્માંડના ગોળામાં વ્યાપીને તે પૃથ્વી આદિ અષ્ટ આવરણોને ભેદીને બહાર ચારે તરફ પ્રસરતો તે નિહાળે છે.[૧૨]

એ સમયે ભગવાન શ્રીહરિની કાળશક્તિથી તે યોગીના સ્થૂળ શરીરને વિષે પ્રલયકાળમાં ઉત્પન્ન થતા સૂર્ય, અગ્નિ, વાયુ અને મેઘો વીજળીએ સહિત મેઘગર્જના કરતા પ્રકાશે છે, ત્યારે સત્તારૂપે વર્તતો યોગી પોતાના શરીરને

सतुरीयप्रकाशोऽथ दिव्यं भागवताभिधम् । देहं स लब्ध्वा परमे भगवद्धाम्नि मोदते ॥ १५
न तस्य कर्मजन्योऽसौ देहः किन्त्वस्ति चिन्मयः । प्रलये न व्यथामेति न सर्गे च स जायते ॥ १६
सत्यसङ्कल्पापहतपाप्मत्वादिगुणान्वितः । स मुक्तो वर्तते तत्र सेवमानो हरिं मुदा ॥ १७
इति ज्ञानं मुने ! तुभ्यमाख्यातं मोक्षसाधनम् । सर्वोपनिषदां सारमाकृष्याज्ञाननाशनम् ॥ १८
इदं ज्ञानं प्रदातव्यं सद्भक्ताय मुमुक्षवे । जितेन्द्रियाय शान्ताय शुचये स्वहितैषिणे ॥ १९
अहिंसकायाद्रोहाय निष्कामाय विशेषतः । ग्राम्यसौख्ये विरक्ताय देयमेतच्च सद्धिये ॥ २०
कामिने क्रोधिने चापि लोभिने निर्दयाय च । एतत्क्वापि न दातव्यं न च देहाभिमानिने ॥ २१
विष्णुभक्तिविहीनाय ग्राम्यसौख्यरताय च । नैतद्देयं च हिंस्राय तथा मत्सरिणेऽपि च ॥ २२

---

વૈરાજપુરુષના શરીરની સાથે લીન થઈ ગયેલું જાણે છે. આ રીતે યોગીના શરીરનો ત્યાગ થયો, તે કહ્યું.[૧૩-૧૪] હે મુનિ ! પછી તુરીય શબ્દ વાચ્ય શ્રીવાસુદેવના પ્રકાશે યુક્ત થઈ કેવળ બ્રહ્મતેજોમય સ્વરૂપે વિરાજતો યોગી ભગવાન શ્રીહરિની ઈચ્છાથી દિવ્ય ભાગવતી તનુને પામી સર્વોત્કૃષ્ટ ભગવાનના અક્ષરધામને પામે છે, ને ત્યાં મહા આનંદ યુક્ત વર્તે છે.[૧૫] યોગીને આ દિવ્ય ભાગવતી તનુ કોઈ કર્મજન્ય પ્રાપ્ત થયું નથી, પરંતુ તે કેવળ ચૈતન્યમય છે. જેથી કરીને આવા દિવ્ય શરીરવાળો યોગી આત્યંતિક પ્રલયકાળમાં પણ કોઈ પીડા પામતો નથી. ને સૃષ્ટિ સમયે ફરી ઉત્પન્ન થતો નથી.[૧૬] સત્ય સંકલ્પ અને અપહતપાપ્મત્વાદિ જે ભગવાનના અનંત કલ્યાણકારી ગુણો છે તેને યુક્ત થઈ તે મુક્તાત્મા પરમ પ્રેમથી ભગવાન શ્રીહરિની સેવા કરતો કરતો તે અક્ષરધામમાં જ નિવાસ કરીને રહે છે.[૧૭]

હે મુનિવર્ય ! આ પ્રમાણે તમે જે જ્ઞાન પૂછ્યું હતું તે મોક્ષના સાધનરૂપ તેમજ જીવાત્માઓના અજ્ઞાનનો વિનાશ કરતું જ્ઞાન સર્વે ઉપનિષદોના સારરૂપે ગ્રહણકરીને તમને કહ્યું.[૧૮] આ જ્ઞાનનો અધિકારી ભગવાનનો નિર્દંભ ભક્ત જિતેન્દ્રિય, શાંત, પવિત્ર, તેમજ પોતાનું હિત ઈચ્છતો મુમુક્ષુ છે. માટે તેમને આ જ્ઞાન આપવું.[૧૯] વળી હિંસા રહિત પારકાના દ્રોહે રહિત, નિષ્કામી, પંચવિષયના સુખમાં વિરક્ત ને મોક્ષ ઉપયોગી શુભ બુદ્ધિવાળા પુરુષને પણ આ જ્ઞાન વિશેષપણે આપવું.[૨૦] પરંતુ કામી, ક્રોધી, લોભી અને નિર્દયને આ જ્ઞાન ક્યારેય પણ ન આપવું. તેવીજરીતે દેહાભિમાની અને ભગવાનની ભક્તિહીન હોય, પંચવિષયના સુખમાં આસક્ત હોય, મન, કર્મ, વચને જીવપ્રાણિની હિંસામાં વર્તતો હોય, અને મત્સરવાળો સ્વભાવ હોય તેને પણ આ જ્ઞાન ક્યારેય પણ ન આપવું.[૨૧-૨૨] હે

इदं च शृणुयाद्वा यः पठेत्प्रयत आदरात् । स बुद्धिं प्राप्नुयान्नूनमात्मश्रेयस्करीं पुमान् ॥ २३
सुव्रत उवाच – इत्युक्तमाश्रुत्य मुनिः स राजन् ! ज्ञानं परं श्रीहरिणाऽतिहृष्टः ।
निःसंशयस्तं भजति स्म नित्यं ब्रह्मात्मना न्राकृतिवासुदेवम् ॥ २४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे चतुर्थप्रकरणे ज्ञानोपदेशे ज्ञानफलनिरूपणनामा त्रिसप्ततितमोरणागऽध्यायः ॥ ७३ ॥*

---

મુનિવર્ય ! જે પુરુષ નિયમમાં તત્પર થઈ આદરપૂર્વક આ જ્ઞાનનું શ્રવણ કરશે અથવા પાઠ કરશે તે પુરુષને આત્મકલ્યાણનું સાધન સંપાદન કરાવનારી બુદ્ધિ પ્રાપ્ત થશે.[૨૩]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ કહેલા સર્વોત્કૃષ્ટ જ્ઞાનનું શ્રવણ કરી અતિશય પ્રસન્ન થયેલા નિત્યાનંદ સ્વામી સંશય રહિત થઈને મનુષ્યાકૃતિમાં વિરાજતા સ્વયં અક્ષરપતિ શ્રીવાસુદેવ એવા ભગવાન શ્રીહરિની બ્રહ્મરૂપે થઈ નિરંતર ભક્તિ કરવા લાગ્યા.[૨૪]

**આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રના ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનના નિરૂપણમાં ભગવાન શ્રીહરિએ જ્ઞાનના ફળસ્વરૂપે ભગવદ્ધામની પ્રાપ્તિનું નિરૂપણ કર્યું, એ નામે તોતેરમો અધ્યાય પૂર્ણ થયો. --૭૩-**

---

## ॥ શ્રીમત્ સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણ સમાપ્ત ॥